॥ ૐ અનાદિશ્રીકૃષ્ણનારાયણાય નમો નમઃ ॥

# પ્રગટ ભગવાનનાં પરચા






**પરમધામાધિપતિ પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ**

આંતરરાષ્ટ્રીય વિદ્વાન વિશ્વવંદનીય પ્રકાંડ પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ
(M.A., Ph.D., D.Phil., D.Litt)

**: સંકલન :**
શ્રીહરિ શરણાગતિ મંડળ (મહારાજના ભક્તો)

**: પ્રાપ્તિ સ્થાન :**
પરમધામ સ્મૃતિ મંદિર-ગાદી સ્થાન, જુનાગઢધામ

**: પ્રકાશક :**
શ્રીકૃષ્ણપ્રકાશ સ્વામી (મો. ૯૯૭૪૩ ૬૨૧૦૮)

© આ ગ્રંથના સર્વહક પ્રકાશકને આધિન છે. - પ્રકાશન : ઈ.સ.૨૦૨૪

# પ્રસ્તાવના

કોઈપણ સંપ્રદાયનો વિકાસ હંમેશા તે સંપ્રદાયના મંદિરો અને મુક્ત ભક્તો તેમજ તેમના ઈષ્ટદેવના મહિમા, ઉપાસના, ઉપદેશ અને લીલાચરિત્રના શાસ્ત્રોના માધ્યમથી પણ થતો હોય છે. આ એક સનાતન સત્ય હકિકત છે.

પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના સંકલ્પના કાર્યો પરમધામમાંથી આવેલી અનેક અનાદિ મુક્તોએ મંદિરો તેમજ કથાવાર્તાના માધ્યમથી કર્યા છે. મહારાજના સૌ મુક્તભક્તોએ પોતપોતાની સમજણ, બુદ્ધિ અને સામર્થી પ્રમાણે તન-મન-ધનથી શ્રીહરિ શરણાગતિ મંડળના વિકાસ કાર્યમાં અદ્‌ભુત યોગદાન આપ્યું છે જે ખરેખર અભિનંદનને પાત્ર છે.

મહારાજના મંડળના વિકાસ કાર્યમાં મંદિર અને કથાવાર્તાની સાથે સાથે વર્તમાનના આ આધુનિક યુગને ધ્યાનમાં રાખતા જેની વર્ષોથી ખૂબ જ આવશ્યકતા હતી એ અતિ મહત્વનું કાર્ય મહારાજના સંકલ્પના નૂતન સાહિત્યના પ્રકાશનનું હતું... કારણ કે, સાહિત્યના માધ્યમથી કોઈ પણ વ્યક્તિ ઘરબેઠાં પણ તેના નવરાશના સમયમાં પણ તેને જે પણ મહારાજ વિશે જાણવું હોય, સાંભળવું હોય કે જોવું હોય તે શાસ્ત્ર તેમજ મોબાઈલના માધ્યમથી જાણી શકે છે. જે કાર્ય મહારાજની પૂર્ણ કૃપા અને ઈચ્છાથી જૂનાગઢ ધામના માધ્યમથી થઈ રહ્યું છે.

મેં જ્યારે પહેલીવાર મહારાજના પ્રસાદીપત્ર વાચ્યા ત્યારે ઉપદેશના ઘણા પત્રમાં મહારાજ એવું લખતાં કે, ''આ તો પ્રગટનો વેદ ઉપદેશ છે. આવું સારરૂપ લખાણ તે ફેલાવવું, પડ્યું ન રાખવું.'' આ વાત વાચી પહેલા સંકલ્પ થયો એટલે દરેક ભક્તો પાસેથી પ્રસાદીપત્રનો સંગ્રહ કરી ભાગ-૧ અને ભાગ-૨ ગ્રંથનું પ્રથમ પ્રકાશન કર્યું. ત્યાર બાદ મહારાજની જ્યારે પરાવાણીની કેસેટો સાંભળી તેમાં ઘણી જગ્યાએ મહારાજ સ્વયં બોલ્યા હતા કે, ''આવી કલ્યાણકારી વાત તમને ભગવાન સિવાય કોણ કરે ? અમારો આ વેદ અને ઉપનિષદને પણ દિવ્ય બનાવી છે તેવો ઉપદેશ તમે સમજજો, જીવનમાં ઉતારજો અને મોક્ષના અધિકારી થજો.'' આ વાત સાંભળી એટલે બીજો સંકલ્પ થયો ત્યારે દરેક ભક્તોના ઘેરથી મહારાજની પરાવાણીની કેસેટો ભેગી કરી તેનું અક્ષરશઃ લખાણ કરી 'પ્રગટ ભગવાનની પરાવાણી' ગ્રંથનું પ્રકાશન કર્યું. ત્યારબાદ મહારાજે હયાતીમાં અભિનંદન ગ્રંથ છાપીને મોટા

વિદ્વાનો અને પોતાના મોટાં ભક્તોને અર્પણ કર્યો ત્યારે પણ એક પ્રસાદીપત્રમાં મહારાજે એવું લખ્યું હતું કે, ''ભગવાનને વિદ્વાનોએ આ ગ્રંથમાં ઓળખ્યા, લખ્યા છે માટે જેને ભગવાનને રાખવા હોય તેણે અભિનંદન ગ્રંથ ઘરે રાખવા જેવો છે.'' આ વાત વાંચી ત્રીજો સંકલ્પ થયો કે- જો મહારાજ અભિનંદન ગ્રંથના માધ્યમથી પણ ભક્તોના ઘરે વિશેષ રાજી થઈને રહે તેવા શુભ સંકલ્પથી 'અભિનંદન ગ્રંથ'નું પ્રકાશન કર્યું. ત્યારબાદ મહારાજને અતિપ્રિય એવો 'શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા' ગ્રંથ જેનું ગુજરાતી સારાંશ પૂજ્ય હેમંતભગતે કરેલું તે હસ્તલિખિત ગ્રંથમાંથી ટાઈપિંગ કરાવી અનુક્રમણિકા સાથે દરેક ભક્તોને ગ્રંથમાં દરેક ચરિત્રનો ખ્યાલ આવે તે રીતે અદ્‌ભુત કાર્ય કરી તેનું પણ નૂતન પ્રકાશન કર્યું.

ત્યારબાદ મહારાજના સત્તાવન શાસ્ત્રો તેનું પણ સંકલન કરીને નૂતન પ્રકાશન કર્યું કારણ કે, ઘણાં વર્ષોથી અનેક જિજ્ઞાસુ વિદ્વાન વર્ગ એમની પાસે મહારાજના રચિત શાસ્ત્રોનું લિસ્ટ તો હતું, પરંતુ મહારાજના મંદિરો તેમજ ભક્તો પાસેથી પણ એ શાસ્ત્રો નહોતા મળી શક્યા. જેથી આ મહત્ત્વનું કાર્ય પણ કરવું પડ્યું. ત્યારબાદ વર્ષોથી શ્રીહરિ શરણાગતિ મંડળમાં કોઈ પણ પ્રકારનું મહારાજનું ઓડિયો-વીડિયોમાં નૂતન સાહિત્ય ન હતું. માટે મહારાજનાં નિત્યનિયમ, રાસ, ધૂન-કિર્તન, મહારાજની પરાવાણી, હેમંતભગતની અમૃતવાણી અને પ્રગટભક્તિ પિયુષ જેવું નૂતન ઓડિયો સિડી તેમજ પેનડ્રાઈવમાં પ્રકાશિત કર્યું. ઉપરાંત દેશ-વિદેશમાં કોઈપણ વ્યક્તિ મહારાજના ગુજરાતી નૂતન શાસ્ત્રોને ઘરબેઠાં વાચી શકે તેના માટે ગુગલ પ્લેસ્ટોરમાં પણ એપ્લિકેશનમાં પીડીએફ સ્વરૂપે એ ગ્રંથો પ્રકાશિત કર્યા.

કોઈપણ વ્યક્તિ ઘરબેઠાં પોતાના નવરાશના સમયમાં પણ મહારાજ વિશે જાણી શકે તેમજ વિશેષ ભક્તિ કરી શકે તેવા શુભ હેતુસર મોબાઈલમાં, યુ-ટ્યુબમાં મહારાજના હયાતીના સર્વદર્શન કરી શકે તેમજ મહારાજના મુક્તભક્તોના મુખેથી કથા-વાર્તાનું પણ શ્રવણ કરી શકે તે માટે (અનાદિ શ્રીકૃષ્ણનારાયણ) નામથી યુ-ટ્યુબ ચેનલ પણ પ્રકાશિત કરી. હવે મહારાજના નામની વેબસાઈટમાં પણ આ બધું જ સાહિત્ય મૂકવામાં આવશે.

અંતમાં જૂનાગઢ મંદિરમાં રહેલું મહારાજનું પ્રસાદીનું બાલમુકુંદ ભવન તેનું સ્વામિનારાયણ મંદિરના વિકાસ કાર્યમાં અડચણરૂપ હોવાથી તેમણે ડિમોલેશન કર્યું જેથી શ્વેતાયનબાગે (નૂતન-શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પ્રસાદી ભૂવન) તેનું દિવ્ય અને ભવ્ય નિર્માણ કરી મહારાજની કલ્યાણકારી અનેક પ્રસાદીની વસ્તુઓનું સંરક્ષણ કરવાનું

કાર્ય પણ પ્રગટ ભગવાનની કૃપાથી તેમજ ભક્તોના તન-મન-ધનનાં સહયોગથી પૂર્ણ કર્યું.

મહારાજ સ્વધામ સિધાવ્યા પછી વર્ષો સુધી શ્રીહરિ શરણાગતિ મંડળમાં એક એવો સમય રહ્યો કે, જે કોઈપણ નવા ભક્તો થતાં તેમને મહારાજના હયાતીના દર્શનના વીડિયો, મહારાજની પરાવાણી, મહારાજના ધૂન-કિર્તનો, મહારાજના હયાતીના હજારો ફોટોગ્રાફ્સ, મહારાજના પ્રસાદીપત્રો, મહારાજના હયાતીના પરચાઓ તેમજ મહારાજની પ્રસાદીની અનેક વસ્તુઓની દર્શનની પણ ઘણી બધી ઇચ્છાઓ રહેતી, પરંતુ કોઈ એક જ જગ્યાએ આ દરેક વસ્તુઓનો સંગ્રહ ન હોવાથી અનેક ભક્તો વર્ષોથી જે લાભથી વંચિત હતા હવે તે લાભ જૂનાગઢ ધામના માધ્યમથી અતિ સુલભ બન્યો છે. ભવિષ્યમાં પણ મહારાજના અનંત ભક્તો આ સર્વે પ્રકાશિત થયેલું નૂતન સાહિત્ય તેનો ખૂબ જ લાભ લઈને અવશ્ય મોક્ષભાગી તેમજ ધન્યભાગી બનશે. પ્રગટ ભગવાનની શરણાગતિ લઈ પરમધામને પણ પામશે.

આ જ પ્રમાણે મહારાજનો એક મહાન કલ્યાણકારી સંકલ્પ કે, ''મહારાજના પ્રસાદીપત્રમાં, મહારાજના શાસ્ત્રોમાં તેમજ મહારાજની પરાવાણીમાં પણ જેનો ઉલ્લેખ જોવા મળે છે'' તે સંકલ્પ એટલે (પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણના લીલા ચરિત્રો તેમજ પરચાના શાસ્ત્રનો...)

ભક્તોની સેવા-ઉપાસના-અનુસંધાન આ શાસ્ત્રમાં મહારાજે મહા ઉપદેશ આપતાં લખ્યું છે કે, પ્રગટ ભગવાનનાં લીલા ચરિત્રોના શાસ્ત્ર રચવા તે સાચા ભક્તનું કર્તવ્ય છે. તેમજ ઘણા પ્રસાદીપત્રોમાં પણ મહારાજે આજ્ઞા આપી છે કે, પ્રગટ ભગવાનનાં પરચા લખવા, વાંચવા, સંભારવા જેથી દર્શન થયા કરશે અને પ્રગટ ભગવાનનાં પરચાના શાસ્ત્રો પણ રચવા. આમ મહારાજે કૃપા કરી જે લીલા ચરિત્રો કર્યા અને ભક્તોને જે દર્શન સેવાનો લાભ આપી સુખ આપ્યા અને અનેક દુઃખો દૂર કરી સુખી કર્યા તેમજ અનેક આપત્તિઓમાંથી રક્ષા કરી જે પરચા પૂર્યા તેનો વિશાળ, અદ્‌ભુત અને કલ્યાણકારી ગ્રંથ થાય તેવી પ્રગટ ભગવાનની સ્વયંની ઇચ્છા અને મહાન કલ્યાણકારી સંકલ્પ હતો. માટે પાંચ વર્ષની મહા મહેનતે આજે ''પ્રગટ ભગવાનનાં પરચા'' ગ્રંથ પણ જૂનાગઢ ધામ દ્વારા પ્રકાશન કરવામાં આવ્યો છે.

આ ગ્રંથનું કાર્ય ખૂબ જ અશક્ય જેવું હતું કારણ કે- મહારાજના પરચાઓનો કોઈ પણની પાસે લેખિત સંગ્રહ નહોતો. તેમજ મહારાજે હયાતીમાં જે ભક્તને જે પરચા આપ્યા હોય તેની જાણ તેમના પૂરતી જ વિશેષ હતી. જેથી દરેક ભક્તોને ઘેર જઈ રૂબરૂ મળીને

તેમના જ મુખેથી વાત જાણવી જરૂરી હતી. જેથી આ કાર્યને પૂર્ણ ન્યાય આપી શકાય. માટે વર્ષો પહેલાં હું જૂનાગઢથી જ્યાં મહારાજના અનાદિ મુક્તો રહેતા હતા તે ગામ અને શહેરમાં રૂબરૂ જઈ ભક્તો પાસેથી મહારાજના પરચાની વાત જાણી. સાથે જ ઘણાં ભક્તોનું વીડિયો શુટિંગ, ઓડિયો રેકોર્ડિંગ તેમજ કોઈ ભક્તો પાસેથી પરચાનું થોડું લખાણ લીધું. ત્યાર બાદ ઘણાં સમય પછી જૂનાગઢ આવી એ બધા જ ભક્તોને સાંભળી તેમના પરચાનું લખાણ તૈયાર કર્યું. લખાણ કરવામાં ખૂબ જ મહેનત લાગી કારણ કે, ભક્તોએ તો બહુ ટૂંકમાં પરચાની વાત કરી હોય પણ તેનો વિસ્તાર કરી સરસ લખાણ ફરી તૈયાર કર્યું. જેથી આ ગ્રંથ કોઈ પણ વાચે તો તેને તરત જ પરચાની વાત સમજાય જાય અને ભવિષ્યમાં મહારાજની કથાવાર્તા કરનાર વક્તાને પણ કથા કરવામાં ખૂબ જ અનુકૂળતા રહે અને શ્રોતાઓને પરચા સાંભળવામાં પણ સાનુકૂળતા રહે. માટે જ સતત પાંચ વર્ષની મહામહેનતે ધીરે ધીરે સમય અનુકૂળતા પ્રમાણે આ ગ્રંથના કાર્યમાં ઝીણવટપૂર્વક ધ્યાન આપ્યું જેથી મહારાજની પૂર્ણ કૃપાથી યથાશક્તિ આ કાર્યને ન્યાય આપ્યો છે. છતાંય ક્યાંય ભૂલચૂક રહી ગઈ હોય તો મને ક્ષમા કરી અવશ્ય મુક્ત ભક્તો મારું ધ્યાન દોરે એવી નમ્રતાપૂર્વક વિનંતી છે.

''પ્રગટ ભગવાનનાં પરચા'' આ ગ્રંથના માધ્યમથી અનેક મુમુક્ષુ જીવાત્માઓને મહારાજની જેવી છે એવી સર્વોપરિ ભગવાનપણાંની ઓળખાણ અવશ્ય થશે. કારણ કે, પરચાઓમાં આકર્ષણ શક્તિ રહેલી છે. પ્રગટ ભગવાનનાં પરચા સાંભળવામાં કે વાંચવામાં કોઈ પણ વ્યક્તિને જે શાંતિ અને આનંદનો અનુભવ થાય છે તેવો જગતમાં બીજે ક્યાંય થતો નથી માટે જ ક્યારેક ભક્તો ભેગા થઈને પણ મહારાજના પરચાની વાતો કરતા હોય ત્યારે કલાકોના કલાકો પસાર થઈ જાય તો પણ ભૂખ-તરસ કે નિંદ્રાનો પણ ખ્યાલ નથી રહેતો. આવી અદ્‌ભુત શક્તિ ભગવાનનાં લીલા ચરિત્રો અને પરચાઓમાં રહેલી છે. માટે જ કોઈ પણ સંપ્રદાય હોય તો એ સંપ્રદાયમાં તેના ઈષ્ટદેવના લીલા ચરિત્રોની કથા જ આ પૃથ્વી પર યુગોથી ચાલતી આવે છે અને હવે આવનારા અનંત યુગો સુધી આ ગ્રંથના માધ્યમથી પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણના લીલા ચરિત્રો અને પરચાઓની કથા થશે. અનંત જીવાત્માઓ પ્રગટ ભગવાનને ઓળખશે અને પોતાના જીવાત્માનો મોક્ષ કરી પરમ ધામમાં મહારાજની સેવામાં જ રહેશે.

મહારાજે તો હયાતીમાં ક્ષણે ક્ષણે અનંત પરચાઓ આપ્યા છે. જેમ વરસાદના છાંટા ન ગણી શકાય તેમ પ્રગટ ભગવાનના પરચા પણ ન ગણી શકાય કે પૂર્ણ રીતે ન વર્ણવી શકાય

તેવા અનંત અને અપાર છે. આ ગ્રંથનું પ્રકાશન તો માત્ર મહારાજના ચરણોમાં ગુલાબના હારમાંથી એક પાંખડી મૂક્યા સમાન છે. કારણ કે- મહારાજના ઘણાં મુક્ત ભક્તો ધામમાં ગયા હોવાથી તેમના પરચાનું પૂર્ણ વર્ણન ક્યાંક નથી થઈ શક્યું, પરંતુ બીજા ભક્તો પાસેથી શ્રીહરિ શરણાગતિ મંડળમાં તેમના યોગદાન વિશેની વાત જાણી અમુક માહિતી સારી રીતે વર્ણવી છે.

ભવિષ્યમાં પણ મહારાજના જૂના ભક્તો તેમજ નવા ભક્તોના પરચાની કે અન્ય વિશેષ મહત્ત્વની વાત અમારા ધ્યાનમાં આવશે તો ''પ્રગટ ભગવાનના પરચા'' 'ભાગ-૨' તે નૂતન ગ્રંથનું પણ અવશ્ય પ્રકાશન કરીશું.

જેમણે વર્ષો સુધી અનેક સ્થળોએ વિચરણ કરી કથાવાર્તા દ્વારા અનેક ભક્તોને મહારાજની ભગવાનપણાની ઓળખાણ આપી છે તેવા અનાદિ મુક્તરાજ પૂ.હેમંતભગત, પૂ.શાંતિલાલભગત બગીચા, પૂ.રતિલાલભગત રાઠોડ આ દરેક મુક્ત ભક્તોની વર્ષોની દરેક કથાવાર્તાની ઓડિયો વીડિયો કેસેટમાંથી પણ સારરૂપ મહારાજની કથાનો પણ એક નૂતન ગ્રંથ પ્રકાશન કરવાનો સંકલ્પ છે જેથી વર્ષો સુધી કરેલી આ ભક્તોની કથાની મહેનત ગ્રંથરૂપે કાયમ મંડળના વિકાસ માટે ઉપયોગી થાય. આ સંકલ્પ પણ મહારાજ પૂરો કરે તેવી પ્રાર્થના છે.

મહારાજનું એક કિર્તન છે કે-

**''પ્રથમ વિચાર સહુ કરજો, વિકટ માર્ગ છે પ્રગટનો,**
**પછી ડગલાં તમે ભરજો, વિકટ માર્ગ છે પ્રગટનો,**
**દુઃખોના પહાડ ઉતરશે, જગત નિંદા બહુ કરશે,**
**પ્રગટ પ્રભુ એમ ન મળશે, વિકટ માર્ગ છે પ્રગટનો.''**

આ કિર્તનની પંક્તિના એક એક શબ્દનો અનુભવ મને ખૂબ જ થયો છે. મહારાજના કાર્યો કરવામાં યોગ્ય સાધનોનો અભાવ, ધનનો અભાવ, મર્યાદિત સહયોગ, પ્રતિકૂળ દેશકાળ અને અનેક પ્રકારના દુઃખદ સમય-સંજોગ આ બધામાંથી પસાર થઈ થઈને મહારાજના કાર્યો પૂર્ણ કરવાનો યથાશક્તિ પ્રયત્ન કર્યો છે. મહારાજની ઇચ્છાથી તેમના જ દેવાણી કૂળમાં મારો જન્મ થયો અને મહારાજની શિષ્ય સંત પરંપરામાં મને સંત દિક્ષા લઈને જે જૂનાગઢ ધામની અને શાસ્ત્રોની સેવાનો મને જે લાભ મળ્યો છે બસ તેનો જ અંતરમાં આનંદ છે. બાકી આ જગતમાં ક્યાંય સુખ નથી. બધે દુઃખ દુઃખ અને દુઃખ જ

છે. પ્રગટ ભગવાનની મૂર્તિ અને તેમના કાર્યમાં જ શાશ્વત સુખ છે. જેને પ્રાપ્ત કરવા માટે હું સતત પ્રયત્નશીલ છું પણ છતાંય મારા જીવનમાં જાણતા-અજાણતા કોઈ ભૂલ થઈ હોય તેમજ મારાથી કોઈ જીવાત્માને દુઃખ પહોંચ્યું હોય તો હું હૃદયથી મહારાજ તેમજ અનાદિ મુક્તભક્તો પાસે ક્ષમા યાચના કરું છું. મને જરૂર ક્ષમા કરી અને મારા પર ખૂબ રાજીપા સાથે રૂડા આશિર્વાદ સૌ ભક્તો રાખે તેવી પ્રાર્થના છે.

અંતમાં... વર્ષોથી મહારાજના નૂતન સાહિત્યના પ્રકાશનનું કાર્ય તેમજ મહારાજના અગ્નિસંસ્કારના પરમધામ સ્મૃતિ મંદિરનું કાર્ય અને નૂતન પ્રસાદી ભુવનનું કાર્ય તેમજ જે કાંઈ પણ જૂનાગઢ ધામના વિકાસનું કાર્ય થયું છે આ દરેક કાર્યોમાં સંકલ્પ કરાવનારા પણ પ્રગટ ભગવાન સ્વયં છે અને સંકલ્પ પૂરા કરનાર પણ પ્રગટ ભગવાન જ સ્વયં છે જે જે ભક્તોએ આ દરેક કાર્યોમાં તન-મન-ધનથી સેવાનો લાભ લીધો છે તે સૌ ભક્તો અભિનંદન અને આશિર્વાદને પાત્ર છે, પરંતુ મહારાજની કૃપાથી બધું સમયે સમયે કાર્ય પૂર્ણ થયું છે. માટે તેનો સંપૂર્ણ યશ માત્ર ને માત્ર પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણને જ જાય છે. કારણ કે, આપણે સૌ મહારાજે આપેલી બુદ્ધિશક્તિથી કાર્ય કરીએ છીએ. નિમિત્ત માત્ર છીએ. કર્તા-હર્તા માત્ર પ્રગટ ભગવાન જ છે. એમની ઇચ્છાથી અને કૃપાથી મારા જીવનમાં મને વિશેષને વિશેષ પ્રગટ ભગવાનના સંકલ્પના કાર્યો કરવાનો લાભ મળે, મારા જીવનમાં રહેલા કોઈ દોષો હોય તો નાશ પામે અને વિશેષ સદ્‌ગુણોનો ઉદય થાય તેમજ મહારાજની સેવા-ભક્તિ તેમજ કથાવાર્તામાં જીવન પવિત્ર પણે પસાર થાય અને અંતકાળે મહારાજ સ્વયં દર્શન આપી કૃપા કરી પોતાના પરમધામમાં તેડી જાય અને ચરણસેવામાં રાખે એ જ અભ્યર્થના સાથે સૌ ભક્તોને ભાવથી જય અનાદિ શ્રીકૃષ્ણનારાયણ...

લી.

**શ્રી કૃષ્ણપ્રકાશ સ્વામી (કે.પી. સ્વામી)**
**પરમધામ સ્મૃતિ મંદિર, જૂનાગઢ ધામ**
**મો. ૯૯૭૪૩ ૬૨૧૦૮**

# અનુક્રમણિકા

## *મહારાજના અનાદિ મહામુક્તોના પરચાની નામાવલી*


| ક્રમ | નામ | સ્થળ | પેજ |
|---|---|---|---|
| ૧. | પ્રગટ ભગવાન શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ | કુંકાવાવધામ | ૦૧૫ |
| ૨. | પ.નિ. અનાદિ મહામુકતરાજ પુજય શ્રી હેમંતભગત | જૂનાગઢધામ | ૦૩૧ |
| ૩. | પ.નિ. પ.પુ.આચાર્ય શ્રી સ્વરૂપાચાર્યજી મહારાજ | ભંડારા-મહારાષ્ટ્ર | ૦૪૧ |
| ૪. | પ.પુ. શ્રીકૃષ્ણમાચાર્યજી મહારાજ | જામવંથલી | ૦૫૫ |
| ૫. | પ.પૂ.શ્રી શ્વેતાયનાચાર્યજી મહારાજ | ટુકડાગોસા, હાલ- વલસાડ | ૦૫૮ |
| ૬. | પ.પુ.શ્રી વલ્લભવ્યાસાચાર્યજી મહારાજ | કુંકાવાવ, હાલ- સૂરત | ૦૭૦ |
| ૭. | પ.નિ. કેશવજીભગત ડાહ્યાભગત બગીચા | જામવંથલી | ૦૭૮ |
| ૮. | શાંતિલાલભગત કેશવજીભગત બગીચા | જામવંથલી, હાલ- રાજકોટ | ૦૯૧ |
| ૯. | ઈશ્વરભગત કેશવજીભગત બગીચા | જામવંથલી, હાલ- રાજકોટ | ૧૩૪ |
| ૧૦. | જાદવભગત કેશવજીભગત બગીચા | જામવંથલી, હાલ- રાજકોટ | ૧૩૭ |
| ૧૧. | દેવરાજભગત ડાહ્યાભગત બગીચા | જામવંથલી, હાલ- મુંબઈ | ૧૪૩ |
| ૧૨. | જયંતિભગત રામજીભગત બગીચા | જામવંથલી, હાલ- મુંબઈ | ૧૪૯ |
| ૧૩. | રતિલાલભગત હંસરાજભગત રાઠોડ | ચાવડા, હાલ- રાજકોટ | ૧૫૧ |
| ૧૪. | નારણભગત હંસરાજભગત રાઠોડ | ચાવડા, હાલ- રાજકોટ | ૧૯૦ |
| ૧૫. | રમેશભગત હંસરાજભગત રાઠોડ | ચાવડા, હાલ- રાજકોટ | ૧૯૬ |
| ૧૬. | મનસુખભગત હંસરાજભગત રાઠોડ | ચાવડા, હાલ- રાજકોટ | ૧૯૮ |
| ૧૭. | અમરશીભગત હંસરાજભગત રાઠોડ | ચાવડા, હાલ- રાજકોટ | ૧૯૯ |
| ૧૮. | ભગવાનજીભગત રાજાભગત જાવીયા | જામવંથલી, હાલ- રાજકોટ | ૨૦૦ |
| ૧૯. | પ.નિ. હિરજીભગત પેથાભગત ચૌહાણ | જામવંથલી | ૨૧૭ |
| ૨૦. | પ.નિ. કરશનભગત માવજીભગત પિત્રોડિયા | જામવંથલી | ૨૨૩ |
| ૨૧. | પ.નિ. વેલજીભગત રવજીભગત ચૌહાણ | જામવંથલી, હાલ- પૂના | ૨૨૭ |
| ૨૨. | કાન્તિલાલભગત રવજીભગત ચૌહાણ | જામવંથલી, હાલ- રાજકોટ | ૨૩૪ |
| ૨૩. | પ.નિ. રણછોડભગત કાનજીભગત ચૌહાણ | જામવંથલી | ૨૩૫ |
| ૨૪. | પ.નિ. છગનલાલભગત પ્રેમજીભગત કાચા | જામવંથલી, હાલ- રાજકોટ | ૨૪૦ |

| ક્રમ | નામ | સ્થળ | પેજ |
|---|---|---|---|
| ૨૫. | દામજીભગત પ્રેમજીભગત કાચા | જામવંથલી, હાલ- રાજકોટ | ૨૪૯ |
| ૨૬. | રામજીભગત જેઠાભગત મકવાણા | જામવંથલી, હાલ- રાજકોટ | ૨૫૬ |
| ૨૭. | દયાળજીભગત લાલજીભગત મનાણી | જામવંથલી, હાલ- પૂના | ૨૮૦ |
| ૨૮. | વિશ્રામભગત ભીમજીભગત હાલાઈ | દહીંસરા | ૨૮૯ |
| ૨૯. | ધનજીભગત ભીમજીભગત હાલાઈ | દહીંસરા | ૨૯૩ |
| ૩૦. | જયન્તિલાલભગત દેવશીભગત બાંભણિયા | અંજાર-કચ્છ | ૨૯૫ |
| ૩૧. | પ.નિ. તુલસીદાસભગત મનજીભગત મકવાણા | જામવંથલી, હાલ- પૂના | ૩૦૧ |
| ૩૨. | પ.નિ. નારણભગત લાધાભગત ખોલિયા | જામવંથલી, હાલ- રાજકોટ | ૩૦૪ |
| ૩૩. | હરિલાલભગત વેલજીભગત ખોલિયા | જામવંથલી, હાલ- રાજકોટ | ૩૧૯ |
| ૩૪. | મૂળજીભગત વેલજીભગત ખોલિયા | જામવંથલી, હાલ- રાજકોટ | ૩૩૦ |
| ૩૫. | પ.નિ. ટપુલાલભગત કાનજીભગત રાઠોડ | ચાવડા, હાલ- રાજકોટ | ૩૩૨ |
| ૩૬. | હરજીભગત મનજીભગત સાંગાણી | ગોખરવાળા, હાલ- સૂરત | ૩૩૪ |
| ૩૭. | પ.નિ. ઓધવજીભગત ટપુભગત મનાણી | જામવંથલી, હાલ- પૂના | ૩૪૬ |
| ૩૮. | રતિલાલભગત લાલજીભગત જાવીયા | જામવંથલી, હાલ- રાજકોટ | ૩૫૯ |
| ૩૯. | વ્રજલાલભગત લાલજીભગત જાવીયા | જામવંથલી, હાલ- રાજકોટ | ૩૬૩ |
| ૪૦. | ધીરુભગત લાલજીભગત જાવીયા | જામવંથલી, હાલ- રાજકોટ | ૩૬૮ |
| ૪૧. | શાંતિલાલભગત પુંજાભગત વાઢેર | જામવંથલી, હાલ- રાજકોટ | ૩૭૩ |
| ૪૨. | પ.નિ. મોહનલાલભગત રતનશીભગત સાપરીયા | બાલંભા, હાલ- પૂના | ૩૭૮ |
| ૪૩. | જયન્તિભગત હંસરાજભગત રાઠોડ | ચાવડા, હાલ- પૂના | ૩૮૩ |
| ૪૪. | પ.નિ. કાનજીભગત મૂળજીભગત સોજિત્રા | કુંકાવાવ, હાલ- અમદાવાદ | ૩૯૩ |
| ૪૫. | પરષોત્તમભગત તુલસીભગત ટાંક | જીરાગઢ, હાલ- મુંબઈ | ૩૯૬ |
| ૪૬. | રામજીભગત તુલસીભગત ટાંક | જીરાગઢ, હાલ-પૂના | ૪૦૪ |
| ૪૭. | કુંવરજીભગત કેશવજીભગત ચૌહાણ | જામસર, હાલ- સૂરત | ૪૦૬ |
| ૪૮. | પ.નિ. પ્રાગજીભગત રણછોડભગત મનાણી | જામવંથલી, હાલ- રાજકોટ | ૪૧૫ |
| ૪૯. | પ.નિ. હરિભગત રણછોડભગત મનાણી | જામવંથલી, હાલ- રાજકોટ | ૪૨૦ |
| ૫૦. | પ.નિ. કેશવજીભગત હરિભગત ચોટલિયા | જામવંથલી, હાલ- મુંબઈ | ૪૨૨ |
| ૫૧. | રમણિકભગત કરસનભગત જાવિયા | જામવંથલી, હાલ- રાજકોટ | ૪૨૫ |

| ક્રમ | નામ | સ્થળ | પેજ |
|---|---|---|---|
| ૫૨. | છગનલાલભગત મૂળજીભગત મનાણી | જામવંથલી | ૪૨૭ |
| ૫૩. | દયાલજીભગત નથુભગત ટાંક | જામવંથલી, હાલ- પૂના | ૪૩૧ |
| ૫૪. | ધર્મલાલભગત નથુભગત ટાંક | જામવંથલી, હાલ- પૂના | ૪૩૪ |
| ૫૫. | નવીનભગત નથુભગત ટાંક | જામવંથલી, હાલ- પૂના | ૪૩૬ |
| ૫૬. | અમરશીભગત ટપુભગત પરમાર | ભેંસદડ, હાલ- પૂના | ૪૩૮ |
| ૫૭. | પ.નિ. રમણીકલાલભગત ખીમજીભગત વાઢેર | જામવંથલી, હાલ- રાજકોટ | ૪૪૨ |
| ૫૮. | અમૃતલાલભગત ખીમજીગત વાઢેર | જામવંથલી, હાલ- રાજકોટ | ૪૪૭ |
| ૫૯. | નરશીભગત અમરશીભગત કાચા | જામવંથલી, હાલ- રાજકોટ | ૪૫૩ |
| ૬૦. | માવજીભગત મનજીભગત રાઠોડ | ફાટસર, હાલ- પૂના | ૪૫૭ |
| ૬૧. | મનહરભગત ભવાનભગત પરમાર | ફાટસર, હાલ- મુંબઈ | ૪૬૫ |
| ૬૨. | પ્રાગજીભગત ડાહ્યાભગત ચૌહાણ | જામવંથલી, હાલ- મુંબઈ | ૪૬૯ |
| ૬૩. | હરિલાલભગત ડાયાભગત ચૌહાણ | જામવંથલી, હાલ- મુંબઈ | ૪૭૨ |
| ૬૪. | કાનજીભગત વિરજીભગત ટાંક | બાલંભા, હાલ- સૂરત | ૪૭૪ |
| ૬૫. | શાંતિલાલભગત પ્રાગજીભગત વાઘેલા | શેખવડાળાં, હાલ- રાજકોટ | ૪૮૨ |
| ૬૬. | પ.નિ. કાન્તિલાલભગત ધનજીભાઈ ગોહેલ | ધોરાજી | ૪૮૫ |
| ૬૭. | પ્રવિણભગત મોહનભગત ચૌહાણ | જામવંથલી, હાલ- પૂના | ૪૮૯ |
| ૬૮. | પરષોત્તમભગત ડાહ્યાભગત મકવાણા | જામવંથલી, હાલ- નાસિક | ૪૯૧ |
| ૬૯. | ચંદુભગત કરસનભગત મનાણી | જામવંથલી, હાલ- પૂના | ૪૯૨ |
| ૭૦. | દેવશીભગત વસ્તાભગત જાવીયા | જામવંથલી | ૪૯૫ |
| ૭૧. | ખીમજીભગત રવજીભગત સોલંકી | ચાવડા, હાલ- સૂરત | ૪૯૮ |
| ૭૨. | મહેન્દ્રભગત મગનલાલભગત ટાંક | રોહીશાળા | ૫૦૨ |
| ૭૩. | કાન્તિભગત રણછોડભગત ચોટલિયા | ભેંસદડ, હાલ- સૂરત | ૫૦૫ |
| ૭૪. | પ.નિ. ભગવાનજીભગત હરજીભગત ચૌહાણ | પાડાબેકર્ડ, હાલ- વલસાડ | ૫૦૯ |
| ૭૫. | રાઘવભગત જેરામભગત ગેવરીયા | મોટી કુંકાવાવ | ૫૧૨ |
| ૭૬. | મધુભગત ધનજીભગત બાબરીયા | કુંકાવાવ | ૫૧૪ |
| ૭૭. | સવજીભગત મનજીભગત બાબરીયા | કુંકાવાવ | ૫૧૭ |
| ૭૮. | પ.નિ. નાનજીભગત લખમણભગત મકવાણા | જામવંથલી, હાલ- રાજકોટ | ૫૧૯ |

| ક્રમ | નામ | સ્થળ | પેજ |
|---|---|---|---|
| ૭૯. | પ.નિ. મોહનભગત કરસનભગત મનાણી | જામવંથલી, હાલ- પૂના | ૫૨૧ |
| ૮૦. | નાનજીભગત લખમણભગત મકવાણા | જામવંથલી, હાલ- રાજકોટ | ૫૨૩ |
| ૮૧. | અશ્વિનભગત વિઠ્ઠલભગત પીઠડિયા | કુંકાવાવ, હાલ- સૂરત | ૫૨૪ |
| ૮૨. | છગનભગત માવજીભગત રાઠોડ | ચાવડા, હાલ- રાજકોટ | ૫૨૭ |
| ૮૩. | ભગવાનજીભગત ટપુભગત પોરિયા | જામવંથલી, હાલ- રાજકોટ | ૫૨૮ |
| ૮૪. | પ.નિ. કાન્તિભગત નરસિંહભગત રાઠોડ | જીરાગઢ, હાલ- સૂરત | ૫૩૧ |
| ૮૫. | પ.નિ. ધરમશીભગત મોહનભગત બદરકિયા | જીરાગઢ | ૫૩૬ |
| ૮૬. | વસંતભગત લક્ષ્મણભગત ગોહેલ | જીરાગઢ | ૫૩૯ |
| ૮૭. | કાન્તિભગત રણછોડભગત પરમાર | જીરાગઢ, હાલ- અમદાવાદ | ૫૪૧ |
| ૮૮. | નંદકિશોરમહારાજ કરસનદાસ ભટ્ટ | જીરાગઢ, હાલ- સૂરત | ૫૪૪ |
| ૮૯. | શાંતિભગત પરષોત્તમભગત રાઠોડ | જીરાગઢ | ૫૪૬ |
| ૯૦. | મનસુખભગત ભગવાનજીભગત વરૂ | જીરાગઢ | ૫૪૭ |
| ૯૧. | મોહનભગત ડાહ્યાભગત મારવી | જીરાગઢ | ૫૪૯ |
| ૯૨. | જીવરાજભગત ડાયાભગત ટાંક | જામવંથલી | ૫૫૧ |
| ૯૩. | નરેશભગત મોહનલાલભગત ગોહીલ | બાણુગાર, હાલ- સૂરત | ૫૫૩ |
| ૯૪. | કાન્તિલાલભગત મોહનભગત ખોલિયા | જામવંથલી, હાલ- સૂરત | ૫૫૭ |
| ૯૫. | હેમરાજભગત રામજીભગત રાઠોડ | ભીમકટા, હાલ- સૂરત | ૫૬૦ |
| ૯૬. | પ્રવીણભગત મોહનભગત માલવી | સૂરત | ૫૬૪ |
| ૯૭. | રામજીભગત કેશવજીભગત ગોહિલ | જામવંથલી, હાલ- સૂરત | ૫૬૫ |
| ૯૮. | પ.નિ. ભાઈલાલભગત રાજાભગત ખોલિયા | જામવંથલી, હાલ- સૂરત | ૫૬૮ |
| ૯૯. | પ્રેમજીભગત હરજીભગત રાઠોડ | ભીમકટા | ૫૭૫ |
| ૧૦૦. | મોહનલાલભગત ડાયાભગત ટાંક | જામવંથલી | ૫૭૭ |
| ૧૦૧. | પ.નિ. ભાવુભાભગત હરસિંહજીભગત રાણા | ભાલ ગામ | ૫૮૦ |
| ૧૦૨. | મુળજીભગત કાનજીભગત દેવાણી | મોટી કુંકાવાવ | ૫૮૩ |
| ૧૦૩. | વસંતભગત પરષોત્તમભગત રાઠોડ | કુંકાવાવ, હાલ- સૂરત | ૫૮૪ |
| ૧૦૪. | પ.નિ. કાંતિલાલભગત નાનજીભગત મનાણી | જામવંથલી | ૫૮૬ |
| ૧૦૫. | ડૉ. હરિલાલભગત કે. મનાણી | જામવંથલી | ૫૮૭ |

| ક્રમ | નામ | સ્થળ | પેજ |
|---|---|---|---|
| ૧૦૬. | રામજીભગત કેશવજીભગત રાઠોડ | ચાવડા, હાલ- રાજકોટ | ૫૯૨ |
| ૧૦૭. | પરષોત્તમભગત ચકુભગત સોલંકી | જામવંથલી | ૫૯૪ |
| ૧૦૮. | ઓધવજીભગત ગોવિંદભગત મુંગરા | ચાવડા | ૫૯૭ |
| ૧૦૯. | ભવાનભગત સવજીભગત કાચા | જામવંથલી | ૬૦૧ |
| ૧૧૦. | પ.નિ. જેઠાભગત અજાભગત મકવાણા | જામવંથલી | ૬૦૩ |
| ૧૧૧. | મહેશભગત ગોરધનભગત કાથરોટિયા | કુંકાવાવ, હાલ- અમદાવાદ | ૬૦૪ |
| ૧૧૨. | સુરેશભગત જાદવજીભગત જાવિયા | સૂરત, હાલ- અમદાવાદ | ૬૦૬ |
| ૧૧૩. | મહેન્દ્રભગત ઓધવજીભગત ટાંક | જૂનાગઢ, હાલ- અમદાવાદ | ૬૦૮ |
| ૧૧૪. | પ.નિ. રાજાભગત કનુભગત ઝવેરી | જામનગર, હાલ- રાજકોટ | ૬૧૩ |
| ૧૧૫. | લક્ષ્મીદાસભગત કરમશીભગત પટેલ | રાજકોટ | ૬૧૬ |
| ૧૧૬. | જયંતિલાલભગત નાથાભગત ચુડાસમા | મોટી કુંકાવાવ | ૬૧૯ |
| ૧૧૭. | ચંદુભગત છોટાલાલભગત પરમાર | જાંબુડી, હાલ- સૂરત | ૬૨૨ |
| ૧૧૮. | ઘનશ્યામભગત નાનજીભગત દેવાણી | કુંકાવાવ, હાલ- અમદાવાદ | ૬૨૭ |
| ૧૧૯. | કાનજીભગત કુરજીભગત | જામવંથલી | ૬૨૮ |
| ૧૨૦. | વિજયભગત ચુનીલાલભગત સોલંકી | રાજકોટ, હાલ- અમદાવાદ | ૬૩૧ |
| ૧૨૧. | દેવરાજભગત કાનજીભગત રાઠોડ | ચાવડા, હાલ : રાજકોટ | ૬૩૬ |
| ૧૨૨. | પ.નિ. પરષોત્તમભગત મનજીભગત રાઠોડ | ચાવડા | ૬૩૮ |
| ૧૨૩. | નારાયણભગત થાલાભગત સાયના | આંધ્રપ્રદેશ | ૬૪૦ |
| ૧૨૪. | દિલુભગત પોપટભગત દેવાણી | મોટી કુંકાવાવ | ૬૪૨ |
| ૧૨૫. | ગોબરભગત શામજીભગત કાછડિયા | મોટી કુંકાવાવ | ૬૪૭ |
| ૧૨૬. | રાઘવભગત વાઢેર | જામવંથલી | ૬૪૯ |
| ૧૨૭. | ટપુભગત, કાનજીભગત, ધીરૂ પટેલ | જામવંથલી, ધોરાજી | ૬૫૧ |
| ૧૨૮. | દામજીભગત ગંગદાસભગત મકવાણા | જામવંથલી | ૬૫૩ |
| ૧૨૯. | પ.નિ. મંજુલાબેન ભાઈલાલભગત ખોલિયા | જામવંથલી, હાલ-સુરત | ૬૫૫ |
| ૧૩૦. | પ.નિ. જીવતીબેન કેશવજીભગત ટાંક | જૂનાગઢ, હાલ- રાજકોટ | ૬૫૮ |
| ૧૩૧. | પ.નિ. નર્મદાબેન મોહનભગત વેગડ | જાઈવા, હાલ- સૂરત્ | ૬૬૨ |
| ૧૩૨. | લલિતાબેન | જુનાગઢ | ૬૬૬ |

| ક્રમ | નામ | સ્થળ | પેજ |
|---|---|---|---|
| ૧૩૩. | પ.નિ. નર્મદાબેન રામજીભગત રાઠોડ | ભીમકટા, હાલ- સૂરત | ૬૬૭ |
| ૧૩૪. | કિશોરભગત પરષોત્તમભગત ગોહેલ | મોરબી, હાલ- અમદાવાદ | ૬૬૮ |
| ૧૩૫. | પ.નિ. વાલજીભગત માવજીભગત કથિરિયા | અમરાપર, હાલ- અમદાવાદ | ૬૬૯ |
| ૧૩૬. | લક્ષ્મણભગત પોપટભગત માથુકિયા | મોટી કુંકાવાવ, હાલ- મુંબઈ | ૬૭૦ |
| ૧૩૭. | દેવાણી પરિવારના ભક્તોનો પરિચય | મોટી કુંકાવાવ | ૬૭૨ |
| ૧૩૮. | હરસુખભગત જેરામભગત મકવાણા | જામવંથલી, હાલ- પૂના | ૬૭૪ |
| ૧૩૯. | ભક્તોની અભ્યર્થના તેમજ સેવા ઉપાસના અનુસંધાન અંતર્ગત પરચા પત્રો | | ૬૮૭ |
| ૧૪૦. | જૂનાગઢ ધામ બાલમુકુંદ ભવન વાસ્તુ પ્રસંગ વર્ણન... | | ૭૪૭ |
| ૧૪૧. | પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની સ્વધામગમન લીલા. | | ૭૫૩ |


**નોંધ : અનુક્રમણિકામાં જે ભક્તોના નામની આગળ (પ.નિ.) પરમધામ નિવાસી લખ્યું છે તે ભક્તો હયાત નથી. જેની નોંધ લેવી.**

પરચા નં.
૧.

# પ્રગટ ભગવાન શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ

## પ્રાગટ્યભૂમિ-કુંકાવાવ, લીલાભૂમિ-જામવંથલી, કર્મભૂમિ-જૂનાગઢ

**પરમધામાધિપતિ** પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણે સૌરાષ્ટ્ર પ્રદેશમાં કુમકુમવાપી ક્ષેત્રમાં પૂર્વે ખટવાંગ રાજાની ભક્તિ વડે પ્રસન્ન થઈ તેમને શ્રી લક્ષ્મીનારાયણ રૂપે દર્શન આપ્યા અને વરદાન માગવા કહ્યું ત્યારે ભક્ત ખટવાંગરાજાએ પ્રભુ પાસે પ્રાર્થના કરી કહ્યું, આપ રાજી થયા હો તો આ ક્ષેત્રમાં સહમંડળ નિવાસ કરો અને આપની સેવાનો લાભ આપો. શ્રી લક્ષ્મીનારાયણ પ્રભુએ રાજી થઈ તથાસ્તુ કહ્યું અને બોલ્યા, અહીં સાત શિખરવાળું મંદિર થશે અને તેમાં સમંડળ અમે નિવાસ કરશું.

સમય જતાં મહાવિષ્ણુ ગોપાલકૃષ્ણ રૂપે અને મહાલક્ષ્મી શ્રી કંભરાલક્ષ્મી રૂપે કુમકુમવાપી (કુંકાવાવ)માં દંપતિ રૂપે બહુ જ ભક્તિવાળા થઈ ધર્મ નિયમમાં રહી સેવા-ભજન કરતા હતાં. તેમને ત્યાં ચાર પુત્ર અને એક પુત્રીનો જન્મ થયો. તેમાં ત્રીજા પુત્ર આશો વદ અષ્ટમીના સવારે સૂર્યોદય પહેલાં કુંવરજી નામધારી પ્રગટ થયા. જેમણે બાળપણમાં કુંકાવાવમાં અનેક બાળલીલાઓ કરી પ્રાથમિક અભ્યાસ પૂર્ણ કર્યો. બાળરૂપે મંદિરે જતા. મંદિરની સેવા કરતા. ગાયો ચરાવા જતા, નાના નાના બાળ સખાઓ સાથે રમતા. ગામમાં સૌને આદર આપતા. મીઠી વાણી બોલી સૌના મન મોહી લેતા. બાળલીલાઓ કરી સૌના મન મોહી લેતા. આમ પ્રભુએ કુંકાવાવ નગરને ઘેલું લગાડ્યુ.સૌ બાલકૃષ્ણને વ્હાલ કરતા. આમ કરતાં બાલકૃષ્ણ અગિયાર વરસના થયા અને સંસાર ત્યાગવા ભગવાનને ભજવા સાધુ થવાની વાતો કરતા.

બાલકૃષ્ણ પ્રભુ અગિયાર વર્ષના થયા પછી સંસારને ત્યાગી જેતપુરમાં ત્યાગી દિક્ષા લઈ શ્રી સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત થઈ સંતરૂપ ધારણ કર્યું અને સદ્‌ગુરૂશ્રી બાલમુકુંદદાસ સ્વામીના શિષ્ય થયા અને શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી નામ ધર્યું. જેતપુરમાં સંસ્કૃત વિદ્યાભ્યાસ ચાલુ કર્યો. તેમની પ્રતિભા જોઈ સદ્‌ગુરૂ શ્રી નારાયણદાસ સ્વામીએ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને કાશીમાં સંસ્કૃત વિદ્યા ભણવા વ્યવસ્થા ગોઠવી આપી.

૧૮ વરસ કાશીમાં વિદ્યા ભણ્યા ને સાથે સાથે ભારતભરના તિર્થોમાં વિચરણ કર્યું અને સ્વામિનારાયણ ભગવાનનો મહિમા ગાયો. સાથે સાથે સત્સંગીજીવન- શિક્ષાપત્રીની અનેક પારાયણો વ્યાસાસને બિરાજીને કરી. શ્રી સ્વામિનારાયણ ભગવાનનો વિશ્વમાં વિજય

ધ્વજ ફરકાવ્યો. સાથે સાથે અનેક પ્રકારના શાસ્ત્રાર્થો કરી સભાઓ જીતી જેથી તેમણે સંસ્કૃત જગતમાં વિવિધ ઉપાધીઓથી નવાજવામાં આવ્યા અને કાશીથી સૌરાષ્ટ્રમાં જૂનાગઢ પ્રદેશે આવી સ્વામિનારાયણ મંદિરમાં શાસ્ત્ર લેખનનાં કામનો આરંભ કર્યો. ત્યારે શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની કિર્તિ ચારે દિશામાં ફેલાવા લાગી. તેમના મુખમંડળનું તેજ અને જ્ઞાનની વિદ્વતાને લઈને ભારતભરમાં અને વિદેશમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનનો વિજયધ્વજ ચારે દિશામાં ફરકવા લાગ્યો.

ભગવાન જ્યારે આ પૃથ્વી ઉપર પ્રગટ થાય છે ત્યારે આ લોકની રીતમાં રહી જીવોના કલ્યાણ કરે છે. ત્યારે એ ભગવાનની રીત કોઈને સમજવામાં આવતી નથી.

ભગવાને ખટવાંગ રાજાને આપેલ વચન પ્રમાણે કુમકુમવાપીમાં જન્મ ધર્યો. ''હળવા પૂન્યે હરિ ન મળે''. તેમ પૂર્વના અનંત જન્મોના પૂણ્ય ઉદય થાય ત્યારે તે જીવને ભગવાનના ભક્તનો યોગ થાય છે. દેવકી અને વસુદેવને પૂર્વ હજારો વર્ષની તપસ્યાના ફળ સ્વરૂપે ભગવાને દર્શન આપ્યા. ત્યારે નિષ્કામ ભાવના વડે ભગવાનને રાજી કરી પુત્રરૂપે અવતરવા વરદાન માગ્યું. ત્યારે ભગવાન તેના પુત્ર થયા હતા. ત્યારે આ તો અવતારોના અવતારી ભગવાન જ્યાં પ્રગટ થવાના છે તે ભૂમિ કેટલી પાવનકારી. જેના ખોળે પ્રગટવાના છે તેની ભક્તિ, મહિમા, સંકલ્પ કે આ સૌરાષ્ટ્ર ભૂમિ જે ગોલોકમાં શ્રીકૃષ્ણ ભગવાનના મુગટનો મણી જે ખટવાંગ રાજાને ગોલોકમાં આપ્યો અને કહ્યું, આ મણીને પશ્ચિમ સમુદ્રકાંઠે મૂકજો અને તે વિસ્તારને પામશે અને ૧૦૦ યોજનનો પ્રદેશ થાશે તેથી તેનું નામ સૌરાષ્ટ્ર થશે અને તે પ્રદેશમાં સૌરાષ્ટ્રમાં અમે પ્રગટ થઈશું અને અનેક ભક્તોની મનોકામનાઓ પૂર્ણ કરશું. તે આ દિવ્ય ભૂમિ અને આ ભૂમિમાં ભગવાન મહાવિષ્ણુ અને મહાલક્ષ્મી સ્વયં કંભરાલક્ષ્મી અને ગોપાલકૃષ્ણ રૂપે પ્રગટ થઈ તેને ત્યાં પરમધામાધીપતિ અનાદિ શ્રી કૃષ્ણનારાયણ સ્વયં પ્રગટ થયા. તેમના ત્રણે ભાઈઓ જે નારાયણના અવતારો અને બેન સંતુષ્ઠા જે લક્ષ્મીજીનો અવતાર છે.

આમ ભગવાનની લીલા અને કળા કોઈના કળ્યામાં આવતી નથી. અતિ પૂન્યના પ્રતાપે અને નિષ્કામ ભક્તિ- નિષ્કામ સંકલ્પ વડે અનંત જીવોના કલ્યાણ કરવાની ભાવનાવાળાને ભગવાનની સેવા અને ભક્તિનો લાભ મળે છે. તેમ આ જગતમાં જ્યાં જેવી જરૂર ત્યાં તેવા કાર્યો કરવા ભગવાન અલગ અલગ રૂપે પ્રગટ થાય છે. તેના અંશો પ્રગટ થાય છે, અલગ અલગ લીલાઓ વડે જીવાત્માના કલ્યાણ કરે છે.

સર્વથી પર એવા પોતાના અનાદિ દિવ્ય સ્વરૂપ સમજાવવાને માટે અને આવનારા યુગમાં જ્ઞાનનો પ્રકાશ પાથરવા માટે નાની ઉંમરે મહારાજે પોતાના સર્વોપરિ જ્ઞાન વડે વિદ્વાનો, પંડિતોને શરણમાં લીધા છે. કાશી એવું ક્ષેત્ર છે કે જે વિદ્યામાં અજોડ છે. કાશીમાં જે વિદ્વતાને પામે છે તે જગમાં પ્રસિદ્ધ થાય છે અને તેનો યશ ગવાય છે. માટે કાશીને નિમિત્ત બનાવી સત્ય એવું જ્ઞાન-સત્ય એવો પ્રકાશ અને સત્ય એવો ધર્મ પ્રવર્તાવવાને માટે કાશીએ ભણવાનું નિમિત્ત ધરી સતયુગનો પાયો મહારાજે રોપ્યો છે.

જેમના શાસ્ત્રો આજે વિદ્યાલયોમાં યુનિવર્સિટીઓમાં ભણાવવામાં આવે છે. મહારાજ કાશીથી પછી સૌરાષ્ટ્રમાં પધાર્યા ત્યારે જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરમાં રહી શાસ્ત્રો રચવાનું ચાલું કર્યું અને વચ્ચે વચ્ચે સૌરાષ્ટ્ર પ્રદેશના ગામડે-ગામડે શહેરે શહેરે વિચરણ કરતા અને વ્યાસગાદીએ બેસી પારાયણો કરતા કરતા અનેક જીવાત્માના મનને જાણી લઈ તે પ્રમાણે ઉપદેશ આપતા અને તે ઉપદેશથી ભક્તો સુખિયા થતા. મહારાજે અનંત જીવોને સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત કર્યા છે અને શાસ્ત્રોની રચના કરી વિશ્વની લાયબ્રેરીઓમાં, યુનિવર્સિટીઓમાં વિના મૂલ્યે પહોંચાડી જગતને જીવ-ઈશ્વર-માયા-બ્રહ્મ-પરબ્રહ્મના અને મોક્ષના જ્ઞાનનો પ્રકાશ પાથર્યો છે અને અનેક પરચાઓ આપી જીવોના કષ્ટને દૂર કરી તેમના હૃદયમાં પ્રકાશનો ઉદય કર્યો છે.

કુમકુમવાપી (કુંકાવાવ)માં પૂર્વે આનર્તરાજાના પ્રદેશમાં ખટવાંગ રાજાની ભક્તિથી પ્રસન્ન થયેલા પરનારાયણ અવતારીના અવતારી અનાદિ શ્રીકૃષ્ણનારાયણ ભગવાને વચન માગવા કહ્યું. તેથી ખટવાંગરાજાએ કુમકુમવાપીમાં સહમંડળ પ્રગટ થાઓ અને અહીં સાત શિખરવાળું મંદિર બંધાવો અને અનેકના (અનંતના) કલ્યાણ કરી તેઓને પરમધામના સુખના ભાગીદાર બનાવો અને આ દેહે આપની નિર્દોષ ભક્તિ અને અખંડ દર્શન આપજો. આવું વચન માગ્યું. તેથી પ્રસન્ન થયેલા પરનારાયણ અવતારીના અવતારી પ્રભુ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પરમધામાધિપતિ પરબ્રહ્મ પરમાત્માએ રાજી થઈ વચન આપ્યું. તેથી અહીં ભગવાન પ્રગટ થવાના છે તેથી આ કુંકાવાવ ભૂમિમાં વૃક્ષ, વેલી, કંકળરૂપે દેવતાઓ પ્રગટ થયા છે તથા માનવો બધા દેવો ઋષિઓ, ઈશ્વરો પ્રગટ ભગવાનનો લાભ લેવા બાળલીલાના દર્શન કરવા તથા પ્રગટ પ્રભુની સેવા કરવા કુંકાવાવના આંગણે પ્રગટ્યા છે. આમ આ કુમકુમ વાપી ભૂમિ તે પરમ પવિત્ર છે. તે આનર્તરાજાની ભક્તિથી રાજી થયેલા શ્રીકૃષ્ણ ભગવાને

પોતાની ગોલોકની ભૂમિનો કણ આપ્યો અને કહ્યું કે ભરતખંડના ભારતમાં સૌરાષ્ટ્ર પ્રદેશના પશ્ચિમ સમુદ્ર કાંઠે આ ગોલોકની ભૂમિના કણનું સ્થાપન કરજે અને તે ભૂમિમાં હું નિવાસ કરીશ. તેથી આનર્તરાજાએ તેમ કર્યું તેથી એ ભૂમિનો કણ વિસ્તારને પામ્યો જે ૧૦૦ યોજન સુધી વિસ્તર્યો અને સૌરાષ્ટ્ર પ્રદેશ કહેવાયો અને તેમાં શ્રીકૃષ્ણ તથા ભગવાનના અવતારો આવીને વસ્યા છે અને તે આ અશ્વપટ સરોવર કહેવાય છે.

આ ભૂમિમાં અનેક અવતારો, ઋષિઓ તથા ભગવાનના દિવ્ય ભક્તો અહીં વસ્યા છે તેથી આ પવિત્ર ભૂમિમાં અવતારીના અવતારી આવીને ખટવાંગરાજાને દર્શન દઈ તેની ભક્તિ વડે રાજી થઈ અહીં પ્રગટ થવા વચન આપ્યું અને આ વર્તમાન સમયમાં શ્રીહરિ શરણાગતિ મંડળની સ્થાપના કરી નિજ ભક્તોને વાસ આપ્યો અને સેવા ભક્તિથી પરમધામની વાટ વ્હેતી કરી તથા જે આ અશ્વપટ સરોવરમાં સ્નાન કરે તે અનંતકોટી જન્મોના પાપને હરે છે અને પાપો આ પ્રગટ થયેલા ભગવાનને ભજનારા પ્રગટ ભગવાનના સંતના ચરણોમાં આળોટે છે તેથી તે પાપો નાશ પામે છે.

અહીં લોમસઋષિનો આશ્રમ આવેલ છે. લોમસઋષી કુમકુમની દિવ્ય ભૂમિમાં તેમના દિવ્ય આશ્રમમાં અનંત જીવાત્માઓને અનાદિ શ્રીકૃષ્ણનારાયણનો મંત્ર આપી ભક્ત બનાવી અશ્વપટ સરોવરમાં સ્નાન કરાવી, મોક્ષનો અધિકારી બનાવે છે. અશ્વપટ સરોવરમાં સ્નાન કરનારો પરમધામને પામે છે માટે અશ્વપટ સરોવરના મધ્યે આ કુમકુમવાપી તે મહાતિર્થ કહેવાય છે જે આ પૃથ્વીના સર્વે તિર્થોમાં પાપીઓ પાપને મૂકી જાય છે ત્યારે આ સર્વે તિર્થો તે પાપનાં પોટલાં લઈને આ કુમકુમવાપી અશ્વપટ સરોવરમાં ન્હાય છે ત્યારે તે પાપથી મુક્ત થાય છે માટે આ કુમકુમવાપીને તિર્થોનો રાજા કહ્યો છે.

અહીં ભરતખંડના કાશી, મથુરા, રામેશ્વર, ગંગા, જમના, સરસ્વતી, ગયાજી, ગોમતીજી જેવા અડસઠ તિર્થ તથા તિર્થોને કરનારા ઋષિઓ અવતારો સર્વે તિર્થો દિવ્યરૂપ ધરી નિવાસ કરી અહીં રહ્યા છે. તેથી મહાતિર્થ કહેવાય છે. તેમ અહીં ભગવાન પ્રગટ થયા છે તેથી તેનો મહિમા અપાર છે અને અહીં પ્રભુ અખંડ બિરાજે છે આ તો પરાત્પર પરનારાયણ અવતારીના અવતારી અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પરમધામાધિપતિ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણનો મહિમા કે જેના એક રોમમાં કોટી બ્રહ્માંડો ફરે છે તો એ ભગવાનને ઓળખનારા એ ભગવાનને સેવનારા રાજી કરનારા ભક્તો, સંતો તથા જે આ ભગવાને જેને (મારા સંત) પોતાના સંત કહ્યા એવા ભક્તો સંતો આ વર્તમાન સમયમાં વિચરી રહ્યા છે.

આવા ભગવાન અને એના સંતો જે બ્રહ્માંડોનું કલ્યાણ કરનારા છે એવો કુમકુમવાપી તથા બ્રહ્મપેલેસ તથા જન્મસ્થળ અને આ મહાતિર્થનો મહિમા છે.

આ જામવંથલીના ઘણાં હરિભક્તો બધા ભગવાનના અનન્ય ભક્તો છે. આવા ભક્તોના આંગણે જે પુત્ર-પુત્રીઓ જન્મ્યા છે તે પણ ધામના મુક્તો, અવતારો, બ્રહ્મરૂપ ગોપ-ગોવાળો છે અને પુત્રીઓ સૌ રાધા, લક્ષ્મીઓ, ગોપીઓ, સખીઓ છે. સૌ ધામધામના મુક્તને મુક્તાણીઓ છે. આ સૌએ પ્રત્યક્ષ પ્રગટ ભગવાની સેવા કરી છે, રાજી કર્યા છે. પ્રગટ ભગવાન ઘર, ખેતર, વાડીએ, સીમમાં બધે ફર્યા છે અને આ બધી ભૂમિ પર ચરણપગલાં પાડી પાવન કરી છે. આ તો અવતારીના અવતારી સ્વયં પધારીને સૌને પાવન કર્યા છે. અવતારો તો આ હરિભક્તોના ઘરે જન્મ્યા છે. આ જામવંથલીનો મહિમા અપરંપાર અપાર છે. મહિમા સમજે ને ગુણ ગાય તેનાં આત્મા પરમાધામ જરૂર જાય એમાં વળી આ પાવન ભૂમિમાં ત્યાં વળી ફુલવાડી પરમધામ મંદિર એમાં વળી મધ્યશિખરે પ્રગટ પ્રભુ બિરાજ્યા. અવતારીના અવતારી અનાદિ શ્રીકૃષ્ણનારાયણ ભગવાન આ ભૂમિને આ ભગવાન અને આ ભક્તોનો મહિમા કોઈથી ગાઈ ન શકાય. શેષ શારદાને ગણપતિ વેદ પુરાણને નારદ ગાઈ ગાઈ થાક્યા એવો એ પ્રગટનો મહિમા અપરંપાર છે. આવો અપરંપાર મહિમા કુંકાવાવધામ, પરમધામ ફુલવાડી, જૂનાગઢ ધામ અને ત્યાંના જીવ પ્રાણીમાત્રનો તથા રજકણોનો છે.

પ્રગટ ભગવાને જે દિવ્ય સમજણ આપી છે તે સમજણને જીવનમાં સમજીને ઓળખીને પ્રગટ ભગવાનને રાજી કરનારો, ભજનારો ભગવાનનો ભક્ત તેની જે સ્થિતિ બંધાઈ, સમજણ થઈ જે અનુવૃત્તિમાં રહેવાયું અને ભગવાન કેટલા રાજી થયા તથા શ્રીહરિ શરણાગતિ મંડળને કેટલું ઓળખ્યું, પ્રગટ ભગવાનમાં કેટલા સમર્પિત થયા, ભગવાનની શરણાગતિમાં કેટલું બલિદાન થયું, હજું કેટલું સમર્પિત અને બલિદાન આપવા તૈયાર છે અને એવી સમજણ કરી છે, કરવાની છે અને આ પ્રગટ ભગવાનના વચનમાં કેટલું અનુસંધાન રાખ્યું છે અને અનુસંધાન રાખી શકાય અને તેનો ન્યાય પ્રગટ ભગવાન જ આપી શકે છે. તે પ્રકારે સ્થિતિ થાય તેવી સ્થિતિ કરાવવા માટે જ અનાદિ ભગવાન વારંવાર પ્રગટ થાય છે અને પોતાની ઓળખાણ આપી નિજ સંતની ઓળખાણ કરાવી પોતાના સ્વરૂપને સમજાવી અનુવૃત્તિમાં રહેવાની સમજણ જ્ઞાન આપી આ આત્માને મુક્તાત્મા બનાવી પોતે પરમાત્મામાં આત્માને લીન કરાવે છે. આવી સ્થિતિ પ્રાપ્ત થવા માટે એક જન્મ નહીં પણ

અનંત કોટી જન્મોમાં વ્રત, જપ, તપ, દાન, પૂણ્ય, પરોપકાર, માતા-પિતાની સેવા, દેવ મંદિરની સેવા, ગાયોની સેવા, બાળકોની સેવા, વૃદ્ધની સેવા, સદાચાર, સદ્‌ગુણે યુક્ત થઈ સત્‌પુરુષનો આશરો કરે, સંતને રાજી કરે. આવા સત્કર્મો વડે પરમેશ્વરની કૃપા, સંતોના આશિર્વાદ, વડીલોના આશિર્વાદથી અનંતકોટી જન્મના પુણ્ય ઉદય થાય ત્યારે આવા પ્રગટ થયેલા પરબ્રહ્મ પરમાત્માના ભક્ત, મુક્તનો યોગ સંગ થાય છે તે જ્ઞાન અને સમજણે કરીને પ્રગટ ભગવાનની શરણાગતિમાં રહેવાય છે. શરણાગતિ સમજાય છે ત્યારે પરમધામાધિપતિ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પરબ્રહ્મ પરમાત્માની સેવા, ભક્તિ, ધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય થાય છે અને આ વૈરાગ્ય વડે પરાત્પર પરનારાયણમાં મન, બુદ્ધિ, ચિત્ત, આત્માથી પરમાત્મા અનાદિ પરમેશ્વર પ્રગટ ભગવાનમાં સ્થિર રહેવાય છે. આ સ્થિતિ આપવા માટે પ્રગટ ભગવાને આપણને ૪૪મી અમૃતવાણી સમજાવે છે. તેમાં પાંચ પ્રકારની શરણાગતિ સ્થિતિ બતાવી છે.

(૧) ભગવાનની મૂર્તિને જીવમાં સંઘરવી તો મૂર્તિમાં અખંડ રહેવાય.

(૨) સંતની અનુવૃત્તિમાં રહેવાય તો પ્રગટના સંતની કૃપા સદા રહે.

(૩) આ સંસારમાં ક્યાંય બંધન ન થાય, માન-સન્માન જળવાય અને ભગવાનનાં ધામમાં જવાય.

(૪) ભક્તિ કરતાં કરતાં રાગ ઓછા કરી ભગવાન ભજાય અને કોઈનો અભાવ-અવગુણ ન આવે સુખેથી ધામમાં રહેવાય.

(૫) આ લોકમાં ભગવાન ઓળખ્યા તો ભગવાનના બધા ધર્મોમાં રહેવાય, બધા સાત્ત્વિક કર્મો થાય અને ભગવાન રાજી થાય આ લોક-પરલોકમાં સુખીયા રહેવાય.

આમ આ પાંચ પ્રકારે આમ પાંચ સમજણે ભગવાનને ઓળખનારા ભક્તો, મુક્તો, મહામુક્તો, બ્રહ્મમુક્તો, રહસ્યમુક્તો અને અનાદિમુક્તોની પંક્તિઓમાં પહોંચાય છે. પરબ્રહ્મ પરમાત્મા પરનારાયણ પરમેશ્વર પરમધામાધિપતિ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પ્રગટ ભગવાન શ્રીહરિના શરણમાં શરણાગતિ ધર્મ વડે બધા પ્રકારના સુખ પમાય છે. બધાં પ્રકારના આનંદ થાય છે. પરબ્રહ્માનંદમાં રહેવાય છે.

પ્રગટ ભગવાનના શરણાગતિ ધર્મમાં છ પ્રકારની શરણાગતિ કહી છે. આ છ પ્રકારમાં

એક છે 'અનુકુલ્સ્ય સંકલ્પ, પ્રતિકુલ્ય વિવર્જનમ્' (ભગવાનને અનુકૂળ ને ભગવાનના ગમતામાં રહેવું.) ભગવાનને કિર્તન, સેવા, ભક્તિ અતિ પ્રિય છે. તેમ કરનાર પર ભગવાન ખૂબ જ રાજી થાય છે. કિર્તન ભક્તિમાં ભક્તો પોતાનામાં અલમસ્ત થઈ ભગવાનમાં ગરકાવ થઈ જાય છે. જેથી કોઈનો અપરાધ થતો નથી તેથી ભગવાન રાજી થાય છે. (પ્રતિકુલ્ય વિવર્જનમ્) ભગવાનને ન ગમે તે ભક્તએ ન કરવું જેમ કે ભગવાનની મૂર્તિ સામું તાડન ન કરવું. ભગવાનની મૂર્તિ સામે કોઈને હુકમ કે દંડ ન દેવો, તે ભગવાનને ગમતું નથી. કારણ કે સર્વ જીવ પ્રાણીમાત્ર ભગવાનના છે અને ભગવાન તેને પ્રેમ કરે છે. જેને ભગવાન પ્રેમ કરે તેને આપણે હુકમ, દંડ, ઉદ્વેગ, તિરસ્કાર કે મનમાં કપટથી તેનો વિરોધ કરીએ તો અંતર્યામી ભગવાન તે જાણે જ છે જે ભગવાનને ગમતું નથી. ત્યારે આપણાંથી જાણે-અજાણે ભગવાનના વ્હાલા ભક્તો-મુક્તો પ્રત્યે જો કાંઈ અભાવ કે ઉદ્વેગ કે તેના પ્રત્યે ક્રોધ થઈ જાય તો એ ભગવાનને કેમ ગમે ? ન જ ગમે. માટે ખબરદાર થઈ ભગવાનને ન ગમે તેમ ન કરવું. ભગવાન કુરાજી થઈ જાય તેમ ન જ કરવું. તેમ સંત નારાજ થાય તેમ પણ ન કરવું એટલે આપણાં સ્વભાવને નિર્મળ બનાવવા, સ્વભાવે કરી આપણો મોક્ષ બગડી જાય તે તો ન જ કરવું. કારણ કે ભગવાનની કૃપાએ આ મનુષ્ય જન્મ આ પ્રગટ ભગવાનનો યોગ ને આ મનુષ્ય જન્મના સ્વભાવ નિર્મળ થવા માટે યોગ મળ્યો છે. સ્વભાવ નિર્મળ હોય તો જ પ્રગટ ભગવાનની મૂર્તિના સર્વ પ્રકારે લાભ મળે અને પ્રગટ ભગવાન મળ્યાનો આનંદ થાય નહીં તો ઘણાયને ભગવાન મુખોમુખ મળ્યા છે પણ તેને એ આનંદ નથી. માટે અનુસંધાન જે મને આ ભગવાન મળ્યા ત્યારથી મને આ સંત મળ્યા ત્યારથી મારા જીવનમાં સાચો આનંદ આવ્યો છે. એ અનુસંધાન તો ક્યારેય ન ભૂલાવું જોઈએ. જેટલું અનુસંધાન ભૂલાય તેટલું દુઃખ આવે જેટલું અનુસંધાન રાખે તેટલું દુઃખ થાય. આ જ પ્રગટ ભગવાનની મૂર્તિમાં મન રાખી ભક્તિ કરી રાજી કરતાં જ રહેવા એ જ આપણું લક્ષ્ય છે.

આ પૃથ્વી પર મોટા મોટા વિદ્વાનો, ફિલોસોફરો, લિટરેચરો, પ્રોફેસરો, મહામહોપાધ્યાયો, આચાર્યો, સેવાકીય સંસ્થાના અગ્રેસરો, મોટા મોટા સંતો-મહંતો અને પીઠાધિશ્વર શંકરાચાર્યોએ આ પ્રગટ શ્રી શ્વેતાયન વ્યાસ શ્રીકૃષ્ણ વલ્લભાચાર્યજી મહારાજના લખેલા અદ્‌ભૂત શાસ્ત્રોને વાંચી અધ્યયન કરતા જેની જેટલી બુદ્ધિ પ્રતિભા તેટલા તેઓએ આ શ્વેતાયન વ્યાસને વર્ણવ્યા છે. અંતે બધા ન ઈતિ ન ઈતિ કહી અને શાસ્ત્રાર્થમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શ્રી શ્વેતાયન વ્યાસના ચરણમાં પડી અને વૈષ્ણવવિદ્વત્‌સાર્વભૌમની

ઉપમા આપીને સૌ પ્રગટના શ્રીચરણોમાં નમ્યા છે. તેમના શ્રીકર-ચરણમાં દિવ્ય ચિન્હો રહેલા છે. તેમની દિવ્ય દૃષ્ટિ વડે અનેક મુમુક્ષુઓના પરમ કલ્યાણ કર્યા છે. અંતર્યામી શક્તિએ અનેકને અગમચેતીનાં પ્રમાણ થકી રક્ષા કરી છે અને દૂરદર્શન આપી પોતાનામાં આકર્ષિત કર્યા છે અને વિશ્વને અચંબામાં નાખી દીધું. એવા શ્રી પ્રગટ હરિના ચિન્હ, ચરિત્ર, ચેષ્ટા દર્શન, ચમત્કારોએ નિજ વિશ્વાસુ આશ્રિતોને શરણમાં લઈ શરણાગતિ મંડળ સ્થાપી તે ભક્તો વડે પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાણનું મંદિર કરાવી મધ્ય શિખરમાં સ્વયં બિરાજી આ સૃષ્ટિમાં પરાત્પર પરનારાયણ પરમધામાધિપતિ પરબ્રહ્મ પરમાત્મા પરમેશ્વર પ્રગટ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પ્રગટ ભગવાન પોતે મૂળ નામ ધારણ કરી આ શરણાગતિ મંડળને પ્રત્યક્ષ મનુષ્યરૂપમાં ભગવાનપણાંની ઓળખ આપી છે જે શરણાગતિ મંડળ આજે પ્રગટ ભગવાન તરીકે ભજે છે, પૂજે છે, આરાધે છે અને ભક્તિ કરી પરમધામના સુખથી આ દેહે સુખીયા છે.

પ્રથમ ભગવાન મુમુક્ષ ભક્તને ભગવાનમાં ભાવ થવા દર્શન આપે છે, આપતા આવે છે જેમ જેમ ભગવાન ઓળખાતા જાય છે તેમ તેમ ભગવાન તેની પાસે સેવા કરાવતા જાય છે અને ભક્તિમાં મજબૂત કરવા પરીક્ષા પણ કરતા જાય છે. જ્યારે ભક્ત ભગવાનને પૂરા ઓળખી જાય ત્યારે ભગવાન ભક્તને મુક્તની પદવી આપી ભક્તને સમગ્ર લોક લોકાંતર આકાશ ચિદાકાશમાં ભ્રમણ કરવાની છૂટ આપી દે છે અને ભગવાન તેની દિવ્યરૂપે રક્ષા કરે છે. ભગવાનને વિશ્વાસ છે કે, આ ભક્ત મારી મૂર્તિથી અળગો નહીં થાય તેથી તેને સ્વતંત્ર વિહાર કરવા દે છે તેને દર્શન, પરચાની તાણ રહેતી નથી. તે તો બસ એક પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણમાં અલમસ્ત કેફમાં જ વર્તે છે અને બીજાને પણ તે જ સમજણ ઉપદેશ કે વિનંતી કે ભાવભર્યો આગ્રહ કરે છે. બીજા જીવનું કેમ રૂડું થાય, તે કેમ ભગવાનને ઓળખે ભગવાન તેના પર રાજી કેમ થાય ? તેના પરિવાર આ પ્રગટ ભગવાનના કૃપાપાત્ર થાય તેજ તેમની કામના હોય છે.

ભગવાનના સંબંધવાળી તમામ પ્રવૃત્તિઓને નિગુણયજ્ઞ કહેવાય, પ્રત્યક્ષ ભગવાનની પ્રાપ્તિમાં તમામ યજ્ઞો સમાઈ જાય છે અને તેજ પરમપદ યજ્ઞ છે, પોતાના બ્રહ્મ સ્વરૂપમાં પરબ્રહ્મ ભગવાન પ્રત્યક્ષ દેખાય તે સર્વે યજ્ઞનું ફળ છે, અખિલ ભૂમંડલિય પાનું ૨૬૪, લિટી-૪ સમજો, સમજાવો, સમજ્જો, સાથે રાખજો, હૃદયમાં ઉતારજો. કરી કરીને એટલું જ કરવાનું છે કેટકેટલું વાંચવું, કેટકેટલું સમજવું, આ તો અનંત છે. માટે પ્રગટને પ્રત્યક્ષને

ઓળખવા. પરોક્ષ તો પૂર્વે અનંત થયા, પ્રગટ અને પરોક્ષનો ભેદ સમજાય તો આ ચાવી હાથમાં આવે અને આપણું જન્મવું અને મરવું ફરી પાછું જન્મવું અનંત પ્રકારનાં દુઃખો કે સુખો ભોગવવા ગર્ભવાસમાં આવવું આવવા-જાવા રૂપી દરવાજો જ બંધ કરવા જે તાળું તેની ચાવી આ ભેદ સમજવો. તે જ આ ચાવી છે.

અમરેલી જિલ્લાના કુંકાવાવમાં પટેલ જ્ઞાતિના ખેડૂતના ઘરે જન્મ ધરી પ્રગટ થનારા શ્રીકૃષ્ણ વલ્લભાચાર્યજી મહારાજ આજે ગુજરાતને વિશ્વમાં ગુંજતું કરનારા હજારો હજાર લાખો માણસોને ભક્તિ માર્ગે લઈ જનારા સાત્ત્વિક સંત સમાન જીવન આપનારા તથા વિશ્વને ગૂઢ રહસ્ય ભરેલા સંસ્કૃતમાં ૫૭ શાસ્ત્ર (ગ્રંથ) લખી વિશ્વની લાયબ્રેરીઓમાં પહોંચાડી વિશ્વને તથા મોટા મોટા વિદ્વાનોને વિચારતા કરી દીધા તથા નવન્યાયાચાર્ય, ષડ્દર્શનાચાર્ય, મહામહોપાધ્યાય, વૈષ્ણવવિશ્વ સાર્વભૌમ પીએચ.ડી., ડિલિટ્ટ જેવી પદવીઓ મેળવી શિક્ષણ સમાજની તથા સંપ્રદાયની ઘણી સેવા કરી છે. તેમજ ભક્તોને પોતાની નિજ મૂર્તિમાં ચિન્હોના દર્શન કરાવી તથા દૂર દેશ-વિદેશમાં દર્શન આપી પોતે સ્વયં પરમાત્મા અવતર્યા છે એવા દર્શન આપી પોતે શ્વેતાયનવ્યાસ રૂપ ધરી પરમધામાધિપતિ અનાદિ શ્રીકૃષ્ણનારાણ પધાર્યા છે અને તેમના વ્હાલા ભક્તોએ પોતાના જીવનમાં તન, મન, ધન આપી તેમના શિખરબંધ મંદિરો બનાવી તેમાં આ શ્વેતાયત વ્યાસ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ શ્રીકૃષ્ણ વલ્લભાચાર્યજી પ્રગટ ભગવાનને બિરાજમાન કરાવી આજે એ શરણાગતિ મંડળ ભજે છે, પૂજે છે.

પટેલ સમાજે ગર્વ લેવો જોઈએ કે તેના કૂળમાં અવતારી પુરુષોત્તમ નારાયણ પ્રગટ્યા છે. મહારાજ કહેતા આ પટેલ સમાજ જાગશે ત્યારે બહુ જોવા જેવું હશે. આ વર્તમાન સમયમાં જેણે ઓળખ્યા તેના નામ તેના યશ ગવાશે પછી તો વિશ્વ આખું ઓળખવાનું જ છે અને ભજશે પણ ખરા પણ જે હાજરમાં ઓળખે ભજે, સેવે તેના યશ ગવાય છે તે શાસ્ત્રમાં અમર થઈ જાય છે. આ જે શરણાગતિ મંડળ કરે છે તે પટેલ સમાજ કરે તો પટેલ વિશ્વભરમાં ફેલાયેલા છે તો તો વાત જ ન્યારી છે. ધન્ય છે શરણાગતિ મંડળને કે જેણે આ માનવરૂપમાં રહેલા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી ભગવાન છે ઓળખીને તેના યુગધર્મી કાર્યો કરે છે અને ભગવાનનો રાજીપો લઈ પરમધામના અધિકારી થાય છે.

શ્રી પુરુષોત્તમ નારાયણ પરબ્રહ્મ પરમેશ્વર અનાદિ શ્રીકૃષ્ણનારાયણ આત્મારૂપે આપણી અંદર જ છે, પરંતુ માયાના સંગે કરીને તે વિસરાયા છે. તેથી સુખ-દુઃખનો અનુભવ થાય છે માટે સદા સજાગ રહી અનુસંધાન રાખે કે ભગવાન મારી ભેળાં છે, મારી અંદર છે

તો એ પરમેશ્વરના ભગવાનના આનંદ ભોગવે છે. ભગવાનના સુખે સુખી તો રહે છે તેમાં માયા પણ તેના ભેગી ભળીને પરમેશ્વરને ભજવામાં સહાયરૂપ થાય છે તે માયા પણ બ્રહ્મરૂપ થાય છે. તેમ જેટલું બહાર બ્રહ્માંડ છે દેવ ઈશ્વરો માયા બ્રહ્મ છે તે સઘળું આપણી અંદર છે તે પરમેશ્વર પ્રગટ પ્રભુના ધ્યાન ઉપાસના વડે તે પ્રભુ પ્રત્યક્ષ થાય છે અને તેની કૃપાએ સર્વ બ્રહ્માંડોને દેવ ઈશ્વરને ધામને દેખે છે. આ સર્વ આત્મા પરમાત્માનું અનુસંધાન જાગ્રત અવસ્થા મૂર્તિનું ધ્યાન ધારણ વડે સર્વને જાણનારા તથા ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણનો આનંદ લેનારા ભગવાનના સુખે સુખીયા થાય છે.

ભગવાન ભક્તો માટે થાય છે સાથે સાથે ધર્મનું સ્થાપન કરે છે. અજ્ઞાનીને ઐશ્વર્ય બતાવી પોતાની મૂર્તિનું જ્ઞાન આપી પોતાના શરણમાં લઈ તેનું કલ્યાણ કરે છે, ભગવાન એક જ છે તે ભગવાન બે નથી એ તો જ્યાં જેવી જરૂર ત્યાં તેવા રૂપ ધરી પ્રગટ થાય છે ત્યારે પૂર્વના અવતારોનું ઐશ્વર્ય તેનામાં હોય છે અને જરૂર જણાય તો દેખાડે પણ ખરા. એવા પ્રગટ થયેલા માનવરૂપમાં રહેલા પ્રગટ ભગવાનને ઓળખીને જે ભજે છે તેના ભજનમાં બધી ભક્તિ, બધા ધર્મ, બધી યાત્રાઓ, સર્વ દાનો, સર્વ સેવાઓ પ્રગટ ભક્તિમાં આવી જાય છે અને તે જન્મ-મરણનાં બંધનથી મૂકાય છે. અલગ અલગ રૂપમાં રહેલા ભગવાન એક જ છે એ સમજણ તે જ્ઞાનનો સારમાં સાર છે.

પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણ આ પૃથ્વી પર આવી પોતાનું કાર્ય કરી નિજ ભક્તોને ઓળખાણ આપી ચરણ સ્થાપી ઐશ્વર્ય બતાવી શાસ્ત્રો રચી નિજ ભક્તોનું મંડળ રચીને પોતાની મૂર્તિનો યોગ આપી નિજધામ સિધાવ્યા, પરંતુ ભગવાન જ્યારે જ્યારે પ્રગટ થાય છે ત્યારે એમને ઓળખનારા જુજ હોય છે. ભગવાન આવે છે અને જાય છે પછી બધા ઓળખે છે, પૂજે છે, ભજે છે, મંદિરો થાય છે. અત્યારે પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણનારાયણને ઓળખનારા આ સમયમાં હાજર છે તેને ઓળખીને જો સત્સંગ કરે તો એ ભગવાન ઓળખાઈ જાય અને મળી પણ જાય અને પરમધામના અધિકારી પણ થાય. પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ જે કાર્ય કર્યા તેટલું કોઈ ન કરી શકે એ આ અભિનંદનગ્રંથમાં નજર કરવાથી ખબર પડે છે. ભગવાન આવીને ભક્તોને ઓળખાણ આપી પોતાના કાર્યો કરી અંતર્ધ્યાન થઈ ગયા.

અવતારી ભગવાન એવા અનાદિ શ્રીકૃષ્ણનારાયણનાં સંકલ્પથી સર્વે થાય છે, એ ભગવાન સર્વના કારણ છે. એ પરમાત્માની ઉપાસના તે સર્વોપરિ ઉપાસના કહેવાય છે. સર્વ

જડ-ચેતન, સૂક્ષ્મ, અણુ અને વિરાટમાં પણ તે પરમાત્મા અનાદિ શ્રીકૃષ્ણનારાયણ રહ્યા છે. આ સર્વ બ્રહ્માંડોમાં રહેલો પ્રકાશ તે એનું એકમાત્ર કિરણ છે. આવા પરમાત્મા તે અવતારી નારાયણ છે તેને ઓળખી એની ઉપાસના એ તેના ચરણમાં પહોંચાડનારી છે.

મહારાજ જેટલું ભણ્યાં તેટલું ઘણાય વિદ્વાનો ભેગા થાય ને ભણે તોય મહારાજ જેટલું કે જેવું ભણી ન શકે. તેમજ મહારાજે જે શાસ્ત્ર પણ લખ્યા તેટલું અંદાજે સંસ્કૃતમાં ૨૦,૦૦૦ પાનાનું લખાણ તથા તેમના ભક્તોને દરરોજ ૨૦ થી ૨૫ પત્રો લખવા ટપાલોનો થેલો ભરાઈને આવે તે વાંચવો તથા ભક્તો આવે તેની સાથે સુખ-દુઃખની વાતો કરવી. પોતાનો નિત્યક્રમ તથા ગામડાં-શહેરોમાં કથા પારાયણ કરવી અને પધરામણી કરવી. આટલું કાર્ય કરવા માટે કદાચ ૨૫ જણા ભેગા થાય ને કરવા માંડે તોય થાય નહીં તથા નાની ઉંમરમાં કેટલી ડિગ્રીઓ અને છ દર્શનના આચાર્યો, સાંખ્ય, યોગ, મિમાંસા, તાર્કિક વાચસ્પતિ, મહામહોપાધ્યાય, ધર્મના દરેક વિષયમાં પીએચ.ડી. તથા ડિલિટ્ટ (લિટરેચર) અને ડી.ફીલ (ફિલોસોફર) આવી બંને ડિગ્રી સાથે હોય જો હોય તો શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી એક જ છે તથા શાસ્ત્રના મત મુજબ તેમના કર-ચરણમાં ચિન્હો, ધનુષ, ધજા, ચક્ર, સૂર્ય, ચંદ્ર, સ્વસ્તિક, ગોપદ, આદી આદી ૩૭ ચિન્હો મહારાજને છે. જે ભક્તોએ દર્શન કરેલા છે અને દર્શન કરેલા ભક્તો અત્યારે હાજર છે, અંતર્યમીપણું, દૂરદર્શન, ઐશ્વર્ય તથા દિવ્ય શક્તિ વડે દિવ્ય દર્શન કરીને આજ સર્વ અવતારોના અવતારી પરબ્રહ્મ પુરુષોત્તમનારાણ છે એમ માની તેની ઉપાસના કરે છે.

આ અભિનંદનમાં મહારાજને જડચેતનમાં સૂક્ષ્મ તત્ત્વને જાણનારા દ્વૈત, અદ્વૈત, તત્ત્વદ્વૈત, આ બધામાં ભગવાન તો છે છતાં બધાથી અલગ છે એમ સાબિત કરી જગત અને વિદ્વાનોને પોતાનો અલગ મત વિશિષ્ટ બ્રહ્માદ્વૈત આવો સિદ્ધાંત આપ્યો. માટે વિદ્વાનોએ આપ શાસ્ત્રોના નિષ્ણાત વૈષ્ણવોમાં શ્રેષ્ઠ- વિદ્વાનોમાં શ્રેષ્ઠ એવા વૈષ્ણવવિદ્વત્તસાર્વભૌમ વિશ્વમાં સર્વશ્રેષ્ઠ છો. સર્વ ભૂમંડળમાં જે ગુરૂઓ છે તેના તમે ગુરૂ છો. તમે કૃષ્ણ પ્રભુના ચરણમાં પહોંચેલા આચાર્યવર છો. જેમ ગીતામાં કૃષ્ણ કહે છે કે દેવોમાં ઈન્દ્ર, પક્ષીઓમાં ગરુડ, મનુષ્યમાં રાજા, જ્ઞાનીઓમાં બૃહસ્પતિ, ઈશ્વરોમાં શિવ, ઋષીઓમાં વશિષ્ટ, વાયુમાં મરુત તેજમાં સૂર્ય શ્રેષ્ઠ છે. આમ સર્વમાં શ્રેષ્ઠ તમે વૈષ્ણવવિદ્વત્તવર્ય સાર્વભૌમ આચાર્ય શ્રી છો. આપ સ્વયં અનાદિ શ્રીકૃષ્ણનારાયણ છો એમ વિદ્વાનોનાં અભિનંદન કહે છે.

આ વર્તમાન સમયમાં અનાદિ શ્રીકૃષ્ણનારાયણને ઓળખી તેના શરણમાં જનારો,

તેને જાણનારો તેનો આ જન્મ છેલ્લો છે. ભગવાન એક જ છે. જ્યારે જેવી જરૂર પડે ત્યાં તેવું રૂપ લઈને ભક્તોની રક્ષા કરે છે અને ધર્મનું સ્થાપન કરે છે. રામ, કૃષ્ણ, નૃસિંહ, વરાહ, પરશુરામ રૂપે થયેલ ભગવાનને ઓળખનારાના વંશજો આજેય તે રૂપને ભજે છે. અત્યારે આપણને અનાદિ કૃષ્ણનારાયણ મળ્યા છે. આપણાં વંશજો અનાદિ કૃષ્ણનારાયણને ભજશે. વામન, પરશુરામ, કૃષ્ણ, દત્તાત્રેય, નૃસિંહ, મત્સ્ય, વરાહ જેટલા જેટલા અવતારો કે સ્વરૂપો તે આ અનાદિ શ્રીકૃષ્ણનારાયણનાં જ છે. એમ જાણનારો, સમજનારો તે સાચો જ્ઞાની છે. અઢાર પુરાણ અને ચાર વેદ મોઢે હોય પણ પોતાની સામે બેઠા ભગવાનને ન ઓળખે તો એ અજ્ઞાની જ છે. કેમ કે એ પુરાણોમાં ભગવાનને ઓળખવાની રીત તો છે જ. છતાં તે ભગવાનને ઓળખી ન શક્યો પણ ભગવાનને ઓળખવા ભગવાનના સંત મુક્તભક્ત મળે અને તેમાં વિશ્વાસ રાખી ભગવાનનાં શરણમાં પડે તો ભગવાન તેના સર્વે ઐશ્વર્ય, ચિન્હો બતાવે છે અને તેની સર્વ કામનાઓ પૂરી કરે છે.

ભગવાનની ઓળખાણ તો તેના સંત થકી જ થાય છે. આગળના શાસ્ત્રમાં જૂઓ તો ભગવાન સંત થકી ઓળખાયા છે માટે પ્રગટને ઓળખવા અને ભજવા. તે સર્વ જન્મના પૂણ્યનું ફળ પ્રગટ ભગવાન, પ્રગટના સંત, પ્રગટના મુક્ત ભક્તનો મેળાપ તે છે અને આવા સંત, ભક્ત આપણને ભગવાન ભેગું રહેવાય એવું જ્ઞાન ભક્તિ બતાવે છે. બીજા તો ધર્મમાં વર્તાવી સુખ અપાવે દુઃખ મટાડે. માન, સન્માન, મોટપ આપે અપાવે. તે સર્વ માયાના ગુણો છે પણ પ્રગટના તો માયાથી પાર લઈ જાય બ્રહ્મરૂપ બનાવી પરબ્રહ્મને ભેટાવે આટલો પ્રગટ અને પરોક્ષનો ભેદ છે.

પ્રત્યક્ષ ભગવાન આ મૂર્તિ અને ધામમાં રહેલ મૂર્તિમાં અનુમાત્ર ફેર નથી માટે ભગવાન હરહંમેશ પરમધામમાં બિરાજે છે માટે અત્યારે પ્રત્યક્ષ ભગવાન શ્રીહરિ શરણાગતિ મંડળમાં જ્યાં પ્રગટ ભગવાનનો સત્સંગ થાય છે ત્યાં પ્રગટ ભગવાનની મૂર્તિ પધરાવી છે ત્યાં અને જે ભક્ત અખંડ ભગવાનને ધારીને રહ્યા છે તે સર્વ સ્થાન મધ્ય છે. જેણે પોતાના આત્મામાં પ્રત્યક્ષ ભગવાનને બિરાજીત કર્યા છે પ્રત્યક્ષ ભગવાનને ધારીને રહ્યા છે તેને માટે સત્યુગ વર્તે છે માટે તે સમય અને તે દેશ શુભ જ છે. જેથી ભગવાન તેની સાથે છે સદા શાંતિમાં વર્તે છે અને બીજાને પણ શાંતિ આપે છે. પ્રત્યક્ષ ભગવાન એવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ નારાયણ પ્રભુ અને પરમધામમાં બિરાજે છે તે આ એક જ છે. તેમાં અણુમાત્ર ફેર નથી આમ સમજી સેવા-ભક્તિ કર્યા કરે તો તે મોક્ષમાં જ પરમધામમાં જ છે.

પ્રગટ ભગવાન શાસ્ત્રીજી મહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સિવાય બીજું કાંઈ જોઈતું નથી. તેઓના હૃદયમાં એક પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ એક જ બિરાજીત છે. આવા સંતો ભક્તોના દર્શન કર્યા તેનો અવાજ સાંભળ્યો તેના ગુણ ગાયા તેના હાથે પ્રસાદ જમ્યા કે કોઈ જગ્યાએ તેના ગુણ સેવા સાંભળવામાં આવી તેના ભાગ્યનો પાર નથી. અપાર ભાગ્યવાળા થઈને આ જન્મમાં શરણાગતિ લે તો આ જન્મ છેલ્લો થઈ જાય. અન્યથા બીજા જન્મમાં શરણાગતિ યોગને પામી સેવાવાળો થાય છે અને મોક્ષનો અધિકારી થાય છે.

પ્રગટ ભગવાનના સંત ભક્તનો યોગ કે તેની ક્રિયા સેવા સમર્પણ કે ગુણ જીવનમાં આવ્યો તેનું કલ્યાણ જરૂર થાય છે. એવા લાભાન્વિત જીવોનું અકલ્યાણ થતું જ નથી. સમયોચિત મનુષ્યજન્મ પામીને આવા સંતો, ભક્તોના યોગરૂપી પૂણ્ય વડે અનાદિ શ્રીકૃષ્ણનારાયણ ભગવાનની શરણાગતિ વડે સેવાવાળો થાય છે. અંતે તે પરમધામમાં જવાનો અધિકારી થાય છે.

પ્રગટ ભગવાનનાં કથામૃતરૂપી બ્રહ્મરસપાન જેણે જેણે કર્યું છે તેના કાન, મન, હૃદય અને આત્મા પવિત્ર થયા છે. જેણે આ ભક્તો અને સભાના દર્શન પ્રત્યક્ષ કે ઈન્ટરનેટના માધ્યમથી કર્યા છે તેની આંખ પવિત્ર થઈ છે. આ પવિત્રતાએ એ જીવાત્માના અનંતકોટિ જન્મના પૂણ્ય ઉદય થયા છે અને જે પ્રગટ ભગવાનના શરણે આવ્યા કે આવશે તેના આ જન્મે જ પરમ કલ્યાણ છે અને જે જે ગુણગ્રાહી થયા છે. તેને ભક્તિ ઉદય થયે પ્રગટના થઈ જન્મ-મરણના દુઃખથી મુકાશે. એ પ્રગટ ભગવાનના વચને નક્કી છે.

આ કથામાં સત્સંગમાં પ્રગટ ઉપાસના, પ્રગટ ભક્તિ, પ્રગટ સેવા, સંસારમાં રહીને આત્મનિવેદી ભક્તિ (અંબરિશ રાજાની જેમ) સંસારમાં રહી વૈદેહીપણું (જનક રાજાની જેમ) એકનિષ્ઠા (સંત તુલસીદાસ) હનુમાનજીના જેવી ટેક, લક્ષ્મીજીના જેવી પતિવ્રતાપણું અને અક્ષરના જેવું આત્મા પરમાત્મામાં લયપણું આવું સર્વપ્રકારનું જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય અને મોક્ષ રૂપી આ જ્ઞાન, સેવા, ભક્તિ આત્માનું પરમકલ્યાણ વાળી આ કથા છે. ઉપર કહ્યા મુજબ સર્વપ્રકારનું જ્ઞાન આ પ્રગટપિયુષમાં છે અને આ જ આપણે સૌને આ પ્રાપ્ત થયું છે જે આપણાં અહોભાગ્ય છે. માટે આ સત્સંગની સેવા, ઉપાસના અને અનુસંધાન રાખી આ જન્મમાં જ ભક્તિ, સેવા, ઉપાસના કરી લેવા અને આ જન્મને સાર્થક કરવો. પોતાનું પરમકલ્યાણ મોક્ષ સાધી લેવું એજ પ્રથમ કર્તવ્ય છે જેણે પોતાનું મોક્ષ રૂપી ફળ પ્રાપ્ત કર્યું તેના

કુટુંબ પોતાના હિતેચ્છુઓનો મોક્ષ જરૂર થવાનો જ છે અને જેણે બીજાના કલ્યાણની ભાવના રાખી તેના ભેળાં પ્રગટ ભગવાન છે.

પ્રગટ ભગવાનને રાજી કરવા એજ આ જન્મનું સાર્થકપણું છે, આપણો આ જન્મ છેલ્લો છે માટે આ લોકની માયામાં ન ગુંચવાઈ રહેવું. બને તેટલી ભક્તિ કરી લેવી. કોઈનું અહિત ન થાય તેવું આચરણ કરીને નવા કર્મ ન બાંધવા જેથી એ કર્મ ભોગવવા ફરી જન્મ-મરણ લેવા પડે માટે કોઈ આપણું અહિત કે નુકસાન કરે તો પણ એના પર દયા દાખવી રાજી રહેવું અને ભગવાન જે કરતા હશે તે સારું જ કરતા હોય એમ જ્ઞાને કરી આનંદ માનવો અને પ્રગટ ભગવાનનું સ્મરણ-ધ્યાન-ભજન કર્યા કરવું. જેથી ભગવાન અને સંતો રાજી થાય અને ભગવાનના ગુણ ગાયા કરવા માટે પ્રગટના જે ભક્તોએ ભગવાનને રાજી કર્યા છે તે ભક્તોની સેવા, સમજણ અને બલિદાનો સંભારવા અને ભગવાને તે ભક્તોની રક્ષા કરી છે તેની કથાઓ કરવી અને ગુણાનુવાદ ગાવા પણ અવગુણો તો ક્યારેય ન ગાવા. આવી સમજણે ભક્તિ કર્યા કરવી જેથી ભગવાન અને ભગવાનનાં સંત રાજી થાય અને ધીમે ધારે સેવાઓ તો કર્યા જ કરવી. તેમાં ક્યારેય થાકવું નહીં અને થાક્યા તે સંતનો ઓથ લઈને સમજણને વધારીને ભગવાનને રાજી કરવા સેવાઓ કર્યા જ કરવી. મુક્ત સ્થિતિએ વર્તવા શીખવું. મહારાજ કહે છે કે, થાક્યા તે મુક્ત ભક્ત ન કહેવાય. હારીને રાજી થવું પણ પોતાના મનનું ધાર્યું તો ન જ કરવું. ભગવાન અને ભગવાનના સંતોના ગુણ ગાવાથી જે આત્મામાં શાંતિ અને આનંદ જે મળે છે તે દિવ્ય છે તેને કોઈ ચોર-લૂંટારા લૂંટી શકતા નથી અને તે વધાર્યા વધે છે અને ભગવાન અને સંતો રાજી થાય છે તે રાજીપાથી તે ભક્તમાં ભગવાનના ગુણ આવીને વસે છે અને ભગવાન તેના હૃદયમાં વાસ કરે છે. તે મુક્ત ભક્તમાં ગણાય છે.

આ જીવને સત્સંગનો ઢાળો પડી જાય તો અનંત જન્મના ગૂચવાળા ઉકલી જાય અને મોક્ષમાં જવાનો અધિકારી થઈ જાય અને સાચા સુખનો ભાગીદાર થઈ બીજાને સુખીયા કરનારો થાય. સાચું સુખ સત્ય એવા ભગવાન સત્ય એવા સંતનો ભાગીદાર થાય છે. સત્યમેવ જયતે તેનો સદા વિજય થાય છે. જન્મ-મરણના દુઃખ પર વિજય માટે આ જન્મમાં જેટલું દુઃખ, જેટલી ઉપાધી, જેટલું અપમાન છે, તે આ જન્મ પૂરતું જ જાણી દયાળુ એવા પ્રગટ ભગવાનની શરણાગતિના સાચા શરણાગત થઈને ભગવાનના ચરણમાં રહી આ જન્મને પૂર્ણ કરી ધામમાં જવાનો અને ધામમાં ભગવાનની સેવામાં રહેવું છે તેવું તાન રાખી

ભક્તિ, સેવા, ઉપાસના અને સત્સંગ કર્યા જ કરવા અને કાળને માથે પગ દઈને ધામમાં જવું એ જ આપણું લક્ષ્ય હોવું જોઈએ.

આ સમજણ તે સમજ્યે જ છૂટકો છે તે આ જ સમજાય તોય ભલે આ જન્મે સમજાય તોય ભલે, સો જન્મે સમજાય તોય ભલે, જ્યારે સમજ્યા ત્યારે પરિપૂર્ણ પુરુષોત્તમ નારાયણ અનાદિ શ્રીકૃષ્ણનારાયણના ધામમાં અને અનાદિ શ્રીકૃષ્ણ નારાયણના ચરણોમાં રહેવાની લાયકાત વાળા થવાશે માટે પ્રગટ ભગવાન અને પ્રગટ ભગવાનના સંતો, ભક્તોને રાજી કરવાવાળી સેવા ભક્તિ અને સમજણ કરી લેવા. પોતાની સ્થિતિને, સ્વયંને અને પ્રગટ ભગવાનને અને પ્રગટના સંતોને ઓળખી સત્ય એવી સેવા સત્ય એવો રાજીપો સત્ય એવી સમજણ કરી લેવી. આ જગતમાં બધુંય સત્ય છે, પરંતુ જ્યારે સાચા ભગવાન, સાચા સંત અને સાચો સત્સંગ સમજાય જાય છે ત્યારે જગતને અને ભગવાનની માયાને અસત્ય જાણી સત્ય એવા ભગવાનમાં અને ભગવાનના સંતમાં જીવ જોડવો તે જ ખરેખર પૂર્ણ સત્ય છે.

માટે મહારાજ લખે છે કે, ભગવાન ભજવામાં જે આડું આવે તેને માયા જાણવી. પછી તે ભલે પુત્ર, પરિવાર, સંપત્તિ, વ્રત, નિયમ કે પોતાનું મન, શરીર, બુદ્ધિ કે પ્રિયજન તે સઘળી માયા જ છે. જ્યારે ભગવાન પોતે પ્રગટ થયા હોય તેના સંતો ભૂમંડળમાં વિચરતા હોય અને આ જીવનો મનુષ્ય જન્મ હોય ત્યારે તેને ઓળખી ભજી લેવા, રાજી કરી લેવા, આ જન્મને છેલ્લો જન્મ કરી લેવો તે જ સારમાં સાર છે. બધાં શાસ્ત્રો એમ જ કહે છે કે મનુષ્યરૂપમાં પ્રગટ થયેલા ભગવાનને ઓળખી આ જન્મને છેલ્લો જન્મ કરી લેવો. અહંમ, મમતા, રાગ, દ્વેષ, કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકારમાં ન બંધાઈને નિષ્કામ થઈ નિર્મોહી થઈ ભગવાન ઓળખી સેવા-ભક્તિ કરી આ મનુષ્ય જન્મને સાર્થક કરી લેવો ફરી આવો સમય ક્યારે મળે. ભગવાન પ્રગટ થયા હોય, સંત વિચરતા હોય અને આપણો મનુષ્ય જન્મ હોય આ બધો યોગ તે આપણું ભાગ્ય પૂર્વની ભક્તિ અને પૂર્વજોના આશિર્વાદ તે લેખે લગાડી લેવા.



**પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણ, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ**

**જન્મ પ્રાગટ્ય તા. ૨૧-૧૦-૧૯૦૫ ● પરમધામ ગમન તા. ૨૮-૨-૧૯૮૬**

૧૨ વર્ષ, ૦૫ માસ, ૦૩ દિવસ : પ્રગટ શ્રીહરિ બાલકૃષ્ણ પ્રભુ અનેક દિવ્ય એવી બાળલીલા કરતા કુમકુમવાપીમાં વિચર્યા. છ છ ગુજરાતી ભણી લીધી હતી.

૦૬-વર્ષ, ૦૩-માસ, ૨૬-દિવસ : જેતપુર, જૂનાગઢ, વડોદરા, વડતાલ આદિ સ્થળોએ વિચર્યા અનેક ભક્તોને દિવ્ય દર્શન, ચમત્કાર આપ્યાં, સંસ્કૃત અભ્યાસ ચાલુ હતો.

૧૫-વર્ષ, ૦૯-માસ, ૧૪-દિવસ : કાશીમાં ભણ્યા સમગ્ર વિશ્વમાં શાસ્ત્રો રચ્યા, મૂર્તિ પ્રતિષ્ઠાઓ, મહોત્સવો કર્યા, જાહેર વ્યાખ્યાનો આપી બધાને મંત્રમુગ્ધ કર્યા.

૦૩-વર્ષ, ૦૨-માસ, ૨૪-દિવસ : જેતપુર રહ્યા, દેશોમાં તિર્થોમાં ફરી જાહેર કથાઓ, સપ્તાહ પારાયણો કરી અનેક જીવાત્માઓને કંઠી બાંધી શરણાગત કર્યા.

૦૨-વર્ષ, ૦૦-માસ, ૦૦-દિવસ : જૂનાગઢ દેશમાં વિચરણ કર્યું, સર્વ તિર્થોમાં ફર્યા.

૦૬-વર્ષ, ૦૭-માસ, ૨૦-દિવસ : જામનગર રહી મંદિરનો જિર્ણોદ્ધાર કર્યો, સભા મંડપના પાયા નંખાવ્યા, ઉતારાના મકાનોનું કામકાજ પૂર્ણ કર્યું, પારાયણ કથાઓ કરી ગામડે ગામડે ફરી સત્સંગ કરાવ્યો, અનેક શરણાગત ભક્તોને સુખી કર્યા.

૦૧-વર્ષ, ૧૧-માસ, ૧૬-દિવસ : રાજકોટ મંદિર પૂરું કરી મૂર્તિ પ્રતિષ્ઠાઓ કરી, યજ્ઞ-કથા પારાયણો કરી ભક્તોને દિવ્ય સુખ આપ્યા.

૦૯-વર્ષ, ૦૭-માસ, ૦૯-દિવસ : જામનગર રહી સભા મંડપ, પ્રદક્ષિણાઓ, ઉતારા મકાનોના કામકાજ પૂરા કરાવ્યા, દેશ-પરદેશે ભક્તોને અખંડ સુખ આપ્યા.

૦૧-વર્ષ, ૦૮-માસ, ૦૬-દિવસ : જામવંથલી રહ્યા, મંદિરમાં સપ્તાહ કથાઓ, સભાઓ કરી, ફુલવાડી મંદિરમાં મંદિર મકાનનું કામકાજ કરાવી નિજ સેવકોના મનોરથ પૂર્યા.

૨૧-વર્ષ, ૦૯-માસ, ૦૯-દિવસ : જૂનાગઢ મંદિરનું પ્રમુખપદ સ્વીકારી ગુણાતિતાનંદ સ્વામી સભામંડપના જિર્ણોદ્ધાર માટે દેશ-પરદેશમાં વિચરી કથાઓ કરી, ફાળો એકઠો કરી કામ કરાવ્યા, અસંખ્ય જીવોનો ઉદ્ધાર કર્યો, ૧૫૦ વર્ષનો પાટોત્સવ તથા ગુણાતિત દ્વી-શતાબ્દિ મહોત્સવ કરાવ્યો, શરણાગતિ ભક્તો પર અઢળક ઢળી અપાર સુખ આપ્યાં.

**કુલ : ૮૧- વર્ષ, ૪- માસ, ૯- દિવસ : ટોટલ દિવસ- ૨૯૭૨૨**

પરચા નં.
૨.

# અનાદિ મહામુક્તરાજ પુજ્ય શ્રી હેમંતભગત

## ગામ : જૂનાગઢધામ

**જૂનાગઢ** સ્વામિનારાયણ મંદિરમાં મહારાજ હતા ત્યારે હેમંતભગતના બાપુજી નાનજીભાઈ કાચાનું કુટુંબ જૂનાગઢ હોવાથી દરરોજ મહારાજના દર્શન કરવા આવતું. સમય જતાં આ નાનજીભાઈ કાચા તે કુટુંબ સાથે જેતપુરમાં વસ્યા હતા. તેના કુટુંબમાં બે ભાઈ અને પાંચ બેનો હતી. એક વખત રાધા-રમણ દેવના મંદિરમાં તેઓ દર્શન કરતાં હતા ત્યારે મહારાજ મંદિરમાં પધાર્યા અને હેમંતભગતને માથે હાથ મૂક્યો ત્યારે હેમંતભગતને મહારાજની મૂર્તિમાં અતિશય દિવ્ય પ્રકાશ દેખાયો પણ બાળ અવસ્થા હોવાથી ભયભીત થઈ ગયા. પછી ઘરે પહોંચ્યા ને માતા-પિતાને વાત કરી કે આ રૂપાળા સ્વામીમાં અતિશય તેજ નીકળ્યું અને ત્યાં પ્રકાશપુંજ પથરાઈ ગયો. આ વાત જાણી માતા-પિતા, ભાઈ-બેન બહુ રાજી થયા અને નક્કી થયું કે આ સ્વામી કોઈ મોટા ચમત્કારી પુરુષ છે. પછી થોડો સમય પસાર થયો ત્યાં હેમંતભગત કહે,મારે એ સ્વામી પાસે જાવું છે અને સ્વામી ભેગાં રહેવું છે.

બાળકરૂપમાં રહેલા હેમંતભગતની વાતને માતા-પિતાએ ધ્યાન ન આપ્યું. સમય જતાં હેમંતભગત અવારનવાર કહેતા મારે એ સ્વામી પાસે જવું છે. સ્વામી ભેગું રહેવું છે. તેમની સેવા કરવી છે. આમ અવારનવાર હેમંતભગત કહેતા. સમય જતાં હેમંતભગતના પિતાશ્રી નાનજીભગતનો અક્ષરવાસ થયો. હવે કુટુંબમાં મોટાભાઈ ભગવાનજીભાઈ અને પાંચ બેનો અને તેના માતુશ્રી હતાં. આ બાજુ હેમંતભગત સાધુ થવાની વાતો કરતા રહ્યા. ત્યારે મોટાબેન પાર્વતી બેને માતાજીને કહ્યું કે, ભાઈ સાધુ થવાની વાતો કરે છે તો જાવા દોને નહીં ગમે તો પાછો આવશે પણ હાલમાં એના દિલને દુભાવો નહીં.

એકવાર મહારાજ જૂનાગઢથી જેતપુર આવ્યા એટલે ત્યાં આ પરિવારે પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીની સેવામાં આ હેમંતભગતને સોંપ્યા. પછી તો હેમંતભગત મહારાજની ઝીણવટભરી સેવા કરી રાજી કરવા લાગ્યા. આ હેમંતભગત મહારાજના પાર્ષદ તરીકે રહેવા લાગ્યા. આ બાજુ ભગવાનજીભગત અને તેની બેનો દરરોજ જૂનાગઢ મંદિરમાં મહારાજના દર્શન કરવા આવતા અને ભાવથી સેવા ભક્તિ કરતાં. મહારાજ જૂનાગઢ, જેતપુર, જામનગર, રાજકોટ જ્યાં જ્યાં રહેવા જતાં ત્યાં ત્યાં આ કુટુંબ પણ રહેવા જતું. આ કુટુંબ મહારાજનું ભાગવત કુટુંબ હતું અને જ્યાં જ્યાં મહારાજ જતા ત્યાં ત્યાં

ભગવાનજીભગતને પણ કામ મળી જતું.

હેમંતભગતના કુટુંબમાં બે ભાઈઓ અને પાંચ બેનો હતી. તેમાં મોટા પાર્વતીબેન, ભગવાનજીભાઈ, પ્રભાબેન, મંજુલાબેન,હંસાબેન, હેમંતભગત અને સગૂણાબેન હતા. તેમાં હેમંતભગત મહારાજની સાથે પાર્ષદરૂપે અને ભગવાનજીભાઈ સંસારમાં સન્યાસી જીવન વિતાવતા. તેના મોટાબેન પાર્વતીબેન અને પ્રભાબેન પણ સંસારમાં રહી સન્યાસી જીવન જીવતા અને બીજા ત્રણ બેનોનાં લગ્ન થયેલા. આ ત્રણે બેનો સંસારમાં રહી પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની સેવા-ભક્તિ કરે છે.

મહારાજે શ્રી લક્ષ્મીનારાયણ સંહિતામાં બીજા ભાગમાં ૧૦૦માં અધ્યાયમાં આ કુટુંબની કથા લખી છે કે, પૂર્વે વિશ્વકર્માજીના દ્વારે સૂર્યનારાયણ પધાર્યા. એ સૂર્યનારાયણની તેજસ્વીતાને જોઈ તેમના મનમાં સંકલ્પ થયો કે આવા તેજસ્વી મારે પુત્ર હોય તો સારું. ત્યાં અંતર્યામી સૂર્યનારાયણે તથાસ્તુ કહી વિશ્વકર્માની સેવા સ્વીકારી. સમય જતાં આ યુગમાં વર્તમાન સમયમાં હેમંતભગતના દાદા અને નાનજીબાપાના પિતાશ્રી તે વિશ્વકર્માનો અવતાર હતા અને હેમંતભગતના પિતાશ્રી નાનજીબાપા તે સૂર્યનારાયણનો અવતાર છે હતા. એ સૂર્યનારાયણ રૂપી નાનજીભગતને પુત્ર ભગવાનજીભાઈ અને હેમંતભગત તે પરમધામના અનાદિ શ્રી કૃષ્ણનારાયણના હજુરી સેવક એવા મુખ્ય બે પાર્ષદો છે અને તેના મોટાબેન પાર્વતીબેન અને પ્રભાબેન તે રાધા અને લક્ષ્મીનો અવતાર છે. એમ આ દિવ્ય કુટુંબ છે.

ભગવાન જ્યારે જ્યારે જ્યાં જ્યાં અવતાર ધારણ કરે છે ત્યાં ત્યાં આવા ભક્તો, લક્ષ્મીઓ ભગવાનની સેવા કરવા મહારાજના અંગરૂપ પ્રગટ થાય છે અને ભગવાનની સેવા કરી ભગવાનને રાજી કરે છે. સાથે સાથે અનેક ભક્તોના પરમ કલ્યાણ કરે છે અને મોક્ષ માર્ગ સરળ કરે છે. આમ હળવા પૂન્યે હરી ન મળે તેમ પૂર્વની અનંત ભક્તિ હોય અને પૂર્વના ભગવાનને પામવાના સંકલ્પ હોય ત્યારે ભગવાનની કૃપાએ આવા ભક્તિવાળા પરિવારમાં જન્મ પ્રાપ્ત થાય છે. વિચાર કરો,યોગાનુંયોગ જ્યાં જ્યાં મહારાજ ગયા ત્યાં ત્યાં આ કુટુંબ પણ ભેળું ને ભળું ગયું છે. આમ આ કુટુંબનો યોગ જેણે જેણે થયો છે તેનું તેનું પરમ કલ્યાણ થયું છે અને જેણે જેણે તેમનામાં વિશ્વાસ કર્યો છે તેમના મોક્ષ નક્કી છે. કારણ કે, ભગવાન અને ભગવાનના સંત કલ્યાણકારી જ છે. આમ ભગવાનના ભક્તો સેવા ભક્તિ વડે ભગવાનના સુખે સુખિયા રહે છે અને નિર્લેપ રહી ભક્તિની પરાકાષ્ઠા વાળા થઈ

સમયે સમયે જે જે ગુણો ગ્રહણ કરે છે તેના પરમકલ્યાણ આત્યતિક મોક્ષ થાય છે.

ધોરાજીમાં જ્યારે ભગવાનજીભગત રહેતા હતા ત્યારે મહારાજ એક મોટા યોગીનો વેષ ધરી આ હેમંતભગતના ઘરે ગયા હતાં. ત્યાં જઈ ભીક્ષા આપવા કહ્યું ત્યારે ભગવાનજીભગત કહે, પૈસા નથી પણ જમવું હોય તો બેસો. ત્યારે મહારાજે કહ્યું કે, બહુ સારું. મારે સ્નાન કરવું છે. ભગવાનજીભગતે યોગીને ન્હાવા માટે પાણીની ટાંકીની પાસે બેસાડ્યા અને ભગવાનજીભગત પાણીના ડબલા રેડતા જાય ને મહારાજ (યોગી) ન્હાતા જાય. એમ કરતાં પાણીની ટાંકી ખાલી થઈ ગઈ ત્યારે ભાન થયું કે પાણીની ટાંકી ખાલી થઈ ગઈ છે. ત્યાં રસોડામાં પાર્વતીબેન રસોઈ બનાવતા હતા અને ભગવાનજીભાઈ અને મહારાજ (યોગી) ઓસરીમાં બેઠા. યોગી કહે, કુછ પઢના આતા હૈ. ભગવાનજીભગત કહે, હા આતા હે. એટલે ભગવાનજીભાઈ ભાગવત શાસ્ત્ર વાંચવા લાગ્યા. મહારાજ (યોગી) કહે,અરે સુગંધ બહોત અચ્છા આતા હૈ રસોઈ ઘરમેં શીરા બનાતા હૈ, શીરે મેં ઘી અચ્છે સે ડાલના. આ સાંભળીને ભગવાનજીભગત કહે, અરે યોગીજી આપકો ક્યાં હૈ. જો મીલે વો ખા લેના.

પાર્વતીબેન રસોઈ કરતાં કરતાં મનમાં સંકલ્પ કરતાં હતા કે, આ મહારાજ તો નહીં હોયને ? તે આમ ભગવાન લીલા કરતા હશે.આમ વિચાર કરતા કરતા પાર્વતીબેને સંકલ્પ કર્યો કે, જો મહારાજ હશે તો મારી સામે જોઈને મંદ હાસ્ય કરશે અને આંખનું મટકું મારશે. પછી યોગીએ તેમજ કર્યું. એટલે નક્કી થયું કે, આ મહારાજ જ છે. પછી ભગવાનજીભગત પણ જાણી ગયાં કે, નક્કી આ મહારાજ જ હશે. ભગવાનજીભગત અર્ધી હિન્દી ને ગુજરાતીમાં બોલી રમુજ કરતા હતા. મહારાજ પણ રમુજ કરતા હતા.

ભગવાનજીભગતના ઘરમાં એક ચંપાનું ઝાડ હતું. એક રૂમમાં લોટ દળવાની ચક્કી હતી. એક વખત કાંઈ કામકાજ અર્થે આ ચંપાનું ઝાડ આડું આવતું હતું ત્યાં ઘરે આવેલ એક માણસ કહે, આ ચંપાને કાપી નાખીએ એટલે અહીં જગ્યા થઈ જાય. ત્યાં ભગવાનજીભગત કહે, ચંપો કાપવો જ છે તો જા કાપી નાખ. તે જયાં કુહાડો લઈ ચંપા ઉપર ઘા મારવા જાય ત્યાં ચંપામાંથી 'જય શ્વેતાયન ...જય શ્વેતાયન...' એમ અવાજ આવવા લાગ્યો. તેથી એ ચંપાને કાપવામાં ન આવ્યો.

એક વખત જામનગરમાં મહારાજ બિરાજમાન હતા. ત્યારે મધ્યાહ્ન સમયે મહારાજે હેમંતભગતને પાણીનો કળશ લઈ ભેગાં ચાલવા કહ્યું, ત્યારે ટાંગાગાડીઓ હતી. તેમાં

મહારાજ ને હેમંતભગત દૂર જંગલમાં ગયા અને એક ટેકરા ઉપર ટાંગાને ઊભો રાખ્યો અને મહારાજે પાણીનો કળશિયો લઈ ચારે દિશામાં પાણીની અંજલી નાખી તો જમીનમાંથી ધૂમાડા નીકળી નીકળીને આકાશમાં જવા લાગ્યા. આ કાર્ય પૂર્ણ થયું પછી મંદિરે આવ્યા. ત્યારે હેમંતભગતે મહારાજને પૂછ્યું કે, ત્યાં શું હતું. મહારાજે કહ્યું, પૂર્વે અહીં બ્રાહ્મણો આકાશમાર્ગે ગમન કરનારા રહેતા હતા. રાજાનું દાન સ્વીકારવાથી તેની ગતિમાં ફરક પડ્યો એટલે હુંસાતુંસીમાં અંદરો અંદર લડ્યા અને ત્યાં મરાયા માટે આજે તેમનો ઉદ્ધાર કરવા આપણે ગયા હતા.

એક વખત છગતભગત માસ્તર નાની ઉંમરે બહુ જ બીમાર હોવાથી જામનગર મહારાજ પાસે આવ્યા. મહારાજે તેમને પોતાની પાસે રાખ્યા. ત્યારે મહારાજની આજ્ઞા પ્રમાણે આ હેમંતભગત છગનભગતની ટેલચાકરી કરતા હતા. છગનભગત એક માસમાં સાજા થયા. આમ મહારાજની આજ્ઞા પ્રમાણે મહારાજના સેવકોની સેવા કરતા ને મહારાજને રાજી કરતા. મહારાજ વંથલી પધાર્યા ત્યારે હેમંતભગત પણ સાથે હતા અને સૌ વ્હાલા ભક્તોની સાથે રહી સેવાભક્તિ કરતા.

મહારાજે જામવંથલીમાં ઘરે ઘરે, ખેતરે ખેતરે, ચોરે-ચૌટે, ગલીઓમાં વિચરીને જામવંથલીની ભૂમિને પાવન કરી છે. જામવંથલીમાં મહારાજે અનેક પરચાઓ આપ્યા છે. અનેકના દુઃખ ટાળ્યા છે, દર્શન આપ્યા છે અને જામવંથલીના ભક્તોએ પણ મહારાજને રાજી કરવા સર્વસ્વ ચરણે ધરી ભગવાનને હૃદયમાં હૈયાના હાર કરી બેસાડ્યા છે. સામે મહારાજ પણ અઢળક ઢળ્યા છે એટલે મહારાજ કહેતા કે, હું જામવંથલીનો ને જામવંથલી મારું. આમ ભગવાન અને ભક્ત એકમેક રસબસ હતા. જામવંથલીમાં વ્હાલો અઢળક ઢળિયા રે લોલ, કૃપા વરસાવી રે અપાર ને અપાર રે ભીંજાણા સૌ નર ને નાર, આજ વ્હાલો અઢળક ઢળિયા રે લોલ... જામવંથલીનો મહિમા અને જામવંથલીની કથા તો અપરંપાર છે, અપાર છે. જો આ જામવંથલીની દિવ્ય ભૂમિની દિવ્ય કથા સાંભળવામાં આવે તો તેને આ સંસાર ખારો કાદવ લાગવા માંડે. એવી આ વાત છે, એવા આ ભગવાન છે, અને એવા આ મુકત ભક્તો છે.

મહારાજ જામનગર બીરાજતા એટલે આ જામવંથલીના ભક્તો જામનગર મંદિરે ઘઉંની સેવા, મગફળીના ઓળા, અજમો, તલ, શાકભાજી તથા ગાયો માટે ચારાની સેવાઓ કરતા અને મંદિરે મહારાજના દર્શન કરી પ્રસાદ લેતા અને સમજણવાળા ભક્તો મહારાજની ચરણસેવા કરતા. એટલે આજુબાજુના ગામના અનેક દુખિયા લોકો મહારાજ પાસે આવતા

ને સૌના દુઃખ મટી જાતા ને મહારાજ પોતાની મૂર્તિમાં ઐશ્વર્ય પ્રતાપ વાપરી સૌ ભક્તોને પોતાનામાં ખેંચતા.

આ રીતે જામવંથલીના ભક્તો બહુ જ મહારાજને રાજી કરતા, આજ્ઞા પાળતા, સેવા કરતા, સત્સંગ કરતા, બીજા જીવને મહારાજ તરફ આંગળી ચીંધી મહારાજ પાસે મોકલતા. પછી તો મહારાજ જામવંથલીના ભક્તો પર ખુબજ રાજી હતા. જામવંથલીના ભક્તોની પ્રાર્થનાથી મહારાજ જામવંથલી આવ્યા. બે વર્ષ રોકાયા અને જામવંથલીમાં અનેક લીલાઓ કરી પછી મહારાજ જૂનાગઢ પધાર્યા.

જામવંથલીના આ યુવાન ભકતો હવે મોટા થઈ ગયા. સૌ મુંબઈ, પૂના, રાજકોટ, અમદાવાદ, નાસિક જઈ કડિયા કામ શિખવા લાગ્યા અને કારીગરો થઈ ગયા. કામેથી આવી દરરોજ સત્સંગ કરતા તેમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ભગવાન છે. તેવો સત્સંગ થતો અને સૌ મહારાજને ભગવાન તરીકે ઓળખવા લાગ્યા અને થોડી થોડી સેવા જે રોજેની રોજ ભેગી કરીને ડબરામાં સેવારૂપી ચિલર જ્યારે જૂનાગઢ મહારાજના દર્શન કરવા આવે ત્યારે લાવતા અને મહારાજના ચરણમાં મુકતા ત્યારે મહારાજ કહેતા, મારા શેઠિયાઓ આવ્યા. પછી ચિલરનો ડબ્બો ખખડાવીને બહુ જ રાજી થતા. ત્યારે હેમંતભગત મહારાજની સાથે જૂનાગઢમાં હતા અને ભક્તોનો આવો ભાવ અને મહારાજનું મુસ્કરાતું મુખ જોઈ હેમંતભગત બહુ જ રાજી થતા અને એ ભક્તોની સેવા કરતા. ભક્તો મહારાજની ચરણસેવા કરતા ત્યારે ઘણી વખત હેમંતભગત પણ તેમની સાથે મહારાજની સેવા કરતા. પછી તો ઈ.સ. ૧૯૭૫માં કુંકાવાવને પાદર મહારાજની મૂર્તિ પધરાવી એટલે મહારાજ બહુ જ રાજી થયા અને રાજી થઈ સૌ ભક્તોને વારાફરતી દરિયાપાર વિદેશ જાવા આશીર્વાદ આપતા અને વિદેશમાં રહીને ભક્તોએ જે મહારાજની આજ્ઞા પાળી છે તેનું વર્ણન કરવા કોઈ સમર્થ નથી. આમ વિદેશથી ભક્તો આવે ત્યારે મહારાજના દર્શન કરવા આવતા અને હેમંતભગત અને ભક્તો મળી મહારાજને સેવતા અને સૌ પોતપોતાને ધન્ય ધન્ય માનતા.

હેમંતભગતની મહારાજ પ્રત્યે એવી સેવા નિષ્ઠા હતી કે, મહારાજ જાગે તે પહેલાં હેમંતભગત જાગી જતા. સ્નાનવિધિ કરી મહારાજને માટે દાતણ તૈયાર રાખતા. મહારાજને સ્નાન કરવાનું પાણી સિઝન પ્રમાણે તૈયાર રાખતા. મહારાજ સ્નાન કરતા હોય ત્યારે મહારાજની પૂજાની સામગ્રી તૈયાર રાખતા. મહારાજ પૂજામાં બેસે એટલે મહારાજના વસ્ત્ર ધોઈ સૂકવી દેતાં. મહારાજને પૂજામાં ચા-દૂધ અર્પણ કરતા. મહારાજ પૂજા કરી લે એટલે

મહારાજને ઢાળિયે શાસ્ત્ર લેખનની જરૂરી સામગ્રી ગોઠવતા. મહારાજની પૂજાને વિરામ આપી સત્વરે ગોઠવી દેતા. દરરોજ મહારાજનો હાર ગૂંથીને મહારાજને પહેરાવતા. મહારાજને સવારે ચા-નાસ્તો તૈયાર કરીને જમાડતા. મહારાજ મંદિરમાં દર્શને જાય ત્યારે મહારાજની રૂમની સાફ સફાઈ હેમંતભગત કરી બધું સુવ્યવસ્થિત કરતા. મહારાજ દેવદર્શન કરી ગુણાતિતાનંદ સ્વામી સભાહોલમાં પધારતા. ત્યાં મહારાજ કથા વાંચતા અને હેમંતભગત મંદિર વાળતા, ફળિયું વાળતા અને સમય મળે તો મહારાજ કથા વાંચતા હોય તો ત્યાં માળા કરતા. મહારાજ કથા વાંચી ઉતારે આવી શાસ્ત્ર લખતા ત્યારે હેમંતભગત મહારાજની ચરણસેવા કરતા. જ્યારે કોઈ ભક્તો આવ્યા હોય ત્યારે તેઓ દરવાજે બેસી માળા કરતા. બપોરે મહારાજ જમીને થોડીવાર પોઢતા ત્યારે હેમંતભગત શાસ્ત્રનું વાંચન કરતા. બપોરના હેમંતભગતે ક્યારેય આરામ કર્યો નથી. મહારાજ ત્રણ વાગે જાગે એટલે હેમંતભગત ન્હાવાનું પાણી મૂકી આવતા. મહારાજ સ્નાન કરી આવે હેમંતભગત વસ્ત્ર નીચોવી સૂકવી દેતા.ઘણાં ભક્તોને કાંઈ મુંઝવણ હોય તો હેમંતભગત તેમને મદદરૂપ થતા. બજારમાં કાંઈ લેવા જવું હોય તો દોડીને જતા ને સાંજે મહારાજને જમાડી પછી જમતા. મહારાજને પોઢાડી પોતે મહારાજની ચરણસેવા, માથું, વાંસો, પગની પિંડી દાબતા. મહારાજ પોઢી જાય પછી પોતે મહારાજની માળા કરતાં કરતાં પોઢતા ને વહેલી સવારે સાડા ત્રણ વાગે પોતે જાગી જતાં. આમ આપણે જે માનસીપૂજા કરીએ છીએ તે હેમંતભગત પ્રત્યક્ષ પૂજા કરતા સાથે સાથે ભક્તોની સેવા કરતાં. ભક્તોને ઉતારા, જમવાનું, આસન, સાધન સામગ્રીની વ્યવસ્થા કરતાં અને ભક્તો સંગાથે મહારાજની ચરણસેવા પણ કરતા, આમ તેમનો આખો દિવસ મહારાજની સેવામાં પસાર થતો હતો.

ઘણી વખત મહારાજની આજ્ઞાથી હેમંતભગત ગામડાં ફરવા જતાં તો ત્યાં પ્રગટ ભગવાનનો સત્સંગ કરતાં. ભગવાનને રાજી કરવાની રીતો સમજાવતા. ભક્તોના દુઃખની પ્રાર્થના મહારાજને કહેતા અને મહારાજ આશીર્વાદ આપતા. ભક્તોના દુઃખ મહારાજ હરતા અને ભક્તો મહારાજને વધારે વધારે ઓળખતાં. આમ હેમંતભગત શાસ્ત્રના સિદ્ધાંત પ્રમાણે મહારાજ અને મહારાજના ભક્તોને રાજી કરતા. આમ સમય પસાર થતો ગયો અને મહારાજે ભક્તોને દિક્ષા આપી અને શરણાગતિ આપીને શ્રીહરિ શરણાગતિ મંડળની રચના કરી પોતાના સંસારી ભક્તોને સંત દિક્ષા આપી જગતના કલ્યાણ કરવા સભા, સત્સંગ કરવા સભૈયાઓ ઉત્સવો કરવા આજ્ઞા આપી. જે આજે એક મોટું વટવૃક્ષ થઈ ગયું છે.

ભક્તોના સમૂહોને જોઈ જોઈ હેમંતભગત બહુ રાજી થતા. કોઈ નવા ભક્તો થયા હોય તો એ ભક્તોને બહુ વ્હાલ કરતા અને મહારાજનો રાજીપો અપાવતા અને ભક્તો ઉપર મહારાજ રાજી થતા જોઈને હેમંતભગત બહુ જ રાજી થતા. નવા ભક્તને કહેતા કે, તમે બહુ ભાગ્યશાળી છો આ પ્રગટ ભગવાનને તમે ઓળખી લીધા, ધન્ય છે, ભક્તોને ધન્ય છે. આજે પ્રગટ ભગવાનની સ્હેજે સ્હેજે ઓળખાણ થાય છે નહીં તો આગળ તપ કરી રાફડા થઈ જાય તોય ભગવાન ન મળતા, ધન્ય છે આ શરણાગતિ મંડળને.

મહારાજને જયારે ધામમાં જવાનો સમય આવ્યો ત્યારે હેમંતભગત બાજુમાં હશે તો મહારાજને સ્વધામ સિધાવવામાં હેમંતભગત દુ:ખી થાય અને તેને મારો વિરહ સહન નહીં થાય અને મને ધામમાં જવામાં રૂકાવટ આવે માટે મહારાજે એવી લીલા કરી કે, હેમંતભગત માળીયામાંથી ડબ્બો લેવા ટેબલ ઉપર ચઢ્યા અને એ ટેબલ નમ્યું ને હેમંતભગત પડી ગયા એટલે પગમાં ફ્રેકચર થયું. ફ્રેકચરનો દોઢ મહિનાનું પ્લાસ્ટર આવ્યું તેથી આ વાત ધીરે ધીરે આખાય મંડળમાં પહોંચી એટલે એક પછી એક ભક્તો હેમંતભગતની ખબરઅંતર પૂછવા જુનાગઢ આવવા લાગ્યા. હેમંતભગતની ખબર અંતરના બહાને મહારાજના દર્શન થશે, સેવા થશે આવી ઈચ્છાથી લગભગ બધાય ભક્તોએ જૂનાગઢ આવીને ભગતના ખબરઅંતર પૂછ્યા સાથે સાથે મહારાજના પણ દર્શન થયા, સેવા થઈ. આમ મહારાજે છેલ્લા દર્શન બધાય ભક્તોને આપવા આ હેમંતભગતને નિમિત્ત બનાવ્યા. હેમંતભગતને આખાય મંડળમાં સૌ ભક્તો સાથે પ્રેમભર્યો સંબંધ હતો. દરેક ભક્તો સાથે ભાવ હતો, એટલે બધા ભક્તો દર્શન કરી ગયા.

મહારાજ ૨૮-૨-૧૯૮૬ના રોજ સ્વધામ સિધાવ્યા. ત્યારે સૌ ભક્તો જૂનાગઢ ભેગા થયાં. સૌ દુ:ખી થયા, રોઈ રોઈને આંખો લાલ થઈ, કોણ કોને છાનું રાખે. આમ એ દુ:ખમાંથી બહાર નીકળવા સૌ શરણાગતિ મંડળે સપ્તાહ બેસાડી એટલે સૌ સેવામાં લાગી ગયા. સર્વ શ્રીહરિ શરણાગતિ મંડળના ખર્ચે જુનાગઢમાં સપ્તાહનું આયોજન થયું અને વિરહ ઓછો થયો.

પછી હેમંતભગતે વિચાર કર્યો કે,મારા નાથ તો સ્વધામ ગયા હવે મારે શું કરવું, જૂનાગઢમાં કેમ રહેવું ? એટલે હેમંતભગતે વિચાર્યું જયાં મારા ભગવાન અને જયાં મારા ભગવાનના ભક્તો ત્યાં મારે જાવું એટલે તે જૂનાગઢ છોડી ફુલવાડી મંદિરમાં પધાર્યા. સૌ ભક્તોએ આશ્વાવાસન આપ્યું તમે અહીં જ રહો. ત્યારે ફુલવાડીના શિખરનું કામ ચાલુ

હતું. એટલે હેમંતભગત ફુલવાડીમાં રહ્યા. ફુલવાડીમાં કામ ચાલું હતું અને કારીગરો, સેવકો, ભક્તોને ચા પાવા જવું, પાણી પાવા જવું. રસોડામાં મદદરૂપ થવું તથા સવાર-સાંજ મહારાજની આરતી કરવી. ભક્તો-સેવકો આવે તેનું સ્વાગત કરવું. યોગ્ય ઉતારા-જમવાની સગવડો કરી આપવી. આમ ભગત નાની-મોટી સેવાચાકરી કરતા અને ફુલના હાર બનાવવા જેવી સેવા કરતા. એટલે ભગતે સંકલ્પ કર્યો કે, જ્યાં સુધી મહારાજની મૂર્તિ નહીં પધરાવાય ત્યાં સુધી અન્નનો ત્યાગ કરીશ અને ફરાળ-દૂધ ઉપર દિવસો પસાર કરીશ.

હેમંતભગત ભક્તોની અને ફુલવાડીની ખૂબ ખૂબ સેવા કરવા લાગ્યા. પછી ઈ.સ.૧૯૯૪માં અષાઢ માસમાં મહારાજની મૂર્તિ પધરાવવામાં આવી ત્યારે ભગતે મહારાજને લાડવા જમાડીને તે પ્રસાદ લઈ પોતાના વ્રતના પારણાં કર્યા. પછી તો મૂર્તિની સેવા-પૂજા પણ હેમંતભગત કરતા. મહારાજની સર્વ પ્રકારે જેમ જૂનાગઢમાં પ્રત્યક્ષ સેવા કરતા તેમ અહીં મધ્ય શિખરમાં સેવા-પૂજા કરતા.હેમંતભગત જૂનાગઢ હતા ત્યારે જે ધોતિયાની સેવા-દક્ષિણામાં જે કંઈ મૂડી ભેગી થઈ હતી તે બધી મૂડી ફુલવાડીમાં ઘૂમટની સેવા કરી ફુલવાડીને અર્પણ કરી દીધી હતી. તેમજ ફુલવાડી મંદિરના નિર્માણ કાર્ય સમયે મંદિરના કામકાજની સાથે ભક્તોની સાર-સંભાળ રાખવી તેમજ સૌને સારો આવકાર આપી જમાડવાની સેવાની સાથે આરામના સમયે શ્રીલક્ષ્મીનારાયણ સંહિતાનો ગુજરાતી સારાંશ ખૂબ મહેનત કરી શ્રીહરિ શરણાગતિ મંડળને અર્પણ કર્યો. એ પણ એમની અજોડ સેવા હતી.

મહારાજની મધ્ય શિખરમાં મૂર્તિ પધરાવાયા બાદ ઈ.સ.૧૯૯૫ થી તેઓ ગામડાંમાં વિચરણ કરવા જતા. કુંકાવાવ અને આજુબાજુના ગામડાંઓમાં મહારાજના મહિમાની વાતો કરતાં તેથી ત્યાંથી ભક્તો ફુલવાડી માટે ઘઉંની સેવા કરતા તે સેવાઓ ફુલવાડી પહોંચાડતા. મુંબઈ, પૂના, સૂરત અને વડોદરા ભક્તોને ત્યાં પધરામણી કરતા, સત્સંગ કરતા, કથાઓ કરતા અને જે કાંઈ ભેટ-સોગાદો મળતી તે ફુલવાડીમાં અર્પણ કરતાં.

હેમંતભગતના ઘણાં હેતવાળા ભક્તો સત્સંગ વિચરણમાં પણ સેવામાં તેમની સાથે રહેતા. તેમાનાં એક મુક્તરાજ અમરાપરના અરવિંદભગત ઢોલરિયા જેમને મહારાજે હયાતીમાં જ જૂનાગઢમાં બાલમુકુંદ ભવનમાં પોતાના કર-ચરણોના ચિન્હોના દર્શન કરાવી આશિર્વાદ આપી દિક્ષામંત્ર આપી સ્વહસ્તે કંઠી બાંધી હતી અને પોતાની ભગવાનપણાની પરિપૂર્ણ ઓળખાણ આપી હતી. તે અરવિંદભગત મહારાજની સાથે પૂજ્ય હેમંતભગત

તેમજ ભગવાનજીભગતના પણ અતિ કૃપાપાત્ર મુક્તરાજ હતા. કથાવાર્તાનું પણ તેમને સારું જ્ઞાન હતું. તેમણે વર્ષો સુધી પૂ.સદ્‌ગુરુ શાંતિલાલભગત બગીચા આદિક મોટા ભક્તો સાથે સત્સંગ પ્રચારમાં પણ ખૂબ સારું યોગદાન આપેલું. માટે સૌની કૃપાદૃષ્ટિ આ અરવિંદભગત પર વિશેષ હતી અને હાલમાં પણ તેઓ મહારાજની વિશેષ સેવાભક્તિ સત્સંગ કથાવાર્તા દ્વારા મહારાજનું કાર્ય કરી ધન્યતા અનુભવી રહ્યા છે.

હેમંતભગત એક વખત સૂરત ગયા ત્યાં મહારાજના મંદિર રાંદેરમાં એક માસ સુધી શ્રીલક્ષ્મીનારાયણ સંહિતાની કથા વાંચી હતી. તેનું ટેપ રેકોર્ડ પણ કરવામાં આવ્યું હતું. હેમંતભગત દિવસે ભક્તોના ઘરે પધરામણી કરતાં અને રાંદેર મંદિરમાં સાંજે લક્ષ્મીનારાયણ સંહિતાની કથા વાંચતા. આજ રીતે મુંબઈમાં પણ પધરામણી કરતાને ઘણાં નવા ભક્તોને દિક્ષા આપતાં. એવા હેમંતભગતથી દિક્ષા પામેલા ભગતો આજે ખૂબ ભાવથી સેવા ભક્તિ કરી રહ્યા છે. અને ઘણાં ભક્તો એકાન્તિકી ભક્તના ગૂણે યુક્ત પ્રગટ ભગવાનમાં જ પોતાનું જીવન વ્યતીત કરી રહ્યા છે. એ ભક્તો આજેય શરણાગતિમાં મજબૂતાઈથી ભક્તિ કરે છે.

આમ હેમંતભગતે પોતાનું જીવન મહારાજ તેમજ મુકત ભક્તો અને મહારાજને વ્હાલી એવી ફુલવાડીમાં સેવામય જીવન વ્યતીત કરી સૌને રાજી કરીને પોતાની બાવન વર્ષની વયે તા.૧૨-૨-૧૯૯૮ મહા વદ-૧ના રોજ પરમધામ સીધાવ્યા. આજે ફુલવાડીમાં એક તરફ તેમના અગ્નિસંસ્કાર થયા છે ત્યાં સ્મૃતિ મંદિર બનાવવામાં આવ્યું છે. (હેમંતભગતના આ સ્મૃતિ મંદિરના નિર્માણકાર્યમાં ફૂલવાડી મંદિરના ટ્રસ્ટી વાઘેલાસાહેબ તેમજ ભગતના શિષ્ય જામનગરના લાલજીભગત મિસ્ત્રી અને પૂનાના હસમુખભગત જેરામભગત મકવાણા ઉપરાંત ભગતના મહિમાવાળા નાના નાના ભક્તો, બેનો-ભાઈઓ પણ સેવાનો લાભ લઈ ધન્યભાગી બન્યા છે.) આમ હેમંતભગત ફૂલવાડી પરમધામ મંદિરમાં સ્મૃતિ મંદિરમાં મહારાજના ખોળામાં જ રહ્યા થકા આજે શરણાગતિમંડળના વ્હાલા થઈ સૌને પ્રગટ ભગવાનની સેવા-ઉપાસના અને ભક્તિની પ્રેરણા આપી રહ્યા છે.

હેમંતભગત મહારાજના વચનો અદ્ધર ઝીલી લેતા. તેથી મહારાજ ખૂબ રાજી થઈને આ 'મારો હનુમંત' છે એમ કહેતા. પ્રગટ ભગવાનની સેવા બાલ્યાવસ્થાથી કરીને બ્રહ્મચારીરૂપે આ દેહને રાખ્યાં ત્યાં સુધી જૂનાગઢ અને મહારાજ ધામમાં ગયા પછી ફુલવાડીમાં રહીને જ્યાં જ્યાં પ્રભુજી બિરાજ્યા ત્યાં ત્યાં તેમની અખંડ સેવામાં કથાઓ, પધરામણીઓ, વિચરણમાં સાથે રહી સેવાઓ કરી છે. પ્રગટ ભગવાનની આજ્ઞાથી ભક્તો જ્યાં જ્યાં રહેતા હોય ત્યાં

ત્યાં હેમંતભગત પધરામણીઓ કરી કથા-વાર્તા ઉપદેશ અને પ્રગટ ભગવાનનો ભાગવદ્ ધર્મ બતાવ્યો છે.

આવા શ્રીહરિ શરણાગતિ મંડળના 'શીરમોડ' પ્રગટને વહાલા એવા હેમંતભગતનું આ મંડળને માટેનું યોગદાન અમૂલ્ય છે. તેમની સેવા અમૂલ્ય છે. આપણા મંડળના ભક્તોને માટે પ્રેરણા સમાન છે. આવા ભક્તોનો જન્મ પ્રગટ ભગવાનને માટે જીવન પ્રભુજીને માટે અને ધામમાં ગયા તેય પ્રભુજીને માટે જ. શ્રીહરિ શરણાગતિ મંડળના પાતાળ પાયાના પથ્થર એટલે હેમંતભગત. આપણા મંડળની મજબૂત ઈમારતના પાયાના પથ્થર સમાન આવા ભક્તો થકી શ્રીહરિ શરણાગતિ મંડળની ભક્તિ-સેવાનો ઈમારત મજબૂત છે. પ્રગટ ભગવાન જ્યારે જૂનાગઢ નિવાસ કરતા હતા ત્યારે સ્વામિનારાયણ મંદિરમાં મહારાજને બાલમુકુંદ ભૂવન માં સંગાથે તેમના શિષ્યો કોઠારી સ્વામી શ્રી સ્વયંપ્રકાશદાસજી, આત્મપ્રકાશદાસજી સ્વામી, શાસ્ત્રી દેવપ્રકાશદાસજી સ્વામી અને પાર્ષદ- વર્ય શ્રી હેમંતભગત અને શાસ્ત્રી દેવપ્રકાશદાસજી, જ્ઞાનપ્રકાશદાસજી સ્વામી આદિ સંતો પણ જૂનાગઢ રાધારમણદેવના સ્વામિનારાયણ મંદિરે ધર્મોનું પાલન કરતા થકા સ્વામિનારાયણ શ્રીહરિનું ભજન કરતા સંગાથે ગુરુભક્તિ-સેવા કરતા, આજ્ઞામાં રહેતા.



પરચા નં. 3.

## પ.પૂ.આચાર્ય શ્રી સ્વરૂપાચાર્યજી મહારાજ – માધવજીબાપા
### ગામ : મોટી કુંકાવાવ - હાલ - અગરવાડા (મહારાષ્ટ્ર)

**પ્રગટ** ભગવાન સાક્ષાત અવતારોના અવતારી ધામાધિપતિ શ્રી ૧૦૦૮ પરમધામના અધિપતિ શ્રી અનાદિશ્રીકૃષ્ણનારાયણ સાક્ષાત અવતારી પ્રસન્ન થઈ કુમકુમવાપીમાં પિતા ગોપાલદેવ અને માતુશ્રી કંભરાલક્ષ્મીની ભક્તિને વશ થઈ પ્રસન્ન થયા અને દર્શન આપ્યા. સાક્ષાત શંખ, ચક્ર, ગદા, પદ્મ-રૂપ ધારણ કરી, કિશોર રૂપનું પ્રાગટ્ય દર્શન દઈને, પરમધામાધિપતિ અખિલ બ્રહ્માંડના અધિપતિ પ્રસન્ન થઈને બોલ્યા કે, 'હે મુક્તરાજ અમો તમારી ભક્તિ જોઈને પ્રસન્ન થયા છીએ. તમારી જે ઈચ્છા હોય તે માગો.' મા કંભરાલક્ષ્મી નારાયણી બોલ્યા કે, 'તમારા જેવા સુંદર પ્રભુને ગોદમાં રમાડવાની મારી ઈચ્છા છે, મને આ લહાવો મળે એવી મારી અંતરની આત્માની ઈચ્છા છે.' પ્રભુ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ બોલ્યા, 'તથાસ્તુ. અમો સંવત ૧૯૬૧ના આસો વદી અષ્ટમીના રોજ તમારી કુખેથી પ્રગટ થઈશું.' આમ કહી પ્રભુ અદૃશ્ય થયા. પ્રભુનું પ્રાગટ્ય આસો વદી અષ્ટમી શનિવારના રોજ આકાશમાં શુભ દિવસે, તમામ શુભ ગ્રહોના સમયે કુમકુમવાપીમાં પિતા ગોપાળકૃષ્ણ અને માતા કંભરાલક્ષ્મીની કુખે દેવાણી કુળમાં પરમધામાધિપતિ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ સ્વયં પ્રગટ થયા. આવા પ્રભુને અમે શરણાગત ભક્તો કેમ માનીએ છીએ ? તેમાં કંઈક રહસ્ય તો હોવું જોઈએ ને. કોઈ સંત માને છે, કોઈ ગુરુ માને છે, કોઈ મોટા પુરુષ માને છે, કોઈ ખૂબ જ ભણેલા મોટા વિદ્વાન માને છે. એ તો દુનિયા છે. સૌ કોઈના વિચારોને કોઈ પણ નથી પહોંચી શકતા. શ્રીકૃષ્ણ પ્રભુ મથુરામાં જન્મ્યા અને ગોકુળમાં મોટા થયા. પ્રભુ શ્રીરામ અયોધ્યામાં જન્મ્યા. સ્વામિનારાયણ ભગવાન સહજાનંદ સ્વામી છપૈયામાં જન્મ્યા. તમામ જન્મ પ્રભુના થયા પણ સારી દુનિયાએ એકાએક તો પ્રભુ નથી જ કીધા. સૌ કોઈએ પોતાની સમજણ પ્રમાણે વરતાવ કર્યો. પરંતુ તેમના કાર્યો, ચમત્કાર, લીલાને જોયા પછી જેવું જેને સમજાયું તેમ સૌએ એ ભગવાનને જાણી શરણાગતિ સ્વીકારી સેવા ભક્તિ કરી પોતાના જીવાત્માનું કલ્યાણ કર્યું.

અમે શરણાગતિ ભક્તો મુક્તોએ પ્રભુ શ્રી અનાદિ કૃષ્ણનારાયણના ગુણ ગ્રહણ કર્યા. એમના પરિચયમાં આવીને રાત-દિવસ એમના સંપર્કમાં રહીને, એમના વચનમાં રહીને આજ્ઞા પાલન કર્યું. જેને જેટલું સમજાયું એટલું ગ્રહણ કર્યું. એમના વાણી વચનમાં દૃઢ રહેનારને, આજ્ઞામાં રહેનારને જેટલા જેટલા પ્રસંગ બન્યાં તેમાં શૂન્યમાંથી સર્જન કરાવ્યું.

વધારે માનનારા ભક્તોને પ્રગટ ભગવાને દર્શન દીધા. ખૂબ કસોટી કરીને ભક્તોને પ્રગટ પરચા પૂર્યા. જાજો અનુભવ કરાવ્યો. અમોએ નક્કી કર્યું કે આ સાક્ષાત શ્રીપરનારાયણનો પ્રગટ પ્રમાણ અવતાર અમારા મુમુક્ષુઓના કલ્યાણ કરવા માટે, માનવજન્મ ધરીને ધરાનું અને ભક્તોનું કલ્યાણ કરવા માટે સાધુના વેશમાં અનંત કોટિ બ્રહ્માંડના અધિપતિ છે. શરણાગતિ ભક્તોને ભેળા લઈને પોતે જ મૃત્યુલોકમાં અલૌકિક પરચા પૂરવા પ્રગટ અવતરીત થયા છે. એમ અમે સમજી ગયા.

કુંકાવાવ ગામના રહીશ સોની ભગવાનજી શામળદાસનો દિકરો માધવજી ભગવાનજી અનાદિ શ્રીકૃષ્ણનારાયણની જય બોલાવે. એક વખત એવી ઘટના બની કે મંદિરના ભગત લક્ષ્મણબાપા લુહાણા અને હરજીબાપા ઠુમ્મરે ભગવાનભાઈને ઠપકો આપ્યો કે, ભગવાનભાઈ તારો દિકરો જ્યાં જ્યાં કીર્તન થતાં હોય ત્યાં સાધુ કૃષ્ણવલ્લભસ્વામીની જય બોલાવે છે. ભગવાનભાઈ દુઃખી થયા અને તેણે અંદરથી પોતાના દિકરા માધુને બોલાવ્યો. કેમ માધુ તું શું સાધુ કૃષ્ણવલ્લભાચાર્યની જય બોલાવે છે ? તરત માધુ બોલ્યો કે, હા. બાપુ તમને સાધુ લાગતા હશે પણ મને તો પોતે જ અવતારોના અવતારી સાક્ષાત પરનારાયણ પરમધામના અધિપતિ મળી ગયા છે. હવે હું પરોક્ષનું ભજન શા માટે કરું ? આ તો રૂબરૂ મને મળ્યા છે જેમ ગોવાળીયાને ભેળા કૃષ્ણ ભગવાન મળ્યા હતા અને ભેગા રમ્યા અને લીલા કરી તેમજ મને મળ્યા. મારી સાથે તમામ લીલા કરે છે. હું જોઉં છું, ખુશ થાઉં છું. પોતે જૂનાગઢ છે પણ જ્યારે જ્યારે મોટર સાઈકલ લઈને ગામડામાં જ્યાં જાઉં, હું સંભારું ત્યારે હસતા હસતા લાડવા જમાડતા, હરખાતા, પલપલમાં કીર્તન કરતાં આમ દર્શનનો રૂડો લાભ આપે છે, તો હવે શું કામ પરોક્ષને ભજું ? પ્રગટ પ્રમાણ મળ્યા છે તેમને ન ભજું ? આ સાંભળી ભગવાનભાઈ કહે, સાધુની જય બોલાવો છો, માટે ધામમાં વાસ નહીં મળે તો તું નરકમાં જઈશ. સ્વામિનારાયણ ભગવાનની જય બોલાવે તેને અક્ષરધામમાં વાસ મળે છે એની તને ખબર છે ?

માધુ કહે, બાપુ બધાંય અક્ષરધામમાં જશે તો નરકનું શું થશે ? મને અનાદિ શ્રીકૃષ્ણનારાયણનું નામ લેતા જો નરકમાં જવું પડતું હોય તો મને નરક મંજુર છે. પણ જય જયકાર તો હું કૃષ્ણવલ્લભ નારાયણની જ બોલાવીશ. તો એમના બાપુ નારાજ થઈને બોલ્યા કે, મારા વચનને તું ઠોકર મારે છે. દિકરો બોલ્યો કે, તમારા વચનને ઠોકર નથી મારતો. તમારા વિચાર મને યોગ્ય નથી લાગતા તેમાં હું શું કરું ? મને તો આ હળાહળ

કળિયુગમાં સાક્ષાત પ્રગટ પ્રભુ મળ્યા છે. માટે હવે તો મારે પ્રગટને જ ભજવા છે. પ્રગટને ભજી ભજી,પાર પામ્યા ઘણાં. ગીધ ગણીકા કપિ વૃંદ કોટી. પ્રગટ ઉપાસના સૌથી મોટી. માટે બાપુ મારું જો માનતા હો તો મને તો પ્રગટ પ્રભુ મળી ગયા છે. તમો પણ એમને જ ભજો. આ સાંભળી તેમના બાપુ ખૂબ જ ખિજાયા અને બોલ્યા, અત્યારે જ મારા ઘરેથી નીકળી જા, હવે તને મારી સંપતિમાંથી એક પાઈ પણ નહીં મળે.

માધુ કહે, બાપુજી એ તો તમારી કમાયેલી લક્ષ્મી છે. આપો ન આપો એ તો તમારી ઈચ્છા. પણ દિલ્હીનું રાજ્ય મળતું હશે તોય હું ઠોકર મારીશ. મને તો મારો નાથ હજાર હાથવાળો સાક્ષાત વિશ્વંભર હાજરાહજુર અનાદિ શ્રીકૃષ્ણનારાયણ બોલતાં, ચાલતાં, હરતા-ફરતા પોતે જ પ્રભુ મળ્યા છે. હવે મને કોની પરવા છે ? અને હાથ સલામત છે. શરીરનું સુખ અનાદિ શ્રીકૃષ્ણનારાયણના આશીર્વાદથી સારું છે. કળા અને બુદ્ધિ એણે મને સમર્પણ કરી છે. આવડી મોટી દુનિયા છે, ગમે ત્યાં કમાઈ લઈશ અને પેટ ભરી લઈશ પણ હાલતા ને ચાલતા, ઉઠતા-બેસતા અનાદિ શ્રીકૃષ્ણનારાયણને જ ભજીશ.

પિતાશ્રી બોલ્યા, નીકળી જા. તારો અનાદિ તને કેટલા 'દિ પાળશે ? પાછો ઢીલે મોઢે રોતો રોતો તું આવીશ.

માધુ કહે, ધ્રુવની જેમ મારો અનાદિ મને જ્યાં હોઈશ ત્યાં જમવાનું, અન્ન-વસ્ત્રનું, ભરણ-પોષણનું, રહેવાનું ઠેકાણું આપશે. હું જ્યાં જ્યાં પગ મૂકીશ ત્યાં ત્યાં અનાદિ શ્રીકૃષ્ણનારાયણ હાજરાહજુર રૂપે ઊભા રહેશે. મારા દુઃખમાં ભાગ લેવાવાળો મને તો હજારો હાથવાળો મળ્યો છે. બાપુ મને તો અનાદિ શ્રીકૃષ્ણનારાયણ સુખી કરશે- કરશે ને કરશે જ. મારે તમારો તો આશરો લેવો જ નહીં પડે, કેમ કે એમની દિવ્ય દૃષ્ટિ છે કે, મારા ભક્તએ મારા નામ ઉપર કેટલું બધું સાહસ કર્યું છે માટે મારે તેની વહારે થાવું પડશે. પણ જો જો બાપુ, તમારે પસ્તાવું પડશે અને અંતે તમારે અનાદિ શ્રીકૃષ્ણનારાયણ નામનો આશરો લેવો પડશે. બાપુ, એક દિવસ એવો આવશે કે કુંકાવાવમાં અનાદિ શ્રીકૃષ્ણનારાયણની મૂર્તિઓ અને મંદિરો થાશે. એના નામની ધૂન, કીર્તન, ભજન આખો સૌરાષ્ટ્ર, આખો દેશ-પરદેશ-વિદેશ અનાદિના નામમય ન થાય તો હું મારું નામ ફેરવી નાખીશ. હું તો આ પળે રવાના થાઉં છું. પણ કુંકાવાવ તો શું પાંદડે પાંદડે અનાદિના નામની માળાઓ, કીર્તનો, મંદિરો સ્થપાશે અને ચમત્કારોના અંબાડ ઊભા થશે અને ઠેર ઠેર અનાદિ શ્રીકૃષ્ણનારાયણના ચમત્કાર ગવાશે. અનાદિના નામના ડંકા વાગશે. બધાં મંદિરોમાં અનાદિના નામના દિવા

પ્રગટાવવામાં આવશે. જ્યાં જુઓ ત્યાં અનાદિના નામમય થઈ જશે.

આમ કુંકાવાવથી માધવજી ભગત પહેરેલ કપડે નીકળી ગયા. તેને અનાદિ નારાયણ, પ્રગટ ભગવાન ઉપર અટલ વિશ્વાસ કે પ્રભુ મારી ભેળા જ છે. મારે કોની બીક છે ? મુખમાં એક જ રટણ 'અનાદિના નામની હો, માળા છે ડોકમાં'. તેમને ભક્ત પ્રહલાદની જેમ મહારાજનો પાકો નિશ્ચય હતો. હવે ભક્ત માધવજી અમદાવાદ આવ્યો. નહીં કપડાંની બીજી જોડ કે નહીં પાઈ કે પૈસા, બિલકુલ પ્રભુ શ્રી અનાદિ નારાયણના નામની ટેકવાળો દિવાનો. એને વિશ્વાસ કે મારો નાથ તો મારી વ્હારે આવશે જ. હિંમત તો અટલ, નહીં ભય કે નહીં બીક. એને એક જ ખબર કે પ્રભુ મારી પરીક્ષા લેવા માટે આ ચરિત્ર લીલા કરી રહ્યા છે.

કુંકાવાવથી અમદાવાદની ટ્રેનમાં બેસી ગયા. ટ્રેનમાં ટિકિટ ચેકર ચેકિંગમાં આવ્યા. તમામ પેસેન્જરની ટિકિટ ચેક કરી પણ માધવજીભગતને ટિકિટનું પૂછ્યું નહીં. માધવજીભગતે વિચાર્યું કે જુઓ મારા નાથની લીલા. ટિકિટચેકરને મોકલીને મારી હિંમત કેટલી છે તે જુએ છે. પરંતુ હું જરાપણ ગભરાયો નહીં. કાળુપુર રેલ્વે સ્ટેશન આવ્યું, હું હિંમતભેર સીધો ગેટ બહાર નીકળી ગયો. પિતાશ્રીએ તમામ સગા-સંબંધીઓને ફોન અને પત્રથી જાણ કરી દીધી હતી કે અમારો દિકરો માધવજી રિસાઈને ઘેરથી નીકળી ગયો છે. તેને કોઈ આશરો આપશો નહીં, તેને કુંકાવાવ પાછા જવાનું કહેશો. સ્ટેશનથી માધવજીભગત રાયપુર ગયા. ત્યાંનું સરનામું બરાબર યાદ ન હોવાથી તે માણેકચોક, રતનપોળના સરનામે ગયા. તેમના સગાં શાંતિભાઈના ઘેર ગયાં. તેમને જાણ થઈ ગઈ હતી. તેઓએ માધવજી ભગતને સમજાવ્યાં કે તમારા મોટાભાઈ શિવલાલભાઈનો ફોન આવ્યો છે. તમે હઠ મેલીને ઘરે રવાના થઈ જાઓ. માધવજીભાઈ બોલ્યા વગર નીકળી ગયા અને સીધા સરસપુર પહોંચ્યા, ત્યાં રાત પડી ગઈ હતી, મોડું થઈ ગયું હતું. ખીસામાં પાઈ-પૈસો હતા નહીં. એટલે બધે ઠેકાણે ચાલી ચાલીને જવું પડે. પૂરેપૂરા બે દિવસ ભૂખ્યા-તરસ્યા કાઢ્યા. સરસપુરનું સરનામું યાદ કરતાં હતાં. ભૂખ્યા પણ હતા.

એવામાં એક બંગલામાંથી ભજન-કિર્તનનો અવાજ સંભળાયો. માધવજીભગત બંગલામાં ભજન થતાં હતાં ત્યાં બેસી ગયા એક પછી એક ત્રણ ચાર જણાનાં ભજન પૂરા થયા પછી ચા, પાણી, નાસ્તો આવ્યા. ચા-નાસ્તા પછી ફરી ભોજનની શરૂઆત થવાની હતી ત્યારે માધવજીભગતે પૂછ્યું કે, ભાઈ હું એકાદ ભજન બોલી શકું ? તો તમામ લોકોએ કહ્યું, જરૂર જરૂર બોલો મારા ભાઈ, ભગતરાજ માધવજીભાઈએ હારમોનિયમ હાથમાં

લીધું. પહેલાં અનાદિ શ્રીકૃષ્ણનારાયણના બે દોહરા બોલીને ભૈરવી રાગમાં મહારાજનું ભજન ગાયું. તે લોકો બધાં વેપારીઓ ગુજરાતી હતા. કાઠિયાવાડ સૌરાષ્ટ્રનો એક પણ માણસ નહીં. ભગત માધવજીના ભજનો જામ્યાં. એક પછી એક ત્રણ ભજનો ગાયાં. બધાં રાજીના રેડ થઈ ગયા.

એવામાં માધવજીભગતને યાદ આવ્યું કે, ભક્ત નરસિંહ મહેતાની હુંડી ગાઈ હતી અને પ્રભુ એની વ્હારે થયાં એમ હું પણ હુંડી ગાઉને પ્રભુની દયાથી કંઈક પૈસાની જોગવાઈ થઈ જાય. આમ વિચારી આલાપ શરૂ કર્યો કે, 'મારી હુંડી સ્વીકારો મહારાજ રે, અનાદિ પ્રભુ અવતારી, મને એક તમારી છે આશ રે પ્રગટ પ્રભુ અવતારી' બહુ સુંદર શબ્દોનું મંથન કરીને પ્રગટ પ્રભુની સામે શબ્દ દ્વારા ધ્યાન ખેંચ્યું. ફક્ત બે થી ત્રણ કડવા મારા નાથના નામના ગાયા ત્યાં એકદમ કોઈ કરોડપતિ શેઠ જેવા ભજનમાં બેઠેલા. તે અજાણ્યા ભગતે ૨૦૦ રૂપિયા મારા હાથમાં મૂક્યા. હું એકદમ થંભી ગયો અને બોલ્યો કે, ભાઈ હું કંઈ માંગણ કે બારોટ કે સાધુ મહારાજ નથી. આ પૈસા આ મંડળમાં આપો. તો આવેલ ભગતરાજ બોલ્યા કે, મારા ભાઈ અમોએ બારોટ કે સાધુ કે બાવાને પૈસા નથી આપ્યા. અમોએ તો તમોએ જે ભાવથી ગદ્‌ગદ્‌ થઈને પ્રભુની લીલાનું હકીકત રાગનું હુંડીનું કિર્તન ગાયું તે અમો શેઠ શાહુકાર બનીને આવ્યાને શબ્દરૂપી હુંડીને સ્વીકારી છે. ત્યારે બધાં બોલ્યા કે, ભાઈશ્રી તમારા રાગમાં, ભાવમાં એવું શું છે કે અમારા બધાયની ઈચ્છા થઈ છે કે કુદરતી તમારા રાગમાં અટલ સંતોષી ભાવ છે, માટે આ પૈસા તમારે જ સ્વીકારવા પડશે.

ભજન બંધ થયા પછી જે ભગતે પૈસા આપ્યા હતા તે વીજળીના ઝબકારાની જેમ બે-ત્રણ મિનિટમાં ક્યાં અદશ્ય થઈ ગયા તે ખબર જ ન પડી. મને એમ થયું કે નક્કી મારા પ્રગટ ભગવાન, સાક્ષાત વિશ્વંભરનાથ વણિકના વેશમાં મારા ખિસ્સાખર્ચની ચિંતાથી પ્રભુ પધારીને રૂપિયા આપી અદશ્ય થઈ ગયા છે, હવે મારે કોઈની પરવાહ નથી. મારા માટે મારા નાથ જૂનાગઢથી વાણિયાના વેશમાં હૂંડી સ્વીકારવા પધારે છે તો હવે મારે કોની બીક છે ? પછી માધવજીભગતને થયું કે, હમણાં જ સ્ટેશન પહોંચી જાઉં. રાતના બે વાગ્યા છે, સ્ટેશન પહોંચ્યા અને મુંબઈ જવાની ટ્રેન મળી ગઈ. ટિકિટ લઈ અનાદિ શ્રીકૃષ્ણનારાયણનું નામ લઈને ટ્રેનમાં બેસી ગયા. પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણે વિચાર કર્યો કે, મારો ભગત બે દિવસનો ભૂખ્યો છે. પૈસા આપ્યા છે પણ હોટલ વગેરેનું ખાતો નથી. તો પ્રભુ ટ્રેનમાં સંતોના વેશમાં ૫ થી ૬ સાધુ પાળાના રૂપમાં સામે જ બેઠા.

માધુભગત બોલ્યા કે, સ્વામી પરોક્ષને હું યાદ નથી કરતો. હું તો અનાદિ શ્રીકૃષ્ણનારાયણની જય બોલાવું છું. તો સંતો બોલ્યા કે, સ્વામિનારાયણ ભગવાનની જય બોલો કે અનાદિ શ્રીકૃષ્ણનારાયણની જય બોલો, જય તો ભગવાનની જ છે. ભગત અમોને ભૂખ લાગી છે. અમે જમીશું અને તમે પણ જમો. અમારી ભેળું જમવાનું ભાતું છે. માધવજી ભગત બોલ્યા કે, રાતના બે વાગ્યા છે અત્યારે જમવાનું હોતું હશે ? એટલે મોટા સંતે માર્મિક ભાષામાં શબ્દો ઉચ્ચાર્યા કે ભક્તરાજને જમાડવા માટે રાતના બે વાગ્યા હોય તો પણ ચાલે. માધવજી મનમાં સમજી ગયો કે વાહ ! પ્રભુ પ્રગટનાથ કેવી કેવી લીલા કરી રહ્યા છે ! જમી લીધાં પછી સાધુ બોલ્યા કે, અમારી બોગીનો નંબર બીજો છે ટ્રેન ઉપડી જશે, હવે અમે અમારી બોગીમાં જઈએ છીએ. લ્યો ભગતજી જય સ્વામિનારાયણ. ભગત માધવજી જય સ્વામિનારાયણ નહીં પણ જય અનાદિ શ્રીકૃષ્ણનારાયણ બોલ્યા પછી ફરીને જોયું ત્યાં તો સંતો અદૃશ્ય થઈ ગયા.

માધવજી ટ્રેન દ્વારા મુંબઈ પહોંચી ગયા, તેમના બેન કાલબાદેવી રોડ, વિઠ્ઠલવાડી, તમાકુનો માળો ચોથા માળે ઘર નં.૫૨ માં રહે છે તે સરનામું યાદ હતું. તેઓ તેમના બેન કાંતાબેનને ઘેર પહોંચ્યા. કાંતાબેને કહ્યું કે, માધવજીભાઈ અમને ફોનથી ખબર મળી ગયા છે. તમે હઠ છોડીને કુંકાવાવ પાછા ચાલ્યા જાઓ. માધવજીભગતને થયું કે, અહીં રહેવામાં માલ નથી. તેથી તેઓ જબલપુર જવા માટે નીકળી ગયા. તેમણે બેનને બતાવ્યું નહીં કે તેઓ ક્યાં જાય છે. માધવજીભગત વીટી રેલ્વે સ્ટેશન પહોંચ્યા. જબલપુરની ટિકિટ લેવા ટિકિટબારી ઉપર ગયા. ત્યાં કારકુને કહ્યું કે, જબલપુરની ટિકિટના રૂ.૧૬૨ થાય. હવે બન્યું એવું કે રસ્તામાં ટુવાલ તથા ચડ્ડી વગેરે ખરીદ્યા. તેથી ફક્ત રૂ.૬૦ વધ્યા હતા. ટિકિટ કલાર્ક કહે જલ્દી કરો રૂ.૧૬૨ આપો. માધવજીભગત મુંઝાયા ત્યાં બીજા એક ભાઈ કહે કે, મને દિલ્હીની ટિકિટ આપો. ત્યારે કલાર્ક બોલ્યો કે આનું પતે પછી તમોને દિલ્હીની ટિકિટ આપું. માધવજીભગતે ખોટો ખોટો ખિસ્સામાં હાથ નાખ્યો ત્યાં તેની તે જ ૨૦૦ રૂપિયાની નોટો ખીસ્સામાંથી મળી. જેથી માધવજીભગત રાજી થઈ ગયા. પૈસા આપી ટિકિટ લીધી. ભગતને વિચાર આવ્યો કે ટ્રેનમાં જમાડ્યાની અને ટિકિટના પૈસાની દિવ્ય લીલા મહારાજે જ કરી છે. માધવજીભગત જબલપુર તેમના સાળાને ઘેર પહોંચી ગયા. સાળાના કાકા તથા મોટા બાપાના કુલ સાત માણસો સાથે એકાદ વર્ષ રહ્યા. તેમની સાથે રહેવાનું ઠીક ન લાગવાથી નાગપુર આવ્યા. અહીં કોઈ ઓળખાણ નથી ક્યાં જવું ને શું કરવું ? મહારાજને યાદ કર્યા કે

'હે નાથ, હવે શું કરવું ? તે કંઈક બતાવો. એકાએક અંદરથી અવાજ આવ્યો કે, તું નાગપુર ન રોકાતો અને સીધો ભંડારા જા. ફક્ત ૬૦ કિ.મી. છે. ત્યાં તારું લેણું છે ને ભંડારા તારા માટે ભરપુર છે, ત્યાં સુખી થઈશ. તારા ભંડાર ભરપુર થાશે, તારે રખડવાનું રહેશે નહીં. જલદી ત્યાં જા મોડું કરીશ નહીં. તારી ભેળા તો અમે છીએ જ, તારે માટે મારે પણ રખડવું તો પડ્યું જ છે. એ બિલકુલ સાચું જ છે કે પ્રભુએ બધે ઠેકાણે સાથ આપ્યો છે અને રક્ષા કરી છે.

હવે માધવજીભગત સવારમાં ૬ વાગ્યે ભંડારા પહોંચી ગયા. ઉપર આભ અને નીચે ધરતી. ત્યાં શામરાવ નામના એક સોનીની દુકાને જઈ કહ્યું કે, ભાઈ હું એક ઘરેણા બનાવવાનો કારીગર છું ને તમારે કારીગર વગર મુંઝવણ છે ? તો શામરાવે કહ્યું કે, મારે કારીગરની ખાસ જરૂર છે. પછી માધવજીભગત તુરત ત્યાં કામે લાગ્યો. બરાબર સાંજના ૫ વાગ્યા સુધીમાં એ જમાનામાં રૂ.૧૦૦ જેવી મજૂરીનું કામ કરી નાખ્યું. તો શામરાવ હેતથી બોલ્યા કે, હજી વધારે પૈસાની જરૂર છે તો લ્યો આ ૨૦ રૂપિયા. તો માધવજીભગતે કહ્યું કે, ૨૦ રૂપિયામાં શું થાય ? તમારે કામ કરાવવું હોય તો ૨૦૦ રૂપિયા આપો. શેઠે તરત જ ૨૦૦ રૂપિયા આપ્યા અને કહ્યું કે, જો ભાઈ બધાને કારીગરની જરૂર છે અને આવડો મોટો ખાનદાન કારીગર મેં મારી જિંદગીમાં જોયો નથી. અમારો અહીંનો કારીગર આખા દિવસમાં ૫ થી ૭ રૂપિયાનું મજૂરીનું કામ માંડ માંડ કરી શકે. તમે તો રૂ.૧૦૦ જેટલું કામ ૫ કલાકમાં કરી દીધું માટે હવે બીજાનું કામ ન કરો તો હું પૈસા આપું.

માધવજીભગત સ્વભાવે બહુ કડક તેણે કહ્યું કે, હું કોઈનો નોકર નથી કે હું કોઈનો બંધાયેલ ગુલામ નથી. મને ફક્ત મારા કામના પૈસા આપી દો. કેમ કે હું બંધાવાનો નથી ત્યારે શેઠે બોલ્યા કે એમ નહીં ભાઈ, લ્યો પૈસા. તમે તો બહુ કડક છો. માધવજીભગતે કહ્યું કે, કડક કેમ ન હોઉં, મારો નાથ અનાદિ નારાયણ મારી ભેળો જ છે. સમય જતા મહારાજની કૃપાથી માધવજીના લગ્ન થયા અને બાળકો પણ થયા. એકવાર એક મકાન ભાડે આપવાનું હતું તે જોવા ગયા. ૪ રૂમનું મકાન, મહિને ૮૦ રૂપિયા ભાડે રાખી લીધું. રાતના તે મકાનમાં રહેવા ગયા, જે કંઈ સામાન વસાવેલો હતો તે જબલપુર હતો. અહીં સાથે નાની સૂટકેશમાં ટુવાલ, કપડાં વગેરે હતું. ઘરનાં કહેવા લાગ્યા કે, આવડું મોટું મકાન શા માટે લીધું ? એક રૂમ જ લેવો હતો ને. ભાડું કેટલું બધું ભરવું પડશે ? માધવજીભગત બોલ્યા કે, જોયા કરો મારો નાથ બધુંય ઠીક કરશે. નાસ્તા વગેરેથી ચલાવીને રાતભર પડ્યા રહ્યા. સવારે ઘરના કહે કે, રાંધવા વગેરેના સામાન વગર શું કરશું ? માધવજીભગત કહે,

તું જોયા કર. તરત તે શેઠ શામરાવ પાસે ગયા અને કહ્યું કે, તમારે કામ કરાવવું હોય તો ૩.૫૦૦ આપો. તેને ખૂબ જ ગરજ હતી. કારીગર ક્યાંય મળતા ન હતા. એટલે તુરત જ ૩.૫૦૦ આપ્યા. ઘરનાએ જબલપુરમાં ૭૦૦ થી ૮૦૦ બચાવેલા તે તથા ૩.૫૦૦ મળીને ૩.૧૩૦૦ થયા. ઘરનાએ લખાવેલ ચીજવસ્તુ સામાન ખરીદી લાવ્યા. એ જમાનાના ૧૩૦૦ રૂપિયા આજના ૩.૨૦,૦૦૦ જેવી રકમ ગણાય. ઘરની જરૂરિયાતનો તમામ સામાન ભરી દીધો. નોકર-નોકરાણીને ગોઠવીને બીજે દિવસે કામ કરવા લાગી ગયો. ફક્ત દસ દિવસ શામરાવનું રાત ને દિવસ કામ કરી પોતાની મજુરી દસ દિવસની લઈને ઉતરી ગયો. કેમ કે ભગત માધવજીને અનાદિ શ્રીકૃષ્ણનારાયણ ઉપર વિશ્વાસ એટલે એટલો બધો અટલ ભરોસો કે જેનું વર્ણન ન થઈ શકે. તેણે ઘરમાં પણ કામ શરૂ કરી દીધું હતું. ઘરમાં ખૂબ કામ ભરાઈ ગયું હતું તેનું રહસ્ય એ હતું કે, ભંડારા મકાનમાં રહ્યા પછી પાંચમા દિવસે પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણ ખુદ પરનારાયણ સાધુના વેશમાં પધાર્યા અને બોલ્યા કે, ભીક્ષામ્ દેહી ભવતુ. તારા ભવોભવનું દરીદ્ર દૂર કરવા આવ્યો છું, પારખી લે. શબ્દ ઉપર માધવજીભગત સમજી ગયા.

સાધુ રૂપે આવેલા મહાત્માને માધવજીભગતે ભાવપૂર્વક ભોજન કરાવ્યું. માધવજીભગત વિચારે છે કે, મહાત્મારૂપે મારા નાથ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પ્રભુ તો નહીં હોય ને ? તેવામાં મહત્માએ પોતાની જોળીમાંથી શંખ કાઢીને ભગતના હાથમાં મૂક્યો. ભગતને કહ્યું કે, ભગતરાજ, આ શંખ તમોને આપું છું તે તમારી તમામ મુસીબતો દૂર કરશે. આ તમારી પાસે રાખો અને પૂજા કરતા હો તેમાં આની પણ પૂજા સાથે કરજો. પરંતુ ભગતને તો અનાદિશ્રીકૃષ્ણનારાયણ સિવાય બીજા કોઈનો વિશ્વાસ નહીં, ભિક્ષુક મહાત્માને ઓળખતા ન હતા. એટલે માધવજીભગત મુંઝાયા કે પૂજા-પાઠમાં આ શંખને કેવી રીતે રાખી શકાય ? આ વસ્તુનો ભાવાર્થ તો સમજવો જોઈએ. અત્યારે કામધંધા તો સારા જ ચાલે છે, તેમાં કોઈ મુશ્કેલી નથી. આ પ્રશ્નનું સમાધાન કરવા માટે જેમ બને તેમ જલ્દી મહારાજ પાસે જૂનાગઢ જઈ આવવું જોઈએ, ત્યારે જ મને શાંતિ થાશે.

આ પ્રમાણે વિચારી પાંચમા દિવસે માધવજીભગત સીધા મહારાજ પાસે જૂનાગઢ પહોંચ્યા. જૂનાગઢ પહોંચીને અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પ્રભુના ચરણોમાં દંડવત્ કરવા લાગ્યા. પ્રગટ પ્રભુજી બોલ્યા કે, હવે રાખ અને બેસી જા. માધવજીભગત મહારાજના ચરણ પાસે બેઠા કે તુરત મહારાજે કહ્યું કે, મા-બાપથી બાધીને ભાગી જવાય ? માધવજીભગતે અથ થી ઈતિ

સુધીની બધી હકીકત જણાવી. સર્વ અંતર્યામી સર્વજ્ઞ પ્રભુ તો બધું જાણે છે. પ્રભુએ કહ્યું, એવી હઠ કરીને થોડું બેસાય ? તમારા બાપુજીએ જે કીધું કે, સાધુની જય ન બોલાવાય તે વાત તો સાચી છે. માધવજીભગત કહે, મારા નાથ માયા છોડો અને મૂળ વાત પર આવો. મને જવાબ આપો કે શેઠ શાહુકારના વેશમાં, સાધુ પાળાના વેશમાં, આખા રસ્તામાં હું જ્યાં જ્યાં ગયો ત્યાં ભેળાંને ભેળા રસ્તામાં શા માટે પરચા પૂર્યા ?

તો અનાદિ પ્રભુ હસવા લાગ્યા. ગદ્‌ગદ થઈને હર્ષમાં આવીને પ્રભુજી કહેવા લાગ્યા, ભાવિક ભક્તોની વહારે તો આવવું જ પડે ને. ભજનમાં શેઠ શાહુકારનું રૂપ મેં એટલા માટે લીધું તે હુંડી સ્વીકારો મહારાજ રે, અનાદિ પ્રભુ અવતારી આર્તનાદથી કિર્તન ગાયું તો ત્યાં મેં એવું રૂપ ધારણ કર્યું. તું ભૂખ્યો હતો તો જમાડવા માટે ટ્રેનમાં સાધુ પાળાનો વેશ લઈને એવી લીલા કરી તને જમાડ્યો અને મુંબઈથી જબલપુર જતી વખતે દિવ્યરૂપ ધરીને ખીસ્સામાં રૂ.૨૦૦નું કામ કરી આપ્યું. જબલપુર અને નાગપુરમાં તારું લેણું ન હોવાથી તારા અંતરમાં ભંડારાનો સંકલ્પ કરાવ્યો. ભંડારા ભરપુર છે, ત્યાં જા તારું લેણું છે અને સુખી થઈશ. ભંડારામાં સોની લોકોએ તને કહ્યું કે, બજારું કરો. સોમવારે અહીં, મંગળવારે ત્યાં ને બુધવારે ભંડારામાં ને ગુરૂવારે ત્યાં એમ રોજની બે બજારો ભરાય છે એવું સોની લોકોએ બતાવ્યું અને તું ખીજાયો. એ કેમ બોલતો નથી ? તે કહ્યું કે, મરદો પેઢીઓ હોય, મરદોની બજારમાં રોડમાં સામાન પાથરીને ન બેસે. આ તું ગજાનંદ સોની તથા માધવરાવને બોલ્યો કે નહીં ?

માધવજીભગત પ્રભુના ચરણોમાં પડી ગયા અને બોલ્યા કે, અંતર્યામી પ્રભુ તમે તો હદ કરી નાખી. મને તો ક્યાંય ન દેખાયા, તો અનાદિ પ્રભુએ કહ્યું, ભોળા ભગત, અમારી માયા નારદ સનકાદિકને નથી સમજાણી તે તને કેમ સમજાય ? પણ અમે આવા ચરિત્ર ત્યારે કરીએ જ્યારે ભક્ત જીવનનું સુકાન અમારા હાથમાં આપે અને જીવનરૂપી રથનું સુકાન તારા જેવા ભક્ત અમને સોંપે તો ન છુટકે અમારે તારા જીવનનો રથ હંકારવો જ પડે ને ? હવે વાત બંધ કર અને જમીને પછી મારી પાસે આવ.

માધવજીભગતે કહ્યું, મારે એક શંકાવાળી વાત પૂછવી છે. તો મહારાજ બોલ્યા કે, તું જમીને આવ પછી અમે જ બતાવશું. પછી હું જમીને આવ્યો. તુરત જ અનાદિ પ્રભુ કહેવા લાગ્યા કે શંખની ચિંતા છે ને ? મેં કહ્યું, હા મહારાજ. પ્રભુજી બોલ્યા, હવે સમજી જા કે અમને ભક્ત કેટલા બધા વ્હાલા છે ! કેવું રૂપ ધારણ કર્યું હતું ? ઓળખાણું ? અમે તો અહીંયા

જ છીએ. તોય મારી દિવ્ય દૃષ્ટિ અને શક્તિ આવી લીલા તે આત્મનિવેદી ભાવિક ભક્ત માટે છે. શંખ તારી હરેક ચિંતાને દૂર કરશે. એ શંખની પૂજા મારી મૂર્તિની પૂજાની જેમ જ કરશે. જા તારો વાળ વાંકો કરવાવાળો આ દુનિયામાં કોઈ નથી.

પછી માધવજીભગતે કહ્યું કે, મહારાજ એટલું બધું ભયંકર દરિદ્ર ભિક્ષુકનું રૂપ લીધું ને મને કળવા દીધું નહીં. તો મહારાજ કહે કે, તારા અંતઃકરણમાં તો મારો નાથ હશે એવી દૃઢ પ્રતીતિ તો હતી ને. માધવજીભગતે કહ્યું કે, મહારાજ શંકા ખૂબ થતી હતી પણ સમજાણું નહીં. મહારાજ કહે, માધુ અમારી માયા સમજાય નહીં અને સમજાય તો લીલાને માયા કહેશે કોણ ? હવે તું જોયા કર. ભંડારામાં તારું ખૂબ જ લેણું છે. આ તને સાફ જણાવું છું. મેં કોઈને દુબઈ, કોઈને કુવૈત દેશ-વિદેશ મોકલ્યા છે પણ તને ભંડારામાં બેસાડ્યો છે. એ ગામમાં તારું જીવન ધંધામાં વળગાડીને રહેવું. ઈમાનદારીથી કરજે, મારું નામ જપજે અને મારા નામનો ત્યાં ખૂબ પ્રચાર કરજે, ત્યાં મારું નામ એવું ગજાવજે કે શરણાગતો ત્યાંની માનતાઓ લે અને ભંડારા અનાદિ શ્રીકૃષ્ણનારાયણના દર્શન કરવા આવે અને મોટા મોટા ઉત્સવો સમૈયા કરજે. આ મારી આજ્ઞાનું પૂરી રીતે પાલન કરજે.

પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પ્રભુ પોતાના સર્વનિવેદી ભક્ત ઉપર કેવી કૃપા વરસાવે છે ! કેવા દયાળુ છે ! એવા ભક્તના જીવનરૂપી રથનું સુકાન સંભાળી લે છે અને પોતાની દિવ્ય શક્તિથી ભક્તની રક્ષા કરે છે.

માધવજીભગત જૂનાગઢથી મહારાજનો આશીર્વાદ લઈને પછી ભંડારા પહોંચી ગયા. માધવજીભગત અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પ્રભુનું ભજન હાલતા-ચાલતા, ખાતા-પીતા, બેસતા-ઉઠતા સતત કરતા રહે છે. પ્રભુ પોતાના ભક્તના હૃદયમાં નિવાસ કરી રહ્યા છે. એક અઠવાડિયા પછી ભક્તને સંકલ્પ થયો કે, પ્રગટ ભગવાનના આશીર્વાદના પ્રતાપથી બજારમાં દુકાન કરવી. ઘરમાં તો સોની લોકો જ આવે છે માટે બજારમાં દુકાન હોય તો બીજા ગ્રાહકો પણ આવી શકે. હવે બજારમાં તો મોટા કરોડપતિઓની મોટી મોટી દુકાનો હોય. તેમની દુકાનોની બાજુમાં નાની એવી જગ્યા પસંદ કરી. તે જગ્યાના માલિકને માધવજીભગત મળ્યા. દુકાન ભાડે આપવા માટે વાત કરી તે શેઠ ખુશ થઈને બોલ્યા કે બહું સારું રીપેર કરીને એકાદ અઠવાડિયામાં તમને કબજો દેશું અને મહિને રૂ.૫૦ ભાડું નક્કી કર્યું. આજુબાજુ બધા કુબેર લોકોની જગ્યા, વચ્ચે ૧૦ ફુટ અને પાંચ ફૂટ પહોળી દુકાન મળી. મહારાજની મૂર્તિ આગળ ઊભા રહી પ્રાર્થના કરી કે, તમારા આશીર્વાદ અને કૃપાથી મોકાની જગ્યામાં દુકાન

મળી ગઈ છે. જરૂર પૂરતું સાધારણ ફર્નિચર માટે સુતારને ઓર્ડર આપ્યો છે. હવે મુહૂર્ત કરવું છે. દુકાનવાળાએ કહ્યું કે, મોડામાં મોડું ૧૨ દિવસમાં તમને સોંપી દેશું તો તે પ્રમાણે મુહૂર્ત જોવડાવો. એક અઠવાડિયાનો સમય આમ જ નીકળી ગયો.

હવે માધવજીભગત સીધા જૂનાગઢ મહારાજ પાસે પહોંચી ગયા. તેમને જોઈને મહારાજ હસવા લાગ્યા ને કહ્યું, તું અહીંથી ગયો તેને આજે બરાબર ૧૫ દિવસ થયા. રેલવેનો ખર્ચ લાગતું નથી ? માધવજીભગત કહ્યું, મારા નાથ, દીન દયાળુ, દયાના સાગર તમે એવો આશીર્વાદ આપ્યો અને મારા અંતઃકરણમાં પ્રકાશ પડ્યોને થયું કે બજારમાં દુકાન કરવી. તો હું તપાસ કરવા ગયો ને ખૂબ જ મોકાની દુકાન મળી ગઈ છે અને રૂ.૫૦ના ભાડાની. હવે એનું મુહૂર્ત લેવું છે, માટે હું આવ્યો છું. પ્રભુ હસવા લાગ્યા અને કહ્યું, 'મુહૂર્ત કાગળ લખીને લેવું હતું ને ? છેક ત્યાંથી અહીં આવવાની શી જરૂર હતી ? રેલ્વે મફત તો નથી લાવતી ને ? અને સમય બગડે તથા ધંધો ખોટી થાય. માધવજી કહે, પ્રભુ તમારા દર્શનનો પ્રતાપ એવો છે કે મુખેથી હું વર્ણન કરવાને સમર્થ નથી, માટે પ્રભુ આપશ્રીને રૂબરૂ મળું અને તમારી દિવ્ય દૃષ્ટિ દુકાનમાં પહોંચે તેથી રૂબરૂ આશીર્વાદનો લ્હાવો લેવો એવો વિચાર આવવાથી આવી ગયો. મહારાજે કહ્યું, જન્માષ્ટમીનું મુહૂર્ત લે.

માધવજીભગતે કહ્યું, 'મહારાજ જન્માષ્ટમી ઘરમેળે કરતો હતો પણ હવે ધંધાનું બળ છે ને જન્માષ્ટમી ભંડારામાં વાજતે-ગાજતે ભવ્ય રીતે ઉજવીશ.' મહારાજે કહ્યું, 'આવતી સાલથી ભવ્ય ઉજવજે, પણ આ જન્માષ્ટમીમાં અભિજીત મુહૂર્ત આવે છે. બરાબર બાર વાગે સારા બ્રાહ્મણથી પૂજા કરાવજે, મુહૂર્ત તને સારામાં સારું આપું છું કેમ કે પુષ્ય નક્ષત્ર છે ને ધન-લક્ષ્મી પ્રધાન મુહૂર્ત બાર વાગ્યે લેજે અને મુહૂર્ત કરનાર બ્રાહ્મણ સારો પંડિત હોય તેને રાખજે અને એક સારા ઘરાકનું પહેલાં મુહૂર્તમાં કામ રાખજે. જા તારા ભાગ્ય ભંડારા માટે ચડિયાતા છે ને જન્મ જયંતિ આવતા વરસથી તારી જેવી ભાવના અને ઈચ્છા છે તેવી ભવ્ય ઉજવજે.

આમ મહારાજ પાસેથી મુહૂર્ત લઈ માધવજીભગત ભંડારા આવ્યા, આમંત્રણ પત્રિકા છપાવી, ખાસ ખાસ ગ્રાહકોને વિશેષ આમંત્રણ આપ્યું. ખુદ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પ્રભુએ મુહૂર્ત આપ્યું હોય ત્યાં બીજું શું કહેવાનું હોય ? પ્રભુની દયા દૃષ્ટિ અને આશીર્વાદનો પ્રતાપ હવે જુઓ. અનાદિ પ્રભુએ એવડો મોટો ચમત્કાર જણાવ્યો કે તેનું વર્ણન જ ન થઈ શકે. જન્માષ્ટમીના દિવસે બરાબર બપોરે બાર વાગ્યે પૂજા વિધિ ચાલુ હતી અને દુકાનમાં એટલો

બધો પ્રકાશ ફેલાઈ ગયો કે, હજારો સૂર્ય-ચંદ્ર પણ ઝાંખા પડી જાય. લગભગ ૨૦ મિનિટ સુધી આ પ્રકાશ દુકાનમાં છવાઈ રહ્યો, હું સમજી ગયો કે સ્વયં અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પ્રભુના દર્શનનો લ્હાવો મળ્યો મને મનમાં થયું કે મારા નાથને જૂનાગઢ રૂબરૂ નોતરું દેવા અને મુહૂર્ત લેવા ગયો તો મહારાજને પ્રગટ રૂપે પધરામણી કરવી પડી. મારે તો આજે ભવ્ય જન્માષ્ટમી વાજતે-ગાજતે ઉજવાયી. આજે જન્મ જયંતિના દિવસે પરનારાયણ દિવ્યરૂપે ભક્તના આગ્રહને વશ થઈ પધાર્યા. પ્રભુ પ્રેમની દોરીથી બંધાયેલા છે, ભાવિકભક્તના ભાવને જોઈ પ્રભુ કેવી દયા કરે છે ! ભક્તવત્સલ ભગવાને દિવ્યરૂપે ઉદ્‌ઘાટનમાં પધરામણી કરી. ઘણા ગ્રાહક વિસ્મય પામી ગયા, તેમને ભગવાન અને ભક્તની ભાવનાની શી ખબર હોય ? આમ પ્રભુએ દિવ્ય ચમત્કાર કર્યો.

પછી તો પ્રગટ ભગવાનના આશીર્વાદથી દુકાનમાં ધંધાનું જોર વધતું ગયું, પ્રભુએ મને આજ્ઞા કરી હતી કે, મારો પ્રગટ ભગવાનનો ત્યાં ખૂબ જ જોરશોરથી પ્રચાર કરજે. એક તરફ દર ૧૫ કે ૨૦ દિવસે જૂનાગઢ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પ્રભુના ચરણાર્વિંદના દર્શન કરવા જવું જ. બીજી તરફ ધંધો સારો, કામ એકલા એ જ કરવું પડે. મોટો દિકરો મુકુંદ ચારથી પાંચ વર્ષનો, દીકરી રેખા બે-ત્રણ વર્ષની અને મીના ફક્ત છ મહિનાની હતી છતા મહારાજના નામનો પ્રચાર કરવો યાને કરવો જ. આથી નામ ધૂન, ભજન, કીર્તનમાં ફેરફાર કર્યો. ઘરમાં પૂજા-પાઠ અર્ધા કલાકમાં નીપટાવવા અને મનથી અખંડ નામ મુખપાઠ ચાલુ રાખવા. દર બુધવારે રાત્રે પ્રચાર માટે નીકળવું, અને ગુરૂવારે રાતમાં પાછું આવવું. શરીર ઉપર બોજ વધાર્યો. ઊંઘ અને આરામમાં કાપ મૂક્યો. ૨૪ કલાકમાં ફક્ત એક થી દોઢ કલાક આરામ કરીને ધંધો કરવો, મહારાજના પ્રચારમાં જવું અને જૂનાગઢ ૧૫ કે ૨૦ દિવસે ચરણાર્વિંદના દર્શન કરવા જવું. આવો ક્રમ ચાલ્યા કરે. પ્રચારમાં ભક્તોનો ભાવ વધારે, પ્રચારની શરૂઆત થઈ અને મરાઠી ભાષા બરાબર આવડે નહીં. એમ.પી.ના વેપારી આવે તેથી ભાંગેલ તૂટેલ જેવી હિન્દી ભાષા તેમનાથી બોલતા આવડી ગઈ હતી. તેથી હિન્દીમાં હિન્દી ભાષી ભક્તો સાથે પ્રચાર કરવાનું શરૂ થયું.

સાક્ષાત્ અવતારોનાં અવતારી અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પ્રગટ પરબ્રહ્મ અવતારનો મહિમા માહાત્મ્ય સહિત, તન, મન, ધનથી પ્રભુના વચનમાં દૃઢ વિશ્વાસ રાખનારની ઉપર પ્રભુશ્રી અનાદિ શ્રીકૃષ્ણનારાયયણ કેવી કેવી દયા કરે છે અને ભક્તો ખાતર કેટલું ધ્યાન રાખે છે અને પોતાના નીજ ભાવિક ભક્તો ઉપર કેટલા બધા મહેરબાન થાય છે. તેનો એક

આવા હળાહળ કળિયુગમાં પણ ચમત્કારી પરચાનો પ્રગટ પ્રમાણ હાજરાહજુર દાખલો, તે જાણવા અને સમજવા જેવો દાખલો છે.

સંવત ૨૦૨૧ના પોષ સુદી બીજના રોજ પ્રગટ ભગવાન અનાદિ કૃષ્ણનારાયણના હાથનો લખેલ પત્ર મળ્યો. તેમાં વિગત એમ લખી હતી કે કાગળ મળ્યા બાદ ૨૦ દિવસ ઘરની બહાર, માધુ તું ક્યાંય જતો નહીં. દુકાનથી ઘર અને ઘરથી દુકાન, બીલકુલ બહાર જવાનું નહીં, મેં કાગળ વાંચ્યો. બન્યું એવું કે, મારે નાગપુર જવાનું ખૂબ જરૂરી હતું. તેમાં અમો જીપમાં બેઠેલ અને હું એકદમ ડ્રાઈવરની બાજુમાં બહાર બેઠેલ, રોડનું કામ ચાલુ હતું. જ્યાં ત્યાં રેતી, પથ્થર વગેરેના ઢગલા રોડ પર પડેલ, સામેથી આવતા ટ્રક નં.૪૧૮ને મારો હાથ લાગી જવાથી ભયાનક એક્સિડન્ટ થયું, હાથ ખડી ગયો. લોહીલુહાણ હાલતમાં જલદી મોટી હોસ્પિટલમાં ભરતી કર્યો. મારા હાથના પાટાપિંડી કરવા ડોકટરો કામે લાગી ગયા. ૩ થી ૪ દિવસે મહારાજ તરફથી આવેલ કાગળ તરફ ધ્યાન ખેંચાયું કે ૨૦ દિવસ બહાર જવાનું નહીં. મગજમાં લાઈટ થઈ કે મેં પ્રગટ ભગવાન અનાદી શ્રીકૃષ્ણનારાયણ હાજરા હજુર પ્રભુની આજ્ઞા લોપી તેથી આ ઘટના બની. પછી દવાખાનેથી ૧૮મે દિવસે રજા મળી અને કારથી હું ભંડારા આવી ગયો.

ભંડારા ઘરમાં આવી ગયા બાદ હું મહારાજની મૂર્તિ સામે ઊભો રહીને બોલ્યો કે પ્રભુ મેં જરૂર ભૂલ કરી છે. પ્રભુ તમારી આજ્ઞાનું ખરેખર મેં ઉલ્લંઘન કર્યું, પણ પ્રભુ દયાળુ કૃપાનાથ સાક્ષાત પરબ્રહ્મ અવતારી મેં તો ભૂલ ખરેખર કરી પણ અમો ધંધાવાળા, પ્રભુ અમારાથી ભૂલ તો હાલતા થવાની. કેમ કે અમારે ધંધાવાળાને ભાગાભાગી થવાની જ છે. ખેર, જે બનવાનું હતું તે બની ગયું. હવે મારો હાથ પાટાપિંડીથી બંધાઈ ગયો છે. હવે પ્રભુ સેવા, પૂજા, આરતી એનું શું થશે ? એમ કહી મૂર્તિની સામે જ પાટાપિંડી તોડીફોડી નાખ્યાં અને હાથ લબડી ગયો. મહારાજની મૂર્તિની સામે હઠ કરીને બેસો ગયો. હવે તમારે મારા હાથને ઠીક કરવા ભંડારા મારા ઘરમાં પધારીને હાથનું દુઃખ દૂર કરવા આવવું જ પડશે, એમ હઠ કરીને બેસી ગયો. પછી બરાબર ચોથે દિવસે રાતના ૧૨ વાગીને ૨૦ મિનિટે પ્રભુ પુષ્પક વિમાનમાં ચાર-પાંચ મુક્તો ભેળા અવતારોના અવતારી પધાર્યા ને એકદમ અજવાળું આખા ઘરમાં છવાઈ ગયું. પ્રભુએ અવાજ દીધો કે ઊભો થા, ખોટા ડોળ કરીને શું બેઠો છો ? મને આટલે દૂરથી બોલાવ્યો, તને તો કાંઈ તકલીફ તો છે નહીં ને તારો હાથ સાજો છે. ખોટો ડોળ કરવો મૂકી દે, એમ કહીને પ્રભુએ પોતાના હાથની છડીના ત્રણ ટકોરા હાથમાં લગાવ્યા.

માથા ઉપર હાથ ફેરવીને પ્રગટ પ્રભુએ ઊભો કર્યો. જ્યાં હું ઊભો થયોને હાથને જોઉં તો એકદમ હાથ સરખો અને મેં ઘરનાને જગાડ્યા કે ઊભા થાઓ. મહારાજ પુષ્પક વિમાનમાં પધાર્યા અને જો મારો હાથ ઠીક કરીને પ્રભુ એકદમ અદૃશ્ય થઈ ગયા. આમ મારી રક્ષા કરી.

સમય જતાં માધવજીભગતે ભંડારા અગરવાડાના આજુબાજુના ગામડાંઓમાં દરરોજ રાત્રે જઈ મહારાજનો પ્રચાર કરવાનું કાર્ય શરૂ કર્યું. તે ગામડાંઓમાં જે જીવોને શારીરિક દુઃખ હોય તેમજ ભૂતપ્રેતનું વરગાડ હોય તેમને મહારાજનો મહામંત્ર તેમજ પ્રસાદીનું જળ આપતાં જેથી દરેકનું દુઃખ દૂર થતું અને બધા કંઠી બંધાવી મહારાજનું ભજન કરતાં. થોડાં વર્ષો બાદ મહારાજની પ્રેરણાથી માવજીભગતને અગરવાડામાં મહારાજના મંદિરના નિર્માણકાર્યનો સંકલ્પ થયો. માટે એ સંકલ્પ પણ ધીરે ધીરે પૂર્ણ થયો. સમય જતાં મહારાજનું અખંડ ભજન અને સેવા કરતા માધવજીભગત ધામમાં ગયા ત્યારબાદ ઘણાં વર્ષો સુધી અગરવાડાનું એ જીર્ણ થયલા મંદિરનો જિર્ણોદ્ધાર કરી સુંદર મંદિરનું નિર્માણ કરી મહારાજની મૂર્તિ પ્રતિષ્ઠા પૂ. સદ્‌ગુરૂ શાંતિલાલ ભગત તેમજ તેમના શિષ્ય મંડળ દ્વારા ધામધૂમથી મહોત્સવ ઉજવવામાં આવ્યો. જેથી હવે દરરોજ નિયમ પૂર્વક ભંડારા અગરવાડાના આ મંદિરમાં મહારાજની સેવા-પૂજા થાય છે. ગામના ઘણાં લોકો મહારાજનું ભજન કરી અને સુખિયા થાય છે.

આમ પ્રગટભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણના સ્થાપિત પ્રથમ મોટાં આચાર્ય શ્રી સ્વરૂપાચાર્યજી મહારાજે પ્રભુની સેવા-ભક્તિ-કથાવાર્તા દ્વારા તેમજ મંદિર નિર્માણ દ્વારા શ્રીહરિ શરણાગતિ મંડળ માટે પ્રેરણારૂપ કાર્ય કર્યું છે. મહારાજનો તેમના પર ખૂબ રાજીપો હતો અને માધવજીબાપાને અનેકવાર દર્શન-પરચા પર ખૂબ જ આપ્યા હતા. માટે પ્રગટના આ મહામુક્તરાજને અનંત વાર દંડવત્ પ્રણામ છે.



પરચા નં.
૪.

## પ.પુ. શ્રીકૃષ્ણમાચાર્યજી મહારાજ - ડો. પ્રવિણમહારાજ
### ગામ - જામવંથલી

**પ્રગટ** ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણની કૃપાથી મારો જન્મ જામવંથલીની પવિત્ર ભૂમિ પર થયો. તેમજ મારા પૂર્વ જન્મના અનેક પૂન્યનો ઉદય થયો હશે જેથી મને પ્રગટ ભગવાનની પરિપૂર્ણ ઓળખ થઈ. મહારાજે મને ઘણીવાર દર્શન સેવાનો લાભ આપ્યો છે તેમજ પરચા પણ અનેક આપ્યા છે. જેથી હું ધન્યતા અનુભવું છું.

મારા સાળા બીમાર હતા તેથી તે અમદાવાદથી જામવંથલી આવ્યા. તેને મહારાજના દર્શન કરાવવા લઈ જવાના હતા. એટલે મેં હિરાબાપાને કહ્યું, તમે જૂનાગઢ હાલો મારા સાળાની તબિયત બરાબર નથી એટલે વંથલીથી રાજકોટ અને રાજકોટથી ગાડી બાંધી જૂનાગઢ પહોંચી મહારાજ પાસે ગયા. મહારાજ કહે, હું કેટલા દિવસથી તારી રાહ જોઉં છું એટલે આ નિમીત્ત થયું ને તું આવ્યો. મહારાજે ત્યારે મને મંત્રદીક્ષા આપી જનોઈ પહેરાવી, તિલક કરી આચાર્ય તરીકે મારી નિમણુંક કરી અને શ્રીકૃષ્ણમાચાર્યજી મહારાજ નામ આપીને જામવંથલીના આચાર્યપદે મારું સ્થાપન કર્યું. ત્યારે હિરાબાપા તથા મારા સાળા સાથે હતા. હેમંતભગત કોઠારી સ્વામી સૌ હાજર હતા. મહારાજે પત્ર દ્વારા આ વાતની વિદેશમાં ભક્તોને જાણ કરી હતી.

એક વખત મહારાજની તબિયતમાં ફેરફાર થયો અને કફ બહું થયો. ત્યારે કોઠારી સ્વામીએ મને જણાવ્યું કે, મહારાજની તબિયત બરાબર નથી અને દવા લેવાનું કહ્યું પણ માનતા નથી માટે તમે આવો એટલે મેં જવાનું નક્કી કર્યું અને કંદોઈ પાસે એલચી, કેસર, બદામ મારા ઘેરથી લઈ કંદોઈને આપ્યા અને તેના ઓછી ખાંડવાળા પેંડા બનાવ્યા તે લઈ જૂનાગઢ ગયો.

સવારે વ્હેલા દર્શન કરવા ગયો ત્યારે મહારાજ ઉલ ઉતારતા હતા. ત્યારે જીભમાંથી લોહી વહેતું તે મારા જોવામાં આવ્યું એટલે તરત ગામમાં સોની પાસેથી ધાર બૂઠી કરેલું ચાંદીનું સરસ ઉલ્યું લીધું. પછી આ પેંડા અને ચાંદીનું ઉલ્યું લઈ મહારાજને આપ્યું. તેમજ કસ્તુરબેને મહારાજ માટે દૂધના થેપલા બનાવી આપ્યા હતા તે પણ અર્પણ કર્યા. તેથી મહારાજ ખૂબ રાજી થયા. ત્યારે મહારાજ બોલ્યા તમારા ભગવાનને ઉલ ઉતારતા લોહી આવે એમાં તમને ઉપાધી થાય. આ સારું કહેવાય. પછી કાતરથી પેંડાનું પેકેટ ખોલ્યું

ઠાકોરજીને ધરાવી એક પેંડો મને આપ્યો એક પેંડો પોતે જમ્યા અને કહે, લે આ તો બહુ સરસ છે. બીજો પેંડો ખાધો, ત્રીજો ખાધો- ચોથો પેંડો લીધો ને કહે, આ કફ ને ઉધરસ ઠીક થાય એ માટે આ પેંડા સારા બન્યા છે. એમ કહી અડધો પોતે ખાધોને અડધો મને આપ્યો ને બેલ મારી હેમંતભગતને બોલાવ્યા અને કહે, બપોરે ઠાકોરજીને આ થેપલા ધરાવજો કસ્તુરે કેવા સરસ બનાવીને મોકલ્યા છે. પછી હું આમ તેમ ચક્કર મારી મહારાજ પાસે આવ્યો ત્યાં મહારાજ કહે, ઠાકોરજી જમાડ્યા. હું સમજ્યો નહીં. એટલે મહારાજ કહે, જમ્યા કે નહીં ? એટલે મેં કહ્યું, ના. ત્યારે હેમંતને બોલાવીને કહે આ ડૉ.સાહેબને જમાડી દેજો. પછી મેં કહ્યું, મહારાજ આપણે ડોકટરને બતાવીએ અને કોઠારી સ્વામીના ભાણેજ એમ.ડી. છે. તેને અહીં તેડાવીયે. મહારાજ કહે, વિઝીટના નાણાં કોણ ચૂકવશે ? મેં કહ્યું, મહારાજ હું ચૂકવું. ત્યાં મહારાજ એક કફ સિરપ બતાવી કહે, જો આ સવારના નાસ્તા પહેલાં બપોરે જમ્યા પહેલા લઉં છું તે બરાબર છે. ત્યારે મેં મહારાજને અમુક દવાની વાત કરી. એ દવા લેજો. ત્યારે મહારાજ કહે, એવું કાંઈ નથી. આ થોડીક લીલા કરવી પડે. બાકી આ દેહમાં કાંઈ થવાનું નથી.

ત્યારે ત્યાં રામજીભગતના સાળા ત્યાં બેઠા હતા. તેમણે મહારાજ પાસે ગંજીયું મૂક્યું અને ૩.૫૦ મૂક્યા. એટલે મહારાજ બોલ્યા, ક્યાં મુંબઈથી આવો છો. એટલે તે કહે, ના મહારાજ હું વિદેશ હતો અને આપના ઘણાં પત્રો મને આવ્યા છે અને હું રામજીભગતનો સાળો છું. મહારાજ કહે, બહુ સારું. એમ કહી મહારાજે તેના છોકરાઓને ડબરો ઉતારી કાજુની મૂઠ્ઠી ભરી આપ્યા ત્યારે ભગતના સાળા કહે, થોડા દેજો. ત્યારે મહારાજ બોલ્યા, દેવાવાળો દે છે તો લેતા નથી આવડતું.

અમે રાત્રે મહારાજની સેવા કરતા હતા અને રાત્રે ૧૦-૩૦ વાગ્યા ત્યારે મહારાજ હિરાબાપાને કહે, તમે હવે સૂઈ જાઓ. એટલે હિરાબાપા થોડા કચવાયા એટલે દેવસ્વામી કહે, આપણાંથી કાંઈ ન કહેવાય. પછી મહારાજે મને કહ્યું, જો આ મારો હાથ હવે તાવ તને દેખાય છે. ત્યાં મહારાજ એકદમ સ્વસ્થ હતા અને મહારાજ બોલ્યા, તારે લક્ષ્મીનારાયણ સંહિતા વાંચવાનું તું ભણેલો છું એટલે મારી પાસે એક વધારાનો સેટ છે તે હું તને આપીશ.

એ દિવસે ૧૦-૩૦ વાગ્યે હિરાબાપાને રજા આપી ને હું મહારાજની ચરણસેવા કરતો હતો અને મહારાજ લક્ષ્મીનારાયણ સંહિતા ની વાતો કરતા હતા ને હું ચરણસેવા કરતો રહ્યો. ત્યારે મહારાજ પોઢી ગયા ને સવારે ચાર વાગ્યે જાગ્યા અને કહે, આચાર્ય હજુ

તમે ચરણચંપી કરો છો ? હવે તમે પોઢો. એટલે હું ઉતારે ગયો.

આમ મહારાજનો મારી પર ખૂબ જ રાજીપો હતો. મારા જીવનમાં મને યથાશક્તિ મહારાજની હયાતીમાં મહારાજની સેવાનો તેમજ ફુલવાડી મંદિરમાં પણ સેવાનો જે લાભ મળ્યો છે. તેનો મને અપાર આનંદ છે. હાલમાં હું જામવંથલીમાં જ રહીને મારા દવાખાનામાં ડૉકટર તરીકે ફરજ બજાવીને સમય પ્રમાણે મહારાજનું ભજન કરું છું. કોઈ ભક્તો દવાખાને મને મળવા આવે ત્યારે મહારાજની કથા-વાર્તા થાય જેથી વિશેષ આનંદ થયા કરે. હવે તો બસ પ્રગટ ભગવાનના ભજન સ્મરણ સાથે અંતકાળે મહારાજ તેડવા આવે અને પરમધામમાં પોતાની ચરણસેવામાં રાખે એ જ પ્રાર્થના સાથે સૌ ભક્તોને મારા જય અનાદિ શ્રીકૃષ્ણનારાયણ.

પરચા નં.
૫.

## પ.પૂ.શ્રી શ્વેતાયનાચાર્યજી મહારાજ - ગોવિંદજીમહારાજ જોશી
### ગામ- ટુકડા ગોસા, હાલ- વલસાડ

**પ્રગટ** ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણની કૃપાથી મારો જન્મ પોરબંદર તાલુકાના ટુકડા ગોસા ગામમાં એક વૈષ્ણવ ભક્ત બ્રાહ્મણ પરિવારમાં થયો. અમારો ધર્મ 'જય ગોપાલ'નો દ્વારકાધીશની સેવા-પૂજા કરી ધ્વજા ચડાવે તે બ્રાહ્મણ પરિવારનો. નાનપણથી જ મને ભગવાન શ્રીકૃષ્ણની સેવા-ભક્તિમાં વિશેષ રુચી હતી. હું મારા સર્વે કામકાજમાં તેમનું નામ સ્મરણ કર્યા કરતો. સમય જતાં યુવાવસ્થા થઈ એટલે કામકાજ માટે દુબઈ જવાનું થયું. ત્યાં શ્રીહરિ શરણાગતિ મંડળના ભક્તોનો યોગ થયો. એટલે એમની સાથે સત્સંગ સભામાં પણ જવાનું થતું. ત્યારે બધા અનાદિ શ્રીકૃષ્ણનારાયણનું ભજન કરતાં અને હું ભગવાન શ્રીકૃષ્ણનું ભજન કરતો.

એકવાર દુબઈ સભામાં કાયમ કથા-વાર્તાનો લાભ આપતા એવા પૂ.શાંતિલાલભગત બગીચાએ મને કહ્યું કે, તમે અમારા મહારાજ અનાદિ શ્રીકૃષ્ણનારાયણનું ભજન કરો ત્યારે મેં કહ્યું કે, મને જો તમારા મહારાજ સાક્ષાત્ દર્શન આપે અને આજે જે ચિન્હવાળી મૂર્તિમાં અને ચરણારવિંદમાં જે ચિન્હો ફોટામાં દેખાય છે તે મને પ્રત્યક્ષ બતાવે તો હું માનું કે તમારા મહારાજ એ પ્રગટ ભગવાન છે. મારી વાત સાંભળી શાંતિલાલભગતે કહ્યું, તો તો તમને મહારાજ કૃપા કરી વહેલા દર્શન આપી પોતાનો ભગવાનપણાંનો નિશ્ચય જરૂર કરાવશે અને બન્યું પણ એવું જ થોડા જ દિવસ પછી હું રાત્રે સૂતો હતો અને મને મહારાજે મારી ઓઢેલી ચાદર ખેંચીને જગાડ્યો અને કહ્યું ઊઠો ભગત ઊઠો. હું જાગ્યો અને સામે જોયું તો સાક્ષાત્ સંત સ્વરૂપે મહારાજ સ્વયં ઊભેલા. પહેલાં તો મેં તેમને કહ્યું કે, તમારા ભક્ત શાંતિલાલભગત એ તો બાજુની રૂમમાં છે. તમે ભૂલથી મારી રૂમમાં આવી ગયા લાગો છો. તો મહારાજ મને કહે કે, આજે હું તમારા માટે જ આવ્યો છું. લો કરી લો મારા ચિન્હોના બધાં દર્શન. એમ કહી મહારાજે પ્રથમ પોતાના હાથમાં ધનુષ્ય બાણ, સ્વસ્તિક, મત્સ્ય, શંખ, ચક્ર બધા જ ચિન્હોનાં સુવર્ણ જેવા ચળકતાં દર્શન કરાવ્યા ત્યારબાદ ચરણકમળના પણ બધા ચિન્હોના દર્શન કરાવી કહ્યું, લો હવે બોલો હવે તો અમે ભગવાન ખરા ને ? ત્યારે મારી આંખમાંથી અશ્રુઓની ધારા વહેવા લાગી અને હું મહારાજના ચરણમાં પડી ગયો ને ક્ષમા માગી કે, મેં તમારા ભગવાનપણા વિશે સંશય કર્યો માટે મને માફ કરો. ત્યારે મહારાજે મારા પર હાથ મૂકી કહ્યું, હવે આજથી મારી જ સેવા-ભક્તિ અને કાર્યો કરજો. એમ કહી

મહારાજ અદૃશ્ય થઈ ગયા.

બીજે જ દિવસે સવારે મેં શાંતિલાલભગતને આ બધી વાત કરીને કહ્યું, ભગત તમે અત્યારે જ મને મહારાજની કંઠી બાંધો. મને રાત્રે જ મહારાજે પ્રત્યક્ષ દર્શન આપી ભગવાનપણાંનો પૂર્ણ નિશ્ચય કરાવી દીધો છે. પછી તો હૃદયથી મહારાજનું જ ભજન-સ્મરણ થયાં કરતું. મહારાજના કાર્યોમાં તેમજ ભક્તોને જમાડવામાં વિશેષને વિશેષ હું મારી કમાણીમાંથી સેવાનો લાભ આપતો. જેથી મારા પરિવારમાં ત્યારે તો ઘણાંને આ ન ગમ્યું અને કહેવા લાગ્યા કે ગોવિંદજીએ તો ધર્મ પણ બદલી નાખ્યો અને કમાય છે તેમાંથી પણ ઘણું બધું એ ધર્મની સેવા માટે વાપરી નાખે છે. આમ ઘણો વિરોધ થયો ખૂબ જ મુશ્કેલીઓ ઊભી થઈ પણ છતાંય મેં ત્યારે મહારાજને ન છોડ્યા. જેથી મહારાજ મારા પર ખૂબ રાજી થયાં. પછી તો દુબઈમાં ખૂબ મહારાજ સ્વપ્નમાં દર્શન આપતાં. એકવાર હું મહારાજની પાઘવાળી મૂર્તિ સામે બપોરે દ્રાક્ષ ધરાવતો હતો ત્યારે મને મનમાં સંકલ્પ થયો કે, આપણે આ ભગવાનને થાળ ધરાવીએ છીએ તો શું ખરેખર તે જમતા હશે ! જ્યાં મેં આ સંકલ્પ કર્યો ત્યાં તો પાઘવાળી મૂર્તિમાંથી મહારાજે હાથ બહાર કાઢી બે દ્રાક્ષ જમી ગયા. ત્યારે મને એમ થયું ખરેખર ભગવાન ભાવના ભૂખ્યા છે. આપણી ભાવના જો શુદ્ધ હોય તો મહારાજ જેમ આજે પ્રત્યક્ષ જમી ગયા તેમ દિવ્યરૂપે પણ થાળ જમે જ છે. પછી તો મોટા મુક્ત ભક્તોના મુખે દુબઈમાં ખૂબ જ મહારાજની કથા-વાર્તાનો લાભ મળ્યો. ત્યારે સૌ ભક્તો ખૂબ જ સંપીને ભાઈઓની જેમ હળીમળી મહારાજની સેવા-ભક્તિ કરતાં બહુ જ ત્યારે આનંદ આવતો જેનું કોઈ વર્ણન થઈ શકે તેમ નથી. સમય જતાં મહારાજને જૂનાગઢ જઈ મને પ્રત્યક્ષ દર્શન અને સેવાની ઇચ્છા થઈ એટલે શાંતિલાલભગતે મહારાજને કઈ રીતે સેવા-પૂજા દ્વારા રાજી કરવા તે બધું જ શીખવ્યું હતું. જેથી મહારાજ પણ વિશેષ રાજી થાય.

તા.૩૦-૧-૮૩ના રોજ ફુલહાર લઈને મહારાજ પાસે આવ્યા અને હાર પહેરાવી રાજી કર્યાં. ગજરા હાથ-ચરણમાં બાંધ્યા પછી મહારાજે મને દિક્ષા મંત્ર આપીને પોતાની જનોઈ પહેરાવી મને બોલ્યા બધાને ઉપદેશ આપવો, દિક્ષા આપવી, મંત્ર આપવો. ભજન કરાવવું અને ત્યારે મહારાજે મને બીજું નામ આપ્યું, 'શ્વેતાયનાચાર્યજી મહારાજ' પછી રાજી થઈને ચિન્હોના દર્શન કરાવ્યાં. મહારાજે પોતાના જમણા પગનો અંગુઠો ચૂસવાનું કહ્યું, મેં પાંચ મિનિટ અંગુઠો મોઢામાં લઈને ચૂસ્યો. પછી મહારાજે અંગુઠો ધોઈને મને પાણી પાયું અને બોલ્યા આ જળ પીવાથી તારા ૨૩ વર્ષના જાણે-અજાણે કરેલા પાપ તે બળીને

આજે ભસ્મ થઈ ગયા અને આજથી તું મારો ચેલો ખરેખરો ભક્ત થઈ ગયો.

ભગવાન ભક્તોની પ્રસાદી જમતા હતા અને મને પણ પ્રસાદી આપતા હતા. કાજુ, બદામ, કિસમીસ, પિસ્તા અને ઘઉંનો પોક હતો. ભગવાન જમે અને મને આપતા હતા, લખવાનું ચાલું હતું. મારી સાથે વતો કરતા હતા અને છેલ્લે ઘઉંનો પોક આવ્યો ત્યારે મહારાજ જમ્યાં અને બોલ્યા બહુ જ મીઠો છે. ઘઉંનો પોક આ છગને મોકલ્યો છે, ભગવાન જમે પછી આપણે જમીએ તો તેવા ભક્તો વંથલીવાળા ભક્તો છે. ભગવાન જમે પછી જ છોકરાવને જમાડે માટે પોક મીઠો છે. ભગવાનની ખૂબ સેવા કરી આરતીમાં જવાનો સમય થયો ત્યારે ભગવાન બહાર માથે પાઘ છોગુંવાળી ખુરશી પર બિરાજમાન થયા, હું સેવા કરતો હતો ત્યાં આરતીના ડંકા પડ્યા બધા સંતો દોડતાં દોડતાં મંદિરે જતા હતા. મેં કહ્યું, મહારાજ સંતો જાય છે. ભગવાન બોલ્યા કે તેને એમ છે કે ભગવાન ડેરામાં બેઠા છે, તને એમ છે કે મારી સામે બેઠા છે તું સેવા કરે છે.

આમ ભગવાનની સેવા કરતો હતો. ત્યારે ભગવાને ખૂબ આશીર્વાદ આપ્યા કે, ખૂબ સુખી થાઓ ભક્તિ કરો, પ્રસાદી આપી સેવા આપી. હવે જમીને નીકળી જશો, જમીને ઉતારે ગયો, જવા માટે રજા લેવા ગયો, દંડવત્ કરી ભેટ્યો ભગવાન ખૂબ રાજી હતા. આશીર્વાદ આપ્યા. ખૂબ સુખી થાઓ, નાણા મળો અને ભગવાન ભજો. ભગવાન ભક્તોને દર્શન દેવા આવ્યા. હાથ જોડી નીચે નમસ્કાર કર્યાં. ભગવાન કહે સુખી થાઓ. તમારી સાથે જ લીએ, ભેળા છીએ, રક્ષામાં છીએ, ભજન કરજો પગે લાગીને નીચે આવ્યો અને પોરબંદર જવા રવાના થયો.

ભગવાનની આજ્ઞા લઈ બજારમાં ગયા બજારમાંથી બાટા કંપનીના સ્લીપર લીધા, પૂજા માટે મંદિરમાંથી માળા, કંઠી. બધી વસ્તુ પૂજાની લઈને ભગવાન પાસે આવ્યો. મહારાજ પુસ્તક લખતા હતા. મહારાજે લખવાનું બંધ કરી બોલ્યા શું લાવ્યા છો. મહારાજે ઊભા થઈને ૨૪ અવતારની મૂર્તિ પાસે બેઠાં અમો બેય જણા ચરણ દબાવવા લાગ્યા. મહારાજ પ્રસાદી જમતા હતા. અમોને પ્રસાદી આપતા હતા, જમાડતા હતા. મારી પૂજા પ્રસાદીની કરીને માળા ભગવાને ઘરીવાર ફેરવીને માળાને ડાળો આપ્યો કે માળા ઊંચી કરીને નાકની દાંડી ઉપર હાથ રાખી માળાને ડારો આપ્યો કે, આ મારા સેવકની સુદર્શન ચક્રની જેમ કાયમ રક્ષા કરજે. આમ ત્રણ વખત બોલ્યા અને કહ્યું, આ માળા પૂજામાં રાખજે અને મારો મંત્ર બોલી કાયમ ફેરવજે. પછી બધી વસ્તુ પ્રસાદીની કરીને ખૂબ ખૂબ આશીર્વાદ આપ્યા કે ખૂબ

સુખી થાઓ, ભગવાન ભજો. પછી બેય જણાને લાડું આપ્યાને કહ્યું કે, ઠાકોરજીને જમાડી આવો નળ પાસે જઈને બંને જણા હસતા હસતા ભગવાનનું નામ લઈ લાડવા જમતા હતા. ભગવાન પાસે આવ્યા. ભગવાનના ચરણ દબાવવા માંડ્યા. ત્યાર પછી મહારાજે સાકર પ્રસાદીની કરી આપી. કુંકાવાવ લઈ જવા માટે આપી. અમો લઈને થેલીમાં રાખી. ભગવાન પાસે આવ્યા ભગવાન ખૂબ રાજી થઈને દુબઈ મંડળને યાદ કરીને હસાવતા હતા.

મહારાજે ધોતી, કવર, ત્રણ ગંજી, સ્લીપર, નખ, દાતણ, સાકર, ગુલાબનો હાર પહેર્યો હતો તે આપ્યો. સાબુ રાખવાનું ખોખું, ચંદન, કંઠી, જોઈ બધી વસ્તુ પ્રસાદીની આપી.

મહારાજ તિલક કરી આચાર્યપદ આપીને બોલ્યા કે, ''જેમ રામના ગુરુ વશિષ્ઠ ઋષી હતા અને તેની ગાદી વર્ષો પહેલાં પુજાતી હતી તેમ આ પ્રગટ ભગવાનની ગાદી વર્ષો પછી કાયમ માટે આ પૃથ્વી પર પુજાશે. મારી ગાદી ઉપર મારી મૂર્તિ રાખજે ખાલી આસન ન રાખવું અને કાયમ સેવા-પૂજા કરવી એવી ભલામણ કરી.

તા.૨૫-૬-૮૫ના રોજ વિદેશથી આવી ડાંગથી બપોરે ૧ વાગે નીકળી પોરબંદર ગયો. પોરબંદરથી બે વાગ્યે જસદણ ગયો. મહારાજ પાસે જૂનાગઢ પાંચ વાગ્યે પહોંચ્યો. ત્યાં મહારાજની સેવા હેમંતભગત કરતા હતા. કમર દબાવતા હતા. મહારાજ એક તકિયો તથા ઓશીકું અને તેના પર ભગવો ટુવાલ નાખેલ હતો. મહારાજ બે કોણી તકિયા પર અને શીરપર હાથ હતા ને બિરાજમાન હતા. ત્યાં હું મહારાજને જય સ્વામિનારાયણ કહી દંડવત્ કરવા માંડ્યો. ત્યાં મહારાજ કહે, હેમંત સેવા કરવાવાળો આવી ગયો. તરત જ મહારાજ કહે, રાખો. પછી હેમંતભગતને કહે, તું જા હવે આ દબાવે છે. પછી ભગત મહારાજની કમર દબાવતા હતા. તેમજ હું પણ દબાવવા માંડ્યો. હું સેવા કરતો જ હતો પછી મહારાજે ટુવાલ વાસા પર નાખીને કહે, હવે વાસો દબાવ. મહારાજની સેવા કરીને બધાના સમાચાર પૂછ્યા અને પછી મહારાજ કહે, જાઓ હેમંતભગતને ત્યાં થેલો રાખી આવ. પછી આરતીનો સમય થવા આવ્યો હતો. હું ભગતના રૂમમાં ગયો પછી આરતીમાં ગયો. આરતી પછી જમીને સાડા આઠ વાગે મહારાજની સેવા કરવા ગયો અને તે પહેલાં મહારાજે રતિલાલભગતના સેવકને અને બીજા ભક્તોને હાર લેવા મોકલેલા હતા. સાંજના હાર મળી ગયા હતા અને હું તો મહારાજની સેવા કરતો હતો. મહારાજ પલંગની બાજુમાં નીચે બિરાજમાન હતા. મહારાજ કહે, જેને ભગવાન સિવાય બીજું ગમતું નથી તેને પછી માયા બંધન કરતી નથી. સગા-સંબંધી બીજી વાતો કરે તેમાં ફાવે નહીં અને ખુરશી પર સુઈ

જાય પછી શું કરે ? ભગવાન સંભારે. મહારાજે મારી બધી વાત કરી. ભગવાન અંતર્યામી છે. હું જ સગા-સંબંધીને ત્યાં જતો અને તે પહેલાં બધા લોકોની વાતો કરે રાજકારણની વાતો કરે મને ફાવે નહીં. પછી ખુરશી પર સુઈ જતો અને મનમાં ભગવાનને સંભારતો. આ વાત મહારાજે મને યાદ કરાવી.

મહારાજ કહે, આ અમેરિકા અને રશિયાએ એવા વિમાન બનાવ્યા કે ચંદ્રલોકમાં જાય અને તે નીચે બેઠા બેઠા જેમ ચાવી ફેરવે તેમ વિમાન ઉપર હોયને તેમ ચાલે આવા યંત્ર છે. તેમ આ બ્રહ્માંડોમાં હું અહીં બેઠો બેઠો જેમ સંકલ્પ કરું તેમ સર્વે બ્રહ્માંડોમાં થયા કરે છે. બધાયની ચાવી મારા હાથમાં છે હું કરું તેમ થયા કરે છે પણ મારો ભક્ત ખરો હોય એ તો એમ માને કે ધન્ય છે કે આપણને તો ભગવાન મળ્યા છે. હું તો આત્મા છું, બ્રહ્મ છું, પરમધામનો મુક્ત છું. ત્યાંનો રહેવાસી છું અને ભગવાન મારા સાથે જ છે તેમ માને. આમ મારો ભક્ત મારા કેફમાં ને કેફમાં વર્તતો હોય, નિષ્કપટી હોય કોઈની પરવાહ કર્યા વગર ભજન કર્યા કરે ને સેવામાં પાછો ન હટે. ભગવાન કહે તેમજ કરે તેને પછી આ જગતનું પદાર્થ કે માયા બંધન કરી ન શકે.

ભગવાનના કેફમાં અલમસ્ત વર્તે છે ત્યારે મહારાજ લટકા કરતા કરતા વાત કરતા હતા પછી મહારાજના ફોટા પાડવાની મેં વાત કરી. મહારાજ કહે, ચાલ તારે જેમ પાડવા હોય તેમ પાળી લે પછી એક રોલ ફોટા પાડ્યા અને મહારાજ હાથમાં સળી લઈને ૨૪ અવતારની મૂર્તિ પાસે મને લઈ ગયા અને મહારાજ કહે તારે બધા જ ઉપદેશ કરવો અને ધીરે ધીરે બધાને સમજાય અયોધ્યામાં વશિષ્ટ ઋષીની ગાદી પહેલેથી પુજાય છે તારે અહીંથી જઈને એક બાજુ ભગવાનની મૂર્તિ છે ત્યાં જ મારી ગાદી પૂજવા ચાલુ કરી દે પછી ધીરે ધીરે બધા આચાર્યની ગાદી પણ ચાલુ કરવી છે. તું પ્રથમ ચાલુ કરી દે અને શામજીને તથા તેને વાત કરવાની કે આ ગાદીને કાયમના માટે આરતી ચાલું રાખવી અને તારે એમ કરવું કે ગાદી પર મારી મૂર્તિ પધરાવી દે ને બીજાના વાઘા ન આવે કે આ કેમ આસન ખાલી છે પછી તારે એમ કહેવું કે આ અનાદિ શ્રીકૃષ્ણનારાયણની આપેલ ગાદી છે. મહારાજે એક આસન મને પ્રસાદીનું આપેલ છે અને મહારાજ કહે ગાદીની આરતી જઈને જ ચાલુ કરી દેવી. મહારાજ મને ચાંલ્લો કરે અને ભક્તોને આનંદ ઉપજાવે છે અને મેં કંઠી પ્રસાદીની કરાવી. માળા આદિ વસ્તુ પ્રસાદીના ગુલાબનો હાર તથા બધી વસ્તુ લઈ હું તો ઉતારામાં હેમંતભગત સાથે હતો ત્યાં બેગમાં રાખીને ભગત પાસે થોડીવાર આરામ કર્યો પછી સ્નાન કરી ૩-૩૦ વાગે

મહારાજના દર્શન કરવા ગયેલો. મહારાજ પુસ્તક ચેક કરતા હતા અને હું જઈને મહારાજની સેવા કરતો હતો. મહારાજ કહે, અ પુસ્તક છેલ્લું છે હવે મારે બધું લખવાનું કામ પૂરું થયું. હવે તો ભક્તોને સુખ દેવાને આરામ કરવો છે આમ મહારાજ વાતો કરતા હતા.

તા.૧૨-૭-૧૯૮૫ના રોજ અમો બંને જણા મહારાજના દર્શન કરવા માટે ટુકડાથી સવારે છ વાગે નીકળેલા. પોરબંદર ગયા ત્યાંથી જૂનાગઢવાળી એક્સપ્રેસ બસ સાત વાગે ઉપડે છે તેમાં બેઠા. ભક્તોએ મહારાજ માટે આપેલ વસ્તુ મારી સાથે હતી. અમે જૂનાગઢ ૧૦ વાગે પહોંચ્યા. ઉતારા કર્યા પછી હું બધી વસ્તુ હતી તે લઈ મહારાજ પાસે ગયો જય સ્વામિનારાયણ  કરી દંડવત્ કરતો હતો. મહારાજ કહે, હવે હાવ રાખો. મેં મહારાજને કહ્યું કે, મહારાજ બધા મંડળે દંડવત્નું કહ્યું છે. મહારાજ કહે, જેને કહ્યું હોય તેના નામ લે. પછી ભક્તોના દંડવત્ કર્યા ત્યારે મહારાજ શાસ્ત્ર લખતા હતા. મહારાજે તરત જ અંગુઠાનું જળ આપ્યું અને વાસામાં થાપા માર્યા ને કહ્યું, સુખી થાઓ. પછી મેં બધા ભક્તોના જય સ્વામિનારાયણ કર્યા. મહારાજના ચરણો દબાવતો હતો ને મહારાજે લખવું બંધ કર્યું ને મહારાજે બધા શ્રીહરિ શરણાગતિ મંડળના સમાચાર પુછ્યા. કાંતિલાલ ભગતની બીમારીની વાત કરી. મહારાજ કહે, સારું થઈ જશે. જયંતિલાલ હંસરાજ ચાવડાવાળાની વાત કરી કે, મહારાજ આજ્ઞા આપે તો હું દેશમાં આવું. મહારાજ કહે, હું વિચાર્યા જ કરું છું કે મારા ભક્તો કેમ સુખી થાય અને કેમ એને પૈસા વધારે મળે. તેને હજી ત્રણ મહિનાનું કામ તો છે. મેં કહ્યું, મહારાજ એટલું કામ છે. મહારાજ કહે માવતર તો લખે કે લગ્ન કરવા છે તો આવી જા પણ ત્રણ મહિના વધારે રોકાય તો લગ્નના પૈસા નીકળી જાય તે વિચાર ન કરે. અત્યારે આવે તો ૧૫ હજાર કંપનીમાંથી ન મળે. અહીં ત્રણ મહિનાના ૧૫ હજાર કોણ આપે ? જો રોકાઈ જાય તો એના લગ્નનો ખર્ચ નીકળી જાય. મહારાજ કહે, લખી નાખજે તું કાગળમાં કે હમણાં ફિનીશ થઈને આવતો નહીં.

મહારાજને આરામનો સમય થઈ ગયો. હું જમવાનું લઈ ઉતારે ગયો. મારી સાથે હરિકૃષ્ણ ભગવાનજી ભગતનો સેવક હતો. થોડો આરામ કર્યો અને સ્નાન કરી પાછા મહારાજના દર્શન કરવા ગયો.મહારાજની સેવા કરી. ઘણીવાર પછી મહારાજે થોડીક આચાર્ય વિશે વાત કરી. મહારાજ કહે, હવે બજારે જઈ આવો. અમો ફુલહાર, પ્રસાદી થોડીક વસ્તુ લેવા બજારમાં ગયા.

બીજે દિવસે સવારે હું વહેલો ઉઠી, પૂજા કરી અને પાંચમાં દશ મિનિટની વાર હતી

ત્યાં મહારાજના દરવાજા બંધ હતા. એક ટકોરો કર્યો હેમંતભગતે તરત જ દરવાજો ખોલી દીધો. હેમંતભગતે લાઈટ ચાલુ કરીને તરત જ મહારાજ માટે પાણીની ડોલ તૈયાર કરી અને હું તો મહારાજના દર્શન કરતો હતો. મહારાજ તો પલંગ પર પોઢ્યા છે. હું મનમાં વિચાર કરતો હતો કે મહારાજ તો જાગતા જ હોવા જોઈએ. ''રજની વિતી વેણલું વાયુ પંખી વનમોર બોલે રે, જાગોને ગોપાળ કુંવર...'' આમ એક કડી ગાઈને મનમાં મનમાં હસતો અને આનંદ થતો હતો. મહારાજના છપ્પર પલંગ પર મચ્છરદાની હતી. મહારાજનો એક હાથ બાજુમાં ઘુસા ઉપર હતો અને એક હાથ મસ્તક પર હતો. પછી મહારાજે તરત જ જમણા પગનો અંગુઠો મંડ્યા હલાવવા. એટલે મને થયું કે મહારાજ તો જાગે છે. હું મનમાં આનંદ માણતો મચ્છરદાનીની અંદર ગયો. મચ્છરદાની અંદર પ્રગટ ભગવાનના દિવ્ય સ્વરૂપની સુગંધ આવતી હતી. અંદર જતા જ મને તો અતિ આનંદ થવા લાગ્યો. મનમાં વિચારતો હતો કે ભગવાને આપણા ઉપર કેટલી દયા કરી છે. પછી મહારાજના ચરણો, સાથળમાં સેવા કરવા માંડ્યો. મહારાજ કહે, વહેલો આવી ગયો. મેં કહ્યું, હા મહારાજ. મેં ૧૦ મિનિટ સેવા કરી.

પછી હેમંતભગતે મચ્છરદાની ઉપરથી ઉતારી. મહારાજ બેઠા થયા અને બાથરૂમમાં ગયા. હેમંતભગતે દાતણ તૈયાર રાખેલું હતું. મહારાજે દાતણ કર્યું અને સ્નાન કરવા ડોલની બાજુમાં બેઠા અને મને પણ ઈચ્છા હતી મહારાજને સ્નાન કરાવવાની. મહારાજને સ્નાન કરાવ્યું અને મહારાજના ફોટા લેવાના ચાલુ કર્યા. સવારમાં સ્નાન કરતો ફોટો લીધો. મહારાજ સ્નાન કરીને બહાર રૂમમાં આવ્યા અને હેમંતભગતને કહે, એક આ ફોટો લઈ લે. હું બાજુમાં જ ઊભો હતો. મહારાજ અતિ રાજી થઈને આપણે જેમ કહીએ તેમ મહારાજ ફોટા પાડવા દેતા હતા. મહારાજ પૂજા કરવા બેઠા અને મેં મહારાજને ગુલાબનો હાર પહેરાવ્યો અને અત્તર, સેન્ટ આપ્યું અને મહારાજ કહે આ મસ્તક પર છાંટ. મહારાજ કહે ઠંડુ છે. કેસરની ડાબલી આપી તો મહારાજ કહે, સારું કામ થયું હમણાં કેસર ખલાસ હતું. પછી મહારાજની મેં આરતી ઉતારી અને બાજુમાં બેઠો ત્યાં ભક્તો દર્શન કરવા આવ્યા દંડવત્ કર્યા અને મહારાજ ભક્તોને એક એક સાકરનો ગાંગડો આપે તેમ ભક્તો પ્રસાદી લઈને ચાલ્યા જાય. હું મહારાજની બાજુમાં જ બેઠો હતો. ભગવાન તો પૂજા થઈ રહી ત્યાં હેમંતભગત ચા લઈને આવ્યા. મહારાજે તરત જ કેશરની ડાબલીમાંથી બે રકાબીમાં કેસર નાખ્યું અને મને સંકલ્પ થયો કે, પ્રસાદી મળે તો સારું તરત જ મહારાજે ચા અડધી રકાબી તેમાંથી મને આપી. ભગવાન તો ભક્તો સંકલ્પ કરે તે સંકલ્પો પૂરા કરે. મહારાજ મને કહે, જા ઉતારે

ચા આપી આવો. પછી પ્રસાદી, ફૂલના હાર લઈને હું ઉતારે ગયો ત્યાં મહારાજની પ્રસાદી જમ્યાને ચા નાસ્તો કર્યો.

સવારે નવ વાગવા આવ્યા ત્યારે હું ફરી મહારાજના દર્શન કરવા ગયો. મહારાજ ખુરશી પર બિરાજમાન હતા દંડવત્ કરી ચરણસેવા કરવા બેઠો. મહારાજ માળા કરતા હતા. મને મનમાં ને મનમાં ઘણી સેવાના સંકલ્પ થતા હતા. મહારાજ તો આંખો મીંચીને બેઠા હતા. પછી મહારાજને મેં વાત કરી કે મહારાજ કૃપા કરી દિવ્યસેવાનો લાભ આપો. મહારાજ કહે, તું ક્યારનો સંકલ્પ કરે છે. ત્યાં ૯ ને ૩૦ મિનિટ થઈ ત્યાં ઘડિયાળનો ડંકો પડ્યો. મહારાજ મને કહે કેટલા વાગ્યા ? મેં કહ્યું, મહારાજ સાડા નવ વાગ્યા. મહારાજ કહે, આ આગળની જાળી બંધ કર હવા બહુ આવે છે. પછી મેં આગળની જાળી બંધ કરી. મહારાજ તો ખુરશી પર જ બિરાજમાન હતા. હું તો મહારાજની સેવા કરતો જ હતો ત્યારે મહારાજ ખુરશી પર જેમ માણસ આરામ કરે તેમ થોડા લાંબા થયા અને ૧૫ મિનિટ પછી મહારાજ પલંગ પર બિરાજમાન થયા અને હું તો ત્યાં પણ મહારાજની ચરણ સેવા કરવા લાગ્યો. મહારાજ કહે, ગરમી બહુ થાય છે માટે પંખો ચાલુ કર. મેં પંખો ચાલુ કર્યો. છતાં પરસેવો સૂકાતો ન હતો. એટલે મહારાજ મને કહે, હવે તું થાક્યો લાગે છે. પરસેવાથી તારું ખમીસ ભીંજાઈ ગયું છે. માટે હવે તું ઉતારા પર જા અને આરામ કર. મેં ઉતારે જઈ આરામ કરી બપોર પછી ચાર વાગ્યે મહારાજ પાસે ઘરે જવા રજા લેવા ગયો.

ત્યાં દેવસ્વામી મહારાજ પાસે આવ્યા ને કહ્યું, મહારાજ આપણાં નવા બાલમુકુંદ ભવનનાં વાસ્તા માટે તમને યોગ્ય લાગે એ તારીખ અને તિથિ લખી આપો. એટલે મહારાજે હાથમાં કલમ લઈને ''શ્રાવણ સુદ-૧૩, તા.૨૮-૮-૧૯૮૫''નું મુહૂર્ત આપ્યું અને ત્યારે મને પણ કહ્યું કે, તમે પણ આ તારીખ લખી લેજો અને સમયસર બાલમુકુંદ ભવનનાં વાસ્તાના સમૈયામાં પધારજો. પછી હું મહારાજને દંડવત્ પ્રણામ કરી ઘરે જવા નીકળી ગયો.

તા.૨૭-૮-૮૫ હું અને મારો ભાઈ શામજી બાલમુકુંદ ભવનના વાસ્તામાં ગયેલા...

અમો સાંજે ૪-૦૦ વાગ્યે જૂનાગઢ પહોંચ્યા. શ્રીહરિ શરણાગતિ મંડળના ભક્તો ભરચક હતા. ભક્તો મહારાજનો દિવ્ય બાલમુકુંદ ભવન શણગારતા હતા. ભક્તોમાં ખૂબ ખૂબ આનંદ છવાઈ ગયો હતો. ભક્તો એકમેકને બાથ ભરીને ભેટતા હતા અને પછી હું મહારાજના દર્શન કરવા ગયો. મહારાજ પાસે ભક્તો અને જીરાગઢ મંડળ બેઠું હતું. ભક્તો

૧૬ હતા. મહારાજે બધાને કંઠી બાંધી.

મહારાજને દંડવત્ કરી હું પણ બધા સાથે બેઠો. ત્યાં બે ગઢડાવાળા સંતો આવ્યા. મહારાજને પગે લાગીને બેઠા સાથે કોઠારી તથા દેવસ્વામી તથા હેમંતભગત હતા. ત્યારે મહારાજ કહે, હવે સર્વે મંડળ આરામ કરો. મહારાજ તો તકિયાના આધાર લઈ બેઠા. હું અને દેવરાજભગત તથા જયસુખભગત મહારાજના અંદરના રૂમમાં ઊભા હતા.

સંતો મહારાજને વાત કરતા હતા. મહારાજ ગઢડા ઉત્સવ ઉજવવો છે પણ પાણીની બહુ તકલીફ છે. ઘેલા નદી સાવ કોરી ધાકડ પડી છે. ઉત્સવ થઈ શકે તેમ નથી. પાણી પણ ન હતું. પણ આપની દયાથી પાણી આવ્યું છે તો બે મશીન ચાલે છે ને સંતોને પાણી મળે છે. બધા દેવની ચિઠ્ઠી નાખેલ પણ પાણી ત્યાં આવેલ ન હતું. પછી આપના પર વિશ્વાસ રાખી આપના નામની ચિઠ્ઠી હતી ત્યાં જ બે મશીનનું પાણી થયું છે. સંતો મહારાજને પ્રાર્થના બે હાથ જોડીને કરતા હતા કે, મહારાજ જો વરસાદ થાય અને ઘેલા નદી છલકી જાય તો પાણીની મુસીબત ઓછી થાય. મહારાજ તો તકિયાના આધારે બિરાજમાન હતા અને પાંચ મિનિટ તો ન બોલ્યા ને પછી મસ્તક પર હાથ ઉતારીને મહારાજે હાથ ઉંચો કરીને આશીર્વાદ આપ્યો કે જાઓ ઉત્સવ ઉજવો. ભગવાન તમોને પાણી આપશે પછી સંતો મહારાજને કહે, મહારાજ તમો ત્યાં પધારશોને ? આ સ્વરૂપે નહીં આવી શકો પણ મહારાજ દિવ્ય સ્વરૂપે ત્યાં પધારશો તો પણ અમારું કાર્ય પૂર્ણ થશે. મહારાજ કહે, જાવ ભગવાન બધું કામ કરશે પછી સંતો મહારાજને પગે લાગીને રવાના થયા. દરવાજા બહાર નીકળ્યા ત્યાં અમે બાજુના દરવાજામાંથી મહારાજ પાસે આવ્યા. અમારી ઇચ્છા તો સેવા કરવાની હતી કે ભેળા મળી મહારાજની સેવા કરીએ. અમોએ મહારાજને પ્રાર્થના કરી કે, મહારાજ સેવા કરવા રોકાયા છીએ. મહારાજ કહે, કાલે મારે ઘણું કામ છે. માટે અત્યારે જાઓ, આરામ કરો. પછી તો મહારાજ જેવી તમારી મરજી. અમો પગે લાગી બહાર આવ્યા. મહારાજે દરવાજો બંધ કર્યો.

અમે તથા જીરાગઢ મંડળ કોઠારી સ્વામીનો રૂમ છે ત્યાં ફુલહાર પરોવવા ગયા અને ભક્તો મહારાજના લીલાચરિત્રોની વાતો કરતા હતા. અમુક ભક્તો ફુલહારથી બાલમુકુંદ ભવનને શોભાયમાન કરતા હતા. રાતના ભક્તો આનંદ તો હતો પછી ફુલહારનું કામ પૂરું થઈ ગયા પછી ભક્તો કહે હવે આરામ કરો. બધા ભક્તો ઉતારે ગયા. રાતના દોઢ વાગ્યા હતા અને અબુધાબી મંડળ, પૂનામંડળ, દયાળજીભગત, પ્રાગજીભગત, અંબાલાલભગત, ચંદુલાલભગત, દેવરાજભગત, કાન્તિલાલ ભગત, ઓધવજીભગત આદિ સર્વ મંડળમાંથી

બે-ત્રણ ભક્તો હાજર હતા. એટલે મહાસભા થઈ. સૌ મહારાજના લીલાચરિત્રની વાતો કરતા હતા. મહારાજે ભક્તોને સુખ આપ્યા તે વાતો થતી હતી. પછી ભક્તો સવારે મહારાજના દર્શન કરવા ગયા ત્યાં પણ રૂમમાં માણસો સમાતા ન હતા. પાંચ વાગ્યા ત્યાં તો મહારાજ સ્નાન કરી પૂજા કરી ભક્તોને દર્શન આપવા બિરાજમાન થઈ ગયા હતા. મહારાજના દર્શન કરી રવાના થઈ બીજા ભક્તોનો વારો આવે તેમ સવારે દર્શન કરી ભક્તો જતા. ત્યાં સર્વે ઠેકાણેથી ભક્તો આવતા જ હતા. રાજકોટ મંડળ, વંથલી મંડળ, કુંકાવાવ મંડળ બસો લઈને પધાર્યા. મહારાજના ભક્તો દર્શન કરીને મંદિરમાં જતા. પછી સભામંડપમાં પ્રવચન રાખવામાં આવ્યું હતું ત્યાં ભક્તોની ભીડ જામી. સર્વ સંતો પધાર્યા અને મહારાજ પણ બિરાજમાન થયા. મહારાજ ફુલના હારથી શોભતા હતા. પ્રથમ મહારાજે જે સંતો, ભક્તો અને સત્સંગીઓ આવ્યા હતા તેને આશીર્વાદ આપ્યા. પછી મહારાજે પ્રવચનમાં ગઢપુરની ભૂમિ, વડતાલની ભૂમિ, જૂનાગઢની ભૂમિની વિશેષતા બતાવી. ભક્તોને આશીર્વાદ અને ઉપદેશ આપ્યો કે, ભગવાન અને સંતો લેખે વાપરો તો તમારે સોનાની લગડીઓ ને લગડીઓ નીકળ્યા જ રાખશે, ખુટશે જ નહીં, થર ને થર આવ્યા રાખશે.

પછી સંતોએ મહારાજ વિશે જેણે જેવા જાણ્યા હતા તેવા પ્રવચન કર્યા હતા. જામજોધપુરના શાસ્ત્રી ભગવતચરણદાસજી એ મહારાજ તો સાક્ષાત્ પ્રગટ ભગવાન છે તેમ વાત કરી હતી. સભાની પૂર્ણાહુતિએ મહારાજના ગુલાબના હારની પ્રસાદી લેવા માટે ભક્તો ઊમટી પડ્યા હતા. ધકાધકી થઈ ત્યારે અમદાવાદના બ્રહ્મચારી સ્વામી મહારાજને કહે કે, સ્વામી આમને ના પાડો. આ બહુ ગરદી થઈ છે. મહારાજ કહે, અત્યારે આ બધા મારું માને તેમ નથી. પછી મહારાજે મને હાર પહેરાવ્યો હતો તેમાંથી પણ ભક્તો મંડ્યા ફુલ તોડવા પછી મારા હાથમાં ખોબામાં આવ્યો તેટલો હાર રહ્યો. બાકી બધા ભક્તો લઈ ગયા પછી હું તો ખોબો વાળીને સીધો ઉતારે ગયો. મહારાજ તો પછી સભામંડપમાંથી કઈ રીતે નીકળી ગયા કંઈ ખબર ના પડી. ઉતારે ગુલાબ પાંખડી રાખીને પાછા બીજા બધા ભક્તો સંતોને જમાડવા, ભક્તોને જમાડવામાં રહ્યા હતા. ત્યાં હું અને જયંતિભાઈ અમોએ નક્કી કર્યું હતું કે, આપણે મહારાજના દર્શન કરવા જાઈએ. તો જૂના રૂમમાં તો તાળું હતું. બીજા સ્વામી કહે, મહારાજ બાલમુકુંદ ભવનમાં હવનમાં બીડું હોમવા ગયા છે. તો અમો દોડતા મહારાજના ભવનમાં પહોંચ્યા ત્યાં મહારાજને બ્રાહ્મણ ચાંલ્લો કરતા હતા ત્યાં હું પણ બાજુમાં જ ઊભો હતો. મહારાજ બ્રાહ્મણને કહે, આને પણ ચાંલ્લો કરો. બ્રાહ્મણે મને ચાંલ્લો

કર્યો. હવન વિધિ ચાલુ થઈ પછી પૂરી થઈ ત્યાર પછી બધા સભામંડપમાં જમવા ગયા.

હું તથા ખીમજીભગત રોકાયા હતા. ખીમજીને મહારાજના પ્રથમ જ દર્શન હતા. તો મહારાજ કહે, બેમાંથી ત્રણ થયા. ખીમજીને મહારાજે થાપો માર્યો અને કંઠી બાંધી મંત્ર આપ્યો. પછી મેં મારા ઓપરેશન કરવાની ચીઠ્ઠી પ્રવીણભગતને આપી દીધી હતી. તેમણે મહારાજને આપ્યા પછી મહારાજ વાંચીને કહે, બધા સારાવાના થશે પછી મેં રજા લીધી ને જામનગર જવા નીકળ્યો. બધા ભક્તો કુંકાવાવ ગયા. અમે તો સાંજે આઠ વાગ્યે જૂનાગઢથી નીકળ્યા અને જામનગર આવ્યા. જામનગર ચાર દિવસ રોકાયા.

હું છેલ્લીવાર જ્યારે જૂનાગઢ મહારાજના ગયો ત્યારે મહારાજે ખૂબ જ દર્શન સેવાના મને સુખ આપ્યા અને ઉપદેશ પણ આપ્યો કે, તમે દ્રૌપદીના જેવી ભૂલ ના કરતાં. દ્રૌપદીના જ્યારે ચીર હરણ થતાં હતાં ત્યારે જો દ્રૌપદીએ તરત જ અંતર્યામી એવા એના હૃદયમાં બેઠેલા ભગવાન શ્રીકૃષ્ણને તરત જ યાદ કર્યા હોત તો ભગવાન તરત જ આવી તેની રક્ષા કરત પણ અંતર્યામી એવા ભગવાનને યાદ કરવામાં મોડું કર્યું જેથી સમયે રક્ષા ન થઈ શકી પણ ભગવાન દયાળું છે જે સંપૂર્ણ દ્રૌપદીના ચીર હરણ ન થવા દીધા અને તેની લાજ બચાવી લીધી. તમને એટલા માટે આ વાત કરું છું કે, જ્યારે જીવનમાં દુઃખ કે સંકટ આવે ત્યારે મને અંતર્યામી પ્રગટ ભગવાનને સંભારશો એટલે હું જરૂર આવી જઈશ. આમ વાત કરી મહારાજે મારા ખભે હાથ રાખી અને રૂમમાંથી બહાર ગેલેરીમાં આવ્યા અને ત્યાં મને જમીનથી છત સુધી મોટા થઈ મહારાજે મને વિરાટ સ્વરૂપના દર્શન આપી આશિર્વાદ આપ્યા કે જાવ ભજન-સેવા કરજો. બીજાને પ્રગટ ભગવાનની ઓળખાણ અપાવજો અને મારા કાર્યો કરી ડંકો વગાડી પરમધામમાં આવજો.

આ છેલ્લા દર્શન આપી સમય જતાં મહારાજે બીજા જ વર્ષે સ્વધામગમન કર્યું. અમે સૌ ભક્તો ત્યારે દુબઈ હતા. મહારાજના ધામગમનનાં સમાચાર સાંભળી સૌને ખૂબ જ દુઃખ થયું. હું તો ઘણીવાર બેશુદ્ધ પણ થઈ જમીન પર ઢળી પડ્યો. થોડાં દિવસ તો મહારાજના વિયોગમાં અન્ન-જળ-નિંદ્રાનો પણ ત્યાગ કરી માત્ર રડ્યા જ રાખતો. ત્યારે બીજા ભક્તોએ આશ્વાસન આપી મને શાંત કર્યો. થોડાં દિવસ પછી દુબઈથી જૂનાગઢ આવી પછી જામવંથલી આવ્યો ત્યાં હિરાબાપાના ઘરે એક રૂમમાં ત્રાસમાં મહારાજનાં અગ્નિસંસ્કારમાં પ્રભુનું હૃદય જે નહોતું બળ્યું તેના દર્શન કર્યા ત્યારે ભક્તોએ કહ્યું કે, આપણે મહારાજના આ હૃદયને ફુલવાડી મંદિરના મધ્ય શિખર નીચે ત્રાંબાના ઘડામાં રાખી પધરાવવું છે. શ્રીહરિ શરણાગતિ

મંડળના આચાર્ય હોવાથી તમે સર્વ ભક્તો વતી આ કાર્ય કરો. પછી ભક્તોએ મારા મસ્તક પર એ હૃદયયુક્ત ઘડો મૂક્યો ત્યારે થોડી ક્ષણ માટે તો મને અનંત આત્માઓની દિવ્ય ગતિ થતી હોય એવા અલૌકિક દર્શન થયા.

તે દિવસે રાત્રે સૂતા સૂતા મને વિચાર આવ્યો કે, આજે મને જે દર્શન થયા તે શું હશે ? તો મને મહારાજે સ્વપ્નમાં દર્શન આપી કહ્યું કે, ''મારું હૃદય જૂનાગઢથી ફુલવાડી સુધી આવ્યું ત્યારે રસ્તામાં મારા હૃદયને વાયુ દ્વારા પણ જે જે આત્માનો સ્પર્શ થયો તેને મેં કૃપા કરી મારા પરમધામમાં વાસ આપ્યો તે દિવ્ય આત્માઓના તમને આજે મેં દર્શન કરાવ્યા.'' આ રીતે પ્રગટ ભગવાનનું પ્રસાદીનું હૃદય એ પણ અનેક જીવાત્માઓનું કલ્યાણ કરવા સમર્થ છે.

ફુલવાડી મંદિરનું કાર્ય પૂર્ણ થયા બાદ મધ્ય શિખરમાં મહારાજની પંચધાતુની મૂર્તિ બનાવવાનું કાર્ય નાગપુર આપવામાં આવ્યું ત્યારે મેં લાખો રૂપિયાની એક નોકરીને ઠુકરાવીને પણ મહારાજની મૂર્તિનું કામ સારું થાય તે માટે મોટા ભક્તોએ મને જે જવાબદારી સોંપી હતી તેને ધ્યાનમાં રાખીને હું દુબઈથી ફુલવાડી આવ્યો. ત્યાર પછી વેલજીભગત અને સાથે મારે પણ અવારનવાર નાગપુર જઈ મૂર્તિના કાર્યના દેખરેખ માટે જવાનું થતું. પહેલાં તો બે વાર મૂર્તિમાં કંઈકને કંઈક અપૂર્ણતા રહી જતી તેથી એકવાર મને અતિ દુઃખ થયું, હું જમ્યો પણ નહીં ત્યારે મહારાજે મને હીરા-માણેકથી ઝળહળતા સુવર્ણના ઝુલા પર જુલતાં હોય તેવા દર્શન આપતા કહ્યું કે, કેમ આજે જમ્યો નથી ? તો મેં મહારાજને કહ્યું, મહારાજ મૂર્તિનું કાર્ય આગળ વધતું નથી માટે દુઃખ થાય છે. તો મહારાજ કહે, એ તો આ બંદો ધારે ત્યારે કામ પૂરું થાય. માટે જા હવે મારી મૂર્તિ પરિપૂર્ણ મારી ઈચ્છા પ્રમાણે રમણીય સુંદર બનશે. આમ કહી ત્યારે મહારાજે આશ્વાસન આપ્યું અને એમ જ બન્યું. પછી જે મૂર્તિ ઢળાઈ તે પરિપૂર્ણ બની ગઈ અને સૌ મુક્ત ભક્તો રાજી રાજી થઈ ગયા.

પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણ ભગવાનની કૃપાથી જીવનમાં ખૂબ જ મહારાજની સેવા-ભક્તિ અને કાર્યો કરવાનો મને લાભ મળ્યો છે અને આજે અમારા પરિવારમાં સૌ ભાઈઓમાં શામજીમહારાજ, ખીમજીમહારાજે પણ પ્રગટ ભગવાનની હયાતીમાં કંઠી બાંધી શરણાગતિ સ્વીકારી છે તેમજ હાલમાં ફુલવાડી મંદિર જેવા પ્રસાદીના ધામોની સેવા-પૂજા કરી રહ્યા છે. જેથી અમે સૌ ધન્યતાનો અનુભવીએ છીએ.



પરચા નં.
૯.

## પ.પુ.શ્રી વલ્લભવ્યાસાચાર્યજી મહારાજ - દિનેશમહારાજ વ્યાસ
### ગામ : મોટી કુંકાવાવ, હાલ- સૂરત

**પ્રગટ** ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણની કૃપાથી મારો જન્મ કુંકાવાવ જેવા મહાન તિર્થમાં થયો છે. અમે નાના જુવાન છોકરા હતા ત્યારે સ્વામિનારાયણ મંદિરે જતા અને ત્યાં કિર્તનો બોલતા. આમ અમે બ્રાહ્મણ એટલે અમારી ઉપાસના ભોળાનાથની અને મા ગાયત્રીની હતી. પણ મિત્રો ભેગા સ્વામિનારાયણ મંદિરે જતા ત્યારે જૂનાગઢના સંતો આવતા અને કથા-વાર્તા કરતા. તે રીતે અમે સત્સંગી થયા. આમ ભગવાનના અલૌકિક દિવ્ય ચરિત્રોથી મન સત્સંગમાં અતિ દૃઢ થયું. ત્યારે મનમાં સંકલ્પ જાગ્યો કે આપણને અતિ મોટા દિવ્ય સંતનો મેળાપ થાય ત્યારે દિક્ષા લેવી. આમ કંઠી તો પહેરતા પણ દિક્ષા ક્યારેય લીધેલી નહીં. દિક્ષા લીધા પહેલાં એક વર્ષ મારા મિત્રો ભેગો હું મહારાજના જન્મસ્થળમાં ભજનમાં ગયો. ત્યાં મને અલૌકીક શાંતિ-આનંદ પ્રાપ્ત થયો. તેથી અમે દરરોજ જન્મસ્થળે ભજન કરવા લાગ્યા. જોત જોતામાં એક વર્ષ થઈ ગયું. તે દરમ્યાન પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનો મહિમા જાણવામાં આવ્યો. તેથી જૂનાગઢ જવાની મનમાં તાલાવેલી જાગી.

આમ ભગવાને ભક્તો અને ભજન દ્વારા પોતાની ઓળખાણ આપી હતી. આમ ભગવાન કંઈક લીલાચરિત્ર કરીને પોતાના ભક્ત જીવાત્માને પોતાનામાં આકર્ષણ કરાવીને પોતાનો ભક્ત બનાવી શરણમાં લઈ લે છે.

એક વખત અમારે જૂનાગઢ જવાનું થયું અને મહારાજ સાથે પહેલી વખત મળવાનું થયું. અમે જૂનાગઢ ગયા સાથે બે મિત્રો હતા. અમે કુંકાવાવથી આવીએ છીએ ને કુંકાવાવના બાપાને મળવું છે. ત્યારે કહે, શાસ્ત્રીજી મહારાજને મળવું છે તો એ સામે બાલમુકુંદ ભવનમાં છે. અમે ત્યાં મહારાજ પાસે ગયા. મહારાજ કહે, તમે ક્યારનાય આમતેમ આંટા મારો છો. હું અહીં તમારી રાહ જોઉં છું. એમ કહી મહારાજે કૃપા કરી ચરણ લાંબા કર્યા. અમે ત્રણે જણાંએ મહારાજના ચરણ દબાવ્યા. સાડા અગિયાર વાગ્યે મહારાજ કહે, જાઓ પ્રસાદનો ટાઈમ થયો છે પ્રસાદ લઈ લ્યો અને જમીને તમારે બહાર જવું હોય તો જજો પણ સાંજે છ વાગ્યા પહેલા આવી જજો, એટલે અમે બહાર ગયા, સિનેમા જોઈ. એક જોઈને બીજી સિનેમા જોઈ સાડા છ વાગ્યે મંદિરે પહોંચી ગયા. મહારાજ કહે, સારું થયું ટાઈમે આવી ગયા.

મંદિરમાં આરતીના દર્શન કરી લ્યો. પછી જમી લેજો. તમારા પાગરણ લઈ લેજો અને બહાર ફરવા જાઓ તો વહેલાસર આવી જજો. નહીં તો પાગરણ મળશે નહીં. આમ અમે જમીને બહાર ફરવા ગયા દરવાણીને કહ્યું, જરા મોડું થાય તો દરવાજો ખોલજો. પછી બહાર ફરીને આવ્યા તો અમારા પાગરણમાં ગાદલું ઉપડી ગયું અને એક ચાદરને એક ઓસીકું રહ્યું તેમાં અમે રાત કાઢી અને સવારે ઊઠી પરવારીને મહારાજ પાસે દર્શન કરવા ગયા. ત્યાં મહારાજ બોલ્યા કે કેમ રાત વીતી અને કોણે કેલીકોર ગોદડું ખેચ્યું. આમ મહારાજે જાણપણું આપ્યું.

પછી અમે મહારાજને કહ્યું, મહારાજ અમારે હવે કુંકાવાવ જવું છે. મહારાજ કહે, સીધા બસ સ્ટેન્ડ જજો. બગસરાની બસ ઉભી જ હશે અને બગસરાની ટિકિટ કપાવી બેસી જજો. અમે બજારમાં જોતા જોતા ત્યાંથી ઉપડ્યા. મેં મિત્રને કહ્યું, કાલે મહારાજે કહ્યું હતું વેલાસર આવજો ને આપણી રાત કેવી વીતી માટે આજે એમ નથી કરવું. મહારાજ બોલ્યા છે માટે હાલ ઝટપટ. ત્યાં બગસરાની બસ ઉભી હતી. અમે બસમાં ચડ્યા ને બસ ઉપડી. મિત્રને કહ્યું, જોયું શાંતિથી સ્ટેશને આવત તો બસ ચૂકી જાત.

આમ અમે મહારાજના પહેલી વખત દર્શન કર્યા તો અમારા જીવમાં શાંતિ થઈ ગઈ. જીવ સદા પ્રફુલ્લીત રહેવા લાગ્યો. એક મહિના સુધી જીવમાં આનંદ જ થયા કરે. સદા પ્રસન્ન રહેતો. તેથી એક મહિના પછી વળી એમ થયું હાલોને મહારાજના દર્શન કરી આવીયે અને અમે જૂનાગઢ દર્શને ગયા. મહારાજને દંડવત્ કર્યા. મહારાજ બહુ રાજી થયા અને અમને ચિન્હના દર્શન કરાવ્યા અને મને બાજુમાં બેસાડી કહે, આ ભગત તારી સાથે છે એને મારું ચક્રનું ચિન્હ છે એ એને બતાવ. મેં મિત્રને ચક્રના ચિન્હનું દર્શન કરાવ્યું ત્યારે મહારાજે કૃપા કરીને ચક્રનું ચિન્હ એવું ઉપસાવ્યું કે આમ ચક્ર ચળકાટ મારતું હોય એવું સ્પષ્ટ દેખાયું.

ત્યારે મહારાજ બોલ્યા, ચિન્હ કોને હોય ? અમે કહ્યું, મહારાજ કોને હોય ? મહારાજ કહે, ભગવાનને હોય. તો અમે કહ્યું, આપ ભગવાન છો ? મહારાજ કહે, હા હું ભગવાન છું. અમે કહ્યું, આ વંથલીવાળા કુંકાવાવ આવે છે. એ આપના ચિન્હની વાતો કરે છે, આપ ભગવાન છો. એવા પરચા ચમત્કારની વાતો કરે છે કે આપ ભગવાન છો. આ સાંભળી મહારાજ ખૂબ રાજી થયા. એટલે મેં કહ્યું, મહારાજ હું સત્સંગમાં જાઉં છું, કંઠી બાંધુ છું પણ મેં દિક્ષા લીધી નથી. આજ તમે મને દિક્ષા આપોને તમારી ડોકમાં કંઠી છે ઈ મને પહેરાવો. મહારાજ કહે, તો હું શું કરું ? જા બારે કંઠી મળે છે. એમાં એક કંઠી લેતો આવ. એટલે ત્રણ રૂપિયાની કંઠી હું લઈ આવ્યો ને મહારાજને આપી. પછી મહારાજે મને દિક્ષામંત્ર આપ્યો

ને પોતાની ડોકમાંથી કંઠી કાઢીને મારી ડોકમાં પહેરાવી પછી મેં માથું નમાવી મહારાજના ખોળામાં મૂક્યું તેથી મહારાજે મારા વાસામાં થાપો મારીને કહ્યું, આજથી તારા બધા ગુના માફ. હવે નવા કોઈ ગુના કરતો નહીં. આમ મહારાજે પોતાના દિકરા હોય એવું વ્હાલ કર્યું અને આ કંઠી બાંધી ત્યારથી શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી પ્રગટ ભગવાન જ છે તેવું જીવમાં દ્રઢ થઈ ગયું અને જીવન એવું આનંદમય થઈ ગયું કે ન પૂછો વાત અને ત્યારથી અમે પ્રગટ ભગવાનનું ભજન કરવા લાગ્યા.

અમે અવારનવાર જૂનાગઢ મહારાજના દર્શન કરવા જતા ત્યારે પેંડા, મગજના લાડુની પ્રસાદી મહારાજ અમને આપતા. ત્યારે મહારાજને ચરણે બહું તો બે રૂપિયા ધરતા કે ગુલાબનો હાર મહારાજને પહેરાવતા તો પણ મહારાજ બહું રાજી થતા.

એક વખત અમે મહારાજના દર્શન કરવા ગયા ત્યારે એક બાજુના ગામમાં બે હરિભક્તો આવેલા. તેમને પાડોશમાં ઝઘડો હાલતો એટલે મહારાજને કહ્યું, મહારાજ કૃપા કરો તો સારુ થાય. મહારાજ કહે, પાડોશમાં રહીને વેર ન બંધાય. સમાધાન કરી લેવાય એટલે મહારાજના કહેવાથી સમાધાન કરી લીધું ફરી પાછો ઝઘડો થયો. એટલે મહારાજ પાસે આવેલા ત્યારે એ ભક્તો કહે, મહારાજ અવારનવાર ઝઘડો થાય છે એના કરતાં બીજે રહેવા જતા રહીયે. તમે આજ્ઞા આપો તો જૂનાગઢ રહેવા આવતા રહીએ. મહારાજ કહે, અહીં શહેરમાં તમે ઘરબાર વેચીને આવો તે યોગ્ય નહીં. અહીંયા ખર્ચા પણ ઘણા થાય. મજૂરી કરવાનો વારો આવે માટે સહન કરવું, ભગવાન કંઈક રસ્તો કરશે. ત્યારે હેમંતભગત જમવા માટે બોલાવવા આવ્યા. તેથી અમે ઊભા થયા એ ભકતો પણ ઊભા થયા. પછી અમે તેમને કહ્યું, મહારાજ કહે છે તેમ કરો અને અહીં જૂનાગઢમાં આવવાનું કહો છો પણ મહારાજ બોલ્યા છે તેથી મજૂરી કરવાનો વારો આવશે. જો તમે તમારુ ધાર્યું કરશો તો સાચે જ મજૂરી કરવાનો વારો આવશે. એના કરતા થોડું જાતું કરીને સંપ અને પ્રેમથી ત્યાં રહો.

એક વખત અમે જૂનાગઢ ગયા ત્યારે બે હરિભક્તો મહારાજ પાસે આવ્યા. તે વડાલ ગામના હતા. મહારાજે કુશળ સમાચાર પૂછ્યા. આવવાનું કારણ પૂછ્યું. ત્યારે એક હરિભક્ત કહે, મહારાજ મારા નાના ભાઈના ઘરનાનું મગજ અસ્થિર થઈ ગયું છે. કાંઈક આશીર્વાદ આપો. મહારાજને મોટા જાણી આવ્યા હતા. ત્યારે મહારાજ કહે, ક્યાં છે લાવો. પેલા હરિભક્ત કહે, મહારાજ એ તો દવાખાને છે. મહારાજ કહે, અહીં હોય તો હમણાં સારું થઈ જાય. પણ પેલાના ભાગ્યમાં નહીં હોય કારણ કે તે મહારાજ ને મોટા સાધુ જ

જાણતા હતા તેથી ભગવાનના મર્મને સમજી ન શક્યા. માટે આવા દિવ્ય પુરુષોને ઓળખવા ભગવાનને ઓળખવા એ પ્રગટના સંતો ભક્તો મળે એ સમજાવે તો જ ભગવાન ઓળખાય છે. સંતની કૃપા દૃષ્ટિ વિના ભગવાન ભજાતા નથી. છતાં પણ ભગવાનને શરણે જઈને જે જીવ આજીજી કરે તો ભગવાન કૃપા વાપરીને એ જીવનું કલ્યાણ કરે જ છે.

એક વખત જૂનાગઢ મંદિરમાં બાલમુકુંદ ભવનમાં અમે મહારાજની પાસે ચરણસેવા કરતા હતા. ત્યારે એક સ્વામી મહારાજ માટે ચૈત્ર મહિનામાં લીમડાનો મોર તથા મગફળી લીલી તેને શેકીને ભાવથી લાવ્યા હતા. મહારાજે એ લીમડાના મોરના બે ત્રણ ફાકડા ભરીને ચાવી ચાવીને જમ્યા અને થાળીમાંથી અમને ચપટી ચપટી લીમડાનો મોર આપ્યો એ પહેલાં અમને બે બે સાકરનાં ગાંગડા આપ્યા. અમે સાકર ખાધી પછી લીમડાનો મોર ખાધો તોય કડવો લાગ્યો અને મહારાજે બે-ત્રણ ફાકડા ભરી ચાવી ચાવીને ખાધા તોય મહારાજ કહે, સ્વામી બહું મીઠો છે આ મોલ. એમ ભગવાન ભક્તને રાજી રાખવા તેની સેવા અંગીકાર કરે છે. મહારાજ કહેતા આવા ભક્તો તેની ભાવનાને અમે અંગીકાર કરીએ છીએ. આખા સ્વામિનારાયણ સંપ્રદાયમાં આ જૂનાગઢમાં ઘણાં સંતો છે. પણ આમાંથી અમારા દર્શન-આશીર્વાદ લેવાવાળા કેટલા ? અમને ઓળખવાવાળા કેટલા ? આ તો પૂર્વના પુન્ય અને સંકલ્પથી અમારી કૃપાએ કરીને અમે અમારી ઓળખાણ આપી હોય તેથી એવા ભક્તો-સંતો અમારી સેવા કરવા આવી શકે છે. બાકી તો બધા બધે ગોથા ખાય છે.

પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણ શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ જૂનાગઢમાં બાલમુકુંદ ભવનમાં પ્રત્યક્ષ બિરાજતા ત્યારે અમારે અવારનવાર દર્શન કરવાને માટે જવાનું થતું ત્યારે મહારાજ પાસે બેઠા હોઈએ. મહારાજ શાસ્ત્ર લખતા હોય અમે ચરણસેવા કરતા હોય ત્યારે મહારાજ લખતા લખતા ઉપદેશની વાતો કરતા અને મહારાજ પાસે ઘણા હરિભક્તો મહારાજના આશીર્વાદ લેવા આવતા ત્યારે એક વખત અમે મહારાજ પાસે બેઠા હતા ત્યારે મહારાજ ૨૪ અવતારની મૂર્તિની વાત કરતા કહે, નાના નાના ગામડાંઓમાં એક એક સારા પટેલિયાનો સંપર્ક કરે એટલે તેને બધી સગવડો- સારું ખાવાનું, સારું સુવાનું, સારું ફરવાનું મળે.

એમ બધી સારી સારી સગવડો સચવાય. તેમ નાના નાના ખેડૂતો પાસે જાય તો તૂટેલું ગાદલું મળે. કઢી, ખીચડી ખાવાનું મળે તૂટેલો ખાટલો મળે. એમ કહીને મહારાજ કહે, આ ચારે બાજુ નાના નાના પટેલિયા છે. તેની પાસે જાય તો અધૂરી સગવડો મળે. પણ

આ વચ્ચમાં જે તે મોટો પટેલિયો છે. તેની પાસે જાય તો બધી સગવડો સચવાય. તેને કાંઈ બતાવવું ન પડે સમયે સમયે આપોઆપ બધું આવતું જાય. એમ મહારાજ કહે આ વચ્ચમાં છે તે અમે અનાદિ શ્રીકૃષ્ણનારાયણ છીએ અને મોટા શાહુકાર પટેલિયા છીએ. આ ચારે બાજુ નાના નાના પટેલિયા છે તે બધાં આ મોટા પટેલિયાની સેવામાં અને આજ્ઞામાં રહેતા હોય તેનો આદર કરે. તેમ મને એકને પટેલિયાને પકડી લીયે તો તેને બધું મળે. એમ કહેતા મહારાજ કહે, આ પટેલ સમાજ જાગશે ત્યારે નાના ગામમાં નાના મંદિરો, મોટા ગામમાં મોટા મંદિરો થશે અને સર્વત્ર અનાદિ શ્રીકૃષ્ણનારાયણનું ભજન થશે.

એક વખત અમે નાના અને મને હજુ આચાર્યપદ મળ્યું નહોતું ત્યારે કુંકાવાવના મધુભગત બાબરીયા અમને મળ્યા અને કહે, છોકરાઓ કાલે જૂનાગઢ જાવું છે, આવવું છે ? ત્યારે અમે કહ્યું, હા. મધુભગત કહે, આ દેશી બાજરો મહારાજને આપવો છે તથા શેરડીનો વાઢ નાખ્યો નથી તો મહારાજને પ્રસાદીની શેરડી ધરાવતા આવીયે. આમ જૂનાગઢ જવાનું થયું ત્યાં સામે ગોબરભગત મળ્યા. ગોબરભગતને બેંકમાં નોકરી તે ગોબરભગત પણ અમારી સાથે જૂનાગઢ આવવા તૈયાર થયા. અમે ગોબરભગતના ઘરે ગયા. વાતમાંથી વાત નીકળી અમે આમ માઉન્ટ આબુ ફરવા ગયા હતાં ત્યાંથી બા માટે એક સરસ મજાની લાકડી લઈ આવ્યા કે બાને ચાલવામાં કામ લાગે. તેમ કહી બાને લાકડી આપી પણ બાએ ના પાડી ત્યારે ભગતે બાને કહ્યું, જૂનાગઢથી મહારાજે મોકલાવી છે તો બા કહે, મહારાજે મોકલી છે તો લાવ. આમ કહી લાકડી દીધી પછી ગામમાં ઘણી વખત ઢોર માંદા થાય, છોકરું માંદુ થાય ત્યારે આ ગોબરભગતના ઘરે મહારાજનું પ્રસાદીનું જળ લેવા આવતા ત્યારે પ્રસાદીનું જળ ના હોય તો કહેતા કે, આ પ્રસાદીની લાકડી છે તે અડાડજો સારું થઈ જશે. આમ એ લાકડી ઘણાંનાં દુઃખ દૂર કરતી. આ વૃત્તાંત અમે જાણ્યો ત્યારે ભગતને કહ્યું કે, આ લાકડી તો મહારાજ પાસે પ્રસાદીની કરાવવી જોઈએ એટલે ભગતે લાકડી આપી અમે એ લાકડીને બરાબર પેક કરી જૂનાગઢ જવા બીજા દિવસે તૈયાર થયા. ગોબરભગત સાથે આવવાના હતા પણ અચાનક કામ આવી જતાં એ લાકડી અમને આપી. તમે લઈ જાઓ. અમે જૂનાગઢ ગયા ત્યારે ત્યાં ગુણાતિતાનંદ સ્વામીના સભાહોલનો મહોત્સવ ચાલું હતો. અમે મહારાજના દર્શન કર્યા નિરાંતે મહારાજને મળ્યા અને આ લાકડીનો વૃત્તાંત કહ્યો ત્યારે મહારાજ કહે, લાવ એમાં વધારે ઐશ્વર્ય પૂરી દઉં. આમ કહી મહારાજે એ લાકડીને ખીંટી ઉપર ત્યાં જ બેઠાં બેઠાં લટકાવી તે બરાબર ખીંટીમાં લટકી અને આલારામ ડંકાની જેમ જૂલવા લાગી. આ પણ

મહારાજનું ઐશ્વર્ય લીલાચરિત્ર કહેવાય. આ લાકડી ખીંટીએ ટીંગાડી એ પહેલાં મહારાજે એ લાકડીને કેમ જાણે કોઈને મારવી હોય તેમ મહારાજે હાથ ઊંચો કર્યો અને હું આંખ મીંચીને બેસી જ રહ્યો ત્યાં લાકડીને મારા માથા ઉપર રાખીને ભાર મૂક્યો અને મહારાજ બોલ્યા આ બધોભાર તારા ઉપર મૂકું છું અને આ ભાર તારે ઉપાડવાનો છે. મેં કહ્યું, આ ધામના ધણીનો મૂકેલો ભાર જગતમાં બીજું કોણ ઉતારી શકે. વાહ પ્રભુ વાહ, તમારી લીલા અપરંપાર છે. તે કોઈના સમજમાં આવે તેમ નથી. ત્યારે આ ભારની વાત સમજાણી નહીં. પણ હવે એ મહારાજના શબ્દો યાદ આવે છે. ત્યારે ત્યાં મધુભગત, કેશુભાઈના ભાઈ રામભાઈ તથા બીજા ત્રણ-ચાર ભક્તો હતા જે આ વાતના સાક્ષી છે.

એક વખત અમે મહારાજ પાસે બેઠા હતા ત્યારે જૂનાગઢ મંદિરના કોઠારીની બદલી થઈ. નવા કોઠારી આવ્યા હતા, તેની ઈચ્છા મંદિરનો જીર્ણોદ્ધાર અને પાટોત્સવ કરવાની હતી. કોઠારમાં ધનસંપત્તિ કાંઈ હતી નહીં ત્યારે એ સ્વામી મહારાજ પાસે આવી સર્વ હકિકત કહી ત્યારે મહારાજ કહે, સ્વામી કેટલા દિવસનો સમૈયો કરવો છે. સ્વામી અચકાતા અચકાતા કહે, મહારાજ ત્રણ દિવસનો કરીએ. ત્યાં થોડીવારમાં રાજકોટથી હરિભક્તો મહારાજના દર્શન કરવા આવ્યા ત્યારે કહે મહારાજ અમારા જેવી સેવા ? મહારાજ કહે, આ મંદિરમાં ત્રણ દિવસનો સમૈયો કરવો છે. એ ભગત કહે, મહારાજ ત્રણ દિવસનો ખર્ચ અમારો. ત્યાં બીજા હરિભક્ત કહે, મહારાજ અમે સાથે આવ્યા તો અમને પણ લાભ આપો. ત્યાં ત્રીજા હરિભક્ત કહે, મા-બાપ અમને એક દિવસનો લાભ આપો. એટલે ત્રણે હરિભક્તોએ એક એક દિવસનો સંપૂર્ણ ખર્ચ ઉપાડી લીધો અને મહારાજ બોલ્યા, સ્વામી તમે ત્રણ દિવસનું કહ્યું તો ત્રણ હરિભક્તો આવ્યા પણ જો તમે સાત દિવસનો સમૈયો કરવાનો સંકલ્પ કર્યો હોત તો સાત હરિભક્તો આવત. આમ મહારાજે પોતાનો દિવ્ય પ્રતાપ વાપરી ભક્તોને-સંતોને-આશ્રિતોને સુખી કર્યા છે. આવા પ્રગટ ભગવાન કૃપાના સાગર છે.

એક વખત હું અને રમેશ તથા હરિભાઈ અમે ત્રણે મિત્રો જૂનાગઢ મહારાજના દર્શન કરવા ગયા ત્યારે ૧૧ વાગ્યાનો સમય હતો. અમને થયું અત્યારે મહારાજને હમણાં થોડીવારમાં આરામ કરવાનો સમય થશે. હાલોને આપણે ૧૨ થી ઉના શોમાં સિનેમા જોઈ આવીયે, ત્રણે જણાં ઉપડ્યા. એક ટોકિઝ બંધ. બીજીમાં ગયા તો ત્યાં હાઉસફુલના પાટીયા. એટલે બજારમાં રખડતાં રખડતાં અમે મંદિરે આવ્યા ત્યારે પોણા બે વાગ્યા હતા. અમે વિચાર કર્યો મહારાજ સૂતા હશે. આપણે અહીં લોબીમાં બેસીએ ત્યાં મહારાજના રૂમનો

દરવાજો ખૂલેલો જણાયો તિરાડમાંથી જોયું મહારાજ જાગે છે ત્યાં મહારાજે અંગૂઠો હલાવ્યો ત્યારે અમે કમાડને અડ્યા ત્યાં કમાડ ખૂલી ગયું. અમે અંદર ગયા ત્યાં મહારાજ બોલ્યા, હું તમારી ક્યારની વાટ જોઉં છું, કાં મેળ ન પડ્યોને ? એટલે અમે શરમાયા. એલી સિનેમાની ટિકિટની વાત કરતા હતા. મહારાજ કહે, ક્યાંથી મેળ પડે. રામભાઈને કહે, ઓ પેલા ડબરા ઉપર કાગળ છે એ લાવ.

**રામભાઈએ કાગળ લીધો. મહારાજ કહે, વાંચ. ત્યાં કાગળમાં લખ્યું હતું કે.....**

ૐ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ ભગવાનની જય. માગશર સુદ-૪ને રવિવારને તા.૧૫-૧૨-૧૯૮૫ના શુભ ચોઘડિયે બપોરે બે વાગ્યે શ્રીકૃષ્ણનારાયણના દિક્ષિત-પૂજા-સેવામાં ભજન આદિમાં કુશળ પવિત્ર શ્રીહરિ શરણાગતિ મંડળમાં સન્માનનીય વિપ્રવર્ય શ્રી કૃષ્ણનારાયણના દિક્ષિત વિપ્રવર્ય શ્રી દિનેશ અજીતરાય વ્યાસને શ્રી વલ્લભવ્યાસાચાર્ય નામ વડે કૃપા પાત્રતા વધારીને તીર્થનગરીના શ્રીહરિ શરણાગતિ મંડળના પૂજનીય તીર્થગાદીપતિ સંત સ્વરૂપે અધિકૃત સ્થાપીએ છીએ. ઉપર મુજબ સર્વમંડળોએ હાર્દિક અનાદિ શ્રીકૃષ્ણનારાયણના દિક્ષિત શિષ્ય દિક્ષાના પ્રદાતા ભક્તિ પોષક સમજવા અને માનવા.

**લી. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના આશીર્વાદ, જૂનાગઢ.**

આમ મહારાજે અમોને કાગળમાં લેખિત કુંકાવાવ તીર્થનગરીનું આચાર્યપદ આપી કૃતાર્થ કર્યા. ત્યારે મારી સાથે રમેશ અને હરિભાઈને મહારાજે સાક્ષી તરીકે રાખ્યા અને રમેશ-હરિભાઈને મહારાજ કહે, તમારે બીજા જુવે એમ આ દિનેશને પગે લાગવું અને કોઈ પૂછે તો એમ કહેવું કે, આ દિનેશને મહારાજે આ કુંકાવાવ તીર્થના આચાર્ય સ્થાપ્યા છે. માટે તમે તેના સાક્ષી છો. મેં કહ્યું, મહારાજ એમાં સાક્ષીની શું જરૂર તમે આવડું મોટું લખ્યું તો છે. મહારાજ કહે, એ હમણાં નહી જણાય સમય આવ્યે બધી કિંમત થશે. મહારાજે આ લખાણ આપ્યું તેમજ મહારાજે મોટો મહામંત્ર લખી આપ્યો. અને તેના એક એક શબ્દનો અર્થ સમજાવ્યો. પછી ઘણાં ઘણાં આશીર્વાદો આપ્યા અને મહારાજ બોલ્યા, મેં તને આ બધું આપ્યું પણ તારે ઘરનું અને બહારનું સહન કરવું પડશે. તો મેં કહ્યું, મહારાજ મારે ભલે સહન કરવું પડશે પણ તમે ભેળા તો છો ને ? ત્યાં મહારાજ મારા શરીરે હાથ ફેરવતા ગયા ને કહેતા ગયા અહીંયા તારા ભેળો, અહિંયા તારા ભેળો, કાયમ તારી ભેળો. આમ ભગવાને મને આશીર્વાદ આપ્યા. મેં કહ્યું, મહારાજ તમે મારા ભેળા જ છો તો હવે મારે બીજું કાંઈ ન જોઈએ. આમ મહારાજના વચને ઘરનું-બહારનું સહન થઈ ગયું અને એમાં પણ મહારાજની

આજ્ઞા પળાય જાય છે. ભગવાન ભેળા છે માટે ભગવાનની કૃપાથી ભગવાનના કાર્યો થતાં જાય છે. જેના ધણી જબરા એનો કેફ જબરો. આ સંસારમાં જગતનો માનવી શું કરે ? ભગવાનને આવડે એવું કોઈને ન આવડે, ભગવાન કૃપાળું છે, શરણાગતની રક્ષા કરનારા છે, આવા ભગવાન આપણાં સ્વામી છે.

●●●

પ્રગટ ભગવાને દિનુ મહારાજને કુંકાવાવ તિર્થનાં આચાર્યપદે સ્થાપ્યા ત્યારથી તેઓ મહારાજના કાર્યો કરવામાં ઘણો ઉત્સાહ દર્શાવતા. કુંકાવાવમાં જન્મ સ્થાનમાં ધૂન-કિર્તન ગવડાવતા. પાદરે દરરોજ ભજન મંડળીના આગેવાન થઈ કાયમ ભજન કરતાં. આમ ઘણાં વર્ષો કુંકાવાવમાં ભજન કર્યું ત્યાંથી અમદાવાદ આવ્યા. અમદાવાદમાં મહારાજના ભક્તો સાથે મળી સત્સંગ કરતાં અને અમદાવાદમાં મંડળ સ્થાપ્યું અને ભજન ચાલુ કરાવ્યું ત્યાં પ્રથમવાર મંડળમાં વિદ્યામૂર્તિ ઉત્સવ ઉજવી ચારે દિશામાંથી ભક્તોને આમંત્રણ આપ્યું. ત્યાર પછી વિદ્યામૂર્તિ ઉત્સવ બીજા મંડળોમાં પણ ઉજવવા લાગ્યો. ત્યાંથી સૂરત આવ્યા તો સૂરતમાં જે જે મહારાજના ભક્તો મળે તેને પ્રગટ ભગવાનની વાત કરી કથાવાર્તા કરતા. સમય જતાં સૂરત વરાછામાં પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણનું ભવ્ય મંદિર બનાવતા ભક્તોને કથાવાર્તાનો લાભ મંદિર નિર્માણ કાર્યમાં પણ નવું બળ પૂર્યું. તેમજ કુંકાવાવ તિર્થમાં મહારાજની આજ્ઞાથી નિર્માણ થયેલ કલ્યાણકારી 'બ્રહ્મપેલેસ મંદિર'ના ખાત મુહૂર્તથી લઈને મૂર્તિ પ્રતિષ્ઠા સુધીના દરેક કાર્યો તેમજ ઉત્સવોમાં યથાશક્તિ તન-મન-ધનથી સેવાનો લાભ લઈ મહારાજ તેમજ સર્વે અનાદિ મુક્તોને વિશેષ રાજી કર્યા છે. આજે પણ પ્રગટ ભગવાનની ભક્તિ કરાવી રહ્યા છે.



પરચા નં. ૭.

# અનાદિ મુક્તરાજ કેશવજીભગત ડાહ્યાભગત બગીચા
## ગામ -જામવંથલી

**મારો** જન્મ મહારાજની ઈચ્છા, કૃપા અને આશીર્વાદથી જામવંથલીની પવિત્ર ભૂમિ પર થયો છે. અમો પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણના ભક્ત છીએ. અમારું નામ કેશવ છે. જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરમાં અમે ૧૨ વર્ષની નાની ઉંમરમાં સંતો સાથે પાર્ષદ થઈને રહેતા હતા. તે વખતે સ્વામી શ્રી શ્વેતાયન વ્યાસ, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ એ પ્રભુ પરબ્રહ્મ નારાયણ છે એમ ભગવાને પોતે મને ઓળખાણ આપી. અમોને પહેલો પ્રતાપ જણાવ્યો ત્યારે અમે બાળપણમાં હતા. જૂનાગઢમાં કાશીથી ભણીને પોતે પધાર્યા અને એ સમયે પોરબંદરમાં શંકરાચાર્ય જગદ્‌ગુરુએ સામૈયા કરીને મહારાજને પોરબંદરમાં પધરાવ્યા અને પૂજન-વંદન કર્યું. હાર પહેરાવી સમગ્ર પોરબંદરમાં જાહેર વ્યાખ્યાન સભાનું આયોજન ગોઠવ્યું અને એ સમયે જગદ્‌ગુરુ શંકરાચાર્યજીએ રાજી થઈને વ્યાખ્યાનમાં પોતે બોલ્યા કે, આખા વિશ્વમાં સ્વામીશ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજશ્રી જેટલી વિદ્યા કોઈ ભણી શક્યું નથી. આ વિશ્વની અંદર તેમની તુલનામાં કોઈ પણ વિશ્વના વિદ્વાન આવી શકે તેમ નથી. પોરબંદરની એ વાતની અમને જાણ થઈ. ત્યાર પછી પ્રભુ જૂનાગઢમાં પધાર્યા. એ સમયે દર્શન કરવાના અભિલાષી ૨૦૦ પાર્ષદોને શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના દર્શન કરવા હતા. મહારાજના  દર્શન માટે જવા કોઈને મળતું નહીં. એ વખતે મોટા સંતોને પૂછવામાં આવતું ને રજા લેવામાં આવતી. તે સમયે મોટા સ્વામીજી નિલકંઠ સ્વામી તેમને અમે પ્રાર્થના કરવા પાર્ષદો ગયા કે અમારે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના સાક્ષાત્ દર્શન કરવા છે. ત્યારે મોટા સ્વામીજી કહે કે, એમના જેવા મોટા વિદ્વાન કોઈ નથી અને એની બાજુમાં જવાની મનાઈ છે. જો તમારે દર્શન કરવા હોય તો તમે બધાય પાર્ષદો અહીં ઊભા રહેજો તે જ્યારે ૪-૦૦ વાગ્યે ઠાકોરજીના દર્શન કરવા તેમના રૂમેથી મંદિર તરફ જવા નીકળે ત્યારે દર્શન બધાએ કરી લેવા. આમ મોટા સંતો એ અમને આજ્ઞા કરી તે પ્રમાણે અમે ઊભા રહ્યા. અમે ૨૦૦ જેટલા પાર્ષદો હતા એ અમે ઊભા રહ્યા ત્યારે મહારાજશ્રી ઉપરના માળેથી નીચે ઉતરે છે.

સમગ્ર વિશ્વના નેત્રો અંજાય જાય એવું દિવ્ય શીતળ તેજ મહારાજની મૂર્તિમાંથી નીકળવા લાગ્યું. મહારાજે જમણા હાથની ભૂજામાં પુસ્તક લીધેલુ છે અને ચરણારવિંદમાં ચાખડીઓ ધારણ કરેલી છે. ભગવાનની ચાલ કોઈ દિવસ છાની રહેતી નથી. ભગવાનની

ચાલ અને તેની શોભા અને એનું તેજ એ તો જ્યારે મૂર્તિ નીચે ઉતરી અને મારા શરીરની અંદર નખશીખ પર્યંત સાક્ષાત્ શરીરમાં ઉતરી ગઈ અને તે સમયે મારી ૧૨ વર્ષની ઉંમર અને હૃદયની અંદરથી અવાજ છૂટવા મંડ્યો કે અનાદિ પરબ્રહ્મ નારાયણ ભગવાન આવી ગયા છે. એવા શરીરની અંદર અવાજ આવા માંડ્યા અને ત્યારે અમે બાળક અવસ્થામાં હતા. તે જોતા અમે ગભરાઈ ગયા. મારા શરીરમાં કોણ બોલે છે અને આ શું થઈ ગયું ? ત્યારથી નક્કી થઈ ગયું કે મારા આ ઘનશ્યામ તે પોતે જ પધાર્યા અને અત્યાર સુધીમાં અમે કેટલા હજારો સંતોના દર્શન કર્યા પણ આ બનાવ બન્યો નથી. એમ અમે વિચારી નક્કી કર્યું કે, અંદરથી ભગવાન સિવાય કોઈ બોલવા સમર્થ ના હોય તો અંદરથી પણ અવાજ આવવા મંડ્યા અને બહાર મૂર્તિ દેખાવા માંડી ત્યારે અમે આંખો બંધ કરી દીધી અને બીક લાગી કે આ અમને શું થઈ ગયું ત્યારે હૃદયની અંદર એ મૂર્તિ દેખાવા માંડી અને બે આંખો ખોલી તો બહાર દેખાવા માંડી. એટલે અમારી નાની ઉંમર બાળઅવસ્થા ત્યારે અમે ગભરાઈને તરત જ અમારા ગુરુના સ્થાનકે જ્યાં રહેતા હતા ત્યાં હું ચાલ્યો ગયો. જ્યાં મારું આસન હતું ત્યાં હું એમને એમ બેભાન થઈને પડ્યો અને ત્યાં પણ મૂર્તિ એમને એમ દેખાય નખશિખ પર્યંતમાં એમ જ સુખ-સુખ અને સુખ. અમે કોઈ દિવસ આવા અનુભવ્યા નહોતા.

અમને થઈ ગયું કે, સાક્ષાત્ પરબ્રહ્મ પરષોત્તમ ઘનશ્યામ મહારાજ એવા પોતે પૃથ્વી પર શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ નામે હાજરાહજુર પ્રગટ થયેલા છે. એમ સાક્ષાત નક્કી થઈ ગયું તે પણ એક 'દિ દેખાય બે-'દિ દેખાય એમ ત્રણ 'દિ થયા તો પણ મૂર્તિ દેખાવાની બંધ ન થાય. અંદરને બહાર આંખ મિંચુ ત્યારે અંદર દેખાય ને આંખ ઉઘાડું ત્યારે ઉઘાડું ત્યારે પણ સામી દેખાય. એમ ચાલુ ને ચાલુ. ત્રણ 'દિ થયા તો પણ મૂર્તિ દેખાય. ચાર 'દિ થયા તો પણ મૂર્તિ દેખાય. પાંચ 'દિ થઈ ગયા તો પણ મૂર્તિ દેખાય. જ્યારે સૂતો હોઉ ત્યારે ભગવાનને કહું કે - 'હે ભગવાન હવે મારે શું કરવું તમે સાક્ષાત્ આવી ગયા છો. તે સમય માટે સાત દિવસ સુધી અખંડ ભગવાન અંદર અને બહાર દેખાયા ત્યારે નિષ્ઠા થઈ ગઈ કે, આ ભગવાન સ્વયં પોતે પધારેલા છે.

આ રીતે મને મહારાજની પહેલી ઓળખાણ થઈ. આવી રીતે પ્રભુ હજુ કોઈને મળ્યા નથી. પહેલા દર્શનમાં ભગવાને મને બધી ઓળખાણ આપી દીધી. આમ હું પ્રભુનું અખંડ રૂપ સમજવા માંડ્યો ત્યારથી જીવનમાં મને ક્યારેય મહારાજના ભગવાનપણામાં અનિશ્ચયનો ઘાટ થયો જ નથી. સમય જતાં મહારાજ સત્સંગમાં વિચરવા માંડ્યા. પ્રભુ પોતે જૂનાગઢમાં

બિરાજમાન થયા. રાજકોટમાં મંદિર કર્યું, જામનગરમાં મંદિર કર્યું. અને બધી જગ્યાએ ભગવાને ખૂબ પરચા પૂર્યા અને પ્રતાપ વાપર્યા.

મહારાજ જ્યારે જામનગર મંદિરે હતા ત્યારે હું ઘણી વખત દર્શન કરવા જતો ત્યારે મને ભૂખ લાગે તો હું આખો દિવસ મહારાજની મૂર્તિને જોયા કરતો જેથી મારી ભૂખ સંતાષાઈ જતી.

એકવાર જામનગર મંદિરમાં અમે વર્તમાન ધરવા માટે રાબ બનાવી ને લઈ જઈએ છીએ ત્યારે એક આકાશમાં સ્વરૂપ દેખાયું ને એક નીચે આવા બે સ્વરૂપે ભગવાન સાક્ષાત્ દર્શન આપે છે. સાવ અજાણ્યામાં કોઈ બીજું જાણે નહીં. આવા ભોળા ભક્તોને ભગવાન અતિ દયા કરીને ઉધારે ત્યારે સ્વયં પોતે બોલતા હોય કે અમે તો ગરીબના ગુરુ છીએ. જેટલા ભક્તો ભગવાન આગળ દીન, ગરીબ રહેતા તેને ભગવાન કૃપા કરીને ઓળખાણ આપી દેતા. એવા ભગવાન પોતે પરબ્રહ્મ નારાયણ શ્વેતાયન વ્યાસ પોતે સ્વયં પધારેલા એવો અમને પાકો નિશ્ચય થઈ ગયો.

એવા એ ભગવાનની ઓળખાણના શાસ્ત્રોમાં લખાણ છે. એ પ્રમાણે ચિન્હો એ ભગવાનને હોઈ છે. ભગવાને કોઈક અવતારમાં બે ચિન્હ, કોઈક અવતારમાં ત્રણ ચિન્હ, કોઈ અવતારમાં ચાર-પાંચ ચિહ્ન, અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પોતે શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી પ્રભુ પરબ્રહ્મ નારાયણ પધાર્યા ત્યારે એમના બે ચરણોની અંદર ૧૭+૧૭=૩૪ ચિન્હો મેં ગણ્યા હતા અને પ્રત્યક્ષ જોયેલા હતા. એમની હથેળીમાં શંખ, ચક્ર, ધનુષ્ય, મચ્છ, ત્રિશૂલ, સ્વસ્તિક આદિ ચિન્હો અમે પ્રત્યક્ષ જોયેલા છે અને સમગ્ર જગતમાં ભૂજા ઊંચા કરીને સમગ્ર જગતને દર્શન આપી રહ્યાં છે. આમ ભગવાન પૃથ્વી પર પ્રગટ થાય ત્યારે અવતારીપણાનો નિશ્ચય પોતે જ આપે છે. સર્વે અવતારના અવતારી હું પોતે જ છું એવી પોતે જ શાસ્ત્ર ઓળખાવે. તેના ચિન્હોનાં વર્ણન ભગવાનને ઓળખાવે છે. જેમ અર્જુનને વિરાટરૂપના દર્શન આપીને ભગવાને ઓળખાણ આપી એમ અત્યારે ભગવાન પોતાનું અવતારીપણું દેખાડી હજારો ભક્તોને દર્શન, ઐશ્વર્ય પ્રતાપ અને ચિન્હોના પોતે દર્શન આપ્યા છે.

મહારાજ જ્યારે જામનગરમાં બીરાજતા હતા તે સમયે મારા બનેવીને કંઠી બાંધવાની હતી. એમને જો કોઈ સ્વામિનારાયણ ધર્મ કે કોઈ પણ ભક્તિ એ પ્રભુના જ છે. એક જ પ્રભુ હોય છે. પણ એમને કોઈ વધારે જ્ઞાન હતું નહીં ભોળાભલા સાચા વિશ્વાસુ ભક્ત હતા. ભગવાને ગરીબ ઉપર અતિશય દયા વાપરી છે. એ સમયે એ ભક્તને દિવ્ય દર્શન આપ્યા

અને પ્રકાશ શરીરમાં પ્રગટ કર્યો અને એ પોતે અંજાઈ ગયા અને એ મહારાજને ધોતિયા ઓઢાડવામાં ખભે મૂક્યા ત્યારે પણ હાથ લપસી ગયો અને ધોતિયા નીચે પડી ગયા. આમ બંને ત્યારે પાછા દર્શન કરીને બહાર ગયા ત્યારે અમોને પૂછવા લાગ્યા કે આ કોણ પુરુષ છે. તમે ઓળખો છો ? એમ અમોને કહ્યું ત્યારે મેં કહ્યું આ ગુરુ એ વિશ્વમાં મોટા ગુરુ છે. વિશ્વના વિશ્વો બધા એમાં જ છે. એવા મોટા ગુરુ છે.

એ અજાણ્યા ભગત હતા એટલે ભગવાને અતિ કૃપા કરીને એમના ઉદ્ધાર માટે પ્રભુએ દર્શન આપેલા. બીજી વખત પણ ભગવાને એકદમ દયા કરીને એમને બે સ્વરૂપે દર્શન આપ્યા. એક સ્વરૂપે ભગવાન આકાશને માર્ગે ચાલ્યા આવે છે અને બીજા સ્વરૂપે પૃથ્વી પર મંદિરમાં બિરાજે છે. આ દર્શન પ્રત્યક્ષ ભગવાન આપે છે ત્યારે એ ભક્તને પાછા ભગવાન સમજાય જાય છે ત્યાર પછી એ મને પ્રગટ ભગવાનની લગની લાગી ગઈ. આ દર્શન પ્રભુ સિવાય કોણ આપવા સમર્થ હોય. આમ ભક્તોને ઘણાં દર્શન આપ્યા.

એકવાર મહારાજ જામનગરમાં સ્વામિનારાયણ મંદિરમાં બિરાજતા હતા એ સમયે વેદોની કથા ચાલતી હતી. એ સમયે એક બ્રાહ્મણ દેવ મહાપુરુષએ જામનગરમાં રહેતા હતા અને બહુ જ્ઞાની વિદ્વાન હતા એમની સાથે અમે બેઠેલા ત્યારે મહારાજશ્રીનું વ્યાખ્યાન ચાલુ હતું. એ સભામાં મોટા મોટા વિદ્વાનો બિરાજતા હતા. કથા સાંભળવા કોર્ટના મેજિસ્ટ્રેટ સર્વે અહીં આવતા. એ સમયે મહારાજની કથા સાંભળી સૌ કોઈ કહેતા કે, આ કો'ક ભગવાન સાક્ષાત છે. અમે આ દુનિયાની અંદર બહુ ફર્યા બહુ મોટા અને મહાપુરુષો પાસે ગયા પણ આવી વાણી- આવા વિદ્વાન તો આખા વિશ્વની અંદર કોઈ નથી. અત્યારે સાક્ષાત એના મુખારવિંદમાંથી ગુલાબના ગોટાની જેમ દેવવાણી સાક્ષાત એમની ભાષામાંથી નીકળે છે. આ પૃથ્વી પર ભગવાન છે તેવી આ વાણી છે. આમ મેં નજરે જોયેલું. એવી રીતે ઘણા ભક્તો મહારાજ પાસે જાય તેને એક એક લાગટ નાના-મોટા પરચા પ્રભુ આપતા જ હોય અને સર્વને શરણાગતિ આપતા.

પરબ્રહ્મ નારાયણ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પોતે સાક્ષાત્ પ્રગટ થયેલા, સર્વ અવતાર ધારણ કરનારા એવા પ્રભુ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પોતે સર્વ ઉપાસના ચોખ્ખી કરવા સર્વધામોના ધામી એવાં પરમધામમાં સદાય બિરાજમાન, સર્વ ધામોને ન્યાય આપવા દરેક ધામોમાં મોક્ષમાર્ગ, દરેકને જેની જેટલી ધામની હદ, જેટલી ભક્તિ એ પ્રમાણે બધાય ધામમાં મોક્ષ માર્ગ ચાલુ કરેલ છે.

મહારાજ કહેતા કે, સર્વે અવતાર મેં પ્રગટ કરેલા છે. સર્વથી પર એવાં અમે પરબ્રહ્મ નારાયણ, પરમધામમાં સદાય બિરાજીએ છીએ. સર્વને મારો સાક્ષાત્ પરમયોગ આપવા અખંડ કૃપા કરી પધારેલા છીએ. સમગ્ર ધામો સહિત અવતારો તેનાં મુક્તો સહિત સદાય મારામાં બિરાજે, મારા સાક્ષાત યોગને પામે એટલે અમો પોતે સમગ્ર વિશ્વને અમારો યોગ આપી રહ્યા છીએ. સમગ્ર વિશ્વ કલ્યાણ માટે અમોએ સર્વોપરીપણું વિદ્વતા ધારણ કરી, સમગ્ર વિશ્વ વિદ્વાનોને અમારા સુખ આપ્યા. કાશીમાં વિદ્યા ભણ્યા, ન્યાયશાસ્ત્રો ભણીને સમગ્ર વિશ્વ વિદ્વાનોનાં ઉપરી બનીને સમગ્ર વિદ્વાનોનાં રાજા અમો કહેવાયા. આખા વિશ્વ વિદ્વાનોની સભા કાશીમાં શાસ્ત્રોથી વિદ્વાનો એ અમારે શરણે મોક્ષ માર્ગ મેળવ્યો. અમારો બધાય વિદ્વાનોએ પરમ રાજીપો ખૂબ જ મેળવ્યો અને વિદ્વાનોએ અમોને સાક્ષાત્ ભગવાન ઓળખી અને અભિનંદન ચરણમાં આપ્યા છે.

અમો ભગવાન છીએ, પરબ્રહ્મ છીએ, સર્વોપરી છીએ. તેવા જ સર્વોપરી અમારા કાર્યો છે. સંસ્કૃતમાં કાશીમાં સમગ્ર વિશ્વની કાશી સર્વોપરી વિદ્યાપીઠ છે. અમારા શાસ્ત્રો કાશીમાં ભણાય છે. અમે સંસ્કૃતમાં 'લક્ષ્મીનારાયણ સંહિતા' નામનો મોટો ગ્રંથ એક લાખ છવ્વીસ હજાર શ્લોકનો એ ગ્રંથ કાશીમાં જાહેરમાં મૂક્યો છે. એમ આખા વિશ્વનાં વિદ્વાનો જાણે છે. અમોએ સર્વ વિશ્વ કલ્યાણ માટે ઘણાં ગ્રંથો પૃથ્વી પર મૂક્યા છે. આખા વિશ્વને ઉગારી લેવું એવી દયા સહિત અમે પધારેલા છીએ. નર-નારી અમારા કૃપાપાત્ર સાધુ-સાધ્વી છે માટે આ વખતે ગૃહસ્થાશ્રમીને પણ સંત દિક્ષા આપી મારો યોગ આશ્રમ આપી અમારી કૃ પા વિશ્વ પર સૂરજ રૂપે પ્રગટ કરી છે. હાલમાં લાખો નર-નારી અમારા સાધુ થઈ ચૂક્યા છે. ભજન  કરે છે. તે વિશ્વમાં પ્રસિદ્ધ છે. જામનગર જિલ્લામાં જામવંથલી ત્યાં અમારું પહેલું સર્વોપરી મંદિર બનેલું છે. અમારી આરતી, પૂજન લાખો ભક્તો કરી રહ્યા છે. જામવંથલીના ઘણા ભક્તો, નર-નારી ભજી રહ્યા છે.

ધામો-ધામમાંથી દેવો અને મુક્તો અમારી સાથે આ પૃથ્વી પર આવેલા છે. જામવંથલીમાં ઘણાં મુક્તો પ્રગટ કરેલા છે. વિશ્વમાં આજે છૂટાછવાયા મુક્તો, દેવો અમારી સાથે પ્રગટ થઈ વિશ્વ કલ્યાણ માટે અમારી સાથે આવેલા છે.

મહારાજે કૃપા કરીને શ્રીહરિ શરણાગતિ મંડળની સ્થાપના કરી. ગૃહસ્થી સાધુ-સાધ્વી બને એવી દિક્ષા ચાલુ કરી. મહારાજે ભાઈઓ અને બેનોને આજ્ઞા કરી કે, 'એક એક ભગવું બધાએ પહેરવું જ.' આમ આખા વિશ્વ પર કૃપા કરીને મોક્ષ માર્ગ આપી દીધો. આમ પ્રભુએ

ગૃહસ્થી સાધુ બનાવવાનું મુહૂર્ત કર્યું અને કહ્યું, ગૃહસ્થાશ્રમ મારો યોગ આશ્રમ છે.

પ્રભુ જામવંથલીમાં પધાર્યા ત્યારે જામવંથલીના આસપાસના ગામોને પણ લાભ મળ્યો છે. બધાને પ્રભુના દર્શન થયા છે. વંથલીથી દોઢ ગાંવ દૂર 'લાખાણી' ગામ છે. જામસાહેબ બાપુનાં ભાઈઓ, દરબારો એ લાખાણીમાં વસે છે. તે લોકો વંથલીએ પ્રભુને લેવા અને દર્શન કરવા વાજિંત્ર, તબલા સહિત આખી લાખાણીના ભાઈઓ વાજતે-ગાજતે જામવંથલી આવ્યા, આમ પ્રભુનો રાજીપો લાખાણીના ભાઈઓએ પણ મેળવ્યો.

બાજુમાં ચાવડા ગામ છે તે ગામ મળીને પ્રભુને ચાવડામાં ઘરે ઘરે પધરામણી કરાવી. એમ બંને ગામોએ ખૂબ જ લાભ લીધો. જામવંથલીના આખા ગામે તન, મન, ધનથી સેવા કરી અને વ્હાલાની પ્રસન્નતા અને રાજીપો ખૂબ જ મેળવ્યો.

ડાયાબાપા ખૂબ હિંમતવાળા એમને કોઈ ઉપદેશ આપી ન શકે એવા બળવાન પુરુષ હતા. એમનો ભગવાન સિવાય કોઈ ઉદ્ધાર કરી ન શકે. ગામના માલધારી માણસો પણ એમનાથી બીતાં. આવા બાપા બળવાન હતા.

એક વખત કેશુભગતનાં માતૃશ્રી અમૃતબાને સંભળાય તેમ મહારાજ બોલ્યા, ''અમે સાક્ષાત ભગવાન છીએ. આ મકાનની દિવાલ પણ અમને ન નડે. દિવાલ સોંસરવા અમે નીકળી જઈએ. અમો સાક્ષાત ભગવાન છીએ'' આમ માતૃશ્રી સામે બોલ્યા. આમ કેશુભગતના બેય માવતરને બગીચામાં ખૂબ જ પરચાં આપ્યા છે અને સાક્ષાત્ ભગવાનપણાંનો નિશ્ચય કરાવ્યો છે.

પહેલા બગીચાવાડીમાં રહેવા માટે બે રૂમ હતી. એમાં મહારાજની પધરામણી ઘણી વખત થયેલી. તો એ રૂમમાં એક ખિંટી હતી. ત્યાં માળા ટીંગાતી. પ્રભુએ પધરામણી કરીને ભલા-ભોળા વૃદ્ધો પર અદ્‌ભુત કૃપા કરી. એ ખિંટી પર માળા ટીંગાતી હતી ત્યારે પ્રભુએ માળામાં અદ્‌ભૂત પરચો આપ્યો. એ માળા તેની મેળે જ ફરવા લાગી. તે માળા ખિંટીને ચક્કર માર્યા કરે. ડાયાબાપા અને અમૃતાબાની નજર એ માળા પર ગઈ જોયું તો માળા ખિંટી પર ચક્કર મારતી હતી. તો એ માળા અંદાજે અડધા કલાક સુધી ફરતી બેય માણસે જોઈ ત્યારે બેય માણસ ભગવાનને યાદ કરવા લાગ્યા કે, પ્રભુએ આ પધરામણી કરી, જુઓ તો માળા તેની મેળે ફરવા લાગી, એમ બેય માણસ વિચારવા લાગ્યા.

કેશુભગતના દાદા-દાદી એ પણ મહાન ભક્ત હતા. દાદા-દાદી પ્રભુની ઘનશ્યામરૂપે

ભક્તિ કરતાં હતાં. કેશુભગતના દાદીમાને એક વખત ઉપાધી આવીપડી એટલે પ્રભુ પાસે પોંક મૂકીને મૂર્તિ સામે રડ્યા. તે મૂર્તિ સાક્ષાત્ દાદીમાં સામે બોલી 'શું રડો છો ?' એ દાદીમાનાં એક દેરાણી હતા, તેઓ માંદા પડ્યા હતા. દાદીમા ત્યારે તેની ખબર કાઢવા ગયા. દેરાણી પાસે એમના બેન હતા. એમણે ઘરેણાં બાંધી ક્યાંક રાખ્યા હશે. આ એમના દેરાણી ઘરેણાં શોધે પણ મળે નહીં. દેરાણી પોતે માંદા હતા એટલે મા એમની ખબર કાઢવા ગયા હતા તો દેરાણી એ એવી શંકા કરી કે, ''મારી જેઠાણી ખબર કાઢવા આવી અને ઘરેણાં લઈ ગઈ.'' આમ જોરથી બોલી અને મા સાંભળી ગયા. એટલે ભગવાન પાસે આવીને તરત જ પોક મૂકી રડી પડ્યા. એટલે મૂર્તિમાંથી સાક્ષાત ભગવાન બોલ્યા, ''છાના રહો, એ ઘરેણાં તો એની બેને જાંબલી રંગની સાડીના ટૂકડામાં વીંટીને રોટલા મૂકવાનું કબાટ છે એમાં મૂકેલા છે, જાવ બતાડી આવો.'' દાદીમાનું નામ પૂતળીમા હતું. આમ તે કેટલાં ભોળા અને નિર્દોષ કે ભગવાનની મૂર્તિ સાક્ષાત્ બોલી. પછી તો જલ્દી જલ્દી પૂતળીમા ગયા એની દેરાણીની બેન પાસે જઈ અને એને કહ્યું, '' જાંબલી રંગની સાડીનાં ટુકડામાં ઘરેણાં બાંધીને તમે રોટલા રાખવાના કબાટમાં મૂક્યા છે ને ?'' એટલે એના બેન વિચારમાં પડી ગયા કે, મારી બેનને પણ ખબર નથી, બીજા કોઈને પણ ખબર નથી તો આ પૂતળીમાને કેવી રીતે ખબર પડી કે, ઘરેણાં કબાટમાં મૂક્યા છે. એટલે દેરાણીના બેને માને કહ્યું કે, તમને કેવી રીતે ખબર પડી કે, મેં ઘરેણાં જાંબલી રંગની સાડીના ટુકડામાં વીંટીને કબાટમાં મૂક્યા છે, બીજા કોઈને પણ ખબર નથી તો તમને કેવી રીતે ખબર પડી ? ત્યારે માએ કહ્યું, (મારી દેરાણી) તમારી બેને મારી પર શંકા કરી કે, મારી જેઠાણી ઘરેણાં લઈ ગઈ અને હું એ સાંભળી ગઈ, એટલે ઘરે જઈને ભગવાન પાસે પોક મૂકી એટલે પ્રભુની મૂર્તિ સાક્ષાત બોલી. આ બધું જ મને ભગવાને કહ્યું, એટલે હું તમને કહેવા આવી.

કેશુભગતના દાદા-દાદી આવા મહાન ભક્ત હતા. એક વખત દાદા (પોપટબાપા) એ પણ કેશુભગતને જણાવ્યું કે, અમારા ગુરુ મહાન સ્વામી હતા. એ મહાપુરુષસ્વામી ગોપાળાનંદ સ્વામીના શિષ્ય હતા. માટે એ સમર્થ પુરુષ હતા. જામવણથલીમાં એક રત્નાકર નામની વાડી હતી. એ વાડીમાં પાણીની વાવ હતી. એમાં ઘણાં વાસનીક ભૂત રહેતા હતા. સ્વામીએ પાણીની અંજલી છાંટી અને એ ભૂતોને મોક્ષ આપી દીધો. એ સ્વામી વાવમાં ન્હાતા હતા. એક ધાબળો પાણી પર પાથર્યો અને એ ધાબળા પર પાણીમાં પલાઠી વાળીને બેસી ગયા. એટલે ધાબળો લાકડાની જેમ તરવા લાગ્યો. સ્વામી પણ ઉપર બેઠા છે, આવા

પ્રતાપી સંત હતા. ભગવાન ઘનશ્યામ મહારાજ સ્વામિનારાયણના સંત આવા પ્રતાપી હતા તો ભગવાનનું શું વર્ણન થઈ શકે ? ભગવાનની મોટાઈનું વર્ણન કરવા કોઈ સમર્થ નથી.

એક બીજો પરચો દાદાના ગુરુએ વંથલીમાં આપ્યો હતો. એક ખવાસ સરકારી નોકર હતો. સત્સંગમાં કાંઈ જાણતો નહીં. હરિભક્તો રામમંદિરે બેઠા હોય તો આ સરકારી નોકર અભિમાન કરી ભગવાનનાં સંતનો અપરાધ લેતો અને હરિભક્તોની સામે 'ભગવાન સંત એ બધું ખોટું છે' એમ બોલતો અને કહેતો કે, તમારા કોઈ સંત આવે ત્યારે મને કહેજો. યમપુરીને એ બધું ખોટું જ છે. રોટલા કાઢવા માટે તમને સમજાવે. આવી બધી વાતો તે કરતો.

એમાં એક સમયે દાદાનાં ગુરુ મહાપુરુષ સ્વામી ગામ વંથલીમાં આવેલા. ત્યારે વાડીમાં સ્નાન કરવા જાતા હતાં ત્યારે રામમંદિરે હરિભક્તો અને આ ખવાસનું ટોળું બેઠું હતું. એમા ખવાસ ઊભો થઈ સ્વામીનાં ચરણોમાં પડ્યો, સ્વામીના પગ પકડી રાખ્યા, પગ છોડે નહીં. એટલે સ્વામીએ કહ્યું, 'પગ છોડી દે, અમારે વાડીએ સ્નાન કરવા જાવું છે.'' એટલે ખવાસ બોલ્યો કે,- ''મહારાજ મારે જમ જોવા છે, મને જમનાં દર્શન કરાવો તો જ તમારા પગ છોડું.'' ત્યારે સ્વામી બોલ્યા કે, અમારા સંતો સામે વાદ ન કરાય. તારે માનવું હોય એમ માનજે. તો પણ પગ છોડે નહીં. બધાં ગામલોકો રામમંદિરના ચોરે બેઠા હતા ત્યારે સ્વામીએ ગામને કહ્યું, ''આ ખવાસને જમ જોવા છે એટલે અમારા પગ છોડતો નથી, તો હવે અમારે શું કરવું ? અમે જમને પ્રાર્થના કરીશું એટલે જમ તો આવશે, પણ આને (ખવાસને) કંઈ બીક લાગશે ને કાંઈ થઈ જશે તો કોની ઉપર ?'' સ્વામી ગામ લોકોને કહે છે કે, તમે ગામ જવાબદારી સંભાળો તો જમને બોલાવીએ. એટલે ગામ લોકો કહે છે કે, તે તમારા પગ છોડતો નથી તો સ્વામી એને જમ બતાવો. એમ ગામની વાત સાંભળીને સ્વામીએ જમને બોલાવ્યા અને કહ્યું કે, આ ભગતને દર્શન આપો. એટલે તરત જ એ ખવાસને જમે દર્શન દીધા. ત્યારે ખવાસ રાડો નાખવા માંડ્યો. ''એ મને બચાવો, મને બચાવો, મારી ભૂલ થઈ ગઈ, મારી ભૂલ માફ કરો'' અને એ ખવાસને ભાન કરાવવા જે ઘડીક રોકાયા. એ ખવાસને જમ જોઈને જાડા-પેશાબ ચાલું થઈ ગયા. પછી સ્વામીએ જમને આજ્ઞા કરી કે, હવે જાવ. ત્યાર પછી એ ખવાસ બધું જ સાચું માનવા લાગ્યો અને એ કેશુભગતનાં દાદાનાં ભાઈબંધ હતા, નાનજી ખવાસ એમનું નામ હતું. ત્યાર પછી એ ખવાસ સ્વામીનો ખાસ શિષ્ય બની ગયો. એ સ્વામિનારાયણ ધર્મ એ ખવાસનું કૂળ તે દિવસથી પાળે છે અને અત્યારે હાલમાં આ કૂળ છે.

બગીચાવાડીની બાજુમાં કેશુબાપાનો એક વાડો છે એ વાડાની જગ્યામાં કેશુબાપા દવાની ભઠ્ઠી બનાવતા. એકવાર એમાં એની મેળે સુગંધ આવવા લાગી. બે થી ત્રણ કલાક સુધી સુગંધ ચાલુ રહી. એ વખતે બે મજૂર અને એક કડિયાકામ કરતા હતાં. કેશુબાપા સહિત ચાર જણાંની હાજરીમાં દવાની ભઠ્ઠી ખોદાતી હતી એ વખતે સુગંધ ચાલુ થઈ ગઈ. બે ભઠ્ઠી ચાલુ કરવા માટે ત્યાં ભગવાનની મૂર્તિ રાખી. મહારાજને ફુલ-હાર ચડાવી એ વખતે નારિયેળ એની મેળે ઘડાકાભેર ફૂટી ગયું. એ વખતે કેશુબાપાનું આખું કુટુંબ હાજર હતું.

પ્રભુ જામવંથલી પધાર્યા ત્યારે આશરે ત્રણેક વર્ષ રોકાયેલા. ત્રણ વર્ષમાં એવાં વરસાદ વરસાવી મોલ પણ એવાં ઉપજાવ્યા, અમે ભક્તોને ખૂબ જ ઉપજ અને પાણી મળ્યા છે. ઈન્દ્ર દેવને આજ્ઞા કરે કે, તરત વરસાદ ચાલુ થઈ જાય. આવાં પરચાં આપી વંથલી ફરતાં બધાં ગામોને ખૂબ જ સુખી કર્યા છે. વંથલીમાં ભક્તોને ઘરે ઘરે પરચાં આપેલ છે એ જામવંથલી આખું ગામ જાણે છે.

વ્હાલાની કૃપાથી સર્વે ભાઈઓ-બેનો જલ્દી મહારાજનાં ચરણોની ઓળખાણ કરીને ભજવા મંડીએ તો વ્હાલો વિશ્વ પર રાજી થઈ જાય. આ બાબત વિશ્વને બહુ વિચારવા જેવી છે.

જામનગરનું સ્વામિનારાયણ મંદિર શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે કરેલ છે. મહારાજ અંદાજે ૧૮ વર્ષ જામનગરમાં બિરાજ્યા હશે. દરેક શરણે આવનાર ભક્તોને સુખી કર્યા છે. મોટા-મોટા દુઃખોમાંથી ઉગાર્યા છે. એ દરેક સંતો-હરિભક્તો-આચાર્ય જાણે છે.

જામનગર મંદિરમાં એક સમયે મહારાજે પ્રસન્ન થઈને વિરાટરૂપ ધારણ કર્યું. ત્યારે કેશુબાપાનું કુટુંબ અને જમાઈ (મોહનભાઈ) પણ હતા. બધાંએ મહારાજના વિરાટરૂપના દર્શન કર્યાં. દસ ફૂટ ઊંચું સ્વરૂપ, દસ ફૂટ જેટલું પહોળું. કુટુંબ આખું ઊભું હતું. ભગવાને વિરાટરૂપના દર્શન આપી દયા કરી પણ જમાઈ બી જઈ ભાગવાની તૈયારી કરતા હતા. ત્યારબાદ કેશુબાપાના માતાશ્રી એમના છોકરાઓ સામા ઊભા રહ્યા અને કહેવા લાગ્યા કે,- ''દર્શન કરો ભગવાન તેમનાં મોટા સ્વરૂપનાં દર્શન આપી રહ્યાં છે.'' એટલે બધાંએ દર્શન કર્યાં. આમ મહારાજે દર્શન આપીને પછી પોતાના વિરાટ સ્વરૂપને સંકેલી લીધું.

પછી પેલા જમાઈ હતાં એને મહારાજે કૃપા કરીને બીજે દિવસે આકાશમાર્ગે દર્શન આપ્યા. પછી જમાઈ બધાંને મહારાજના દર્શનની વાત કરવા લાગ્યા કે, ''દર્શન કરો મહારાજ આકાશમાં રહ્યા જુઓ.'' આવા તો અનેક પરચાં આપીને પ્રભુ જગતને ઉગારે છે.

અમારો પરિવાર પાંડવ કુળ છે, ગઢડા કુળ છે એ નિશાની વંથલીની બગીચાવાડીમાં ઘણાં ભક્તો ભાઈ-બેનોની હાજરીમાં મહારાજે પોતાના ચરણથી પાંચ લીટા કર્યા અને કહ્યું કે, આ અમારું પાંડવ કુળ અને ગઢડાકુળ છે. આમ બધાને મર્મ જણાવ્યો. જે વખતે લીટા કર્યા તે વખતે કેશુભગતના ખભા પર ધનુષ્ય મહારાજે બતાવ્યું. આમ કેશુભગત અર્જુનનો અવતાર છે એ નિશાની ભગવાને પોતે બતાવી છે.

એકવાર વંથલીમાં દેવમંદિરમાં દર્શન કરવા પ્રભુ ગયા છે. ત્યાં પણ પરચા ભગવાનપણાના આપે છે. ગામમાં મહારાજની ઘરે ઘરે પધરામણી ચાલતી હતી. એમાં રામ મંદિરમાં દર્શન કરવા પ્રભુ ગયા છે, હજારો માણસો સાથે છે. મંદિરમાં જેટલાં સમાય તેટલાં માણસો ઊભા છે. બીજા બધા ઊભા છે અને મહારાજ રામ-સીતા-લક્ષ્મણજીની મૂર્તિના દર્શન કરતા હતા. સિંહાસનમાં મૂર્તિ આગળ પૂજારી રામાનંદી સાધુ મહારાજને દર્શન પરદો આઘો કરી કરાવે છે. તે રામાનંદી સાધુનું નામ અનુપ્રામ હતું, એ ભગવાન આગળ ઊભા છે. મહારાજને દર્શન કરાવે છે એમાં મહારાજે ડાબો પગ પછાડી અને નીચે દસની નોટ પ્રગટ કરી. પુજારી અને ઘણા ભક્તો ગામ આખાને ભગવાનપણાની ઓળખાણ દેવા એવો પરચો આપ્યો કે, મહારાજ રામાનંદી સાધુને કહે છે કે, ''અમારા ચરણ નીચે નોટ છે તે તમે લઈ લો.'' પછી એ રામાનંદી પૂજારીએ દસની નોટ ઉપાડી દક્ષિણા લીધી. આ ઘણા માણસોએ સાક્ષાત મૂર્તિમાન પરચો જોયેલો છે.

વંથલી ગામમાં ભક્તોને ઘેર ઘેર પધરામણી ચાલતી હતી. એમાં એક મિસ્ત્રી કાળાભાઈ હતા. કેશુભગતના હેતવાળા હતા. એ બીમાર પડ્યા હતા. કેશુભગત મહારાજને કાળાભાઈને ઘેર પધરામણીએ લઈ ગયા. અનેક માણસો સાથે હતા. મિસ્ત્રીને કેશુભગતે ઓછા સમયમાં મહારાજ ઓળખાવ્યા હતા. કેશુભગતનો ખૂબ જ વિશ્વાસ કાળાભગતને હતો. માટે એ સમયે કાળાભગતને મહારાજના વર્તમાન ધરાવ્યા, એનાં કુટુંબમાં બધાંયના વર્તમાન ધરાવ્યા. એટલે ભગવાન મળી ગયા અને પછી મહારાજે આજ્ઞા કરી કે, કાલે ધામમાં જવું છે. તો કાળાભગતે કહ્યું, હા મહારાજ. પછી તો બીજે જ દિવસે કાળાભગત ધામમાં ચાલ્યા ગયા. એવી રીતે વંથલીમાં સાત-આઠ જગ્યાએ મહારાજે વર્તમાન ધરાવી પરચા આપ્યા હતા.

મહારાજની મોટાઈનું વર્ણન કરોડો યુગ ચાલ્યા જાય તો પણ તેનો મહિમા કહી શકાતો નથી. આતો વ્હાલાને કાલાવાલા કરીએ. પૃથ્વી પર એમણે કૃપાથી અવતાર ધારણ કર્યો.

કાશીમાં વિશ્વ કલ્યાણ માટે વિદ્યા ભણવાનું નિમિત્ત ઊભું કર્યું. વ્હાલાએ પોતાની કૃપા રૂપી સૂરજ ઊગાડ્યો છે. આખા વિશ્વને જીવનદાન, પૂજન અને દર્શન સૂરજરૂપે પોતાના અવતારો મૂર્તિમાન પ્રગટ કર્યા છે. બુદ્ધિવાન નર-નારી એની બ્રહ્માંડરૂપી લીલા જુએ. વ્હાલાની ભક્તિ અખંડ કરવા લાગે અને વ્હાલાના ચરણમાં સેવા-ભક્તિ કરી અમર મોક્ષ મૂર્તિ થઈ વ્હાલાની ભક્તિ કરી પરમધામમાં જઈને અખંડ સુખી થાય.

એકવાર વંથલીના સ્વામિનારાયણ મંદિરમાં અમુક હરિભક્તોએ કેશુભગતને કહ્યું કે, તમારે જો અહીં શાસ્ત્રીજી મહારાજની જય બોલાવવી હોય અને એમના ભગવાનપણાની વાત કરવી હોય તો મંદિરમાં હવેથી ન આવવું. આમ ત્યાંના અમુક હરિભક્તોએ કેશુભગતને મંદિરમાંથી રજા આપે છે. ત્યારે કેશુબાપા મંદિરમાંથી ચાલ્યા જાય છે. પછી પ્રગટ ભગવાનનું મંદિર ફુલવાડી છે. ત્યાં ભગતબાપુ ચાલ્યા ગયા. ત્યાં જઈ મહારાજના ચરણકમળ પધરાવેલ છે એ ચરણારવિંદના ઓટે જઈને બેઠાં અને પોક મૂકી રડવા લાગ્યા.

એ સમયે મહારાજે ભગતબાપુને સૂર્યનારાયણની અંદર મૂર્તિમાન અનાદિ શ્રીકૃષ્ણ પરબ્રહ્મ નારાયણે સાક્ષાત્ દર્શન આપ્યા. ઘણાં સમય સુધી દર્શન આપ્યા. તેવા સૂર્યનારાયણની અંદર દર્શન કરી અખંડ-અમર પ્રગટ ભક્તિ કરવાની અને કરાવવાની ભગતબાપુને એકદમ શ્રદ્ધા જાગી ગઈ. આ કાર્ય પ્રભુ સિવાય કોણ કરી શકે ? મહારાજ સમગ્ર વિશ્વના પરપિતા પરબ્રહ્મ નારાયણ સર્વરૂપ છે. વિશ્વ આખું પોતાના બાળકો છે. જીવ પ્રાણી માત્ર એના ઉદ્ધાર માટે પરમધામમાં બિરાજતા થકા અનંત અવતાર ધારણ કરે છે. સમગ્ર અવતારના અવતારી પરબ્રહ્મ નારાયણ પોતે સ્વયં પધાર્યા છે.

એકવાર વંથલીના બે વૃદ્ધો અને એક જુવાન અને કેશુબાપા મહારાજની સેવામાં હાજર હતા અને પ્રભુ આંબલી નીચે ઊભેલા અને કેશુબાપાને આજ્ઞા કરી કે, ભગત તમે કપચીના ટોપલા ભરીને હું કહું ત્યાં ખૂણામાં નાખો તમારા હાથે અહીં ફુલવાડીમાં અમારી પ્રસાદીની રૂમનું મુહૂર્ત કરવું છે. કાલે કારીગરો તમે ઢગલો કર્યો ત્યાંથી કામ ચાલુ કરશે.

બીજે દિવસે સવારે એ મુહૂર્ત કર્યું ત્યાંથી કારીગરે ચણતર ચાલુ કર્યું. પછી એ આખો રૂમ મહારાજે પોતાના હાથથી જ કરાવ્યો છે, માટે એ પ્રસાદીનો રૂમ કહેવાય છે. ફુલવાડીમાં ઘણાં હરિભક્તોની હાજરીમાં પ્રભુએ કેશુબાપા પર ત્રણવાર સાક્ષાત કહ્યું છે કે, આના માટે બધુ થાય છે. આવા મર્મભાવ અને દિવ્યભાવ કેશુબાપાને ફુલવાડીમાં મહારાજ બોલેલા.

કુંકાવાવમાં મૂર્તિ પ્રતિષ્ઠાનો ઉત્સવ થયો ત્યારે કેશુબાપુ ઉઘાડા પગે ગયા હતા. ટિકિટના પૈસા છગનભગતે આપ્યા હતા. ટિકિટના પૈસા ન હતા, ઉઘાડા પગે કેશુબાપુ કુંકાવાવ ગયા ત્યારે બધાં ભક્તો પૂછવા માંડ્યા કે બાપા તમારા ચપ્પલ પહેરવાના ભુલાઈ ગયા કે ચોરાઈ ગયા. તમે ઉઘાડા પગે કેમ આવ્યા ? નહોતા એમ તો કહેવાય નહીં. બાપુ કહે, આ ભગવાનનાં ધામમાં ચપ્પલ થોડા પહેરાય અહીંયા પ્રભુ પ્રગટ્યાં છે એમ કહેલું.

કેશવજી બગીચા ભગતની જેવી ભક્તિ શરણાગતિ મંડળમાં પ્રગટ ભગવાનને વિશે અદ્વિતીય છે. મહારાજની આજ્ઞાનું પાલન કરવું. કહે તે સેવા કરવી અને પ્રગટ ભગવાનનું સદાય ધ્યાન, ભજન દર્શન કરવું. આ ભક્ત ભગવાનને બહુ જ વહાલા હતા. તેમના પરિવારમાં પ્રથમ ડાયાબાપા, ધર્મપત્ની બંને જણાં મહારાજ નહાવા પધારે ત્યારે વાડીએ ડાયાબાપા મહારાજની રાહ જોતા હોય કે મહારાજ ક્યારે ફુલવાડીથી નદી વટાવીને આવે અને હું કોસ જોડું. મહારાજ પધારે ત્યારે પોતે જાતે કોસથી પાણી ખેંચીને કુંડીમાં ભેગું કરે અને મહારાજ કોસે કોસે કુંડીએ નહાતા અને પ્રસાદીના જળ સાથે રહેલા ભક્તો પર ઉછાળતા અને પ્રસાદીરૂપ કરી દેતા. એટલી વખતમાં પછી ડાયાબાપા ચીકુવાડીના ચીકુ મીઠા મજાના પોતે જાતે તોડીને મહારાજને ધરતા અને મહારાજ પોતે પ્રસાદી જમતા.

ભગવાન અનંત જીવોના સ્વામિ, ભક્તોના પતિત પાવન સ્વામી, લક્ષ્મીરૂપ ભક્તોને દર્શન આપી સેવાઓ આપી આ બગીચાવાડીમાં પ્રગટ પ્રભુજીએ ભક્તોને રાસ રમાડ્યા છે. બગીચાવાડી પ્રગટ ભગવાનના યોગે કરીને પવિત્ર ધામ સ્વરૂપે થઈ છે. માટે બગીચાવાડી અને આ પરિવાર ડાયાબાપા બાઈઓ-ભાઈઓ કેશુબાપા, પરષોત્તમભગત,દેવરાજભગત, બાબુભગત, રામજીભગત બગીચા સર્વેના પરિવારો બાઈઓ-ભાઈઓ પ્રગટ ભગવાનના દર્શન-સેવાને પામેલા પ્રગટ ભગવાનના દિક્ષા-મંત્ર શરણાગતિ સ્વીકારેલા ભક્તો છે. તેમના દિકરાના દિકરાઓ આ ત્રીજી-ચોથી પેઢીના પરમ ભાગવદીય ભક્તો આજ પર્યંત પ્રગટ ભગવાનનું ભજન કરી રહ્યા છે.

આ રીતે અનાદિ મહામુક્તરાજ પૂજ્ય કેશવજીભગત બગીચાને મહારાજે આ લોકમાં પોતાની પ્રથમ પરિપૂર્ણ ઓળખાણ તો આપી તે ઉપરાંત કેશુભગત ધામમાં ગયા ત્યાં સુધી અનંત વાર દર્શન અને પરચાઓ આપ્યાં છે. કેશુભગતે પોતાના જીવનમાં માત્ર ને માત્ર મહારાજને જ પ્રધાનપણું આપ્યું છે. પોતે રાત-દિવસ મહારાજની સેવા-ભક્તિ કરી છે અને અનેક ભક્તોને મહારાજની પરિપૂર્ણ ઓળખાણ પણ કરાવીને સેવા-ભક્તિ કરતા કર્યા છે.

કોઈ પણ વ્યક્તિ કેશુભગતને મળવા જાય તો તરત જ ભગત મહારાજના મહિમાની કથા-વાર્તા ચાલુ કરી દે પણ આ લોકની કોઈ પણ વાત ના કરે. સામેવાળા જીવને વિશેષને વિશેષ મહારાજનું બળ આવે એવા એમના રાત-દિવસ પ્રયત્ન હતા.

જેમણે પોતાનું સમગ્ર જીવન પોતાના ઈષ્ટદેવ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ ફુલવાડી પરમધામ મંદિર તેમજ શ્રીહરિ શરણાગતિ મંડળના વિકાસના અર્થે સમર્પિત કરી દીધું. એવા મહારાજના લાડીલા પરમધામના અનાદિ મહામુક્ત પૂજ્ય કેશવજીભગત બગીચાને અનંતવાર દંડવત્ પ્રણામ સાથે જય અનાદિશ્રીકૃષ્ણનારાયણ.

પરચા નં. ૮.

## અનાદિ મુક્તરાજ શાંતિલાલભગત કેશવજીભગત બગીચા
### ગામ- જામવંથલી, હાલ- રાજકોટ

**અનાદિ** મહામુક્તરાજ પૂજ્ય કેશવજીભગત બગીચાને ત્યાં પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણની કૃપાથી પૂજ્ય શાંતિલાલભગત બગીચાનો જન્મ જામવંથલીની પવિત્ર ભૂમિ પર થયો છે.

મહારાજ જ્યારે જામવંથલી પધારતા ત્યારે શાંતિલાલભગત નાની વય પણ પ્રગટ ભગવાનની ભક્તિ, સમજણ, સેવા અને બાળ ઘનશ્યામ મંડળીમાં ભગવાનના રાસ રમવા, ભગવાન ભેળા પધરામણીએ જવું અને પ્રગટની જ કથા, ભક્તિ કરવી અને કરાવવી. દેવરાજભગત પણ વંથલીમાં રહી ખેતીકામ કરે પરંતુ ભગવાનમાં પ્રેમ અતિશય, હેત જબરું, સમજણ ઊંચી અને દર્શન કરવા અને કરાવવા, જીવને ભગવાનનું સુખ અંતરમાં જડાઈ જાય તેવી ભાવના. આ બગીચા પરિવારના કેશુબાપા, શાંતિલાલ ભગત, દેવરાજભગત આદિક બધા ભક્તોને દિવ્ય સમજણ. મહારાજ સ્નાન કરે ત્યાં સુધી દેવરાજભગત અને કેશુભગત મહારાજ વહેલી સવારે ગામમાંથી કંકાવટી વટાવીને બગીચાવાડીએ આવે ત્યાં સુધી ભેગા ભેગા ચોકીદારની જેમ ભગુજીની જેમ રખેવાળી કરે. આવા શુરવીર ભક્ત જે ભગવાનને વહાલા હતા.

ભક્તોને હજારો-હજારોની સંખ્યામાં શાંતિલાલ ભગતે ઓળખાણ કરાવી. પ્રગટ ભગવાનનું ભજન, મંત્ર, દિક્ષાઓ, શરણાગતિ આપીને ભગવાનના ભક્તો કર્યા છે. શરણાગતિ મંડળની ન્યાતને વધારી દીધી છે. આ અલૌકિક વાત છે. જેના રોમેરોમ મહારાજનું ભજન કરવું, કરાવવું. ભક્તોની સંભાળ લેવી. ભગવાનને રાજી કરવા. ભક્તોને રાજી કરવા. ફુલવાડીની પોતે જાતે સેવા કરી અને હજારો ભક્તો ફુલવાડીની સેવાઓ કરાવવી. આ પણ એક મોટો ચમત્કાર જ કહેવાય. મહારાજની આજ્ઞાથી મુંબઈ જઈ કામે જતા પણ ભજન કરવું, કરાવવું. મંદિર, મૂર્તિ, સેવા કરવી, ફંડ-ફાળા મંદિર માટે કરવા. પ્રગટ ભગવાનની આજ્ઞાનું અનુસંધાન અપાવવું. એમણે એમનાં જીવનનું આજ લક્ષ્ય ગણ્યું છે.

શાંતિલાલભગતના પરિવાર-પુત્રો, ધર્મપત્ની લાભુબેન પણ પ્રગટ ભગવાનનું ભજન કરનારા ફુલવાડી મંદિર બનતું હતું ત્યારે આ બગીચા પરિવારની બેનો હોય કે ભક્તો

હોય પણ ભક્તોને જમાડવા. અંગસેવાઓ કરવી આ બધી સેવાઓ કરતા અને મહારાજનો રાજીપો લીધેલા ભક્તો છે. ફુલવાડીના પાયામાં મોટા મોટા રૂમો જેવડા ખાડામાં એક ગાડીમાં એક જ પથ્થર આવે અને તે ઉતારવો, તેની મજૂરી પણ તે વખતે મોંઘી લાગતી. ભક્તો તે વખતે નાની વયના પણ ભગવાનની દિવ્ય સમજણવાળા હેતવાળા હતા. હિરજીબાપાની આજ્ઞાથી નાની વયના બાળકો જેવા ભક્તો આજે તો પુત્ર પરિવારવાળા થઈ ગયા. પરંતુ તે વખતના હસમુખ રામજી, જાદવજી કેશવજી, ધીરુભગત, વજુભગત, હરિકૃષ્ણભગત, રમેશભગત આદિ ભક્તો અગાઉ જે રીતે ગાડીમાંથી પથ્થરો ઉતારતા તે રીતને જાણી લઈ પોતે અંગસેવાથી ઉતારી નાખતા. હિરાબાપા તે વખતે પણ આ નાના નાના ભક્તોની સેવાથી રાજી થઈને લાડવા અને પ્રસાદી જમાડતા, રાજી કરતા. ફુલવાડીમાં મંદિર બંધાતું ત્યારે હિરાબાપા બાઈઓ કે ભાઈઓ જેની જરૂર હોય તેને હાકલ કરી બોલાવતા ત્યારે જાણે મહારાજની આજ્ઞા થઈ હોય તેમ એક જ પડકારે ભેગા થઈને બાઈઓ-ભાઈઓ વંથલી-ચાવડાના ભક્તો આવીને આ ફુલવાડીની સેવા કરતા અને આજે મહારાજના રાજીપાથી મૂર્તિ, મંદિર, સમૈયો, ઉત્સવો થયા છે તે આજે આ બધું થયું તે સુલભ લાગે છે. પરંતુ અગાઉના સમયાં જે પ્રતિકૂળતાઓ હતી. નબળી સ્થિતિ હતી પણ સેવા, આજ્ઞામાં કુરબાન થઈ જવું, તે જ લક્ષ્ય હતું. તેથી જ આવા વંથલી-ચાવડાના અને તમામ શ્રીહરિ શરણાગતિ મંડળના ભક્તોએ અનેક કઠણાઈઓ વેઠી સેવાઓ કરી છે અને ભગવાનને રાજી રાખ્યા છે. તેવા આ પ્રગટને વહાલા ભક્તોએ બ્રહ્માંડોને પણ જયજયકાર વડે સેવાઓ વડે ગજાવીને ડંકો વગાડી દીધો છે.

ધન્ય છે, વંદન છે આવા પ્રગટ ભગવાનના લાડીલા એકાંતિક ભક્તોને. જે આજે બધી મુસીબતો ન ગણીને પસીનાની કમાણીથી દેશ-વિદેશના ભક્તોએ પ્રગટ ભગવાનની અને ફુલવાડીની સેવા કરી છે. તેમજ અનેક સુંદર કિર્તનોની પણ રચના કરી છે.

શાંતિલાલભગત બગીચાને જ્યારે મહારાજે જનોઈ દિક્ષા આપી ત્યારે ઈશ્વરભગત બગીચા બાજુમાં જ બેઠેલા હતા અને પૂનાવાળા ઓધવજી ટપુ મનાણી પણ બેઠા હતા અને મહારાજે શાંતિલાલ ભગતને કહ્યું, તમે શર્ટ કાઢી નાખો, પછી મહારાજે પણ ગંજીયું પહેર્યું હતું તે કાઢી નાખ્યું અને બોલતા જાતા હતા કે આજ રીતે તમને બ્રાહ્મણ કરવા છે. પછી મહારાજે જનોઈ પોતાના શરીરથી ઉતારીને શાંતિલાલ ભગતને પહેરાવી અને કંઠી પણ પોતાની પહેરાવીને બોલ્યા, જેમ આચાર્યોને દિક્ષા આપી છે તેમ તમને દિક્ષા આપીએ છીએ.

પછી મહારાજે જનોઈનો ઈતિહાસ પોતે કહ્યો અને બોલ્યા, તમે જનોઈ કાને ચડાવો તો ભલે અને ન ચડાવો તો ભલે આ બ્રાહ્મણ વાળી જનોઈ નથી. ઉપદેશ કરતા રહેજો અને સત્સંગ વધારતા રહેજો. તમે જેને કંઠી બાંધી મંત્રદીક્ષા આપશો તે ભક્ત અમારી સર્વોપરી ઉપાસના રાખી અમારી આજ્ઞા પ્રમાણે ધર્મ-નિયમમાં રહી પવિત્રપણે જીવન વ્યતીત કરી અમારી સેવા-ભક્તિ કરશે તેને અમે આ લોકમાં તો મહાસુખીયા કરશું તેમજ અંત સમયે અમારા પરમધામમાં તેડી જઈશું ને ચરણસેવામાં રાખશું. તમે જ્યારે સત્સંગ વિચરણમાં જાવ ત્યારે એકલા ન જવું. સાથે સેવક-ભક્તને રાખવા. તેમજ કોઈ તમારું ગુરુભાવે પૂજન-સેવા કરે ત્યારે આત્મામાં અખંડ અમારું સ્મરણ કરવું. જ્યારે જમો ત્યારે બાજુમાં બીજાને એક કોળિયો જમાડીને જમવું તેમજ કથા-વાર્તા કરવા કોઈ આસન પર બેસો ત્યારે પહેલા તે આસન પર હાથ ફેરવી પછી બેસવું ને અમને યાદ કરી સત્સંગ કરવો આવી અનેક આજ્ઞાઓ કરી.

એકવાર ભક્તો જૂનાગઢ દર્શને ગયા. શાંતિલાલભગત ભેળા ભક્તો હતા. વિદેશની સેવાઓ ભગવાન માટે અંગત સેવાઓ ભગતે નામ લઈ લઈને સેવાઓ અર્પણ કરી. ધનનો ઢગલો કર્યો. આ જોઈ મહારાજ ખૂબ રાજી થયા. પછી બોલ્યા કે, હવે મારે તમને શું આપવું ? ત્યારે શાંતિલાલ બગીચાવાળા કહે, મહારાજ તમે અત્યારે જેવા ભક્તો ઉપર રાજી છો તેવા કાયમને માટે રાજી રહેજો. આવા ભગવાનને પણ સુખદ પળો અપાવી ભક્તોને રાજી કર્યા છે. ભક્તોએ ધાબળા, ગાલીચા, વસ્ત્રો, પાગરણ, તેલ, અત્તરો, પુસ્તક, કલમો વડે સાધન સામગ્રીઓથી મહારાજને રાજી કર્યા છે. જેમાં શાંતિલાલ બગીચાવાળા પણ સહભાગી હતા. વિદેશમાં વર્ષો સુધી કથામૃતપાન, પ્રગટની ભક્તિ, કથા-વાર્તા કરીને કરાવી છે. પોતે સેવાઓ કરી છે અને કરાવી છે. દેશમાં પણ આજ પર્યંત જેના જીવનમાં પ્રગટ પ્રભુનું લક્ષ્ય, જીવનમંત્ર છે. ભક્તોને પ્રગટ ભગવાનની ભક્તિ કરવી-કરાવવી, ફુલવાડી-કુંકાવાવ-જૂનાગઢની સેવા કરવી અને કરાવવી તેમજ જ્યાં જરૂર હોય ત્યાં નવા ભક્તોને માટે નૂતન મંદિર કરવા. આ જીવનમંત્રને સાર્થક કરી આજપર્યંત તેઓ એક સંતસમાન જીવન જીવી, ગૃહસ્થાશ્રમમાં પુત્ર-પરિવાર, ધર્મપત્ની બધા જ આનંદે જીવન જીવી ભગવાનની ભક્તિ કરનારા ભાગવત્ કુટુંબ છે.

આખો બગીચા પરિવાર અને ડાયાબાપા બગીચા પરિવારના દિકરા-દીકરીઓ, બેનો-ભાઈઓ આત્મનિવેદી, સર્વ નિવેદીભક્તિ પરાયણ થઈ આજ પર્યંત મહારાજને રાજી કરનારા ભક્તોને ધન્ય છે.

**નોંધ : અનાદિ મુક્તરાત પૂજ્ય શાંતિલાલભગત બગીચાની અમૃતવાણી કથામાંથી થોડી ઉપદેશ અને મહારાજના પરચાની વાત અહીં રજૂ કરેલ છે.**

અમારા દાદા ડાહ્યાબાપા બગીચાએ જામવંથલી ગામમાં કંકાવટી નદીના કાંઠે પોતાની વાડીમાં સુંદર બગીચો બનાવ્યો હતો. તેમાં વૃક્ષો, વેલી, પક્ષી બધાય દેવપુરુષો, મુક્તો હતા. તે પ્રગટ ભગવાનની લીલાના દર્શન કરવા ધામોમાંથી વૃક્ષોના અવતાર લઈને લાભ લેવા આવ્યા હતા. તેથી ડાહ્યાબાપાના વંશનું નામ બગીચા પરિવાર (ભાગવત્ કુટુંબ) પડ્યું હતું અને આ બગીચા નામ મહારાજે સ્વયં આપ્યું હતું.

એક દિવસે મહારાજે એવી કૃપા કરી કે- ડાહ્યાબાપાના ખભા પર હાથ રાખી હાલ્યા અને ધોરિયાની વચ્ચે મહારાજ બાથ ભરીને તેમને ભેટ્યા. મહારાજ બોલ્યા કે, ''ડાયાભગત મંદિરે જવાય તો ય ભલે ને ન જવાય તો ય ભલે, નવાય તો ય ભલે, ન નવાય તો ય ભલે, માળા ફરે તો ય ભલે અને ન ફરે તો ય ભલે. અમે આવી તમને અમારા પરમધામમાં લઈ જઈશું.'' આ વચન મહારાજ બોલ્યા છે. શું કામ બોલ્યા મહારાજ આ વચન ? કારણ કે, ડાહ્યાબાપા શિયાળો હોય કે ચોમાસુ હોય કે ઉનાળો હોય છતાય મહારાજને નહાવા માટે સવારે ૫ વાગ્યે પાણી તૈયાર રાખતા અને બગીચાના ઝાડ પરથી પાકેલા ફળો મહારાજ માટે પ્રસાદી રાખતા એટલા માટે મહારાજે આ વચન આપ્યું હતું.

એક વખત શિયાળો હતો ત્યારે મહારાજ સવારે નાહ્યા પછી ડાહ્યાબાપાએ મોટું તાપણું કર્યું હતું ત્યારે મહારાજ ત્યાં આવ્યા અને મહારાજ બોલ્યા કે, ''કહો તો હજાર વર્ષ પહેલાની વાત કરીએ અને કહો તો હજાર વર્ષ પછીની વાત કરીએ... ત્યારે ડાહ્યાબાપા અને અમર મા બંને બોલ્યા કે અમારું ભલું કેમ થાય એમ કહો. અમે ગામડાંના અભણ માણસો અમને કાંઈ ખબર પડે નહીં.'' મહારાજે પોતે કહ્યું કે, ''ભગત તમારી વાડીએ રોજ સવારે નાહવા આવે છે એ પ્રગટ ભગવાન છે. આટલું સમજી રાખજો, બાકી તમારે કાંઈ કરવાનું બાકી નથી રહેતું.'' મહારાજની આજ્ઞા હતી કે, આ વાડીએ જે કોઈ આવે તેને ચા-પાણી પાવા એ નિમિત્તે અમારા આ પ્રસાદીના કૂવાનું પાણી પીશે. આ પાણીથી અમે ખૂબ નાહ્યા છીએ, અહીં ગંગાજી હાજર છે.

કુંકાવાવમાં પ્રતિષ્ઠા ઉત્સવ થયા પછી બધા ભક્તો (બગીચા પરિવાર) જૂનાગઢ મહારાજના દર્શન કરવા ગયા. મહારાજના બાલમુકુંદ ભવનમાં મોટી સભા ભરાઈ એટલે પરષોત્તમભગત બોલ્યા, ''આજ તો મહારાજ ૫૦૦ પરમહંસોની સભા થઈ એવી સભા

થઈ છે.'' ત્યારે અનાદિ શ્રીકૃષ્ણનારાયણ ભગવાન બોલ્યા કે, ''ભગત આ વેળા તો ૫૦૦ ને ૫૦૦ હજાર. ત્યારે બધા ભક્તોને આશીર્વાદ આપ્યા કે, પરદેશમાં બધા કમાવા જાવ અને ખૂબ સુખી થાઓ. અમે દિલની લગડીના આશીર્વાદ આપીએ છીએ કે ખૂબ સુખી થાઓ.'' એ દિવસે મહારાજ બધાને દિક્ષા આપતા હતા. એટલે ડાહ્યાબાપા કહે, આ બધું શું છે ? એટલે શાંતિભગતે કહ્યું કે, ''મહારાજ બધાને કંઠી પહેરાવે છે.'' ડાહ્યાબાપા કહે કે, આપણે પણ પહેરી લઈએ. બજારમાં ગયા સાકરનું પડીકું લઈ આવ્યા, ફુલનો હાર અને શ્રીફળ લઈ આવ્યા. પછી ડાહ્યાબાપા મહારાજ પાસે બેઠા એટલે મહારાજ કહે કે ડાહ્યાબાપા આ બધું શું છે ? એટલે ડાહ્યાબાપાએ કહ્યું કે- ''બધાને દિક્ષા આપો છો તો મનેય આપી દો.'' એટલે મહારાજ ડાહ્યાબાપાની સામે જોઈને કહે કે, ''૧૮ ગુરુ તો કર્યા છે, હવે કેટલા કરવા છે એટલે ડાહ્યાબાપાએ કહ્યું કે, ''અઢાર ભલે કર્યા પણ છેલ્લા ઓગણીસમાં ગુરુ તમે.''

એક વખત મહારાજ ઉપર આંગળી કરી ડાહ્યાબાપાને ઈશારો કર્યો કે, ''ધામમાં કે'દી જેવું છે. એટલે ડાહ્યાબાપા મહારાજને કહે કે, 'તમે અહીં બેઠા છો અને હું ધામમાં જઈને શું કરું ? પહેલા તમે જાવ પછી અમને તેડવા આવજો.'' આ પ્રમાણે મહારાજ ડાહ્યાબાપા પહેલાં ધામમાં ગયા.

એકવાર મહારાજે ડાહ્યાબાપાને દર્શન આપ્યા કે, ''આજથી ત્રીજે દિવસે અમે તમને પ્રાતઃકાળે આરતીના નગારે તમને તેડવા આવીશું.'' ડાહ્યાબાપા વંથલી ગામના ચોરે બેસી જામફળ અને ચીકુ વેચતા, આગલે દિવસે આખા ગામમાં ફર્યા અને ચોરે બેસી અને બધાને પૈસા આપતા રૂપિયો, બે રૂપિયા આપતા. એટલે ગામના માણસોએ પૂછ્યું કે, 'ચીકુ, જામફળ વેચતા-વેચતા રૂપિયા વેચવાનું ચાલું કરી દીધું ! ડાહ્યાબાપાએ કહ્યું કે, ''હાથે એ સાથે હવે આપણે ક્યાં રહેવું છે ! હવે મહારાજ પરમદિવસે તેડવા આવશે એટલે હું બધાને રૂપિયા વહેંચી અને દાન-પુણ્ય ભેગું કરું છું. પછી વંથલીમાં આચાર્ય પ્રવીણભગત ડૉકટર પાસે ગયા અને ડાહ્યાબાપાએ કહ્યું કે ''મારા છેલ્લા જય અનાદિ શ્રીકૃષ્ણનારાયણ'' અને મને કાલે મહારાજ લેવા આવશે.'' ત્રીજે દિવસે આખો બગીચા પરિવાર ભેગો થયો. ડાહ્યાબાપાએ રામજીભગતને કહ્યું કે, ''કેશુની ઘરેથી લાલજીને જગાડી પાણી ધરી એ પાણી લેતો આવ. પછી કાકા લાલજીને જગાડ્યા, પાણી ધરાવ્યું પછી ડાહ્યાબાપાને આપ્યું. પાણી બાપાએ પીધું અને મંદિરમાં ડંકા વાગ્યા. ડાહ્યાબાપા પાણી પીને લાંબા થયા ત્યાં તો મહારાજ આવી ગયા. છડીવાળી મૂર્તિમાંથી તેજ પ્રગટ થયું અને બાપા જોરથી બોલ્યા કે મહારાજ આવી ગયા અને

ડાહ્યાબાપાએ બધાને જય અનાદિ શ્રીકૃષ્ણનારાયણ કહીને પ્રાણ ત્યજી દીધા.

ભક્તોએ મહારાજની આજ્ઞા પ્રમાણે શ્વાસે શ્વાસે અનાદિ શ્રીકૃષ્ણનારાયણ મહામંત્રનું હંમેશા ભજન કર્યા જ કરવું જોઈએ. મહારાજે કેવો ઉપદેશ આપ્યો ? કેવી લીલા કરી ? કેવા સુખ આપ્યા ? કેવા દર્શન આપ્યા ? કેવા ભક્તોનો ઉદ્ધાર કર્યો ? આવી રીતે બધું સ્મરણ કર્યા કરવું. મહારાજ કહે છે કે, મારી મૂર્તિનું કાયમ માટે સ્મરણ રાખજો. જો આમ રાખશો તો હું તમને મારા પરમધામમાં વાસ આપીશ. આવી રીતે મહારાજ વચનથી બંધાયા છે.

**"વચને બંધાણા શ્વેતાયન વચને બંધાણા, ભક્તો ને સુખ દેવા વાલો વચને બંધાણા."**

કોઈ અમથા અમથા અનાદિ શ્રીકૃષ્ણનારાયણ નામ લેશે તો મહારાજ કહે એને હું મારું પરમધામ આપીશ. તો ભાવથી ભજતા હોય, સ્નેહથી સેવા કરતા હોય. શરણાગતિ લઈ પગ પકડ્યા હોય. ભગવાનમાં થઈ જીવન જીવતા હોય. એ ભવાસાગર તરી ગયા. ભગવાનના ચરણના સેવક તરીકે દાસ થઈને સેવા કરવી. પોતાના મનનું ધાર્યું મૂકી ભગવાનનું કહ્યું કરવું એનું નામ દાસભક્તિ.

એક વખતે કેશવભગત બગીચા અને શાંતિલાલભગત બંને મહારાજની સેવા કરતા હતા ત્યારે કેશવભગતે મહારાજને પ્રાર્થના કરી કે, મહારાજ કાંઈક ઉપદેશ આપો. ત્યારે મહારાજે શાંતિલાલભગત સામે ઈશારો કરી કહ્યું કે, હવેથી અમારે જે ઉપદેશ આપવો છે તે આ શાંતિલાલ આપશે. સમય જતાં મહારાજે કહ્યું એમ જ થયું. મહારાજની પૂર્ણ કૃપાથી દુબઈમાં તેમજ હાલમાં પણ ગામડે ગામડે વિચરણ કરી શાંતિલાલભગત મહારાજની કથાવાર્તા કરી અનેક જીવોને ભગવાન ઓળખાવી મોક્ષભાગી કરી રહ્યાં છે.

ભલે આ લોક છે બધું આ જગત પ્રમાણે સારું જોતું હોય. દરેક માણસને સારું કરવું હોય નાનો માણસ હોય તો એય વિચાર કરે કે મારે બંગલો કરવો છે એમ વિચારતા હોય. મહારાજ કહે, ભલે તું બધુંય કર પણ મને અર્પણ કરી પ્રસાદીનું કરી તું વાપરજે. તારા ઘર, ખોરડા, કુટુંબ-પરિવાર બધુંય અર્પણ કરી દેજે. એને બધાને મારા ચરણે અર્પણ કરી દેજે. મારા રંગમાં એને રંગી દેજે. એમ ભલે ભગતને બધુંય આપ્યું હોય પણ ભગતની સમજણ કેવી હોય. આ બધુંય મહારાજની દયાથી છે.

એક વખત અબુધાબીમાં શાંતિલાલ કેશવજી બગીચાવાળાને શાંતિલાલ નરસિંહ ડ્રાફ્ટ કરવા માટે પૈસા આપી ગયેલા. તે રૂા. ૫,૦૦૦ ની ચોરી થઈ ગઈ. તે દિવસે ત્યાં મહેમાનો

પણ આવેલા અને સવારમાં ચોરી થઈ સાથે રહેતા વિઠ્ઠલ ખેંગાર ચોટલિયા (બાલંભા) તેમને ત્યાં એક કચ્છી માણસ રહેતા તેના પર શંકા જવાથી તપાસ કરવા શહેરમાં ગયા. ચાલાકીથી ખિસ્સા તપાસી પછી પૂછ્યું, શાંતિલાલ પૈસા ખોવાઈ ગયા છે. તે તમને ખબર છે ? તે પાકીટ કયાંય જોયું હતું કે કેમ ? વગેરે પૂછતા ચોખ્ખી ના પાડી અને પોતાને કશી ખબર જ નથી અને હમણા મારે એલાન જાવું છે. એમ કહીને ચાલ્યો ગયો. ત્યાર પછી ભગવાનના ભક્તજનો મોહનલાલ કરશન મનાણી, તુલસીદાસજી મનજી મકવાણા તથરામજી જેઠા મકવાણા આદી ભક્તોનો મેળાપ બજારમાં થઈ ગયો. પૈસા ચોરાઈ ગયાની વાત થઈ ત્યારે બધાએ પ્રાર્થના કરી કે, પૈસા કોઈ કયાંય લઈ જઈ નહીં શકે. ભગવાન પૈસા અહીંથી કયાંય નહીં જવા દે. ત્યારે શાંતિલાલભગતે રૂા.૫૦૦ સેવાની ટેક લીધી હતી. ત્યારપછી રામજીભગત શાંતિલાલની પાસે રહ્યા અને સાંજે તે ઓચિંતા કચ્છીભાઈ ભેગો થઈ ગયો. તરત જ એક જગ્યાએ એકબાજુ લઈ જઈને પૂછપરછ કરી જોઈ પણ ઈન્કાર ઉપર ઉતરવા લાગ્યો પછી રામજી તથા વિઠ્ઠલભાઈએ પૂછ્યું તો પણ ઈન્કાર પર જ ગયો. થોડા આગળ ગયા ત્યારે એકાએક કબુલ્યું કે પૈસા મારી પાસે છે, પૈસા આપ્યા પછી અમે પૂછ્યું કે સવારે તે કેમ ન કહ્યું કે, મારી પાસે છે. ત્યારે કહે કે, મારે આ પૈસા લઈને દેશમાં ચાલ્યા જવું હતું એટલે ન કહ્યું પણ કોણ જાણે કેમ હું અહીંથી દુબઈ જઈ શકયો નહીં અને તમો મને ભેગા થઈ ગયા.

આ વાત જ્યારે શાંતિલાલભગત દેશમાં આવીને જૂનાગઢ મહારાજના દર્શનાર્થે ગયા ત્યારે કરેલી ત્યારે મહારાજ એ પોતે સેવાના પૈસા સ્વીકારતી વખતે બોલ્યા કે, આ તો અમે એ વ્યક્તિને કોઈ પણ રીતે દુબઈ જવા જ ન દીધો એટલે તમને આ રૂપિયા પાછા મળી ગયા. આમ મહારાજ ભક્તોની રક્ષામાં બેઠા છે અને સુખીયા કરી દીધા છે. આજે શરણાગતિ મંડળ તે પ્રભુના રાજીપા વડે સુખીયા વર્તે આમ ભગવાનને જેણે ઓળખ્યા છે, સેવ્યા છે, રાજી કર્યા છે, તેને કાળ, કર્મ, માયા, કોઈ કાંઈ કરવા સમર્થ નથી.

એક વખત બગીચાવાળા કેશવજીભગતના બા અમૃતબેન ને બીમાર હોવાથી જામનગર ઈરવીન હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. ત્યાં ડૉકટરોએ નિદાન તપાસ કર્યા પછી કહ્યું કે, ઓપરેશન કરવું પડશે. આ વાતની કેશુભાઈને ખબર પડી એટલે જામનગર ઈરવીન હોસ્પિટલ ગયા. ત્યારે ઓપરેશન કરાવવું જ નથી. એમ જીદ પકડી ને ચોખ્ખી ના પાડી દીધી. ત્યારપછી બે દિવસ પછી વળી આખરી નિદાન થયું તેમાં પણ ઓપરેશન

કરવું પડશે તે વિના દર્દ મટશે જ નહી. બે દિવસ પછી ઓપરેશન કરવાનું છે. આમ કહી ડૉકટર ચાલ્યા ગયા. હવે એક બાજુ કેશુભાઈની ઈચ્છા ઓપરેશન કરવું પડે તેમાં ચોખ્ખી ના જ પાડેલી. ડૉકટર ગયા પછી તે જ રાત્રે હોસ્પિટલમાં ૧ વાગ્યે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સાક્ષાત્ એક કલાક સુધી અખંડ દર્શન આપીને કહેતા ગયા કે, તમારૂ દુઃખ દૂર થઈ ગયુ જાઓ. એમ મસ્તક ઉપર હાથ મુકીને આશીર્વાદ દઈને અદશ્ય થઈ ગયા. હવે ઓપરેશનના આગલા દિવસે જ મોટા ડૉકટર તપાસ કરવા આવ્યા હતા. તેમણે દર્દીનો રિપોર્ટ કાગળ જોયા પછી પોતે દર્દીને તપાસ કરીને બોલ્યા કે, આ બાઈના શરીરમાં કોઈ રોગ કે કાંઈ તકલીફ છે જ નહીી અને આ રીપોર્ટમાં તમે બે બે વખત ઓપરેશન કરવું પડશે એમ કેમ લખ્યું છે ? આમ કહી મોટા ડૉકટર પહેલા નિદાન કરેલ તે ડોકરટ ઉપર એકદમ ગુસ્સે થઈ ગયા. ત્યારે તે ડૉકટર બોલ્યા કે, મેં બરાબર બે વખત નિદાન પાકું કરેલ છે. આ બાઈને પેટની અંદરના દર્દ માટે ઓપરેશન આવતું જ હતું. સાહેબ મારી જરાપણ ભૂલ નથી. બે વખત મે તપાસ કરીને ઓપરેશન માટે કહ્યું છે. પૂછી જુઓ આ બાઈને, તેમને કેટલી પીડા થતી હતી ?

ત્યારે અમૃતબાએ કહ્યું કે, હા સાહેબ આ ડૉકટરની વાત પણ સાચી છે અને તમારી વાત પણ સાચી છે. કેમ કે મને ખૂબ જ પીડા થાતી અને ઓપરેશનની વાત કહેલ બે વખત નીદાન કરેલ પરંતુ એક તો મારા મોટા દીકરાની ઓપરેશનની ચોખી ના હતી અને ગઈ રાત્રે મને સાક્ષાત ભગવાન દર્શન આપીને તમામ દુઃખ દૂર થઈ ગયું જાઓ. આમ આશિર્વાદ આપીને ચાલ્યા ગયા હતા. તેથી દર્દ પણ મટી ગયું છે અને હવે મને રજા આપો આ ડૉકટરની કાંઈ પણ ભૂલ નથી પણ આતો બધુ ભગવાને કર્યુ છે. આમ કહી રજા માંગી પછી ડૉકટર બંને આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા કે કેવી, ચમત્કારિક ઘટના બની ગઈ ? એમ બોલતા તે વિચારો કરતાં દિગ્મૂઢ બની ચાલ્યા ગયા.

થોડીવાર પછી તે નિદાન કરનાર ડૉકટર પાછો એકલો આવ્યો અને બધા દર્દીઓના આશ્ચર્ય વચ્ચે તે માતાજીને પગે લાગીને કહેવા લાગ્યા માતાજી તમે કોઈ દેવી છો, તમારા ભેળા ભગવાન છે. નહીંતર આમ કોઈ દિવસ બને જ નહી. હું આજે પંદર વરસથી ઈરવિન હૉસ્પિટલમાં છું પણ આજે આ પહેલો બનાવ છે અને તમે પણ સાચી હકીકત કહીને મને મારી નોકરીમાંથી સસ્પેન્ડ થતા બચાવ્યો છે. આમ કહી તેમની આંખોમાં પણ આંસુ આવી ગયા. ત્યાં જ કેશુભાઈ આવી પહોંચ્યા ને કહ્યું કે, મેં ફુલવાડીએ માતાજીને ઓપરેશન ન

આવે તે માટે મહારાજને અરજી કરી હતી. આમ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પોતે ભક્તોની રક્ષામાં હાજર જ છે.

●●●

ફૂલવાડીમાં જ્યારે ચુનાનો ભઠ્ઠો પકવાતો હતો ત્યારે પરમ કૃપાળુ મહારાજ ત્યાં બાળકોની પાસે ઊભા હતા. હાથમાં માળા ફરી રહી હતી. દયાભરી દૃષ્ટિ હતી. આ સમયે ધીરજલાલ નામના નાની ઉંમરના ભગતને વીંછીએ ડંખ માર્યો તેથી ધીરજલાલને વીંછીની વેદનાથી દુઃખ થઈ રહ્યું હતું અને તે ભગતે મહારાજ આગળ ચુનાની ભઠ્ઠી આગળ દંડવત્ કરી પ્રાર્થના કરી તેથી મહારાજના હાથના સ્પર્શથી તુરત જ એજ ઘડીએ, એજ ક્ષણે તે ભક્ત રડતો હતો તે હસવા લાગ્યો. તેનું દુઃખ એક પળમાં દૂર થઈ ગયું ત્યારે કેશવજીભગતે સૌને કહ્યું, ભક્તો ધ્યાન રાખીને કામ કરજો. ભગવાન તો ધ્યાન રાખે પણ ભગવાને આ ચક્ષુ દીધા છે તે બરાબર જોવા માટે દીધા છે ત્યારે મહારાજ તે વાત સાંભળતા હતા. એટલે તરત બોલ્યા કેશવજીભગત કહે છે એ વાત સાચી છે. અમે તો રક્ષા કરીશું જ પણ ભક્તોને સમજણ શક્તિ અને બુદ્ધિ આપી છે. તો તેનો પણ યોગ્ય સમયે સદ્ઉપયોગ કરો તો ભગવાનને પણ થોડી નિરાંત રહે.

તદાત્મક મુક્તો મળે ત્યારે દેવો, ઈશ્વરો એને પણ પરમધામ મળે ત્યાં સુધી ન મળે. તદાત્મક મુક્તોમાં હેત રાખે, એ કહે એમ કરે ત્યારે ઈશ્વરોનું કલ્યાણ થાય, દેવોનું પણ ત્યારે કલ્યાણ થાય એવા ભક્તોમાં ભાવથી જૂએ ત્યારે ભગવાન કહે એને એનું ધામ દેખાયું. દેવતા હોય તોય ભલે, ઈશ્વરો હોય તો ભલે, જગતનો જીવાત્મા હોય તોય ભલે એમ ભગવાન ન મળે. તદાત્મક મુક્ત ન મળે તો ભગવાનથી દૂર રહે. જેટલો મૂર્તિમાં જોડાય એટલું સુખ મળે. એકવાર મુક્તોના ભેદની કથા વાંચી. મહારાજ કહે ત્રણ પ્રકારનાં મુક્તો છે. ભાગવત્માં લખ્યું છે. ભગવાન કહે એમ કરે, એમાં પોતાની હોશિયારી, સ્વભાવ ન વાપરે. તમે કહો એમ કરીએ આવી કેશુબાપાની સ્થિતિ હતી.

ભગવાન કહે અમારી મૂર્તિ સામું જોયા કરવું, અમારું કિર્તન કરવું, મંત્રજાપ કરવા. તો ભગવાન કહે હું પરમધામમાં તેડવા આવીશ.

'ૐ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ' આ મહારાજના મંત્રનો જાપ તેના નામની ધૂન કરો તો બધા પાપથી મુક્તિ મળી જશે. ભગવાન કોઈ જ્ઞાતિ, જાતિ જોતા નથી. ભગવાનનાં

ભજનમાં જોડાઈ ગયા તો ભગવાને બધાંનો ઉદ્ધાર કર્યો. જે જે ભગવાનના યોગમાં આવ્યા એ બધાનો ઉદ્ધાર કર્યો.

શર્કરાનગર ઉત્તરપ્રદેશમાં આવ્યું. ભગવાનની કથા ચાલતી હતી. લક્ષ્મીનારાયણ ભગવાન ગરુડ ઉપર બેસીને આવ્યા. બધાને દર્શન આપ્યા ત્યારે આખા નગરમાં ચર્ચા થઈ ભગવાનનાં દર્શન કરવા હોય તો લક્ષ્મીનારાયણ સંહિતાની કથા કરાવો. ભગવાન દર્શન દેવા આવશે. રામ ભગવાનની કથા ચાલતી હોય તો હનુમાનજી મહારાજની હાજરી હોય તે રીતે આ લક્ષ્મીનારાયણ સંહિતાની કથા બેસાડો તો લક્ષ્મીનારાયણ ભગવાન દર્શન દેવા આવે. એ સમય આગળ આવવાનો છે. હજી સમય પાછો આવશે ૩૦૦ વર્ષ પછી આવશે. મહારાજ પોતે વંથલીમાં બોલ્યા છે કે, એક દેવપુરુષ અવતાર લેશે એ આખા ભારતખંડમાં કથા વાંચશે. બધા સ્થળે કથાની પૂર્ણાહુતિના દિવસે ગરુડ ઉપર બેસી લક્ષ્મીનારાયણ ભગવાન પોતે આવશે અને દર્શન આપશે. આખા ભારતખંડમાં ત્યારે કથા વંચાશે.

સત્યુગ જ્યારે આવશે ત્યારે ભવિષ્યમાં લક્ષ્મીનારાયણ સંહિતા સત્ય સનાતન ધર્મના મુખ્ય વેદ તરીકે ઓળખાશે, અમારા લખેલા શાસ્ત્રોની કથા થશે. એટલે મહારાજે કહ્યું છે કે, અમે સત્યુગના શાસ્ત્રો રચવા આવ્યા છીએ. એ પ્રમાણે અત્યારે ભગવાન જેને મળ્યા એને સત્યુગ જ છે. ભગવાનનું બધુંય સુખ મળે, ભગવાન એને દર્શન આપે, થાળ જમે, દૂધ પીએ, હાર વધારે, અમૃત વરસાવે, માખણ જમે. અત્યારે કળિયુગમાં આવા કોઈ પરચા સંભળાતા નથી.

આ દુનિયામાં કેટલાંય ધર્મો છે, કેટલાંય સંપ્રદાયો છે પણ શરણાગતિ મંડળમાં જે મહારાજ રાજીપો વરસાવે છે એવો ક્યાંય નથી. એટલે જ મહારાજ કહે કે, તમારા માટે સત્યુગ છે. અમે હજરા-હજુર છીએ અને કાયમ માટે તમારી ભેળા છીએ. એટલે મહારાજ કહે છે કે, અમારી ભક્તિ અને સેવા કરશો તો અમે તમારી રક્ષા કરીશું.

જામવંથલીના એક કડિયા ભગત હતા. તેમને ત્રણ પેઢીમાં કોઈને મોક્ષ નહોતો મળ્યો. બધાયને વાસના રહી ગઈ હતી અને આગળની પેઢીમાં કોઈ એવો ભગત નહોતો થયો કે ભજન કરાવી શકે. પછી તેમણે ફુલવાડીમાં નારાયણબલિ હવન કરાવ્યો પછી મોક્ષ મળ્યો. અંત સમયે જેની ભક્તિ કરી હોય એ સામે આવીને ઊભા રહે છે. માટે સર્વે વસ્તુ કે પદાર્થમાંથી પ્રીતિ તોડી ભગવાનમાં અખંડ પ્રીતિ રાખો તો ધામમાં સુખ મળે. ભગવાનને યાદ કરતાં કરતાં સૂવું તો ભગવાન દર્શન દેવા આવે જ છે. જગતના વિચારો કરતાં સૂવો તો

મહારાજ દર્શન દેવા ન આવે.

મહારાજ જ્યારે હાજર હતા ત્યારે ચાવડા ગામના ભગત હતા. તે એના સંબંધીના ઘરે બેસવા જાય અને ભગવાન અને ભક્તોની નિંદા સાંભળે. એ દ્રોહીને ત્યાં કામ કરવા જાય માટે બોલી ન શકે અને નિંદા સાંભળે રાખે. ઘનશ્યામ મહારાજ વખતે કાળીદત્ત હતો. એ બીજા અવતારમાં આ કાળીદત્ત હતો એને નિંદા કરવી જ પડે અસુર હોય એ ભગવાન સાથે જન્મ લે અને નિંદા કરી અવળો ચાલે. ભગવાનની ભક્તિમાં બધાને પાછા પાડે એવા હોય એને અસુર કહ્યા. આપણાં એક ભગત એને મિત્ર થઈ ગયા, સંબંધી હતા. એક દિવસ એવો આવ્યો કે ઘરમાં ખાવાનું કાંઈ નહોતું. ચોખા કે કાંઈ અન્ન ન હતું. એવા દિવસો આવ્યા. પછી ટપુલાલ ભગત પાસે આવ્યા અને કહ્યું, ભગત એકાદ મણ બાજરો હોય તો આપો. મારા ખેતરમાં બાજરો થશે ત્યારે આપી જઈશ. ભગવાન અને ભક્તોની નિંદા સાંભળવાથી ઘરમાં કાંઈ રહ્યું ન હતું. ટપુલાલ ભગત કહેવા લાગ્યા કે, મહારાજના ભગત અને આવી પરિસ્થિતિ છે. તારી કંઈક ભૂલ હશે, નહીંતર આપણાં મહારાજના ભગતની આવી સ્થિતિ ના હોય. મહારાજના ભક્તો બધાં સુખી હોય. તારે એવું દુઃખ ક્યાંથી આવ્યું ? તું ક્યાં જાય છે ? ત્યારે ભગતે કહ્યું કે, હું વંથલી જાઉં છું. આ ભગતને ત્યાં સુથારનું કામ કરું છું. તો કહે એ તો મહારાજની નિંદા કરે છે. તે ખરાબ માણસનો સંગ કર્યો, નિંદા સાંભળી, તું કાંઈ બોલી શક્યો નહીં, નિંદા સાંભળવાનું આ પરિણામ છે. તો કહે હવે હું શું કરું ? હવે તું ત્યાં કામ કરવા જતો નહીં અને મણ બાજરો લઈ જા, કાંઈ વાંધો નહીં. નહીંતર તારે બહુ દુઃખ ભોગવવું પડશે. આ વાત માની ગયા. ટપુલાલભગતે ટિકિટના પૈસા આપ્યા જૂનાગઢ ગયા મહારાજના પગ પકડીને રડ્યા અને કહ્યું મેં કાંઈ કર્યું નથી પણ આ સંબંધીથી તમારી નિંદા આ માણસ દ્વારા સાંભળી એટલે મારી પરિસ્થિતિ બહું ખરાબ થઈ ગઈ અને ઘરમાં અનાજ, પૈસા કાંઈ ન રહ્યું.

ત્યારે મહારાજે કહ્યું કે, સારું થયું તમે ટાઈમે આવી ગયા નહીંતર તમારી શું દશા થાત. મહારાજ ઉપદેશ આપતાં કહે છે કે, સારા ભક્તોનો સંગ રાખવો, અભક્તનો સંગ રાખો તો બધું બરબાદ થઈ જાય. સારા ભક્તોનો સંગ રાખો તો સત્સંગ વધે, બળ વધે, અવળે માર્ગે જતા હોય તો અટકાયત થાય. અમારા પરમધામમાં આવવું હોય તો આ બધું કરવાનું હોય. ટપુલાલ ભગત તમને મળ્યા અને પાછા વાળ્યા અને અમારા શરણે હવે આવ્યા છો તો બીજે ક્યાંય હેત રાખતા નહીં.

લાખાણી ગામમાં એક રણમલ નામનો દરબાર હતો. તેમણે જરૂર હતી ત્યારે ફુલવાડીમાં લાકડા મોકલ્યા હતા. મહારાજ કહે, તેમણે આટલી મંદિરની સેવા કરી છે. માટે અમે રણમલ દરબારની ત્રણ જન્મની કસર અમે ત્રણ દિવસમાં પૂરી કરીશું અને આજથી પાંચમે દિવસે સવારે પાંચ વાગ્યે અમે ધામમાં તેડવા આવશું. એ દરબારને પક્ષઘાત થઈ ગયો હતો. ત્યારે મહારાજે એમ પણ કહ્યું કે, રણમલ દરબારને કહેજો બધા દુઃખ ત્રણ દિવસમાં ભોગવવાના છે. દરબાર થઈને ભોગવી લે. પણ ભગવાનની કૃપા થઈ, થોડી નાની અમથી સેવા કરી તે એને ત્રણ જન્મના દુઃખ ટાળ્યા અને એનો ઉદ્ધાર કર્યો. દરબારના ભાઈ કેશવજી ભગતને લેવા આવ્યા. 'હવે બહું દુઃખ પડે છે, રહેવાતું નથી, સહન થતું નથી.' અને એમને કહો કે પ્રગટ ભગવાનની વાતો કરે તો મને શાંતિ થાય. કેશવજી ભગતે કહ્યું, મહારાજે પાંચ દિવસનું કહ્યું છે. ત્રણ દિવસ તો વયા ગ્યા અને હવે તો બે દિવસ રહ્યાં છે. મહારાજ તેડવા આવતા જ હશે અને બાપુ ગયા અને ત્યાં મહારાજની મૂર્તિ સામે રાખી હતી. ત્યારે મહારાજ આવ્યા એ મૂર્તિમાં એવું બ્રહ્મતેજ પ્રગટ થયું અને એ રણમલ દરબારે બે હાથ ઊંચા કર્યા અને જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ અમને તેડવા આવ્યા છે. હું જાવ છું, એમ જય અનાદિ શ્રીકૃષ્ણનારાયણ બોલી ડંકો વગાડીને ધામમાં ગયા.

લાખાણીના બધા દરબારોએ મહારાજ પાસે આવી વાત કરી કે, વંથલી તમારા દર્શન કરવા લાખાણીથી વંથલી દંડવત્ કરતા કરતા આવવાની ટેક લીધી છે, આવી પ્રતિજ્ઞા લીધી છે. મહારાજ કહે છે કે 'એમ હેરાન થવા કરતા ભજન કરતાં કરતાં આવો તો વધારે સારું.' દરબારો કહે કે, 'મહારાજ અમે ટેક લીધી છે, એ અમે ટેક પૂરી કરીશું.' મહારાજની વાત દરબારોને સમજમાં ન આવી. શાંતિથી આવો ભજન કરતાં કરતાં આવો ભક્તિ છે એ મોટી વાત છે. એ વાતને ના સમજ્યા. મહારાજ કહે ''તમે નક્કી તો કર્યું છે પણ વિઘ્ન આવશે. એ તોય વાતને ના સમજ્યા.'' અને મહારાજે કહ્યું એમ લાખાણીથી દંડવત્ કરતાં કરતાં બહાર નીકળ્યા અને મહારાજ બોલ્યા એ પ્રમાણે વિઘ્ન આવ્યું વરસાદ આવ્યો અને ભક્તો બધાય ભીંજાઈ ગયા અને શરીર ઉપર ગારો ગારો થઈ ગયો. દંડવત્ કરતાં કરતાં કેટલું કષ્ટ સહન કર્યું, કાચો રસ્તો હતો. દંડવત્ કરતાં કરતાં મહારાજ પાસે પહોંચ્યા તો મહારાજે સામુય ન જોયું. શું કામ ? કારણ કે પોતાના મનનું ધાર્યું કરવા ગયા એટલે ભગવાનનાં વચનને સમજી ન શક્યા એટલે બહુ કષ્ટ સહન કર્યું પણ ભગવાનની આજ્ઞાથી વિરુદ્ધ હાલ્યા પોતાનું ડહાપણ વાપર્યું. મહારાજે સામું પણ જોયું નહીં. કેટલો કુરાજીપો લીધો માટે ભક્તોએ સુખી થવા

મહારાજની આજ્ઞા પ્રમાણે જ રહેવું.

એકવાર મહારાજે ભક્તોને પૂછ્યું કે, ''ગિરનારની પ્રદક્ષિણા ફરવામાં કેટલો સમય લાગે ?'' ત્યારે ભક્તોએ કહ્યું કે, 'બે-ત્રણ દિવસ લાગતા હશે.' મહારાજ કહે - 'દંડવત્ત કરતા કરતાં ગિરનારની પ્રદક્ષિણા કરવી હોય તો કેટલો સમય લાગે ?' ભક્તો કહે - 'એ નક્કી નહીં પૂરું થાય કે ન પણ થાય.' મહારાજ કહે, આવી રીતે દંડવત્ત કરીને ગિરનારને ૧૦૦૦ વાર પ્રદક્ષિણા કરે તો પણ આ ચરણકમળની સેવા ન મળે.

સંવંત ૨૦૨૬ ચૈત્ર સુદ આઠમના સોમવારે પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ફુલવાડી પરમધામમાં બિરાજમાન હતા. પ્રસાદીભવનની ઓસરીમાં ઢોલિયા પર મહારાજ બિરાજમાન હતા. સત્સંગીઓ હરિભક્તોની સભા ભરાયેલી હતી. તે સમયે ચાવડા નિવાસી મોટા રતિલાલભગત મહારાજની સન્મુખ કિર્તન બોલતા હતા. ''સુખના સાગર છો, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી રે.'' કિર્તનમાં જ્યારે આવ્યું કે, ''સાથળ મનમાં રાખ્યા જેવો, ખાપા ચિન્હ સહિત સુખાળો લક્ષ્મીજી બિરાજે ત્યાં એકાન્તમા રે'' સુખના સાગર છો.

ત્યારે પ્રગટ ભગવાન કિર્તન બંધ રખાવીને વાત કરવા લાગ્યા કે, ખાપાનું ચિન્હ જોઈને અમને ભગવાન સ્વામિનારાયણ યાદ આવે છે. આ લક્ષ્મીજીનું ચિન્હ જોઈને અમને નારાયણ યાદ આવે છે. બધા હરિભક્તોને પોતાનું ભગવું ધોતિયું ઊંચુ કરીને દર્શન કરાવતા જાય અને બોલતા જાય. ઉપરા ઉપર ત્રણ વખત બોલ્યા જે, આ લક્ષ્મી અને આ ખાંપાનું ચિન્હ જોઈ અમને નારાયણ યાદ આવે છે. તે સમયે હાજર ભક્તોને ભગવાન યાદ કરાવતા હતા અને સમજાવતા હતા કે, આ તમારી સામે પ્રત્યક્ષ મૂર્તિ કોણ છે ? એમ ભાર મૂકીને વાત કરતા હતા. તે સમયે છગનભગત માસ્તર હાજર હતા. રતિલાલભગત ચાવડાવાળા હાજર હતા. શાંતિલાલભગત, નાનજી મેપા, શાંતિલાલભગત વાઢેર, કેશવજીભગત બગીચાવાળા તથા ચકુબાપા સોલંકી, ચકુબાપા જાવિયા, રાજાબાપા જાવિયા, આણંદ કાના તથા બીજા હરિભક્તો હાજર હતા. ત્યારે હાજર ભક્તોએ મહારાજને વાત કરી જે તમે તો ભગવાન છો. લક્ષ્મીજી તો ભગવાન ભેળા જ હોય. મહારાજ તમે આગળ ૨૪ અવતાર ધર્યા હતા. તે દર્શન અમને કરાવો. ભગવાને અરજ સાંભળીને અત્યારે પ્રસાદીભવન પાસે ચરણકમળ પધારાવ્યા છે જે છત્રી છે તે જ જગ્યાએ પ્રગટ ભગવાન ઊભા રહ્યા અને માળા ફેરવતાં ફેરવતા બોલ્યા જે કરો દર્શન. આ રીતે ભક્તો પર વિશેષ કૃપા કરી સૌને દર્શન કરાવી રાજી કર્યા. સર્વ ભક્તોએ ચારે બાજુ ઊભા હતા. સાક્ષાત્ દર્શન પામીને મહારાજને

ચારે બાજુથી દંડવત્ કરવા લાગ્યા હતા.

છેવટે ઘનશ્યામ મહારાજ સ્વરૂપે દર્શન આપ્યા હતા. આવી અપારકૃપા જામવંથલી ફુલવાડી ધામમાં કરી હતી. મહારાજ પણ ખૂબ પ્રસન્ન થઈ બાજુમાં ઝાડ નીચે બેઠા અને આજ્ઞા કરી કે, ભક્તો રાસ રમો ત્યારે ચાર-પાંચ ભક્તો રાસ રમ્યા. છગનભગત માસ્તર તબલા વગાડતા હતા. રતિલાલભગત ચાવડાવાળા મહારાજના કિર્તન ગવડાવતા હતા.

આમ પ્રગટ ભગવાને કૃપાનો વરસાદ વરસાવ્યો, ખૂબ રાજી થઈ આશિર્વાદ આપતા હતા. આ દિવ્ય પ્રસંગની બધા હરિભક્તોએ પોતાના પરિવારજનોને ગામમાં વાત કરી કે, પ્રગટ ભગવાન પોતે વિચરણ કરી રહ્યા છે. શાસ્ત્રીજી મહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સંત રૂપે સ્વયં ભગવાન વિચરણ કરી રહ્યા છે.

તેવા નિર્વિકલ્પ દૃઢ નિશ્ચયવાળા આણંદબાપાએ પોતાના દિકરા લાધાભાઈને વાત કરી જે, આપણે મહારાજની પધરામણી ઘરે કરાવવી છે. ત્યારે લાધાભાઈ કહે, હજુ ગઈકાલે મહારાજની પધરામણી આપણે ઘરે કરાવી હતી. માટે મહારાજને આપણે એમ હેરાન ન કરાય. ત્યારે આણંદબાપા કહે, ભાઈ કાલની વાત જૂદી છે અને આજની વાત જૂદી છે. આજે તો મહારાજને જેવા છે તેવા જાણ્યા છે. આજે તો સાક્ષાત્ પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણના પગલાં કરાવવાં છે.

સમય જતાં આણંદબાપા બીમાર પડ્યા. તાવ આવતો હતો. મંદિરમાં મહારાજના દર્શન કરવા જવાતું ન હતું. તાવથી ચલાતું પણ ન હતું. તેથી પોતાનો ખાટલો ફળિયામાં રખાવ્યો. પછી બાપા પ્રગટ ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યા, હે મહારાજ દયા કરી દર્શન દેજો.

પ્રગટ મહારાજે અંતર્યામી પ્રભુજીએ પ્રાર્થના સાંભળીને પોતાના પરમધામ ભવનમાંથી બહાર નીકળી ઓસરીની પરસાળમાં રહેલી બારી પાસે આવી દયા દૃષ્ટિ કરી. ખાટલામાં બેઠેલા બાપાને ઊંચો હાથ કરી હલાવ્યો અને તાવને ભગાડી મૂક્યો. દર્શન માત્રથી દુઃખ દૂર કર્યું. બાપા મનોમન વિચારી રહ્યા. મેં તો અનેક પ્રકારની ભૂલો કરી પણ આજ તમે દયા કરીને પાવન કર્યો. આવા પ્રગટ ભગવાનના મહાન ભક્તરાજ દરરોજ મહારાજની રાહ જુએ. બારીમાં મહારાજ ક્યારે દર્શન આપશે ? સમય જતાં તે જ જગ્યાએ ખાટલો બાપાનો રાખ્યો હતો. ધામમાં જવાની તૈયારી હતી. ત્યારે કેશવજીભગત બગીચાવાળા-બગીચામાંથી પ્રસાદીના ચીકુ લઈ બાપાને જમાડવા આવ્યા હતા. બાજુમાં રહેતા ભક્તરાજ

વેલજી મનજી કાચાને તેમના ઘેર મહારાજે દર્શન આપી કહ્યું, આજે બાપાને ધામમાં તેડી જવા આવ્યા છીએ. વેલજી ભક્તએ આવી બધા હાજર ભક્તોને વાત કરી ત્યાં તો મહારાજની ચિન્હવાળી મૂર્તિમાં તેજ વધવા લાગ્યું અને કેશવજીભગતે ચીકુની પ્રસાદી બાપાના મોઢામાં મૂકી કે, બાપાનું શરીર ગુલાબી રંગનું થઈ ગયું, બધા જોઈ રહ્યા. ત્યારે કેશવજીભગતે પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની જય બોલાવી અને બાપા મહારાજ સાથે પરમધામ સીધાવ્યા.

●●●

એકવાર નારાયણ જેરામભાઈ ચૌહાણ તથા વ્રજલાલ ધરમશી રાઠોડ જામવંથલીની સ્ટેશન રસ્તાની સડક પાસે ખાઈ હતી તેમાં ન્હાવા ગયેલા ત્યારે બન્ને સેવકો નાના નાના હોવાથી તરતા આવડતું ન હોવા છતાં ન્હાવા પડ્યા. માટે વ્રજલાલ ધરમશીનો દેહ ડૂબી જવાથી પડી ગયો. માટે જ્યારે નારાયણને કોઈ તે બાબતે પૂછતું ત્યારે તેને ખૂબ ગભરામણ થતી તથા મોટેથી રડવા લાગતા. એક વખત જ્યારે પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી જામવંથલી મોટા મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરવા માટે આવેલા ત્યારે નારાયણના પિતાશ્રી નારાયણને લઈને કેશવભાઈ લક્ષ્મણભાઈ ચૌહાણના બંગલે જ્યાં મહારાજ બિરાજમાન હતા ત્યાં દર્શન અર્થે સાથે લઈને દર્શન કરવા ગયા ત્યારે તેમના પુત્રને તકલીફ હતી તે બાબત વાત કરી ત્યારે સેવક નારાયણ મહારાજને દંડવત કરતાં હતાં ત્યારે મહારાજે વાસો થાબડીને કહ્યું કે, સારૂ થઈ જાશે અને કહ્યું કે, આ બે શ્રીજી રક્ષા આપુ છું તો તેમાની એક માંદળીયામાં ગળે પહેરાવવાની તથા બીજી ઓશિકા નીચે રાખીને સૂવાની આજ્ઞા કરી. નારાયણે તે આજ્ઞા પાળી તેથી કરીને તેઓને જે તકલીફ હતી તે દૂર થઈ ગઈ. ત્યાર બાદ જ્યારે જામવંથલી સ્વામિનારાયણ મંદિરમાં મુર્તિ પ્રતિષ્ઠા કરી ત્યારે મૂર્તિની સામે દર્પણ રાખ્યું અને મહારાજે તે મુર્તિમાં આવીને વાસ કર્યો અને તેઓના તેજના પ્રતાપથી દર્પણના ટૂકડાં થઈ ગયા. એમ પરચો થયો. તે મૂર્તિ પ્રતિષ્ઠા બાદ જ્યારે મહારાજ સભા ભરીને બિરાજમાન હતા ત્યારે મહારાજ અક્ષરધામ કેટલું છેટું છે તેનું વિગત કહીને મહારાજ બોલ્યા કે, આ સભા અક્ષરધામની સભા છે. એમ હું દેખું છું ત્યારે ત્યાં બેઠેલા ભક્તજનોએ એમ જોયું કે, આ મહારાજ છે તે સ્વયં અવતારના અવતારી પ્રગટ પુરુષોત્તમ નારાયણ એવા અનાદિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી જ છે અને આ સર્વે સભા તે અક્ષરધામની જ છે.

●●●

એક વખત પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તથા સંત મંડળ જામવંથલી આવે છે. તેવાં સમાચાર સાંભળી સર્વે ભક્તજનો મહારાજને તેડવા માટે રેલ્વે સ્ટેશને બદળ ગાડું જોડીને ગયાં અને જ્યારે મહારાજ બળદ ગાડામાં બેસીને પાદરમાં આવ્યા ત્યારે ઉતરીને ફુલવાડીએ ગયા ને બીજા સંતો તથા ભક્તજનો મંદિરમાં બધી સામૈયા તથા ભોજન પાણીની વ્યવસ્થા માટે મંદિરમાં ગયા ને મહારાજની સાથે ફુલવાડીએ એક મોટા રૂમમાં મહારાજ તથા જેઠા વેલા કોઠારી તથા વસ્તાભાઈ જાવિયા, પુંજા માવા મકવાણા તથા પ્રેમજી રાઘવ ચૌહાણ તથા નારાયણ જેરામભાઈ ચૌહાણ મહારાજની સન્મુખ બેઠા હતા. ત્યારે મહારાજએ ડાબો પગ ચરણ લાંબો કરીને વસ્ત્ર પહેરેલું હતું તે વસ્ત્ર બાજુ પર સરકાવીને ભક્તોને મહારાજે કહ્યું કે, જુઓ ઝાડનો આ ખાંપો જે અમોને નાનપણમાં વાગેલો. આ રીતે મહારાજે ખાંપાના ચિન્હના દર્શન ભક્તોને કરાવ્યા.

●●●

જામવંથલીના ટપુ વીરા મનાણી એકવખત તેઓ બહુ જ બીમાર હોવાથી રાતના ૭ વાગ્યે રાઘવ પોપટ પોરિયાને જામનગર પ્રગટ ભગવાન પાસે પ્રસાદી તથા પ્રસાદીનું જળ લેવા મોકલ્યા. રાઘવ ભગત જામનગર ૧૦ વાગ્યે રાત્રે ગયા. પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ઓફિસની ઓસરીમાં બિરાજમાન હતા. તે સમયે રાઘવ ભગતે આવીને દંડવત્ કરીને ટપુ ભગતને સાજા કરવાની પ્રાર્થના કરી અને પ્રસાદીનું જળ માગ્યું. ત્યારે મહારાજે રાઘવ ભગતને કહ્યું કે, જુઓ આકાશમાં અમો ટપુભગતને તેડવા માટે જઈએ છીએ. તે રાઘવ ભગતે દશ્ય જોયું અને પ્રગટ ભગવાન ટપુ ભગતને પાંચ મિનિટમાં જામવંથલીથી તેડીને પરમધામમાં મૂકી આવ્યા અને પછી રાઘવ ભગતને પ્રગટ ભગવાને પ્રસાદીનું જળ અને ફુલહાર આપ્યા અને કહ્યું કે, આ હાર તથા જળ શબને ચડાવજો.

આમ કહીને રાઘવ ભગતને પ્રભુએ કહ્યું કે, જામવંથલી જાવ પછી રાઘવ ભગતે વંથલી ૧૨ વાગ્યે રાત્રે આવીને ઘરે બધાને વાત કરી કે, પ્રગટ ભગવાને આવી રીતે મને કહ્યું અને દર્શન થયા અને જળ તથા હાર છે તે શબને ચઢાવવા માટે આપ્યું છે. તો ભગવાને આવી રીતે રાઘવભગતને દર્શન આપ્યા. ત્યારે તેમના ઘરના માણસોને મહારાજ સાક્ષાત્ ભગવાન છે. એમ નિશ્ચય થયો.

●●●

એકવાર મહારાજ સ્વયં જામનગરના મંદિરના પાયા ખોદાતા હતા તે જોઈએ મહારાજના દર્શને આવેલા મોરબીના વિપુલ લાભશંકરભાઈએ કહ્યું કે, અરે ! મહાપુરુષ તમે આ તડકામાં શું કરો છો ? ત્યારે મહારાજ બોલ્યા કે, આપણે સંત છીએ દેવ મંદિરની સેવા કરવી તે સંત પુરુષનો ધર્મ છે. એમ એમ મહારાજ ઘણીવાર જામનગર મંદિરના વિકાસ કાર્યમાં પોતે પણ કારીગર, મજૂરની મદદમાં સેવામાં રહેતા.

અઢાર પુરાણ અને ચાર વેદની જામનગરમાં મહારાજની કથાઓ સાંભળીને રસ્તે જાતા મનુષ્યો વાહન ઉભા રાખીને સાંભાળવા ઊભા રહી જાતા. આમ મહારાજની પરાવાણી સાંભળીને અન્ય જીવાત્માઓને સાંભળનારાઓને શાંતિ થઈ જાતી હતી.

●●●

એક વખત મુંબઈમાં મહારાજ કથા કરવા પધારેલ. મુંબઈ ગોલોક વિહારીજી મહારાજ સતવાર્ષિક પાટોત્સવના ભવ્ય આયોજનમાં શિક્ષાપત્રીની કથાનું વાંચન લાખો લોકોની હાજરીમાં મહારાજ અદભુત રીતે કરતા હતા.એ વખતે દેશ-દેશાંતરોથી આવેલા ૧૦૦ થી વધુ વિદ્વાનોના જટિલ પ્રશ્નોના ઉત્તર આપી મહારાજે વિદ્વાનોને શાસ્ત્રાર્થમાં હરાવ્યા હતા. ત્યારે સર્વ વિદ્વાનોએ દંડવત્ પ્રણામ કરી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના વિશે સભામાં ઉપસ્થિત અનેક સંતો તેમજ ભગતોને કહ્યું હતું કે, આ મહારાજ તો સાક્ષાત્ વ્યાસ ભગવાન જણાય છે નહિંતર અમારા જટિલ પ્રશ્નોના યથાર્થ ઉત્તર આજદિન સુધી આપવા કોઈ સમર્થ નથી થયું. માટે આ સંતસ્વરૂપે રહેલા સાક્ષાત ભગવાન નારાયણના દર્શન કરી અમે ધન્યતાનો અનુભવ કરીએ છીએ.

એક સમયે મહારાજ મુંબઈ કાંદિવલીના હરિભક્તોના આગ્રહથી દરેકના ઘેર પધરામણી કરવા નીકળ્યા હતા. ત્યાર મોહનભાઈ ઘેલાભાઈ બાણુગામવાળાને ત્યાં જવાના હતા. ત્યારે તેમના ઘરની સામે રહેતા એક વૈષ્ણવ સંપ્રદાયના બહેનને મહારાજ આવતા હતા ત્યારે તેમના બાળકૃષ્ણ સ્વરૂપે દર્શન થયા અને જેવા મોહનભાઈના ઘરે આવ્યા ત્યારે મૂળ સ્વરૂપ વૃધ્ધાવસ્થાવાળુ દેખાયું જેથી તેમને અતિ આશ્ચર્ય થયું અને મનમાં વિચાર થયો કે વર્ષો પછી તેમની સામું ખરેખર ભગવાને જોયું છે. જેથી તેમને શ્રીકૃષ્ણના દર્શન આ મહારાજની મૂર્તિમાં થયા. આ રીતે પ્રગટ ભગવાને તે બાઈ ભગતને પણ પોતાનું ભગવાનપણું બતાવ્યું.

●●●

ભગવાન તેમજ ભગવાનના મળેલા સંત સિવાય અધૂરાને પૂરું કરી શકનાર કોઈ નથી. ભગવાનની દૃષ્ટિમાં જે કોઈ જીવાત્મા આવે છે તેના ઉપર ભગવાન અતિ રાજી થાય છે. તે દૃષ્ટિ કઈ ? તો જે ભગવાનને ઓળખે અને માત્ર હાથ જોડીને ઊભા રહે તો ભગવાન રાજી થઈ પોતાના ભક્તજનોને પોતાનું અવિનાશી અને પરમ સુખ આપતા થકા, અનેક જીવના ઉધ્ધાર કરતા થકા, તેમજ આજ પૃથ્વી ઉપર વિચરતા થકા, કોઈ જાતની નાત-જાત, પશુ, પક્ષી, મનુષ્ય કાંઈ જોતા જ નથી. તે સર્વ જીવને પોતાના સુખે સુખિયા કરે છે.

એકવાર મહારાજ પોતે જામવંથલીની અંદર કંકાવટી નદીના કાંઠે ફુલવાડીમાં બિરાજમાન હતા. સંત સ્વરૂપે ભગવા વસ્ત્રમાં મહારાજ શોભી રહ્યા હતા. કયારેક કયારેક ફુલવાડીમાં એક શ્વાન (કૂતરું) આવતો. તે શ્વાનની સામે દૃષ્ટિ માંડીને મહારાજ ઘણીવાર જોતા. બધા તેને લલિત નામે બોલાવતા. તે શ્વાન નહિં પરંતુ પૂર્વનો કોઈ મુમુક્ષુ જીવાત્મા હતો. એક વખત મહારાજ ફુલવાડીમાં અતિ આનંદમાં આમતેમ ફરી રહ્યા હતા. ત્યાં આ શ્વાને મહારાજ પાસે આવી મહારાજ સમક્ષ દૃષ્ટિ કરી એટલે તરત જ મહારાજે પોતાના હાથમાં ફરતી માળાને તે લલિત શ્વાનના મસ્તક પર અડાડી અને અતિ કરૂણાભરી દૃષ્ટિથી મહારાજે તે શ્વાન સામુ જોયું. ત્યારપછી થી એ લલિતે દર એકાદશીના દિવસે અન્નનો સાક્ષાત્ ત્યાગ કર્યો અને તેને એકાદશીના દિવસે ફરાળની ચીજ આપો તો જ તે જમે નહિંતર આખો દિવસ ભૂખ્યો રહે, પણ અનાજ તો જમે જ નહીં. આ રીતે એ શ્વાને પણ પોતાના દેહ પર્યંત એકાદશી રહેલી અને અંતે ભગવાનના ધામમાં ચાલ્યો ગયો. આ પરચો સાક્ષાત્ ઘણા લોકોની નજરે થયેલો.

●●●

મહારાજ જયારે જામનગર મધ્યે વિરાજતા હતા. તે સમયે વંથલીના એક હરિભગત તે વંથલીમાં શાકબકાલુ વેચતા એક રામાનંદીભગત રમેશને સ્વામિનારાયણ મંદિરમાં મહારાજના દર્શન કરવા લઈ ગયા હતા. મંદિરમાં તેને કોઈ ઓળખતું ન હતું અને મંદિરમાં પણ તે પહેલી જ વખત આવેલા હતા.

પછી જયારે હરિભક્તો સાથે મહારાજના ઓરડામાં દર્શન કરવા ગયા ત્યારે હરિભક્તોએ મહારાજને જય સ્વામિનારાયણ કહ્યા અને મહારાજે તે હરિભક્તોને પણ જય સ્વામિનારાયણ કહીને આવકાર આપ્યો પણ રમેશને 'જય રામચંદ્રજી' આમ કહીને આવકાર આપ્યો. આ વાત રમેશને અદ્‌ભૂત લાગી. તેને વિચાર આવ્યો કે,

હું રામચંદ્રજીનો ઉપાસક છું તે મહારાજને કયાંથી ખબર હોય ? હું મારા રામચંદ્રજીની તિલક કે કોઈ નીશાની નથી રાખતો. મેં પણ મહરાજને પ્રથમ જ જોયા. મહારાજે પણ મને આ સમયે જોયો. તો આ ભગવાન તો અંતર્યામી છે. એ વાત અનુભવી એ રમેશભગત પણ મહારાજના ભક્ત થયા.

●●●

જૂનાગઢની આ વાત પ્રત્યક્ષ હકીકત છે. મહારાજ પોતાના ભક્તોમાં અપાર ઐશ્વર્ય પ્રતાપ મુકેલ છે. જૂનાગઢમાં એક ભગત બેન કે જે નિશાળમાં શિક્ષક તરીકેની નોકરી કરે છે. તે મહારાજને આ માનવરૂપે વિચરે છે તે પ્રગટ પરમાત્માને ઓળખી ગયા હતા અને સદાય મહારાજનું સ્મરણ કરતાં હતા. એક વખત તેમના પ્રિન્સીપાલ (આચાર્ય)ને સ્વામિનારાયણ ધર્મ વિશે જાણવાનું મન થયું. પ્રથમ આ પ્રિન્સીપાલ આ બેનને પણ કાંઈ ગણતા નહિં અને ધર્મને પણ માન ન આપતા. હવે એક સમયે બહેને શિક્ષાપત્રી વાંચવા માટે પ્રિન્સીપાલને આપી. થોડા દિવસ પછી વેકેશન પડયું. તે વેકેશન ગાળવા સાહેબ અમદાવાદ બાજુ ગયા. ત્યાં આ શિક્ષાપત્રી પણ સાથે લેતા ગયા. હવે તેને ત્યાં વાંચવાની ફુરસદ હતી પણ યાદ ન આવ્યું. હવે તેઓ જૂનાગઢ આવતા હતા. ત્યારે તેમને બસમાં યાદ આવ્યું કે લાવ તો ખરા પેલી બેને આપેલ ચોપડી વાંચી તો જોઉ, આમ તેઓ ચોપડી વાંચવા લાગ્યા અને જે જ્ઞાની માણસ હોય તેને તે સત્ય વાત તરત જ સમજાય જાય. તેથી તે વાંચીને અંતઃકરણ પલટી ગયું અને પૂજ્ય ભાવ આવવા લાગ્યા અને વિચારો થવા લાગ્યા જે આ સંપ્રદાય સાચો છે. મારે ત્યાં તે બહેનની પાસે જઈને મેં કરેલા અપરાધની નિંદાની માફી માંગવી છે અને તે બહેન જેમ કહે તેમ મારે તેમના ગુરુ મહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને મારા ગુરુ કરવા છે.

આમ અંતઃકરણમાં વિચારો આવવા લાગ્યા અને ભગવાન સાક્ષાત શાસ્ત્રીજી મહારાજને પોતાના ગુરૂ કરી મોક્ષની ઈચ્છા પ્રગટ થઈ. હવે જુઓ તો ખરા તેમણે ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને જોયા નથી માત્ર અંતઃકરણથી તેનો આશરો લીધો છે. હવે બસ રસ્તામાં ચાલતી જાય છે. ત્યાં એકાએક તે બસ એક વાહનને તારવવા જતા બસ ઉથલી પડી અને ભાંગીને ભૂક્કો થઈ ગઈ. મોટી જાનહાની થઈ ડ્રાઈવર સહિત લગભગ માણસોને ભયંકર ઈજાઓ થઈ. કેટલાક તો તેને તે સ્થાને મૃત્યુ પામ્યા. આ અકસ્માતનું દશ્ય કોઈથી જોઈ શકાય તેમ ન હતું. આ અકસ્માતમાં કોઈને જીવતા દેખવાની આશા તો

હોય જ કયાંથી ? પરંતુ હજુ પાંચ મિનિટ પહેલા જેણે મન મનમાં પ્રગટ ભગવાનનું શરણું સ્વીકારી લીધું અને પોતે કરેલ દ્રોહની માફી માંગી ખુબ પસ્તાવો થયો તે પ્રિન્સીપાલ સાહેબને ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે સાક્ષાત્ ઉગારી લીધા. આખી બસના પેસેન્જરોને કોઈના હાથ પગ ખેચાઈ ને માંસના લોચા નીકળી ગયા. કોઈના હાથપગ કપાઈ ગયા. કોઈની આંખો ફૂટી ગઈ તો કોઈ ભયંકર રીતે દાઝી ગયા. કેટલાક તો માંડમાંડ બહાર નિકળ્યા, પરંતુ આ પ્રિન્સીપાલ સાહેબને એક રોમમાં પણ કોઈપણ જાતની ઊની આંચ પણ ન આવી. તેને કાંઈ ઈજા પણ ન થઈ.

ભગવાને તેમને ઉગારી લીધા. માત્ર તે એક જ આખી બસમાં સાજા રહ્યા હતા. આથી તેનો નિશ્ચય દઢ થઈ ગયો. અને જૂનાગઢ જઈને મહારાજને ગુરૂ કર્યા ને કહ્યું કે, તમે પ્રગટ ભગવાન સાચા તમોએ મને બચાવ્યો. જે અમે કહી ચરણોમાં ઢળી પડયા. પછી પેલા બેનની પાસે જઈને તેમને પણ દંડવત્ કરવા મડ્યા ને કહ્યું તમે મને સાચા ગુરૂ ભગવાનનો મેળાપ કરાવી દીધો. મારો જન્મ સુધારી દીધો.

●●●

જામસરમાં જેમનું પિયર છે. તે એક બેનના પેટમાં બાળક સૂકાઈ ગયું હતું. તેવી બાળકની દશા થઈ ગઈ હતી. બે વરસ પૂરા થઈ ગયા અને ત્રીજુ વર્ષ બેઠું પણ તેને તે બાળકનો જન્મ ન થયો. તેઓની તેમના પિયરવાળાએ અનેક પ્રકારની દવાઓ કરી કેટલાય દવાખાના કર્યા. ખૂબ પૈસા ખર્ચ્યા કાંઈ ખામી રાખી નહી છતાં પણ તે બાળક જે સૂકાઈ ગયું હતું. તેનો ઉપાય ન કરી શકયા. વૈજ્ઞાનિક દૃષ્ટિએ આપણે જોઈએ તો તેને ઓપરેશન વગર તે બાળક સૂકાઈ ગયેલ ને બહાર કાઢી શકાય જ નહી. કારણ કે બધી દવાઓ કરી જોઈ બાળક તો મરી ગયેલુ જ હતું. સૂકાઈ ગયેલા બાળકમાં જીવ તો કયાંથી હોય ? વળી બબ્બે વર્ષ પેટમાં રહેલા બાળકને બહાર કાઢવા ઓપરેશન સિવાય કોઈ ઉપાય ન રહ્યો. તેઓ સર્વે ઉપચાર કરીને થાકી ગયા હતા. તેમને હવે જ્યારે પ્રત્યક્ષ ભગવાનને ઓળખી ગયેલા એક ભગતનો તેમને ભેટો થયો. તેમણે કહ્યું, પ્રગટ ભગવાનના શરણે જશો તો ઉગરી જશો અને તમારી આ સમસ્યાનું સમાધાન પણ થશે.

એ સમયે પરબ્રહ્મ પરમાત્મા જામનગર મંદિરમાં બિરાજતા હતા. હવે તે બેન તથા તેમના સસરા જેઠા અજા મકવાણા પોતે જામનગર ગયા અને છેલ્લે સુધીની બધી વાત કરીને કહ્યું, મહારાજ અમને તમારા સિવાય હવે કોઈ બચવાનાર નથી. અમો તમારા

શરણે આવ્યા છીએ. તમોને જેમ ઠીક લાગે તેમ કરો. અમારું મસ્તક તમારે ચરણે છે. આમ પ્રાર્થના કરીને બેઠા.

મરેલાને જીવન આપવું તે પરમાત્મા સિવાય કોઈથી ન થઈ શકે. સૂકાઈ ગયેલા માંસના લોચામાં ચેતન મુકવું તે પ્રગટ ભગવાન સિવાય સર્વ અસમર્થ છે. ત્યારે મહારાજ કહે છે કે, ભગવાનને શરણે અવનારનું ભગવાન સ્વયં રક્ષા કરે છે. તમો ભગવાનને શરણે આવ્યા છો તો તમારૂ રક્ષણ કરવું, સહાય કરવી એ અમારો ધર્મ છે. જાઓ આશીર્વાદ આપીએ છીએ કે, તે બાળકનું ઓપરેશન પણ કરાવવું ન પડે અને અમે તેને જીવતો કરીને આપશું. આ અમારો રાજીપાનો કોલ છે જાવ. બેનને કહેજો કે, અમારું અનાદિ શ્રીકૃષ્ણનારાયણનું ભજન-સ્મરણ કરે અને નિત્ય સવાર સાંજ પૂજન કરે. પછી મહારાજે પ્રસાદી આપી અને કહ્યું કે, આ પ્રસાદી તે બેનને આપજો બાળક જીવતું જન્મ ધારણ કરશે. જેઠા બાપા તો કહે, ''અરે આ તો આશ્ચર્ય કહેવાય કારણ કે, સાક્ષાત ભગવાન સિવાય કોઈની દેન કે સામર્થી નથી. સમય જતાં મહાઆશ્ચર્યની વચ્ચે તે બેનને ૮ મહિના પછી પુત્રનો જન્મ થયો. આમ મહારાજે સૂકાઈ ગયેલા માતાના ગર્ભમાં રહેલા બાળકને નવું જીવન આપ્યું.

●●●

ધોરાજીમાં રહેતા એક હરિભગત બાઈ ને એકાએક હાર્ટએટેક એટલે કે હાર્ટફેલ થઈ ગયું હતું. તેમનું હૃદય બંધ પડી ગયું હતું. આ સમયે ઘરમાં તેમના સગાવહાલાં સર્વે ખૂબ આઘાત અનુભવવા લાગ્યા અને તેમણે આજુબાજુના શહેરોના ખ્યાતનામ ડૉકટરોને બોલાવ્યા. રાજકોટ, ગોંડલથી, ધોરાજીના, જુનાગઢથી ડૉકટરો આવ્યા. તેમનાં સગાવહાલાઓએ અતિ લાગણીવશ થઈને કોઈ જાતના ખર્ચને ગણકાર્યા વગર તેમને સાજા કરવા માટે આકાશપાતાળ એક કરી નાખ્યા. એટલો દાખડો કર્યો. સર્વે ડૉકટરોએ પોતાના સર્વે સાધનોથી, અનુભવ તપાસથી દરેકે દરેક ડૉકટરોએ કહ્યું કે, ''શી હેઝ ફેલ'' તેમનું મૃત્યુ થઈ ચૂકેલ છે પણ ઘરના સગાવહાલાઓએ કહ્યું સાહેબ જે ખર્ચ થાય પણ અમારી આ દીકરીને કોઈ ઈન્જેકશન આપીને પણ તમો બચાવી લો, પણ સર્વે ડૉકટર સાહેબો એકબીજા સામે જોવા લાગ્યા અને વાત કરવા લાગ્યા જે અરે ભાઈઓ કોઈપણ વ્યકિત ગમે તેવા રોગમાં પીડાતો હોય તેવું દુ:ખ હોય તો અમો એમને અમારી અભ્યાસની સર્વે શકિતઓ પ્રમાણે તેમનો બચાવ કરી શકવા સમર્થ છીએ, પરંતુ જે વ્યકિતનું મૃત્યુ થઈ ચૂકયું છે. તે

વ્યકિતને જીવીત કરવી એ વાતમાં સમગ્ર વિશ્વમાં કોઈપણ સમર્થ નથી શકિતમાન નથી. આ વાત છે તે પરમાત્માના હાથની વાત છે. ભગવાન સિવાય આ વાતને જાણનારો અને આ વાત ને કરનારો બીજો છે જ નહી. અમારા અભિપ્રાય મુજબ આ બહેનને હાર્ટ ફેલ થઈ ચૂકેલ છે. તેમનું હૃદય બંધ પડી ચૂકેલ છે.

આવી વાત સાંભળીને ત્યાં હાજર રહેલા જે અનેક લોકોની આંખમાં ગંગા જમુના વહેવા લાગ્યા અને પરમ કૃપાળુ પરમાત્માની મૂર્તિ આગળ જઈને પ્રાર્થના કરવા લાગ્યા કે, હે મારા ઈષ્ટદેવ આપ પ્રગટ ભગવાન કૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ હો તો આજ આ સમયે અમારી આ લાડલી વ્હાલી પ્રાણપ્રિય અમારી આ દીકરીને જીવન આપો અને ડૉકટરો પણ આવા આ સ્નેહીજનોના મહાકરૂણ રૂદન અને પ્રાર્થનાથી કહેવા લાગ્યા કે, જો સ્વયં ભગવાન વિચરતા હોય તો જરૂર આ દેહમાં ફરીને ચેતન રમવા લાગે પણ તે સિવાય અસંભવ.. અસંભવ.. હવે જ્યાં આ પ્રાર્થના આ ડૉકટરોની વાત અષ્ટઆવરણ ભેદીને પરમધામના અધિપતિ એવા સ્વયં શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે જૂનાગઢમાં રહ્યા થકા સાંભળી એટલે તરત જ પોતાની દિવ્ય શક્તિથી સાક્ષાત્ એ મૃત્યુ પામેલા દેહમાં પોતાની ચેતનશકિત મૂકી અને મહા આશ્ચર્યની વચ્ચે એકાએક મરેલ દીકરી જીવતી થઈ. મહા આશ્ચર્ય વચ્ચે તે દીકરી એકાએક સર્વેનું રૂદન અને પ્રાર્થના સાંભળી બોલી કે, અરે સાંભળો મને પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ મારું આયુષ્ય પૂર્ણ થઈ ગયું હતું તેથી મને તેમના ધામમાં તેડી ગયા હતા પણ આ તમારી અતિ આશકત અરજી સાંભળીને મહારાજે મને કહ્યું કે, જાઓ તમો પાછા દેહમાં પ્રવેશ કરો અને હવે તમો રહ્યો અને તમારી જે પ્રાર્થના કે પ્રગટ ભગવાન સાક્ષાત્ અહીં આજે વિચરે છે તે સત્ય કરો. તેથી અરે ભાઈઓ, અરે બહેનો ઓળખો ઓળખો પ્રભુને ઓળખો. અને આ સર્વ ચમત્કાર જોઈ ડૉકટરોની આંખમાં આંસુ વહેવા લાગ્યા અને કહ્યું કે, અરે તમારા પ્રભુ હાજર સાક્ષાત્ છે જ. ધન્ય છે, ધન્ય છે તમારા જેવા ભગતને ધન્ય છે. ધન્ય છે તે પ્રભુ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને ધન્ય છે. આજે પણ સ્વયં બિરાજે છે એટલે જ તો એક કહ્યું છે કે, શાસ્ત્રીજી મહારાજ જીવનું જીવન, શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી જીવનું જીવન, અનાદિ શ્રીકૃષ્ણનારાયણ જીવનું જીવન.

આમ મહારાજ પૃથ્વી પર પ્રગટ બિરાજે છે. કાળ, કર્મ અને માયા જેની આજ્ઞા પ્રમાણે વર્તે છે. જેમના હાથમાં જીવની દોરી છે આજે પ્રભુએ મૃત્યુ પામેલા જીવમાં જીવન મૂકયું.

આ લોકની વાત ખોટી કરી અલૌકિક વાત ને અવની કરી બતાવી...

●●●

મહારાજ ઉપદેશમાં કહેતા કે, ભગવાન અને ભગવાનના ભક્તોનો દ્રોહ કરનારના જીવનો નાશ થઈ જાય છે. એ ફરીને મોક્ષની પ્રાપ્તિ કરી શકતો જ નથી. કદાચ જો મારો આ હાથ પણ જો મારા ભગતનો દ્રોહ કરે તો તેને પણ હું કાપી નાખું તો બીજા કોઈ દ્રોહ કરે તો તેને કેવી શિક્ષા મળે તે આપણે કલ્પના પણ ન કરી શકીએ. તેવા દુઃખ દ્રોહના કરનારને જરૂર મળે છે. ભગવાનના ધામમાંથી જય અને વિજય નામના ભગવાનના પાર્ષદો સનકાદિકને પણ ભગવાનના ભક્તોનો દ્રોહ કરવાથી મૃત્યુલોકમાં આવવું પડયું અને સનકાદિકના શ્રાપથી રાક્ષસો થયા. એમ શાસ્ત્રોમાં હકીકત છે. માટે દરેક મોક્ષભાગી જીવાત્માઓએ મનથી કર્મથી અને વચનથી કોઈ જન્મને વિશે કયારેય પણ ભગવાન અને ભગવાનના સંતો અને ભક્તોનો દ્રોહ કરવો જ નહી. મનની અંદર કોઈ દિવસ ભક્તનો અવગુણ આવવા દેવો જ નહિં. નહીંતર બહુ ભૂંડી દશા થશે. એટલું યાદ રાખજો. ભગવાન ખૂબ ચેતવે છે. દ્રોહવાળા ચેતી જાજો. ખાસ ધ્યાન રાખજો. અનેક જન્મથી પ્રભુ મેળવવાનો દાખડો નકામો થશે અને ઉલટુ નરક ચોરાશીના દ્વાર ખૂલ્લા થઈ જાશે. માટે સર્વ જીવાત્મામાં ભગવાન વસેલા છે તેવી બ્રહ્મ દષ્ટિ રાખી સૌમાં જે ગુણ હોય તેને જોવા પણ અવગુણને ના જોવા.

●●●

ભગવાન પોતાના ભક્તોની અનંત પ્રકારે સેવા કરે છે. જેણે પ્રત્યક્ષ ભગવાનને રાખ્યા છે, સેવ્યા છે, તે તો સદાય નિર્ભય છે. તેનું કાર્ય પણ ભગવાન છે, તેની વાત પણ ભગવાન છે, તેની ક્રિયા પણ ભગવાન છે, તેની દષ્ટિ પણ ભગવાન છે. એવા ભક્તોના ભક્તની સેવા પણ ભગવાન કહે એમ કરે છે. તેમની સર્વે ઈચ્છાને પૂર્ણ કરે છે. પ્રત્યક્ષ ભગવાન આજે પણ આ સમયે સદાય પોતાના પ્રાણપ્રિય ભક્તોની સહાયમાં હાજર જ છે. પ્રગટ ભગવાનના અખંડ ઉપાસક શ્રેષ્ઠ એવા ભક્તરાજ નાનજીભગત મુંબઈ કડિયા કામ કરતા હતા. ત્યારે તેમને જયારે દેશમાં આવવાનું હતું. તેજ સાંજે રાતના તેમના રૂમમાં કોઈ મનુષ્ય તાળું તોડી અને તેની પેટીમાંથી હજુ નવા જ સીવડાવેલા કપડાં પહેર્યા પણ ન હતા. તે કપડાં તથા સામાન સર્વ કાંઈ લઈ ગયા. ચોરી કરી ગયા. હવે નાનજીભાઈને ખબર પડી કે કોઈક તાળું તોડીને ચોરી કરી ગયેલ છે. એટલે તેમણે રાત્રે બધા માણસોને પૂછી જોયું કે, તમોને વાતની કાઈ ખબર છે ? તમે કોઈ નવીન મનુષ્યને જોયો છે ? ત્યારે

સર્વ કહે, અમને તો કોઈ ખબર નથી. પછી નાનજીભાઈએ પોતે બે નાળિયેર લઈ આવી રાખ્યા હતા. તે રાત્રે જ હાથમાં બંને નાળિયેર રાખીને મહારાજનું ધ્યાન ધરવા બેસી ગયા અને પ્રાર્થના કરી ત્યાં જ એકાએક જે વસ્તુ ચોરાઈ ગઈ હતી તે સર્વે અચાનક પોતાની ઓરડીમાં આવીને ગઈ. આ સર્વે નાનજી ભગતે જોયુ પણ કયાંથી કયાંથી કેવી રીતે વસ્તુઓ કપડાં વગેરે કયાંથી આવી ગયા તે તો કાઈ જ ખબર ન પડી અને સવારે દરેકને આ વાત કરી અને સવારે સર્વેને પ્રસાદી આપીને નાનજીભગત વંથલી જવા રવાના થયા. આમ પ્રત્યક્ષ ભગવાને પોતાના ભગતની અરજ સાંભળી તો ચોર ચોરી કરીને જાય તો પણ પ્રભુની ઈચ્છાથી પાછા આપવા આવે પણ ખરા .

●●●

દુબઈમાં ભક્તોની સર્વાર્પણ ભક્તિથી રાજી થઈ મહારાજે અલૌકિક દર્શન આપ્યા. એકવાર ત્રણ દિવસની રજા હતી ત્યારે ત્યાંના ૬૦ ભક્તોએ મહારાજનું ભજન, ભક્તિ, અખંડ મહારાજનો સત્સંગ પછી બધા ભક્તો ખૂબ થાકી ગયા. દિવસના ધૂન, ભજન ગવાતા પછી રાત્રે ભગવાનના ઉપદેશ, પત્રોથી કથા થાય. ત્રીજે દિવસે મહારાજ બપોરે બે વાગ્યે આવ્યા. બાકી ભક્તો આરામ કરતા હતા અને શાંતિભગત વાઢેર, વશરામભગત, સદ્‌ગુરુ શ્રી શાંતિલાલભગત હતા, ગોવિંદજી મહારાજ હતા. એ ચાર-પાંચ ભક્તો બેઠા હતા. ત્યારે તેમણે મહારાજની કથા પૂરી કરી ત્યારે મહારાજની ચિન્હવાળી મૂર્તિમાંથી પ્રગટ થયા. જૂનાગઢમાં સ્વરૂપ છે તેવા એજ રૂપે પ્રગટ થયા. ત્યાં જેટલા ભક્તો આરામ કરતા હતા તેની ઉપર મહારાજે છાતી પર ચરણારવિંદ આપ્યા અને ચાર-પાંચ ભક્તો બેઠા હતા તેમની ઉપર મહારાજે હાથ મૂક્યા અને પછી જેમ મૂર્તિમાંથી પ્રગટ થયા હતા તેમ મહારાજ મૂર્તિમાં પાછા સમાઈ ગયા.

●●●

વંથલીમાં મહારાજની જ્યારે કથા હતી. ત્યારે ભક્તિપ્રિયદાસદાસજી (કવિ સ્વામી) સાથે હતા અને મહારાજનો મહિમા ખૂબ જાણતા. એકવાર રાત્રે મહારાજના ઉતારાના રૂમમાંથી સંસ્કૃત ભાષામાં અવાજ આવે બીજા દેવો સંસ્કૃત ભાષામાં પ્રશ્ન પૂછે અને મહારાજ જવાબ આપે. આ સ્વામી વિચાર કરે કે, આ ગામમાં તો ખેડૂત છે, અભણ માણસો છે અને સંસ્કૃત ભાષામાં મહારાજની સાથે કોણ વાતુ કરતું હશે ? આ કાંઈ સમજાતું નથી. એક દિવસ પછી બીજો દિવસે રાત્રે બે વાગ્યા પછી ચર્ચા ચાલુ થાય અને આ સ્વામી દરવાજે કાન દઈને

સાંભળે. ત્રીજો દિવસ થયો. રાત્રીના ત્રણ વાગ્યા હતા. મહારાજે પોતાના ઉતારાનો દરવાજો ખોલ્યો. આપણાં મહારાજ આમ અંદર બેઠા છે. ત્યાં તો રૂમમાંથી પહેલા બ્રહ્માજી નીકળ્યા પછી શંકર ભગવાન નીકળ્યા પછી વિષ્ણુ ભગવાન નીકળ્યા. ત્રણેય દેવતાઓ આકાશમાર્ગે પાછા ફર્યા. પછી મહારાજ પોતે દરવાજે ઊભા રહ્યા ત્યારે એ સ્વામીજી મહારાજના પગ પકડીને રોવા માંડ્યા કે માયબાપ આ બધું શું છે ? ત્રણ રાતથી હું જાગું છું, વિચાર કરું છું કે મહારાજના રૂમમાં કોણ સંસ્કૃતમાં વાત કરે છે, આજે ખબર પડી. ત્યારે મહારાજ કહે છે કે, દેવોની ઈચ્છા અને અમારી ઈચ્છા હશે એટલે તમને દર્શન થઈ ગયા અને આ રીતે દેવતાઓ રોજ અમારી પૂજા કરવા આવે છે.

●●●

એકવાર અચાનક મહારાજ નીચે બેસી ગયા. હેમંતભગત દોડીને મહારાજ પાસે આવ્યા. મહારાજ હેમંતભગતને કહે, તું ત્યાં જ રહે. પછી હેમંતભગત કહે 'મહારાજ તબિયત બરાબર નથી.' ત્યારે હેમંતભગત નજીક ગયા મહારાજે એમનો હાથ હેમંતભગત તરફ લંબાવ્યો ને કહ્યું, 'લે જો' ત્યારે તાવ ભર્યો હતો. પછી ફરીવાર મહારાજ કહે 'લે જો' ત્યારે ટાઢો હાથ હતો. પછી મહારાજ હેમંતભગતને કહે કે 'શંકરનો ગણ તાવ મારી સેવા કરવા આવ્યો એટલે એને થોડીવાર સેવાનો લાભ આપવો પડેને ? એમ કહીને મહારાજ મંદ હાસ્ય કરવા લાગ્યા.

●●●

શિવરાત્રીએ ગિરનારમાંથી એક બાવો મંદિરે આવીને મહારાજને પગે લાગીને પરત ફરતા હતા ત્યારે કરશનભગત દેસાઈ મહારાજના પગ દાબતા હતા. મહારાજ એ ભગતને કહે કે, ''ઓલા પાછા પગે હાલ્યા એને ઓળખ્યા.'' ત્યારે કરશનભગત દેસાઈ જવાબ આપતા કહે કે, ''આ ગિરનારી બાવાને કોણ ઓળખે'' આ કંઈ ગુફામાંથી આવ્યા હોય મને શું ખબર ? પછી મહારાજ કહે છે કે, ''એ શંકર ભગવાન પોતે હતા. આજે એમનો દિવસ હતો. એટલે અમારા દર્શન કરવા આવ્યા હતા.''

●●●

લક્ષ્મીનારાયણ સંહિતામાં એક કથા આવે છે કે, એક બ્રાહ્મણદેવે એમના પત્નીને શ્રાપ આપ્યો. એ બ્રાહ્મણ કોઈ પણ દાન લે નહીં તેવા બ્રાહ્મણો હતા. પહેલા બ્રાહ્મણો તપ કરે

તો એમને શક્તિ મળતી હતી. બ્રાહ્મણે તેમના પત્નીને શ્રાપ આપ્યો. ત્યારે ૫૧ બ્રાહ્મણોને ઉડવાની શક્તિ મળી હતી. ત્યારે બ્રાહ્મણો કૈલાસ શંકર ભગવાનના દર્શન કરવા ગયા. ત્યારે બ્રાહ્મણના પત્ની ઘરે હતા ત્યારે એક રાણીના હારમાં લોભાય ગયા. એ રાણીને એવો નિયમ હતો કે રોજ એક બ્રાહ્મણને જમાડીને જમવાનું, રાણી જમાડ્યા વિના જમે નહીં એવું તેનું વ્રત હતું. દ્વાપર યુગમાં એવા બ્રાહ્મણો હતા. તેમને ઉડવાની શક્તિ હતી અને તે કૈલાસમાં ઉડીને શિવજીના દર્શન કરતા જતા અને શિવજીની પૂજા કરી કૈલાસથી પાછા ફરતા હતા. ત્યારે એક બ્રાહ્મણના પત્નીને લોભાયને રાણીનો હાર દાન સ્વરૂપે લઈ લીધો ત્યારે બ્રાહ્મણ ઉડતા હતા તે નીચે પડી ગયા ત્યારે તેમને ખબર પડી કે આપણે ઘેર કંઈક ધર્મનું અહિત થયું હશે ત્યારે જ એમ થાય. પછી એ બ્રાહ્મણ ચાલીને ઘેર આવ્યો ચમત્કારપુર (હાલનું જામનગર) ત્યારે બધી વાતની જાણકારી થઈ. બ્રાહ્મણે પછી દુઃખમાં તેમના પત્નીને શ્રાપ આપી દીધો કે, 'તું જા પથ્થર થા' પછી બ્રાહ્મણ પત્ની પથ્થરની શીલા બની ગયા.

ત્યારે આકાશવાણી થઈ કે ''તમે નિર્દોષ છો, તમે કોઈ મોટું પાપ નથી કર્યું કે તમને સજા થાય પણ આ બ્રાહ્મણે આપેલો શ્રાપ મિથ્યા નહીં થાય પણ અમે અનાદિ શ્રીકૃષ્ણનારાયણ ચમત્કારપુર નગરમાં બિરાજમાન થઈશું ત્યારે તમારો ઉદ્ધાર કરીશું.'' ત્યાં સુધી તમે શિલામાં રહો.

આ કળિયુગમાં મહારાજ પ્રગટ થયા ત્યારે એ બ્રાહ્મણ પત્નીનો ઉદ્ધાર કર્યો. એકવાર અનાદિ શ્રીકૃષ્ણનારાયણ ભગવાન અને હેમંતભગત જામનગર પાસે નાગેશ્વર ગામ ગયા. પછી હેમંતભગતે પૂછ્યું કે ''મહારાજે અહીંયા આપણાં કોઈ હરિભગત નથી, ત્યાં ક્યાં જાવું છે ?'' મહારાજ કહે કે ''એ તમને ખબરનો પડે, અમે વરદાન આપ્યા હોય એ અમને ખબર હોય.'' મહારાજની આજ્ઞા પ્રમાણે પાણીનો લોટો હેમંતભગતે સાથે લીધો હતો અને ત્યાં એ જ પથ્થર ઉપર પાણીની અંજલી છાંટી તુરત જ તે પથ્થરમાં તિરાડ પડી તેમાંથી પ્રકાશપુંજ છૂટું પડ્યું અને આકાશમાર્ગે સીધું પરમધામમાં એ આત્મા મહારાજના ચરણોમાં ચાલી ગઈ.

●●●

એકવાર જામવંથલીથી ડાયાભગત અને શાંતિલાલ ભગત બગીચા બે ભક્તો અમરેલી મહારાજની કથામાં ગયા હતા, વક્તા મહારાજ સ્વયં હતા. સાત દિવસનો કાર્યક્રમ હતો. પછી ડાયાબાપા અને શાંતિલાલ ભગત બે ભક્તો મહારાજને મળવા ગયા અને ડાયાબાપા મહારાજને કહે કે, મહારાજ હું અને શાંતિ આવ્યા છીએ. મહારાજ જવાબ આપતા કહે

છે કે, ''ડાયાભગત તમે આવી ગયા એટલે વંથલી આખું ગામ આવી ગયું.'' પછી કથાનું આયોજન હતું તેની સામે સ્મશાન જવાનો રસ્તો હતો. ત્યારે જૂનાગઢના સંતોએ મહારાજને કહ્યું કે, મહારાજ સ્મશાન જવાનો રસ્તો અહીંથી નીકળે છે ત્યારે મહારાજે જવાબ આપતાં કહ્યું કે, ''જ્યાં સુધી અમરેલીમાં હું કથા વાચું છું ત્યાં સુધી એકેય નનામી નહીં નીકળે અને ત્યાં સુધી કોઈ મૃત્યુ નહીં પામે.'''

આ શબ્દ દુનિયામાં કોઈ ન બોલી શકે. ત્યાં મહારાજે કાળ ઉપર ડંકો મારી દીધો, કાળને દબાવી દીધો અને હકિકતે સાત દિવસ સુધી એકેય નનામી ન નીકળી.

ભગવાન શ્રીકૃષ્ણ વખતે ગોવાળીયાએ એમ જાણ્યું આપણી ભેગા રમનારા એ ગોવાળીયા છે. સંતપુરુષોએ એમ જાણ્યું કે આ પરબ્રહ્મ તત્ત્વ છે. ખંડિયા રાજાઓએ એમ જાણ્યું કે આ ચક્રવર્તી રાજા છે. સ્ત્રીઓએ એમ જાણ્યું કે આ મૂર્તિ સાક્ષાત્ કામદેવ છે. નંદ-જશોદાએ જેમ જાણ્યું કે આ તેજસ્વી પુરુષ છે અને કંસે એમ જાણ્યું કે આ અત્યારે મારું મૃત્યુ આવ્યું છે. એજ રીતે પરબ્રહ્મ પરમાત્મા સ્વામિનારાયણ ભગવાને અનેક જીવાત્માઓને ૨૪ અવતારરૂપે પોતપોતાના ઈષ્ટદેવ રૂપે જોયા. કોઈએ સાધુરૂપે જોયા કોઈએ પરબ્રહ્મ સ્વરૂપે જોયા. એ જ રીતે અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પ્રગટ થયા એજ રીતે અનાદિ શ્રીકૃષ્ણનારાયણ શ્વેતાયન વ્યાસ સ્વરૂપ એવા પૂજ્યપાદ શાસ્ત્રીજી મહારાજ રૂપે કોઈએ સ્વરૂપે જોવા, કોઈએ પરબ્રહ્મ સ્વરૂપે જોયા. વિદ્વાનોએ મહાન વિદ્વાન તરીકે જોયા. તત્ત્વચિંતકોએ મહાન ફિલોસોફર તરીકે જોયા પણ શરણાગતિ મંડળે પરબ્રહ્મ પરમાત્મા ભગવાનનું આજ મૂળ અવતારી સ્વરૂપ છે. એમ જાણી તેમની શરણાગતિ લઈ પોતાનો આત્યંતિક મોક્ષ સાધી લીધો.

●●●

મહારાજ નાનપણમાં બાલકૃષ્ણ રૂપે એક વર્ષ માટે મામાના ગામ ઓળિયામાં રોકાયા ત્યારે ભૂતડાનું ટોળું આવતું હતું. સાંજનો સમય હતો. દેસાઈ પરિવાર આપણા મહારાજનું મોસાળ હતું. ભૂતડાઓનું ટોળું આવતું હતું ત્યારે મામા ગાડું મૂકીને ભાગી ગયા. મામા ગાડું હાકતા હતા આપણા બાલકૃષ્ણ મહારાજ ગાડામાં બેઠા હતાં ત્યારે મામા દોડતા દોડતા કહે કે, ભાગ ભાણા ભાગ પછી તો મામા ભાગ્યા પરંતુ ભાણેજ ભાગે તેવા નહોતા. એ વખતે પ્રગટ ભગવાન અનાદિશ્રી કૃષ્ણનારાયણ ભગવાન નાના હતા. છતાં હાથમાં સુદર્શન ચક્ર ધારણ કર્યું. સુદર્શન ચક્ર હાથમાંથી વહેતું મૂક્યું તે ચક્ર ફરતું જાય તેમાંથી અગ્નિનાં તણખાં

પડતા જાય અને બધા ભૂતડાને ભગાડતા જાય. બધા ભૂતને ભગાડી દીધા પછી મામા પાસે આવ્યા. ત્યારે મામાએ પૂછ્યું, 'આ તે શું કર્યું ?' ત્યારે બાલકૃષ્ણ ભગવાન હાથમાં કઈડો (સીમાલ વીંટી) હતો. તે બતાવી મામાને કહ્યું, જે કર્યું તે આ કઈડાએ કર્યું છે મેં કાંઈ નથી કર્યું. ત્યારથી મામા એમ સમજવા માંડયા કે, આપણો ભાણો કાંઈ જેવો તેવો નથી. આપણો ભાણો ચમત્કારી છે.

●●●

જામવંથલીમાં લોકોએ મહારાજને પધરામણી કરવા બોલાવ્યા હતા. પછી આખા ગ્રામજનોએ સ્ટેશનથી એકાવન બળદનો રથ કર્યો હતો. આખા ગામમાં શોભાયાત્રા કાઢી ત્યાં એક ભગત હતા એને સાપ કરડ્યો હતો. એને ખબર મળી કે આજે મહારાજ આવવાના છે. એ જોશમાં ને જોશમાં સવારે ખેતરમાં ગયા હશે ને ત્યાં સાપ કરડ્યો ત્યારે એ ભગતે બે શ્રીફળ અને સાકરની માનતા કરી પછી મહારાજ મંદિરમાં આવ્યા પછી મહારાજ રથમાંથી ઉતર્યા ત્યાં જ એ ભગત ગેટ પાસે ઊભા હતા. મહારાજ બે આંગળી ઊંચી કરીને બોલ્યા, તારા બે શ્રીફળ અને સાકર ક્યાં ?' એ ભગત ઊભા હતા પછી મહારાજને આપી દીધા. (એ મહારાજને કેમ ખબર કે આ ભગતને સાપ કરડ્યો છે) પછી મહારાજે એને પૂછ્યું ''તને સર્પે ક્યાં ડંખ માર્યો છે'', પછી એ ભગતે કહ્યું કે, મહારાજ અહીં ડાબા હાથમાં કરડ્યો છે. પછી મહારાજે ત્યાં ફૂંક મારી તરત જ એ ભગતના હાથમાંથી ઝેર નીકળી ગયું. એ મહારાજનો જામવંથલીમાં ગામમાં પહેલો પરચો હતો.

●●●

આપણાં એક ભગતના ઘરે હાથમાં ચિન્હવાળી મૂર્તિમાં શંખ, ચક્ર, ધનુષ્ય, બાણ, મીન જોઈને મદ્રાસી બ્રાહ્મણ કહે કે, ''જેના હાથમાં ધનુષ્ય બાણ હોય એ તો મારા રામ સાક્ષાત્ હોય.'' પછી એ મહારાજના દર્શન કરવા જૂનાગઢ આવ્યા. એમણે કાશીમાં સાત વર્ષ અભ્યાસ કર્યો હતો. પછી મહારાજના હાથમાં, પગમાં દિવ્ય ચિન્હો જોઈને એ મદ્રાસી બ્રાહ્મણ મહારાજને કહે, હું જે ભણ્યો, વિદ્યાભ્યાસ કર્યો છે. એના આધારે આ ચિન્હોવાળા સ્વયં સાક્ષાત્ નારાયણ છે. એ બ્રાહ્મણ રામના ઉપાસક હતા, તેથી કહ્યું 'તમે તો મારા રામ છો.' પછી ત્યાં દીવાલમાં કેલેન્ડરમાં રામ, લક્ષ્મણ, સીતા, હનુમાનજીનો ફોટો હતો. મહારાજ ઈશારો કરીને કહે કે, પહેલાં કેલેન્ડર તરફ હાથ કર્યો અને બોલ્યા આ રામ કે પછી મહારાજે પોતાના તરફ હાથ કરી કહ્યું કે આ 'રામ' પછી એ કેલેન્ડરમાં જ્યાં રામ હતા

ત્યાં મહારાજનો ફોટો આવી ગયો અને મહારાજે હાથમાં ધનુષ્યધારી, માથે મુગટધારી એ રામરૂપે મદ્રાસી બ્રાહ્મણને દર્શન દીધા.

●●●

જામનગરમાં ચારવેદ અને અઢાર પુરાણની કથા કરી મહારાજ શિવપુરાણની કથા જ્યારે કરી ત્યારે 'ૐ નમઃ શિવાય' ઉપર ત્રણ દિવસ સુધી પ્રવચન કર્યું પછી શિવપુરાણ ખોલ્યું. ત્યારે ચાલુ સત્સંગમાં જામનગરના વિદ્વાનો, પંડિતો, બ્રાહ્મણો બધા ઊભા થઈને મહારાજને પગે લાગવા માંડ્યા. આ મહારાજનો પ્રતાપ. ત્યારે વેદના જાણનારા બ્રાહ્મણો શું બોલ્યા કે 'આ ૐકાર પોતે જ છે.' આટલું વર્ણન વિશ્વમાં કોઈ કરી નથી શક્યા. હિરાની કિંમત ઝવેરી જાણે. તેમ બ્રાહ્મણો કહેતા કે ''આ વેદનારાયણ કહો કે ૐકાર એ પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ આ પોતે જ છે.''

મહારાજ જૂનાગઢના ગુણાતિતાનંદ સ્વામીના નવા સભામંડપનો ફાળો કરવા તોરી રામપર જઈને ખાંભા ગયેલા. રામપરમાં ફાળો કરી ખાંભા આવ્યા અને ત્યાં સભા કરીને બેઠા અને નવા સભામંડપના ફાળા માટેની વાત કરી. ત્યારે ખેડૂતોએ કહ્યું, મહારાજ અત્યારે મોલ સૂકાય છે વરસાદ થશે તો ફાળો આપીશું. મહારાજ કહે, અત્યારે તમે ફાળો નોંધાવી દો વરસાદ સારો થશે ત્યારે ફાળો દેવા આવજો. આમ જ્યારે મહારાજે કહ્યું ત્યારે ખેડૂતો રાજી થયા.

ત્યારબાદ મહારાજ ઘરે ઘરે પધરામણી કરવા નીકળ્યા અને એક વિશાળ ફળિયામાં ગયા અને ફળિયાની વચ્ચે એક કાંટાવાળી બાવળની વાડ કરી હતી તે જોઈને મહારાજ ઘરધણીને કહે આ ફળિયા વચ્ચે આ કાંટાની વાડ કરીને વચ્ચે શું બેસાડ્યું છે ? ત્યારે પટેલ કહે, મહારાજ આ તો અમારા સુરાપુરા છે. અમોને બહુ જ હેરાન કરે છે, તમે આનો ઉદ્ધાર કરતા જાવ.

ત્યારે મહારાજે ઘડામાંથી પાણી ભરીને લોટાથી પાણી છાંટ્યું અને થોડીવાર બાદ બાજુના ખેતરમાં એનો જ પિતરાઈ ભાઈ ધુણતા ધુણતા ત્યાં આવ્યો અને મહારાજના પગમાં પડી હાથ જોડી કહેવા લાગ્યો, મહારાજ મારો ઉદ્ધાર કરો. મહારાજ કહે, જા ઉગમણી બાજુ આકાશમાર્ગે ચાલ્યો જા ત્યાં બદ્રીકાશ્રમ આવશે ત્યાં તપ કરજે. સમય આવ્યે તને ધામમાં લઈ જઈશ. તુરંત તે ગયો તો ખરો પણ પાંચ મિનિટમાં પાછો આવ્યો અને બોલ્યો મહારાજ મને બદ્રિકાશ્રમ જડતું

નથી. ત્યારે મહારાજ કહે, ઉત્તરપ્રદેશના હિમાલયના તટમાં એક બોરડીનું જંગલ આવશે ત્યાં મંદિર છે ત્યાં તપ કરજે. આમ મહારાજે કહ્યું ત્યારે ગયા પછી પાછો ન આવ્યો.

●●●

જીરાગઢના જયંતિભગત મહારાજના દર્શન કરવા જૂનાગઢ ગયા ત્યારે મહારાજે ગુલાબના હાર, અત્તર, પ્રસાદી બધું લઈ ગયા ત્યારે મહારાજને ગુલાબના હાર પહેરાવ્યા અને આરતી કરી એમાં પાંખડીઓ નીચે ખરીને પડી હતી. એટલે મહારાજે કહ્યું કે ચાદર ઉપર પાંખડીઓ પડી છે એ ભેગી કરી તમારી થેલીમાં નાખી દો. એટલે ભક્તએ મહારાજની આજ્ઞા થઈ એટલે એ બધી ગુલાબ પાંખડી થેલીમાં નાખી દીધી. એમાં મહારાજને ચંદન ઘસવાનો આરસનો નાનો ઓરિસો પણ આવી ગયો. એટલે એ ભગત દુબઈ લેતા આવ્યા. પછી ભગતે મહારાજને કાગળ લખ્યો કે- ચંદન ઘસવાનો ઓરિસો ભૂલથ થેલીમાં આવી ગયો છે. એટલે મહારાજે વળતો કાગળ લખ્યો કે- 'હજારો, લાખો દેતા એ ઓરિસો ન મળે એ તમારા ભાગ્યમાં હશે. એટલે તમને મળ્યો. ૫૦ વર્ષથી અમે એમાં ચંદન ઘસતા, તિલક કરતા પણ ''જે દિથી ખોવાયું તે 'દિથી અમે કુમકુમનો ચાંદલો જ કરીએ છીએ.''

●●●

મહારાજ વડતાલ દેશના સંત કહેવાય. જીરાગઢ અમદાવાદ દેશમાં આવે એટલે જીરાગઢના સ્વામિનારાયણ મંદિરમાં મહારાજનો ફોટો પધરાવવા માટે વિરોધ થયો કે આ મહારાજ તો વડતાલ દેશના છે. પછી આપણાં ભક્તોએ એ વિરોધી ભક્તોને સમજાવ્યા કે, આ મહારાજના કરચરણોમાં તો ચિન્હો છે અને સ્વામિનારાયણ સંપ્રદાયની બંને દેશની ગાદીના માન્ય વિદ્વાન સંત છે. એટલે પછી પધરાવવાનું નક્કી કર્યું ત્યારે અન્ય સંતોએ કહ્યું કે, આ ફોટા નીચે નામમાં શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી પાછળ સ્વામિનારાયણ લખ્યું છે એ કાઢી નાખો. ભક્તોએ ના કાઢ્યું તો એ સંતોએ સ્વામિનારાયણ નામ પર ટેપ ચોંટાડી દીધી. ત્યારે અમુક સમય બાદ ટેપ પટ્ટીમાંથી સ્વામિનારાયણ શબ્દ આપોઆપ ઉપસી આવ્યો. એટલે પછી વિરોધ બહુ થયો પછી એક વિરોધી વ્યક્તિએ મહારાજની મૂર્તિ પર પથ્થર માર્યા, તેથી એ માણસ ગાંડો થઈ ગયો. પછી ભક્તોએ જૂનાગઢ જઈ મહારાજને બધી વાત કરી ત્યારે મહારાજે કહ્યું કે- ''મારી મૂર્તિ પધરાવવી એ તમારું કામ છે, મૂર્તિમાં વાસ કરવો એ મારું કામ છે'' એ પ્રમાણે થયું.

●●●

ગામ ખોખરીના દરબારને એવો ભયંકર રોગ થયો હતો કે જેમાં શરીરમાં લોહીનું પાણી થઈ જતું. ધીમે ધીમે બહુ જ બીમારી વધી ગઈ અને ચામડી સાવ તૂટી ગઈ અને તેમને જામનગર ઈરવીન હોસ્પિટલમાં દાખલ કર્યાં. ત્યાંથી ડૉકટરે રજા આપી દીધી અને કહ્યું કે, તમારો કેસ નહીં બચે. પછી દરબારને જામનગર સ્વામિનારાયણ ભગવાનના મંદિરે મહારાજ પાસે લઈ આવ્યા. મંદિરમાં મહારાજ બિરાજમાન હતા ત્યાં દરબારને લઈ ગયા. તો તેમને મહારાજે કહ્યું કે, તમારે ધામમાં જાવું છે કે અહીં રહેવું છે. તો દરબારે કહ્યું, મહારાજ તમે જેમ કહો તેમ. પછી પ્રભુએ કહ્યું કે, જાવ મંદિરમાં ઘનશ્યામ મહારાજના દર્શન કરી પાછા આવો. પછી મહારાજ પાસે ગયા અને મહારાજે કહ્યું, અમે કહીએ તેમજ કરવું પડશે તો દરદ મટી જાશે. પછી મહારાજે તેમને પ્રસાદીનું જળ પાયું અને થોડી પ્રસાદી આપી પછી સમય જતાં ચાર મહિના થયા ત્યાં દરબાર સાજા થયા અને મંદિરમાં સેવા કરવા માંડ્યા. ત્યારે મહારાજે કહ્યું, તમે ખોખરી ચાલ્યા જાવ. ત્યારે દરબારે કહ્યું કે, હું હવે ખોખરી નહીં જાઉ પણ તમે ત્યાં આવો અને મારી ઘણી જમીન છે, તેમાંથી અડધી તમને આ મંદિરમાં અર્પણ કરું પછી હું ઘેર જઈને જમું. પછી મહારાજ ખોખરી પધાર્યા અને એ દરબારે ઘણી જમીન જામનગર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં અર્પણ કરી.

●●●

મોહનભગતને દુબઈમાં ગરમીને લીધે શરીરમાં આખા શરીરે કોઢ નીકળ્યા અને તેમાં તેઓ એ બહુ દવા કરાવી પણ બિલકુલ સારું ન થયું અને ખૂબ પરેશાન થતાં હતાં અને આખા શરીરમાં ચામડી ઉખડી શરીર સાવ સફેદ થઈ ગયું હતું અને એકદમ તકલીફ હતી. તેવામાં સન્લી કંપનીમાં જામવંથલીના રહેવાસી ટપુલાલ કાનજી તથા નાનજી લખમણ તથા ફુંકાવાવવાળા કાનજીભગત વગેરે પ્રગટ ભગવાનના એકાન્તિ ભક્તરાજ પરમવિવેકી પરમસમજુ એવા પ્રગટ ભગવાનના ભક્તરાજને વાત કરી કે, ભગત મારા શરીરે કોઢ નીકળવાથી સાવ સફેદ થઈ ગયું છે અને મેં ખૂબ દવા કરી છે પણ કોઈ દવા લાગુ પડતી નથી. ત્યારે ભક્તોને એમ થયું આપણો નાતીલો માણસ આટલો દુઃખી છે તો પ્રગટ ભગવાનને આપણે અરજ કરવી જોઈએ. આમ વિચારી મોહનભગતને કહ્યું કે, તમો મહારાજ પર શ્રદ્ધા રાખીને તેમનું ભજન કરો. આમ કહ્યું અને જૂનાગઢ મહારાજને પત્ર લખ્યો કે, હે મહારાજ એક ધુળકોટના ભાઈ મોહન ખોડીદાસ ખૂબ તકલીફમાં છે તો તેને સારું થાય

તેવી દયા કરી ગુલાબની પાંખડી મોકલો તથા આશીર્વાદ લખો તો સારું થઈ જાય. આમ વિનંતીપૂર્વક મહારાજને પત્ર લખ્યો અને મહારાજે પત્ર વાંચી ગુલાબની પાંખડી મોકલી. આ પત્ર મોહનભગત ઉપર આવ્યો અને મોહન ભગતે ગુલાબ પાંખડી ખાધી અને શ્રદ્ધા રાખી તેમની ભજન ભક્તિ કરવા લાગ્યા અને અમુક ટાઈમ પછી મોહનભગતને કોઢ મટતા ગયા થોડા થોડા ડાઘ રહ્યા અને એકદમ સારું થઈ ગયું.

આમ ભગત ઘણી દવા કરીને થાકી ગયા છતા પણ કોઢ ન મટ્યા તે માત્ર મહારાજની પ્રસાદિની ગુલાબ પાંખડી ખાવાથી મટી ગયા. આવા પ્રગટ ભગવાને ખૂબ ખૂબ પરચા આપી ભક્તોને સુખી કર્યા છે.

●●●

ફૂલવાડી પરમધામમાં પ્રગટ ભગવાનનાં પ્રસાદીના મકાનનું કામ ચાલતું હતું. ત્યાં એક દિવસ રોજીયાના દરબાર આવ્યા. તેમના ઘેર દિકરાનો જન્મ થયો હતો. પણ આંખમાં જોવાની શક્તિ ઈશ્વરે આપી નહોતી એ દુઃખ આવ્યું. ડૉકટરો પાસે તપાસ કરાવી, રિપોર્ટ કરાવ્યા આંખોમાં જોવાની શક્તિ ભગવાને આપી નથી, તેથી છેવટે થાકી ગયા. દિકરાને લઈ ફુલવાડી આવ્યા, મહારાજને પગે લાગી દિકરાની વાત કરી. ત્યારે મહારાજ કહે, દરબાર કહો તો અમે બધી વાત કરીએ અને કાં તમે વાત કરો. ત્યારે દેવરાજભગત બગીચા તથા કેશવજીભગત બગીચા, રામજી જેઠા મકવાણા, વેલજી મનજી કાચા વગેરે ભક્તો હાજર હતા.

ત્યારે પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ બોલ્યા કે, તમે આખું જીવન ચોરી કરી છે ચોરી કરવા જતા ત્યારે ગામની એક કૂતરી તમને જોઈ ભસતી અને તમારું કામ પાર પડતું નહીં. બધા જાગી જવાથી પાછા ઘરે આવતા રહેતા. તે કૂતરી નડતરરૂપ થતી એટલે એક દિવસ કૂતરીને કોથળામાં પૂરી ગામ બહાર વોકળામાં લઈ જઈ છરીની અણીએ કૂતરીની આંખો કાઢી લીધી. આવું અધમ મહા પાપ કર્યું એટલે જ ભગવાને તમારા દિકરાની આંખો લઈ લીધી છે. બોલો અમારી વાત બરાબર છે ને ? દરબાર રડી પડ્યા. મહારાજના પગમાં માથું મૂકી ખૂબ રડ્યા. આ માનવ જન્મ મળ્યો છે તો પવિત્ર ભક્તિવાળું, ધર્મવાળું જીવન જીવો, ભગવત્ કૃપા મેળવો. પાપને માર્ગે ન જાવું. જાગ્યા ત્યાંથી સવાર. પ્રગટ ભગવાન પૃથ્વી પર વિચરણ કરી રહ્યા છે. તેમને ઓળખીને શરણે

પડીને મોક્ષ મેળવવાનો સમય છે. મહારાજે જગતના તમામ જીવો માટે ઉપદેશ આપ્યો હતો, કરેલા જે કર્મ આપણે જ ભોગવવા પડે છે. તેવો જ બીજો પ્રસંગ જામવંથલી ગામનો હતો. એક ભગતને દિકરાના પગ જન્મથી જ સાવ નાના તથા પાતળા હતા. મહારાજ પ્રગટ ભગવાન ઘરે પધરામણી માટે આવ્યા. ત્યારે તેમના પિતાએ કહ્યું, મહારાજ આ જીવ પર દયા કરો. ત્યારે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ બોલ્યા કે, દરેક જીવાત્મા તેના પૂર્વે કરેલા કર્મ ભોગવે છે. માટે તેના કર્મ તેને ભોગવવા દો. અમારા દર્શન થયા છે, તે મોટી વાત છે. તેમ કહી બોલ્યા કે, તે પૂર્વ જન્મમાં તે બહુ ક્રોધી હતો. તેણે લાકડીઓ મારી મારી નાની નાની ગાયની વાછરડીઓના પગ ભાંગ્યા હતા. તો આ જન્મે તે પાપ કર્મ તે ભોગવી રહ્યો છે, માટે હવે પછી સારા જન્મને પામશે. માટે તમો પણ સારા ધર્મ પાળી પ્રગટની ભક્તિ કરજો. જેથી જલ્દી આ જીવનો ઉદ્ધાર થાય.

●●●

આપણાં મંડળના એક મહારાજના પરમ મુક્તરાજ એવા લાલજીભગતની દીકરીને દારૂ પીવાવાળા મળ્યા હતા. એટલે લાલજીભગત એ સમયે દુબઈ હતા. એણે શાંતિભગતને કહ્યું, ''દીકરીને ઘરવાળા ખરાબ સંગતવાળા મળ્યા છે'' માટે દીકરી ખૂબ દુઃખી છે. માટે તમે કંઈક રસ્તો બતાવો. શાંતિલાલ ભગતે કહ્યું કે, મહારાજની વિશેષ સેવા અને ભક્તિ કરો જેથી દીકરીનું આ દુઃખ વહેલી તકે દૂર થાય. પછી મહારાજનો સેવા માટે પત્ર આવ્યો હતો એમાં બધાય રૂ.૫૦૦ની સેવા કરતા હતા. એમાં લાલજીભગતે પણ સેવા કરી પછી મહારાજનો કાગળ અને અમદાવાદથી બંને જગ્યાથી એક જ દિવસ કાગળ આવ્યો. મહારાજનો કાગળ પહેલા ખોલ્યો. મહારાજની પ્રસાદી ગુલાબ પાંખડી ખાધી પછી મહારાજે લખ્યું કે - અમદાવાદ સંભાળ રાખી છે. ભગત તમારું આજથી બધું દુઃખ જતું રહ્યું છે. પછી મેં અમદાવાદવાળો કાગળ ખોલ્યો. એમાં લખ્યું હતું કે- દીકરીને જમાઈથી છૂટાછેડા મળી ગયા છે અને એમ પણ લખ્યું હતું કે, એનું ઘર બીજે કરી દીધું છે અને જમાઈ પણ અનાદિ શ્રીકૃષ્ણનારાયણની સેવા કરે છે. આ રીતે લાલજીભગતની મહારાજે સંભાળ રાખી

●●●

એકવાર કરૂણાના સાગર દયાળુ મૂર્તિ પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ જામવંથલીમાં ગામમાં ભક્તોને ઘરે પધરામણી કરવા માટે નીકળ્યા હતા. હરિભક્તોનો

સમૂહ સાથે હતો. મંદિરમાંથી બહાર નીકળ્યા અને શેરીમાં ચાલતા થયા. ત્યાં તો આકાશમાં વાદળા ખૂબ છવાયેલા, કાળું ડિબાંગ આકાશ થઈ ગયું અને ઓચિંતો વરસાદ વરસવા લાગ્યો એટલે સાથેના હરિભક્તો મોટેથી બોલવા લાગ્યા જે છત્રી લઈ આવો શાસ્ત્રીજી મહારાજ પલળી જશે. ત્યારે મહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીની પાસે પાસે ચાલતા એક ભગત પ્રેમજી ઝીણાબાપા મકવાણા બોલ્યા જે, શાસ્ત્રીજી મહારાજ જેવા મોટા પુરુષ ભેગા હોય ને છતરીયું શું ઓઢે ? વરસાદ નો બંધ કરી દે એ. આવી વાત મહારાજ સાંભળી ગયા અને પોતાનું મુખારવિંદ પાછળ ફેરવ્યું અને એક હાથ ઊંચો કરી બોલ્યા જે પ્રેમજીભાઈ આજ છત્રી નહીં ઓઢિયે. આમ ઊંચો હાથ કરી બોલ્યા ત્યાં એ જ ક્ષણે અંધરાધાર વરસતો વરસાદ બંધ કરી દીધો. આ વચન અને પ્રતાપ નજરો નજર જોઈ જામનગરથી ભક્તજનો દર્શન કરવા આવ્યા હતા. તેની આંખોમાં આંસુડા આવી ગયા અને મોટા અવાજે બોલ્યા જે, આપણે હીરો હાથમાંથી ખોયો, ભગવાન આપણાં હાથથી જામનગરથી જામવંથલી આવીને વસ્યા.

એક વખત પ્રગટ ભગવાન જામનગર સ્વામિનારાયણ મંદિરમાં બિરાજતા હતા. આ સમયે જામવંથલીથી હરિભક્તો દર્શન કરવા સવારે આવ્યા હતા. તેઓ મહારાજને વિનંતી કરવા લાગ્યા કે, મહારાજ વંથલીમાં વરસાદની ખાસ જરૂર છે. ત્યારે પ્રગટ ભગવાન આકાશમાંથી દર્શન કરવા આવેલા ઈન્દ્રદેવને કહેવા લાગ્યા જે, આજે ચાર વાગ્યે વંથલી જાવ. નહીંતર વંથલી ધોખો કરશે. પછી ભક્તો સામુ જોઈને બોલ્યા કે, ચાર વાગ્યે વંથલીમાં વરસાદ ચાલુ થઈ જાશે. ભક્તો સાંજના કામકાજ પતાવી ગાડીમાં વંથલી જવા નીકળ્યા, હાપા અને અલિયાપાડા ગામો વટાવીને વંથલીનો સીમાડો ચાલુ થયો અને જુઓ વંથલીમાં રેલમછેલ. વંથલી પહોંચ્યા અને સ્ટેશન માસ્તરને તથા ગામના માણસોને પૂછ્યું, વરસાદ ક્યારે શરૂ થયો હતો ? બધાએ કહ્યું, રાઈટ ચાર વાગ્યે ચાલુ થયો હતો. આ વાત ભક્તોના હૃદયકમળમાં સીધી ઉતરી ગઈ.

આ તો સાક્ષાત્ ભગવાન જ છે. દેવો તેમની સેવામાં અને આજ્ઞામાં રહ્યા છે. નજરે દીઠેલી વાત પ્રગટનો પ્રતાપ. આ જ દિવસે વંથલી ગામના ભક્ત રામજીભાઈ જેઠાભાઈ ખેતી કરતા તેમણે જોયું, બાજુમાં રોજીયા, લાખાણી, વરણા તથા ગામોમાં ક્યાંય વરસાદ નહોતો. વંથલી માટે ઈન્દ્રને આજ્ઞા કરીને પ્રગટ પ્રમાણ સર્વ ભક્તોને દેખાડી દીધું કે, શ્વેતાયન હરિ ધારે તે કરે. આમ ભક્તોને સુખિયા કરવા મહારાજે પ્રતાપ જણાવ્યો હતો.



## શાંતિલાલભગતના બેન- જયાબેન મનુભગત પરમાર

### ગામ : જામવંથલી, હાલ- મુંબઈ

**મહારાજ** વંથલી હતા ત્યારે ફુલવાડીમાં સ્મૃતિ ભવનનું કામ ચાલુ હતું. અમે ત્યાં જતા અને માટી-ચુનાના તગારા ઉપાડતા. મહારાજ સુખડી-ગાંઠીયા-ચા આપતા. પછી અમે પાછા સ્કૂલે ચાલ્યા જતા. એકવાર અમે ચૂનો ચાળતા હતા ત્યારે અમારા મોઢામાં ચૂનો ભરાતો ત્યાં મહારાજે ધોતીયાના ટુકડા કરી અમને આપીને કહે, લ્યો આ મોઢા પર બાંધી લ્યો જેથી ચૂનો મોંઢામાં ન જાય.

અમારી પરિસ્થિતિ બહુ નબળી પણ મહારાજ બાપુજીને આજ્ઞા કરી હતી કે, આ છોકરીયુંને ભણાવજો. આમ અમે બી.એ. પાસ કર્યું પણ કેમ ભણતર પૂરું થયું કોલેજ કરી એ મને કંઈ ખબર જ ન પડી. બસ મહારાજની પાઘવાળી મૂર્તિ દેખાયા કરે ને કેમ આટલા વર્ષો ભણતરમાં ગયા ખબર જ નહીં.

એક વખત મેં બી.એડ્માં દાખલ થવા ઈન્ટરવ્યૂ આપ્યું. ડોનેશન દેવા માટે કોઈ સગવડ નહીં પણ મહારાજની કૃપાથી ઈન્ટરવ્યૂમાં મને પ્રથમ નંબરે પાસ કરવામાં આવી. બી.એડ્ પાસ થયું એટલે મેં મહારાજને પૂછ્યું કે, મહારાજ હવે નોકરી કરવી છે, આશીર્વાદ આપો. મહારાજ કહે, નોકરી નોકરી શું કરો છો. નોકરી કરવાની જરૂર નથી. આ ફુલવાડીમાં કારીગરો કામ કરે છે ત્યાં રસોડું કરો. પછી ત્રણ વર્ષ રસોડામાં સેવા આપી. મંદિરના કામ ચાલુ હતા અને ઊંબરાનું મુહૂર્ત કરવાનું આવે એટલે હું ને ભરવાડની છોકરીઓ ઊંબરે નારિયેળ વધારી દેતા અને દિવો અગરબત્તી કરી મુહૂર્ત કરતા. મહારાજ જામવંથલીમાં હતા ત્યારે ઘણી વખત મહારાજના દર્શન કર્યા છે. આમ મહારાજના દર્શને દિવસોના દિવસો કેમ ચાલ્યા ગયા ખબર નહીં.

એક વખત ફુલવાડીમાં અમે રસોડું કરતા ત્યારે મહારાજ મોટા યોગીનો વેશ લઈને આવ્યા અને આ ફુલવાડી મંદિરના થાંભલાઓને બકીઓ ભરે, થાંભલીઓમાં થાપા મારે એટલે મેં વિચાર કર્યો આ સાધુબાવા આપણાં મંદિરમાં આમ કેમ કરે છે ? એટલે મેં આગળ જઈને કહ્યું, સાધુ મહારાજ કુછ ખાના હૈ. યોગી કહે, લડુ ખાના હૈ. એટલે મેં તેમને પગથિયે બેસવાનું કહ્યું. યોગી કહે, મેં તો મંદિર કે સામને બેઠુંગા. પછી ચરણારવિંદના ઓટાની ઓઠિંગે બેઠા અને લાડું-દાળ-ભાત મેં ભાવથી જમાડ્યા. થોડા દિવસ પછી કેશુબાપા જૂનાગઢ મહારાજના દર્શને ગયા ત્યારે મહારાજે સામેથી કહ્યું કે, જયાને દાળ બનાવતા બહુ

સારી આવડે છે. અમે ફૂલવાડી યોગી સ્વરૂપે ગયા તો અમને તેણે ભાવથી ખૂબ જમાડ્યા.

એક વખત અમારા મા (અમર બા)ને અમે બગીચે, વાડીયે બેઠા હતા ત્યાં મહારાજ આવ્યા એટલે બગીચામાંથી સારા મોટા મોટા બોર વીણીને મહારાજને જમવા આપ્યા. મહારાજ અડધું બોર જમે અને પ્રસાદી અમને આપે અને બોલે પુર્વે રામાવતારમાં આ શબરીબાઈના ઘણા બોર જમ્યા છીએ.

મહારાજ જામવંથલીમાં હતા ત્યારે બગીચે કાયમ વ્હેલી સવારે ન્હાવા આવતા અને અમરમા ગરમ પાણી કરે મહારાજ બાજુમાં કોથળો પાથરીને બેસે. પાણી ગરમ થઈ જાય એટલે મહારાજ ન્હતા. ઘણી વખત તો માએ રોટલો બનાવ્યો હોય તો દહીંને રોટલો પણ જમતા. એક વખત મહારાજ બગીચા વાડીએ આવ્યા. અમર મા બેઠા હતા. મહારાજને રોટલો બનાવી જમાડ્યો. ત્યારે મહારાજ બોલ્યા. આજ તો અમે બહુ રાજી થયા તમારો રોટલો બહુ મીઠો લાગ્યો. બોલો આજ ક્યો તો ૫૦ જન્મ પહેલાની વાત કરીયે ક્યો તો ૫૦ જન્મ પછીની વાત કરીએ. ત્યારે અમરા મા કહે મહારાજ તમારા ભગવાનનાં પારખાં થોડા હોય ! આ સાંભળી મહારાજ બહુ જ રાજી થયા અને બોલ્યા અમે ભગવાન છીએ એટલી જ તમને ખબર પડે બીજી કાંઈ ખબર નથી તો પણ અમે રાજી છીએ. પછી અમરમા બોલ્યા કે,મહારાજ તમે કોઈ અલગ રૂપ લઈને આવો તો અમને કેમ ખબર પડે કે તમે ભગવાન આવ્યા છો. મહારાજ કહે, અમે મોટામાં મોટા છીએ પણ છતાંય નાનામાં નાના થઈ ચકલી બનીને તમારા માથા પર બેસી જઈએ તો પણ તમારે સમજવું કે અમે આવ્યા છીએ. આમ મહારાજ ઘણીવખત અમરમાના માથે ચકલી બનીને આવ્યા છે ને બેઠા પણ છે.

મહારાજ અહીં વંથલીમાં બે વર્ષ રોકાયા અને વિદાય લઈ જૂનાગઢ જતા હતા ત્યારે અમે ઘણી ગોપીઓ વિદાય દેવા ગામના રામ મંદિર સુધી વળાવવા ગયાં ત્યારે વેલા આવજો વાલમજી... એ કિર્તન બોલતાં બોલતાં અમે રોઈ પડ્યા ત્યારે મહારાજ પણ રોવા લાગ્યા. પછી મહારાજ દેખાતા બંધ થયા ત્યારે અમે પાછા ઘરે આવ્યા અને ફરી બહુ રોવા લાગ્યા ત્યાં બે-અઢીનો ટાઈમ થયો ત્યાં તો દિવ્ય સ્વરૂપે મહારાજ આવ્યા અને ઘરના જાળીવાળા દરવાજામાંથી તેજના શેડ પડ્યા ને બોલ્યા કેમ રોવો છો ? અમે તમારા ભેળાં અખંડ છીએ. અમે આઘા ગયા નથી, એમ કહી આશીર્વાદ આપી અદ્રશ્ય થઈ ગયા.

પછી દરરોજ વિરહમાં સુખ ન આવે અને મહારાજને પ્રાર્થના કરતાં કે મહારાજ દર્શન આપો. ત્યારે અમારા બાને અમારી પ્રાર્થનાથી મહારાજે દર્શન દીધા. મહારાજે

કેશવજીબાપાને  દવા પીસવા ઘન્ટુલો આપેલો. અમારા મકાન પાછળ વાડામાં અમારા બાપુજી દવા બનાવતા. એ વાડામાં એક ઓડીયુ (ભૂગો) બનાવેલો જ્યાં અમે ચાર-પાંચ બેનપણીઓ બેઠી હતી ત્યાં મહારાજે આવી દર્શન દીધા અને અમારી સાથે ચાર ફેરા ફર્યા અને ચાર વખત મોઢામાં અંગુઠો ચટાડ્યોને મહારાજ બોલ્યા ખાસ તમારા માટે આવ્યો છું. ત્યારે મારા બાપુજી અને મોટાભાઈ શાંતિલાલ ભગત દૂર ઊભા રહી દર્શન કરતા હતા.

એ વખત અમે જૂનાગઢ ગયા હતા ત્યારે મહારાજ મંદિરમાં પ્રદક્ષિણા ફરતા હતાં ત્યાં હનુમાન-ગણપતિ આગળ અમે બેઠા હતા અને મહારાજ પ્રદક્ષિણા ફરતાં ત્યાં પહોંચ્યાને મહારાજે જેમ વરમાળા પહેરાવે તેમ અમને કંઠી ગળામાં પહેરાવી. આમ અવારનવાર મહારાજના દર્શન કરવા જતા અને ઘણી વખત મહારાજ આવી દર્શન દેતા. આમ મહારાજ બહુ બહુ કૃપા કરતા. આમ મહારાજ અખંડ ભેળાં ને ભેળાં જેવું અનુભવ થયા કરતું.

એક વખત મહારાજની યાદમાં ને યાદમાં કાંઈ જાતનું ભાન ન રહેતું પણ કામ તો કર્યા જ કરતાં પણ ખાવા પીવાનું કાંઈ યાદ ન આવતું એટલે ખાતા પણ નહીં. ત્યારે મોટાભાઈ ને કાકા મને જૂનાગઢ લઈ ગયા. મહારાજને ત્યારે ત્યાં વાત કરી. મહારાજ બોલ્યા, અમે પણ નથી જમતા. એમ કહી થાળમાંથી થોડુંક મહારાજ જમ્યાને પછી પ્રસાદીનો થાળ આપી કહે, લ્યો હવે એને કહેજો કે જમી લ્યે. પછી અમે જમી લીધું ત્યારપછી ફઈની દીકરી જયા સાથે અમને મંદિરની વાડીમાં મહારાજે દર્શન દીધા.

એક વખત મહારાજ અમારા જૂના છાપરાના મકાનમાં આવેલા ત્યારે છાપરા બહું નીચા હતાં. એટલે મહારાજને નીચા નમીને ઘરની અંદર આવવું પડતું હતું એમાં બે ત્રણ વખત પાઘ છાપરામાં ભરાઈ ગઈ. ત્યારે એકવાર મહારાજ એવું બોલ્યા કે, આ ભગત પાસે તો અમારેય નમવું પડે છે.

મહારાજ પધરામણી કરતા ત્યારે જામવંથલીમાં મહારાજને ગોદડા-સાડીયું પાથરીને પધરામતી કરાવતા. ત્યારે અમે કાંઈક નવું કરતા અને પધરામણી કરાવતા. ત્યારે મહારાજ આવી લીલા જોઈને મરક મરક હસતા અને એક વખત તો મહારાજ એવું બોલ્યા કે, ભગત તમે અહીં અવતાર ધર્યોને એટલે અમારે અહીં આવવું પડ્યું છે. જામવંથલીમાં મારા બાપુજી કેશવજીભગત સ્વામિનારાયણ મંદિરમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી પ્રગટ ભગવાનની જય, આમ જય બોલાવતા એટલે ગામના હરિભક્તોએ બાપુજી સાથે ઝગડો કરી મંદિરની બહાર કાઢ્યા. તેથી બાપુજી પછી મંદિરમાં  આવતા નહીં. પછી જ્યારે મહારાજ પાસે જૂનાગઢ

ગયા ત્યારે મહારાજે કહ્યું, તમારે શેરીઓમાં જય બોલતાં બોલતાં નીકળવું અને નદિયે હો તો જોર જોરથી જય બોલવી જે ગામમાં સંભળાય. ઘરે હો ત્યારે જોરથી જય બોલવી જે શેરીયુંમાં સંભળાય. આમ તમારે અમારી જય બોલવી.

મહારાજ વંથલીમાં ફરતા ત્યારે કેશુબાપુ અને દેવરાજકાકા અડખે પડખે અને હાથમાં હથિયાર લઈને હાલતા. આમ મહારાજના અંગરક્ષક જેવી સેવા પૂરી પાડતા. બાપુજીએ વેકરીયો બનાવેલ એ વાડીમાં કપાસ વાવતાં. ત્યાં કપાસમાં જીવાત બહું આવે પણ દવા ન છાંટતા. એક વખત મહારાજને કીધું મહારાજ મોલમાં જીવાત આવે છે મારે દવા કેમ છંટાય. ત્યારે મહારાજ કહે, મોલની ઉપજમાં ૧૦મો ૨૦મો ભાગ ભગવાનનો કાઢવો તેથી જીવાત નહિં આવે. પછી મહારાજ બોલ્યા, આ જમીનમાં અમારો અર્ધો ભાગ અને કૂવો પણ આપણો સહિયારો. આમ મહારાજ બોલ્યા ત્યારથી એ વાડી વાવવાનું બંધ કર્યું અને સમય જતાં મહારાજની આજ્ઞા પ્રમાણે એ વાડી ફુલવાડીને સોંપી દીધી.

એક વખત અમે ફુલવાડીમાં પ્રસાદીના મંદિરના પાયામાં કપચી ભરતા હતાં ત્યારે ડાયાબાપા પણ કપચી ભરી ભરી પાયામાં નાખતા હતાં. ત્યારે બાપુ બોલ્યા, બાપા ધ્યાન રાખજો કાંઈ નીકળે તો જોજો. ત્યારે ડાયાબાપા કહે ધ્યાન ભગવાન રાખે આપણે તો કામ કરવાનું ત્યાં મહારાજ બોલ્યા, ભગત તમે ધ્યાન રાખજો. આમ ભક્તોના સંકલ્પ પૂરવા ભગવાન આવે છે, રાસ રમે છે, દર્શન આપે છે અને સમર્પણવાળા ભક્તો સહું આનંદ લેતા તેમ ભગવાન પણ સૌને આનંદ આપતા.

એક વખત મોટાભાઈ શાંતીલાલ ભગત વંથલીથી જૂનાગઢ હાલીને ગયા અને બા પાસેથી પાંચ રૂપિયા મહારાજને ભેટ દેવા લીધા. ત્યાં જૂનાગઢ પહોંચ્યા સૌ ભક્તો મહારાજને રૂ.૨૫-૨૫ ચરણે ધરતા જોઈને મોટાભાઈ મુંઝાયા. ત્યાં મહારાજે સામેથી બોલાવ્યો ને કહ્યું, મુંઝાશ શું લાવ પાંચ રૂપિયા. એમ મહારાજે પાંચ રૂપિયા માના મોકલેલા લઈ લીધા ને પાછા પાંચ રૂપિયા આપ્યાને કહ્યું આ પાંચ રૂપિયા તારા. પછી મહારાજ રાજી થઈ કહે, માંગ તારે શું જોઈએ છે ? મોટાભાઈ કહે, મહારાજ જોઈતું કંઈ નથી. બસ તમારી ભક્તિ આપજો. મહારાજ કહે, તમારું તો આદી અનાદિથી ભક્તિવાળું કુળ છે. એક વખત મોટાભાઈ વિદેશથી સાડીયું લઈને આવેલા તે અમે જૂનાગઢ ગયા ત્યાં અમે આઠ દિવસ રોકાયા હતા અને આ સાડીયું પ્રસાદીની કરાવવી હતી. મહારાજ દરરોજ સાડી ખભે રાખીને પ્રસાદીની કરતા.

મારી એક બેનને લીલું ખરજવું થાતું એટલે મહારાજને પ્રાર્થના કરી એટલે મહારાજ હાથનો લટકો કરી કહે, જાઓ મટી જશે. પછી નર્મદાબેનને એ ખરજવું મટી ગયું પણ હજુ નિશાન છે.

એકવાર જામનગરમાં મહારાજ હતા ત્યારે પેન ઘણી ભેગી થઈ ગઈ તેથી બાપુને આપતા ને કહેતા છોકરીયું ભણે છે તેને આપજો ભલે વાપરે. એમ આ સાડીયુંને વિશે મહારાજ બોલ્યા કે,જાઓ પહેરજો. તે એ બધી પ્રસાદી અમે તો ઉપયોગ કરી નાખ્યો ત્યારે ખબર નહીં કે આ બધી પ્રસાદીની છે.

અમે જે વાડી ફુલવાડીને અર્પણ કરી એમાં અમે મરચાને બકાલું વાવતા ત્યારે એક વખત લીલા ચણા ફોલીને પોટલી બનાવી, લીલા મરચાની પોટલી બનાવી, એક તુવેરની પોટલી બનાવી પછી મહારાજને મોકલાવી. તે મહારાજ શાસ્ત્ર લખતા લખતા એ બધી પોટલીઓ ખોલીને જમતા જાય ને આહાહા આમ કરતા મહારાજ લટકું કરતા જાય.

એક વખત મારે પગનું ઓપરેશન કરાવવાનું થયું ત્યારે હું મનોમન મહારાજને રક્ષા માટે પ્રાર્થના કરતી હતી. ત્યાં મોટા ભાઈનો ફોન આવ્યો અને કહ્યું, મહારાજ આપણાં ભેગાં છે, એમ હૈયામાં હામ રાખજે. ત્યારે ચારે બાજુ મહારાજ દેખાયા ને મારું ઓપરેશન કરવા મને ખોટું કરવા ઈન્જેકશન આપ્યું પણ મને ઈન્જેકશન માર્યું હોય એવું દેખાયું નહીં. ઓપરેશનના ખાટલે મહારાજ મારી બાજુમાં જ હતા આવા દર્શન થયા અને ૧૨ કલાક ઓપરેશન ચાલ્યું પણ કાંઈ ખબર જ ન પડી. મહારાજ ભેળા જ હતા.

એક વખત મહારાજ શંકરનું રૂપ લઈને આવ્યા ને મને કહે તમે તો લક્ષ્મી છો. તમારા જીવનમાં ઉતાર-ચઢાવ આવશે. એમ ઘણી વાત કરી પણ હું માનતી નહોતી. યોગી કહે, અમે ગીરનારી બાવા છીએ તમે અમને કેવા જાણો છો. એટલે મે મહારાજનું સ્વરૂપ બતાવ્યું ને કહ્યું અમે તો આના સિવાય બીજું કાંઈ માનતા નથી. ત્યારે યોગી કહે, અમારે કાંઈ જોઈતું નથી. બસ એક વાટકી ચાવલ જોઈએ છે. આમ ચાવલ લઈ અદૃશ્ય થઈ ગયા.

એક વખત બાપુ અમદાવાદ દવા લેવા ગયા પણ ખીસ્સામાં કાંઈ નહીં. એટલે કાંકરીયા તળાવે પૂજા ખોલીને પૂજા કરવા લાગ્યા ત્યાં આસન નીચેથી રૂ.૭૦ ની નવી જ નોટો નીકળી. એમ ઘણી વખત બાપુને ગાડીમાં આવવા મોડું થાય ગાડી છેલ્લી જ હોય એટલે જ્યાં સુધી બાપુ સ્ટેશને પહોંચે નહીં ત્યાં સુધી કોઈ ને કોઈ કારણે ગાડી મોડી જ હોય. આમ મહારાજે

બાપુની ઘણી રક્ષા કરી છે. બાપુ દૂર દૂર કલકત્તા-મુંબઈ-અમદાવાદ સુધી દવા દેવા જતા. એ દવાને મહારાજ હાથ અડાડીને પ્રસાદીની કરી દે પછી જ બાપુ દવા વેચતા. જેથી દવા બધી વેચાઈ જતી. મહારાજે બાપુનું નામ વૈદ્યરાજ રાખ્યું હતું અને વંથલીમાં જે ઘરે દવા બનાવતા એનું નામ વનસ્પતિ ભુવન રાખ્યું હતું.

ભગવાનની કેવી લીલા છે. બાપુ દવા વેચવા જાય ત્યાં કાંઈ પણ મુશ્કેલી પડે તો મહારાજ તે પ્રમાણે સુમેળ કરી આપે. આમ ઘણાં ઘણાં પરચા થયા છે. મહારાજ કહે, રેલવેમાં નાવાનું નહીં, સ્ટેશનના નળે નાહી લેવાનું અને ગાંઠિયા ખાઈ લેવા પણ ભૂખ્યા ન રહેવું. આમ શિખામણ મહારાજ આપતા. પછી દવા વેચીને આવે એટલે મહારાજ પાસે જાય ને મહારાજને પૈસા ધરાવે.

એક વખત મારા જાદવભાઈને સ્ટેશનમાં ટિકિટ કઢાવવાને બહાને લુંટનારો લૂંટી ગયો ને જાદવ ઘરે આવ્યો પછી મહારાજના દર્શન કરવા ગયો. મહારાજ કહે, કેમ છેતરાઈ ગયોને ! હવે ધ્યાન રાખવું કોઈનો વિશ્વાસ ન કરવો, આમ શિખામણ આપતા.

અમારા દાદીમા અમરમા બહુ બીમાર પડ્યા ત્યારે તેમને જામનગર લઈ ગયા અને ઉંમર બહું મોટી ત્યારે બાપુ કહે, મારાથી માની સેવા કાંઈ થઈ નથી. ત્યારે મહારાજ કહે, તમારા બા જ્યારે કહેશે ત્યારે ધામમાં લઈ જાશું. એમ તે પછી ૨૦ વર્ષ થયા ત્યારે બા કહે, હવે મારે ધામમાં જાવું છે, ત્યારે મહારાજ ધામમાં લઈ ગયા.

એક વખત બાપુ બળદીયાનો વેપાર કરતા ત્યારે જે દલાલો હતા તેને રૂપિયા દેવાના બાકી હતા ત્યારે એક વખત એ બળદીયાના દલાલો આયા ને બાપુ બે દિવસ આઘાપાછા થઈ ગયા. પછી મહારાજ પાસે દર્શન કરવા ગયા અને દંડવત્ કરતા કહે હે અંતર્યામી. મહારાજ કહે, હે ઉપરજામી. ત્યાં બાપુ કહે, મહારાજ આ તમારી લીલા લાગે છે. પછી એ દલાલોથી મહારાજે રક્ષા કરી હતી.

અમારી બગીચા વાડીમાં ઉગમણી બાજુ એક જગ્યા છે ત્યાં મહારાજ સવારે વ્હેલા આવતા અને ભક્તોને દર્શન દેતા. રાસ રમતા-રમાડતા, વ્હાલા ભક્તોના સંકલ્પ પૂરા કરી કહેતા કે આ બગીચો અમારું ગોકુળિયું છે. સૌ ભક્તો આનંદ કરતા, ભક્તિ કરતા ને અંતરમાં રાજી રાજી થતાં.

એક વખત અમે ચાવડાના વેકરીયામાં કાકરા વીણવા ગયા, ગાડા સાથે હતા ત્યારે

અમને તરસ બહું લાગી હતી. ત્યારે મહારાજ આવ્યા અને કાના કુઈ કહેવાય તેમાં મહારાજે પોતાના ફારીયાના છેડાને કુઈમાં નાખીને નીચવી નીચવીને પાણી પાયું હતું. ત્યારે અમે ૧૫-૧૭ જણાં હતા અને એ ફૂલવાડીનું સ્મૃતિ ભવન બનતું હતું તેમાં આ કાકરા વપરાતા.

જયારે જૂનાગઢ બાલમુકુંદ ભવનનું ભર્યું કર્યું ત્યારે મહારાજે બાપુને અમારી પાસે મોકલ્યા ને કહ્યું, બેનોને કહો અત્યારે ભવનમાં દર્શન માટે જઈ આવો પછી તમને કોઈ આવવા નહીં દે. ત્યારે અમે બાલમુકુંદ ભવનમાં ગયા અને છત ઉપર અમે રાસ રમ્યા. પછી મહારાજે ગાંઠિયા મોકલ્યા તે અમે જમ્યા.

મહારાજ ઘણીવાર એમ કહેતા કે, પ્રગટ ભગવાનના સંતોના છોકરાઓ ને દેવોની ઉપમા આપીએ તોય દોષ લાગે કારણ કે તે અવતારો-મુક્તો પ્રગટિયા હોય છે. એ દીકરીયું બધી લક્ષ્મીઓ છે અને ભક્તો બધાં નારાયણો છે.

એક વખત ગુણાતિતાનંદ સ્વામી સભામંડપના ભર્યામાં અમે ગયા હતા ત્યાં આઠ દિવસ થયા મહારાજના દર્શન ન થાય ત્યારે અમે નક્કી કર્યું. પૂનાવાળા ઉજીબેન છે તેને કહ્યું મહારાજ અહીંથી નીકળે ત્યારે તમે રસ્તામાં મહારાજ આગળ પડી જજો ને અમે તમને ઊભા કરીશું એટલે મહારાજના દર્શન થઈ જાય. ત્યાં મહારાજ નીકળ્યા અને ઉજીબેન ધડામ પડ્યા. ત્યારે બધી ગોપીયુંને મહારાજના ચરણસ્પર્શ થયા. બાલમુકુંદ ભવનનાં વાસ્તા પ્રસંગે મહારાજના દર્શન કરવા અમે જયંતીલાલને કહ્યું હતું કે, અહીંથી મહારાજ નીકળે એટલે તું તરત જ દંડવત્ કરજે એટલે અમે દર્શન કરી લઈશું. આમ ભગવાનની પ્રેરણાથી ઘણી ઘણી લીલાઓ કરતા.

એક વખત જૂનાગઢમાં બાપુને કહ્યું, મહારાજને કહોને દર્શન દેવા પધારે ત્યારે અમે અને કસ્તુરબેન બે જ હતા ને મહારાજ આવ્યા ને બોલ્યા. ઓહોહો આ તો લક્ષ્મીજી છે ત્યાં ભગવાનની શું ઈચ્છા તે હું રોવા મંડી. ભગવાને શું પ્રેરણા કરી કે અમારાથી રોવાઈ ગયું. ત્યારપછી મહારાજ છ મહિના પછી ધામમાં સીધાવ્યા. આમ દર્શન થયા ત્યાં બીજા દિવસે મહારાજ ધામમાં જવાના સમાચાર મળ્યા. મહારાજ ધામમાં ગયા અને અમે અગ્નિસંસ્કારમાં પણ જૂનાગઢ ગયા હતા.

જામનગરના સભાખંડના પાયા ખોદવાના કામમાં બાપુ કામ કરતા અને દોઢ રૂપિયો રોજ આપતા ત્યારે પચાસ પૈસા જમવાના વારતા અને પંદર દિવસે હિસાબ કરતા. ત્યારે

બાપુ જમતા નહીં, પણ કામ તો કરતા. ત્યારે મહારાજને ખબર પડી એટલે મહારાજે કોઠારી સ્વામીને બોલાવીને કહ્યું, કેશવજી ભગત કેમ જમતા નથી. કોઠારી સ્વામી કહે, એ કાંઈ બોલ્યા નથી ને અમે પણ કાંઈ આગ્રહ કર્યો નથી. ત્યારે મહારાજે બાપુને બોલાવ્યા અને કહ્યું, ભગત કેમ જમતા નથી. બાપુ કહે, મહારાજ તમારા દર્શન કરું છું ને પેટ ભરાઈ જાય છે. ત્યારે મહારાજે કોઠારી સ્વામીને કહ્યું, જાઓ ભગતને જમાડો. ભગત જમશે ત્યારે શંખ વાગશે. પછી મહારાજે તેમને પગાર આપતા કહ્યું કે, લો ભગત આ પંદર દિવસના રૂપિયા ૧૫ પગાર અને આ ૫૦ પૈસા તમારા જમવાના.

મને ચા બહુ વ્હાલો હતો તે કેમે કરીને છૂટે નહીં એટલે મહારાજને કહેરાવ્યું કે, મહારાજ ચા મૂકવો છે બળ આપો. મહારાજ કહે, ચા તો અમને પણ વ્હાલો છે. ભક્તો તમે ચા પીવો તો અમને તમે પાવ, માટે ચા તો પીવાય.

એકવાર રામજીકાકાએ મને કહ્યું, મહારાજને કાગળ લખી કહેજે કે અમારા કૂવામાં પાણી આવે. ત્યારે મહારાજે વળતા પત્રમાં લખ્યું કે, ઊભો દાર નાખજો પાણી થાશે, આમ પાણી થયું.

એક વખત બાજુનાં ગામડાંના અમરતબેનને ૧૧ વર્ષથી છોકરા ન હતા. એટલે ગામડાંમાં અપશુકનિયાળ કહેવાય તેથી એ અમરતબેન મારી પાસે આવ્યા ને કહે મારે મહારાજને પ્રાર્થના કરવી છે તું કાગળ લખી દેને. એટલે મહારાજે આશીર્વાદ આપ્યા જાઓ તેને ત્યાં મુક્ત પુરુષનું પ્રાગટ્ય થશે અને ચંદનનના છાંટણા થશે. પછી એ અમરતબેનના ઘરે દિકરાનો જન્મ થયો ને અમરતબેનને ત્યાં ચંદનના છાંટણા પણ થયાં.

મહારાજ શ્રાવણ મહિનાની કથા કરવા જામવંથલી આવ્યા ત્યારે પરિસ્થિતિ સૌની નબળી હતી તેથી ઉજીબેન આણે આવ્યા હતા ત્યારે એ ઉજીબેનનો નવો ઓછાડ હતો તે ઓછાડ ઉપર મહારાજે એક મહિનો કથા વાંચી પછી મહારાજ મને બોલાવીને કહે, આ ઓછાડ તું લઈ જા. તારા કાકા આ ઓછાડ નાખી દેશે એના કરતાં તું આ પ્રસાદીનો ઓછાડ લઈ જા. મેં કહ્યું, મારા ભાગ્ય ખૂલ્યા, આ ક્યાંથી મળે ? આ ભવિષ્યમાં ભકતોને દર્શનમાં કામ આવશે પછી આ નહીં મળે.

આમ અમારા પરિવારે ભગવાનને ઓળખ્યા, ઓળખાવ્યા છે. ભગવાન ઓળખાણા પછી આ જીવનમાં ભગવાન સિવાય બીજું કાંઈ વહાલું ન રાખવું. આ મનુષ્ય જન્મ અંતિમ

છે. કાંઈ અહીંનું ભેગું લઈ જાવું નથી અને જે અહીં ભગવાન લેખે કર્યું છે તે માયાનું છે પણ તે તો આપણી પહેલાં ત્યાં ધામમાં આપણાં માટે પહોંચી ગયું છે. તો આ અંતિમ જન્મમાં ભગવાનના જ કામો કરવા. ભગવાનના જ ગુણ ગાવા. ભગવાન માટે જ જીવવું. આવો જેનો દૃઢ સંકલ્પ છે. તેના ભેળા ભગવાન અખંડ છે.

મહારાજ કહેતા સંપ રાખવો. એકબીજા ભક્તોને મદદમાં રહેવું. તેના સુખ-દુઃખમાં ભાગીદાર થાવું અને ભજન કરવું. જેના ધણી જબરા, તેનો કેફ પણ જબરો. સંસારના કામો તો ખૂટવાના જ નથી. પણ ભગવાનના કામમાં ભાગીદાર થવું. પુત્રેષણા, લોકેષણા, ધનેષણા આ બધી નડતર કરનારી છે. ધામેષણા, સેવેષણા, મુક્તેષણા આ સુખીયા કરનારી છે. ધામની રીતિમા રંગાવું. એકબીજામાં ભગવાન જોવા. શરણાગતિનો ગુણભાવ લેવો, ભગવાન સંબંધી આપણે જે કાંઈ - જ્યાંથી પણ - જે પ્રકારે થોડું ઘણું પ્રાપ્ત થાય તો પોતાને ધનભાગ્ય જાણી અને જે જે વડે આપણી ઉન્નતિ થાય તેના ઋણી થવું, તેનો આદર કરવો તેના ગુણ ગાવા. ગુણ ગાવાથી ઋણમુક્ત થવાય. આમ આ મનુષ્ય જન્મને લેખે લગાડવો.

ભગવાનના કામ ભગવાન કરે જ છે પણ આપણે આપણાં કામ કરતા જ રહેવા. આજ મનુષ્ય જન્મની સાર્થકતા છે. ધામની રીત અપનાવવાથી ફરીને આ લોકમાં આવવું જ નહીં પડે. માયાના દુઃખનો પાર નથી પણ સમજીને આ એક જન્મમાં ભગવાનનું બધું કાર્ય કરવાનું છે, તે કરી લેવું. આજ સારનો સાર છે. પ્રગટ ભગવાન આપણાં માટે છે. શરણાગત માટે છે, શરણાગતિઓના છે. શરણાગત ભકત માટે આવ્યા છે.



પરચા નં. ૯.

## અનાદિ મુક્તરાજ ઈશ્વરભગત કેશવજીભગત બગીચા
### ગામ- જામવંથલી, હાલ-રાજકોટ

**જામવંથલીની** પવિત્ર ભૂમિ પર મહારાજની કૃપાથી અનાદિ મુક્તરાજ કેશલજીભગત બગીચાને ત્યાં મારો જન્મ થયો અને મને નાનપણમાં જ મહારાજે મંત્ર આપી કંઠી બાંધી હતી. મહારાજના મેં સમયે સમયે ખૂબ દર્શન અને સેવાના લાભ લીધા છે.

જૂનાગઢમાં બાલમુકુંદ ભવનમાં બાંધકામનું કામ શરૂ થયું ત્યારે સેવા કરવા ગયેલો. ત્યારે ઈશ્વરભગતે ૨૦ દિવસ સેવા કરી. ત્યારબાદ હાથમાં ટાંકી પડવાથી વંથલી જવા તૈયાર થયા પણ મહારાજની રજા લીધી નહીં. તેથી ભગતને ઘણી જ ઉપાધી થતી હતી. પાછા ૧૦ દિવસ પછી જૂનાગઢ સેવા કરવા ગયા ત્યારે મહારાજ પાસે દંડવત્ત કરી મહારાજ પાસે બેઠા. મહારાજ બોલ્યા, મને મળ્યા વગર વયો ગયો. બહુ ઉપાધી કરતો હતો ને બસમાં ? પછી મહારાજે હેત ઉભરાવી મને ખેંચી અને ખોળામાં બેસાડી વ્હાલ કરવા માંડ્યા. મહારાજે ભગતનું મસ્તક પોતાની છાતીએ રાખી હેત કરવા લાગ્યા. તેમજ વારંવાર હેતપૂર્વક ચુંબન કરવા લાગ્યા અને મહારાજ બોલ્યા, 'તું તો મારો દિકરો છો...' આમ કહી મને ખોળામાં બેસાડી મહારાજ બોલ્યા કે, હું જ્યારે વંથલીની તમારી બગીચાવાડીમાં સવારે ન્હાવા આવતો ત્યારે ડાયાબાપા કોષ જોડતાં ત્યારે તું ગોઠણીયાભેર ચાલતો હતો.

ઈશ્વરભગત ફૂલવાડી પાછળની વાડીમાંથી પપૈયું થયું ત્યારે તે પપૈયું લઈ જૂનાગઢ ગયેલ. ૧૦ ભક્તો બેઠા હતા અને મહારાજે પપૈયું સુધાર્યું અને બધાય ભક્તોને દેવા લાગ્યા. પછી ચાર-પાંચ ચીરો વધી અને મહારાજ બોલ્યા, આ લઈ લ્યો. ત્યારે કોઈએ લીધી નહીં ત્યારપછી મહારાજ મંદ હાસ્ય કરી ઈશ્વરભગત સામું જોઈ બોલ્યા, તું અસલી ઈશ્વર છો માટે આ ચીર તું ખાઈ જા.

મોટાભાઈ (શાંતિલાલભગત બગીચા), જાદવભગત બગીચા અને ઈશ્વરભગત બગીચા આ ત્રણેય ભાઈઓ મહારાજ પાસે સેવા કરતા હતા. થોડા સમયે મોટાભાઈ બોલ્યા કે, આ બંનેને ભગવાનપણાંની ઓળખાણ આપો. ત્યારે મહારાજ બોલ્યા, આને ઓળખાણની જરૂર નથી. આ નખથી શિખા સુધી મને ઓળખે છે.

ઈશ્વરભગત મહારાજ ધામમાં ગયા તેના ૧૦ દિવસ પહેલાં મહારાજને મળવા ગયેલ

ત્યારે મહારાજ હિંડોળા પર બિરાજમાન હતા. ત્યારબાદ ઈશ્વરભગત હિંડોળા પાસે જઈ દંડવત્ત કરવા લાગ્યા ત્યારે એક દંડવત્ત કરતા મહારાજ બોલ્યા, સુખી છો ને ? બાદમાં બીજો દંડવત્ત કરતા મહારાજ બોલ્યા, સુખી છો ને ? એવી રીતે ૧૦ દંડવત્ત કર્યા ત્યારે દર વખતે મહારાજ બોલ્યા, સુખી છો ને ? અંતે મેં કહ્યું, હા મહારાજ આપની કૃપાથી સુખી છીએ.

એકવાર ઈશ્વરભગતે જૂનાગઢ જઈ મહારાજને કહ્યું, મહારાજ તમે આડાં દારની આજ્ઞા કરી છે પણ સાયડો અંદર જતો નથી તો મહારાજ ઊભા દારની આજ્ઞા કરો. ત્યારે મહારાજ બોલ્યા કે, જ્યારે અમે આજ્ઞા કરી ત્યારે વરુણદેવ ત્યાં કુવામાં બે હાથ જોડીને અમારી આજ્ઞા પાળવા હાજર થઈ ગયા છે. માટે હવે અમે આજ્ઞા કરી છે તેમજ કરો એટલે પાણી આવશે.

ઈશ્વરભગત બગીચા મહારાજ આગળ બેઠા હતા. ત્યારે રજા લઈ જવા તૈયાર થયા ત્યારે મહારાજ બોલ્યા,બેસ ! બેસ ! પછી મહારાજ ઊભા થઈ કબાટમાંથી અભિનંદન ગ્રંથ લાવી ઈશ્વરભગતને આપી બોલ્યા, આ પુસ્તક વાંચજો.

શાંતિભગત બગીચા અને ઈશ્વરભગત બગીચા મહારાજની સેવા કરતા હતા. ત્યારે ચુનાઈડું પ્રસાદીનું કરવા મહારાજ પાસે રાખેલ ત્યારે એ ચુનાઈડું મહારાજે પોતાના હાથમાં લઈ કંકુ ચોડેલ અને ઉપર ચોખા મૂક્યા અને ચુનાઈડું મહારાજે હાથમાં લઈ જેમ કારીગર છાંટ મારે એવી રીતે મહારાજ ચુનાઈડાના લટકા કરી બોલ્યા, જા ખનનન... ખનનન... રૂપિયા ખરશે.

ઈશ્વરભગત બગીચા જ્યારે ધોરણ-૮માં અભ્યાસ કરતા હતા તે સમયે નિશાળમાં દરબાર સાથે ઝઘડો થયેલ ત્યારબાદ બે દિવસ પછી જ ઈશ્વરભગત મહારાજના દર્શન કરવા જૂનાગઢ ગયેલ. હજુ ઈશ્વરભગત મહારાજના રૂમના દરવાજે પહોંચ્યા ત્યાં જ મહારાજે સામું જોયું અને બોલ્યા, હવે ચુનાઈડું પકડી લો અને કડિયાકામે લાગી જાવ.

એકવાર ઈશ્વરભગત બગીચાને અછબડાં થયેલા પછી મહારાજના દર્શને ગયેલ ત્યારે મહારાજ પાસે બેઠા ત્યારે મહારાજ સામું જોઈ બોલ્યા, ગાલમાં આ ખાડાં કેમ પડ્યા ? ત્યારે મહારાજ ગાલ પર હાથ ફેરવી બોલ્યા, જા ખાડા મટી જાશે. પછી મટી ગયા.

એકવાર જાદવભગત બગીચા અને ઈશ્વરભગત બગીચા મહારાજના ચરણોની સેવા કરતા હતા ત્યારે બંને ભાઈઓના ખભે હાથ મૂકી મહારાજ બોલ્યા, તમારા માતા-પિતાએ

બહું દુ:ખ સહન કર્યું છે એવી રીતે ત્રણવાર બોલીને કહ્યું, હવે તમે તેમને સુખી રાખજો અને સેવા કરજો.

એકવાર શાંતિલાલભગત બગીચા અને ઈશ્વરભગત બગીચા મહારાજની સેવા કરી રહ્યા હતા ત્યારે મહારાજે એમ વાત કરી કે એક ડોશીમાએ વેચાતા કમળના ફૂલ લઈ મંદિરમાં મૂર્તિને અર્પણ કર્યા તે બીજા જન્મે રાજાની કુંવરી થઈ અને સોનાનાં કમળના ફૂલનું દાન કરી લક્ષ્મીજીના પદને પામી. તો તમે આ પ્રગટ ભગવાનની ઉપાસના કરો છો, તન-મન-ધન વડે સેવા કરો છો. તો મારે તમને શું દેવું ? એ મારે પણ વિચારવું પડે. એમ કહી ખૂબ રાજી થઈ આશિર્વાદ આપ્યા.

એકવાર ઈશ્વરભગત બગીચા સેવા કરી રહ્યા હતા ત્યારે મહારાજ નેત્ર બંધ કરી બેઠા હતા. પછી મહારાજ નેત્ર ખોલીને બોલ્યાં કે, મારે તો થાંભલા જેટલી ઉંચાઈવાળા મનુષ્યો કરવા'તા પછી મકાન પણ એવા બનાવવા પડે ને ! એટલે પછી વિચાર્યું કે, આ વખતે માણસની ઉંચાઈ ઘટાડી દઉં. એમ કહી મહારાજે સરસ લટકું કર્યું.

એકવાર ઈશ્વરભગત બગીચા મહારાજની સેવા કરતા હતા. ત્યાર બાદ રજા લઈ ઊભા થયા અને બહાર જવા માટે દરવાજા પાસે ગયા. ત્યારે મહારાજે પાછા બોલાવ્યા અને કહ્યું કે, બેસો ! હું તમારી શ્રીજી રક્ષા બનાવી દઉં.' મહારાજે ઈશ્વરભગતની એક શ્રીજી રક્ષા બનાવી પછી મહારાજ બોલ્યા, આખા કુટુંબની બનાવી દઉં. ત્યારે મહારાજે બગીચા કુટુંબની કુલ ૧૧ શ્રીજી રક્ષા બનાવી. આમ મહારાજે અમારા બગીચા પરિવારને પોતાનું ભાગવત્ કુટુંબ જાણી ખૂબ રક્ષા કરી છે અને દર્શન સેવા ભક્તિનો પણ ખૂબ લાભ આપ્યો છે.

પરચા નં. ૧૦.

## અનાદિ મુક્તરાજ જાદવભગત કેશવજીભગત બગીચા
### ગામ- જામવંથલી, હાલ રાજકોટ

**જામવંથલીની** પવિત્ર ભૂમિ પર મહારાજની કૃપાથી અનાદિ મુક્તરાજ કેશલજીભગત બગીચાને ત્યાં જાદવજીભગતનો જન્મ થયો અને નાનપણમાં જ મહારાજે તેમને મંત્ર આપી કંઠી બાંધી હતી. નાનપણમાં જામવંથલીના ઘરના ફળિયામાં ખાટલા પર સૂતા હતા ત્યારે સવારે ૫ વાગ્યે ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણની હાથમાં ચિન્હવાળી મૂર્તિના આકાશમાં પ્રત્યક્ષ દર્શન થયા હતા ત્યારે જાદવભગતની ઉંમર ૮ વર્ષની હતી.

એક વખત જાદવભગત બગીચાના બાએ તેમને કહ્યું કે, જાદવ અને ઈશ્વર તું નાના હતા ત્યારે ગોઠણિયાભેર ચાલતો હતો ત્યારે બગીચા વાડીએ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણે તમોને તેડ્યા હતા. તમારા ધન્ય ભાગ્ય થયા હતા.

એક વખત કેશુભગત બગીચા જાદવભગતને લઈ જૂનાગઢ દર્શને જતા હતા ત્યારે જાદવભગત નાના હતા ત્યારે જાદવભગતે કહ્યું હતું કે બાપુજી આ એક ચારઆની પૈસા ભગવાનને આપજો. ત્યારે મહારાજે ચારઆની કપાળ પર રાખી કહ્યું કે, આ ચારઆની ભગવાનને મળી ગઈ.

પરમધામ ફુલવાડી મંદિરમાં પાયાનું કામ ચાલતું હતું ત્યારે જાદવભગત બગીચા તેમજ ઈશ્વરભગત બગીચા, જયાબેન, નર્મદાબેન અને ભાનુબેન તેમજ જાદવભગતના બા ઉજીબેન અને બાપુજી કેશુભગત મંદિરના પાયામાં પથ્થર નાખવાની સેવા કરતા હતા. ત્યારે શેષનારાયણના દર્શન કર્યા હતા. તેમજ નદીમાંથી રેતી લાવી નાખતા હતા. ઈશ્વરભગત મંદિર માટે ખટારામાંથી પીઢ્યા, પાપડા ઉતારવાની સેવા બીજા ભક્તો સાથે મળી અવાર-નવાર કરતા હતા.

એક વખત બા-બાપુજી સાથે જાદવભગત, ઈશ્વરભગત, જયાબેન, નર્મદાબેન, ભાનુબેન મહારાજના દર્શને જૂનાગઢ ગયા હતા ત્યારે બાલમુકુંદ ભગવાનનાં ધામમાં ભગવાન બિરાજમાન હતા. બધા મહારાજને દંડવત્ત કરી પગે લાગ્યા. ત્યારે મહારાજ નીચે ગાદલા પર બિરાજમાન હતા. અમો પણ દર્શન કરી મહારાજની સેવા કરવા લાગ્યા. જાદવભગત, ઈશ્વરભગત મહારાજનાં હાથ દાબતા હતા. કેશુભગત મહારાજનાં ચરણ દાબતા હતા ને વંથલીના બે ભક્તો પણ સેવા કરતા હતા. ત્યારે મહારાજ અમોને પાંચ

યુગની વાત કરતા હતા. ચાર યુગના બધા ધર્મની ઘણી બધી વાતો કરી પછી મહારાજે અચાનક કડક થઈ જાદવભગત, ઈશ્વરભગતે ભગવા શર્ટ પહેરેલા હતા. તેથી મહારાજે બંને ભક્તોને એક એક હાથ બાથ ભરી કેશુભગતની સામે જોઈ કહ્યું, ભગત આ અમારો પાંચમો યુગ છે પછી મહારાજ બીજીવાર પણ અમોને બંને ભાઈને જોરથી દબાવી પાછા બોલ્યા ભગત આ અમારો પાંચમો યુગ છે. આ વાત કરી મહારાજે આંખો બંધ કરી દીધી પછી મહારાજ થોડીવાર કાંઈ જ બોલ્યા નહીં.

એક વખત બગીચા કુટુંબ, કેશુભગત, ઉજીબા બગીચા, જાદવભગત, ઈશ્વરભગત, ભાભી લાભુબેન તેમજ જયાબેન, નર્મદાબેન, ભાનુબેન જૂનાગઢ મહારાજના દર્શને ગયા હતા. બાલમુકુંદ ભવનમાં મહારાજના દંડવત્ત કરી કેશુભગત, ઈશ્વરભગત, જાદવભગત મહારાજ પાસે બેઠા હતા. ત્યારે અમો સેવા કરતા હતા. વંથલી બગીચાની ઘણી વાતો કરી મહારાજે લાડવાનો ડબરો ખોલી બધાને એક એક લાડવો જમવા માટે આપ્યો હતો. પછી મહારાજ છેલ્લે એક લાડવો જાદવભગતને આપી બોલ્યા કે, આ તારા બા ઉતારે છે ત્યાં આપી આવ. જાદવભગત લાડવો લઈ બાને આપવા રૂમની બહાર થોડેક સુધી ગયા ત્યારે મહારાજે ફરી જાદવભગતને પાછા બોલાવ્યા. અહીં આવ, અહીં આવ જે લાડવો મહારાજે દેવા કહ્યું હતું તે લાડવો મહારાજે જાદવભગતના હાથમાંથી પાછો લીધો પછી તે લાડવો મહારાજે હાથમાં લઈ મુખારવિંદમાંથી લાંબી જીભ બહાર કાઢી લાડવાની ચારે બાજુ જીભ મહારાજે ફેરવી પછી પ્રસાદીનો કરી કહ્યું કે, હવે જા તારા બાને આપી આવ. પછી જાદવભગત લાડવો લઈ ઉજીબાને આપવા ગયા.

એકવાર કેશવજી ભગત બગીચા, જાદવભગત બગીચા, ઈશ્વરભગત બગીચા ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણના દર્શને જૂનાગઢ બાલમુકુંદ ભવનમાં ગયા હતા. ત્યારે મહારાજ નીચે ગાદલા પર બેસી તકીયો રાખી માળા કરતા હતા. અમો જલ્દી દંડવત્ત કરી મહારાજની સેવા કરવા બેસી ગયા. મહારાજને ભાગવત્ ધર્મ પર વાત કરી હતી. વાત કરતાં કરતાં મહારાજ બોલ્યાં કે, કેશવજીભગત બગીચાનું કુટુંબ એ ભાગવત કુટુંબ છે. છગનભગત કાચાનું કુટુંબ એ ભાગવત કુટુંબ છે. ભગવાનજી રાજા જાવિયાનું કુટુંબ એ ભાગવત કુટુંબ છે. રામજી જેઠા મકવાણાનું કુટુંબ એ ભાગવત કુટુંબ છે. રતીલાલ હંસરાજ રાઠોડનું કુટુંબ એ ભાગવત કુટુંબ છે. આટલું કહી મહારાજે પાછી ભાગવત ધર્મની સમજણ આપી મહિમા કહ્યો.

એકવાર જાદવભગત બગીચા તેમજ ઈશ્વરભગત બગીચા મહારાજનાં દર્શન કરવા જૂનાગઢ ગયા ત્યારે ત્યારે અમે બંને ભાઈઓ મહારાજને દંડવત્ત પ્રણામ કરી પગ દાબતા હતા ત્યારે મહારાજે વંથલીને યાદ કર્યું હતું અને ડાયાબાપા તેમજ અમરમા, કેશુભગત, ઉજીબા, દેવરાજકાકા તથા પુષ્પાકાકી, નર્મદાકાકી, રામજીકાકા, મોટાભાઈ શાંતિલાલભગત, જાદવભગત, ઈશ્વરભગત, જયાબેન, નર્મદાબેન, ભાનુબેન ઘણા બધાં ભક્તો મહારાજે યાદ કરી ઘણી વાતો બગીચા વિષે કરી હતી કે, તે બગીચાના કૂવાના પાણીએ અમોએ ખૂબ જ સ્નાન કર્યું છે તે બગીચાવાડી ખૂબ જ પ્રસાદીની અમારી લીલા ભૂમિ છે.

એક વખત મોટાભાઈ (શાંતિલાલભગત બગીચા) દુબઈથી આવ્યા હતા ત્યારે જૂનાગઢ મહારાજના દર્શન કરવા શાંતિલાલભગત, જાદવભગત, ઈશ્વરભગત, જયંતીભગત બગીચા, સુરેશભગત ટાંક, ઉજીબા, અમૃતમા, લાભુબેન, જયાબેન, નર્મદાબેન, ભાનુબેન અને છગનભગતનું કુટુંબ દર્શન કરવા ગયા હતા ત્યારે મહારાજનાં દર્શન કરી સેવા કરી હતી. મહારાજ સાંજે આરતીમાં ગયા ત્યારે અમો બધા પણ આરતીમાં ગયા હતા ત્યારે મહારાજના દર્શનનો લાભ લેવા ઉજીબા, અમૃતમા, લાભુબેન અને હંસાબેન બધા બેનો જૂનાગઢ મંદિરમાં ગયા હતા. ત્યાં હનુમાન-ગણપતિની મૂર્તિ પાસે લોખંડની જાળી છે ત્યાં બધા દર્શન માટે ઊભા હતા. મહારાજ આરતી પૂરી કરી બહાર પ્રદક્ષિણા કરવા આવ્યા ત્યારે મહારાજ હનુમાન-ગણપતિ પાસે આવ્યા ત્યારે આ બધા બેનો-ભક્તો ભાવપૂર્વક હાથ જોડી ખૂબ જ દર્શન કરતા હતા ત્યારે શાંતિલાલભગત બધા બેનોને દર્શન વધારે થાય અને મહારાજ થોડીવાર વધારે ઊભા રહે એટલે મોટાભાઈ (શાંતિભગત) મહારાજને દંડવત્ત કરવા લાગ્યા ત્યારે બધાએ મહારાજનાં ખુબ દર્શન કર્યા હતા. મહારાજે પણ બધા બેનોને ભક્તો પર સ્નેહભરી દૃષ્ટિભાવ કરી સુખ-આનંદ આપ્યા હતા. ત્યારે જાદવભગત બગીચા, નર્મદાબેન બગીચા આરતી પૂરી કરી બાલમુકુંદ ભવનમાં જતા હતા. ભવન પાસે મહારાજ પહોંચ્યા ત્યારે નર્મદાબેન દોડીને ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણના ચરણસ્પર્શ કર્યા હતા. ત્યારે ત્યાં બીજા સંતો ઊભા હતા એટલે મહારાજ બોલ્યા કે, આઘા જાવ, આઘા જાવ, અમને સ્પર્શ ના કરો. આમ નર્મદાબેન બગીચા ભક્તે ચરણસ્પર્શ કરી પોતાને ધન્ય ભાગ્ય માન્યા હતા.

એક વખત કેશવજીભગત બગીચા, જાદવભગત બગીચા, ઈશ્વરભગત બગીચા મહારાજના દર્શન કરવા જૂનાગઢ ગયા હતા. ત્યારે અમે બંને ભાઈઓ નાના હતા. બાલમુકુંદ

ભવનમાં મહારાજ બિરાજમાન હતા. દંડવત્ત કરી દર્શન કરી અમો ત્રણેય મહારાજ પાસે બેઠા હતા. જાદવ ભગતે કેશવજીભગતને કહ્યું, મારે ગિરનાર જોવો છે. મહારાજે જાદવને તેડી બે હાથ ઉંચા કરી રૂમની બારીમાંથી એ રહ્યો ગિરનાર. એમ કહી મહારાજે ગિરનાર બતાવ્યો. પછી ઈશ્વરભગતને મહારાજે તેડી બારીમાંથી ગિરનાર બતાવ્યો. આ રીતે મહારાજે તેડીને બંને ભાઈને ગિરનાર બતાવ્યો. ત્યારે મહારાજે જાદવભગતનાં કાનમાં જોરથી ફૂંક મારી હતી. જેથી જાદવભગતનો કાનનો દુઃખાવો તરત બંધ થઈ ગયો હતો. પછી મહારાજે ડબરામાંથી મેથીપાક કાઢી અમને ત્રણેયને એક એક ચોસલું આપી કહ્યું અહીંયા બેસીને ખાઈ જાઓ.

એકવાર મોટાભાઈ શાંતિલાલભગત જ્યારે દુબઈથી છૂટી પર આવ્યા હતા ત્યારે બગીચા કુટુંબ મહારાજના દર્શને જૂનાગઢ આવ્યા હતા. ત્યારે મહારાજને રહેવાનું ધામ બાલમુકુંદ ભવનનું કામ ચાલતું હતું. બધાએ મહારાજના દર્શન અને સેવાનો લાભ લીધો. મહારાજ અંદર ઉંડી શેરીના મકાનમાં બિરાજમાન હતા. દર્શન કરી પાછા આવતી વખતે મોટાભાઈએ અમને બંને ભાઈઓને કહ્યું કે, તમે બેઉ અહીં મહારાજનું ધામ બાલમુકુંદ ભવન બને છે તેમાં સેવામાં રોકાઈ જાવ. પછી અમે બંને ભાઈ સેવામાં દોઢ મહિનો રોકાયા હતા. ત્યારે સેવામાં ઘણા બધા ભક્તો હતા. રોજ સવારે સાંજ બધા ભગવાનની સેવા-આરતી, મોટો ગુલાબનો હાર પહેરાવવો, ભગવાને નવડાવવા તેમજ મહારાજની અમૃતવાણીનો લાભ બધા ભક્તોને ખુબ જ મળતો હતો. મહારાજ પણ ખૂબ ખૂબ રાજી થતા હતા. ત્યારે નારણભગત ચાવડાવાળા દરરોજ રાત્રે મહારાજની અમૃતવાણી નોટમાં લખતા હતા.

મહારાજ મંદિરમાં આરતી કરવા આવતા ત્યારે જાદવભગતના મનમાં એમ થયું કે, આરતીમાં મહારાજ ક્યા દરવાજાથી આવે છે એ જોવું છે. આરતી ચાલુ થઈ બધા સંતો આરતીમાં આવવા લાગ્યા. જાદવભગત ઘણી બધી વખત આમ તેમ મંદિરના દરવાજા તરફ જોતા હતા. આરતી ચાલુ હતી પણ આવતા દેખાયાં નહીં. ત્યાં તો મંદિરમાં જાદવભગત ઉભા હતા ત્યાં તેમની બાજુમાં જોયું તો ત્યાં તો મહારાજ ઊભા હતા. ત્યારે જાદવભગત મહારાજને ભાવથી પગે લાગ્યા, આરતી કરી મહારાજ સભા મંડપમાં બેસતા ત્યાં નાની ઉંમરના છોકરાઓ ભક્તો મહારાજના હાથ-પગ, માથું દાબી સેવા કરતા હતા. બાલમુકુંદ ભવનમાં કામકાજમાં ઘણાં બધાં ભક્તોને મહારાજે સેવાનો લાભ ખૂબ આપ્યો હતો. ભક્તો મહારાજની સેવા કરી પોત પોતાના ધન્ય ભાગ્ય માનતા હતા. ત્યાં સેવામાં હતા ત્યારે જાદવભગત, ઈશ્વરભગત બગીચા તથા એક બીજા ભગત હતા ત્યારે મહારાજના દર્શન

કરવા રૂમે ગયા ત્યારે દંડવત્ કરતાં કરતાં મહારાજનાં પગનો અંગૂઠો બંને ભાઈઓએ ચૂસ્યો હતો. પછી મહારાજે બેઠા થઈ ત્રણેય ભક્તોને પગના તળિયામાં ચિન્હો દેખાડવા લાગ્યા. પોતાના ધનુષ્ય, બાણ, માછલી, શંખ-ચક્ર જેવા ચિન્હો મહારાજે હથેળીમાં દર્શન કરાવ્યા હતા. ત્યાર બાદ મહારાજે ધોતિયું આઘું કરી સાથળમાં ખાપો અને લક્ષ્મીજીના દર્શન કરાવ્યા હતા. ત્યારે મહારાજે ભક્ત પર ખૂબ દયા કરી ચિન્હોના દર્શન કરાવી ખૂબ જ સુખી કર્યા હતાં.

એક સમયે કેશુભગત ભગત બગીચા, જાદવભગત બગીચા, ઈશ્વરભગત બગીચા મહારાજનાં દર્શન કરવા જૂનાગઢ ગયા ત્યરે અંદર ઉંડી રૂમમાં મહારાજ બિરાજતા હતા. અમો દંડવત્ત કરી દર્શન કરી સેવા કરતા હતા ત્યારે કેશુભગત અને બંને ભાઈઓ ફુલવાડી મંદિર પાછળની કેશુભગતની વાડી જે અત્યારે કેશુભગતે મહારાજની આજ્ઞા પ્રમાણે ફુલવાડી મંદિરમાં અર્પણ કરેલ છે તે વાડીમાં પપૈયું ઝાડમાંથી એક વનપાક પપૈયું મોટું મહારાજને આપ્યું ત્યારે મહારાજે હેમંતભગત પાસેથી થાળી અને ચાકુ લાવવા કહ્યું ત્યારે ભગવાને સ્વયં પોતાના હાથેથી ચાકુ લઈ પપૈયુ આડું કાપ્યું. પછી મહારાજે છાલ ઉતારી ચિરીયા કરી જાદવભગત, ઈશ્વરભગત તેમજ કેશુભગતને જમવા માટે આપ્યાને બોલ્યા આ પપૈયું ખાવ. મહારાજે અમોને પપૈયું ખવડાવી અમોને ધન્ય કર્યા હતાં.

એકવાર જાદવભગત બગીચા જ્યારે મુંબઈ હતા ત્યારે સાઉદીયા જવાનું થયું હતું. ત્યારે જાદવભગત મહારાજનાં દર્શન કરવા વંથલી આવ્યા હતા. વંથલીથી જાદવભગત અને જયંતીલાલ રામજી બગીચા બંને ભાઈઓ મહારાજનાં દર્શન કરવા જૂનાગઢ આવ્યા હતા. ત્યારે મહારાજ અંદર ઊંડી ઓરડીમાં બિરાજમાન હતા. ત્યારે બંને ભાઈ પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણને દંડવત્ત કરી પગે લાગી ભગવાન પાસે બેઠા હતા અને સેવા કરતા હતા. પછી જાદવભગતે મહારાજને કહ્યું કે, મહારાજ સાઉદીયા જવાનું થયું છે. થોડીવાર પછી જાદવભગતે જયંતીલાલ ભગતને કહ્યું કે, તમો થોડીવાર બહાર બેસો. પછી ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણ જાદવભગતને બંને હાથ વડે ખેંચી જાદવભગત ખૂબ જ ભાવથી ભેટી પડ્યા. જાદવભગતને શરીરે કમકમાટી આવી. મહારાજનું સુખ સુખને સુખ શાંતિ ખૂબ જ આવવા લાગ્યું હતું ત્યારે મહારાજ અતિ રાજી જણાતા હતા. પછી મહારાજે પોતાની દિવ્ય સેવા તેમજ ચરણસેવા આપી હતી. ત્યારે જાદવભગતને સુખ અને આનંદનો પાર ન રહ્યો. પછી ભગવાને જયંતીભગતને અંદર બોલાવ્યા ત્યારે જાદવભગતને પ્રસાદીનું ગંજીયું આપ્યું

હતું. તેથી જયંતીભગતને મનમાં એમ થયું કે, મહારાજ જાદવભગતને કંઈક આપવાનું હશે એટલે મને બહાર મોકલ્યો ત્યાં તો મહારાજ ઊભા થઈ જયંતીભગતને મહારાજે પોતે પહેરલું ગંજીયુ કાઢી મહારાજ બોલ્યા કે લે આ તું લઈ જા. એમ કહી મહારાજે બંને ભક્તોને પ્રસાદીના ગંજીયા ભાવથી આપ્યા હતા. અમે બંને ભક્તોએ ભગવાનને પૂછ્યું કે, મહારાજ આ પ્રસાદીના ગંજીયા અમે પહેરી નાખીએ કે સાચવીએ ? ત્યારે અનાદિ શ્રીકૃષ્ણનારાયણ બોલ્યા, જાવ હેતથી ગંજીયા આપ્યા છે, સાચવજો. ત્યારે અમો જવાના સમયે બંને ભક્તો મહારાજને ભેટી પડ્યા હતા. ભેટતા ભેટતા જાદવભગતે કહ્યું કે, મહારાજ મારે સાઉદીયા જવાનું છે તો હવે ક્યારે અમને ભેટવા મળશે ? ત્યારે પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણ બોલ્યા કે, હવે હું દર્શન દેવા આવું ત્યારે ભેટી લેજે. પછી મહારાજ પાસેથી વિદાઈ લઈ જાદવભગત સાઉદીયા ગયા પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણ ૩-૪ મહિના પછી સ્વધામ પધાર્યા હતા. આવી રીતે મહારાજે ખૂબ જ દયા કરી. છેલ્લે બધી સેવાના લાભ આપ્યા હતા ત્યારે બંને ભક્તો ધન્ય ધન્ય થઈ ગયા હતા.

આમ મહારાજે બગીચા પરિવારને પોતાનું ભાગવત્ કુટુંબ જાણી ખૂબ રક્ષા કરી છે અને દર્શન સેવા ભક્તિનો પણ ખૂબ લાભ આપ્યો છે અને મહારાજના મંદિરોમાં કે મંડળમાં જ્યાં જેવી જરૂર સેવાની હોય ત્યાં યથાશક્તિ તન-મન-ધનથી સેવાનો લાભ લઈ પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણને તેમજ તેમના મુક્ત ભક્તોને વિશેષ રાજી કરવાનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કરે છે.



પરચા નં.
૧૧.

## અનાદિ મુક્તરાજ દેવરાજભગત ડાહ્યાભગત બગીચા
### ગામ-જામવંથલી, હાલ-મુંબઈ

**પ્રગટ** ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણની કૃપાથી જામવંથલીના મુક્તરાત ડાહ્યાભગત બગીચાને ત્યાં દેવરાજભગતનો જન્મ થયો અને નાનપણથી જ તેમને મહારાજની પરિપૂર્ણ ઓળખાણ હોવાથી અનેકવાર મહારાજના દર્શન અને સેવાના ખૂબ અલૌકિક લાભ મળ્યા છે.

જામનગર મંદિરમાં મહારાજ બિરાજમાન હતા. ત્યારે જામનગર મંદિરના સોનાના કળશ ચોરવા ચોર રાતે આવ્યા અને પછી મહારાજે રાત્રે ઊભા થઈ ચોરને પાણીની અંજલી છાંટી એટલે ચોર ચોંટી ગયા પછી મહારાજે સવારે ભક્તોને કહ્યું કે, સાદા ચાર હાર લેતા આવો. મહેમાન આવ્યા છે. એટલે પછી મહારાજે બધાં ભક્તોને કહ્યું કે, આ ચોર મંદિરના કળશ ચોરવા આવ્યા હતા. પછી ચોરને પાછી પાણીની અંજલી છાંટી અને હાલતા-ચાલતા કર્યા પછી ચોરે પ્રાયશ્ચિત કર્યું કે, મહારાજ ભૂલ થઈ ગઈ માફ કરો. એમ પછી મહારાજે ચારેય ચોરને દિક્ષામંત્ર આપી કંઠી પહેરાવી ભગત બનાવ્યા અને ચારેયને હાર પહેરાવ્યા.

મહારાજ જ્યારે જામવંથલી આવ્યા ત્યારે બગીચા વાડીમાં હજારો જીવાત્માનો ઉદ્ધાર કર્યો છે. બગીચાવાડીમાં જ્યારે મહારાજ આવતા ત્યારે અમારે ત્યાં એક ભેંસ દુઝતી અને એક ગાય દુઝતી. એ બેયનું થાળી ભરીને દૂધ ગરમ કરી ઈલાયચી અને સાકર નાખી ગરમ કરતા અને મહારાજને આપતા અને મહારાજ એ જમતા અને મહારાજ જે જે ફળ કહેતા એ ફળ તાજા અને પાકેલા બગીચાવાડીમાંથી અમે તોડી લાવતા અને મહારાજને જમાડતા. આ રીતે બગીચાવાડીને નિત્ય મહારાજનો યોગ થતો. પછી મહારાજ સવારે વહેલા આવતા ત્યારે મહારાજના રક્ષક તરીકે દેવરાજબાપા અને કેશુબાપા બુકાની પહેરી અને દેવરાજબાપા ફરસી ધારણ કરતા અને કેશુબાપા ધારિયું ધારણ કરતા અને મહારાજની સેવામાં રહેતા અને બધા ભક્તોને દિવ્ય સેવાના લાભ અપાવતા. આ રીતે બગીચાવાડીમાં હજારો જીવોનું કલ્યાણ થયું છે.

મહારાજ વંથલીમાં બિરાજમાન હતા ત્યારે બપોરે એક વાગ્યે જમીને આવ્યા પછી મહારાજ દેવરાજભગતને કહે કે, ચાલો અત્યારે મારી સાથે પછી મહારાજ ચટકતી ચાલે ચાલવા માંડ્યા. પછી મહારાજ વાડીએ ગયા પાછળ દેવરાજભગત આવ્યા. મહારાજ એક

બીમાર બળદ પાસે આવી અને ઊભા રહ્યા. દેવરાજભગતને કહ્યું કે, ''ભગત પાણી લેતા આવો.'' દેવરાજભગત દોડીને ગયા જોયું તો, પાસે કૂવો પણ સીંચવાનું કાંઈ નહોતું પછી જોયું પણ પાણી ભરેલું પાત્ર ન મળ્યું પછી મહારાજ પાસે દેવરાજભગત આવી કહે કે, ''મહારાજ પાણી નથી, પછી મહારાજે પાછું કહ્યું કે, ''ક્યાંક હશે જુઓ તો ખરા.'' ભગત પાછા ગયા અને જોયું તો એક માટલું પડ્યું હતું એ જોયું પછી એમાં બે ખોબા જેટલું પાણી હતું. પછી દેવરાજભગત મહારાજ પાસે આવ્યા અન પાણી આપ્યું. મહારાજે પોતે પાણીનો ખોબો ભર્યો અને બળદને પાણી પાયું'' પછી તરત બળદ મહારાજના પરમધામને પામ્યો. આ રીતે મહારાજે બળદને પણ મોક્ષ આપ્યો. પછી દેવરાજભગતે કહ્યું કે, ''મહારાજ આ બળદ માટે આટલું બધું ઝડપથી ચાલીને આવ્યા ને કેમ પાણી પાયું ? ત્યારે મહારાજ કહે છે કે, ''આ બળદ જ્યારે અમે વંથલીમાં આવ્યા ત્યારે અમારી શોભાયાત્રામાં એકાવન બળદનો રથ હતો ત્યારે એમાં એકાવનમો બળદ આ હતો, એટલે મહારાજે તેને અમે મોક્ષ આપ્યો. આવી રીતે મહારાજે અનેક જીવોના કલ્યાણ જામવંથલીમાં કર્યા છે.

એકવાર મહારાજના દર્શન કરવા કેશવભગત અને દેવરાજભગત જૂનાગઢ ગયા અને મહારાજની સંપૂર્ણ સેવા બંને ભાઈઓએ કરી અને મહારાજે રાજી થઈ બંને ભક્તોને થાપા મારી કહ્યું કે, તમે મને જેવો છે એવો જાણ્યો છે, ઓળખ્યો છે. માટે તમને જેવી છે એવી ઉપાસના પ્રવર્તાવવા માટે છૂટ છે. આ રીતે આશિર્વાદ આપ્યા અને દેવરાજભગતને દુબઈ જવાના આશિર્વાદ આપ્યા.

મહારાજ જ્યારે અમને દર્શન દેવા દાસાલેન્ડમાં આવ્યા ત્યારે વાળંદની દુકાને પૂછ્યું કે, શામજીભગત અને દેવરાજભગત ક્યાં રહે છે. પછી વાળંદની દુકાનેથી છોકરો આવીને જ્યાં રહેતા હતા ત્યા મૂકી ચાલ્યો ગયો અને ત્યાં શામજીભગત હતા તેને દર્શન આપ્યા અને ત્યારે દેવરાજભગત દેશમાં આવ્યા હતા. એટલે એને દર્શન ન થયા. આ રીતે મહારાજે દર્શન આપ્યા હતા.

મહારાજ જ્યારે જામનગર હતા ત્યારે દેવરાજભગતે કહ્યું કે, સાથે આવવું છે. પછી મહારાજ અને દેવરાજભગત લાખાબાવળ ગયા અને મહારાજે પૂછ્યું કે, ભગત ક્યા છે ? ત્યારે ભગતના પત્ની કહે કે, મારાથી આ દુઃખ સહન નહોતું થતું તો ભગતને ત્યાં જામનગર દવા લેવા મોકલ્યા છે. પછી મહારાજે કહ્યું કે, અમે તમારું દુઃખ દૂર કરવા આવ્યા છીએ. દેવરાજભગત પાસેથી પાણીનો લોટો મંગાવ્યો અને મહારાજે એમાં અંગૂઠો બોળ્યો અને

એ પાણી દેવરાજભગતને કહ્યું, આ પાણી પાઓ પછી દેવરાજભગતે પાણી પાયું. આ રીતે મહારાજે અનેક ભક્તોને દુઃખમાંથી ઉગાર્યા છે. એમને શરીરમાંથી લોહી પડવાનો રોગ હતો પછી લોહી પડતું બંધ થઈ ગયું, બધા સારાવાના થયા. ત્યાં મહારાજ સાંજ સુધી રોકાયા પછી સાંજે જામનગર ગયા.

એક વખત દેવરાજભગત પોતાના સસરાને ઘેર તેમનાં ઘરવાળાને તેડવા ગયેલા, તો શ્રાવણ વદ અમાસને દિવસે જામસરથી ત્રણ જણા (૧) દેવરાજ ભગત (૨) તેમના ઘરવાળા (૩) ગુલાલબેન. ત્રણે જણા જામસરથી નીકળ્યા તો જ્યાં નદી ઓળંગીને સામા કાંઠે આવ્યા ત્યાં નદીમાં બે કાંઠે પાણી આવી ગયું. પછી વરસાદ ચાલું જવું કયાં ? આ ત્રણે જણા બેઠા છે. પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ બ્રાહ્મણ રૂપ ધારણ કર્યુ અને કહ્યું, તમારે ક્યાં જવું છે ? તો દેવરાજ ભગતે કહ્યું કે, અમારે પડધરી જવું છે. તો બ્રાહ્મણે કહ્યું કે, પડધરી જવાની બસ નહી મળે. પરંતુ કેશિયાગામના ઢાળીયે જાવ ત્યાં બસ મળશે. પછી ત્રણે જણા કેશિયા ગામના ઢાળીયે ગયાં ત્યાં સુધી દેવરાજ ભગત બ્રાહ્મણ સામું જુએ પણ બ્રાહ્મણ ગામ પછવાળે ચાલ્યો ગયો. ત્રણે જણા બસમાં બેસીને જોડિયા ગયા. જોડિયાથી જામનગર ગયા. પછી જામનગર જઈને સીધા મંદિરમાં ગયા ત્યાં તો મહારાજ માળા ફેરવતા હતા. ત્યાં દેવરાજભગતે જઈને દંડવત કર્યો અને મહારાજે દેવરાજભગતને કહ્યું કે, તારે પડધરી જવું છે પણ મારે અહીં લઈ આવવા છે. તો આવવું જ પડે ને. આમ કહ્યું અને કીધું કે જાવ તમારા માટે રસોડામાં ત્રણ થાળી પીરસેલી છે. તે જમી લ્યો. પછી મહારાજે વાત કરી કે, મારે દુઃખ ટાળવું છે તો લ્યો આ ગોળી લખી આપું અને પ્રસાદીનું જળ લ્યો. આજથી આ ગલાલબાઈનું દુઃખ જાશે અને પુત્ર થાશે. પછી મહારાજે લખેલી ૪ ગોળી ખાધી ત્યાં પેટનું દુઃખ મટી ગયું અને નવ માસ થયા ત્યાં પુત્રનો જન્મ થયો. મહારાજે આવી રીતે પોતાના ભગતોને પરચા આપ્યા અને દુઃખ ટાળ્યા છે.

એકવાર મહારાજ જામનગર મંદિરમાં બિરાજમાન હતા. ત્યારે દેવરાજ ડાયા મકવાણા મહારાજના દર્શન માટે આવ્યા ત્યારે મહારાજ પોતાની ઓરડીમાં પૂજા કરવા બેઠાં હતા. ભગત આવી દંડવત્ પ્રણામ કરી મહારાજની બાજુમાં એક તરફ બેઠાં. ત્યારે તેમણે જોયું તો હિંડોળામાં ઠાકોરજીની મૂર્તિ બિરાજમાન હતી અને એકાએક તે હિંડોળો એકલો-અટુલો નિઃસહાય કોઈના અડકયા વગર અચાનક ઝુલવા લાગ્યો. આ જોઈ તેમને અતિ આશ્ચર્ય થયું જ્યારે મહારાજ પૂજામાં ધ્યાનાવસ્થામાંથી જાગ્યા ત્યારે ભગતને

જય સ્વામિનારાયણ કહ્યા અને કુશળ સમાચાર પુછયા. એટલે તરત જ દેવરાજ ભગતે મહારાજને પુછયું કે, આ હિંડોળો એકાએક ઝુલવા લાગ્યો અને ઠાકોરજી હિંચકવા લાગ્યા, તે એમ કેમ બન્યું ? તરત જ મહારાજે કહ્યું કે, જો અમારી ઈચ્છાએ કરીને બ્રહ્માંડોના બ્રહ્માંડો નિઃસહાય આકાશમાં ઊડતા ફરે છે. અમારી આજ્ઞાએ કરીને સૂર્ય, ચંદ્ર, ઈન્દ્ર, વરૂણ, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ તેમજ પ્રકૃતિ પુરુષ આદિક સર્વે ક્રિયાને કરી રહ્યા છે.

જો આ ચરણારવિંદને આ પૃથ્વીલોકમાં લાવવા માટે બ્રહ્માજીએ અબજો વર્ષ સ્તુતિ કરી ત્યારે આ ચરણારવિંદ અહીં અત્યારે આવ્યા છે. દેવરાજભગત તમારા ઉધ્ધાર કરવાના અમારા સંકલ્પથી જ આ હિંડોળામાં અમારી મૂર્તિ સાક્ષાત્ હિંચકવા લાગતી. માટે સાંભળો અમને જેવા છે તેવા ઓળખી લેજો. અમારું ખૂબ ભજન-સેવા કરી રાજી કરી લેજો. આ લોકને તુચ્છ ગણી તમારો છેલ્લો જન્મ કરી લેજો. અમે પ્રગટ ભગવાન કાઈ બાકી રહેવા દેશું નહિં. સર્વને સર્વ રીતે મહાસુખીયા કરીશું.

●●●

## અનાદિ મુક્તરાજ નીતિનભગત દેવરાજભગત બગીચા

**(ગામ-જામવંથલી, હાલ-મુંબઈ)**

દેવરાજભગતના દિકરા નીતિન ભગત દોઢ વર્ષના હતા ત્યારે મહારાજે કંઠી બાંધી હતી. ત્યારે હેમંતભગતને કહ્યું કે, કંકુની ડબી લાવ પછી હેમંતભગતે શોધી પણ મળી નહીં પછી મહારાજે નીતિન ભગતને ઊંચા કરી પોતાના કપાળમાં ચાંદલો હતો એ મહારાજે પોતાનું કપાળ ભગતના કપાળમાં અડાડી ચાંદલો કર્યો.

જ્યારે નીતિનભગત ચાર વર્ષના હતા ત્યારે મહારાજના દર્શન કરવા જૂનાગઢ ગયા ત્યારે ભગતે મહારાજને દંડવત્ કર્યા તો મહારાજે તરત એને ઉપાડી લીધા અને ખૂબ વહાલ કર્યું.

નીતિનભગત એસ.એસ.સી.ની પરીક્ષા આપવા રાજકોટ આવ્યા અને ત્યાર પછી વંથલી ગયા અને ત્યાં કેશુબાપુને બગીચામાં મળ્યા અને બાપુએ સત્સંગ ચાલુ કર્યો તે અઢી કલાક થઈ ગઈ અને સમયની ખબર ન રહી પછી નીતિનભગતે કહ્યું કે, બાપુ મારે બહાર જવાનું છે. બાપુએ પૂછ્યું કે, જૂનાગઢ ગયો હતો. ભગતે ના પાડી તો બાપુએ કહ્યું કે, અહીંયા આવ્યા હોય ત્યારે મહારાજના દર્શન કરવા જૂનાગઢ જરૂર જાવું. પછી આ વાત નીતિનભગતને યાદ રહી ગઈ અને એમણે એમના બેન પાસેથી રૂ.૫૦ લીધા અને જૂનાગઢ

ગયા ત્યાં રિક્ષાવાળાને કહ્યું કે, ફૂલમાર્કેટ પાસે લઈ જાવ. પણ રિક્ષાવાળાએ કહ્યું કે, ફૂલ અહીં આઠ વાગ્યા સુધી જ મળે અને અત્યારે નવ વાગ્યા છે. પછી રિક્ષાવાળાને કહ્યું કે, લઈ તો જા મળે તો ઠીક છે. પછી ગયા પણ હાર મળ્યો નહીં. પછી ભગતે ત્યાં પાસે દુકાન હતી તો સાકર અને શ્રીફળ લીધા અને મંદિરે આવ્યા ત્યારે બાલમુકુંદ ભવનનું કામ ચાલુ હતું એટલે મહારાજ બીજા રૂમે રહેતા. એ ઉતારામાં નીતિનભગત ગયા અને મહારાજને દંડવત્ કર્યા. મહારાજે કહ્યું કે, દેવાનો છો ને ? ભગત કાંઈ સમજ્યા નહીં અને ભગત બીજી વાર દંડવત્ કરતા હતા ત્યારે પાછું પૂછ્યું કે, દેવાનો છોને ? પછી ભગતને સમજાયું કે, દેવરાજનો દીકરો છો ને એમ કહેતા હશે. પછી ભગતને જવાબ આપ્યો કે, હા. પછી મહારાજે કાંદીવલીમાં બધાના સારા સમાચાર પૂછ્યા.

ત્યારે એક શેઠિયો આવ્યો અને મહારાજને પગે લાગવા જતો હતો ત્યાં મહારાજે પગ ખેંચી લીધો અને મહારાજ પાસે બેઠો અને કહ્યું કે, મને ડાયાબિટિશ, બ્લડપ્રેશર છે. તો તમે કાંઈક પ્રસાદીનું પાણી આપો તો સારું થાય. મહારાજે કહ્યું કે, ડાયાબિટિશ તો મનેય છે. હું શું કરું ? મંદિરમાં રાધારમણ દેવ બિરાજમાન છે, એને પ્રાર્થના કરો તો એ સારું કરે. પછી એ ભગત વયા ગયા. પછી મહારાજે કહ્યું કે, આ ખોટો છે. મંદિરમાંય કોઈ'દિ ભાળ્યો નથી. મહારાજે કહ્યું કે, આ બધાં એના કામ પૂરતા જ હોય છે પછી હું કોણ અને તું કોણ ?

પછી મહારાજે નીતિનભગતને પૂછ્યું કે, આ ગીરનાર બારીમાંથી સામે દેખાય છે. આની પ્રદક્ષિણા કરવી હોય તો કેટલી વાર લાગે ? ભગતને મનમાં એમ થયું કે, મહારાજ આમ કેમ પૂછતા હશે ? મારે તો પ્રદક્ષિણા કરવી નથી. પછી મહારાજે પાછું પૂછ્યું કે, ગિરનારને દંડવત્ કરતાં કરતાં પ્રદક્ષિણા કરવામાં કેટલીવાર લાગે ? પાછું ભગતને મનમાં થયું કે, મહારાજ આવું શું પૂછતા હશે ? ત્યારે ગિરનારની લીલી પરિક્રમા ચાલુ હતી. પછી ભગતે મહારાજને કહ્યું કે, મહારાજ ગિરનારની પ્રદક્ષિણા પૂરી થાય અને ન પણ થાય, દંડવત્ કરતાં કરતાં તો પથ્થર વાગે અને લોહીલોહાણ થઈ જવાય. પછી મહારાજે પોતાના સાથળમાં જોરથી થાપો માર્યો અને બોલ્યા કે, ગિરનારની અંદર ૩૩ કોટી દેવતાઓ રહ્યા છે એની આખી જિંદગી પ્રદક્ષિણા કરે તો પણ આ પ્રગટ ભગવાનની ચરણની સેવા ન મળે.

પછી મહારાજે કહ્યું કે, બપોરનો સમય થઈ ગયો છે. તું અહીં સૂઈ જાજે. પછી મહારાજ ગાદલા પર સૂઈ ગયા અને ભગતને કહ્યું કે, તું અહીં મારી બાજુમાં સૂઈ જજે. મહારાજ તો ચાદર ઓઢી સૂઈ ગયા અને પગ ખુલ્લા રાખ્યા અને પગ પર પગ ચડાવી ને

હલાવે પછી ભગતને વિચાર આવ્યો કે, લાવ મહારાજના પગ દબાવું પછી પાછો વિચાર આવ્યો કે, મહારાજ તો પોઢ્યા છે માટે ખલેલ ન પહોંચાડાય પછી મહારાજની બાજુમાં ભગત સૂઈ ગયા. અડધો કલાક થયા બાદ હેમંતભગત પાણીનો લોટો લઈ આવ્યા અને ઈશારો કરી બોલાવ્યા અને હેમંતભગત વઢવા લાગ્યા કે, મહારાજની બાજુમાં ન સૂવાય. આપણામાં અશુદ્ધિ ભરી હોય. પછી ભગતે કહ્યું કે, મહારાજે જ મને એની બાજુમાં સૂવાની આજ્ઞા કરી હતી. પછી હેમંતભગત નીતિનભગતને ભેટ્યા અને હેમંતભગતને કહ્યું કે, હું મહારાજની વર્ષોથી સેવા કરું છું મને તો કોઈ'દિ કહ્યું નથી કે તું અહીં સૂઈ જા. તમે મહારાજના મહાન ભગત છો.

ગીરનારનું પૂછ્યા પછી મહારાજે નીતિનભગતને પૂછ્યું કે, માગો માગો ભગત શું જોઈએ છે ? પછી ભગતે માગ્યું કે, મને મહારાજ તમારા ચરણોની સેવામાં રાખજો. એટલે મહારાજ આંગળીના વેઢા ગણવા માંડ્યા કે, બંગલા ન માગ્યા, સંપત્તિ ન માગી, શક્તિ ન માગી, સિદ્ધિ ન માગી, તે કાંઈ ન માગ્યું. પછી મહારાજે રાજી થઈ પિત્તળના ડબરામાંથી મોટો સાકરનો ગાંગડો કાઢી આપ્યો ને પ્રસાદી જમાડી રાજી કર્યો.

આ રીતે દેવરાજભગત તેમજ તેમના દિકરા નીતિનભગત અને કિશોરભગતને પણ મહારાજના ઘણાં પરચાઓના અનુભવ થયા છે. મહારાજની કૃપાથી આ પરિવાર ખૂબ સુખી છે. તેમના વંશ પરંપરામાં પણ બધાને મહારાજનો પરિપૂર્ણ ભગવાનપણાનો નિશ્ચય છે. આ પરિવાર સાથે મળી વર્ષોથી મહારાજની સેવા-ભક્તિ કરીને પોતાના જીવનને વિશેષ ધન્યભાગી બનાવી રહ્યા છે અને જ્યારે પણ મહારાજના કોઈ પણ કાર્યમાં જરૂર પડે ત્યારે તન-મન-ધનથી સેવાનો લાભ લઈ પ્રગટ ભગવાનને વિશેષ રાજી પણ કરે છે.

પરચા નં. ૧૨.

## અનાદિ મુક્તરાજ જયંતિભગત રામજીભગત બગીચા
### ગામ : જામવંથલી, હાલ- જામનગર

**પ્રગટ** ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણની કૃપાથી જયંતીભગતને મહારાજની પરિપૂર્ણ ભગવાનપણાની જામવંથલીમાં જ ઓળખાણ થઈ હતી. મહારાજે તેમને સ્વયં દિક્ષામંત્ર આપી કંઠી બાંધી વિશેષ પાવન કર્યા હતા. જયંતીભગતને જામનગર તેમજ જૂનાગઢ મંદિરે અનેકવાર મહારાજના દર્શન તેમજ સેવા અર્થે જવાનું થતું. મહારાજ અતિ કૃપા કરી તેમને ખૂબ વહાલ કરતા અને ચરણસેવાનો લાભ આપતા.

એકવાર જયંતિભગત અને જાદવભગત બંને મહારાજના દર્શન કરવા જૂનાગઢ ગયા. ત્યારે મહારાજ ઊભા થઈ આવ્યા અને બોલ્યા કે, આવો આવો થાપા મારતા મારતા જાદવભગતને લઈ ગયા અને મહારાજ પાછા આવ્યા અને જયંતિભગતને થાપા મારતા મારતા વ્હાલ કરતા કરતા રૂમમાં લઈ ગયા અને મહારાજે પાછું કહ્યું કે, 'આવો આવો ભક્તો' પછી બંનેને એક એક પગ દાબવા માટે આપ્યો અને સેવાઓ કરી. પછી મહારાજે કહ્યું કે, શું પ્રયોજન છે. ભગતે જવાબ આપ્યો કે, બહાર જવું છે એટલે આશિર્વાદ લેવા આવ્યા છીએ. મહારાજે જાદવભગતને ગંજીયું આપ્યું પછી જયંતિભગતને મહારાજે કહ્યું કે, ''માંગો ભગત તમારે શું જોઈએ છે ?'' ભગત માગવામાં શરમાયા એટલે પછી જયંતિભગતને મનમાં સંકલ્પ થયો કે,- ''આ પ્રસાદીનું ગંજીયું મને મળે તો સારું...'' એમ સંકલ્પ થયો ત્યાં તો મહારાજે સંકલ્પ જાણી લઈ એમને પણ ગંજીયું આપ્યું. આ રીતે મહારાજ તો અંતર્યામી રૂપે રહી ભક્તોના સંકલ્પ જાણી લઈ તે પ્રમાણે દર્શન, પરચા, પ્રસાદીની વસ્તુ આપતા.

જયંતિભગતે મહારાજની રજા લેતી વખતે મહારાજના ચરણમાં દસ રૂપિયા આપ્યા અને મહારાજે ગોળ ભૂંગળીવાળીને માથા પર ફેરવી સેવા સ્વીકારી. આ રીતે જયંતિભગત ઉપર મહારાજ રાજી થયા. પછી મહારાજ સાકરના ગાંગડા કાઢવા માંડ્યા. મહારાજે પહેલાં સાકરનો ડબ્બો ખખડાવ્યો અને મહારાજે ખોલીને મોટો ગાંગડો આપ્યો અને મહારાજ બોલ્યા કે, આ લે આ મોટો ગાંગડો છે. વળી પાછો બીજીવાર હાથ નાખ્યો ત્યારે મહારાજ બોલ્યા કે, આલે તે આ તો બીજો મોટો આવ્યો ગાંગડો. આ રીતે મહારાજ નાનકડાં ભક્તો અને છોકરાઓને ગુલાબ, સાકર આપી રમુજ કરાવીને આશિર્વાદ આપતા.

જયંતીભગતના બાપુજી રામજીભગતના ખેતરમાં એકવાર મહારાજ ન્હાવા આવ્યા ત્યારે કૂવામાં પાણી ન્હોતું ત્યારે રામજીભગત બોલ્યા કે, ''કૂવામાં તો મહારાજ અત્યારે પાણી નથી.'' ત્યારે મહારાજ કૂવા પાસે ગયા અને મહારાજે કહ્યું કે, ''આના કૂવામાં બરોબર વચ્ચે સેન્ટરમાં દાર કરાવજો પાણી થાશે.''

પછી ભગતે દારવાળાને બોલાવ્યા અને રામજીભગતે કહ્યું કે, આ કૂવામાં સેન્ટરમાં દાર કરવાનો છે. પછી દારવાળા ભાઈએ કહ્યું કે, ''આ કૂવામાં પાણી નહીં થાય મારે વર્ષોનો અનુભવ છે. આમાં કાળમીઢ પથ્થર છે, એટલે પાણી નહીં થાય. ત્યારે રામજીભગતે કહ્યું કે,- ''મને શાસ્ત્રીજી મહારાજે કહ્યું છે કે, ''દાર અહીં કરાવો પાણી થાશે'' અને કહ્યું કે, તમે તમારું કામ કરો ભગવાનનું કામ ભગવાન કરશે... પછી સાયડો નંખાવ્યો દાર કર્યો. રાતના સાડા બાર વાગ્યે દારવાળાનો ફોન આવ્યો કે, અહીં આવો બહું પાણી થયું છે. પછી એકદમ પ્રેશરથી પાણી આવ્યું અને કૂવો પાણીથી આખો ભરાઈ ગયો. આ રીતે મહારાજે રામજીભગતના ખેતરના કૂવામાં અખૂટ જળ આપ્યા. હજુ હાલની તકે એ કૂવામાં પાણી ખૂટતું જ નથી અને દુષ્કાળ હોય કે મોળું વર્ષ હોય તો પણ જ કૂવો પાણીથી ભરેલો હોય છે.

જયંતિ ભગતના સસરા હેમંતલાલ હીરાલાલ નાનાણી પહેલા રામ ભગવાનનાં ઉપાસક હતા. એમણે મહારાજના ભક્તો દ્વારા ભગવાનપણાની ઘણી વાત સત્સંગમાં સાંભળી હતી. માટે તેમને એકવાર એવો સંકલ્પ થયો કે, જો મહારાજ મને રામ રૂપે દર્શન આપે તો હું તમને ભગવાન માનું. ત્યાં તો મહારાજે એમને મૂર્તિમાન રામરૂપે દર્શન આપ્યા. ફરી હેમંતલાલ ભગતને એવો મનમાં થોડો સંશય હોવાથી સંકલ્પ થયો કે, હવે જો કૃષ્ણરૂપે દર્શન આપે તો હું મહારાજને અવતારી પુરુષોત્તમનારાયણ પ્રગટ ભગવાન માનું. ત્યાં તો મહારાજે તેમને કૃષ્ણરૂપે દર્શન આપી પોતાની પરિપૂર્ણ ઓળખાણ કરાવી. આ રીતે જયંતિભગતના સસરાને ભગવાનપણાંનો નિશ્ચય કરાવ્યો.

મહારાજની કૃપાથી હાલમાં જયંતીભગત તેમજ તેમનો પરિવાર ખૂબ જ સુખી છે અને ધર્મમય જીવન જીવી સેવા-ભક્તિ દ્વારા પ્રગટ ભગવાનને ખૂબ જ રાજી કરે છે.



પરચા નં.
૧૩.

## અનાદિ મુક્તરાજ રતિલાલભગત હંસરાજભગત રાઠોડ
### ગામ : ચાવડા, હાલ- રાજકોટ

**પ્રગટ** ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પરાત્પર પરમધામાધિપતિ પરનારાયણ અનંત કોટી મુક્તોથી સેવાયેલા સદાસાકાર દ્વિભુજ દિવ્યમૂર્તિ પુરુષોત્તમનારાયણ, અનંત ઐશ્વર્ય, સર્વ સામર્થી સહિત, નિજ મુક્તો સહિત આ લોકમાં પધાર્યા. સૌરાષ્ટ્ર પ્રદેશની પરમ પવિત્ર દિવ્ય ભૂમિ મહાતિર્થધામ કુમકુમવાપી નગરીમાં માતા કંભરાલક્ષ્મી અને પિતા ગોપાલકૃષ્ણને ઘેર સંવત-૧૯૬૧ના તા.૨૧-૧૦-૧૯૦૫, આસો વદી અષ્ટમીને શનિવારે સૂર્યોદય પહેલાં સુપ્રભાતે પ્રગટ થયા (બાલકૃષ્ણ મહારાજની જય). નીજ ધામથી જે સત્ય સંકલ્પો ધારીને આવેલા કાર્યો પૂરા કરવા પ્રગટ ભગવાન સંતરૂપે પૃથ્વી પર વિચર્યા. બ્રહ્મવિદ્યા પ્રકાશ, શાસ્ત્ર ગ્રંથો લેખન, ભાગવત ધર્મ સ્થાપન, મંદિરો, મૂર્તિ પ્રતિષ્ઠાનો, દિવ્ય ચિન્હોએ યુક્ત ચરણારવિંદો, પટ્મૂર્તિઓ, લાલજીમહારાજની ધાતુની મૂર્તિઓ, શ્રીહરિ શરણાગતિ મંડળની સ્થાપના, આચાર્યોની સ્થાપના અને સંત દિક્ષાઓ આપી પરમ મોક્ષનો અવિરત માર્ગ ચાલુ કર્યો. વિશ્વ કલ્યાણને માટે મહારાજ પૃથ્વી પર વિચર્યાને મહાન ભગીરથ કાર્યો કર્યા. આ શ્રીહરિ શરણાગતિ મંડળ વિશ્વના આત્યંતિક કલ્યાણ કરવા માટે ધામમાંથી ભેળું લાવ્યા છે.

મહારાજે કુંકાવાવ પીપળાના ઝાડ પર ચડીને જોયું જે મારા મુક્તો કઈ દિશામાં છે. તો ઉત્તર દિશા સામું જોઈ તલનો ખોબો ભરીને ઉડાડ્યો તે મુક્તોની ખાણો નીકળી પડી. જામવંથલી, ચાવડા પછી સોરઠ દેશ, સૌરાષ્ટ્ર દેશ, કચ્છ-અંજાર બધે છૂટાછવાયા મુક્તો પ્રગટ થયા. પૂર્વની પ્રીતિ, રતી, સ્નેહભક્તિને વશ થઈ નિજભક્તોના મનોરથ પૂરવા ભક્તોને લાડ લડાવવા પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ આ લોકમાં વિચરે છે. તે ભગવાનને ઓળખી પ્રગટ સ્વરૂપમાં દઢ ઉપાસના, નિશ્ચય, અતિ દઢ નિષ્ઠાવાળા ભક્તોને મહારાજ પોતાનું ભાગવત કુટુંબ ગણીને તેમને ઘેર પધારતા રહેતા અને સર્વ રીતે પોતાની મૂર્તિનું દિવ્ય અલૌકીક સુખ આપતા.

એવા ભાગવત કુટુંબ પ્રગટના પ્યારા હંસરાજભગત, પિતા કાનજીબાપા રાઠોડ, તેઓ જામનગર જિલ્લાના જામવંથલી પાસે ચાવડા ગામના રહીશ અને ખેતીનું કામ કરતા. પ્રગટ ભગવાનને ઓળખી અચળ નિષ્ઠા અને નિષ્કામ ભાવથી પ્રગટ ભગવાનનું

ભજન કરતા. હંસરાજબાપાના પિતા કાનજીબાપાને માતા મોંઘીબેન તેમના બે ભાઈ ટપુલાલભગત અને બીજા દેવજીભગત અને હંસરાજબાપાના ધર્મપત્ની આણંદીબેન હતા. ટપુલાલભગતના ધર્મપત્ની વેલીબેન. દેવજીભગતના ધર્મપત્ની જીવતીબેન હતા. હંસરાજબાપાને સંતાનમાં પાંચ પુત્રો અને બે પુત્રીઓ હતી. તેમાં મોટા પુત્ર મુક્તરાજ શ્રી રતીલાલભગત, અમરશીભગત, નારણભગત, મનસુખભગત, રમેશભગત અને પુત્રી ગૌરીબેન, મંજુલાબેન તથા રતિલાલભગતના ધર્મપત્ની લીલાવંતીબેન હતા. અમરશીભગતના રમાબેન. નારણભગતના લલિતાબેન. મનસુખભગતના રસીલાબેન, રમેશભગતના જ્યોત્સનાબેન. આમ નાના-મોટા બધા જ એક નિષ્ઠાથી પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણની દૃઢ ઉપાસના ભક્તિ કરતા. મનુષ્યરૂપ ભગવાનને ઓળખી, નિસંશય, નિષ્કામભાવે ભગવાનને સેવતા અને રાજી કરવા ભક્તિ કરતા તેથી મહારાજે હંસરાજભગત, કાનજીબાપાના ઘરને ભાગવત કુટુંબ ગણાવ્યું હતું. અમુક કુટુંબોને મહારાજે સ્વમુખે ભાગવત કુટુંબ તરીકે કહ્યા હતા.

**અનાદિ મહામુક્તરાજ રતિલાલભગત હંસરાજભગત ચાવડાવાળાનો પરિચય...**

અનાદિ મહામુક્તરાજ રતિલાલ ભગતનો જન્મ તા.૧૬-૮-૧૯૫૦, શ્રાવણ સુદ-પૂનમને શનિવારે થયો હતો. બાલ્યાવસ્થાથી જ શાંત, સરલ સ્વભાવ, ભગવાનના મંદિરે જવું. ધૂન-ભજન-કિર્તન કરવા. કથાઓ સાંભળવી, શીખવીને કરવી. આવી રૂચી બાળપણથી જ હતી. પાંચમા ધોરણમાં અભ્યાસ કરતા ત્યારે મહારાજ પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણ જામનગર મંદિરે વિરાજતા હતા. તે સમયે તેમના પિતાશ્રી હંસરાજભગત અને કાકા ટપુલાલભગત ભેળા જામનગર ગયા. મંદિરે નિજ નિવાસસ્થાને મહારાજના દર્શન થતા તે દિવ્ય મૂર્તિને અંતરમાં ધારી લીધી. મહારાજે પોતાના ખોળામાં બેસાડી ખૂબ વહાલ કર્યું. શરણાગતિ દિક્ષામંત્ર આપી કંઠી બાંધી. વાસામાં રાજીપાના થાપા માર્યા. શિર પર હાથ મેલી ખૂબ ખૂબ આશીર્વાદ આપ્યા. ઘણા રાજીપા સાથે મંદ મંદ હસતા બોલ્યા કે તમારી વહેલી જરૂર હતી. પછી તો મહારાજના આશીર્વાદ, રાજીપાની છત્રછાયા કાયમને માટે ભક્તને મળી ગઈ. તેથી દિવસે દિવસે કર્થા-વાર્તા અને ભક્તિનો રંગ આનંદ એટલો બધો વધ્યો કે જાણે જીવન પરિવર્તન પામી ભગવાનમય બની ગયું. પ્રગટ ભગવાનનો પ્રતાપ જણાવા લાગ્યો. પ્રગટ ભક્તિ આનંદ કેફને મહારાજે એટલું બધું આપી દીધું ને નિર્ભયપદમાં પહોંચાડી આનંદ મહાસાગરમાં ગરકાવ કરી દીધા. પ્રગટના કેફે આઠે પહોર સુખ સુખને સુખ. કાયમ મંદિરે

જવું, કથા કાયમ વાંચવી. પૂજાપાઠ કાયમ કરવા, કાયમ મંજીરા વગાડી ધૂન-ભજન-કિર્તન કરતા. કિર્તન બોલે, કથા કરે ને બધા વડીલ ભક્તો માતાઓ ખૂબ રાજી થતા.

એક વખત મંદિરેથી ઘરે આવતા રસ્તામાં હનુમાનજીનું મંદિર ત્યાં દરબારના છોકરાવ બેઠેલા તેમાં એક છોકરો ભગત પાસે મંજીરા જોઈને કહે, એ ભગતના દીકરા અહીં આવ. બહું મોટો ભગતડો થઈ ગયો છે. જે મંજીરા ગળામાં નાખીને ફરે છે તો લાવ મંજીરા. એમ કહી મંજીરા જબરજસ્તીથી આંચકી લીધા. પછી રતિલાલભગતને મનમાં એમ થયું જે આવા લુચ્ચા લફંગાને ભગવાને કાંઈક સજા કરવી જોઈએ. અંતરાત્મામાં દુઃખ થયું તે ભગવાને જોયું. બસ ભગત ત્યાંથી ઘરે આવતા રહ્યા તે દરબાર શેરડીનો ચિચોડો ચાલતો હતો ત્યાં મજૂરી કરવા ગયેલો તે શેરડી ચિચોડામાં નાખતો હતો તે શેરડી ભેળો તેને જે હાથે મંજીરા પડાવી લીધા હતા તે હાથ ચિચોડામાં આવી ગયો ને હાથ ખભેથી કપાવવો પડ્યો ને દુઃખી થઈ ગયો. પછી તો દરબારોનો જે ત્રાસ થતો તેને સમાવવા મહારાજે ચાવડામાં પધારી એક અસાધ્ય રોગ દરબારનું જડબું ખસી જતું તેને મહારાજે હાથ ફેરવીને મટાડી દીધું તે ચમત્કાર પરચો આખા ગામે જોયો ત્યારથી ત્રાસ બંધ થયો ને ભજન-ભક્તિનું સુખ વધારે થયું.

એક વખત રતિલાલભગત તેની વાડીએ જતા રસ્તામાં પટેલનું ગાડું જતું હતું તેમાં બેસી નાહીધોઈને પૂજા પાઠ કરેલા તેથી તિલક-ચાંદલો જોઈ, છોકરડો જોઈ અસુરબુદ્ધિનો પટેલ ઠેકડી મશ્કરીના વચન બોલવા લાગ્યો. આમ સત્સંગનું ને ભગવાનનું ઘસાતું કોઈ બોલે તે ભક્તથી સહન થતું નહીં. તેમના મનમાં સંકલ્પ થઈ ગયો કે આવા અપરાધીને જરૂર દંડ થવો જોઈએ અને થોડા દિવસમાં તેનો છોકરો મરી ગયો. આમ પ્રગટ ભગવાનની પ્રેરણા, રાજીપાથી મહારાજે રતિલાલભગતને સંકલ્પ સિદ્ધી આપી દીધી હતી.

એક વખત મહારાજ ચાવડા પધાર્યા. ત્યારે રતિલાલભગતને ઘેર ગાય, ભેંસ દૂધ આપતી તેથી રતિલાલભગતે માતા-પિતાને કાકાને વાત કરી કે આપણે ઘેર આટલું બધું દૂધ થાય છે ને મહારાજ પધાર્યા છે તો મહારાજને દૂધથી સ્નાન કરાવીએ એ વાત બધાને ગમી. સૌ કહે આજે રાત્રે પ્રોગ્રામ ગોઠવી દો. તુરત જ મહારાજને વાત કરી મહારાજે પણ દયા કરીને સ્વીકારી. પછી ઘર, કુટુંબ, ભાઈઓ, બાઈઓ તમામે મળી મહારાજને દૂધનો અભિષેક કરી નવડાવી એ દૂધનો દૂધપાક બનાવી બધા પ્રસાદી જમ્યા. ભગવાન ભેળો રહેવાનો, સુખ માણવાનો અલભ્ય લાભ એક દિવ્ય વાતાવરણને ધામનું સુખ પ્રભુએ આપ્યું.

મહારાજ ઘણી વખત ખેતર-વાડીએ પધારતા ત્યાં પણ મગફળીના ઓરા, ચણાના ઓરા, ઘઉં-બાજરીના પોક, શેરડી વિગેરે જે સમયે થતા ત્યારે મહારાજને જમાડતા ને ભગવાન બાઈઓ, ભાઈઓ તમામની સેવા અંગિકાર કરતા. મૂર્તિના દિવ્ય સુખ આપતા. આ રીતે સ્નેહી ભક્તોને દિવ્યાનંદમાં તરબોળ કરી આનંદ-સુખના વરસાદ વરસાવતા હતા. આમ એક ઘરમાં તમામ નાના-મોટા ભાઈ-બાઈ, બાળકો તમામની એક રુચિ, એક ઉપાસ્ય ઈષ્ટદેવ, એક પ્રગટ ભગવાનની સેવાભક્તિ, ઘર જ ધામ તૂલ્ય તેથી ભગવાન અતિશય રાજી થતા હતા ને તેથી ચાવડાના હંસરાજબાપા કાનજીબાપાના કુટુંબને મહારાજે ભાગવત કુટુંબ ગણાવ્યું હતું.

મહારાજ સંવત ૨૦૨૧માં કાર્તિક વદ-૮ના જામવંથલી પધાર્યા હતા ને સાત દિવસ ગામના મંદિરની મેડી પર રહ્યા હતા. મંદિરમાં ભક્તોને કથા-વાર્તા-દર્શન આનંદ સુખ આપતા અને વિચરતા હતા. પધરામણીઓ થતી હતી. ભક્તોના ખેતર, વાડીએ પણ જતા હતા. દરરોજ બપોરે મંદિરે ઠાકોરજી જાગે પછી નાના બાળકો, યુવાન ભક્તમંડળી સાથે ઝાંઝ-કિર્તનને રાસ રમતા, આનંદ કિલ્લોલ કરતા. દરરોજ ફુલવાડીએ જતા.

એકવાર ફુલવાડી પહોંચ્યા ત્યારે રતિલાલ ભગત કિર્તન-ધૂન ગવડાવતા હતા કે, તલાવડીને તીર જઈ આવ્યા, ખાંપો સાથળ ચિન્હ લાવ્યા, એ કડી બોલ્યા ત્યારે મહારાજે ધૂન બંધ કરાવીને ફુલવાડીમાં બધા ભક્તોને બોલાવી સાથળમાં ખાંપાના ચિન્હના દર્શન કરાવ્યા પછી આંબલીની નીચે સભા કરી બેઠાં હતા. ભક્તો રાસ રમી પ્રગટ ભગવાનને રાજી કરતા, આનંદ કરતા. પછી મહારાજે કહ્યું, હવે બધા બેસો એક વાત કરવી છે. ભગવાન જ્યારે વાત કરતા તે ભણેલા-અભણેલા નાના-મોટા બધાને સમજાય જાય. પરંતુ ગૂઢ રહસ્ય ભરેલી અલૌકિક વાત મહારાજે બધાને કહી કે, આ આંબલીના પત્તા કેટલા છે ? ભક્તોએ કહ્યું, મહારાજ એ તો ગણાય નહીં. અસંખ્ય પાંદડાઓ છે ત્યારે મહારાજ એવું બોલ્યા કે, જેટલા આંબલીના પત્તા છે તેટલા યુગના પુણ્ય તમારા ભેળાં થયા છે. ત્યારે તમોને બધાને મારા દર્શન થાય છે. મારી સાથે તમો રમી શકો છો. પ્રગટ ભગવાનની સેવા મળે છે. ત્યારે તમોને બધાને મારા દર્શન થાય છે. તમને મલ્યા એ ભગવાન બહું મોટા છે. આમ પોતાના પરાત્પર પર સ્વરૂપની વાતો કરીને બધાને પોતાની મૂર્તિના દિવ્ય ચિન્હોના દર્શન કરાવ્યા ને બધાને પોતાના હાથે પ્રસાદી આપી ને રાજી કરી દીધા.

એકવાર જૂનાગઢ મહારાજના દર્શને ગયા હતા. દંડવત્ત પ્રણામ કરી બેઠા. મહારાજ

કહે, બજારે જઈ આવો. હાર, સાકર પ્રસાદી, ન્હાવાના સાબુ, એક શાહીનો ખડિયો ને કોરા કાગળ લેતા આવો. તુરત જ બજારે જઈ બધી વસ્તુ લાવ્યાને મહારાજને આપી ત્યાં આરતીનો સમય થયો. સાંજે બધા આરતીમાં ગયા, સભા ચેષ્ટા બોલાઈ જાય ત્યાં સુધી મહારાજ સભા મંડપમાં હતા. પછી ઘરે આવ્યાને સેવાના સુખ આપ્યા. રહસ્યભરી વાતો કરી. મહારાજ કહે, હવે સૂઈ જાવ. સવારે નાહીધોઈને આવજો પછી સવારમાં મહારાજના દર્શન કરવા ગયા. મહારાજ લખતા હતા અને રતિલાલભગત, ટપુલાલભગત, હંસરાજબાપા વગેરે મહારાજની સેવા કરતા હતા.

મહારાજ જ્યાં બેસી લખતા તે જગ્યાએ સામે મોટી બારી હતી. ત્યાંથી ગિરનાર પર્વત ચોખ્ખો દેખાય. ત્યારે રતિલાલભગતને મહારાજે કહ્યું કે, આ સામે શું દેખાય છે ? રતિલાલભગત કહે, મહારાજ સામે તો ગિરનાર પર્વત દેખાય છે. વળી મહારાજે કહ્યું, તેની આજુબાજુમાં લીલીચાદર જેવું શું દેખાય છે ? ત્યારે રતિલાલભગતે કહ્યું, મહારાજ એ તો બધા મોટા વૃક્ષો દેખાય છે. ત્યારે મહારાજે રહસ્યભરી વાત કરી કે, આ ગિરનાર પર્વત જેવા તમારી ઘરે ચિંતામણી કે પારસમણિના ઢગલા હોય ને જેટલા વૃક્ષો છે જેટલા તમારી ઘરે કલ્પવૃક્ષો હોય તો પણ તેને મૂકી ને આ પ્રગટ ભગવાનનો યોગ કરી લેજો ને યોગ મળ્યો છે તે કાયમ સાચવજો. બધા ભક્તોએ કહ્યું, મહારાજ એવા આશીર્વાદ આપો કે તમારો યોગ, સંબંધ, નિશ્ચય, ઉપાસના જીવનપર્યંત દૃઢ રહે અને અંતે ધામમાં પણ તમારી મૂર્તિના સુખમાં રાખજો. મહારાજે ત્રણેયને માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા ને ઘણા રાજી થયા.

મહારાજ જામવંથલીમાં સવારે, ઘરે વાડીએ કે ખેતરે પધરામણીએ જતા અને બપોર પછી દરવાજે વાજિંત્ર મંડળી સાથે ફુલવાડી જતા. તેમાં એક દિવસ ભક્તમંડળી, મંદિરના ચોકમાં મહારાજની રાહ જોઈને ઊભી હતી અને મહારાજ મેડી પરથી ઉતરી ચોકમાં પધાર્યા. ત્યાં ભક્તોએ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની જયના બદલે શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય દેવની જય બોલાવી. તરત જ મહારાજ ભક્તો સામે દૃષ્ટિ કરી બોલ્યા કે, અમને દેવ જેવા ક્યાં કહો છો, એમ મર્મ બોલ્યા ને ભક્તો પણ એ મર્મને સમજી ગયા. આમ ભગવાન ભક્તોને સુખ-આનંદ આપતા, જોડે રમતા, લીલાઓ કરતા. ભક્તોને ગાન કરવા બધા જ ચરિત્રો ભગવાન કરતા.

રતિલાલભગતની ઉંમર ૧૮ વર્ષની થઈ ત્યારે મહારાજ કહે, ખેતીકામ કરતા કડિયાકામ કરવા જાવ તો સુખી થશો. તેથી રતિલાલભગતના કાકા ટપુલાલભગત તથા

દેવજીભગત પૂના કડિયાકામ કરતા તેના ભેળા કડિયાકામ શીખવા ગયા. ત્યાં પણ પ્રગટ ભગવાનના મુક્તો રહેતા હતા. વેલજીભગત, મોહનભગત, કુંવરજીભગત તથા બીજા મોહનભગત, તેઓ મળી પ્રગટ ભગવાનની ભક્તિ કરતા ને પ્રગટના ગુણગાન ગાતા. દયાળજીભગત અને ઓધવજીભગત પણ ત્યાં કામકાજ કરતા. તેમાં રતિલાલભગત પૂના ભક્તો ભેળા સત્સંગમાં જોડાયા. એક જ ગુરુ, એક જ ઈષ્ટદેવ, એક જ ભજન, એક જ રુચી તેથી સત્સંગનું બળ વિશેષ વધ્યું. તે વખતે તા.૩૦-૧૧-૧૯૬૮નો મહારાજનો પ્રસાદીપત્ર જૂનાગઢથી આવ્યો ને મહારાજે ઉપદેશ લખેલો કે, સેવક રતિલાલ હંસરાજ. દિવ્ય દૃષ્ટિથી જોવું. ધામના મુક્તપણે વર્તવું અને બ્રહ્મરૂપે સમાગમ કરવો. મોહન, વેલજી, મોહન, કુંવરજી વગેરે બ્રહ્મનિષ્ઠ ભક્તથી જ્ઞાન શીખવું અને ભગવાનમાં હેત વધારવું અને ધામમાં જવાય તથા સાથે રહેવાય તેવા રંગે રંગાઈ જવું, ભજન કરવું, એજ કૃ.વ.આ.ના. જય સ્વામિનારાયણ.

પછી તો પૂનામાં ખૂબ સત્સંગ વધ્યો. મહારાજનો રાજીપો પણ એવો મલ્યો કે મહારાજ ખૂબ રાજી રાજી થયા, અમે કામ શીખવા લાગ્યા. નાની-મોટી મહારાજની સેવા થવા લાગી. તેથી સેવાભક્તિનું ખૂબ બળ વધ્યું.

સંવત ૨૦૨૪માં વૈશાખ સુદ-૯, ૧૦, અગીયારસે મહારાજ મુંબઈ મહાશતાબ્દી પાટોત્સવમાં કથા વાંચવા માટે પધાર્યા હતા. મહારાજે શેષનારાયણ શોભિત વ્યાસપીઠે શિક્ષાપત્રીની કથા વાંચી હતી. ત્યારે પૂનાથી ભક્તો મહારાજના દર્શને આવ્યા હતા. તેમાં રતિલાલભગત પણ સાથે હતા.

મુંબઈના આઝાદ મેદાનની વિશાળ જગ્યામાં સભામંડપની શોભા પરમધામ તૂલ્ય શોભતી હતી. શેષનારાયણની ફેણો વડે સુંદર વ્યાસપીઠની શોભા બહુ જ સુંદર હતી અને અંદર વ્યાસપીઠે વિરાજમાન પરાત્પર પરનારાયણ પ્રગટ ભગવાનના દિવ્ય તેજોમય દર્શન, સભાજનોને, શ્રોતાઓને થતા હતા. મહામેદની એટલી બધી ભીડ હતી. આવું દિવ્ય વાતાવરણ આવા દર્શન કરવા તો દેશ-દેશના સંતો, મહંતો, વિદ્વાનો, ધનપતિઓ, સત્સંગી હરિભક્તો ભાઈઓ-બેનો. અરે આ સભામાં તો દેશો-દેશથી, વિદેશથી તો ઠીક પરંતુ દેવલોક, ઈશ્વરલોક, અવતાર લોક, છેક બ્રહ્મલોકથી પણ મુક્તો સહિત બધાં આ અલૌકિક દિવ્ય દર્શને પધાર્યા હશે એવું ભવ્ય, દિવ્ય ચારેતરફ આનંદ સુખ સુખ અને સુખમાં બધા ગરકાવ હતા. મહારાજે તો અમને કહી દીધું હતું કે, તમારે તો ગુલાબનો એક સારો હાર

લઈ જ્યાં સભામંડપમાં અમારી એન્ટ્રી થાય ત્યાં ઊભું રહેવું. બાકી વ્યાસપીઠે પહોંચ્યા પછી ત્યાં તમારો વારો નહીં આવે. તેથી રોજ ગુલાબનો હાર, સભામંડપના ગેટમાં જ મહારાજને પહેરાવી દેતા પછી હારના ઢગલા થઈ જતા. છતાં આપણે પહેરાવેલો હાર મહારાજ કથા પૂરી થાય ત્યાં સુધી પહેરતા. આ પાટોત્સવ કથા સભાનું વર્ણન થઈ શકે તેવું નથી.

એક જ્યોતિષ વિદ્વાન વ્યાસપીઠના સામે બેઠો હતો તેથી તેમણે મહારાજના ચરણોમાં ચિન્હો જોયા ને કથા પૂર્ણ થયા બાદ મહારાજના ઉતારે પહોંચ્યો. ત્યાં અમો બધા ભક્તો, બે-ચાર બેઠા હતા અને મહારાજ સાથે રમુજ વાર્તા કરતા હતા. ત્યાં વિદ્વાન બ્રાહ્મણ આવીને બેસી ગયો અને મહારાજને કહેવા લાગ્યો કે, આપ વિદ્વાન કહાં સે આયા હૈ ? મહારાજ કહે, આપ કો ક્યા કામ હૈ ? તો બોલા હમકુ આપ કા ચરણો કા દર્શન કરના હૈ, તુરત મહારાજે બંને ચરણારવિંદ તેના ખોળામાં મેલ્યા. આ વિદ્વાન બ્રાહ્મણ જ્યોતિષ ભણેલો. મહારાજના ચરણારવિંદને ઉપાડી મસ્તકે ચડાવ્યા. છાતીએ લગાવ્યા ને એટલો બધો ભાવવિભોર બની બોલ્યો કે, વિષ્ણો, વિષ્ણો મહાવિષ્ણો, ભગવતો, ભગવતો. તમે ભગવાન છો, તમારા ચરણમાં દિવ્ય ચિન્હો છે. મહારાજે મંદ હાસ્ય કર્યું અને બોલ્યા કે, સારું થયું તમે કીધું અમને તો ખબર જ ન હતી. પછી એ વિદ્વાને મહારાજને દંડવત્ત-પ્રણામ કર્યા ને દિક્ષા લીધી. પછી સંસ્કૃતમાં મહારાજ સાથે વાત કરીને અત્યંત રાજી થયા. આવા વિદ્વાન બ્રાહ્મણો, સંતો, ફિલોસોફરો ઘણા આવેલા હતા. પરસંપ્રદાયના નેતાઓ ઘણા હતા. બધા ભગવાનના દર્શન, રાજીપો, આશીર્વાદ મેળવી રાજી થયા હતા, આવા ભવ્ય ને દિવ્ય પ્રસંગની કેસેટો, ફિલ્મો લેવાઈ હતી પણ ઈર્ષ્યાળુઓએ મહારાજની કથાના પ્રસંગો કાપી નાખ્યા હતા.

બીજો એક મુંબઈનો પ્રસંગ : સંવત ૨૦૨૫માં મહારાજે મુંબઈમાં સ્વામિનારાયણ મંદિરે સત્સંગી જીવનની કથા અને પુરુષોત્તમ માસની કથા વાંચી હતી. તે વખતે પણ પૂનાથી ૩-૪ ભક્તો મુંબઈ ગયા હતા. ત્યારે વેલજીભગતે રૂ.૮૦૦માં ટેપરેકર્ડ લીધું હતું. મહારાજની કથા સાંભળવા માટે તે ટેપરેકર્ડ લઈ મુંબઈ ગયેલાં, મહારાજના દર્શન કર્યા. મહારાજ સભામાં પધાર્યા કથા ચાલુ થઈ. કથા ઉતારવા ટેપ ચાલુ રાખ્યું. સવારની કથા ભરાઈ-ઉતરી, કથા પૂરી થઈ મહારાજ પાસે ગયા. મહારાજે ઠપકો આપ્યો કે, અહીં શું કામ આવ્યા ? હું પૂના આવવાનો જ હતો. અહીં ખાવા, પીવા, રહેવાની જગ્યા નથી માટે તમો જાવ હું ત્યાં આવીશ. પછી ભક્તો કહે, બપોરની કથા સાંભળી ચાલ્યા જાશું.ને વળી બપોરની કથા ઉતારવા ટેપ રેકર્ડ રાખ્યું. મહારાજ કહે, એક બસ, છતાં રાખ્યું તો કથા ઉતરી

જ નહીં. પછી રાતની ગાડીમાં પૂના ગયા. આમ મહારાજ પૃથ્વી પર વિચરી અનેક મંદિરોમાં પાટોત્સવો કર્યા, કથા-પારાયણો, જાહેરસભાઓ કરી બધાને મંત્રમુગ્ધ કરતા હતા.

એક પ્રસંગ એવો બન્યો કે રતિલાલભગતને પૂનાથી દેશમાં લગ્ન કરવા માટે આવવાનું થયું ત્યારે રતિલાલભગતને સંકલ્પ હતો જે લગ્ન પહેલાં જૂનાગઢ મહારાજના દર્શન કરી પછી દેશમાં જવું તે પહેલા સીધા પૂનાથી જૂનાગઢ પહોંચ્યા. તેમના કાકા દેવજીભગત સાથે હતા. નાહીધોઈ મહારાજના દર્શને ગયા. દંડવત્ત પ્રણામ કર્યા પગે લાગી મહારાજની સેવા કરવા લાગ્યા. મહારાજ મને કહે, શું ઉનાળો ગાળવા દેશમાં આવ્યા. મંદ મંદ હસતા હસતા આમ બોલ્યા. મેં કહ્યું, મહારાજ લગ્ન કરવા છે માટે દેશમાં આવ્યા છીએ, પરંતુ મને સંકલ્પ થયો કે આ લગ્નનું શૂટ મહારાજને પહેરાવી પ્રસાદીનું કરી પછી મારે પહેરવું. મહારાજ કહે, સારું. આપણે રાત્રે સભામાંથી આવી ત્યારે લાવજે અને મારા વાસામાં અડાડી દેજે એટલે એ પ્રસાદીનું થઈ જશે, પરંતુ મારો સંકલ્પ શુદ્ધ જે મહારાજને પહેરાવવું છે પણ કંઈ કીધું નહીં. મેં કહ્યું, હા મહારાજ સાંજે લઈ આવીશ પછી સભા ચેષ્ટા પૂરી કરી. મહારાજના ભવને આવ્યા, લગ્ન માટે કરાવેલ શૂટ, ઘડીયાળ, મોજા, રૂમાલ વગેરે લાવ્યા. મહારાજના રૂમમાં ગયા. દેવજીભગત સાથે હતા તેમને મહારાજ કહે, જાવ તમો કોઠારીસ્વામીની સેવા કરો તેથી દેવજીભગત બહાર પાટ ઉપર કોઠારીની સેવા કરવા ગયા. મહારાજ કહે, હવે દરવાજો બંધ કરી દે. પછી દરવાજો બંધ કરી મહારાજ મને કહે, હવે તારે જેમ કરવું હોય તેમ કર. પછી તો મેં મારા હાથથી મહારાજને શૂટ પહેરાવ્યો, ઘડીયાળ પહેરાવી, મોજા પહેરાવ્યા, શૂટ થોડો ટૂંકો થયો પણ મહારાજે લીલા કરી કે, પહેલા પંખો ચાલુ કર, સાહેબને ગરમી થાય છે. મહારાજ ખુરશી પર બેઠા છે, પંખો ચાલુ કર્યો ને કહે, શું ઊભો છે ? સાહેબને સલામ કર. પછી દંડવત્ત કરી ભેટ્યાને ખૂબ જ રાજીપો વરસાવ્યો અને દિવ્ય મૂર્તિના દિવ્ય સુખ આપ્યા. પછી મહારાજ કહે, આ બધું યાદ રાખજે, સંભારજે ધ્યાન આ મૂર્તિનું કરજે. મેં કહ્યું, હા મહારાજ.

પછી તો શૂટ કાઢી મહારાજને ધોતી પહેરાવીને અમે બેઠા. મેં કહ્યું, મહારાજ એક અરજ છે. મહારાજ કહે, બોલ શું છે ? મેં કહ્યું, શંકર ભગવાને દિક્ષા ભગવાનની લીધી હતી ને પાર્વતીજીએ દિક્ષા નો'તી લીધી તો લગ્ન થઈ ગયા છતાં શંકરે પાર્વતીજીને સ્વીકાર્યા ન હતા ને થાળ પણ જમતા નહીં તો મારે લગ્ન કરવા જવું છે પણ એણે તમારી દિક્ષા તો નથી લીધી. દર્શન પણ નથી કર્યા તો મારે કેમ કરવું ? આ સાંભળી મહારાજ રાજી થયા કે આ

જ્ઞાન ક્યાંથી શીખ્યો. તુરત જ પોતાના ગળામાં પહેરેલી કંઠી કાઢીને આપી. એક ડબલીમાં પ્રસાદીનું કંકુ આપ્યું અને એક હાર આપ્યો પછી બોલ્યા કે, આ હાર તું લગ્ન કરવા જા ત્યારે પહેરી રાખજે અને લગ્ન કરી ઘરે આવો ત્યારે આ કંકુનો ચાંદલો કરી શરણાગતિ મંત્ર બોલી અમારી કંઠી પહેરાવી દેજે. જેથી મારી દિક્ષા એને મળી ગઈ. હું દર્શન આપી જઈશ તેથી આત્મનિવેદીપણું સ્વીકારાય ગયું. બોલ હવે કાંઈ વાંધો છે ? મેં કહ્યું, ના મહારાજ. મારો સંકલ્પ તમે પૂરો કર્યો. મહારાજ રાજી થયા આશીર્વાદ આપ્યા ને આનંદનો પાર ન રહ્યો. આમ મહારાજ આત્મનિવેદી,સર્વસ્વનિવેદી ભક્તોના સંકલ્પો પૂરતા. મનોરથો પૂરા કરતા.

પછી સુપ્રભાતે મહારાજ જાગ્યા. શોચવિધિ કરી, દાતણ કરતા'તા. રતિલાલભગતને કરેલ દાતણ આપી દીધું પછી ન્હાવા પધાર્યા, મને કહે આજે તારે મને જેમ સ્નાન કરાવવું હોય તેમ કરાવ. પછી મેં જળમાં કેસર, અત્તર નાખી સુગંધી જળ વડે, સુગંધી સાબુ વડે મહારાજને અંગ ચોળી ખૂબ વહાલ કરી નવડાવ્યા. મહારાજ મને કહે, ગંગા ચાલી જાય છે, જળ પી લે. પછી દિવ્યમૂર્તિના દર્શન સુખ પ્રસાદ લીધા, પછી મહારાજ કહે, ટુવાલ લઈ શરીર લૂછી નાખ ને પછી ધોતી પણ તારે જ પહેરાવવાની છે. આમ વસ્ત્ર અલંકારો, હાર લાવી, મહારાજની પૂજા, આરતી કરી, દંડવત્ત, પ્રણામ કરી, પગે લાગી સેવા કરવા લાગ્યા. મહારાજ ત્યારે બોલ્યા કે, આ બધી લીલાના દર્શન કાયમ યાદ કરી આ દિવ્ય મૂર્તિનું ધ્યાન કરજો પછી તો મહારાજે એવી કૃપા કરી, સૂર્યનું અજવાળું આવ્યું ને મહારાજે લખવાનું બંધ કરી પોતાની મૂર્તિના, નખશિખા પર્યંત દર્શન કરાવ્યા. પ્રથમ પગ તળા ઉજળા પ્રકાશમાન બતાવી. મહારાજ બોલે જુઓ અંગૂઠા આંગળી વચ્ચેથી નિસરીને આવી વહાલા, પાનીની બે કોરે જોતા ભક્તને મનભાવી વહાલા. બંને પગના ચિન્હો, ગોપદ ઉપસતું ચિન્હ, આંગળી ફેરવો એટલે ખબર પડે. એમ બધા ચિન્હોના દર્શન કરાવ્યા. આંગળી અંગૂઠામાં ચક્ર ને શંખના દર્શન કરાવ્યા. ત્રણ ત્રણ ઘૂંટીના દર્શન, મહારાજના નખનું તેજ જુઓ તો ચંદ્ર પણ ઝાંખો થઈ જાય. વળી મહારાજ બોલ્યા કે — વાલા તારી નખની અરૂણતા જોઈ શશીકળા ક્ષીણ છે રે લોલ.

આમ પાની, પીંડી, ગોઠણ, સાથળ, લીંગમાં કાળો તલ, નિતંબ, કમર, પેટ, ઉદર, છાતીમાં શ્રીવત્સનું ચિન્હ, વાંસો, હાથ-કરમકમલના ચિન્હો, ડોક ઉપડતી. મહારાજનું ચળકતું ઉજળું કોટી કામદેવને લજ્જા પમાડે એવું તેજસ્વી મુખારવિંદ, તલના પુષ્પ સમાન નાસીકા, કર્ણ, શિરકેશ... શીખા સુધીના સમગ્ર શરીરના તીલો ચિન્હોના દર્શન કરાવી કહે

કે, અમારા આ રૂપના દર્શન કાયમ માટે સંભારજો. આ દિવ્ય એકરસ ચૈતન્ય આનંદઘનમૂર્તિ છે. આમાં ત્યાગ ભાગનો કોઈ મર્મ નથી. માટે નખશીખ પર્યંત મારી મૂર્તિનું ધ્યાન કરજો. બસ તે દિવસથી સાંજે સૂતી વખતે ને સવારે ઉઠતી વખતે પ્રત્યક્ષ દર્શન કરેલા તેનું ધ્યાન સ્મરણ... સિવાય બીજે ક્યાંય સુખ મનાતું જ નથી. આવા દિવ્ય સુખ પ્રગટ ભગવાને આપેલા છે.

મહારાજની કૃપાથી ધામધૂમે લગ્ન થયા. જૂનાગઢ જઈ ઉતારા કર્યા. તે વખતે છગનભગત વેકેશન હોવાથી જૂનાગઢ સેવામાં હતા. એક માસ દર વર્ષે રોકાતા. મહારાજના દર્શન કરી, સેવા કરતા. તે દિવસે મંદિરમાં યજ્ઞ હતો. જૂનાગઢ મંદિરના ઉતરાદી દરવાજે ૧૨ વાગે મહારાજના હસ્તક યજ્ઞમાં બીડું હોમવાનું હતું. તેથી મહારાજ ચાલીને જતા હતા ત્યાં મંદિરના ચોકમાં બધા નર-નારી, હરિભક્તો, ભાઈ-બેનો દર્શન કરતા હતા. તેમાં કેટલીક બાઈઓ મહારાજના દર્શન કરવા માટે ભક્તોની ભીડમાં ઈરાદાપૂર્વક પડી મહારાજના ચરણારવિંદના દર્શન કરતી, તે મહારાજને ગમ્યું ન હોય કે આ સમાજની વચ્ચે જબરજસ્તી કરી દર્શન કરે છે. તે બીડું હોમીને આવી ગયા. અમો મહારાજ ચાર વાગે સેવા કરવા ગયા ને સેવા કરતા મહારાજને વાત કરી કે, મહારાજ અમો બંને દર્શને આવ્યા છીએ તો તમારી ભક્તાણીને દર્શન આપો. ત્યારે મહારાજ કહે, ભક્તોની પરીક્ષા કરવા લીલા કરી કે અને મહારાજ એવું બોલ્યા કે, આ કુંભારણુંએ અમારું નાક કપાવી નાખ્યું. બીડું હોમવા ગયા ને જબરજસ્તીથી દર્શન કરવા કેવી હરકત કરી તે જોયું ને ! તેથી મેં કહ્યું : મહારાજ તમારો મહિમા સમજે છે માટે પગે લાગવા આવી. એમ બોલ્યોને મહારાજ એટલા બધા ગુસ્સે થઈ મને કહ્યું કે તમો અહીં બે મહિને, ચાર મહિને દોડ્યા આવો છો તો તમારું અહીં શું દાટ્યું છે ? દર્શન કરી લીધા હવે જાવ. ઘરનાને દર્શન નહીં થાય. આ દર્શન ને આવા ગુસ્સાભર્યા મહારાજના અમૃત વચન તો કોઈ દિવસ ન ભૂલાય. એવી પરીક્ષા મહારાજે કરી. મેં મહારાજને ધીમા સ્વરે બીતા બીતા કહ્યું કે, મહારાજ તમે તો ભક્તવત્સલ ભગવાન છો, ભક્તપતિ છો, અમારા સ્વામિ છો. તેથી અમો અહીં થોડેક દૂરથી દર્શન કરવા આવ્યા છીએ પણ તમો પરમધામથી અહીં પધાર્યા છો તે પધારવાનું મુખ્ય કારણ શું છે ? મહારાજ મંદ મંદ હસીને કહે કે, અમે ભક્તોને લાડ લડાવવા, મનોરથો પૂરા કરવા આવ્યા છીએ. પણ જાવ અત્યારે દર્શન નહીં થાય. આમ ધણીનો ધણી કોણ ? મનમાં જરા નિરાશા થઈ.

છગનભગત મને કહે, ચાલો આપણે મંદિરની સામેની વાડીમાં ફરી આવીએ, અમો

ત્રણેય વાડીએ ગયા ને પ્રેમવશ પાતળિયો, તુરત જ દિશાએ જવાનું બહાનું કરી અમારી પાછળ વાડીએ આવ્યા ને કોઈને માલુમ ન પડે એ રીતે મહારાજે દર્શન સુખ આપી દીધા. હું અને છગનભગત ફોટા પાડવામાં રહ્યા, પરંતુ મહારાજના વાડીમાં દર્શન થયા. તેથી થયું કે ભારે થઈ મહારાજ અહીં પધાર્યા અને ભક્તાણીને તો મંદિરે મોકલી દીધી, સારું હવે તો ભગવાનની ઈચ્છામાં સુખ ને ભગવાનની ઈચ્છામાં દુઃખ. આમ ધારી અમો પણ વાડીએથી મહારાજના નિવાસસ્થાને ગયા. ત્યાં મહારાજ એક કેરી મને આપી કહે, આ તારી ઘરવાળીને ખવડાવી દેજે, તું ખાતો નહીં. આમાંથી જે મુક્ત આવશે તેના હાથે મોટું કાર્ય થશે. મને પણ બહું આનંદ થયો ને જેને દર્શન આપ્યા તેને પણ આનંદનો પાર ન હતો. ને બંને મળ્યા. ત્યાં આનંદ-સુખમાં ગરકાવ થઈ મહારાજની ભક્તો પ્રત્યેની જે કરૂણા દૃષ્ટિ જોઈ પ્રગટને મનોમન લાખ લાખ વંદન કરી રાજી થયા. (મહારાજે કહ્યું : મોટું કામ કરશે. તે જ્યારે ફુલવાડી મંદિર મહારાજનું સત્તયુગનું પહેલું મંદિર તેના ખાતમુહૂર્ત વખતે ઘણાં ઘણાં નામ હતા. પરંતુ તે નવિનકુમાર રતિલાલના હાથે ખાતમુહૂર્ત થયું ત્યારે તે વાત યાદ આવી.)

પછી તો મહારાજ રાજી થયા. બહાર પાટ પર બેસી ફોટા પાડ્યા. બાલમુકુંદ સ્વામીની મૂર્તિ લાવ્યા. કોઠારી સ્વામી વચ્ચે મહારાજ બાજુમાં મને બેસાડ્યો ને બોલ્યા કે, આ આપણી ગુરૂ પરંપરા આવી ગઈ. છગનભગત ફોટા પાડતા હતા. પછી મહારાજ ઊભા થઈ ત્યાં પાટ પાસે દાદરા બાજુ ચાલતા, માળા ફેરવતા બાજુમાં હું અને છગનભગત ચાલતા હતા ત્યારે મેં મહારાજને વાત કરી કે, મહારાજ આ અક્ષર પુરૂષોત્તમનું કઈ રીતે છે. મહારાજ કહે , તમારે એટલું જ સમજવાનું કે હું અક્ષર ને મહારાજ પુરૂષોત્તમ. અક્ષર પુરૂષોત્તમમાં બસ બીજું કાંઈ સમજવાની જરૂર નથી. આ મોટામાં મોટા ભગવાન કોઈને મળ્યા નથી એ તમારા ભેળા હાલે ચાલે ને વાતો કરે છે ને ત્યારે મહારાજ ઉઘાડા શરીરે માળા ફેરવતા હતા ને મને કહે, તું અહીં હાથ જોડી બાજુમાં ઊભો રહે. પછી ફોટાવાળાને કહે, લ્યો આ ફોટો પાડી લ્યો. તે બ્લેક એન્ડ વ્હાઈટ ફોટા છે. પછી એક બાજુ છગનભગત એક બાજુ રતિલાલભગત વચ્ચે મહારાજ એમ પણ ફોટા પાડેલા છે પરંતુ તે બ્લેક એન્ડ વ્હાઈટ છે.

એક વખત આફ્રિકાથી આવેલા કેશવજીભાઈ લક્ષ્મણભાઈ કાચા એ જામવંથલીમાં પોતાને ઘેર મહારાજ હસ્તક નારાયણબલી કરાવેલ. તેના મોટા ફળીયામાં સત્સંગ સભા હતી. રાસમંડળીઓ થતી હતી. એક દિવસ રાત્રે ચાવડાની રાસમંડળી ઢાલ-તલવાર લઈને પ્રગટ ભગવાનની સન્મુખ, ઢાલ-તલવારનો રાસ રમ્યા હતા. દરબારો, પટેલો અને કડિયા

બધાનો રાસ જોઈ મહારાજ ખૂબ પ્રસન્ન થયા ને આશીર્વાદ આપ્યા કે, તમે જ્યાં જશો ત્યાં તમારો વિજય થશે.

એક વખત દિલ્હીમાં ગુજરાતમાંથી ૧૮ રાસમંડળીઓ રમવા ગઈ હતી. તે ૧૮માંથી ચાવડાની રાસમંડળીનો પ્રથમ નંબર આવ્યોને સારું એવું સરકાર તરફથી ઈનામ-એવોર્ડ મળ્યા હતાં. આ પ્રગટનો રાજીપો, પ્રગટનો પ્રતાપ.

એક વખત મહારાજ ચાવડા પધાર્યા હતા, ત્યારે લીલાવંતીબેને સાડીઓ દરવાજેથી ઓરડા સુધી, ફળિયામાં પાથરી. મહારાજ તે પર ચાલીને આવ્યા હતા. લીલાવંતીબેન એક વખત એવું બોલ્યા હતા કે, મહારાજે મારી સાડીઓ પ્રસાદીની કરી તેથી સાડી વધતી રહી છે પણ ખૂટી નથી ને આનંદ-સુખ વધતા રહ્યા છે પણ ઓછા થયા નથી. મહારાજ પધાર્યા તે વખતે બાપુ સ્વામીના ગુરૂ વાસુદેવપ્રસાદ સ્વામી સાથે હતા. સંતો સહિત મહારાજ પધાર્યા હતા. ઘરે હિંડોળે મહારાજ સાથે વાસુદેવપ્રસાદ સ્વામી વિરાજમાન હતા. ઘરના બધાએ મળી મહારાજની પૂજા કરી, આરતી ઉતારી, દંડવત્ત પ્રણામ કરી પગે લાગી ચરણોમાં ભેટ ધરી. ઘરમાં ફળીમાં બધે પ્રસાદીનું જળ છાંટ્યું. મહારાજ બેઠા સેવા કરી ને બપોરે લાંબી ઓસરીમાં જમવા બેઠા. પાટલા, આસનિયા, ઢીંચણિયા ગોઠવી દીધા. ભગવાનને અને સંતોને થાળીઓ પીરસી, ભક્તો બધા ભાવથી જમાડે છે. અનંતધામના ધામી ભગવાન પ્રેમથી જમે છે. ભગવાન અને સંતો જમ્યા પછી મહારાજના થાળની પ્રસાદી ઘરના બધા જમ્યા પછી આરામ કરવા મંદિરે ગયા. જાગ્યા પછી ભક્તોને ઘેર પધરામણીએ ગયા પછી સાંજે મંદિરે આરતી, કથા, ધૂન, ભજન કરી, વાળું-પાણી કરી બધા સંતો પોઢી ગયા. પછી મહારાજને ઘેર તેડી લાવ્યા. એક રૂમમાં ગાદી-તકિયા નખાવી મહારાજ વિરાજમાન થયા. પછી સૌ સેવા કરવા લાગ્યા. કોઈ પગ દાબે, કોઈ હાથ દાબે, કોઈ માથું દાબે, કોઈ વાંસો દાબે. આમ બધા સેવા કરતા હતા. ત્યારે મહારાજ બોલ્યા, આ ભગવાન, આ જ તમને સોંપાઈ ગયા છે. પછી ઢોલિયા પર સૂતાને રાજી થઈ બોલ્યા કે, હું ના ન કહું ત્યાં સુધી દાબવાનું બંધ કરતા નહીં પછી તો બધા બેસી સેવા કરતા રહ્યા. મહારાજ વહેલી સવારે જાગ્યા ને બોલ્યા કે હજુ બધા દાબો છો ? હું તો ઘણી સૃષ્ટિમાં ફરી આવ્યો. પછી મહારાજ અપાર કૃપા કરીને બોલ્યા કે, આજે મારે તમને જેવી છે તેવી વાત કરવી છે. હું પરમધામથી આવ્યો છું. મારું નામ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ છે.

પછી ચિન્હોના દર્શન કરાવી કહ્યું કે, હું પરબ્રહ્મ પરપુરુષોત્તમ નારાયણ છું. તમો કોઈ

જગતના જીવ નથી, તમો બધા મારા અનાદિ મુક્તો છો. માટે તમોને આ યોગ થયો છે. આમ પરપણાની ખૂબ વાતો કરી અને વળી બોલ્યા કે તમારી બધાની પ્રીતિ, ભક્તિ, સેવાથી હું ખૂબ જ પ્રસન્ન છું, રાજી છું. તમારા બધાના ઘર-કુટુંબની એક રૂચી ને સાચો ભાવ છે માટે આ તમારું ભાગવત કુટુંબ છે. આમ પ્રગટ ભગવાને અપાર આશીર્વાદ, રાજીપો, આનંદરસ અતિશય વરસાવ્યો. બધાને મૂર્તિના સુખે સુખીયા કરી દીધા.

એક વખત મહારાજ ચાવડા વિરાજતા હતા ત્યારે મંદિરેથી વહેલી સવારે દિશાએ જવા નીકળ્યા ને રસ્તામાં હંસરાજબાપાનું ઘર આવે. તેમણે વાડીએથી ઘઉંના ગાડા ભરાઈને આવેલા તે રાત્રીના ખૂલા કરી ફળીમાં મૂકેલા હતા ને દરવાજો ખુલ્લો હતો ને મહારાજ સીધા ઘરે પધાર્યાને ઘઉંના ગાડા ભરેલા હતા તે ગાડા પર હાથ ફેરવીને બોલ્યા કે, અખૂટ રહો. તમારે કદી ઘઉં ખૂટશે નહીં. આમ આશીર્વાદ આપ્યા. સૌ પગે લાગી દંડવત્ત, પ્રણામ કર્યા ને અત્યંત રાજીપો વરસાવતા થકા, દર્શન દેતા પાછા મંદિરે પધાર્યા. બપોર પછી ચા-પાણી કરી ન્હાવા વાડીએ પધાર્યા. આ વાડીમાં બધે ફર્યા. વાડીમાં ફરતાં ફરતાં જ્યાં રીંગણી, મરચી વાવેલી ત્યાં ગયા. રતિલાલભગત કહે, મહારાજ આ રીંગણી, મરચીના ક્યારામાં ચાલો. જેથી પ્રસાદીના થાય ને સારા ઉતરે એવા આશીર્વાદ આપો. રીંગણા ખૂબ આવશે તો રીંગણા, મરચા જૂનાગઢ પહોંચાડીશ. પછી તો રીંગણા, મરચાનો મબલખ પાક થયોને જૂનાગઢ પહોંચાડ્યા. જોકે ભક્તોએ ભગવાન ઓળખાયા ત્યારથી જ ભાઈઓ, બેનોને એવી ટેક હતી કે જે કાંઈ વસ્તુ પહેલી થાય, ખેતરમાં મગફળીના ઓળા કે ચણાના ઓળા તેના સરસ કૂણા બીયા કાઢીને પ્રથમ મહારાજને મોકલતા. ઘઉંનો પોક થાય અથવા બાજરીનો પોક થાય તો પાડીને પ્રથમ જૂનાગઢ પહોંચાડતા. ઘી-દૂધ, અથાણા પણ સારા સારા મહારાજને ભાવતા. તે જૂનાગઢ પહોંચાડીને પછી જ ઘરમાં ઉપયોગમાં લેવાતા. આમ સર્વસ્વનિવેદીપણું કાયમ નિભાવી ભગવાનને રાજી કરતા.

અમારા કાકાનો દીકરો ૨૫ વર્ષનો તે થોડો મંદબુદ્ધિનો હતો. તે ગદબમાં પાણી વાળતો હતો. રતિલાલભગત કહે, મહારાજ આ પોપટભાઈને આશીર્વાદ આપો તો કાંઈક સારો થાય. પછી મહારાજ તેની પાસે ગયા, પોપટ પગે લાગ્યો. મહારાજ કહે, પોપટ લગ્ન કરવા છે, તો કહે ના મહારાજ. પછી મહારાજે કહ્યું કે, આ પોપટને કોઈ પ્રકારની વાસના નથી અને આજે એનું કર્મ પૂરું થાય છે. તેથી તેને અમે ધામમાં તેડી જઈશું. આમ મહારાજે આશીર્વાદ આપ્યાને અંતે પોપટને ધામમાં લઈ ગયા.

એક પ્રસંગ તેવો જ. હંસરાજબાપાના પિતાશ્રી કાનજીબાપા બીમાર હતા ત્યાં મહારાજ દર્શન દેવા ગયા. કાનજીબાપા બે હાથ જોડી પગે લાગ્યા. મહારાજ કહે, કાનજીભગત, માળા ફેરવો છો, મંદિરે જાવ છો, પૂજા-પાઠ કરો છો ? બાપા કહે, ના મહારાજ, કંઈ જ કરતો નથી. શરીર અશક્ત છે તેથી કાંઈ થઈ શકતું નથી.

પરમકૃપાળુ પરમાત્મા શ્રીકૃષ્ણવલ્લભાચાચાર્યજી મહારાજ, બાપા પર અતિશય કરૂણા દૃષ્ટિ કરીને બોલ્યા કે, બાપા માળા ન કરે તોય કાંય નહીં, મંદિરે ન જઈ શકો તો કાંય નહીં, પૂજા-પાઠ ન કરો તોય કાંય નહીં. અમે તમને ધામમાં તેડી જઈશું અને મહારાજના રાજીપાની દૃષ્ટિ બાપા પર પડી. છેલ્લી અવસ્થાએ બાપાના અંતકરણ, વિચારો બદલાઈ ગયા ને મહારાજની મૂર્તિ જોઈ દર્શન કર્યા. પછી હંસરાજબાપાને કહે, આ દેવજી તેનો નાના દીકરાનો ફોટો સામે હતો તે ઉતારી લ્યોને મહારાજની છબી ત્યાં પધરાવી દો, મને દર્શન થયા કરે. આમ પ્રગટ ભગવાનનાં દર્શન માત્ર કરી બાપાના બધા જ પ્રકારના મમત્વ છૂટી ગયા ને પ્રત્યક્ષ ભજન કરવા લાગ્યા અને મહારાજે આપેલું બિરૂદ તે વહેલી સવારમાં બધા ઘરનાઓ બાપાને પાણી પાતા હતા ત્યાં બાપાના ભાઈ ધરમશીબાપા બાઈઓને કહે કે, તમે અહીંથી આઘા જાવ. જૂનાગઢવાળા મહારાજ આવ્યા છે. આમ ધરમશીબાપાને દર્શન દઈને મહારાજ કાનજીબાપાને ધામમાં તેડી ગયા. આમ મહારાજનો રાજીપો બધા પર ખૂબ જ હતો કારણ કે કાનજીબાપાનો પરિવાર માજીથી લઈને મહારાજની હાજરી હતી ત્યાં સુધી બધાને મહારાજના દર્શન, મહારાજની કંઠી, દિક્ષાને મહારાજની મૂર્તિના સુખ-આનંદ બધાને મળ્યા છે. નાના-મોટા બધાને એક જ રૂચિ હોવાથી, મહારાજ રાજી હતા. એટલે જ હંસરાજ કાનજીબાપાના કુટુંબને મહારાજે ભાગવત કુટુંબ ગણાવ્યું છે.

ઈ.સ.૧૯૭૦ની સાલમાં મહારાજ જામવંથલી મંદિરે મૂર્તિ-પ્રતિષ્ઠા પ્રસંગે પધાર્યા હતા. સાત દિવસ કથા-સમૈયાની તૈયારીઓ કરી હતી. અનિરૂદ્ધસ્વામીની આજ્ઞાથી વંથલીના હરિભક્ત મેપાલાલભાઈ એ જે મૂર્તિ-પ્રતિષ્ઠા કરવાની હતી તે તેમણે બનાવડાવી આપી હતી. તે વખતે મોટા મોટા ધનપતિઓ પણ તે પ્રસંગે પધાર્યા હતા. રાજકોટ, જામનગરના સોની ભક્તો પણ મહારાજની કથા સાંભળવા આવ્યા હતા. કથા પ્રસંગે મહારાજ પોતાનું પ્રગટપણું પ્રભુપણું કહેતા હતા. તે સમયે વરસાદ આવવાથી બધા ઊભા થવા લાગ્યા. મહારાજ કહે, બેઠા રહો. વરસાદ નહીં આવે. મહારાજે વરસાદને સીમાડા તરફ વળાવી દીધો. સીમાડા બહાર ચોતરફ વરસાદ વરસ્યો. પરંતુ જામવંથલી ગામમાં વરસાદ ન આવ્યો

અને સાત દિવસની રસોઈના યજમાન પણ મહારાજે કરી દીધા. વિશેષ તો યજ્ઞના મુખ્ય યજમાન તરીકે અનિરુદ્ધસ્વામીએ મેપાલાલને કહેલું કે, તમે મૂર્તિ બનાવડાવી તેથી પ્રથમ પાટલો તમારો ને તેમાં પૂનાથી પધારેલા ડાયાભાઈ મકવાણા વિગેરે ભાઈઓ કહે, પાટલાનો ચડાવો કરીએ તો મંદિરને આવક થાય. મેપાભાઈ કહે, મને સ્વામીએ વચન આપ્યું છે માટે મકવાણા બ્રધર્સ ચડાવો કરીને જ યજ્ઞમાં ન બેસી શકે. બંને પોતપોતાની વાતમાં અડગ રહ્યા. પછી મહારાજને બોલાવી મિટિંગ કરી. મહારાજે મેપાભાઈને સમજાવ્યા છતાં ન માન્યા તે ન જ માન્યા ને કહે, હું મારી મૂર્તિ તો પધરાવવા જ નહીં દઉં. સમૈયો મૂર્તિ વિના પૂરો કેમ થાય ? પછી તો બધા ઝાંખા પડી ગયા. અનિરુદ્ધસ્વામી રડે છતાં કોઈ કોઈનું માને નહીં. આફ્રિકાથી આવેલા કેશવજીભાઈ ઉતાવળા થાય. પછી છેવટે મહારાજે કહ્યું, મેપાભાઈ તમે જે મૂર્તિ બનાવી છે તે તમો લઈ જજો. સવારે એવી જ મૂર્તિ હું પધરાવી દઈશ. આ પોતાનું ઐશ્વર્ય ભગવાનપણું બતાવીને કહ્યું, ત્યાં તો બધાને એમ થયું કે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ છે. તેથી ભગવાનનું કાર્ય બગડવા નહીં દે. આમ જ્યાં જ્યાં, જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે મહારાજે પોતાનું પ્રભુપણું બતાવ્યું જ છે.

રાજકોટ મંદિરનો પણ એવો એક પ્રસંગ છે. ત્યાં ઘનશ્યામ મહારાજની મૂર્તિ પધરાવતા પહેલા પ્રસંગ બન્યો હતો. ત્યાંના ઘણા હરિભક્તો જૂના મંદિરેથી નવા મંદિરે ઘનશ્યામ મહારાજની મૂર્તિ પધરાવવાની ના પાડતા હતા. તે વખતે ત્યાંનાં સત્સંગી ભકતોને મહારાજ કહે, તમે સૂતા હશો ને ઘનશ્યામ મહારાજ આકાશ માર્ગે ઊડીને આવીને બેસી જશે ત્યારે તમે શું કરશો ? એવો જ પ્રસંગ કાશીનો. કાશીના પંડિતો ભગવાન સ્વામિનારાયણની મૂર્તિ પધરાવવા દેતા ન હતા. ત્યારે પણ મહારાજે ભગવાનપણાનું ઐશ્વર્ય બધાને બતાવી મૂર્તિ પધરાવી હતી. આમ આ અનંત ઐશ્વર્યવાળા ભગવાનનું ભગવાનપણું બધે છલકાતું દેખાય છે. એવા ઘણાં પ્રસંગો છે. પછી તો મહારાજે જામવંથલી સ્વામિનારાયણ મંદિરમાં પોતાના હાથે સ્વયં શ્રીહરિની મૂર્તિ પ્રતિષ્ઠા કરી, મંત્રોચ્ચાર કરતા હતા ત્યાં બેલ્જિયમનો જાડો કાચ ધડાકા સાથે તૂટી ગયો હતો. તે પરચો હજારો ભક્તોએ જોયો ને પ્રગટ ભગવાનનો સર્વત્ર જયજયકાર થયો.

પછી મહારાજે સાત દિવસ કથા વાંચી, ત્યારે તે સમયે આફ્રિકાથી આવેલા કેશવજી લખમણ કાચાના નવા મકાનમાં મહારાજનો ઉતારો હતો, તે વખતે ગેટ પર સિક્યોરિટી તરીકે પોલીસના ડ્રેસમાં છગનભગત માસ્તર ફરજ બજાવતા હતા. દરરોજ સાંજે શ્રીહરિ

શરણાગતિ મંડળના ભક્તો દસ થી બાર હરિભક્તો કાયમ મહારાજની સેવા કરતા, કથા-વાર્તા કરતા. મહારાજ પ્રશ્ન-જવાબ એકબીજાને કરાવે ને આનંદ સુખ આપતા.
એક દિવસ મહારાજ ઢોલિયા પર સૂતા હતા. તેમાં પૂનાથી આવેલા ભક્તો ભેળો એક અજાણી વ્યક્તિ આવી ગઈ. પૂના ભેળા રહેતા તેથી છગનભગતે આવવા દીધા તે મહારાજ સૂતા હતા તે પાછળ બેસી ગયા. મહારાજે સૂતા સૂતા પાછળ હાથ કરી કહે, આ ભાઈ કોણ છે ? તે ઉડીને મહારાજ સામે આવ્યો. મહારાજ કહે, તમે ચાલ્યા જાવ. તે કહે, કેમ મહારાજ. ત્યારે મહારાજ કહે તમે પાત્ર નથી. તેથી તે ભાઈ ગયા તે ગયા જ, પાછા ન આવે. પછી મહારાજ કહે, સભાચેષ્ટા બોલો. પછી પ્રથમ શ્રીહરિને ચરણે શિશ નમાવું નૌતમ લીલા રે. એ આખી ચેષ્ટા બોલ્યા. પરંતુ જે લીલા ચિષ્ટામાં બોલવામાં આવે તેમ મહારાજ લીલા કરે, હસે બોલે. હાથ લાંબા કરી આશીર્વાદ આપે, ભક્તોને ભેટે. આવી બધી લીલાઓ મહારાજે કરી બધાને આનંદ આનંદ કરાવી દીધો ને મહારાજ બોલ્યા કે, આ અમારી સર્વે લીલાઓ સંભારી અમારી મૂર્તિનું ધ્યાન કરજો. પછી તો ઓરા આવો તે પદમાં ચિન્હો, પગલાના દર્શન કરાવ્યા. છેલ્લે વંદુના પદ બોલ્યા પછી મહારાજ કહે, પ્રેમાનંદ સ્વામીને ભગવાનની જેવી સ્મૃતિ હતી તેવી તમો આ પ્રત્યક્ષ મૂર્તિની રાખજો ને પછી રે શ્યામ સાચું નાણું એ પદ બોલ્યા. પછી મહારાજ કહે, સાચું તે નાણું અમે જ છીએ.

પછી મહારાજ કહે, તમો બધા પૂનાથી આવો છો તે પ્રશ્ન-ઉત્તર કરો તો ખબર પડે. પછી ભક્તોએ મહારાજને પ્રશ્ન પૂછ્યા. તે બધા સમજાય તેવી રીતે મહારાજે ઉત્તર દીધા. બધાને આનંદ પમાડતા રમૂજ કરતા, લીલાઓ કરતા દર્શન આપતા થકા મહારાજ પોતાના શયનખંડમાં પધાર્યા.

ચાવડાના ભક્તો ટપુલાલભગત અને રતિલાલભગત મહારાજને કહે, મહારાજ કાલે અમારી વાડીએ પધારો. મહારાજ રાજી થઈ કહે, ભલે અમો પધારીશું. શ્રાવણ માસ દરમિયાન હરિયાળી ધરતી, મોલ બધો ગાલે આવ્યો થકો ગલગલિયા કરે. આ રમણીય વાતાવરણમાં પરમધામાધિપતિ પરમાત્મા દિવ્ય મૂર્તિ જ્યારે પધારે ત્યારે તેનું વર્ણન કોણ કરી શકે ? આ દિવ્ય વાતાવરણમાં ભગવાનના સ્નેહી ભક્તોનું એક અવર્ણનીય મિલન, રાસ, પૂજન થાય તેને પૃથ્વી પર કોઈ રોકી શકતું નથી.

મહારાજને વંથલીથી સીધા સ્ટેશનના રસ્તે થઈ વાડીએ જવાનું છે. રતિલાલભગત ગાડું ચલાવે છે. ગાડું ચાલ્યું જાય છે. ત્યાં પાછળ અમુક ભક્તોને ખબર પડી તેથી પાછળ

ચાલતા આવે. મહારાજ કહે, એ ઓલા પાછળ જે આવે તેને ના પાડી દે. પછી તેને ના પાડવાથી પાછા વયા ગયા. પછી સ્ટેશનની બાજુના ખેતરમાં રણછોડ મૂળજી મનાણી વગેરે ભક્તો કામ કરતાં ત્યાં મહારાજે ગાડું ઊભું રખાવી દર્શન દેવા પધાર્યા ને પછી વંથલી મંદિરે આવ્યા. સવારે મંદિરમાં અસંખ્ય હરિભક્તોની સભામાં મહારાજ બોલ્યા કે, પ્રગટ ભગવાન અને પ્રગટના મળેલા વિશ્વમાં ક્યાંય છૂપા રહેતા નથી. તે વખતે મહારાજે અપાર કૃપા કરી સભામાં બધાને પોતાના કરકમળમાં અને ચરણકમળમાં ચિન્હોના દર્શન કરાવ્યા હતા અને બધાને રાજી કર્યા ને બોલ્યા કે, ચિન્હ-ચરિત્રને ચેષ્ટા વડે ભગવાન ઓળખાય છે.

ઈ.સ. ૧૯૭૪ની સાલમાં શ્રીહરિ શરણાગતિ મંડળના ભક્તોએ મળી મહા તિર્થધામ મોટી કુંકાવાવમાં સ્મૃતિ ભવનનું કામ ભગવાનજીભગત હસ્તક પૂરું કરાવ્યું. ઈ.સ.૧૯૭૫માં મહારાજની આરસની બેઠી મૂર્તિ પધરાવી. ૭૧મી જન્મજયંતી મહામહોત્સવ કુંકાવાવમાં ખૂબ જ ધામધૂમપૂર્વક ઉજવાયો હતો. મહારાજ ખૂબ રાજી થયા હતા. ભક્તો આનંદ સુખમાં ગરકાવ હતા. પછી મહારાજના દર્શને જૂનાગઢ ગયા. ભંડારને મેડે શ્રીહરિ શરણાગતિ મંડળની સભા વચ્ચે મહારાજ ઊભા રહ્યા. મંડળ પર અત્યંત રાજીપો વરસાવ્યો. ખૂબ ખૂબ આશીર્વાદ આપ્યા તે વખતે ફોટા પણ પાડ્યા હતા. ત્યારે મહારાજે બધાને ઉપદેશાત્મક વચનો કહ્યા હતા કે, દેશ-વિદેશ ગમે ત્યાં જાવ પરંતુ આ મારા લાલ ચાંદલામાં કોઈ દિવસ કાળપ આવવા દેતા નહીં. તે દિવસે કોઈને કાંઈ ખબર પડી નહીં. પરંતુ બધાને આરબ કન્ટ્રીમાં જવાનું થયું ત્યારે મહારાજના વચનોનો મર્મ સમજાયો.

એક બીજી વાત ચાર માવતરની કરી ત્યારે બોલ્યા કે, એક જન્મ દેનારા માવતર, બીજા પાળી-પોષીને મોટા કરે તે માવતર, ત્રીજા વિદ્યા ભણાવીને જ્ઞાન આપે તે માવતર, અને જે મોક્ષ આપનારા તે ચોથા નંબરના માવતર અમે છીએ. આ ચારેય પ્રકારના માવતરની જીવનપર્યંત સાર-સંભાળ રાખી રાજી રાખવા ને બોલ્યા જે અમારા ગરીબડા ભક્તોએ મારું કામ કર્યું પણ મારે તેને શું આપવું તે મહારાજે નક્કી કરી લીધું ને પડખાનો દેશ ખોલી દીધો. તે દુબઈ, મસ્કત, અબુધાબી, સાઉદી અરેબિયા, મનામા, બહેરીન, દોહાકતાર વિગેરે દેશોમાં ભક્તોને વિદેશમાં આવકાર મળવા લાગ્યા. જે ભક્તોને ત્યાં જવું હોય તેને મહારાજના આશીર્વાદથી પાસપોર્ટ, વિઝા મળી જતા ને વિદેશ પહોંચી જતા. પછી મહારાજ અમૃતવાણી કેસેટમાં બોલે છે કે, દેવોને અમૃત પાવા માટે ૩૬ કરોડ દૈત્યને પણ પાવું પડ્યું તેમ મારા ભક્તોને પૈસાવાળા કરવા આ બધું કરવું પડ્યું ને સુદામાની વાત કરી કહે છે

કે, શ્રીકૃષ્ણ ભગવાને સુદામાના તાંદુલના ફાકડા ખાધાં તેમાં ઘર, મકાન રૂપરંગ સાયબી બધું જ બદલાઈ ગયું. તેમ મારા આ ૨૦૦-૪૦૦ સુદામડાના ફાકડા મેં ખાધા તેમાં તેમના પણ ભાગ્ય બદલાઈ ગયા. પ્રસાદીપત્રમાં મહારાજ લખે છે કે નિસ્તેજ નારીઓને સ્વર્ગની રાજકુંવરી જેવી શોભાડી. વાંદરા જેવા છોકરાવને જય-વિજયથી મોટી પદવીઓ આપી, ગાર માટીના મકાનમાંથી બંગલા બનાવી દીધા. કેવા કામળા કેવા ધાબળા કેવા કપડાં. પહેલા તો કાંઈ પહેરવાનો વેત નહોતો. આમ ઘણું ઘણું મહારાજે ભક્તોને લખ્યું છે ને સુખીયા કર્યા છે. ત્યાર પછી મૂર્તિ કુંકાવાવ પધરાવ્યા પછી ભક્તોને સંત દિક્ષા આપી.

એકવાર રાજકોટમાં મહારાજ કહે, અમને કોઈ ઓળખે કે ન ઓળખે દર્શન કરવા આવે કે ન આવે પરંતુ ડેરામાં બેઠાં બેઠાં અમે થાળ જમીએ છીએ. ત્યાં ડેરામાં ઠાકોરજીને થાળ જમાડવા ટંકોરી વાગી. પછી મહારાજ જમવા પધાર્યા. કથા પૂરી થયા પછી રાજકોટ શહેરમાં નગરયાત્રા ફરવા મહારાજ તથા સંતો માટે ચાર ઘોડાની બગી મંગાવી. સંતોને મહારાજ બગીમાં વિરાજમાન થયા. ભકતોએ ફૂલોના હાર પહેરાવી ફૂલોની વૃષ્ટિ કરી. બાકી બધા સંતો ભક્તો, બાઈઓ, ભાઈઓ તમામ ધૂન-ભજન, વાજિંત્ર સાથે વાજતે ગાજતે અસંખ્ય જનો નગરયાત્રામાં જોડાયા. યાત્રા મંદિરેથી શરૂ થઈ. સંતો સાથે મહારાજ બગીમાં બેઠા છે. કિર્તન ગાવા શરૂ થવાના છે, વાજિંત્ર મંડળીઓ તૈયાર છે તે વખતે મનજીબાપા ખોલિયા હાજર હતા. તેઓએ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના જયજયકાર સાથે પ્રગટ ભગવાનના કિર્તનો બોલવા શરૂ કર્યા. હજુ તો એક કડી બોલ્યા, મહારાજની જય બોલ્યા ત્યાં બગીમાં બેઠેલા સંતોને અકળામણ થવા લાગી. તેથી બીજા સંતો મોટે સાદેથી બોલ્યા કે, અત્યારે તો જેની જય ને જેના કિર્તન ગાવા ઘટે તેના ગાવ. આ બગીમાં મહારાજની પાસે બેઠા બેઠા બોલે ને મહારાજ સાંભળી નીચું જોઈ મંદ મંદ હસે ને મહારાજને જોઈ મહારાજના ભક્તો રાજી થાય. એ દશ્ય દર્શન અલૌકિક હતા. આમ પ્રગટ ભગવાન ભક્તો માટે અનેક પ્રકારે લીલાઓ કરતા, રથ ચાલુ થયો. મનજીબાપા કહે, બોલો બોલો છોકરાવ પ્રગટના કિર્તન બોલો. ત્યાં બાઈઓ-ભાઈઓની અસંખ્ય મેદની ભેળી થઈ. મહારાજને રસ્તામાં ફૂલ-ચોખાથી વધાવીને પગે લાગે ને પેલા ભેળા બેઠેલા સંતોથી ન ઉઠાય કે ન જવાય. મહારાજ કહે, તમે બધા ભેગા બોલો ને સમાજ ભેગા ભળતા શીખો. આમ ભગવાનની લીલા-કળા અપરંપાર કે કોઈ પાર ન પામી શકે.

સમય જતાં મહારાજના રાજીપાથી બધા વિદેશ જવા લાગ્યા. પહેલો પગાર

ભગવાનને અર્પણ કરતા અને ભગવાનને રાજી કરતા. મહારાજ સર્વની નજર રાખતા, રક્ષા કરતા. ભક્તો કથા-વાર્તા, જન્મજયંતિના મહોત્સવ કરતા અને ભગવાનને રાજી કરતા. ઈ.સ.૧૯૭૬ની સાલમાં અમો રતિલાલ તથા અમરશી દેશરાજ બંને ભાઈઓ દુબઈ ગયા. બે મહિના કામ કર્યું. ત્યાં મહારાજની ટપાલ આવી કે, અમારા ચરણારવિંદનો બ્લોક બનાવવો છે. રૂપિયા ૪ થી ૫ હજારનો ખર્ચ થશે. મહારાજની આજ્ઞાનો પત્ર વાંચી તુરત જ પાંચ હજારનો ડ્રાફ્ટ હંસરાજબાપાને મોકલી કહ્યું કે, આ પૈસા તરત જ જૂનાગઢ મહારાજને પહોંચાડી દેજો. બસ હંસરાજબાપાને બેંકમાંથી પૈસા મળ્યા કે તરત જ જૂનાગઢ મહારાજને દેવા ગયા. કંઈક તલ, ચણા ને ગાય દુઝતી હતી તો દૂધની બરણી ભરતા ગયા. મહારાજના દર્શન-દંડવત્ત કરી પગે લાગી બેઠા. મહારાજ કહે, ઓચિંતા. તો કહે, ચરણારવિંદના બ્લોકના પૈસા દેવા આવ્યો છું. મહારાજ ખૂબ રાજી રાજી થઈ ગયા ને હંસરાજબાપાને કહે, તમે સેવા કરી તો મારે તમને કંઈક આપવું પણ સવારે અત્યારે નહીં. હંસરાજબાપાને વિચાર આવે કે મહારાજ શું આપવાના હશે ? બસ સવારે નાહીધોઈને ગયા તો મહારાજે પહેલી વખત મુંબઈ બનેલી લાલજી મહારાજની મૂર્તિ લાવ્યા. મહારાજે સ્વયં નવડાવ્યા, વાઘા પહેરાવ્યા ને પૂજા-આરતી કરી કહ્યું કે, આ મૂર્તિ તમને આપવી છે. તમારે ઘરમાં જ્યારે કાંઈ પણ કામ પાડે, કાંઈ જરૂર પડે ત્યારે આ મૂર્તિને પગે લાગી પ્રાર્થના કરજો. આ મૂર્તિ તમારા બધા જ સંકલ્પો પૂરા કરશે. આની સેવા-પૂજા કરજો.

દુબઈમાં મહારાજે કમાણી આપી. તેથી મહારાજની સેવા થઈ, ફુલવાડીની સેવા થઈ. દુબઈથી મહારાજે રતિલાલભક્ત ને અમરશીભક્ત બંને ભાઈઓને ઈરાક મોકલ્યા. ત્યાં કામધંધામાં, પૈસા ઈન્ડિયા મોકલવામાં મુશ્કેલી હતી તે સમયે મહારાજે શ્રીહરિ શરણાગતિ મંડળના નામનો રાધારમણદેવનો લેખ લખાવી સવારથી મંદિરમાં ઠાકોરજી જાગે ને રાત્રે પોઢે ત્યાં સુધીની કાયમી સેવા ને તેના ફળ-પુણ્ય શ્રીહરિ શરણાગતિ મંડળના ભકતોને મળતા રહે. મહારાજે ઈરાક પત્ર લખ્યો. જે આ રીતે અમે નિરધાર્યું છે ને પાંચ હજારની સેવામાં તમને સામેલ કરશું માટે દિવાળી પહેલાં મોકલી દેજો. ત્યાંથી ઈરાકથી પૈસા જાય એમ ન હતા એટલે દુબઈ વિશ્વાસુ ભક્તોને રતિલાલભગતે પત્ર લખી કહ્યું કે, તમો પાંચની સેવા જૂનાગઢ મોકલી દેશો. અમો તમોને આપી દેશું. એ રીતે પણ મહારાજ રાજી થઈને આશીર્વાદ આપ્યાના પ્રસાદી પત્રો છે. પછી તો દુબઈ-ઈરાકથી દેશમાં આવતા રહ્યા અને મહારાજે પાછા બહેરીન મોકલ્યા. રતિલાલભગતે મહારાજને લખ્યું કે, દુબઈમાં ભક્તો ઘણા હતા, ભજન-

ભક્તિનું, કથા-વાર્તાનું સુખ સારું હતું. મહારાજે રતિલાલભગત આદિકને જણાવ્યું કે, તા. ૨૨-૮-૧૯૮૦નો પ્રસાદીપત્ર છે કે ભગવાનની અકળ લીલા છે. દુબઈની ભૂમિ જગાડી હવે બહેરીનથી ઉપડ્યું વિમાન રિયાધમાં ઉતરી આખું સળગી ગયું. બધા સળગી ગયા અને તમનો ભગવાને ભજન કરવા અને કમાવા રક્ષામાં રાખ્યા છે. જૂનાગઢ રાજીપાના આશીર્વાદના અસંખ્ય પત્રો મહારાજે લખેલા છે. વિદેશથી જૂનાગઢ દર્શને જતા ત્યાં મહારાજને જમાડતા, રમાડતા, નવડાવતા, આરતી ઉતારતા, પ્રસાદ જમતા એવા ઘણાં ઘણાં દિવ્ય ફોટાઓ ભક્તો ભેગા છે. મહારાજ પણ ભેગા મળી રમૂજ કરી આનંદ પમાડતા.

જામવંથલી ફુલવાડી મંદિરનું કામ જ્યારે ચાલું હતું ત્યારે બહેરીનથી સેવાનું લિસ્ટ બનાવી બધે મોકલ્યું. તે પ્રમાણે બધી સેવાઓ પૂરી થઈ. એક, બે, ત્રણ ત્રણ રાઉન્ડથી સેવાઓ ભક્તોએ પૂરી કરી. મંદિરનું કામ પુરજોશમાં ચાલતું તેથી અમો જૂનાગઢ દર્શન કરવા ગયેલા. મહારાજને દંડવત્ત કરતા હતા. મહારાજ પૂજા કરતા હતા તે અમારા સામું જોઈને મહારાજ કહે, રતિલાલ તમો ભાઈએ મળી એક ફુલવાડીનું શિખર કરાવી દેવાનું છે. મેં કહ્યું, હા મહારાજ અમો એક શિખરની સેવા કરીશું પછી હંસરાજબાપા દર્શને ગયા તેમને પણ મહારાજે કહ્યું, હંસરાજભગત તમારે એક શિખરની સેવા કરવાની છે. હંસરાજબાપા કહે, મહારાજ બધું તમારું જ છે. તમો જેમ કહેશો તેમ કરશું. પછી હંસરાજબાપા કહે, બહેરીનથી રતિલાલનો પત્ર હતો તેમને જણાવ્યું હતું કે મહારાજની આજ્ઞા છે કે, એક શિખરની સેવા કરવાની છે, તો આપણું જે ૫૦ વીઘાનું ખેતર છે તે વહેંચી મહારાજને પૈસા આપી દો. એ વાત મહારાજને હંસરાજબાપાએ કરી. તો મહારાજ કહે, હંસરાજભગત ખેતર ન વહેંચાય. ખેતરને વેચી છોકરાવને ચોરે બેસાડશો ? ખેતર છે તે રત્ન છે, તેને વેચવું નથી. હું કમાણી આપીશ. તેમાંથી આપજો મહારાજની સલાહ માની જેમ જેમ અમે પૈસા કમાયા તેમ તેમ ફુલવાડી ટ્રસ્ટી મંડળને મોકલતા ગયા અને શિખરની સેવા વિશે મહારાજ પ્રસાદીપત્ર નં.૪૫૩માં મહારાજ લખે છે. ૧. શિખર હંસરાજ ચાવડાવાળા, ૨. શિખર લુહાર કરશનભાઈ, ૩. મોટો ઘૂમટ હેમંતભગત જૂનાગઢવાળા આમ ઘણું ચોખવટથી લખ્યું ને કેસેટમાં પણ ઘણું ચોણવટથી બોલે છે તો આ રીતે હંસરાજબાપાને તેમના ઘરકુટુંબ પરિવારે મહારાજની નાની મોટી આજ્ઞા-શિર સાટે પાળી છે, સેવાઓ કરે છે ને કરતા આવ્યા છે. તેથી હંસરાજબાપાના કુટુંબને મહારાજે ભાગવત કુટુંબ ગણાવ્યું છે. તે પ્રમાણે પ્રસાદીપત્રોમાં મળી રહે છે.

તા.૨૦-૫-૧૯૮૫ પત્ર નં.૪૨૫. રતિલાલભગત પર લખેલા પ્રસાદીપત્રમાં ખૂબ આશીર્વાદ તથા અત્યંત રાજીપો મહારાજે વરસાવ્યો છે. ભક્તિ કરો, ગુણગાન કરો, કથા-વાર્તા કરો, દેશમાં બધા સુખી છે. પ્રસાદી ગુલાબ પાંખડી ખાજો. અપાર કૃપા છે, સુખી છો. કંપની રોકે ત્યાં સુધી રોકાજો, કમાવો વાપરો, માવતરને રાજી કરો. બધા સારાવાના હો. તમારું ઘર નાણા, દાણા ભક્તિમાં બધા કરતા ચડિયાતું છે, પરિવાર સુખી છે. અક્ષરધામનો દિવ્ય આનંદ અનુભવો છો, ધન્ય છે તમારા મા-બાપને, કુટુંબને, બાળ-બચ્ચાઓને ધન્ય છે, સુખી રહો, ભગવાન રક્ષા કરે છે. આશીર્વાદ. કાંઈ જોઈતું નથી, હેત મોંઘુ નાણું છે તે દેવું. સેવાઓ તો ઘણી થઈ, થાશે. આત્મા દિલ સાક્ષી પરમાત્મા હેત એ પાંચની મૂર્તિ હૃદયાકાશમાં બેઠી છે તેમ વર્તવું. વિશ્વભરને કાંઈ જોઈતું નથી. કાલાઘેલા બાળકોને વરસતા હૃદયે આશીર્વાદ. અમરશીને આંતર શત્રુ નહીં નડે, મુક્તપણે વર્તવું, વિશ્વંભરને કાંઈ જોઈતું નથી. ભક્તોનું, ભગવાનનું એક જ છે માટે સત્સંગ વધારવો. દિવ્ય ભાવ વધ્યો જ છે. તન, મન, ધન ભાવના વડે વિશેષ ગુણો, સદ્‌ગુણો વડે ભગવાન રાજી જ છે. એ જ. કૃ.વ.આ. સ્વા.ના મંદિર ભંડારને મેડે, જૂનાગઢ.

દેશ-વિદેશમાં ભજન-ભક્તિ, કથા-વાર્તા, મહારાજની કૃપા દૃષ્ટિથી ખૂબ થતા. ધર્મ, નિયમ દેશમાં રહી રાખતા. ઘણાં ભક્તો દુબઈ જેવા મલીન દેશમાં રહી ધર્મ-નિયમમાં અડગપણે રહ્યા છે. એટલે તો મહારાજે કહ્યું કે, તમો બધા કેવા બ્રાહ્મણોના જેવા ધર્મ પાળો છો. જોઈને બધા રાજી થાય છે. પ્રગટના ભક્તો જ્યાં વસે ત્યાં વરસાદ ન થતા હોય પણ થાય. કથા-વાર્તા તો કાયમ કરતા પરંતુ એક વખત બહેરીનમાં રતિલાલભગત કથા કરતા હતા ને મહારાજના પ્રત્યક્ષ સ્વરૂપ નિરૂપણ સર્વોપરી ઉપાસના નિશ્ચય ભક્તિની વાર્તા ચાલું હતી તે સમયે હરિલાલ વેલજી ખોલિયા ભક્તએ એ કથાની કેસેટ રેકોર્ડ ઉતારી લીધી અને જૂનાગઢ ગયા ત્યારે સાથે લઈ ગયા અને મહારાજને કેસેટ સંભળાવી કે જુઓ મહારાજ અમો કાયમ ધૂન-ભજન, કથા-વાર્તા કરીએ છીએ તે મહારાજે પૂરેપૂરી સાંભળી ખૂબ રાજી થયા અને રતિલાલભગતને રાજીપા આશીર્વાદનો પ્રસાદી પત્ર નં.૩૦૦, ૧૨-૫-૧૯૮૧ના પત્રમાં લખ્યું કે. હરિલાલ વેલજીના રેકર્ડમાં રતિલાલ હંસરાજનો પ્રગટ નિશ્ચય ઉપદેશ પૂરો સાંભળ્યો. ભગવાનના રાજીપાનો પત્ર હિરજી પેથા પરનો પૂરો વાંચ્યો. પ્રગટના ઉપાસકોમાં પ્રગટ વસ્યા છે. જેઓને વ્યાસો જેવા સિદ્ધાંતો બોલતા આવડે છે, ધન્ય છે, શાંતિ વધે છે, આનંદ થાય છે. તેવા ટેપરેકોર્ડ ઉતારવા બધે મોકલવા આજ્ઞા કરી છે. એજ પત્ર-૩૦૧માં

તેમજ અમૃતવાણીમાં પણ મહારાજે આશીર્વાદ મોકલ્યા હતા કે, હવે તમો દેવોની સભામાં જશો તોય વિજયી થશો. આમ ભક્તોના પ્રમાણો મહારાજે આપ્યા છે. મહારાજ તો ન્યાયના આચાર્ય હતા. તેથી જેના જે રૂપ હતા તે મહારાજે પ્રસાદીપત્રોમાં સ્પષ્ટ લખ્યા છે.

બસ આ જ મહારાજના અંતરના અઢળક અપાર આશીર્વાદથી કુંજવૃત્તિથી સેવી મહારાજે તૈયાર કરેલા આ પ્રગટ ભગવાનના પ્રતાપથી રતિલાલ ભક્ત કથા-પારાયણો કરે છે. ભગવાન ભેગા રહીને કરાવે છે. તા.૨૦-૫-૧૯૮૧નો પ્રસાદીપત્ર રતિલાલભગત પર લખેલો કે, વહાલા પ્યારા એકાંતિક ભક્તો રતિલાલ તમારું ટેપરેકોર્ડ પૂરું સાંભળ્યું. નિશ્ચય, ઉપાસના, ઉપદેશ બધું ઉત્તમ પ્રસન્નતા મેળવે તેવું છે. પત્ર પણ વાંચ્યો, ચોપાઈઓ સહિત ગ્રંથમાં ઉતારી લીધેલ છે. આનંદનો પાર નથી.

અમે ઈ.સ.૧૯૭૫માં કુંકાવાવ ધામમાં મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે જાહેરસભામાં પ્રવચન કર્યું ત્યારે પણ જૂનાગઢ ગયા અને મહારાજ રાજી થઈ આશીર્વાદ આપ્યા હતા અને કહ્યું હતું કે, આવું બોલતા બધાને આવડવું જોઈએ.

એક વખત જૂનાગઢ મહારાજના દર્શન કરવા ગયા હતા. જ્યારે જ્યારે જૂનાગઢ મહારાજના દર્શને જઈએ ત્યારે મહારાજ પોતાના આસનેથી ઊભા થઈ સામા આવે ને ભક્તોને ભેટી ખૂબ જ પ્રેમભાવ જણાવતાં ને ભક્તોને રાજી કરતા. મહારાજને દંડવત્ત, પ્રણામ કરી પગે લાગી બેઠા. બધાના ખબરઅંતર પૂછ્યા, બધાના સમાચાર આપ્યા. મહારાજને ફ્રુટ, સફરજન અર્પણ કરી ફૂલના હાર પહેરાવી પૂજા કરી, આરતી કરી, સેવા કરવા લાગ્યા. રતિલાલભગત સેવા કરતા હતા ત્યાં હેમંતભગત આવ્યા તે વખતે મહારાજને એક પુસ્તક વિદેશ પોસ્ટ દ્વારા મોકલવાનું હતું. તો મહારાજ કહે, હેમંત તું અને રતિલાલ બંને જઈ આ પુસ્તક પોસ્ટમાં રજીસ્ટર્ડ કરી આવો. સાથે ઈંગ્લીશમાં એડ્રેસ લખી આપ્યું ને કહ્યું કે, પોસ્ટમાંથી લિફાફો કવર લઈ ઉપર આ એડ્રેસ કરી રજીસ્ટર્ડ કરી નાખજો. પછી તો અમે બંને જણા જૂનાગઢ મંદિરેથી પોસ્ટમાં ગયા પુસ્તક પ્રમાણે પોસ્ટમાંથી કવર આપ્યું પરંતુ મહારાજે લખેલું ઈંગ્લીશમાં એડ્રેસ તેમાં કાંઈ સુઝ પડે નહીં. તેથી હેમંતભગતે પોસ્ટના સાહેબને કહ્યું કે, આ એડ્રેસ કવર પર લખી આપો ને એડ્રેસ જોઈ ત્યાંના બધા સાહેબે કહ્યું, આમાં અમને કાંઈ શબ્દ સમજાતો નથી. જો કાંઈક લખવામાં ફેરફાર થાય તો પુસ્તક અટવાઈ જશે, પહોંચશે નહીં. માટે ઊંચા ભણતરવાળા પાસે એડ્રેસ કરાવી આવો, ત્યારે હેમંતભગતે મને કહ્યું કે, આ મેડિકલવાળા ડૉકટરો વધારે ભણેલા હોય તે કરી દેશે. તમે મારી સાથે

ચાલો. પછી પોસ્ટઓફિસેથી મંદિર સુધી જેટલા મેડિકલ સ્ટોર હતા તે બધાને બતાવ્યું. પરંતુ મહારાજે લખેલ કોઈ ઉકેલી શક્યું નહીં. છેવટે અમો બંને જણા મંદિરે મહારાજ પાસે ગયા ને મહારાજને કહ્યું કે, આ કવરમાં કોઈએ એડ્રેસ કરી ન આપ્યું. તેથી પાછા તમારી પાસે આવ્યા છીએ. મહારાજ કહે, રતિલાલ તને પણ ન આવડ્યું ? મેં કહ્યું, ના મહારાજ. પછી મહારાજ કહે, હેમંત તનેય ન આવડ્યું ? તો તે કહે, ના મહારાજ. પછી તો મહારાજની લીલા મહારાજ સમજે. અમને બંનેને કહે અહીં આવીને બેસો ને લાવો કવર. મહારાજે તો કવર પર એડ્રેસ કરી આપ્યું ને એક સુંદર વાત કરવા લાગ્યા. જે ભગવાન સ્વામિનારાયણે તેના સંતો મુક્તાનંદ સ્વામીને પૂછ્યું જે આ તુંબડી ફૂટી જાય તો તમને સાજી કરતા આવડે કે નહીં ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું, ના મહારાજ. ત્યારે ભગવાન સ્વામિનારાયણે કહ્યું કે, તમે તમારી મોટપને જાણતા નથી. તમારા કાંડામાં એવું બળ છે કે તમે સંકલ્પ કરો તો જીવ બ્રહ્મલોકમાં પહોંચે પણ વચમાં ક્યાંય રોકાઈ નહીં. પરંતુ તમે તમારી મોટપને જાણતા નથી. એ દૃષ્ટાંત આપીને મહારાજ બોલ્યા કે, હું પરમધામથી પરબ્રહ્મ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ અહીં તમારા ભેળો તમારા જેવો થઈને રહું છું. તમને મારો સાક્ષાત્ યોગ છે. માટે તમે ધારો તે થાય. કારણ કે આ પ્રત્યક્ષ પરપુરુષોત્તમનો તમારે સાક્ષાત સંબંધ છે. આમ પરમ રહસ્યભરી મહારાજ વાત કરતા હતા. ત્યાં પોસ્ટમેન મહારાજને ટપાલ દેવા આવ્યોને મહારાજને પગે લાગ્યો. મહારાજે પ્રસાદી આપીને એડ્રેસ કરેલ લિફાફો પણ તેને આપી કહ્યું કે, આ પુસ્તકને આજે જ રવાના કરી દેજો. પછી હેમંતભગત કહેવા લાગ્યા કે- મહારાજે પોતાનું પરસ્વરૂપ આપણને સમજાવવા આ લીલા કરી. સંબંધનો મહિમા સમજાવી આપણું સ્વરૂપ પણ મહારાજે સમજાવ્યું. ત્યારે અમો રાજી રાજી થયા.

બપોરે જમી મહારાજે પ્રસાદી આપી. મહારાજ આરામ કરતા પોઢી ગયાં. આરામ કરી જાગ્યા પછી બહાર પાટ પર વિરાજમાન થયા, ત્યાં એક પીળી ચોટલીવાળા જોગી સ્વામી કાયમ ઠાકોરજી જાગ્યા પછી મહારાજ માટે લીલો મેવો કાં સૂકો મેવો લઈ મહારાજને જમાડવા આવતા. તે હું અને મહારાજ તથા બીજા ભક્તો પણ બેઠા હતા ત્યાં જોગીસ્વામી આવ્યા. મહારાજને પગે લાગી થાળમાં લાવેલ ફ્રુટ મહારાજને જમાડી અમને પ્રસાદી આપી. મહારાજ, સ્વામીને કહે જોગીરાજ બેસો. પછી બેઠા ને જોગીસ્વામી વાત કરવા લાગ્યા કે, જ્યાં ભગવાન રહેતા હોય ત્યાં મોટા પુરુષ રહેતા હોય. તે સ્થાનને બ્રહ્મલોક કહેવાય આમ વાત કરતા જાય, હસતા જાય ને મહારાજ પણ મંદ મંદ હસીને કહે. જુઓને જોગીસ્વામી આ

બ્રહ્મલોકમાં પણ કોઈ આવા લીટા કરી જાય છે દિવાલ પર. ચોકના લીટા કરેલા મહારાજે દેખાડ્યા ને આમ મર્મ કહ્યો. આ અમે રહીએ છીએ તે બ્રહ્મલોકમાં જ રહીએ છીએ. કારણ કે અમે સ્વયં બ્રહ્મલોકના વતની છીએ. પછી તો તે જોગીસ્વામી ખૂબ હસ્યા ને તેઓ પોતે નિર્મળ હોય, હૃદય શાંત સ્વભાવને સાધુગુણે યુક્ત હતા. તેઓ મહારાજ- રાધારમણદેવ, ઘનશ્યામ મહારાજના દર્શને જતા. ત્યારે પણ કાયમ પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ગળામાં હાર પહેરાવતા ને નાના નાના બાળકો મંદિર પર મહારાજ પધારે ત્યારે દંડવત્ત કરતા, હરિભક્તો પગે લાગતા તે જોઈને જોગીસ્વામી બહું જ રાજી થતા. ઘણાને ઘણું બધું ન ગમતું પરંતુ જોગીસ્વામીને મહારાજની દરેક ક્રિયા ગમતી હતી.

ત્યાર બાદ પાટ પરથી ઊભા થઈ મહારાજ રૂમમાં પોતાના આસને પધાર્યા. કલમ ચાલુ - લખતાં, કામકાજ થકા પણ ભક્તોને સેવા આપતા. ત્યારે એક પ્રસંગ એવો બન્યો કે મહારાજની હું રતિલાલ સેવા કરતો હતો. બાજુમાં નળીયાવાળું મકાન ને ત્યાં બારી હતી. તેથી બધું દેખાય ત્યાં એક બિલાડો આવ્યો. મહારાજે તેને જય સ્વામિનારાયણ કહ્યાં. મને એમ થયું કે, મહારાજે કોને જય સ્વામિનારાયણ કહ્યા ? તુરત જ મહારાજ મને કહે, આ બિલાડો એ સ્વર્ગનો રાજા ઈન્દ્ર છે.

આમ કોઈને કોઈ રૂપે બધા દેવો કાયમ મહારાજના દર્શને આવતા અને હાથ જોડીને વિનંતી કરતા કે, મહારાજ અમને કંઈક સેવા આપો. ત્યારે મહારાજ અમને કહેતા, તમે જે સેવા કરો છો, આ પ્રગટ ભગવાનનો આનંદ લો છો તે તેમને મળતો નથી, પણ પ્રાર્થના કાયમ કરે છે. ક્યારેક તેના જેવું કામ પડે તો સેવા આપીએ નહીંતર દર્શન કરી ચાલ્યા જાય.

એક વખત ચાવડા અમારી વાડીએ મહારાજ પધારેલા ને મગફળીની ગુણો ખડકીને ટપુલાલભગત તથા ઘરના બધાએ મળીને મહારાજ માટે સ્ટેજ બનાવ્યો તેના પર ગાદલા નાખી ગુણોના ટપા કરી સુંદર ઊંચો સ્ટેજ તૈયાર કરી મહારાજને પધરાવ્યા હતા. સાથે સંતો વિરાજમાન હતા. નીચે ભક્તો, ભાઈઓ, બેનો બેઠા હતા. મહારાજ પોતાની અમૃતવાણીનો લાભ આપતા હતા. ત્યાં સામેથી એક મોટો સાપ ચાલ્યો આવે બધા ઊભા થવા લાગ્યા. મહારાજ કહે, કોઈ ઊભા થતા નહીં તેને અહીં આવવા દો. પછી તો તે સાપ વીંટાઈ, ઊંચો થઈ મહારાજની સામે બેસી ગયો. મહારાજ કહે, એક બાલટી પાણી લાવો. પછી કૂવામાંથી એક બાલટી પાણી સીંચી લાવ્યા ને મહારાજ નીચે ઉતરી પોતાના હાથે તે સાપને એ બાલટીમાં પાણી પાઈ દીધું. તુરત તે સાપ ત્યાંથી પાછો ચાલ્યો ગયો, ત્યારે ભક્તોએ

પૂછ્યું, આ નાગદેવતા કોણ હતા ? મહારાજે કહ્યું, આ નાગદેવતા ખુદ શેષનારાયણ હતા ને ઘણાં સમયથી અમારી પ્રસાદી ઈચ્છતા હતા. તે મોકો મળ્યે તે શેષનારાયણને આ અમારી પ્રસાદીનો લાભ મળી ગયો. આમ આ પ્રગટ પરબ્રહ્મ પરનારાયણના દર્શન કરવા દેવતાઓ, દેવો, ઈશ્વરો પધારતા.

ફુલવાડીમાં મહારાજે પોતાની મૂર્તિમાંથી અવતારો પ્રગટ કર્યા ને પાછા પોતાની મૂર્તિમાં લીન કર્યા આવા દર્શન ઘણાં ભક્તોને થયા. એમ છગનભગતના મુખે સાંભળેલું. તેમજ કુંકાવાવના સરપંચ લક્ષ્મણભગતને પણ તોરી રામપર કથા કરવા મહારાજ પધાર્યા ત્યારે લક્ષ્મણભગતને પણ આ રીતે ૨૪ અવતારને મહારાજે પોતાનામાં લીન કર્યા અને પ્રગટ કર્યા એવા દર્શન આપ્યા હતા. તે ભગવાનજીભગતના મુખેથી સાંભળ્યું હતું. તો આમ દેવો, ઈશ્વરો, અવતારો, મુક્તો બધા જ આ પ્રત્યક્ષ પુરુષોત્તમ નારાયણ અનાદિ શ્રીકૃષ્ણનારાયણના દર્શન કરવા આવતા અને મહારાજ પૃથ્વી પર વિચરતા, ભક્તોના મનોરથો પૂરા કરી દર્શન, પરચા આપતા. દુઃખીયાના દુઃખ મટાડતા, દિવ્ય ચરિત્રો, મનુષ્ય લીલાઓ કરતા થકા સહુને આનંદ પમાડતા.

એક વખત પૂનાથી સીધા જૂનાગઢ મહારાજના દર્શને જવાનું છે એમ રતિલાલભગતે સભામાં બધા ભક્તોને કહ્યું. તો બધા પ્રગટ ભગવાનના ભક્તિ કરનારા સ્નેહી ભક્તોએ અનેક પ્રકારની ભેટ, સેવા તેમજ બધા જ પ્રકારના મેવા લઈ પૂનાથી મારી સાથે મોકલ્યા. આ બધી વસ્તુઓ સાથે ત્યાં દસ મુક્તો ત્યારે હતા તે દસ મુક્તો અને દસ મુકતાણીઓના ફોટા પણ મોકલ્યા હતા, સીધા જૂનાગઢ ગયા ત્યારે એક નવા ભગત જગજીવનભાઈ મહારાજના દર્શન કરવા મારી સાથે આવ્યા હતા તેમને રામના રૂપમાં મહારાજના દર્શન કરવા હતા. તેથી બંને જૂનાગઢ પહોંચ્યા. નાહીધોઈ, ચા-પાણી, નાસ્તો કરી મહારાજના દર્શન કરવા મહારાજના નિવાસે ગયા. દર્શન, દંડવત્ત, પ્રણામ કરી પગે લાગી બેઠા. મહારાજ કહે, હું ક્યારનો તમારી રાહ જોઉં છું કે, મારા માટે કંઈક સારું સારું લઈ આવશે.

આમ ભક્તોના સાચા હૃદયભાવથી ભગવાન ખૂબ રાજી થયા. પછી એક એક ભક્ત અને ભક્તાણીના નામ લઈને મહારાજને સેવા-ભેટ અર્પણ કરી. મહારાજે પ્રેમથી બધી જ સ્વીકારી. મહારાજે કહ્યું, હવે બીજું કાંઈ મોકલ્યું નથી. મેં કહ્યું, મહારાજ ભક્તો અને ભક્તાણીઓના ફોટા મોકલ્યા છે તે મહારાજને આપ્યા. પ્રથમ ભક્તોના ફોટા જોઈ એક એક ભક્તના નામ લઈ મહારાજને ઓળખાવ્યા. પછી ભક્તાણીઓના ફોટા આપ્યા તે જોઈ

મહારાજ હસતા, રાજી થઈ બોલ્યા કે મારી કાબરું કેવી બેઠી છે. પછી તે પણ એક એકના નામ દઈ મહારાજને ઓળખાવ્યા. મહારાજે હાથ ફેરવી રાજીપો વરસાવતા બોલ્યા કે આ ભક્તો, ભક્તાણીને હવે કાયમ ભેગા રાખીશું. જોકે મહારાજ બધા ભક્તોને ઓળખતા હતા છતાં આપણને યાદ રહે. પ્રગટ મૂર્તિનું સ્મરણ રહે તે માટે પ્રત્યક્ષ ભગવાન આવી ન્યારી ન્યારી લીલાઓ કરી ભક્તોને આનંદ પમાડતા હતા.

મહારાજના દર્શન કરી, સેવા કરી બહાર નીકળ્યા ત્યારે જગજીવનભગત કહે, મને તો મહારાજે કાંઈ કહ્યું નહીં. રામ રૂપે દર્શન કરાવ્યા નહીં. મારું કામ થશે કે કેમ ? તમે મહારાજને કહો મને રામરૂપે દર્શન આપે. મેં કહ્યું, ધીરજ રાખો. અંતર્યામી ભગવાન બધું જાણે છે. સ્વતંત્ર મૂર્તિ છે તે તમારાય સંકલ્પ પૂરા કરશે. પછી તો સવારમાં ઊઠી મહારાજના દર્શન કરવા ગયા, મહારાજ પૂજામાં બેઠા હતા. દંડવત્ત, પ્રણામ કર્યા. મહારાજની આરતી ઉતારી, તૈયાર થયા. ત્યાં રાધારમણ દેવની આરતીની ઝાલર વાગી. મહારાજ કહે, ચાલો દર્શન કરી આવીએ. ઝરમર વરસાદ ચાલુ હતો. મહારાજ મને કહે, આ છત્રી લઈ લે મને વરસાદના છાંટા ના પડે તેમ લઈ મારી ભેળો ભેળો ચાલજે. મેં કહ્યું, મહારાજ બહું સારું. પછી બધા સંતો સૌ સૌના નિવાસસ્થાનેથી આરતીમાં જતાં હતા તેથી હું છત્રી પકડી ને મહારાજથી જરા લાંબે ચાલતો કે બીજા સાધુને, કોઈ વિચાર ન થાય. ત્યારે મહારાજ કહે, આઘો ચાલે છે કોઈ બીક લાગે છે. એકદમ મારી નજીક ચાલ. આમ નજીક ચાલતા મંદિરે પહોંચ્યા. મહારાજે બધા ડેરામાં દર્શન આપ્યા. પછી વચ્ચે શ્રીજી મહારાજની સૂતેલી મૂર્તિ છે. ભેળા બ્રહ્મચારી ભક્ત છે ત્યાં સામે મહારાજ દંડવત્ત, પ્રણામ કરતા હતા તે દર્શન કર્યા. છ દંડવત્ત મહારાજે કર્યા પણ એ દર્શન અદ્‌ભૂત ન ભૂલાય શકે એવા હતા. પછી ત્યાંથી નીકળી પ્રદક્ષિણામાં હનુમાનજી, ગણપતિના ડેરા પાસે બાઈભક્તોને દર્શન દઈ સીધા સભામંડપમાં દર્શન કરી સ્વસ્થાને પધાર્યા. ચા-પાણી કર્યા, અમને પ્રસાદ આપ્યા. પછી મહારાજે ઢાળિયા પાસે બેસી લખવાનું શરૂ કર્યું, પરંતુ જગજીવનભગતને વિચારો વધવા મંડ્યા કે હું પૂનાથી આવ્યો પરંતુ મારા કોઈ સંકલ્પ પ્રમાણે દર્શન થયા નહીં. પછી અમો બંને મહારાજને દંડવત્ત કરી સેવા કરવા લાગ્યા ત્યારે મહારાજ લખવાનું બંધ કરી કહે, જગજીવનભાઈ તમારે રામના દર્શન કરવા છે ? જગજીવનભાઈ કહે, હા મહારાજ. પછી મહારાજે જમણા હાથની હથેળી દેખાડી કહ્યું કે, જો આ તારો રામ. હવે હથેળીમાં જગજીવનભાઈને રામના દર્શન થતા જ કહે બસ મહારાજ. મારા સંકલ્પો પૂરા થયાં. આ બધા ભક્તો કહે છે કે, ભગવાન છો તો

તમો ખરેખર પરમાત્મા છો. મારો જન્મ તમારા દર્શન કરી સફળ થયો. બસ મને શરણાગતિ આપી મંત્ર, કંઠી બાંધી શરણમાં લો. મહારાજે મંત્ર આપી કંઠી બાંધી. જગજીવનભગતના આનંદનો પાર ન રહ્યો. રાજી રાજી થયા ને જીવનપર્યંત ભગવાનની ભક્તિ કરી. કુટુંબ બાલબચ્ચાઓને પ્રગટ ભગવાન ઓળખાવી ભક્તિ કરાવી. આમ શરણે આવેલા બધાને મહારાજ રાજી કરતા અને આનંદ પમાડતા.

એક વખત મહારાજને જામવંથલીથી ચાવડા મંદિરે આરતી ઉતારવા માટે વાજતે-ગાજતે, ગાડા શણગારી, ગાડામાં ઉંચા સિંહાસન ગોઠવી મહારાજને પધરાવી, ગામમાં શોભાયાત્રા કરી હતી. ઘણા ભક્તો હતા. વંથલીથી પણ ઘણા ભક્તો સાથે આવ્યા હતા. વાજિંત્રો સાથે ધૂન મંડળી કિર્તન, ભજન કરતા હતા. મહારાજ ગાડામાં ઉંચા સ્થાને વિરાજ્યા હતા. ત્યારે નાનાભાઈ અમરશીભગત વિંઝણો લઈ મહારાજની બાજુમાં ઊભા ઊભા પવન નાખતા હતા. ત્યારે મહારાજ બોલ્યા કે, અમરશી વિંઝણો બંધ કરી દે. કારણ કે હમણાં વિંઝણો તૂટી જાશે કા તારો હાથ તૂટી જશે છતાં અમરશીભગત વિંઝણાથી પવન નાખતાં જ રહ્યા. ત્યાં ધડાકાભેર વિંઝણાના બે કટકા થઈ ગયા અને અમરશીભગતના હાથની મહારાજે રક્ષા કરી. પછી ચાવડા મંદિરે જઈ મૂર્તિની આરતી ઉતારી બધા ભક્તોને મહારાજે દર્શન આપ્યા. દૂધ, ચા-પાણી કરી પાછા જામવંથલી પધાર્યા હતા. રાત્રે વાળું જામવંથલી જઈ કર્યા. આમ મહારાજ ભક્તોની રક્ષા કરી વિઘ્નો ટાળી નાખતા જે થવાનું હોય તે બીજે ઠેકાણે મોકલી ભક્તોની રક્ષા કરતા. ધન્ય છે શરણાગતિના નાથને ધન્ય છે.

અમે બહેરીનથી છૂટીમાં આવ્યા અને મહારાજના દર્શન કરવા ગયા હતા. ટપુલાલભગત, રતિલાલભગત, અમરશીભગત અને ચોથા રતિલાલ જાવિયા હતા. મહારાજને દંડવત્ત પ્રણામ કરી બેઠા. ત્યાં દેવસ્વામી મહારાજ માટે તાસળી ભરી ચા લઈ આવ્યા. ચારેબાજુ ભક્તો બેઠા છે. વચ્ચે મહારાજ બેઠા છે. મહારાજે ચા પીવાની શરૂ કરી. અડધી તાસળી ચા પીધી ને અડધી ચારેય ભક્તોને પ્રસાદી આપવા માટે બાકી રાખી. મહારાજે ભક્તોને કહ્યું, તમો ચારેય ભક્ત છો પહેલો ઘૂંટડો કોણ લેશે ? પછી ભક્તો કહે, મહારાજ તમો કહો તે પહેલાં. પછી મહારાજે કહ્યું, ટપુલાલભગત બધાથી મોટા છે. માટે પહેલો ઘૂંટડો ટપુલાલભગતને આપો. પછી ક્રમવાર બધા ભક્તોને મહારાજે પ્રસાદીનો ચા પીવડાવ્યો ને રમુજ કરી આનંદ પમાડ્યા. પછી મહારાજની આરતી ઉતારવાની તૈયારી કરી. ફૂલહાર, પૂજા કરી, આરતી બોલવાની શરૂઆત કરી ત્યાં મહારાજ કહે, તમે ઉભા

રહો. આ નવિન અને છોકરાવ છે તે બોલશે. ત્યારે જય સદ્‌ગુરુને બદલે જય અંતરર્યામી આરતી બોલીને મહારાજની આરતી ઉતારી. પછી મહારાજ કહે, આ પુસ્તકમાં આરતી, ધૂન, સ્તુતિ, દંડવત્ત, શ્લોકો છે. એ પ્રમાણે ભક્તો બોલે છે. પછી સાંજના આરતી મંદિરે થઈ તેથી દર્શને પધાર્યા. મહારાજ દરરોજ નિયમ મુજબ દર્શન, દંડવત્ત, પ્રદક્ષિણા કરી સામે સભામંડપમાં ગાદી તકિયે વિરાજમાન થઈ માળા ફેરવતા લટકા કરતા પગ ઉપર પગ ચડાવીને તકિયે ઓઠિંગણ દઈ બેસતા, ક્યારેક પલાંઠીવાળી બેસતા, શિર પર હાથ મુકતા આવા આવા લટકા કરતા. તે દર્શન લટકા પણ ભૂલાઈ એવા નહોતા. ભક્તોને ધ્યાનમાં સહેલાઈથી દર્શન, સ્મરણ થાય એવા લટકા ચાલતા, બોલતા, મંદ મંદ હસતા. અમે સાંજે ઉતારે મહારાજની સેવા કરવા લાગ્યા. અમે ચાર ભક્તો અને હેમંતભગત ભેગા. મહારાજનો વાંસો દબાવી સેવા કરતા હતા ત્યારે મહારાજ બોલ્યા કે, તમે ચારેય ભક્તો એક એક કરોડના ને એક બાજુ મંદિર ને બીજો મારો હેમંત. આમ મર્મ રહસ્ય વાત કરતા ભક્તોને યાદ કર્યા હતા. પછી મહારાજ કહે, ચાલો હવે સૂઈ જઈએ. આપણે તો સૂતા ભેળી સવાર અને અમરશીભગત તો સંસારી રહ્યા એટલે કોઈ જગાડે પણ ખરા, પછી તો અમરશીભગત સાથે એટલી બધી રમૂજભરી વાતો કરી કે બધાને બહું જ હસાવ્યા. ભગવાને અરસપરસ એકમેકપણાનો ભાવ બતાવ્યો બધા ખૂબ રાજી થયા.

પછી એક વખત નવિનને ગઢડા ભણવા મોકલવો હતો, ગઢડા પુરાણી સ્વામી પાસે હરિકૃષ્ણ બાલકૃષ્ણને મોકલ્યા હતા તેથી છગનભગતને વાત કરી કે તમે ભેગા ચાલો. આપણે નવિનને ગઢડા મૂકી જૂનાગઢ મહારાજના દર્શન કરતા આવશું. છગનભગત કહે, તમે એમ કરો આપણે સીધા જૂનાગઢ પહેલા જઈએ ને ત્યાં મહારાજને કહીશું કે નવિનને અહીં ભણવા માટે રાખવો છે. મહારાજ ના પાડે તો પછી ગઢડા જઈએ. આ વાત મને પણ ગમી. તેથી સીધા જૂનાગઢ ગયા અને મહારાજના દર્શન કરી બેઠા પછી મહારાજને વાત કરી તો મહારાજ કહે, કોઠારી સ્વામીને પૂછો તે હા પાડે તો મને કોઈ વાંધો નથી, કારણ કે તેના ભેળું રહેવાનું છે ને તેને સાચવવાનો છે. તેથી કોઠારી સ્વામીને પૂછ્યું તો કોઠારી સ્વામી કહે, દેવસ્વામીને પૂછો, કારણ કે તેને ખવડાવવા, પીવડાવવાનું ધ્યાન રાખવું તે તેની જવાબદારી છે. તે હા પાડે તો ભલે અહીં રહે. પછી તો દેવસ્વામીને પૂછ્યું. તે પહેલેથી જ આપણે કોઠારીસ્વામી, દેવસ્વામી વિગેરે સંતોને ખૂબ હેત હતું તેથી રાજી થઈ કહે ભલે નવિનભગત અહીં રહે. અહીં અમારેય ભગતની જરૂર છે, તેથી મહારાજને કહ્યું, સંતો

રાજી છે ને નવિનને રાખવા હા કહી છે. પછી મહારાજ કહે સારું થયું ત્યાં મૂક્યા હોત ને જો રહેત તો આપણો ના રહેત. આમ મર્મવાણી બોલ્યા. પછી તો નવિન છેલ્લે મહારાજ સાથે ત્રણ વર્ષ રહ્યો. તેને ભગવાનના દર્શન સેવાનો અલભ્ય લાભ મળ્યો. પ્રગટનો અઢળક રાજીપો તેમને પ્રાપ્ત થયો. ભગત તરીકે મંદિરે ત્યાં મહારાજની, સંતોની, ભક્તોની સેવા કરતા. ભગવાન ભક્તો ભેળા ફોટા પડાવતા, આરતી સેવાના ભક્તો ભેગા લાભ મળતા અને છેવટે મહારાજને સ્વધામ પધારવું હતું ત્યારે નવિનભગતને બીજા ગોખરવાળાના મુન્નાભગત ને એક નરોત્તમ વગેરે છોકરાવ બાલમુકંદ ભવનના ટેરેસ પર સૂતા હતા ત્યાં મહારાજ ટેરેસ પર જઈ આ છોકરાવ પર એક એક માળા અડાડી હતી ને છેવટના આશીર્વાદ છોકરાવને આપ્યા હતા.

અમો એક વખત બહેરીનથી જૂનાગઢ મહારાજના દર્શન કરવા ગયેલા. ત્યારે બાલમુકુંદ ભવનનું કામ ચાલુ હોવાથી મહારાજ બીજા મકાનમાં રહેતા હતા. ત્યાં ગાર લીપેલી ભૂમિ પર મહારાજ બેઠા હતા. અમો ભક્તો મહારાજની સેવા કરતા હતા ત્યારે મહારાજ બોલ્યા કે, જો રતિલાલ આપણાં બધા કામો હવે પૂરા થયા ને મારું મંડળ જેમ મોલ ગાભે આવ્યો હોય ને ગલગલિયા કરતો હોય તેમ મારું શરણાગતિ મંડળ ગલગલિયા કરે છે. મારે વગર સરબત પીધે નખથી શીખા પર્યંત ટાઢું થઈ ગયું છે, હવે કાંઈ બાકી નથી. આમ ગંભીરતાપૂર્વક બોલે ને વળી રમૂજ કરે. ચારેય ભક્તો સેવા કરતા હતા ને મહારાજ રમૂજ કરતા કરતા કહે, રામ બોલો ભાઈ રામ. એ બધા હસ્યા. પરંતુ જરા પણ મહારાજનો સંકેત કે મર્મભરી વાણી પર કોઈ વિચાર ના આવ્યો ન સમજી શક્યા. સેવામાં, સુખમાં, રમુજમાં અલમસ્તાઈમાં કાંઈ સૂઝ્યું નહીં. પરંતુ જ્યારે બહેરીન પહોંચ્યા ને ૨-૩ મહિનામાં અચાનક સમાચાર મળ્યા ત્યારે આ મહારાજની વાણીનો મર્મ સમજાયો. શ્રીહરિ શરણાગતિ મંડળ માથે દુઃખનું આભ તૂટી પડ્યું. કોણ કોને સાંત્વના આપે. પરંતુ મહારાજે બળ ખૂબ આપ્યું. દર્શન એવા આપ્યા કે જાણે મહારાજ ગયા જ નથી, હાજર જ છે. એમ દેશ-પરદેશમાં બધાની નજર રાખી રક્ષણ કર્યું છે. તે સમયે જે ભક્તોએ દેશમાં આવવા વિચાર્યું તેમને એકદમ સહેલાઈથી, તુરત પાસપોર્ટ, વીઝા, ટિકિટ તૈયાર થઈ, મહારાજે ઈન્ડિયા આવવા માટે માર્ગ મોકળો કરી દીધો. મારા અનુભવ પ્રમાણે હું પ્લેનમાં બેઠો તે બહેરીનથી રાજકોટ અને રાજકોટથી જૂનાગઢ પહોંચ્યો ત્યાં સુધી અખંડ મહારાજના દર્શન થયા હતા અને કથા-પારાયણ વખતે જૂનાગઢ મંદિરનો વ્યવહાર શ્રીહરિ શરણાગતિ મંડળે

સંભાળ્યો હતો. મહારાજ પ્રત્યક્ષ છે એમ આનંદ ભગવાને આપ્યો હતો. બસ, મહારાજને ઓળખ્યા ત્યાંથી આજ દિવસ સુધી પ્રગટ ભગવાનના આશીર્વાદ રૂપી છત્ર છાયામાં રહી હંમેશા દિવસો વિતાવીએ છીએ. શરીર શક્તિ પ્રમાણે સેવા, ભજન કરીએ છીએ.

પ્રગટ ભગવાન જ્યારે પૃથ્વી પર પધારે છે ત્યારે પોતાના સ્નેહી ભક્તોના સર્વે મનોરથો પૂરા કરી ભરપૂર લાડ લડાવે છે. પોતાના દર્શન માત્રથી અસંખ્ય જીવોના કલ્યાણ કરે છે અને વચન પૂરા કરવા મહારાજે ભક્તોના મનવાંછિત સંકલ્પો બધા જ પૂરા કર્યા છે. જેવી જેની યોગ્યતા, જેવી જેની સમજણ તે પ્રમાણે બધાને પોતાની મૂર્તિના સુખ આપ્યા છે. કોઈ ભક્તો ભગવાનને કોટ-પાટલૂન પહેરાવી લ્હાવો લેતા, કોઈ અલ્ફી પહેરાવી, પગમાં મોજા પહેરાવી લાભ લેતા, દર્શન કરતા, આરતી ઉતારતા. સોડમાં સૂવડાવતા. તે બધા ભક્તોના જે તે વખતના મહારાજ સાથે ફોટા છે. નવિનને જૂનાગઢ મૂકવા ગયા ત્યારે છગનભગત સાથે હતા. મહારાજ હેમંતભગતને કહે, તમો ભક્તો ભેળા રહેજો. પ્રગટ ભગવાનને વાઘા પહેરાવવાના છે. તેથી અમો ત્રણેય મળી મહારાજને વાઘા ધરાવ્યા. શિર પર ટોપી ધરાવી મહારાજે બંને બાજુ ભક્તોને પોતાની બગલમાં લઈ પલંગ પર ખૂબ ભક્તોને હેત-પ્રેમ વડે રાજી કર્યા તે ફોટા ભક્તોએ વારાફરતી પાડેલા છે. પછી તો મહારાજે કૃપા કરી દિવ્ય ફોટા પણ પાડ્યા. મહારાજ કહે, આજે જેટલા ફોટા પાડવા હોય તેટલા પાડી લો. પરંતુ કેમેરામાં રોલ ખલાસ થઈ ગયો. બીજો રોલ હતો નહીં. તેથી થોડા ફોટા પાડ્યા પછી મહારાજ કહે, આ મારા સૂવાના પલંગમાં ગાદલા, રજાઈને ઝાટકી નાખો. રાત્રે કંઈક કરડે છે પછી તો મહારાજનો પલંગ ખંખેરી ગાદલા ફેરવવા લાગ્યા ત્યાં માંકડ પથારીમાંથી નીકળ્યા તેથી મહારાજ કહે, આ સેવક ભેળા જ રહે છે. પરંતુ અહીં લોહી પીનારા સેવક છે. પછી પલંગ ઝાપટી સાફ કરી, માંકડ કાઢી, દવાનો છંટકાવ કરી પલંગ તૈયાર કરી દીધો.

આમ ભગવાન આપણા જેવા થઈ આપણી ભેગા રહ્યા પણ ભગવાને ભક્તોને સુખ આપવામાં કોઈ કચાશ રાખી નહતી. મહારાજની સેવા કરતા, આરતી ઉતારતા, સ્નાન કરાવતા, હાર પહેરાવતા, દિવ્ય દર્શન સુખ આપતા, કોઈ વાતની કમી મહારાજે રાખી નથી. તે પણ બધા ભક્તો સાથે મહારાજના ફોટા છે. તેમજ મહારાજ વિચરણ દરમિયાન ગામડે, ખેતરે, સીમ શેઢે વાડીએ ફરતા ત્યાં પણ પોતાના ભક્તોને, દર્શન સુખ આપતા. ચાવડા રતિલાલ ભગતના ઘરે મહારાજ તેમના માતુશ્રી આણંદીબેનના હાથના બાજરાના રોટલો અને દહી જમી ગયા. આણંદીબાએ પણ મહારાજની સર્વે રીતે સેવાઓ કરી છે.

ભગવાનનો પરિપૂર્ણ રાજીપો મેળવ્યો છે ને તેઓ રહ્યાં ત્યાં સુધી મહારાજે તેમના બધાજ સંકલ્પો પૂરા કર્યા છે.

મહારાજના સંકલ્પો હતા કે, જે કુંકાવાવની જનતાની આંખ ઉઘાડવી છે. જન્મભૂમિમાં જાગૃતી લાવવી છે. એક વખત હું જૂનાગઢ મહારાજના દર્શને ગયો. મહારાજ કહે, રતિલાલ એક મહિનો તું અહીં રોકાઈ જા. મેં કહ્યું, હા મહારાજ, પણ મનમાં વિચાર આવ્યો કે કામ ક્યાં કરવું ? મહારાજ કહે, તે બાબત ચિંતા કરીશ નહીં, કામ હું ગોતી દઈશ પછી બોલ્યા કે ભગવાનજીભગત જેતપુર મંદિરે કામ કરે છે. તેના ભેળાં રહેવાનું ને ત્યાં કામ કરવાનું ને તારે અને ભગવાનજીભગતને કુંકાવાવ જવાનું છે ત્યાંના સરપંચ લક્ષ્મણભાઈને મળવાનું છે હું તમને કહું તેટલી જ વાત તમારે કરવાની. નહીં તો સરપંચ બહું જ બાહોશ છે પછી તો મહારાજે અમને કહ્યું તે પ્રમાણે જ બધી વાત કરી. પ્રથમ વખત ભગવાનજીભગતને રતિલાલભગતને મહારાજે કહ્યા પ્રમાણે ચાર-પાંચ વાર કુંકાવાવ ગયાને ત્યાંના કામકાજ કરવા નક્કી થયેલ તે ભગવાનજીભગતે રાષ્ટ્રીયભવનનું કામ કર્યું અને મૂર્તિ માટે રતિલાલભગત પૂનાથી આવી સરપંચ ભેળા રાજકોટ જઈ શિલ્પી પાસે સ્ટેચ્યુ કરાવવા આપ્યું હતું, પરંતુ મહારાજને તે શિલ્પી યોગ્ય નહીં હોવાથી તેના ભાઈ પાસે મૂર્તિ બનાવવા વિષે વાત કરી ને તે છગનભગત અને રતિલાલભગતે તે ત્રિભૂવનભાઈ શિલ્પીને ત્યાં મૂર્તિ બનાવવા આપી. રાતો રાત મહારાજ પાસે સૂથીના પૈસા લેવા ગયા. પછી આગળ મૂર્તિનું કાર્ય રાજકોટ જઈ શરૂ કરાવ્યું અને સમય જતાં મહારાજની કૃપાથી એ કાર્ય નિર્વિઘ્ન પૂર્ણ પણ થયું.

આ રીતે બધા શ્રીહરિ શરણાગતિ મંડળના ભક્તોની સેવા વડે તે કાર્ય પૂર્ણ થયું ને મહારાજની આજ્ઞા પ્રમાણે ધામધૂમ કુંકાવાવમાં જયજયકાર થઈ ગયો. પ્રગટ ભગવાન રાજી થયા. તો તે પ્રથમ મહારાજના સંકલ્પનું રાષ્ટ્રીયભવન મંદિરનો લાભ પહેલેથી છેલ્લે સુધી મળ્યો. પછી ફુલવાડી જામવંથલીમાં શિખરબંધ મંદિરમાં પ્રથમથી છેલ્લે કળશ, ધ્વજા અને મૂર્તિ પ્રતિષ્ઠા સુધી તમામ મંદિરની સેવાનો લાભ પ્રભુએ આપ્યો, અપાવ્યો. છેવટે કળશ, ધ્વજ, સમૈયામાં મહારાજની પ્રેરણાથી કથા કરવાનો પ્રથમ અવસર મળ્યો. કુંકાવાવ તીર્થધામમાં બ્રહ્મપેલેસ મંદિર માટે મહારાજે આજ્ઞા કરેલી તે પણ પ્રથમથી ભૂમિપૂજનથી કળશ, ધ્વજ અને મૂર્તિ પ્રતિષ્ઠા સુધીની સેવા પણ મહારાજની પ્રેરણાથી મળી ને ત્યાં પણ કથા વાંચવાનો અવસર મળ્યો. વચ્ચે વચ્ચે સમૈયા પ્રસંગે પણ કથા વાંચવા માટે અલભ્ય લાભ મળ્યો છે, સેવા મળી છે. તે મંદિરોના પથ્થર લેવા, આરસ-મારબલ લેવા. સિંહાસન

માટે જવા આવવાની સેવા, ઉતારા માટે લોખંડ, લાદી લેવા જવાની સેવા, ભક્તો ભેળા રાજસ્થાન, મકરાણા, ભાવનગર શિહોર, મોરબી વિગેરે જવાની સેવા. હેમંતભગત ભેગા મહારાજના આભૂષણો, વસ્ત્રો, મુગટ બનાવવા માટે જવા આવવાની સેવા તેવી જ રીતે કુંકાવાવ બ્રહ્મપેલેસ મંદિર પાયાથી લઈ ભક્તો ભેગા પથ્થર, પાટો રાજસ્થાનની તેમજ કલશ બનાવવા ઓર્ડર આપવા જવા આવવાની સેવા. મથુરા મૂર્તિ માટે જવા આવવાની સેવા અને મહારાજની કૃપાથી નાની-મોટી સેવા પ્રભુએ રાજી થઈ તેમના ભક્તોને આપી છે. આ મહારાજના સંકલ્પના ત્રણેય મંદિર કુંકાવાવ રાષ્ટ્રીયભવન, ફુલવાડી પરમધામ, કુંકાવાવ બ્રહ્મપેલેસની ભરપૂર સેવા મહારાજે આપી અપારકૃપા કરી તેમના ભેળા ભેળવી દીધા. આપના જેવા ને અપનાવી ઉંચી સ્થિતિ, ઉત્તમ સુખમાં મૂકી દીધા ને હજી પણ શરીર શક્તિ પ્રમાણે જે સેવા બની આવે તે દેહપર્યંત કરી ભગવાનની સેવામાં રહેવું છે.

એક વખત અમે જૂનાગઢ દર્શને ગયા હતા. સવારમાં મહારાજ નાહી-ધોઈની પૂજામાં બેઠા હતા ત્યારે મહારાજને દંડવત્ત, પ્રણામ કરી પગે લાગી પ્રદક્ષિણા કરી બેઠા. મહારાજ તિલક કરતા હતા ત્યારે વાત કરી કે, ભાલમાં તિલક કરતી વખતે 'ૐ મહાવિષ્ણવે નમઃ' બોલી તિલક કરો, છાતીમાં તિલક કરો ત્યારે 'ૐ વૈષ્ણવે નમઃ' બોલો, ખભા નીચે તિલક કરો ત્યારે 'ૐ અનાદિ શ્રીકૃષ્ણનારાયણાય નમઃ', બંને હાથમાં તિલક કરો ત્યારે 'ૐ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને નમઃ અને શ્રી શ્વેતાયન વ્યાસાય નમઃ આમ બોલીને તિલક કરવા અને દંડવત્ત કરતી વખતે શ્લોક, આરતી, સ્તુતિ, ધૂન્ય, મંગલાચરણ આ બધું આ નિત્ય નિયમ પુસ્તકમાં લખેલું છે તે પ્રમાણે બોલવા. આમ પ્રત્યક્ષ ભગવાનની ભક્તિ કરવી. પ્રગટ ભગવાનનું ધ્યાન-સ્મરણ કરવું. આમ થોડી પ્રત્યક્ષ ઉપદેશની વાત કરીને વળી બોલ્યા કે, આ બધું પાક્કું હોય તેમા સાંબેલા મારવા ન પડે, કાચું હોય તો સાંબેલાથી ધરબવું પડે કે પોકળ ન રહે. તમો તો પાકા ધાબા છો, ભગવાન ઓળખાયા છે માટે ભજન કરજો, સેવા કરજો.

એકવાર ગુરુપૂર્ણિમાએ જૂનાગઢ ગયેલા સાંજે પહોંચ્યા ને સવારે ગુરુપૂજન હોવાથી મહારાજની સાંજે સેવા કરતા હતા. ત્યારે મહારાજે કહ્યું કે, સવારે વહેલા ઉઠી અમારું પૂજન તમો પહેલા કરી લેજો. પછી તો મોટા મોટા સોની મહાજન બધા આવશે તે તમારો વારો આવવા નહીં દે. માટે તમો મારું પૂજન વેલા કરી લેજો. ગુરુપૂર્ણિમા હોવાથી પૂજાની સામગ્રી લેતા આવ્યા હતા. પછી સવારમાં મહારાજને સ્નાન કરાવી પ્રસાદીનું જળ પીધા

પછી મહારાજ પૂજામાં બેઠા તે દર્શન દંડવત્ત પ્રણામ કરી મહારાજ ચા-નાસ્તો કરી પરવારી બેઠા. મહારાજ કહે, તમો જલ્દીથી પૂજા કરી લો નહીં તો હમણાં મોટા ડાઘા આવશે. પછી મહારાજને ગુલાબના હાર ધરાવી હાથે-પગે બાજુબંધ પહેરાવી, કંકુના ચાંદલા કરી ચરણોમાં ચાંદલા કરી. મહારાજની આરતી ઉતારી, દંડવત્ત કરી, પગે લાગ્યા. પછી મહારાજના ચરણોમાં શક્તિ પ્રમાણે ભેટ ધરી. મહારાજે રાજી થઈ આશીર્વાદ આપ્યા. આ રીતે મહારાજ પોતાના સ્નેહી ગરીબડાં ભક્તોને બોલાવી શીખવાડી પોતાની મૂર્તિના આનંદ-સુખને સેવા આપતા. પછી મહારાજે પોતાનો દાંત આપી કહ્યું, આને જીવની જેમ સાચવજે. ભગવાનની આ અંગભૂત વસ્તુ બધાને નથી મળતી. કેશ, નખ ને દાંત. આ અંગભૂત વસ્તુને સાચવવી અને કાયમ માટે પૂજા કરવી. આ ઉપદેશ મહારાજે આપ્યો હતો.

એક વખત મહારાજ વાત કરતા હતા કે, તમોએ કુંકાવાવ, રાષ્ટ્રીયભવન બાંધી મને પધરાવી દીધો. વિશ્વમાં મારી ખ્યાતી વધારી અને હવે ફુલવાડી મંદિર બનાવો છો તો ભગવાન તમોને ધામમાં બંગલા રહેવા આપશે. બગીચાઓમાં ફરવા જવું હોય તો એક એક હાથી અને બીજા ધામોમાં ફરવા જવું હોય તો એક એક ગરુડ આપશે. આમ પ્રત્યક્ષ ભગવાને અંતરના આશીર્વાદ ભક્તોને આપ્યા છે. જૂનાગઢ મંદિરમાં રાધા-રમણ દેવ, ઘનશ્યામ મહારાજને કાયમી સેવા જે મહારાજ સવારે જાગે અને સાંજે પોઢે ત્યાં સુધી તમામ ખર્ચના દાતા શ્રીહરિ શરણાગતિ મંડળને કરી લેખ લખાવ્યા ને કાયમી મંદિરની ભગવાનની સેવાના પુણ્ય મંડળને મળતા રહે એવું જબરજસ્ત કામ મહારાજે મંડળ માટે કર્યું છે.

એક વખત રતિલાલ ભગત, ભગવાનજીભગત મહારાજની સેવા કરતા હતા. મહારાજ કહે, હવે બધી જ સેવાની આઈટમ પૂરી થઈ છે. બધા ભક્તોની લખાવેલી સેવા આવી ગઈ છે. લેખ કોતરવાના ચાલુ છે. મારે એ બધું પુણ્ય ફળ શ્રીહરિ શરણાગતિ મંડળના ભક્તોને જ દેવું છે. તેથી દૂર દૂર બધાને જાણ કરી હતી, તે પૂર્ણ થયું. મહારાજ કહે, બોલ ભગવાનજી તારે કઈ સેવા જોઈએ છે. શય્યાની સેવા જોઈએ છે. ભગવાનજીભગત તુરત જ બોલ્યા કે, હા, મહારાજ. મને પલંગ બનાવી દો. જેથી તમો કાયમ મારી પર પોઢો, પછી મને કહ્યું, રતિલાલ તારે કઈ સેવા જોઈએ છે. મેં કહ્યું, મહારાજ મને તો મોજડી બનાવી કાયમ ચરણમાં રાખજો અને ચરણસેવા આપજો. આમ પ્રત્યક્ષ ભગવાન કેટલા રાજી હશે કારણ કે ક્ષણિક સેવામાં તો અહીં કાયમી પુણ્યફળ મળતું રહે અને ધામમાં પણ કાયમ ચરણસેવામાં રહેવાનો લ્હાવો મળે. પ્રગટ ભગવાન જેને મળે તેને માંગી મોજ મળે. પછી

તો સેવા કરતા હતા. હું ચરણ દાબતો હતો ને ભગવાનજીભગત પાછળ વાંસો દાબતા હતા અને માથા પર હાથ ફેરવતા કહે, મહારાજ ચોટલી બહું મોટી થઈ ગઈ છે. મહારાજ કહે, જોઈતી હોય તો કાપી લે. તુરત જ કાતર લઈ ચોટલી લઈ લીધી. પછી બંને ભક્તોને મળ્યા, ભેટ્યા ને કહે, જાવ હવે સૂઈ જાઓ.

આ રીતે મહારાજે સ્નેહી ભક્તોને ખૂબ સુખ-આનંદ આપ્યા છે. ઘણા ઘણા અવતાર- પૃથ્વી પર આવ્યા છે. પરંતુ આ વખતની પ્રગટ ભગવાનની લીલા અને એમનું જે સર્વોપરી કાર્ય તો જૂદું જ જણાય છે. કારણ કે, મારા અનુભવની વાત નજરે જોયેલ વાત કે જે સંપ્રદાયમાં નાનાથી મોટા હોય અન્ય સંપ્રદાયના વડા જે હોય તે સર્વે મહારાજના દર્શન કરવા આવતા અને પોતાના મુંઝવતા પ્રશ્નો પ્રગટ ભગવાનને કહેતા. તેને મહારાજ રાજી થઈ બધી જ ગૂંચવણનો ઉકેલ કરી આપતા. પછી સાધારણ હરિભક્ત હોય, ઉદ્યોગપતિ, મોટા હરિભક્ત હોય, નાના સાધુ હોય કે મોટા સાધુ હોય. વિદ્વાન હોય કે પંડિત હોય, મહંત હોય કે પ્રમુખ હોય, કોઠારી હોય કે પૂજારી હોય, સંસારી હોય કે ત્યાગી હોય, બાળક હોય કે વૃદ્ધ હોય જેવી જેની મુંઝવણ દુઃખ હોય તે સર્વના બધા ઉપદ્રવો મટાડી સર્વને શાંતિ અને સુખ આપતા અને સર્વ રાજી થકા આશીર્વાદ લઈ જતા. આ બધું અનુભવ્યું છે, નજરે જોયું છે. બાકી તો આ વિશ્વંભર ભગવાને વિશ્વકલ્યાણ કરવા માટે કાર્ય કર્યું છે. એ પ્રત્યક્ષ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ ઓળખાયા. જેને ઓળખ્યા તેને શ્રીહરિ એ બધું જ આપ્યું છે, કાંઈ લીધું નથી. જેઓ પ્રગટ સેવા ભક્તિ, ઉપાસના દૃઢ કરશે તેને પ્રગટ ભગવાન જરૂર પરમધામ લઈ જાશે માટે સૌએ પ્રત્યક્ષ અનાદિ શ્રીકૃષ્ણનારાયણને ભજી લેવા, સેવી લેવા.

એકવાર ચાવડાવાળા રતિલાલ હંસરાજભાઈ રાઠોડના પત્ની લીલાવંતીબેનને પેટમાં અસહ્ય દુઃખાવો થતા રતિલાલભગત રાજકોટ ડૉકટરને બતાવવા ગયા. તેના મામાને ઘેર જઈ વાત કરી. તો તેમના મામી લીલાવંતીબેનને લઈ ડૉ.દસ્તુરસાહેબના દવાખાને બતાવવા ગયા તો ત્યાં એક્સ-રે, સોનોગ્રાફી રિપોર્ટ કરી જોયું તો લીલાવંતીબેનને એપેન્ડિક્સની તકલીફ છે એમ ખબર પડતા ડૉ.દસ્તુરસાહેબ કહે, આનું તાત્કાલીક ઓપરેશન કરવું પડશે. આજે નહીં કરો તો ગમે ત્યારે ઓપરેશન કરાવવું જ પડશે. તેથી રતિલાલભગતના મામી ઓપરેશન કરવાની તારીખ નક્કી કરી આવ્યા ને તેમને ૩ દિવસનો સમય હતો. તો પછી રતિલાલભગત કહે, ઓપરેશનને વાર છે તો ચાલો જૂનાગઢ મહારાજના દર્શન કરી આવીએ, મહારાજ કહેશે તેમ કરશું. તેથી બંને જણા જૂનાગઢ મહારાજના દર્શન કરવા ગયા

ઉતારા કર્યા અને મહારાજના દર્શન કરવા ગયા. મહારાજ કહે, કેમ ઓચિંતા આવવાનું થયું ? રતિલાલભગતે મહારાજને વાત કરી કે તમારા ભક્તાણી લીલાવંતીબેનને એપેન્ડિક્સનો દુઃખાવો થતા રાજકોટમાં ડૉ.દસ્તુરને બતાવ્યું તો ડૉકટરે ૩ દિવસ પછી ઓપરેશન કરવાનું કહ્યું છે. કરુણાના સાગર શરણાગત વત્સલ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ કહે, ડૉકટરનું કામ ઓપરેશન કરવાનું છે તે કહે પરંતુ ઓપરેશન ન કરાવાય. એક તો ખર્ચ થાય અને માણસ અડધું કહેવાય. અમો ડૉકટર છીએ ભક્તોના દુઃખ મટાડવા માટે જ બેઠા છીએ. એમ કહી ઊભા થઈ માટલીમાંથી જળ લઈ પ્રસાદીનું કરીને ગુલાબ પાંખડી આપીને કહે, રાધારમણદેવ પોઢી જાય પછી હનુમાન, ગણપતિની જાળી પાસે ઊભા રહેવાનું કહેજે. તો તે ત્યાં ઊભા હતા ને મહારાજ પ્રદક્ષિણા ફરવા જતા ત્યાં દર્શન આપી પેટ પર હાથ ફેરવી કહે જાવ મટી ગયું. તો મહારાજના આશીર્વાદ પ્રસાદીથી આજે ૪૫ વર્ષ થયા છતાં કોઈ દિવસ તે દુઃખાવો થયો નથી.

આવી જ રીતે ચાવડાવાળા કાકા ટપુલાલ કાનજીભાઈ રાઠોડ દુબઈ કામ માટે સન્લી કંપનીમાં કામ કરતા હતા ત્યાં ભક્ત સમુદાય પણ ઘણો હતો. અમો રતિલાલ, અમરશી, દેવજીભાઈ વિગેરે પણ દુબઈમાં અલગ કંપનીમાં કામ કરતા હતા. તેમાં છ મહિના પછી ટપુલાલભગતને અચાનક પેટમાં દુઃખાવો થતા ત્યાં દુબઈ ડૉકટરને બતાવ્યું. તેમના રિપોર્ટમાં પણ એપેન્ડિક્સ આવ્યું અને ડૉકટરે ઓપરેશનની તારીખ પણ આપી દીધી. ૧૫ દિવસ પછી હોસ્પિટલમાં દાખલ થવાનું હતું. તે ડૉકટરી રિપોર્ટ કંપનીની ઓફિસમાં બતાવ્યા. તેથી કંપનીએ એક મહિનો આરામ કરવા માટે રજા ચાલુ પગારે આપી. આ વાતની ખબર રતિલાલભગતને પડી તેથી સન્લી કંપનીમાં બંને ભાઈઓ મળવા ગયા. પરંતુ ટપુલાલભગત ચિંતામાં હતા કે મહારાજે કમાવા મોકલ્યાને આ દુઃખ આવ્યું. મેં કહ્યું, મહારાજે કમાવા મોકલ્યા છે ને દુઃખ પણ ટાળશે. તુરત જ મહારાજને ટપાલ લખી કે ટપુલાલભગતને આ તકલીફ થઈ છે ને ઓપરેશન ૧૫ દિવસ પછી કરાવવાનું છે તો અઠવાડિયામાં તો મહારાજના પ્રસાદીપત્ર આશીર્વાદ, ગુલાબપાંખડી આવી ગઈ અને કહે, ઓપરેશન કરાવતા નહીં. ભગવાન તમારું બધું દુઃખ મટાડશે. આથી ટપુલાલભગતની ચિંતા ટળી ગઈ અને આનંદમાં આવી ગયા અને કંપનીની એક મહિનાની રજામાં એક મહિનો બહાર કામ કર્યું તે બહાર ડબલ પગાર જેટલા પૈસા મળ્યા. એક મહિનાનો કંપનીનો પગાર, ભગવાને દુઃખ મટાડ્યું, ને ત્રણ ગણી કમાણી અપાવી ને ડૉકટરને બતાવવા ગયા તો તે પણ વિચારમાં પડી ગયો

કે આ તમારી એપેન્ડિક્સ ગાયબ થઈ ગઈ. હવે ઓપરેશનની જરૂર નથી. આમ ભગવાન દેશ-વિદેશમાં ભક્તોના દુઃખ મટાડી પરચાઓ આપતા.

એક વખત મહારાજ ચાવડા પધાર્યા હતા અને હંસરાજ વશરામભગતની વાડીએ ગયા હતા ત્યાં વાડીમાં પધરામણી કરી પછી ઝુંપડી હતી ત્યાં વિરાજમાન થયા ને ઘરના બધા મળી દર્શન કર્યા. હિરજીબાપા ભેગા હતા. પછી હંસરાજભગતની વાડીની બાજુમાં એક પટેલની વાડી હતી. તેમાના કૂવામાં એક બાઈએ આત્મહત્યા કરી હતી તેથી તેનો જીવાત્મા પ્રેતયોની પામીને ભટકતો હતો. રસ્તે જતા ઘણાંને દેખાય તે ક્યારેક કૂવામાં પડવાનો અવાજ થાય. આમ અવારનવાર થતાં બધા બીતા હતા તેથી ભક્તોએ મહારાજને કહ્યું કે, મહારાજ આ કૂવામાં બાઈના મરી જવાથી અવારનવાર દેખાય છે. મહારાજ કહે, ચાલો તેને બદ્રિકાશ્રમ મોકલી દઈએ. ત્યાં જઈ પ્રસાદીનું જળ કૂવામાં અને આજુબાજુ છાંટ્યું ને મહારાજ કહે, જાવ હવે નહીં દેખાય. તે દિવસથી હજી સુધી ક્યાંય પણ દેખાતી નથી. એ પ્રેતઆત્માનો મહારાજે ઉદ્ધાર કર્યો.

જામવંથલીના કાંતિલાલ નાનજી પરમાર તેમને એક પગે થોડી ખોટ હોવાથી ઘોડી લઈને ચાલતા. તેઓ વંથલીમાં ભણતા ને ખેતીવાડી કરતા. તેમાં એક વખત બળદ ચરાવતા સીમમાં બેઠા હતા, બેઠા બેઠા જમીનમાં કાંઈક ચિત્ર બનાવતા હતા. પરંતુ તે જગ્યાએ ચૂડેલ રહેતી હરતી-ફરતી હતી. ચૂડેલ કાંતિલાલભગતના શરીરમાં પ્રવેશી ગઈ. તેથી તેમને બોલવાનું કરવાનું બધું અંદર રહી ચૂડેલ કરાવે. તેથી કાંતિભગતને ઘરે લઈ આવ્યા. ડૉકટરને બોલાવ્યા, ભૂવા બોલાવ્યા અને કાંતિલાલભગતમાં બેઠેલી ચૂડેલ બધા જ જવાબ આપવા લાગી. ને ભૂવા બધા ભાગી ગયા ને કાંતિભગતની બાને કહે, મારે આને દીકરો કરવો છે. પછી તો તેમના બનેવી રામજીભગતને બીજા ભક્તો મળી જૂનાગઢ મહારાજ પાસે ગઈ ગયા. ત્યારે મહારાજ કે વંથલીમાંથી તો બધી ચૂડેલોનો ઉદ્ધાર કર્યો છે તું એક ક્યાં હતી ? પછી ચૂડેલ મહારાજને કરગરવા લાગી કે મહારાજ મારો ઉદ્ધાર કરો પછી મહારાજે પ્રસાદીનું જળની અંજલી છાંટી કહે, જા બદ્રિકાશ્રમમાં ત્યાં તપ કરી પ્રસાદ જમજે, તારો ઉદ્ધાર થશે. આમ કાંતિલાલભગતને વળગેલી ચૂડેલનો ઉદ્ધાર કર્યો. તે કાંતિભગતે ફુલવાડીમાં ખૂબ સારી એવી સેવા આપી છે.

એવી જ રીતે ધૂળકોટનાં રવજીભગતના પિતા ગોપાલજી બાપા ખેતરે કામ કરતા હતા ને તલાવડે પાણી ભરવા ગયા ત્યાં હાજતે ગયા ને અશુદ્ધિમાં તેમનામાં ચૂડેલ પ્રવેશી

ગઈ. પાણીનું માટલું લઈ ચાલતા થયા તો પાણીમાં બેસી ગઈ. ખૂબ જ વજન ભાર જણાવા લાગ્યો. માંડ મહામહેનતે પોતાના ખેતરે પહોંચ્યા. પરસેવે રેબઝેબને સાથે મોઢાનો તાવ આવ્યો. રવજીભગતના માતાજી કહે, તમને શું થયું તો ચૂડેલની ભાષા બાપા બોલવા લાગ્યા ને ધુણવા લાગ્યા તેથી માજી ગભરાઈ ગયા, ગાડું જોડી ઘરે લાવ્યા. ત્યાંથી સીધા ચાવડા ગવરીબેનના બાપુ દેશરાજ કાનજીભાઈ રહેતા હતા ત્યાં લાવ્યા ને કહે, તમો આને જૂનાગઢ મહારાજ પાસે લઈ જાવ. તુરત જ સવારની ટ્રેનમાં રાજકોટથી જૂનાગઢ બપોરે પહોંચી ગયા. મહારાજ પાસે સૂવાડ્યા. મહારાજે પ્રસાદીના જળની અંજલી છાંટી તેથી ચૂડેલ રડવા લાગીને બોલી કે મારો ઉદ્ધાર કરો પછી મહારાજે તેને પણ બદ્રિકાશ્રમ મોકલી આપી. મહારાજ બોલ્યા કે, આ બહું જોરદાર હતી, અહીં લાવ્યા તે સારું કર્યું. પછી તો આખો પરિવાર નાના-મોટા બધા જ મહારાજની શરણાગતિ લઈ ભક્ત બની જઈ ભજન કરે છે. આ પરચો મહારાજે ધૂળકોટ ગામના ભક્તોને બતાવ્યો.

એક વખત મહારાજ વંથલી વિરાજતા હતા. ત્યારે લાખાણીનાં ભક્તો મહારાજને ગાડા જોડી તેડવા આવ્યા તો મહારાજ તેમના ગાડામાં બેસી લાખાણી ગયા. ત્યાર પછી ચાવડાના ભક્તો મહારાજને તેડવા આવ્યા તો તેમના ગાડામાં બેસી ચાવડા પધાર્યા. વંથલી મંદિરમાં સભાનો સમય થઈ ગયો તેથી મહારાજ સભામાં વિરાજમાન થયા. એક સાથે ત્રણેય જગ્યાએ ત્રણ સ્વરૂપે વિચરી બધાને દર્શનસુખ આપ્યા.

લાખાણીના દરબારો કહે, કાલે મહારાજ અમારા ગામે પધરામણી કરી બધાને લાભ આપ્યો. ચાવડાવાળા ભક્તો કહે, કાલે તો અમારી ઘરે પધરામણી કરી વાડીએ પધાર્યા હતા અને વંથલીના ભક્તો કહે, કાલે તો મહારાજ આખો દિવસ વંથલીમાં જ હતા. આમ એક દિવ્ય પરચો જાણી બધા આશ્ચર્ય પામ્યાને ભગાવનપણાનો નિશ્ચય દૃઢ થયો. બીજે દિવસે સવારમાં વંથલીના ભક્તોની વાડીએ ખેતર સીમમાં વિચરતા હતા. ઘણા ભક્તો ભેગા હતા. પછી એક વાડીએ પાણીનું મશીન ચાલતું હતું ત્યાં મહારાજ કહે, ચાલો સ્નાન કરીએ પછી મહારાજે સંતો સાથે સ્નાન કર્યું. પાણી આગળ ધોરિયામાં વહેતું હતું ત્યાં ધોરિયા આગળ ચકલા પાણી પીતા ને પાણીમાં નહાતા જોઈ મહારાજ બોલ્યા આ પંખીડાના ભાગ્ય ઘણા ઉંચા છે. એ આ પ્રત્યક્ષ પરપુરષોત્તમ નારાયણની પ્રસાદીને પામ્યા તેથી આ બધા આ જન્મથી છૂટી શિવ-બ્રહ્મા જેવી મોટપ પામશે.

આમ પ્રગટના યોગનો મહિમા વર્ણવ્યો હતો. બધા ભક્તો ખૂબ રાજી થયા. પછી

ત્યાં પીપળના છાંયે મહારાજને આસન પાથરી બેસાડ્યા. ભક્તોએ લીલી માંડવીના ઓળાની પ્રસાદી મહારાજને જમાડી. બધાને રાજી કરી લીલાઓ કરતા થકા મહારાજ પાછા મંદિરે પધાર્યા.

મહારાજ એક વખત ચાવડા પધાર્યા હતા. આખા ગામમાં ઘરે ઘરે પધરામણી કરી ગામના દરબારોના ઘરે પટેલોના ઘરે કડિયાઓના ઘરે બધાનો ભાવ જાણી કોઈ બાકી ન રહે. છેવટે કોળીના કૂબામાં પણ પધાર્યા અને બોલ્યા કે, હવે કોઈ હોય તો બોલો. આ અષાઢી મેઘ વરસી રહ્યો છે. પછી તો ગ્રામજનો એટલા બધા પ્રભાવિત થયા બીજે દિવસે સવારે જાહેરસભા દર્શન ગોઠવ્યા. આખું ગામ દર્શને આવ્યું, લાઈનો લાગી.

ગામમાં એક ૨૦ વર્ષનો ગાંડો કપડાં રહિત ફરે, તોફાન કરે તો ગામનાંએ કહ્યું, ઓલા ગાંડાને પકડી લાવો તો આ મહારાજ એને પણ સાજો કરી દેશે. પછી તો ચાર જણા તેને ઉપાડી લાવ્યા અને મહારાજની સામે બેસાડ્યો. મહારાજ કહે, તેને કોઈ અડશો નહીં બેસવા દો ને એક લોટો જળ લઈ આવો. મહારાજે જળની એક અંજલી મારી ત્યાં તો હુકાટા નાખવા લાગ્યો. બીજી અંજલી મારી ત્યાં ઊભો થઈ ધૂણવા લાગ્યો ને ત્રીજી અંજલી મારી ત્યાં શાંત થઈ પ્રભુને પગે લાગી બેસી ગયો. મહારાજ કહે, લઈ જાવ નવડાવી કપડાં પહેરાવો. પછી મહારાજ બોલ્યા કે, આ ગામમાં માંદા ને ગાંડા જ અમારા ભાગમાં આવે છે. પછી સભામાં ઊભા થઈ એક પગે ઊભા રહી બોલ્યા કે, આગળના જમાનામાં મુમુક્ષુઓ ભગવાનને ખોળવા જતા. આજે ભગવાન મુમુક્ષુઓને ખોળવા ઘરે ઘરે ફરે છે. પછી સિંહણનું બચ્ચું વાઘ જે ઘેટા-બકરા ભેગું ફરતું તેનું દૃષ્ટાંત આપી વાત કરી અને ગામના અનેક ઉપદ્રવો મટાડ્યા, ચમત્કાર, પરચાઓ બતાવી પ્રગટ પ્રભુપણું જાહેર કર્યું. ધન્ય ભાગ્ય ભાવે-કભાવે બધાને આ પ્રત્યક્ષ પરનારાયણના દર્શન થયા.

એક વખત ચાવડાના રતિલાલભગત ગાડું ચલાવતા હતા અને મહારાજ ગાડામાં બેઠા હતા. રતિલાલભગત કિર્તન ગાવા માંડ્યા કે - આવે છે અક્ષરધામની જાન... મહારાજ કહે, કિર્તન રહેવા દે ને વાંસો ભરાવીને બેસ. પછી આવી તક નહીં મળે. પછી તો વાંસો મહારાજને ભરાવીને બેઠા ને ગાડું ચાલતા સડર ઉતરી બળદ રસ્તે ચાલે નહીં તુરત જ ગાડું રોકી મહારાજને પૂછ્યું કે, અહીંથી બળદ રસ્તે ચાલતો નથી. તેથી મહારાજે કહ્યું કે, એ આગળ કેઈડાનું ભોથું છે તે ખોદી નાખજે. તે ભોથું ખોદી નાખ્યું તે દિવસથી બળદ સીધા રસ્તે ચાલવા માંડ્યો. આમ મહારાજ જ્યાં જ્યાં ફરતા, વિચરતાં ત્યાં ત્યાં આવા ભૂતોના,

ચૂડેલોના અવગતે ગયેલા આત્માઓના પ્રેતોના ઘણાં ઘણાં ઉપદ્રવો મટાડ્યા છે. કોઈ સાજા થાય, માંદા થાય, કોઈ ગાયુ ભેંસુ ને દૂધ ન ઝરતા હોય. બાળકને દૂધ ન મળતું હોય. એવા બધાના દુઃખો ભગવાને મટાડ્યા છે. ભગવાનને મારું-તારું કે પક્ષપાત કંઈ હતા નહીં. શરણે આવે તેના બધાના દુઃખ ટાળી સુખીયો કરે. આમ અનંતના કલ્યાણ કરવા પ્રભુ પૃથ્વી પર વિચરે છે, ફરે છે અને ભક્તોના મનોરથો પૂર્ણ કરે છે.

આમ હંસરાજબાપાના કુટુંબ, પુત્ર, પરિવાર, તેમના ઘરના બધાએ મહારાજની સેવા કરી છે. છેવટે હંસરાજબાપા કુંકાવાવ બ્રહ્મપેલેસના ખાતમુહૂર્તના પ્રસંગે સમૈયો હતો. હંસરાજબાપા કહે, કુંકાવાવ બ્રહ્મપેલેસના દર્શન કરી ધામમાં જવું છે, પાછું આવવું નથી એમ સંકલ્પ કરી કુંકાવાવ ગયા ને બધે દર્શન થયા ને તુરત જ મહારાજની સ્મૃતિ સાથે ત્યાં દેહનો ત્યાગ કરી હંસરાજબાપા ધામમાં ગયા. અત્યારે પણ નવિનના ધર્મપત્ની ઊર્મિલાબેન તેના બે બાળકો દર્શન, સાગરને નવિનના માતુશ્રી લીલાવંતીબેન આજે ૪૫ વર્ષ થયા મહારાજે આપેલા લાલજીની પૂજા કરે છે. ધૂન-ભજન, પુજન કરી ઘર એક ધામ તુલ્ય, મંદિર તુલ્ય બનાવી બધા કુટુંબી આનંદથી રહે છે, પ્રગટ ભક્તિ કરે છે.



પરચા નં.
૧૪.

## અનાદિ મુક્તરાજ નારણભગત હંસરાજભગત રાઠોડ
### ગામ : ચાવડા, હાલ- રાજકોટ

**ચાવડા** ગામે મારી ઉંમર નાની ત્યારે અમારા જૂના મકાન હતા ત્યાં ગામના ગેટથી સાડીઓ પાથરીને મહારાજની પધરામણી કરી હતી. ઓસરીમાં હિંડોળો શણગાર્યો હતો એના પર મહારાજને બેસાડ્યા હતા, મહારાજને ઝુલાવ્યા હતા અને આરતી ઉતારી હતી. મહારાજે અમારી મેડીના બધાં ઓરડાઓમાં પાણી છાંટ્યું હતું અને અમારા મોટા બા ને બધાં બૈરાં સૌએ મહારાજના દર્શન કર્યા હતા અને મહારાજે બધાંય રૂમમાં પગલાં કર્યાં હતા.

એકવાર દુબઈથી ભક્તો એ.સી. લઈને આવ્યા એટલે મુંબઈથી હું પણ સાથે આવ્યો હતો. જૂનાગઢ જકાતનાકાએ અમને રોક્યા અને કહે, આ શું છે ? અમે કહ્યું એ.સી. છે ત્યારે એ.સી.ને કોઈ ઓળખતું નહોતું એટલે સો રૂપિયા માંગ્યા. અમે દેવસ્વામીને ફોન કરીને કહ્યું, અહીં જકાતનાકે રૂપિયા માંગે છે. એટલે દેવસ્વામી કહે, રૂપિયા આપી દો બીજું કાંઈ બોલતા નહીં. પછી એ.સી. મંદિરે લાવ્યા. ચાર જણાથી માંડ ઉપડ્યું ને મહારાજના રૂમમાં લગાડ્યું પછી મહારાજને કહ્યું તમે ઉદ્ઘાટન કરો. મહારાજ કહે, હું ન અડું. કાંઈ ભડાકો થાય તો. પછી દેવસ્વામી એ ચાલુ કર્યું ત્યાં ભડાકો થયો વાયર બળી ગયા. કારણ કે એ.સી.ના વાયરનું ફિટીંગ અલગથી જોઈએ. પછી પાછળથી લાઈટ ફિટિંગ અલગ કરાવીને એ.સી. ચાલુ કર્યું.

પછી મહારાજ કહે, એ ખૂણામાં પલંગ નીચેથી બાચકું લાવ ને ખોલ બાચકું. મેં ખોલ્યું. તો આખું રૂપિયાથી ભર્યું હતું એ નીચે ઠલવ્યું ત્યાં રૂપિયાનો ઢગલો થયો. પછી મહારાજે કહ્યું, આ એ.સી.ના ખર્ચના રૂપિયા આમાંથી તમારા જેટલા લેવાના હોય એટલા લઈ લ્યો. અમે સાતેક હજાર લીધા. મહારાજ કહે, બસ એટલા જ લીધા. હવે તે પૈસા ભેગાં કરી બાચકું ભરીને રાખ્યું હતું હવે પાછું હતું ત્યાં રાખી દે. તે રાખી દીધું. મેં આટલા રૂપિયા કોઈ 'દિ જોયા નહોતા, આ પહેલી વાર જોયા.

તા.૧૬-૧૧-૧૯૮૪ના રોજ અમો ચાર જણાં જામવંથલીથી જૂનાગઢ જવા રવાના થયા. તેમાં ત્રણ ભક્તો વંથલીના હતા. નારણ ખીમજી વાઢેર, હસમુખ રામજી મકવાણા, જગદીશ કેશવજી જાવિયા અને એક ભક્ત ચાવડાના હતા નારણ હંસરાજ રાઠોડ. આમ ચારેય જણા સવારના ૭-૩૦ વાગ્યની ટ્રેનમાં નીકળ્યા ને ૯-૪૫ કલાકે રાજકોટ પહોંચ્યા

ને ત્યાં રાજકોટના બસ ડેપો પર ગયા પછી ત્યાં ૧૦-૩૦ કલાકે, જૂનાગઢની બસમાં બેઠા. બપોરે ૧-૧૫ કલાકે જૂનાગઢ પહોંચ્યા. ૧-૩૦ કલાકે મંદિરે પહોંચ્યા ને ત્યાં કોઠારી સ્વામીનાં દર્શન કર્યા પછી સામાન રૂમ પર મૂકી જમવા ગયા પછી જે આપણું ઘર (બાલમુકુંદ ભવન) બંધાતું હતું. ત્યાં ચારેય જણાં ઉપર જઈને ચક્કર મારીને બધું જોયા પછી કોઠારી સ્વામી પાસે બેસી ખબરઅંતર પૂછ્યા ને કહે કે, બધાં શું કરે છે ? પછી અમોએ કહ્યું કે, બધાંયે જયશ્રી સ્વામિનારાયણ કહ્યા છે ને બધા આનંદમાં છે. પછી અમો લગભગ ૨-૩૦ કલાકે બજારમાં ફરવા ગયા સાંજે ૬ વાગ્યે આવ્યાને સીધા મહારાજ પાસે ગયા બધાં ભક્તો દંડવત્ કરવા લાગ્યા. પછી મહારાજ બોલ્યા કે, પ્લેનમાં આવો છો કે બસમાં. પછી બધા બોલ્યા કે, બસમાં આવીએ છીએ. અમો હજી દંડવત્ કરતા હતા ત્યાં જ મહારાજ બોલ્યા કે, રતિલાલ ભક્તનો લેટર આવ્યો છે ને લખ્યું છે કે, નારણભગત આવી ગયા ને ટપુલાલભગત આવવાના છે ને અમોને છુટ્ટી મળશે એટલે આવીશું ને કહે છે કે, હમણાં જ લેટર વાંચ્યો છે. પછી અતિ કરુણાયુક્ત થઈ હસમુખલાલભગત પર ચરણારવિંદ મૂક્યા પછી ચારેય ભક્તો સેવા કરવા લાગ્યા ને પછી હસમુખભગતે કહ્યું કે, રૂ.૨૦૫૧ હજારમાં આરતી દુબઈમાં રમેશભગત તથા જયસુખભગત તથા કાંતિલાલભગત ત્રણેયે મળીને ઉતારી પછી મહારાજે કહ્યું કે, તે યાદ સારું રાખ્યું છે. પછી મહારાજ બોલ્યા કે, કાંઈક ફાળો કર્યો છે ? ત્યારે નારણભગત બોલ્યા કે, મહારાજ રૂપિયા એક લાખનો ફાળો કર્યો છે. પછી હસમુખભગત બોલ્યા કે, મારા ભાઈ રમેશ રામજી મકવાણાએ રૂ.૧૦ હજાર લખાવ્યા છે પછી મહારાજ અતિ દયાયે યુક્ત પરમકૃપાળુ અતિ પ્રસન્ન થતા ખૂબ જ રાજી થયા ને બોલ્યા જે મારે ૨૦૦ દિકરા છે ને બધા કમાય છે, ને જેમ જેમ મૂછો ઊગતી આવે તેમ વિદેશ ચાલ્યા જાય છે ને કહ્યું કે, અત્યારે એટલે હું ખૂબ જ રાજી છું અને બધાને આશિર્વાદ આપું છું કે, બધા ભક્તો તન, મન, ધન વડે સેવા કરો.

પછી મહારાજ બોલ્યા કે, લાલજી દૂધ પીવે છે કે નહીં ને પછી હસમુખભગત બોલ્યા જે મહારાજ પીએ છે. પછી મહારાજ બોલ્યા જે એક એક ઘેર જવાય પણ બધે ક્યાંથી પહોંચાય. પછી નારણભગત બોલ્યા, મહારાજ જ્યાં સારું લાગે ત્યાં જમવા બેસી જવું પછી મહારાજ બોલ્યા, હેતે કરીને જે રસોઈ બનાવી હોય તે બધી જ સારી લાગે. પછી મહારાજ ખૂબ રાજી થયા ને બોલ્યા જે શું પ્રસાદીનાં લાડવા જમશો. પછી બે બે લાડવાં આપ્યા ને કહે કે, બાથરૂમમાં જઈને ખાઈ આવો પછી અમો બાથરૂમમાં જઈ ખાઈ આવ્યા. ત્યારબાદ

મહારાજ કહે કે, હવે આરતીનો સમય થયો છે. સંધ્યા આરતીમાં ગયા પછી સભામંડપમાં દર્શન કરવા ગયા ને પછી ઘેર આવી જમીને મહારાજના દર્શન કરવા ગયા પણ મહારાજ પોઢી ગયા હતા. પછી હેમંતભગત સાથે થોડી વાતચીત કરી સૂઈ ગયા.

તા.૭-૧૧-૧૯૮૪ બીજો દિવસ...

આજે સવારે ઊઠીને પૂજા-પાઠ કરી, નાસ્તો કર્યા પછી શણગાર આરતીમાં ગયા પછી મહારાજનાં દર્શન કર્યા ને પ્રસાદી આપી તે જમ્યા પછી મહારાજની સેવા કરી પછી મહારાજ બોલ્યા જે કામનો સમય થઈ ગયો પછી બધા ભક્તો કામે લાગ્યા. સાંજે કામેથી છૂટ્યાને નાહી-ધોઈને આરતીમાં ગયા ને સભામંડપમાં મહારાજના દર્શન કર્યા પછી ધૂન કરી જમીને મહારાજના રૂમ પર દર્શન કરવા ગયા પછી એક ભાઈ જામનગરથી આવ્યા હતા. ત્યાં બધાં દંડવત્ કરવા લાગ્યા પછી મહારાજ બોલ્યા જે આ પાર્સલ ક્યાંથી આવ્યું પછી તે ભગત બોલ્યા, મહારાજ હું જામનગરથી આવું છું ને મારું નામ મેઘજીભાઈ છે ને મૂળ બાણુગારનો છું પછી મહારાજ કહે કે, ચહેરા પરથી ઓળખ્યો પછી મહારાજને નારણભગતે લવિંગ આપ્યા અને કહે કે, બહુ જ મીઠાં છે. બાદમાં બધા ભક્તોને લવિંગની પ્રસાદી આપી.

તા.૮-૧૧-૧૯૮૪ ત્રીજો દિવસ...

આજે સવારે ઊઠીને પૂજા-પાઠ કરી આરતીમાં ગયા પછી મહારાજનાં દર્શન કરવા ગયા તે પછી જયશ્રી સ્વામિનારાયણ કરી, દંડવત્ પ્રણામ કર્યા પછી સેવા કરી ત્યાં કામનો સમય થઈ ગયો પછી બધા ભક્તો કામે લાગી ગયા ને આજે બપોરે ચાર ભક્તો આવ્યા તેમાં એક કુંકાવાવનાં વિનોદભગત તથા ત્રણ જામવંથલીના પ્રવિણભગત તથા હરિકૃષ્ણભગત તથા જાદવભગત. આમ ચાર ભક્તો આવ્યા ને બપોર પછી કામે લાગ્યા. સાંજે નાહી-ધોઈને સભામંડપમાં મહારાજના દર્શન કરી ધૂન કરી, વાળુ-પાણી કરી પાછા મહારાજનાં દર્શન કરવા ગયા પછી દંડવત્, પ્રણામ કરતા હતા ત્યાં મહારાજ બોલ્યા, એકમાંથી બે અને બેમાંથી ચાર ને ચારમાંથી છ એક-બે-ચાર-છ આઠ થઈ ગયા ને બધા જયશ્રી સ્વામિનારાયણ કહી બધા ભક્તો સેવા કરવા લાગ્યા. પછી મહારાજ હેમંતભગતને કહે કે, પંખો મારા જેવો ઘરડો થઈ ગયો લાગે છે પછી હેમંતભગત પંખો જરા તેજ ગતિમાં કર્યો. પછી બધા ભક્તો સેવા કરતા હતા. પછી મહારાજ બોલ્યા જે રાખો, સૂઈ જાઓ. પછી બધા ભક્તો જયશ્રી સ્વામિનારાયણ કહીને સૂવા ગયા.

તા.૯-૧૧-૧૯૮૪ ચોથો દિવસ...

સવારે ઊઠી નાહી-ધોઈ, પૂજા-પાઠ કરી આરતીનાં દર્શન કરવા ગયા પછી ત્યાંથી મહારાજના દર્શન કરવા ગયા. બધા ભક્તો મહારાજને જયશ્રી સ્વામિનારાયણ કરી સેવા કરવા લાગ્યા. પછી ૧૦-૧૫ મિનિટ સેવા કરી મહારાજ બોલ્યા જે કામનો સમય થઈ ગયો પછી બધા ભક્તો કામે લાગ્યા. પછી સાંજે પાછા મહારાજના દર્શન કરવા ગયા અને જયશ્રી સ્વામિનારાયણ કરી દંડવત્ કરવા લાગ્યા. બધા ભક્તો સેવા કરવા લાગ્યા લગભગ આઠ ભક્તો હતા. તેથી બધા ભક્તો મહારાજની સેવા કરી શકે, નહીં એટલે મહારાજ બોલ્યા જે લાકડાનાં ત્રાપા મારીને પગ લાંબા કરો પછી હસમુખભગત બોલ્યા જે આપ ધારો તો એમને એમ પણ પગ લાંબા થઈ જાય ને પછી મહારાજ ખૂબ જ રાજી થતા હતા પછી થોડીવાર સેવા કરી ત્યાં દેવસ્વામી ૨૪ અવતારોનો મોટો તપ્પો જે ફુલવાડીનાં મંદિરમાં પધરાવવાનો છે તે લઈ આવ્યા. મહારાજ કહે કે, જરા નજીક લાવો તો બરાબર દેખાય પછી નજીક લાવ્યા. પછી બોલ્યા જે બધા લાડુ જમીને ગાલના ગટીયા નાખી ગયા છે. તેમ ખૂબ જ વાતો કરતા હતા પછી તે ૨૪ અવતારની મૂર્તિનો ફોટો પાડ્યો પછી બધા ભક્તોને મહારાજને ૨૪ અવતારની મૂર્તિના તથા દેવસ્વામીના આમ બધા સમૂહમાં ફોટા લીધા પછી વળી બધા ભક્તો સેવા કરવા લાગ્યા.

તા.૧૭-૧-૮૫નાં રોજ સાંજે મહારાજનાં દર્શન કરવા ગયા ને દંડવત્, પ્રણામ કરી બેઠા. પછી મહારાજે વાત કરી કે, અહીંયા પહેલાં જૂનો સભામંડપ હતો તેમાં આસનો ઘણાં પડ્યા હતા. મંદિરની આજુબાજુ અત્યારે જે જૂનો રૂમ છે. ત્યાં જીવાભાઈની હવેલી હતી ત્યાં મોટી મોટી બધી કબરો હતી અને દર શુક્રવારે કબરમાંથી લોબાનનો ધૂમાડો નીકળતો અને સભામંડપમાં તેની સુગંધ આવતી અને મહારાજ કહે કે, તે સુગંધ મેં લીધેલી અને ત્યાં કાળવાચોકની બાજુમાં વાવ હતી અને વાવમાં એક ઘોડાવાળો ભૂત ગરાસિયો હાથમાં ખુલ્લી તલવાર લઈ એટલામાં ઘૂમતો હતો પછી એક દિવસ બધા ગરાસિયા ભેગા થયા અને કહે કે, આ જે ભૂત છે તે આપણને ક્યાંય ઊભા રહેવા દેતો નથી તો આપણે આજે અહિંયા જ રાત રહેવું છે. એવું નક્કી કરી અમુક ગરાસિયા ત્યાં રાત રહ્યા. એક શુરવીર ગરાસિયો હતો તે કહે હું તે વાવમાંથી રાતે પાણીનો ઘડો ભરી આવું ને તમને બધાને પાવ પછી તે ગરાસિયો પોતાનાં ઘોડાને તૈયાર કરી એક હાથે ખુલ્લી તલવાર લીધી અને એક હાથમાં પાણીનો ઘડો લીધો ને વાવ પર ગયો અને બીજા ગરાસિયા બેઠા ને પેલો ગરાસિયો એમનાં પોતાનાં ઘોડાને

એવું કોઈ સુગંધી જોગાન ખવડાવ્યું અને ત્યાં વાવનાં બે ટોડલા હતા તેમાં ઘોડાની સરક-ફસાવી દીધી ને એક હાથમાં તલવાર અને બીજા હાથમાં ઘડો ને તે વાવને ૭૫ પગથિયાં હતા તો આ શુરવીર ગરાસિયો મોઢેથી રામ રામ બોલતો જાય ને હાથમાં તલવાર ફેરવતો જાય ને પાણીનો ઘડો ફેરવતો જાય તે તેવી રીતે ઉતરતો હતો કે, તેમને ભૂતનો ભય ન લાગે તે ઉતરતો ઉતરતો સીધા ટપા હતા ત્યાં સુધી પહોંચ્યો. પછી ટપાનો કાટખૂણો હતો, કાટખૂણો વળી ધીમે ધીમે આજુબાજુ જોતો જાય ને તલવાર ફેરવતો જાય ને ટપા ઉતરતો જાય અને છેક પાણી સુધી પહોંચી ગયો ને વાવની અંદર ટપા પર બેસી ચારેબાજુ જોયું ને જોતા જોતા પાણીનો ઘડો ભરી લીધો ત્યાં સુધી કાંઈ જોવામાં ન આવ્યું અને ભૂત ગરાસિયાને એમ થયું કે, આ શુરવીર ગરાસિયો છે અને પાણી ભરવા આવ્યો છે. તેને કેવી રીતે પકડવો ? તેમ કરી તેને પાછળથી છીંક ખાધી ને પાણી ભરવા ગયેલ ગરાસિયાને એમ થયું કે, આવ્યો તો ખરો ? તે પાણીનો ઘડો ભરી ખુલ્લી તલવાર ફેરવતો ઉપર ચડવા લાગ્યો. પેલો ભૂત ગરાસિયો પાછા પગે ટપા ચઢતો જાય અને પાણી ભરવા ગયેલ ગરાસિયો રામ બોલતો જાય ને આગળ વધતો જાય પણ ત્યાં સુધી તેને મનમાં ભય ન હતો. ત્યાં એક હળ વાવની બહાર નીકળ્યો ત્યાં પોતાની ઘોડી હતી તેવી જ ઘોડી બની અને બંને ઘોડા સરખા થઈ ગયા ને પેલા ગરાસિયા ત્યાં બેઠા હતા.

તેમણે જોયું કે, એક ઘોડામાંથી બે ઘોડા થયા માટે હવે તોફાન થશે પણ પછી પાણી ભરવા આવેલ ગરાસિયાએ ભૂત ગરાસિયાનું નામ લઈ પડકાર કર્યો જેવો તું શુરવુર ગરાસિયો છો ને તું મરેલો છે અને હું તેવો જ જીવતો છું પણ જો મારી સામે તલવારથી લડવા મંડ તો હું પણ જોતો જાઉં. એમ જ્યારે અવાજ કર્યો ત્યારે ભૂત ગરાસિયો તલવાર સમરવા માંડ્યો. ત્યાર પછી પાણી ભરવા આવેલ ગરાસિયો બંને ઘોડાની વચ્ચે ગયો અને ત્યાં તલવારનો જાટકો માર્યો ત્યાં ભૂત ગરાસિયો અદૃશ્ય થઈ ગયો ત્યારે આ ગરાસિયાને છાતીમાં ધીમે ધીમે ધડક ધડક થવા લાગ્યું એટલે કે બીક લાગવા લાગી પણ પોતાની જેવી ઘોડી હતી તેવી જ બાજુમાં બીજી ઘોડી સરખી હતી પછી બંને ઘોડી વચ્ચે જઈને સરક પકડી અને ઘોડીનાં મોઢા પોતાના મોઢા સાથે રાખ્યા તો પોતાની ઘોડી જે સુગંધી દાર જોગાણ આપ્યું હતું તે જમણી બાજુની સુગંધ આવી એટલે તેણે નક્કી કર્યું કે, આ ઘોડી મારી છે. પછી તે ભૂત ઘોડી હતી તેણે સરક મૂકી દીધી.

એક હાથમાં ખુલ્લી તલવાર અને એક હાથમાં પાણીનો ઘડો લઈ ઘોડી પર સવાર થઈ

ગયો ત્યાં પેલી ભૂત ઘોડી હતી ત્યાંથી ઉડી અને વાવના ઉપરથી ભડકો થઈ ગઈ અને ભડાક થઈને કૂવામાં પડી ને આ ગરાસિયો પેલા બેઠા હતા ત્યાં ગયો અને બધાને પાણી આપ્યું અને ઓલી જે ધડક બેઠી હતી તે ચાલુ રહી પછી ઘેર ગયા ને તાવ ચઢી ગયો અને સવારે બધા ગરાસિયા મળવા ગયા. પછી એણે વાત કરી કે, હું પાણી ભરી આવ્યો ને ભૂત સાથે લડાઈ કરી પણ મને ધડક બેઠી. તેણે કરીને મને તાવ આવ્યો છે ને તે ગરાસિયો ત્રીજા દિવસ મરી ગયો પછી મહારાજ કહે, આ મારી જોયેલી વાત છે, મોજુદ છે. તે જૂનાગઢની મંદિર છે તેની ચારે બાજુ ભૂત રહેતા અને પણ જેના ગળામાં કંઠી અને તિલક- ચાંદલો હોય ભગવાનનો આશરો હોય ને નાતા-ધોતા હોય તેને ભૂત-પ્રેતાદીક કોઈ બાધ કરી શકતા નહીં ને પછી મહારાજ કહે, એકલું મકાન હોય તેમાં રાત્રે સૂવું નહીં ને બપોરનો બારથી એક જ્યાં એકલી કેડી ચાલતી હોય જ્યાં ખીજડાના વૃક્ષ હોય ત્યાંથી એકલા ચાલવું નહીં. ભૂત તે સમયે ફરતા હોય ત્યારે તમારે ચેતતા રહેવું. જ્યાં ભૂત રહેતું હોય ત્યાં જો ૨૪ કલાક બત્તી કે, દીવો ચાલુ રાખે તો ભૂત ત્યાંથી જરૂર ભાગી જાય. આમ મહારાજે ઘણી ઉપદેશની વાત કરી.



પરચા નં.
**૧૫.**

## અનાદિ મુક્તરાજ રમેશભગત હંસરાજભગત રાઠોડ

### ગામ : ચાવડા, હાલ- રાજકોટ

**પ્રગટ** ભગવાને ઈ.સ. ૧૯૭૦માં જામવંથલીમાં કથા વાંચી ત્યારે મારી ઉંમર પાંચ વર્ષની હતી. મહારાજ પધરામણીએ નીકળે ત્યારે હું આગળ આગળ ચાલું અને શાસ્ત્રીજી મહારાજ શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની જય. આમ આગળ આગળ જય બોલાવતો, ત્યારે મહારાજ મને તેડી લેતા. ધીમે ધીમે મોટા થતાં ગયાંને મહારાજ પાસે જ્યારે જ્યારે દર્શન કરવા જતા ત્યારે ત્યારે મહારાજ કહે, તું નાનો હતો ત્યારે મારી જય બોલાવતો એ જ છો ને ? એમ મહારાજ રમૂજ કરી અનુસંધાન આનંદ આપતાં.

એકવાર અમારા ગાડામા બેસીને મહારાજને જામવંથલી જાવાનું થયું પણ રસ્તો એક જ તે રસ્તામાં અમારી વાડીનો રસ્તો આવ્યો તો બળદો વાડી બાજુ વળ્યા તો મહારાજ કહે, તો વાડીએ હાલો. આમ મહારાજ વાડીએ પધાર્યા હતા.

મહારાજે વંથલીમા કથા વાંચી ત્યારે હું ત્યાં ગયો હતો ને મેં કિર્તન બોલાવ્યું ''અક્ષરના વાસી વ્હાલો અહીં પ્રત્યક્ષ આવીયા રે લોલ.'' સમય જતા ધો.૧૦ ભણીને પૂના કામ શીખવા ગયો. ત્યારે બધાં ભક્તો દુબઈ જતા તો હું અને રામજીભગતનો રમેશ અમે બેઠા હતા અને વિચાર થયો ચાલોને પાસપોર્ટ બનાવીએ, તે એક મહિનામાં પાસપોર્ટ આવી ગયા પછી વિદેશ મોકલવાના એજન્ટ હતા એમણે બધું ગોઠવી આપ્યું. પછી દેશમાં આવ્યોને મહારાજના દર્શન કરવા ગયો. મહારાજને કહ્યું મહારાજ વિદેશ જવાનું થાય છે, આશીર્વાદ આપો. મહારાજ કહે, હા જાઓ. મે સંકલ્પ કર્યો કે, દુબઈ જાવાનું થાય તો પ હેલો પગાર મહારાજને આપવો. તેથી મારું એક મહિનામાં જાવાનું થઈ ગયું. મહારાજની કૃપાથી કંપનીએ સારી મળી.

એકવાર છગનભગત ભેગો મહારાજ પાસે રહેવા ગયો પણ ઉંમર નાની એટલે અઠવાડિયું રહ્યા ગમ્યું નહીં એટલે આવતો રહ્યો. એકવાર મહારાજના દર્શન કરવા ગયો સાથે એક મિત્ર હતો તે અમે બીજા દિવસે મહારાજને કહ્યા વિના ગિરનારના દર્શન કરવા ગયા તે અમે રિક્ષામાં તળેટીમાં જતા હતા ત્યાં રિક્ષાએ પલ્ટી મારીને મારા મિત્રને પગમાં ફ્રેક્ચર થયું હતું પણ મહારાજે મારી રક્ષા કરી હતી.

એકવાર મને મહારાજે ગિરનારના દર્શન પોતાના રૂમની બારીએથી કરાવ્યાં એટલે હું ગિરનાર ચઢવા ન ગયો. ત્યારે મહારાજે વાત કરી કે એકવાર ચાર જણાં આવ્યા અને મને ગિરનાર જવાની વાત કરી તો મેં બારીએથી ગિરનાર બતાવ્યો. તેથી બે જણા રોકાઈ ગયાને, બે જણા ગિરનાર ચઢવા ગયા. તો ગિરનાર ચઢતા એક શીલા એ બેયની ઉપર પડી તે બેય ઊંડી ખાઈમાં પડ્યા અને તેમનું મરણ થયું.

એક વખત ચાવડા મંદિરના ફળિયામાં મહારાજ આવ્યા હતા, ખાટલો ઢાળી ને મહારાજ બેઠા હતા. સામે ગામના હરિભક્તો અને દરબારો બેઠા હતા, ત્યારે મોટાભાઈ અમરશીભગત વિંઝણાથી હવા નાખતા હતા ત્યારે મહારાજ બોલ્યા કા વિંઝણો તૂટશે કા તારો હાથ તૂટશે એટલે ભગવાન હાથ તો ન તૂટવા દે પણ વિંઝણો તૂટ્યો. આમ મહારાજ ભકતોની રક્ષા કરતા. મહારાજ દયાદ્રષ્ટિ, કૃપાદ્રષ્ટી કરી ભકતોની રક્ષા કરતા જ્ઞાન આપતા, અનુસંધાન આપતા, રાજીપો વરસાવતા, થોડી સેવાને ઝાઝી માનીને રાજી થતા, પોતાના ગણી વ્હાલ કરતા.

પરચા નં.
૧૬.

## અનાદિ મુક્તરાજ મનસુખભગત હંસરાજભગત રાઠોડ
### ગામ : ચાવડા, હાલ- રાજકોટ

**અમારું** ગામ ચાવડા અને અમારે કામકાજે જામનગર આવવા જવાનું. અમારો સત્સંગ સ્વામિનારાયણ એટલે જામનગર મંદિરે જવાનું થાય. ત્યાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ બિરાજતા હતા. એ બહું દિવ્ય મોટા સંત હતા. એટલે અમારા દાદા પરિવાર બધાંએ મહારાજ પાસે કંઠીઓ બંધાવી હતી અને અમારા બાપુજી બધું કામ મહારાજને પૂછીને જ કરતા. મહારાજ જામવંથલીમાં કથા વાંચવા આવ્યા ત્યારે મારી ઉંમર પાંચ વરસની હતી.

એકવાર અમે જૂનાગઢ દર્શન કરવા ગયા ત્યારે વ્હેલી સવારમાં ઊઠીને મહારાજ પાસે ગયા ત્યારે મહારાજ પૂજા કરતાં હતાં. હું દંડવત્ કરી બાજુમાં બેઠો ત્યારે મહારાજે પૂજામાં મોળું દૂધ પીધું અને તે મહારાજે દૂધનો એક ઘૂંટડો ભરીને તાસળી મને આપી કહે, આ પીઈ જા. હું એક ઘૂંટડો ભરીને તાસળી પકડીને બેસી રહ્યો. મહારાજ કહે, દૂધ પીઈ જા. મેં કહ્યું, મહારાજ દૂધ ભાવતું નથી. મહારાજ કહે, મોળું છે એટલે નથી ભાવતું ને મહારાજ કહે, આંખ મિંચી જા ને હવે આંખ ખોલ. મેં આંખ મિંચીને ખોલી. મહારાજ કહે, હવે પી જા એટલે મેં દૂધ પીધું તો દૂધ મીઠું થઈ ગયું.

એકવાર મનસુખભગત સોનાની ચેન અને વીંટી લાવ્યા હતા, તે મહારાજને પહેરાવીને પ્રસાદીના કર્યા. મહારાજ વીંટી અને ચેઈન પહેરીને તડકામાં ઊભા રહ્યા સૂર્યનો પ્રકાશ અને આ સોનું ને મહારાજની મૂર્તિ બધું એક તેજસ્વી સુવર્ણ જેવું થઈ ગયું.

એકવાર હું મહારાજના દર્શન કરવા જૂનાગઢ ગયો ત્યારે મોડું થઈ ગયું. મહારાજનો ત્યારે આરામનો સમય છતા મેં બારણું ખખડાવ્યું, તો મહારાજ કહે, કોણ ? મેં કહ્યું, મહારાજ હું મનસુખ. મહારાજ બીજીવાર બોલ્યા, કોણ ? મેં કહ્યું, મહારાજ હું ચાવડાથી હંસરાજભગતનો મનસુખ, એટલે મહારાજે દરવાજો ખોલ્યો ને બોલ્યા મનસુખ, મનસુખ બોલે છે એમ કહેને હું બ્રહ્મ છું. આમ મહારાજે બહું મોટો ઉપદેશ આપી દીધો. આમ મહારાજ ન વિસરાય એમ સમયે સમયે ઉપદેશનું, વચનોનું, રાજીપાનું, દર્શનનું, કૃપાનું, ઉપાસનાનું અનુસંધાન આપતા. આમ ભકત ભગવાનથી વિખુટા ન પડે એટલે ભગવાન આ લોકમાં આવી કળા વાપરી જીવને આકરૂ ન પડે એમ વર્તીને ભગવાન ભક્તનું કલ્યાણ કરે છે.

પરચા નં.
**૧૭.**

## અનાદિ મુક્તરાજ અમરશીભગત હંસરાજભગત રાઠોડ

### ામ : ચાવડા, હાલ- રાજકોટ

**એક** વખત મહારાજ ચાવડા પધાર્યા હતા ત્યારે સવારે વહેલા મહારાજને દિશાએ જવાનું થયું ત્યારે બરાબર શ્રાવણ મહિનો હતો ને અમે ગુણીમાં ઘઉંના ગાડા ભરીને લાવ્યા હતા. અમારા ઘરના ફળિયામાં ઘઉં રાખ્યાં હતાં ત્યારે મહારાજ આવ્યા અને નીચા નમી ઘઉંમાં હાથ ફેરવ્યો ન ઘઉંની મુઠ્ઠી ભરીને બોલ્યા કે, જાઓ તમારો આ ઘઉંનો ભંડાર અખૂટ રહેશે.

એકવાર મહારાજના આશીર્વાદથી અમે પૂના ગયા ને પૂનાથી ઈ.સ.૧૯૭૬માં એક કંપનીવાળા મને દુબઈ લઈ ગયા. ત્યાં મહારાજની દયાથી બહું સારું હતું. એક વખત અમે મહારાજના દર્શન કરવા ગયા અમે ચાર-પાંચ ભક્તો કાયમ મહારાજનાં દર્શન કરવા ભેગા જ જતા તેમ આ વખતે પણ અમે ભેગા જ દર્શન કરવા ગયા હતા. ત્યારે મહારાજ પાસે બેઠા હતા હું રામજીભગત, મોટાભાઈ રતિલાલભગત અને રતિલાલ જાવિયા અમે પાંચેય બેઠા હતા. મહારાજે પહેલાં પ્રસાદી રામજીભગતને આપીને બોલ્યા આ રામને પછી બીજી પ્રસાદી મોટાભાઈને આપી ને બોલ્યા આ મારા કૃષ્ણને અને પછી રતિલાલભગત જાવિયાને આપી બોલ્યા આ મારા શુરવીરને છેલ્લે મને પ્રસાદી આપી બોલ્યા આ મારા લક્ષ્મણને. આમ મહારાજ બોલ્યા હતા. એ મહારાજ મર્મ જાણે. આમ ઘણી વખત મહારાજ આવી લીલાઓ કરતા.

એક વખત અમે મહારાજને ગાડામાં બેસાડી વાડીએ જતા હતા ત્યારે રસ્તામાં એક કેયડાનું ઝાડ હતું ને અમે જ્યારે વાડીએ જઈએ કે આવીયે ત્યારે અમારો એક બળદ આ કેયડાના ભોથા આગળ આવે ને ભડકે ત્યારે મહારાજ ગાડામાં બેઠા હતા ને કેયડાના ભોથા પાસે આવ્યા પણ બળદ ભડક્યો નહીં એટલે અમે મહારાજને વાત કરી કે મહારાજ આ કેયડાના ભોથા પાસે ગાડું આવે ને બળદ ભડકે છે ત્યારે મહારાજ બોલ્યા હવે એ ભોથું ખોદી નાખજો. એમાં જે પ્રેતાત્મા હતો તેનો અમારા દર્શન માત્રથી મોક્ષ થઈ ગયો છે. એ અમે આ ભોથું ખોદી નાખ્યું. આમ મહારાજના આશીર્વાદથી તે પછી ક્યારેય બળદ ભડક્યો નથી. આમ મહારાજ અમારા ચાવડામાં ઘરે ઘરે, વાડીએ, ખેતરે બધે ફર્યા છે, ચાવડાની ભૂમિ પાવન કરી છે અને ઘણાં લાડ લડાવ્યા છે, ઘણાં સુખ આપ્યા છે.

પરચા નં.
૧૮.

## અનાદિ મુક્તરાજ ભગવાનજીભગત રાજાભગત જાવીયા
### ગામ : જામવંથલી, હાલ- રાજકોટ

**જામવંથલીમાં** રાજાભગત જાવીયા સ્વામિનારાયણ ભગવાનના એકાંતિક વિશ્વાસુ ભક્ત એટલે વારસામાં પણ સૌને ભકિત સેવા મળી હતી સાથે સમજણ પણ મળી હતી. એમાં વળી મહારાજ જામનગર મંદિરમાં આવ્યા એટલે જામવંથલીના ગઢેરા મોટા ભક્તો ડાયા ભગત, બીજા ડાયાભગત બગીચાવાળા, રાજાભગત જાવીયા,રવજીભગત ચૌહાણ, હંસરાજભગત રાઠોડ, રણછોડભગત મનાણી, મૂળજીભગત મનાણી, રાઘવજીભગત પોરીયા, કાનાભગત, કુરાભગત એમ બીજા ઘણાં મોટા મોટા હરિભક્તોને મહારાજનો યોગ મળ્યો અને મહારાજના ઐશ્વર્ય પરચા ચમત્કારની અનુભૂતિઓ મળતી એટલે જામવંથલીના ભક્તોને મહારાજમાં હેત અને આ ભક્તો સૌ ભાવભકિતવાળા એટલે મહારાજને આ ભક્તોમાં હેત એટલે છોકરાઓમાં હેત તો હોય જ. આમ મહારાજ હેત કરતા જાય અને રમુજ કરતા જાય ઉપદેશ આપતા જાય એમ કરતાં કરતાં ઉંમર થઈ એમાં મહારાજના હેતવાળા ડાયાભગતની દિકરી કસ્તુરબેન સાથે આ રાજાભગતના દીકરા ભગવાનજીભગતનો સંબંધ થયો એટલે મહારાજને ભગવાનજીભગત સાથે સ્વામી સેવકનો નાતો મજબૂત થયો અને ધીરે ધીરે શ્રીકૃષ્ણવલ્ભાચાર્યજી શાસ્ત્રીજી મહારાજમાં ભગવાનપણાની ઓળખાણો થવા લાગી એટલે આ હરિભક્તોના છોકરાઓ અતિશય ભકિત સેવાથી મહારાજને રાજી કરતા.

આમ સમય વિતતો ગયો અને કામ કરવા માટે મહારાજની આજ્ઞા લેવા હું ભગવાનજીભગત જૂનાગઢ ગયો. મહારાજને વાત કરી તો મને મહારાજ કહે, તમે અહીં આ આપણાં સભામંડપનું કામ ચાલે છે તે તમે અહીંયા કામ કરો. આ ભગવાન કંઈક આગળનું જાણતા હોય એટલે મને અહીં જ રોક્યો પોતાની પાસે. ભગવાન હોય તે ભગવાનની રીતને કોઈ ન જાણે. આગળ મહારાજને જૂનાગઢની બાજુમાં જેતપુર સ્વામિનારાયણ મંદિરમાં તથા કુંકાવાવ પાદરમાં સ્મૃતિ ભવનનું કામ આપણાં હાથે કરાવવું હશે તથા પોતાની અંગસેવા આપવી હશે એટલે ભગવાને મને અહીં પોતાની નજીક રાખ્યો અને ખૂબ રાજીપો આપ તા શીખામણ આપતા અને અતિહેતવાળી વિશ્વાસવાળી સેવાથી બહું રાજી થતા. આટલું નજીકપણું આટલું પાસે રહેવાપણું આટલો રાજીપો હેમંત ભગતની જેમ મારા પ્રત્યે પણ રાખતા. મહારાજે મારા પ્રત્યે જરા પણ પડદો ન રાખ્યો. તેમ હું પણ તેટલા જ વિશ્વાસથી

પડદો રાખ્યા વિના સેવા કરતો.

જેતપુરમાં કામ કરતા જૂનાગઢ નજીક એટલે મહારાજની અંગસેવાનો લાભ મળતો. ત્યાર પછી કુંકાવાવનાં પાદરમાં મહારાજને આ પોતાની મૂર્તિની સ્થાપના કરવાની હતી એટલે મહારાજે કુંકાવાવના સરપંચ લક્ષ્મણ પટેલને તોરી ગામમાં મહારાજ કથા વાંચવા ગયા ત્યારે આ લખમણ પટેલને મહારાજે પોતાની મૂર્તિમાં ભગવાનપણાનાં દર્શન આપ્યાં એટલે લખમણભાઈને એમ થયું કે આપણા ગામના પટેલ જ્ઞાતિનાં આ સાધુ ઘણું ભણેલા, વિશ્વના વિદ્વાન, આવા ચમત્કારી, વચનસિદ્ધ પુરૂષ તો આપણા ગામનું ગૌરવ એટલે ગામમાં એમનું સ્મૃતિભવન બનાવવું આવું વિચારીને તેમણે જૂનાગઢ જઈ મહારાજને વાત કરી તો મહારાજ કહે, બહું સારું. તો એ કામ અમારા સેવકો કડિયા કારીગરો છે એ કરી આપશે. તમે એમને સમજાવી દેજો. પછી તો લખમણભાઈ રાજી થઈ ગયા પંચાયતની જમીન એક બાજુથી માપ લઈને કુંકાવાવ ગામને પાદરે સ્મૃતિમંદિરનું કાર્ય નક્કી કર્યું.

હું જેતપુરના સ્વામિનારાયણ મંદિર નું કામ પુરૂ કરીને વંથલી આવ્યો વંથલીથી વિચાર્યુ કે નાશિક જાઉં. નાશિક ગયો ત્યાં ચેન ન પડ્યું ને પૂના ગયો ત્યાં મંડળ ઉપર મહારાજ નો પત્ર આવ્યો ને લખ્યું હતું કે, આ કુંકાવાવનું આપણું કામ છે માટે આપણા માણસોથી જ કરવાનું છે. એટલે મંડળે નક્કી કર્યું કે આ ભગવાનજીભાઈએ મંદિરોના કામ કર્યાં છે તો ભગવાનજીભાઈ જાય તો સારું. એમ નક્કી કર્યું અને ત્યાથી મુંબઈ ગયા. મુંબઈ ભક્તોને વાત કરી સૌ રાજી થયા ને હું કુંકાવાવ ગયો ત્યાં હું અજાણ્યો પણ મહારાજ ભેગાં એટલે સુખે-દુઃખે કામ આગળ ચાલ્યું એમાં ઘણીવાર રાતે પણ કામ કરતો. એમાં મોકો મળ્યે જૂનાગઢ જાતો અને મહારાજના દર્શન અંગસેવા કરીને પાછો આવતો.

આમ મહારાજને રાજી કરવા સમયનો ઉપયોગ કરી લેતો. ક્યારેક પોષ મહિનાની મોડી રાતના ધીરે ધીરે મંદિરનું કામ કરતો તો મહારાજ માથે ફેંટો બાંધી હાથમાં માળા હોયને દર્શન દેવા પધારતા રાજી થતાં લટકું કરી હસતા અને અદશ્ય થઈ જતાં. આમ મહારાજ ભેળાને ભેળા જ રહેતા. જ્યારે જ્યારે મન મુંઝાય ત્યાં મહારાજ દર્શન દેતા ત્યારે બુધ્ધિમાં ઝબકારો થાયને મૂંઝવણ ટળી જતી. આમ કરતાં કરતાં મંદિર તૈયાર થઈ ગયું. આ બાજુ મહારાજની મૂર્તિ બનાવવા કેશવજી હરિએ સેવા આપી. મૂર્તિ સુંદર તૈયાર થઈને આવી ગઈ.

મહારાજે રાજી થઈ ઈ.સ.૧૯૭૫માં આસો વદ આઠમનું મૂર્તિ પ્રતિષ્ઠાનું મુહૂર્ત

આપ્યું એટલે બધાં ભક્તો મહારાજની આજ્ઞા મુજબ નબળી પરિસ્થિતિમાં પણ થોડાં નાણાં ભેગા લઈને સૌ કુંકાવાવ આવ્યાને લખમણભાઈએ મૂર્તિનું પૂજન તેમજ પ્રતિષ્ઠા કરવા દ્વારકાના જગદ્‌ગુરુ શ્રી અભિનવસચ્ચિદાનંદ સરસ્વતી શંકરાચાર્યને આમંત્રણ આપ્યું માટે તેઓ દ્વારકાથી વિદ્વાન બ્રાહ્મણોને સાથે લઈ આવ્યા. વંથલી, રાજકોટ, જૂનાગઢ, ચાવડા, મુંબઈ, પૂના તથા આજુબાજુના પંથકમાંથી ઘણાં ભક્તો આવ્યાને મહારાજની મૂર્તિની નગરયાત્રા જન્મસ્થાનથી વાજતેગાજતે બાઈઓ, ભાઈઓ ધામધૂમે નાચતાં-નાચતાં સ્મૃતિમંદિરે આવ્યા. આમ ભક્તોએ કુંકાવાવને અચંબો પમાડી દીધો.

આમ ઈ.સ.૧૯૭૫માં કુંકાવાવના પાદરે મહારાજને બિરાજમાન કરાવી દિધા પ છી ભક્તો સૌ જૂનાગઢ ગયા ત્યાં ભંડારને મેડે મહાસભા થઈ. મહારાજ ગદ્‌ગદીત થઈને કહે, પૂર્વ કોઈએ આવું કામ કર્યું નથી એ કામ આ વખતે તમે કરી દીધું. મારી હયાતિમાં મૂર્તિ પધરાવી દીધી અને હવે ત્યાં પૂજા-પાઠ થશે, માનતાઓ આવશે, સૌ સુખીયા થશે. તમારી પાસે કાંઈ નહોતું ને તમે આટલું જબરું કામ કર્યું. તમારી પાસે જો નાણાં હોય તો તમે મારા મોટાં મોટાં કામ કરો એવા છો. એટલે મહારાજે સમુદ્રને સામે પાર દૃષ્ટિ કરી પડખામાં આરબ કન્ટ્રીમાં ભક્તોને મોકલ્યા. જે જે ભક્તો પાસપોર્ટ લઈ મહારાજ પાસે જાય તેને મહારાજ થાપો મારેને વિદેશ જવાનું થાય.

આમ ઘણાં ભક્તો મહારાજના રાજીપાથી વિદેશ ગયા વિદેશમાં કામ કરે. મહારાજના પત્રો આવે એટલે સૌ રાજી થાય. સૌ ભક્તો મહારાજની આજ્ઞા પ્રમાણે સેવાઓ કરતા. મહારાજની કૃપાથી કોઈ બિમાર ન થાય કામકાજ મળ્યા કરે. મહારાજ અહીં ઘરે વંથલી પત્રો લખી વિદેશમાં ભક્તોના ખબર અંતર આપે અને અહીં પરિવારોને સુખ સમાચાર આપતા. આમ સમય વિતતો ગયો ફુલવાડીમાં શિખરબંધ મંદિર કરવાનું નક્કી થયું ત્યારે અમે વિદેશ હતા પણ મહારાજે મધ્ય શિખરની સેવાની આજ્ઞા અમને કરી હતી. એટલે મુહૂર્તમાં મને આવવાનું મન થયું ત્યારે મહારાજે પત્ર લખી અગાઉ જણાવી દીધું કે, ભગવાનજીભગતને પહોંચવામાં મોડું થાય તો હરિકૃષ્ણના હાથે મુહૂર્ત સાચવી લેવું. ભગવાનજીભગત આવે એટલે ફરી પૂજા કરી લેવી પણ ભગવાનની લીલા ન્યારી છે વિદેશથી સમયસર આવી તો ગયા પણ પોલીસ દ્વારા મને ખોટી રીતે દંડીત કરી જામનગર લઈ ગયા ને આ સમાચાર ભક્તોને મળ્યા તો ભક્તો બધાં મહારાજની ધૂન કરીને પ્રાર્થના કરી કે, ભગવાનજી ભગત છૂટી અહીં આવે પછી આપણે જમવું. પછી ભગત છૂટીને આવ્યા. આમ મહારાજે ભકતોની

એકતાનો પરિચય આપ્યો.

વિદેશમાં પણ મહારાજે ઘણાં પરચાઓ પૂર્યા. કચ્છના એક ભાઈને મહારાજે દર્શન દઈને ભગવાનપણું બતાવ્યું. વિદેશમાં કચ્છના વિશ્રામભગત મસ્કતમાં ભેગાં થયા ત્યારે મહારાજની ઓળખાણ કરાવી. મેં તેમને મહારાજની ભગવાનપણાની વાતો કરી તો તે મહારાજના આશ્રિત થયા. તેમજ મંગળદાસ પટેલને પણ મહારાજની ઓળખાણ કરાવી. વિદેશમાં કામકાજ પૂરા કરી નિવૃત થયા ત્યારે અહીં ફુલવાડીમાં સેવા કરી. ફુલવાડી મંદિરનો કારભાર પણ વર્ષો સુધી સંભાળ્યો. સવારે વહેલા ચાર વાગ્યે ઊઠી પૂજા કરી મંદિરમાં અલગ અલગ સેવા, ગાયોની સંભાળ રાખવી જે જે ભક્તોને જે જે જોઈએ તે વ્યવસ્થા કરવી. મંદિરના કોઈ કાર્યો માટે જામનગર જઈને ખરીદી કરવી, રાજકોટ જઈને ખરીદી કરવી, ભક્તો દર્શનાર્થે આવતા તેમને આવકારી સગવડ આપવી, રસોડાનું ધ્યાન રાખવું, વાડીમાં શાકભાજી ફુલ છોડ નું ધ્યાન રાખવું. સમૈયા ઉત્સવમાં સામગ્રીઓ ભેગી કરવી, સૌ ભક્તોને ભાવપ્રમાણે રાજી કરવા. ફુલવાડીને સુષોભિત કરવા બનતું બધું જ કાર્ય સૌ ટ્રસ્ટી મંડળના ભક્તો મળીને કરતા. આમ પરમધામના ધણી આપણને મૂખોમૂખ મળ્યા અનંતકોટી બ્રહ્માડોનાં ધણી આપણને બાજુમાં બસાડે. પોતાનું જમવાનું અને પ્રસાદી આપે, પોતાના ચરણ દાબવા આપે, જ્યાં જરૂર પડે ત્યા પ્રગટ થઈ પ્રત્યક્ષ દર્શન આપે ઘણું ઘણું ભગવાને આપણને સુખ અને રાજીપો આપ્યો છે. મહારાજે રાજી થઈ પ્રસાદીની વસ્તુઓ પણ એટલી આપી કે પટારો ભર્યો છે.

એકવાર વૈશાખ માસ ઉતરતા રાજાભગતના ધર્મપત્ની મોતીબાઈને નાસિક જાત્રા કરાવવા લઈ જનાર ધનજી ચકુના ધર્મપત્ની ચંપા કહે કે, મોતીબાઈ મારી સાથે નાસિક જાત્રા કરવા ચાલો તથા નાસિક અત્યારે તમારા નાના દીકરા ભગવાનજી તથા તમારા નાના વહુ કસ્તુર છે તેમને પણ મળી લેજો. ચંપાબાઈ મોતી સાસુને નાસિક જાત્રા કરવા લઈ જવાની વાત મોતીબાઈના મોટા દીકરા લાલજીભાઈએ આ વાત સાંભળી એટલે લાલજીભાઈ ચંપાવહુને કહે કે, અમારા ડોસીમાને તમો જાત્રા કરાવવા લઈ જવા હોય તો પ્રેમથી અને ખુશીથી લઈ જાવ પણ મારા માતુશ્રીને જાત્રા કરાવીને જેવા છે તેવા વંથલી પાછા પહોંચાડી દેજો. તો તમે લઈ જાવ. પછી આ વાત ચંપાબાઈએ સાંભળી અને કહ્યું કે, ડોસીમાને સાજાનરવા પહોંચાડી દેવા તે જવાબદારી મારી છે. આમ નાસિક જવાનું નકકી કર્યું અને જામવંથલીથી નાસિક જવા રવાના થયા.

ચંપાબાઈ અને બીજા બંને નાસિક આરામથી ભગવાનની દયાથી પહોંચી ગયા. ધનજી ચકુ જાવિયા તે નાસિકમાં નાગચોક પંચવટીમાં પહેલે માળે રહેતા હતા અને થોડે દૂર જીરાગઢના મોતીલાલ રવજી ટાંક રહેતા હતા. ડોશીમાં દિવસના એકબીજાના ઘેર આવતા-જતા સાથે છોકરો ઘર બતાવવા દર વખત આવતો તે બાબાનું નામ ધીરૂ હતું. ગામડામાં રહેનાર માણસો ભલા અને ભોળા અને દયાળુ સ્વભાવના હોય છે. એટલે ડોશીમાં છોકરાને કહ્યું કે, હવે હું એકલી મોતીલાલને ઘેર જતી રહીશ મેં ઘર જોયું છે. દિવસના ચાર વાગે ડોશીમાં ધનજીભાઈના ઘરેથી મેડી ઉપરથી નીચે ઉતરીને કહે છે કે, હવે હું મોતીલાલને ઘેર જતી રહીશ કારણ કે મોતીલાલને ત્યાં સાંજે જમવાનું હતું એટલે ડોશીમાં મોતીલાલના ઘરે જવાને બદલે પંચવટી બંગલોમાં ગોદાવરીના કાંઠે ભૂલા પડી ગયા.

સાંજ થવા આવી દિવસ અસ્ત થઈ ગયો અને ડોશીમાં જંગલમાં ભૂલા પડયા પણ ડોશીમાં ને જીવાત્માની અંદર એવો દૃઢ નિશ્ચય હતો કે, શાસ્ત્રી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સાક્ષાત ભગવાન છે. ડોશીમાં જંગલમાં ભૂલા તો પડયા પણ કહેવત છે કે, ભોળાના ભગવાન છે. એટલે મોતીબાઈ મહારાજનું અખંડ ભજન કરવા લાગ્યા. પણ મોતીબાઈને બીક મનમાં ખૂબ જ લાગી કે, હવે મને ઘેર વઢશે. જંગલમાં રાતના ઉઘાડા પગે ચાલતા પોતાના પગની અંદર ૪૯ જેટલા બાવળના કાંટા લાગ્યા. પણ મોતીબાઈ તો અખંડ મહારાજનું ભજન કરવા લાગ્યા. સાંજના ૭ વાગ્યાનો સમય થયો એટલે મોતીલાલ રવજીભાઈ તથા જયાબેન વસ્તા, બન્ને મોતીબાઈને ધનજી ચકુ જાવિયાના ઘેર તેડવા આવ્યા. એટલે મોતીલાલ કહે કે, માજી કેમ દેખાતા નથી? કયાં ગયા? એટલે ધનજીભાઈના ધર્મપત્ની કહે કે, તે માજી તો તમારે ઘેર દિવસના ચાર વાગ્યાના જતા રહ્યા છે. મોતીલાલ તથા જયા કહે કે, અમારે ઘેર આવ્યા નથી.

આ વાત સાંભળતા ધનજીભાઈ ના ધર્મપત્ની ચંપાબેન આકુળ વ્યાકુળ થઈ ગયા અને કહેવા લાગ્યા કે, હવે હું લાલજી જેઠાને જવાબ શું આપીશ અને જયારે માજીને જાત્રા કરાવવા લઈ આવવાની વાત વંથલી ચાલતી હતી. ત્યારે મને લાલજી જેઠાએ કહ્યું હતું કે, અમારા માતુશ્રીને તમારે જાત્રા કરાવવા લઈ જવા હોય તો ખુશીથી લઈ જાવ પણ પાછા અમારા માતુશ્રી છે તેવાને તેવા પાછા સોંપવા પડશે. આ વાત ચંપાબાઈને યાદ આવી કે, હવે હું જવાબ શું આપીશ? આમ બોલતા બોલતા ચંપાબાઈ તથા તેમના પતિ તથા તેમના સર્વ છોકરાવ તથા મોતીલાલ તથા જયા બધાં શહેરમાં ખૂબ ગોતવા માંડયા. નાસિકની

પોલીસ ચોકીમાં જાણ કરી અને રાતના બાર વાગે બધા પાછા ઘેર આવ્યા. અને જોયું તો ડોશીમા ઘર પાસે આવી પહોંચ્યા હતા. તો તરત બધાએ તેમને પૂછ્યું કે, માજી તમે ક્યાં ભૂલા પડી ગયા હતા ? તો તેમણે કહ્યું, હું રસ્તો ભૂલી ગઈ તેથી ફરતાં ફરતાં બીજે ચાલી ગઈ હતી પણ કોઈ અજાણી વ્યક્તિ મારો હાથ પકડીને અહીં મૂકી ગઈ. જાણે મહારાજ જ સ્વયં માજીની રક્ષા કરવા આવ્યા હોય એવો આ પરચો થયો માટે જ શાસ્ત્રોમાં લખાણ થયું છે કે રામ રાખે તેને કોણ ચાખે.

અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પરમધામાધિપતિ, પરબ્રહ્મ પરમાત્મા, પર નારાયણ એવા પરાત્પર અવતાર અને અવતારીઓથી પર એવા સાક્ષાત્ પ્રત્યક્ષની ઓળખાણ અને યોગ અનંતકોટી યુગોમાં જન્મે મળે તોય મળવા દુર્લભ એ ભગવાન આ સમયે કૃપા કરીને આ શરણાગતિ મંડળને મળ્યા છે. એ ભગવાનને એક વખત હું અને ભગવાનજીભાઈ જીરાગઢવાળા ચરણસેવા કરતા હતા ત્યારે મહારાજ બોલ્યા, આજ તો ત્રણ ભગવાન ભેગાં થયા છે. આમ રમૂજ કરી અનુસંધાન આપતા.

એક વખત દાસાલેન્ડમાં અમે હું, આર.કે. નાયડુને વેરાવળનો હજામ ત્રણ જણાં એક ચોકમાં ભેગા થયા. હજામ કહે, ભગત આ માણસ બહું દુઃખી છે એટલે નાયડુને લઈ અમે દરિયા કિનારે બેઠાં. નાયડુએ માંડીને વાત કરી કે મને બે મહિના થયા બે પાંપળ ભેગી નથી થતી, નિંદર નથી આવતી એટલે મેં રૂમે જઈ મહારાજનું પ્રસાદીનું પાણી, સાકર અને ગુલાબપાખડી લાવીને નાયડુને આપી અને મહારાજનું નામ લેવડાવી સાકર ખવડાવી, ગુલાબ પાંખડી ખવડાવી કહ્યું કે, આ પાણીમા ઉમેરો કરતાં રહેવું અને રોજ થોડું પ્રસાદીનું પાણી પીવું. એમ સાકર, ગુલાબ પાંખડીને પ્રસાદીનું પાણી પીધુંને છુટા પડ્યા. એ દિવસે એવી નિંદર આવી કે બીજા દિવસે બાર વાગ્યા સુધી સૂતા શરીર હળવું થયું. મને ગોતતા ગોતતા આવ્યા, હું મળ્યો ત્યારે મને એવા ભેટી પડ્યા અને રોવા લાગ્યા. આ તમે મને ન મળ્યા હોત તો મારું શું થાત ? એમ કરી મને રૂપિયા એક હજાર સેવાના આપ્યા કે આ મહારાજને સેવા મોકલાવજો. એટલે મેં કહ્યું એમ નહીં તમારે હાથે, તમારા નામ એડ્રેસથી મોકલાવો, એમ સેવા મોકલાવી. વળતા મહારાજની ટપાલ નાયડુને આવી. તે પ્રસાદી પત્રને માથે રાખી ભાવવિભોર નાયડુ ખૂબ નાચ્યા, રાજી થયા. કાગળમાં પ્રસાદીની ગુલાબ પાંખડી હતી. તે જમીને રાજી થયા. એક ગુલાબ પાંખડીને સાકરની પ્રસાદીના પ્રતાપે દુઃખ દૂર થયું અને આવા મહાપુરૂષે મોટા થઈને કાગળ લખ્યો, જેથી ધનભાગી થયા. જ્યારે એ

છૂટ્ટીમાં દેશમાં આવ્યા ત્યારે સામાન લોકરમાં રખાવીને સીધા જૂનાગઢ જઈ મહારાજના દર્શન કર્યા ત્યારે મહારાજની સાથે દામજીમાસ્તરના પ્રવિણભગત અને નાયડુનાં ફોટા ભેગા પડાવેલા છે. જ્યારે મહારાજ સ્વધામ સિધાવ્યા ત્યારે નાયડુએ કથાના ફાળામાં પાંચ હજાર સેવાના આપ્યા હતા.

તેમજ એક મંગળદાસ પટેલ તેમણે પણ રૂપિયા દશ હજારની સેવા કરી હતી. એ મંગળદાસ પટેલ જામનગર નેવીમાં નોકરી કરતાં ત્યારે દરરોજ જામનગર મંદિરમાં દર્શન કરવા આવતા ત્યારે મહારાજને જોતા પણ ક્યારેય પાસે ગયા નહોતા. મંદિરમાં દર્શન કરી સીધા નોકરીએ જતા. સમય જતાં નેવીમાં નોકરી પૂરી થઈ એટલે એમણે વિદેશ મસ્કત આવવાનું થયું ત્યારે દાસાલેન્ડમાં હું હતો ત્યાં આ મંગળદાસ પટેલનો ભેટો થયો. મારી પૂજામાં મહારાજના ફોટા જોઈને મને પુછ્યું, આ સ્વામી કોણ છે ? મેં એમને જોયા હોય એવું લાગે છે. ત્યારે મેં માંડીને વાત કરી, ચમત્કારની વાતો કરી, વિદ્વતાની વાતો કરી. મહાસભા જીત્યાની વાતો કરી અને એમની ભગવાનપણાની વાતો કરી અને હાલ મહારાજ પ્રત્યક્ષ જૂનાગઢ બીરાજે છે. આ બધી વાત સાંભળી એમને મહારાજમાં અતિશય હેત જાગ્યું અને દર્શનની તાલાવેલી લાગી, પરંતુ ઘણી વખત દેશમાં આવ્યા પણ થોડા દિવસોની છૂટ્ટીને કારણે જૂનાગઢ જઈ શક્યા નહીં અને મહારાજ સ્વધામ સિધાવ્યા ત્યારે એ પણ અંતિમ દર્શનાર્થે આવ્યા હતા.

જેના પરમધામના ધણી જબરા તેનો કેફ પણ જબરો. ભગવાનને ભજવાની ઘણાંને ઈચ્છા છે પણ સમજણમાં ફેર છે, પૃથ્વી ઉપર વિચરતા પ્રભુની ઓળખાણ જેને થઈ એ પ્રગટની સેવા ભક્તિએ મોક્ષ થાય છે. ચિન્હ, ચરિત્ર અને ચેષ્ટાઓ વડે ભગવાનની ઓળખાણ થાય છે. ઓળખ્યા પછી પ્રગટ પ્રભુના વચનમાં જ તેમનો ભાગવત્ ધર્મ-ભક્તિ અને સેવાનું જ લક્ષ્ય છે. આવા મહાન, મહાન, મહાન મુક્તોને ભગવાને પણ વખાણ્યા છે. જ્યારથી પ્રગટ પ્રભુજી ઓળખાયા અને ભક્તિ-સેવાઓ મળી છે. ત્યારથી જ તેમનું જીવન બદલાઈ ગયું છે. તેમનું સમગ્ર ઘર-કુટુંબ પણ પ્રગટના દર્શન સેવાને દિક્ષાને પામેલા છે. દિવ્ય મુક્ત ભક્તો છે. બાળકો નાના પણ સમજણ દિવ્ય-ઉંચી જીવન આખું ભગવાનમય, દિવ્ય ભગવાનને વરેલું આ ભાગવત્ કુટુંબ છે.

ભગવાનજી ભગતે મહારાજ વંથલીમાં હતા ત્યારથી જ પ્રગટ ભગવાનના ડગલે ડગલે પોતાનું પગલું ભર્યું છે અને નાનામાં નાના વચનને અધર ઝીલી લઈને મહારાજની પેટ

ભરીને સેવા કરીને મહારાજને પણ સેવાના ઓડકાર આપ્યા છે. ભગવાનજી રાજા જ્યારે પણ મહારાજનાં દર્શને આવતા ત્યારે જેમ શ્રીકૃષ્ણને સુદામા મળતા તેવી જ રીતે હેત-ભાવ, પ્રેમભર્યા હેતથી ભેટીને પ્રગટ ભગવાને ભગવાનજી ભગતને રાજી કરીને હેત વરસાવ્યું છે. તેમજ પ્રસાદી પત્રમાં ''ભગવાનજીભગતના રોમે રોમમાં પ્રગટ ભગવાન વસેલા છે.'' એવા દિવ્ય આશિર્વાદ પણ આપ્યા છે.

એક વખત ટપુલાલ, જયંતિભગત રાઠોડ અને ભગવાનજી ભગત મહારાજના દર્શને ગયા છે. મહારાજે ત્રણે ભક્તોને બાથમાં લઈને ધામના મુક્તોનું વર્ણન કર્યું છે. ત્રણેય ભક્તોએ પણ પ્રગટની વાતો ભગવાન સમક્ષ કરી છે. અને મહારાજ પણ ભક્તોના તરફ નેત્રકમળને નચાવતા હસતા હસતા ભક્તોના શીરે હાથ મૂકીને રાજી રાજી થયા છે. જેનો વીડિયો ઉતારવામાં આવેલો. તેના દર્શન આજ અનેક ભક્તો કરીને રાજી થાય છે.

પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણની કૃપાથી જ્યારથી મહારાજને નાનપણમાં ઓળખ્યા છે ત્યારથી મહારાજની દરેક આજ્ઞા પાળી છે. મહારાજની હયાતીમાં દુબઈથી મહારાજની જરૂરિયાતની વસ્તુ લાવી અર્પણ કરવી, મહારાજનો કોઈ પણ પ્રકારની સેવાનો પત્ર આવે તો એ સેવા પણ મનીઓર્ડર દ્વારા મોકલવી. તેમજ રૂબરૂમાં પણ મહારાજ જે આજ્ઞા કરે તેનું તરત પાલન કરવું. આ રીતે તન-મન-ધનથી મહારાજને અખૂટ સેવીને મેં અને મારા પરિવારે ખૂબ રાજી કર્યા છે. તેથી મહારાજે જૂનાગઢથી રાજીપા અને આશિર્વાદના ઘણાં પ્રસાદીપત્રો અમને લખ્યા છે.જેનો અમને ખૂબ આનંદ છે.

મહારાજના અતિ રાજીપાનું પવિત્ર ધામ ફુલવાડી પરમધામ મંદિર જામવંથલી શ્રીહરિ શરણાગતિ મંડળ ટ્રસ્ટમાં રહી વર્ષો સુધી યથાશક્તિ સેવા આપીને મહારાજ તેમજ ભક્તોને ખૂબ રાજી કર્યા છે. ફુલવાડી મંદિરના મધ્ય શિખરની સેવાનો લાભ અમોને જે મહારાજની કૃપાથી મળ્યો છે એથી અમે વિશેષ ધન્યભાગી થયા છીએ. મારા પરિવારમાં મારા ધર્મપત્ની કસ્તુર, દીકરો હરિકૃષ્ણ, બંને દીકરી નલિની - પૂનમ મહારાજના દીક્ષિત અને અતિકૃપા પાત્ર છે. તેમજ હરિકૃષ્ણના ધર્મપત્ની કલાબેન અને એનો દીકરો તિર્થ પણ સૌ ખૂબ સુખી છે અને મહારાજની સેવા-ભક્તિ વિશેષ કરીને પ્રગટ ભગવાનને રાજી કરી રહ્યા છે.



## કસ્તુરબેન ભગવાનજીભગત જાવીયા ગામ : જામવંથલી, હાલ- રાજકોટ

**પ્રગટ** ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણ જ્યારે જામનગરથી જામવંથલી પ્રથમ વખત આવ્યા ત્યારે જામવંથલી સ્ટેશનથી ૫૧ બળદનો રથ શણગાર્યો હતો તે રથમાં મહારાજને બેસાડ્યા અને ધૂન, કિર્તન, રાસ રમતા રમતાં અને છંદો બોલતા અને આગળ ઢોલી ઢોલ વગાડતા હતા ત્યારે જાણે આકાશ હરિભક્તોના કિર્તનથી ગાજી ઊઠ્યું હોય એમ એક મહાઉત્સવ થઈ ગયો હતો.

જે ગાડામાં મહારાજ બેઠા હતા તે ગાડું લાલજી ચોટલિયાનું હતું. અને બીજા ગાડામાં સંતો બેઠા હતા. આમ હરિભક્તો ઉત્સવની જેમ છંદ કિર્તન બોલતા બોલતા જામવંથલી મંદિરે પધાર્યા હતા અને બાઈઓ-ભાઈઓ સૌ મહારાજના રથ પાછળ કિર્તન ગાતા ગાતા, રાસ રમતા આવતા હતા. તે દિવસે જામવંથલી આનંદના હિલોળે ચડ્યું હતું.

એ સમયમાં મહારાજની પધરામણી ઘેર ઘેર થઈ હતી અને શ્રાવણ માસની કથાનું આયોજન થયું ત્યારે પ્રગટ ભગવાને એ કથામાં એવું તે અમૃત સીંચ્યું કે, ગામ આખું પોતાને ધન્ય ધન્ય માની સેવાઓ કરતું અને કથા સાંભળતું. આમ મહારાજે જામવંથલીને ગોકુળિયું-ગઢપુર બનાવી દીધું હતું.

પ્રગટ ભગવાને ઘરે ઘરે પધરામણી કરી સૌને પોતાનામાં આકર્ષિત કર્યા અને આશીર્વાદ આપી દુઃખ દૂર કર્યા અને તન-મન-ધનથી સુખીયા કરી દીધા અને પ્રગટ ભગવાન પણ ખૂબ રાજી રાજી થતા હતા સૌને પ્રગટ ભગવાનની વાણી અલૌકિક રીતે સૂતા-જાગતા, સ્વપ્નમાં પણ સંભળાતી હતી. જામવંથલી ગામનાં સૌ બ્રહ્મમય થઈ મહારાજને બ્રહ્મદૃષ્ટિથી નિહાળતા હતા અને મહારાજના વચનને ઝીલતા ને પોતાને ધન્ય ભાગ્યશાળી માનતા હતા અને મહારાજના આર્શીવચનો જાણે સાક્ષાત્ પ્રત્યક્ષ સામે નિહાળતા અને મહારાજના આજ્ઞા, વચનો માટે હરિભક્તો સદા તત્પર હાજર રહેતા.

આમ જામવંથલીના હરિભક્તો અને મહારાજની એકતા જાણે રામ-હનુમાન, કૃષ્ણ-સુદામા જેવી કે હરિભક્તોને મહારાજ વિના ન ગમે અને પ્રગટ ભગવાનને આ ભક્તો વિના ન ગમે એવો દિવ્ય સંબંધ સૌને બંધાઈ ગયો હતો. પોતાના દરેક કામોમાં આ હરિભક્તો મહારાજને જ જોતા હતા. મહારાજ માટે જ કાર્યો કરતા હતા. સ્વામિનારાયણ ભગવાનના એ સંતો અને ૫૦૦ પરમહંસો જાણે આ જામવંથલીમાં અવતર્યા હોય અને સ્વામિનારાયણ

એવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી, અનાદિ શ્રીકૃષ્ણનારાયણ ભગવાન સ્વયં પધાર્યા છે. એવો હરિભક્તોને અનુભવ થતો હતો. પ્રગટ ભગવાને પણ તેની મનોકામના પૂરવા અને જગતને ભગવાન અને ભક્તોના સંબંધનું જ્ઞાન આપવા આવી દિવ્ય લીલા આ જામવંથલીમાં ભક્તોને દર્શન આપી મનોરથો પૂરા કર્યા છે.

જામવંથલીમાં પ્રેમજી લાધા ખોલિયાએ પોતાની ફુલવાડીની જમીન મહારાજને દાનમાં આપી તે પવિત્ર જગ્યાએ આજે પરમધામ ફુલવાડી મંદિર છે. તે જમીનમાં સૌ ભક્તો ભેગા મળી મહારાજને વચમાં બિરાજમાન કરાવી ચારે બાજુ ભક્તો કિર્તનો બોલતા બેસતા અને મહારાજ કથા કરીને સત્ય એવું બ્રહ્મજ્ઞાન પીરસતા અને ભક્તો ભગવાનમાં એકાગ્ર થતા અને કથામૃત, અમૃતપાન કરતાં અને કૃપામય નજરે નિહાળતાં. ત્યારે મહારાજે હરિભક્તોને સેવા આપવા એ ભૂમિમાં એક રાત્રે ધ્રુવતારાનું નિશાન લઈને ત્યાં પ્રસાદીના ઓરડા બનાવવા પાયા છાપ્યા અને બીજા દિવસે પાયા ખોદવાનું મુહૂર્ત કરી મહારાજ પૂજામાં બેઠા. ત્યારે ત્યાં પ્રભાશંકર ભૂદેવ પણ હાજર હતા અને ત્યારે ત્યાં ભગવાનજી રાજા જાવીયા તે સમયે હાજર હતા. ત્યારે ભગવાનજી રાજાએ મહારાજને પ્રાર્થના કરી, મહારાજ મારે પૂના કામ શીખવા જવું છે. આપ આશીર્વાદ આપો ત્યારે મહારાજે ત્રિકમ આપી પાયાનું મુહૂર્ત તેમને કરવા કહ્યું અને કહ્યું કે, આ ત્રિકમના ત્રણ ટોચા મારી સીધા ઘરે જજો પાછું વાળીને ન જોતા. એમ મહારાજની આજ્ઞા પાળી ત્રણ ટોચા મારી ઘરે ગયા. મહારાજ ખૂબ જ રાજી થયા.

ફુલવાડીનાં એ પ્રસાદી ભુવનના પાયા ખોદાયા ત્યારે મહારાજે અનેક ભક્તોને સેવાનો અવસર આપ્યો. પાયા પૂરવા માટે ધારે જઈ ભક્તો પથ્થર કાઢતા. ઘણા ભક્તો ધારે સેવા કરતા, ઘણાં ભક્તો અહીં સેવા કરતા અને દરરોજ રાત્રે સત્સંગ થતો. મહારાજ ઘર, ખેતર, વાડીમાં પધરામણીએ જતા. આમ ભક્તોને ભગવાન આનંદ આપતા તથા જે ભક્તો ધારે પથ્થર કાઢતા ત્યાં મહારાજ જઈને સૌ ભક્તોને દરરોજ સુખડી, ગાંઠિયા, મોતિયા લાડુ મહારાજ ભક્તોને જમાડતા.

એક દિવસ મહારાજ કહે, આજ તો ધારેથી ન્હાતા ન્હાતા આવવું છે. ત્યારે દરરોજની જેમ મહારાજ ધારે ભક્તોને પ્રસાદ જમાડતા હતા. સૌ ભક્તો પ્રસાદ જમી ગામમાં આવવા તૈયાર થયા. ત્યારે આકાશમાં એક અચાનક વાદળી આવી અને ધીરે ધીરે વરસવા લાગી અને ગામને પાદર પહોંચ્યા ત્યાં ભક્તો અને ભગવાન સૌ ભીંજાઈ ગયા. સૌ ભીંજાતા ભીંજાતા

મંદિરે પહોંચ્યા, વરસાદ વધ્યો કે નદી બે કાંઠે વહેવા લાગી. આમ ભગવાને પોતાનું ઐશ્વર્ય બતાવ્યું. આમ મહારાજ અવારનવાર આવા કંઈક અલૌકિક દર્શન, ચમત્કાર આપતા અને હરિભક્તોને સુખ આપતા.

એક વખત ડાયાબાપાની દિકરી મને રાત્રે સાડા ત્રણ વાગ્યે વીંછી કરડ્યો તેની પીડાથી મેં ડાયાબાપાને જગાડ્યા અને કહ્યું, મને વીંછી કરડ્યો છે. ત્યારે ડાયાબાપા કહે, હું ખરખોડીનો વેલો લઈ આવું તેનો રસ ચોપડવાથી વેદના ઓછી થાય ત્યારે અમરતમા કહે, મહારાજ મંદિરે પોઢે છે ત્યાં તમે જાઓ અને મહારાજને કહો. ત્યારે ડાયાબાપા રાત્રે મહારાજ પાસે ગયા અને માંડીને વાત કરી ત્યારે મહારાજ અને હેમંતભગત નદીને સામે કાંઠે આવ્યા ત્યારે મહારાજે મારો વીંછી ઉતાર્યો ત્યારે અમરતબા મહારાજના પગે હાથ ફેરવતા હતા. ત્યારે પ્રગટ ભગવાન કહે, અમરતબા તમારે ત્રણ ઘૂંટીના દર્શન કરવા છે ? ત્યારે માજીએ હા કહી તો અમોને આખા ઘરના સૌને ત્રણ ઘૂંટીના દર્શન કરાવ્યા તેમજ મહારાજે રાજી થઈને સાથળમાં ખાપો તથા લક્ષ્મીજીના પણ દર્શન કરાવ્યા. આમ પ્રગટ ભગવાન નિજ ભક્તોને કાંઈ દુઃખનું નિમિત્ત કરી દર્શન આપતા.

એક વખત ડાયાબાપાના ઘરે અમૃત નિવાસમાં બહારગામથી કોઈ મહેમાન આવ્યા હતા અને મહેમાન માટે દૂધપાક બનાવ્યો હતો. અમૃતબાએ સંકલ્પ કર્યો કે, આજે દૂધપાક બનાવ્યો છે જે ભગવાનને ધરીને પછી સૌને પીરસવો. આમ સંકલ્પ કરી અમૃતબાએ તેની વહુ સવિતાબેનને કહ્યું, ત્યારે મહારાજ ડાયાભગતનાં ખેતરે ગયા હતા. મહારાજ સાથે દેવસ્વામી-ડાયાભગત તથા માવજી લક્ષ્મણ મકવાણા એ ચારેય વાડીએ અને ખેતરે ગયા હતા. ત્યારે ખેતરમાં નિંદવા માટે પરષોત્તમ ડાયા મકવાણા તેમજ તેના પત્ની ચંપાબેન અને મુક્તાબેન રાજા ખોલિયા આ ત્રણેય ભક્તો મગફળીનું નિંદામણ કરતા હતા તે સમયે પ્રગટ ભગવાને દયા કરી. ત્રણે ભક્તો સાથે હતા ત્યારે બાપુને વિચાર આવ્યો કે, મહારાજ ચાલીને આપણાં ખેતરે પધાર્યા છે તેથી મહારાજને ઘરે પધરામણી કરવા અને પ્રસાદ ગ્રહણ કરવા આમંત્રણ આપ્યું અને આ બાજુ અમૃતબાનો સંકલ્પ કે આ દૂધપાક મહારાજને જમાડીને સૌએ પ્રસાદ લેવો. આમ પ્રગટ ભગવાન નિજ ભક્તોના મનોરથ પૂરવા અંતર્યામી થઈને બધું ભેળું કરતા. જ્યારે આ વાત ઘરમાં ઉજાગર થાય ત્યારે સૌને ભગવાનના ઐશ્વર્ય-અંતર્યામી ચમત્કારની જાણ થાય અને ભગવાન માટે વધારે ને વધારે ભક્તિ-સેવા થાય અને ભક્ત ભગવાનની નજીક નજીક જાય. આમ ભગવાન ચરિત્ર-લીલા કરી પોતાના ભક્તોને

પોતે ભગવાનપણાંની ઓળખાણ દેતા હતા.

એક વખત અમારા ભેંસદળવાળા સાકરબેનને લેવા માટે ભગવાનજી રાજાભગત રેલવેસ્ટેશને ગાડું જોડીને ગયા હતા. ત્યારે રાજકોટથી મેલ આવ્યો. ત્યાં કોઠારીસ્વામીને ડબ્બાના દરવાજે ઊભેલા જોયા એટલે અમે તરત જ જાણ્યું કે મહારાજ પધાર્યા છે. એટલે ભગવાનજીભગતે ગાડું જોડીને તૈયાર રાખ્યું. ગાડામાં ગોદડું પાથર્યું. મહારાજ સ્ટેશનથી બહાર આવ્યા. મહારાજના ચરણ સ્પર્શીને માથું નમાવ્યું ને ગાડામાં બિરાજમાન કરાવ્યા. મહારાજ કહે, કોની રાહ જોતા હતા. ત્યારે ભગત કહે, ભેંસદળવાળા સાકરબેન આવવાના હતા. ત્યારે મહારાજ કહે, સાકરબેન નહીં પણ અમે આવવાના હતા. આમ કહી મહરાજ કહે, ગાડું હળવે હળવે હાંકજો ત્યારે ગામમાં વાત પહોંચી ગઈ કે મહારાજ પધારે છે. ત્યારે ગામના સૌ હાજર થઈ ગયા અને મહારાજનું વાજતે-ગાજતે સામૈયું કર્યું અને કિર્તન ગાતા ગાતા મંદિરે આવ્યા. આમ અચાનક મહારાજને તેડવા જવાનો અલભ્ય લાભ મળ્યો જે અમારા માટે તો સંભારણા રૂપે પરચો જ કહેવાય. આમ ભગવાન નિજ ભક્તોને સેવા આપવા આવા ઘણાં દિવ્ય ચરિત્ર કરતાં સેવા આપતા અને રાજી થતાં.

એક વખત ચંપાદેવી તથા દયાબેન અને કસ્તુરબેન ત્રણે કપડાં ધોવા ફુલવાડી તરફ આવતા હતાં અને ત્રણેને સંકલ્પ થયો કે, આજે મહારાજના દર્શન કરવા છે. ત્યારે વાતો કરતાં કરતાં ફુલવાડી પહોંચ્યા ત્યાં મહારાજ ફુલવાડીમાં જ્યાં કૂવો છે ત્યાં પાછળના ભાગે કારીગર મજૂર પાસે મહારાજ થાપી લઈ ઈંટનું બાંધકામ કરાવતા હતા. ત્યારે અમારો સંકલ્પ હતો મહારાજના દર્શન કરવા છે. તે આ થાપી લઈ બાંધકામ કરતા મહારાજના દર્શન થતાં અમે મહારાજની નજીક ગયા. મહારાજને કહ્યું, મહારાજ આપનાં દર્શન કરવા અમે તમારી પાસે આવ્યા છીએ. ત્યારે મહારાજે ત્રણેને પાસે બેસાડી અને પોતાના ચિન્હના દર્શન કરાવ્યા. હું તથા દયાબેહન અડખે પડખે બેઠા અને ચંપાબેન સામે બેઠા. આમ પ્રગટ ભગવાને પોતાની પાસે બેસાડીને કર-ચરણના ચિન્હોના દર્શન કરાવ્યા. આમ અંતર્યામી ભગવાન ભક્તોના મનોરથ પૂરવા અને પોતાની મૂર્તિનું સુખ આપવા હાજર વર્તે છે.

આવા ભક્તો દિવ્ય છે અને પરમ ભાગ્યશાળી છે કે પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાણ નો સ્પર્શ થવો, ચિન્હના દર્શન થવા, ભગવાનમાં રસબસ થઈને દિવ્ય ભક્તિ-સેવા-ઉપાસના કરવી અને આનંદ માણવો.

પ્રગટ ભગવાન જ્યારે જામવંથલીમાં પ્રત્યક્ષ બિરાજમાન હતા ત્યારે મને ઘણાં પ્રકારે

મહારાજના દર્શન સેવાના આનંદ પ્રાપ્ત થયા હતા. પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પરબ્રહ્મ પરનારાયણ માનવરૂપમાં જામવંથલીમાં વિચરણ કરતા લીલા કરતા ત્યારે સવારમાં દાતણ કરતા તે પ્રત્યક્ષ દર્શન કર્યા છે. પ્રગટ ભગવાનને સ્નાન કરતા નિરખ્યા છે. ભગવું ગંજીયુને ધોતી પહેરેલા પ્રભુને નિરખ્યા છે.

મહારાજ અમૃતબાને પતાસાની પ્રસાદી આપીને રાજી કરતા અને મહારાજ જામવંથલી મંદિરે રહેતા ત્યારે ફુલવાડીમાં કામ પણ ચાલુ હતું ત્યારે મહારાજ સવારે ફુલવાડીએ જતાં ત્યારે બાજુમાં અમૃત નિવાસમાં ડાહ્યાભગતના ઘરે પાવડા અને ધમેલા લેવા આવતા. સાથે બે છોકરાવ લાવતા ને મહારાજ અને દેવસ્વામી સાથે આવતા. ડાહ્યા ઝીણાના ઘરે પ્રેમીભક્તોને દર્શન આપતા અને હાથમાં છડીને ચરણે ચાખડી પહેરી હોય ત્યારે ચટકતી ચાલ મહારાજ ચાલતા ને ભક્તોને આનંદ આપતા અને લટકા કરી બોલાવતા ત્યારે પ્રેમીભક્તો પોતાને ધન્ય ધન્ય ગણતા. આમ ડાહ્યાભગતને ઘરે મહારાજ પધરામણીએ ઘણી વખત આવતા ને ભગવાનની વાતો કરતા અને સૌ રાજી થતા. મહારાજ જ્યારે જવા ઊભા થતા ત્યારે મહારાજ કહેતા, ડાહ્યાભગત હવે અમો જઈએ ત્યારે ડાહ્યાબાપા કહેતા મા-બાપ બેસોને તો મહારાજ થોડીકવાર વધારે બેસીને ભગતને રાજી રાખતા. આમ પ્રગટ ભગવાનની દયાનો કોઈ પાર નહીં. આમ મહારાજે ડાહ્યાભગતને, કુટુંબને દર્શનનો ઘણો લાભ આપ્યો છે. મહારાજ જામવંથલીમાં પ્રત્યક્ષ હતા ત્યારે વ્હાલા ભક્તોને બહું સુખ આપતાં બ્રહ્મસુખ અમૃત વરસાવતા. અમીદૃષ્ટિ કરી નિજ મૂર્તિના દિવ્ય અલૌકિક સુખ આપતા. દિવ્ય સુખે પ્રેમી ભક્તોને તૃપ્ત કરતા.

એકવાર ભગવાનજી રાજા જાવીયાને મહારાજ જુનાગઢ મંદિરમાં એકાદ કલાક પ્રદક્ષિણા ફર્યા. ત્યારબાદ મહારાજ અને ભગવાનજીભગત બંને હનુમાન-ગણપતિ પાસે આવ્યા અને મારા માથે હાથ મૂક્યો અને મહારાજ બોલ્યા, કેમ છો કસ્તુર. ત્યારે મને અતિ હરખ થયો. આ હરખ આનંદ જોઈને અંતર્યામી મહારાજ ખૂબ ખૂબ રાજી થયા અને રાજીપાથી મને આશીર્વાદ આપ્યા. ત્યારે અમે મહારાજ માટે મસાલાવાળા ઢેબરા બનાવી લઈ ગયા હતા. આમ અવારનવાર મહારાજ માટે મોતિયા લાડું, ઝીણી સેવ તથા મુખવાસમાં એલચીના દાણા ડબરો ભરીને જે ભક્તો જૂનાગઢ જતા તેની સાથે મોકલતા.

પ્રગટ ભગવાન જામવંથલીમાં બિરાજતા હતા ત્યારે વહેલી સવારે ગામમાંથી બાઈઓ પાણીના બેડા ભરીને મંદિરે મૂકવા જતી. ત્યારે એક વખત હું તથા મારા ભાભી પાણીના

બેડા ભરીને મૂકવા જતી હતી ત્યારે પ્રગટ ભગવાન દાતણ કરતા હતા ત્યારે મહારાજ અને મારી એક નજર થઈ એટલે જે દાતણ કરતા હતા તે મને ત્યારે જ રાજી થઈ આપ્યું અને એ દાતણ જે મહારાજે ચાવીને આપ્યું હતું. તે પ્રસાદી દાતણ મેં જ્યારે ચાવ્યું તો જાણે અમૃતનો રસ પીધો હોય તેવો અંતરમાં તૃપ્તીનો અનુભવ થયો. આમ હૈયામાં આનંદ થતાં ઘેર પહોંચ્યા.

પ્રગટ ભગવાન ફુલવાડીમાં હતા ત્યારે ફુલવાડીના કૂવામાંથી ગાર કઢાવવો હતો ત્યારે મહારાજે એક ડોશીમા સાથે ડાહ્યાભગતના ઘરે સમાચાર મોકલ્યા કે, બે-ત્રણ દિકરીયુંને મોકલો તો અમારે કૂવામાંથી ગાર કઢાવવો છે. ત્યારે અમે ત્રણ જણી ફુલવાડી ગયા. ત્યાં વિજ્યા કૂવામાંથી ગાર લાવે હું વચ્ચે અને બીજી કસ્તુર છેલ્લે આમ ગાર કાઢતા હતા ત્યારે મહારાજે આવીને મને કહે, તારો હાથ લાવ. મેં મહારાજને મારો હાથ આપ્યો. મહારાજે મારો હાથ ઝાલ્યો ત્યારે મેં કહ્યું, મહારાજ મને ધામમાં લઈ જવા માટે મારો હાથ ઝાલ્યો છે ને. તો મહારાજે કહ્યું, અમે અમારા દરેક ભકતોનાં હાથ ધામમાં લઈ જવા માટે જ ઝાલ્યાં છે.

એકવાર ઋષીપંચમીના દિવસે પરષોત્તમ ડાહ્યા મકવાણા સવારે મહારાજને લઈ કંકાવટી નદીના કાંઠે અમૃત નિવાસમાં પધાર્યા. ત્યારે સાથે દેવસ્વામી પણ હતા અને મહારાજને ત્રીજા રૂમમાં ઢોલિયે ગાદલા નાખી બિરાજમાન કરાવ્યા. ત્યારે ડાહ્યાબાપાનું કુટુંબ બાયું-ભાયું બધાં ભેગા મળી મહારાજની આરતી ઉતારી પૂજા કરી. તેમાં પરષોત્તમભાઈ તેમના ધર્મપત્ની, અમૃતબા, સવિતાબેન તથા કસ્તુર અને શાંતાબેન બધા મળીને ઋષીપંચમીની મહારાજની પૂજા કરી. ત્યારે સૌ ભક્તોએ દક્ષિણા આપી તે મહારાજે નોટોને પાઘમાં રાખી અને ચિલર હતું તે દેવસ્વામીને આપ્યું. આમ મહારાજની આરતી ઉતારી ત્યારબાદ મહારાજ ફુલવાડી ગયા.

મહારાજ એક વખત ફુલવાડીમાં સર્વને દર્શન આપતા હતા ત્યારે ડાહ્યાભગતના ઘરના રસોડાની બારીમાંથી મેં અમૃતબાને કહ્યું કે, મારે ફુલવાડીએ મહારાજના દર્શન કરવા જવું છે. ત્યારે હું સાંજના રોટલા કરતી હતી. અમૃતબા કહે, રોટલી કરીને જજો. એટલે હું ઝડપથી ઝટ ઝટ રોટલા કરી ફુલવાડીએ ગઈ. ત્યારે ફુલવાડીને વાડ હતી એ વાડમાં છીંડું હતું તે છીંડીમાંથી ગરકીને મહારાજના દર્શન કરવા ગયા. ત્યારે મહારાજ સૌને દર્શન આપી સ્નાન કરીને મહારાજ ઊભા હતા. ત્યારે મેં એક ભગતને કહ્યું, મારે મહારાજના દર્શન કરવા છે ત્યારે મહારાજ દર્શન દેવા પધાર્યા અને સ્નાન કરેલ પ્રસાદીનું જળ મારા મુખમાં

મેલ્યું ત્યારે જાણે દિવ્યરસ મુખમાં મેલ્યો હોય તેવો મને આનંદ થયો. આમ અંતર્યામી ભગવાન નિજ ભક્તોના મનોરથ પૂરા કરતા અને દર્શન આપતા.

આમ પ્રગટ ભગવાન પોતાના વ્હાલા ભક્તો જે ઘણા યુગોથી ભક્તિ કરતા આવતા હોય તેવા ભગવાનની મૂર્તિના યોગને પામવાની ઈચ્છાવાળા ભક્તોને સમયાંતરે પોતાની ઓળખાણ આપી નિમિત્ત ધરી નિજ ભક્તોને આવા દિવ્ય યોગ વડે મનની મનોકામનાઓ પૂરે છે, રાજી કરે છે. ભક્તિમાં અગ્રેસર રાખે છે. સાથે અનેકના કલ્યાણ કરે છે. ભક્ત અને ભગવાન રસબસ થઈ મૂર્તિમાં મૂર્તિ ભળી જાય છે ત્યારે પ્રેમલક્ષણા ભક્તિની પરાકાષ્ટા અને બ્રહ્મરૂપપણું પરબ્રહ્મમાં એકરસ દિવ્ય એકતા થાય છે.

●●●

## અનાદિ મુક્તરાજ હરિકૃષ્ણભગત ભગવાનજીભગત જાવિયા

**ગામ : જામવંથલી, હાલ- રાજકોટ**

**હરિકૃષ્ણભગતનો** જન્મ થયા પહેલાં મહારાજે ભગવાનજી ભગતને કહ્યું હતું કે, તમારી ઘેર દીકરાનો જન્મ થશે અને એનું નામ હરિકૃષ્ણ રાખજો પછી સમય જતાં હરિકૃષ્ણભગતનો જન્મ થયો અને પછી મહારાજને કાગળ લખ્યો કે, દિકરાનો જન્મ થયો છે. મહારાજે જવાબમાં પત્ર લખ્યો કે, હરિકૃષ્ણ નામ ઉત્તમ છે માટે તે નામ રાખજો.

ભગવાનજી ભગત જ્યારે મહારાજના દર્શન કરવા જાય ત્યારે એ કાંઈ ને કાંઈ વસ્તુ લેતા જાય. એક વખત મહારાજનાં દર્શન કરવા ગયા ત્યારે મહારાજ માટે એક સૂટકેસ ભરી વસ્તુઓ લાવ્યા. દુબઈથી એક વખત મહારાજ માટે ભગત સાબુ લાવ્યા, મોંઘો સાબુ હતો એના કવર પર એક સ્ત્રીનો ફોટો હતો. તેથી મહારાજ ઘડીક હરિકૃષ્ણ સામું જુએ. ઘડીક ભગવાનજીભગત સામું જુએ. ઘડીક સાબુ સામે જૂએ. પછી મહારાજે હરિકૃષ્ણને કહ્યું કે, એક લાલ બોલપેન લાવ. ભગતે આપી. પછી એ પેનથી મહારાજે એ યુરોપિયન સ્ત્રીને કપાળમાં લાલ ચાંદલો કર્યો પછી મહારાજે હરિકૃષ્ણને કહ્યું કે, ''જો કેમ લાગે છે !'' પછી ભગત હસ્યા પછી મહારાજે કહ્યું કે, ''હજુ આમાં અધૂરું છે, પછી મહારાજે હળવેકથી એ સ્ત્રીનો સેંથો પૂર્યો.'' પછી મહારાજે કહ્યું કે, ''હવે પરિપૂર્ણ સ્ત્રી થઈ.'' પછી મહારાજે હરિકૃષ્ણને કહ્યું કે, ''તને આવી ગોતી દેવી છે.''

એક વખત બાર-તેર ભક્તો ગિરનારની પ્રદક્ષિણા કરવા ગયા. ત્યારે હરિકૃષ્ણભગત

સૂતા હતા તેથી રહી ગયા. પછી મહારાજે તેને કહ્યું કે, હવે તું અહીં રહે અને મારી સેવા કર. પછી મહારાજે તેમને અતિ રાજી થઈ દિવ્ય બ્રહ્મસુખ આપ્યા. પછી મહારાજે કહ્યું કે, હવે તમારા બધા પૂર્વજન્મના પાપ બળી ગયા. પછી મહારાજે રાજી થઈ હરિકૃષ્ણભગતને પોતાની મહાપ્રસાદીની દાઢ આપી.

એક વખત મહારાજની રૂમની પાછળ ભંડાર હતો. એમાં જૂનવાણી ચીમની હતી ત્યાં પચાસેક જેટલા વાંદરા આવ્યા એમાં બધાય વાનર કૂદાકૂદ કરતા અને મહારાજ શાસ્ત્ર લખતાં હતાં. ત્યાં સવારમાં સૂર્યનારાયણનો પ્રકાશ આવતો હતો. નીચે ભંડક હતો એમાં રોટલીઓ પડી હોય એ વાનરો માટે લાવી લાવી નાખતા હતા અને એમાં એક વાંદરો એ મહારાજ સામે જોતો હતો. પછી મહારાજે ભગતને બોલાવ્યા. પછી ભગતને કહ્યું કે, ''જો આ કોણ છે ? પછી ભગતે કહ્યું કે,- ''આ વાનર છે.'' પછી મહારાજે કહ્યું કે, ''જો સરખું જો આ કોણ છે ? મહારાજે કહ્યું કે,- ''આ સાક્ષાત્ હનુમાનજી છે.'' પછી મહારાજે બાસ્કેટમાંથી એક કેળું આપી ભગતને કહ્યું કે, તમે હનુમાનજીને કેળું આપો. પછી ભગતે કેળું આપ્યું અને પછી એ આખું કેળું છાલ સહીત જમી ગયા. આ રીતે હનુમાનજીને પ્રસાદીનું કેળું આપ્યું.

એકવાર હરિકૃષ્ણ ભગત અને હરસુખ ભગત મહારાજના દર્શન કરવા જૂનાગઢ ગયા હતા અને એ સમયે ભગવાનજી ભગત દાસાલેન્ડમાં હતા અને ત્યાંથી એક કેમેરો અને રોલ લાવ્યા હતા અને હેમંતભગતને કહ્યું કે, તમારે મહારાજની દિનચર્યાના ફોટા પાડીને રોલ મોકલી દેવાનો હતો માટે જૂનાગઢમાં લક્ષ્મીવિજય સ્ટુડિયોમાં હેમંતભગત અને હરિકૃષ્ણભગત મહારાજનો આલ્બમ બનાવવા માટે ફોટા પાડવાના છે એમ કહેવા ગયા. લક્ષ્મીવિજય સ્ટુડિયોવાળા ભાઈને એમ હતું કે, બે-ત્રણ ફોટા પાડવાના હશે એટલે એ તેમની સાથે મંદિરે આવ્યા. ત્યારે હેમંતભગતે એમને કહ્યું કે, આ આખા રોલના ફોટા પાડવાના છે. તો સ્ટુડિયોવાળાએ કહ્યું કે, આ તો ૩૬ ફોટા થાય. આ પાડવામાં તો સમય લાગે. પછી મહારાજ કહ્યું કે, તમે ભગત એક કામ કરો. હું જેમ વેશ બદલતો જાવ ને એમ તમે કેમેરાની ચાપ દબાવતા જાઓ. પછી મહારાજ જૂદી જૂદી રીતે લીલાચરિત્ર કરતા ગયા. ક્યારેક ઊભા રહે, બેસી જાય. એ રીતે ફોટા પડાવ્યા પછી છેલ્લા ફોટામાં મહારાજે અલખી ધારણ કરી હરિકૃષ્ણભગતને પોતાના ચરણ પાસે નમન કરતા ફોટા પડાવ્યા.

એકવાર હરિકૃષ્ણભગત તેમની નાની બેન બે વર્ષની પૂનમને બાબા સૂટ પહેરાવી મહારાજ પાસે બાલમુકુંદ ભવનમાં તેમના રૂમમાં કંઠી બંધાવવા લઈ આવ્યા અને પછી

મહારાજે પૂનમને ચાંદલો કરી મહારાજે મંત્ર બોલી કંઠી બાંધી. ત્યારે કંઠી બાંધતા ફોટા પણ પાડ્યા પછી થોડીવાર રમાડીને કહ્યું કે, આને હવે લઈ જાઓ.

એકવાર જામવંથલીમાં બગીચાવાડીમાં મહારાજ કુવા પાસે સ્નાન કરતા હતા એવામાં હરિકૃષ્ણભગત દર્શન કરવા પહોંચ્યા ત્યારે મહારાજે અચાનક મોઢામાંથી ગળફો કાઢ્યો તો તરત જ એ ગળફો હરિકૃષ્ણભગતે હાથમાં લઈ પ્રસાદીરૂપે પી ગયા તેમજ મહારાજ સ્નાન કરતા હતા તે પ્રસાદીના જળનું પણ પાન કરી ધન્ય બની ગયા.

મહારાજની હયાતીમાં ખૂબ જ નાની ઉંમરમાં હરિકૃષ્ણભગતને મહારાજના અનેકવાર દર્શન સેવાનો લાભ મળ્યો છે. મહારાજની સાથે તેમના અનેક ફોટાઓ પણ છે. હરિકૃષ્ણભગત તેમજ હરસુખ ભગત આ બંને બાળમિત્રોને મહારાજે પોતાની સેવાનો લાભ આપી ખૂબ રાજી કર્યા છે. આ બંને ભક્તોએ ફુલવાડી મંદિરનું જ્યારે કાર્ય ચાલતું હતું ત્યારે મોટા મોટા પથ્થરોની પાટો ગાડીમાંથી ઉતારવી, માલ સામાન ફેરવવો, ઉત્સવ-સમૈયામાં સેવાઓ કરવી, મોટા ભક્તોને સાચવવા. આવી અનેક પ્રકારની સેવાઓ કરી મહારાજ તેમજ મુક્તોને રાજી કર્યા છે. ફુલવાડી પરમધામ મંદિરનું કાર્ય ચાલું હતું ત્યારે ભગવાનજીભગત તો દુબઈ હતા પણ તેમનો પરિવાર કસ્તુરબેન, હરિકૃષ્ણભગત, પૂનમ અને નલિનીએ જામવંથલીમાં જ હતા જેથી ફુલવાડીના ખાતમુહૂર્તથી લઈને મહારાજની મૂર્તિ પ્રતિષ્ઠા સુધી મંદિરના અનેક કાર્યોમાં પૂજનવિધિ કરવાનો તેમજ સેવાનો પણ ખૂબ મોટો લાભ મહારાજની કૃપાથી એમને મળ્યો છે જેનો તેમને ખૂબ આનંદ છે.

પ્રગટ ભગવાનની કૃપાથી હરિકૃષ્ણભગત તેમના બાપુજી ભગવાનજીભગત, તેમના માતુશ્રી કસ્તુરબેન, તેમના ધર્મપત્ની કલાબેન, દિકરો તિર્થ તેમજ તેમની મોટી બેન નલિનીબેન અને નાની બેન પૂનમબેન આ બધા જ પરિવારના ભક્તો તન-મન-ધનથી મહારાજને સેવી ભજન કરી અને ધર્મમય પવિત્રપણે જીવન વ્યતિત કરીને ધન્યતાનો અનુભવ કરી રહ્યા છે.



પરચા નં.
૧૯.

## અનાદિ મુક્તરાજ હિરજીભગત પેથાભગત ચૌહાણ
### ગામ -જામવંથલી

**હિરાબાપા** જામવંથલીમાં રહેતા. આખા ગામમાં હિરાબાપાનો દબદબો રહેતો. હિરાબાપા ગામમાંથી પસાર થાય તો ભાઈઓ-બાઈઓ સર્વે બાપાને માનથી જોતા અને તેમની દરેક વાતને માનતા. ભક્તો-ગામના માણસો ઊભા રહી બાપા સાથે મહારાજની ફુલવાડી મંદિરની વાતો કરવા મંડી જતા અને સત્સંગ-વાર્તામાં સમયની ખબર જ ન પડતી. હિરાબાપા રાજકારણને જાણતા ફુલવાડી મંદિર માટે ધાર્યું કામ કઢાવી લેવાની તેમની પાસે સારી આવડત હતી. તેથી જ પ્રગટ ભગવાન જ્યારે જ્યારે ફુલવાડીએ પધારતા ત્યારે હિરાબાપા ભેળાને ભેળા જ રહેતા. સેવા સાથે મહારાજ જે આજ્ઞા કરતા તેને શિરસાટે કરીને ફુલવાડીની સેવા કરતા. મહારાજને હિરાબાપા ઉપર વિશ્વાસ અને સાથે કરસનબાપા અને સ્થાનિક ભક્તો જેવા કે રામજીભગત, ભગવાનજીભગત, છગનભગત, દામજીભગત, લાલજીબાપા આદિ આદિ બધા ભક્તો હિરાબાપા કહે તેમજ તેમની સલાહને અનુસરતા. મહારાજે ફુલવાડીની જમીન શ્રીહરિ શરણાગતિ મંડળને સોંપી તે માટે ટ્રસ્ટ નીમ્યું અને સ્થાનિકમાં રહેનારા હિરાબાપા અને કરસનબાપા બેયને સખાભાવ, અળગા ન થાય તેવું હેત તેથી જ મહારાજે ફુલવાડી મંદિરના કામકાજ આ ભક્તોને સેવાની આજ્ઞા કરતા.

એકવખત જન્મજયંતીએ પ્રગટ ભગવાન જામવંથલી પધાર્યા. ભક્તોને ઘેર પધરામણી કરી. મહારાજને માટે ફુલવાડીમાં આંબલીના વૃક્ષે હિંડોળો બાંધી ભગવાનને ઝુલાવ્યા ને સૌ રાસ રમ્યા. ત્યારે ભક્તોની સ્થિતિ નબળી પણ જબરો કેફ કે મહારાજ પધાર્યા છે. તેથી બધા ભક્તો પોત પોતાને ઘેરથી લોટ, ઘી, ગોળ, દાળ-ભાત, પૂરી-શાક, ભજીયા આદિક લાવ્યા. મહારાજને લાડવા જમાડ્યા પછી પ્રગટ ભગવાનની આરતી કરીને મહારાજને ઝુલાવ્યા. હિરાબાપા ત્યારે હાજર હતા. ત્યારે સૌ ભક્તોની સમક્ષ મહારાજ બોલ્યા કે, આ પ્રમાણે જન્મ જયંતીએ ભગવાનને ઝુલાવવા પ્રસાદ-ભોજન આરતી સમૈયો કરવો. આસો વદી-અષ્ટમીએ ઉત્સવ ઉજવવો. પછી મહારાજે હિરાબાપા, કરસનબાપા, ભગવાનજી રાજા, છગનભગત આદિક બીજા ઘણાં ભક્તો પ્રત્યે મંદિર બનાવવા માટે ધ્રુવતારાનું નિશાન લઈ દોરીથી લીટી બનાવીને મંદિર બાંધવાની આજ્ઞાઓ આપી.

સમય જતાં કુંકાવાવ પાદર મૂર્તિ પ્રતિષ્ઠા વખતે સેવાઓના ફાળા માટે લખ્યું અને પછી

હિરાબાપા જૂનાગઢ મહારાજના દર્શને ગયા. પછી વાત કરી કે, મહારાજ વંડો બનાવવા ૩.૪૦,૦૦૦ જોઈએ છે. મહારાજે દુબઈ, દેશ-વિદેશમાં ફુલવાડીના વંડા માટે સેવાની વાત જણાવી. દુબઈમાં ટપુલાલભગત પ્રમુખ પદે હતા. મહારાજનો પત્ર વાંચીને સેવા માટેના લખાણ વાંચી રાજી થયા. ફંડ-ફાળો એકત્ર થયો તે મોકલીને મહારાજને રાજી કર્યા.

ભક્તોની આવતી સેવા મહારાજ વંથલી કે કુંકાવાવ મંદિર માટે મોકલી આપતા. મહારાજ કહેતા કે, તમો સેવા કરો છો, તેથી પ્રાણને નિરાંત છે. હિરાબાપા સ્પષ્ટવક્તા સાથે આખા બોલા પરંતુ નિરાભિમાનીપણે રહેતા. તેઓએ મંડળના ભક્તો પ્રત્યે પોતાનું માન રાખ્યું નથી. શ્રીહરિ શરણાગતિ મંડળના ભક્તોને બાપા પોતાના એક આદરણીય વડીલ માનતા. આ રીતે એક સર્વશ્રેષ્ઠ સન્માનીય ભક્ત તેમજ ભક્તોમાં આદરભાવ પામેલા મુક્ત ભક્ત હતા.

ફુલવાડી મંદિર માટેના કામકાજમાં, દરેકે દરેક કાર્યમાં પ્રગટ ભગવાનના બળને લઈને પોતે વાતો કરતા કે, અમે જે ધારીએ તે મહારાજ સંકલ્પ તરત જ પૂરા કરી દેતા. પછી ભલે કોઈ ભક્ત આશીર્વાદ માગે તો તરત જ તેઓ કહેતા કે મહારાજ તમને જુએ છે, સંભારો એટલે કાર્ય પૂરું જ થઈ જાશે.

હિરાબાપા ફુલવાડી મંદિર માટે, કુંકાવાવ જન્મઘર, પાદર મંદિર માટે. આ તમામ કાર્યોમાં જ્યાં જેવી જરૂર પડે તે માટે હિરાબાપાનો સાથ-સહકાર નિઃસ્વાર્થભાવે રહ્યો છે. તેમના ગુણ, તેમની સેવા, મહારાજ વિષેનું બળ, કેફ જેની નોંધ લેવી જ ઘટે. માટે મહારાજ સ્વયં કહેતા કે, હિરાબાપા આ શરણાગતિ મંડળનું એન્જિન છે. એન્જિન આગળ ભક્તો પાછળ. ભગવાનના કેફ બળે, સેવાબળે આ શરણાગતિ મંડળનો મહારાજે ત્રિલોકીમાં જયજયકાર વર્તાવી દીધો છે. તેનો યશ મહારાજે સેવા વડે રાજી થઈને ભક્તોને આપ્યો છે. આ વખતે અવતારી પુરુષોત્તમ નારાયણ પ્રગટ ભગવાન જેને જેને મળ્યા છે તેમની વાત તો અલૌકિક જ છે. જગતને દેખ્યામાં ન આવે. તેને તો ગુણદોષ જોતા જ આવડે કે તે આવો છે, તે આવો છે. પણ ભક્તને દેખ્યામાં આવે કે પ્રગટ ભગવાનને રાજી કરવાવાળા મુક્ત ભક્ત છે. જેમણે વિરોધીઓને પણ પોતાની રીતે સમજાવાના સ્વભાવ વડે કરીને રાજી કરી લીધા છે. આવા હિરાબાપાને ધન્ય છે.



## ભાનુબેન હિરજીભગત ચૌહાણ ગામ : જામવંથલી, હાલ- મેઘપર

**અમારો** પરિવાર સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરતા એટલે જામનગર આવવા-જવાનું થતું ત્યારે મહારાજની નજરમાં આવ્યા હોય એ મહારાજ જામવંથલી સત્સંગ અર્થે આવતા ત્યારે એકવાર પ્રેમજી માસ્તર કથા વાંચતા ત્યાં મહારાજે કથા વાંચી હતી, કથા પૂરી થઈ ત્યારે ધ્રોલથી ગાદલા-ગોદડા જે લાવ્યા હતા તે મૂકવા જવાના હતા ત્યારે ગણત્રી કરતા બે-ચાર ગાદલા ઘટ્યા એટલે મહારાજને વાત કરી તો મહારાજ કહે, ટેમ્પો ભરી ધ્રોલ જમા કરી આવો એટલે મહારાજને કહ્યું મહારાજ આમાં ગાદલા ઘટે છે. ત્યારે મહારાજ કહે, તમે જમા કરાવી આવો નહીં ઘટે અને સાચે જ ધ્રોલ ગાદલા જમા કરાવવા ગયા ત્યાં ગણત્રી કરી આપ્યા તો પૂરા જ થઈ ગયા એકેય ન ઘટ્યું. આ ચમત્કાર જોઈને મહારાજમાં અલૌકિકતાના દર્શન થયા.

અમારે દાદા વખતથી સ્વામિનારાયણ સત્સંગ હતો અને મારા દાદા સ્વામિનારાયણ મંદિરમાં કોઠારી હતા અને એ આખે આંધળા હતા પણ રૂપિયા પૈસાને નોટ પર હાથ ફેરવીને કહી દેતા આટલા છે અને વહિવટ કરતા.

એકવાર મારા બાપા જૂનાગઢ ગયા હતા સાથે ભાઈનો છોકરો નિલેષ હતો અને એકાદશી હતી. એટલે મહારાજ કહે, હીરાભાઈ હવે કાંઇ કામ નથી હવે તમે ઘરે જાઓ. મારા બાપુજી કહે, અમારે ત્રણ દિવસ રોકાવું છે એટલે મહારાજે નિલેષને કહ્યું, તું બાપાને કહે કે ઘરે જાવું છે. ત્યારે નિલેષે હાલો બાપા ઘરે. એમ વારંવાર હઠ કરી કહ્યું એટલે બાપુજી ઘરે વંથલી આવ્યા ત્યારે નાની બેનને જોવાં આવ્યા હતા. ત્યાં બાપુજી હોય તો જ વાત આગળ થાય એટલે મહારાજે જૂનાગઢ અમને રોકાવા ન દીધા.

મહારાજે હીરાબાપાને આ ફુલવાડીનું કામ સોંપ્યું ત્યારે મહારાજ કહે, આ કામ તમારે કરવાનું છે ને કેટલાંય વિઘ્નો આવશે પણ તમે મજબૂત થઈ આ કામ કરજો, ત્યારે બાપા બોલ્યા હતા કે આ કામકાજ મારા ગજા ઉપરનું છે ત્યારે મહારાજ બોલ્યા કે, અમે બેઠા છીએ. તમે મંદિર બનાવો, અમે તમારી સાથે છીએ. અમે ધારીએ તો સોનાના મંદિરો ઉતારીએ પણ આ ગરીબડા ભક્તોને સેવા મળે ને સેવાથી સુખી થાય. એટલે બાપાએ શરણાગતિ ભક્તોને સાથે રાખી મંદિરનું કામ ચાલું કરાવ્યું ત્યારે આખા ગામમાં બધા બાપાની વાત માનતા અને ગામમાં કોઈને કાંઈ પ્રશ્નો હોય તો બાપા રસ્તો કાઢતા. ગામ

આખું તેમની વાતનું માન રાખતા. આમ મંદિરનું કામ ચાલું કરાવ્યું. ત્યારે આ ફુલવાડીમાં ચારેબાજુ કાંટાળી વાડ હતી. મહારાજે બનાવેલા ત્રણ ઓરડા સ્લેબ ભરેલા હતા. આ બાજુ એક મશીનની ઓરડી અને કૂવો હતો અને દરવાજાને ડાબા પડખે બે આંબલીઓ હતી. એ આંબલીમાં જીન રહેતો હતો ત્યારે મહારાજે એનો મોક્ષ કર્યો હતો. તેને ફૂલવાડીની ચોકી કરવા મહારાજે રાખ્યો હતો. ફુલવાડીની ચોકી કરતા આ જીનને ઘણાંએ જોયો હતા. જ્યારે આ પ્રસાદીના મકાન બનાવ્યા હતા એમાં અમે ચૂનાના ઘમેલા ભરી ભરીને સેવા કરી છે. ત્યારે મારી સાથે દામજી માસ્તરની મોટી દીકરી હતી. અમે સાથે કામ કરતા એના અમને બે રૂપિયા મળતા. તેમાંથી એકસો એક રૂપિયાની સેવા ફૂલવાડીમાં કરી હતી. ત્યારે મોટા બેન ગૌરીબેન ઘરનું કામ સંભાળે અને હું આ ફુલવાડીમાં કામ સેવા કરતી. એ મોટા ગૌરીબેન અત્યારે દેડિયાપાડામાં રહે છે.

આ ફુલવાડીનું કામ ચાલુ કર્યું એ પહેલાં ફુલવાડીને વંડો બનાવ્યો એ પથ્થરો ધોરાજીથી આવતા અને મંદિર માટે લાલ પાટો રાજસ્થાનથી આવતી. મંદિરનું કામ સોમપુરાને સોંપ્યું હતુ. પથ્થરના કામમાં ધોરાજી બોડકાના કારીગરો હતા. એકવાર બાપા મહારાજ પાસે જૂનાગઢ ગયા ત્યારે મહારાજે એક બુદ્ધિચક્ર (સુવર્ણનો દાતિયો) આપીને કહ્યું હતું કે, આ તમે રાખજો જ્યારે તમને મંદિરના કાર્યમાં આગળ કોઈ રસ્તો ન મળે બુદ્ધિ કામ ન કરે ને તમે મુંઝાવ ત્યારે આને તમારા મસ્તક પર પધરાવીને કહેજો, 'હે બુદ્ધિચક્ર હવે તમે આમાંથી મને રસ્તો બતાવો. ત્યારે તે તમને બુદ્ધિમાં પ્રેરણા કરી આગળ કાર્ય કરવાનો માર્ગ બતાવશે.

એકવાર બાપા સાથે દેવસ્વામી અને બીજા સંતો મથુરા મૂર્તિ બનાવવા ગયા ત્યારે ગાડી ચાર ગલોઠિયા ખાધા ત્યારે આ બુદ્ધિચક્રને યાદ કરી રક્ષા કરવા કહ્યું. ત્યારે મહારાજની કૃપાથી બધાની રક્ષા થઈ હતી. આ ફુલવાડીનું કામ સોંપ્યું તે પછી બે વર્ષ પછી આ પ્રસાદીનું રક્ષા બુદ્ધિચક્ર મહારાજે હિરાબાપાને આપ્યું હતું.

એકવાર બાપુજી જૂનાગઢ ગયા ત્યારે સ્વામિનારાયણ ભગવાનના વખતની પરંપરામાં મહારાજને મળેલ પુજ્ય બાલમુકુંદદાસ સ્વામીની દાઢ તેમજ સુવર્ણના લક્ષ્મીજીની નાની મૂર્તિ અને મહારાજની ચોટલીના કેશ આ ત્રણ પ્રસાદીની વસ્તુ એક સાથે આપેલી. મહારાજે સફેદ અને ગુલાબી નાના અને મોટા હીરા આપીને કહ્યું કે, જ્યા સુધી સૂર્ય-ચંદ્ર તપશે ત્યાં સુધી આનું બળ રહેશે. પ્રસાદીની નોટો આપી કહ્યું, આની આગળ બગડોને પાછળ ત્રણ મીંડા આની આટલી કિંમત છે, આ રૂપિયા ફુલવાડી મંદિરમાં વાપરજો. મહારાજે દાતણ

આપ્યું અને બાલમુકુંદ ભવનના વાસ્તાના હવનની ભસ્મ અને બીજી ઘણી પ્રસાદીની વસ્તુ આપી. આમ બાપુજી જ્યારે જૂનાગઢ જતા ને કાંઈ ને કાંઈ પ્રસાદી રૂપે વસ્તુઓ લાવતા હતા અને આવી મને આપીને ઠેકાણે મૂકવાનું કહેતા.

હું આઠમું ભણતી હતી ત્યારે અમે બાઈઓ, છોકરીઓ ભેગા મળીને ધોતિયાના રૂપિયા ૨૦૬ બાપુજી ભેગા જૂનાગઢ મોકલાવ્યા હતા ત્યારે ભાદરવો અધિક માસ હતો ને એ મહિનાની સેવા નિમિત્તે અમે ધોતિયાની સેવા કરી હતી ત્યારે ઈ.સ. ૧૯૮૫ની સાલ હતી ત્યારે મહારાજ કહે, લાવ મારા ધોતિયાની સેવા. એમ કહી મારા બાપુજી પાસેથી ધોતિયાની સેવા મહારાજે લીધી હતી એટલે મહારાજે પ્રસાદીપત્ર લખ્યો હતો તેમાં લખ્યું હતું કે, ભાનુદેવીએ અધિકમાસની ધોતિયાની મોકલાવેલી સેવા મળી ગઈ છે. સારા સુખ, સારા યોગ, સમૃદ્ધિ, દોલત, રક્ષક બધા સારા સારા મળો, સારા ભવનો મળતા રહો, સારા વંશ વિસ્તાર વધતા રહો. તેમાં ત્રણ શ્રીજી રક્ષા આપી હતી. આ મહારાજે આશીર્વાદ પત્ર મને મારી ૧૩ વર્ષની ઉંમર હતી ત્યારે લખ્યો છે હતો.

એકવાર મહારાજ વાડીએ પધાર્યા હતા ત્યારે સાથે વેલા પટેલ, મારા બાપા, દેવશી જીવા એ વાડીએ નહાવા જતા હતા ત્યારે મહારાજ થાળામાં ચાદર પાથરીને ન્હાયા હતા ત્યારે એ જ વખતે મહારાજની નજર મારી બા પર નજર પડીને બોલ્યા આ નીંદે છે એ કોણ છે ? ત્યારે પટેલ કહે, એ હીરાભાઈના ઘરના છે ને કહે, એને આ વખતે શું આવશે એમને સારા દિવસો છે. ત્યારે મહારાજ બોલ્યા, એ જી આવશે એ પણ એમની સેવા કરશે. એ સેવા મારા ભાગે આવી. બાપા અને બા છેવટ સુધી મારી સાથે હું એની સાથે રહીને સેવા કરી તેથી પ્રસાદીની વસ્તુઓ પણ મારા ભાગે આવી. આમ મેં દીકરાની પણ ફરજ બજાવી.

એકવાર અમારી વાડીએ મહારાજ નાના ભરવાડનું રૂપ અને સાથે નાના નાના બકરીના બે ત્રણ બચ્ચાં લઈ આવ્યા ને કપાસના ડીંડવા ખવડાવવા લાગ્યા ત્યારે શાંતાબેન વાડીમાં કામ કરતા હતા એટલે તે ભરવાડને કહે, આંધળો છો કે આ વાડીમાં અંદર હાલ્યો આવે છે. જા ઓલી બાજુ શેઢે જતો રહે. ભરવાડ કહે, પાણી પીવું છે. બેન કહે, પાણી તો સારું નથી. આગળ જા ત્યાં પી લેજે. એટલે ભરવાડ ચાલતો થયો. થોડીવાર પછી નજર કરી તો ભરવાડ ક્યાંય ન દેખાયો. એટલે વિચાર્યું આ ક્યાં ગયો ચારે બાજુ નજર કરી ક્યાંય કઈ ન દેખાયું ને કઈ પગલાં પણ ન દેખાયા. થોડા દિવસ પછી બાપા જૂનાગઢ ગયા ત્યારે મહારાજને પૂછ્યું, મહારાજ આમ ભરવાડના રૂપમાં આવ્યા. તો મહારાજ કહે, નાના બચ્ચા

લઈને આવ્યો હતો ને શાંતાને દર્શન દઈને જતો રહ્યો.

જ્યારે ભક્તો મથુરા મૂર્તિ બનાવવા આપીને મહારાજ પાસે ગયા અને કહ્યું મૂર્તિ બનાવવા આપી આવ્યા. એટલે મહારાજ બોલ્યા, એક મૂર્તિ આવશે અને એક મૂર્તિ ધામમાં જશે. ત્યારે બાપા અને બીજા સંતો-ભક્તો આ મહારાજની વાતને સમજ્યા નહીં. ત્યારે બાપા જૂનાગઢથી વંથલી આવ્યા અને હું પૂના ગઈ ત્યારે થોડા સમય પછી બાપાને કંઈ કામ હશે તો બાપા પૂના આવ્યા અને મોટાભાઈને ઘેર આવ્યા ત્યારે બીજા દિવસે વહેલી સવારે શામજીભાઈ ફુગેવાડીથી રિક્ષા કરી અહીં મોટાભાઈના ઘરે આવ્યા અને થોડીવાર કાંઈ બોલી ન શક્યા અને રડવા લાગ્યા અને વાત કરી. મહારાજ ધામમાં ગયા પછી તો ટીવીમાં અને છાપામાં આવી ગયું શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનું સ્વધામગમન થયું છે. એટલે અમે બધા ટ્રેનમાં જૂનાગઢ આવ્યા અને મહારાજના દર્શન કર્યા ધૂન-ભજન કરી શ્વેતાયન બાગમાં અગ્નિસંસ્કાર કર્યા પછી મહારાજનું હૃદય જે નહોતું બળ્યું તેને પ્લાસ્ટિકથી થેલીમાં મૂકી ભક્તો જામવંથલી લાવ્યા અને હીરાબાપાને ઘરે લાવી બાજુના રૂમમાં એ રાખ્યું. ત્યારે પાંચ-છ ભક્તો હતા તેના ફોટા પાડ્યા છે અને અમારા પિત્તળના મોટા ત્રાસમાં હૃદય રાખી પૂજન કર્યું હતું. પછી હૃદયને એક હાંડામાં રાખ્યું ને એ અમારા ઘરમાં દર્શન માટે રાખ્યો હતો. ઘણાં ભક્તો દર્શન કરવા આવતા ત્યારે પછી એ ફુલવાડીના મધ્યશિખરમાં નીચે જમીનમાં પધરાવવામાં આવ્યું છે. આમ મહારાજ ફુલવાડી મંદિરમાં રાજીપા સાથે રસબસ પ્રગટ હાજરાહજૂર હૃદયરૂપે પણ બિરાજમાન છે.

આ રીતે પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણની પૂર્ણ કૃપાથી અમારા બાપુજી તેમજ અમારા પરિવારમાં સૌને મહારાજના તેમજ ફુલવાડી મંદિરના કાર્યોમાં ખૂબ જ સેવાનો લાભ મળ્યો છે. મહારાજની કૃપાથી મારે ત્યાં બે સુપુત્રોનો જન્મ થયો છે અને બંને ખૂબ જ તેજસ્વી અને વિદ્યાવાન છે. મહારાજને પ્રાર્થના છે કે જે રીતે અમારા બાપુજી હીરાબાપાએ પોતાનું સંપૂર્ણ જીવન પ્રગટ ભગવાનને રાજી કરવા તેમના કાર્યો માટે સમર્પિત કરી દીધું તે જ રીતે હું તેમજ મારો પરિવાર, મારા બાળકો પણ આજીવન મહારાજની સેવા-ભક્તિ કરી મહારાજના કાર્યોમાં તન-મન-ધનથી લાભ લઈ વિશેષ ધન્યભાગી થઈએ. એ જ અભ્યર્થના સાથે જય અનાદિશ્રીકૃષ્ણનારાયણ.

પરચા નં.
૨૦.

## અનાદિ મુક્તરાજ કરશનભગત માવજીભગત પીત્રોડિયા
### ગામ -જામવંથલી

**પ્રગટ** ભગવાન જ્યારે જામનગર સ્વામિનારાયણ મંદિરે બિરાજતા હતા ત્યારે આજુબાજુ ગામના ભક્તો કામકાજ અર્થે જામનગર જતા ત્યારે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના દર્શન કરતા. તેમ આ કરશનભાઈ લુહાર પણ જામનગર જતા અને મહારાજના દર્શન કરતા. મહારાજ પોતાના મુક્ત જાણી કરશનબાપાને કરશનભાઈ કહીને બોલાવતા અને પ્રેમથી વ્હાલથી આજ્ઞા-ઉપદેશ દેતા. કરશનબાપા મહારાજનો પ્રેમ જોઈને મનોમન મહારાજની ભક્તિ-આદર કરતા. મહારાજ જ્યારે જામવંથલીમાં બે વર્ષ માટે આવ્યા ત્યારે કરશનબાપાએ મહારાજને ઘણાં ભાવથી આદરથી સન્માનથી રાખ્યા હતા. એટલે મહારાજ કરશનબાપા ઉપર વિશેષ રાજી જ હતા. વંથલીથી મહારાજ જૂનાગઢ ગયા તો પણ કરશનબાપા ક્યારેક ક્યારેક દર્શન કરવા જૂનાગઢ જતા.

એક વખત જામવંથલીમાં જાંબુ વેચવાવાળો આવ્યો. કરશનબાપાએ સારા જાંબુ ખરીદ્યા. ત્યાં ઘડીક થઈને બાપાના ઘરે મહારાજ આવ્યા તેથી કરશનબાપાના ઘરના બહું રાજી થયા. મહારાજને પાટ ઉપર બેસાડ્યા.મહારાજની આરતી ઉતારી અને જાંબુ મહારાજને જમવા પીરસ્યા. મહારાજ જાંબુ જમતા જાય અને બહું સરસ છે, બહું મીઠાં છે. આમ બોલતા જાય. કરશનબાપા બહુ રાજી થયા કારણકે આજ તેના ઘરે પ્રગટ ભગવાન પધાર્યા હતાં. બસ ત્યારથી કરશનબાપાના જીવનમાં મહારાજ સ્થિર થઈ ગયા. કરશનબાપાને મહારાજ વચ્ચે બીજું કોઈ નઈ. આવી તેઓ ભક્તિ કરતા અને ભગવાનને રાજી કરતા.

એક વખત કરશનબાપા જૂનાગઢ ગયા. તેમને સંતાન ન હતું અને એમને ખબર હતી કે મહારાજ ધારે તો ઘરે શેરમાટીની ખોટ પુરાય. એમ જાણી જૂનાગઢ ગયા. મહારાજને દંડવત્ કર્યા, ફુલનો હાર પહેરાવ્યો, આરતી ઉતારીને મહારાજના ચરણ પાસે બેસી ગયા. પણ જીભ ઉપડતી ન હતી. મહારાજને કેમ કહેવું. એટલે મહારાજ બોલ્યા, કેમ કરશનભાઈ નિરાશ છો ? ત્યારે કરશનબાપા કહે, મહારાજ ઘરના દુઃખી છે, ઘરે સંતાન નથી. મહારાજ કહે, સંતાન તમારા ભાગ્યમાં નથી પણ તમે ઈચ્છો તો દિકરો આપું પણ એ દિકરાની તમારે સેવા કરી મોટો કરવો પડશે. તે સમય જતાં તમારી સેવા નહીં કરી શકે. એના કરતા આ મંડળનાં બસો દિકરા તમને બાપા કહીને બોલાવે છે તે જ સારું ને. કરશનબાપા કહે, મહારાજ

તમે જેમ રાજી તેમા અમે રાજી. કરશનબાપા ઘરે આવ્યા. ઘરનાને વાત કરી કે, મહારાજ આમ કહે છે. આ શરણાગતિ મંડળ આપણું અને આપણે આ શરણાગતિ મંડળના. આમ ઘરનાને સમજાવ્યું અને મહારાજની જેવી ઈચ્છા. એમ જાણી બંને મહારાજની ભક્તિમાં જીવન વ્યતીત કરતા.

જ્યારે ફુલવાડીમાં વંડાનું કામ ચાલતું ત્યારે કરશનબાપા સેવા કરવા આવતા. તેમજ પોતે લુહાર એટલે કાંઈ પાના કાઢવા કે વેલ્ડિંગ કરવું તે કામ ફુલવાડીનું સેવામાં કરતા. તેના નાણાં ક્યારેય લીધાં નથી અને જ્યારે ફુલવાડીનો વંડો થઈ ગયો ત્યારે લોખંડના ગેટની સેવા કરશનબાપાએ કરી છે. ત્યારે નાણાંની બહુ જ ભીડ હતી. છતાં આવતીકાલનો વિચાર કર્યા વિના ગજા ઉપરાંતની સેવાઓ કરતા. ફુલવાડીના શિખરનું કામ ચાલુ થયું ત્યારે તેમને અવારનવાર જૂનાગઢ મહારાજ પાસે જવાનું થતું. મહારાજની સલાહ લેવાની હોય- વિદેશથી આવેલ સેવાના રૂપિયા લેવા અને ફુલવાડીનું કામ આગળ ધપાવવું. આમ અવારનવાર જૂનાગઢ જતા. એ બહાને મહારાજના દર્શન થાય, મહારાજના રાજીપા રૂપ મુખડું જોઈને બાપા પણ બહુ રાજી થતા.

આમ ફુલવાડીની ખૂબ સેવા કરતા. જ્યારે પથ્થરની ગાડીઓ આવે, પાટની ગાડી આવે ત્યારે આપણાં આ જુવાનીયા છોકરાઓ જે કૃષ્ણ વખતના ગોવાળો અને આ વખતના મહારાજના વ્હાલા સેવકો તે બધા આજ પોતાની નાની અવસ્થા એટલે બધા ૧૫ વર્ષથી ૧૮-૧૯ વર્ષના આ બધા સેવકો દ્વારા આવા ભગવાનના કામ થતા. ત્યારે કરશનબાપા કહે, ગાડી ખાલી કરવાના ૩૦૦-૧૧૦૦ દેવા એના કરતા આ છોકરાઓને લાડવા ખવરાવીને રાજી કરવા સારા. આમ ક્યારેક ક્યારેક કરશનબાપા આવા સેવકો માટે મિષ્ટાન લાવતા, જમાડતા ને રાજી કરતા.

ફુલવાડીમાં પાના-પક્કડ, ધાર કાઢવી, મશીનરીની જરૂરત હોય તો કરશનબાપાની કોડમાં જે વસ્તુ હોય અને જોઈતી હોય તો ફુલવાડી માટે વગર રજાએ લઈ જાવાની છૂટ તેમજ જ્યારે જ્યારે ફુલવાડીમાં કરશનબાપાની જરૂરત પડે ત્યારે ગામના કામ એકબાજુ રાખીને ફુલવાડીનું કામ પહેલાં કરવાનું. આમ કરશનબાપાની સેવામાં જીવનમાં ભગવાનનું પ્રધાનપણું હતું. ફુલવાડી અને ફુલવાડીના ભક્તો માટે તો બાપા હાજર જ વર્તે.

ફુલવાડીમાં જે ભક્તો દેશમાં કે પરદેશથી દર્શન કરવા આવે તો બાપા બહુ રાજી થાય અને કહે, તમે ભાગ્યવાળા છો. આ ભગવાનને ઓળખી લીધા. કેવા તમે ભગવાનને રાજી

કરો છો. અમારા વખતે કાંઈ નહોતું તમે તો આજે કેવી કેવી સેવાઓ કરો છો. ડ્રાફ્ટ ઉપર ડ્રાફ્ટ મોકલાવો છો. અહીં ફુલવાડીમાં મહિનો બે મહિના રોકાઈને સેવા કરો છો. આમ બાપા બહુ રાજી થતા અને ઉપર મંદિરમાં જઈ મહારાજ પાસે બેસી માળા કરતા કરતા કહે, મહારાજ આ તમારા છોકરાઓ છે, તમારા સેવકો છે, એનું ધ્યાન રાખજો. સુખીયા કરજો. એમાં કોઈ સેવક સંસારના દુઃખની વાતો કરે તો તરત જ ઉપર જઈ મહારાજને ફરીયાદ કરતા કે, મહારાજ તમારા સેવકોને વળી દુઃખ, પણ કૃપા કરી જલ્દી તેનું ધ્યાન રાખજો.

કરશનબાપાના ભાગ્યમાં સંતાનસુખ નહોતું તેથી તેઓ શરણાગતિ મંડળના ભક્તોને દિકરાની જેમ રાખતા. કરશનબાપા, ભગવાન આપણાં બહુ દયાળું છે. આમ કહી ભાવવિભોર થઈ જતા અને કોઈ ભક્ત કરશનબાપાને જય અનાદિ કરવા જાય ત્યારે પૂછતા કે, ઘરે બધા કેમ છો ? એટલે આપણે કહીએ ભગવાનની દયાથી સૌ સારાવાના છે. કરશનબાપા પૂછે, છોકરાઓ કેટલાને કેમ છે ? ત્યારે દિકરો ન હોય તો જરા નરવશ થઈ બોલાઈ જાય. એક દીકરી છે કે બે દીકરી છે. ત્યારે બાપા આશીર્વાદ દેતા કે, જાઓ ભગવાન તમને દિકરો આપશે, આપણા ભગવાન બહું જબરા છે, એમ આશીર્વાદ દેતા અને સમય જતાં ઘણાં ભક્તોના ઘરે કરશનબાપાના આશીર્વાદથી દિકરાના જન્મ થયા છે.

ફુલવાડીમાં દરરોજ ભક્તોની આવન-જાવન અને સેવા કરવા ભક્તો આવે. બીજા જાય વળી બીજા ભક્તો આવે આમ સેવકોનો પ્રવાહ ચાલુ જોઈને કરશનબાપા બહુ જ રાજી થતા. ક્યારેક ભક્તોનો સમૂહ ભેગો થાય ત્યારે આ બાપાને બીજા લાલાબાપાને રાઘવબાપા આ બધા મોટા મોટા ભક્તો ભેગા થાય ત્યારે મહારાજની લીલાઓની વાતો કરીને સૌને આનંદ આપતા સાથે મહારાજનો ઉપદેશ પણ આપતા અને જમવા બેસે તો પંગતમાં એક બીજા એકબીજાને બળજબરી પણ ભાવથી ઘણું ઘણું જમાડતા. આ જોઈ જુવાનીયાઓ રાજી રાજી થતાં જુવાનીયાઓને રાજી જોઈ પોતે પણ રાજી થતાં. આવી તો ઘણી રમુજભરી લીલાઓ થતી અને સમૈયાનો આનંદ લેતા.

એક વખત બાપાએ મહારાજને પ્રાર્થના કરી કે, મહારાજ મારા ઘરનાને પહેલા ધામમાં લઈ જજો. નહીંતર દુઃખી થઈ જશે. મહારાજે તેની પ્રાર્થના સાંભળી અને કૃપા કરી પહેલાં માજીને ધામમાં લઈ ગયા. આમ કરશનબાપાનું આ શરણાગતિ મંડળમાં ઘણું ઘણું યોગદાન રહ્યું છે અને કરશનબાપા જે મહારાજનું સ્થાપિત શ્રી હરિશરણાગતિ મંડળ અને તેમાં આ ફુલવાડીનું કાર્ય કરવા માટે ભગવાને સ્વયં ટ્રસ્ટના પ્રમુખ તરીકે આ કરશનબાપાને સ્થાન

આપ્યું છે. મહારાજે ૧૧ જણાં ટ્રસ્ટીઓ લખીને નીમી આપ્યા છે. કરશનબાપાની ઉંમર થતાં અને ફુલવાડીના ઘણાં કામો બાકી હોવાથી કરશનબાપાએ ટ્રસ્ટીઓ ભેગાં કરીને કહ્યું, મારી ઉંમર થઈ અને હું જીવતો છું ત્યાં સુધી આ વેલજીભગતને પ્રમુખ તરીકે સૂચવું છું તમે બધાં રાજી છો ને. સૌ મંડળના ટ્રસ્ટીઓ કહે , બહું સારું બાપા તમે જેમાં રાજી એમા અમે રાજી.

આમ કરશાનબાપાની આજ્ઞાથી છેલ્લા ૩૫ વર્ષથી આ ફુલવાડી ટ્રસ્ટી મંડળમાં પ્રમુખશ્રી તરીકે પ.પૂ. વેલજીભગત સેવા આપી અને ફુલવાડીમાં ઘણાં ઘણાં કાર્યો સર્વોપરી પાર પાડ્યા હતા. આવું નિર્દોષ નિષ્કામ જીવન કરશનબાપાનું હતું તે કાંઈ પણ અણગમતું હોય તો તે મહારાજને જ ફરિયાદ કરતા ક્યારેય પણ ભક્તોને ફરિયાદ કરી નથી. સદા સ્નેહભર્યા, પ્રેમાળ અને ભક્તિવાળું જીવન જીવતા. દરરોજ સવાર-સાંજ ફુલવાડીએ દર્શન કરવા આવતા, સેવા કરનારા ભક્તોને આશીર્વાદ આપતા.

એક વખત ભગવાનજી રાજા ફુલવાડીનો કારભાર સંભાળતા હતા ત્યારે કરશનબાપાએ ભગવાનજી રાજા અને વેલજીભગતને વાત કરી. મારું જે કાંઈ છે તે આ મકાન, મારી દુકાન અને જગ્યા તથા મારી રોકડ મૂડી તે મારે ફુલવાડીને અર્પણ કરવી છે. એટલે ભક્તો બહુ રાજી થયા. બહું સારું તમે ફુલવાડીમાં આવતા રહો અમે તમારી સાર-સંભાર રાખીશું. કરશનબાપા કહે, એમ નહીં હું ફુલવાડીનો ઋણી ન થાઉં પણ મારી મૂડી છે તે મૂડીના વ્યાજથી મારું જીવન ચાલશે અને આ મારી સર્વ સંપત્તિ મારા ધામમાં ગયા પછી ફૂલવાડીને અર્પણ તે પ્રકારે દસ્તાવેજ કરશનબાપાએ ફુલવાડીને કરી આપ્યા અને રોકડ-મૂડીમાં વાઘેલા સાહેબને પાવરનામું આપ્યું કે મારા પછી આ સાહેબ બધી મૂડી ફુલવાડીને અર્પણ કરશે. આમ પ્રથમ હેમંતભગત અને આ કરશનબાપા જેણે પોતાનું સર્વસ્વ ભગવાનને અર્પણ કર્યું છે. આવા દિલેર પ્રેમી, પરોપકારી અને એકનિષ્ઠાવાળા, સર્વોપરી ઉપાસના, ભક્તિ અને ભગવાનના વહાલા, વિશ્વાસુ અનન્ય સેવક ભક્ત કરશનબાપા હતા. તેઓ અખંડ મહારાજનું સ્મરણ કરતા કરતા પરમધામમાં સિધાવ્યા હતા. મહારાજ તેમને દિવ્ય દર્શન આપી ધામમાં તેડી ગયા હતા.

જેમનું જીવન આપણાં સૌ ભક્તો માટે પ્રેરણારૂપ હતું. આવા અનાદિ મહા મુક્તરાજ પૂજ્ય કરસનબાપાને અનંતવાર દંડવત્ પ્રણામ... સહ જય અનાદિ શ્રીકૃષ્ણનારાયણ.



પરચા નં.
૨૧.

## અનાદિ મુક્તરાજ વેલજીભગત રવજીભગત ચૌહાણ
### ગામ -જામવંથલી, હાલ-પૂના

**વેલજીભગત** જામવંથલીમાં નાના હતા ત્યારે કિર્તન સારા ગાતા હતા અને ભગવાન સ્વામિનારાયણની પૂજા કરતા અને મંદિરમાં સવાર-સાંજ કિર્તન ગાઈને ભગવાન તથા ગામના હરિભક્તોને રાજી કરતા. તેમનો ભક્તિ-સેવાનો સ્વભાવ એટલે ગામમાં ઘણા હરિભક્તો તેમને ભાવથી ભગત કહી બોલાવતા.

એક વખત વેલજીભગતને જામનગર સ્વામિનારાયણ મંદિરે જવાનું થયું ત્યારે મહારાજ પોતાના રૂમમાં શાસ્ત્રનું વાંચન કરતા હતા. ત્યારે વેલજીભગત મહારાજ પાસે ગયા. મહારાજને દંડવત કરી બેઠા ત્યારે મહારાજે ચરણ લાંબા કર્યા એટલે વેલજીભગત ચરણસેવા કરવા લાગ્યા અને મહારાજ શાસ્ત્રનું વાંચન કરતા હતા તેમાં ભગવાનના ચિન્હનું વર્ણન આવ્યું તે વેલજીભગતે સાંભળ્યું અને ત્યારે જ તેમને મહારાજના ચરણમાં રહેલા ચિન્હના દર્શન થયા. બંને યોગ એક થયો એટલે ભગત મહારાજ સામું જોઈ બોલ્યા મા-બાપ આપ ભગવાન છો. મહારાજ કહે, ભગવાન સર્વમાં રહ્યા છે. અમે તો સાધુ છીએ. એટલે ભગત કહે, આ શાસ્ત્રમાં જે ચિન્હોનું હમણાં વર્ણન આવ્યું એ બધાય ચિન્હો તો તમારામાં છે જ. એટલે આપ ભગવાન જ છો.

મહારાજ કહે, ના ના અમે તો સાધુ છીએ, સાધુને થોડા ભગવાન કહેવાય. ત્યારે ભગત બોલ્યા, મહારાજ સૂર્ય ઢાંક્યો થોડો ઢંકાય, આપ ભગવાન છો તો થોડા છાના રહો. આમ બોલ્યા ત્યાં મહારાજ રાજી થઈ ગયા અને વાંસો થાબડી બોલ્યા કે, આજ તે મને ભગવાન કહ્યો તેથી હું રાજી થયો. એમ કહી માથા ઉપર હાથ મૂક્યો અને કહ્યું, તને કિર્તનો સારા ગાતા આવડે છે. હવે તું મંદિરે દરરોજ કિર્તનની સાથે કથા પણ વાંચજે. આમ મહારાજની આજ્ઞા થતાં અને મહારાજના આશીર્વાદ મળતા દરરોજ વચનામૃત, નિષ્કુળાનંદ કાવ્ય, સત્સંગીજીવન વગેરે શાસ્ત્ર વાંચતા અને આખો દિવસ મહારાજને રાજી કરવા ભક્તિ કર્યા કરતા. ખેતીમાં પોતાના બાપુજી રવજીબાપાને મદદ કરતા ને બાકી મહારાજની ભક્તિ કર્યા કરતાં. એમ કરતા કથા વાંચતા, કિર્તનો કરતા, તેના સખાઓ સાથે સત્સંગ કરતા કે, મહારાજ ભગવાન છે એમ ઓળખાણ આપતા. એમ કરતાં કરતાં વેલજીભગત અને એની ઉંમરના મિત્રો જામનગર મહારાજ પાસે જતા અને મહારાજ ઐશ્વર્ય દર્શન આપી નિશ્ચય દૃઢ કરાવતા. આમ સત્સંગની

રીત અને સમજણે કરી મહારાજની ઉત્તમોત્તમ સેવાઓ કરવા લાગ્યા.

એકવાર દેવરાજ ભગત કડિયા કામ કરતા હતા. દરરોજ કામે જાય અને સાંજે પાછા ઘેર આવે એક દિવસ રાતપાળી હોવાથી રાત્રે ૧૧ વાગ્યે બાપા કામેથી ઘેર પાછા આવતા હતા. તેવામાં ગામ વચ્ચે એક દીવળા નામનો ચોક છે. આ ચોકના એક ખુણામાં ત્રણ ભૂત-પ્રેત રહેતા હતા. ૧૩ વર્ષનો છોકરો અને એક બુઢી અને એક બુઢો આમ ત્રણ પ્રેતો રહેતા હતા. તેવામાં દેવરાજબાપા ત્યાંથી નીકળ્યા અને છોકરાએ તેની માને કહ્યું, મા મારે લાડવો ખાવો છે ત્યાં તેની માએ કહ્યું, જા પેલા બાપા દરરોજ લાડવો ખાય છે. તો તને ત્યાં લાડવો મળશે પછી છોકરાએ બાપામાં પ્રવેશ કર્યો અને બાપા જ્યાં ઘેર આવ્યા ત્યાં જ બાપા એકદમ બિમાર પડયા. ટાઢ વાય અને એકદમ તાવ આવ્યો. બાપાને તેના ઘરવાળા એ કહ્યું, તમને મજા નથી તો ચા કરી દઉં. ત્યારે બાપાના શરીરમાં પ્રેતે પ્રવેશ કરીને કહ્યું કે, અમારે તમારો ચા નથી પીવો ખોટો ખર્ચો નથી કરાવવો. મારે તો લાડવો ખાવો છે. એમ કરતા પછી રાત્રે બધા સુઈ ગયા ત્યાં ૧૨ વાગ્યે પેલો છોકરો કૂતરો થઈને આવ્યો અને બાપા સૂતા હતા ત્યાં જઈને કમાડ ખખડાવવા લાગ્યો તો પછી બાપા લાકડી લઈ કૂતરા પાછળ દોડયા. કૂતરું ઠેઠ જ્યાં ચોકમાં પોતે રહેતા હતા ત્યાં લઈ ગયું અને ત્યા બાપાને પછાડી નાખ્યા. બાપાને ઘોડું ઘણું વાગી ગયું અને પાછા ઘેર આવીને સૂઈ ગયા. ત્યાં તો પાછું થોડા જ ટાઈમમાં કૂતરાએ કમાડ ખખડાવ્યું.

બાપાએ કાંઈ જવાબ આપ્યો નહી. પછી બીજા દિવસે સાંજે ગામ જામવણથલીવાળા ભગત પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના ઉપાસક ભગત વેલજીભગતની ૪ વર્ષની દીકરી તે આ બાપાની ઘેર ગઈ પછી બાપા આ દીકરીને મૂકવા ભગતની ઘરે આવ્યા અને પ્રગટ ભગવાનની જ્યાં મૂર્તિ પૂજા પાઠ કરવા માટે પધરાવેલ હતી ત્યાં આવીને બેઠાં અને ચારે બાજુ નજર ફેરવવા લાગ્યા ત્યારે ભગતના ઘરેથી લાભુબેને બાપાના કહ્યું, લ્યો બાપા ચા પીવો છે ને તો બાપામાં છોકરા પ્રેતનો પ્રવેશ હતો. તે છોકરો બોલ્યો. અમારે ચા નથી પીવો અમારે તો લાડવો ખાવો છે. પણ અહીં લાડવો મળે તેવું કંઈ દેખાતું નથી. પછી થોડો ટાઈમ થયો ત્યાં વેલજી ભગત મંદિરેથી આરતી કરીને ઘેર આવ્યા અને પુછયું, કેમ બાપા તબિયત સારી નથી ? બાપા કહે મારે લાડવો ખાવો છે, લાડવો હોય તો આપો. પછી ભગત કહે, લ્યો ચા પીઓ. પછી બાપાએ કહ્યું કે, મારે તમારો ચા નથી પીવો, મારે તો અહીં આવવું જ નહોતું. આ છોકરી મને અહીં લઈ આવી છે. તો હાલો મારે હવે જાવું છે. લ્યો

હાલો આપણા બિસ્ત્રા-પોટલા ઉપાડી લ્યો. આમ પ્રેત બોલવા માંડયું. અહીં ક્યાંથી આવ્યા અહીં તો લાડવો પણ નહીં મળે ઊલટાનો માર મળશે. ચાલો જલદી ચાલો આમ પ્રેત બોલવા માંડયું અને કહે લાડવો હોય તો આપો. ત્યારે ભગત કહે કે, લાડવો છોકરાને પણ નથી મળતો તો તને કયાંથી આપીએ. અમે કહીને બેસાડી દીધું. પછી વેલજીભગતે ઘરના કમાડ બંધ કરીને જયાં પ્રગટ પ્રભુ પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી ભગવાનને જળ ધર્યું અને એ જળની એક અંજલી મારીને કહ્યું કે, બોલ કોણ છો જાવું છે કે નહીં અહીં શું કરવા માટે આવ્યું છે ? ત્યારે પ્રેતે જવાબ આપ્યો કે, અમે પ્રેત ભૂતો અઘોરી છીએ. અને અમે આ ગામમાં દેવળા નામનો જે ચોક છે ત્યાં આજે ૬૯ વર્ષથી રહીએ છીએ અને એક વખત દુષ્કાળ પડવાથી અમે બન્ને અને મારો ત્રણ વર્ષનો છોકરો ભૂખ્યા મરી ગયા છીએ અને મારા છોકરાને લાડવો ખાવાની ઈચ્છા હતી. તો આ બાપા પાસે લાડવો માંગવા આવેલ છું. મારે બીજું કાંઈ જોતું નથી. એક લાડવો જોઈએ છે પણ તેઓ લાડવો આપશે નહીં એમ કહીને પ્રેત રડવા માંડયું અને કહ્યું કે, ચાલો મારે જાવું છે. મને જલદી જવા દો. પછી પ્રેતે ૩૩ કરોડ દેવતાના સોગન ખાધા અને ચાલ્યું ગયું. આવી રીતે પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણ વલ્લભાચાર્યજી ભગવાને વેલજીભગતને અંતર્યામી રૂપે જળ ધરવાની આજ્ઞા કરી અને ભગતે ભગવાનને જળ ધર્યું અને તે જળની એકજ અંજલી મારતા જ તે પ્રેત ભાગવા માંડયું. આવી રીતે ભગતને પરચો આપી રક્ષા કરી.

એક વખત દયાળજી ભગતની દીકરી ભારતીબેન ૬ વર્ષ ઉંમરની અને ભગત દુબઈ ગયા હતા ત્યારે સર્વે શ્રીહરિશરણાગતિ મંડળની બાઈઓએ એકાદશીના ભજન નિમિત્તે જગજીવનભગતની ઘરે મંડળ ભેગું થયેલું, તેવામાં ભજન બંધ થયા ને પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની આરતી ઉતારી અને પછી પ્રસાદ વેચતા હતા, ત્યાં આ ભારતીબેન દાદરો ચડીને મેડી ઉપર આવતી હતી ત્યાં અચાનક ૧૪ ફુટની ઉપરથી નીચે પથ્થર પર પડતા પહેલાં મહારાજે તેને પોતાના હાથમાં તેડી લીધી અને બીલકુલ વાગવા દીધુ નહીં.''

પછી પ્રગટ ભગવાને વેલજીભગતને રાત્રે દર્શન દઈને કહ્યું કે, અમોએ દયાળજીભગતની દીકરીને નીચે પડતા હાથમાં જીલેલી છે. જેથી કરીને અમારા હાથ અકડાઈ ગયા છે અને દુઃખે છે. તો આ રીતે પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ પોતાના ભગતોની રક્ષા કરી.

એકવાર મહારાજ વંથલી ગામમાં બિરાજતા હતા ત્યારે હું દર્શન કરવા ગયો. ત્યારે મને મહારાજે મને વાત કરી કે, તારી વાડીએ ચીભડા વાવ્યા છે કે કેમ ? એટલે મેં કહ્યું, મહારાજ ચીભડા તો વાવ્યા છે પણ હજુ આજ ઘડીએ ઉતારીને ઘેર ચીભડા મૂકીને આવ્યો છું. આપની પ્રસન્નતા હોય તો તે ઉતારેલ ચીભડા લઈ આવું ત્યારે મહારાજ કહે, આજ તો વાડીએ જઈને વાડીના ચીભડા ખાવા છે. પછી મહારાજની આજ્ઞા થઈ એટલે મેં વાડીએ જવા ગાડું જોડ્યું. આ બપોરે ચારેક વાગ્યાનો સમય હતો. અમારી સાથે થોડા ઘણાં હરિભક્તો પણ હતા. તે સર્વે ગુંદા નીચે બેઠા, ભગવાન પણ બેઠા અને મહારાજે ચીભડા તોડી લાવવા આજ્ઞા કરી એટલે એટલે પુરષોત્તમ વશરામ મકવાણા અને બીજા એક ભાઈ ગાંડાલાલ બંને ચીભડાના પાટીયા તરફ ગયા. ત્યારે વેલજીભગતને વિચાર આવ્યો કે, જે મેં આજે મારા હાથે દરેકે દરેક ચીભડા ઉતારી લીધા છે ને હવે તો ઝીણી ઝીણી કાંકડ કદાચ મળે તો ભલે. હવે જ્યાં પુરષોત્તમ ચીભડા લેવા પાટીયામાં જાય ત્યાં તો પાટીયામાં વેલામાં ચીભડા ચીભડા દેખાય અને ન વાવ્યા હોય તેવા મોટા મોટા ચીભડા લાવ્યા. આ મહારાજે કેવી અદ્‌ભૂત લીલા કરી કે, વાડીમાં વેલામાં ફરી ચીભડા ઉગાડી દીધા.

મહારાજ જામવંથલીના સત્સંગીઓને કથાવાર્તાનો લાભ આપવા પધારવાના હતા. આ ચૈત્ર માસમાં ભગવાન સ્વામિનારાયણના મંદિરના સમૈયા માટે સુંદર આયોજન થયું હતું. ગામમાં તોરણ બંધાઈ ગયા હતા. રાસમંડળ તૈયાર થઈ ગયું હતું. આ ઉત્સવનો લાભ લેવા વેલજી ભગતે પોતાની વાડીમાં શેરડી વાવી હતી. તે શેરડીના વાડના છેલ્લા કયારામાંથી અચાનક તેમને નાગ કરડ્યો. એટલે તરત તેઓ દોડતા દોડતા ઘરે પહોચ્યા ને બધાને ખબર પડી એટલે કોઈ કહે દવાખાનામાં જલદી ઈન્જેકશન લઈ આવો. તો કોઈ કહે, આ દવા કરો, બધાઓ જુદા જુદા ઉપાયો બતાવતા. પણ વેલજી ભગતની નિષ્ઠાની તો કોને ખબર હોય, તેમણે બધાને કહ્યું, મારે કયાય જવું નથી. મને તો સાક્ષાત ભગવાન મળ્યા છે, તેની મરજી હશે તેમ થશે. માટે મને શેની ઉપાધી હોય ? તેમ કહી તુરંત મહારાજને યાદ કરી બે નારિયેલની માનતા કરી. અને સંકલ્પ કર્યો કે મને સારૂ થઈ જાય તો મહારાજના દર્શન કરવા જઈશ અને આ બે નારિયેલ મહારાજને અર્પણ કરીશ.

વેલજીભગતનો સંકલ્પ માનતા જાણે મહારાજે સ્વીકારી લીધી હોય તેમ કોઈપણ પ્રકારના ઉપચાર વગર સવારે એક કાળા નાગનું ઝેર ઉતરી ગયું અને ભગત એકદમ સ્વસ્થ થઈ ગયા. એટલે તરત જ ભગત જૂનાગઢ મહારાજના રૂમમાં દર્શન કરવા ગયા

ત્યારે બીજા ભક્તોને પણ જાણ થાય માટે મહારાજે કહ્યું કે, તમે જોડ નારિયેલની માનતા કરી છે. તો હવે અમને બે શ્રીફળ અર્પણ કરો. એમ કહીને મહારાજે પોતાનું અંતર્યામીપણું બતાવ્યું. આ રીતે કોઈપણ ભક્તોના દુઃખને ભગવાન અવશ્ય દૂર કરે જ છે પણ જો તેમનામાં અતુટ શ્રધ્ધા હોય તો.

પ્રગટ ભગવાનની વાત તો ન્યારી છે. મહારાજ પોતાના મુકતો સાથે લઈને અનંત મુમુક્ષોનો ઉધ્ધાર કરવા પધાર્યા છે. ત્યારે કેટલાક મુમુક્ષોને પોતાની વાણીથી તો કેટલાકને ઈચ્છા પૂર્ણ કરીને તો કેટલાકને પોતાનું ઐશ્વર્ય પ્રતાપ જણાવીને તો કેટલાકને જૂદીજૂદી રીતે કરીને પણ કોઈપણ રીતે પોતાની અખંડ સર્વોપરી મૂર્તિમાં ખેંચી રહ્યા છે.

સાધુને સેવવાથી ભગવાનની સેવા કર્યાનું ફળ મળે આવી સમજણ અને જ્ઞાન વડે મહારાજની સેવા જામવંથલીના સૌ ભક્તો કરવા લાગ્યા. જેથી મહારાજનો રાજીપો ખૂબ જામવંથલી ઉપર વરસવા લાગ્યો અને આ બાજુ વેલજીભગત દરરોજ સ્વામિનારાયણ ભગવાનના શાસ્ત્રો વાંચતા અને હવે તો કથામાં પણ કહેવા લાગ્યા કે આવા ઐશ્વર્ય, પરચા, ચિન્હોવાળા શાસ્ત્રીજી મહારાજ ભગવાન છે. જેમ જેમ સૌ હરિભક્તોના પુણ્ય વધવા લાગ્યા તેમ તેમ મહારાજને ભગવાન તરીકે ઓળખવા લાગ્યા. આમ કરતા ગામમાં ઘણાં હરિભક્તો મહારાજને ભગવાન માનવા લાગ્યા અને ભાવથી આજ્ઞા પાળવા લાગ્યા પછી તો ગામના સૌ મળીને મહારાજને જામનગરથી જામવંથલીમાં આવવા માટે પ્રાર્થના કરવા લાગ્યા. મહારાજ જામવંથલીના ભકતોના ભક્તિ-ભાવ જોઈને જામવંથલીમાં પધાર્યા અને ગામના સૌ મળી ૫૧ બળદનો રથ બનાવી તેમાં મહારાજને બિરાજમાન કરાવ્યા અને વાજતે-ગાજતે ગામમાં સ્વામિનારાયણ મંદિરે લાવ્યા.

આ પહેલા મહારાજે જામવંથલીમાં સાત દિવસની સત્સંગી જીવનની કથા વંચાવી ત્યારે મહારાજે પરચાઓ પૂર્યા હતાં. (૧) કથા સ્થળમાં વરસાદ ન આવે અને ગામની ચારે બાજુ વરસાદ. (૨) અહીં મહારાજ કથા વાંચતા અને સીમમાં ભક્તોને દર્શન આપ્યા. (૩) કોઈનો વળગાડ પ્રસાદીના જળ વડે કાઢીને સુખિયા કર્યા. આવા ચમત્કાર-પરચા વડે ગામમાં મહારાજનો જયજયકાર થયો તથા માહારાજની સુવાસ જામવંથલીની ચારેબાજુ તથા જામનગર પંથકમાં ખ્યાતી ફેલાવા લાગી હતી. આમ મહારાજે પોતાની કળા વાપરી જામવંથલી ગામને ઘેલું લગાડ્યું હતું.

આમ ભક્તોને ભગવાનમાં વિશ્વાસ અને ભગવાનને ભક્તોમાં વિશ્વાસથી

જામવંથલી ગામ ગોકુળિયું બની ગયું હતું. પછી તો મહારાજ જામવંથલીમાં આવ્યા એટલે દરરોજ વ્હેલી સવારે ડાયાબપાના બગીચાવાડીમાં ન્હાવા પધારતા અને એ પણ ભગવાનના પૂર્વના યોગી ધામના ભક્ત હતા. એટલે મહારાજ ત્યાં ન્હાવા પધારતા અને લીલાઓ કરતા, દર્શન આપતા અને ગામના સૌ બાઈ-ભાઈઓ નર-નારી, સૌ મહારાજના દર્શન કરવા ઉત્સુક રહેતા તથા પ્રસાદી આપી રાજી કરતા. ત્યારે યુવાનોને મહારાજે સેવાઓ આપી તથા તેની સેવાના ગુણ ગાઈ યુવાનોને રાજી કરી પોતામાં આકર્ષિત કર્યા. આ યુવાનો આજના બધા મોટા મોટા ભક્તો અને તે સમયનાં બાળકો તે આજના સેવકો જે સેવકો આજે પણ પોતાનું ન વિચારતા ભગવાન માટે ગમે ત્યારે હાજર વર્તે છે. આ બધી ભગાવનની કળા છે.

જેના જેવા જેવા સંકલ્પો પૂર્વના હતા તેને તેવી તેવી સેવાઓ મહારાજે આપી છે. પરંતુ જે તન-મન-ધનથી સેવાઓ કરે છે અને જ્યારે ભગવાનને આ સેવકોની જરૂર પડે છે ત્યારે પોતાના કામ એકબાજુ મૂકી પ્રથમ ભગવાનના કામ કરે છે. એવા ભક્તો તે સાચા-સર્વોપરી, એકાંતિક અને ભગવાનનાં અંગ છે. આજે મંદિરો તો એક એક ભક્તો બનાવી દે એવા ધનવાળા ભક્તો છે. પરંતુ મુમુક્ષોને જીવમાં હૃદયમાં ભગવાન આપવા તે સૌથી મોટી ભક્તિ અને સેવા છે. તેમાં પણ પરાવાણી શાસ્ત્રના નંબર-૭ માં મહારાજ બોલ્યા છે કે, ભગવાનનો અને ભક્તોનો કોઈ અભાવ ન લે તેમ ભગવાન અને ભક્તોને રહેવું ઘટે. તે પ્રમાણે સમજી સમજીને રહે, આચરણ કરે એવા ભક્તો સર્વથી પર છે. એ સૌનું પરમ કલ્યાણ આત્યંતિક મોક્ષના દેનારા છે. આવું જે શરણાગતિ મંડળ તેનો મહિમા અપરંપાર છે.

આમ સમય જતાં આ યુવકો હવે કામકાજ કરતા શીખતા. સૌ જામવંથલી બહાર રાજકોટ, મુંબઈ, પૂના જવા લાગ્યા અને ત્યાં પૂનામાં સત્સંગ સારો થવા લાગ્યો અને હરિભક્તો તથા પ્રગટના ભક્તોનો સત્સંગ થતો હતો. તેમાં મુખ્ય વેલજીભગત ચૌહાણ,મોહનભગત સાપરીયા, મોહનભગત મનાણી તથા તુલસીભગત મકવાણા. આ ચારે ભક્તો મુખ્ય હતાં. ત્યાર પછી રામજીભગત, ભગવાનજી ભગત, રતિલાલભગત તથા અન્ય ભક્તો પુનામાં કામકાજ અને ભક્તિ કરવા લાગ્યા. એમ કરતાં કરતાં સૌ ભક્તો સુખિયા થવા લાગ્યા તથા મુંબઈમાં પ્રાગજીભગત, દેવરાજભગત આ બે ભક્તોને આદર્શ માની મુંબઈના ભક્તો મહારાજની સેવા ભક્તિ કરતા. ત્યારપછી શાંતિલાલભગત બગીચા મુંબઈ ગયા એ પ્રગટ ભગવાનની કથા-વાર્તા કહેતા અને પૂના તથા મુંબઈના ભક્તો અવારનવાર, મુંબઈવાળા પૂના સભા-સમૈયા કરતાં અને પૂનાવાળા મુંબઈ આવી સભા-સમૈયા કરતા. આમ સૌ ભક્તો

એકમેક, એકસંપ અને એક બીજાનો આદર કરતાં અકેબીજાનો મહિમા સમજતા અને સંપથી રહેતા. આવા ભક્તો હતા તેથી સાથે મળી મહારાજની જન્મજયંતી ઉજવતા એટલે સમાજમાં, દેશમાં ભગવાનનો અને ભક્તોનો જયજયકાર થતો.

આ પાયાના સૌ મુક્ત ભક્તોએ પ્રગટ ભગવાનની ઓળખાણ તથા રાજીપો અપાવ્યો છે અને પ્રગટ ભેગું રહેવાય તેવા ઉપદેશો વડે સૌ ભક્તોને પ્રગટ ભગવાનનાં વ્હાલા કર્યા છે. પૂનામાં સવારે વહેલા ઊઠી પૂજા-પાઠ કરી નાસ્તો કરી ભક્તો સાઈકલ પર કામ કરવા જતા ત્યારે ચાલુ સાઈકલે મહારાજનો સત્સંગ કરતા તથા કામ ઉપર ચાલુ કામે મહારાજનો સત્સંગ તથા સમજણની વાતો કરતા તથા સાંજે ઘેર આવે એટલે ઘરમાં જ્યાં સુધી રાતનું જમવાનું ન થાય ત્યાં સુધી ચોકમાં કે શેરીમાં બેસી સત્સંગ કરતાં અને બધા ભક્તો રાત્રે જમ્યા પછી કાયમ ૩૬૫ દિવસ સભા થતી એમાં ભગત ભગવાનની કથા-વાર્તા કરતા તથા સભા પૂરી થયે જેની જેટલી તાલાવેલી તે પ્રમાણે ભક્તો સભા પૂરી થયે ૧૧ વાગ્યે છૂટા પડતાં તેમાં કોઈ ભક્તો ૧૨ કે ૧ વાગે છૂટા પડતા અને ઘણાં ભક્તો એવા કે સવારો સવાર સત્સંગ કરતા અને સીધા સવારે ન્હાવા જતાં અને પૂજા-પાઠ કરી ચા-નાસ્તો કરી અને છ વાગે કામ પર જતાં. આમ વેલજીભગત દિવસ-રાત પૂનામાં પ્રગટ ભગવાનનો સત્સંગ કરાવતા. આમ સૌ ભક્તો વેલજીભગતને આદરણીય ગણતા.

વેલજીભગતે પોતાના કુળ-કુટુંબ સામું ન જોતા દિવસ-રાત સત્સંગ કરવા ઘણાં ભક્તોને મજબૂત પાકા કરી ભગવાનનાં ખોળામાં બેસાડ્યા છે. એ સૌ ભક્તો આજે પ્રગટ ભગવાનને રાજી કરવા અનન્ય સેવા- તન-મન-ધનથી કરી રહ્યા છે. જ્યારે જ્યારે આ ભક્તોને ફુલવાડી તરફથી સેવા માટે બોલાવવામાં આવે ત્યારે ક્ષણનો પણ વિલંબ કર્યા વિના સૂરત-મુંબઈ કે પૂનાથી ભક્તો સેવા માટે હાજર હોય છે. એ ભક્તોને આવી સમજણ આપનારા આ ભગતે ભગવાન પ્રત્યે ઘણું સમર્પણ કર્યું છે. દુબઈ હતા ત્યારે પણ મહારાજની આજ્ઞા પ્રમાણે યથાશક્તિ દરેક કાર્યોમાં સેવાનો લાભ લઈ ભક્તોને રાજી કર્યા છે, ભગવાનને પણ રાજી કર્યા છે. આવા અનાદિ મહામુક્તરાજ પૂજ્ય વેલજીભગત જેમણે મહારાજને હયાતીમાં સેવા-ભક્તિ દ્વારા રાજી કર્યા છે તેમજ વર્ષો સુધી પરમધામ ફૂલવાડી જામવંથલી મંદિરના ટ્રસ્ટના પ્રમુખપદે રહી ઘણાં વર્ષો સુધી સેવાનો વિશેષ લાભ લઈ પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણને રાજી કરી પરમધામ સિધાવ્યા છે.



પરચા નં.
**૨૨.**

## અનાદિ મુક્તરાજ કાન્તિલાલભગત રવજીભગત ચૌહાણ
### ગામ -જામવંથલી, હાલ- રાજકોટ

**અમારા** પરિવારના સૌને મહારાજે દિક્ષા આપેલી તથા અમે નાના હતા ત્યારે મહારાજ વંથલીમાં આવ્યા હતા. અમે દરરોજ મંદિરે જતા મહારાજ અમને કામ બતાવતા એટલે અમે દોડીને કામ કરી આવતા. મંદિરમાં ધૂન-કિર્તનો બોલતા ને મહારાજ પધરામણીએ જતા ત્યારે અમે સાથે જતા. મોટાભાઈ વેલજી ભગત એ પૂના હતા અને હું રણછોડભગત મારા ભાઈ સાથે રહેતો અને ભણવા જતો. એમ વચ્ચે એક વખત વરસ બહું નબળું આવ્યું ત્યારે રણછોડભાઈએ મહારાજને પૂછાવ્યું તો મહારાજે લોટ દળવાની ઘંટી ચલાવવા કહ્યું. એટલે ઘંટીનું મશીન લાવી મહારાજ પાસે ઉદ્‌ઘાટન કરાવી ચક્કી ચાલુ કરી તો આજુબાજુના ગામડાંમાંથી લોટ દળાવવા આવતા. સારું એવું કામ શરૂ થયું તે પછી દશ ભણીને મહારાજને કહ્યું મહારાજ દુબઈ જવું છે.

મહારાજ કહે, વિદેશ જવા માટે તો થોડું ઘણું કામ આવડવું જોઈએ ને એટલે હું પૂના ગયો ત્યાં થોડું કામ શીખ્યો ને પાસપોર્ટ બનાવ્યો, મુંબઈ ઈન્ટરવ્યૂ માટે અમે ત્રણ જણા ગયા. તેમાં બેના ઈન્ટરવ્યૂ લીધા પછી મારો વારો આવ્યો તો મને જોઈને જ પાસ કરી દીધો. અમે દુબઈ ગયા ત્યાં બે ત્રણ મહિના કામ કર્યું ને કંપનીએ મારો પગાર મજૂરમાંથી કારીગરનો કરી દીધો. આ બધી ભગવાનની કરામત નહીં તો આપણને ક્યાં કામ આવડતું હતું. બીજાઓથી પગાર પણ સારા મળ્યા. આપણને કાંઈ આવડતું નહોતું પણ આજે મહારાજે સુખિયા કરી દીધા. બસ એક જ વાત કે જે કંઈ કરતા તે મહારાજને પૂછીને કરતા મહારાજ ભગવાન છે એ કેમ રાજી થાય ? એમ જ અમે રહેતા એમ દુબઈમાં ભજન, કિર્તન બહું થયું, સત્સંગ બહુ થયો.

પરચા નં.
૨૩.

# અનાદિ મુક્તરાજ રણછોડભગત દેવરાજભગત ચૌહાણ
## ગામ -જામવંથલી

**રણછોડભગત** અનાદિ શ્રીકૃષ્ણનારાયણના પરમ એકાંતિક અનુવૃત્તિમાં રહેનારા અને પ્રગટને રાજી રહે તેવી સેવા કરનારા શ્વેતાયન શ્રીહરિના વહાલા દિક્ષીત શરણાગત ભક્ત છે. રણછોડભગતના સમસ્ત પરિવારમાં વડીલો, ભાઈઓ-બેનો આદિક ઘર પરિવાર પ્રગટ ભગવાનના એકાંતિક ભક્તો રહ્યા છે.

મહારાજ રાજકોટ, જામનગર, જૂનાગઢ, જામવંથલી, ફુલવાડીએ પધારતા ત્યારે રણછોડભગત પુત્ર પરિવાર સાથે જામવંથલીમાં કામકાજ, નોકરી, ધંધો, ખેતીકામ કરતાં કરતાં પણ પુત્ર પરિવાર સાથે પ્રગટ ભગવાનના દર્શને જતા.

એકવાર જૂનાગઢમાં મહારાજ બિરાજતા હતા ત્યારે કેશુભગત બગીચા, ચંદુભગત, જયસુખભગત, જગદીશભગત, ઈશ્વરભગત આદીક નાની વયના બાળકો પ્રગટનું ભજન-સેવા કરતા. દંડવત કરતાં કરતાં મહારાજના મુખારવિંદને જોતા જાય અને સંકલ્પ કરતા જાય કે, મહારાજ આજ્ઞા કરે તો રાજી કરી લઉ- હાર પહેરાવું. મહારાજે સંકલ્પ જાણીને રણછોડભાઈને કહ્યું કે, ભગત ઘેરથી બગીચામાં ૧૨૫ ફુલો ચૂંટીને જે ગુલાબનો હાર બનાવીને લાવ્યા છો તો હમણાં જ પહેરાવો. પછી સર્વેભક્તોએ મળીને મહારાજને હાર પહેરાવ્યો, પ્રસાદી ફળ, ફુલ ધર્યા મહારાજની આરતી ઉતારી પછી સૌ મહારાજ પાસે બેઠા છે ત્યારે રણછોડભગત કવિત્વ શક્તિને ધારણ કરનારા એટલે તરત જ મહારાજ સન્મુખ બેસી ''ગુલાબના ફુલ સખી ગુલાબના ફુલ, શ્વેતાયનને પ્યારા બહુ ગુલાબના ફુલ, ફુલડે ફુલડે મેં નામ શ્વેતાયનનું લીધું, ૧૨૫ ચુંટ્યા ગુલાબનાં ફુલ...'' એ કિર્તન બોલ્યા. મહારાજના રૂમમાં ડબલાઓ હતા તેને વાજિંત્રોને તાલે સૌ નાના બાળકોએ ઝીલીને ગાયું. તેથી મહારાજ ખૂબ રાજી થયા છે પછી ભેટીને ભગતને કહે કે, આવી જ પ્રગટની કિર્તન ભક્તિ કરજો.

પછી કેશુબાપા બગીચાએ મહારાજને પૂછ્યું કે, સ્વપ્નમાં તમારા દર્શન થાય તે સાચા જાણવા કે કેમ ? મહારાજ કહે, હા. સ્વપ્નમાં દર્શન થાય તે સાચા દર્શન જાણવા. મારો ભક્ત જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ આ ત્રણે અવસ્થામાં મારું ભજન કરે છે માટે મારો ભક્ત આ ત્રણે અવસ્થાથી પર જે તુર્યાવસ્થા કહેવાય છે તે માટે સદા જાગ્રત જ છે. આખો દિવસ કામકાજ કરતાં પણ મારું ભજન કરતો હોય છે તો કામનો થાક લાગે નીંદરે આવી જાય પણ નિંદરમાંય

મને સંભારે છે ત્યારે ભગવાનને પણ એમ થાય છે કે, મારો ભગત મારા માટે આટલો દાખડો કરે છે તો લાવ તેમનો થાક ઉતારી દઉં અને દર્શન આપું. આમ મારા ભગતને સ્વપ્નમાં પણ દર્શનની અનુભૂતિ થાય છે. તે ઉઠીને બધાંને દર્શનની વાત કરે છે તેથી આ પ્રગટ ભગવાનનાં સ્વપ્ન દર્શનનાં બળે કરીને પણ તેનો બધો જ થાક ઉતરી જાય છે અને તે ભકત સદા આનંદમાં રહીને મારી વિશેષ સેવા - ભકિત કરે છે. આ બધી મહારાજની પરાવાણી સાંભળીને ભક્તો રાજી રાજી થઈ ગયા.

રણછોડભગતે અને તેમના પુત્ર પરિવારે સહકુટુંબ જામવંથલી ફુલવાડી મંદિર બંધાતું અને જ્યારે જ્યારે મહારાજ જામવંથલી પધારતા ત્યારે તેમની સેવા અને ફુલવાડીની તન-મન-ધન વડે સેવાઓ કરીને પ્રગટ ભગવાનને રાજી કર્યા છે. રણછોડભગત ઘડિયાળ રિપેરીંગનું અને ગામમાં લોટ દળીને આપવાનું કામકાજ કરતા.

રણછોડભગતને એકવાર આંખમાં ફુલુ થયું હતું તેથી ઓછું દેખાતું હતું. આંખ નબળી પડી ગઈ હતી. તેમણે જુનાગઢ જઈને મહારાજને વાત કરી તેથી મહારાજે પ્રસાદીનાં જળની અંજલી છાંટીને આંખોને મટાડી હતી. તેમજ મહારાજે પોતાના ઢાળીયામાંથી એક ડાબરીમાંથી વાઘનો નખ કાઢ્યો અને રણછોડભગતને કહે, ભગત આ વાઘનો નખ છે. તેને ઘસીને આંજજો તેથી આંખનું તેજ પણ વધશે. પછી ભગત પ્રસાદીના વાઘના નખને ઘસીને આંજતા, આંખમાં તેજ વધી ગયું. ઘડિયાળ રિપેરીંગ કરતા, લોટ દળતા મહારાજનું ભજન કરતાં બીજું કિર્તનની રચના કરી કે.. ''આજ કળિયુગમાં પરચા પુરે પ્રભુજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શ્રીહરિ, આપ્યો વાઘ નખ અવતારી ઘસી આંજ્યો મેં આંખડીમાં મારી. દાસ રણછોડની આંખડી મટાડી પ્રભુજી, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શ્રીહરિ...'' આવા અનેક પરચાઓના કિર્તનો મહારાજની હયાતીમાં લખ્યા છે. જે આજે પણ શ્રીહરિ શરણાગતિ મંડળમાં ગવાય છે. આમ રણછોડભગતનાં પુત્ર પરિવારે પ્રગટ ભગવાનની સેવા કરીને અખંડ રાજીપો મેળવેલ છે માટે ધન્ય છે.



# અનાદિ મુક્તરાજ ચંદુભગત રણછોડભગત ચૌહાણ

## ગામ : જામવંથલી, હાલ- પૂના

**અમારા** દાદાના સમયથી જ પરિવારના સૌ મહારાજને ઓળખતા અને આજે અમે પણ મહારાજને ભગવાન તરીકે ઓળખી ભજન કરીએ છીએ. અમારા દાદાને મહારાજે દિક્ષા આપી. અમારા બાપુજીને મહારાજે દિક્ષા આપી છે ને મને મહારાજે દિક્ષા આપી છે ને અમારી દીકરી ત્યારે બાર મહિનાની હતી એમને પણ મહારાજે દિક્ષા આપી છે. આમ અમારો પરિવાર વંશ પરંપરાગત પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પ્રત્યક્ષ ભગવાનના દિક્ષાર્થી થયા એ અમારા પરમ ભાગ્ય છે.

મહારાજ જામવંથલી પધાર્યા કથા વાંચીને વંથલીમાં રોકાયા ત્યારે મારી ઉંમર નાની હતી એ સમયમાં નાની નાની સેવાઓ તથા ચરણસેવાના લાભ મળતા. મહારાજ બહું રાજી થતા. પછી હું મોટો થયો એટલે મને દુબઈ જવાનું મન થયું. ત્યારે મેં કરસનબાપા, દામજી માસ્તર, હિરાબાપા, છગનમાસ્તર આ બધા ભક્તો ફુલવાડીમાં વંડો બનાવવા પાયાનું કામ ચાલુ હતું તેમાં સેવામાં હતા. તેમનેં મેં વાત કરી એટલે કરસનબાપા કહે, દુબઈ જાવું છે. તે પહેલાં અહીંયા આ વંડાના પાયા ગાળવા આવ એટલે ખબર પડે કે કેમ દુબઈ જવાય છે. ત્યારે ૧૫ દિવસ કામ કર્યું આગળ ચાલ હતી નહીં એટલે મને મજૂરી આપી તો મેં ના પાડી. ફુલવાડીમાં કામના પૈસા થોડા લેવાય ! ત્યારે બહુ ભાર આપ્યો તો અડધા પૈસા લીધા. પછી કરસનબાપા કહે, હવે હથોડા મારવા આવ પછી કરસનબાપાની સાથે કામમાં હથોડો ચલાવતો.

પછી હું મહારાજના દર્શન કરવા જૂનાગઢ ગયો ત્યારે મેં મહારાજને આ બધી વાત કરી તો મહારાજ કહે, સાચી વાત મંદિરમાં કામના પૈસા થોડા લેવાય. મહારાજ રાજી થયા ને કહ્યું, તું અહીંથી પૂના જા રસ્તામાં ક્યાંય રોકાતો નહીં. ત્યારે રસ્તામાં સૂરત આવે ને સૂરતમાં મારા માસા મોટા કોન્ટ્રાક્ટર પરંતુ મહારાજે રસ્તામાં રોકાવાની ના પાડી છે એટલે હું સીધો પૂના આવ્યો અને કામ શરૂ કર્યું. એ કામ મહારાજની કૃપાથી નકશી કામ થયું નહીંતર હું નકશી કામ શીખ્યો નથી. ત્યારે બાર રૂપિયા હાજરી ચાલતી હતી. કોન્ટ્રાક્ટર કહે, તારું કામ થોડું ઓછું છે માટે તને રૂ.૧૦ હાજરી આપીશ. બીજીવાર વધારી આપીશ. મેં વિચાર્યું કે મહારાજની કૃપાથી રૂ.૧૦ મળ્યા પછી પહેલા મેં મહારાજને મનીઓર્ડરમાં સેવા મોકલી અને બીજા પગારમાંથી પાસપોર્ટ બનાવ્યો ને મહિનામાં દુબઈ જવાનું નક્કી થઈ ગયું.

દુબઈમાં ભજન, સત્સંગનો સારો લાભ મળતો. હું દુબઈથી આવ્યો ત્યારે દાદા માટે

કોટીનું કાપડ લાવ્યો હતો. એ દાદાના ખોળામાં મૂક્યું ને હજાર રૂપિયા આપ્યા તો દાદા બહું રાજી થઈ બોલ્યા. મેં મહારાજને ઓળખ્યા. મારા દીકરાઓએ મહારાજને ઓળખ્યા. એના છોકરા તમે મહારાજને ઓળખો છો અને ભજો છો ને તમારા છોકરાવને મહારાજ ઓળખાવજો. બસ મારા દિલમાં ઠંડક થઈ છે કારણ કે, કરવાનું છે એ થાય છે એથી તૃપ્તિ અને ઠંડક થાય છે.

મારા બાપુજી પહેલાં પૂના હતા ને એમને આંખમાં તકલીફ થઈ એટલે દેશમાં આવી ઈરવીન હોસ્પિટલથી દવા લીધી પરંતુ આંખે કાંઈ દેખાતું નહીં એટલે મહારાજને કહ્યું, મહારાજ તમારે મને અહીં રાખવો હોય તો મને મારા જેવું દેખાય એવો તમે દેખતો કરો નહીં તો ધામમાં લઈ જાઓ. ત્યારે મહારાજ કહે, તમારી ભાવના જોતા એમ થાય છે કે તમને થોડુંક દેખાય એવું કરીએ એટલે મહારાજે એક વાઘ નખને ઘસવા મારબલનો ટુકડો આપ્યો અને કહ્યું, આ વાઘનખ ઘસીને આંજો એટલે તમને તમારા પૂરતું પંદર દિવસમાં દેખાવા મંડશે.

એકવાર મને સંકલ્પ થયો કે, સ્વામિનારાયણ ભગવાનને વાઘા પહેરાવાય તો આપણા મહારાજનેય પહેરાવીએ. એટલે વાઘાના કાપડની તો જયંતિભગત રાઠોડે ગોઠવણ કરી હતી. એ દુબઈથી લીધું હતું અને મુગટ મારા ઘરના લલિતા હું અને જયંતિભગતના ઘરના દયાબેને મળી અમે ત્રણ જણા થઈ મુગટ બનાવ્યો હતો. હું ડિઝાઈન બનાવું ને માલ-સામાન લઈ આવું તેમજ સાથે એક પૂજાનું પાથરણું બનાવ્યું હતું ને એમાં એલ અને સી લખેલું છે અને વાઘા જૂનાગઢ હેમંતભગતે તૈયાર કરાવ્યા હતા. એટલે એક દિવસ અમે મહારાજના દર્શન કરવા ગયા ત્યારે મહારાજ કહે, હવે તારા સંકલ્પનું શું થયું લે કર પૂરો. એટલે અમે મેં ચંદુભગતે, જયંતિભગતે અને ભગવાનજીભગતે બપોરના સમયે મહારાજને વાઘા પહેરાવ્યા, મુગટ પહેરાવ્યો અને ફોટા પડાવ્યા.

ત્યાર બાદ હું ઈરાક ગયો. ત્યાં દામજી માસ્તરનો પ્રવિણભગત અને બીજા મનસુખ ભગત અમારી સાઈટની બાજુમાં રહેતા. ત્યાં અમારી સાઈડમાં અમે ત્રણ જણા રૂમમાં રહેતા પરંતુ એ માણસો નાસ્તિક એટલે અમારું રસોડું અલગ બનાવતા. ત્યારે મેં મહારાજને પત્ર લખ્યો કે, મહારાજ અહીં બધા વિકૃત માનસિકતાવાળા છે અહીં હું એકલો છું રક્ષા કરજો. ત્યારે મહારાજનો પ્રસાદીપત્ર આવ્યો કે તું એકલો નથી હું તારા ભેગો જ છું, હવે આવું વિચારતો નહીં. મહારાજના દરરોજ એક દિવસ નહીં એક દિવસે દર્શન થતાં. એ પણ કાયમ સવારે ૪-૩૦ની આસપાસ દર્શન થતા.

મહારાજે અમોને કુંકાવાવનું લખાણ આપ્યું. કુંકાવાવ દર્શન માટે મોકલ્યા અને કહ્યું કે મધુભગતને મળજો અને કહેજો મંદિર માટે પૂર્વમાં ઉત્તમ આ ગુંદાવાડી છે અને જન્મ સ્થળ જજો અને ત્યાં ખૂબ ભજન કરજો. હવે કુંકાવાવને જગાડવું પડશે. આમ અમે કુંકાવાવ જતા પહેલાં મહારાજે સૂકો મેવો કાઢ્યો ત્યારે મેં સંકલ્પ કર્યો કે, પ્રસાદીની થોડી રાખી લઉં. ત્યાં મહારાજ બોલ્યા કે એવા સંકલ્પ નહીં કરવાના. આ બધી અહીં જમી જવાની છે. મહારાજ જાણી ગયા ત્યારે મહારાજે આ સૂકોમેવો જે ધોતિયા પર રાખ્યો હતો એટલે મને મનમાં થયું કે આ પ્રસાદીની ધોતી રાખી લઉં. ત્યાં અંતર્યામી મહારાજ બોલ્યા. હા એ બરાબર. એ લઈ જા.

મહારાજની દાઢીના કેશ, નખ, અસ્થિ તથા વાઘ નખ, ગંજીયા, ધોતિ પ્રસાદીના અમારી પાસે છે. આમ મહારાજની કૃપાથી સૌ સારાવાના છે અને મહારાજે જ મને આ લોકમાં રાખ્યો છે. મારું એક્સિડન્ટ થયું અને બાર મહિના સુધી દુઃખ ઘણું હતું પછી મારો પગ કપાવવો પડ્યો ત્યારે મને મહારાજે દર્શન આપ્યા ને હથેળીમાં બેસાડીને ફુલવાડીમાં મૂકી દીધો. ત્યાં મને ૧૫ દિવસ પછી બીજીવાર દર્શન આપ્યાં ત્યારે મેં નક્કી કર્યું કે મહારાજ તેડવા આવ્યા હવે મારે કોઈ ને કાંઈ કહેવું નથી. એટલે ફરી હથેળીમાં લઈ ફરી ફુલવાડીમાં મૂકી દીધો ત્યારે સામે ધાનાણી ભગતને એ બધા બેઠાં હતા ત્યારે ધાનાણી બોલ્યા જુઓ તો ખરા ચંદુભગત ચાલીને આવે છે ને હું પગથીયા પાસે પહોંચ્યો ત્યાં મને મહારાજના પગથીયે ઊભા ઊભા દર્શન થયા, આંખ હલાવીને કહેતા હોય કે કેવું લાગે છે ફુલવાડીમાં. પછી મારો પગ સાજો થયો, કૃત્રિમ પગ નંખાવ્યો. હું ફુલવાડી આવ્યો ને સવાર-સાંજ કિર્તનો બોલતો. ધીમે ધીમે ફુલહાર પરોવવા લાગ્યો ત્યારે મને મહારાજે દર્શન આપ્યા ને ફુલવાડીમાં મૂકી દીધો એ યાદ આવ્યું ને થયું હા મહારાજે એટલે જ દર્શન આપ્યાં હતાં કે હવે આ ફુલવાડીની સેવા કરવા મહારાજે મને સાજો કર્યો છે. અત્યારે ફુલવાડીમાં હાર પરોવવા તથા કિર્તનો બોલવા આ નવું જીવન આપ્યું છે. એમ એ સાત વર્ષમાં મહારાજ છ વખત દર્શન આપ્યા હતાં.

એકવાર મહારાજ કહે, સો જન્મો બ્રહ્મચર્ય વ્રત પાળ્યું હોય ત્યારે પોતાના મુખારવિંદ પર હાથ ફેરવીને કહ્યું, આ મુખારવિંદના દર્શન થાય. તે તમે આજે મારા ખોળામાં બેઠા છો. એમ મહારાજની કૃપાથી જીવન ચાલ્યું જાય છે. ફુલવાડી સેવા થાય છે, કુંકાવાવ દર્શને જવાય છે. પરિવાર પ્રગટ ભગવાન અનાદિ કૃષ્ણનારાયણને ઓળખ્યા છે અને ભજે છે, સેવે છે.



પરચા નં.
**૨૪.**

## અનાદિ મુક્તરાજ કેશવજીભગત ડાહ્યાભગત બગીચા
### ગામ -જામવંથલી, હાલ- રાજકોટ

**વંથલીમાં** વર્ષો પહેલાં છગનભગતના બા રંભામાના સાસુ પુરીમાના ખેતરમાં ભગવાન સ્વામિનારાયણ પધાર્યા હતા. ત્યાં તેમણે જમવાનું અને પાણી બધું માગ્યું હતું. તો પુરીમાએ ના પાડી હતી. તો પ્રભુ કહે, તમારે ત્યાં તો રોટલા-પાણી બધું સારું છે તો રાજી થઈને આપોને ! આ સાંભળી પુરીમાએ પછી જમવાનું અને પાણી બધું આપ્યું. પછી શ્રીજી મહારાજ એ લઈ ત્યાંથી નીકળ્યા પુરીમાએ પાછું વળી જોયું તો પ્રભુ અદ્રશ્ય થઈ ગયા હતા અને ઘરમાં રસોડામાં જઈને જોયું તો જે રોટલા-પાણી એમને આપ્યા હતા એ હતા એટલા પાછા થઈ ગયા હતા. આ રીતે આ પરિવાર સ્વામિનારાયણ ભગવાનનો પણ કૃપાપાત્ર છે.

વંથલીમાં મહારાજ દિવ્યરૂપે આવી ઘણીવાર રંભામાના પલંગ નીચે સાકરનો ગાંગડો મૂકી જતા. તો ઘરના સૌ કહેતા કે બા તો સંતાઈને સાકરનો ગાંગડો ખાય છે. પછી મહારાજે એ ઘરમાં દર્શન દઈને કહ્યું કે, આ તો રંભામાને સાકર ખૂબ ભાવે છે માટે હું આવીને મૂકી જાઉં છું.

છગનભગતની ઉંમર નાની હતી ત્યારે જામવંથલીમાં તેમના ઘરના ફળિયામાં સાંજે પાંચ-છ વાગ્યાનો સમય હતો અને ખાટલામાં આ છગનભગત સૂતા હતા. ત્યારે છગનભગતને ઝેરી તાવ આવ્યો એ તાવથી છગનભગતના શરીરના અંગ ધીમે ધીમે શિથીલ થવા લાગ્યા, હાલવા ચાલવામાં અશક્તિ જણાવા લાગી. ધીરે ધીરે ખાવા-પીવાનું પણ બંધ થવા લાગ્યું. ત્યારે પરિસ્થિતિ બહુ જ નબળી થઈ તેથી દેશી ઉપચારો કરવા લાગ્યા. પણ કંઈ ફેરફાર દેખાયો નહીં ત્યારે મહારાજે છડીવાળી મૂર્તિમાં દર્શન દીધા અને કહ્યું કે, તમારે નવું જીવન જોઈતું હોય તો મારી પાસે જામનગર આવો. આમ કહીને મહારાજ અદ્રશ્ય થયા. (તે પ્રસાદીની છડીવાળી મૂર્તિ રંભાબાને મહારાજે આપી હતી. છગનભગત બે વર્ષના હતા ત્યારે તેમના બાપુજી ધામમાં ગયા હતા) છગનભગતે નાનપણમાં માતાને વાત કરી. માતા કહે, તને જામનગર કઈ રીતે લઈ જવો. એમ બે-ત્રણ દિવસ નીકળી ગયા. બાળ છગનભગતે હઠ લીધી મારે એ મહારાજ પાસે જ જવું છે. ત્યારે તેમના માતાજી રંભામાએ મોટા દિકરા નરસિંહભાઈને કહ્યું, આ છગનને જામનગર મહારાજ પાસે લઈ જા. નરસિંહભાઈ બા સાથે છગનભગતને લઈ જામનગર મંદિરે આવ્યા. ત્યારે મહારાજ રવેશમાં ઊભા ઊભા માળા

કરતા હતા. મહારાજને પગે લાગી કહે, મહારાજ આ છગનને આપના દર્શન કરવા છે અને જીદ કરી એટલે આપની પાસે લાવ્યો છું આપ કૃપા કરો. ત્યારે મહારાજે ભગતને કહ્યું, આ છોકરાને મોટા ડૉકટર પાસે તેડી જાઓ અને તેની સારવાર કરાવો. તે ડૉકટર પાસે તેડી ગયા, ડૉકટર તપાસ કરતા કહે, આ છોકરાના શરીરમાં લોહી નથી અને ઝેરી તાવ મગજમાં પહોંચી ગયો છે, આ બચી શકે તેમ નથી. તો તેને ઘેર લઈ જાઓ. ભગતે માંડીને બધી વાત મહારાજને કરી. મહારાજ કહે, જીવન અને મરણ ભગવાનના હાથમાં છે. તમે એમને અહીં રાખો. ભગવાન સૌ સારું કરશે.

પછી મહારાજ કહે, છગન ભલે અહીંયા જ રહે અને તમે પ્રસાદ લઈને જવું હોય ત્યારે જજો. આમ નરસિંહભાઈ અને બા છગનભગતને મહારાજની પાસે મૂકીને આવ્યા. માતાજીએ મહારાજને મનોમન પ્રાર્થના કરી મહારાજ છગનને સાચવજો સાજો થઈ જાય તેવી તેના ઉપર કૃપા કરી દયા કરજો. આમ ભક્તોના બેલી ભગવાન સૌની સંભાળ રાખે છે.

આમ છગનભગતને મહારાજે પોતા પાસે રાખ્યા. કોઠારી સ્વામીને બોલાવી કહે, આ છગનને ધર્મશાળાના રૂમમાં ગાદલું નાખી દ્યો અને ત્યાં સુવરાવો. મહારાજે આંગળી બોરેલ પ્રસાદીનું પાણી ત્રણ ટાઈમ પીવડાવવાનું કોઠારી સ્વામીને કહ્યું અને એક સાકરનો ગાંગડો દરરોજ મોઢામાં રાખવા કહ્યું. આમ ચાર પાંચ દિવસ થયા તો છગનભગતમાં ચેતન આવ્યું. મહારાજ દરરોજ છગનભગતની છાતી પર માળા કરતાં કરતાં પગ મૂકતા અને આશીર્વાદ આપતા. એક અઠવાડિયા પછી મહારાજે કહ્યું, હવે ભગત ઊભા થાવ એટલે ભગત અશક્ત હોવા છતાં ઊભા થયા. પછી મહારાજે એમનો હાથ પકડી થોડો હલાવ્યો ત્યાં તો બધા રોગ નીકળી ગયા અને સાવ સારું થઈ ગયું. પછી તેમની બાજુમાં બેસી ભગતનો હાથ જોયો અને કહ્યું કે, તારા હાથમાં તો કોઈ રેખા જ નથી. માટે હવે મારે બધી નવેસરથી રેખા દોરવી પડશે.

પછી મહારાજ કોઠારી સ્વામીને કહે, તેને દરરોજ થોડા થોડા દાળ-ભાત આપજો અને માળા આપો એટલે ભજન થાય. આમ અઠવાડિયું થયું તો છગનભગત હરવા-ફરવા લાગ્યા. એટલે મહારાજે છગનભગતને કહ્યું, આ ગૌશાળામાં છાણ ઉપાડવું ને ગૌશાળાની સફાઈ થાય તેટલી ધીરે ધીરે તમારે કરવાની. એટલે છગનભગત તે પ્રમાણે ગૌશાળામાં સેવા કરવા લાગ્યા. પછી મંદિરમાં સેવા કરતા અને સાંજે મહારાજના ચરણ દાબતા અને આમ મહારાજની પણ સેવા કરતા, માળા કરતા અને મહારાજ સાથે રહેતા. તેમજ શાળાએ

ભણવા પણ જતાં. ઘણીવાર મહારાજ સાથે વિચરણમાં જામવંથલી, ચાવડા આદિક ગામોમાં પણ સાથે સેવામાં જતાં.

છગનભગત મહારાજને કહે, હવે મારે અહીંયા જ રહેવું છે. આ મરવા પડેલા છોકરાને સાજો થઈ મંદિરમાં સેવા કરતો જોઈ જામનગરવાસી ભકતો અચંબામાં પડી ગયા. મહારાજનો ચમત્કાર જોઈ તેની આ વાત ચારે દિશામાં ફેલાવા લાગી. ઘણા દુઃખીયા મહારાજ પાસે આશીર્વાદ લેવા આવતા. ત્યારે છગનભગતના માતાજી અને ભાઈઓ મહારાજ પાસે આવ્યા. મહારાજને હાથ જોડી પ્રાર્થના કરી મહારાજ અમે તો આશા મૂકી દીધી હતી પણ આપની કૃપાથી અમારો છગન સાજો થયો. હવે મહારાજ તમે રજા આપો તો છગનને તેડી જઈએ. ત્યારે છગનભગત કહે મારે ઘરે નથી આવવું મારે અહીં મહારાજ પાસે રહેવું છે. કુટુંબની પ્રાર્થના સાંભળી મહારાજ કહે, તેડી જાઓ. છગનભગત કહે, મારે અહીં જ રહેવું છે. મહારાજ કહે, માતા-પિતાને નારાજ કરી ન રહેવાય. તમે જાઓ અમે તમારા ભેળા છીએ. અમારા આશીર્વાદ છે, તમે ભણજો, સુખી થાઓ. આમ છગનભગત ઘરે આવ્યા. સ્કૂલે ભણવા જવા લાગ્યા અને મહારાજની કૃપાથી ભણવામાં આગળ વધ્યા. છગનભગત ધીરે ધીરે ભણવામાં સાતમું ધોરણ પાસ થયા. મહારાજના દર્શન કરવા જામનગર ગયા મહારાજે આશીર્વાદ આપ્યા. પછી સરકારી નોકરી શિક્ષકની મળી ગામડામાં ઓર્ડર આવ્યો. મહારાજ છગનભગતને ભલામણ કરતા જીવનમાં સુખી રહેવાના ઉપદેશો આપતા.

મહારાજ જામવંથલી આવ્યા ત્યારે છગનભગતે મહારાજની ઘણી ઘણી સેવાઓ કરી મહારાજને રાજી કર્યાં છે. છગનભગત જાણતા હતા આ જીવન મહારાજનું દિધેલું છે એટલે મહારાજની આજ્ઞા શિરે ધરતા હતા. મહારાજને જૂનાગઢ પત્રો લખતા અને ગામડે હાથે રસોઈ બનાવી નોકરી કરતા અને મહારાજનું ભજન કરતા સાથે સાથે આજુબાજુના ગામડાંઓમાં મહારાજના મહિમાની વાતો કરતા. સમય જતાં તો આ જામનગર પંથક મહારાજને બરાબર ઓળખતો થયો હતો.

મહારાજની કૃપાથી છગનભગતના સંબંધનું ગોઠવાઈ ગયું તેમાં પણ મહારાજનો જ આશીર્વાદ છે. મહારાજ ભલામણો લખતા. સંસારમાં સુખીયા થવા આશીર્વાદ આપતા. આમ મહારાજના અનન્ય અને કૃપાપાત્ર સેવકોમાં વિશ્વાસુ ભક્ત તરીકે આ છગનભગતની ગણના થવા લાગી. હવે તો મહારાજની દયાથી છગનભગતને માસ્તરની નોકરી જામવંથલીની બાજુના વરણા ગામમાં બદલી થઈને ગામમાં જ ગોઠવાઈ ગયું. આ પણ એક

મહારાજના આશીર્વાદથી જ બન્યું છે હતું.

જામવંથલીમાં ફુલવાડીમાં મહારાજના પ્રસાદીના ઓરડાઓ છે ત્યાં પ્રેમજી લાધા ખોલિયાએ આપેલ ફૂલવાડીમાં વંડાનું કામ થતું હતું ત્યારે ઘણાં બહારથી ભક્તો આવતા અને જામવંથલી ધામ આ પ્રસાદીની જગ્યાના દર્શન કરવા પણ ઘણાં ભક્તો આવતા. ત્યારે આ છગનભગત તે ભક્તોને જમાડતા. કારણ કે મહારાજના બધા ભક્તો ત્યારે રાજકોટ, મુંબઈ, પૂના હતા અને વિદેશમાં હતા. ત્યારે આ છગનભગત અને દામજી માસ્તર અહીં જામવંથલીમાં રહેતા. બીજા ભક્તો પોતાની વાડીએ હોય એટલે આવેલ ભક્તો-મહેમાનોને છગનભગત સાચવતા. ભક્તો માટે જાણે અન્નક્ષેત્ર કહેવાય તેમ ભક્તોને સાચવતા. માટે મહારાજ ખૂબ રાજી થતા.

મહારાજ જામવંથલીમાં છગનભગતના ઘેર જયારે સંતો સાથે જમવા પધાર્યા ત્યારે દામજીભગત અને છગનભગતની ઘરની ઓસરીમાં જમવા બેસાડ્યા ત્યારે મહારાજે કહ્યું, મારે તો મારા ભાગમાં બેસીને જમવું છે એમ કહી મહારાજ છગનભગતના ઘર બાજુ ઓસરીએ જમવા બેઠા.

છગનભગત મહારાજના એટલા વિશ્વાસુ ભક્ત હતા કે પ્રેમજીબાપા ખોલિયાએ આ ફુલવાડીવાળી જમીન દાનમાં મહારાજને આપી. મહારાજે છગનભગતને બક્ષીસ તરીકે લખી આપી આ પણ એક મહારાજનો પરચો જ લેખાય. કારણ કે અંતર્યામી ભગવાન બધું જાણતા હતા. એ જમીન પ્રેમજીબાપાએ મહારાજને દાનમાં આપેલી વિદ્યાલય બનાવવા પણ મહારાજે ભવિષ્યની ઘટનાને લઈ છગનભગતના નામે કરી અને છગનભગતે શ્રીહરિ શરણાગતિમંડળ ટ્રસ્ટને નામે કરી.

કુંકાવાવ જન્મ સ્થળવાળી જગ્યા પણ વેચાતી લીધી અને તે જગ્યા પણ મહારાજે છગનભગતના નામે લીધી અને પાછળથી શરણાગતિ ટ્રસ્ટ રચાયું ત્યારે છગનભગતે આ શરણાગતિ ટ્રસ્ટને અર્પણ કરી. છગનભગતે મહારાજના વિશ્વાસને કયારેય ઠેસ પહોંચાડી નથી. તેમજ મહારાજનો મહિમા સમજી પોતાના કુટુંબને પણ પ્રગટ ભગવાનની સેવામાં જોડી દીધા છે હતા.

એકવાર છગનભગત જૂનાગઢ મહારાજના દર્શન કરવા ગયા ત્યારે ત્યાં રૂમમાં મોટાં મોટાં બોર પડ્યા હતા. તે મહારાજ જમ્યા અને એ બોરના ઠળિયા છગનભગતને આપીને

આજ્ઞા કરી કે, આ ઠળિયાને ફુલવાડીમાં વાવજો. છગનભગતે તે વાવ્યા. સમય જતાં તે બોરડી મોટી થઈ તેમાં કાંટા તો આવતા પણ જેમ જેમ બોરડી મોટી થતી જતી હતી તેમ તેમ તેના કાંટા ખરતાં જતા હતા. કારણ કે, એ બોરડી જેવા કાંટાળા વૃક્ષને પણ ફુલવાડીમાં મહારાજનો યોગ મળ્યો હતો. ફુલવાડી જેવું પ્રસાદીનું સ્થાન મળ્યું હતું. હાલમાં પણ પ્રસાદીની બોરડીના બોર જમવાથી અનેક નિઃસંતાન સ્ત્રી ભક્તોને ત્યાં પારણા બંધાયા છે એ પણ એ મહારાજનો અદ્‌ભુત પરચો છે.

જામવંથલીમાં મહારાજ પધારતા ત્યારે ભક્તો સાથે ને સાથે સેવાઓ કરતાં પ્રભુજીની સાથે આનંદ ઉત્સવ કરતા. જામવંથલી સ્વામિનારાયણ મંદિરે મહારાજ ઉપર મેડીએ બિરાજમાન થતા, ફુલવાડી આવતા. કથા-વાર્તાઓ, ચમત્કાર, પરચાઓ આપતા. રાત્રીનો સમય થવા છતાં પણ ઘરને ભૂલીને પ્રભુજીની પાસે ને પાસે જ રહેતા. બહુ જ આગ્રહ કરે ત્યારે સ્થાનિક ભક્તો જતા. ચાવડાથી ભક્તો પધારતા તે તો રાત્રે મંદિરની ઓસરીમાં જ સૂઈ જતા. છગનભગતના ઘેર દાડમનું વૃક્ષ હતું તેમાં મોટા દાડમ થતા. તે જૂનાગઢ જઈ મહારાજને અર્પણ કરતા. ત્યારે મહારાજ રાજી થઈ કહેતા કે, આવા મોટાં દાડમ દુબઈથી લાવ્યો છે કે શું ? એમ કહી રાજી થઈ પ્રેમજી જમતા. (મહારાજ જ્યારે સ્વધામ સિધાવ્યા એટલે તરત એ દાડમનું વૃક્ષ સુકાઈ ગયું હતું)

એકવાર ગોવિંદજી મહારાજ જૂનાગઢ દર્શન કરવા ગયા ત્યારે મહારાજ પોક જમતા હતા. ત્યારે મહારાજે પોક જમતા જમતા ગોવિંદજીમહારાજને કહ્યું કે, મને કાજુ-બદામ કરતાં પણ આ પોક અતિ વહાલા છે. કારણ કે, આ મને છગનભગતે જામવંથલીથી મોકલ્યા છે. એ તેના ખેતરમાં કોઈ પણ વસ્તુ ઊગે તો પહેલા મને અર્પણ કરીને પછી જ ઘરે ઉપયોગમાં લે છે.

એક વખત મહારાજ પધરામણીઓ આરતી, ધૂન, સંધ્યા ભજન, કથા-વાર્તા થઈ રહ્યા પછી ભોજનપ્રસાદ લીધા પછી રાત્રે કથા-વાર્તા કરતા રહ્યા. મધ્ય રાત્રી વીતી ગઈ. મહારાજ ભક્તો પાસે બેઠા હતા. છગનભગત, રામજીભગત, હંસરાજભગત રાઠોડ, હિરાબાપા, કેશુભગત બગીચા આદિ બીજા ઘણાંક ભક્તો હતા. ત્યારે રાસોત્સવ થયા બાદ સૌ સૌને ઘેર ગયા, પરંતુ એકાંતિક ત્રણચાર ભક્તો ભગવાન પાસે જ રહ્યા. ત્યારે ઓચિંતા મહારાજ ભક્તો પ્રત્યે બોલ્યા કે, ભક્તો ચાલો આપણે એક ભગતને ઘેર ગાય ધામમાં જવાની તૈયારી કરે છે. અમે તેનું દૂધ પીધું છે. માટે તેમને ધામમાં મોકલવી છે, તે અમારી રાહ જુએ છે. પછી પાણીનો લોટો લઈ છગનભગત, દેવરાજભગત, કેશુબાપા, હંસરાજભગત આ બધા ભક્તો

મહારાજ વંથલીના એ ભક્તને ઘેર ગયા ત્યારે ત્યાં ગાયે મહારાજ સામે જોયું. છગનભગત આદિ ભક્તોએ જળનો લોટો મહારાજને આપ્યો. મહારાજે ગાય પર જળની અંજલી છાંટી કે તરત તે ગાય ધામમાં ગઈ. આમ મહારાજે વંથલીમાં અનેક પરચાઓ પૂર્યા છે.

છગનભગતે જુવાન વયે શાળાની પરીક્ષા આપી પાસ થયા. મહારાજને પ્રાર્થના કરી કે, શરીર દુર્બળ છે. કડિયા કામ ન થાય પરંતુ જો નોકરી જેવું જઈ જાય તેવા આશીર્વાદ આપજો. મહારાજે શિક્ષકની નોકરી અપાવી આશીર્વાદ દીધા. સુખી થાશો સાથે લગ્ન કરવાની પણ ભલામણ કરી. પ્રગટ ભગવાન ત્યાગી પણ છગનભગત પ્રગટને વહાલા તેથી હરિભક્તો દર્શને આવતા તેમાંથી એક ભક્તની કન્યાની ભલામણ છગનભગતને કરી લગ્ન થયા. તેમના પુત્ર પરિવાર ધર્મપત્ની હંસાબેન, ગુલાબ, ઘનશ્યામ, અરૂણા, ગીતા, ચમેલી, બકુલા આદિ પુત્ર-પુત્રીઓ બધા જ મા-બાપ દિવ્ય ભક્તિ કરનારા પ્રગટના દિક્ષીત થયા. સ્વયં મહારાજે સૌને મંત્ર, કંઠી, શરણાગતિ આપી છે.

કુંકાવાવના પાદરમાં મહારાજનું સ્મૃતિ મંદિર તૈયાર થઈ જવા આવ્યું એટલે મહારાજની મૂર્તિ પધરાવવા માટેની વિચારણા ચાલી રહી હતી તો પહેલા તો સ્ટેચ્યુ મૂર્તિ પધરાવવાનું નક્કી થયું તો છગનભગતે જૂનાગઢ જઈ મહારાજને કહ્યું કે, મહારાજ જો તમારી પૂર્ણ મૂર્તિ બનાવીને મંદિરમાં પધરાવાય તો કાયમ સેવા-પૂજા અને દર્શનનું સુખ ભક્તોને મળે. આ સાંભળી મહારાજે રાજી થઈ કહ્યું કે, બહું સારું તો એ પ્રમાણે મૂર્તિનું કાર્ય ચાલુ કરો. એમ કહી મહારાજે પોતાની બેઠી યુવાન મૂર્તિનો ફોટો આપ્યો. તે લઈ છગનભગતે રાજકોટ જઈ એક સારા મૂર્તિકારને મહારાજની આરસની મૂર્તિ બનાવવાનું કાર્ય સોંપ્યું. મૂર્તિના કારીગરે તેની પાસે એક મોટો ઈટાલિયન માર્બલનો પથ્થર હતો પણ તે સાઈઝમાં પહોળાઈમાં થોડો નાનો હતો. એટલે ફરી છગનભગતે જૂનાગઢ જઈ મહારાજને આ વાત કરી તો મહારાજે કહ્યું, તે માર્બલમાં જ મારી મૂર્તિ કરાવજો હું પલાઠી ટૂંકી કરીને બંને હાથ થોડા અંદર લઈ લઈશ. આમ ભલે તે પથ્થરની પહોળાઈ ઓછી હોય પણ હું એમાં પૂર્ણ મૂર્તિરૂપે ગોઠવાઈ જઈશ.

પછી છગનભગતે રાજકોટ જઈ રતિલાલ હંસરાજ રાઠોડને આ બધી વાત કરી એટલે પછી બંનેએ જૂનાગઢ આવી મહારાજને વાત કરી પછી મહારાજે આપેલા રૂ.૫૦૦ સુથી પેટેના લઈ રાજકોટ જઈ મૂર્તિકારને આપ્યા. આ રીતે કોઈને ખબર ન પડે તેમ મહારાજે પોતાની મૂર્તિના સંકલ્પનું કાર્ય અંતર્યામીરૂપે આવા મહામુક્તોને પ્રેરણા આપી પાર પાડ્યું.

મહારાજ વંથલી ફુલવાડી હોય કે જન્મસ્થાન હોય કે પાદર મંદિરની જગ્યા માટેની

મૂર્તિની પ્રતિષ્ઠા માટે છગનભગતને અને વંથલીના ભક્તોને સેવા જણાવતા. છગનભગતને પોતાના મા-બાપ પ્રત્યે જે ભાવ, આદર પ્રેમ હતો તેવો જ પ્રગટ ભગવાનને વિષે હતો. ઉપાસના બાબતે છગનભગત ચોખી વાત કરતા કે, આપણને જે મળ્યા પ્રગટ ભગવાન તેજ આપણાં ઈષ્ટ આરાધ્ય અને પતિ છે. તેને મૂકી બીજે જવું તે વ્યભિચારી ભક્તિ ગણાય. છગનભગતને હૃદયમાં વાલ્વની બીમારી હતી છતાં પણ પ્રગટ ભગવાને છગનભગતની રક્ષા કરી છે.

પ્રગટ ભગવાન ફુલવાડીએ પધાર્યા. પ્રગટ ભગવાનનો જન્મ જયંતિ ઉત્સવ ઉજવાયો. ભક્તોએ ભેગા મળી સમૈયો કર્યો. મહારાજને આંબલીના ઝાડે ઝુલાવ્યા. ધૂન, ભજન, કિર્તન, રાસોત્સવ થયા, સૌ રાજી રાજી થયા. મહારાજ છગનભગત આદિ વંથલીના બધા જ ભક્તો પ્રત્યે બોલ્યા કે, આ પ્રગટ ભગવાનની જન્મ જયંતિના ઉત્સવ જેવો બીજો કોઈ ઉત્સવ નથી. આ ઉત્સવમાં હાજરી આપે તેને આખા વરસના દર્શનનું પુણ્ય મળે છે. મહારાજે આવા અનેક વરદાનો, પરચાઓ, આશીર્વાદો આ વંથલીની ભૂમિને અને ભક્તોને આપ્યા છે. વંથલીના ભકતોને અને શરણાગતિ જીવોને આ વંથલીના સીમાડા સુધી યમનું તેડું ન હો... એમ પ્રભુજી બોલ્યા છે. પૂર્વે અવતારો થયા તે ૨૪ અવતારોના દર્શન છગનભગતને મહારાજે ફુલવાડીના ચોકમાં જે ચરણારવિંદ પધરાવ્યા છે તે સ્થાને મહારાજે બિરાજીને એક પછી એક અવતારોના દર્શન કરાવ્યા છે. માટે જ ૨૪ અવતારોની જે પ્રગટની મૂર્તિ તેની વચ્ચે પરબ્રહ્મ અવતારી અનાદિ શ્રીકૃષ્ણનારાયણ સ્વયં છે.

છગનભગતના બા-બાપુજીને મહારાજે ધામમાં મોકલી પોતાની સેવામાં ભેળા રાખ્યા છે. પ્રથમ પિતાશ્રી પછી બા ધામમાં ગયા. શરીરે દુર્બળ તેથી મહારાજે તેમનું વધુને વધુ ધ્યાન રાખ્યું છે. ખેતીકામ કરતા ત્યારે પણ પોંક હોય કે મગફળીના ઓળાં હોય તે મહારાજને બે હાથે ખોબા ઘરીને પ્રસાદ આપ્યા છે. છગન ભગતનો પરિવાર ફુલવાડી મંદિર, કુંકાવાવ, જૂનાગઢ આદિ ધામોમાં પણ પ્રભુજીની આજ્ઞાથી સેવાઓ કર્યા જ કરતા. આવવું-જવું, સમજણ, કથા-વાર્તા કરવી તેમ સરલ સ્વભાવે વર્તવું અને કામ પાર પાડવું તે બધા વહેવારોમાં વર્તવાની ચાવીઓ રૂપી બોધ પ્રગટ પ્રભુજી તેમને આપતા અને ફુલવાડી, જૂનાગઢ, કુંકાવાવ મંદિરના કામકાજ વહીવટ, દસ્તાવેજ આદિક લખાણ પ્રગટ ભગવાને છગનભગત ઉપર પુત્રની પેઠે વિશ્વાસ રાખીને સોંપતા પણ જેમને શ્રીહરિને જ મુખ્ય રાખવા છે. ભગવાનને ભજવા છે. આ બધું મને સાચવવા આપ્યું છે. ધણી તો ભગવાન છે અને તેમનું રહેવાનું

સ્થાન (ઘર) શ્રીહરિ શરણાગતિ મંડળ છે. માટે છગનભગતે પ્રગટ ભગવાનની ભલામણથી બધું યોગ્ય સમયે શ્રીહરિ શરણાગતિમંડળને સોંપી દીધું છે. પ્રગટ ભગવાનની આજ્ઞાથી જેમ ધર્મશાળામાં મુનીમજી હોય તે શરીર વડે કરીને બધું પોતાનું માને પણ અંતરથી સમજે છે કે, આ મારા શેઠનું છે, હું તો દાસ છું. તે ભાવે છગનભગતે જૂનાગઢમાં પણ દાસ ભાવે, પાર્ષદભાવે પ્રગટ ભગવાનની સેવાઓ કરી છે. છગનભગતને જ્યારે પણ નોકરીમાંથી છુટ્ટી મળતી ત્યારે તેઓ જૂનાગઢ મહારાજની સેવામાં તરત પહોંચી જતા.

છગનભગત અને જામવંથલીના આવા મુર્ધન્ય મોટા ભક્તોના ચરિત્રોને વર્ણવીએ તો પાર જ ન આવે. મહારાજે સ્વયં આ પરિવારને પોતાના કાર્યો માટે ધામમાંથી લાવ્યા હોવાથી પોતાના ભાગવત કુટુંબ તરીકે સ્થાન આપ્યું છે.

મંડળના ભક્તો ઘણી વખત છગનભગતને કહેતા કે, તમારે સંતાનમાં પુત્ર નથી તો મહારાજને પ્રાર્થના કરો તો જરૂર તમારે ત્યાં પુત્રરત્નનો જન્મ થશે પણ છગનભગતે મહારાજના અનેક કાર્યો કર્યા હોવા છતાં ક્યારેય નિષ્કામ ભક્તિ કે ચરણસેવા સિવાય કાંઈ પણ માગ્યું નથી પણ દયાળુ પ્રગટ ભગવાનની કૃપાથી સમય જતાં એમને ત્યાં ગુલાબ અને ઘનશ્યામ નામે બે પુત્રોનો જન્મ થયો. આ બંને પુત્ર મુક્તરાજ ગુલાબભગત તથા ઘનશ્યામભગને ફુલવાડી પરમધામ મંદિર તેમજ કુંકાવાવ બ્રહ્મપેલેસ મંદિરમાં તન-મન-ધનથી યથાશક્તિ ઘણી સેવા કરી મહારાજને ખૂબ રાજી કર્યા છે.

વંથલીમાં ફુલવાડીમાં પ્રસાદીભુવનનું ધ્રુવ-તારાના નિશાન લઈને મહારાજે જ્યારે ખાતમુહૂર્ત કર્યું ત્યારે પણ છગનભગત સેવામાં સાથે હતા.

મહારાજના અગ્નિસંસ્કારમાં ન બળેલું પ્રસાદીનું હૃદય રાખવા માટે પોતાના ઘેરથી ત્રાંબાનો મોટો ઘડો પણ હીરાબાપાને આપ્યો હતો. એ ઘડામાં મહારાજનું હૃદય રાખી ઉપરથી પેક કરી ત્યારબાદ તેને ફુલવાડી મંદિરના મધ્ય શીખર નીચે પધરાવવામાં આવ્યું છે. આ રીતે છગનભગતની ઘરની આ ઘડા જેવી વસ્તુને પણ મહારાજના હૃદય સાથે ફુલવાડીમાં સ્થાન મળ્યું છે.

મહારાજ સ્વધામ સિધાવ્યા તે પહેલાં છગનભગત જ્યારે જૂનાગઢ મહારાજના દર્શન કરવા ગયા ત્યારે મહારાજે પોતાની ઘણી પ્રસાદની વસ્તુઓ રાજી થઈને આપી તેમાં પોતાના બે જોડી ચરણારવિંદ તેમજ બે જોડી થાળી-વાટકા (અક્ષયપાત્ર) આપ્યા. તે ઉપરાંત

મહારાજ પોતાના સંતમંડળમાં અમુક વસ્તુનો ભાગ પાડતા હતા ત્યારે સાથે છગનભગતને પણ ભાગમાં આવતું હતું તે રાજી થઈ આપ્યું અને સમય જતાં એ ભાગની વસ્તુઓ તેમણે ફુલવાડી મંદિરમાં અર્પણ કરી હતી.

જ્યારે ફુલવાડીમાં વંડાનું કામ, શિખરનું કામ, મંદિરમાં પાયા ખોદવાના કામ, મંદિરના બાંધકામના કામો ચાલતા હતા ત્યારે ફુલવાડીમાં પોતાની દૃષ્ટિ અને સામર્થ્ય પ્રમાણે ફુલવાડીમાં છગનભગતે ટ્રસ્ટી તરીકે રહીને પણ સેવાઓ કરી છે. સેવકોની સાથે રહી મહારાજનો મહિમા ગાયો છે. ફુલવાડીના સંચાલનમાં પૂ. રામજીભગતના માર્ગદર્શક રહ્યા છે. તથા પોતાના કુટુંબમાં બે બાળકો અને ચાર દીકરી તેમજ પોતે બંને પતિ-પત્ની હંસાબેન પણ આ ફુલવાડીના કાર્યોમાં રસોડામાં સેવાઓ આપી પોતાનો સમય ભક્તિ અને સેવામાં વિતાવ્યો છે. કારણ કે તે સમયમાં ભક્તો, સેવકો અને મુક્તો સૌ ફુલવાડીમાં સેવાઓ કરતા ત્યારે રસોડામાં પણ આ બેનો અને ભક્તો જાતે જ રસોઈ બનાવતા અને ફુલવાડીનું કાર્ય ચાલતું. આમ છગનભગત તેમના ધર્મપત્ની હંસાબેન તથા દીકરીઓ અને બે દીકરાઓ પોત પોતાની ઉંમર પ્રમાણે અને સમય પ્રમાણે ફુલવાડીમાં સેવા કરીને મહારાજના ખૂબ ખૂબ આશીર્વાદ લીધા ભગવાનને રાજી કર્યા છે. ભક્તો પણ રાજી થયા છે. આજે તેમનું કુટુંબ સર્વે પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણને ભજે છે, સેવે છે, પૂજે છે અને આ કુટુંબ પણ મહારાજના મુક્તમંડળમાં શોભે છે.

મહારાજ અંતર્યામી છે. મહારાજ પોતાના મુક્તોને શોધી જ લ્યે છે અને સાથે અનેકના કલ્યાણ કરે છે. જીવાત્માઓના ક્યાં પ્રકારે કલ્યાણ કરવા તે મહારાજ જાણતા હોય છે. જેથી મહારાજ એકબીજાના યોગ કરાવીને દર્શન દઈને ભક્તિ આપીને આશીર્વાદ આપીને સેવા દઈને તેમની સેવા લઈને ઉપદેશ આપીને જીવના દુઃખ કાપીને અનેક પ્રકારે પોતાનો યોગ આપી નિજ ભક્તોને સુખીયા કરે છે. મહારાજે સ્વયં ફુલવાડી શ્રીહરિ શરણાગતિ મંડળ ટ્રસ્ટમાં છગનભગતને સ્થાન આપ્યું છે.

આમ અનાદિ શ્રીકૃષ્ણનારાયણના પરમ એકાંતિક, સ્નેહી, પ્રગટને વહાલા, કૃપાપાત્ર, વિશ્વાસુ સેવક અનાદિ મુક્તરાજ છગનભગત મહારાજનું અખંડ સ્મરણ કરતાં કરતાં પરમધામ નિવાસી થયા છે. તેમના પુત્ર-પરિવારમાં સૌ ધર્મમય જીવન જીવી સર્વોપરિ મહારાજની ઉપાસનાની સાથે સેવા-ભક્તિ દ્વારા પ્રગટ ભગવાનને વિશેષ રાજી કરી રહ્યાં છે.

પરચા નં.
૨૫ .

## અનાદિ મુક્તરાજ દામજીભગત પ્રેમજીભગત કાચા
### ગામ -જામવંથલી, હાલ- રાજકોટ

**દામજીભગત** ઘરના કામકાજે જામનગર જતા ત્યારે મહારાજના દર્શન કરવા જરૂર જતા. મહારાજ પણ પોતાના સેવક જાણીને તેમને ખૂબ વ્હાલ કરતા, પ્રસાદી આપતા. સંસારમાં ભગવાનનું ભજન કરવાનું કહેતા, આ મનુષ્ય જન્મ સાર્થક કરવાનું કહેતા. આમ પ્રાથમિક અભ્યાસ જામવંથલીમાં તેમણે પૂરો કર્યો. તે દરમ્યાન મહારાજ જામવંથલી બે વર્ષ આવ્યા હતા. એટલે મહારાજની ખૂબ સેવા કરતા. બાલમંડળને મહારાજ બહુ વહાલ કરતા. પ્રસાદીમાં મોહનથાળ આપતા. તેઓ મહારાજની સાથે વાડીઓમાં વિચરણમાં સાથે જતા અને મહારાજની આજ્ઞા પ્રમાણે દોડી દોડીને સેવાઓ કરતા. જામવંથલીમાં મહારાજે ઘણા પરચા પૂર્યા છે. તે વાતો જાણીને મહારાજ ભગવાન છે તેમ સમજતા.

સમય જતાં મહારાજના આશીર્વાદથી શિક્ષકની નોકરી મળી ગઈ અને છગનભગત અને દામજીમાસ્તર બંને ભાઈ ભેગા મળી ફુલવાડીમાં મહારાજના કાર્યોની સેવા કરતા. મહેમાન ભક્તોની સારસંભાળ રાખતા તથા જામવંથલીમાં મહારાજના લીલાચરિત્રોની કથાઓ કરતા અને હરિભક્ત તરીકે આરતી, ભજન, માળા, સેવા કરતા તથા પ.પૂ. હેમંતભગતનો બહુ આદર કરતા અને હેમંતભગતના બાલસખા મિત્રપણે રહેતા. આમ પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને ભગવાન માની નિષ્ઠાપૂર્વક સેવાભક્તિ કરતા અને ફુલવાડીમાં અંગ સેવા પણ કરતા. તેમના પુત્ર પ્રવીણભગત બાલમંડળમાં સૌ મોટા મોટા ભક્તોની આજ્ઞા પાળતા અને કુટુંબનું નામ રોશન કરતા. આમ દામજીભગતનો પરિવાર પ્રગટ ભગવાનનું ભજન કરતો.

દામજીભગત હિરાબાપાને ભગવાનના કામમાં મદદરૂપ થતા. દામજીભગત મહારાજના વિશ્વાસુ અને સંયમી ભગત હતા. મહેમાન ભક્તોનો આદર સત્કાર કરતા. મહારાજના લીલાચરિત્રની વાતો કરતા. ભગવાન ઓળખાઈ ગયા પછી ભગવાનની આજ્ઞા સેવા-ભક્તિ એજ એમનું જીવન હતું.

દામજીભગતે ક્યારેય ઉદ્વેગ કે ક્રોધ કર્યો હોય તેવું તેના જીવનમાં ક્યારેય બન્યું નથી. સદા શાંત-સરળ સ્વભાવ-સત્યના પક્ષમાં સાથ આપનારા પ્રગટ ભગવાનના વિશ્વાસુ અને કૃપાપાત્ર ભગત હતા. પોતાના પરિવારને ભગવાનનો ઉપદેશ આપતા કે, આ સ્વયં

સાક્ષાત્ નારાયણ છે. માટે ભગવાનની જેટલી થાય તેટલી અધિકને અધિક સેવા કરીને રાજી કરી લેવા.

દામજીભગત જુનાગઢ મહારાજના દર્શને જાય તો કુટુંબને પણ સાથે લઈ જતા કે જેથી સૌને મહારાજના દર્શન થાય. પ્રવીણભગતને તો મહારાજના ખોળામાં જ મુકતા. મહારાજ રાજી થઈ આશીર્વાદ આપતા. મહારાજ કહેતા, અમારા મોટા મોટા કામો આ છોકરાઓ કરશે.

ભક્તો વિદેશમાં હતા. ફુલવાડીનું કામ ચાલુ હતું ત્યારે ફુલવાડીના ટ્રસ્ટમાં મહારાજે તેમને રાખ્યા છે તેથી તે ટ્રસ્ટી તરીકે અને સેવક તરીકે ખૂબ ધ્યાનપૂર્વક ચીવટથી અને સેવાના નાણાંનો પૂરેપૂરો સદ્ઉપયોગ થાય તે પ્રમાણે ખબરદાર થઈને સેવા કરતા અને ક્યાંક જરૂર પડે તો જાતે સેવા કરવા લાગી જતા અને સેવકો સાથે કારીગરો સાથે બહુ જ પ્રેમપૂર્વક સહહૃદયભાવથી સેવા કરતાં. ભગવાનના દરેક કાર્યોમાં જૂનાગઢના કાર્યો, કુંકાવાવના કાર્યો, જન્મસ્થળના કાર્યો અને ફુલવાડીના કાર્યોમાં સમય પ્રમાણે સૌ ભક્તો ભેળા મળીને સેવાઓ કરતા. જ્યાં ધનની જરૂર ત્યાં ધનથી, જ્યાં તનની જરૂર ત્યાં તનથી પણ સેવા કરતા.

મહારાજને કુંકાવાવના કાર્યો કરવાના હોય ત્યારે છગનભગતને પત્ર લખતા અને પાદરે મંદિરમાં કાંઈ કામ હોય જન્મસ્થળે કાંઈ કામ હોય ત્યારે આ છગનભગત અને દામજીભગત ભેળા મળી ભગવાનની આજ્ઞા પાળતા. ભક્તો સૌ વિદેશમાં હતા. ત્યારે આ સ્થાનિકના ભક્તો ભગવાનના કાર્યોને શોભાવતા. મહારાજ જામવંથલીમાં હતા ત્યારે આ બંને ભાઈના ઘરમાં પધાર્યા છે અને મહારાજ થાળ જમ્યા છે, ઘર પવિત્ર કર્યા છે, આશીર્વાદ આપ્યા છે, ધન્ય ધન્ય કર્યા છે.

પોતાના જીવનનાં છેલ્લા શ્વાસ સુધી ફુલવાડી ટ્રસ્ટમાં રહી દામજીભગતે સેવાઓ આપી છે. ભગવાનને રાજી કર્યા છે અને ભગવાનના નાના-મોટા ભક્તો સૌને રાજી કર્યા છે. તેમનો સ્વભાવ ઓછાબોલો હતો પણ સત્યના આગ્રહી હતા. સેવા કરનારા ભક્તો ઉપર પોતે રાજી થતા આશીર્વાદ આપતા અને સમયને અનુરૂપ મહારાજની વાતો કરતાં. નવા નવા ભક્તો ફુલવાડીના દર્શને આવતા ત્યારે સૌને જય અનાદિ શ્રીકૃષ્ણનારાયણ કરી પોતાના ઘરે ભક્તોના પગલાં કરાવવા અચૂક આવવા આગ્રહ કરતા અને થોડાં રમુજી અને પ્રેમાળ સ્વભાવના ભગત હતાં.

દામજીમાસ્તર મહારાજ ભેળા દર્શન, સેવા, પધરામણી કરીને આનંદ માણતા.

મહારાજ વંથલી સ્વામિનારાયણ મંદિરે મેડી ઉપર બિરાજમાન હતા. કથા-વાર્તા, ઉપદેશ, ચમત્કાર, ઐશ્વર્યની વાતો ભક્તોને કરતા.પછી ઘણી રાત વીતી જતા સુવાની આજ્ઞા કરતા. ભક્તો પોતાના સ્થાને જતા. વહાલા ભક્તો ભગવાન પાસે ઓસરીમાં સૂઈ જતા. સવારે મહારાજ ઉપર મેડીએ ચોકડીએ નહાવા બેસતા તે ન્હાવાનું જળ પાઈપવાટે રસ્તામાં પડતું તેને દામજીભગત, છગનભગત, હંસરાજભગત, દેવરાજભગત, રામજીભગત, કેશવજીભગત આદિ આદિ ભકતો રસ્તા ઉપર ચોકડીના પાઈપે પાણી વહી જતું ત્યાં ઊભા રહીને પ્રસાદીનું જળપાન કરતા.

એક વખત મહારાજ શ્રાવણ માસમાં આખો માસ સત્સંગીજીવનની કથા કરતા હતા. આજુબાજુના ગામમાંથી સૌ હરિભક્તો કથામાં આવતા. વંથલી, રાજકોટ, જામનગર, આખા સૌરાષ્ટ્રમાંથી મહારાજની ભક્તિ કરનારા ભક્તો આવીને કથા-ઉત્સવને માણતા. તે વખતે મહારાજે પરચો આપ્યો કે,વંથલીની ગોપી બેનો જે પ્રગટ ભગવાનને ભગવાન જેવા જાણતી હતી તેઓ બે-ત્રણ બેનો ખેતરેથી માથા ઉપર ગાયોનો ચારો રાખીને સીમાડેથી ચાલી આવે છે. ત્યારે રસ્તામાં પ્રગટ ભગવાને સામે જઈને જય સ્વામિનારાયણ કહ્યાં છે. બેનો એક બાજુ ઊભા રહી મહારાજના દર્શન કરે છે અને વિચારમાં પડી ગઈ કે આટલી બપોરે તાપમાં મહારાજ ક્યાં જતા હશે ? પણ મનમાંને મનમાં હરખાતી હરખાતી ભાગોળે આવે છે. કથા-વાર્તાનો દોર ચાલુ છે. આ બધી બેનોને આશ્ચર્ય થયું કે, આ શું કહેવાય ? અમને ખેતર સીમાડે મહારાજે દર્શન દીધા અને અહીં ગામમાં કથા કરી રહ્યા છે.

બેનોએ ભક્તોની આગળ આ બધી વાત કરી. છગનભગત,દામજીભગત બંને જણાં બેનોને કહે છે કે, બેનો આ છે પ્રભુપણાંની નિશાની આને ચમત્કાર કહેવાય. પ્રગટ ભગવાન આપણાં જામવંથલી ફુલવાડીમાં કથા કરી રહ્યા છે. સંતસ્વરૂપે છે પણ સ્વામિનારાયણ ભગવાનને જે ચિન્હો છે. ખાંપા સહિત લક્ષ્મીજી, ધનુષ, ચક્ર, સ્વસ્તિક આવા સોળે ચિન્હોએ યુક્ત અનાદિશ્રીકૃષ્ણનારાયણ અવતારી મહાપ્રભુજી છે. પછી તો આખા મંડળમાં, ગામમાં આ પ્રગટ પરચાની વાતો જાણી આનંદ વ્યાપ્યો છે, સૌ રાજી થયા છે.

દામજીભગત કહેતા કે, મહારાજે આ વંથલીને પોતાનું ગોકુળિયું ગામ કીધું છે. સમય જતાં પ્રેમજી બાપાને મહારાજ ધામમાં લઈ ગયા છે. માતુશ્રીને પણ પ્રગટ ભગવાનનો દૃઢ આશરો અને નિશ્ચય તેથી સ્વયં મહારાજે આવી હાથ ઝાલીને રથમાં બેસાડી મોક્ષગતિ અપાવી છે. પછી તો મહારાજે દામજીભગતને લગ્ન કરી લેવાની ભલામણ કરી છે.

શાંતાબેન ધર્મપત્ની અને દિકરા-દીકરીઓ તે સમગ્ર કુટુંબ દિવ્ય કુટુંબ છે, તે સૌ મહારાજના આશ્રિત થયા છે. મંત્ર, દિક્ષા, શરણાગતિ લીધી છે. પ્રગટનું ભજન સેવા અને ફુલવાડીની સેવા કરજો એવી આજ્ઞાઓ કરી છે. તે તે સમયમાં પ્રતિકૂળ સંજોગોમાં પણ ફુલવાડી મંદિરનું કામ હોય કે ભક્તોને પ્રસાદ ભોજન જમાડવાના હોય ત્યારે શાંતાબેન, હંસાબેન, કસ્તુરબેન, પાનીબેન આદિ આદિ તેમજ હિરાબાપાના કુટુંબના ભક્તો જાતે રસોઈ બનાવી ભક્તોને જમાડતા. સેવા કરતા અને ફુલવાડીની સેવામાં અંગ સેવામાંયે જોડાતા અને પ્રગટ ભગવાનની સેવા કરતા.

ધન્ય છે વંથલીના સૌ ભક્તોને કે, મહારાજને ભજી ભજી ખુબ રાજીપાને પામ્યા છે. મહારાજ કહેતા કે, આ મારા ભક્તોની ભક્તિ એટલી બધી છે કે ગોપીઓથી પણ અધિક ભજન કરનારું આ મારું મંડળ છે. ભાઈઓ-બેનો, છોકરા, સૌ દિવ્ય સમજણે કરીને ભગવાનને વિષે પ્રેમે સહિત ભક્તિ કરનારા થયા છે.

મહારાજ જૂનાગઢ હોય કે રાજકોટ, જામનગર હોય કે વંથલીમાં હોય દામજીભગતે અને વંથલીના ભક્તોએ ભગવાન ભેળા સેવામાં કે આજ્ઞાનું પાલન કરવું તેમાં પાછીપાની નથી કરી. દામજીભગતે ભગવાનના ફુલવાડી પરમધામમાં પોતે મહારાજે જે વહીવટ-હિસાબનું કામ સોંપ્યું છે તે આપણું જાણીને દાસપણે રહીને આવી અનેક સેવાઓ બજાવી છે. ફુલવાડીમાં અનેક કામકાજો હોય ત્યારે તેમને સમયનું પણ ભાન ન રહેતું, થાકનું પણ નામોનિશાન ન હતું. આવી કઠણ પરિસ્થિતિમાં રહીને પણ ભગવાનને આગળ કરીને કામકાજ કરતાં અને ભક્તોના સંકલ્પ પણ ભગવાન પૂર્ણ કરતા. આમ દામજીભગતનું સમગ્ર ઘર કુટુંબ ભગવાનને વરેલું એકાંતિક ભક્તમંડળ છે. દામજીભગત જીવનને ધન્ય બનાવી મહારાજના ભજન - દર્શન કરતા કરતા ધામમાં ગયા છે.



# અનાદિ મુક્તરાજ પ્રવીણભગત દામજીભગત કાચા

## ગામ : જામવંથલી, હાલ- રાજકોટ

**અમારા** પરિવારને પહેલાથી જ સત્સંગ એટલે અમારે જામનગર જ્યારે જવાનું થતું ત્યારે મંદિરે જવાનું થાય જ. મહારાજને દંડવત્ પ્રણામ કરતા. મહારાજ જાણતા હોય એટલે પ્રેમ, હુંફ આપતા અને કષ્ટ દૂર કરતા. આમ મહારાજમાં અતિશય હેત જાગ્યું. એ અરસામાં મહારાજ જામવંથલી પધાર્યા ત્યારે મહારાજને વાજતે-ગાજતે ૫૧ બળદનો રથ બનાવી ગાડા શણગારી ઊંચા આસને બિરાજમાન કરાવી ગુલાબના હાર પહેરાવી જાંઝ-પખાલ, ઢોલક વગાડી છંદ-કિર્તનો બોલતા બોલતા સ્વામિનારાયણ મંદિરે લાવ્યાં હતાં. ત્યારે આખું જામવંથલી ગામ આ સામૈયામાં હાજર હતું. ત્યારે મારી ઉંમર નાની ગામમાં જ્યારે જ્યારે પધરામણી થતી ત્યારે અમે સાડીઓ પાથરવાની સેવા કરતા. પ્રસાદીના ભવનમાં ચૂનો પીસવામાં, પથ્થરો ખસેડવામાં થાય તેવી સેવા કરતા. આમ કરતા કરતાં મોટા થયા.

એક વખત મારા બાપુજી મારા અદાને પંચાયત શાળામાં નોકરી કરતા એ નોકરીમાં ત્રણ મહિનાની રજા લઈ મુંબઈ ગયા ત્યારે નોકરીમાં ૬૦ કે ૭૦ રૂપિયા પગાર મળતો ને મુંબઈમાં કડિયાની હાજરી ૧૫ રૂપિયા હતી. એટલે નોકરી ન કરીને કડિયાકામ કરવાનું વિચાર્યું. ત્યારે રજા પૂરી થાય એટલે નોકરીમાં હાજર થઈ જવું. એવી મહારાજની આજ્ઞાથી નોકરીમાં જોડાઈ ગયા. જે આજે મહારાજની આજ્ઞા સમજાઈ કે બાને પેન્શન આવે છે.

મહારાજની ઈ.સ. ૧૯૭૫માં મૂર્તિ પધરાવ્યા પછી ભક્તો વિદેશ જવા લાગ્યા ત્યારે મેં પણ વિદેશ જવાનું વિચાર્યું. એમાં મારે ઈરાક જવાનો તાર આવ્યો ત્યારે મારા બાપુજી મહારાજ પાસે ગયા ને વાત કરી કે, મહારાજ ઈરાકમાં યુદ્ધ ચાલુ છે. પ્રવીણને મોકલું કે નહીં ? એટલે મહારાજ કહે, દિકરો તારો કે મારો દિકરો. એમ કહીને મહારાજ કહે હા મોકલી દે એને યુદ્ધ નહીં નડે. હું ગઢડા ગુરુકૂળમાં કામ કરવા ગયો હતો ને મારી સાથે મારા અદા હતા. ત્યાં મારા બાપુજી આવ્યા અને કહ્યું પ્રવીણનું વિદેશ જવાનું થયું છે, તાર આવ્યો છે. એટલે બાપુજી જામવંથલી ગયા અને હું જૂનાગઢ મહારાજના દર્શન કરવા ગયો. મહારાજને દંડવત્-પ્રણામ કરી વિદેશ જવાની આજ્ઞા લઈ હું ઈરાક ગયો, ત્યાંથી મહારાજને પત્ર લખતો.

જામવણથલી ગામમાં એકવાર દુષ્કાળ પડ્યો ત્યારે અમે મગફળી વાવી હતી તે ખેતરે આંટો મારી છગનભગત મારા કાકા એના ખેતરે ગયા ને આંટો મારી પાછા વળ્યા ત્યારે

જામનગર બાજુથી પ્લેન આવ્યુંને ઊભું રહ્યું ને એમાંથી હેમંતભગત ઉતર્યા મને કહે, ધામમાં આવવું છે દર્શન કરવા. મેં કહ્યું, ચાલો. એમ કરી પ્લેનમાં બેઠો તો પ્લેનમાં અંદર પૂનાવાળા સાતેક મોટા મુક્ત ભક્તો હતા. એટલે અમે સાથે ધામમાં મહારાજના દર્શન કર્યા. બધા ભક્તોએ શ્વેત વસ્ત્રો પહેર્યા હતા અને બધા એક જ સ્વરૂપવાળા હતા અને અતિશય શિતળ પ્રકાશ હજારો ચંદ્રના પ્રકાશથીયે શિતળ પ્રકાશ હતો ત્યાં મહારાજના દર્શન કરાવી મને જ્યાં હતો ત્યાં મૂકી ગયા. આવા દર્શન મને પ્રત્યક્ષ થયા. આમ મહારાજની કૃપાથી અમને સુખ-શાંતિ અને ભક્તિ સેવાના લાભો મળ્યા છે.

જામવંથલીમાં પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ જ્યારે પધાર્યા અને જામવંથલીમાં બે વર્ષ મહારાજ રોકાયા ત્યારે આ જામવંથલીના સર્વે હરિભક્તોને મહારાજમાં અતિ અતિ ભાવ હતો. મહારાજ બહુ જ મોટાં સંત સ્વામી છે. એના શરણે જે જાય તેના ગમે તેવા દુઃખ દૂર થાય છે. આમ ચમત્કારી મહારાજને જાણી આખું ગામ મહારાજને રાજી કરવા ગાંડુઘેલું થયું હતું ત્યારે આ જે આપણાં શરણાગતિમંડળના ભક્તો આજે મુંબઈ, પૂના, રાજકોટ છે તે ભક્તો મહારાજને ભગવાન તરીખે ઓળખતા હતા. આ બીજા હરિભક્તો મોટા સ્વામી છે ચમત્કારી છે એમ જાણતા હતા. એમ આ જાણનારા ભક્તોના નાના નાના બાળકો તે મહારાજના ખોળામાં ઉછળકૂદ કરતા હતા. તેમાંના આ પ્રવીણભગત જે મહારાજના ખોળામાં રમેલા છે અને બાળક સ્વરૂપે જૂનાગઢમાં મહારાજની સાથે મહારાજ ભેળા રહી રમૂજ કરી છે. મહારાજ ન્હાતા તે પાણી નીચે ચોકડીમાં પડતું એ પ્રસાદીના પાણીમાં પણ ન્હાયા છે. સ્કૂલના વેકેશનમાં જૂનાગઢ મહારાજ પાસે રહેતા તેમાનાં આ પ્રવીણભગત જે મહારાજની કૃપાદૃષ્ટિમાં જ મોટા થયા છે. પછી તો મોટા થયા એટલે કમાણી અર્થે વિદેશ ગયા ત્યાં વિદેશમાં આપણું શરણાગતિમંડળ અને ભક્તો સૌ નજીક નજીક એટલે સભા-સત્સંગનો લાભ મળતો.

મહારાજની આજ્ઞા પ્રમાણેના કાર્યો કરવા વિદેશથી સેવા ભક્તો મોકલે તેમાં આ પ્રવીણભગત પણ શરણાગતિના ભક્તો ભેળા મળી પ્રગટ ભગવાનને રાજી કરવા સભા, સત્સંગ, સેવા વડે વિદેશને પણ સ્વદેશ બનાવી દીધો હતો. પ્રવીણભગતે મસ્કત, દુબઈમાં કામ કરી ઘણી સેવાઓ કરી છે અને સાથે સાથે તેના ભેળાં રહેતા દેશના ભક્તોને મહારાજનો મહિમા ગાઈ તેઓને પ્રગટ ભગવાન તરફ વાળ્યા છે. શરણાગતિમાં સહભાગી કર્યા છે. ફુલવાડીના મંદિરના કાર્યોમાં કડિયાકામ, ઉતારાના કામમાં ચણતર-પ્લાસ્ટર કામ,

પ્રસાદીભવનમાં કારીગરી કામ, સભાહોલ, ભોજનાલય, ફુલના બગીચામાં ઘણી ઘણી સેવા કરી છે. પાદરે મંદિરના જીર્ણોદ્ધારમાં સેવાઓ કરી છે અને તન-મન-ધન વડે સેવાઓ કરી છે. આવા ભક્તોને ચમત્કારની જરૂર નથી.

એક વખત ભગવાન ઓળખી લીધા એટલે ભગવાન ઈ ભગવાન બીજી વાત નહીં જેટલી સેવા થાય તેટલી સૌ સાથે મળીને કરવાની. સૌ ભક્તો સંપથી રહે છે, સેવાઓ કરે છે. સભાઓ થાય છે. સૌ બ્રહ્મસુખ, દિવ્યસુખ, અંતરમાં ભગવાન ભેળા છે. એવા દિવ્ય આ ભક્તો-મુક્તો છે. સ્વામિનારાયણ ભગવાન વખતે પગપાળાં યાત્રાઓ-અડધું ખાવાનું મળે ને સત્સંગ કરતા. આ સમયે ગાડીયું, બંગલા- રાજકુમાર જેવું જીવન જય-વિજયથી મોટી પદવી, નિસ્તેજ નારીયુંને લક્ષ્મીયું જેવી શોભાવી આવા પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનો મહિમા જાણી, જીવમાં ઉતારી અને સેવા-ભક્તિએ જીવન જીવ્યે જ જાય છે. જેવો સંગ તેવો રંગ. નિષ્કામના સંગે નિષ્કામ થવાય. સકામનો સંગ તો સકામપણે જીવાય. આમ પ્રગટ ભગવાનની સર્વ પ્રકારે સેવા કરી માતા-પિતાને રાજી કરતા થકા મંડળમાં સેવાના કાર્યમાં તત્પર રહેતા. તેમણે આળસને ત્યજી ભગવાન, સંત અને માવતરને રાજી કર્યા છે અને કરે છે.



પરચા નં.
૨૬.

## અનાદિ મુક્તરાજ રામજીભગત જેઠાભગત મકવાણા
### ગામ -જામવંથલી, હાલ- રાજકોટ

**હું** જામનગર સ્વામિનારાયણ મંદિરમાં મહારાજના દર્શન કરવા મારા પિતાશ્રી જેઠાબાપા ભેગો ગયો ને મહારાજના દર્શન કર્યા ને મહારાજ એટલા રૂપાળા ને ભગવાનમાં એવું આકર્ષણ કે ત્યાંથી અલગ થવું ના ગમે. તે મહારાજ સાંજે કથા વાંચીને નીચે આવ્યા અને ઓફિસની બાજુમાં આરામખુરશીમાં બિરાજમાન થયા ને બધા ભક્તો સેવા કરવા લાગ્યા પણ ભક્તો જાજા એટલે બધાને લાભ આપવા માટે મહારાજે પોતાનું શરીર વધાર્યું ને બોલ્યા, લો આ શરીરને લાંબુ કર્યું પણ ભગવાન ભેગી ખુરશી પણ લાંબી થઈને બધા ભક્તોને ભગવાનની સેવાનો લાભ મળ્યો. (તે પ્રસાદીની ખુરશી પરમધામ ફુલવાડી મંદિરના પ્રસાદીભવનમાં દર્શન માટે પધરાવેલ છે.)

જામનગરમાં મને રામજીને મહારાજે વર્તમાન ધરાવી કંઠી પહેરાવી. એકવાર હું બીમાર પડી ગયો ને પેટમાં આંતરડા ખરાબ થઈ ગયા ને ડૉકટરને દેખાડ્યું તો કહે, ઓપરેશન કરાવવું પડશે અને નવું આંતરડું નાંખવું પડશે. હું મહારાજ પાસે ગયો દર્શન કર્યાને મહારાજને કહ્યું,મહારાજ પેટમાં દુ:ખાવો બહું થાય છે. તો મહારાજ કહે, ઓપરેશન ના કરાવાય. મહારાજ કહે, સૂઈ જા. ત્યારે મહારાજે ચિન્હવાળો હાથ પેટ પર ફેરવ્યો ને ચિન્હવાળા ચરણ પેટ પર મૂક્યા તો આંતરડા નવા થઈ ગયા અને આજની તારીખ સુધીમાં કોઈ દિવસ પેટનો દુ:ખાવો થયો નથી. આ ભગવાને મોટો પરચો આપ્યો. તે 'દિથી અમારા આખા ઘરને ભગવાનનો નિશ્ચય થયો તે પ્રગટ ભગવાનની કૃપાથી આજ સુધી નિશ્ચયમાં ક્યારેય ફેરફાર થયો નથી. એવા પ્રગટ ભગવાનના આશીર્વાદ અને કૃપા છે.

મહારાજે જામનગર તથા વંથલી મંદિર માટે સોના-ચાંદીના ગંગા-જમના બે હીંડોળા કારીગર પાસે કરાવ્યા અને જામવંથલી મહારાજ હીંડોળાની આરતી ઉતારવા માટે પધાર્યા હતા. શ્રાવણ મહિનામાં સાંજે આરતી ઉતારી પછી મહારાજ કહે, જંગલ જાવું છે. ત્યારે અમો પાંચ-છ ભક્તો ભેગા હતા છગનલાલભગત, રામજીભગત બધા ભક્તો હતા અને મહારાજે નદીમાં ધુબકીયો કહેવાય છે. ત્યાં હાથ ધોયાને બંને ચરણો ધોયા. પછી બધા ભક્તોને પ્રસાદીના જળથી ખોબા ભરીને પ્રસાદીનું જળ છાંટ્યું અને નવડાવ્યા. તે વખતે તે નદીમાં પાણી વેતીયાણ ન રહેતું તેથી ત્યારે મહારાજે નદીને કહ્યું, હવે વહેતા રહેજો. પછી

તો આખું વરસ નદીનું જળ વહેતું રહ્યું. મહારાજ બે દિવસ સુધી આખા ગામમાં પધરામણીએ ગયા. ઝીણો ઝીણો વરસાદ પણ ચાલુ હતો. મહારાજ ભક્તોને ઘેર પધરામણીએ જાતાને ઘરમાં લાકડાના પટારા પર હાથ ફેરવતાને બોલતા અખૂટ રહો, અખૂટ રહો. ત્યારથી ભક્તોના પટારા અન્ન, ધન, વસ્ત્રથી ભરપૂર અખૂટ થઈ ગયા. આવી મોટી અપાર કૃપા પ્રગટ ભગવાને કરી છે.

જામવંથલીથી મહારાજ ચાવડાના ભક્તોના આગ્રહથી ચાવડા પધાર્યા. તે વખતે જેઠાબાપાએ નવું સીસમના લાકડાનું ગાડું કરાવ્યું હતું અને બળદની જોડ પણ બહુ મોટીને રૂપાળી હતી. તેથી ભગવાનને ચાવડા પધાવવા માટે જેઠાબાપાએ ગાડું શણગાર્યું અને બળદને શણગાર્યા. પ્રગટ ભગવાન તે રથમાં બિરાજીને ચાવડા પધાર્યા ને ચાવડાના આખા ગામના ભક્તો વાજતે-ગાજતે મોટું સામૈયું લઈને ગામની ભાગોળે આવ્યા અને મોટી સામૈયા યાત્રા સાથે ભગવાનને મંદિરમાં પધરાવ્યા. મંદિરમાં મહારાજે આખા ગામના ભક્તોને કથા-વાર્તાનો બહુ મોટો લાભ આપ્યો અને ભગવાને પોતામાં પ્રતાપ જણાવ્યો કે આખા ગામના ભક્તોએ મહારાજની શરણાગતિ સ્વીકારીને ભજન કરતા થઈ ગયા અને ભગવાને કેટલાંય દુખીયા ભક્તોને સુખીયા કર્યા.

એક દરબારના દિકરાને મોઢામાં જડબુ ખસી જતું તો ખૂબ જ દવા કરાવી પણ સારું ન થયું. તેને મહારાજ પાસે લાવ્યા. તેને મોઢે બોકારું બાંધી રાખ્યું હતું ત્યારે મહારાજે કહ્યું, આને છોડી નાખો તો તેમના સંબંધીઓ કહે મહારાજ છોડશું તો તુરત ખડી જાસે ત્યારે મહારાજ કહે અમે કહીએ છીએ છોડી નાખો ત્યારે બોકારું છોડી નાંખ્યું ને મહારાજે ચિન્હવાળો હાથ તેમના ગાલ પર ફેરવી દીધો તો તુરત જડબું ચડી ગયું ને કોઈ દિવસ જડબું ખસ્યું નહીં. તો આવા પરચાથી બધા ભક્તો રાજી થયા ને ભગવાનના કાયમ ગુણ ગાય છે ને ચાવડા ગામમાં મહારાજે ઘરે ઘરે પધરામણી કરી છે. બધાય ભક્તોને ખૂબ જ આશીર્વાદ આપ્યા છે.

ત્યારબાદ સવારમાં રતિલાલભગત હંસરાજભગત, હંસરાજ કાનજીભગત, ટપુલાલ કાનજીભગત, દેવજી કાનજીભગત, બધા ઘરમંડળ મળીને સવારમાં ભેંસો, ગાયો દુઝતી હતી તો તે દૂધમાંથી મહારાજને અભિષેક કરાવી તે દૂધનો દૂધપાક બનાવીને બધા ઘરમંડળ પ્રસાદ જમ્યા. તેવો મોટો લાભ પ્રગટ મહારાજને પોતાના વહાલા ભક્તોને આપ્યો. મહારાજ જામનગર મંદિરમાં રહેતા ત્યારે ભક્તો આખો દિવસ દર્શન કરવા આવતા ત્યારે

ભગવાન બધા ભક્તોને જમાડતાં. દુઃખી હોય તેને સુખીયા કરતા. મારા લગ્ન થયા ત્યારે હું મહારાજના દર્શન કરવા જામનગર મંદિરમાં ગયો. મહારાજ બીજે માળે રહેતા અને શાસ્ત્રો લખતા. મહારાજના દર્શન કરવા બીજે માળે ગયો. મહારાજને દંડવત કર્યાને મહારાજ રાજી થઈને બંને હાથ માથા ઉપર મૂકી બોલ્યા ધનવાન, પુત્રવાન, આયુષ્યમાન, કિર્તીવાન થાઓ. આવા આશીર્વાદ આપીને પોતાના ભાલમાં કુમકુમનો ચાંદલો કર્યો હતો તેમાંથી મહારાજે મને પ્રસાદીનો ચાંદલો કરી આપ્યોને ખૂબ જ આશીર્વાદ આપ્યા.

મહારાજે જામનગર મંદિર માટે બધી સગવડો, આજીવીકા કરી આપી અને બધા કામોથી નિવૃત્ત થઈ જામનગરથી છૂટા થવા રાજીનામું આપ્યું ને મહારાજ જામનગરથી જૂનાગઢ પધારવાના હતા પણ જામવંથલીના ભક્તોને મહારાજનો બહુ મહિમા હતો તો સત્સંગ સમાજે સમજીને નક્કી કર્યું કે મહારાજને આપણે જામવંથલી લઈ આવીને મહારાજનો લાભ લઈએ. ત્યારે આગેવાનો, ભક્તો જામનગર મહારાજને આમંત્રણ આપવા ગયા અને મહારાજને પ્રાર્થના કરી કે મહારાજ તમો જામવંથલી પધારો ને ત્યાં જ રહો અને મંદિર સંભાળો. ત્યારે મહારાજે રાજી થઈને લેખિત કરી આપ્યું કે તમારી પ્રાર્થનાથી અમો જામવંથલી પધારીશું. તેથી મહારાજ સંવત ૨૦૧૯માં અષાઢ વદ-૪ના રોજ જામવંથલી પધાર્યા.

મહારાજ પ્રથમવાર જામવંથલી પધાર્યા ત્યારે ગામના સીમાડા સુધી વાજતે-ગાજતે મોટું સામૈયું લઈને આખા ગામના ભક્તો સામા ગયાને મહારાજ માટે ૫૧ બળદનો મોટો રથ શણગારાયો હતો. તેમાં ભગવાન બિરાજમાન થયા અને ધૂનમંડળી, રાસમંડળી ધામધૂમથી ભગવાનને વંથલી મંદિરમાં પધરાવ્યા. આખા મંદિરનો વ્યવહાર, પ્રમુખપણું ભગવાનને આપ્યું. મહારાજની આખો શ્રાવણ મહિનો સવાર-સાંજ હરિવાક્ય સુધાસિંધુની કથા સાંભળવાને આખા ગામના ભક્તો કથાનો લાભ લેવા આવતા. ભક્તો કથા સાંભળીને ખૂબ જ સુખીયા થયા હતા તે વખતે મને રામજીને મંદિરના કાર્ય કરવા લાઉડસ્પીકરની સેવા આપી હતી. એટલે હું બેય ટાઈમ લાઉડસ્પીકર ચાલું બંધ કરતો અને કથા સાંભળતો ને ભગવાનની સેવા આખા શરીરને દાબવાની કરતો. આવો લાભ ભગવાન રાજી થઈને આપતા. અને ભગવાન રાસમંડળ પર પણ રાજી થતા ને ચાવડાથી પણ રાસમંડળી ઢાલ-તલવાર લઈને રાસમંડળી કરી તો મહારાજે આશીર્વાદ આપ્યા કે દિલ્લી જાઓ તોય તમારો વિજય થશે. તો ચાવડાની રાસમંડળી દિલ્હીથી પણ મેડલ મેળવી આવી. મહારાજે આખો શ્રાવણ માસ બેય ટાઈમ કથાનો લાભ આપ્યો ને ભગવાનની મધુર વાણીથી ભક્તો બહુ રાજી રાજી થયા.

શ્રાવણ વદ અમાસને દિવસે પ્રેમજી લાધા ખોલિયાને પણ ભગવાનની વાણીમાં એવું તો આકર્ષણ તે પ્રગટ ભગવાનને પોતાની વાડી ફુલવાડી દાનમાં આપી દીધી ને ભગવાનને ફુલવાડીનો લેખ કરી આપ્યો ને કથા નિમિત્તે અમાસના દિવસે ડાહ્યાભાઈ રવજીભાઈ મકવાણા અને નારણભાઈ ભીમાભાઈ રાઠોડે આખું ગામ જમાડ્યું હતું. ફુલવાડીમાં પ્રસાદી ભૂવન બાંધવા માટે આખા સત્સંગ સમાજ ચાવડા બંને લાખાણીના ભક્તોએ સેવા કરેલી છે. તેઓ ધારે કાળા પથ્થર કાઢવા જતા. તે ભક્તોને મહારાજ કાયમને માટે મિષ્ટાનો જમાડતા.

સંવત ૨૦૨૦માં મહારાજે આખા શ્રાવણ માસમાં બંને સમય સવાર સાંજ શ્રીમદ્ ભાગવતની કથા ભક્તોને સંભળાવીને સંવત ૨૦૨૦ વૈશાખ સુદ-૬ને રાત્રે પ્રસાદી ભુવન બનાવવા માટે પાયા છાપવા રાત્રે નવ વાગ્યે મોટા બે વાંસડા અને ભક્તો સાથે ત્યારે ઈલેક્ટ્રિક લાઈટ ન હોવાથી પેટ્રોમેક્સ બત્તી પેટાવીને લાવ્યા હતા. ભગવાન નવ વાગ્યે ફુલવાડીમાં પધાર્યા. હું રામજી તથા છગનલાલભગત તથા રતિલાલભગત ત્રણેયે મોટા વાંસડા ઊભા રાખ્યા હતા ને મહારાજે ધ્રુવતારાના નિશાન લઈને એક લાઈનમાં કરાવ્યા. પાયા માટે ચૂનાની લાઈન કરાવી. વૈશાખ સુદ-૭ના સવારે ભગવાને સ્વહસ્તે ભૂમિપૂજન, ખાત મુહૂર્ત કર્યું. બધા ભક્તો ભેગા હતા અને ફૂલવાડીના લેખનું પાવરનામું મહારાજના વિશ્વાસપાત્ર છગનલાલ પ્રેમજીને લખી આપ્યું. તે ભગવાનના વિશ્વાસપાત્ર હતા તો કુમકુમવાપી જન્મ સ્થાન પણ મહારાજે છગનલાલભગતના નામે દસ્તાવેજ કરાવ્યો.

મહારાજ જામવંથલી શિયાળામાં પધાર્યા ત્યારે હું રાત્રે કાયમ માટે બાર વાગ્યા સુધી મહારાજની સેવા કરતો. એક વખત મહારાજ સાડા દશ વાગ્યા ત્યારે કહ્યું, રામજી ઘરે જા ત્યારે હું તુરત ઘરે ગયો અને બધા ગોદડાં ઓઢીને સૂઈ ગયા હતા. તે વખતે અમો ત્રણેય ભાઈના આખા મોટાં આઠ મકાન લાઈનવાળાં હતા અને એક જ ફળીયું હતું. તો તેમાં બધાં ભરના પુળા રાખ્યા હતા. તે સાંજે કચરામાં રામજીભગતે ગરમ રાખ નાખી હતો, તેમાં દેતવા પણ ભેગા આવી ગયા ને કચરો સળગ્યોને બાજુમાં દશ ભરની કડબની કાલર હતી તેમાં આગ લાગવાની તૈયારી હતી. ત્યારે ભગવાનની આજ્ઞાથી હું પહોંચી ગયો ને બધાને જગાડ્યા ને આગ પાણીથી ઓલવી નાખી ત્યારે બધાને થયું કે ભગવાને આપણી રક્ષા કરી નહીંતર બધું સળગી જાત અને ભગવાનનો ગુણ બધાને આવ્યો અને મારે ત્યાં બાબાનો જન્મ થયો. તેને ભગવાનનાં દર્શન કરાવવા મંદિરે હું અને મારા પિતાશ્રી જેઠાબાપા લઈ ગયા તો મહારાજે નામ જોઈને હરિલાલ નામ આપ્યું ને બોલ્યા આ તો ધામમાં મોટી આયુષવાળો છે.

ત્યાર પછી દોઢ વર્ષે બીજા દિકરાનો જન્મ થયો ત્યારે પણ ભગવાન વંથલી મંદિરમાં જ હતા બંને બાબાને દર્શન કરવા લઈ ગયા અને મહારાજે રમેશ નામ આપ્યું ને બંનેને શરણાગતિ મંત્ર આપી કંઠી પહેરાવી.

મહારાજ જ્યારે વંથલી પધારતા ત્યારે ભગવાનને ઘરે રસોઈ આપવાને કોઠારી સ્વામી અને આત્મપ્રકાશ સ્વામી રસોઈમાં મોતિયા લાડવા બનાવીને ભગવાનને જમાડતા. તો ઘણીવખત ભગવાન ઘરે જમવા પધારતાને રાજી થઈને ખૂબ જ આશીર્વાદ આપતા. ભગવાનની ૫૯મી જન્મ જયંતી ફૂલવાડીમાં બે આંબલી બાજુબાજુમાં હતી તે આંબલીયે હીંડોળો બાંધીને શણગારાયોને ભગવાન તેમાં બિરાજમાન થયાને આખા ગામના ભક્તો, દેવો, ઈશ્વરો બધાએ મળીને ભગવાનના પ્રાગટ્ય ઉત્સવનો લાભ લીધો હતો. તે દિવસે અમારી ઘરે ભગવાન તથા ભક્તોને મોટી રસોઈ મિષ્ટાનો જમાડીને ભગવાનની સેવાનો લાભ લીધો હતો.

ફુલવાડી મંદિર બાંધકામ માટે ચુનાની ભઠ્ઠી બનાવી હતી. તે ચુનો પીસવા માટે ચક્કી બનાવીને બળદને જોડીને ચુનો પીષાતો હતો. ચુનો પીસવા માટે હું બળદને ફુલવાડીમાં લઈ આવીને બધોય ચુનો પીસતો હતો. કારણ કે હું ત્યારે સ્વતંત્ર હતો. અમો બધાય ભાઈઓ પાસે રહેતા હતા. જ્યારે મંદિરનું કામ ચાલુ હતું ત્યારે મહારાજ આખો દિવસ ફુલવાડીએ રહેતા. ફુલવાડીમાં હાલ ચરણાર્વિંદની છત્રી છે ત્યાં ગુંદાનું ઝાડ હતું તેના છાયે મહારાજ બિરાજતા અને બધાય ભક્તોને દર્શનનો લાભ આપતા.

સ્વામિનારાયણ ભગવાન વંથલી પધાર્યા હતા ત્યારે કંકાવટી નદીમાં મોટા ત્રણ પથ્થર હતા. તેની ઉપર સ્વામિનારાયણ ભગવાન બિરાજતા હતા તે કોઈને ખબર ન હતી. ભગવાન જાણતા હોય તેથી એક પથ્થર આ ચરણકમળની છત્રી નીચે ફુલવાડીમાં મહારાજે સ્વહસ્તે પધરાવ્યો છે ને બીજો પથ્થર ગામમાં સ્વામિનારાયણ મંદિરમાં પધારાવ્યો છે અને ત્રીજો પથ્થર નદીમાં રહેવા દીધો તેનો ઉપયોગ ગ્રામ પંચાયતે કર્યો. મહારાજે મારબલના ચરણકમળ કારીગર પાસે કરાવીને ફુલવાડીમાં પ્રસાદી ભુવનમાં ઓટો કરીને પધરાવવા છગનલાલભગતને આપ્યા હતા તે પ્રસાદી ભુવનમાં પધરાવ્યા અને બીજી જોડી ચરણકમળની કુમકુમવાપીમાં જન્મ સ્થાનમાં ઊંચો ઓટો બનાવીને ઈ.સ. ૧૯૭૬માં જૂનાગઢ રાધા-રમણદેવના ૧૫૦ વર્ષના પાટોત્સવમાં ને નવા સભા મંડપના વાસ્તામાં મહારાજે સપ્તાહ વાંચી હતી ત્યારે લાખો ભક્તો કથાનો લાભ લેવા પધાર્યા હતા. ત્યારે

મહારાજના ચરણારવિંદ જન્મસ્થાનમાં પધરાવવા માટે ભક્તો સામૈયામાં આવ્યા હતા. છગનલાલભગત, હંસરાજભગત, કાનજીભગત, કેશવજીભગત, રામજીભગત, મોહનલાલભગત, વેલજીભગત આદિ ભક્તોને મહારાજ કહે, ચરણકમળ તૈયાર છે જાવ પધરાવવા. બધા ૬૦-૬૫ ભક્તો, કુટુંબ સહિત આવ્યા હતા ને મહારાજે આજ્ઞા કરી હતી કે જન્મસ્થાનમાં ગાંઠનું ખર્ચ ભોગવજો. તો ત્યાં બેનો ભક્તોએ રસોઈ બનાવીને બપોર થયું ત્યાં ઓટો બનાવીને ચરણકમળ પધરાવી દીધા. જેથી મહારાજ ખૂબ જ રાજી થયા.

ચોમાસામાં વાવણીમાં છગનલાલભગતના ખેતરમાં મગફળી વાવતા હતા ને છગનલાલ ભગત ભેગા ભેગા ચાલ્યા આવે એટલામાં ઉગમણી બાજુ મારું રામજીનું ખેતર છે. અમારું અને છગનભગતનો એક જ શેઢો છે. તો દક્ષિણ બાજુથી ધનુષ્ય બાણ નીચે ઉતર્યું ને જમીન ઉપર ચાલ્યું આવે અમો વાત કરતા કે આ ચાલ્યું આવે ત્યાં તો અમારી પાસે આવ્યું અને બંનેને પગે લાગીને ઉત્તર દિશામાં ચાલ્યું ગયું. આ તો ભગવાનના મળેલાનો કેટલો મહિમા છે તે પ્રગટ ભગવાન આપણને જાણપણું આપે છે. પ્રગટ ભગવાન ફુલવાડીમાં પધરાતા અને ભક્તો સેવા કરતા. મહારાજે બધા ભક્તોને પોતાના કર-ચરણના ચિન્હો તેમજ જમણા સાથળમાં ખાંપાના અને લક્ષ્મીજીના ચિન્હનાં દર્શન કરાવ્યા છે.

પ્રગટ ભગવાન જૂનાગઢથી જામવંથલી પધારતા ત્યારે હું રથ શણગારી ગાદલા-તકિયા બીછાવી બળદને ગળે ઘુઘરમાળ પહેરાવી, ઝુલુ ઓઢાડી શિંગડામાં મોળિયા પહેરાવી રેલવે સ્ટેશને વાજતે-ગાજતે બધા ભક્તો જતા. ભગવાન ધારે ઘણી વખત પધાર્યા છે. એક વખત તો સાત આઠ ગાડાં પથ્થર ભરવા જાવાની તૈયારી કરીને ખાણમાં ઊંડા પથ્થર હતા તો કોઈ ગાડું અંદર લઈ જવાની હિંમત ન કરતા હતા પણ મહારાજ મને કહે, ગાડું જોડાવ ત્યારે હું ગાડામાં ગાદલું ઓછાડ, તકિયા બીછાવીને ગાડું જોડી આવ્યો ને બધા ભક્તો ગાડા જોડીને પથ્થર ભરવા આવ્યા હતા. ધારે પહોંચ્યા ને બધાય ભક્તો એ ઊંડા ખાડામાં ગાડા જવા દીધા ભગવાન ભેળા હતા એટલે કોઈને ઊંડો ખાડો ન લાગ્યોને સરળ રીતે બધા ભક્તોએ પથ્થરના ગાડા ભરી લીધા ને ભગવાને ધારે બધા ભક્તોને મગજની પ્રસાદી જમાડી બધા ભક્તો રાજી થયાને ભગવાન રાજી થઈને બધાને આશીર્વાદ આપ્યા.

બધા ભક્તોએ ભગવાનને પ્રાર્થના કરી કે, મહારાજ મોલ બહું સારા છે પણ પાણીની જરૂર છે જે એક વરસાદ થાય તો સારું ત્યારે મહારાજ બોલ્યા, રામજી રથ જોડી આવ ધારે વરસાદ લેવા જાવું છે. ત્યારે હું રથમાં ગાદલું બીછાવીને, ઓશિકા રાખી રથ જોડીને આવ્યો.

મહારાજ રથમાં બિરાજમાન થયા ને સાથે પાંચ સાત ભક્તો હતા ને છગનલાલભગત પણ સાથે હતા. ભગવાન ધારે પહોંચ્યા ને પથ્થર કાઢતા ભક્તોને દર્શન દીધા ને મહારાજે એક માળા ફેરવી. ત્યાં ઈન્દ્ર આવ્યા ભગવાનના પગમાં પડીને આજ્ઞા સ્વીકારી ત્યાં તો આકાશમાં એક વાદળી દેખાઈ ને મોટી થવા માંડીને થોડીવારમાં તો વરસવા માંડી. પાણીના ખેતરો ભરી દીધા. ભગવાન ધારેથી ચાલુ વરસાદમાં ભીંજાતા ભીંજાતા મંદિરે પધાર્યા તે વખતે વરસ બહુ જ સારું થયું ને મગફળી ખૂબ જ થઈ.

ફુલવાડી પ્રસાદી ભુવનમાં પથ્થરનું બાંધકામ તૈયાર થયું ત્યાર પછી છત ઢાંકવા માટે લાકડાના પિઢીયાને પોરબંદરની સફેદ પાપડી ઢાંકીને તેમની ઉપર ચુનો સફેદ કાંકરીનો ધાબો નાખવો હતો ત્યારે ચાવડાના ખારામાં સફેદ કાંકરી વાળવા બાઈઓ, ભાઈઓ બધા ગયા હતા ને ભગવાન પણ પધાર્યા હતા ને કાંકરી વાળવામાં બપોર થયું. ત્યારે મહારાજ કહે, બધા ભક્તો પ્રસાદ જમી લ્યો. ત્યારે છગનલાલભગતને મહારાજ કહે, આ ડબરામાંથી બધાયને પ્રસાદ જમાડી દો. બધા ભક્તો પેટ ભરીને પ્રસાદ જમ્યા પણ પ્રસાદ ખૂટ્યો નહીં.

આવા આવા પરચા તો ભગવાને અનેકવાર ભક્તોને આપ્યા છે. ત્યાર પછી મહારાજે કહ્યું કે, હવે અમારે જૂનાગઢ જાવું છે. મને કહે, રથ જોડી આવ ત્યારે હું રથ શણગારીને બળદને શણગારીને રથ જોડી આવ્યો ત્યારે ભગવાનને બાઈઓ, બાઈઓ, ભક્તો પ્રાર્થના કરવા માંડ્યા હે મહારાજ તમે અહીં રોકાઈ જાવ. પણ પ્રગટ ભગવાન કહે, અમારે જૂનાગઢ જવું છે. જેમ શ્રીકૃષ્ણ ભગવાનના વખતમાં શ્રીકૃષ્ણ ભગવાન ગોકુલથી મથુરા જવા તૈયાર થયા ત્યાં અક્રુરજી રથ લઈને ભગવાનને તેડવા આવ્યા હતા ત્યારે ગોપીઓએ ભગવાનને પ્રાર્થના કરી કે ભગવાન તમો રોકાઈ જાવ. પણ ભગવાનના નેત્રો સામું જોયું તો ગોપીઓ સમજી ગઈ કે, હવે પ્રભુ નહીં રોકાય અને સ્વામિનારાયણ ભગવાનના વખતમાં રામનવમીનો સમૈયો કરવા ગઢપુર થી વડતાલ જવા તૈયાર થયા ભગવાન કહે, અમારે એકલા જાવું છે. મોટે કોઈએ ભેગા નહીં આવવું. ત્યારે બધાં ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યા ને માણકી ઘોડી ઉપર સ્વામિનારાયણ ભગવાન બિરાજમાન થયા. પણ માણકી ઘોડી આગળ ચાલે નહીં ત્યારે સ્વામિનારાયણ ભગવાન બાઈઓ, ભક્તો આગળ આવ્યા ને વડતાલ જવા માટે આજ્ઞા માગી. પછી જવા દીધા. તો આવી ભક્તોની ભક્તિને વશ થઈ ભગવાનને પણ આજ્ઞા લેવી પડી. તો પ્રગટ ભગવાન જામવંથલીથી જૂનાગઢ પધારવા તૈયાર થયા ત્યારે બધા ભક્તો રેલવે સ્ટેશને ભગવાનને વળાવવા આવ્યા ત્યારે ચાલતો સૌરાષ્ટ્ર મેલ પણ ત્રણ કલાક લેટ થયો. તો

આ પ્રગટ ભગવાન જામવંથલીને મળેલા ભક્તોની ભક્તિનો પ્રતાપ છે.

પ્રગટ ભગવાન જામવંથલી રોકાયા હતા ત્યારે બધી સીમમાં ભગવાન વિચરણ કરતા ત્યારે અમો ભક્તો મહારાજ ભેગા જ હતા. મહારાજ રત્નાગર વાડીએ પધારતા. અમોએ અમારી વાડીમાં કૂવો ગાળ્યો હતો ને બે કોસ ચલાવતા હતા ને મહારાજ ઘણીવાર ત્યાં ન્હાવા પધારતા કારણ કે ન્હાવા માટે મોટી કુંડી અને મોટો પડથાર હતો. મહારાજને અમો નવરાવતા ને બાજરાનો પોંક શેકીને ભગવાનને જમાડતા સાથે ભક્તો પણ લાભ લેતા.

વંથલીમાં એક રત્નાગરવાડીમાં કૂવામાં કેટલીય ચૂડેલો રહેતી ને બધાને ડરાવતી. મહારાજ તે વાડીએ પધાર્યા અને બધી ચુડેલોને બોલાવીને બધાનો મોક્ષ કર્યો તેમાં એક ક્યાંક ફરવા ગઈતી તે રહી ગઈ ને અમારી વાડીએ કાંતિલાલ નાનજી, રમેશ રામજી અને મામા-ભાણેજ વાડીએ ગયા હતા તે ચુડેલ કાંતિલાલના ખોળિયામાં આવી ગઈ. તેથી ઘરે આવીને મંડ્યા ધૂણવા. તેમના બાએ હનુમાનજીના ભુવાને બોલાવ્યા. તે ભૂવા શ્લોકો બોલે પણ તેને કાંઈ અસર થાય નહીં. તે ચુડેલ બોલી કાંતિલાલને મારો દિકરો કરવો છે પણ મને જૂનાગઢ મહારાજ પાસે લઈ જાવ તો નીકળી જઈશ. ત્યારે કાંતિલાલને જૂનાગઢ મહારાજના રૂમમાં લાવ્યા ત્યારે મહારાજે માથે હાથ મૂક્યો ત્યાં કહે, મને મોક્ષ આપો. ત્યારે પ્રગટ ભગવાને તેમને પ્રસાદીનું જળ પાયું અને મોક્ષમાં મોકલી દીધી. આ રીતે ભગવાને બધાયના મોક્ષ જ કર્યા છે.

મહારાજ કેશવજીભગતની બગીચાવાડીમાં ન્હાવા પધારતા ત્યારે ભક્તો દર્શન કરવા આવતાને મહારાજ માટે તાજા ફુટ વૃક્ષમાંથી ઉતારીને સુધારતા ને અમરતમા ભગવાન માટે કઢીયેલું દૂધ બનાવતા તે ભગવાન ફુટ તથા દૂધ પીતાં ત્યારે દેવરાજ ભગત પણ ત્યાં વાડીએ રહેતાને ખેતી કરતા.

એક વખત પાનીબેન રામજીભગત બીમાર પડી ગયાને છાતીમાં દુખવા માંડ્યું ને બેશુદ્ધ થઈ ગયા ત્યારે રાતે દોઢ વાગ્યા હતા. ભગવાન જામવંથલી સ્વામિનારાયણ મંદિરમાં હતા. ભગવાનનું નિવાસસ્થાન બીજા માળે હતું. હું રાતના દોઢ વાગ્યે મહારાજ પાસે આવ્યો. બારણું ઠાલું દીધેલું હતું તે ખોલીને મહારાજ પાસે ગયો. મહારાજ કહે, કોણ ? મેં કહ્યું, હું રામજી. ત્યારે મહારાજ કહે, અત્યારે રાતે ? ત્યારે મેં કહ્યું, મહારાજ પાનીબેનને ઠીક નથી તે બેશુદ્ધ થઈ ગયા છે. ત્યારે મહારાજે પ્રસાદીનું જળ આપ્યુંને આશીર્વાદ આપ્યા. તે જળ પાયું કે તુરત જ પાનીબેનને સાવ સારું થઈ ગયું.

હું વંથલી ખેતીકામ કરતો તેથી એકવાર મહારાજને પૂછ્યું કે, મહારાજ ખેતીકામ કરું કે કડિયાકામ કરું ? ત્યારે મહારાજ કહે, ખેતીકામ તો દેખરેખ પૂરતું કરવું પણ કડિયાકામ વધારે કરવું. ત્યાર પછી હું કડિયાકામ કરવા માંડ્યો. મહારાજનાં આશીર્વાદથી કડિયાકામ તુરત જ આવડી ગયું અને ઈ.સ. ૧૯૬૯માં પ્રભાનો જન્મ થયોને મહારાજે કંઠી પહેરાવી નામકરણ કરી આપ્યું. ઈ.સ.૧૯૭૦માં હરસુખનો જન્મ થયો તેમનું નામ મહારાજે આપ્યું ને વર્તમાન ધરાવીને કંઠી ભગવાને સ્વહસ્તે પહેરાવી આશીર્વાદ આપ્યા.

ઈ.સ.૧૯૭૦માં જામવંથલીમાં ભગવાન સ્વામિનારાયણના ભવ્ય મંદિરમાં નવું સિંહાસન તથા નવી મૂર્તિ કરાવી. તે બંને મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા નિમિત્તે મંદિરના આગેવાન ભક્તોએ મહારાજને આમંત્રણ આપ્યું. સાત દિવસની સપ્તાહ-કથા વાંચવા નક્કી કર્યું. સમૈયા માટે રાશનની તૈયારી કરવા લાગ્યા બધા ભક્તોએ ફાળો લખાવ્યો અને સમૈયાની તૈયારી કરીને શ્રાવણ સુદમાં કથાનું આયોજન નક્કી કર્યું. ભગવાન વંથલી પધાર્યા ત્યારે અનેક ભક્તો ગામમાં રેલવે સ્ટેશન સુધી મોટી શોભાયાત્રા સાથે સામા ગયા હતા. રામજીભગતે મહારાજને બિરાજવા માટે રથ શણગાર્યો હતો ને બીજો રથ ગામના નાકે શણગારીને રાખ્યો હતો. તે રથ ખીમજીભાઈ વશરામભાઈ લંડનવાળા તરફથી હતો. તો મહારાજ બંને રથમાં રાજી થઈને બિરાજ્યા. મોટા સામૈયા સાથે વાજતે-ગાજતે મંદિરે પધાર્યા. કેશવજી લક્ષ્મણભાઈ ચૌહાણના બંગલામાં ભગવાનને પધરાવ્યા હતા તે વખતે કેશવજીભાઈ એક દિવસ લંડનથી મોડાં આવ્યા તો મહારાજ માટે ગાદલા, ગોદડાં નવા કરીને લાવ્યા તે મહારાજે અંગીકાર કર્યા. છગનભગત તથા રામજીભગત તેમના ઘરેથી ગાદલા, ગોદડાં નવાં લાવ્યાને બીજે દિવસે કેશવજીભાઈ જામનગરથી મહારાજ માટે નવા સ્પ્રીંગવાળા પલંગ, નવા ડનલોપનાં ગાદલા, ખુરશી વગેરે ટેમ્પો ભરીને લાવ્યા. પહેલા દિવસે જે નવા ગોદડાંને ગાદલા ભક્તોને ઘરેથી લાવ્યા હતા તે તેમને પાછા આપી દીધા. હું રામજી મહારાજ માટે નવા ચાર ગોદડાં લઈ ગયો હતો તે પ્રસાદીના ગોદડાં સાચવીને રાખ્યા છે.

પ્રગટ ભગવાન જામવંથલી પધાર્યા ત્યારે ભક્તો બધા ખૂબ જ રાજી થયા. કથા સ્થાન માટે મોટો મંડપ શણગાર્યો હતો. ત્યારે મહારાજને ભક્તોએ પ્રાર્થના કરી કે, મહારાજ એક બાપા છેલ્લી અવસ્થામાં છે. તે કથા દરમિયાન ધામમાં જાય તો ઠીક નહીં. ત્યારે મહારાજ બાપાને ઘરે પધાર્યા. તેમનું નામ ડાહ્યાભાઈ રત્નાભાઈ રાઠોડ હતું. તેમને મહારાજ પોતાનો ચિન્હવાળો હાથ શરીર પર ફેરવી બોલ્યા, ડાહ્યાભાઈ કથાની પુર્ણાહૂતિ પછી બીજે દિવસે

ધામમાં જશે અને ભગવાને કથાનો પ્રારંભ કર્યો ને થોડો સમય થયો ત્યાં ઈન્દ્ર રાજા પધાર્યાને ભગવાનનાં દર્શન કર્યા રાજી થઈને વરસવા લાગ્યા ત્યારે સભા મંડપ પલળવા લાગ્યો ત્યારે પ્રગટ ભગવાન ચાલુ કથામાં બોલ્યા, 'કોઈ સભામાંથી ઉઠશો નહીં. વરસાદ બંધ થઈ જશે તુરત જ વરસાદ બંધ થઈ ગયો ને સીમાડાની બહાર કાયમ વરસાદ વરસવો ચાલુ જ હતો પણ ગામમાં ન હતો. આવો પરચો મહારાજે વંથલી કથામાં આપ્યો.

કથામાં ત્રણ દિવસ થયા ત્યાં તો રાશન પૂરું થવા માંડ્યું. ત્યારે બધા મૂંઝાયા. કેમ કરવું ? ત્યારે મહારાજ પાસે આવ્યા. મહારાજ રાશન પૂરું થવા આવ્યું છે તો કેમ કરવું ? ત્યારે ભગવાન બોલ્યા કોઈ મુંઝાશો નહીં. હવે પછી બધી રસોઈયું અમારા તરફથી. ત્યારે બધાય રાજી થયાને મહારાજે તુરત યજમાન નકકી કરી દીધા ને ધામધૂમથી સમૈયો થયો અને મહારાજે મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા કરી તે વખતે જાડો બેલ્જિયમનો અરીસાનો કાચ સામો રાખ્યો હતો તેના તુરત જ ચાર ટૂકડા થઈ ગયા ને જયજયકાર થયો. સાત દિવસ સુધી કથા સાંભળવા આવતા ભક્તો અને લાખાણી ચાવડા જામવંથલી આજુબાજુના ગામડાંના ભક્તોને પ્રસાદ લેવા માટે છુટ જ રાખી હતી. છેલ્લે દિવસે ધૂમાડાબંધ ગામને નોતરા આપ્યા હતા ને રસોઈ મિષ્ટાન એટલું બધું વધ્યું કે ઘરે ઘરે બધાને વેચ્યું તોય ખૂટે નહીં. આવા પરચા મહારાજે વંથલીમાં આપ્યા છે. ત્યાર પછી વંથલીથી ચાવડા મૂર્તિ પધરાવવા બીજે દિવસે અમો ત્રણેય ભાઈઓ મળીને મહારાજને ઘેર રસોઈ જમવાનું આમંત્રણ આપ્યું અને મિષ્ટાન, દૂધપાક, પૂરી, ભજીયા, દાળ-ભાત, પાપડ મહારાજને જમાડ્યાને ભક્તોને જમાડ્યા ને ત્યાંથી ડાયાભાઈ રવજીભાઈ મકવાણા પોતાની મોટર પૂનાથી લાવ્યા હતા ને અમારા ફળિયામાં જ રહેતી હતી તો ભગવાન જમીને મોટરમાં બેસીને ચાવડા પધાર્યા.

વંથલી સમૈયામાં મહારાજે એવો પ્રતાપ વાપર્યો કે, સમૈયાનું બધો ખર્ચ કરતા રૂ.૫૦ હજાર વધ્યા હતા તો તે રૂપિયા મંદિરની આજીવિકા માટે રાખ્યા ને મંદિરમાં પંખા, બીજી બધી વ્યવસ્થા કરી ત્યારે પ્રગટ ભગવાનનો સમાજને એટલો બધો ગુણ આવ્યો કે મહારાજમાં ચમત્કાર તો છે. ઈ.સ. ૧૯૭૧માં પુષ્પાનો જન્મ થયો તે તેમનું નામ મહારાજે આપ્યું. ત્યાર પછી ઈ.સ. ૧૯૭૩ મહારાજની આજ્ઞાથી હું પૂના કામ કરવા ગયો ને પૂના ફુગાવાડીમાં રૂમ ભાડે રાખીને કુટુંબને પૂના તેડાવ્યું. કામધંધા ભગવાનની કૃપાથી ચાલ્યા કરતા એટલે મહારાજની સેવા પણ થતી.

પ્રગટ મહારાજનો પ્રસાદીપત્ર પૂના ફુગાવાડી મંડળ પર આવ્યો કે કુંકાવાવમાં સરપંચ

લક્ષ્મણભાઈએ ગામનાં પાદરમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનું સ્ટેચ્યુ પધરાવવાનું નક્કી કર્યું છે તો તેમનો ખર્ચ રૂ. ૬ હજારનો છે. તો તુરત જ ભક્તોએ ભેગા મળી રૂ.૬ હજારનું મનીઓર્ડર પોસ્ટથી મહારાજને મોકલી આપ્યું. મહારાજ રાજી થયા. તેમાં છગનલાલભગતે તે કામની જવાબદારી લીધી હતી. જ્યારે મંડળે મંદિર માટે રૂપિયાની જવાબદારી લીધી. મહારાજ કહે, તરગારા જે વેશ ભજવીને સાચા જેવું દેખાડી દે છે તો તમે કાંઈક કરોને ત્યારે રતિલાલ ભગત રાઠોડ, છગનલાલ ભગત, રામજી ભગત, ટપુલાલ ભગત, નાના રતિલાલભગત, કેશવજી હરિ, બધા નવા નવા કપડાં પહેરીને હાથમાં સૂટકેસ લઈને ગયા. મહારાજ કહે, તમોને સરપંચ પૂછશે ત્યારે તમારે કહેવાનું અમો પૂનાથી આવીએ છીએ. અમે સાંભળ્યું છે કે, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનું મંદિર થાય છે તો દર્શન કરવા આવ્યા છીએ. ત્યારે સરપંચ કહે, હમણાં રૂપિયા સિટી બોર્ડના કામમાં રોકાઈ ગયા છે ત્યારે ટપુલાલભગત રતિલાલભગત બોલ્યા રૂપિયાની ફિકર નહીં કરો તમે કામ ચાલુ કરાવો એટલે રૂપિયા લઈને પહોંચી જઈશું. ત્યારે સરપંચે કામ ચાલુ કરાવ્યું.

ભગવાનજી ભગતને તે કામ કરવા મહારાજે મોકલ્યા. મંદિરનું કામ ચાલુ હતું ને અમો જામવંથલી છગનલાલ ભગતની ઘરે રતિલાલ ભગત રાઠોડ તથા રામજીભગત તથા છગનલાલ ભગત ત્રણેય બેઠા હતા અને મહારાજ સ્ટેચ્યુની વાત કરતા ત્યાં ભગવાને ત્રણેયની બુદ્ધિમાં પ્રેરણા કરી કે આપણે મંદિર કરશું તો તેમાં આખી મૂર્તિ જો હોય તો સેવા-પૂજા, આરતી થાય. તો તે વાત મહારાજને કરી તો ભગવાન તો એટલા રાજી થયા કે બહું સારું વિચાર્યું છે. માટે તે આખી મૂર્તિ કરાવો તો રતિલાલભગત તથા છગનલાલભગત બંનેએ કારીગર પાસે ગયા તો મૂર્તિનો ઓર્ડર આપ્યો. તેમની પાસે ઈટાલિયન મારબલનો પથ્થર હતો તે મહારાજ પાસે પાસ કરાવ્યોને મહારાજે પાસ કરી આપ્યો. તો આ મૂર્તિ કરાવવા રાજકોટ ઓર્ડર આપ્યો તે મહારાજને અને અમો ત્રણેય ભક્તોને ખબર હતી. બીજા કોઈને તે વાતની ખબર નહોતી તો તે મૂર્તિનું કામ ગુપ્ત રીતે થઈ ગયું. ફુલવાડી માટે મહારાજની મૂર્તિ નાગપુર કરાવવા ઓર્ડર આપ્યો પણ કોઈને જાણ નહોતી કરી ત્યારે તે કામ થયા છે. કારણ કે વિઘ્ન કરવાવાળા જાજા નીકળે, કામો થવા ન દે. મહારાજે પોતાના ચરણકમળ રમણિકલાલ કરશન જાવિયા પાસે દોરાવ્યાને ચિન્હો પણ તેમની પાસે જ દોરાવ્યા તે લાભ તેમને મળ્યો.

હું રામજી પૂનાથી જૂનાગઢ મહારાજના દર્શન કરવા આવ્યો ને ભગવાનના દર્શન

કર્યા ત્યારે મહારાજ કહે, આ ચરણકમળ તૈયાર થઈ ગયા છે પણ તેમાં એક તુલસી માંજર દોરવાનું રહી ગયું છે. ત્યારે છગનલાલભગત મહારાજ પાસે જ હતા ત્યારે મહારાજ કહે, તમો બંને જામવંથલી જાવને રમણિકલાલ પાસે તુલસી માંજર દોરાયાવો. ત્યારે અમે બંને વંથલી આવ્યાને રમણિકલાલ જાવિયાને મળ્યા ને તુલસી માંજર દોરાવ્યા ને તેની ત્રણ કોપી મહારાજે કરાવી હતી.પછી સવારની ટ્રેનમાં રાજકોટ આવ્યાને રાજકોટ-જૂનાગઢ નોનસ્ટોપ બસ ઉપડે છે તેમાં બેઠાને સૂટકેસમાં ચરણકમળ રાખ્યા હતા તે સૂટકેસ ઉપર રાખી દીધી પણ એક સીટ પાછળ રાખી. બીજે જગ્યા ન હોવાથી મને એમ હતું કે બસ ક્યાંય ઊભી રહેવાની નથી તો અમો તો સૂટકેસ રાખીને શીટમાં બેસી ગયા જ્યાં જૂનાગઢ આવ્યુંને સક્કરબાગ આવ્યું ત્યાં એક કુટુંબે બસ ઊભી રખાવીને ત્યાં બધાં ઉતર્યા. તેમની પાસે સામાન જાજો હતો તેથી અમારી સૂટકેસ ભેગી ઉતારી લીધી. બસ ચાલુ થઈને બસ સ્ટેશન આવ્યું ને અમો ઊભા થઈને સૂટકેસ લેવા ગયા પણ સૂટકેસ ન મળે. બસ ઊભી રાખી હતી ત્યાં એક કુટુંબ ઉતર્યું અમો તો તેમને ઓળખતા ન હતા ને ઠેકાણાનીય ખબર નહોતી. વિચાર કરવામાં હવે શું થાય ત્યાં તો ભગવાન માણસના રૂપમાં આવીને બોલ્યા, શું વિચાર કરો છો ? શું ગયું ? ત્યારે અમોએ કહ્યું, અમારી શૂટકેસ ગઈ ત્યાં તે બોલ્યા હું તેમને ઓળખું છું ને તેનું ઘર પણ જોયું છે. ત્યારે અમોએ રિટર્ન રિક્ષા બાંધીને ત્રણે જણા ત્યાં ગયાને કહ્યું, અમારી સૂટકેસ તમારા સામાન ભેગી આવી ગઈ છે. ત્યારે તે કહે, આ સામાન રહ્યો. તમે તમારી સૂટકેસ ઓળખીને લઈ જાવ. ત્યારે અમોએ કહ્યું, આ ડબલ હેન્ડલવાળી સૂટકેસ અમારી છે. તો કહે લઈ જાવ. અમો સૂટકેસ લઈને રિક્ષામાં બસ સ્ટેન્ડે આવ્યાને રિક્ષામાંથી ઉતરી થોડા ચાલ્યા ત્યાં તો તે ભાઈ અદૃશ્ય થઈ ગયા. અમો રિક્ષા બાંધીને મંદિરે ગયા ને મહારાજને દંડવત્ કર્યાને ચરણકમળની વાત કરી. સૂટકેસની વાત મહારાજને કરી ત્યારે મહારાજ કહે, તમોને કોઈ તો લઈ ગયું. સામાન તો આપણી નજર સામે જ રખાય. તો આ કામ ભગવાને આવીને કર્યું. પછી ત્રણેય ચરણારવિંદ મને મહારાજે સાત કલરનો બ્લોક બનાવવા આપ્યા ને એક મને પ્રસાદીના ચરણકમળ આપ્યા. એક છગનલાલભગતને પ્રસાદીના આપ્યા.

કુંકાવાવ મહારાજની મૂર્તિ તૈયાર થઈ ગઈ ને મંદિર પણ તૈયાર થઈ ગયું. ઈ.સ. ૧૯૭૫ને આસો વદ-૮ના કુમકુમવાપીમાં મોટી શોભાયાત્રા સાથે આખા શહેરમાં કુમકુમવાપી નગરીમાં મોટા ધામધૂમ, રંગ ગુલાલની છોળો ઉડે ને ભક્તો પોતાના શરીરનું ભાન ભૂલીને નાચવા લાગ્યા ને ભગવાન રાજીખુશી થયા. ત્યારે દ્વારકાનાં શંકરાચાર્યજી

મહારાજ પધાર્યા હતા ને તેમને ભગવાનના ખૂબ જ વખાણ કર્યાને મૂર્તિ પ્રતિષ્ઠા યજ્ઞ કર્યો હતો. તેમના યજમાન નાની કુંકાવાવના હરિભાઈ સોરઠિયાએ ખૂબ જ દ્રવ્ય ખર્ચીને યજ્ઞ કરાવ્યો. આખા ગામને જમાડ્યા હતા. ત્યાંથી જૂનાગઢ ભગવાનના દર્શન કરવા ભક્તો ગયા તો ભગવાન તો એટલા બધા રાજી થયા કે બધા ભક્તોને બાથમાં ભીડીને મળ્યા ને બોલ્યા તમોએ જે મને હયાતીમાં કુમકુમવાપી નગરીમાં પધરાવ્યો તે કામ બહુ જ કઠીન હતું. લોકલાજને ન ગણીને તમોએ મને પધરાવ્યો ત્યારે ભગવાને રાજી થઈને સ્વહસ્તે ભક્તોને સંત દિક્ષા આપી ને ભાઈ-બેનો માટે શરણાગતિ મંત્ર લખી આપ્યોને આજ્ઞા કરી કે કાયમને માટે ઉપર ભગવો બુસકોટ ને બાયોએ પણ એક વસ્ત્ર ભગવું પહેરવું ત્યારે મહારાજે રાજી થઈને મંડળને ખૂબ જ આશીર્વાદ આપ્યા જાઓ તમારા માટે ચારે દિશાના દરવાજા ખુલ્લા છે. કમાવો, સેવા કરોને સુખી થાઓ.

ત્યાર પછી મહારાજે લાલજી મહારાજની મૂર્તિ પંચધાતુની બનાવવા માટે આજ્ઞા કરી તો ભક્તોએ લાલજી મહારાજની મૂર્તિ મુંબઈ-પૂનામાં બનાવવા ઓર્ડર આપ્યો. મૂર્તિ તૈયાર થઈ તો પ્રગટ ભગવાને મોટા ભક્તોને એક એક મૂર્તિ પ્રસાદીની પૂજવા માટે આપી અને મહારાજ કહે, તમો મારા આત્મનિવેદી સંત છો માટે તમો લાલજી મહારાજની પૂજા કરવાલાયક છો.

પ્રગટ ભગવાને રાજી થઈને પ્રસાદીની વસ્તુ નખ, દાંત, કેશ, ગંજીયા, ચાખડીઓ, ધોતિયા, રજાયો, પ્રસાદીની જનોઈ પૂજવા માટે આપી અને રામજીભગતને તો મહારાજે તા.૫-૩-૮૩ના પ્રસાદીપત્રમાં બે જનોઈ મોકલાવી હતી. તા.૨૫-૩-૮૩, ફાગણ સુદ-એકાદશીને દિવસે પહેરવાની આજ્ઞા કરી હતી. તે ભગવાનની આજ્ઞાથી પહેરી છે.

અબુધાબીથી ઈન્ડિયા છૂટી આવ્યા ત્યારે કુંકાવાવ મહારાજની મૂર્તિ તૈયાર થઈ ગઈ ને મંદિર પણ તૈયાર થઈ ગયું. પછી મહારાજના દર્શન કરવા ગયો ત્યારે પ્રગટ ભગવાને પોતાના કંઠમાંથી જનોઈ ઉતારીને મને સ્વહસ્તે જનોઈ પહેરાવીને બોલ્યા કે હવે બજારેથી ત્રણ બંડલ જનોઈ લઈ આવ. ત્યારે હું ત્રણ બંડલ જનોઈ લઈ આવ્યો તો બે બંડલ જનોઈના પ્રસાદીના મને આપ્યા ને કાયમ પહેરવાની પ્રગટ ભગવાને મને આજ્ઞા આપી. મહારાજની આજ્ઞાથી બધા ભક્તો વિદેશ સાઉદી અરેબિયા, અબુધાબી, દુબઈ, મસ્કત ગયા. મહારાજ બધાને કુંજ પક્ષીની જેમ રાખે છે ને તો કોઈને કોઈ દુઃખ આવવા દેતા નથી.

મહારાજે ફુલવાડીને ફરતો ગઢ કરવા પાયા ખોદાવ્યા. ત્યારે મહારાજ કહે, મોટો

દરવાજો મેલજો. બસો ને બસો ભરાઈને યાત્રા કરવા આવશે. ત્યાં તો બીજે દિવસે બે બસો યાત્રા કરવા આવીને ભક્તોએ તેમનું સન્માન કર્યું. બધાને જમાડ્યા. પ્રગટ ભગવાને ફુલવાડી પરમધામમાં પોતાનો મહેલ શિખરબંધ મંદિર બાંધવાની આજ્ઞા કરી. ઈ.સ. ૧૯૮૨, ફાગણ સુદ- બીજે રતિલાલભગતના દીકરા નવિનના હાથે ખાતમુહૂર્ત, ભૂમિપૂજન કરાવજો. તે પ્રમાણે ભક્તોએ શિખરબંધ મંદિરનું મુહૂર્ત કર્યું ને મંદિર માટે પાંચ શિખરનો મોટો નકશો કરાવ્યો અને મહારાજને આપ્યો. મહારાજ બહું રાજી થયા, બહું સારું કરો છો. ટૂંકું ટૂંકું નથી કરતા મોટું મોટું કરો છો.

પ્રગટ ભગવાનના મંદિરમાં જે ભક્તોએ સેવા કરી તેથી મહારાજે રાજી થઈને આશીર્વાદ આપ્યા કે રખડુંમાંથી રાજ ભોગવે તે કૃપાનું ફળ છે તો ભક્તો બધા સેવા કરવાવાળા રાજખેડું થઈ ગયાને ભગવાનની સેવા કરે છે અને પરમધામ ફુલવાડી મંદિર બનાવવા માટે હિરજી પેથાભગત, કરશનબાપા લુહાર, છગનલાલભગત, દામજીભગત અને કેશવજીભગતને કામ સોંપ્યું ને બોલ્યા હિંમતવાળા છે કારણ કે તે સમય એવો હતો. કોઈને કોઈ પ્રશ્નો લઈને આવે તો તેનો જવાબ દેવો પડે.

હું અબુધાબીથી ઈન્ડિયા આવ્યો ત્યારે પ્રગટ મહારાજના ફોટા પાડવા માટે મોટો એશિકા કેમેરા લાવ્યો હતો. મહારાજના દર્શન કરવા ગયોને કેમેરા સાથે લઈ ગયો ત્યારે મેં મહારાજને કહ્યું, કેમેરા તમારી માટે લાવ્યો છું એવી વાત નો'તી કરી તો ભગવાન અંતર્યામી છે તુરત બોલ્યા અહીં માટે લાવ્યો છો ને. મેં કહ્યું, હા. મહારાજ રાજી થયાને બોલ્યા તારે જેવા ફોટા પાડવા હોય તેવા ફોટા પાડી લે. ત્યારે મેં મહારાજના જુદા જુદા સ્વરૂપના ફોટા પાડ્યા, દિવ્ય ફોટા પણ પાડ્યા.

વાઘા પહેરાવીને ઘુંટણ સુધી પહોંચે તેવા મોટા હાર લઈ આવીને ભગવાનને પહેરાવીને ફોટા પાડ્યા. મહારાજનાં રાજીપાથી ફોટા સારા આવ્યા ને તે કેમેરો ભગવાન પાસે રાખ્યો તો હેમંતભગતે સમય સમયના ફોટા પાડ્યા તો હાલમાં બધા ભક્તોને દર્શનનો લાભ મળે છે.

હું અબુધાબીથી દુબઈ ભક્તોને મળવા ગયો હતો ત્યારે રામજી તુલસી ટાંક દુબઈથી ઈન્ડિયા તેમની કંપનીમાંથી આવતા હતા. તેઓ મુંબઈ રહેતા દુબઈ ભક્તોને મેં કહ્યું, મહારાજ માટે સારામાં સારું ડનલોપનું ગાદલું મોકલાવવું છે. ત્યારે રામજી તુલસી ટાંક કહે,

મારે ઈન્ડિયા જવું છે તો મુંબઈ સુધી લઈ જાવ. ત્યાંથી આપણાં ભક્તો જુનાગઢ જતા હશે તેમની સાથે મોકલાવી દઈશ.

દુબઈમાં વાલજી કેશવજીભગત હતા તે કહે, અમો એ ગાદલા બનાવવાની ફેક્ટરી જોઈ છે ત્યાં સારામાં સારા ગાદલા મળે છે તો અમો ત્યાંથી લઈ આવીને રામજી તુલસી ભગતને આપી દેશું. તેથી ગાદલાના રૂપિયા તથા મુંબઈ જકાતના રૂપિયા આપ્યાને ગાદલું મુંબઈથી કેશવજી હરિભાઈ તથા ભગવાનજી રાજાભગત બંનેએ ગાદલું મહારાજને પહોંચાડ્યું. મહારાજે ખૂબ જ રાજી થઈ આશીર્વાદ આપ્યાને તે ગાદલું આવ્યા પછી પ્રગટ ભગવાને પોતે કાયમ માટે શિયાળામાં રજાઈ ઓઢતા તે ખૂબ જ પ્રસાદીની રજાઈ, પ્રસાદીના ધોતિયા પ્લાસ્ટિકની કોથળીમાં પેક કરીને હેમંતભગતને જામવંથલી રજાઈ લઈને મોકલ્યાને બોલ્યા આ રજાઈ રસ્તામાં ક્યાંય ખોલશો નહીં. રામજી જેઠાના ઘરે રજાઈ પહોંચાડજો.

પ્રગટ ભગવાને ખૂબ રાજી થઈને પ્રસાદીની રજાઈ અમૂલ્ય તે મોકલાવી છે. પ્રગટ ભગવાને સ્વહસ્તે પોતાનું ગંજીયુ પહેરેલું પ્રસાદીનું રામજીભગતને આપ્યું, સોપારી આપી, નખ આપ્યા, વાળ આપ્યા. આવી અમૂલ્ય પ્રસાદી ભગવાને રાજી થઈને આપી છે.

પ્રગટ ભગવાને તો એટલી બધી ભક્તો પર કૃપા વરસાવી છે કે કોઈ ભક્તોને દુઃખ ન હોવું જોઈએ. મારા પિતાશ્રી જેઠાબાપાને પેટમાં મોટી ગાંઠ થઈ હતી. બહુ જ દુખ્યા કરતી તે વખતે મહારાજ જામવંથલી પધાર્યા હતા. જેઠાબાપા મહારાજના દર્શન કરવા ગયા ત્યારે બાપા કહે, મહારાજ મને પેટમાં ગાંઠ થઈ છે ને બહું જ દુઃખાવો થાય છે. ત્યારે મહારાજ કહે, સૂઈ જાવ ત્યારે જેઠાબાપા સૂઈ ગયાને મહારાજે ચિન્હવાળો હાથ પેટ પર ફેરવી દીધો તો ગાંઠ સાવ ગાયબ થઈ ગઈને દુઃખાવો મટી ગયો.

મહારાજ જૂનાગઢ બિરાજતા હતા ત્યારે હું દર્શન કરવા ગયો ને સાથે રમેશભગત નાનો હતો. તેમને પણ સાથે મહારાજના દર્શન કરવા તેડી ગયો. મહારાજના બંનેએ દર્શન કર્યાને રમેશ ત્યારે નાનો બે વર્ષનો હતો. મહારાજે તેમને પોતાના રૂમમાં જે ગોળ ફરે તેવી ખુરશીમાં બેસાડ્યો ને ગોળ ચક્કર ફેરવ્યો અને પ્રસાદીનું દૂધ મહારાજે પોતાના હાથથી પાયું. તે એને કાયમ માટે યાદ રહી ગયું ને કાયમ દિવસમાં યાદ કર્યા કરે. રમેશભગતના મહારાજ સાથે ફોટા પણ પાડ્યા છે ને હરસુખને પણ નાનપણમાં જ્યારે દર્શન કરવાની ઈચ્છા થતી તો ત્યારે તરત જ જૂનાગઢ મહારાજનાં દર્શન કરવા તેડી જતો.

અમારા બાપુજી બીમાર પડી ગયા તો મહારાજ કહે, તમારા બાપુજીને ભગવાનના ભજન-કિર્તન સંભળાવજો ને બાપાને કહેજો અમોને યાદ કર્યા કરે. અમારે જ્યારે તેડી જવા હશે ત્યારે ધામમાં તેડી જઈશું. તો અમો કાયમ ભજન-કિર્તન કરી બાપાને સંભળાવતા. ઈ.સ. ૧૯૭૮ના જેઠ સુદ-૭ના મહારાજ તેમને પોતાના પરમધામમાં તેડી ગયા. પ્રગટ ભગવાનનો આશીર્વાદપત્ર આવ્યો. બાપા ધામમાં ગયા છોકરાવને ખોટ ગણાય પણ પરમધામમાં ગયા તે સારું ગણાય.

અમો અમારા માતુશ્રી અને ભાઈઓ મહારાજને જૂનાગઢ તેરમાની રસોઈ જમાડવા ગયા ત્યારે અમારા માતુશ્રીને કહેરાવ્યું બાપા પાછળ શોક કરવો મૂકી દો. તેને તો અમારા પરમધામમાં રાખ્યા છે. તમો અમારું ભજન કરજો. તમોને પણ ટાઈમ આવ્યે પરમધામમાં તેડી જાશું.

હું પૂના ફુગાવાડીમાં રહેતો. વિદેશ જવા માટે કોશિશ કરતો. હું અને વેલજીભગત બંને ફુગાવાડી હતા. ત્યાં મહારાજે હિન્દી પુસ્તક છપાવવા માટે લખાણ મોકલાવ્યું તો તે લખાણ લઈને અમો પ્રેસમાં ગયાને છપાવાનું નક્કી કર્યું, છાપવાનું કામ ચાલુ કર્યું. પ્રૂફ અમોને આપતા તો હું અને વેલજીભગત બંને પ્રૂફ વાંચીને ભુલ હોય તે સુધારીને આપતા. અમો તેમને પૂછતા બધી ભુલો સુધરી ગઈ છે ત્યારે તેમને હા પાડી અને એક હજાર પુસ્તક છાપીને બાઈન્ડિંગ કરીને અમોને કહ્યું, તમારા પુસ્તક તૈયાર થઈ ગયા છે ત્યારે અમોએ એક પુસ્તક ઘેર લાવ્યાને વાંચ્યું તો તેમણે એકેય ભૂલો સુધારી ન હતી એમને એમ છાપી નાખ્યા. અમો પ્રેસમાં ગયા ને વાત કરી આમાં ભૂલો સુધારી નથી તો તે કહે ભુલોનું શુદ્ધિકરણ પાછળ લખી નાખશું. અમોએ કહ્યું ધર્મના પુસ્તકમાં આવી મોટી ભૂલો ન ચાલે. અમો બંને ઓફિસમાં મેનેજર પાસે ગયાને વાત કરી. ત્યારે મેનેજર કહે, તમારી સાચી વાત છે. ધર્મના પુસ્તકમાં ભૂલો ન ચાલે માટે આ ભૂલો વધારે છે. ત્યારે તુરત જ પ્રગટ મહારાજે મેનેજરમાં પ્રેરણા કરી ને તે મેનેજર બોલ્યો કે હવે હું તમોને બીજા પુસ્તક છપાવી દઉ છું. તમો કાયમ પ્રૂફ જોવા આવજો. ત્યારે અમો બંને રોજ પ્રૂફ જોવા જતા અને પ્રેસમાં ચેક કરતાંને ભુલો સુધારીને બીજું પ્રૂફ કાઢીને અમોને આપતા. જુઓ આમાં બધી ભૂલો સુધરી ગઈ છે. અમારી પાસે સાઈન કરાવતા. આ રીતે પ્રગટ મહારાજની કૃપાથી 'પ્રભુઓ કા વૃત્તાંત' શાસ્ત્ર તૈયાર થયું ને મહારાજ બંને ઉપર રાજી થયાને બેયને સુખડની પ્રસાદીની માળા આપી. અમારે બંનેને વિદેશ ભેગું જવાનો વિચાર હતો. પણ અમો મહારાજના દર્શન

કરવા પૂનાથી જૂનાગઢ ગયા ત્યારે મહારાજ મને કહે, તમો બેય હા પાડો તો જવાનું થાય.

સાઉદી અરેબિયાનું ઈન્ટરવ્યુ આવ્યું તો વેલજીભગત ગયાને પાસ થયાને ત્યાં ગયાં. ત્યાર પછી હું રહ્યો ત્યારે દેવરાજ ડાયા બગીચા મુંબઈ કાંદિવલી રહેતા તે મને કહે, તમો કાંદિવલી અમારે ઘેર રોકાવ તો હું કાંદિવલી દેવરાજભગતના ઘેર રોકાયો ને ત્યાં મહારાજનો પ્રસાદીપત્ર આવ્યો કે લાલજી મહારાજની મૂર્તિ નવી બનાવવા માટે તમો ત્યાં ઓર્ડર આપજો ને ૨૫ મૂર્તિ બનાવડાવજો. તો અમો બંને મુંબઈમાં માધવબાગમાં કારખાને ઓર્ડર આપ્યો. બે મહિનામાં લાલજી મહારાજની મૂર્તિ તૈયાર થઈ ગઈ અને સાગની લાકડાની પેટી પણ સાથે કરાવી.

અંબાલાલભગત ટાંક હું અને બીજા ભક્તો ઈન્ટરવ્યુ આપવા ગયા તો અંબાલાલ ભગતને બીજા સાથે હતા તે પાસ થયાને જવાનું નક્કી થયું. ત્યારે અંબાલાલ ભગત મહારાજના દર્શન કરવા જૂનાગઢ આવ્યા ને મહારાજના દર્શન કરી પાછા વળ્યા ત્યારે મહારાજ અંબાલાલ ભગતને કહે, રામજીને કહેજો પાસપોર્ટ જ્યાં હતો ત્યાં જ રાખે કાયમ ફેરવે નહીં. એટલે મેં પાસપોર્ટ તો એજન્ટ પાસે જ રાખ્યો. લાલજી મહારાજની મૂર્તિ તૈયાર થઈ. મેં દેવરાજભગતને કહ્યું, હું લાલજી મહારાજની મૂર્તિ મહારાજને આપી આવું અને મહારાજના દર્શન કરી આવું. આમ નક્કી કરતા હતા ત્યાં તો બીજે દિવસે દેવરાજભગતને એજન્ટ મળ્યો અને કહે તમારા ભેગા રામજીભગત છે તેને જલ્દી મોકલો અને રૂપિયા ભરી જાય. તેમને અબુધાબીમાં સન્લી કંપનીમાં જવાનું છે. ત્યારે હું પૂનાથી દયાલજીભગત પાસેથી રૂપિયા લઈ આવ્યોને એજન્ટને ભરી દીધા ને બે દિવસમાં અબુધાબી પહોંચી ગયો. આવી મોટી કૃપા પ્રગટ ભગવાને મારી પર કરી છે.

પ્રગટ ભગવાને તા.૯-૩-૭૯ના પહેલા પત્રમાં આશીર્વાદ આપ્યા છે તે આજ સુધી નાણાંને નવા રાખ્યા છે. મહારાજ કહે, રામજીભાઈ સારું થયું, પરદેશ ગયા, ઘણું તપ કર્યું, મુંઝાવું નહીં. દેશકાળ પ્રમાણે વર્તવું, વિરોધી લોકો સારું દેખી ન ખમી શકે, પણ તમારું દિલ સાફ છે જેથી લાભ ઘણો મળશે. મોહન કરસનને આશીર્વાદ છે કે, કમાઓ વાપરો. કુટુંબને સુખી રાખો, દયાલજીભગત પૂના છે. તેને બધાને કાગળથી આશીર્વાદ આપ્યા છે. દેશકાળ પ્રમાણે વરતવું. પરદેશમાં મુંઝાઈ રહેવું નહીં, પળાય એટલું પાળવું ભક્તોએ ભજન કરવા દેશમાં આવો ત્યારે ભગવાનના ચરણ જળ પીને શુદ્ધિ કરી લેવી, હવે તો લાખો હરિભક્તો પરદેશીઓ સાથે હળીમળીને રહે છે, પોતે અનુસંધાન ભૂલવું નહીં, ભજન કરવું, સંભારવા

ભગવાન રક્ષા કરશે. ગાફેલ ન થઈ જવું. છેવટમાં તમો હતા તે સારે ઠેકાણે પહોંચી ગયા, હવે વધારે આનંદ થાય છે. શ્રીહરિ શરણાગતિ મંડળ બધા કમાતા થઈ ગયા, અમારે ૨૫૦ સેવકો કમાય છે ખોટ નથી, આનંદ છે. બધાં કામ પૂરા થયાં છે. માળા ફેરવીએ છીએ. તમારા જેવી સેવા જણાવતા રહેશું હશે તો લખશું. સાત હજાર દયાળજીને ભરપાઈ થઈ જાય પછી બીજા વિચાર કરવા. તમને ધન્ય છે. સાચા સગાં છે મદદ કરી, કમાઓ, વાપરો અને આપો, સુખી રહો, બે દિવસોમાં પૂના કાગળ લખવા છે. રામજીભાઈ વિગેરેને આશીર્વાદ જય સ્વામિનારાયણ ગુલાબ પાંખડી પ્રસાદી ખાજો. એ જ શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજીના જય સ્વામિનારાયણ, સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ-સૌરાષ્ટ્ર.

પ્રગટ ભગવાનની કૃપાથી ઓછી મહેનતે વધારે રૂપિયા મળ્યા. વિદેશમાં મહારાજે મને બધાઓની પાછળ મોકલ્યો પણ એક વર્ષમાં જ કમાણીમાં બધાય ભક્તોની હારે કરી દીધો. દેશમાં પુસ્તક છાપવામાં સેવા મળી ને લાલજી મહારાજની મૂર્તિ બનાવવાની સેવા મળી તે પ્રગટ ભગવાનની મોટી કૃપા છે. દેશમાં આવ્યો ત્યારે મહારાજના દર્શન કરવા ગયો. ત્યારે ભગવાને ખૂબ જ આશીર્વાદ આપ્યા. મેં કહ્યું, મહારાજ વિદેશમાં તો બેઠા બેઠા રૂપિયા મળે છે. ત્યારે ભગવાન કહે, એ જ ભગવાનની કૃપા છે ને ત્યાર પછી મહારાજે બીજી કંપનીમાં મોકલ્યો તે કંપની સાધારણ હતી ત્યારે આઠ-નવ મહિના થયા હતા ને મેં મહારાજને કાગળ લખ્યો કે, મહારાજ કંપનીમાંના એક જ છું તો રક્ષા કરજો. ત્યારે છગનલાલભગત જૂનાગઢ મહારાજના દર્શન કરવા ગયા હતા ત્યારે મહારાજ કહે, રામજીનો કાગળ અબુધાબીથી આવ્યો છે ને લખે છે હું એકલો છું ત્યારે મહારાજે છગનલાલ ભગતને કાગળ વંચાવ્યો અને બોલ્યા રામજી ક્યાં એકલો છે, હું ભેગો જ છું. તે વાત છગનભગતે મને કરી ત્યારે મેં મારા મનમાં નક્કી કર્યું કે હું કોઈ દિવસ એકલો નથી, મહારાજ ભેગા જ છે ને કાયમ ભેગા જ છે. ધાર્યા સંકલ્પો પૂરા કરે છે.

મહારાજને મેં આબુધાબીથી કાગળ લખ્યો કે, મહારાજ મારી સાઈડ પર ઓવરટાઈમ ચાલે છે. પણ બીજી સાઈડ પર ઓવરટાઈમ વધારે ચાલે છે. ત્યારે મહારાજનો પ્રસાદીપત્ર આશીર્વાદ આવ્યા કે સાઈડ બદલી થશે ને લાખો રૂપિયા કમાશો, હું રાજી થયો. જ્યારે વીસેક દિવસ થયા ત્યાં તો બધા કારીગરોએ હડતાલ કરીને કામે ન ગયા. મેનેજરે ઓફિસે બોલાવ્યા ત્યાં પણ માલિકે કહ્યું, ત્યારે માલિકે બધાને ફિનીશ કરી દીધા ને એક વર્ષનો નો-એન્ટ્રીનો સિક્કો પાસપોર્ટમાં મારી દીધો ને ઈન્ડિયા મોકલી દીધા. ત્યારે હું તો બહું અફસોસ

કરતો હતો કે મહારાજ વઢશે કારણ કે ભગવાન લખતા કે નાના થઈને કામ કરજો. હું ઘેર જઈને તુરત જ મહારાજના દર્શન કરવા ગયો ને મનમાં તો બીક હતી જ કે મહારાજ વઢશે. મહારાજ ખુરશી ઉપર બિરાજમાન હતા ને હું ગયો અને ઉંધુ ઘાલીને દંડવત્ કરવા લાગ્યો ત્યારે મહારાજે રાજી થઈને બોલ્યા ભલે આવ્યો. એવા માણસો ભેગા હોય ત્યારે આવવું પડે. ત્યારે મને નિરાંત થઈ.

મહારાજે વાસામાં હાથ ફેરવ્યો ત્યારે મેં મહારાજને વાત કરી કે, મહારાજ અબુધાબીમાં આમ બન્યું. ત્યારે મહારાજને પાસપોર્ટ દેખાડ્યા ત્યારે મહારાજ કાચ લઈને પાસપોર્ટ જોવા લાગ્યાને બોલ્યા આમાં તો એક વર્ષનો 'નો એન્ટ્રી'નો સિક્કો મારેલ છે માટે એક વર્ષ પછી અબુધાબી જવાનો મોકો મળે. ત્યારે મેં કહ્યું, મહારાજ બીજો પાસપોર્ટ કરાવેલો છે ને પૂના વેલજીભગતને ઘરે છે ત્યારે મહારાજ રાજી થઈ બોલ્યા. શાબાશ તું પણ પૂનાથી પાસપોર્ટ લઈને મુંબઈ દામજીભાઈને આપી આવ. ત્યારે હું પૂનાથી પાસપોર્ટ લઈ મુંબઈ દામજીભગતને આપી આવ્યો અને બે મહિનામાં અબુધાબી પીજેટ કંપનીમાં જવાનું થઈ ગયું.

અબુધાબીમાં સારામાં સારી પીજેટ કંપનીમાં પ્રગટ ભગવાને મને મોકલી દીધો. ભગવાનના આશીર્વાદથી રૂપિયા પણ ખૂબ કમાયો, ભગવાનની સેવા પણ ખૂબ જ થઈ. આ પ્રતાપ ભગવાને વાપર્યો. રમેશભગત જૂનાગઢ મહારાજના દર્શન કરવા જતા હતા ત્યારે છગનલાલ ભગતે હિરજીબાપાએ, કરશનબાપાએ ને દામજી માસ્તરે કહ્યું, તમો ફુલવાડીમાં જે મંદિર માટે કૂવા ગાળ્યા છે તે જોતા જાવ. મહારાજ તમને પૂછે છે તો શું જવાબ આપશો. તો ભગવાન આગળ ગયા ને દંડવત્ત કરી બેઠા ત્યારે મહારાજે પૂછ્યું, ફુલવાડીમાં મંદિરના પાયા કેટલા ખોદયા છે. ત્યારે ભક્તોએ કહ્યું કે, મહારાજ પાણી આવ્યું ત્યાં સુધી ખોદયા છે. રમેશભગતને વિદેશમાં આવવા માટે પ્રગટ ભગવાનના આશીર્વાદ લેવા જૂનાગઢ મહારાજના દર્શન કરવા ગયા. તો પહેલાં ભગવાને રમેશભગતને કહ્યું, તમો મને કાયમ દૂધ જમાડો છો ને હું કાયમ થોડું થોડું દૂધ પી જાવ છું પણ તમોને ખબર ન પડે. તેમ ઘણી વખત ભગવાન લાલજી મહારાજને થાળ જમાડતા તેમાંથી મહારાજ થોડું થોડું જમી જતા. આવી કૃપા પ્રગટ ભગવાને પોતાના ભક્તો ઉપર વરસાવી છે.

રમેશભગત જૂનાગઢ મહારાજના દર્શન કરવા ગયા. મહારાજને કહે, અમને વિદેશ જવા માટે આશીર્વાદ આપો અને નિયમ આપો ત્યારે મહારાજે વિદેશ જવાના આશીર્વાદ આપી બોલ્યા, ખૂબ જ કમાશો ને ભજન-ભક્તિ થાય તેટલા કર્યા કરજો. આમ રમેશભગત

તથા મનસુખભગત રાઠોડને મહારાજે આશીર્વાદ આપ્યા છે. પછી પ્રગટ ભગવાનના આશીર્વાદથી વિદેશમાં અબુધાબી પહોંચી ગયા અને આરબોની મસ્જિદમાં અમે કામ કરતા.

એક વખત બંને જણા સવારમાં મહારાજની પૂજા કરતા હતા ત્યાં આરબ આવ્યો તો આરબને જોઈ ભક્તો ધ્રુજી ગયા કે પૂજા ફગાવી દેશે પણ મહારાજે એવો ચમત્કાર દેખાડ્યો કે આરબ રાજી થયો ને બોલ્યો, જો તમે અલ્લાહને રાખશો તો તમોને કાયમને માટે કામ મળ્યા કરશે. હું તથા શાંતિલાલભગત બગીચા તથા ગોવિંદજી મહારાજ ત્રણેયે શુક્રવારે બજારમાં નાનો ગાર્ડન હતો તેમાં બેઠા હતાને મહારાજના આશીર્વાદપત્ર વાંચતા હતા ને તેમાં વિચાર આવ્યો કે, આપણે ગાર્ડનમાં ટાઈમ પાસ કરીએ તો કલાક સુધી ભજન, કથા-વાર્તા કરીએ તો સારું. ત્યારે શાંતિલાલભગત કહે, રામજીભગત અમારા કેમ્પમાં અમારે રૂમ મોટો છે ને કોઈ તકલીફ નથી. તો ત્યાં સભાનું નક્કી કર્યું. દર શુક્રવારે સમૂહ ભોજન અને સભા, કથા-વાર્તા કરવી. દર શુક્રવારે એક એક જણ તરફથી સમૂહભોજન રાખવામાં આવ્યું અને શાંતિલાલભગતની કંપનીનો કેમ્પ સિટીમાં જ હતો એટલે બધા ભક્તો આવી શકતા. ત્યારપછી જેને રાશન ભરવાનું હોય તે લઈ શકતા.

ત્યાં બધા ભક્તોને આનંદ આવવા માંડ્યો. દર શુક્રવારે મહારાજના આશીર્વાદપત્રો સાંભળવા મળે ને કથાવાર્તામાં મહારાજના પરચા સાંભળવા મળે. એમ કરતા બે-ત્રણ દિવસની છૂટી આવીને ત્રણ દિવસ સુધી કથાવાર્તા કરવાનું નક્કી કર્યું ને દુબઈથી પણ અબુધાબી ભક્તો આવ્યા હતા. સવારથી કથા ચાલુ કરતા તેમાં રામજીભગત તથા શાંતિલાલ ભગત કથાવાર્તા કરતા ને મહારાજનો મહિમા સમજાવતા. તો ભક્તો મહારાજની સેવા કરતા અને ફુલવાડી મંદિરમાં પણ સેવા કરતા. કથાવાર્તા કર્યા પછી બપોરે ભગવાનને થાળ બનાવીને ભગવાનને જમાડીને ભક્તો પ્રસાદ જમ્યા. ત્યાર પછી બધા ભક્તો આરામ કરતા હતા ત્યાં પ્રગટ ભગવાન રાજી થઈને દર્શન દેવા પધાર્યા, જેટલા ભક્તો જાગતા હતા તેમણે મહારાજને દંડવત્ત કર્યા. મેં અને રામજીભગત, શાંતિલાલભગત તથા ગોવિંદજી મહારાજ બધાએ મહારાજને દંડવત્ત કર્યાને જે ભક્તોને નિંદ્રા આવી ગઈ હતી તે ભક્તોને ભગવાને છાતીમાં ચરણકમળ આપ્યાને દંડવત્ત કરતા ભક્તોને ભગવાન ભેટ્યા. આવો રાજીપો મહારાજે વિદેશમાં વરસાવ્યો. ત્યાં મહારાજે પ્રસાદીપત્ર લખ્યો તેમાં પણ જણાવ્યું કે, અબુધાબી ભક્તોએ દંડવત્ત કર્યાને સૂતા ભક્તોને ચરણારવિંદ આપ્યા ભક્તો રાજી રાજી થઈ ગયા અને વધુ ને વધુ ભજન કરવા માંડ્યા ને આવક મુજબ મહારાજના મંદિરની સેવા મોકલવા માંડ્યા.

પ્રગટ ભગવાનનું નિવાસસ્થાન જૂનાગઢ બાલમુકુંદ ભવનમાં પણ ભક્તોએ ખૂબ જ સેવા કરી. તન, મન, ધનથી ભક્તોએ સેવા કરી છે. બાલમુકુંદ ભવનમાં હરસુખ રામજી મકવાણા અને હરિકૃષ્ણ ભગવાનજી જાવિયા બંને બાળકો ભણતા ભણતા સેવા કરવા જતા ને પ્રગટ ભગવાનની સેવા ભગવાનને અભિષેક કરાવવા, શરીર દાબવા, ભગવાનના ફોટા પાડવા તે બાળકો અંગત રીતે જોતાને મહારાજનો લાભ લેતા.

ત્યારે મહારાજ કહે, હરસુખ મૂછનો દોરો ફૂટે એટલે કડિયાકામ કરવા માંડજો ત્યારે તે ૧૦માં ધોરણમાં ભણતા અને આગળ ભણવાનો વિચાર છોડી દીધો ને ભગવાનની સેવા કરવા અને ફુલવાડીમાં શિખરબંધ મંદિરમાં પણ રાત-દિવસ સેવા કરતા. લાલ પથ્થરની પાટો ખટારો આવે એટલે હરસુખ, હરિકૃષ્ણ, શાંતિલાલ લાલજી, જગદીશ કેશવજી ચારેય જણા થઈને આખો ખટારો ખાલી કરી નાખતા. તો તે સેવાની ભગવાનના આશીર્વાદ મળતાને અત્યારે સુખીયા છે. મહારાજના મંદિરમાં તન, મન અને ધનથી સેવા કરે છે.

હરસુખનું મેં મહારાજને પૂછ્યું, મહારાજ હરસુખને ભણાવવો કે કામે લગાડવો ? ત્યારે મહારાજ કહે, કામે લગાવી દે. કામ કરે તે સુખીયા થાય. ત્યારે ભગવાનના આશીર્વાદ લઈને પૂના કામ કરવા માંડ્યો ને છ મહિનામાં કારીગર થઈ ગયો. આ ભગવાનના આશીર્વાદ કામ કરે છે ને અને બાલમુકુંદ ભવનના વાસ્તામાં ભગવાને બધા ભક્તોને આમંત્રણ પત્રિકા મોકલાવી ત્યારે બધા ભક્તો દેશ, વિદેશથી મહારાજના બાલમુકુંદ ભવનના વાસ્તામાં પધાર્યા હતા ને હરસુખ પણ તુરંત પૂનાથી વાસ્તામાં આવ્યો હતો. વાસ્તામાં બધા ભક્તો પર મહારાજ રાજી થયાને સર્વને પોતાના દીલની લગડીઓના આશીર્વાદ આપ્યા. તે વખતે રમેશભગત અબુધાબી કંપનીની બહાર કામ કરતા હતા તો તેમને મેં કહ્યું, તમારા સગપણનું નક્કી થાય તો કરતો આવું ? તો કહે, કરતા આવજો. ત્યારે મહારાજને વાત કરી. મહારાજ રમેશભગતનું સગપણ કાંતિલાલ ધનાણીની દીકરી સાથે કરવાનો વિચાર છે તો મહારાજ કહે, મંડળમાં સગપણ કરો પણ ઠેઠ સુધી નિભાવવાનું. ત્યારે મહારાજના આશીર્વાદથી સગપણનું નક્કી કર્યું અને સગાઈ કરવાનું નક્કી કર્યું તો કપડાં, ઘરેણાં, ઘડિયાળ વગેરેથી આખી સૂટકેસ ભરીને સગાઈને આગલે દિવસે હું રામજી તથા હરસુખ બંને જૂનાગઢ મહારાજના દર્શન કરવા તથા બધા કપડાં, ઘરેણાં, ઘડિયાલ પ્રસાદીના કરાવવા મહારાજ આગળ આખી સૂટકેસ મહારાજ પાસે લાવીને ખોલી ત્યારે મહારાજે રાજી થઈને કપડાં ખભે ઓઢ્યા, ઘરેણાં ડોકે, પગે પહેર્યા, ઘડિયાળ કાંડે બાંધીને બધી વસ્તુ પ્રસાદીની કરી આપી

આશીર્વાદ આપ્યા કે સુખી થાઓ.

મહારાજે પ્રસાદીપત્રમાં આશીર્વાદ આપ્યા કે, તમારા મોટા ભાગ્ય કે ભગવાન ભેગું રહેવાય છે અને સેવાઓ થાય છે. હું રામજી તથા છગનલાલભગત મહારાજના દર્શન કરવા ગયા ને મહારાજને દંડવત્ત કર્યાને મહારાજની સેવા કરી. મહારાજ બોલ્યા કે તમારા મા-બાપને સારી રીતે સાચવજો, તેમની ફરિયાદ મારી પાસે ન આવવી જોઈએ. તે જોઈને બીજાને પણ તમારો ગુણ આવે કે મહારાજના સેવકો મહારાજની આજ્ઞા મુજબ રહે છે અને મા-બાપને, કુટુંબને સારી રીતે રાખે છે.

મારે પૂનાથી મહારાજના દર્શન કરવા જવું હતું તો મહારાજને કાગળ લખ્યો કે, મારે જૂનાગઢ દર્શન કરવા આવવું છે. ત્યારે મહારાજ કહે, લાલજી મહારાજની મૂર્તિ વેલજીભગતને ઘરેથી લેતા આવજો. તો હું દિવાળી પર મહારાજના દર્શન કરવા ગયો ને સાથે છગનલાલ ભગત હતા. અમો બંને જૂનાગઢ પહોંચ્યા ને મંદિરે ગયા અને મહારાજ આગળ રૂમમાં હરતા-ફરતાં માળા ફેરવતા હતા ને અમો જઈને દંડવત્ત કરવા માંડ્યા ત્યારે મને મહારાજ કહે, ભરેલો આવ્યો છો કે ઠાલો ? ત્યારે મેં કહ્યું, મહારાજ ભરેલો આવ્યો છું. ત્યારે મહારાજ કહે, ઊભા રહો. ત્યારે અમો બંનેને મહારાજ એકી સાથે ભેટ્યા અને રાજી થઈ કહે, હવે દંડવત્ત કરો. ત્યારે અમોએ મહારાજને દંડવત્ત કર્યા. અમો મહારાજની સેવા કરતા હતા ત્યારે મહારાજ બોલ્યા તમારા મોટા ભાગ્ય છે કે હું તમારી સાથે ગુજરાતી બોલું છું નહિંતર આટલું ભણેલ માણસ કોઈ ગુજરાતી ના બોલે.

જૂનાગઢના બાલમુકુંદ ભુવનના વાસ્તા પછી મારે અબુધાબી જવાનો સમય પૂરો થઈ ગયો. ત્યારે મહારાજના દર્શન કરવા અમે ઘરમંડળ સહિત ગયા ને સવારમાં હું મહારાજને અભિષેક કરવા વહેલા ગયો તો મહારાજને અભિષેક કરાવ્યો ને મહારાજ કહે, બાટલી લાવ્યો છે. ત્યારે મેં કહ્યું, હા મહારાજ. તો મહારાજ કહે, પેલા બાટલામાં અભિષેકનું જળ ભરીને પેક કરીને મૂકી દે. ત્યારપછી મહારાજને સાબુથી ચોળીને નવડાવ્યા ને ધોતિયું બદલાવ્યું ને મેં મહારાજનું ધોતિયું, ગંજીયુ સાબુ દઈને ધોઈને સુકવી દીધું. મહારાજને દંડવત્ત કર્યાને સેવા કરવા લાગ્યો. ત્યારે મહારાજ બોલ્યા. રામજી હવે બધા કામો પૂરા થઈ ગયા છે. તો હવે ધામમાં જવું છે ત્યારે હું ઉદાસ થઈને બોલ્યો કે, મહારાજ તો તો અમો તમારી પાછળ મરી જાઈએ. ત્યારે મહારાજ બોલ્યા, કોઈ ભગવાન પાછળ મર્યું નથી માટે મારી પાછળ મરાય નહીં ને ત્યારે વખતના જે જે ફોટા પાડ્યા હતા તે બધા ઉદાસ જ આવ્યા

હતા અને હું અબુધાબી ગયો પણ ચેન પડે નહીં શરીરમાં અપશુકન જેવું જણાયા કરે ને ત્રણ મહિના થયા ત્યાં તો મહારાજ સ્વધામગમનના સમાચાર દુબઈ આવ્યા.

જામનગર રહેતા દિનેશભાઈ દરજી ટેલરની દુકાનમાં ફોન હતો તેને દેવપ્રકાશ સ્વામીએ ફોન કર્યો હતો કે, મહારાજ સ્વધામ, પરમધામ પધાર્યા છે. તો દુબઈથી બે ભક્તો અબુધાબી કહેવા આવ્યા તે દિવસ શુક્રવાર હતો તો બધા ભક્તો સભામાં અને સમૂહભોજનમાં આવ્યા હતા. સાંજના છ વાગે દુબઈથી ભક્તોએ આવીને સમાચાર આપ્યા ત્યારે બધા ભક્તો બહું રડ્યા અને આખી રાત ભજન કર્યા અને નક્કી કર્યું કે અબુધાબી મંડળ તરફથી હું રામજી તથા શાંતિલાલભગત બગીચા ઈન્ડિયા જાય. અમો બધા પોતપોતાની કંપનીમાં ગયાને હું નાહીને ફોરમેન પાસે ગયો અને કહ્યું, અમારા મહારાજ સ્વધામ પધાર્યા છે તો મારે ઈન્ડિયા જાવું છે. ત્યારે ફોરમેન કહે, ચાલો ગોરા આગળ. તો બંને ગોરા આગળ ગયા. ફોરમેનને વાત કરી તો તેમણે તુરત જ ઓ.કે. કહીને છૂટી લખી આપી ને પગાર અપાવી દીધો. પાસપોર્ટ અપાવી દીધો અને ટિકિટ લઈને સાંજના પ્લેનમાં હું રામજીભગત તથા શાંતિલાલ ભગત તથા ભગવાનજીભગત તે જ દિવસે સાંજે પ્લેનમાં બેસી ગયા અને સવારમાં જૂનાગઢ પહોંચી ગયા. કોઠારી સ્વામી બધા ખૂબ જ રડ્યા અને કોઠારી સ્વામી બોલ્યા, રામજી તમો આટલા વહેલા આવવાના હોત તો મહારાજને બે-દિવસ વધારે રાખત. પણ આ તો પ્રગટ ભગવાને પોતાનો પ્રતાપ વાપર્યો જેને આવવું હતું તેને તુરત જ છૂટી મળી ગઈ. રતિલાલભગત તથા શાંતિલાલ ભગત બહેરીનથી તુરત પહોંચી ગયા નહીંતર ઈન્ડિયાથી ટેલિગ્રામ મંગાવવો પડે ઘરવાળીને ખોટી રીતે સિરિયસ કરવી પડે ત્યારે પાંચ દિવસ ઈન્ડિયા આવવા મળે. આ તો સાવ મોઢાની વાત કોઈ પ્રૂફ નહીં આવો પ્રતાપ પ્રગટ ભગવાને વાપરીને જેને આવવું હતું તે ઈન્ડિયા આવી ગયા. રમેશભગત પણ આવી ગયા.

ચાવડા ગામના રતિલાલ ગંગદાસ ભગત રાઠોડ તથા તેમના ધર્મપત્ની દયાબેન બંને મહારાજના દર્શન કરવા જૂનાગઢ જવાના હતા ત્યારે દયાબેને તેમના બેન પાનીબેનને કહ્યું, અમો મહારાજના દર્શન કરવા જઈએ છીએ. ત્યારે પાનીબેને કહ્યું, મહારાજ માટે ગાયનું દૂધ મોકલાવવું છે. મહારાજ માટે દૂધપાક જમાડવા માટે ને ખેતરમાં જાંજરા થયા છે તો મહારાજ માટે ઓરા શેકીને જમાડવા માટે મોકલાવવાના છે. તો તમે લઈ જાવ તો ખેતરથી જાંજરા લઈ આવું અને ગાયનું દૂધ બરણો ભરીને મોકલાવું. રમેશભગત તથા હરસુખભગત બંને ભાઈ રતિલાલ ગંગદાસભગતને સ્ટેશને પહોંચાડ્યા. પછી મહારાજનો આશીર્વાદ પત્ર

આવ્યો કે, દૂધપાક ખૂબ જ જમ્યાને જાંજરા શેકીને આરોગ્યા છે.

રમેશભગત તથા હરસુખભગત બંનેએ મહારાજને પત્ર લખ્યો કે, મહારાજ તમો અમારી ઘરે કાયમ દૂધ પીવા પધારજો. ત્યારે મહારાજે પ્રસાદીપત્ર લખ્યો કે, કાયમ દૂધ પીવા આવીશ. થોડું થોડું કાયમ પી જાઈશ. માટે ભગવાનને કાયમ દૂધ જમાડજો.

મહારાજ અમારા માતુશ્રી ઘેલીબાને દર્શન દેવા રાતે પધાર્યાને ઘેલીબાને જગાડી બોલ્યા કે, આ પ્રસાદ તમારા માટે લાવ્યા છીએ તો જમી લો. ત્યાં ઘેલીબા તો રાજી રાજી થઈને પ્રસાદ જમી ગયા ને મહારાજના ખૂબ જ હેતથી દર્શન કર્યાને મહારાજે ખૂબ જ આશીર્વાદ આપ્યાને બોલ્યા મારું ભજન કર્યા કરજો ટાણું આવશે ત્યારે હું તમોને મારા ધામમાં લઈ જઈશ. આવા દર્શન પ્રગટ ભગવાને રાજી થઈને અમારા માતુશ્રીને આપ્યા અને કોઈ માજી આગળ બાયો બેસવા આવે તો કહે શાસ્ત્રીજી મહારાજ તો ભગવાન છે મને દર્શન આપ્યા છે અને ધામમાં તેડી જશે.

રામજીભગતે વિદેશમાં સેવાઓ કરીને પ્રગટ ભગવાનની આજ્ઞાથી ફુલવાડી મંદિરમાં રહીને ઘણાં વર્ષો સુધી મંદિરમાં ભક્તોની સેવા, મંદિરનો વહીવટ, પુજારીપણું પણ કરીને સેવાનો લાભ લીધો છે. તેમજ કુંકાવાવ બ્રહ્મપેલેસ મંદિરમાં પણ સેવા-પૂજા કરી છે. આમ મહારાજ રામજીભગત જેઠાભગત મકવાણાના પરિવારને પણ પરમધામમાંથી પોતાની સેવા-પૂજા તેમજ કાર્યો માટે લાવેલા હોવાથી આ કુટુંબ પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણનું ભાગવત કુટુંબ છે અને આ પરિવારના સૌ ભક્તો પણ મહારાજના શ્રીહરિ શરણાગતિ મંડળના તેમજ મંદિરના કાર્યોમાં અને ઉત્સવોમાં પણ જ્યાં જેવી જરૂર પડે તે પ્રમાણે યથાશક્તિ તન-મન-ધનથી સેવાનો લાભ લઈ મહારાજને વિશેષ રાજી કરી ધન્યતાનો અનુભવ કરે છે.



પરચા નં.
૨૭.

## અનાદિ મુક્તરાજ દયાળજીભગત લાલજીભગત મનાણી
### ગામ -જામવંથલી, હાલ- પૂના

**મારા** બાપુજી લાલજીબાપા કડિયાકામ કરતા. એમાં ઘણાં મજૂરવર્ગ સ્વામિનારાયણ ધર્મ પાળતાં. અમારો મૂળ ધર્મ રામજી મંદિર ચોરાનો હતો. એટલે બાપા રામ મંદિરે આવતાં-જતાં અને રામ મંદિરનું થોડું ઘણું જે કંઈ થાય એ કામ કરતાં અને એનાં જે પૂજારી હતાં એ વર્ષ દરમિયાનનું ધાન દેવાનું થતું હોય તે બોલાવીને આપી દેતાં અને કારીગરો સ્વામિનારાયણ સંપ્રદાયમાં એટલે બાપાને સહેજે સત્સંગનો યોગ થાય.

એક વખત જામનગર કડિયા કામ કરવાનું થયું અને એ વખતે મહારાજ જામનગર સ્વામિનારાયણ મંદિરમાં હતાં. એટલે આ કારીગર વર્ગ ત્યાં જાય એટલે એનાં ભેગાં લાલજીબાપા પણ જતા અને કારીગર વર્ગ મહારાજ માટે કંઈકને કંઈક લઈ જતાં એટલે બાપા પણ હાર લઈ જતાં. પછી મહારાજ પાસે કંઠી બંધાવી. એમણે બાંધી પછી ઘરમાં બધાને કંઠી બંધાવી. તેથી કુટુંબમાં એવું થયું કે, તે બે બાપ કર્યા. થોડો સમય ચાલ્યું પછી કુટુંબમાં વિરોધ થયો કે, અમારો ધર્મ રાખ કાં એ ધર્મ રાખ અને એ (સ્વામિનારાયણ ધર્મ) રાખવો હોય તો અમારી જોડે તારે વ્યવહાર નહીં. એટલે લાલજીબાપાએ અને આખા ઘરે પછી કંઠી તોડી નાખી. ભગવાન પ્રત્યેનું જે કંઈ હતું કે, ત્યાં પૂરું થઈ ગયું. એ પછી બાપા કુદરતી માંદા પડ્યા. ઘરમાં કમાનાર એ એક જ વ્યક્તિ અને ઘરમાં અમે નાનાં ભણતા હતાં અને હું હજી કામ શીખતો હતો. પૈસા બધું દવામાં જતું રહ્યું, કંઈ બચ્યું નહીં પછી ઉછીના પૈસા લઈ બાપાને સાજા કર્યા. પછી થયું કે, આ મહારાજની કંઠી તોડી નાખી એનો અપરાધ લાગ્યો અને એનું આ પરિણામ છે પણ હવે શું કરવું ? પછી હું (દયાળજી) થોડું ઘણું કામ શીખતો. પછી હું પૂના આવ્યો. ત્યાં મારે મિત્રતાના નામે ઓધવજીભગત સાથે સંબંધ. બીજા કોઈ સાથે સંબંધ નહોતો. મિત્રતાના સંબંધે અમે ભેગાં કામ કરતાં.

એકવાર ઓધવજીભગતે મને કહ્યું કે, દયાળજી અહીં પૂનામાં અમારા મહારાજનું ભક્તમંડળ કાયમ ધૂન-ભજન, સત્સંગ કરે છે, તો તું પણ એમાં આવ. મેં કહ્યું કે, મને શરમ લાગે. તો કહે, આવતો ખરો, તારે ક્યાં કંઈ દેવું-લેવું છે. એમ કરતાં હું કથામાં જતો પણ છેલ્લે બેસતો. મેં શિવપુરાણ, રામાયણ, ભાગવત પહેલા વાંચ્યું હતું. શરૂઆત રામાયણથી કરી હતી તો એમાં આવ્યું હતું કે, નગુરુ ન રહેવું. ભાગવતમાં પણ આ વાત આવી હતી કે,

નગુરાનો કોઈ હાથ નથી પકડતું. તેનો મોક્ષ પણ થતો નથી. પછી મેં ઓધવજીને કહ્યું કે, મારે ગુરુ કરવા છે. તો ઓધવજી મને કહે આપડે છે જ શાસ્ત્રીજી મહારાજ. મેં કહ્યું, મારે એમની પાસે કંઠી નથી બંધાવવી. સમર્થ ગુરુ હોવા જોઈએ. તો મને કહે, આમના જેવો કોઈ સમર્થ નથી. એટલે હું ખૂબ ચિંતામાં કંઠી બંધાવવી કે નહીં. કેમ કે ઘરે તો લાલજીબાપાએ કંઠી તોડાવી નાખી હતી. તો પછી રોજ વિચાર આવે. ત્યાં એકવાર સપનામાં મહારાજના દર્શન થયાં અને આખા સંતમંડળ સહિત (કોઠારી સ્વામી, આત્મસ્વામી, દેવસ્વામી, હેમંતભગત) બધાં જ દેખાયા. અને હું પગે લાગ્યો અને મહારાજને બેસવા માટે મેં ખમીસ પહેર્યું તે કાઢીને પાથર્યું. પછી મહારાજે મારા માથા પર હાથ ફેરવ્યો. ત્યાં સ્વપ્ન પૂરું થઈ ગયું.

મેં ઓધવજીને સવારે વાત કરી અને ત્યારે વેલજી ભગતે મને પૂછ્યું કે, તમને મહારાજનાં દર્શન થયાં ? મને થયું મેં કોઈને કહ્યું નથી આમને કે ખબર ? ત્યારે એ સમય એવો હતો કે કોઈકનો જ દિવસ મહારાજના દર્શન વિનાનો વાંઝ્યો જતો. એ સમયે મહારાજનું એટલું હાજરોહાજર પણું હતું. મને પાક્કું થયું કે મહારાજનાં દર્શન થયાં એટલે હવે કંઠી ત્યાં મહારાજ પાસે જ બંધાવવાની છે. પછી જૂનાગઢ આવીને પૂછ્યું કે, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનો રૂમ ક્યો ? ત્યાં જૂનું બાલમુકુંદભવન હતું ત્યાં હું ગયો અને પગે લાગ્યો. સાંજનો સમય હતો. પછી હું મહારાજ પાસે બેઠો. મહારાજ પાસે કંઠી બંધાવી. મહારાજ કહે, હવે તો હું તારો ગુરુ થયો તો ગુરુદક્ષિણા દેવી જોઈશે. એ વખતે ખિસ્સામાં રૂ.૨૦ નીકળ્યા એ મેં મહારાજને ધર્યા. પછી હું ઘરે આવ્યો. તો ઘરે બધાં કહેવા લાગ્યા કે, આ કંઠીને બધું શું છે ? તો મેં કહ્યું કે, હવે આ બાબતે કોઈએ માથાકૂટ ન કરવી. અને મારી સાથે વ્યવહાર ઠીક પડે તો રાખવો અને ના પડે તો નહીં. તે દિવસથી આજ સુધી કોઈએ આંગળી ન ચીંધી.

એકવાર જૂનાગઢ હું મહારાજને મળવા ગયો ત્યારે મહારાજે પૂછ્યું, કામકાજ કેવું ચાલે છે ? તો કહ્યું કે, ઠીક ચાલે છે. તો મહારાજ કહે, એક કામ કરો બધા એક એક પાવલી સેવા મારી કાઢો. એ પછી એક વખત પૂના મહારાજનો પત્ર આવ્યો કે, પાવલી કાઢો છો તો એક ગીઝર મારા માટે મોકલાવો તો સારું. કોઈએ ગીઝર જોયું નહોતું. મહારાજે પત્રમાં બધું દિવા જેવું લખીને મોકલ્યું હતું કે, અહીં મળે આ દુકાને મળે છે. પછી ગીઝર લાવ્યા ને જૂનાગઢ મોકલાવ્યું. મહારાજનો આશીર્વાદ પત્ર આવ્યો કે, ગીઝરથી રોજ ગરમ પાણીએ નાહીએ છીએ ને આશીર્વાદ આપીએ છીએ. રૂ.૩૦૦નું ગીઝર હતું.

બીજી વખત હું જૂનાગઢ મહારાજના દર્શન કરવા ગયો ત્યારે છડીવાળી મૂર્તિ મહારાજે

આપી કહ્યું કે, આ મૂર્તિનો જેવડો મોટો બ્લોક થાય એવડો કરવાનો છે. આમ મહારાજે આજ્ઞા કરી પણ ત્યારે અમારી પરિસ્થિતિ એવી નબળી હતી કે મનમાં વિચાર આવ્યો કે, ખર્ચો કેમ કરીશું ? ત્યારે અંતર્યામી મહારાજે મને એમ કહ્યું કે, મૂર્તિના બ્લોકનો બધો જ ખર્ચો હું તને આપીશ, પણ તારે આ કાર્યને સારી રીતે પાર પાડવાનું છે. પણ મેં મહારાજને કહ્યું, મહારાજ તમારે પૈસા આપવાની જરૂર નથી. તમે બસ આશીર્વાદ આપો કે, આ કાર્ય નિર્વિઘ્ન સારી રીતે પાર પડી જાય. પછી હું પૂના ગયો ત્યાં મોહનભગત દુબઈથી આવ્યા હતાં, તેમના ઘરે જઈ મેં બધી વાત કરી એટલે તરત મોહનભગતે મને રૂ.૨૦૦૦ આપ્યાં અને તે મેં મૂર્તિના બ્લોક બનાવનારને શરૂઆતમાં આપ્યાં. બ્લોક બનાવનારે કામ શરૂ કર્યું.

મહારાજની એવી ભલામણ હતી કે, મૂર્તિનું કામ સારું થવું જોઈએ. હું રૂપાળો અને તેજસ્વી છું માટે ક્યાંય કોઈ જગ્યાએ કાળાશ કે પડછાયો પણ ન રહેવો જોઈએ તેનું ધ્યાન રાખવું. એટલે એ પ્રમાણે મૂર્તિ બ્લોક બનાવનારે કામ શરૂ કર્યું. કામ પૂર્ણ થયું એટલે તે લઈ હું જૂનાગઢ મહારાજને બતાવવા ગયો. એ જોઈ મહારાજે કહ્યું, કામ સારું છે માટે હવે કામ આગળ વધારો.

પછી છડીવાળી મૂર્તિનું બ્લોકનું કામ પરિપૂર્ણ થયાં બાદ મૂર્તિમાં કોઈ પણ પ્રકારની ઈજા ન થાય તે માટે તેને સારી રીતે પેકિંગ માટે મારી પાસે કોઈ વસ્તુ ન હોવાથી હું વેલજીભગતને ત્યાં ગયો. ત્યાંથી એક સાડી લઈને મૂર્તિને ચારે બાજુ સારી રીતે વીંટીને પેક કરી જૂનાગઢ લઈ ગયો. મહારાજે પોતાના સ્વહસ્તે એ સાડીનું પેકિંગ ખોલી ધ્યાનથી પોતાના સ્વરૂપને નિહાળી ખૂબ રાજી થયા અને મૂર્તિ પર રહેલી એ સાડી મને આપીને એમ કહ્યું કે, કોઈ સાજું-માંદુ થાય તો એને આ પ્રસાદીની સાડી ઓઢાડીશ એટલે એનો રોગ દૂર થઈ જશે. મેં એ સાડી વેલજીભગતને આપીને કહ્યું કે, ભગત આ સાડી મને મહારાજે પરત આપીને આ વચન આપ્યું છે પણ મેં સાડી તમારી પાસેથી લીધી હતી માટે તમને જેમ અનુકૂળ હોય તે કહો. વેલજીભગતે પછી એ સાડી પ્રસાદીરૂપે પોતાની પાસે રાખી લીધી.

એકવાર જૂનાગઢ રાત્રે હું મહારાજનું શરીર દાબી સેવા કરી રહ્યો હતો ત્યારે મહારાજે કહ્યું, દયાળજી જીવનમાં પૈસા તો મળી રહેશે પણ આ પ્રગટ ભગવાનની સેવા મળશે ?

મહારાજે ત્યારે મને સ્વામિનારાયણ ભગવાનની હયાતીમાં થયેલો એક શેખજીનો પ્રસંગ સંભળાવ્યો. એ શેખજી ભગવાનનાં સારા ભક્ત હતાં. તેમની પણ એવી ઈચ્છા હતી

કે, મારે પણ બધે સત્સંગ કરાવવો છે. તેથી શ્રીજી મહારાજે તેમને એક છડી આપી જેમાં કોઈ પણ જીવાત્માને સમાધિ કરાવવાની અને સમાધિમાંથી જગાડવાનું અદ્‌ભૂત ઐશ્વર્ય હતું. પછી તો એ છડી લઈ શેખજી ગામે ગામ ફરતા અને ભગવાનની વાતો કરી સત્સંગ કરાવી છડી અડાડી કેટલાંય જીવાત્માને સમાધિ કરાવતાં જેથી બહુ મોટો સમાજ ધીમે ધીમે શેખજી તરફ આકર્ષાવા લાગ્યો. શેખજીને વિશેષ માન-સન્માન મળવાથી તેમને એવું અભિમાન આવ્યું કે, હું જ સહજાનંદ સ્વામી છું અને મારી આ છડીના પ્રતાપે બધું થઈ રહ્યું છે.

થોડા સમય બાદ શ્રીજી મહારાજને આ વાતની જાણ થઈ જેથી એમણે વિચાર્યું કે, શેખજીને કોઈ પણ પ્રકારે હવે અટકાવવાં પડશે. એટલે શ્રીજી મહારાજ શેખજી જે ગામમાં હતા તે ગામમાં ગયાં. ઘણાં સંતો, પાર્ષદો, હરિભક્તો શ્રીજી મહારાજની સાથે હતાં. શ્રીજી મહારાજે શેખજી પાસે જઈ કહ્યું, શેખજી અમારી પ્રસાદીની ઐશ્વર્યવાળી છડીનાં પ્રતાપે તમે ઘણાંને સમાધિ કરાવી. શું અમને પણ સમાધિ કરાવી શકો ? શેખજીએ કહ્યું, હા મહારાજ હું તમને પણ આ છડીના ઐશ્વર્યથી સમાધિ કરાવી શકું. એમ કહી જ્યાં છડી શ્રીજી મહારાજને અડાડી એટલે તરત જ શ્રીજી મહારાજે છડીનું બધું જ ઐશ્વર્ય ખેંચી લીધું પછી તો છડી માત્ર છડી જ રહી ગઈ.

શેખજીએ જોયું મહારાજને સમાધિ ન થઈ તેથી છડીનું ઐશ્વર્ય હવે રહ્યું નથી. તેથી ગભરાઈને શ્રીજી મહારાજના પગ પકડીને ખૂબ જ રડવા લાગ્યાં અને પોતાની ભૂલ સ્વીકારતા કહેવા લાગ્યા કે, મહારાજ હું ભાન ભૂલ્યો મને અભિમાન પણ આવ્યું અને હું ભગવાન થઈ પૂજાવા ગયો એ મારી ભૂલનો સ્વીકાર કરું છું. તમે પરમકૃપાળુ છો માટે મને ક્ષમા કરો.

આ સાંભળી શ્રીજી મહારાજે શેખજીને કહ્યું, સાંભળો તમને હવે સત્સંગનો ખપ હોય તો જ આ સત્સંગમાં રહીને અમારી સેવા-પૂજા-ભક્તિ કરજો. અમે પરમકૃપાળુ છીએ માટે જ તમારી ભૂલોને ક્ષમા કરી અંતે તમને ધામમાં પણ તેડી જઈશું.

આ ચરિત્ર સંભળાવીને મહારાજે મને કહ્યું કે, દયાળજી અમે કૃપા કરીને કોઈને ઐશ્વર્ય આપ્યું હોય પણ જો એ મુક્ત મારા આપેલા ઐશ્વર્યનો દૂરઉપયોગ કરે, અભિમાન કરે કે, ભગવાન થઈને પૂજાવા જાય તો પછી અમે કુરાજી થઈને ઐશ્વર્ય પાછું ખેંચી લઈએ છીએ. માટે સમજણથી જીવનમાં આવી ભૂલ કોઈએ પણ ક્યારેય ન કરવી જોઈએ.

બીજી એક આજ્ઞા મહારાજે ગળામાં કંઠીમાં પહેરી શકાય તેવી નાની મૂર્તિ બનાવવાની

કરી અને એમ કહ્યું કે, નાની મૂર્તિમાં પણ મારી બધી જ ડિગ્રીઓ આવી જાય તેવી રીતે મૂર્તિ બનાવવાની છે. આ વાત સાંભળી મેં મહારાજને કહ્યું, મહારાજ આટલી નાની મૂર્તિ બનાવવાની અને તેમાં તમારી બધી ડિગ્રીઓ સમાવવી એ ઘણું અઘરું કામ છે. મૂર્તિમાં ડિગ્રીઓ ઓછી કરી નાખીએ તો થોડું તમારાં સ્વરૂપનું દર્શન થાય અને થોડું મોટું દેખાય તો સારું રહે. તો મહારાજ કહે, દયાળજી ઘણી મહેનતે આ ડિગ્રીઓ મેં મેળવી છે. ઘણાં લોકોને તો એક ડિગ્રી મેળવતાં મેળવતાં આખી જિંદગી ચાલી જાય છે. માટે ડિગ્રી તો એક પણ ઓછી કરવાની જ નથી. એમ કહી મહારાજે લંડનનાં મ્યુઝિયમમાં રહેલ ચોખામાં કોઈ કારીગરે શ્રીમદ્ ભાગવત ગીતાનો શ્લોક કંડાર્યો છે. તેની વાત કરતાં એમ કહ્યું કે, કારીગર ધારે તો બધું જ કરી શકે. માટે તમે મેં કહ્યું એ પ્રમાણે મૂર્તિ બનાવડાવજો. ક્યારેક કોઈ વિદ્વાન વ્યક્તિ એવી નાની મૂર્તિને જોશે તો બિલોરી કાચ લઈને પણ મૂર્તિને નિહાળશે તો મારી મૂર્તિ સહિત તેને ડિગ્રીનાં દર્શનનો લાભ મળશે.

અમે એકવાર દુબઈમાં પૂનમનાં દિવસે દરિયાકાંઠે નાહવા ગયા. ત્યાં તો કાયમ ઘણાં લોકો ન્હાતા હોય પછી પૂનમનો દિવસ હોવાથી દરિયામાં પાણી ઉતરતું હતું એનો અમને ખ્યાલ ન રહ્યો. અમે બંને જણાં લાકડાના ત્રાપા પર બેસીને ન્હાતા હતાં. પાણી ખેંચાવાનાં કારણે એ લાકડાનો ત્રાપો મારાથી છટકી ગયો પણ અમને તરતાં આવડતું હોવાથી દરિયાકિનારે રહેલી એક પથ્થરની પાળ પકડીને બચી ગયાં. આ રીતે મહારાજે કાળમાંથી અમારી રક્ષા કરી.

ત્યારબાદ થોડાં દિવસ પછી હું સાઈડ પર કામ કરતો હતો. ત્યાં પાણી ભરવાની એક મોટી નાલી મને લમણામાં બહુ જોરથી વાગવાથી મારાથી તરત જ નીચે બેસાઈ ગયું. એક ભાઈએ આવી મને પૂછ્યું કે શું થયું ? મેં કહ્યું કે, આ નાલી થોડી વાગી ગઈ છે પણ સારું થઈ જશે. પછી કામ પરથી હું બપોરે જમવાના સમયે ઘરે ગયો ને જમતી વખતે મારું મોઢું ખુલે નહિ માટે મેં મોઢામાં આયોડેક્સ લગાવી અને માંડ માંડ સહેજ આંગળી રાખીને દૂધ- કેળાં જમતો. પછી ધીમે ધીમે થોડાં દિવસમાં મટી ગયું પછી ઘણાં સમય પછી હું જૂનાગઢ દર્શન કરવા ગયો. ત્યારે મહારાજની ચરણસેવા કરતો હતો તો મહારાજ બોલ્યા દયાળજી ઘણાં સમયથી મને લમણામાં બહું દુઃખે છે. મેં કહ્યું, મહારાજ તમે ભગવાન છો તો તમને કેમ દુઃખે ? ત્યારે મહારાજે કહ્યું કે, તું યાદ કર. તો તરત જ મને જે નાલીનો લમણામાં મોટો ઘા વાગ્યો હતો તે યાદ આવી ગયો. ત્યારે મને એમ થયું કે, કેવો જબરો એ ઘા હશે જે

મહારાજે ઝીલી લીધો અને મને થોડી જ ઈજામાંથી ઉગારી લીધો અને મારાથી આઠ દિવસ સુધી ખવાયું-પીવાયું ન હોવા છતાં પણ હું બચી ગયો. આ રીતે મહારાજે મારી રક્ષા કરી નવું જીવન આપ્યું હતું.

એકવાર અમે દુબઈ જતાં હતાં. પ્લેનમાં બેઠાં અને એક કલાકમાં તો પ્લેનમાં એવી જાહેરાત થઈ કે, પ્લેનમાં આગ લાગવાની સંભાવના હોવાથી બધા પોતપોતાના ભગવાનને યાદ કરી લે. આ સાંભળતા જ મને ખૂબ જ ડર લાગ્યો અને એવો વિચાર થવા લાગ્યો કે, અત્યારે આપણે પૃથ્વી પર નથી અને અધવચ્ચે આવી રીતે જો આ વિમાનમાં આગ લાગવાથી મૃત્યુ આવશે તો તો ભૂત થવાશે. એમ વિચારી હૃદયથી મહારાજનું સ્મરણ કરી પ્રાર્થના કરી કે, હે ! મહારાજ અમારું રક્ષણ કરજો અને સાથે આ પ્લેનમાં રહેલા બધાં મુસાફરોનું પણ રક્ષણ કરજો. આંખો બંધ કરી મહારાજની મૂર્તિનું સ્મરણ કરી સતત મહારાજને પ્રાર્થના કરી ત્યાં તો થોડીવારમાં જ પ્લેનમાં ફરી એનાઉન્સ થયું કે, હવે આપણે સૌ ખતરાથી બહાર છીએ. પછી તો શાંતિથી અમે દુબઈ પહોંચ્યા અને પહોંચીને તરત મહારાજને જૂનાગઢ પત્ર લખ્યો કે, મહારાજ આવી રીતે વિમાનમાં દુર્ઘટના ઘટવાની હોવાથી અમારી સાથે પ્લેનમાં રહેલા મુસાફરોનું પણ રક્ષણ થયું.

સમય જતાં જૂનાગઢ ફરી દર્શન કરવા જવાનું થયું ત્યારે મહારાજે કહ્યું કે, દયાળજી તમે છડીવાળી મૂર્તિનું કાર્ય ખૂબ જ સરસ કર્યું હવે કથા વાંચતી મારી વ્યાસપીઠ રૂપ મારી મૂર્તિના બ્લોકનું કાર્ય પણ તમારે કરવાનું છે તે કાર્ય પણ મહારાજનાં આશીર્વાદ અને કૃપાથી કરીને મહારાજને અર્પણ કર્યું. ત્યારે મહારાજે રાજી થઈ એવાં આશિર્વાદ આપ્યા કે, જાવ તમે મારી બંને મૂર્તિનાં બ્લોકનું કાર્ય કર્યું તેથી તમારે ત્યાં બે દિકરાનો જન્મ થશે અને સમય જતાં મહારાજનાં આશિર્વાદથી મારે ત્યાં બે સુપુત્રોનો જન્મ પણ થયો.

જૂનાગઢ જ્યારે પણ મહારાજનાં દર્શન કરવા જવાનું થતું ત્યારે મહારાજ રાજી થઈને કંઈકને કંઈક પ્રસાદીની વસ્તુ આપતાં. જે બધી જ પ્રસાદીની વસ્તુ ખૂબ જ સાચવી હું મારી પેટીમાં રાખતો. મને ઘણીવાર મહારાજનાં સ્વપ્નમાં પણ દર્શન થતાં. મહારાજ પત્રો દ્વારા આશિર્વાદ આપી સંભાળ રાખતા.

જૂનાગઢ એકવાર મહારાજે મને સામેથી કહ્યું કે, કાલે સવારે તારે મને નવડાવીને પૂજા કરવાની છે માટે મને નવડાવવા માટે સાબુ, તેલ, અત્તર આ બધી જ વસ્તુની ખરીદી કરી

આવ. પછી મહારાજની આજ્ઞા મુજબ હું બજારમાંથી એ વસ્તુની ખરીદી કરવા બજારમાં ગયો અને મેં મહારાજ માટે હાર પણ બનાવડાવ્યો પણ ઉતાવળમાં એ હારનું પડીકું હું દુકાન બહાર બાંકડા પર ભૂલી ગયો. મંદિરે મહારાજના રૂમમાં પહોંચી બધી જ વસ્તુ મહારાજ પાસે મૂકી ત્યાં મહારાજે પૂછ્યું કે, આમાં હાર ક્યાં છે ? ત્યાં મને યાદ આવ્યું કે, મહારાજ હાર તો હું દુકાન બહાર બાંકડે ભૂલી આવ્યો છું. મહારાજ કહે ત્યાં પાછા જાવ. હાર ત્યાં રાહ જુએ છે. હું મદિર બહાર નીકળ્યો પણ મને હારવાળાની દુકાનનો રસ્તાનો ખ્યાલ ન હોવાથી હું ચિંતામાં હતો. ત્યાં તો અચાનક એક રિક્ષાવાળાએ આવી પૂછ્યું, ક્યાં જવું છે ? મેં એને કહ્યું કે, હું એક હારવાળાની દુકાન શોધી રહ્યો છું. તો એણે મને કહ્યું કે, થોડા દૂર ઘણી દુકાનો છે. તમે રિક્ષામાં બેસી જાવ અને એ રિક્ષાવાળો મને એ જ હારવાળાની દુકાન પાસે લઈ ગયો. દુકાનવાળો મને જોઈ કહે અરે ભાઈ તમે હાર ભૂલી ગયાં હું ક્યારનો તમારી રાહ જોતો હતો. પછી તે હાર લઈ હું મંદિરે પાછો આવ્યો.

રિક્ષાવાળાને મેં પૂછ્યું - ભાઈ મારે કેટલા રૂપિયા આપવાના ? તો રિક્ષાવાળાએ મારી પાસેથી એક પણ રૂપિયો ના લીધો અને મારી સામે જોઈ હસીને જતો રહ્યો. પછી હું મંદિરે ગયો ત્યાં વેલજીભગત મળ્યાં એમણે મને કહ્યુ કે, મહારાજ માટે લીલા નારિયેળ પણ બજારમાંથી લઈ આવીએ. તો મેં કહ્યું કે, મહારાજનાં રૂમના એક ખૂણામાં નાળિયેર તો ઘણાં પડ્યાં છે. પણ છતાં તમારી ઈચ્છા છે તો ચાલો બજારમાં. પછી મહારાજ માટે લીલા નાળિયેર સાથે તરબૂચ અને દ્રાક્ષ પણ લીધી. આ બધું લઈ અમે મહારાજ પાસે ગયાં. મહારાજને અર્પણ કર્યું એટલે મહારાજે હેમંતભગતને બોલાવી એ નાળિયેરમાંથી પાણી કઢાવી અમે બધાએ પીધું પછી તરબૂચ સુધાર્યું. એ પણ પ્રથમ મહારાજ થોડું જમ્યાં અને અમને પણ પ્રસાદી આપી પછી દ્રાક્ષ લઈ અને જૂના બાલમુકુંદ ભવનની બહાર જ્યાં એક મોટો લાકડાનો પલંગ રહેતો ત્યાં અમે બધાં જઈ બેઠાં અને દ્રાક્ષ જમતા હતાં. એટલે તરત જ મહારાજે કહ્યું કે, જમવામાં થોડી ઝડપ રાખો એટલે તરત જ હેમંતભગતે મહારાજને પૂછ્યું કે, કેમ મહારાજ ઝડપ રાખીએ ? તો મહારાજ કહે, અત્યારે આપણે આ જાહેરમાં જમીએ છીએ. અહીંથી કોઈ પણ નીકળે તો આપણે એને આવકારો આપીને સાથે જમાડવા પડે. બીજા નંબરે એ ભગવાનનાં દર્શન કરવા મંદિરમાં આવ્યો હોય અને ભગવાન માટે કાંઈ પણ ન લાવ્યો હોય અને કાંઈ ભગવાનનું કે મંદિરનું જમે તો ઋણ ચડે અને ભગવાનનું ઋણ ઘણું ભારે. આમ મહારાજ સમજાવતાં હતાં.

ત્યાં તો અચાનક જ એક ભગત ત્યાં આવ્યા. મહારાજને પગે લાગ્યા કે, મહારાજે આવકાર આપી કહ્યું કે, લ્યો આ ઠાકોરજીની પ્રસાદી જમો. પછી મહારાજે પૂછ્યું કે, શું પધાર્યા ? કોઈ કામકાજ ? તો એ ભગતે મહારાજને કહ્યું કે, મહારાજ થોડાં દિવસ પહેલાં મોટરસાયકલ પરથી હું પડી ગયો હતો, શરીરમાં ખૂબ દુઃખાવો રહે છે. તમે આશિર્વાદ આપો તો કંઈક સારું થાય. એટલે તરત મહારાજે એ ભગતને કહ્યું કે, તમે ભાઈઓમાં વ્યવહાર સંભાળો છો તેમાં તમારાથી વ્યવહારમાં ખોટું કાર્ય થયું છે તે પાપે કરીને તમારે આ દુઃખ આવ્યું છે. એ દુઃખનું નિવારણ તો એ જ છે કે, તમે જેટલું ખોટું કર્યું છે તેનાથી ત્રણ ગણું તમે ભગવાનની સેવાનાં અર્થ નાણું વાપરો તો જ તમારું આ દુઃખ દૂર થાય. પછી તો એ ભગતે રૂ.૧૧ મહારાજને ચરણે ધર્યા ને પોતાની ભૂલની ક્ષમા માંગી આશિર્વાદ લઈ મંદિરમાં દર્શનાર્થે ગયાં. આવી રીતે જ અમારી નજર સામે મહારાજે જે વાત કરી તે અમે પ્રત્યક્ષ નિહાળી.

ઘણાં સમય પછી જ્યારે નવા બાલમુકુંદ ભવનનું કામ શરૂ થયું ત્યારે હું ને મારા મિત્ર ઓધવજીભગત સેવા કરવા માટે રોકાયા હતાં. ત્યારે અમે એવું વિચાર્યું હતું કે, બે જણાં કામે આવ્યા છીએ તો બેમાંથી એક જણાંએ પગાર લેવો. પછી એક મહિનો કામ પૂરું કરી જ્યારે ઘેર જવાનો સમય થયો ત્યારે મહારાજે ઓધવજીભગતને પોતાની પાસે બોલાવીને કહ્યું કે, બાપનું કામ હોય ત્યાં દિકરો પગાર માંગે ? તો ઓધવજીભગતે કહ્યું કે, ના મહારાજ ના માંગે. પછી મહારાજે કહ્યું કે, કોઠારી સ્વયંપ્રકાશસ્વામી પગાર આપે તો પણ પગાર લેશો નહીં. પછી મહારાજે સમજાવતાં કહ્યું કે, કોઈનાં બધા દિવસ એક સરખાં રહેતાં નથી. પૈસા ઉછીના લઈને પણ ઘર ચલાવજો. પણ મારા કામકાજનાં પૈસા લેશો નહીં એટલે અમે મહારાજની આજ્ઞા માની એક પણ રૂપિયો લીધા વગર ઘરે ગયાં ત્યાં તો અમને મહારાજના આશિર્વાદથી એવું મોટું કામ મળી ગયું કે એમાં અમે ત્રણ મહિના કામકાજ કર્યું તો મહારાજે ૧૨ મહિનાના રોટલાની કમાણી આપી દીધી.

મારે દુબઈ જવાનું થયું ત્યારે મહારાજે મને કહ્યું કે, તે ઉપર એક મારું ભગવું વસ્ત્ર કેમ નથી પહેર્યું ? મહારાજે મને કહ્યું કે, મેં તમને મારા સાધુ બનાવ્યા છે માટે પતિ-પત્ની બંનેએ એક એક ભગવું વસ્ત્ર જરૂર પહેરવું એ મારું રક્ષાકવચ છે. મોટાં કાળ અને ભય થકી રક્ષણ કરનાર છે અને મારી પંચધાતુની લાલજીમહારાજની મૂર્તિ ઘરે વસાવીને પૂજા પણ કરવી, આ અમારી આજ્ઞા છે.

જ્યારે ફુલવાડી મંદિરનું કાર્ય શરૂ કર્યું હતું અને મૂર્તિનું પણ કાર્ય કરવાનું હતું ત્યારે પૈસાની ખૂબ જ જરૂર હોવાથી હું, કરશનબાપા, હીરાબાપા, કેશવજી હરિ, ગોહેલ ભગત બધા ભેગા મળી જૂનાગઢ મહારાજને મળવા ગયાં. મહારાજનાં રૂમમાં દર્શન કરી બધી જ વિગતવાર વાત કરી ત્યારે મહારાજે કહ્યું, મેં દુબઈ મોકલેલાં ભક્તો પાસે પૈસા નથી એ વાત ખોટી. મેં પૈસા આપેલાં છે અને હું જોઉં છું પણ હાલમાં ફુલવાડીને સેવાની જરૂર છે તો ઘણાં ભક્તોએ સેવા કરવાની જગ્યાએ વંથલી રાજકોટ પ્લોટ લેવાનાં શરૂ કરી દીધાં છે એ પણ જોઉં છું માટે તમે બધાં મળી ફુલવાડી મંદિર અને મૂર્તિ માટે ભક્તોને સેવા માટે ભલામણ કરો. મારી પાસે જૂનાગઢ રૂપિયા છે નહીં માટે હું કંઈ આપી શકીશ નહીં. એમ મહારાજે કહ્યું. પછી અમે બધાં ભક્તોને મહારાજે કહેલી વાત સમજાવી. પછી ઘણાં ભક્તોએ મહારાજની આજ્ઞા પાળી ફરી સેવાનો લાભ લઈ મહારાજને વિશેષ રાજી કર્યા.

તે દિવસથી જીવનમાં એક એવો નિયમ લઈ લીધો કે, ભગવાનની સેવામાં ક્યારેય પણ ખોટું ચલાવી લેવું નહીં એમાં મહારાજ રાજી નથી. મંદિરમાં ક્યારેય પણ આપણાંથી કોઈને દુઃખ લાગે કે કોઈનું દિલ દુભાય તેવાં વાણી-વર્તન ન રાખવા. જેટલી થાય એટલી નિઃસ્વાર્થ સેવા કરવી અને સેવા ન થાય તો ત્યાંથી હટી જવુ પણ ભગવાન અને તેમના સંતો-મુક્તો ક્યારેય કુરાજી થાય તેવું ક્યારેય આપણાં જીવનમાં ન થવું જોઈએ. એ મહારાજની આજ્ઞાનું, સેવાનું અને ઉપાસનાનું અમે કાયમ અનુસંધાન રાખ્યું છે. આમ અમારું ભાગવત કુટુંબ, મારા બંને દીકરા અને પરિવારના સૌ મહારાજની વિશેષ સેવા-ભક્તિ દ્વારા ધર્મમય જીવન વ્યતિત કરીને પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણને રાજી કરી ધન્યભાગી થયા છીએ.

હાલમાં કુંકાવાવ તિર્થની આ પવિત્ર ભૂમિ પર મહારાજનાં સંકલ્પનાં આ બ્રહ્મપેલેસ મંદિરમાં મહારાજની કૃપા અને ઈચ્છાથી વર્ષો સુધી મહારાજની સેવાનું જે અમને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે. તેથી અમે ધન્ય ધન્ય થયાં છીએ. સેવા અને ભક્તિ કરી મહારાજની સાથે ભક્તોને પણ રાજી રાખી અમારાં જીવાત્માનું મોક્ષ માર્ગ સુગમ કરી રહ્યાં છીએ.



પરચા નં.
૨૮.

## અનાદિ મુક્તરાજ વિશ્રામભગત ભીમજીભગત હાલાઈ
### ગામ - દહીંસરા-કચ્છ

**કચ્છ** દહીંસરા નિવાસી અનાદિ મુક્તરાજ વિશ્રામભગત શ્રી સ્વામિનારાયણ ભગવાનની એક નિષ્ઠાથી ભક્તિ કરી પોતાનું જીવન પસાર કરી રહ્યા હતા. તેમને શ્રી સ્વામિનારાયણ ભગવાનનું જ્ઞાન અને મહિમા બહુ જ હતો. તેમના મનમાં સદા શ્રી સ્વામિનારાયણ ભગવાનને હાલતા-ચાલતા પ્રત્યક્ષ દર્શન કરવાની અને શ્રી સ્વામિનારાયણ ભગવાનને જેમ પાંચસો પરમહંસો અને બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી જેવા સંતોએ ભગવાનને ઓળખી રાજી કર્યા તેમ વિશ્રામભગતને પણ તેમજ ભગવાનને મળવા અને રાજી કરવાની તાલાવેલી લાગી હતી. જેથી જીવનમાં રોજિંદા કામકાજ પૂર્ણ કરીને શાસ્ત્રોનું ચિત્તમાં ચિંતવન કર્યા કરતાં હતાં. ભગવાનને દરેક ભક્તો-મુમુક્ષો-જીવાત્માઓને તેની ભક્તિનું ફળ-કર્મનું ફળ ક્યાં અને ક્યારે આપવું તે ભગાવનને બધી નજર હોય છે. તેમ વિશ્રામભગતને આ ફળ મળવાનું હશે. જેથી તેને વિદેશ મસ્કતમાં કમાવા અર્થે જવાનું થયું. ત્યાં પોતાના સ્વામિનારાયણ ધર્મમાં જીવન વિતાવતાં ભક્તિ કર્યા કરતાં હતા.

હવે એક દિવસ દેશમાંથી ભકતો મસ્કત આવ્યા અને આ વિશ્રામભગતની કંપનીમાં જ અને તેમાંય વળી ભગવાનની ઈચ્છાથી આ વિશ્રામભગતના રૂમો હતા તેજ ચાલીમાં ઉતારા મળ્યા. એટલે વિશ્રામભગતે આ નવા આવેલા હરિભક્તોનો ચાંદલો જોઈ જય સ્વામિનારાયણ કહ્યા. કાંઈ જરૂરત હોય તો જણાવવા કહ્યું. ત્યાં ભકતોએ ટેબલની માંગણી કરી. પોતાના રૂમમાંથી ટેબલ-રૂમાલ લઈ આપ્યા. ભક્તોને નહાવાની વ્યવસ્થા કરી. અગિયારસનો દિવસ હોવાથી થોડું ઘણું ફરાળ અને ફ્રુટની વ્યવસ્થા કરી. આમ થોડી ઘણી પ્રગટ ભગવાનના ભક્તોની સેવા થઈ ગઈ જેથી પ્રગટ ભગવાનના ભક્તો રાજી થયા. ભગતે જે ટેબલ આપ્યું હતું તેના ઉપર રૂમાલ બીછાવી પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની ચિન્હવાળી મૂર્તિ પધરાવી અને ભગવાને મૂર્તિમાંથી વિશ્રામભગત ઉપર મહારાજે કૃપા દૃષ્ટિ કરી. જેના ફળ સ્વરૂપ વિશ્રામભગતને આ ચિન્હવાળી મૂર્તિમાં ખેંચાણ થવા લાગ્યું. એટલે વિશ્રામભગતે આ ચિન્હવાળી મૂર્તિ કોની છે અને હાલ ક્યાં છે ? તે પુછ્યું. પછી નિત્યક્રમથી પરવારી ફળ, ફ્રુટ, ફરાળ કરી અને નિરાંતે બેઠા અને માંડીને શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શાસ્ત્રીજી મહારાજ સર્વરીતે સર્વોપરી છે. આમ સત્સંગ થયો. આ

ચિન્હ-ચરિત્રવાળા સ્વયં પરનારાયણ છે. આ જ હાલતા ચાલતા સ્વામિનારાયણ ભગવાન છે એમ નિશ્ચય થયો. વિશ્રામભગતને પ્રથમ પૂજય અનાદિ મુકતરાજ ભગવાનજી રાજા જાવિયા થકી મહારાજની પરિપુર્ણ ઓળખાણ થઈ હતી માટે તે તેમને ગુરૂ સ્થાને માનતા.

આ રીતે તેમને ભગવાનને મળવાનો સંકલ્પ થયો. આ ભગવાન ને કેમ મળવું તે પણ રીત આ પ્રગટ ભગવાનના ભક્તોએ બતાવ્યું કે અત્યારે અહીં વિદેશમાં સમયાનુસાર પત્ર દ્વારા મહારાજને મળી શકાય. આ વાત સાંભળતા જ મહારાજને પત્ર લખવાનો નિશ્ચય કર્યો અને ભગવાનને ક્યા પ્રકારે રાજી કરવા તે પણ ભગાવનજી ભગતે જ શીખવાડ્યું. આમ પ્રગટના ભક્તો અને વિશ્રામભગતનો સત્સંગ દરરોજ થવા લાગ્યો જેથી ભગવાનની સેવા-ઉપાસના-મજબૂતાઈથી થવા લાગી. જીવમાં આનંદ વર્તાવા લાગ્યો. આમ ભજન થવા લાગ્યું.

જે જે ભગવાનને ઓળખે છે તેની ભગવાન રક્ષા કરે છે. એક વખત દહીસરામાં મોટો યજ્ઞ હતો. ત્યારે આ યજ્ઞમાં વ્યવસ્થા કરવા એક મકાન બે માળનું તેના ઉપર પાણીની ટાંકી ચઢાવવાની હતી ત્યારે ટાંકી બે ફૂટ જ ચઢાવવાની બાકી હતી ત્યારે રસા-દોરડા તૂટ્યા, ટાંકી નીચે આવે અને નીચે ભગત બેઠા હતા. જો ટાંકી નીચે આવે તો ભગત ઉપર પડે. તે દોરડા તૂટ્યા છતાં પ્રગટ ભગવાને આવી ટાંકીને હાથ અડાડ્યો અને ટાંકી તેના સ્થાને બેસી ગઈ. આમ ભગવાને ભગતની રક્ષા કરી છે.

એક વખત ભગતની દીકરી બહાર શેરીમાં રમી રહી હતી. ત્યારે ચોમાસામાં વરસાદને કારણે લોખંડના ઈલેક્ટ્રિકના થાંભલામાં અર્થિંગ શોટ થવાથી થાંભલામાં ઈલેક્ટ્રિક પાવર હતો ત્યારે ભગતની દીકરી રમતા રમતા આ થાંભલાને અડતા થાંભલા સાથે ચોંટી ગઈ. હવે આને બચાવવા તેના મમ્મીએ દીકરીને પકડી તો તે પણ ચોંટી ગયા. અંતર્યામી ભગવાને પોતાની દિવ્ય કળા વાપરીને દીકરીની અને તેના મમ્મીની રક્ષા કરી લીધી અને પછી વિશ્રામભગતને મહારાજે પત્ર લખ્યો કે, તમારા કુટુંબની રક્ષા કરી છે. ભગત દેશમાં આવ્યા ત્યારે ખબર પડી કે ઈલેક્ટ્રિક શોટમાં દીકરીની રક્ષા થઈ છે. આમ ભગવાન ભક્તોના રક્ષક તેમજ પોષક પણ છે.

ઘણાં ભક્તો વિશ્રામભગતને માનથી ગુરૂ કહીને બોલાવતા. કારણ કે ભગત જે ભક્તો જિજ્ઞાસું હોય તેને તેની સાથે અંગત ઝીણવટ ભર્યો સત્સંગ કરતા અને જિજ્ઞાસુના મનમાં પ્રગટ ભગવાનની સ્થાપના કરતા. આમ સત્સંગ એ જ એનું જીવન હતું. જ્યારે

જ્યારે દેશમાં આવતા ત્યારે ત્યારે જૂનાગઢ મહારાજ પાસે દર્શન કરવા, સેવા કરવા, રાજી કરવા જતા અને ભગવાનને રાજી કરતા, ભગવાન પણ રાજી થઈ પ્રસાદીની વસ્તુ આપતા.

વિદેશમાં સત્સંગ કરતા તેમાં મુખ્યત્વે જીરાગઢના કિશોરભગત ગોહિલ બીજા રોહીશાળાના કિશોરભગત તથા આંધ્રપ્રદેશના નારણભગત તેઓને કથાવાર્તા દ્વારા પ્રગટ ભગવાનના આશ્રિત કર્યા અને પ્રગટ ભગવાનનો રાજીપો અપાવ્યો છે. જે ભક્તો આજે સેવા કરી રહ્યા છે. બીજા જીવોના કલ્યાણ કરવા સત્સંગ કરે છે અને કરાવી રહ્યા છે. જે જે જીવાત્માઓ પ્રગટ ભગવાનના ભક્તોનો ગુણ લ્યે છે, તેનો સત્સંગ કરે છે તે તે ભગવાનના ભક્ત થઈ મુક્ત બની જાય છે. એટલે જ તો લખાયું કે લોઢાને પારસમણીનો સંગ થઈ જાય તો લોઢું સોનું બની જાય છે. હાલમાં આ પ્રગટ ભગવાનના સત્સંગમાં મોટા મોટા યોગીઓ ઈશ્વરો-અવતારો-સિદ્ધો સત્સંગમાં વિચરી રહ્યા છે.

એકવખત અમે મહારાજના દર્શન કરવા ગયા ત્યારે મહારાજે પોતાનું પેટ ચોળવા કહ્યું, ત્યારે મે બે હાથથી પેટને દબાવ્યું તો જેમ ફુગ્ગાને બે બાજુ દબાવતા બંને હાથ ભેગા થઈ જાય તેમ મારા બંને હાથ ભેગા થઈ ગયા. આ પ્રસંગથી મહારાજે જણાવ્યું કે, આ અમારું શરીર હાડમાંસનું ન સમજવું. આ દેહ દિવ્ય છે એમ સમજીને મળ્યા ભગવાન મેલવા નહીં, મળ્યા છે તે પાર છે અક્ષરથી. આમ ભગવાન દિવ્ય લીલાઓ કરી નીજ ભક્તોને ઉપદેશ આપી સમજણ આપી બ્રહ્મસ્થિતિ દૃઢ મજબૂત કરાવતા. આવા પ્રગટ ભગવાન દયાળું છે.

ભગવાનજી ભગતે મહારાજને પત્ર દ્વારા જણાવ્યું હતું કે, આ કચ્છી વિશ્રામભગતનો મેળાપ થયો છે અને સત્સંગી સારા છે. તેઓ દેશમાં દર્શને આવે ત્યારે પ્રસાદીની વસ્તુઓ- મોજડી, સાબુ, ગંજીયું, દાતણ, નખ, પાણી, સાકર, કંઠી-માળા, ધોતિયું, પ્રગટ ભગવાનના ફોટાઓ- શિક્ષાપત્રી- અખીલ ભૂમંડલીય- સુખડની માળા, ગુલાબહાર, કંકુ-ચંદન વગેરે તેમને રાજી થઈ આપજો. તે પ્રમાણે જ્યારે વિશ્રામભગત મહારાજના દર્શન કરવા ગયા ત્યારે તે બધી વસ્તુઓ પ્રસાદીની મહારાજે વિશ્રામભગતને આપી છે. વિશ્રામભગત બહુ જ રાજી થયા છે. ભગવાનને નવરાવવા, ચરણસેવા, આરતી પૂજા કરી છે. દિક્ષા મંત્ર લીધો છે અને ભગવાનને રાજી કર્યાં છે. આમ મહારાજે વળતા પત્રમાં ભગવાનજી ભગતને લખ્યું કે, તમારા જણાવ્યા મુજબ સર્વ પ્રસાદીની વસ્તુઓ આપી છે અને વિશ્રામભગત તે એક પૂરા ભગત છે એમ જણાવ્યું.આમ મસ્કતમાં ભગવાનજીભગત, કેશવજીભગત, પરષોત્તમભગત, જગજીવનભગત, રતિલાલભગત તેમજ અન્ય મોટાં ભક્તો સાથે સભા-

સત્સંગ, સેવા, ઉપાસનાની સમજણ પ્રાપ્ત કરી હતી.

હવે તો વિશ્રામભગત શરણાગતિમાં મજબૂતાઈથી ભક્તિ કરે છે અને બીજી ટર્મમાં તેઓ દુબઈ ગયા છે ત્યાં પ્રગટના ભક્તોનો મોટો સમૂહ છે. બધા મળીને એકબીજાના સહારે સેવાઓ ખૂબ જ કરે છે. દુબઈમાં ભક્તો એકતાનથી, સંપથી ભક્તિ કરતાં આનંદ કરે છે. મહારાજને રાજી કરવા મોટા પ્રકારની સેવાઓ કરે છે અને મહારાજના લખેલ પત્રમાં જે ઉપદેશના શબ્દો તેના ઉકેલ આ વિશ્રામભગત કરતા અને ભક્તોને સમજાવતા કે મહારાજ શું કહેવા માંગે છે.

વશરામભગત પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણના પરમ ઉપાસક, એકાંતિક પ્રગટને વ્હાલા ભક્ત શ્રીહરિ શરણાગતિ મંડળમાં પ્રગટની ભક્તિ ભજન કરી, કરાવી પોતે જાતે સેવા કરી, સેવા કરાવી અસંખ્ય જીવોને પ્રગટની ઓળખાણ આપી. મંત્ર, દિક્ષા શરણાગતિ આપી. ઘણાં જીવોને પ્રગટભક્તિના માર્ગે ચડાવી પ્રગટ ભગવાનના ભક્ત બનાવ્યા છે. આવા વહાલા મંડળમાં ગુરૂ સમાન એક વડીલજન પરમ આદરણીય અનાદિ મુક્તરાજ છે.

કચ્છના વશરામ ભગતનો પરિવાર, ભાઈઓનો પરિવાર પ્રગટ ભગવાનનું ભજન કરતાં કરાવતા અખંડ સેવાઓનો વરસાદ કરી શ્રીહરિ શરણાગતિ મંડળના ભક્તો આ ફુલવાડી, કુંકાવાવની સેવા માટે ફના થયા છે. એક જ લક્ષ્ય છે પ્રગટ ભગવાનની સેવાવડે ભગવાન રાજી રહો. વશરામભગતે દુબઈ, અબુધાબી, સારજા, અજમાન, મસ્કત-રુવી, આદિ આદિ સ્થાનોમાં રહી ભક્તોને પ્રગટ ભગવાનની સાચી સેવાની સમજણ, પાકી ઉપાસના, સર્વોપરી નિશ્ચય અને શરણાગતિમાં બલિદાન આદિક પ્રગટ ભગવાનને જ રાજી કરવા વાળી કથા-વાર્તાઓ, સભા, સમૈયાઓ, ઉત્સવો ભક્તો ભેળા રહી ભક્તોને પણ પાકો નિશ્ચય કર્યો છે, કરાવ્યો છે.

પરચા નં.
૨૯.

## અનાદિ મુક્તરાજ ધનજીભગત ભીમજીભગત હાલાઈ
### ગામ - દહીંસરા-કચ્છ

**મહારાજના** પ્રથમ દર્શન મને ઈ.સ. ૧૯૮૧માં જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરમાં દ્વિશતાબ્દી મહોત્સવમાં થયા હતા. ત્યારે મારી સાથે મારો દીકરો દિનેશ પણ હતો. અમે ભૂજથી જૂનાગઢ મંદિરે પહોંચ્યા એટલે અમે મહારાજના રૂમે દર્શન કરવા ગયા. તરત જ મહારાજે કહ્યું કે, આવી ગયાં. પછી મહારાજે હેમંતભગતને કહ્યું કે, ધનજીભગત સવારથી બસમાં બેઠા છે. માટે પાણી પણ પીધું નથી. તેમને પાણી પાઓ. આ વાત મહારાજ જાણી ગયા. તે પ્રથમ પરચો.

બીજા દિવસે મહારાજ રૂમમાં ફરતી ખુરશીમાં બેઠા હતા અને દિનેશને ખોળામાં લઈ મહારાજ બોલ્યા કે, સામે ગિરનાર દેખાય છે ત્યાં તું ગયો હોત તો હું તને મળત ? થોડીવાર પછી મેં કહ્યું, મહારાજ છોકરાને ગિરનાર પર જવું છે. તો મહારાજે કહ્યું કે, ત્યાં નથી જવું. એમ કરીને દિનેશની છાતીમાં તેમનાં દિવ્યચરણ કમળ આપતાં બોલ્યા કે, આ રહ્યો તારો દત્તાત્રેય. ત્યાર બાદ મહારાજ ખુશી સમાચાર પૂછીને ઢોલિયા પર બિરાજમાન થયા અને મને સાથળમાં રહેલાં લક્ષ્મીજી અને ખાંપાના ચિન્હના દર્શન કરાવતાં બોલ્યા કે, અહીં સાથળ પર મસ્તક નમાવો જુઓ કે, ચિન્હ દેખાય છે ? મેં કહ્યું, ના મહારાજ નથી દેખાતાં. પછી મહારાજે તેમના હાથથી જ લક્ષ્મીજીનું મુખ, ચોટલો તેમજ ખાંપાના એમ વિગતે પૂર્ણ દર્શન કરાવ્યા.

બીજા દિવસે સવારે મહારાજ તેમનાં દરરોજના નિત્ય નિયમ મુજબ સ્વામિનારાણ મંદિરે દર્શન કરવા ગયા. અમે પણ સાથે હતાં. તો મેં જોયું કે, ત્યાં પાંચ સ્ત્રીભક્તો ઊભા હતાં. મહારાજને મંદિરે આવતાં જોઈ તેઓ મંદિર પરિસરમાં દંડવત્ કરવા લાગ્યા અને મહારાજ રીતસર તે સ્ત્રીભક્તો પર તેમનાં દિવ્યચરણ કમળના છાપ આપીને મંદિરમાં પ્રવેશ્યા. તે મેં પ્રત્યક્ષ જોતા તો મને સંશય થયો કે, આવું હોવું ન જોઈએ. પણ પછી તો મહારાજની કૃપાથી બીજી જ ક્ષણે મને શુભ સંકલ્પ થયો કે, આવા દિવ્ય લીલા ચરિત્ર કરવાં ભગવાન સિવાય બીજું કોઈ સમર્થ નથી.

પછી એ જ દિવસે રાત્રે મહારાજ તેમના રૂમમાં શાસ્ત્રનું લેખન કરતા હતા. અમે બાલમુકુંદ ભવનની છત પર સૂતા હતાં અને દિનેશને મેં જાગતો જોયો. મેં પૂછ્યું કે, કેમ ઊંઘ

નથી આવતી મચ્છર કરડે છે ? તો કહે ના મને કાંઈ નથી થતું. તો મેં કહ્યું, કેમ સૂતો નથી ? તો દિનેશ મને કહે કે, બાપુ એક વાત કહું કે, મહારાજ શાસ્ત્ર લખતાં હતાં, તે વખતે તેમનાં રૂમનો દરવાજો થોડો ખુલ્લો હતો અને મને તેમના ચરણમાં ચિત્ર (ચિન્હોનાં) દર્શન થયા. એ દર્શન મને ન થયાં પણ દિનેશને થયાં. પછી અમે સૂઈ ગયા.

બીજા દિવસે ૧૧ વાગ્યાનો સમય હેમંતભગત મહારાજને થાળ લઈને જમાડવા માટે રૂમમાં ગયા. અડધો દરવાજો ખુલ્લો હતો. ત્યાં જ મેં મહારાજને જીભ લાંબી કરીને કોણીથી હાથ સુધી ચાટીને દાળભાત જમતાં હતા તે દશ્ય જોયું તે જોઈને ફરી મને સંશય થયો કે, મહારાજ ભગવાન જ હશે કેમ ? તે પછી મને ફરી શ્રીજી મહારાજના વખતો પ્રસંગ યાદ આવતાં થયું કે, આ લીલા પ્રત્યક્ષ ભગવાન વિના શક્ય નથી. ત્યારથી મને પૂર્ણ નિશ્ચય થયો કે, મને મળ્યાં તે પ્રત્યક્ષ પ્રગટ ભગવાન જ છે.

પ્રગટભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણની કૃપાથી આજે અમારો પરિવાર ખૂબ સુખી છે. મારો દિકરો દિનેશ વર્ષોથી આફ્રિકા રહે છે અને અમે સૌ ધર્મમય પવિત્રપણે જીવન વ્યતિત કરી સેવા-ભક્તિનો લાભ લઈએ છીએ. શાસ્ત્રીજી મહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના કાર્યોમાં યથાશક્તિ સેવાનો લાભ લઈ એમને વિશેષ રાજી કરી ધન્યતાનો અનુભવ કરીએ છીએ.



પરચા નં.
30.

# જયંતિલાલભગત દેવશીભગત બાંભણિયા

## ગામ - અંજાર-કચ્છ

**પ્રગટ** ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણના જામવંથલી, કુંકાવાવ, ચાવડા, રાજકોટ, મુંબઈ-પૂના, જામનગર આદિ સ્થળોએ વસતા ભક્તો પ્રગટ ભગવાનની આજ્ઞાથી કુંકાવાવ-પાદર સ્મૃતિ મંદિરે, કુંકાવાવ જન્મધરે મૂર્તિ-પ્રતિષ્ઠાઓ મંદિર કરીને જૂનાગઢ જઈ પ્રગટ ભગવાનના દર્શન કરતાં હતાં ત્યારે મહારાજે સંકલ્પ કર્યો છે કે, મારા ભક્તોને વધુને વધુ રૂપિયાવાળા કરવા છે. પ્રભુએ અરબસ્તાન દેશ ખોળી કાઢ્યો અને સર્વે ભક્તો મહારાજના દર્શન કરી, આજ્ઞાઓ લઈ દુબઈ, અબુધાબી, ઈરાક, દાસાલેન્ડ, મસ્કત, રુહી, સાઉદીયા, કુવૈત, કતાર આદિક સ્થળોએ કમાવાને માટે અને પ્રગટ ભગવાનને સેવા આપીને રાજી કરવા માટે કામકાજે લાગ્યા છે. દુબઈમાં ભક્તોનો પ્રવાહ જબરો રહેલો છે અને પ્રગટ ભગવાને ફુલવાડી મંદિર, કુંકાવાવ મંદિરો માટેના સંકલ્પોને લઈ મહારાજે તે તે સમયમાં ભક્તોને ખૂબ ખૂબ નાણું અઢળક આપ્યું છે અને ભક્તોએ સેવા કરી છે. કેશવજી હરિભગત, નથુભગત, પ્રાગજીભગત, દેવરાજભગત વગેરે ભક્તો દુબઈમાં ભાટિયા કંપનીમાં ૧૯૭૬ની સાલમાં આવ્યા છે. જયંતિભગત સંસ્કારી અને ધાર્મિક પ્રકૃતિના છે. કુટુંબ પરિવાર પણ ધાર્મિક વૃત્તિના પરમેશ્વરને વિશે વિશ્વાસુ રહેલા છે. મા, બેન, ભાઈ, પરિવાર આદિ ભક્ત-જીવ રહ્યા છે.

જયંતિભગત નાનપણથી જ ધાર્મિક વૃત્તિના અને શાસ્ત્રના જાણકાર, શ્રીમદ્ ભાગવદ્, રામાયણ, વચનામૃત, શિક્ષાપત્રી આદિકના જ્ઞાતા અભ્યાસુ રહ્યા છે. જ્ઞાન જબરું છે. દરરોજ પૂજા પાઠ કરીને સ્વામિનારાયણ ભગવાનને દંડવત્ નમસ્કાર કરતા તે દેવરાજભગત બગીચાએ કૃપાદૃષ્ટિથી જોયું કે છોકરો સારો છે, સત્સંગી છે. તેઓ પણ પૂજા કરતા તેથી જય સ્વામિનારાયણ કહેવાનો નાતો શરૂ થયો. પછી ભગતજી રોજ પૂજામાં આવે અને દર્શન કરે. પછી સાંજે ભેગા મળીને દેવરાજભગત મહારાજની વાતો કરે તેથી જયંતિભગતને આનંદ થતો, આ રીતે દરરોજ ભગવાનની કથા-વાર્તાઓ ચાલુ જ રહેતી. પછી ભેગા જમે, સત્સંગ કરે એમ કરતાં કરતાં ગુણભાવ વધ્યો. દેવરાજભગત સ્વામિનારાયણ ભગવાનની વાતો કરતા કે જેમ સ્વામિનારાયણ ભગવાન તેમના ચિન્હ, ચરિત્રો, ચેષ્ટાઓથી ઓળખાય છે. તેમ જૂનાગઢમાં જે આ મૂર્તિ છે તે પ્રત્યક્ષ ભગવાન છે. જેમ સ્વામિનારાયણ ભગવાનને ચિન્હો હતા

તેમ આપણાં ગુરુ કહો, ભગવાન કહો, તે આ જ છે. તેમને ચિન્હો છે. તેમના ચમત્કારો છે. તેમના દર્શનથી જીવાત્માઓ મોક્ષને પામે છે. તેવા તેમના ઐશ્વર્ય પ્રતાપ છે. તેઓ જૂનાગઢમાં પ્રત્યક્ષ બિરાજે છે. તેમનામાં ભાવ પ્રેમ હોવાથી તેમનામાં સાક્ષાત્ પ્રભુના દર્શન થાય છે. તેમ કહીને ભગતજીએ મહારાજની ચિન્હ ચરણારવિંદ વાળી મૂર્તિ આપી. પછી તો રોજ મહારાજના પરચાઓની વાત કરતા. તેમ કરતાં કરતાં કવિ સ્વામી-જયંતિભગત ગુણભાવનાવાળા તેમણે જૂનાગઢ મહારાજને પત્ર લખ્યો. પત્ર લખાણો, કિર્તન બનાવ્યા, મોકલ્યા.

મહારાજ રાજી થયા. આશીર્વાદ આપ્યા કે, કિર્તન સારા કરતા આવડે છે, કિર્તનનું ફળ સારું મળો. પછી તો જેમ હૈયે, હોઠે કિર્તનો આવે તેમ કાગળમાં લખી મહારાજને મોકલતા. મહારાજ ખૂબ ખૂબ રાજી થતા. પછી તો આશીર્વાદના બળે પ્રાર્થના ગીત, સ્તુતિ, નિત્યનિયમ લખી મોકલતા. પ્રગટ ભગવાન પોતાના શાસ્ત્રોમાં તે બધું જ લખાણ, કિર્તનો છાપતા. ભક્તો આગળ જયંતિભગતને વખાણતા. પછી તો લખવાની ફાવટ કહો કે, મહારાજના આશીર્વાદ કહો તે બધું જ તેની કૃપા વડે થયું છે.

મહારાજે કવિ સ્વામિને પત્રમાં આજ્ઞા કરી કે પ્રગટના પરચા, પ્રગટ પિયુષ લખતા રહેજો. 'જેમ જેમ કલમ ચલાવશો તેમ તેમ બુદ્ધિ પ્રતિભા આગળ આગળ કામ કરશે.' આવા ખૂબ જ રાજીપાના ફળ સ્વરૂપે આજ્ઞા થઈ. પછી તો ભગવાનના ચરિત્રરૂપી પિયુષની કથાને વાસ્તે જ્યારે ભગવાનને ધારીને કલમ ઉપાડતા ત્યારે ત્યારે સરસ્વતી, શારદા તેમની પાસે શબ્દરૂપે ગોઠવાઈ જતી અને પ્રગટનો મહિમા શ્લોકો, ચોપાઈ સ્વરૂપે લખાણ થતું જતું તે થોડું લખીને મોકલતા પછી મહારાજ સ્વયં દરેકે દરેક અધ્યાયો પોતે શ્લોકો, દોહા- ચોપાઈ વધારીને અધ્યાયો પૂર્ણ કરતા અને ગ્રંથમાં છપાવા માટે પ્રેસમાં મોકલી આપતા. પછી એક પત્રમાં લખ્યું કે તમારા પ્રગટ પિયુષ અધ્યાયો ૧, ૨, ૪, ૧૦, ૧૨ જેમ જેમ આવતા જાય તેમ તેમ અમારી રીતે તેને પૂર્ણ કરીને છપાઈ કામમાં અપાતા જાય છે. વિદ્યાદાનમાં ભાગ કાઢવો ભગવાન ભેળા છે ભેળા રહેશે. શાશ્વત કિર્તન ભગવાનને આધારે છે.

આમ પ્રગટ ભકિત પિયુષના શાસ્ત્રમાં ભગવાને જયંતિભગતને નિમિત્ત બનાવી કાર્યને પૂર્ણ કરી તેમનો યશ, રાજીપો આપ્યો છે. પછી તો દુબઈ, અબુધાબીમાં પ્રગટ ભગવાનના પ્રત્યક્ષ દર્શન સેવાનો લાભ મળ્યા છે. દેશમાં આવ્યા પહેલા ભક્તોના યોગે અને દેવરાજભગત બગીચાના સમાગમે પ્રગટ પ્રભુજીની ઓળખાણ, રાજીપો અને સેવાઓ મળી છે. જયંતિભગતે મહારાજના પ્રત્યક્ષ દર્શન પહેલાં જ દુબઈમાં નાની મોટી સેવાઓ

કરી છે. ફુલવાડી, કુંકાવાવ, જન્મઘર મંદિર માટેની જગ્યા, પાદરમાં રાષ્ટ્રીય સ્મૃતિ ભવન માટેના મંદિરના જીર્ણોદ્ધાર અર્થે સેવાઓ કરી છે.

દુબઈથી દેવરાજભગત, જયંતિભગત રજામાં દેશમાં ગયા છે. મહારાજના દર્શન કરવાને બંને ભક્તો સાથે ગયા છે. ઉપરના રૂમે જઈ જોયું કે, મહારાજ ઢાળિયા ઉપર નેત્રકમળને નીચા રાખી શાસ્ત્રો લખતા હતા. તે જયંતિભગતે જોયું અને દુબઈમાં જે દર્શન થયા તે તાજા થયા. મહારાજ શાસ્ત્રો લખે છે, જયંતિભગત દંડવત્ કરે છે. ભગવાન અંતર્યામી છે. સર્વની રહેણીકરણી બધું જ જુએ છે. છતાં પણ ભક્તોને લાડ લડાવવા અને મૂર્તિનું ધ્યાન, વચનો, રાજીપો યાદ રહે તેથી ભક્તોની પૃચ્છા કરે છે. મહારાજ ભક્તો પર રાજી થઈ કહે, નામ ? માધાપર કચ્છ-અંજારના જયંતિભગત. કહેતા જ મહારાજે કલમ ઉભી રાખી દઈ બંને ચરણ માથા પર રાખીને આશીર્વાદ આપ્યા કે, 'આવ્યો મારો નિષ્કુળાનંદ' હું તારી વાટ જ જોતો હતો. હવે મારું કામ થશે. એમ કહીને જયંતિભગત દંડવત્ કરતા હતા તેમની પીઠ ઉપર બંને ચરણો રાખીને મહારાજ ઊભા રહ્યા. પછી મહારાજે તેમને ભેટીને ખુબ જ વ્હાલ કર્યું. પછી બાથમાં લઈને તેમની રૂમેથી ઓસરીએ અને ઓસરીએથી રૂમમાં આમ બે ત્રણ વખત આંટા માર્યા. આમ ભગવાનના રાજીપાને જોઈને જયંતિભગતના આંખોમાંથી હરખના આંસુઓ વહ્યે જતા. તેમને દુબઈમાં થયેલ દર્શનની પ્રત્યક્ષ અનુભૂતિ થઈ છે.

પછી મહારાજની ખૂબ સેવાઓ કરી છે. અંગ સેવા, દ્રવ્યસેવા, મહારાજને જોઈતી ચીજવસ્તુઓની સેવા અર્પણ કરી છે. બપોરથી સાયંકાળ આરતી સમયથી સંધ્યાવંદન ચેષ્ટાઓમાં ભગવાનના ભેળાને ભેળા રહેતા જયંતિભગતને મહારાજ ગુણાતિત સભાહોલમાં પ્રથમ પીલરે આસને બિરાજતા ત્યાં બંને ચરણોમાં સોળે સોળ ચિન્હોથી યુક્ત ભગવાનનાં દર્શન થયા છે. સાંજે બાલમુકુંદ ભવનમાં જ પ્રસાદ લઈ મહારાજની સેવા કરતા હેમંતભગતને કહે, હેમંત આજે તું સુઈ જા આ ભગત આવ્યા છે તે મારી સેવા કરશે. પછી તો મહારાજની મધ્યરાત્રી સુધી સેવા કરતો હતો, એટલે મહારાજે પુછયું, આવી દિવ્ય સેવાની સમજણ કોણે આપી ? જયંતિભગત કહે, મહારાજ દુબઈમાં દેવરાજભગત બગીચા તેમની કૃપાથી, તેમના સમાગમે આ વાત સમજાણી છે. આ વાત સાંભળતા જ મહારાજ રાજી થઈ કહે કે, 'બગીચા કુંટુંબ અમારું અનાદિ'નું છે. તેમણે આપેલ સમજણ, તેમાં કોઈ કસર રહેતી નથી. દેવરાજ એ મારો દિવ્ય મુક્ત ભક્ત છે.

પ્રાતઃકાળે મહારાજ જયંતિભગતને કહે, મુંબઈથી દેવરાજભગત આવવાની

તૈયારીમાં છે. પછી જયંતિભગતે મહારાજને સ્નાન કરાવ્યું. પૂજામાં બેઠા. પછી દેવરાજભગત મુંબઈથી જૂનાગઢ મહારાજ પાસે આવ્યા, દંડવત્ કર્યા, રાજી થઈને કુશળ સમાચાર પૂછ્યા પછી દેવરાજભગત ન્હાઈને મહારાજ પાસે આવીને જયંતિભગત-દેવરાજભગતે આરતી ઉતારી છે. પ્રભુજીને માટે બજારમાંથી જોઈતી ચીજો, હાર લાવી ફળ વગેરે ધર્યા છે. પ્રભુજી જમ્યા છે.

પછી મહારાજે જયંતિભગતને લાલજીની મુર્તિ આપીને કહ્યું કે, આ લાલજીની સેવા કરજો. ભાવના પ્રમાણે ભગવાન તમારા થાળ જમશે. સેવા સ્વીકારશે. 'ઘેર બેઠા અમારા દર્શન થશે.' પછી મૂર્તિમાં નિજ પ્રતાપ-ઐશ્વર્ય અર્પી મૂર્તિને અતિ વહાલ કરતા. મહારાજ કહે, આ ભગતજીને ઘેર રોકાજો, થાળ જમજો, સેવા સ્વીકારજો. પછી કહ્યું, બંને જણાએ એક એક ભગવું પહેરવું. પાંચ મિનિટ કાંઈ પણ બોલ્યા વિના ભગવાનનું ધ્યાન કરતા મૂર્તિને જોવી. આ રીતે મહારાજે જયંતિભગતને ખૂબ ખૂબ આશીર્વાદ આપ્યા છે. પ્રસાદીપત્રમાં જયંતિભગત અંજાર-કચ્છ (કવિ) લખીને શ્રીહરિ શરણાગતિ મંડળમાં કવિનું સ્થાન આપ્યું છે.

જયંતિભગતે ફુલવાડી મંદિરમાં યથાશક્તિ દ્રવ્યસેવા, અંગ સેવા, કુંકાવાવ મંદિરની સેવા, જૂનાગઢ નિજ ભવનની સેવા, વાસ્તુ પ્રસંગો, ઉત્સવો, જન્મજયંતીઓ, આરતીના ચડાવા સેવાના લાભ લીધા છે. શ્રીહરિ શરણાગતિ મંડળના ઘણા મુકતભક્તો જયંતિભગતને ઘેર થાળ જમી રાજી થયા છે અને જૂનાગઢથી મહારાજ પણ પ્રત્યક્ષ રૂપે દર્શન આપતા વિચરણ કરતા જયંતિભગતને ઘેર આવી તેમના ધર્મપત્ની શારદાબેનના હાથે થાળ જમ્યા છે.

જેન્તિભગત વિદેશ હતાં, પરંતુ કવિના ઘેર શારદાબેન મહારાજની મૂર્તિ જે કથા વાંચતા અને હાથમાં શાસ્ત્રના પાનાવાળી જે મૂર્તિ તે પૂજામાં મંદિરમાં રાખતા. ત્યારે શારદાબેન મહારાજને સાંજે જમવામાં થાળમાં ખીચડી ધરાવી ત્યારે મહારાજ અર્ધો થાળ જમી ગયાના દર્શન થયા હતાં ત્યારે શારદાબેન રાજી રાજી થઈ ગયા હતા.

એક વખત બાળકો દક્ષા નાની હતી. ભગત વિદેશ હતા. ભચા ગાંધી સોસાયટીમાં વસતી ઓછી હતી. ત્યારે રાત્રે લાલજી મહારાજને સંભાળી સેવા કરતા કરતાં સૂતા ત્યારે સહેજે મનમાં વિચાર આવ્યો કે, આપણે ઘરમાં એકલા ને કોઈ ચોર આવે તો ત્યાં જ વિચાર આવ્યો કે આપણાં ભગવાન ભેગા છે, કોઈ કંઈ ન કરે. ત્યાં જ દરવાજો ખખડ્યો પૂછ્યું કોણ છો. મહારાજે જવાબ આપ્યો. અમે મહારાજ તમારી રક્ષા કરવા આવ્યા છીએ.

પછી મહારાજના ચરણ સ્પર્શ કર્યા, મહારાજ અંદર આવ્યા- જળ પાયું, મહારાજ કહે બીવાનું નહીં અમે અહીં જ છીએ. એમ કહી મહારાજ લાલજી મહારાજની મૂર્તિમાં અદશ્ય થઈ ગયા.

એક વખત ભચા ગાંધી સોસાયટીમાં જેન્તિભગતની સામેની લાઈનમાં દિવ્યાબેન રહે. તે દિવ્યાબેન માયાળું, માનવતાવાદી હતા. ઘણી વખત શારદાબેનનું જીવન કામકાજ સાથે કિર્તન બોલતાં બોલતાં કામ કરતા. એટલે શારદાબેનનો ભક્તિવાળો ભાવ જાણી દિવ્યાબેન માયાળું વ્યવહાર રાખતા દૂર દૂરથી ભક્તો કચ્છની યાત્રાએ આવતા એટલે જેન્તિભગતના ઘરે બધાં ભક્તો આવતા. તેથી ભગવાનનો સત્સંગ થાય અને પ્રસાદી શેરીમાં વેચાય, મહારાજ ભગવાન છે તેવી વાતો થાય. મહારાજના પરચાની વાતો થાય, આ વાતો દિવ્યાબેન પણ સાંભળતા મળતી. જેથી મહારાજના પરચાની વાતો તે તેના સસરા પાસે કરી હશે અને દિવ્યાબેનનાં સસરા વાત માનતા નહીં હોય ત્યારે એક વખત મહારાજ ચરણ લાંબા કરી માળા ફેરવતા તે મૂર્તિ સામે જ દિવાલમાં હતી એ સ્વરૂપે મહારાજે દિવ્યાબેનના સસરાને દર્શન વ્હેલી સવારે આપ્યા. મહારાજે છડીને એક હાથમાં માળા લઈ દિવ્યાબેનના સસરાને જગાડ્યા. જાગ જાગ હવે તો જાગ. આટલું કહી અંતરર્ધ્યાન થઈ ગયા. બીજા દિવસે દિવ્યાબેનના સસરા સવારે વ્હેલા ઊઠી ઘરે આવ્યા અને સામે મહારાજના ચરણ લાંબા હાથમાં માળા આ તમારા ભગવાને મારે ઘરે આવી મને ઉઠાડ્યો આ જ રૂપે હતા. તેમને દર્શન થયા એટલે શેરીમાં પ્રસાદી વહેંચી ને તેના ઘરનાં સૌ રાજી થયા.

એક વખત મહારાજ શેષનારાયણ રૂપે આવી ઘરમાં બધે આંટો મારીને લાલજીમહારાજની મૂર્તિમાં અંતરધ્યાન થઈ ગયા. એક વખત જયંતિભગતની દીકરી દક્ષા નાની ત્રણ ચાર વર્ષની ઉંમર ત્યારે દક્ષાને દર્શન દીધા અને આ લાલજીમહારાજની સેવા કરવા કહ્યું હતું. દક્ષા નાની હતી અને કિર્તન બોલતી ત્યારે લાલજીમહારાજની સામે કિર્તન બોલતી કિર્તનમાં એવી ગુલતાન થઈ જાય કે તેને આજુબાજુંનું કોઈ ભાન રહે નહીં એવી મગ્ન થઈ કિર્તન-ભક્તિ કરતી.

આમ પ્રગટ ભગવાનનાં લાડીલા અનાદિ મુક્તરાજ જયંતિભગતે (કવિ સ્વામી) મહારાજના સંકલ્પ-આજ્ઞા પ્રમાણે તન-મન-ધનથી શ્રીહરિ શરણાગતિ મંડળમાં ઘણી સેવાનો લાભ લીધો છે. તેમજ કથાવાર્તા દ્વારા પણ ઘણાં ભક્તોને મહારાજની આજ્ઞા અને ઉપાસનાનું અનુસંધાન આપી સૌને ખૂબ રાજી કર્યા છે.

એકવાર મુકત ભકતોએ મહારાજને પ્રાર્થના કરી હતી કે, હે ભગવાન કચ્છમાં પણ આપના ભક્તો શરણાગત થાય અને આપનો રાજીપો થાય અને કચ્છ પણ પાવન થાય. પ્રગટ ભગવાનના સંતોના ચરણ પગલાંથી આ ભૂમિ પાવન થાય અને સૌ ભક્તિ કરી આપને રાજી કરે એ જ વિનંતિ- પ્રાર્થનાના ફળ સ્વરૂપે આજે અંજારને આંગણે પ્રગટ ભગવાનનું મંદિર અને શરણાગત ભક્તો ફૂલ્યા ફાલ્યા છે, સુખિયા થયા છે, સેવા કરનારા થયા છે, ભક્તિ કરે છે. બીજા જીવોને ભગવાનની ઓળખાણ કરાવે છે. નગારા વાગે છે, બ્રહ્માંડોમાં પ્રગટ ભગવાનનો જય જયકાર થાય છે, સૌ ધન્ય ધન્ય થયા છે.

ભગવાન જ્યારે આ પૃથ્વીને વિશે પ્રગટ થાય છે. ત્યારે આવા પૂર્વના યોગી આત્માઓને સાથે લાવે છે અને આ જગતમાં સંસારમાં રહી જેમ કાદવમાં કમળ ખીલે છે અને કમળને કાદવનો સ્પર્શ થતો નથી તેમ આવા મુક્તો સંસારમાં રહ્યા થકા સંસારથી વિરક્ત રહે છે અને ભક્તિ-સેવા ઉપાસના વડે ભગવાન ભેળા ગવાય છે, અનેકના કલ્યાણ કરનારા થાય છે.

પરચા નં.
૩૧.

## અનાદિ મુક્તરાજ તુલસીભગત મનજીભગત મકવાણા
### ગામ -જામવંથલી, હાલ- પૂના

**પ્રગટ** ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણની કૃપાથી તુલસીભગતનો જન્મ જામવંથલીની પવિત્ર ભૂમિ પર થયો હતો. નાનપણથી જ તેમનું જીવન ધર્મમય ભક્તિમય અને સેવામય હતું. મહારાજની તેમને શુદ્ધ ઉપાસના હતી. તેથી જ્યારે કોઈ પણ ભક્તો મળે ત્યારે વિશેષ મહારાજની સર્વોપરિપણાની વાતો કરતાં કે, જેમ ભગવાન રાજી હોય તેમ આપણે રહેવું અને સેવાભક્તિ કરવી જોઈએ.

તુલસીભગતને મહારાજે સ્વયં રાજી થઈ કંઠી પહેરાવી દિક્ષામંત્ર આપ્યા છે. તેઓ જૂનાગઢ મહારાજના જ્યારે દર્શન કરવા જતા ત્યારે મહારાજને ઉપયોગી વસ્તુ અર્પણ કરી, ચરણસેવા કરી ખૂબ રાજી કરતાં. મહારાજના આશિર્વાદથી તુલસીભગતને ત્યાં ધર્મેશ, ભાવેશ અને ઊર્મિલાનો જન્મ થયો હતો. સમય જતાં મહારાજના આશિર્વાદથી તુલસીભગત દુબઈ કમાણી અર્થે ગયા ત્યાં પણ શ્રીહરિ શરણાગતિ મંડળના મોટા મુક્ત ભક્તોના યોગમાં રહી ખૂબ સત્સંગ, કથાવાર્તા અને સેવાનો લાભ લીધો છે. મહારાજનો જૂનાગઢથી કોઈ પણ કાર્ય કરવા માટે સેવાનો પત્ર આવે તો એમાં તુલસીભગતે વિશેષને વિશેષ સેવાનો લાભ લઈ મહારાજને રાજી કર્યા છે.

તુલસીભગતને તો મહારાજે ખૂબ દર્શન અને પરચા આપ્યા છે. પરંતુ એક અકસ્માતમાં તેઓ ધામમાં ગયા હોવાથી તેમના વિશેષ પરચાઓનો સંગ્રહ નથી થઈ શક્યો, પરંતુ મહારાજે તુલસીભગત દુબઈ હતા ત્યારે તેમના પર જે રાજીપાના પત્રો લખ્યા હતા અને ભગત ધામમાં ગયા પછી તેમના ધર્મપત્ની દયાબેનને મહારાજે જે આશ્વાસનનાં પત્ર લખ્યા હતા તે ખૂબ જાણવા અને સમજવા જેવા છે. આ પ્રસાદીપત્રો પરથી તુલસીભગત અને તેમના પરિવાર પર મહારાજનો ખૂબ રાજીપો હતો. તે સ્પષ્ટપણે જણાઈ આવે છે.

પ્રસાદીપત્ર ગ્રંથ ભાગ-૧માં તા.૯-૧૨-૧૯૭૮ના રોજ મહારાજે તુલસીભગત પર જે પત્ર લખ્યો હતો તે પત્રમાં મહારાજે સ્વયં એવું લખ્યું હતું કે, મોક્ષ સુધારવા માટે શ્રીહરિ શરણાગતિ મંડળ માટે આ અમારો અગત્યનો ઉપદેશ છે તેને સૌ વાચીને અને તેની કોપી કરીને સૌ ભક્તો પોતાની પાસે રાખજો. એ પત્રમાં મહારાજે એવું લખ્યું હતું કે, ભજન વધારે કરવું, કલ્પનાના ખોટાં વિચાર ના કરવા, ભજન વડે કલ્યાણ થાય, બધાં જીવો પાપમાં જ

છે, એ બધાં પાપ ભજનથી બળે, સમજણથી ભગવાનને સંત રાખવા, ગઈ ગુજરી જિંદગીના અફસોસ ન કરવા, ગયા દિવસો કામકાજો સંભારે તે સુખી ના થાય, પૃથ્વીના મેલને વર્ષો વર્ષ વરસાદ ધોવે છે, માણસ રોજ મેલને ધોવે છે, જૂના ઉકરડાને ખેડૂતો કાઢે છે, જૂના વિચારોને પ્રજા ત્યજે છે, જૂના રીતિ-રીવાજોને સમાજ ત્યજે છે, જૂના આચરણને સંતો ત્યજે છે, જૂની લૂંટને બહારવટિયા ત્યજે છે, જૂના દેવીધર્મને માર્ગીધર્મને, માતાધર્મને, લિંગધર્મને, કુ-રીતિને સારા સંસ્કારી જ્ઞાનીઓ ત્યજે છે, કાદવવાળા પગને બધાં ધોવે છે, કુસંગને સત્સંગી ત્યજે છે, ભટકતા થયેલી ભૂલોને શરણાગતો ત્યજે છે, જુવાનીના અનાચારને વૃદ્ધો ત્યજે છે, સૂર્ય-ચંદ્ર ગ્રહણને ત્યજે છે, સાચા જ્ઞાનીઓ અજ્ઞાનને ત્યજે છે અને ભગવાન મળે ત્યારે સંસારને ત્યજે છે એમ ભગવાનમાં ભળવું, સંસારને ત્યજવો. ઊંઘ લીધા પછી સવારે બધાનું સારું હો એમ ઇચ્છવું, નરસું તો ગયે દિવસે ભાગી ગયું. એમ હિમ્મતમાં આવી જવું.

બધી દુનિયાના માનવોને જીવનમાં કોક 'દી ભગવાન મળે છે. કાંઈ જન્મથી જ ભગવાન બીજા બાળક થઈને તેના ભેગાં જન્મતા નથી માટે પછીથી શુદ્ધિ થાય છે, અશુદ્ધિ ત્યજાય છે. ભક્ત થાય ત્યારે અભાવ, નિંદા, કુદૃષ્ટિ, દોષ, કાળી-મેલી નજર, અનાચારણ ત્યજાય છે. એમ ભક્તિભાવથી, દિવ્યભાવથી આ પ્રગટ ભગવાનને ભજીને કલ્યાણ સાધી લેવું. તન-મન-ધન ભગવાનનું છે, ભગવાને ભક્તને આપ્યા છે, ભક્ત તેને સાચવે, ભગવાનને સેવે, ભજન કરે, જપ-તપ-વ્રત ભજન વડે નિર્મળ થાય છે. સેવા-ભક્તિ વડે ધામમાં જવાય છે. માટે ભગવાનનો કેફ રાખવો.

તુલસીભગત ધામમાં ગયા પછી તેમના ધર્મપત્ની દયાબેન બંને દીકરા ધર્મેશ, ભાવેશ તેમજ દીકરી ઊર્મિલા સૌ ખૂબ જ દુઃખી અને નિરાધાર થઈ ગયા હતા. ત્યારે પણ જૂનાગઢ બેઠા બેઠા મહારાજે તે પરિવારના બાપની જેમ ખૂબ જ ધ્યાન રાખ્યું હતું. મહારાજે તા.૧૭-૧-૧૯૮૪ના રોજ પૂના ભક્તોને પત્ર લખીને ભલામણ કરી હતી કે, અમારા સેવક તુલસી મનજી મકવાણા એક્સિડન્ટમાં ધામમાં ગયા છે તેથી બહુ જ દુઃખ, શોક થયો. તમે ભક્તો દયાદેવીને મદદ અને આશ્વાસન બંને આપજો. યથાશક્તિ શરણાગતિ મંડળે તેમને મદદ કરવી. તુલસીદાસ ધામમાં અમારી સાથે જ છે.

મહારાજે તુલસીદાસભગત ધામમાં ગયા પછી દયાબેનને પણ તા.૩-૧-૧૯૮૪ના પત્રમાં લખ્યું કે, સેવક- દયા તુલસી મનજી મકવાણા, ધર્મેશ, ભાવેશ, ઊમા શ્રીહરિ શરણાગતિ મંડળને આશિર્વાદ સાથે અમારા જય સ્વામિનારાયણ વાંચવા.

ઘણું અણઘટતું થયું, બહુ જ દુઃખ થયું, ભગવાન પણ કાગળો વાંચી વાંચીને રૂએ છે પણ તુલસીદાસ તુલસીદેવતાની પેઠે પ્રગટ ભગવાનનાં ચરણમાં છે. ધર્મેશ, ભાવેશ પ્રગટ પ્રભુના હૃદયમાં છે, ઘણું જીવો, ભાગ્યશાળી જલ્દી મોટા થાઓ, માતુશ્રીને ટેકારૂપ છો, સુખી હો, શોક ધીરે ધીરે મોળો પાડવો, પ્રગટની મૂર્તિ હૈયામાં જોતી રહેવી, સંસાર ખોટો છે, દુઃખ ઝાઝુ, સુખ થોડું, ઉપાધી મોટી એવો અફસોસ ભર્યો સંસાર છે. ભગવાન રાખે તેટલું સુખ, ખામી હોય તેટલું દુઃખ, માટે મુક્ત જેવી આનંદિત સ્થિતિમાં રહેવું, ભગવાનની મરજીને કોઈ ઉલ્લંઘન કરી શકે નહીં, માટે મન ધીરજવાળું કરવું, દુનિયાના સંબંધો સ્વાર્થના છે, તે રોવડાવે છે પણ ભગવાનનાં સંબંધો સુખિયા કરનારા છે તે વધારવા, સુખી થશો.

આમ સ્વયં ભગવાને આશિર્વાદ, આશ્વાસન અને ભક્તો દ્વારા સહકાર અપાવીને પણ પોતાના આ પરિવારનું ખૂબ ધ્યાન રાખ્યું છે. આજે મહારાજની આજ્ઞા પ્રમાણે આ પરિવારના ભક્તોએ મહારાજનું ખૂબ ભજન અને સેવા કરી તેના પ્રતાપે સુખી છે. દયાબાએ પોતાના બંને છોકરાને ભણાવવા જીવનમાં આગળ વધારવા ખૂબ જ મહેનત કરી છે, ખૂબ જ દુઃખ વેઠ્યું છે. એટલે તેમના આશિર્વાદથી ધર્મેશ, ભાવેશ બંને દીકરાઓ તેમજ દીકરી ઊર્મિલા પણ ખૂબ સુખી છે.

મહારાજના સંકલ્પના બ્રહ્મપેલેસ મંદિરમાં મધ્ય શિખરની સેવાનો લાભ લઈ આ પરિવાર વિશેષ મહારાજના રાજીપાનો પાત્ર બન્યો છે. તેમજ ભાવેશભગત પણ અત્યારે ફુલવાડી મંદિરમાં પ્રમુખ સ્થાને રહી ખૂબ સારી સેવાનો લાભ લઈ રહ્યા છે. ધર્મેશભગતે તિર્થધામ કુંકાવાવમાં તન-મન-ધનથી બ્રહ્મપેલેસ મંદિરના કાર્યમાં જે સેવા કરી છે તે અદ્‌ભુત છે, તેનું વર્ણન થઈ શકે તેમ નથી અને દયાબા તો જ્યાં પણ મહારાજના મંદિરોના તેમજ ઉત્સવોના કાર્ય થતા હોય ત્યાં યથાશક્તિ જરૂર સેવાનો લાભ લઈ મહારાજને વિશેષ રાજી કરે છે.

આમ આ મહારાજનો પરિવાર જેના દીકરા, દીકરી, પુત્ર, વહુ બધા જ રાત-દિવસ દરેક કાર્ય ભગવાનને સંભારીને કરે છે. પોતાના જીવનમાં મહારાજના પ્રસાદીના તિર્થો, મહારાજની આજ્ઞા, મહારાજના મુક્તો તેમને રાજી કરવામાં ક્યાંય સેવામાં પાછા પડતા નથી. મહારાજે લખ્યું છે કે, તકે રાજી કરે તે મોટા અભ્યુદયને પામે છે. એમ તુલસીદાસ ભગતનો આ પરિવાર સાચા અર્થમાં પરમધામમાં મહારાજની સેવાનો અધિકારી બન્યો છે.



પરચા નં.
૩૨.

## અનાદિ મુક્તરાજ નારણભગત લાધાભગત ખોલિયા
### ગામ - જામવંથલી, હાલ- રાજકોટ

**પ્રગટ** ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણની કૃપાથી મારો જન્મ જામવંથલી ગામમાં ભક્તરાજ પ્રેમજીભાઈ ખોલિયાને ત્યાં થયો. અમારા પરિવાર પર ભગવાન સ્વામિનારાયણ તેમજ વિશ્વ વંદનીય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ અને જૂનાગઢના વચનસિદ્ધ શ્રીનિર્ગુણદાસજી સ્વામીના ખુબ જ આશીર્વાદ રહ્યાં છે.

હું નારણ પ્રેમજી ખોલિયા પહેલી વખત ૧૯૪૮માં પોરબંદરથી આફ્રિકા ગયો. બીજી વખત પાછો આવીને જામનગર સ્વામિનારાયણ મંદિરે ગયો. મારી સાથે જામવંથલીના બે-ત્રણ જણાં સાથે હતા, મંદિરની પ્રદક્ષિણાનું કામકાજ ચાલું હતું. શ્રાવણ માસનો વરસાદ બહુ હોવાથી અમારે બે-ત્રણ દિવસ રોકાવાનું થયું. અમોએ મહારાજ કૃષ્ણવલ્લભાચાર્યજીની દેખરેખ નીચે બે દિવસ કામ કર્યું, અને સત્સંગ પણ થયો. ત્યારથી હું મહારાજના પરિચયમાં આવ્યો. આફ્રિકા જવાનું થયું ત્યારે મહારાજને દંડવત્ કર્યાને અમોને કુમકુમનો ચાંદલો કરીને પ્રભુએ આશીર્વાદ આપ્યા.

આફ્રિકા ગયા પછી અમુક સમય થયો ત્યાં આફ્રિકામાં ભારત-પાકિસ્તાનની લડાઈ ચાલુ થઈ. ત્યારે માણસો ભાગાભાગી કરવા લાગ્યા. એવી રીતે જો આફ્રિકામાં થાય તો દરિયા રસ્તા સિવાય જવાનો રસ્તો નથી. માટે સાત દિવસે દેશમાં પહોંચાય. આવો વિચાર કરીને હું ત્યાંથી દેશમાં આવતો રહ્યો. પછી મેં જામવંથલી આવીને ખેતી ચાલું કરી.

જામવંથલીના ગ્રામજનોએ શ્રાવણ માસની કથાનું આયોજન કર્યું. જામનગરથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને કથાનું આમંત્રણ આપ્યું. ગામની પાછળ કોઈ સત્સંગીનો વંડો હતો. તેમાં કથાનું સ્ટેજ અને મંડપ ગોઠવવામાં આવ્યો. દરરોજ સવાર-સાંજ કથા વંચાતી ને બપોરની કથાનો સમય થયો, મેં કહ્યું : બા હું મહારાજના ઉતારે જાઉં છું. મારા બા કહે, મહારાજ માટે ચા લેતો જા. મેં કંઈ ધ્યાન ના આપ્યું અને સીધો ઉતારે ગયો. ત્યાં જ મહારાજ કહે, નારણ ચા નો લેતો આવ્યો ? મેં કહ્યું : હમણાં જ લેતો આવું, રસ્તામાં જતાં જ મારા બા ચા લઈને સામે મળ્યા. મેં મહારાજને ચા આપ્યો. તો વાટકામાં લઈને પીધો ને કહે, ચા સરસ થયો છે. એમ કહી બીજીવાર લીધો ને થોડોક લોટામાં પાછો આપ્યો. મેં ઘરે જઈને મારા બાને ચા આપ્યો તો તે પણ વાટકામાં ચા લઈ કહે, મહારાજ ચા પીવો. એમ બોલીને

પછી પ્રસાદીનો ચા પીધો. પછી તો દરરોજ નિયમ પ્રમાણે કથા પૂરી થઈ ત્યાં સુધી બપોરનો ચા અમારા ઘરનો પીધો.

વણથલી કથામાં સાંજે આરતીનો ચડાવો કરીને વધારે પૈસા બોલે તે આરતી ઉતારે. તે પૈસા જમણવારમાં ઉપયોગમાં લેવાતા. શ્રાવણ મહિનો વરસાદની સિઝન એટલે એક દિવસ એવો અનરાધાર વરસાદ પડતો આવે બધાને થયું કે આજે વરસાદના લીધે કથા બંધ રહેશે. પણ બન્યું એવું કે, મહારાજએ કથા બંધ કરી ધૂન ચાલુ કરી દીધી ને મહારાજ લાંબા હાથ કરી, આકાશ સામે નજર કરીને બોલ્યા : 'મેઘરાજા આ બાજુ નહીં, સીધા ચાલ્યા જાજો. સભાખંડમાંથી થોડે દૂર પાણી પાણી થઈ ગયું પણ સભાખંડમાં એક છાંટો પણ પડ્યો નહીં. આ નજરો નજર પરચો જોઈને બધા ઊભા થઈ ગયા ને મહારાજ મહારાજની જય બોલાવીને પાછી કથા ચાલુ થઈ ગઈ.

મહારાજ રાત્રે ૯ વાગ્યાની કથા પૂરી કરી કહે, અમારે દિશાએ જવું છે. ચાર-પાંચ ભક્તો કહે સ્વામી ચાલો નદીએ જઈ આવીએ. મહારાજ નદીએ પહોંચ્યાં ત્યાં એક નાનકડા ઝાડ પાસે ઊભા રહી ગયા. મહારાજ એક ભક્તને કહે આ પાણીનો લોટો ભરીને આ ઝાડવાને પાણીથી છાલક મારો. એટલે ભગતે પાણીની ઝાલક મારી સાથે લોટો પણ હાથમાંથી છૂટી ગયોને ઝબકારાની સાથે પ્રેત તેમાંથી જતું રહ્યું. એ ભગતને ટાઢ ચડી ગઈ ને લોટો બીજા ભગતે લઈ લીધો અને મહારાજને કહે, સ્વામી અહીં બૈરાઓ કપડાં ધોવા આવે છે અને છોકરાવ ધૂબાકા મારીને ન્હાય છે. એટલે આ ઘૂનાને ધૂબકીયા નામથી ઓળખાય છે. દર વરસે અહીં એક જણનો ભોગ લેવાય છે. થોડો વખત જતાં પાણીની છાલક મારેલું એ પ્રેતવાળું ઝાડ પણ સૂકાઈ ગયું.

શ્રાવણ મહિનાની કથાનો છેલ્લો દિવસ હતો. તેથી બધી બાજુથી હરિભક્તો આવેલા. પૂના, મુંબઈ, સૂરત તથા ગ્રામજનોને બપોરે જમવાનું હતું. જમણવાર ઘટે નહીં એટલે થોડું થોડું પીરસજો એવી વાત મહારાજ પાસે ગઈ. મહારાજ કહે, આ ધોતિયું લાડવાની ઉપર ઢાંકી દો અને બે હાથે પીરસો. થાળી ભરીને દીયો. સાંજે વાતમાંથી વાત થઈ કે સ્વામિ જમણવાર ઘટવાને બદલે ઘણું બધું વધી પડ્યું. તેથી મહારાજે વાત કરી, જેને શ્રાવણ મહિનાનું એકટાણું હોય તે બધાંએ બે ટાણાં જમવાનું છે. શંકર ભગવાન રાજી થશે કે આજે બે ટાણાં જમવા મલ્યું. ઘણાં ઘણાં લાડું વધ્યા તો કહે જે ફાળામાં પૈસા નોંધાવે તેમને પ્રસાદીના બે બે લાડુ આપો, તોય લાડું ન ખૂટ્યા. આ બીજો પરચો ગ્રામજનોએ જોયો. પછી મહારાજે ગામમાં

ઘરે ઘરે પધરામણી કરી સૌને રાજી કર્યા.

જામવંથલી શ્રાવણ માસની કથા પૂરી થઈ એટલે બાજુના ચાવડા ગામના હરિભક્તોએ કહ્યું, મહારાજ અમારા ગામમાં પધરામણી કરવા આવો. બીજા દિવસે બળદગાડું જોડીને સવારે ચાવડા ગામ ગયા, મહારાજ મને કહે નારણ તારા મામાના ઘરેથી એક થાળીમાં ભગવાનની મૂર્તિ પધરાવીને ઘરે ઘરે આગળ ચાલીને ધૂપ, દીવો પ્રગટાવીને તુરંત બીજે ઘરે જઈએ એટલે બપોર થાય તે પહેલાં પધરામણી પૂરી થઈ જાય. લગભગ દરબારને, કણબી પટેલની વસ્તી છે થોડાક ઘર કડિયા જ્ઞાતિના છે. પધરામણી પુરી થઈ ત્યાં વાડીએથી પટેલબાપા આવ્યા તેમના ઘરવાળા મને કહે, ભાણુભાઈ તમારા મામા આવી ગયા, અમારું ઘર બાકી છે, તો અમો તેમને ઘરે ગયા. ધૂપ, દીવો, આરતી કરી ત્યાં પટેલબાપાનું જડબું (મોઢું) ત્રાંસુ થઈ ગયું અને ધ્રૂજવા લાગ્યા. મહારાજ કહે કેમ એમ કરે છે ? તેમના દીકરા કહે સ્વામીજી તેમને ચૂડેલનું પાસું છે. (ચુડેલ આવે છે). મહારાજ મને કહે, નારણ એને જોરથી એક ઝાપટ માર, મેં કહ્યું, સ્વામી હું આ ગામનો ભાણેજ છું તે મારાથી વડીલ છે. મારા મામાને ઝાપટ ના મરાય. મહારાજ કહે, તારા મામા નથી આ તો તારા મામી છે. મેં મોઢાં ઉપર જોરથી ઝાપટ મારી તો મોઢું સીધું થઈ ગયું ને ચૂડેલ જતી રહી. પટેલબાપા કહે, સ્વામી હવે પાછી નો આવે એવા આશીર્વાદ આપો. ચાવડા ગામના તથા જામવંથલીના હરિભક્તોએ આ પરચો નજરો નજર જોયો.

ચૂડેલ તેમને કેમ આવી ? એક વખત તે રાતના વાડીએ જતા હતા. તેમને (ભૂંગળીની) તલપ લાગી પણ ચકમક ભૂલી ગયા. ચકમક એટલે રૂની પૂણી બે પથ્થર વચ્ચે રાખીને ઝટકો મારે એટલે અગ્નિ પ્રગટ થાય. રસ્તામાં કોઈએ અગ્નિ પ્રગટાવેલ છે, તેમ જાણીને અગ્નિ ચલમ ઉપર મૂકીને પાછો શ્વાસ લીધો એટલે ચૂડેલ પેટમાં જતી રહી. ઘણો વખત થયો હતો. લાડવા, પેંડા, મોહનથાળ, રૂપિયાના સિક્કા ખવરાવીને વાંસામાં જોરથી મૂક્કો મારીને જેવું ખાધું હોય તેવું જ બહાર કાઢતા. ખેતર વાડીએ બપોરે જમવા દેવાનું મોડું થાય તો તેમના ઘરવાળાનું સ્વરૂપ ધારણ કરીને જમાડતા ને મૂક્કો મારીને પાછું બહાર કાઢતા ને અવાર-નવાર આવા ચરિત્ર કરતા.

પછી ચાવડા ગામના હરિભક્તો મહારાજને ગામની બહાર સુધી મૂકવા આવ્યા. સાથે બીજા જામવંથલીના હરિભક્તો પણ હતા તો ઝાઝા માણસો જોઈને બેય બળદ ભડકીને છૂટીને દૂર ભાગી ગયા. હાથમાં જ નો આવે પછી મહારાજ લાંબો હાથ કરી કહે, હાલો

અમારે જામવંથલી જાવું છે, અમને ઠેકાણે પહોંચાડો. તો બંને બળદ આસ્તે આસ્તે આવીને ગાડા પાસે ઊભા રહી ગયા. આ પરચો પણ અમોએ નજરોનજર જોયો. મહારાજ ગાડામાં બેઠા પછી બધા હરિભક્તો મહારાજની જય બોલાવીને છૂટા પડ્યા.

એક વખત હું પૂનાથી જામનગર દર્શન કરવા જતો હતો. ગાડીમાં અમારા ગામનો વણિક ભેગો થઈ ગયો તે પેંડા બનાવીને ગાડીમાં વેંચતો. મને કહે નારણભાઈ તમે સ્વામીજીના મંદિરે જાવ છો, મારે એક કિલો પેંડા પ્રસાદી માટે આપવા છે, પૈસા પછે આપજો. મેં કિલો પેંડા લીધા અને સંકલ્પ કર્યો કે મહારાજ મને પોતાના હાથથી પ્રસાદીના પેંડા જમાડે. પછી ગાડીમાં મુંબઈના માણસો હતા તેમને થયું કે, પેંડા સારા છે તો બધાએ પેંડા લીધા અને આખો પેંડાનો ડબ્બો ખાલી થઈ ગયો. પેંડાવાળાને પરચો થયો કે આટલો વખત થયા મારા પેંડા આ પ્રમાણે વેંચાયા નથી. દરરોજ બે-ત્રણ કિલો પેંડા તો પાછા આવતા. તેથી પણ મારી સાથે મંદિરે આવ્યો. મને કહે, નારણભાઈ મારે પણ સ્વામીજીના દર્શન કરવા છે. માટે મેડીના ઉતારે મારી સાથે આવ્યોને મહારાજના દર્શન કર્યાં. મેં મહારાજને પેંડા આપ્યા તો તેમાંથી મને બે પેંડા ચોંટેલા હતા તે આપ્યા ને કહે એક પેંડો તારા સંકલ્પનો બીજો મારી પ્રસાદીનો. આ પ્રમાણે મને પણ પરચાનો અનુભવ થયો. જમવા ટાણે સ્વયંપ્રકાશ કોઠારીએ મને થાળી પીરસી. મહારાજ મારી પાસે બેઠાને તેની થાળીમાંથી પ્રસાદીની રોટલી મારી થાળીમાં જમવા આપી.

જામનગર સ્વામિનારાયણ મંદિરની પ્રદક્ષિણાનું ઘૂમટનું કલરકામ ચાલું હતું. તેમાં ઘૂંમટમાં બ્રહ્મનિષ્ઠ નંદસંતોની મૂર્તિ મૂકવામાં આવી તેમાં એકમાં શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજીનું નામ લખ્યું. તો મહારાજ કહે, મંદિરનું કામ પૂરું કરીને અમારી રીતે રાજીનામું આપી દેશું. હું ત્યારે પૂના હતો. મારે અવાર-નવાર મહારાજ સાથે પત્ર વ્યવહાર ચાલુ હતો. મંદિરનું કામ પૂરું કરી મીટીંગ બોલાવીને મહારાજે રાજીનામું આપી દીધું આમ મહારાજે પોતાની મૂર્તિ ઘુમ્મટમાં પધરાવી તેથી ઘણાં ઈર્ષ્યાવાળા વિરોધી ભક્તોને ન ગમ્યું.

પૂના મને મહારાજનો વિગતવાર કાગળ આવ્યોને આ જે બીના બની તે જણાવ્યું. હવે નક્કી નથી ક્યારે ક્યાં જવાનું નક્કી થાય. મેં તુરંત પત્રમાં જણાવ્યું, સ્વામી જામવંથલીનું મંદિર સારું છે, સત્સંગ ઘણો સારો છે. અનુકૂળ આવે તો વિચાર કરી જોશો, મહારાજને કંઈક મગજમાં બેઠું. જામવંથલીવાળાને ખબર પડી તો વાજતે-ગાજતે જામવંથલી લઈ આવ્યા. ત્યાં સ્વામિનારાયણ મંદિરમાં મેડી ઉપર રહેતાને શાસ્ત્ર લખતા. પછી મેં જણાવ્યું, મહારાજ

તમારે જામવંથલી કાયમ રહેવાનું થશે તો ગામની બહાર નદી કાંઠે અમારી ફુલવાડી છે તે તમોને શ્રીકૃષ્ણાર્પણ કરશું.

હું પૂનામાં હતો. પૂનામાં ડાયાભાઈ મકવાણા અને મારા બાપુજીને સંબંધ સારો એટલે અવારનવાર સત્સંગ કરતાં ને બંનેને સત્સંગનો મહિમા વધારે હતો. મહારાજ જામવંથલી આવવાના સમાચાર સાંભળી મારા બાપુજી તથા ડાયાભાઈ મકવાણા જામવંથલી આવ્યા. મહારાજ પાસે બંને સત્સંગી વાતો કરતા કંઈક વાતમાંથી વાત આવી. તો મહારાજ કહે, અમારે પ્રેમજીભાઈની ફુલવાડીમાં કાયામ રહેવાનો વિચાર છે. માટે અમને ફુલવાડીની ભૂમિ અર્પણ કરો. મારા બાપુજી કહે, મારે છોકરાવને પૂછવું પડે. ત્યાં મહારાજે મારો પૂનાનો લખેલ કાગળ ડાયાભાઈના હાથમાં આપ્યો. તેને વાંચીને મારા બાપુજીને આપ્યો. ડાયાભાઈ કહે, તમારે નારણભાઈને પૂછવું છે તો તેનો કાગળ પહેલેથી ફુલવાડીની ભૂમિદાન માટે જ આવી ગયો. પછી બધાની ભલામણથી મારા બાપુજીએ મહારાજ મહારાજની જય બોલાવીને ફુલવાડીની જમીન કૃષ્ણાર્પણ (દાનમાં) મહારાજને આપવાનું નક્કી કર્યું. ફુલવાડીનો દસ્તાવેજ પ્રથમ મહારાજના નામે કરી દીધો. પછી તેમાં કૂવા ઉપર પાણીનો ટાંકો બનાવીને ઈલેક્ટ્રિક મોટર મૂકી નહાવા માટે પાણીની કુંડી બનાવી, ફુલવાડીમાં ચૂનાની ભઠ્ઠી નાખી. હરિભક્તો પાણાખાણમાંથી પાણા લઈ આવ્યા. ફુલવાડીમાં ફરતો વંડો કર્યો. એક મોટો ઉતારારૂમ બનાવ્યો. તેમાં મહારાજની મૂર્તિ પધરાવવામાં આવી હતી. મહારાજ પોતે તેમાં કામકાજનું માર્ગદર્શન આપતા.

મારા બાપુજીએ મહારાજને વાત કરી કે સ્વામી ધંધા માટે કંઈક આજ્ઞા આપો. મહારાજ કહે, ગામમાં માણસો બીજે દળાવવા જાય છે તો લોટ દળવાની ઘંટી ચાલુ કરી દો. એટલે રોકડ આવક ચાલુ થઈ જાય. મારા બાપુજીએ ઘંટીની વ્યવસ્થા કરી. મહારાજના હસ્તે ઉદ્‌ઘાટન કરાવ્યું તે ઘંટી પણ સારી ચાલતી હતી.

ફુલવાડીની પાછળ બાજુની વાડીની અંદર ઘણો વખત થયા એક તાડી ઊભી હતી. તેમાં ખલેલા બહુ આવતા. અમો ખલેલા માટે તાડીમાં પથ્થર મારીને ખલેલા ખેરતા તો ઘણી વખત તાડીમાંથી પથ્થર પાછો ન આવતો. તેમાં વાયુ પ્રેત રહેતો હતો તે પથ્થર પકડી લેતો. આ વાતની કોઈને ખબર નહોતી.

મહારાજ મારા બાપુને કહે, પ્રેમજીભાઈ આ તાડી પાડી નાખો. મારા બાપુ કહે, મહારાજ કંઈ નડતી નથી ભલે ઊભી. બે-ત્રણ વખત પાછું કહ્યું પણ ધ્યાન ન આપ્યું. એક

વખત મને કહે, નારણ આ તાડી કાલે તું અને ખત્રી બંને થઈ તાડી પાડી નાખજો. બપોરે હું અને ખત્રી એક નાળું ને કોસની રાસડી બંને બાંધીને ખેંચવા માંડ્યા પણ પડે જ નહીં. બંનેએ વિચાર કર્યો કે જરાક પવનની ફણકી આવે ત્યારે જોર લગાવીને ખેંચીને મહારાજ મહારાજની જય બોલાવીને ભાગવાનું નહીંતર આપણાં માથે પડશે. આમ તાડી પડીને ત્રણ ટુકડા થઈ ગયા. એક ઉપરનો ભાગ બાજુની સ્મશાન ભૂમિ પર પડ્યો. બીજો વાડીની એક વાડ ઉપર પડ્યો અને ત્રીજો એમને એમ ત્યાં જ રહ્યો. તેમાંથી જોરદાર અવાજ આવ્યો. હું... હું... હું... કરતો પછી ફુલવાડીમાં મોટી આંબલી હતી ત્યાં ગયો. બીજા દિવસે બપોરે મહારાજ નાહીને આંબલીની છાયા નીચે બેઠા હતા, ત્યાં પ્રેત સફેદ કપડામાં માણસરૂપે મહારાજ સામે બે હાથ જોડી ઊભો રહ્યો, સ્વામી મારો ઉદ્ધાર કરો, મહારાજ કહે તું કોણ, તો કહે હું બ્રાહ્મણ હતો ને મુસલમાનની બાઈ સાથે સંબંધ કરેલ ને મૃત્યુ બાદ આ સ્મશાનભૂમિમાં મારી નનામી ખોલી એટલે હું મારા દેહમાંથી નીકળી વાયુપ્રેત થઈને ઘણો વખત થયા આ તાડીમાં રહેતો. મહારાજ કહે, હવે આ વાડીનું રખોપું કરજે અને કોઈને હેરાન કરતો નહીં, ને દેખાતો પણ નહીં નહિતર આ ફુલવાડીમાં કોઈ આવશે નહીં.

મહારાજ કહે, તારે બદ્રિકાશ્રમમાં જઈ તપ કરવું પડશે. તપ પૂરું થયા પછી તારો જન્મ સત્સંગીના ઘેર થશે. ત્યારબાદ તારો ઉદ્ધાર થશે. ત્યાં મારા બાપુજી આવ્યા તેમને તાડી તથા વાયુપ્રેતની વાત કરી. પછી મોટી આંબલી તે પણ પડી ગઈ એટલે સામે વાડીમાં બીજી આંબલીમાં ગયો. તે પણ પડી ગઈ એટલે ઊગમણી બાજુ વાણિયાના ભાભાની ડેરી છે તે ખરાબાના કાંઠા ઉપર તે આંબલીમાં ઘણો વખત રહ્યો. બીજા દિવસે વાયુપ્રેતની વાત કરતા કહે, પ્રેમજીભાઈ અમારી આવરદા ૧૨૫ વરસની છે. પણ અમારે જ્યારે જવું હોય ત્યારે અમે સ્વતંત્ર થકા ગમે ત્યારે જઈ શકીએ એવો અમારી પાસે અક્ષરધામનો પરવાનો છે.

જામવંથલીની કંકાવટી નદીમાં મોટા ચાર પથ્થર હતા. તેમાંથી એક તણાઈ ગયો ને ત્રણ પથ્થર હતા. તે તો પ્રસાદીના હતા. સ્વામિનારાયણ ભગવાન જ્યારે અલીયાપાડાથી ચાવડા ગામના રસ્તેથી રાતના જામવંથલી પધારેલા ત્યારે એક પથ્થર ઉપર પોતે બેઠા. બીજા ઉપર લાંબા પગ કર્યા, ત્રીજા ઉપર પાછળ હાથ ટેકવીને બેઠા એટલે ત્રણ પથ્થર પ્રસાદીના છે. આ પથ્થરથી થોડે દૂર ત્રણ તાડી હતી તેમાં ભૂત-પ્રેતનો વાસ હતો. આજુબાજુ કોઈ મળમૂત્ર કરવા બેસે તો તેમને દેખાતા અથવા કાળા કપડાવાળી બાઈ દેખાતી. આ રીતે પ્રસાદીના પથ્થરની રક્ષા કરી. ફુલવાડીની બાજુમાં પાણી જવાનો વોકળો હતો. ત્યાંથી

તમાચરણને જાળીયા જવાનો રસ્તો હતો. રસ્તા ઉપર ફુલવાડીમાં જવા માટે નાની ઝાપલી હતી. તેની બાજુમાં વાવ જેવો કૂવો હતો. કૂવામાં ઉતરવા માટે છ થી સાત પગથિયાં હતાં. તેમાં ઉતરીને સ્વામિનારાયણ ભગવાને પાણી પીધું છે તેથી ફુલવાડીનો કૂવો પ્રસાદીનો છે.

આ ત્રણે પથ્થર પ્રસાદીના હોવાથી એક પથ્થર ગામમાં સ્વામિનારાયણ મંદિરમાં પધરાવેલ છે. બીજો ફુલવાડીમાં અને ત્રીજો હજુ તે જગ્યાએ જ નદીમાં જ પડેલો છે. ફુલવાડીનો દસ્તાવેજ કર્યા પછી કોઈ બીજાનું મુખત્યારનામું કરી શ્રીહરિ શરણાગતિ મંડળ નામ રાખી ટ્રસ્ટ બનાવી શીખરબંધ મંદિરનું મુહૂર્ત કરેલ. મંદિરમાં મહારાજ આવ્યા પછી ધૂન-ભજન-કર્તન-કથાવાર્તા ને સત્સંગનો વધારો પણ થયો હતો. સાંજે આરતી બાદ નાના-નાના છોકરાઓ મહારાજ મહારાજની જય બોલાવતા, સમય જતાં મંદિરના કોઠારીને અનુકૂળ ન હોવાથી છોકરાઓને ધમકાવવા માંડ્યા. જો તમારે આવી જય બોલાવવી હોય તો મંદિરમાં ન આવવું. છતાં છોકરાઓએ જય બોલાવવાની ચાલુ રાખી. પછી કોઠારી અને અમુક વિરોધી સત્સંગીઓએ છોકરાઓને મંદિરમાં આવવાની મનાઈ કરી દીધી. તોય છોકરાઓ શેરીમાં જય બોલાવવા લાગ્યા. કોઠારી કહે, સ્વામી ! છોકરાવને જય બોલવાની ના પાડી છતાં જય બોલાવે છે. મહારાજ કહે, તમારા ને તમારા ગામના છે તો તમોને ઠીક લાગે તેમ કરો. પછી મહારાજ જામવંથલી છોડીને જૂનાગઢ મંદિરે કાયમ રહેવા માટે ચાલ્યા ગયા.

મહારાજને ફુલવાડી એક અગત્યનું મોટું કામ કરવાનું હતું. તે પ્રસાદીના કૂવામાંથી પાતાળનું પાણી પોતાના મેળે આપોઆપ બહાર આવે. ફુલવાડીના કાંઠે નદી કાયમ વહે. પશુ-પક્ષીઓ પાણી પીવે, પિતૃકાર્ય થાય. સારડો ૫૦૦ ફૂટ ઉપર ગયો. નીચે કડક કાળો પથ્થર આવવાથી પાનું અંદર રહી ગયું તો કામ અધૂરું રહ્યું. પછી મહારાજે ભક્તોને જણાવ્યું કે ભવિષ્યમાં અમારી ઈચ્છાથી યોગ્ય સમયે એ કૂવામાંથી અખૂટ એવું પાતાળ પાણી આપોઆપ બહાર આવશે ને કંકાવટી નદી કાયમ વહેતી થાશે.

ઘણા ભક્તો ધંધો કરવા દુબઈ જતા તો મારી સાથે કામ કરતા તે મને કહેતા કે, ચાલો નારણભાઈ આપણે પણ દુબઈ જાય. મેં કહ્યું, ત્યાં કોઈ તેડાવે તો જવાય. એ બધું તો મુંબઈના એજન્ટો કરી આપે. તેમાંથી ઘણાં જતા ને ઘણા ફસાય પણ જતા. અમુક પાસપોર્ટ પણ પાછા ન આપતા. પણ જે મહારાજના આશીર્વાદ લેવા જતા તેમને દુબઈની સારી કંપનીમાં કામ મળતું. ને પગાર પણ સારો મળતો. તેમાંથી ભક્તો અમુક ભાગનો ધર્માદો કાઢતા. તે પૈસા ફુલવાડીના મંદિરમાં શીખરબદ્ધ મંદિરનું કામ ચાલતું તેના ઉપયોગમાં લેવાતા.

હું પણ દુબઈ જવા માટે મહારાજના આશીર્વાદ લેવા જૂનાગઢ ગયો. બપોરે તેમની બાજુમાં પ્રસાદી લેવા બેઠો તો તેમના થાળમાંથી મને પ્રસાદીની રોટલી આપી. પછી મહારાજની પગચંપી કરતો હતો. મેં કહ્યું સ્વામી દુબઈ જવું છે તો કહે કેમ મોડો પડ્યો ઘણાં બધાં ગયા. તેમના પૈસા પણ મંદિર નિર્માણ માટે આવે છે. મને કહે, જા તારો નંબર આવી ગયો. ત્યાં નિર્ગુણજીવનદાસજી સ્વામી હતા. તેમના દર્શન કરવા ગયો, વાત કરી, સ્વામી દુબઈ જાવ છું. નિર્ગુણસ્વામીએ હાર પહેરાવી ચાંદલો કર્યો, આશીર્વાદ આપ્યા. કહે પરદેશ છે ધરમ નિયમમાં ખબરદાર થઈને રહેજો, ભજન કરજો, ભગવાનને સંભારીને રહેજો.

પછી અમો મુંબઈ આવ્યા અવાર-નવાર બધાં ભેગા થાય તો કહે મને એકાદ મહિનો થયો પણ ક્યાંય જવાનું થતું નથી. દલાલ પૈસા ખાઈ જાય ને ભાગી જાય છે. કોઈ કહે અમે ઘણાં ઈન્ટરવ્યૂ દીધા પણ જવાનું થતું નથી. મેં તો મહારાજના આશીર્વાદ મેળવેલ હતા. મને પૂરો ભરોસો હતો. બે-ચાર દિવસ ફરતા-ફરતા જાણીતા ભેગા થઈ ગયા. તે મને કહે, ચાલો નારણભાઈ અમારી સાથે ઈન્ટરવ્યૂ દેવા. હું તેમની સાથે ગયો પણ લગભગ ૧૫૦ માણસોની લાઈન જોઈને મને થયું આમાં આપણો વારો છેલ્લો છે. તોય છતાં અમો લાઈનમાં ઊભા રહ્યા. તેમાં જેટલા ડોકટરી પાસ થાય તેમને લેવાના હતા. આગળ ઊભેલા લગભગ અડધાથી વધારે કંઈ બીમારીના હિસાબે નાપાસ થયા, અમારો વારો નજીક આવતો ગયો.

ડોકટર સખત હતો તેથી જેવી તેવી બીમારીવાળાને નાપાસ કરતો. પગથી માથા સુધી એક એક અંગની તપાસ કરતો, મારી આગળ ઊભેલામાં અમુક જણને લેવાના હતા. મેં તો મનોમન મહારાજ અને ગુરૂને યાદ કર્યાં. મારા આગળથી એક પાસ થયો બાકીના બધા નાપાસ થયા તેમાં મારો '૯૯'મો નંબર હતો. ડોકટર મારી તપાસ કરી કહે તમો તો ઘણા બધા તંદુરસ્ત છો, કોઈ બીમારી નથી, શરીર સારું છે અને હું પાસ થઈ ગયો.

હું અબુધાબીમાં હતો મને મહારાજનો કાગળ આવ્યો કે, તાપના હિસાબે ફુલવાડીમાં પ્રસાદીના ઓટા ઉપર ચરણારવિંદ પધરાવેલા છે તેના ઉપર તારે છત્રી કરાવવાની છે. અમારા પગ બળ્યા કરે છે. હું બે વરસ પછી પાછો આવ્યો જૂનાગઢ દર્શન કરી વંથલી ગયો પ્રમુખ તથા માસ્તર કર્તાહર્તા હતા, તેમને મળ્યો. મારે પ્રસાદીના ઓટા ઉપર છત્રી કરાવવી છે તમો જે પ્રમાણે કહો તે રીતે કરાવી દઉં જે ખર્ચ થાય તે હું આપીશ. બંને જણાં કહે, તમારે કેટલા રૂપિયા ખર્ચવા છે અથવા અમો કહીએ તેટલા આપી દો. અમારી રીતે કરાવી લેશું. પછી મેં મહારાજની આજ્ઞા પ્રમાણે આ સેવા કરીને ધન્યભાગી થયો.

એકવાર રાજકોટ મંદિરમાં કથા તથા મોટા પાયે સમૈયાનું આયોજન હતું. તેમાં દરેક દેશના સાધુ-સંતોને હરિભક્તો આ મોટા સમૈયાનો લાભ લેવા પધારેલા. કથાની પૂર્ણાહૂતિના દિવસે બપોરે (૧૨-૩૦) વાગ્યે બીડું હોમવાનું હતું. મંદિરના ચોકમાં મોટો હવનકુંડ બનાવેલો પ્રસાદ માટે મોટા કુંડ બનાવેલા એક કુંડમાં શીરો તથા બીજા કુંડમાં શાક ભરી દીધા. બીડું હોમીને બધાને પ્રસાદ લેવાનો હતો. શાસ્ત્રી શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી તથા રાજકોટના જાણીતા શાસ્ત્રી વજુભાઈ તથા બીજા બ્રાહ્મણો મંત્રોચ્ચાર સાથે બીડું હોમાયા બાદ બધાએ પ્રસાદ લીધો. મંદિરમાં સાધુ-સંતો તથા હરિભક્તોથી ભરચક વાતાવરણ હતું. રાત્રે મોટો પ્રોગ્રામ હતો તેથી બધા આમ જ રોકાઈ ગયા. રાતનો પ્રોગ્રામ પૂરો થતા સમાચાર આવ્યા કે જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરમાં ગુણાતિતાનંદ સ્વામીના જૂના સભામંડપમાં સાગના લાકડાંમાં મોટા પાયે આગ લાગી છે. બધા સાધુ-સંતો, હરિભક્તો પોતાના વાહન લઈને કોઈ ભાડાની ટેક્સી કરીને પણ બધાં ત્યાં પહોંચી ગયા હતા. આગ ઓલવવા માટે જૂનાગઢને જેતપુરના ફાયરબ્રિગેડ પહોંચી ગયા હતા. જૂના લાડકાનો કાટમાળ હતો તેથી આગ ચારેબાજુ ફેલાઈ ગઈ આગ કાબુમાં ન આવવાથી ગોંડલના ફાયરબ્રિગેડની પણ મદદ લેવી પડી હતી. આગનું કામ પૂરું થયું ને આપણે જોઈએ તો આખું બધું કાળુંમેશ ભૂતિયા મહેલ જેવું થઈ ગયું.

મહારાજ રાજકોટ જ હતા હું સવારે દર્શન કરવા ગયો. ત્યાં મંદિર નીચે ભંડારમાં ઘણાં બધાં હરિભક્તો બેઠા હતા. હરિભક્તો કહે, સ્વામી તમારું કંઈ બળ્યું છે ? મહારાજ કહે, જેનું બળવાનું હતું તે બધા રાતોરાત પહોંચી ગયા. મહારાજ કહે, અમો કઈ લાવ્યા નથી જે કંઈ લઈ જવાનું પણ નથી. બાળવાવાળાને જે બાળવું હતું તે બળી ગયું. અમોએ અત્યાર સુધી જે પુસ્તકો લખ્યા છે તે બચી ગયા. અમોએ મહારાજને પ્રાર્થના કરી તે સામેની બાજુ જવા આવવાનો લાકડાનો પુલ હતો તે સળગીને વચ્ચેથી પડી ગયો એટલે અમારી સામેની સાઈડ બચી ગઈ. મંદિરમાં જ્યાં જગ્યા હતી ત્યાં સંતોને રહેવા માટે નાની નાની પતરાની રૂમ બાંધી દીધી. પછી કાટમાળ ઉપાડ્યો, મંદિરમાં કમિટીએ નક્કી કર્યું કે સંતો માટે નવા ઉતારા બનાવવા. નીચે એક રૂમ સંડાસ, બાથરૂમને સાથે ડેલીબંધ જગ્યા, એક રૂમ ઉપર રસોડું, તેના ઉપર ત્રીજા માળે સિડી રૂમ સાથે એક રૂમ. આ પ્રમાણે નક્કી કર્યુંને સિમેન્ટથી છત ભરીને નંબર પ્રમાણે સૌને રૂમ સોંપી દેવાની. બાકી કામ સંતોએ પોતાના ખર્ચે કરવું. સંતોની મિટીંગ થઈ મંદિરમાં કમિટીએ નંબરવાર ચિઠ્ઠી બનાવી બધાએ ચિઠ્ઠી

લેવાની જે નંબર આવે તે એની રૂમ. નંબર પ્રમાણે રૂમ લેવામાં કોઈએ આનાકાની ન કરવી. સંતોએ પોતપોતાના રૂમનો કબજો સંભાળી લીધો.

જૂનાગઢના સદ્‌ગુરૂ નિર્ગુણજીવન સ્વામીનો ધર્માદાનો વારો જ્યારે જામવંથલી હતો ત્યારે તેમનું પણ સત્સંગીઓ પ્રત્યે વર્ચસ્વ સારું હતું. પોતે વચનામૃતની વાતો કરતા તેથી તેને કંઠસ્થ હતું. વચનામૃતના પ્રશ્નો પૂછો તો પોતે તુરત જ જવાબ આપતા. તેથી વચનામૃતના પગી કહેવાતા પોતે વચનસિદ્ધ પણ હતા. તેમણે જૂનાગઢ તેમના રૂમે જામવંથલીનાં સેવકોને કામ કરવાનું કહ્યું તો ત્યાંથી ત્રણ ચાર જણા આવ્યા. હું પણ રાજકોટ હતો મને કાગળ આવ્યો કે, નારણભાઈ ટાઈમ હોય તો આપણાં મકાનનું કામ કરવાનું છે તો મારા સાથે વંથલીના ભાઈ હતા. મેં તેમને વાત કરી તો કહે, મારા ગુરૂનો પણ કાગળ આવ્યો છે. અમો બંનેએ નક્કી કર્યું બેયના ગુરૂનું કામ અરસપરસ કરવાનું. નિર્ગુણસ્વામીને ત્યાં બે-ત્રણ જણાં કામ કરતા હતા, મારી સાથે આવેલા ભાઈના ગુરૂનું કામ કરવા ગયા બે ત્રણ દિવસ કામ કર્યું ત્યાં સિમેન્ટ થઈ રહ્યો. ત્યારે સિમેન્ટની બંધી હતી તેથી કંટ્રોલમાં બે પાંચ ગુણી આપતા પછી નિર્ગુણસ્વામીને ત્યાં કામ કરવા ગયા ત્યાં બે દિવસ કામ કર્યું, ત્યાં પણ સિમેન્ટ થઈ રહ્યો કામ પૂરું થવા આવ્યું પણ પાંચેક ગુણીનું કામ બાકી રહી ગયું. સિમેન્ટનો મેળ ન થવાથી અમો સ્વામી પાસે રજા લેવા આવ્યા.

ચોમાસું હોવાથી ધીમે ધીમે વરસાદ પણ ચાલુ હતો બધા ઊભા હતા ત્યાં કલેકટર લાડવાસાહેબ આવ્યા. તેમને નિર્ગુણસ્વામીનો પરિચય સારો હતો. સ્વામી પાસે મંદિરે અવારનવાર આવતા. સ્વામી કહે, પાંચેક ગુણીનું કામ બાકી રહી ગયું છે. સિમેન્ટ નથી તેથી કારીગર ઘરે જાય છે. કલેક્ટર સાહેબ કહે, કોઈ જતા નહીં કામ પૂરું કરીને જશો. સાહેબ રેઈનકોટ પહેરી પોતાની જીપમાં હાઈવે પર ઉભા હતા. ત્યાં જે સિમેન્ટનો ખટારો નીકળે તેની પાસેથી બે બે ગુણી મલી જાય. ત્યાં કોઈ સાહેબનો ઓળખીતો મલ્યો ઊભો રહ્યો તેને વાત કરી તો કહે મંદિર માટે જોઈતી હોય તો બે ગુણી તમારા તરફથી એક ગુણી મારા તરફથી એટલે સાત ગુણીનો મેળ થઈ ગયો. પાંચ ગુણીનું કામ પૂરું થયું બે ગુણી વધી કામ પૂરું કરીને મહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના રૂમે દર્શન કરવા ગયા. થોડીવાર બેઠા કામ પૂરું થઈ ગયું વાત પૂરી કરી તો મહારાજ કહે, અમારા સંડાસ-બાથરૂમમાં પાણી પડે છે. સિમેન્ટની તંગીના હિસાબે કામ રહી ગયું છે. ટાઈલ્સની પેટીઓ પણ આવી ગઈ છે. મેં કહ્યું, નિર્ગુણજીવન સ્વામી પાસે બે ગુણી વધી છે. મહારાજ કહે, સિમેન્ટની તંગી છે એટલે

કોઈ પાસે મંગાય નહીં બધાને સિમેન્ટની જરૂર છે. મેં કહ્યું, મહારાજ તમારા આશીર્વાદ હોય તો એકાદ ગુણનું કરતો આવું. મહારાજ કહે, અમારા આશીર્વાદ તો તારી સાથે જ છે. મેં નિર્ગુણસ્વામીને વાત કરી તો કહે વરસાદના લીધે સિમેન્ટ જામી જશે તો બેય ગુણી લઈ જાઓ. મેં આવીને મહારાજને વાત કરી કે, બે ગુણીનું થઈ ગયું તમારું કામ પૂરું કરી દઈએ.

એકવાર ઘણા સમયે હું જૂનાગઢ ગયો. દર્શન કરી દંડવત્ કર્યાને બેઠો તો મહારાજ કહે, "કેમ નારણ ! જાજા ટાઈમે ?" મેં કઈ જવાબ ન આપ્યો એટલે પોતે શાસ્ત્ર લખવાનું બંધ કરી બંને પગ લાંબા કર્યા. હું પગ ચંપી કરતો હતો ત્યાં મને કહે, "કેમ નારણ ! ફુલવાડી પાછી લેવાની વાત થાય છે. વાત સાચી ?" મહારાજની વાત સાંભળી મારું હૈયું ભરાઈ આવ્યું ને આંખમાંથી આંસુ ટપકવા માંડ્યા. મેં કહ્યું, મને ઘણાં હરિભક્તોએ વાત કરી કે, શાસ્ત્રીજી મહારાજ તો કાયમ માટે ફુલવાડી રહેવાના હતા ને ? તો કેમ હવે જૂનાગઢ ચાલ્યા ગયા. માટે હવે તમે પણ ફુલવાડી પાછી લઈ લ્યો. માટે મારા મનમાં આવો ખોટો વિચાર આવી ગયો તેથી હું ક્ષમા માગુ છું પણ મહારાજ ફુલવાડી પાછી લેવાની તો વાત બાજુએ રહી પણ ફુલવાડી શ્રીકૃષ્ણાર્પણ (દાન) કર્યા પછી પાછી ન લેવાય. ફુલવાડીનો લેખ તો અક્ષરધામના ચોપડે લખાઈ ગયો છે." મહારાજ મારા માથે હાથ મુકીને કહે, "નારણ ! ફુલવાડીમાં અમોએ તમને કાયમી રહેવાનું કહ્યું હતું પણ સમયને અનુકુળ ન હોવાથી જવું પડ્યું પણ તમારે એમ ન સમજવું કે અમો ત્યાં નથી. તમે ખોલીયા કુટુંબે પ્રેમથી ફુલવાડી અમને અર્પણ કરી છે માટે અમો કાયમી ફુલવાડીધામમાં બીરાજમાન રહી અનેક જીવોનું કલ્યાણ કરીશું." મહારાજની આ વાત સાંભળી મને અંતરમાં ખુબ જ શાંતિ અને આનંદનો અનુભવ થયો.

મહારાજના દેહત્યાગના ત્રણ દિવસ પહેલાં હું જૂનાગઢ ગયો, બપોરે મેં તેમની બાજુમાં બેસી ભોજન કરેલું, તેમના થાળમાંથી મારી થાળીમાં પ્રસાદીની રોટલી આપી, ભોજન બાદ તેમના રૂમમાં પગચંપી કરતો હતો. મને કહે બેય હાથના ખંભા દુ:ખે છે તો દાબી દે, થોડીવાર પછી કહે, હવે રાખો. મેં જવાની રજા માગી તો કહે છેલ્લા દર્શન કરી લે. મને થયું કે સૂવાનો વખત થઈ ગયો છે તેથી એમ કહ્યું હશે પણ એ શબ્દોનો મર્મ હું ન સમજી શક્યો. ત્રીજા દિવસે સમાચાર મળ્યા કે મહારાજે દેહત્યાગ કરી દીધો છે. મારી આંખમાંથી અફસોસની સાથે આંસુ પડી ગયા. ત્યારે મને મર્મનો અર્થ સમજાયો કે મને છેલ્લા દર્શન માટે શા માટે કહ્યું. દેહત્યાગની રાત્રે પોતે ૨ા-૩ વાગે મંદિર ઉપર પ્રદક્ષિણા કરતા હતા.

ત્યારે મંદિરના વોચમેન (પગી)ને થયું અત્યારે ઉપર કોણ છે. તે ઉપર આવીને મહારાજને પગે લાગીને કહે, સ્વામીજી મંગળા આરતીને હજુ વાર છે. મહારાજ કહે, પણ હવે અમારે જવાની વાર નથી. તે પણ મારી જેમ મર્મનો અર્થ સમજી ન શક્યો.

હેમંતભગત રાત-દિવસ ચોવીસ કલાક મહારાજની સેવા કરતા તેથી મહારાજને થયું હેમંત હશે તો મારે મારી રીતે સ્વતંત્ર થકા જવા માટે અવરોધ થાશે એટલે હેમંતભગતને કહે આ વસ્તુ અભેરાઈના માળીયામાં પડી છે તે લેતા આવો. ભગત ટેબલ લઈને લેવા ગયા. પગ છટકી ગયો પડ્યા હેઠા અને પગનો ગોળો ભાંગી ગયો. હોસ્પિટલમાં દાખલ કર્યા, મહારાજને ધામમાં જવાનો રસ્તો થઈ ગયો. એ વખતે જ્ઞાનસ્વામી મહારાજની સેવામાં હતા. મહારાજએ સાડા ચાર વાગે નાહીને પોતાનું ધોતિયું ડોલ નીચે રાખી દીધું પછી પૂજા કરી એક ગરમ ધાબળી ઓઢીને સૂઈ ગયા.

દરરોજના નિયમ પ્રમાણે જ્ઞાનસ્વામી આરતી થઈ એટલે જ્ઞાનસ્વામી મંગળા આરતીમાં જતા રહ્યા. આવીને ટકોર કરી પણ કંઈ જવાબ ન મળતા જ્ઞાનસ્વામીએ દરવાજો ખોલીને જોયું તો આ પ્રમાણે સ્થિતી જોઈને બધા સંતોને બોલાવી ભેગા કર્યા. પછી દરેક જગ્યાએ મહારાજના સ્વધામ ગમનનાં સમાચાર મોકલાવી દીધા. સંતો-ભક્તોને ખબર પડતાની સાથે જૂનાગઢ આવવા માંડ્યા અચાનક હેમંતભગતને ખબર પડી. તેમને ઘણો જ અફસોસ થયો કે મહારાજ મને આવી સ્થિતિમાં મૂકીને ચાલ્યા ગયા. મહારાજના અંતિમ દર્શન માટે મંદિરમાં દરવાજાની સામે પાલખીમાં બેસાડવામાં આવ્યા હતા. પછી શ્વેતાયનબાગમાં મહારાજની પ્રસાદીની વાડીમાં અગ્નિસંસ્કાર કર્યા. સાંજનો સમય હતો એટલે કોઈએ કહ્યું કે હવે સૌ પોતપોતાની રીતે જઈ શકો છો. મહારાજના હૃદયને અગ્નિ નહોતી લાગતી તેથી શ્રીહરિ શરણાગતિ મંડળે તે ભાગને વાસણમાં લઈ રાતોરાત વાહનમાં જામવંથલી ફુલવાડીમાં લઈ આવ્યા. મહારાજ ઘણીવાર કહેતા ફુલવાડી મારું હૃદય છે. તેથી તેની છાતીના હૃદય ભાગને ફુલવાડીમાં મધ્યશિખર નીચે પધરાવ્યું છે. મહારાજનાં મંડળના કોઠારી સ્વયંપ્રકાશસ્વામી, આત્મપ્રકાશસ્વામી, દેવપ્રકાશસ્વામી, જ્ઞાનપ્રકાશસ્વામી, હેમંતભગત તથા શ્રી હરિ શરણાગતિમંડળના સભ્યો મળીને ડભાણવાળા શાસ્ત્રી જગતપ્રકાશદાસસ્વામી પાસે સત્સંગીજીવન પારાયણ કરાવી. જમણવાર રાખી પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનો સ્મૃતિ મહોત્સવ પૂરો કર્યો.

વર્ષો પહેલાં અમારી આ ફુલવાડીની જગ્યા પાંચાબાપા હરિજનની હતી. દુષ્કાળ પડ્યો

ત્યારે જામસાહેબે પાંચાબાપાને તેના ગુજરાન માટે નદી કાંઠે જમીન આપી. તેમાં ગુજરાન ચલાવતા એ વખતમાં અત્યારની જેમ માર્કેટ ન હતા. વાડીમાં બકાલુ, રજકો, ગદબ, મકાઈ વાવતા ઘરે ઘરે દેવા જતા વાડીમાં જાત જાતના ફુલ વાવીને બગીચો બનાવતા તેથી વાડીનું નામ ફુલવાડી રાખવામાં આવેલ છે. અમારા કુટુંબના વંશજો લાધા ઝીણા ખોલિયા, વીરા ઝીણા ખોલિયા, બેચર ઝીણા ખોલિયા, કચ્છ ભુજ અંજારથી આવી જામનગરના રાજ્યમાં જામવંથલી ગામમાં રોકાયા. એ વખતમાં રાજ્યો ઘણાં હતા પણ જામનગરના જામસાહેબ પોતાની પ્રજાને અનાજ આપતાને પ્રજાનું ધ્યાન રાખતા. તેમા લીલા રાતડી જાર, મઠ, ચણા અને બાજરી જેવો ચીજો આપતા ચણા તથા મઠ પલાળી શેકીને કોરડ કરતા લાલજારની ધાણી (ફગવા) કરીને ખાતા કોઈ પાસે જમવાનું ન હોય તો અરસપરસ એકબીજાને આપતા. અમારા ખોલિયા કુટુંબના કૂળદેવી તથા સુરાપુરાદાદા અંજારમાં છે. કુલદેવી ખોડિયાર માતાના નામ પરથી ''ખોલિયા'' રાખવામાં આવ્યું છે. સમય જતાં ખોલિયા કુટુંબના ત્રણે ભાઈઓ જામવંથલી રોકાઈ ગયા. પાંચાબાપાના વંશમાં કોઈ નહોતું. ઘડપણની અવસ્થા હોવાથી ફુલવાડીની જમીન વેંચવા મૂકી તેમાં નાની કૂઈ જેવો કૂવો હતો. પાંચાબાપા એક બળદનો કોસ ચલાવતા નાનો ચામડાનો કોસ ઉપર હાથથી ભાર દઈને એક બળદનો કોસ ચલાવતા.

જૂનાગઢથી ધર્માદાના વારામાં સંતો આવતા તે બધા સાંજે ફુલવાડીમાં નાહવા પધારતા. અમારા દાદા લાધાબાપા કોસબંધ કરી આંબલી નીચે બેસીને સંતો સાથે સત્સંગ કરતા. સંતોને શાકબકાલું આપતા. અમારું ખોલિયા કુટુંબ કચ્છ-ભુજ-અંજારથી આવીને જામવંથલીમાં રહ્યા હતા. આ અમારો સત્સંગ નારણદાસ સ્વામીના વખતનો છે. નારણદાસ સ્વામી ઘરે પધરામણીએ આવ્યા ત્યારે કુમકુમનો ચાંદલો કરીને કહેલું કે, આ સત્સંગ તમારા વંશ પરંપરા જળવાય રહે એવા અમારા આશીર્વાદ છે.

દુષ્કાળની પરિસ્થિતિ હોઈ કોઈ પાસે પૈસા ન હતા છતાં અમારા કાકા લાધા ઝીણાએ પાંચાબાપાને કહ્યું પૈસા જેમ થાશે તેમ આપીશ એવી રીતે બોલી કરી ફુલવાડી લીધી પણ પાંચાબાપા કહે મારી એક શરત છે, આ ફુલવાડી મારું જીવન છે હું આમાં સુખી થયો છું. તમો પણ સુખી થાઓ. બીજાને વેંચો તો કોઈ સારા માણસને આપશો. જેથી આપણને ફુલવાડી ભૂમિના આશીર્વાદ મળે. આજે ત્રીજી પેઢીએ ખોલિયા કુટુંબે પણ આ ફુલવાડીની જમીન પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને મંદિર માટે કૃષ્ણાર્પણ (દાનમાં) આપી. હાલમાં તે

ભૂમિ પર દેવસ્થાનના ભવ્ય ત્રણ શીખરનું મંદિર બનાવવામાં આવ્યું છે. જામવંથલી ગામના દરવાજાની બહાર નીકળતા કંકાવટી નદીના સામા કાંઠે ભવ્ય શીખરબંધ મંદિરના દર્શન થાય છે. દેશ-વિદેશથી અનેક ભક્તો દર્શને આવે છે, અમારી ફુલવાડી મોટું તીર્થધામ બન્યું છે તેથી અમારા ખોલિયા પરિવારના અંતરમાં ખુબ જ આનંદ છે. આ ભૂમિ દાન આપનાર, લેનાર અને મંદિર બનાવનાર ત્રણેના આશીર્વાદની પૂણ્ય ભૂમિ છે.

આમ પ્રગટ ભગવાનના લાડીલા અનાદિ મુક્તરાજ નારણભગત પ્રેમજીભગત ખોલિયાએ ધર્મમય, ભક્તિમય અને સેવામય જીવન પસાર કર્યું તેમજ મહારાજની હયાતી પછી પણ વર્ષો વીત્યા બાદ જ્યારે જૂનાગઢ બાલમુકુંદ ભવને શ્રીકૃષ્ણપ્રકાશસ્વામીનો મેળાપ થયો ત્યાર પછી તેમની આજ્ઞા પ્રમાણે શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા (ગુજરાતી સાર)ના નૂતન પ્રકાશનમાં તેમજ શ્વેતાયનબાગના વિકાસ કાર્યમાં પણ ઘણો સેવાનો લાભ લઈ મહારાજને વિશેષ રાજી કરી પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણનું સ્મરણ કરતાં કરતાં પરમધામ સિધાવ્યા. આવા મહાન ભક્તોને અનંતવાર દંડવત્ પ્રણામ...

પરચા નં.
33.

## અનાદિ મુક્તરાજ હરિલાલભગત વેલજીભગત ખોલિયા
### ગામ -જામવંથલી, હાલ- રાજકોટ

**પ્રગટ** ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ કાશીથી ભણીને આવ્યા પછી સ્વામિનારાયણ સંપ્રદાયનું કાર્ય સંભાળ્યું. સૌથી પહેલાં મહારાજે જામનગર સ્વામિનારાયણ મંદિરના મહંત બની અને મંદિરના અધૂરા કામ બધા પૂરાં કર્યા સાથે સાથે સત્સંગમાં વિચરણ ચાલુ કર્યું અને મહારાજ ઘણા વર્ષ જામનગર રહ્યા. જામનગરથી મહારાજ જામવંથલી અવારનવાર આવતા અને ત્યારે મહારાજ પાસે મે કંઠી બંધાવી ત્યારે મારી ઉંમર બાર વર્ષની હતી. ત્યારથી હું મહારાજના પરિચયમાં હતો. મહારાજ જામવંથલીના સ્વામિનારાયણ મંદિરમાં રહ્યા હતા. અમોએ મહારાજની સેવા ખૂબ કરી છે. ત્યારથી મહારાજ અમારા પર ખૂબ રાજી રહેતા અને ધીમે ધીમે પોતાના ભગવાનપણાની ઓળખાણ આપતા ગયા. તે વખતે જામવંથલીના ભગવાનને ઓળખવાવાળા ઘણાં ભક્તો હતા.

શ્રીહરિ શરણાગતિ મંડળમાં વધારે ભક્તો જામવંથલીના હતા. તે વખતે મહારાજનો રાજીપો પણ અઢળક અને મહારાજનો ઉતારો મંદિરની મેડીપર હતો અને ક્યારેક ક્યારેક મહારાજ પોતાની ભગવાનપણાની વાતો કરતા અમને ખબર ન પડતી કે, મહારાજ આમ કેમ કહે છે ? પણ પછી ધીમે ધીમે અમને મહારાજે પોતે ભગવાન છે તેની ઓળખાણ આપીને પાકા કરી દીધા.

મહારાજ જામનગરથી આવતા-જતા જામવંથલી આવે એટલે રાજી રાજી થઈ જાય અને વંથલીનું નામ પડે એટલે મહારાજ ગોઠણિયાભેર થઈને જામવંથલીના વખાણ કરતા.

મહારાજે જામવંથલીના બધા મકાનમાં પધરામણી કરી બધું પાવન કર્યું છે. જામવંથલીની સીમ, વાડી, ખેતરમાં ખૂબ વિચરણ કરીને બધું પ્રસાદીનું કર્યું છે અને બાજુનું ગામ ચાવડા તથા લાખાણી નાની આ બધા ગામ મહારાજના પ્રસાદીના છે.

મુક્તોને પરમધામથી પોતાનું મંદિર બનાવવા અનાદિ શ્રીકૃષ્ણનારાયણ ભગવાન પોતાની સાથે લાવ્યા. પ્રગટ ભગવાને જેમ કહ્યું તેમ ભક્તોએ કર્યું. પ્રગટ ભગવાનની આજ્ઞા પાળી તેના વચનમાં બરાબર રહ્યા તો બધા મંદિરના કામ બરાબર થઈ ગયા. ફુલવાડી મંદિરમાં ભક્તોએ સગવડતાએ પૈસા મોકલાવવાનું ચાલુ કરી દીધું. મહારાજની

આજ્ઞાથી ફુલવાડીની સેવા બરાબર ચાલુ થઈ ગઈ. મહારાજ અને ભક્તો રાજી થઈ ગયા અને ફૂલવાડીના શિખરનું કામ બરાબર ચાલુ થઈ ગયું. શિખરના કામ લગભગ જલ્દી પૂરા થઈ ગયા. સમયસર પૈસા પણ આવી ગયા. કોઠલા અને સિંહાસન બાકી હતા અને મહારાજે હિરાબાપાને જૂનાગઢ તેડાવી કહ્યું કે, હિરાભાઈ રિટર્ન ગાડી કરી મને જામવંથલી તેડી જાવ અને કોઠલા સિંહાસન ન થયું હોય તો કાંઈ નહીં શિખરનું કામ ભલે અધૂરું હોય મને જામવંથલી લઈ જાવ અને કડબના પાંચ પૂળા ઊભા કરીને હું ત્યાં ઊભો રહી જાવ અને મારી આરતી ઉતારી લ્યો. મહારાજને ધામમાં જવાનો સમય પૂરો થતો હોવાથી મહારાજને હયાતીમાં આ કામ કરવાનો વિચાર હતો પણ બાપા માન્યા નહીં મેં કહ્યું કે, મહારાજ પૈસાની ચિંતા નથી શિખર તૈયાર થશે પછી તમને બોલાવીને પ્રત્યક્ષ આરતી ઉતારી લેશું. મંદિરનું કાર્ય કરવાવાળા માન્યા નહીં. મહારાજની હયાતીમાં ઊભા રાખી આરતી ઉતારવી. આ કામ કરવાની મહારાજની ખૂબ ઈચ્છા હતી. પ્રગટ ભગવાન બધું સમજાવે છે તોય આપણે ઘણીવાર મહારાજની આજ્ઞા પાળતા નથી. નહીં તો પ્રત્યક્ષ ભગવાન જેમ કહે તેમ કરી લેવું જોઈએ, પ્રત્યક્ષ ભગવાન હાજર હોય ત્યારે કરેલું તે કાર્ય વિશેષ દિવ્ય હોય છે.

જેમ સાળંગપુરમાં સ્વામિનારાયણ ભગવાને કોલ આપ્યો કે, જેનું સાળંગપુરમાં મૃત્યુ થશે તેને હું અક્ષરધામમાં લઈ જઈશ. ગઢડાનું પણ તેવી રીતે છે. તેમ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ ભગવાને પણ પરમધામ વંથલીમાં જે દેહ મૂકશે તેને હું મારા પરમધામમાં લઈ જઈશ આવો કોલ સ્વમુખે પ્રગટ ભગવાને આપેલો છે અને હજી તો આ પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણના સંપ્રદાયની શરૂઆત છે. બાકી તો ભવિષ્યમાં પરમધામ જામવંથલીનો વિશ્વમાં ડંકો વાગશે અને વિશ્વમાં ભગવો લહેરાશે. આ જામવંથલી પરમધામની લીલા જે પ્રગટ ભગવાને કરી અને ખોબા જેવડું જામવંથલી અને ક્યાં આ ૧૦ થી ૧૨ એકરમાં પરમધામ મંદીર પ્રગટ ભગવાનના શ્રીહરિ શરણાગતિના ભક્તો બધા ગરીબ અને આવડું મોટું પરમધામ મંદિર ક્યાંથી બની ગયું. એ તો પ્રગટ ભગવાન ભેગા હતા તે જેમ કહેતા ગયા તેમ ભક્તો કામ કરતા ગયા. ત્યારે આવું દિવ્ય, ભવ્ય મંદિર બની ગયું અને પરમધામ ફુલવાડી મંદિરની વિષેશતાઓ તો જુઓ. બધું નવું- કિર્તન, નવા ઢાળ, નવી આરતી, નવા શાસ્ત્રો આ બધું બની ગયા પછી છતા પરોક્ષના ભક્તોને ખબર નથી કે, આના ભેળા કોણ છે ? કેવો મહારાજનો રાજીપો. આ બધા ભક્તો રોજનું કમાઈને ખાવાવાળા હતા પણ તોય તન, મન, ધનથી કેવું મંદિર બનાવી દીધું. આ એક કળિયુગનો મોટામાં મોટો પરચો

છે. પૈસા હોય સગવડતા હોય તો બધું થઈ જાય પરંતુ આ તો મહારાજના પરમ એકાંતિક સંતમુક્તોએ પોતાના પ્રાણ રેડીને આ મંદિર બનાવ્યું અને સંતો પોતાના, પૂજારી પોતાના, આચાર્યો પોતાના આમ બધું પોતાનું. પણ કોઈ પાણીદારનો દિકરો જોવાય આવ્યો નથી કે, આ પ્રગટ ભગવાને શું કર્યું ? આ પરમધામના ધણીની આજ્ઞા અને પ્રગટ ભગવાનનો સંકલ્પ હતો તે ફુલવાડી મંદિરનું બધું કાર્ય સમયે થઈ ગયું.

પ્રગટ ભગવાનની દયા તથા રાજીપો તથા પ્રગટ ભગવાનની આજ્ઞા અમારી ભેગી હતી તો આવડું મોટું ફુલવાડીનું મંદિર ભક્તો બનાવી ગયા, મંદિરનું કામ ચાલુ કર્યું ત્યારે ભક્તો પાસે કાંઈ ન હતું પણ જામવંથલીમાં પરમધામના પાતાળ પાયા નાખીને ભગવાને તેનું કામ કરી લીધું. ભક્તોએ મહારાજની આજ્ઞામાં ફેર પડવા દીધો નથી. મહારાજ જેમ કહેતા ગયા તેમ ભક્તો કરતા ગયા. પ્રગટ ભગવાનની કૃપાથી પરમધામ ફુલવાડીની જગ્યા પણ સેવામાં આવી ગઈ અને ધીરે ધીરે કામ ચાલુ કર્યું બરાબર મંદિરની રીત પ્રમાણે કામ થયું, પૈસા ક્યાંથી આવ્યા, સામાન ક્યાંથી આવ્યો તે ભગવાન જાણે. અમને ખબર નથી. તે પ્રગટ ભગવાન અંતરર્યામી દૃષ્ટિથી મંદિરનું કામ ચેક કરતા ગયા.

મંદિરનું શિખરનું કામ બાકી હતું ત્યારે બહુ વધુ પૈસાની જરૂર હતી. તેથી મંદિરનું કામ કરાવનારા હિરાબાપાનો કાગળ મારા પર આવ્યો ત્યારે હું બહેરીન હતો. મારા પર મંદિરનું અધૂરું કામ પૂરું કરવા ક્યાંથી ભક્તો પાસેથી સેવા ભેગી કરાવી ફુલવાડી મોકલાવજો. એમ પત્રમાં આજ્ઞા કરી. મેં વિચાર કર્યો કે, આટલાં બધા પૈસા ક્યાંથી લાવવા ? બુદ્ધિ પ્રેરક ભગવાન છે, તેમને બધી ખબર છે કેમ કરવું. પ્રગટ ભગવાનને આવડે તેવું કોઈને ન આવડે. તે મને અંતર્યામીપણે સમજાવતા ગયા. તે પ્રમાણે મારી પાસે બધા ભક્તોના સરનામા હતા તેના પર ક્યા ભક્તની કેટલી સેવાની કેપેસિટી છે તે જાણીને પંચવર્ષિય યોજના કરી નાખી અને ભક્તોની કેપેસિટી પ્રમાણે આકડાં ચડાવીને બસો ભક્તોનું લિસ્ટ બનાવ્યું અને ભક્તોના સેવા આપવાના પૈસા જ્યારે આપવાના હોય ત્યારે ૧ વર્ષમાં પૂરા કરે અથવા પાંચ વર્ષે પૂરા કરે તે ભક્તોને વિચારવાનું. આ બધું નક્કી કર્યું. ત્યારે ભગવાને ભગવાનનું કામ કરી લીધું અને ફુલવાડી માટે સેવાનો પત્ર મહારાજને જૂનાગઢ મોકલ્યો. મહારાજ એ કાગળ વાંચીને રાજી થઈ નાચવા લાગ્યા.

હું હરિલાલ વેલજી ખોલિયા ઈ.સ.૧૯૬૨ની સાલમાં મુંબઈ કામ કરવા આવ્યો ત્યારે આપણાં શ્રીહરિ શરણાગતિ મંડળના આઠથી દસ ભક્તો હતા. બીજા પણ મહારાજના

ગુણભાવ વાળા ભક્તો હતા. તે વખતે અમોએ મુંબઈ કાંદિવલીમાં મંડળની સભા ચાલુ કરી. ક્યાંય જગ્યા નહીં, મકાન નહીં અને ફરતી સભા ચાલુ કરી. ભક્તોના ઘેર જઈ સત્સંગ કરવો. આમ સભા કરતાં કરતાં મહારાજે દયા કરી તો એક આપણાં ગુરુભાઈ ધામમાં ગયા તેની રૂમ ખાલી હતી. તેના મોટાભાઈને વાત કરી કે, આ રૂમ અમારે મંદિર કરવા જોઈએ છીએ તમે આપો તો સારું. તે વખતે બધા ભક્તો મજૂરી કરવાવાળા એટલે કોની પાસેથી પૈસા લેવા અને તે વખતે એ લોકો એટલે શ્રીહરિ શરણાગતિ મંડળના ભક્તોએ મહિનાના રૂ.૫ કાઢવા તેવા લવાજમની ગોઠવણ કરી પણ મંદિર માટે રૂમ લેવી હતી તે વાત પાકી હતી. પછી તે કેશવજી ડાહ્યાના મોટાભાઈ મોહનભાઈ ડાહ્યાભાઈ રૂમનો કબજો તેની પાસે હતો. પછી એમને વાત કરી કે, આ તમારા ભાઈની પ્રસાદીની રૂમ છે તે અમારે શરણાગતિ મંડળને મંદિર માટે રૂમ જોઈએ છે. મોહનભાઈ મહારાજની ઓળખાણવાળા હતા તો વાત કરી કે, અનાદિ શ્રીકૃષ્ણનારાયણનું મંદિર બનાવવાનું છે પણ કોની ઘેર જઈ મહારાજનો સત્સંગ કરવો ? માટે તે મંડળને રૂમ આપવા રાજી થઈ ગયા અને અમોએ તે રૂમ રૂ.૨૦૦ ડિપોઝિટમાં રાખી અને મહારાજનું મંદિરે ભજન કરવાનું શરૂ થઈ ગયું. પછી ધીરે ધીરે તે રૂમમાં અમોએ બહુ જ ખર્ચ કર્યો. સગવડતાએ પછી મંદિર તૈયાર કરીને મહારાજની મૂર્તિ પધરાવવાની હતી તે મૂર્તિનો ઓર્ડર કોઠારી સ્વામીને જામનગર મૂર્તિ બનાવવા માટે આપી. મૂર્તિ સારી બનાવી. પછી તે મૂર્તિ લઈ હેમંતભગત આવ્યા અને હવન કરી વિધિ કરીને મહારાજની મૂર્તિ પધરાવી અને બધાને સમૂહ મહાપ્રસાદ જમાડીને રાજી કરી દીધા પછી ધીરે ધીરે બધા ફેરફાર કરી નાખ્યા પણ પ્રગટ ભગવાન ભેગા હતા તો કામ થઈ ગયું. મહારાજની દયાથી ગમે તે કામ પૂરું થઈ જતું.

મંદિરના કામ કરવા હોય એટલે હું હરિલાલ વેલજી તથા કેશવજી હરિ બંને નક્કી કરીને કામ કરી લેતા. પછી ધીરે ધીરે બધા ભક્તોને આનંદ આવી ગયો. મુંબઈમાં રોટલો મળે, ઓટલો ન મળે. પણ તે વખતે એકદમ સસ્તામાં મંદિર થઈ ગયું અને ધૂન-ભજન, કથા-વાર્તા ચાલુ કરી દીધા અને ત્યારે ભક્તોનું વિદેશમાં જવાનું ચાલું હતું તો ભક્તોના ઉતારા પણ મંદિરમાં જ હતા. બે-ચાર દિવસ મંદિરમાં રોકાય અને નક્કી થાય એટલે પ્લેનમાં બેસી વિદેશ જતા. ભક્તોને પણ ખૂબ આનંદ આવી ગયો. તે વખતે મહારાજે એટલું બધું બળ મૂક્યું હતું કે, મંદિરનું ગમે તે કામ હોય અમો ભક્તો સાથે મળી કરી નાખતા.

આ મંદિર કાંદિવલીમાં થયા પછી મહારાજ ખૂબ રાજી થયા અને મને અને

કેશવજીભગતને ફુલવાડી ટ્રસ્ટ મંડળના ટ્રસ્ટી બનાવી દીધા. ત્યાર પછી તો યથાશક્તિ ખૂબ ફુલવાડી મંદિરની પણ સેવા કરી. મુંબઈ કાંદિવલી મંદિરની મૂર્તિ પધરાવ્યા પછી મારે વિદેશ જવાનું નક્કી થયું. પણ અહીં મંદિરમાં બધું નવું. માટે સેવા-પૂજા- આરતી કરવા, થાળ જમાડવા, મંદિર સાફ રાખવા કોને કહેવું ? મંદિર તો બની ગયું પણ તેને ચલાવવું કેમ ? કોઈ સેવા કરવાય ન આવે. હું મુંબઈ હતો ત્યારે મારે કામે જઈ આવી પછી બધી સેવા, પૂજા, આરતી બધું કરી લેતો. વિદેશમાં જવાનું થયા પછી મોટી ચિંતા મંદિરની કે, હવે મારે વિદેશ જાવું છે અને મંદિરનું શું થશે ? તેની ફિકરમાં ચિંતા થયા રાખે. મેં મારા ઘરવાળાને વાત કરી કે આમ વાત છે. હું વિદેશ જાઉં છું. મંદિરની સેવા કોણ કરશે ? તમે કરશો તો અમારા ઘરવાળામાં મહારાજ વસી ગયા અને મને કહે તમે મંદિરની ચિંતા છોડો. જ્યાં સુધી કોઈ ભક્ત નહીં સંભાળે ત્યાં સુધી બધું હું સંભાળી લઈશ. પછી એક વરસ અમારા ઘરવાળાએ મંદિરની બધી સેવા કરી અને મહારાજ અને ભક્તોને રાજી કરી દીધા અને ત્યાર બાદ તો મંદિરની બાજુમાં રહેવાવાળા આ ભક્તોએ પણ મુંબઈના મંદિરની સેવા સંભાળી લીધી. તો બહુ જ જલ્દી મંદિરનું કામ થયું.

ભગવાન રાજી થયા, ભક્તો રાજી થયા. આનંદ આનંદ થઈ ગયો અને હેમંતભગત મૂર્તિ પધરાવવા આવ્યા હતા તે પણ અઠવાડિયું રોકાયા તેથી ભક્તોના ઘેર કથા-વાર્તા અને સમૂહ ભજનનો ખૂબ લાભ લીધો અને હેમંતભગત પણ રાજી થઈ ગયા. મંદિર તૈયાર થયા પછી પૂના મંડળ આવતું જતું થઈ ગયુ પછી ભજનની જમાવટ કરી અને ભક્તો બધા રાજી થઈ ગયા. પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ભક્તો પર ખૂબ રાજી થયા ખૂબ બળ આપ્યું તો આ કામ થયું.

મુંબઈ કાંદિવલીમાં પ્રગટ ભગવાનની ઈચ્છાથી તેમજ પ્રગટ ભગવાનના સંકલ્પથી મંદિર તૈયાર થઈ ગયું. બરાબર ચાલું થઈ ગયું પણ મંડળનું નામ શું રાખવું તે કોઈનેય ખબર નહીં. કાંઈ પૈસાનો વહેવાર કરવો હોય મંદિરની પહોંચ ફાડવાની હોય તો બધુ ક્યા નામથી કરવું ? પછી ભક્તોએ મહારાજને જૂનાગઢ  કાગળ લખ્યો. મહારાજ મંદિર બરાબર ચાલુ થઈ ગયું પણ મંડળનું નામ શું રાખવું ? તે અમો કેવી રીતે નક્કી કરી શકીએ ? મહારાજને મંડળનો કાગળ મળ્યા પછી મહારાજે તરત જ કાગળ લખી અને મંડળનું નામ શું આપવું તે મહારાજે નામ લખીને મોકલાવ્યું. મહારાજ કહે, મેં ક્યારનું નક્કી કરી રાખ્યું છે. તમારો કાગળ અથવા સમાચાર આવે પછી હું મંડળનું નામ મોકલાવું. પછી મંડળનું

નામ 'શ્રીહરિ શરણાગતિ મંડળ' આ નામ મહારાજે મોકલાવ્યું અને મંદિરનો બધો વહીવટ પણ મંડળના નામે બરાબર ચાલુ થઈ ગયો. ભલે અમો મૂડી વગરના હતા. અમારા પાસે પૈસાની બેલેન્સ કાંઈ નહીં પણ પ્રગટ ભગવાન અને તેની આજ્ઞા પ્રગટ ભગવાનના વચનમાં વિશ્વાસ રાખી આ પ્રગટ ભગવાન મહારાજને રાજી કરી દીધા. આ બધું પ્રગટ ભગવાનના રાજીપાનું ફળ છે. પછી તો મહારાજ રાજી થઈ ગયા ભક્તોને વિદેશ મોકલ્યા તો મંદિરના અને પ્રગટ ભગવાનના કામ પણ થઈ ગયા અને તે દરમ્યાન મહારાજે જૂનાગઢ મંદિરમાં પોતાના બાલમુકુંદ ભવનનું કામ ચાલુ કર્યું.

મહારાજના મકાન બાબતનો કાગળ વિદેશ મારા પર આવ્યો. પૈસાની સગવડતા ન હતી. એટલે મેં રૂ. ૨૧,૦૦૦/-મહારાજના બાલમુકુંદ ભવન માટે તરત મોકલાવ્યા. મહારાજ ખૂબ રાજી થઈ ગયા. ઘરનું જેમ થાય તેમ થાય પણ મહારાજની સેવા કરવામાં, મહારાજના કામ કરવામાં કોઈ દિવસ મેં પાછીપાની નથી કરી. વિદેશમાં નોકરીમાં પગાર બહુ સારા હતાં અને ગામમાં પણ કામ રાખીને કરતો પણ આ કામ કરીને પ્રગટ ભગવાને વિશેષ રાજી કરી લીધા.

મોટી કુંકાવાવમાં બસ સ્ટેન્ડ પર મહારાજનું મંદિર બનાવી અને મૂર્તિ પધરાવવાની હતી તે બધી જવાબદારી શ્રીહરિ શરણાગતિ મંડળની હતી. ઈ.સ.૧૯૭૫માં બસ સ્ટેન્ડ પર મહારાજની મૂર્તિ પધરાવવાનું નક્કી કર્યું. અમારે કુંકાવાવ સમૈયો કરવા આવવું હતું પણ મારી પાસે સિલકમાં ઝીરો બેલેન્સ. મારી પાસે પૈસા હતા જ નહીં જાણે કેમ મહારાજ મારી પરીક્ષા કરતા હોય. મેં ઘરવાળાને વાત કરી. કુંકાવાવ મહારાજની મૂર્તિ પધરાવવા જવું છે તો પૈસા નથી કેમ કરશું ? મેં વાત કરી તમારી પાસે સોનુ છે. તે આપો એને વેચીને જે પૈસા આવે તે મારે સમૈયાની સેવામાં પણ થોડા કામમાં આવી જાય. મેં કહ્યું, જેટલા તોલા આપશો તેટલું થોડા મહિનામાં ડબલ કરીનું સોનું પાછું આપવાની વાતચીત કરી. પછી ઘરવાળાની મંજૂરી અને ઈચ્છાથી થોડું સોનું વેચી નાંખ્યું પછી પૈસા લઈને સમૈયો કરવા ગયા અને ધામધૂમથી સમૈયો થઈ ગયો અને અમો શ્રીહરિ શરણાગતિ મંડળના ટ્રસ્ટી ખીસામાં એક પૈસો ન હતો પણ ધામધૂમથી સમૈયો કર્યો અને મહારાજ રાજી રાજી થઈ ગયા અને ત્યાર પછી મુંબઈમાં જ એક કામ મળ્યું. કામ સારા ભાવનું હતું તો એમાંથી કમાઈને અમારા ઘરવાળાને સોનું પાછું આપી દીધું અને હિસાબ ચૂકતે કર્યો. તે પ્રમાણે ભગવાનનું કામ પણ અમોએ બળમાં રહી ધામધૂમથી બધા મહારાજના કામ કર્યા.

બસ સ્ટેન્ડના મંદિરની જાળી, ગ્રીલ તથા દરવાજા બનાવી દીધા. એ બધી સેવા મારી છે. મંદિર તૈયાર થયા પછી બધું બરાબર ચાલુ થયા પછી પાછું બસ સ્ટેન્ડના મંદિરમાં બહુ મોટો ફેરફાર કર્યો તેમાં પણ તેના બારી, દરવાજા તેમજ ફર્નિચરની સેવા હરિલાલ વેલજી ખોલિયાની છે. ૬૦ વર્ષ બધે ફરીને બધા દેશ-વિદેશના કામ ઘણાં કર્યા, ખૂબ કમાયા. મહારાજે કમાણી પણ સારી એવી આપી હતી. પણ બધું મહારાજ લેખે કર્યું. અમારા માટે ખાલી ખાવા-પીવા તથા વહેવાર માટે. બાકી બધું મહારાજનું મારું કાંઈ નહીં. મનમાં નક્કી જ કર્યું હતું. મહારાજ સારાવાના કરે એટલે બધું મહારાજને આપી દેવું છે. તે પ્રમાણે જ વહેવાર કર્યો. બધા અમારા સગાવહાલા આપણાં ગુરુભાઈ બધા વિચાર કરે છે કે, હરિભાઈને કમાણી સારી છે અને પૈસા ક્યાં નાખે છે. બહેરીનમાં નોકરી બદલ્યા પછી ડબલ પગાર થઈ ગયો અને મારા પગારમાંથી મહિને પગાર થાય એટલે એક હજારનો ડ્રાફ્ટ બનાવી મહારાજને જૂનાગઢ મોકલી દેતો અને મહારાજ અહીં રહ્યા ત્યાં સુધી મેં તે હજાર રૂપિયાની સેવા ચાલુ રાખી. મહારાજ મને પરમધામમાંથી પોતાના કાર્ય કરવા માટે લાવ્યા હતા તે બરાબર મહારાજના વચનમાં વિશ્વાસ રાખી મહારાજનું કામ કરી હયાતીમાં મહારાજને રાજી કરી લીધા.

છેલ્લે મહારાજને ધામમાં જવાનો સમય આવ્યો. તે પહેલાં ત્રણ મહિના અગાઉ હું છૂટ્ટી પર દેશમાં આવ્યો હતો. મહારાજ કહે, ભલે આવ્યો તું બહેરીનથી પણ મને મળીને જાજે. મેં કહ્યું, બહું સારું મહારાજ. મહારાજે મને ફુલવાડીની ભલામણ કરી કે, દેશમાં આવ એટલે તારે ફુલવાડી સંભાળી લેવાની છે. મહારાજના વચન પર હું થોડો સમય ઘેર રોકાયોને બાલકૃષ્ણની બાની તબિયત ખરાબ થઈ ગઈ, સારવાર કરતા સારું ન થયું અને પછી અમારા ઘરવાળાને મહારાજે દર્શન દઈ પરમધામ લઈ ગયા. પછી વર્ષો સુધી ફુલવાડીમાં રહી યથાશક્તિ સેવાનો મેં લાભ લીધો.

કુંકાવાવ પ્રગટ ભગવાનનો સમૈયો કર્યો ત્યારે મહારાજ ખૂબ રાજી થયા અને સમૈયો કરીને પાછા બધા ભક્તો જૂનાગઢ મહારાજના દર્શન કરવા ગયા ને ત્યાં ઉપર ભંડારને મેડે મંડળની સભા કરી બધી સમૈયાની વાતચીત કરી તે સાંભળી મહારાજ ખૂબ રાજી થયા અને મારી પાસે પૈસા નહીં હોવાથી મેં સોનું વેચી નાખ્યું તો ભક્તોને ખબર પડી તો ત્યારે ભક્તોએ મહારાજને વાત કરી કે, મહારાજ હરિભાઈ પોતાનું સોનું વેચીને કુંકાવાવ સમૈયો કરવા આવ્યા હતા. મહારાજ કહે, મારા માટે સોનું વેચ્યું અને મહારાજ ખૂબ વિચારમાં

પડી ગયા, મારા ભક્તો મારા માટે ગમે તે કરી છૂટે એવાય છે, એમાં શંકાને સ્થાન નથી. ત્યાર પછી મહારાજની ફુલવાડી મંદિરની સેવા પણ ખૂબ કરી અને મહારાજને રાજી કર્યા. જ્યારથી મહારાજ ઓળખાયા ત્યારથી મહારાજ રહ્યાં ત્યાં સુધી મહારાજની સેવા પેટ ભરીને કરી છે.

હું હરિલાલ વેલજી ખોલિયા ઈ.સ.૧૯૭૬ની સાલમાં વિદેશ બહેરીન ગયો, ત્યાં કંપનીના વિજાથી ગયો હતો. કંપની સારી હતી પણ પગારધોરણ બહુ જ ઓછું તેથી પગાર ઓછો હોવાથી કાંઈ બચત થતી નહીં. થોડા ઘણા બચે તે ઘેર મોકલવાના હોય કાંઈ ફુલવાડીની સેવા થાય નહીં. હવે વિચાર કર્યો કે, આમાં ગમે તેટલો સમય બગાડશું તો કાંઈ બચે તેમ નથી. મેં એક મારા બહેરીનના મિત્રને વાત કરી કે, ભાઈ આવી રીતે છે. કંપની સારી છે પણ કાંઈ કમાણીમાં ફાયદો થતો નથી. તો તમારી ઓળખાણ હોય તો કહો. મારે કંપની બદલવી છે અને બીજી કંપનીમાં જવાનો મેળ નહીં પડે તો હું દેશમાં ચાલ્યો જઈશ. તેમ વાત કરી તો મને કહે મારે ઓળખાણ છે અને હું તે ભાઈની મુલાકાત લઈને પછી વાત કરું. મેં કહ્યું, કાંઈ વાંધો નહીં. તમે તપાસ કરો અને તે ભાઈ શું કહે છે તે મને જણાવો. તે ભાઈને વાત કરી અને કહે હું બહેરીન મિલિટ્રીમાં નોકરી કરું છું અને શેખ ઈસા મારો સંબંધી થાય તો તમને બહેરીન મિલિટ્રીમાં મિસ્ત્રી કામ કરવા માટે લગાડી દઉં. મેં કહ્યું, સારુ, પછી તે મિલિટ્રીના સાહેબે મને એક કાગળ લખી આપ્યો અને હું તેની ઓફિસમાં ગયો. તેની મુલાકાત કરી અને મને બહું પૂછ્યું પછી તેણે મને એક કાગળ લખી આપ્યો અને કહે અમારું મિલિટ્રીનું વર્કશોપ છે. ત્યાં તમારી ટ્રાયલ લેશે. ટ્રાયલમાં પાસ થશો એટલે કામે રાખી લેશે. ત્રણ દિવસ તમારે આવવાનું થશે. મેં કહ્યું, બહું સારું.

જુની કંપનીમાં હું રહેતો હતો પણ મારે મિલિટ્રીમાં જવાનું થયું એટલે કંપનીની રૂમ છોડવી પડે. કામકાજ અને ટાઈમ જામે નહીં. મારે ટ્રાયલ દેવા જવાનું હતું તે દિવસે મેં બહાર રૂમ લઈને મારો સામાન ફેરવી નાખ્યો અને કંપનીના મકાનને છોડીને હું બહાર મિલિટ્રીમાં કામે લાગી ગયો. ત્રણ દિવસની ટ્રાયલમાં પાસ થઈ ગયો અને બરાબર કામે લાગી ગયો. મેં કંપનીમાં ત્રણથી ચાર મહિના કામ કર્યું હશે પછી કંપની છોડી દીધી અને હું કાયમ માટે મિલિટ્રીમાં લાગી ગયો. મિલિટ્રીમાં લાગી તો ગયો પણ મારી પાસે પાસપોર્ટ નહીં, કંપનીનો લેટર નહીં, કારણ બધું ગેરકાયદેસર પછી મેં મહારાજને કાગળ લખ્યો કે, મહારાજ મેં કંપની છોડીને બીજી ગવર્નમેન્ટ નોકરીમાં જવા માટે નક્કી કર્યું છે. તમો કહો તેમ કરું. મહારાજ

કહે, નવી કંપનીમાં લાગી જાવ બધા તમારા કામ હું કરી દઈશ. એમ મહારાજે રાજી થઈ મને વાત કરી. એટલે મને મિલિટ્રીમાં કાયમી થવાનો ઓર્ડર આવ્યો અને કહ્યું, તારો પાસપોર્ટ લઈ આવ. કંપનીને પૂછ્યા વિના બીજી કંપનીમાં લાગ્યા એટલે કાંઈ ન મળે. પણ મારા પાસે ખાલી પાસપોર્ટની ફોટોકોપી હતી તેના પરથી મને પાસ કરી દીધો.

મહારાજે કેવી કળા વાપરી તે મહારાજ જાણે અને કંપનીએ મારો પાસપોર્ટ અને રિલીઝ લેટર બંને ગવર્નમેન્ટમાં જમા કરાવી દીધા. આ માણસ અમારી કંપની છોડીને જતો રહ્યો છે. આ માણસની જવાબદારી તમારી છે. તેમ લેટર લખીને આપી દીધો અને મને જે મિલિટ્રીનો સાહેબ લઈ ગયો તેનું વર્ચસ્વ બહુ હતું. કારણ કે, બહેરીનના રાજાનો ભત્રીજો થાય. મને કહે તારે જે કામ કરવું તે કરાવી લેજે, તારું કામ નહીં થાય તો હું તારું કામ કરાવી આપીશ. મેં કહ્યું, બહુ સારું પછી મારે પાસપોર્ટ અને રિલીઝ લેટરની જરૂર પડી નવી કંપનીમાં આપવા માટે તો મેં શેખને વાત કરી કે, તેણે કહ્યું, તું ચિંતા કરતો નહીં તારું બધું કામ હું કરી દઈશ અને મને કહે આ મારું કાર્ડ તું તારી પાસે રાખ તને કોઈ નહીં પકડે. કોઈ પૂછે તો તારે કહી દેવાનું અને મારું કાર્ડ બતાવજે, તારું નામ કોઈ નહીં લે. એમ કરતાં કરતાં તે તો મોટો માણસ રાજાનો સગો-વહાલો તે ધારે તે કરી શકે કે પછી હું તેને થોડા થોડા સમયે તેની પાસે જઈ વાત કરું કે, મારા છોકરા નાના છે અને બહેરીનમાં મને સમય બહુ થઈ ગયો છે. મારે દેશમાં જવું છે. તેમ હું તેને વાત કરું પણ હા હા કરતા ચાર વરસ કાઢી નાખ્યા અને હું દેશ ન જઈ શક્યો. કારણ કે મારી પાસે કોઈ સબુત નહીં પછી વળી એક વખત તેની પાસે ગયો. મેં વાત કરી સમય વધુ થઈ ગયો છે મારે ઈન્ડિયા જવું છે.

પછી મેં મહારાજને કાગળ લખીને વાત કરી. મહારાજ કહે, તારું કામ થઈ જવાનું પણ ઉતાવળ કરતો નહીં, શાંતિ રાખજે. પછી મહારાજે તેને કહ્યું કે, શું થયું તે ખબર નથી પણ તે મને કહે, તું ફલાણા દિવસે આવજે મારો સેક્રેટરી તારા ભેગો તારી ઓફિસે આવશે. લેટર તથા પાસપોર્ટ લેવા માટે તેને ટાઈમ આપ્યો તે ટાઈમે હું ત્યાં હાજર થઈ ગયો અને તેનો સેક્રેટરી મને અમારી ઓફિસમાં લઈ ગયો અને અમારા મેનેજરને કહે, આ તમારા માણસને હું લઈ ગયો છું અને તે મારી પાસે કામ કરે છે. હવે તેનો લેટર તથા પાસપોર્ટ જોઈએ છે. તે મેનેજર કહે, હરિલાલનો પાસપોર્ટ તથા લેટર ઈમિગ્રેશનમાં બ્લેકલિસ્ટમાં નાખેલ છે તો મારા સાહેબના માણસને કહે હું ત્રણ દિવસમાં પાસપોર્ટ અને લેટર લઈ આવીશ. તમો પાછા મારી ઓફિસે આવીને લઈ જશો. ત્રણ દિવસ પછી ગયા અને પાસપોર્ટ અને લેટર

લઈને આવતા રહ્યા. આ એક કામ મહારાજે કર્યું. બીજું કામ પાસપોર્ટમાં ગવર્નમેન્ટની વિઝા લગાડવું. તે કામ પણ મહારાજ મારા ભેગા તેની ઓફિસમાં આવ્યા અને કામ થઈ ગયું. મને તો તેને ના પાડી તું કંપની છોડીને ગયો તેથી ગુનામાં છો. મહારાજે જે ઓફિસરમાં પ્રવેશ કરીને મારી વિઝા લગાડી દીધી અને મને કહે જા હવે બીજી વખત આવું કરતો નહીં. મેં કહ્યું, બહું સારું આવી ભૂલ નહીં કરું. જ્યાં વિઝાના કાગળ અને લેટર બધું લઈને બહાર નીકળ્યો ત્યાં મહારાજ સામે રોડ પર મારી રાહ જોઈને ઊભા હતા. હું મહારાજના દર્શન કરીને રાજી થયો મારું કામ થઈ ગયું. મહારાજ રાજી થઈ ગયા અને હું પણ રાજી થઈ ગયો. પછી પાસપોર્ટ ખલાસ થઈ ગયો હતો તે નવો બનાવીને નવા પાસપોર્ટમાં ગવર્નમેન્ટની વિઝા લગાવીને મને પાસપોર્ટ આપી દીધો અને હું દેશમાં ચાર મહિનાની છૂટ્ટી રિટર્ન ટિકિટ બધું લઈને હિસાબ લઈને આવતો રહ્યો. બધા ભક્તો પણ રાજી થઈ ગયા.

બહેરીનમાં એક મારા મિત્ર હતા અને તે ગુજરાતના પટેલ અને બહેરીનમાં ટેલિફોન ઓફિસર અને તે પાકો અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાનો આશ્રિત ભક્ત હતો. હું ક્યારેક ક્યારેક તે લોકોની શુક્રવારની સભામાં જતો એટલે આવવા-જવાના સંબંધો સારા થઈ ગયા. એકવાર એમને બંને માણસને કાંઈ વાંધો પડી ગયો તે એકબીજા બોલે નહીં. બેન મને ફોન કરે કે, હરિભાઈ તમે આવો અને અમારો વાંધો પતાવો. મે તે વખતે પટેલને વાત કરી તો કાંઈ જવાબ ન આપે. પછી મેં મહારાજને કાગળ લખ્યો. તે છુટ્ટી પર દેશમાં જવાના હતા અને મારે મહારાજના ફોટા મોકલવાના હતા. મેં વાત કરી પટેલ આ મેં મહારાજના ફોટા અલગ અલગ પોઝમાં બનાવ્યા છે. તે મારે મહારાજને જૂનાગઢ મોકલવાના છે, તમે જાવ છો તો આ ફોટા લેતા જાવ અને મહારાજને આપી દેજો.

તમને મહારાજના દર્શન પણ થઈ જાય અને તમારે જે કોઈ શંકા થતી હોય તો મહારાજ જવાબ આપશે. તો તે મને મહારાજના ફોટા લઈ જવા માટે ના ન પાડી શક્યા અને પ્રગટ ભગવાનના રાજીપાને પાત્ર થઈ ગયા. પટેલ જૂનાગઢ જઈ મહારાજને મળીને ખૂબ રાજી થયા અને ઘણી સત્સંગની વાતો કરી. મહારાજે તેમને સમજાવ્યા અને પટેલનું કામ થઈ ગયું. ફોટા મોકલ્યા તો મારું કામ અને ભગવાનનું પણ કામ થઈ ગયું.

બહેરીનમાં એક અક્ષર પુરુષોત્તમના ડૉકટર પ્રફુલ્લભાઈ વૈદ્ય હતા. અમે બધા ભક્તો તેને ઘેર તેની સભામાં પણ જતા. તેને પણ મારી સાથે સગાભાઈ જેવો સંબંધ, કાંઈ કામ કરવું હોય તો કરી આપે અને દવા આપે. બહુ મોટી ઈન્ટરનેશનલ હોસ્પિટલમાં પોતે કમિશન પર

સર્જન ડૉકટર હતા. તેને ઘેર પણ અવારનવાર ઈદની છુટ્ટીમાં મહાપ્રસાદનો પ્રોગ્રામ હોય લગભગ બસો ભક્તોનું રસોડું હોય પણ રસોઈ બધી મારે બનાવવાની અને બધાને બરાબર જમાડવાના. એક વખત મહારાજની જન્મ જયંતિ હતી ને અમોએ તેને સવારની આરતીમાં તથા સહકુટુંબ ભોજન પ્રસાદ લેવાનું આમંત્રણ આપ્યું અને તે આપણાં મહારાજનો જન્મ જયંતિનો ઉત્સવ જોઈ રાજી થયા. અમે લોકોએ પ્રવચન પણ કર્યા હતા. પોતે પૈસાપાત્ર ખૂબસુખી અને બહેરીનના રાજા સુધી આ ડૉકટર પ્રફુલ્લભાઈની ઓળખાણ પછી મહારાજે શું લીલા કરી તે તો મહારાજ જ જાણે.

પ્રગટ ભગવાન પ્રત્યક્ષ નહીં પણ દિવ્ય સ્વરૂપે પોતાના કામ કરી લેતા હોય છે અને ત્યારે પરમધામ ફુલવાડી મંદિરના કામ ચાલુ હતા ફુલવાડી મંદિરમાં પૈસાની ખાસ જરૂર અને મહારાજે ડૉકટરને શું સંકલ્પ કરાવ્યો તેમણે મને વાત પણ કરી ન હતી. જન્મ જયંતિએ આવી મહારાજના અને ભક્તોના દર્શન કરી રૂ.૧૧ હજારનો ચેક ફુલવાડી મંદિરના ખાતાનો આપ્યો અને અમો બધા ખૂબ જ રાજી થઈ ગયા કે, આ અંતરર્યામી ભગવાન પોતાના કાર્યો કેવી રીતે કરે છે. આમ પ્રગટ ભગવાન તેનું સારું થાય તે માટે સેવા લેતા હોય છે.

તે ડૉકટર બાપા સાથે મારે બહું સારો સંબંધ અને તેને ઘેર અક્ષર પુરુષોત્તમની સભા પણ થતી એટલે અમો લોકો આવતા-જતા અને જ્યારે તે લોકોની સભા હોય ત્યારે અમે શરણાગતિ મંડળ બધા સભામાં જતા અને ડૉકટરબાપાને બહેરીનમાં પોતાનું દવાખાનું હતું એટલે ભક્તોને દવા પણ સેવામાં આપતા અને મહારાજના કાગળ આવે એટલે ક્યારેક અમો મહારાજના કાગળ સભામાં વાંચતા ક્યારેક રતિલાલભગત મહારાજની વાતો કરતા એ સાંભળીને તેમને મહારાજમાં હેત થવા માંડ્યું. અમો બહેરીનમાં મહારાજના પરચા, ચમત્કાર અને જેમ સ્વામિનારાયણ ભગવાનને ચિન્હ હતા તેમ અમારા મહારાજને પણ ચિન્હો છે. તમો જશો એટલે તમને ચિન્હના દર્શન કરાવશે.

એમ અમો સભામાં વાત કરતા કે, સ્વામિનારાયણ સંપ્રદાયમાં અમારા મહારાજ બહુ જ મોટા છે. કાશીમાં મહારાજે અભ્યાસ કર્યો છે. આવી વાતો પણ અમો કરતા એટલે એ લોકોને એમ થયું કે, દેશમાં જાશું એટલે ચોક્કસ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના દર્શન કરશું અને જૂનાગઢ જાશું. પછી તે લોકો મહારાજના દર્શન કરવા આવ્યા. મહારાજે અક્ષર પુરુષોત્તમ સંસ્થાની વાતો તેમજ સ્વામિનારાયણ સંપ્રદાયની વાતો કરી પછી મહારાજે પોતાના ચિન્હના દર્શન કરાવ્યા. તેની પાસે ફોટા પાડવાનો કેમેરા તેમજ બધા સાધન ભેગા

હતા તો તે વખતે આખી ફિલ્મ ઉતારી અને મહારાજે ડૉકટર બાપાને તથા તેના કુટુંબને રાજી કરી દીધા. અમે મહારાજની વાતો કરતા ત્યારે બાપાને એમ થતું હતું કે, આવા મોટા સંત છે તે હિસાબે તેની જાહોજલાલી હશે પણ મહારાજની સાદાઈ અને બધું જોયા પછી બાપા કહે આવડા મોટા ભગવાન જેવા સંત છે. પણ સાદાઈ કેટલી છે અને સ્વામિનારાયણ સંપ્રદાયની મર્યાદામાં રહે છે. પોતાની જરાય મોટાઈ મહારાજે બતાવી નહીં અને સંતની રીતે રહ્યા. પોતે સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છે છતાય બધું સામર્થ્ય છૂપાવીને સ્વામિનારાયણ સંપ્રદાયમાં રહ્યા તે જ તેમનું ભગવાનપણું બતાવે છે. એમણે મહારાજની સેવા સારી રીતે કરીને સારું કામ કર્યું હતું. માટે આ સેવા બાબતની અમે મહારાજને જાણ કરી હતી. એટલે મહારાજ વિશેષ રાજી હતા.

સમય જતાં મહારાજ સ્વેચ્છાએ સ્વધામ સિધાવ્યા. મહારાજના અગ્નિસંસ્કારનું કાર્ય પૂરું થયા પછી શ્રીહરિ શરણાગતિ મંડળે મહારાજ ધામમાં ગયા તે નિમિત્તે પાંચ દિવસની કથાનો પ્રોગ્રામ રાખ્યો અને મંદિરમાં જ નક્કી કર્યા પછી જૂનાગઢ મંદિરના સંતો, ભક્તો જે હોય તેમજ બહારથી આવેલા ભક્તો બધાનો રહેવાનો, જમવાનો તેમજ જૂનાગઢ મંદિરના સંતો-ભક્તો પાંચ દિવસનો બધો ખર્ચ શ્રીહરિ શરણાગતિ મંડળનો હતો. સાત દિવસ સુધી જૂનાગઢ મંદિરને શ્રીહરિ શરણાગતી મંડળે સંભાળ્યું હતું. બધી જવાબદારી મંડળની હતી. ૭ દિવસનો ટોટલ ખર્ચ શ્રીહરિ શરણાગતિ મંડળે કર્યો હતો અને બધાને રાજી કરી દીધા.

મહારાજ ધામમાં ગયા પછી દુઃખ તો બહું થયું પણ ભગવાન તો સ્વતંત્ર મૂર્તિ છે, તે ધારે તે કરવા સમર્થ છે. મહારાજ ધામમાંગયા પછી પણ મહારાજના દિવ્ય દર્શન, પ્રત્યક્ષ દર્શન ચાલુ હતા. મહારાજે એમ ભક્તોને જણાવવા દીધું નથી કે, મહારાજ પરમધામ ગયા પછી આપણું શું થશે ? તે સમય મહારાજે આવવા દીધો નથી. પ્રગટ ભગવાન ધારે તેમ કરે તે ભગવાન જ કરી શકે, તે બીજાનું કામ નહીં. મહારાજ ધામમાં ગયા પછી પોતાના ભક્તોને દર્શન સુખ, પરચા, દિવ્ય દર્શન બધુ ચાલું જ છે. આપણને એમ લાગે કે, મહારાજ ધામમાં ગયા જ નથી તેવો ભાસ થાય. મહારાજ ધામમાં ગયા પછી અમને એવું નથી લાગ્યું કે, મહારાજ ધામમાં ગયા પણ અમારા ભેગા જ છે અને જ્યારે યાદ કરો ત્યારે દર્શન આપે છે.



પરચા નં.
૩૪.

## અનાદિ મુક્તરાજ મૂળજીભગત વેલજીભગત ખોલિયા
### ગામ - જામવંથલી, હાલ- રાજકોટ

**પ્રગટ** ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણની કૃપાથી જામવંથલીમાં મારો જન્મ થયો અને નાનપણથી જ મહારાજની પરિપૂર્ણ ઓળખ થઈ હતી. જેથી મને ત્યારે જ મહારાજે દિક્ષામંત્ર આપી કંઠી બાંધી હતી. પછી તો અનેકવાર જામનગર, જામવંથલી, જૂનાગઢ તેમજ રાજકોટ જયાં જયાં મહારાજ વિચરતા, સત્સંગના કાર્યો કરતાં ત્યાં ત્યાં મહારાજના દર્શનસેવાનો લાભ મળતો.

મહારાજના આશિર્વાદથી હું દુબઈ કામ માટે ગયો હતો ત્યારે એકવાર કંપનીની સાઈટ પર પાંચમા માળેથી નીચે પડ્યો ત્યારે મહારાજે આવી મને હાથમાં ઝીલીને નીચે આરામથી મૂકી દીધો. નીચે કાચ અને સળિયા હતા. તેમાં મને પ્રગટ ભગવાને બચાવ્યો. ત્યારે ટપુ ભગતના ભાઈ દેવજી ભગત કહે, મહારાજે તમારી રક્ષા કરીને સૂળીનું દુઃખ કાંટે ટાળ્યું છે. એટલે મને થયું કે, હા મહારાજે રક્ષા કરી નવું જીવન જ આપ્યું છે. મને ત્યારે થોડું પગમાં લાગ્યું હતું તો પણ તેના બદલામાં કંપનીએ મને રજા આપી. ચાર મહિનાનો બેઠો પગાર મને આપ્યો હતો. ત્યારે મેં વિચાર્યું મહારાજે રક્ષા કરી એટલે મેં દેવજી ભગતને રૂ.૫૦૦ આપી કહ્યું, મહારાજને આ સેવાના મોકલી આપજો. તેથી દેવજીભગતે કાગળ લખ્યો પછી મહારાજનો પત્ર આવ્યો એમાં લખ્યુ હતું કે, અમે તમારું સૂળીનું દુઃખ કાંટે ટાળ્યું છે. માટે ભક્તિ કરજો, ગુલાબની પાંખડી પ્રસાદી ખાજો.

હું મહારાજના દર્શન કરવા જૂનાગઢ જાઉં ત્યારે મારા ભેગા વશરામભાઈ હોય. અમે બંને જૂનાગઢ ગયેલા ત્યારે મહારાજની ચરણસેવા કરતા હતા. ત્યારે મેં મહારાજને કહ્યું, મને લક્ષ્મીનારાયણ સંહિતા આપો. મહારાજ કહે, તમે અભણ છો તો એનું શું કરશો ? મેં કહ્યું, મારા ધર્મપત્ની ભાનુબેન એ શાસ્ત્રનાં દર્શન - પુજા કરશે. પછી મહારાજ બોલ્યા, હજી કાંઈ ભૂલાતું નથી ને ?

મારા ઘરવાળા મને કાયમ કહેતા કે, મહારાજ પાસે પ્રસાદિની વસ્તુઓ માંગજો પણ હું માંગતો નહીં. જેથી મહારાજ યાદ કરાવતા કે કાંઈ ભૂલાતું નથી ને ? તો હું ના પાડતો પણ મહારાજ અંતર્યામી છે, એ જાણે છે એ રાજી થઈને આપે એ જ આપણે સુખદાયી. પછી મહારાજે રાજી થઈ કંઠી આપી, ગંજીયા આપ્યા તથા જનોઈ પણ આપી છે.

મારી બે દીકરીઓ હતી એટલે મારા ઘરનાએ મહારાજને પ્રાર્થના કરી કે, મહારાજ કૃપા કરો તો અમારા ખોળે એક દિકરાનો પણ જન્મ થાય. પછી મહારાજના આશીર્વાદથી રાજુનો જન્મ થયો, અમે રાજુને મહારાજને પગે લગાડવા, દર્શન કરવા જૂનાગઢ લઈ ગયા ને મહારાજની બાજુમાં બેસાડ્યો ત્યારે મહારાજે આશીર્વાદ આપ્યા કે, જાઓ તમે ખુબ સુખીયા થાશો. પછી રાજુને મહારાજે કંઠી બાંધી આપી. ત્યારે મેં મહારાજને પ્રાર્થના કરી કે, ઘરના નીચે ઊભા છે, દર્શન આપોને. એટલે મહારાજે રવેશમાં આવી દર્શન આપ્યા ને આશીર્વાદ આપ્યા જાઓ સુખી થાઓ. આમ મહારાજના આશીર્વાદથી અમે સુખી છીએ.

મહારાજે મને રાજકોટમાં હસનવાડીમાં મકાન વેચવાનું કહ્યું હતું અમે એ મકાન વેચી બીજે રહેવા આવતા રહ્યા તેથી અમે ઘણાં સુખી થયા છીએ.

એકવાર રાજુના મમ્મીને મોઢું આવી ગયું, કાંઈ ખવાય નહીં એટલે બહેરીનથી છગનભાઈ આવેલા. તે મહારાજના દર્શન કરવા જતા હતા એટલે ઘરનાએ છગનભાઈને કહ્યું, મહારાજને કહેજો મને મોઢું આવી ગયું છે. એમ છગનભાઈએ મહારાજને વાત કરી. ત્યારે મહારાજ કહે, તમારા બેને પીરને, માતાજીને, રામને, ઘનશ્યામ મહારાજને કેટલીય માનતા કરી તોય સારું ન થયું પછી મને યાદ કર્યો. પણ જો મારી એકની માનતા કરે તો એમા બધાયની માનતા આવી જાય અને બધું સારું થઈ જાય. આમ મહારાજે કહ્યું. પછી રાજુના મમ્મીએ મહારાજને થાળ જમાડવાની માનતા કરીતો તરત જ તેને મોઢું મટી ગયું.

મારી જેમ મારા ઘરના ભાનુબેનને મહારાજનું ખુબ બળ હતું તેમણે મહારાજની હયાતીમાં ફુલવાડીમાં પ્રસાદિ ભવનમાં પણ સેવા કરીને પ્રગટ ભગવાનના આશીર્વાદ લીધા છે. જેના ફળ સ્વરૂપે અંતકાળે મહારાજ તેને દર્શન દઈ પોતાના દિવ્ય પરમધામમાં તેડી ગયા છે.

આમ ભગવાને અમારી ઘણી રક્ષા કરી છે. અમે તો કાંઈ જાણતા ન હતા. ભગવાનને કેમ રાજી કરવા, તે કાંઈ વિધિ આવડતી ન હતી. પણ અંતર્યામી ભગવાને અમારી રક્ષા કરી છે. અમને રાજી થઈને પ્રસાદી આપી છે તથા અમારી નજર રાખી છે, સુખી કર્યા છે. તેમજ મહારાજના કાર્યોમાં મંદિર તેમજ ઉત્સવોમાં પણ હું તેમજ મારો દીકરો રાજુ યથાશક્તિ સેવાનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કરીએ છીએ અને વિશેષ ભજન કરીએ છીએ.

પરચા નં.
૩૫.

## અનાદિ મુક્તરાજ ટપુલાલભગત કાનજીભગત રાઠોડ
### ગામ : ચાવડા, હાલ- રાજકોટ

**પ્રગટ** ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણ જામવંથલી, ચાવડા આદિક આજુબાજુના ગામોમાં પધરામણીએ પધારતા ત્યારે નિજ ભક્તોને દર્શનસુખ શરણાગતિ અને આનંદ આપતા હતા. કાનજીબાપા, બા તથા ઘરના બધા જ ભાઈઓ હંસરાજભગત, ટપુલાલભગત બધા જ પરિવારના છોકરા-છોકરીઓ સમગ્ર પરિવાર મહારાજના મંત્ર, દીક્ષા, શરણાગતિ લઈને ભગવાનના પરમ ભક્ત થયા છે. ટપુલાલભગતના સાસરીયા ડાયાબાપા મકવાણા પ્રગટ ભગવાનને ગુરુ સ્વરૂપે ભગવાન માનતા. તેમની ભક્તિ, સેવા, દર્શન કરતા. જ્યારે જ્યારે મહારાજ વંથલી, ચાવડા પધારતા ત્યારે ડાયાબાપા, કાનજીબાપા મહારાજના દર્શને આવતા. પધરામણીએ ભેગા જતા. કાનજીબાપા ધામમાં ગયા ત્યારે માણકી ઘોડી ઉપર બેસી મહારાજ કાનજીબાપાને દર્શન આપી ધામમાં લઈ ગયા હતા. ટપુલાલ ભગતનાં ધર્મપત્ની વેલીબેન તથા પુત્ર રામલાલ, પુત્રીઓ પણ પ્રગટને વરીને પ્રગટનું ભજન કરતા. મહારાજે તેમને લાલજી મહારાજની મુર્તિ આપીને કહ્યું હતું કે, તમને આ લાલજીમાંથી દર્શન થશે માટે ભગવાનને જમાડજો, રમાડજો અને સેવજો.ટપુલાલ ભગત બહુ જ જ્ઞાની, શાસ્ત્રના જાણકાર હતા. માટે તેમણે ચિન્હ, ચરિત્ર, ચેષ્ટાઓ વડે મહારાજને જાણી ઓળખી લીધા હતા.

મહારાજનું જૂનું બાલમુકુંદ ભવન જ્યારે જીર્ણાવસ્થાએ હતું ત્યારે ટપુલાલ દર્શને આવી સેવા કરતાં કરતાં મહારાજને કહે, મહારાજ આજ્ઞા કરો તો અમે આ બાલમુકુંદ ભવનને નવું જ બનાવી દઈએ. ભલે અમારા ઘરવાળાના ઘરેણાં વેંચીને પણ મહારાજ તમારી સેવા કરશું. મહારાજ કહે, ટપુલાલ એવું કરવાની કાંઈ જ જરૂર નથી. તું જો આ મકાનની ચારે દિવાલોમાં જે ઈંટો છે તે સોનાની છે. એમાંથી જ બધું થઈ રહેશે. અમે અમારા ભક્તનું વહેંચવા દે તે આ ભગવાન નથી. અમારી બુદ્ધિ પાકી છે. એમ કહીને નાનપણની વાત ટપુલાલને કરી કે, અમે જ્યારે નાના હતા ત્યારે કંભરામાતા ગાય દોહવા બેસે ત્યારે સવારના પહોરે જ અમે તાંસળી લઈને માતાજી પાસે ઊભા રહેતા. માતાજી અમને સેરકઢું દૂધ તાંસળી ભરીને આપતા અને અમે પી જતા. એથી આ અમારી બુદ્ધિ પાકી છે. એમ વાતો કરીને ટપુલાલ ભગતને રાજી કર્યાં. ધન્ય છે ટપુલાલભગતની દિવ્ય સમજણને કે મહારાજને માટે કુરબાન થઈ ગયા છે.

ચાવડામાં મહારાજ પધારતા ત્યારે પોતે સરસ મજાનું ગાડું રથ જેવું શણગારીને મહારાજને ઘણીવાર વંથલી તેડવા જતા અને ભગવાનમાં જ ચિત્ત, હૃદય, મન, ઈન્દ્રિય, પ્રાણ સર્વે ભગવાનમાં જ લીન રહેતા. ખેતીકામ કરતા પણ ભગવાનપણાંની સમજણમાં કોઈ કસર ન હતી. ફુલવાડી, ચાવડા, લાખેણીના દરબારના ગામડાંઓમાં જઈને મહારાજની પધરામણીઓ કરાવતા. પોતે ભજન કરતા અને અન્યોને પણ મહારાજ પાસે લઈ જઈને શરણાગતિ-મંત્ર, દિક્ષાઓ અપાવતા.ચાવડાના ચોકમાં પ્રગટ ભગવાન એક પગે ઊભા રહીને બોલ્યા છે કે, આજે ચાવડામાં બધાના ઘેર પધરામણી કરીને આનંદ આપવો છે. હરિજનોના ઘેર સુદ્ધાં પધરામણીઓ કરવી છે. એમ કહીને પ્રગટ પ્રભુજી હરિજનવાસ તરફ સામું જોઈ રહ્યા છે. હરિજન ભક્તો બે હાથ જોડીને કહે, મહારાજ અમારી તરફ દૃષ્ટિ રાખો અને દયાભાવ રાખો તેય ઘણું જ છે. તમારા કરીને અમને માનજો. મહારાજે દરબારોના ઘેર ઘેર જઈને પધરામણીઓ કરી છે. ટપુલાલ, હંસરાજભગત, દેવજીભગત, કેશુબાપા રાઠોડ, આદિ ઘણાં બચુભગત આદિ વંથલીના ભક્તો પણ સાથે જ રહ્યા છે.

ટપુલાલ ભગત ખેતીકામ મૂકીને મુંબઈ-પૂના કડિયાકામે જતા. મહારાજની આજ્ઞા લઈને પ્રથમ વિદેશ ગયા છે. દુબઈમાં તેમના પ્રમુખપણાં હેઠળ ઘણાં સમૈયાઓ, ઉત્સવો, સભાઓ થઈ છે. પ્રગટનો જયજયકાર કરાવ્યો છે અને ફુલવાડીની સેવા કરશો તો પ્રગટ ભગવાન ખૂબ રાજી રાજી થશે. એ રીતે પ્રગટ પ્રભુજીના રાજીપાની વાતને જીવનભર જીવનમંત્ર સમાન ગણીને ફુલવાડીની સેવા માટે દ્રવ્યસેવા, અંગસેવા કરી છે અને કરાવવી પણ છે. આ રીતે તેમની આગેવાનીમાં ફુલવાડી મંદિર તૈયાર થયો છે. દુબઈમાં પ્રગટ ભગવાને ટપુલાલ ભગતનું એપેન્ડિકસનું દરદ ગુલાબ પાંખડી ખાજો' એમ આજ્ઞા કરીને વગર ઓપરેશને દરદ મટાડી દીધું છે. દુબઈમાં સૌ ભક્તો ભેગા મળીને જન્મજયંતીઓ, ઉત્સવો, આરતી ચડાવાઓ ઉજવીને પ્રગટને રાજી કર્યા છે.

ઘર પરિવાર પણ ખૂબ જ દિવ્ય-સેવા-ભજન કરનારા ભક્તો છે. ટપુલાલભગત શ્રીહરિ શરણાગતી મંડળના એક અગ્રેસર મહારાજને રાજી કરવાવાળા, ફુલવાડી માટે જીવન અર્પણ કરનારા આવા ભક્ત પ્રગટનું ભજન કરીને ડંડો વગાડતાં વગાડતાં છેલ્લી અવસ્થાએ ફુલવાડીએ પ્રત્યક્ષ ભગવાનના ભક્તોને જય અનાદિ શ્રીકૃષ્ણનારાયણ કહીને પરમધામમાં ગયા છે. ટપુલાલભગતના દીકરા રામજીભગત પણ મહારાજના પરમ ભક્ત છે.

પરચા નં.
૩૬.

## અનાદિ મુક્તરાજ હરજીભગત મનજીભગત સાંગાણી
### ગામ : નાના ગોખરવાળા, હાલ- સૂરત

**સંવત ૨૦૧૦ની** સાલમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ જૂનાગઢમાં ૩૦ થી ૪૦ સંતો સાથે ફરતાં ફરતાં અમરેલી આવ્યાને ત્યાંથી નાના ગોખરવાળા તથા ચાંદગઢ આવ્યા ને નાના ગોખરવાળા મંદિરમાં રાત રહ્યા ને આખા ગામમાં ઘેર ઘેર પધરામણી કરી પછી બીજી વખત સંવત ૨૦૨૧ની સાલમાં અમરેલી કથામાં આવ્યા હતા ને ત્યાં અમે કથા સાંભળવા ગયા હતા. કપોળ મહાજનવાડીમાં કથા હતી. ત્યાં આચાર્ય નરેન્દ્રપ્રસાદજી મહારાજને લાલજી મહારાજ સાથે આવ્યા હતા. ત્યાંથી નાના ગોખરવાળા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ જીણાભાઈનું નવું મકાન તૈયાર થયું હતું તેમાં રાત રહ્યા હતા ને દિવસે ચોકમાં પલંગ નાખીને ગાદલું, તકિયા નંખાવીને તે ઉપર શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ બિરાજ્યા હતા ને સામા ગામના માણસો બેઠા હતા ને કથા-વાર્તા ઘણી કરી હતી પછી મહારાજને સંતો સૌ મંદિરે રસોઈ કરીને જમ્યા હતા. આખા ગામમાં ઘેર ઘેર પધરામણી કરી હતી કોઈ ઘર બાકી રહ્યું ન હતું.

મહારાજને સંતો મંડળ સહિત પધરામણીએ અમારા મનજીબાપાના ઘેર આવ્યા. મનજીબાપાએ મહારાજને પ્રાર્થના કરી કે, મારા દિકરા આણંદને રક્તપિત્તનો રોગ થયોને હાથપગની આંગળીઓ ખવાઈ ગઈ છે. તો હવે સારું થાય તેમ નથી. તો ભગવાન ધામમાં લઈ જાય એવી પ્રાર્થના કરી ત્યારે મહારાજે આણંદ ઉપર પાણી છાંટીને માથા ઉપર માળા મેલીને હાથ મેલ્યોને કહ્યું કે, અગિયારસે ધામમાં જાશે. તેને પગે હાથે રક્તપિત્ત ગેંગતું હતું, તે સુકાઈ ગયું ને ત્રણ મહિના પછી અગિયારસે ધામમાં ગયો તે પછી શંભુભાઈ ઘોડાની વછેરી નાની હતી તે દોરીને ફળિયામાં મહારાજ પાસે લાવ્યા તેને મહારાજે કપાળમાં ચાંદલો કર્યો ને કહ્યું, જાજું જીવજે ને અસવારની રક્ષા કરજે એવો આશીર્વાદ આપ્યો.

મનજીબાપા ઘોડીને છોડીને વાડીએ ગયા ને રેતીમાં ઘોડીને માથે બેઠા હતા. તેવામાં ઘોડી રેતીમાં આળોટીને તેમનો પગ પેગડામાંથી નીકળી ગયો ને પડખે પડી ગયા પણ મહારાજના આશીર્વાદથી રક્ષા થઈ.

તે પછી સં.૨૦૨૮ની સાલમાં ત્રીજી વખત મનજીબાપાએ નવા મકાન કર્યાં હતા ને વાસ્તુ લેવાનું હતું તથા સપ્તાહ કરવાની હતી. તેથી જૂનાગઢના ધર્મપ્રકાશ સ્વામી અમારા

દેશના હતા ને અમારા હેતવાળા હતા તેને લઈને અમે મહારાજ પાસે ગયા અને મનજીબાપાએ કહ્યું કે, અમારે મકાનનું વાસ્તુ છે તે તમારી પાસે સપ્તાહ કરાવવી છે. તો મહારાજે કહ્યું, હવે અમારી અવસ્થા થઈ ગઈ છે ને બીજાનો વારો આવવા દો, બીજાને વાંચવા દો. અમે પણ આવશું ને અમે વાંચશું. હાલમાં અમારે શાસ્ત્ર છપાવવા છે તો સેવા કરજો તો આવશું. તો મનજીબાપાએ કહ્યું, અમે જરૂર સેવા કરશું પણ તમે પધારજો.

સં.૨૦૨૮ના બીજા વૈશાખ માસમાં સપ્તાહનું મુહૂર્ત લીધું ને કથા વાંચવા માટે અમરેલીના વેપારી ઓળખીતા હતા તેની પાસેથી મોટર લઈને મહારાજને તેડવા જૂનાગઢ આવ્યા ને પછી અહીં ગામના પાદરે મંદિરે ઉતાર્યા બાદ બળદ ગાડામાં ઝુલોને ગાદલા, તકિયા નંખાવી બેઠક સારી કરી તે ગાડા ઉપર મહારાજ અને અનિરુદ્ધ સ્વામી બંને બિરાજ્યા. તબલાને ઝાંઝ વગાડતા વગાડતા શોભાયાત્રા આગળ વધી. બાઈઓ ચોખાએ વધાવતી હતીને કિર્તન ગાતા ગાતા મનજીબાપાને ઘેર આવ્યા. ત્યાં મહારાજને હાર-તોરા કરી પાટ પર બિરાજમાન કર્યા. પછી ભકતો સૌ દંડવત્ કરી પગે લાગ્યા ને કથા ચાલુ થઈ.

મહારાજ કાયમ બપોર પછી દોઢ કલાક કથા વાંચવા બેસે ને કથામાં એવી વાતો કરે કે શ્રોતાના મનનાં પ્રશ્નોના ઉત્તર થતા જાતા. તે વખતે હજી ગામમાં લાઈટ આવી જ હતી તેથી પંખા વગેરેની સગવડ ન હતી. તેથી મહારાજ સારું એક નાનો પંખો અમરેલીથી ઓળખીતા વેપારી પાસેથી લઈ આવ્યો ને રાતે મહારાજ સૂવે ત્યારે મહારાજ કહે, આ પંખો પગ પાસે મૂકો એટલે આખા શરીરમાં હવા લાગે ને રાતે હું હરજીભાઈ મહારાજની સેવા કરતો ને પગ દાબું ત્યારે મને કહે, તમને નિંદર આવે ત્યાં સુધી પગ દબાવાના. ત્યારે મહારાજે પગ દાબતા શંભુભાઈને પોતાના સાથળમાં ખાપાનું ચિન્હ બતાવ્યું હતું ત્યારે શંભુભાઈએ કહ્યું કે, તમો સ્વામિનારાયણ ભગવાન છો. ત્યારે મહારાજ એટલું જ બોલ્યા કે, આ તો ભગવાનપણાનું ચિન્હ છે.

એક વખત વૈશાખ મહિનામાં તડકો બહુ હોવાથી મહારાજને બપોરે અમે વચ્ચેનાં રૂમમાં નવરાવ્યા ને રૂમમાંથી બહાર ઓસરીમાં જળ જાતું હતું તે મને હરજીભાઈને કહ્યું કે, આ ગંગાજી જાય છે આમાં આળોટો. એટલે મેં જળ માથે ચડાવ્યું.

એક દિવસ હું તથા શંભુભાઈ તરબુચ સુધારી રાતના ૧૦ વાગ્યે જમતા હતા ત્યારે મહારાજ રૂમમાંથી ઉઠીને બહાર આવ્યા ને હરજીભાઈને કહ્યું કે, રાતે જાગજો. કારણકે ઘણાં માણસને સારું ભાળીને ઈર્ષ્યા થાય. તેથી હું આખી રાત જાગ્યો ને મહારાજે એક વાત કરી કે

અમે લક્ષ્મીનારાયણ દેવ રાજકોટ પધારાવ્યા છે તે અમને પગે લાગતા હોય, તો પછી અમારે ક્યાં લક્ષ્મીની તાણ હોય. એવી અલૌકિક વાતું મહારાજ કરતા. જેથી મને મનમાં એમ થાય કે, આ સ્વામી સિદ્ધગતીને પામ્યા હશે કે શું ? હજી ભગવાનપણાંનો નિશ્ચય ન હતો ને મોટા સંત તરીકે હું માનતો હતો.

એક વખત મહારાજે સવારે આઠ વાગ્યા પછી શંભુભાઈને કહ્યું, આ અમે દાતણ કર્યું છે તે ચીરી ફળીમાં નાખ્યું હતું તે તમે પ્રસાદિનું લઈ લ્યો. અને આ નખ ઉતાર્યા છે એ પણ પ્રસાદિનાં લઈ લ્યો. પછી મહારાજે આખા ગામમાં ઘેર ઘેર પધરામણી કરતા કરતા શાંતિલાલને ઘરે પધરામણી કરી. તેણે બળદગાડા નવા કર્યા હતા તેથી તેમાં લાલજી મહારાજની મૂર્તિ સંતો પાસે હતી તે તેમાં તેને પધરાવી હતી પણ સંતો લાલજી મહારાજની મુર્તિ લઈને આગળ નીકળી ગયા તેથી શાંતિલાલનો સંકલ્પ પૂરો કરવા મહારાજ સ્વંય પાછા આવી ગાડામાં બેસી ગયા.

પછી ગામમાં પધરામણી કરવા મધુભાઈના મકાન બજારની કાંઠે ચણાતા હતા તે રસ્તામાં નીકળ્યા ને પોતે હાથમાં ઈંટ લઈને દિવાલ પર મેલીને કડિયાને કહ્યું, આમ ઈંટ મેલાય. અમારા ગામના નનુભાઈ તથા શંભુભાઈ તેનો ભાણેજ સારોડિયાવાળો કરશન તેને છાતીમાં પાંસળા બગડ્યા હતા તે ડોકટર પાસે બતાવ્યું. અમરેલીના ડોકટરે કહ્યું કે, અમારાથી કાંઈ ઈલાજ થાય તેમ નથી, તમો મુંબઈ જાવ. બહુ મોટા ભગવાન સારું કરે તો થાય. પછી તેને સારોડિયાથી તેડાવીને અમારી ઘેર મહારાજ પાસે લાવ્યાને પગે લગાડી પાંચસો રૂપિયા આપ્યા. પછી મહારાજને વાત કરી કે, આ કરશનને છાતીમાં પાંસળામાં બહુ બગાડ થયો છે. અમોએ અહીં ડોકટરને બતાવ્યું ત્યારે ડોકટરે કહ્યું, જે અમારાથી કાંઈ થઈ શકે તેમ નથી, તમો મુંબઈ જાવ. તેથી મહારાજને પ્રાર્થના કરી કે, મહારાજ આશીર્વાદ આપો. ત્યારે મહારાજ પલંગ પર બેઠા હતા તે બંને ચરણ કરશનની છાતીમાં આપ્યા તેથી તેને રોગ સાવ મટી ગયો. પછી તેને વગર દવાએ સારું થઈ ગયું.

અમારે ત્યાં મહારાજ સાથે ૪૦ જેટલા સંતો આવ્યા હતા. તે વખતે બાથરૂમની સગવડ કંઈ હતી નહીં તેથી મહારાજ માટે ડેલીના ખાનાની પડખે કંતાનનું બાથરૂમ કર્યું હતું ને સંતોને ન્હાવા માટે ફળીમાં એક કુઈ હતી ત્યાં બધા સંતો એક સાથે નાહી ન શકતાં માટે બીજી કુઈ ઘરને પછવાડે ગાળીને તેમાં ન્હાતા ને ગામમાં પડખે મનજી લવાની કુઈ હતી. તેમ આ ત્રણેય કુઈમાં મહારાજ અને સંતો ન્હાતા.

એક વખત મહારાજે વ્યાસપીઠ ઉપર કથા કરતી વખતે સભામાં વાત કરી કે, આ અમે ત્રણે કુઈમાં નાહ્યાં છીએ, માટે જે કોઈ માણસ, પશુ, ઢોર કે કોઈ માંદુ પડે તો આ કુઈનું પાણી તેમને પાવુંને માથે છટકોરવું તેથી તે સાજા થઈ જશે. એવો અમારો આશીર્વાદ છે.

નનુભાઈ વીરજીભાઈને દીકરીયું હતી ને દિકરા ન હતા, તેને બીજું ઘર કરવું હતું તે આશીર્વાદ લેવા આવ્યા ને મહારાજને કહ્યું, મારે બીજું ઘર કરવું છે તો આશીર્વાદ આપો. ત્યારે મહારાજે આશીર્વાદ આપ્યા પછી તેમણે બીજું ઘર કર્યું ને દિકરો પણ થયો.

એક દિવસ મેં ફળીમાં કુઈ છે તેમાંથી પાણી સીંચીને મહારાજને નવડાવ્યા ને મારી પાસે તે પ્રસાદિ નવરાવ્યાનું જળ તે અમારી કુઈમાં નાખ્યું. પછી જય સ્વામિનારાયણ કહીને બાઈઓને ત્યારે ખાપાના ચિન્હના દર્શન કરાવ્યા.

શંભુભાઈ તથા હરદાસ તથા ડુંગરભાઈ આ ત્રણેયના નાના દિકરા હતા તેને મહારાજ પાસે લાવ્યા ને મહારાજને કહ્યું, આનું નામ પાડો ત્યારે મહારાજ કહે, હિતેશ, સુરેશ અને મુનેશ. એમ ત્રણેયના નામ પાડ્યા.

હું હરજીભાઈ સં.૨૦૩૦ની સાલમાં જૂનાગઢ દર્શન કરવા ગયો ને મહારાજની રૂમે દર્શન કર્યા ને પછી રાત્રે મહારાજના પગ દાબ્યા ને સેવા કરીને મને મહારાજે કહ્યું, કેટલી ઉપજ આવે છે, કેટલું ખર્ચ થાય છે. ત્યારે મેં કહ્યું, આટલી ઉપજ આવે છે અને આટલું ખર્ચ થાય છે. ત્યારે મહારાજે મને કહ્યું કે, ઘનશ્યામ મહારાજની સેવા પાંચ હજાર કરોને. ત્યારે મેં કહ્યું, જરૂર સેવા કરીશ. પછી હું રાતે સૂતો હતો ત્યારે મારા મનમાં એમ થયું કે મહારાજ મારા મનના સંકલ્પ જાણી ગયા લાગે છે. પછી મારા મનમાં એવો સંકલ્પ થયો હતો કે, મહારાજ હજી સેવા કરવાનું કહે તો સેવા કરું ને પછી સવારે મહારાજના દર્શન કરવા ગયો ને દંડવત્ કરી પગે લાગ્યો ત્યારે મને કહ્યું કે, અમારે 'અભિનંદન ગ્રંથ' છપાવવા છે તેમાં તમે સેવા કરજો જેથી સૂર્ય-ચંદ્ર તપે ત્યાં સુધી તેમાં તમારા પરિવારના નામ રહે.

પછી મહારાજે મને મંત્ર દિક્ષા આપીને સૌ પ્રથમ કૃપા કરીને પોતાના જમણા અને ડાબા ચરણના તેમજ જમણી હથેળીનાં પણ તમામ ચિન્હોનાં દર્શન કરાવીને કહ્યું કે, આ અમારી હથેળીમાં ટચલી આંગળી પાસેથી આયુષ્ય રેખા નીકળી તે અંગૂઠા પાસેની આંગળી ઉપર ઠેઠ ટેરવે પહોંચે છે તેથી અમારી આયુષ્ય સવાસો વર્ષની છે પણ અમારે રહેવું હોઈ તેટલું રહીએ. પછી હરજીભાઈએ પૂછ્યું કે, મહારાજ તમારે કેટલા ચિન્હો છે ? તો મહારાજ કહે, અમારું

આખું શરીર ચિન્હોનું છે. આવું જ્યાં મહારાજ બોલ્યા એટલે તરતજ મારા ઈન્દ્રિયો અંતઃકરણ ભગવાન સામા તણાયા ને મારા હૃદયમાં એમ થયું કે, આ સાક્ષાત પુરુષોત્તમનારાયણ છે. પછી મેં પૂછ્યું, તમે ભગવાન છો ? ત્યારે મહારાજે મને કહ્યુ કે, તમે વચનામૃત વાંચતા ત્યારે તમને એમ થતું કે આ ભગવાનની વખતમાં જેને ભગવાન પ્રગટ મળ્યા એ કેટલા ભાગ્યશાળી હશે. આમ તમે મને કાયમ સંભારતા હતા તેથી હું પુરુષોત્તમ નારાયણ તમને કૃપા કરી ફરી સાક્ષાત મળ્યો છું. પછી મેં મહારાજને કહ્યું, આજથી મારું કાંઈ નથી મારી પાસે છે તે બધું તમારું જ છે. આમ મને મહારાજનો ભગવાનપણાનો દ્રઢ નિશ્ચય થયો.

પછી મેં મહારાજની આજ્ઞા પ્રમાણે અભિનંદન ગ્રંથનાં છાપકામમાં ૧,૩૫,૦૦૦/- રૂ.ની સેવા કરી. ત્યારે મને મહારાજે કહ્યું કે, તમે આ સેવા કરો છો તે આપણે બંને જાણીયે બીજા કોઈને કહેતા નહીં. મેં પણ કોઈ ને ઘરમાં મારા બાપાને કે ભાઈઓને ન કહ્યું. ત્યારે મહારાજ કહે, તમને પચાવતા આવડ્યું.

એકવાર મોળું વર્ષ હતું તેથી જૂનાગઢ મંદિરનો ધર્માદો લેવા સંતો આવ્યા નો'તા એટલે મેં બે ગુણી ઘઉં અમરેલી-જૂનાગઢનું ટ્રાન્સપોર્ટ નહોતું તેથી રાજકોટથી જૂનાગઢ ટ્રાન્સપોર્ટ મારફતે મોકલ્યા. તેથી રાજી થઈ મહારાજે આશીર્વાદ પત્ર લખ્યો, તેમાં અમે રાજી રાજી આમ સાત વાર લખ્યું. પછીતો વરસો વરસ ધર્માદો સંતો લેવા આવતા તેમાં મહારાજ માટે હું અલગથી ઘંઉ મોકલતો. તેમજ રૂબરૂ જ્યારે પણ મહારાજના દર્શન કરવા જતો ત્યારે ઘી અને બીજી ચીજવસ્તુ લઈને જતો.

એક વખત ભેંસના દૂધના પેંડા લઈ ગયો હતો તે બહુ કઠણ થઈ ગયા હતા. ભાંગતા નહોતા એવા કઠણ થઈ ગયા હતા. તો પણ મહારાજ કહે, બહુ મીઠા છે એમ બહુ વખાણ કર્યા. પછી મહારાજે એક પેટીમાંથી પોતાની લાલજીની મૂર્તિ મને કાયમ સેવા પુજા માટે આપીને કહ્યું, આ મૂર્તિ તમારા આખા પરિવારનું ધ્યાન રાખશે, સુખી કરશે અને કલ્યાણ કરશે. એક વખત મહારાજના દર્શને ગયો ને દંડવત્ કરી પગે લાગ્યોને મહારાજ બહુ રાજી હતા તે મને કહ્યું કે, તમારું પુણ્ય આ ગિરનારના ડુંગરા જેવડું છે માટે તમને અમારો ભગવાનપણાનો નિશ્ચય થયો છે. ત્યારે જગદીશ, રમેશ, ઘનશ્યામ, હકુ, કનુ આ બધા છોકરા સાથે હતા.

નાના ગોખરવાળામાં મંદિરે એક સાંખ્યયોગી સંતોકબેનને શરીરે બહુ દુઃખાવો નાનપણથી રહેતો ને પછી મહારાજને કાનજીભાઈએ કહ્યું કે, આ સાંખ્યયોગી સંતોકબેનને બહુ દુઃખાવો રહે તો આશીર્વાદ આપો. મહારાજે કહ્યું, અમારું કહ્યું માનશે તેમને પૂછી

આવો. ત્યારે કાનજીભાઈએ બેનને કહ્યું, મહારાજે એમ કહ્યું છે કે અમારું કહ્યું માને તો સારું થાય. ત્યારે બેને કહ્યું કે, જરૂર માનીશ. ત્યારે મહારાજે કહ્યું કે, ઉપવાસ કરવા બંધ કરી દો, તમે કાયમ જમશો તો પણ તમો સદા ઉપવાસી જ રહેશો. મહારાજે એમ કહ્યું ત્યારે બેને મહારાજે કહ્યું એમ કર્યું તો તરત જ સારું થઈ ગયું.

મારા મનજીબાપાની ઉંમર ૮૩ વર્ષની થઈ હતી ને શરીર જીર્ણ થઈ ગયું હતું ને થોડા બીમાર પણ પડ્યા હતા ને મને કહ્યું કે, હવે તારા ભગવાન મને કેદી તેડવા આવશે પછી મેં મહારાજને જૂનાગઢ પત્ર લખ્યોને મહારાજને પ્રાર્થના કરી કે, મનજીબાપાને ધામમાં જાવું છે તો તેડી જાવ. ત્યારે તે જ દિવસે મહારાજનો પત્ર બે ને પાંત્રીસ મિનિટે ગોખરવાળા આવ્યો ને મહારાજ બાપુજીને ધામમાં તેડી ગયા.

અમારા ગામમાં ધીરૂભાઈને ડાયાબિટિશ થઈ હતી તે મહારાજ પાસે ગયા ને કહ્યું કે, મને ડાયાબિટિશ છે તો આશીર્વાદ આપો કે સારું થઈ જાય. તો મહારાજે કહ્યું, સાકરનો શીરો કરી ખા તો સારું થઈ જાય. પછી તેમણે મહારાજના વચને કરીને સાકરનો શીરો ખાવા માંડ્યો તો પણ સારું થઈ ગયું.

જૂનાગઢમાં મહારાજ જે જૂના બાલમુકુંદ ભવનનાં રૂમમાં રહેતા તે પાડીને નવા રૂમ બનાવ્યા તેથી તે જૂના રૂમની લાદી મને મહારાજે આપીને કહ્યું કે, આ અમારી ચરણ સ્પર્શ થયેલી કલ્યાણકારી લાદી છે તેમ કહીને રાજી થઈને આપી તે મેં ગોખરવાળા અમારા નવા રૂમ બનાવ્યા તેમાં અને ઓસરીમાં એ પ્રસાદીની મોઝેક લાદી નાખી છે.

એક વખત હું જૂનાગઢ ગયો ત્યારે મેં મહારાજને કહ્યું, ઘઉં ઘણાં થયા છે તો તમે વાપરો. મહારાજ કહે, કેટલા આપશો. તો મેં કહ્યું, તમે કહો તેટલા આપું. મહારાજ કહે, તમે કહો. મેં કહ્યું,૧૫૦૦ મણ આપીશ. તે વખતે ઘઉંનો ભાવ રૂ.૪૦ હતો. ૧૫૦૦ મણનાં સાઠ હજાર રૂપિયા થાય. મેં ત્યારે રૂ.૪૦ હજાર મહારાજને આપ્યા અને બીજા મારા વહેવારમાં વપરાઈ ગયા પુરા થયા નહીં પછી મેં અમારી જમીન ઉપર બેંકમાંથી ૨૦ હજાર ઉપાડ્યા ને સેવા પુરી કરી. ત્યારે જમીન પાક ઉપર વીમાની શરૂઆત થઈ હતી. તે વખત મોળું થયું ને મને ૨૬૦૦૦નો વીમો મળ્યો હતો.

એક વખત હું મહારાજના દર્શને ગયો ત્યારે મહારાજ મને કહે તમારે ઘેર રાતે આવ્યો હતો. ત્યારે મેં કહ્યું, મહારાજ દર્શન તો ન દીધા. મહારાજ કહે, તમે સૂતા હતા એટલે

મેં જગાડ્યા નહીં.

હું એક વખત અમરેલી હરીભાઈની દુકાને ગયો. ત્યાં વાંકિયા ગામના એક ભાઈ આવ્યા તેણે વાત કરી કે અમારા ગામમાં હરિભક્તો જૂનાગઢ દર્શન કરવા જતા હતા ત્યારે તેનો એક ભાઈ વૈષ્ણવ ભક્ત હતો તે કહે મારે પણ આવવું છે. ને તે સાથે જૂનાગઢ દર્શન કરવા ગયો ત્યારે ઘણા ભક્તો દર્શન કરવા રૂમે ગયા ને બધાએ મહારાજના દર્શન કર્યા પણ જે વૈષ્ણવ ભક્ત હતો તેણે દર્શન કર્યા એટલે મહારાજે સામે હાથ ઊંચો કર્યો ને કહે, દર્શન કરો. ત્યારે તેમને મહારાજના હાથમાં રાધાકૃષ્ણનાં થયા. તે અમોને વાત કરી.

એક વખત અમારા નાના ગોખરવાળામાં પરબતભાઈના દિકરા મનસુખને છાતીમાં દુઃખાવો બહુ થયો ને ડોકટરને બતાવ્યું તો તે કહે હવે અમારાથી કાંઈ થઈ શકે તેમ નથી. બહુ મોટો રોગ છે. પછી તેમને મહારાજ પાસે જૂનાગઢ લઈ ગયા ને મહારાજને કહ્યું, મહારાજ છાતીમાં દુઃખાવો બહુ થયો છે દયા કરીને આશીર્વાદ આપો તે સારું થાય. ત્યારે મહારાજ કહે, સુઈ જા. પછી મહારાજે તેની છાતી પર હાથ મેલી કહ્યું કે, આમાં કંઈ છે નહીં. આમ એમને સારું થઈ ગયું. તેનું વેવિશાળ કર્યું હતું તે તેના સસરાએ તોડી નાખ્યું હતું ને પછી ડોકટર પાસે જઈ બતાવ્યું. ડૉકટર કહે, આને સાવ સારું થઈ ગયું છે. તમે કયા ડૉકટરને બતાવ્યું ? તેને કહ્યું કે, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના આશીર્વાદથી સારું થયું છે.

એક વખત નાના ગોખરવાળા ગામમાં અરજણભાઈની દીકરીના લગ્ન હતા ને અરજણભાઈના દીકરાને શાસ્ત્રીજી મહારાજ ઉપર હેત હતું પણ મહારાજ ઉપર કંકોત્રી મોકલતા ભૂલી ગયા. માંડવાના દિવસે સાંભર્યું કે આપણે મહારાજને કંકોત્રી ન આપી એમ ભાઈઓમાં વાત થઈ હવે શું કરવું ? એક ભાઈ કહે, લાવો હું આપી આવું. તે કંકોત્રી લઈને નાના ગોખરવાળા હરજીભાઈને ઘેર મહારાજે લાલજી મહારાજની મૂર્તિ આપી છે ત્યાં આવી તે વાત મહારાજે અંતર્યામીપણે જાણી તેનો ભાવ જાણી મહારાજે જૂનાગઢથી આશીર્વાદપત્ર સામેથી લખી મોકલ્યો.

નાના ગોખરવાળાના નનુભાઈ જીવરાજને પગના અંગૂઠામાં ચુનવા નામનો રોગ થયો હતો ને અંગૂઠામાં પીડા થતી હતી ને ડૉકટરોને બતાવ્યું તો તે કહે, આ અંગૂઠાને કાપવો પડશે. તેથી તે મારી પાસે આવ્યો. મેં તેને કહ્યું કે, આપણે મહારાજ પાસે જઈએ. પછી નનુભાઈ તથા તેના ભાઈ આણંદભાઈ તથા હું અમે ત્રણેય મહારાજ પાસે જૂનાગઢ ગયા ને મહારાજને દંડવત્ કરી પગે લાગ્યા. રોંઢાનો ટાઈમ હતો ને અમને ત્રણેયને પ્રસાદી આપી.

મહારાજને કહ્યું કે, નનુભાઈના પગના અંગૂઠામાં ચુનવા થયો તે બહુ બળે છે ને ડોકટરોએ બતાવ્યું તો કહે અંગૂઠો કાપવો પડે ને તેણે મહારાજ પાસે રૂ.૫૦ મેલ્યા ને મહારાજને કહ્યું કે, તમે દયા કરી આશીર્વાદ આપો તો સારું થાય. મહારાજ બહુ રાજી હતાને બોલ્યા આટલા અંગૂઠામાં રૂ.૫૦ આપ્યા. તેથી આશીર્વાદ આપ્યા સારું થઈ થશે ને અમારી આગળ શિખામણની ઘણી વાત કરી કે, હવે આપણે ચારેયના ધોળા થયા છે. ઘરમાં વસ્તુ સામી પડી હોય તો પણ માંગવી નહીં.

તા.૨૮-૨-૧૯૮૬ને સં.૨૦૪૨ મહા વદ ચોથને દિવસે સવારે મહારાજ પરમધામમાં પધાર્યા. આ વાતની અમને સાંજે રાતના આઠ વાગ્યે ખબર પડી કે જૂનાગઢ મહારાજ ધામમાં ગયા. તે એક રેડિયો ઉપર સાંભળ્યું. તે વાત સાંભળી મને બહુ મોટો આઘાત લાગ્યો ને બહુ દુઃખ થઈ પડ્યું ને બહુ દિલગીરી થયાને રડ્યા ને અમે રાતે મોટર તેડાવી રાત્રીના બાર વાગ્યે નીકળ્યા રાત્રે ત્રણ વાગ્યે જૂનાગઢ પહોંચ્યા ને ઘી, તલ સાથે લઈ ગયા હતા. તે વળતે દિવસે એક વાગે મહારાજને વિમાનમાં બેસારી બહુ સંતો-ભક્તો ધામે ધામના આવ્યા હતા તેમજ હરિભક્તોની બહુ ભીડ થઈ હતી. પછી મહારાજને આખા જૂનાગઢમાં દર્શન માટે ફેરવીને શ્વેતાયન બાગમાં અગ્નિસંસ્કાર કર્યો હતો.

પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણના અતિ કૃપાપાત્ર એવા હરજીબાપાનું જીવન નાનપણથી જ અતિ સેવા-ભક્તિવાળું, સંતોના મહિમાવાળું હતું. જેથી તેમને પ્રગટ ભગવાનની જલ્દી પરિપૂર્ણ ઓળખ થઈ અને તેમની શરણાગતિ લઈ જેમ મહારાજની આજ્ઞા હતી તેમ તકે સેવાનો લાભ લઈ મહારાજને ખૂબ રાજી કર્યા અને એની ફલશ્રુતિરૂપે આજે આખો સાંગાણી પરિવાર ખૂબ સુખી સમૃદ્ધ છે તેથી જ્યારે પણ મહારાજના મંદિર તેમજ મહોત્સવોના કાર્યમાં તન-મન-ધનથી સેવાનો વિશેષ લાભ લઈ ધન્યતાનો અનુભવ કરે છે.

# અનાદિ મુક્તરાજ રમેશભગત હરજીભગત સાંગાણી

**ગામ : નાના ગોખરવાળા, હાલ- સૂરત**

**અમે** નાના હતા ત્યારે અમારા બાપુજી હરજીબાપા ભેગા જૂનાગઢ જતા ત્યારે મહારાજના દર્શન કર્યા હતા. સભામંડપમાં મોટા મોટા સંતોના ફોટા જોઈને મનમાં એમ થતું કે, આ સંતો સ્વામિનારાયણ ભગવાન સાથે હતા ત્યારે કેવી ભક્તિ અને કેવો રંગ-સમજણ અને સેવા કરતા હશે. એ ભગવાન આપણને કેમ મળે ? આવા વિચારો આવતા, ત્યારે મહારાજ ભગવાન છે એમ નહોતો સમજ્યો. જેમ જેમ અમે મોટા થતા ગયા અને મહારાજ પાસે જતા ત્યારે મહારાજ અલૌકિક લીલા કરતા. જેથી આપણને અજાયબી લાગે અને તે પરચો બની જાય. આમ મહારાજ સંકેતમાં પોતે ભગવાન છે એમ જણાવતા.

મારા બાપુજી ગાડુ જોડી વાડીએ જાય કે વાડીએથી આવે ત્યારે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામિનારાયણ આમ ધૂન બોલતા બોલતા વાડીએથી આવતા અને વાડીએ જતા. ગોખરવાળામાં કથા હતી ત્યારે મહારાજનું સામૈયું કરવા ગાડાં શણગાર્યા હતા. ત્યારે ગાડામાં મહારાજને બેસાડ્યા ત્યારે હું નાનો તે દોડીને મહારાજના ચરણ પાસે જઈને બેસી ગયો હતો.

અમારા ઘરના ચોકમાં એક કુઈ છે એ કુઈના પાણીથી અમે ઘરના સૌ મળી મહારાજને સ્નાન કરાવ્યું છે તથા બાજુમાં એક રૂમ છે. ત્યાં મહારાજના ઉતારાની વ્યવસ્થા ગોઠવી હતી. જ્યારે મહારાજને સ્નાન કરાવ્યું ત્યારે મહારાજ બોલ્યા આ કુઈનું જે કોઈ પાણી પીશે તે મોક્ષના અધિકારી થશે. એમ કહી પાણીનો ખોબો ભરી કુઈમાં નાખ્યું એટલે કુઈ આખી પ્રસાદીની થઈ ગઈ. મહારાજ અમારા કુટુંબ ઉપર એટલા રાજી હતા કે મહારાજે કથા વાંચી ત્યારે સભામાં બોલ્યા કે, આ ફળિયાની રજ કોઈ માથે ચડાવશે તેના દુઃખ દૂર થશે અને તે પરમધામમાં જવાનો અધિકારી થશે.

એક વખત મારી ઉંમર નાની હું ચાલીમાં સૂતો હતો. તેમાં ઉપર માચડેથી લોખંડના હળની ફાંસ માથેથી પડી અને મારી આંખના ખૂણેથી પસાર થઈ ગઈ. જો સહેજે બે પાંચ દોરા આમ પડી હોત તો મારી આંખ જાત. આમ મહારાજે મારી રક્ષા નાનપણથી કરતા આવે છે.

એક વખત હું ઘોડીથી વાડીયે ગયો. ઘોડીને રજકો નાખ્યો અને રજકો પાવા મશીન

ચાલું કરવા ગયો ત્યાં પુલીને પટ્ટો ન મળે એટલે હું પાછો આવ્યો. તે અઠવાડિયા પછી જૂનાગઢ મહારાજના દર્શન કરવા ગયો ત્યાં મહારાજ બોલ્યા, લે લેતો જા. ત્યારે હું કાંઈ સમજ્યો નહીં. પછી મહારાજ કહે, આ તારો પુલીને પટ્ટો લેતો જાજે. ત્યારે મેં કહ્યું, મહારાજ તમને કેમ ખબર પડી. તો મહારાજ કહે, પેપરમાં આવ્યું હતું. આમ ભગવાન અંતર્યામી છે. બધી ખબર હોય પણ રમુજ કરીને આપણને સુખ આપે જેથી યાદ રહી જાય, ભૂલાય નહીં.

એક વખત અમે ભીખુભાઈ, ચતુરભાઈ, ગોવિંદભાઈ, ચાર-પાંચ જણા મહારાજની સેવા કરતા હતા. ત્યારે આ ચતુરભાઈના ભાભી અને અમરેલીવાળા બચુબાપાના બેન તે કાયમ બીમાર રહેતા. ત્યારે ચતુરભાઈ કહે, મહારાજને કહેજે મારા ભાભીને સારું થઈ જાય. એમ મેં સેવા કરતાં કરતાં વાત કરી ત્યારે મહારાજ કહે, એ માયાની મને થોડી ખબર પડે હાલ તને કાંઈ તકલીફ હોય તો બોલ હમણાં સારું થઈ જાય. એટલે મને યાદ આવ્યું કે,મહારાજ મારી આ દાઢ અવારનવાર દુઃખ્યા કરે છે. ત્યાં મહારાજ બોલ્યા. લે આમાં શું મીઠાવાળા પાણીના કોગળા કરજે, મટી જશે. મેં તેમ કર્યું તો તરત જ મારી દાઢનો દુઃખાવો મટી ગયો અને આજે પણ મને દાઢ દુઃખે ત્યારે મહારાજના વચને મીઠાવાળા પાણીના કોગળા કરું તરત જ દુઃખાવો મટી જાય છે. આમ ભગવાને મારું દુઃખ મટાડવા ચતુરભાઈના ભાભીની વાત કરાવી અને મારું દુઃખ કાયમને માટે ટાળી દીધું.

એક વખત હરજીબાપા ધોતિયા લાવ્યા હતા તે મને કહે જા મહારાજ પાસે આ ધોતિયા ઓઢાડવાના છે. ત્યારે ચાર-પાંચ ભેંસો દુઝતી તેથી તેના પેંડા બનાવતા. ત્યારે અમે એ દૂધને કડાઈમાં ગરમ કરી ઘટ્ટ બનાવવા અમે દુકાને કલાક કલાક હલાવતા અને છેલ્લે પેંડા બનતા એ પેંડા મહારાજને પ્રસાદી ધરતા. હું જૂનાગઢ ગયો અને આ ધોતિયા-પેંડા મહારાજ પાસે મૂક્યા ત્યારે મહારાજે એક ડબરામાંથી પેંડો કાઢ્યો તે હથેળી જેવડો પેંડો મહારાજે મને ખવડાવ્યો. એમ એક પછી એક સાત પેંડા મહારાજે મને ખવડાવ્યા. મેં એક પેંડો મહારાજને જમાડ્યો. મહારાજે મને સાત પેંડા ખવડાવ્યા. બીજા ડબરામાંથી સોપારી કાપીને મને ખવરાવી ત્યારે મહારાજ પોતાના કરચરણમાં રહેલા ચિન્હો એક પછી એક દર્શન કરાવતા જાય અને બોલતા જાય. આ માછલો છે, આ ગૌપદ છે, આ ચક્ર છે, આ ધનુષ્ય છે, આ ઉર્ધ્વ રેખા છે. આ રીતે મહારાજે મને ચિન્હોના દર્શન કરાવ્યા હતા.

એક વખત અમે જૂનાગઢ ગયા ત્યારે બાલમુકુંદ ભવનનું કામ ચાલું હતું ત્યારે જ્ઞાન સ્વામી, રમેશ ગેવરીયા, હું નીતિન એમ દશ બાર જણા ગીરનાર ફરવા ગયા હતા. ત્યારે

દત્તાત્રેયના ચરણ પગલાં સુધી ગયા. પછી ગીરનાર વનમાં ફર્યા અને સાંજે છ વાગે પાછા આવ્યા. અમે સાથે થેપલાં, અથાણાં, મરચા, ગાંઠિયા ભેળા લઈ ગયા હતાં. એટલે સાંજે મંદિરે આવ્યા. તે હું નીતિન અને રમેશ ત્રણ જણાં મહારાજ પાસે ગયા. મહારાજ ખુરશી ઉપર બેઠા બેઠા માળા ફેરવતા હતા. ત્યાં મહારાજ બોલ્યા, અલ્યા ક્યાં ગયા હતા. અમે કહ્યું, મહારાજ ગીરનાર ફરવા ગયા હતા. તો મહારાજ કહે, તો થાકી ગયા હશો. એમ કહી અમારા પગ ઉપર મહારાજે પોતાના ચરણ દબાવ્યા.ત્યાંતો અમે સાવ ફ્રેશ થઈ ગયા. થાક ક્યાં ગયો એ ખબર જ ન પડી.પછી મહારાજના ચરણસ્પર્શ કરી ઉતારે જઇ સૂઈ ગયા. તે બે દિવસ પછી સાથે બીજા લોકો હતા તેને બે ત્રણ દિવસ સુધી પગ દુખ્યા અને કહે, એલા કેમ તમને કાંઈ થયું નહીં. અમે કહ્યું, અમે ગીરનારથી આવીને મહારાજના દર્શન કરવા ગયા ત્યારે મહારાજે આશીર્વાદ આપ્યા એટલે થાક જણાયો નહીં. આમ મહારાજે અમારી રક્ષા કરી.

એક વખત ગોખરવાળાથી ગોવિંદભાઈ રવજીભાઈ તથા બીજા બે ભક્તો હતા. મહારાજના દર્શન કરવા ગયા ત્યારે મહારાજ શાસ્ત્ર લખતા હતા અને બોલ્યા ક્યાંથી આવો છો ? તેમણે કહ્યું, મહારાજ ગોખરવાળાથી.તો મહારાજ કહે, એમ કહોને કે ઘરેથી આવીએ છીએ. આમ મહારાજ અંતર્યામી પણે બધી ખબર જ હોય પણ ભગવાન લીલા કરીને સંદેશો આપતા હોય તે એમ સંદેશો આપ્યો કે ગોખરવાળા મારું ઘર છે, હું ગોખરવાળાનો અને ગોખરવાળા મારું છે. એટલે બોલ્યા ઘરેથી આવો છો.

એક વખત હું જૂનાગઢમાં મહારાજની સેવામાં રહ્યો હતો. ત્યારે મહારાજની સર્વ પ્રકારે સેવા કરતો તે મને ગોખરવાળા આવવાનું થયું એટલે મહારાજની રજા લેવા ગયો. મહારાજને દંડવત્ કરી ઊભો થયો ત્યાં મહારાજ પણ ઊભા થયા અને મને બાથમાં લઈ ભેટ્યા અને બોલ્યા. આ તારા હૃદયને અને મારા હૃદયને એવા ખીલા જડ્યા છે કે કોઈ અલગ નહીં કરી શકે. કોઈ ઉખેડી નહીં શકે, આમ મહારાજ બોલ્યા.

આમ મહારાજે પોતાના અનન્ય ભક્ત તરીકે મને અપનાવ્યો જે મારા પરમભાગ્ય છે. અમે નાના ગોખરવાળાથી પદયાત્રામાં ચાલતા ગયા હતા. ત્યારે બે રાત્રી ત્રણ દિવસે અમે ગઢડા પહોંચ્યા હતા. ત્યાં જૂનાગઢથી હેમંતભગત આવેલા તે ઘેલા નદીને કાંઠે ઉતારો હતો. ત્યારે હું હેમંતભગતની સાથે સીધો જૂનાગઢ ગયો ને મારે સાધુ થવું હતું તેથી મેં મહારાજને વાત કરી કે, મહારાજ તમે મને સાધુ દિક્ષા આપો. તો મહારાજ કહે, સાધુ નથી થવું, સંસારમાં રહો, સત્સંગ કરો, ધૂન-ભજન કરો, સેવા કરો-કરાવો, સૌને સુખ આપો,

સુખી રહો, અમે તમને અંતકાળે ધામમાં તેડવા આવશું. પછી મને બા-બાપુજી તેડવા આવ્યા હતા તેની સાથે હું ગોખરવાળા આવ્યો પણ અવારનવાર મહારાજના દર્શન કરવા જૂનાગઢ જતો અને મહારાજની સેવા કરતો ને રાજી કરતો.

એક વખત મારા ઘરમાં મારા સંબંધની વાત ચાલતી હતી. ત્યારે હું જૂનાગઢ ગયો મહારાજને વાત કરી, મહારાજ કહે, તારે શું ઉતાવળ છે. એટલે બે દિવસ પછી ઘરે આવ્યો. ઘરના સૌએ મને બહું કહ્યું પણ મેં ના પાડી દીધી મારે હમણાં સંબંધ કરવો નથી. સમય જતાં એ પાત્રને આજે હું જોઉં છું ત્યારે મહારાજના શબ્દ યાદ આવે છે કે, તારે શું ઉતાવળ છે. એ પાત્ર ત્યારે રૂપાળું હતું પણ આજે કાળું જાડું, ઘાટ વિનાનું છે. આમ ભગવાનને જાણે મારી ઉપાધી હોય તેમ સર્વ પ્રકારે મહારાજ રક્ષા કરતા.

એક વખત અમે જૂનાગઢ મહારાજ પાસે બેઠા હતા ત્યારે શાંતિલાલ ભગત ભેગા હતા. ત્યારે મહારાજની સાથે વાર્તાલાપ ચાલુ હતો ત્યાં કોણ જાણે કેમ મહારાજ અચાનક બોલ્યા, તારી સંબંધવાળી પાસે જ નજીકમાં જ છે. ત્યાં મહારાજે મારા સંબંધની વાત માટે કહ્યું હતું. તે એજ પાત્ર સાથે મારે સંબંધ થયો. એટલે અત્યારે જે મારા ધર્મપત્ની છે તે આ મહારાજના કહેવા પ્રમાણે સંબંધ થયો અને સૌ સારાવાના છે.

એક વખત મહારાજ શાસ્ત્ર લખતા હતા અને હું ચરણસેવા કરતો હતો ત્યાં મહારાજે શ્રીકૃષ્ણ ભગવાનના વખતની ગોપીઓની એક સરસ વાત કરી ત્યારે કેમ જાણે મને મહારાજમાં એટલું હેત થયું કે હું ઊભો થઈ મહારાજને ભેટી પડ્યો. મહારાજ પણ મારા વાસામાં હાથ ફેરવી ફેરવીને વ્હાલ કરવા લાગ્યા. આમ ભગવાન હાલના કે પૂર્વના ભક્તના સંકલ્પોને જાણનારા હોય તેમ યોગ્ય સમયે ભગવાન તે ભક્તના મનોરથો પૂરે છે. આમ ભગવાન અને ભક્ત વચ્ચે કોઈપણ પ્રકારે પડદો ન રાખવો. જેટલો પડદો તેટલું ભગવાનથી અંતર કહેવાય.

મહારાજની કૃપાથી મારો જન્મ હરજીબાપા જેવા મહામુક્તને ત્યાં થયો અને મને જ્યારથી મહારાજ પરિપૂર્ણ ઓળખાયા ત્યારથી મહારાજની હયાતીમાં તો દર્શન અને સેવાના લાભ ઘણાં મળ્યા અને ત્યાર પછી પણ પૂજ્ય સદ્‌ગુરૂ શાંતિલાલભગતની પ્રેરણાથી સૂરત વરાછા મંડળ ટ્રસ્ટમાં પણ પ્રમુખપદે રહી યથાશક્તિ જે સેવાનો લાભ મળી રહ્યો છે. તેથી હું ધન્યતા અનુભવું છું.

પરચા નં.
૩૭.

## અનાદિ મુક્તરાજ ઓઘવજીભગત ટપુભગત મનાણી
### ગામ - જામવંથલી , હાલ- પૂના

**મારા** મોટાભાઈ લાલજી ટપુ મનાણી નાગપુર કામ કરતા હતા. ત્યાંથી બીમાર થઈ આવ્યા. દવાઓ ઘણી કરી પણ સારું ન થયું. એટલે અમારા કાકાના દિકરા શામજી ડાયા મનાણી કહે, ચાલો જૂનાગઢ જઈએ અને બાપલા સ્વામીના આશીર્વાદ લઈ આવીયે. ત્યારે બંને જૂનાગઢ જવા સવારે સ્ટેશન પર આવ્યા, ટિકિટ લીધી. પરંતુ ગાડી મોડી થઈ એટલે ટિકિટ કેન્સલ કરી અને લાલજીભાઈને વિચાર આવ્યો મોટા શાસ્ત્રીજી મહારાજ જામનગર છે તો મહારાજના જામનગર દર્શન કરી જૂનાગઢ જઈશું. ત્યાં તો જામનગરની ગાડી આવી એટલે અમે ગાડીમાં બેસી જામનગર મંદિરે ગયા, દર્શન કર્યા, પ્રદક્ષિણા કરી પછી અમે મહારાજ પાસે ગયા. મહારાજ ઓફિસ પાસે આરામ ખુરશી ઉપર બિરાજમાન હતા ને શામજીભાઈ પ્રદક્ષિણા ફરતા હતા. અમે મહારાજને દંડવત્ કર્યા તે મહારાજના મને પહેલીવાર ત્યારે દર્શન થયા. ત્યાં મહારાજ બોલ્યા, ભગત શું તકલીફ છે. ત્યારે લાલજીભાઈને આંખમાં આંસુ આવ્યા ને બધી હકિકત જણાવી. અમે બાપલા સ્વામી પાસે જૂનાગઢ જવાના હતા. ગાડી મોડી થઈ એટલે અમે અહીં આવ્યા છીએ હવે તમારા દર્શન કરી જૂનાગઢ જઈશું. ત્યારે મહારાજ કહે, હું કહું તેમ કરશો કે તમારી ઈચ્છા પ્રમાણે કરવું છે. ત્યારે લાલજી ભગત કહે, તમે જેમ કહો તેમ કરશું હવે બીજે ક્યાંય નથી જવું. ત્યારે મહારાજ કહે કે, ચાલો મારી રૂમે અહીં વાત કરવા જેવી નથી. માટે ઉપર ચાલો. ત્યારે મહારાજ અને લાલજીભગત ઉપરની રૂમે ગયા. ત્યારે મહારાજે વાત કરી કે આવતીકાલે સાંજે તમારો દેહ પડી જવાનો છે તો હું જેમ કહું તેમ કરો તો એક વરસની આવરદા વધારી આપું.

ત્યારે લાલજીભગત બોલ્યા કે, મહારાજ તમો જેમ કહો તેમ કરવું છે. ત્યારે મહારાજ કહે, મારા મંત્રની સવારે ૧૦૧ માળા ફેરવજો અને સાંજે પણ ૧૦૧ માળા ફેરવજો. પછી આ પુસ્તક વાંચજો. ત્યારે લાલજીભગત કહે, મને વાંચતા નથી આવડતું. મહારાજ કહે, પુસ્તક ખોલશો તો વાંચતા આવડી જશે. તેથી ઘરે આવી ન્હાઈને પૂજા કરી ૧૦૧ માળાનો નિયમ પૂરો કરી પુસ્તક હાથમાં લઈ વાંચવા માંડ્યું ને હિંમત આવી ગઈ ને ઘરવાળાને બોલાવીને વાત કરી અને કહ્યું, તું તારા માવતરે જા અને મારે ભજન કરવું છે. મારે આ છેલ્લો જન્મ કરવો છે. ગામમાં જ મારા સાસરા હતા. તે એના માવતરે ગયા અને જે

મહારાજે એક વર્ષની આવરદા વધારી હતી તેને એક વર્ષ પૂરું થવા આવ્યું. વૈશાખ સુદ-૫ ના રાત્રે નવ વાગે તેડવા આવીશ, આમ મહારાજ બોલ્યા હતા. તે એક વર્ષ પૂરું થયું ને બરાબર રાત્રે નવ વાગ્યે મહારાજ તેડવા આવ્યા ને દર્શન આપ્યાને લાલજીભગત કહે, મહારાજ મારા બા-બાપુને દર્શન આપો. ત્યારે મારા બા-બાપુને મહારાજના દર્શન થયા અને મારા કુટુંબના સહુ બેઠાં હતા તે સૌને મહારાજના દર્શન થયા અને લાલજીભગતને ધામમાં લઈ ગયા. જામવંથલીમાં આ પ્રથમ પરચો જે ભક્તોની અભ્યર્થનામાં પેજ નં.૨૧, પત્ર નં.૪૬માં મહારાજે આ લખાણ લખ્યું છે.

મારી ઉંમર ૧૧ કે ૧૨ વર્ષની હતી ત્યારે અમે મગફળી ફોલવા જતા અને અમને એક પાયલી દાણાનું એક આનું આપતા. તે અમારી પાસે ૧૬ આના ભેગાં થાય એટલે અમારે જામનગરની ટિકિટ પાંચ આના, સિનેમાની ટિકિટ પાંચ આના અને છ આના વાપરવાના અને ખાવાનું મંદિરમાં એમ વિચાર કરી અમે પાંચ છોકરા તૈયાર થઈ જામનગર ગયા. ત્યાં પહેલાં મંદિરે ગયા ત્યાં મહારાજના દર્શન કરી, પ્રદક્ષિણા કરી, મહારાજ ઓફિસ આગળ બેઠાં હતાં.ત્યાં મહારાજને દંડવત્ કર્યા અને બેઠા. મહારાજ કહે, આટલા મોડા કેમ. અમે કહ્યું, ગાડી મોડી થઈ. ત્યાં કોઠારી સ્વામી આવ્યા. મહારાજ કહે, આ છોકરાવને જમાડી દયો. કોઠારી કહે, આજે ભક્તો ઝાઝા હોવાથી જમવાનું પૂરું થઈ ગયું છે. મહારાજ કહે, મગજના લાડું આપો. કોઠારી કહે, મગજ પૂરા થઈ ગયા છે. સાંજે બનાવવાના છે. ત્યારે મહારાજ કહે, છોકરાવ ને ભૂખ્યા ન રખાય. એમ કહી તે પોતે ઊભા થઈ રસોડામાં ગયા ને હાથમાં ત્રીસેક પુરી લઈને આવ્યા અને અમને છ છ પૂરી આપી. અહીં જ જમી લ્યો અને તમારે મોટા મંદિરે જાવું છે ને. અમે કહ્યું, મોટું મંદિર તો આ જ છે ને ? મહારાજ કહે, આ મંદિર નહીં પણ આ નાકાની બહાર સિનેમા છે તેને મંદિરનું કહું છું. સિનેમા છૂટે ત્યારે મારી પાસે આવજો પછી સ્ટેશન જજો. મહારાજ કહે, હવે નગરમાં ફરો હજી ત્રણ વાગવાને વાર છે. પછી અમે જામનગર ફરી ૩ થી ૬ના અનુપમ ટોકિઝમાં સિનેમા જોઈ ટોકિઝ છૂટી ત્યારે મહારાજના દર્શન કરી સ્ટેશને ગયા. આખો દિવસ ફર્યા. ઘરે આવી ખાધું નહીં. ક્યાંય નાસ્તો કરવાની ઈચ્છા ન થઈ. મહારાજે પોતાના હાથે છ છ પૂરી જમાડી તેથી ભૂખ લાગી જ નહીં, આ પણ પરચો જ કહેવાય.

ફાટસર ગામમાં મારા પાટલા સાસુ રહે. તેને ત્યાં એક વખત બે ચારણો ભિક્ષા માગવા આવી. મારી પાટલા સાસુનું નામ ફુલીબેન તેણે ભિક્ષા આપવાની ના પાડી હશે. તેથી બેય

આને વળગી કે અમને ભિક્ષા કેમ ન આપી ? ત્રણ ચાર દિવસ પછી મંડ્યા ધૂણવા અને તોફાન કરે અને બધાને હેરાન કરે તેથી ગામના ભૂવાને બોલાવ્યા, તેનાથી સારું ન થયું. દિવસે દિવસે તોફાન વધવા લાગ્યું. આમ ઘણા ભૂવા, જાગરિયા, ફકીરોને બતાવ્યું પણ ક્યાંય સારું ન થયું. ઊલટાનું તોફાન વધ્યું અને કહે, હું એનો જીવ લઈશ. છોકરાવ નાના હવે આનું કરવું શું ? જ્યાં જ્યાં કોઈએ બતાવ્યું ત્યાં ત્યાં ગયા પણ ક્યાંયથી ફેર ન પડ્યો. એક દિવસ મારા બાપુ જામસર ગયા. ત્યારે મારા સસરાએ મારા બાપુને વાત કરી કે ફુલીને આવી મોટી તકલીફ છે. હવે શું કરવું ? મારા બાપુ કહે, તમે જામનગર મોટા શાસ્ત્રીજી છે ત્યાં તેડી જાઓ અને પ્રાર્થના કરો, સારું થઈ જશે. એટલે મારા સસરા કહે, તમે ફુલીને લઈ જાઓ. ત્યારે મારા બાપુ કહે, તમે સવારે જામવંથલી આવોને પછી આપણે સવારની ગાડીમાં જામનગર જઈશું. ત્યાં મહારાજની કૃપાથી સારું થઈ જશે. આમ તેઓ વંથલી આવ્યા અમે બીજા દિવસે જામનગર જવા ગાડીમાં બેઠા ને ગાડી ચાલુ થઈ થોડી આગળ હાલી ત્યાં નવા ચંપલ બહાર ફેંકી દીધા અને અમે જામનગર મંદિરે પહોંચ્યા. ભગવાનના દર્શન કરી મહારાજ પાસે ગયા બધી વાત કરી. ત્યારે મેડીના રવેશ ઉપર ઊભા રહી પ્રસાદીના પાણીનો લોટો ભરેલ આપ્યોને આ પાણી પ્રદક્ષિણામાં ફુલીબેનને પાયું. ત્યારે જોર જોરથી રોવા લાગી અને કહે હું બળું છું, બળું છું. ત્યારે મહારાજ હાથ ઊંચો કરી કહે, જાઓ બહુ બખેડો કરવાની જરૂર નથી. તે 'દિથી એ વળગાડ ગયો ને મહારાજે રોજ સાંજે પાંચ માળા ફેરવવાનો નિયમ આપ્યો તે છેવટ સુધી એ નિયમ પાળ્યો. આમ ફુલીબેનની રક્ષા કરી.

ઓધવજીભગતના લગ્ન થવાના હતા ત્યારે મહારાજના દર્શન કરવા જામનગર ગયા. ત્યારે મહારાજે ટપુબાપાને પોતાના ગળામાંથી હાર કાઢી આપ્યો અને કહ્યું, જામસર જાઓ ત્યારે આ હાર વરરાજાના ગળામાં પહેરાવજો. ત્યારે શાંતિલાલ કરશન મકવાણા મારી જાનમાં આવ્યા હતા અને મને હાર પહેરાવતા હતા. ત્યારે કોઈએ મુઠ નાખી તે શાંતિલાલ ઉપર પડીને બેશુદ્ધ થયા ને દેકારો થવા લાગ્યો ને કંઈક થયું. ટપુબાપાને ખબર પડી તે દોડીને આવ્યા ને કહે તમે મુંઝાવ નહીં, કાંઈ નથી થયું પાણી છાંટ્યું ને શાંતિલાલ બેઠો થયો. ટપુબાપાને મહારાજે ચેતવ્યા હતા જેથી મહારાજે રક્ષા કરી.

જ્યારે મહેન્દ્રનો જન્મ થયો ત્યારે એની બાને ધાવણ નહોતું આવતું ત્યારે ટપુબાપા મંદિરે ગયા ત્યારે મહારાજ વંથલી હતા. ત્યારે કહ્યું, મહારાજ આ બાબાની માને ધાવણ નથી આવતું અને આ બાબો દૂધ વિના કેમ રહે ? ત્યારે મહારાજે દ્રાક્ષ આપી કહ્યું, આ ખવરાવજો

દૂધ ચાલુ થશે. આમ મહારાજની કૃપાથી દ્રાક્ષ ખાધીને બીજા દિવસે દૂધ ચાલુ થયું આમ મહારાજે પરચો આપ્યો.

એક વખત નાની માટલીના ગોવુભા દરબાર બીમાર પડ્યા. જામનગર સરકારી દવાખાનામાં દાખલ કર્યા. ત્યાંથી બીજા દવાખાનામાં પણ કેમે કરીને સારું થયું નહીં. એમ કરતાં ઘણાં બધાં દવાખાના ફર્યા દોઢ બે મહિના થયા પણ સારું થયું નહીં. ડોકટરે ઘરે લઈ જઈ સેવા કરવા કહ્યું, ત્યારે સ્ટેશને આવ્યા. વંથલીની ગાડી નીકળી ગઈ એટલે જામનગર મંદિરે આવ્યા. મહારાજ ઓફિસની બહાર ખુરશી ઉપર બિરાજમાન હતા ત્યાં મહારાજને કહ્યું, અમારી ગાડી નીકળી ગઈ છે માટે આજે રાત રોકાઈ સવારે ચાલ્યા જઈશું. મહારાજ કહે, આ દરબારને રૂમમાં સુવાડો. પછી મહારાજને વાત કરી ત્યારે મહારાજ કહે, આ દરબારને મૂકીને તમે સૌ ઘરે જાઓ. દરબાર સાજા થઈને આવશે. મેં કહ્યું, એક જણ સાથે રોકાય તો આમની સેવા થાય. મહારાજ કહે, એની અમે સેવા કરીશું અને આજથી આઠમે દિવસે દરબાર વંથલીથી ચાલીને માટલી આવશે. આમ મહારાજે તેમના ચરણ દરબાર ઉપર રાખી પ્રસાદીનું પાણી પાયું તેથી આઠમે દિવસે ચાલીને એ પોતાના ગામ પહોંચ્યા. સાવ સાજા થઈ ગયા ત્યારબાદ ગોવુભા દરબારે ૧૦ વીઘા જમીન જામનગર મંદિરને દાનમાં આપી.

એક વખત હું જામનગર મંદિરે હતો ત્યાં અક્ષર પુરુષોત્તમના યોગીજી મહારાજ દર્શન કરવા આવ્યા ત્યારે મહારાજ ઓફિસ બહાર બેઠા હતા. યોગીજી મહારાજ દર્શન કરીને મહારાજ પાસે આવ્યા અને દંડવત્ કરીને બોલ્યા, હે સ્વામી તમે અમારી સાથે આવો તમે જેમ કહેશો તેમ અમે કરીશું. ત્યારે મહારાજ કહે, તમે જેમ કરતા હો તેમ કરો હું તો આ મૂળ સંપ્રદાયના મંદિરમાં રહીને મારી સેવાભક્તિ કરું છું અને અનંત જીવોનાં કલ્યાણ માટે શાસ્ત્રો પણ રચું છું. એમ કહી મહારાજે ના પાડી. ત્યારે યોગીજી મહારાજને એના શિષ્યોએ પૂછ્યું, સ્વામી તમે મોટા કે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ મોટા ? ત્યારે યોગીજી મહારાજ કહે, સર્વપ્રકારે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સર્વથી મહાન, મોટા વિદ્વાન તેમજ ભગવાન જેવા સમર્થ પરમપુરુષ છે. હવે તમે જ વિચારી લ્યો કે બંનેમાંથી કોણ મોટા ?

એક વખત જામનગરથી હું જૂનાગઢ દર્શન કરવા ગયો. સાથે મેથીના થેપલા અને મેથીનો પાક બનાવી મહારાજ માટે લઈ ગયો. મહારાજને એ બહું વ્હાલા હતા. જૂનાગઢ જઈને મહારાજના દર્શન કરી દંડવત્ કર્યા અને મહારાજ પાસે બેઠો ને એ થેપલા અને પાક મહારાજ પાસે મૂક્યા. મહારાજ કહે ઓહો હો. આજ તો મારું ગમતું આવ્યું. એમ કહીને

એક બટકું મુખમાં મૂકે, એક બટકું મહારાજ મારા મોઢામાં મૂક્યું અને કહે દેવને બોલાવો. દેવસ્વામી આવ્યા તો દેવસ્વામીના મોઢામાં એક બટકું મૂક્યું અને કહે, આ લઈ જાઓ અને અતિ રાજી રાજી રાજી થઈ બોલ્યા આજ વિશ્વ આખું તૃપ્ત થાઓ પછી માથે હાથ મૂક્યોને વાંસામાં થાપો માર્યો એવા રાજી રાજી થયા.

એક વખત બાલમુકુંદ ભવનમાં પ્લાસ્ટરને પટ્ટાને વેલમાં ફૂલોનું કામ પૂરું થવા આવ્યા એટલે આગળના કામ માટે હું મહારાજ પાસે પૂછવા ગયો. ત્યારે મહારાજ કહે, બાજુના રૂમમાં ઢોલિયાની આગળ બેસી જા. ત્યારે મહારાજને કહ્યું, કેમ ? મહારાજ બોલ્યા, પ્રમુખસ્વામીએ મંદિરમાં પ્રવેશ કર્યો છે અને તે અમેરિકાથી સીધા અહીં આવ્યા છે. તે જ્યારે જ્યારે વિદેશથી આવે એટલે મારા દર્શન કરવા આવે છે. પહેલા મારા દર્શન કરવા આવશે પછી મંદિરમાં દર્શન કરવા જશે. તેના ભેગા ડોકટરસ્વામી અને બીજા બે સંતો છે. મહારાજના કહેવાથી હું અંદરના રૂમમાં ગયો. પ્રમુખ સ્વામી અને બીજા સંતોએ મહારાજને દંડવત્ કર્યા એટલે મહારાજ કહે, હવે બસ રાખો અને બેઠા. પ્રમુખ સ્વામી મહારાજ ને કહે, આ ડોકટરસ્વામીએ એક જાડું મોટું પુસ્તક લખેલ છે તે આ લખાણમાં ક્યાંય ભૂલ હોય તો સુધારો કરી આપો. પછી છાપકામ કરવા દેવાય. ત્યારે એ પુસ્તક મહારાજે હાથમાં લીધું પાના ઉથલાવતા જાય ને જ્યાં સુધારો કરવાનો હોય ત્યાં અંડરલાઈન કરે ને નીચે સુધારો લખતા જાય. એમ દોઢેક કલાકમાં પાના ફેરવીને સુધારો કરવાનો ત્યાં કરીને કહે, હવે આને પ્રેસમાં આપી દો. આમ મહારાજે થોડાક સમયમાં પુસ્તક ચેક કરી આપ્યું. પછી એ સંતો ઊઠ્યા ને જય સ્વામિનારાયણ કરી મંદિરમાં દર્શન કરવા ગયા. હું રૂમમાંથી બહાર આવ્યો પરસેવે રેબઝેબ થઈ ગયો હતો કારણ કે એ રૂમમાં પંખો નહોતો. આમ પ્રમુખસ્વામી મહારાજનો આદર કરતા.

બાલમુકુંદ ભવનનું કામ પૂરું કરી ઘેર જવા માટે મહારાજની રજા લઈ કોઠારીસ્વામી પાસે ગયો. એટલે બાપ-દિકરામાંથી કોઠારી સ્વામીએ એકનો પગાર આપ્યોને એક સેવામાં. એક પગાર લઈને હું દરવાજે આવ્યો ત્યાં મહેન્દ્ર ભેગો થયો. ત્યાં મહેન્દ્ર કહે, બાપુ તમે પગાર લીધો. મેં કહ્યું, હા. મહેન્દ્ર કહે, બધાં સેવામાં કામ કરે તો આપણે કેમ પગાર લેવાય ? એટલે કોઠારી સ્વામીને રૂપિયા પાછા આપ્યા. કોઠારી સ્વામી કહે, તમે બાપ-દિકરો બે મહિનાથી અહીં કામ કરો છો તો સેવામાં હોય તો ઘરે શું ખાશો ? તોય અમે કહ્યું, ના ના અમારે પૈસા નથી જોઈતા. કોઠારી સ્વામી કહે, ના રાખો. એટલે મેં ઓશિકા નીચે પૈસા

રાખીને કહ્યું, પૈસા રાખ્યા છે. લઈ લેજો. એમ કહી અમે જામનગર ગયા.

ત્યાં થોડાં દિવસ મહારાજની કૃપાથી ખાવડીમાં એક દવાખાનાનું મોટું કામ મળ્યું. તેમાં મૂળજી રાજા, નારાણ તુલસી અને અમે બાપ-દિકરો ચાર જણાં મળીને કામ રાખ્યું. બે મહિનાની સેવામાં ભગવાને છ મહિનાનું કામ આપ્યું. ત્યારે અમે સિક્કાની બસમાં અપડાઉન કરતા હતા. ત્યારે એક દિવસ એવું બન્યું કે અમે બસમાં બેઠા હતા અને ડ્રાઈવરે એક ગાડીને ઓવરટેક કરતાં સામે ખટારો આવ્યો. એટલે ડ્રાઈવરે ગાડી રોડથી નીચે ઉતારી દીધી ને બાવળમાં ભટકાઈ એટલે પલટી મારી ઊંધી પડી ને બસમાં ધૂમાડો ધૂમાડો થઈ ગયો કાંઈ દેખાય નહીં. ત્યાં થોડીવારે મહેન્દ્ર દેખાયો. ગાડી ભટકાઈ ત્યારે મહેન્દ્ર આગળ ચાલ્યો ગયો હતો તેને ઊભો કર્યો કાંઈ વાગ્યું નહોતું પણ બસ દરવાજા પડખે ઊંધી પડી એટલે દરવાજો બંધ હતો. હવે કેમ નીકળવું ? બસની સીટ ઊડીને ક્યાંય પડી હતી તે મહેન્દ્રએ સીટના સળિયા ઉપર ચઢીને માથું માર્યું જેથી કાચની બારી ખુલી ગઈ અને મહેન્દ્ર બહાર નીકળી ગયો.

મહેન્દ્રએ એક વર્ષના છોકરાને બચાવ્યો પછી નારણ અને તુલસીને ઊભા કરી બારીમાંથી બહાર કાઢ્યા. ત્યાં તો ઘણાં માણસો ભેગા થઈ ગયાં. આ બનાવમાં ૧૫ થી ૨૦ જણાંને વાગ્યું હતું. અમને ચાર જણાને જરા જરા વાગ્યું હતું. અરવિંદને દવાખાને પાટાપિંડી કરી રજા આપી હતી. એટલે મહેન્દ્રને કહ્યું, તું ઘરે જા હું જૂનાગઢ મહારાજ પાસે જાઉં છું. મહારાજને દંડવત્ કર્યા. મહારાજ બોલ્યા, બસ ઊંધી પડીને. એમ કહી મને બેસાડ્યો ને હું દંડવત્ કરી બેઠો. ત્યારે મહારાજ કહે, બાપનું કામ હાલતું હોય ત્યારે બાપ પાસેથી પૈસા ના લેવાય અને પૈસા લીધા હોય તો જગત કહે કે મંદિરના પૈસા લીધા. એટલે આવું થયું માટે બાપના કામમાં પૈસા ના લેવાય, સેવા કરાય. જો તે પૈસા ન લીધા પાછા આપ્યા તો રક્ષા થઈ. મહારાજ કહે, તમે બસમાં હતા તેથી મારે આખી બસની રક્ષા કરવી પડી નહીં તો બસ કૂવામાં જાત ને કૂવામાં બુડી જવાત. આમ મહારાજે મને આ મોટામાં મોટો પરચો આપ્યો. અમારી બાપ-દિકરાની રક્ષા કરી.

એક વખત અમે બાલમુકુંદ ભવનનું કામ ચાલું હતું ત્યારે સાંજે અમે ઘણાં ભક્તો મહારાજ પાસે બેઠાં હતા ત્યારે મહારાજ કહે, તમે બધા બહું બળિયા છો. તમે બધા મળીને મને ઉપાડો અમે બધા ભક્તો ભેગા થઈ મહારાજને ઉપાડ્યા પણ એક ઈંચ ઉપડ્યા નહીં. ત્યારે મહારાજે દયાળજી ભગતને કહ્યું, તું ઉપાડ ત્યારે દયાળજી ભગતે બે ફૂટ અદ્ધર ઉપાડ્યા.

સાવ હળવાફુલ જેવા થયા અને બોલ્યા હવે તમે બધા મળીને આરતી કરો. ત્યારે આરતી કરી સૌ ભક્તો રાજી થયા. આ એક પરચો જ કહેવાય.

એક વખત જૂનાગઢ દર્શન કરવા ગયા ત્યારે કુટુંબ સાથે હતું. જ્યારે સર્વે ઘરમંડળ જૂનાગઢ મહારાજના દર્શન કરવા જઈએ ત્યારે મેથીના થેપલાં, મેથીનો પાક અને લીલા મરચા મેથીવાળા કાયમ લઈ જતા. અમે જામનગર રહ્યા ત્યાં સુધી મેથીવાળા લીલા મરચા કાયમ લઈ જતા. અમે મહારાજની આગળ મૂકતા અને સાથે જમતા ને પછી રસોડે મુકાવી દેતા અને સવારના બજારમાંથી ગુલાબનો હાર લઈ આવ્યા ત્યાં એ હાર મહારાજે છોકરાને પહેરાવ્યો અને સામે બેઠા. ત્યારે મહારાજ કહે, તારે આરતી નથી કરવી ? ત્યારે મેં કહ્યું, મહારાજ વાટું આ વખતે ભૂલાઈ ગઈ છે. ત્યારે મહારાજ કહે, સામે ડબરો ભર્યો છે તે ડબરો લઈ આવ. ત્યારે મહારાજ કહે, ફરીવાર આરતી કરવા મળશે કે નહીં. આ હારની પડખામાં વાટ મૂકીને આરતી કર. છોકરાઓ અને મેં મહારાજની આરતી કરી. મહારાજ બોલ્યા ફરીવાર આરતી કરવા મળે કે નહીં. એમ બે વખત બોલ્યા પછી કહે, તું કારીગર છો તો મંદિરે દર્શન કરવા જાય છે કે નહીં ? મેં કહ્યું, મહારાજ દર્શન કરવા જાઉં છું. ત્યારે દર્શન કરતા શું જોશ. મેં કહ્યું, ભગવાનના દર્શન કરી પ્રદક્ષિણા ફરી બીજું મંદિરમાં ભગવાન સિવાય શું જોઉં. મહારાજ કહે, જો પ્રદક્ષિણાથી ઘૂમટ ઊંચા, એથી જાળી વારી કોરી ઊંચી, કોઈ મંદિરમાં બે કોરી હોય, કોઈમાં એક હોય, કોઈમાં કોરીથી નીજ મંદિરનો ગર્ભગૃહ ઊંચો હોય. આ રીતે મહારાજે મંદિરોનાં નિર્માણોનું પણ જ્ઞાન આપ્યું.

એકવાર અમે જૂનાગઢ મહારાજનાં દર્શને આવ્યાં ત્યારે કુંકાવાવના દિલુભાઈ પોપટભાઈ દેવાણી આવ્યા ને સાથે છોકરો હતો. મહારાજ કહે, શું કામ આવ્યા ? દિલુભાઈ કહે, સાઉથમાં કામ ચાલે છે ને ટિકિટ આવી ગઈ છે એટલે દર્શન કરવા આવ્યો છું. ત્યારે મહારાજ કહે, તારી જે ઈચ્છા હોય તે બોલ. ફરીવાર ભેગા થાશું કે નહીં. તારી ટિકિટ આવી તો ભલે પણ તારે પાછું આવવું પડશે. આ વાત મને ન સમજાઈ ને દિલુભાઈનેય ન સમજાઈ. એમ દિલુભાઈ દર્શન કરીને ગયા.

પછી મહારાજે મને આખા વેવારની વાત કરી કે, છોકરાવ મોટા થાય તો કેમ રહેવું, વહુ આવે ત્યારે કેમ રહેવું પછી ઘરવાળાના દૃષ્ટાંત દઈને વાત કરી. ઉંમર થાય ત્યારે ઘરમાં ભિક્ષાવૃત્તિથી જીવન ગાળવું. અંતર્યામી પ્રગટ મળ્યા હોય તેને કોઈ દિવસ વિસરવા નહીં. અંતરમાં સંભારવા ને અંતરના ભગવાનને કોઈ લઈ જાતા નથી. આમ સુખી રહેવાય એવી

ઘણી ઘણી વાતો કરી. ત્યાં સંધ્યા આરતીનો ટાઈમ થયો ને અમે આરતીમાં ગયા. મહારાજ આગળ આગળ અમે પાછળ પાછળ ચાલતા સભામંડપમાં થઈ મંદિરમાં ગયા. આરતીમાં પેલા ચંદન ઘસતા એ જોગીસ્વામી તે મહારાજને કાયમ હાર પહેરાવતા. આરતી પૂરી થઈ ધૂન, આરતી, નિયમ પૂરા થયા. હનુમાન-ગણપતિના દર્શન કરવા ત્યાં બેઠેલ બાઈઓને દર્શન આપી પ્રદક્ષિણા કરી સભામંડપમાં આવ્યા ને મહારાજ બેઠા. ત્યાં જૂનાગઢમાં રહેતા એક પટેલે આવી મહારાજને દંડવત્ કર્યાં ત્યાં મહારાજ બોલ્યા કે, પટેલ આ બંદો ત્રણ દિવસના મહેમાન છે અને પટેલ મારી પાસે બેઠા. એવી જ રીતે બીજા દિવસે આરતીના દર્શન કરી સભામંડપમાં દંડવત્ કરી બેઠા. ત્યાં પટેલે મહારાજને દંડવત્ કર્યાં અને મહારાજ બોલ્યા, અબ બંદા દો દિન કા મહેમાન છે. આમ ત્રીજા દિવસે સંધ્યા આરતીના દર્શન કરીને અમે દંડવત્ કર્યાં. પટેલ દંડવત્ કરતા હતા ત્યાં મહારાજ બોલ્યા, બંદા એક દિન કા મહેમાન છે. પછી સભામંડપમાંથી ઊઠીને રૂમે આવ્યા. પટેલ ઘેર ગયા હું મહારાજ ભેગો રૂમે ગયો ત્યાં થોડીવાર ચરણસેવા કરી મહારાજ કહે હવે જા. ત્યારે હું ઉતારે ગયો.

બીજા દિવસે સવારે નિત્યક્રમથી પરવારી મંગળા આરતીના દર્શન કરી મહારાજના દર્શન કરવા ગયો. ચા-નાસ્તો કરી, શણગારના દર્શન કરી રૂમે આવ્યો ને મહારાજને કહ્યું, હું હાર લઈ આવું. મહારાજે ના પાડી ત્યાં તો બે વાંદરા આવ્યા એમાં એક જુવાન અને બીજો બુઢો હતો. મહારાજ સામુ જોઈ રહ્યા ને બારી ઉપર બેઠા કમસેકમ પંદરેક મિનિટ બેઠા. પછી પ્રસાદી આપી તે લઈને ગયા. પછી મહારાજ બોલ્યા કે, આ બંને કોણ હતા ? ત્યારે મેં કહ્યું, વાંદરા હતા. ત્યારે મહારાજ કહે, બુઢો વાંદરો બ્રહ્મા અને જુવાન વાંદરો ઈન્દ્ર હતો તે ઘણીવાર અમારો પ્રસાદ લેવા આવે છે.

ત્યાં અમારો હરેશ અને જામનગરના ભગતના છોકરા આવ્યા. દંડવત્ કરીને બેઠા. ત્યાં મહારાજ છોકરાવને બંને એ.સી બતાવતા કહે, આ બેય શું છે ? એમ કહી ઊભા થઈને હરેશ અને જામનગરના ભગતના છોકરાને તેડી લીધા અને બોલ્યા આને કહેવાય એ.સી. આ ઠંડુને આ ગરમ છે અને આ વચ્ચે છે એ વધારાનો પાવર તે ખાય. એમ કહી કહ્યું, આ બટન દબાવ, ચાલું થયું, હવે બંધ કર. આખા રૂમમાં આંટો મારીને બેઠા ને મને કહે, છોકરાવને ઉતારે મૂકી આવ ને તું પાછો આવ. છોકરાવને ઉતારે મૂક્યા ને હું મહારાજ પાસે બેઠો પછી મંદિરમાં કેમ રહેવું અને મંદિરનો પાયો કેમ મજબૂત કરવો. એ સમજાવતાં કહ્યું કે, જેના મકાનનો પાયો મજબૂત હોય તેનું મકાન મજબૂત હોય. આમ વાત કરીને ઘરમાં કેમ

રહેવું ? જે મળે તેમાં સંતોષ માનવો. વાદ-વિવાદથી છેટું રહેવું. અંતર્યામી ભગવાનને કોઈ દિવસ વિસરવા નહીં. આમ ઘણી વાતો કરી ને આખો દિવસ મહારાજે મને ખૂબ ઉપદેશ આપ્યો ને કોઈને દુઃખ ન થાય તેમ રહેવું, ખૂબ ખૂબ વાતો કરી બોલ્યા કે, હવે તું ઊભો થા. તારી બસ રાહ જુએ છે. ત્યારે મેં કહ્યું, બસ સવા પાંચની છે ને પાંચને દશ થઈ ગઈ તો નહીં પહોંચાય, મારે રોકાવાનો વિચાર છે. તો મહારાજ કહે, બસ તારી રાહ જોઈને ઊભી છે, તું જા. પછી દંડવત્ કરી ઉતારે ગયો. છોકરાવને કહ્યું, મહારાજે રજા આપી છે, જાવ. પછી થેલા તૈયાર કર્યા ને ઉતારાની ચાવી જમા કરાવી મંદિરમાં થાળ-ભેટ કરાવી રૂમમાં ગયો ને કહ્યું, છોકરાવ નીચે ઊભા છે તો દર્શન આપો.

મહારાજ રવેશમાં ઊભા રહ્યાને દર્શન આપ્યા. રિક્ષામાં બેસી બસ સ્ટોપે ગયા. ત્યાં જામનગરની બસ ઊભી હતી. અમે બસમાં બેઠાં ડ્રાઈવરે બસ ચાલુ જ રાખી હતી અને કંડકટરે ટિકિટ બુકિંગ કરી દરવાજો ખુલ્લો રાખી બેઠા હતા જાણે અમારી જ વાટ જોતા હોય અને અમારા માટે સીટ ખાલી જ હતી. બીજી બધી સીટો ભરાયેલ હતી. આમ અમે બસમાં ચડ્યાને કંડકટરે ઘંટી મારી બસ ચાલુ થઈ. અમે ૧૧ વાગે ઘેર પહોંચ્યા. સામાન એમ જ રાખીને સૂઈ ગયા. બાજુમાં રણછોડ વસ્તાના ઘરેથી દરરોજ મંગળના દર્શન કરવા જાય. મંદિરેથી આવી નીચે દેકારો કરવા લાગ્યા કે અમને કહ્યું હોત તો અમે મહારાજના દર્શન કરવા આવત. મહારાજની તબિયત સારી નહોતી તે અમે પણ દર્શન કરતને આમ બોલવા લાગ્યા. ત્યારે મારી નીંદર ઊડી ગઈ. છોકરાની માને કહ્યું ઊભા થાઓ ઉજ્જીબેન શું દેકારો કરે છે ત્યારે તે રવેશમાં બહાર ગયા બોલી શું અવાજ કરો છો ? ત્યારે કહે કે મહારાજ સ્વધામ પધાર્યા છે. મંદિરમાં બોર્ડ માર્યા છે. મેં કહ્યું મહારાજને તો સારું છે, કાંઈ તકલીફ નહોતી. અમે ૧૧ વાગ્યે તો આવ્યા છીએ. મહારાજને નખમાંય તકલીફ નહોતી, તો કહે જાઓ મંદિરે બોર્ડ વાંચો. ત્યારે હું જલ્દી જલ્દી ન્હાયો ઉતાવળે પૂજા કરી, પાંચ માળા કરી પ્રસાદ જમાડી કપડાં બદલી મંદિરે ગયો. ત્યારે ઘનશ્યામ સ્વામી ઓફિસ બહાર બેઠા હતા. તે મને જોઈને ઘનશ્યામ સ્વામી બોલ્યા સ્વામી તો ધામમાં ગયા. પાંચ વાગ્યે ફોન આવ્યો ત્યારે મેં કહ્યું જૂનાગઢથી જામનગરની છેલ્લી બસમાં તો હું આવ્યો છું તો મને વિશ્વાસ નથી આવતો. કારણ કે હું આખો દિવસ મહારાજની સામે બેઠો હતો. અમે ઘણી વાતો કરી, તે કેમ મનાય ? ઊભા રહો હું કોઠારી સ્વામીને ફોન લગાવું તમે સ્વયં વાત કરો. ફોન લગાડી સ્વામી કહે, લ્યો વાત કરો.

કોઠારી સ્વામી સાથે વાત કરી સ્વામીના અવાજમાં દર્દ હતું અને બોલ્યા હા સ્વામી ધામમાં ગયા ને ફોન મૂકી દીધો. ત્યારે ઘનશ્યામ સ્વામી કહે, હવે તમે જૂનાગઢ જવાની તૈયારી કરો. ત્યારે હું ઘેર આવ્યો ને કેમેરો લઈ ઘરે કહ્યું, જો સાંજની બસમાં પાછો ન આવું તો સવારની વહેલી બસમાં છોકરાવ સાથે બધાં જૂનાગઢ પહોંચી આવજો અને કાંઈ રાહ જોશો નહીં. આમ કહી હું જૂનાગઢ જવા બસસ્ટેન્ડ આવ્યો. બસ ઉપડવાની તૈયારીમાં હતી અને મારી સાથે ઉજ્જીબેન તથા રણછોડભગતના જમાઈ ભેગા હતા. હું ઘેરથી નીકળ્યો બાપા નોકરીમાં જતા હતા ત્યારે ઊભા રાખી વાત કરી તો કહે, તમે બે મિનિટ ઊભા રહો હુંયે આવું છું. એમ કહી ઘરે ટિફિન મૂકીને ઘેર કહી આવ્યા. હું જૂનાગઢ જાઉં છું. તે દિવસે નોકરીએ ન ગયા ને મારા ભેગા જૂનાગઢ આવ્યા. અમે નવ વાગ્યે જૂનાગઢ પહોંચ્યા. મહારાજને બહાર સૌ દર્શન કરી શકે એ રીતે રાખ્યા હતા. મેં મહારાજને દંડવત્ કર્યા, પગે લાગ્યો. કોઠારીસ્વામી, દેવસ્વામી, બધાને પગે લાગી હેમંતભગતને મળ્યો પગે લાગી આત્મસ્વામીને પગે લાગ્યો. પછી ત્યા એક વાલજીભગતને મળી પૂછ્યું વાત જાણી ત્યારે બોલ્યા કે સાંજના નવથી સાડા નવ વાગ્યે એક સુવર્ણ પુરુષ સીડી ચઢીને મેં તેમને જોયો. તેના કપડાં સોનાના હતા. તેણે મહારાજના રૂમનો દરવાજો ખોલ્યો ત્યારે મેં કહ્યું બૂટ પહેરીને ન જવાય. બૂટ બહાર ઉતારો. ત્યારે બૂટ બહાર ઉતારી અંદર ગયા ને દરવાજો બંધ કર્યો. પછી હું દેવસ્વામીને બોલાવવા ગયો કે ચાલો એક આખો સોનાનાં વસ્ત્ર પહેરેલ માણસ મહારાજ પાસે ગયો છે. તો ચાલો ત્યારે એમ કહી ત્યાં જોયું તો ત્યાં દેવસ્વામી અને ભગત આવ્યા ત્યાં તો બૂટ નહોતા ને તે માણસ પણ નહોતો. આમ આવા દર્શન થયા હતા.

એ દિવસે સવારે ૯-૩૦ વાગ્યે મહારાજને નવડાવવા રૂમ નીચે લઈ ને શાસ્ત્રની રીત પ્રમાણે સ્નાન, આરતી, પૂજા વિધિ કરી અને મહારાજને જે અભિષેક કરાવ્યો તે બધી વિધિ પૂરી કરી બહાર ચોકમાં દિવાલની ઓથે બિરાજમાન કરાવ્યા. બધા સંતોએ અખંડ ધૂન ચાલુ કરી, ભક્તો રસ્તા ઉપર બેસી ગયા. મુંબઈ, પૂના, નાસિક, રાજકોટ, જામનગરના તથા જૂનાગઢના બધા ગામોથી ભક્તો આવવા લાગ્યા. ત્યાં ભક્તોની ભીડ વધવા લાગી. બધા ભક્તો દંડવત્ કરતા જાય અને સભામાં ધૂન બોલવા બેસતા હતા. શોકનું વાતાવરણ થવાથી બપોર પછી શોકસભામાં સંતોના પ્રવચનો થતા હતા. ઉના, રાજકોટ, જામનગર, વડતાલ, અમદાવાદ, ધોલેરાથી મોટા સંતો, શાસ્ત્રીઓ બધા અનેક સંતો તથા વડતાલના કોઠારી તથા સંતોના પ્રવચનો થયા હતા. અમદાવાદ દેશના આચાર્ય તેજેન્દ્રપ્રસાદનો પત્ર લખેલ વંચાતો

હતો. અમદાવાદના સંતોએ શોક સંદેશ કર્યો હતો. ઘણાં ઘણાં સંતો પોતાના મતો જણાવતા હતા. સાંજ પડી ત્યારે શોકસભા પૂરી કરી સંતો બધા આડા ઊભા રહી સર્વેને ખીચડી-કઢી જમાડ્યા કારણ કે બપોરે કોઈ હરિભક્તે જમ્યા નહોતા. આપણે હજું ઘણાં કામો કરવાના છે, તમે પ્રસાદ લ્યો. ખીચડી-કઢી જમીને આપણાં ભક્તોની શોકસભા થઈ.

સવારે મહારાજની અંતિમ યાત્રા માટે વિમાન બનાવ્યું, ફુલવાડીના સભ્યો તથા નાસિક, પૂના, મુંબઈથી દૂર દૂરથી ભક્તો પહોંચી આવ્યા. બપોર પછી જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરથી શ્વેતાયનબાગ મહારાજની વાડી સુધી અંતિમયાત્રા નીકળી. ગામમાં બધા ફૂલહાર, નારિયેળ રાખી છેલ્લા દર્શન કરતા હતાં. આ યાત્રાના વિડીયો, ફોટાઓ પડાતા હતા. વિડીયો શુટિંગ ગામમાં પણ ચાલુ હતાં. ત્રણ-ચાર કિલોમીટરની અંતિમયાત્રામાં લાઈન હતી. આખું જૂનાગઢ બંધ હતું અને અંતિમયાત્રામાં જોડાયું હતું. જ્યારે અંતિમયાત્રા વાડીએ પહોંચી સુખડનું લાકડું ૧૬ થી ૧૮ મણ જેટલું હતું, એક ખટારો ભરાય એટલા નારિયેળ અને ગામડે ગામડેથી આવેલા. ભાવિક ભક્તો શુદ્ધ ગાયનું ઘી લાવ્યા હતા, ચિતા ગોઠવાઈ ગઈ. કોઠારી સ્વામી ડાયાભાઈ મકવાણા બીજા મોટા ભક્તો ભેગા મળી અગ્નિસંસ્કાર કર્યો. પછી બધા પ્રદક્ષિણા ફરવા લાગ્યા. પગના ચરણાર્વિંદમાં અગ્નિમાં જામનગરના સોનીને દર્શન થયા. અને મહારાજનો હૃદયનો ભાગ જે ન બળ્યો હતો તે ભક્તોએ ઘડામાં ભરી જૂનાગઢથી લઇ જઈ ફુલવાડીમાં મધ્ય શિખરમાં નીચે પાયામાં રાખવામાં આવેલ છે. ઘણાં ભક્તોએ દર્શન કર્યા છે, તે ભક્તો હયાત છે.

અંતિમ સંસ્કાર કરી રાત્રીનાં બધાં ભક્તોએ મળીને કથાનું આયોજન વિશે ચર્ચા-વિચારણા કરી હતી. કોઈ કહે આવતા વર્ષે કરીયે. આત્મપ્રકાશ સ્વામી કહે, આવતું વર્ષ કેવું આવે માટે અત્યારે જ નક્કી કરો. અત્યારે સાથો સાથ કરીયે બધા દુબઈ જાય ને આવે કે નહીં, છૂટી મળે કે ન મળે ત્યારે બધા એક મત કરી હાલ અત્યારે જ કથા કરવી અને બધા ભક્તોએ રૂ. ૫૦૦૦, ૫૦૦૦ કાઢવાના જેની શક્તિ ન હોય તે એક-બે હજાર કાઢી મોટા પાયે કથાનું આયોજન કરીયે. તે બધા ભક્તો સહમત થયા ને કથા નિમિત્તે સંતોને બોલાવી નક્કી કર્યું કે સાત દિવસ કથાનું આયોજન નક્કી થયું. આમંત્રણ કોને આપવું ? ત્યારે જગતપ્રકાશની બહુ કથાઓ ચાલતી એટલે સંતોએ જગતપ્રકાશને નક્કી કર્યા. ત્યારે આત્મપ્રકાશ સ્વામીએ કહ્યું કે, આ આપણાં મહારાજ બાબતે એકપણ શબ્દ નહીં બોલે. માટે પ્રભુસ્વામીને આપણાં હેતવાળા તે મહારાજના ગુણ ગાશે. એમ સંતો પાસે વાત મૂકી પણ

સંતો ન માન્યા અને જગતપ્રસાદ પાસે કથા વાંચવાનું આમંત્રણ મોકલ્યું અને કથાનો દિવસ નક્કી કર્યો. સાત દિવસનો તાંબો જૂનાગઢ મંદિરની પહોંચ આપણાં નામની જ થાતી.

સાત દિવસમાં બધા ભક્તોને કામકાજ નક્કી થઈ રાશન કોઠારી સ્વામીએ ભરાવી દીધું અને જે ઘટે તે સામાન લેવા માટે કમિટીએ મને જવાબદારી સોંપી. સવારે વહેલા ઊઠી શાકભાજી માટે મને જવાબદારી મળી, બે સંતો ભેળા રહ્યા. રસોડું સામે વાડીમાં ગોઠવ્યું. ત્યારે વાડીમાં જુવાર ઊભી હતી. ત્યારે કુંકાવાવથી ભક્તો સેવામાં આવ્યા અને વંથલીના ભક્તો બધાં ભેગા મળી બપોરે તો જાર વાઢી પુરા વાળી એકબાજુ ગોઠવી દીધા અને વાડી ચોખ્ખી કરી નાખી. બીજા જૂના ઢગલાં ખાડા-ટેકરા બધું ટ્રેકટર અને ભક્તોએ એવું કામ કર્યું કે સાંજે ચાર વાગ્યે તો વાડી એકદમ લેવલ કરી દીધી. રામસ્વામીએ જૂના ચુલાઓ બનાવ્યા તે જગ્યા બતાવી ત્યાં મોટા મોટા ચુલા તેને સાફ કરી ચોખ્ખા કર્યા. આ ચુલાઓ મોટા સમૈયામાં બનાવ્યા હતા તે આજે કામ લાગ્યા. ભક્તોનો એટલો ઉત્સાહ છે કે કોઈ થાકતા જ નહોતા. તથા સંતોનું રસોડું અલગ બનાવવામાં આવ્યું. ત્યાં સવાર-સાંજ અલગ અલગ નીત નવી રસોઈ થતી તથા ધૂન, ભજન, કિર્તન તો ચાલુ જ હતા તથા પ્રવચનો થતા હતા. ભક્તો રાત્રે કામથી પરવારી ગ્રૂપમાં અંદરો અંદર સત્સંગ કરતા અને ધન્ય માનતા કે આપણાં ભગવાન, આપણાં ગુરૂદેવ માટે આપણે આ સેવાઓ મળી. તેથી ભક્તો જરાક આડું પડખું કરી કલાક જેવી નીંદર કરીને પાછા સેવામાં, ભગવાનના ગુણગાન કરવા લાગી જતા. અમે તથા બે સંતો દરરોજ વ્હેલી સવારે ચાર વાગ્યે શાકભાજી લેવા જતા.

સવારમાં બ્રહ્મચારીઓ તથા રાધા-રમણ દેવનાં થાળ તૈયાર થતા હતા. મહારાજની જય, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની જય આવી આવી જય સાત દિવસ સુધી જૂનાગઢ મંદિરમાં ગુંજતી હતી. ત્યારે બ્રહ્મચારીને છઠ્ઠા દિવસે કાચું સીધું આપવા ગયા ત્યારે બ્રહ્મચારીને પૂછ્યું સીધું તો પૂરું થાય છે ને ઓછું પડે તો - ત્યાં બ્રહ્મચારી બોલ્યા કે જૂનાગઢ મંદિરમાં ઘણાં ઉત્સવ થયા કોઈ દિવસ અમને આટલું સીધુ મળ્યું નથી. આ તો આમ જુવો આ વધારાનું છે અને બ્રહ્મચારી બહું બહું રાજી થયા. સાતમે દિવસે સવારે ચાર વાગ્યે શાકભાજી લેવા ગયા ત્યારે શાકભાજીવાળા બધાએ આજની કથાની પૂર્ણાહૂતિ નિમિત્તે તેના તરફથી એક એક અલગ પોટલીઓ શાકભાજીની બાંધીને સેવામાં આપી હતી. આમ પૂર્ણાહૂતિના દિવસે આખા જૂનાગઢને જમાડ્યું હતું. કોઈ બાકી ન રહ્યું. આમ જૂનાગઢના સંતો દેશ-દેશાંતરના સંતોએ આ ઉત્સવમાં શ્રીહરિ શરણાગતિની સેવા જોઈને તેના ઉત્સાહને જોઈને તેમણે

એકવાર તો કહેવું જ પડે કે શરણાગતિ જેવું કોઈ મંડળ નહીં અને શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના સેવકો તેના જેવા સેવકો ક્યાંય જોયા નથી.

આમ ઓધવજી ભગત અને મહારાજનો એકમેક વિશ્વાસુ તથા સાચા સેવકનો નાતો રહ્યો છે. તથા ઓધવજી ભગતની સેવા પ્રગટની સેવાઓમાં અગ્રગણ્ય છે તથા તેના દિકરાઓ આજે પ્રગટ ભગવાનની સેવામાં તત્પર અને અગ્રેસર છે. તેમાં મહેન્દ્રભગત તેના મોટા દિકરા થાય. તેથી પ્રગટ ભગવાન પ્રત્યે નિષ્ઠા તો દિવસ અને રાત પ્રગટ ભગવાનની વાતો પ્રગટ ભગવાનને રાજી કરવા અલગ અલગ સેવાઓ તથા સત્સંગ અને સેવામાં જ સમય પસાર કરનારા એક મહારાજના મુક્ત પુરુષ છે. તેની સમજણ તથા સત્સંગ અને સેવાથી આખા કુટુંબને પ્રગટ ભગવાનને રાજી કરવા જોડી રાખ્યા છે. તેના નાના દિકરાઓ પણ પ્રગટ ભગવાનની સેવામાં ફુલવાડી, કુંકાવાવની સેવામાં હાજરાહજુર વર્તે છે. આ કુટુંબના બધાય સભ્યો એકાન્તિક મુક્ત પુરુષો છે.

પરચા નં.
૩૮.

## અનાદિ મુક્તરાજ રતિલાલભગત લાલજીભગત જાવીયા
### ગામ -જામવંથલી, હાલ- રાજકોટ

**મારી** ઉંમર નાની હતી ત્યારે હું મારા બાપુજી સાથે જામનગર જતો. ત્યારે મહારાજ જામનગર હતા અને મોટા શાસ્ત્રીજી તરીકે ઓળખાતા. ત્યારે મહારાજની આભા તથા મહારાજના ઐશ્વર્યની ખ્યાતી જામનગર પંથકમાં બહુ હતી. એટલે અમારું જામવંથલી તથા આખો પંથક આ જામનગર મંદિરના તાબામાં આવતો અને જામનગર મંદિરમાં મહારાજ બિરાજતા ને અમો જામનગર જઈએ એટલે મંદિરે દર્શન કરવા જતાં મહારાજના દર્શન કરતા.

એક વખત મારી ઉંમર નાની અને મારો હાથ ભાંગી ગયો ત્યારે મારા બાપુજી મને જામનગર લઈ ગયા ને અમે મંદિરે દર્શન કરવા ગયા ને મહારાજને મળ્યા તે પહેલાં સ્વયં પ્રકાશસ્વામી કોઠારીએ મારો હાથ પકડ્યો તેથી દુઃખાવાના કારણે હું રોવા લાગ્યો હતો અને મહારાજ પાસે ગયો. મહારાજ કહે, આ કેમ રુવે છે. મારા બાપુજી કહે, એનો હાથ ભાંગી ગયો છે. માટે દવા લેવા આવ્યા છીએ ને કોઠારી સ્વામીએ હાથ પકડ્યો એથી વધારે દુઃખે છે એટલે રુવે છે. ત્યારે મહારાજે મારી કોણી પકડી કહે, આને તો કાંઈ નથી. આમ મારા ભાંગેલા હાથને મહારાજે સ્પર્શ કર્યો ત્યાં સાજો થઈ ગયો. આમ ભગવાને પોતાનું ઐશ્વર્ય બતાવી મારા મનમાં તેમના પ્રત્યે પ્રીતિ જગાવી.

એક વખત હું દુબઈથી આવ્યો ત્યારે મહારાજના દર્શન કરવા જૂનાગઢ ગયો ત્યારે મહારાજને દંડવત્ કરી મહારાજ પાસે બેઠો અને મહારાજને પ્રાર્થના કરી કે, મહારાજ મને બી.પી. જેવું થોડું થાય છે. ત્યારે મહારાજ કહે, આવું તો અમનેય થાય છે. પણ ડોકટર કહે, તેમ ગોળી ખાવી. આમ દર્શન કરી અમે આવતા રહ્યા. પછી એક વખત જામનગર ઈરવીન હોસ્પિટલમાં આપણાં ખોલિયાસાહેબ ડૉકટર તરીકે પ્રેક્ટિસ કરતા હતા અને તે મારા મિત્ર હતા. તેથી મેં જામનગર ઈરવીન હોસ્પિટલમાં બતાવ્યું. ત્યારે તેમણે કહ્યું, તારે દાખલ થવું પડે અને હું ૮ દિવસ દાખલ રહ્યો અને ઘરે આવ્યો. અહીંથી જૂનાગઢ મહારાજ પાસે દર્શને ગયો અને મહારાજને વાત કરી કે ડોકટર એમ કહે છે કે, તમને શરીરમાં કિડનીમાં કંઈ તકલીફ હોય માટે બી.પી છે, માટે તમારે મુંબઈ જવું પડશે. ત્યારે મહારાજ કહે, આવો મોટો ડોકટર અહીં બેઠો હોય ને આપણે એવું કાંઈ હોય ખરું. તને કાંઈ છે જ નહીં માટે

મગજમાં મને બી.પી નથી એવું જ રાખવું. ત્યારથી કોઈ દિવસ એવી તકલીફ થઈ નથી.

અમારા બાપુજી લાલજીબાપાનું ખેતીવાડીવાળું જીવન એટલે બળદગાડા ચલાવતા. એક વખત ધારે પથ્થર લેવા ગયા હતા. ત્યારે બીજા આઠ-દશ ગાડા હતા, મહારાજ સાથે હતા. ફુલવાડીમાં જે પ્રસાદીના મકાન છે તેના ઉંબરામાં એક મોટી શીલા છે. એ શીલા આઠ ફુટની છે. તે લેવા અમે મારા બાપુજી અને બીજા ગાડાઓ ગયા હતાં. ત્યાં મહારાજ કહે, આ ખાણમાં ગાડું ઉતારો ત્યારે કોઈએ ગાડું ઉતાર્યું નહીં તો મારા બાપુજી કહે, મહારાજની આજ્ઞા છે એટલે બાપાએ ગાડું ઉતાર્યું ત્યારે મારા બાપુજી હાઈટમાં નીચા અને એના બળદો પણ એવા જ. એ ગાડું ખાણમાં ઉતાર્યું સૌ ભેગા મળી ગાડા ઉપર શીલા ચઢાવી અને મહારાજે પાછળ હાથ દઈ ધક્કો માર્યો તે એમ સીધા રસ્તા ઉપર ગાડું હાલે એમ ખાણમાંથી ગાડું નીકળ્યું. ત્યારે મહારાજ બોલ્યા કે, બળદ એવાને બળદ હાંકનારા'ય એવા. આ તો મારો વામન છે. એટલું મહારાજ બોલ્યા હતા.

એક વખત અમે સાત-આઠ જણાં જામવંથલીથી જૂનાગઢ ચાલીને ગયા હતા તે પહેલાં વંથલી નિર્ગુણજીવનદાસ સ્વામી હતા. તે અવસ્થામાં મોટા હતા. ત્યારે અમે સવારે દર્શન કરી સ્વામીને દંડવત્ કરી કહ્યું, સ્વામી અમે આ રીતે જૂનાગઢ પગપાળા દર્શને જઈએ છીએ. ત્યારે સ્વામીએ ઘણી ઘણી ઉપદેશાત્મક વાતો કરી અને અમે ચાલતા પગયાત્રા શરૂ કરી તે અમે અઢી દિવસે જૂનાગઢ પહોંચ્યા. અમે બજારમાંથી ફુલના હાર, શ્રીફળ, સાકર પ્રસાદ લઈ મહારાજ પાસે ગયા ત્યારે મહારાજ શાસ્ત્ર લેખન કરતા હતા. તે લખનનું કાર્ય એક બાજુ મૂકી ઊભા થઈ સામાં આવ્યા અને બોલ્યા કે, હું ક્યારનો રાહ જોઉં છું. મારા ભકતો ક્યારે આવે ? આમ અમારી રાહ જોતા બોલ્યા અને કહ્યું કે, જાઓ તમને આ પગપાળા યાત્રાનું ડગલે ને પગલે અશ્વમેઘ યજ્ઞનું પૂન્ય મળો. આમ મહારાજનો રાજીપો મળ્યો અને અમે મહારાજની સેવા પૂજા કરી. મહારાજ કહે, જાઓ ઘડીક આરામ કરો. આમ મહારાજ કહે, ભગવાન અને ભગવાનના સંત પુરુષોના દર્શને જતાં ડગલે ને પગલે આવા અશ્વમેઘ યજ્ઞના પૂન્ય મળે છે.

એક વખત અમે મહારાજના દર્શન કરવા ગયા ત્યારે ત્યાં ખોલિયાસાહેબ પણ હતા ત્યારે મહારાજ માળા ફેરવતાં ફેરવતાં ત્યાં આવ્યા અને ત્યાં ખાટ ઉપર છાપું પડ્યું હતું. તે લઈ એક હાથે પહેલું પાનું ફેરવ્યું તથા બીજા હાથ વડે બીજું પાનું ફેરવ્યું. આમ એક દોઢ મિનિટમાં જ છાપું વાંચી લીધું. ત્યારે મેં કહ્યું, મહારાજ આ એક દોઢ મિનિટમા તમે શું વાંચી

લીધું ? ત્યારે મહારાજ બોલ્યા, અમારા સંકલ્પ પ્રમાણે સૃષ્ટિમાં ચાલે છે કે નહીં એ મેં વાંચી લીધું. ત્યારે તો મહારાજના એ શબ્દ સમજાયા નહીં પણ હવે સમજાય છે કે આપણને મળ્યા આ ભગવાન કેટલા મોટા છે.

આમ મહારાજ બોલ્યા પછી અમે મહારાજની રૂમે હું ને ખોલિયા સાહેબ તથા બીજા ભક્તો બેઠાં હતા. ત્યારે મહારાજ તેના ચરણ ચડાવીને બેઠા હતા અને ખોલિયાસાહેબે કહ્યું, મહારાજ તમારા ચરણમાં ચિન્હો છે, દર્શન કરાવો ને. ત્યાં મહારાજ બોલ્યા કે, અમારા ચરણારવિંદ અહીંથી ઘરે જ લઈ જાઓ. ત્યારે કાંઈ સમજાયું નહીં પણ જ્યારે સમય જતાં મહારાજના ચરણારવિંદ છપાયા અને ઘરે ઘરે પહોંચ્યાં ત્યારે આ મહારાજ બોલ્યા હતા તે તાજું થયું અને સમજાયું કે મહારાજ એમ કહેવા માંગતા હતા કે આ ચરણારવિંદ જે ચિન્હો છે તે ઘરે લઈને પૂજા કરો, સુખિયા થાઓ. આમ ભગવાન જે જે જેટલા શબ્દ બોલે તેમાં ઘણાં રહસ્યો ભરેલા હોય છે.

લાલાબાપા પ્રગટ ભગવાનનાં એકાન્તિક ભક્ત છે. તેમણે પોતાના પરિવારને પ્રગટ ભગવાનના શરણમાં મૂક્યા એથી પ્રગટ ભગવાને આ કુટુંબ ઉપર પોતાનો રાજીપો વરસાવ્યો છે. લાલાબાપાના દિકરાઓ સૌ એકાન્તિક મુક્તો છે. તેઓએ પ્રગટ ભગવાનની આજ્ઞામાં અને સેવામાં પોતાનું જીવન સમર્પીત કર્યું છે. એમની પુત્રીઓ પણ પ્રગટ ભગવાનને રાજી કરવાવાળી ભક્તિ કરે છે. તથા તેમના જમાઈઓ પણ પ્રગટ ભગવાનના એકાન્તિક મુક્ત પુરુષો છે. તેમના વેવાઈઓ પણ પ્રગટ ભગવાનના સંત મુક્ત છે. તેના પૌત્ર-પૌત્રીઓ ભગવાનના મુક્તો તથા મુક્તાનીઓ છે. તેમના સંબંધીઓ સૌ પ્રગટ ભગવાનના દિવ્યધામના વાસી છે. તેમના જીવનમાં એટલે કે સર્વે કુટુંબ તથા સંબંધીઓની એક જ કામના-ભાવના છે કે, આ જગતના જીવ આ પ્રગટ ભગવાનને ઓળખે-રાજી કરે અને પ્રગટ ભગવાનનાં પરમધામમાં જાય એવી જ એની સૌની ઈચ્છા છે.

ોમનો પરિવાર ધામમાંથી આવેલ મુક્ત મંડળ છે, દિવ્ય છે. લાલાબાપાને મહારાજ જામનગર હતા ત્યારે બળદગાડાનું કામ હોય ત્યારે લાલાબાપાને સેવા આપતા તથા ફુલવાડીમાં પ્રસાદીના મંદિર તથા પ્રગટ ભગવાનનાં બ્રહ્મમહોલમાં લાલાબાપાએ સેવા આપીને ઘણાં જીવોને ભક્તોને બળ પૂરું પાડ્યું છે. આપણાં મંડળના પ્રમુખ કરસનબાપા અને લાલાબાપાની જોડી એવી હતી કે બે જાન એક આત્મા જેવો સંબંધ હતો. તેમજ તેના પુત્રો પ્રગટ ભગવાન માટે સર્વ અર્પણ કરનારા ધીરજલાલભગત, વજુભગત, શાંતિલાલભગત

પણ એના જીવનમાં મુક્તદશાએ વર્તનારા ભગવાનના અંગત મુક્તો છે. વજુભગત તથા રામજીભગતના રમેશભગતને મહારાજે પોતાના સખા ગોવાળીયા કહ્યાં છે અને રતિલાલ ભગતે પોતાનું જીવન કુટુંબ માતા-પિતા ને રાજી કરી તેના ભાઈ-બેનોને પ્રગટ ભગવાનની દિવ્ય ઓળખાણ આપી. ભગવાનનાં ઘરેણાં જેવાં અંગભક્ત બનાવ્યા છે તથા શરણાગતિ ભક્તમંડળને પ્રગટ ભગવાનનો મહિમા વધારે ને વધારે કહીને આપણને મળ્યા, ભગવાન કેવા જબરા છે જે હજારો યુગો સુધી તપ કરે તથા દેવો-ઈશ્વરોને પણ મળવા દુર્લભ જેના એક સંકલ્પ માત્રથી સર્વ બ્રહ્માંડોમાં પ્રકૃતિ નિયમમાં રહે એવા અવતારીના અવતારી જેના એક રોમમાં કોટી કોટી કૃષ્ણ પ્રગટે અને લય થાય આવા આપણને પ્રગટ ભગવાન મળ્યાં છે તેને આ માયાના સુખ દુ:ખમાં ભજી લેવા રાજી કરી લેવા પણ માયાએ કરીને ભગવાન અને સંતને ન મુકવા. હૃદયના હારની જેમ સાચવવા. આવું જ્ઞાન-સમજણ આપી સૌને ભગવાનનો રાજીપો અપાવ્યો છે.

ખરા સમયમાં સાચી સમજણ જ કામ આવે. એમ રાજકોટ શ્રીહરિ શરણાગતિ મંડળમાં રતિલાલભગત વર્ષોથી અધિકમાસ, શ્રાવણમાસ તેમજ દર મહિનાની આઠમના દિવસે અને ફુલવાડી ઉત્સવ સમૈયામાં પણ કથાવાર્તા કરી ભક્તોને સાચી સમજણ આપે છે, સાચી સેવાઓ કરાવે છે. જેને પ્રગટના કેફ જબરા, તેના સંબંધો પણ જબરા, તેના આશ્રિતો પણ જબરા, તેના હેતસ્વી પણ જબરા, તેના સેવકો પણ જબરા. એમ આ મુકત પરિવાર તન-મન-ધનથી સર્વ પ્રકારે મહારાજની સેવા-ભક્તિ કરી ધન્યતા અનુભવે છે.



પરચા નં.
૩૯.

## અનાદિ મુક્તરાજ વ્રજલાલભગત લાલજીભગત જાવીયા
### ગામ- જામવંથલી, હાલ - રાજકોટ

**ઈ.સ. ૧૯૭૦**માં બાપુજી મને સ્વામિનારાયણ મંદિરે કંઠી બંધાવવા મહારાજ પાસે લઈ ગયા ત્યારે મહારાજ જામવંથલી બિરાજતા હતા અને મહારાજે મને કંઠી બાંધી ત્યારે ત્યાં મનસુખ માવજી રાઠોડ એના મમ્મી દેવ થઈ ગયા એટલે મામાને ઘેર હતા ને મહારાજ પાસે કંઠી બંધાવવા આવ્યા હતા. એટલે મહારાજે અમને બંનેને એક સાથે વર્તમાન ધરાવ્યા અને કંઠી બાંધી. આમ તો અમારા પરિવારમાં મહારાજની ઓળખ હતી જ, પરંતુ ગુરૂપણાની ભગવાનપણાની નહીં ત્યારે બધાની પરિસ્થિતિ નબળી હતી. છગન માસ્તર કે ભગવાનજીભગત મહારાજ પાસે જતા એટલે મહારાજના સમાચાર મળી જતા.

ઈ.સ.૧૯૭૪માં ડૉકટર ખોલીયાસાહેબ તથા અમદાવાદવાળા એમના ભાઈ પરષોત્તમભાઈ તથા મનસુખભાઈ રાઠોડ અને હું એમ ચાર જણા જૂનાગઢ મહારાજના દર્શન કરવા ગયા. હું જૂનાગઢ પહેલીવાર ગયો. અમે વહેલી સવારે પહોંચ્યા ત્યારે મહારાજે પૂજા-પાઠ કરી લીધા હતા, અમે દંડવત્-પ્રણામ દર્શન કર્યા અને બેઠા ત્યારે મહારાજે કહ્યું, હેમંતભગત છે તમે જાઓ ચા-પાણી, નાસ્તો કરી આવો પછી દિવસે મહારાજે બોલાવ્યા અને કોઠારી સ્વામીને કહ્યું આ છોકરાઓને લાડવા-ગાંઠીયા બાંધી આપો અને કહ્યું- જાઓ ઉપરકોટ ફરી આવો, આ નારિયેળ લેતા જાવ ત્યાં વધારીને ખાજો. અમે ઉપરકોટ ફર્યા બે કલાક જેવું થયું પછી મહારાજે નાસ્તો આપ્યો હતો એ જમ્યા અને નારિયેળ થોડું ખવાયું પછી અમે ફરીને મહારાજ પાસે ગયા એટલે મહારાજે અમને બધું કહ્યું. અમે અહીંથી જ્યાં જ્યાં ગયા તે બધી વાત કરી. જે જગ્યાએ અમે જમ્યા હતા એ પણ કહી દીધું પછી અમે બધા બેઠાં હતા અને મહારાજે એવી કૃપા કરી કે હથેળીના ચિન્હોના દર્શન કરાવ્યા. મહારાજે આ સ્વસ્તિક, શંખ, ગદા, ધનુષ્ય, ચક્ર એમ કહી ચિન્હોના દર્શન કરાવ્યા. પછી જેતપુર મોટાભાઈ રતિલાલભગત ચાવડા વાળા એમણે અમને કહ્યું, મહારાજે શું વાત કરી. અમે જે જે વાત બની હતી તે બધી વાત કરી ત્યાર પછી બીજી વખત રમણિક કરસન જાવીયા મહારાજના ચરણારવિંદના કામ માટે આવ જા કરતા ત્યારે એની સાથે ગયો. મહારાજે બતાવ્યું આવી રીતે ચરણારવિંદ બનાવવાના છે એટલે એ કામ રમણિકભગતે બહું સારું કામ કર્યું, મહારાજ બહુ રાજી થયાં.

જામવંથલીના ભક્તો ફુલવાડીએ ગુરુપૂર્ણિમાના ધૂન-ભજન કરતા ને ફાળો થતો કોઈ રૂપિયો, કોઈ બે રૂપિયા આપતા. સૌ ભક્તોના નામ લખી ફાળો જૂનાગઢ મહારાજને મોકલતા. એટલામાં પણ મહારાજ રાજી થઈ જતાં પછી મારે પૂના કામ શીખવા જવાનું થયું એટલે થયું ચાલો મહારાજના દર્શન કરી આવીએ, અમે જૂનાગઢ મહારાજના દર્શન કરવા ગયા. મહારાજે કહ્યું, ભલે જાઓ પૂનામાં સત્સંગનું બળ બહું છે. ત્યાં ૩૬૫ દિવસ સત્સંગ થતો. એમાં સત્સંગ થકી મહારાજનું ભજન-ભક્તિ, સેવા ઉપાસનાનું બળ વધ્યું. સંતોનો મહિમા સમજાયો અને સત્સંગ થકી જીવમાં આનંદ અને શાંતિ વર્તાવા લાગી. આમ સમય વિતતો ગયો મનમાં થયું વિદેશ જવું છે. મહારાજ કહે, કંઈ વાંધો નહીં જાઓ. વિદેશ એટલે દુબઈ જવાનું થયું. વિદેશમાં એલાન કહેવાય અબુધાબી સાઈડ ત્યાં હું અને મારા માસીનો દિકરો ત્યાં સાથે રસોઈ બનાવવાની એટલે મહારાજને થાળ ધરીને જમતા અને સમયસર ડ્યુટી પર જવાનું. એમાં ક્યારેય બીજું-ત્રીજું ખાવાનું ન આવતું હતું અને દુબઈ સભા થાય અહીંથી બે કલાકનો રસ્તો અને શુક્રવારે બપોરે બે વાગ્યા સુધી કામ કરીને દુબઈ કે અબુધાબીમાં સભાઓ થતી હતી, ત્યાં સભામાં જતા. અમે વિદેશમાં ક્યારેય સભા ચૂક્યા નથી.

એક વખત ચાવડાવાળા મનસુખભગતની સાઈડ બાજુમાં હતી એટલે એક દિવસ મનસુખભગત અમારી રૂમે વાળુ-પાણી કરીને આવ્યા એટલે મેં કહ્યું ચા-પાણી કરીએ. ચા બનાવી ચા પીધી પણ મહારાજને ચા ધરવાનું ભૂલી જવાયું. અહીં રૂમમાં મંદિરમાં મહારાજની પાઘવાળી મૂર્તિ પધરાવી હતી તે અમે મહારાજની કથા કરતાં કરતાં રાત્રે બારેક વાગ્યા એટલે એ એની રૂમે ગયા અને હું સૂઈ ગયો. ત્યારે રાત્રે બે અઢી વાગ્યે મહારાજ પ્રત્યક્ષ પધાર્યા અને મને જગાડ્યો, હું જાગ્યો અરે મહારાજ એમ કરી પગે લાગ્યો. મહારાજ કહે, મારે ચા પીવાનો બાકી છે એટલે તમારી ચા પીવા આવ્યો છું, એટલે મેં ચા બનાવી ને મહારાજને ચા પીવડાવી. આમ મહારાજે વિદેશમાં પણ ધ્યાન રાખી અનુસંધાન આપ્યું.

મહારાજનો રાજીપો એવો હતો કે મહારાજના અવારનવાર કાગળ આવતા. જ્યારે જૂનાગઢ વાસ્તુ હતું ત્યારે મહારાજના બે પત્ર આવ્યા. આમંત્રણના બીજા પત્રમાં લખ્યું હતું કે, વાસ્તામાં જરૂર પધારજો તન વડે ન આવી શકાય તો મન વડે પણ આવજો અને ભજન કરજો. જુઓ ભગવાને કેવું ધ્યાન રાખ્યું છે કે આપણે તો સાવ નાનામાં નાના. આપણે આપણાં પરિવારનુંય પૂરું ન કરી શકાય ત્યાં સત્સંગ-સેવા શું કરીએ, છતાં ભગવાનના ખોળામાં બેઠાં તો ભગવાન આપણું કેટલું ધ્યાન રાખે છે કે આપણને બે બે વાસ્તાના આમંત્રણ

પત્રો લખ્યા, આ ભગવાન હોય એ કરી શકે.

ત્યાં કાયમ સભામાં જતા તો ત્યાં મોટાં મોટાં ભક્તોનો યોગ થયો. રામજીભગત, વિશ્રામભગત, કાનજીબાપા, શાંતિલાલભગત બગીચાવાળા, ગોવિંદજી મહારાજ. આ ભક્તોના યોગથી જ્ઞાન સમજણ વધતી ગઈ. એમ કરતાં કરતાં છૂટી પર ઈન્ડિયા આવવાનું થયું. દેશમાં આવી મહારાજના દર્શન કરવા ગયા તો જે કંઈ આપણાં સંકલ્પ હતા તે મહારાજે પૂરા કર્યા. મહારાજે બે ત્રણ ઉદાહરણ આપ્યા. જેમ કુંતાજીએ દુર્વાસાની સેવા કરી તો રાજી થઈ સિદ્ધ મંત્રો આપ્યા. શ્રીકૃષ્ણ ભગવાનને ગોપીઓ જાણતી હતી છતાં સમજણમાં કચાસ હતી તો એ કચાસ ભગવાને દૂર કરી. એમ ઘણાં ઘણાં ઉદાહરણો આપી અને બધાય સંશય દૂર કર્યા અને પોતાની મૂર્તિમાં સમાવી લીધો. આવા ભગવાનના દર્શન એની કૃપા હોય તો થાય. બહુ કૃપા કરીને ન ગણત્રીનો આ જીવ એને ગણત્રીમાં લઈ લીધો.

બીજીવાર ઈ.સ.૧૯૮૪માં દેશમાં આવવાનું થયું. મારી સગાઈ તો વ્હેલા થઈ ગઈ હતી, પરંતુ હું આવ્યો ત્યારે કમુરતા હતા ને પ્રવીણભગતને બે ખર્ચ થાત. એટલે એ ખર્ચ ન થાય અને એક જ ખર્ચમાં પ્રસંગ થઈ જાય એવું વિચારતા હતા એટલે હું મહારાજને પૂછવા જૂનાગઢ ગયો. મહારાજને બધી વાત કરી તો મહારાજ કહે, કાંઈ વાંધો નહીં ભલે કમુરતા હોય, તમને નહીં નડે હું ભેગો છું. આમ મહારાજના રાજીપાથી લગ્નનું નક્કી કર્યું, કંકોત્રી છપાઈ ગઈ. હું મહારાજને કંકોત્રી આપવા જૂનાગઢ ગયો, મહારાજને દંડવત્ત-પ્રણામ કર્યા મહારાજની બાજુમાં બેસી કંકોત્રી આપી કહ્યું, મહારાજ લગ્નમાં પધારવા આમંત્રણ આપવા હું આવ્યો છું, એટલે મહારાજ કહે, હા આવશું. મેં કહ્યું, મહારાજ આપ પધારો તો આનંદ વધુ આવે. મહારાજ કહે, અમે કહ્યું એમાં બધુંય આવી ગયું. ત્યારે મેં કહ્યું, મહારાજ હેમંતભગતને મોકલો તો. મહારાજ કહે, લગ્ન તમારે ત્યાં છે તો આમંત્રણ તમારે જ આપવું પડે ને. મેં કહ્યું, મહારાજ તમારી આજ્ઞા આપો તો જાઉં. મહારાજ કહે, તો તમે જાઓ.

હેમંતભગત મારા લગ્નમાં દસ દિવસ અગાઉ આવ્યા હતા જેવી ત્યાં સાંજે જમીને કથા-વાર્તા થાય. ભગવાનના ગુણ-ગાન ગવાય. બધાં બહું રાજી થયા, બહું આનંદ આવ્યો. જ્યારે લગ્નનું ફુલેકું નીકળ્યું ત્યારે ઘોડા પર બેસતા પહેલાં મહારાજને યાદ કર્યા. મહારાજ પધારો. ત્યાં મહારાજ છડી લઈને દિવ્યરૂપે આગળ આગળ ને અમે પાછળ એમ મંદિરે, ફુલવાડીએ ગામમાં ફુલેકું ફેરવ્યું. છેક સાંજ સુધી મહારાજ ભેળા જ હતા. આમ મહારાજ બોલ્યા હતા અમે આવીશું તે મહારાજ આવ્યા. આ ભગવાનની કેટલી કૃપા. આથી વિશેષ

આપણે શું જોઈએ કે ભગવાન આપણાં લગ્નમાં ભેળાને ભેળા. ભગવાને આપણી બહું સંભાળ રાખી છે.

જ્યારે હું જૂનાગઢ મહારાજને આમંત્રણ આપવા ગયો ત્યારે મહારાજે મને બે સુખડના હાર આપી કહ્યું બેય એક એક પહેરજો. એ હાર પહેરીને મારા લગ્ન થયા એ હાર હજી મેં સાચવી રાખ્યા છે, એની સુગંધ એવી ને એવી જ છે. પછી અમે બંને જૂનાગઢ મહારાજના દર્શન કરવા ગયા. ત્યાં ઉતારો લીધો, મહારાજના દર્શન કર્યા. બપોર પછી ફુલહાર લાવી મહારાજને પહેરાવી આરતી ઉતારી, ચરણસેવા કરી. ફુલહારની થેલી મહારાજના રૂમે ખીંટીએ ટીંગાડી એ ત્યાં જ રહી ગઈ ને હું ઉતારે ગયો ત્યારે અમે બંનેએ નક્કી કર્યું કે આપણે સવારે નીકળવું એમ કરી બીજા દિવસે હું કહેતો ગયો તમે સૂટકેસમાં કપડાં ભરી લેજો. પછી હું મહારાજના દર્શન કરવા ગયો.

મહારાજને દંડવત્ કરી બાજુમાં બેઠો વાત કરી, મહારાજ રજા આપો તો અમે નીકળીએ. મહારાજ કહે, આજ રોકાઈ જાવને મેં કહ્યું જેવી મહારાજ આપની આજ્ઞા, એમ કરી અમે રોકાઈ ગયા અને ઉતારે હું કહેવા ગયો કે આજ નથી જવું, મહારાજે રોકાવાનું કહ્યું છે એટલે હું ઉતારે આવ્યો અને એ ભગવી સાડી સંકેલતા હતા તો એમાંથી સાકરને અને તાજી ગુલાબની પાંખડી નીકળી એટલે હું મહારાજને બતાવવા ગયો તો મહારાજ કહે ગુલાબ પાંખડી બતાવવા આવ્યો ને ! મહારાજ કહે, અમે ત્યાં જઈને આપી આવ્યા હતા. મારે ને મહારાજને સહહૃદયપણું, સખાભાવ હતો એટલે ભગવાનની લીલામાં ક્યાંય સંશય ન થયો. મહારાજ તમે પહેલા વચન આપ્યું હતું તે આજ પૂર્ણ કર્યું. તો આજ હું રાજી થયો. પછી મહારાજે એક કાગળ લીધો ને એમાં આશીર્વાદ લખ્યા. વ્રજલાલ ભગતના હૃદયમાં ભગવાન અખંડ રહ્યા છે. આમ આશીર્વાદ લખી નીચે લખ્યું ''લી. ભગવાન''.

આમ મહારાજ બહું રાજી થયાને આજે પણ એવા જ રાજી છે કે, અવારનવાર દર્શન આપે છે. એ દિવસે અમે મહારાજની આજ્ઞાથી રોકાયા તો મહારાજે આ પ્રસાદીના શબ્દો આપ્યા. બીજા દિવસે રજા લીધી. ત્યાર બાદ મહારાજ બે મહિના પછી સ્વધામ સિધાવ્યા. આ અમારો મેળાપ પાછો થવાનો નહીં હોય એટલે મહારાજે એક દિવસ રોક્યા અને બધાં સંશય દૂર કર્યા, પ્રસાદીપત્ર આપી, અભય વરદાન આપ્યું તેમજ અત્યારે પણ મહારાજના દર્શન થાય છે, રક્ષા થાય છે.

હું ફરી દુબઈ ગયો ત્યારે અમારી સાઈટ પર હું બપોરે એક દસ-બાર ફૂટનો ખાડો હતો તેના પર એક ૧૫ ફૂટ લાંબો ને બે ફૂટ પહોળો બીમ હતો ત્યાં હું બેઠો હતો ત્યારે આ બીમ નીચે રેતી સરકતી હતી ત્યારે મનમાં ઝબકારો થયો હું ઊભો થયો ત્યાંથી દૂર ગયો ત્યાં એ ખાડામાં બીમ પડ્યો એટલે આમ ભગવાને મારી રક્ષા કરી. ત્યાર પછી હું રૂમમાં રાત્રે સૂતો હતો ને રાતના બે અઢી વાગ્યા હશે ને હું સેટી પર સૂતો હતો માથે પંખો ફરતો હતો તે મારી પર પડ્યો ને હું ઝબકીને જાગ્યો જોયું તો પંખો મારી પર હતો પણ મને ક્યાંય વાગ્યું નહીં ને હું બહાર નીકળ્યો એટલે ગિરીશભગત દોડીને આવ્યા. શું થયું ભગત ! મેં વાત કરી આમ થયું. મહારાજે રક્ષા કરી કહેવાય. જે પંખો મારી પર પડ્યો એ મહારાજે ઝીલીને મારી પર હળવેથી મૂક્યો હશે ને મને લાગ્યું નહીં.

એક વખત ફુલવાડીમાં એક પાંચ હોર્સપાવરની મોટર બંધ હાલતમાં હતી. તે મારા બાપુજીને કાકા ભગવાનજી ભગતે એ મોટર લીધી એમને ચાલુ કરીને અમારા કૂવામાં બેસાડી ત્યારે આ મોટરને લાઈટ જોઈએ. હું અને ધીરુ નાના હતા. આ લાઈટ શું છે ? એ કાંઈ ખબર નહીં. અમે વાડીએ લીંબડાના ઝાડ પર ચડ્યા ને મેઈન લાઈન પાવર જતો હતો ને મેં એ જાડો વાયર પકડી હીંચકા ખવાય એમ પકડ્યો અને ધીરુએ અર્થિંગ વાયર પકડ્યો ને શોર્ટ લાગ્યો અને બેય વાયરમાં ચોંટી ગયા. એ દિવસે પણ મહારાજે રક્ષા કરી હતી અને અમારા હાથ લીલાછમ થઈ ગયા અને મહારાજે એ વાયર છોડાવ્યા નહીં તો તે દિવસે જ આપણું પૂર્ણવિરામ થઈ ગયું હોત. આમ ભગવાને બંને ભાઈઓ પર બહુ કૃપા કરી રક્ષા કરી છે.

એકવાર હું રાજકોટ સહકાર સોસાયટીમાં રહેતો હતો. મંદિરમાં ચિન્હવાળી મૂર્તિ હતી, મેં આરતી પ્રગટાવીને આરતી ચાલુ કરી ને મહારાજના ચિન્હવાળા હાથમાં પાણી મોતી જેવા બિંદુ આમ નીકળતા જાય અને કોણી સુધી દેખાયા જે મહારાજ સ્નાન કરીને આવતા ત્યારે શરીર લૂછતા નહીં ત્યારે જે લૂછ્યા વિનાના શરીરમાં જેવા પાણીના ટીપાં દેખાય તેવા દર્શન આ તે દિવસે થયા હતા અને આજુબાજુના ઘણાં લોકોએ એ દર્શન કર્યા હતા. મૂર્તિમાંથી સુગંધ પણ એવી આવતી હતી. આમ મહારાજે ખૂબ ખૂબ કૃપા કરી છે, ખૂબ દર્શન આપ્યા છે, ખૂબ રક્ષા કરી છે, ખૂબ આશીર્વાદ આપ્યા છે અને રાજી પણ એવા જ થયા છે.



પરચા નં.
૪૦.

## અનાદિ મુક્તરાજ ધીરુભગત લાલજીભગત જાવીયા
### ગામ : જામવંથલી, હાલ- રાજકોટ

**હું** જામવણથલીથી ખૂબ જ નાની ઉંમરે જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરે મહારાજના બાલમુકુંદ ભવને પાર્ષદ થઈ રહ્યો હતો. નાની ઉંમર એટલે બાળકની જેમ તોફાન કરવાનો થોડો સ્વભાવ હતો.

એકવાર રમતરમતમાં બાલમુકુંદ ભવનમાં એક વૃદ્ધ સ્વામીનું નવું ધોતિયું તેને મેં ચીરીને સૂકાવી દીધું ને હું સૂઈ ગયો. મારી મચ્છરદાની એક બાજું હું રાખી દેતો પણ બીજી બાજુ કોઠારી સ્વામી કે હેમંતભગત ટાંગી દેતા. એકવાર તો સ્વયં મહારાજે મારી મચ્છરદાની એક બાજુ ટાંગી દીધી હતી અને સવારે કોઠારી સ્વામી ઊઠે એટલે એક ચપટી વગાડતાં એટલે અમે ફટાફટ ઊઠી જતાં.

આમ કોઠારી સ્વામીની બીક બહું લાગતી એ મારતા બહું. એ ધોતિયું પહેલા દિવસે ધોતિયું ચીર્યું કોઈને ખબર ન પડી એટલે બીજા દિવસે ચીર્યું એટલે કોઠારી સ્વામીને શંકા ગઈ હોય ન હોય આ પરાક્રમ ધિરુનું છે એટલે ત્રીજા દિવસે ધોતિયું ચીરવા ઊભો થયો ધોતિયું પડક્યું અને લાઈટ થઈ મને પકડી લીધો અને તે દિવસે બહું માર્યો અને ધોકાવ્યો. એટલે મહારાજને દેવસ્વામીને હેમંતભગત બધાં એકત્ર થયા કહે શું થયું તે બતાવ્યું જુઓ આનું પરાક્રમ જુઓ એટલે મહારાજે મને પોતાની બાજુ ખેંચી લીધો અને કહ્યું, હશે જવા દો છોકરું છે ને. પછી મને મહારાજ કહે, હવે તારી મચ્છરદાની બંધાઈ ગઈ હવે સૂઈ જા, બધા છૂટા પડ્યા પછી મહારાજ તો લાકડાની પાદુકા પહેરી આમ-તેમ આંટા મારે, આવે અને જાય, ચક્કર લગાવતા મહારાજ આમ દિવસના રાઉન્ડ મારતા. રાત્રે પણ રાઉન્ડ મારતા.

એકવાર શિયાળાના દિવસો હતા ને એક પીળી ચોટલીવાળા જોગીસ્વામી, એક મુનીસ્વામી, હેમંતભગત અને મહારાજ જ્યાં શ્રીજીમહારાજ અને ગુણાતિતાનંદ સ્વામીનો તખતો હતો. તે ગુણાતિતાનંદ સ્વામીના સભામંડપમાં ત્યાં આરતી, પૂજા થાય ત્યારે મહારાજે હેમંતભગતને કહ્યું રૂમે જઈને ધુસો લેતો આવ તો હેમંતભગતે મને કહ્યું જા રૂમેથી ધુસો લઈ આવ તો મેં કહ્યું તમે હાલો મારી સાથે અંધારું છે તો બીક લાગે છે એમ કહ્યું તો ભગતે મને એક લગાવી દીધી એટલે હું ખૂણામાં ઊભો ઊભો રડવા લાગ્યો ને ભગતે ઝડપથી ધુસો લાવીને મુનીસ્વામીને આપ્યો અને શ્રીજીમહારાજને બાંધી દીધો ને હું હીબકાં

ભરતો હતો ત્યાં મહારાજ આવ્યા અને કહે શું થયું એટલે હું મહારાજને પકડીને વધારે રડવા લાગ્યો કહ્યું હેમંતભગતે માર્યું. મહારાજે હેમંતભગતને પૂછ્યું કેમ માર્યું, હેમંતભગત કહે તમે ધુસો લેવાનું કહ્યું, મેં એમને કહ્યું તો એમણે ના પાડી. મેં કહ્યું, મહારાજ અંધારું કેવું છે. ત્યારે મહારાજ કહે, મોટા માણસને બીક લાગે એવું અંધારું છે એ તો છોકરું છે. હવે તે આને માર્યું એટલે તારે ઉપવાસ કરવાનો છે, એટલે જમવાનો સમય થયો એટલે હાકલ થઈ. હેમંતભગતને કહ્યું, હાલો ભગત. ભગત કહે, મારો ઉપવાસ છે.

કોઠારી સ્વામી કહે, આજ શું છે ઉપવાસ શાનો ? એટલે બધી માંડીને પરાક્રમની વાત કરી એટલે કોઠારી સ્વામી દિવસના મારું બાવડું પકડીને ઉપર ધાબે લઈ ગયા ને મને બે પગ પકડી પારાપેટથી ઊંધો લટકાવીને કહ્યું, મૂકું નીચે. હવે કોઈ દિવસ મહારાજને ફરિયાદ કરીશ ? જો ફરિયાદ કરી તો અહીંથી નીચે નાખી દઈશ. એમ કોઠારી સ્વામીની બીક બહુ લાગતી એ નીચે નાખી દે એનું કાંઈ નક્કી નહીં એવી બીક લાગતી એમ કરી મને ઉપર લીધો અને અમે નીચે રૂમે ગયા.

એક વાયરની થેલી હતી તેમાં ભક્તો કોઈ રૂપિયો, બે રૂપિયા, દસ રૂપિયા મને આપતા એ સો દોઢસો ભેગા થયા હતા. તે મને મહારાજે કહ્યું હતું કે, એ તારી પાસે રાખ ક્યારેક કામ આવશે. એ રૂપિયા લઈને જ્ઞાનસ્વામીની ચડ્ડી અને બંડિયું પડ્યું હતું એ પહેરી લીધું, મને બરાબર થઈ ગયું. એટલે એ પહેરીને હું બસ સ્ટેન્ડ પહોંચી ગયો ત્યાં હેમંતભગત ગામડે ગયા હતા અને ગામડેથી પાછા આવ્યા એ બસમાંથી ઉતર્યા ને હું સામે બેઠો હતો એ મને જોઈ ગયા એટલે હું ભાગવા ગયો પણ મને પકડીને રિક્ષામાં બેસાડ્યો. પાછા મંદિરે લઈ આવ્યા તો કોઠારી સ્વામીએ વાત સાંભળી એટલે વળી મને ધોકાવ્યો. ત્યાં છગનભગત મહારાજના દર્શને આવ્યા હતા એટલે મહારાજે તેમને કહ્યું, હવે આ છોકરાનું દિલ અહીં લાગતું નથી તો તમે આમને તમે સહી સલામત એમને ઘરે લેતા જાઓ.

એમ મંદિરે ઘણીવાર એવી એવી ભૂલો થઈ જતી એટલે કોઠારી સ્વામી બહુ મારતા. એકવાર ડેલાની ચાવી મેં ધોતિયાના છેડે બાંધી હતી. અમે રેતીમાં રમતા એમાં ચાવી ગૂમ થઈ ગઈ ત્યારે બાપુસ્વામીના રૂમનો દાદરો ચડાવીને કોઠારી સ્વામીએ જે મારી લાતને તે રડતો રડતો હું આવ્યો નીચે. આમ તોફાન બહુ કર્યા અને કોઠારી સ્વામીનો માર એવો ખાધો ને લાડુડીય ખૂબ ખાધી.

પીળી ચોટળીવાળા જોગીસ્વામી મહારાજને ચંદન ચર્ચવા આવતા ને ઠાકોરજીનો મેવો

દેવા આવતા. પછી આમ નવું વર્ષ હોયને કેમ આપણે મોટા મોટાને દર્શને જાતા. નવું ધોતિયુંને ઝભ્ભો, ટોપી પહેરી કોઠારી સ્વામી ભેગો પગે લાગવા ગયા ત્યારે મહારાજ મોટા એટલે બધા પહેલાં મહારાજને પગે લાગવા આવે તે હું પણ મહારાજને પગે લાગ્યો એટલે મહારાજે દસ રૂપિયા આપ્યા એટલે કોઠારી સ્વામી કહે, ચાલો હવે. મેં કહ્યું, ચાલો. હું ચાલતો થયો ત્યાં મહારાજે હાથ પકડીને પોતાની બાજુમાં બેસાડી દીધો. તું મારી બાજુમાં બેસ આપણે ક્યાંય જવાનું નથી. બધા અહીં આવશે એટલે બધાય આવતા જાય મહારાજને પગે લાગે ને મને બે પાંચ કે દસ રૂપિયા આપે. મહારાજ કહે, અહીં બેઠો તો આટલા રૂપિયા થયા. કોઠારી સ્વામી ભેગો ગયો હોત તો શું મળત ? હવે આ પૈસા તારી પાસે સાચવીને રાખજે. મેં કહ્યું, હા. પછી હું ઘેર ગયો. ત્યાં મારી પાણીની માટલી અલગ, ધોતિયું અલગ, જમવાનું અલગ. તેમ ચાલ્યું પછી મને સ્કૂલમાં ચોથા ધોરણમાં બેસાડ્યો. તે દશ ધોરણ સુધી ભણ્યો, ત્યારે ફૂલવાડીના મંદિરના પાયાનું મુહૂર્ત હતું એમાંય આપણે લાભ લીધો, ભણવામાં કાંઈ ધ્યાન ન આપ્યું પછી કામ શીખવા મોટા રતિલાલભગત મને પૂના લઈ ગયા ત્યાં વર્ષ દોઢ વર્ષ કામ કર્યું. કામ શિખ્યા પૂના.

મને થોડી પેટમાં તકલીફ થઈ એટલે હું જામનગર ઈરવીન હોસ્પિટલમાં બતાવવા ગયો, રિપોર્ટ બતાવ્યા એટલે ત્રણ દિવસની દવા આપી કહ્યું, ત્રણ દિવસ પછી આવજો. તે બે દિવસ હતા એટલે એમ થયું લાવને જૂનાગઢ મહારાજના દર્શન કરી આવું એમ કરી જૂનાગઢ આવ્યો. મહારાજને દંડવત્ કર્યાને પગે લાગી બેઠો. મહારાજ કહે, ક્યાં દુબઈ હતો. મેં કહ્યું, ના મહારાજ પૂના હતો અત્યારે બીમાર હોવાથી જામનગર આવ્યો હતો. ડૉકટર કહે છે કે એપેન્ડિક્સ છે, ઓપરેશન કરવાનું છે. તો મહારાજ કહે, હાલ સૂઈ જા એટલે હું સીધો સૂઈ ગયો, મહારાજ પેટ પર તેમના ચરણારવિંદ મૂકીને આમ ટપી ગયા ને બોલ્યા ઓપરેશન કાંઈ નથી કરવું. તો મેં કહ્યું મહારાજ કમરમાંય દુઃખે છે, તો મહારાજ કહે તો ઊંધો સૂઈ જા. તો વળી આમ એક ચરણારવિંદ મૂકી આ બાજુ આવી ગયા અને બોલ્યા, આપણે ઓપરેશન કાંઈ કરવું નથી તને એપેન્ડિક્સ હવે કાંઈ નથી મજા કર. તે દિવસથી આજ સુધી કોઈ તકલીફ નથી. પછી મહારાજ કહે સવારે બે નારિયેળના ત્રોફા, એક હાર, સફરજન લઈને આવજે. મહારાજની આજ્ઞા થઈ એટલે એ બધું લઈને વહેલી સવારે મહારાજના દર્શન કરવા રૂમે ગયો.

મહારાજ માળા કરતા હતા, દંડવત્ કરી બાજુમાં બધું મૂક્યું. મહારાજ કહે, આ માળા એટલે ફેરવતો હતો કે હવે તારું જલ્દી દુબઈ થવાનું થઈ જાય. આ અગાઉ એકવાર હું જ્યારે

ભગત થઈ વાસણ સાફ કરી ચોકો સાફ કરી ઊભો થયો ત્યાં ઉપરથી પ્લેન નીકળ્યું એટલે મહારાજ કહે અહીં આવ ને મારા ખભે હાથ મૂકી બોલ્યા જો આ તને આ બલુનમાં બેસાડવો છે. હવે ત્યારે આપણે એ નવ દશ વર્ષના ત્યારે એ વાત ન સમજાય પણ આજ મહારાજે માળા ફેરવીને કહ્યું કે તારે જલ્દી દુબઈ જવાનું થાય એટલે આ માળા ફેરવું છું. તું ખૂબ ખૂબ કમાઈશ જા. હવે જુઓ આ મહારાજના આશીર્વાદથી સુખીયા ખૂબ સુખીયા થયા. નહીં તો આપણને એબીસીડીનો એ ન તો આવડતો ને કાટખૂણો પણ ન તો આવડતો ને મહારાજે એરપોર્ટમાં ગવર્નમેન્ટ જોબ ૨૨ વર્ષ નોકરી કરી, આ મહારાજની કૃપા જુઓ.

આમ મહારાજે મને ખૂબ સાચવ્યો ને હું ભગત હતો ત્યારે મહારાજ પાસેથી રજા લીધી ત્યારે મારાથી રોવાઈ ગયું ત્યારે મહારાજ કહે, કાંઈ વાંધો નહીં, તું જા પણ ક્યારેય જવાનું થાય તો તું બીજે ક્યાંય જતો નહીં. અહીં જ આવજે. એમ કહી ૨૪ અવતારની મૂર્તિને કેળું ધરીને અડધું પોતે ખાધું અને અર્ધું મને આપ્યું. આ કેળુ ખાઈને હું ત્યાંથી નીકળ્યો. મને હું કોઠારી સ્વામીની કેવી બીક કે લગ્ન કરીને દર્શન કરવા અમે ગયા તો કોઠારી સ્વામી કહે તારે રસોડે નથી જવાનું તારે અહીંયા જ જમવાનું અને ઘરના માટે થાળી લઈ જજે. મેં કહ્યું, સારું. એક ભગત હાર પરોવતા હતા એટલે સ્વામીએ કહ્યું, આને હાર પરોવતા આવડે છે એમ કહી કોઠારી બીજા કામમાં શાકભાજી લેવા ગયા ત્યાં એ સ્વામીને મેં કહ્યું, સ્વામી તમે હાર પરોવો મને હાર પરોવતા આવડતો નથી ને પરોવવોય નથી. ત્યાં સ્વામીએ રાડ પાડી કે કોઠારી સ્વામી આ હાર પરોવવાની ના પાડે છે. ત્યાં મેં કહ્યું, સ્વામી તમે જાઓ હાર પરોવાઈ જશે.

અમે દુબઈ હતા ત્યારે અન્ય દિવસ હોય તો સૌ વ્હેલી સવારે સમૂહ આરતી કરીને કામે જતા અને જ્યારે ઈદની છૂટ્ટી આવે ત્યારે ત્રણ દિવસની છૂટ્ટી એમાં અમે ભજન કરતા અને સેવાનો રાઉન્ડ થાય તેમાં સેવાઓ બોલાય. ભજન અને ભોજન, ધામધૂમથી થાય. એકવાર ધીરુ મૂછડને ત્યાં ઈદની સભાનું આયોજન કરાયું હતું, ત્યારે એક મોટી બારીમાંથી મહારાજ સફેદ હાથી પર બેસીને આવ્યા એ દર્શન વિશ્રામભગત ગુરુને થયા ત્યારે કાનજીબાપા, શાન્તિલાલ બગીચાભગત હતા. મોટા મોટા ભક્તો બધાય હતા ત્યારે બધાને ભાસ થયો, મહારાજ આવ્યા છે પણ દર્શન એક વિશ્રામભગતને થયા હતા એ જ્યારે કથા-વાર્તા ચાલુ થઈ ત્યારે વાત કરી અને બીજાએ પણ સાક્ષી પૂરી કે મહારાજ આવ્યા હતા. એટલે આ વાત મહારાજ પધાર્યા હતા તે પાક્કી થઈ એમ અમે ઉત્સવ કરતા ને થાક્યા-પાક્યા હતા એટલે

સૂઈ ગયા હતા તો મહારાજ દર્શન દેવા આવ્યા હોય તો અમારી છાતી પર ચરણારવિંદ મૂકીને અદૃશ્ય થઈ જતા, આમ ઘણાં ભક્તોને આવા દર્શન થતાં.

એકવાર જેન્તિભગત પોરિયા, કાનજીબાપા અને હું અમે ત્રણ જણ હતા. હું બારણે સૂઈ જતો. એકવાર બાપા મોડા આવ્યા અને મહારાજની વાતો બહાર સોફામાં બેસી કરતાં કરતાં મોડું થઈ ગયું હતું. હું વિચારતો કે મારે સવારે વહેલું જવાનું અને મોડું થાય છે. પછી વાત પૂરી થઈ એટલે કાનજીબાપા કહે, મહારાજ આવ્યા હતા ને આપણી કથા સાંભળતા હતા અને રાજી થઈ કહેતા કે તમે બહુ સારી કથા-વાર્તા કરો છો.

એક વખત આ કંપનીમાંથી છૂટ્ટા થઈ એરપોર્ટમાં કોશિષ કરતા હતા ને આ કંપનીએ કહી દીધું કે તમારે કંપનીમાં રહેવાનું નથી. એટલે હું મહારાજની રૂમ એટલે કાનજીબાપા રહે છે ત્યાં ગયો પણ નિંદર આવતી નહોતી એટલે મારી પરિસ્થિતિ જોઈ શામજી મહારાજે મહારાજને પ્રાર્થના કરી. મહારાજ આનું ઠેકાણું કરી દો નહીં તો આનું ખસકી જશે. એટલે મહારાજની કૃપાથી મારું ઈન્ટરવ્યૂ ન લીધું અને મને સિલેક્ટ કરી લીધો ને એકને ઈન્ટરવ્યૂમાં પાસ કર્યો પણ ભરતભગતને સિલેકટ ન કર્યો. કારીગર પાકો પણ ઈંગ્લીશ કાચું એટલે નાપાસ કર્યો ને મને આ અમારી કંપનીએ એરપોર્ટ બનાવ્યું હતું એટલે મને દરેક જગ્યાની ખબર અને ગોરાને આરબા બધા ઓળખતા હતા પણ ભરતને ન લીધો એટલે મેં આરબાને કહ્યું આમની પાસેથી હું કામ શિખ્યો છું અને એને તમે સિલેક્ટ કરો એની કાંઈ ફરિયાદ આવે તો પહેલાં મને ઈન્ડિયા મોકલજો એની જવાબદારી મારી એમ કહી એને સિલેક્ટ કરાવ્યો. ૧૯૮૪ થી ૨૦૦૯ સુધી દુબઈમાં મહારાજની દયાથી સેવા-ભક્તિ કમાણી કરી અને મોટાં સંતોના આશીર્વાદ અને આજ્ઞાથી રાજીનામું આપી દેશમાં આવતા રહ્યા પછી દેશમાં જ કામકાજ કરી મહારાજની સેવા-ભક્તિ કરીને ફુંકાવાવ તેમજ ફુલવાડી મંદિરે પણ યથાશક્તિ સેવાનો લાભ લઈને મહારાજને વિશેષ રાજી કર્યા છે.

પરચા નં.
૪૧.

## અનાદિ મુક્તરાજ શાંતિલાલભગત પુંજાભગત વાઢેર
### ગામ : જામવંથલી, હાલ- રાજકોટ

**શાંતિલાલ** વાઢેરને નાની વયે પણ પ્રગટ ભગવાનમાં ખૂબ જ દૃઢ ભાવ અને ભગવાનપણાંનો નિશ્ચય હતો. મહારાજ જામવંથલી હોય કે રાજકોટ, જુનાગઢ કે જામનગર હોય પરંતુ શાંતિલાલભગત અચુક દર્શન કરવા જાય અને મહારાજની સેવાઓ કરે તે વખતની સ્થિતિ નબળી પણ ભગવાનને કંઈક આપવું. પ્રગટ ભગવાને ભક્તોની ૧ રૂ.થી કરીને રૂ.૧૦૦ જેટલી નાની નાની સેવાઓ પણ ખૂબ જ રાજીપાથી સ્વીકારી ભક્તોને સુખીયા કર્યા છે અને રાજીપો, હેત વરસાવ્યું છે. શાંતિલાલ ભગત વાઢેર વંથલી મહારાજ પધારે ત્યારે નાના યુવાનો, બાળઘનશ્યામ મંડળી બનાવી ધૂન, ભજન, આરતી કરવાની સાથે મહારાજને રાજી કરવા રાસોત્સવ ફુલવાડીમાં કરતા. તેથી મહારાજ રાજી થતાં.

ઈ.સ. ૧૯૮૩માં અબુધાબી કંપનીમાં અમો કામ કરતા હતા. ૪૫ ફૂટ ઊંચેથી બાંધેલી પાલક હલબલીને ભાંગીને નીચે પડી. જ્યારે આવું થવા માંડ્યું ત્યારે મેં મહારાજને પ્રાર્થના કરી કે બચાવો, આમ બોલી મેં આંખ બંધ કરી દીધીને નીચે પડ્યા. મેં મહારાજને કાગળ નો'તો લખ્યો. મહારાજે મને સામેથી કાગળ લખ્યો કે સિડીની નીચે ગેબ હતો ત્યાં આવીને અમો બેઠા હતા ને તમને વધારે વાગવા નથી દીધું. ખાલી નિશાન પૂરતું લગાડ્યું અને રક્ષા કરી લીધી ને નવી જિંદગી આપી દીધી છે. નવી જિંદગીનો મહિમા ખૂબ સમજવો. આમ મારી પ્રગટ ભગવાને રક્ષા કરીને જીવતો રાખ્યો.

ઈ.સ. ૧૯૭૯માં અમો દુબઈથી જૂનાગઢ મહારાજના દર્શને ગયા સવારમાં મહારાજ નાહીધોઈ રૂમમાં આવ્યા, હું બેઠો હતો. મહારાજે મને લખવાના ઢાળિયા પાસે બેસાડ્યો અને ઢાળિયામાંથી ડાયરી કાઢી મને બતાવી મહારાજ કહે જો આને દીકરો આપ્યો ને આને દીકરો આપ્યો. હજી છગનભગત કાચાને આપવાનો. જયંતિભગત કચ્છવાળાને આપવાનો ને તને આપવાનો. પછી મહારાજે પાણીનો લોટો ભર્યો અને ૨૪ અવતારની મૂર્તિ પાસે ઊભા રહી પાણીનો લોટો ઉંચો કર્યો. ત્યારે હું મહારાજના ચરણમાં જ બેઠો હતો. પ્રગટ ભગવાન બોલ્યા, 'હે ભગવાન આ લીલાવંતીને દિકરો આપો. આમ મહારાજ બોલ્યા ને આશીર્વાદ આપ્યા.

ઈ.સ. ૧૯૮૦માં અમો દુબઈથી આવ્યા પછી બીજા દિવસે દર્શન કરવા ગયા

મહારાજની રૂમમાં ગયા, મહારાજ પૂજા કરતા હતા પછી મેં મહારાજને દંડવત્ત કર્યા. મહારાજ મને આશીર્વાદ આપી કહે ધનવાન, પુત્રવાન, આયુષ્યમાન થાઓ. બાદમાં હું મહારાજની સેવા કરતો હતો ને પ્રગટ ભગવાન બોલ્યા કાંઈ જોઈએ તે માગ. હું કંઈ બોલ્યો નહીં ને સેવા કરતો રહ્યો ને વળી મહારાજ બોલ્યા કે હજી કાંઈ જોઈએ તે માંગી લે હું કંઈ બોલ્યો નહીં ને સેવા કરતો રહ્યો. ને વળી ત્રીજી વખત મહારાજ બોલ્યા કે હજી કહું છું માંગી લે. હું કંઈ બોલ્યો નહીં. ને પછી મહારાજ કહે, આખા ભગવાન તને રાજી થઈ સોંપાઈ ગયાં. હવે તારે બીજું શું જોઈએ. આમ મહારાજ બહુ જ રાજી થયા.

ઈ.સ. ૧૯૮૨માં અમે અબુધાબી કંપનીમાં કામ કરતા હતા અને ફુલવાડી મંદિર માટે સેવાનું લિસ્ટ મહારાજે બનાવીને કાગળ દુબઈ લખ્યો. જે ભક્તો હતા તેનું નામ અને આટલી સેવા વ્યક્તિદીઠ મહારાજે લખેલ. કોઈના પાંચ, કોઈના દસ, કોઈના પંદર, કોઈના વીસ, કોઈના પચાસ. આ રીતે પ્રગટ ભગવાને પોતે જ લખીને મોકલેલ. મહારાજે પત્રમાં લખેલ કે હા વાળા લિસ્ટ શોભશે અને ના વાળા લિસ્ટ આકાશમાં રફુચક્કર થઈને ઉડશે. આ પ્રગટ ભગવાનની આજ્ઞા હતી. મારા નામ પર મહારાજે વીસ હજાર લખેલા હતા. તે સેવા મેં છ મહિનામાં ઈ.સ.૧૯૮૨માં જ ભરી ચૂકતે કરી દીધી. પછી કંપનીવાળા મને ત્રણ મહિનામાં જ દેશમાં મોકલી આપ્યો. દેશમાં આવ્યા પછી હું બીજે દિવસે મહારાજના દર્શન કરવા જૂનાગઢ ગયો ત્યાં મહારાજના રૂમમાં જઈને દંડવત્ત કરવા લાગ્યો. મહારાજે ઊભા થઈ માથા પર પગ મૂક્યો. મહારાજ બોલ્યા સારું થયું ભલે તું આવ્યો ને પછી હું મહારાજની સેવા કરવા લાગ્યો.

મહારાજ બોલ્યા કે, નંદરાજાએ સમગ્ર પૃથ્વીનું નાણું ભેગું કર્યું ને દાટ્યું ક્યાં તને ખબર છે. એમ બોલી મહારાજે હાથનો લટકો કરી મને કહે કે સમુદ્રના બેકડામાં દાટ્યું તેની પાસે વરાહ ભગાનનું હાડકું હતું. તેને લઈને સમુદ્રમાં આવતો જતો ને પછી બન્યું એવું કે નારદજી આવ્યા અને રાણીને કહે : 'નંદરાજા એની જુની રાણી મરી ગઈ છે. તેનું હાડકું તેના કોટનાં ખિસ્સામાં જ રાખે છે. આવી વાત નારદજીએ નવી રાણીને કરી. પછી રાણીએ તેને પીસીને વાટીને કઢીમાં નાખી દીધું પછી સાંજે જમવા રાજા-રાણી બધા જમવા બેઠા. ત્યારે રાણીએ રાજાને પૂછ્યું કે આજ રસોઈ કેવી થઈ છે ? ત્યારે નંદ રાજા કહે : 'તું રસોઈ બનાવે તેમાં કાંઈ ખામી ન હોય. ત્યારે રાણી બોલી કે, ઓલી જુની રાણીનું હાડકું વાટીને કઢીમાં નાખ્યું છે. એટલે આમ રાણી એટલું બોલી ત્યાં તો નંદરાજાનો શ્વાસ, પ્રાણ ઉડી ગયો અને

રાજા મરણ પામ્યો. મહારાજ કહે, નંદરાજાનું ક્યાંય કામમાં ન આવ્યું પણ તમારું નાણું લેખે લાગી ગયું. આમ ખૂબ જ રાજી થઈ આશીર્વાદ આપ્યા.

ઈ.સ.૧૯૮૦માં અમો અબુધાબી અલહુસેન કંપનીમાં કામ કરતા હતા, શુક્રવારે રજા હતી. મને એમ થયું કે, રામજીભગત મકવાણા તેને મળવા જાવ. હું સવારે ૮ વાગે મળવા માટે નીકળ્યો. રોડ પર ચાર રસ્તા પાસે ત્રણ કલાક ઊભો રહી ત્રણ ચાર કલાક કોઈ ટેક્સી કે વાહન ન મળ્યું. મેં અંતરથી પાકું કરી લીધું હતું કે ગમે તે થાય જાવું તો છે જ, અહીંથી પાછું જવું નથી. હું ટેક્સીની રાહ જોઈ ઊભો રહ્યો મને ૧૧-૩૦ વાગે ટેક્સી મળી હું ટેક્સીમાં બેઠો, ટેક્સી પાંચ છ કિ.મી. આગળ ચાલીને શું થયું ? તો ટેકસી ફોરટ્રેક રોડ ટપીને રેતીના પારામાં ઘૂસી ગઈ. ટેક્સીવાળો મને કહે, એક લાલ કપડાં પહેર્યા હતા અને હાથ મેં લાકડી થા ઉસને આ કે એ ટેક્સી રોકી. નહીંતર અપને મર જાને વાલે થા. આવી રીતે પ્રગટ ભગવાને અમારી રક્ષા કરી.

ઈ.સ.૧૯૮૦માં અમો દુબઈથી છૂટીને બીજા દિવસે મહારાજના દર્શન કરવા ગયા. ત્યાં જઈ મહારાજને દંડવત્ત પ્રણામ કરી મહારાજની સેવા કરવા લાગ્યો. મહારાજ કહે કે, આજ તને ધર્મ-અર્થ, કામ અને મોક્ષ એ ચારેયની સિદ્ધિ પ્રાપ્ત થઈ ને મને વાસામાં થાપો મારી સિદ્ધિ પ્રાપ્ત કરાવી ને કહ્યું, તમો મારા અનન્ય ભક્ત છો. આ રીતે પ્રગટ ભગવાને મને રાજી થઈને આશીર્વાદ આપ્યા. તે દિવસે હું રાતે મહારાજના રૂમમાં સેવા કરતો હતો. મહારાજનો વાંસો દાબતો હતો ત્યારે મહારાજ બોલ્યા કે, ડોક દબાવ અને માથું દબાવ. ત્યારે મહારાજ કહે, મેં નજર કરી ત્યાં તો મારો ભગત દરિયામાં પડી ગયો છે ને મેં જોરથી માથું મારીને બીજા હોડકામાં ચડાવી દીધો. તે ભક્ત દુબઈવાળા કાનજીભગત સોજિત્રાને બાપાએ દુબઈમાં કોઈ ને કહ્યું નહોતું. હું દુબઈ ગયો ત્યારે કાનજીબાપાને પૂછ્યું કે, કોણ દરિયામાં પડ્યું હતું ? ત્યારે બાપાએ મને કહ્યું, હું જ દરિયામાં પડ્યો હતો. ત્યારે મેં કહ્યું, ત્યારે હું મહારાજને દાબતો હતો ને મહારાજ મને કહે ડોક દાબ. એક ભગત દરિયામાં પડી ગયા હતા તેની દિવ્યરૂપે રક્ષા કરી હું પાછો જૂનાગઢ આવી ગયો. આ પ્રગટ ભગવાનનો પરચો. ભગવાન ભક્તોની રક્ષા એ રીતે કરે છે.

ઈ.સ.૧૯૮૧માં અમો દુબઈથી કામ પૂરું કરી ઈન્ડિયા આવતા રહ્યા. હું જામવંથલી હતો ને મહારાજ પાસે હું જૂનાગઢ ગયો. મહારાજ આરામખુરશી પર બેઠા હતા. મેં મહારાજની દિવ્ય સેવાનો લ્હાવો લીધો. સવારમાં રૂપિયાનો સિક્કો અંગુઠા પર રાખી

ઉલાળ્યો ને મને કહે લઈ લે ! તે દિવસે ૧૧-૩૦ વાગ્યે બીજો સિક્કો અંગુઠા પર રાખી મહારાજે ઉલાળ્યો મને કહે લઈ લે પછી તે જ દિવસે ત્રણ વાગે હું રૂમમાં ગયો. મહારાજે સિક્કો લીધો ને અંગુઠા પર રાખી ઉંચે ઉલાળ્યો મને કહે આ લઈ લે તું. આવી રીતે મહારાજે એક દિવસમાં રાજીપાના ત્રણ સિક્કા મને આપ્યા પ્રસાદીના. બીજું તે વખતે મારું દિલ ઉદાસ હતું કારણ કે મારા નાના નાના ત્રણ બાળકો ધામમાં ગયા હતા ને મહારાજે મને કહ્યું કે, તું જા અને જામવંથલી ફુલવાડીમાં નારાયણબલી કરી નાખ. મેં જેઠ મહિનાની અમાસે ફુલવાડીમાં નારાયણબલી કરાવ્યું ને મહારાજે કહ્યું હતું કે, તું નારાયણબલી કરીશ ત્યારે બાર વાગે હું ફુલવાડી હાજર રહીશ ને મુંગે મુંગુ તે પિતૃ પાણી પી જાશે. આ રીતે મારી નડતર મટાડીને જે ત્રણ સિક્કા આપ્યા તે બાળકો રૂપે આપ્યા હતા. મને મહારાજે જ્યારે આશીર્વાદ આપ્યા ત્યારે કહ્યું કે, મારી મૂર્તિ જેવી મૂર્તિ ભગવાન તમોને આપે તેને રમાડો અને રાજી થાવ. આવા આશીર્વાદ ભગવાને મને આપેલા.

ઈ.સ.૧૯૮૫માં દુબઈમાં અમો પોરિયા કંપનીમાં ખલીવલીમાં કામ કરતા હતા. ત્યાં મારી પર મહારાજનો પ્રસાદીનો પત્ર આવ્યો, પ્રસાદીમાં લખેલ કે વાકમાં આવેલ જન રાજ્યનો ગુનેગાર નહીં થાય. આમ મહારાજે પત્રમાં લખેલ પછી તો મને થોડી ચિંતા જેવું થતું હતું. મેં ત્યાં કાનજી અને વશરામભગતને વાત કરી કે મહારાજે આ લખ્યું છે, માટે કંઈક થવાનું લાગે છે. પછી થોડા દિવસ પછી આમ બન્યું. ગિસેસ સાઈડ પર અમારી ભેગા બીજા ભક્તો સિવાયના હતા તે લોકો ત્યાં ગાર્ડનમાં ફરવા ગયા હશે તે બગીચામાં ખરાબ વર્તન કર્યું હશે. આવું બધું બન્યું ત્યારે હું અને જયંતિ પોરિયા બંને તો કાનજીબાપાને મળવા ગયા હતા તે રાતે જમીને કાનજીબાપાને ત્યાંથી અમારી ઉપર દરવાજા પાસે આવ્યો. ત્યાં તો સીઆઈડી પોલીસવાળાએ મારા અને જયંતી પોરિયા પર એક હાથ રાખી દીધો. અમારી રૂમે ગયા ત્યાં તો ત્યાં જે હતા તને પોલીસવાળા તો મારામારી કરતા હતા ને ત્યાં મને અને જયંતીને ઊભા રાખ્યા અને પોલીસ જેને મારતા હતા તેને પૂછ્યું કે જે ત્યાંથી ભાગી ગયા તે આ જ છે તે પછી લોકોએ ના પાડી. આ તો નથી. એટલે ત્યાં રૂમમાં દસ પંદર લોકો બેઠા હતા ત્યાં અમોને બેસાડી દીધા ને રાત્રે એક વાગે પોલીસ તેની બંને ગાડીમાં બેસાડીને પોલીસચોકીએ લઈ ગયા અમારી આગળ દસ-બાર લોકો હતા તેને તો જેલના કપડાં ચડી અને ગંજીયું પહેરાવી દીધા. છેવટે હું અને જયંતી પોરિયા બે બાકી રહ્યા. પોલીસની પાળી બદલાઈ અને બીજી પાળીવાળા પોલીસ આવ્યા. મને અને જયંતીને કહે, ક્યાં કિયા ? મેં કહ્યું, કંપનીમાં કામ કરું છું. તો તે કહે, કોઈ બાત નહીં ઈસ બાર જાને દેતા હું. આમ કહીને

અમોને છોડી મૂક્યા. આ રીતે મહારાજે અમારી રક્ષા કરી મુસીબતમાંથી ઉગાર્યા. આ પ્રગટ ભગવાનનો આ પ્રગટ પરચો છે.

ઈ.સ.૧૯૮૩માં હું દુબઈથી કામ પૂરું કરી દેશમાં વંથલી આવતો રહ્યો. પછી જામવંથલી ૧૫ ૨૦ ભક્તો અબુધાબી જવા માટે રૂપિયા દસ દસ હજાર બધાએ ભર્યા હતા. તે ભક્તો મને કહે, તમે આવો તો સારું. મેં કહ્યું, મારે આવવું નથી. પછી છગનલાલભગત કાચા મને કહે કે, આને તમે લીલીઝંડી આપશો તો જાશે. પછી આ ભક્તો મને કહ્યા કરે શું કર્યું આવવાનું ? જવાબ આપી હું થાકી ગયો. હું જૂનાગઢ મહારાજ પાસે ગયો. મહારાજે મને પૂછ્યું કે, શું કર્યું ? મે કહ્યું, શેનું ? મહારાજ કહે, અહીં રોકાવવાનું કે બહાર જવાનું ? મેં કંઈ જવાબ ન આપ્યો. મહારાજ મને કહે હવે તારે શું કરવું છે ? એટલે મેં કહ્યું, મહારાજ તમારે જેમ કરવું હોય તેમ કરો. ત્યાં તો મહારાજ બેઠા હતા. તે ગોઠણીયાભર થઈને મારા વાસામાં બે થાપા મારી કહે કે, એક દિકરાનો થાપો અને બીજો વિદેશ જવાનો થાપો. મહારાજે એવી ગોઠવણ કરી કે હું મુંબઈ ગયો. ત્યાં ઈન્ટરવ્યૂ, ડૉકટરી કરી પાંચમે દિવસે દુબઈ મોકલી આપ્યો.

ઈ.સ.૧૯૮૬માં મહારાજ ધામમાં જવાના હતા તે રાત્રે અમારે ત્યાં સભા હતી. તે દિવસે મોડી રાત્રે ત્રણ વાગ્યે મહારાજે મને જગાડ્યો અને કહ્યું, ઊઠ અને મારા ચરણ ચાટ. મેં મહારાજના ચરણ ચાટ્યા. પછી મહારાજે રાજી થઈને મને કહ્યું હું ક્યાંય ગયો નથી. તમારી ભક્તો ભેગો અખંડ છું. આમ મહારાજ ભક્તોની ભેગા જ છે.

આમ પ્રગટ ભગવાને શાંતિલાલ ભગત ઉપર ખૂબ જ રાજીપો અને હેત વરસાવ્યું છે. અને ભગતે ફુલવાડીની તન, મન અને ધનથી લાખો રૂપિયાની સેવા કરી છે. કુંકાવાવ, ફુલવાડી આદિક ધામોની સેવાઓ કરી છે અને આજ પર્યંત કરીને ભગવાનમય જીવન જીવી રહ્યા છે. ઘર પરિવાર પુત્રાદિકો પણ પ્રગટ ભગવાનનું ભજન સેવા કરી પ્રગટ ભગવાનની ભક્તિ કરી રહ્યું છે.



પરચા નં.
૪૨.

## અનાદિ મુક્તરાજ મોહનલાલભગત રતનશીભગત સાપરીયા
### ગામ : બાલંભા, હાલ- પૂના

**મોહનભગત** બાલંભામાં રહેતા હતા ત્યારે ભગતના ઘરમાં કુટુંબમાં ઘણી તકલીફો. એના ઉપાય સ્વરૂપે ભુવા-બ્રાહ્મણો-જ્યોતિષીઓ પાસે જોવડાવ્યું બધા તો અલગ અલગ વાતો કરી કહે, તમને નડતર છે. આમ જીવનમાં ઘણી તકલીફો પડતી હતી. મોહનભગતના બેન સ્વામિનારાયણ સંપ્રદાયમાં હતા એટલે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના પ્રતાપની તેમને ખબર હતી. જેથી બેનના કહેવાથી મહારાજ પાસે પ્રાર્થના કરવા વિચાર્યું.

ધ્રોલ તાલુકાનું બાલંભા ગામના મોહનભગત સાપરિયા જેઓ માતાજીના ભક્ત હતા. તેઓ ૧૯૫૦ની સાલમાં પૂના કડિયાકામ કરવા ગયા ત્યારે કાઠિયાવાડના ગામે ગામના કડિયાઓ રહેતા હતા. તેઓ ભજન મંડળી તથા નોરતાના ઉત્સવો કરતા અને મોહનભગત નવ નોરતાના ઉપવાસ કરતા તેઓના ઘરમાં સિકોતરી માતાજી બેઠા હતા અને મોહનભગતને હેરાન કરતા હતા. મોહનભગત પૂના ગયા પહેલા માતાજીના નૈવેધ કરી ન ગયા અને મોહનભગતને બેચેન બનાવી દીધા. કામે ગયા બાદ કામ કરવા અને પાછા ઘરે આવ્યા ત્યારે બેશુદ્ધ જેવા થઈને સૂઈ રહે. ત્યારબાદ ત્રીજા દિવસે કામે ગયા. ત્યારે આપણાં ગુરુભાઈઓએ કંપનીમાં કામ કરતા હતા મોહનભગત કામ પર ગયા ત્યારે વેલજીભગતને પૂછ્યું ભગત બે-ત્રણ દિવસ કામે કેમ નહોતા આવ્યા ત્યારે મોહનભગતે સિકોતરી માતાની વાત કરી અને વેલજીભગતને કહે તમારાથી કાંઈ થાય તેમ હોય તો મારું દુઃખ મટાડો. ત્યારે વેલજીભગત કહે મારાથી આમાં કંઈ થાય તેમ નથી માટે તમો મહારાજ પાસે જાવ. હાલમાં મહારાજ જામવંથલી છે ત્યાં જઈને મહારાજને વાત કરજો તમારું દુઃખ ટાળી દેશે અને વેલજીભગતે મોહનભગતને સમજાવ્યું કે તમે પહેલાં મહારાજ પાસે વર્તમાન ધરાવીને કંઠી બંધાવી લેજો બાદ સિકોતરી માતાની વાત કરજો.

ત્યારબાદ મોહનભગત બીજા જ દિવસે પૂનાથી જામવંથલી જવા નીકળ્યા અને સવારે પાંચ વાગ્યે રાજકોટ પહોંચ્યા ત્યાંથી સવારે ૭-૧૫ની લોકલ ગાડી પકડીને ૯ વાગ્યે જામવંથલી પહોંચ્યા અને તેમના ફોઈબાને ઘેર જઈ સ્નાનવિધિ પતાવી, નાસ્તો કરી બેઠા ત્યારે એમના ફોઈએ પૂછ્યું મોહન શું કામ માટે દેશમાં આવ્યો છો ? ત્યારે મોહનભગતે સિકોતરી માતાની વાત કરી. ત્યારે એમના ફોઈ કહે તારા ફુવાને લઈ મંદિરે જા. મહારાજને

વાત કરજે તુરત જ ફુવા સાથે મંદિરે ગયો મોહનભગતને મહારાજને દંડવત્ કરતા શરમ આવી એટલે જય સ્વામિનારાયણ બોલીને મહારાજ સામે બેઠા ત્યારે મહારાજે સામેથી જય સ્વામિનારાયણ બોલીને આવકાર્યા અને મોહનભગતને કહે ભગત ક્યા ગામથી આવો છો ? ત્યારે મોહનભગત કહે મહારાજ હું પૂનાથી આવું છું. મને વેલજીભગતે મને તમારી પાસે મોકલ્યો છે અને મને વર્તમાન ધરાવીને કંઠી બાંધીને તમારો શિષ્ય બનાવો. ત્યારે મહારાજે હાથમાં પાણી લઈ મોહનભગતના માથા પર છાંટીને માથે હાથ મૂકી મંત્ર બોલી વર્તમાન ધરાવી કંઠી બાંધીને આશીર્વાદ આપ્યા જાવ સુખી થાવ. અમારું ભજન કરજો ત્યારબાદ મોહનભગતે પૂજા માટે મૂર્તિઓ આપવાની વાત કરી ત્યરેમ હારાજે પોતાના ચિન્હવાળા હાથની મૂર્તિ તથા પલાંઠીવાળી બેઠા છે તે મૂર્તિ અને નાનું સ્વરૂપ પાઘવાળી મૂર્તિ આપી ચંદન ઘસવાની વાટકી આપી અને એક ચંદનનો ગાંઠિયો આપ્યો અને બોલ્યા નિયમીત પૂજા કરજો.

ત્યાર બાદ મોહનભગત મહારાજ ામે ઘણીવાર બેસી રહ્યા ત્યારે મહારાજ કહે કંઈ સમસ્યા લઈને આવ્યા હો તો અમને જણાવો. ત્યારે પોતાના ઘરમાં બેઠેલી સિકોતરીની વાત કરી ત્યારે મહારાજ કહે કાલે સવારે તમે ધ્રોલ જઈને ટેકસી ભાડે કરી આવજો આપણે બાલંભા જઈને માતાજીનો ઉદ્ધાર કરી નાખશું.

બીજા જ દિવસે મોહનભગત સવારમાં ઊઠીને પૂજા-પાઠ કરી એના ફુવાને સાથે લઈ મંદિરે ગયા મહારાજને દંડવત્ પ્રણામ કરી સામે બેઠા અને બોલ્યા જાવ ટેક્સી ભાડે કરી આવો. ત્યાર બાદ આપણે બાલંભા જઈને માતાની વિધિ કરીશું. તરત જ મોહનભગત અને ફુવાને સાથે લઈ ધ્રોલ પહોંચ્યા અને જૂના બસસ્ટેશનથી ટેકસી લઈને જામવંથલી મંદિરે આવ્યા ત્યારે મહારાજ સ્વયંપ્રકાશસ્વામીને કહે ચાલો આપણે બાલંભા જવું છે. ત્યારે તુરત જ ટેકસીમાં બેસી ચારેય બાલંભા પહોંચ્યા અને મોહનભગતના ડેલા પાસે ટેકસી ઊભી રાખી અને ફળિયામાં ગયા બાદ મહારાજ મોહનભગતને કહે ચાલો ક્યા રૂમમાં માતાજી બેઠા છે ? મહારાજનું કહેવું સાંભળી બાજુમાં ઊભેલા લોકો આપસમાં વાત કરવા લાગ્યા કે મોહનભગત સ્વામિનારાયણના સાધુને લાવીને સિકોતરી માતાજીના ફળાને ઉખેડવા આવ્યા છે. પરંતુ માતાજી સાધુને પણ પાડી દે એવા છે. ત્યારબાદ જે રૂમમાં માતાજી બેઠા હતા તે રૂમમાં મોહનભગત મહારાજને લઈ ગયા. મોહનભગતે માતાજીના ફળા મહારાજને બતાવ્યા ત્યારે મહારાજ કહે લાવો ઘડામાંથી પાણી ત્યારે મોહનભગતે ઘડામાંથી પાણી ભરીને લોટો મહારાજને આપ્યો ત્યારે મહારાજે એક જંલી પાણી છાંટ્યું, બીજી અંજલી

પાણી છાંટ્યું ત્યાં તો માતાજીના ફળા ધ્રુજવા લાગ્યા અને ત્રીજી અંજલી પાણીની છાંટી બાદ ફરી ધ્રુજવા બંધ થયા ત્યારે મહારાજે સ્વયંપ્રકાશસ્વામિને કહે લઈ લ્યો તમારી જોળીમાં આ માતાજીના ફળા ત્યારે સ્વયંપ્રકાશે માતાજીના ફળા જોળીમાં લઈ લીધા ત્યાર બાદ ત્યાંથી ટેકસીમાં બેસી ચાલી નીકળ્યા અને રસ્તામાં ઊંડ નદી આવી અને મહારાજે ટેકસી સાઈડમાં કરાવીને સ્વયંપ્રકાશસ્વામીને કહે પધરાવી આવો આ માતાજીના ફળા ત્યારે સ્વામીએ ફળા નદીમાં પધરાવી દીધા ત્યાંથી જામવંથલી પહોંચ્યા.

એક વખત મોહનભગત જામવંથલી આવ્યા હતા ત્યારે મહારાજનું ફુલવાડીમાં કૂવો ગાળવાનું કામ ચાલું હતું ત્યારે મહારાજે એ કૂવામાં સેવા બતાવી તો મોહનભગતે થોડો ગાર કાઢી સેવાનો એ પ્રથમ લાભ લીધો હતો.

મોહનભગતે મહારાજની શરણાગતિ લીધી પછી ભગવાને તેમનું જે દુઃખ હતું તે ટાળ્યું ને સુખીયા કર્યાં. હવે કડિયાકામ અર્થે પૂના જવાનું થયું. ત્યાં આ વેલજીભગત, તુલશીભગત, મોહનભગત અને બીજા ભક્તોના સમૂહમાં રહી દરરોજ ધૂન-ભજન કરતા. આમ મહારાજની દિવસે દિવસે સત્સંગ દ્વારા ઓળખાણ થવા લાગી અને મહારાજ પોતે સ્વયં ભગવાન છે એમ જીવનમાં દૃઢ થઈ ગયું અને મોહનભગત જૂનાગઢ દર્શન કરવા જતાં તો ત્યાં મહારાજની સેવા કરતા, હાર પહેરાવતા, ચરણસેવા કરતા, આમ મહારાજને રાજી કરતા. ભગત પૂના ગયા પહેલા બે-ત્રણ વખત જૂનાગઢ દર્શન કરી આવ્યા હતા અને મહારાજ શાસ્ત્રો લખતા અને ચરણ લાંબા કરી ચરણસેવાનો લાભ આપતા.

મોહન ભગત એક વખત દુબઈ ગયા ત્યારે વધુ બીમાર પડયા અને અન્ન જરા પણ ખવાય નહીં અને શરીર સુકાઈને લાકડા જેવું થઈ ગયું અને મોઢા પરસોજા ચડવા માંડયા. ત્યારે પાણી કે અન્ન પેટમાં રહે નહીં. એકદમ બીમાર પડી ગયા અને ભગત ડેરા સાઈડ ઉપર એકલા જ રહેતા હતા. ત્યારે ભગતે પ્રગટ મહાપ્રભુ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સામે ધ્યાન ધરીને પ્રાર્થના કરી અને આંખમાં આંસુ આવ્યા અને કહ્યું કે, હે ભગવાન પ્રગટ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ રક્ષા કરો, દુઃખ ટાળો, દર્શન આપો, આપ તો ભક્તવત્સલ ભગવાન છો. એટલી અરજી કરીને ડૉકટર પાસે દવા લેવા ગયા તો ડૉકટરે ૧૩ દિવસ ઈન્જેકશન લેવા કહ્યું તો ૧૩ ઈન્જેકશન લીધા એટલામાં મહારાજે પ્રસાદી રૂપે ગુલાબની પાંખડી મોકલાવી અને મેં એ ગુલાબ પાંખડીની પ્રસાદી ખાધી અને ૧૩ દિવસમાં એકદમ બીમારી ચાલી ગઈ. આવી રીતે મહારાજે ભગતનું દુઃખ મટાડયું.

એક વખત મોહનભગતને સંકલ્પ થયો કે, જૂનાગઢ મહારાજ પાસે ૧ મહિનો સેવા કરવી છે. આમ જૂનાગઢ ગયા, મહારાજ પાસે રહ્યા અને મહારાજને નવરાવવા, હાર પહેરાવવા, જમાડવા, ચરણસેવાનો લાભ મળતો અને એક વખત ચરણસેવામાં ગુલાબની એટલી બધી સુગંધ આવી કે ન પૂછો વાત એટલી સુગંધ આવી હતી.

એક વખત અમે પૂનામાં મહારાજની ધૂન-ભજન કરતાં ત્યારે શાસ્ત્રીજી મહારાજની જય બોલાવતા, આરતી ઉતારતા. આમ દરરોજ ભજન કરતા. એક વખત આ જય બોલાવવા અને આરતી ઉતારવા બાબતે ૨૦-૨૫ જણા મોટા મોટા હરિભક્તો અને સાધુ આવ્યા અમને સમજાવવા કે, સાધુની જય ન બોલાય, આરતી ન ઉતારાય. આમ ઘણાં ઘણાં વચનામૃત અને બીજી સત્સંગની વાતો કરીને સૌ ભક્તોને સમજાવતાં હતાં ત્યાં મોહનભગતમાં એક જાતનો આવેશ આવી ગયો અને મોહનભગતે એ સાધુના ખોળામાં માથું મૂક્યુંને બોલ્યા સ્વામી આ રહ્યું મારું માથું આ ઉતારવું હોય તો ઉતારી લ્યો પણ શાસ્ત્રીજી મહારાજની જય તો બોલશું અને આરતી પણ ઉતારશું. સાધુ અને હરિભક્તો સ્તબ્ધ થઈ ગયા. કાંઈ ન બોલ્યા ને બધા ત્યાંથી ચાલ્યા ગયા. પછી તો અમે શરણાગત મંડળના ભક્તોએ ભેગા થઈ બીજી રૂમ ભાડે રાખીને ત્યાં ભજન કરતા અને સત્સંગ કરતા. જેથી એકરૂચીવાળા ભક્તો હોવાથી દિવ્ય સત્સંગ થવા લાગ્યો અને ભગવાનનું ભગવાનપણું છલકવા લાગ્યું અને સર્વે ભક્તો મજબૂત થવા લાગ્યા ને ભગવાનને વધારે ને વધારે રાજી કરવા લાગ્યા.

કુંકાવાવમાં ઈ.સ.૧૯૭૫માં મૂર્તિ પધરાવ્યા પછી ભક્તો વિદેશ જવા લાગ્યા. મહારાજની કૃપાથી મોહનભગતને વિદેશમાં કોઈ જાતની તકલીફ પડી નથી અને મહારાજની જૂનાગઢ, કુંકાવાવ, જન્મસ્થળ અને ફુલવાડીની અખૂટ સેવાઓ કરી છે. મોહનભગત મહારાજના અનન્ય અને વિશ્વાસુ ભગત હતા. જેથી જે કાંઈ સેવા કે આજ્ઞા કરવાની હોય તે મહારાજ આ મોહનભગતના પત્રમાં આજ્ઞા, ઉપાસના અને સમજણની વાતો લખતા અને ભગત પણ મહારાજનો વિશ્વાસ જાળવી રાખતા અને ધામના મુક્ત પ્રમાણે ભગવાનને ભજતાં અને બીજાને ભજાવતાં.

એક વખત હું દુબઈ માં ખૂબ બીમાર પડ્યો અને અન્ન જરા પણ ખવાય નહીં અને શરીર સુકાઈને લાકડા જેવું થઈ ગયું અને મોડા પર સોજા ચડવા માંડ્યા. ત્યારે પાણી કે અન્ન પેટમાં રહે નહીં અને એકદમ બીમાર પડી ગયો અને હું ડેરા સાઈડ ઉપર એકલો જ રહેતો હતો. ત્યારે મેં પ્રગટ મહાપ્રભુ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સામું ધ્યાન કરી પ્રાર્થના કરી અને આંખમાં

આંસુ આવ્યા અને કહ્યું કે, હે પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ મારી રક્ષા કરો, દુઃખ ટાળો, દર્શન આપો, આપ તો ભક્ત વત્સલ ભગવાન છો એટલી અરજી કરીને ડોકટર પાસે દવા લેવા ગયો તો ડોકટરે ૧૩ દિવસ ઈન્જેકશન લેવા કહ્યું, તો ૧૩ ઈન્જેકશન લીધા એટલામાં પ્રગટ ભગવાને પત્ર દ્વારા પ્રસાદી રૂપે ગુલાબની પાંખડી મોકલાવી અને મેં ગુલાબની પાંખડીની પ્રસાદી ખાધી તો ૧૩ દિવસમાં જ એકદમ બીમારી ચાલી ગઈ. આવી રીતે મહારાજે મારું દુઃખ મટાડ્યું. મહારાજે સૌ પ્રથમ જે લાલજી મહારાજની મુંબઈમાં પ્રથમ આઠ મૂર્તિ બનાવી તે આઠમાંથી એક મૂર્તિ આ મોહનભગત સાપરીયા પાસે છે.મુર્તિ આપીને મહારાજે કહ્યું હતું કે, તમારા છોકરાઓને જે જમાડો તે આ મને જમાડજો અમે જમી લઈશું અને રાજી થઈશું પણ અમારી મૂર્તિ કાયમ સેવામાં રાખજો.

મહારાજના કૃપાપાત્ર અનન્ય એકાન્તિક એવા આ ભગવાનના સંત મહારાજના અંગત ભક્તમાંના આ મોહનભગત સાપરીયા તેમણે મહારાજને ખૂબ રાજી કર્યા છે. મહારાજના ઝીણવટભર્યા ઉપદેશો જીવનમાં પચાવ્યા છે અને મહારાજની આજ્ઞા પ્રમાણે પોતાનું જીવન ભગવાન લેખે કર્યું છે. તેમના ત્રણ પુત્રો અને એક પુત્રી તેઓ પણ મહારાજને રાજી કરે છે. તથા પૂનામાં બીજા મોટા મોટા ભક્તો રહેતા હતા જે મહારાજના સિંહાસનના બજોઠ સમાન ગણાય છે. સત્યુગના પાયારૂપ આ ભક્તોએ ભગવાનને ભજ્યા છે, સેવ્યા છે, રાજી કર્યા છે.

મોહનભગતે વિદેશથી આવી ફુલવાડીમાં મહારાજના પૂજારી તરીકે ઘણા વર્ષો સેવા આપી છે. સાથે સાથે રસોડામાં મદદરૂપ થતા અને બગીચામાં શાકભાજી અને ગુલાબને ઉતારવા તથા શાકભાજી ઉછેરવા અને ગુલાબના હાર બનાવવા જેવી અનેક સેવાઓ કરતા. તેઓ ફુલવાડીમાં સાડા ત્રણ વાગે જાગી જતા અને નિત્યકર્મ પ્રમાણે સેવા કરતા રાત્રે મહારાજને ૯-૩૦ વાગ્યે પોઢાડી ભક્તો ભેગા મળી બેસતા રાજી થતા અને રાજી કરતાં. આમ સતત ઘડી બેસ્યા વિના સેવા કર્યા જ કરતા. એ જ પ્રમાણે મોહનભગતના પુત્ર પરિવારમાં પણ સેવા-સત્સંગનો વારસો યથાવત જળવાઈ રહ્યો છે. શ્રીહરિ શરણાગતિ મંડળમાં તેમજ મહારાજના પ્રસાદીના કુંકાવાવ, જૂનાગઢ તેમજ ફુલવાડી ધામમાં પણ તેમની તન-મન-ધનથી યથાશક્તિ સેવા રહી છે. ધન્ય છે મોહનભગતના આ અનાદિ મુક્ત પરિવારને...

પરચા નં.
૪૩.

## અનાદિ મુક્તરાજ જયંતીભગત હંસરાજભગત રાઠોડ

### ગામ : ચાવડા, હાલ- પૂના

**પ્રગટ** ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણ ભગવાનની કૃપાથી ચાવડા ગામે હંસરાજભગતને ત્યાં મારો જન્મ થયો અને નાનપણમાં જ મને મહારાજની પરિપૂર્ણ ઓળખ હતી તેથી મહારાજે મને કંઠી બાંધી મંત્રદિક્ષા આપી હતી અને ત્યારથી જ અનેકવાર યોગ્ય સમયે મહારાજના દર્શન સેવાનો લાભ મળતો.

એકવાર મારી બા ઉજીબેન સાંજના સમયે ૬ વાગ્યે પોતાની વાડીએથી ઘેરે આવતા હતા અને રસ્તામાં અંધારુ બહુ જ હોવાથી રસ્તામાંથી ગામના વચ્ચેથી એક લીમડાના ઝાડની બાજુમાંથી નીકળ્યા અને ત્યાં એક સર્પ નિકળ્યો તે ઉજીબેનના પગે વિંટળાઈ ગયો અને ડંખ માર્યા તેથી તેમણે ત્રણ વખત પોતાના પગ પર ઝાપટ મારી તેમાંથી એક ઝાપટ સર્પને લાગી તેથી સર્પના બે દાંત ઘૂટી પાસે લાગ્યા અને પછી ઘેર આવીને ભેંસ દોહીને દૂધ ગરમ કરીને ઘરે વાત કરી કે, મને પગ ફાટે છે. તો સર્પનો મોરો મૂક્યો અને સર્પ ઉતાર્યો પણ વધુને વધુ ઝેર ચડવા માંડયું પછી તાત્કાલિક જામનગર જવા માટે ગાડું જોડીને વંથલી જતા હતા. તેવામાં ત્યાં કાંઈ સાધન ન મળ્યું પછી પાછળથી એક ખટારો આવ્યો અને ડ્રાઈવરે પુછયું કે શું થયું છે. ત્યારે હંસરાજભાઈએ બધી વાત કરી. તો ડ્રાઈવર કહે, ચાલો તમને મૂકવા માટે આવું છું. તરત જ ફલા થઈને રીક્ષા કરીને જામનગર ગયાં.

જામનગરની ઈરવીન હોસ્પિટલમાં દાખલ કર્યા. રાતના બે વાગ્ય સુધી બેશુધ્ધ, કોઈ જાતની ખબર નહીં. આટલું ઝેર ચડી ગયું પછી બે વાગ્યા પછી સારું થયું અને બે દિવસ દવાખાને રોકાણા અને પછી ઘેર આવ્યા તો બિલકુલ તબિયત બગડી અને સર્પ કરડ્યો તે ચરિત્ર દેખાયા કરે. બે ત્રણ દિવસ આવી રીતે થયું ત્યારે પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે દર્શન આપ્યા અને પ્રસાદી ખવરાવી અને ૧ રૂપિયાની નોટ આપીને કહ્યું કે, અમે તમને કાંઈ થવા નહીં દઈએ માટે ચિંતા ન કરશો. જય સ્વામિનારાયણ કહીને અદશ્ય થઈ ગયા. આવી રીતે મહારાજે રક્ષા કરીને દર્શન આપ્યા.

એકવાર ઈ.સ.૧૯૭૭ની સાલમાં મારી તબિયત ખરાબ થઈ ગઈ હું બીમાર પડ્યો કોલેરાની તકલીફ થઈ થોડા દિવસ લોકલ ડૉકટરની દવા લીધી, થોડું સારું તો થયું બાદમાં વધુ તકલીફ થતા જામનગર ઈરવીન હૉસ્પિટલમાં એડમીટ કર્યો. મને દસ દિવસ થયા

દવાખાનામાં સારું તો થયું. પણ એક દિવસ રાત્રે વધારે તબિયત બગડી અને રાત્રે ૧-૩૦ થયા હશે. લોહીની ઊલટી થઈ ને સેલાઈનનો બાટલો ચડાવેલ તે સેલાઈન ચડતું બંધ થઈ ગયું. ડૉકટર આવ્યા અને જોયું કે હવે મુશ્કેલ છે. કેશ બચે તેવી શક્યતા નથી ને કોઈ તમારા સગા-વહાલા હોય તેમને બોલાવી લો.

હવે તે સમયે જેઠ મહિનાનો સમય હતો. એક બાજુ વરસાદની સિઝનમાં મારા બાપુજી મારી સાથે દવાખાને હતા અને ચિંતા કરે કે છોકરો બીમાર છે અને સારું થતું નથી. વરસાદના સમયમાં ખેતરમાં વાવણી કોણ કરશે. જો વાવણી નહીં થાય તો વરસ બગડે ને છોકરો દવાખાને છે. હવે શું કરવું ? આવી મનોમન ચિંતા કરતા હતા.

તે સમયે રાત્રે મહારાજે મને દર્શન આપ્યા અને કહ્યું તને ૭૮ વર્ષની આયુષ્ય આપું છું. દવાખાનાથી સારું થશે અને છૂટી આપ્યા પછી ચાર દિવસે વાવણીનો વરસાદ થશે. હવે દર્શન આપી મહરાજ શ્રી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે દર્શન આપ્યા અને આયુષ્ય આપ્યું ત્યારે હું સાવ બેશુદ્ધ હાલતમાં હતો. થોડીવાર પછી ડૉકટરે જોયું અને કોશિષ કરી તો સેલાઈનનો બાટલો ચાલુ થયું તેથી ધીમે ધીમે આશા જાગી. ચારેક દિવસે સાવ સારું થઈ ગયું. દવાખાનેથી રજા આપી. અમે ચાવડા ગામ આવવા નીકળ્યા. જામનગર સ્વામિનારાણ મંદિરે ગયા, બપોરનો સમય હતો. હું મંદિરની પ્રદક્ષિણામાં સૂતો હતો. બપોરે ૩ વાગ્યા હશે ને ઠાકોરજી જાગવાની તૈયારી હતી ત્યાં એક સંત (સ્વામિ) પ્રદક્ષીણા ફરતા હતા તેમણે મને જગાડીને પૂછ્યું અહીં કેમ સૂતો છો ? કોણ છો ? ક્યાંથી આવે છે ? આવી હાલત શું છે ? હું બેઠો થઈને સ્વામિને પગે લાગ્યો. જય સ્વામિનારાયણ કહીને બેઠો. સ્વામિ કહે. ગળામાં કંઠી જોઈ તને જગાડ્યો કોઈ સત્સંગીનો છોકરો લાગે છે.

મેં કહ્યું, હા સ્વામી. અમારું ગામ ચાવડા અને સ્વામિનારાયણના સત્સંગી છીએ. સ્વામી બીમાર હતો અને ૧૫ દિવસથી દવાખાને હતો. સ્વામી કહે, તારો હાથ બતાવતો. એમને મેં હાથ બતાવ્યો. સ્વામી કહે, તારા માથેથી મોટી ઘાત ગઈ છે ને હજી એ બે ઘાત છે પણ તારી આયુષ્ય ૮૦ વર્ષની જેટલી છે.

ત્યારે મેં કહ્યું કે, સ્વામી તમે ખોટું બોલો છો. તો સ્વામી કહે, કેમ ? મેં કહ્યું, સ્વામી જૂનાગઢવાળા શાસ્ત્રીજી મહારાજ શ્રીકૃષ્ણ વલ્લભાચાર્યજી મહારાજે મને દવાખાને રાત્રે દર્શન આપ્યા ને કહ્યું કે, હું તને ૭૮ વર્ષની આયુષ્ય આપું છું અને હું ભગવાન છું. તો સ્વામી કહે ૭૮/૮૦ બેય એક જ કહેવાય. સારું આરામ કર, હું જાઉં છું. સ્વામી જતા રહ્યા

અને મારા મનમાં મહારાજના દર્શન કરવાની જીજ્ઞાસા જાગી ઊઠી. સાંજે ટ્રેનમાં ચાવડા આવ્યા. મેં મારી બાને બીજે દિવસે બધી વાત કરી ને જૂનાગઢ દર્શન કરવા જવાનું કહ્યું. મારી બા કહે થોડું સારું થાય પછી જાજે ને એમ કરતા ચાર દિવસ થયા ને વરસાદ શરૂ થયો. જોરદાર વાવણીલાયક વરસાદ થયો. આવી રીતે મહારાજે મારી રક્ષા કરી અને ૭૮ વર્ષનું આયુષ્ય આપ્યું.

ત્યાર પછી થોડા દિવસ તબિયત સારી થઈ ને હું અને નારણભગત રાઠોડ ચાવડાવાળા અમે જૂનાગઢ મહારાજના દર્શન કરવા ગયા. મહારાજને જમાડવા માટે ભેંસના દૂધના પેંડા મારી બાએ બનાવી આપ્યા. નારણભગતને તેની બાએ ગાયના દૂધના પેંડા બનાવી આપ્યા અને અમે જૂનાગઢ જવા નીકળ્યા. પેંડા અને ઘી મહારાજને જમાડવા લઈ ગયા હતા. રસ્તામાં અમે નક્કી કર્યું. આપણે મહારાજને પૂછીશું કે, તમે દર્શન આપ્યાને આયુષ્ય આપ્યું તે ૪ દિવસ પછી વાવણીનો વરસાદ થશે તે સાચું કે કેમ ? આવું રસ્તામાં અમે નક્કી કર્યું.

બીજે દિવસે સવારે અમે જૂનાગઢ પહોંચ્યા નાહીને પૂજા કરી મહારાજના દર્શન કરવા ગયા. મહારાજને દંડવત્ કરી પગી લાગીને પેંડા અને ઘી મહારાજને આપ્યા. મહારાજ તમે જમો મહારાજ પેંડા જમ્યાને અડધો અડધો પેંડો પ્રસાદીનો મને અને નારણભગતને આપ્યો. તે અમે પ્રસાદી જમ્યાને મહારાજ કહે પેલા બેય ડબરા લાવ. બાજુમાંથી નારણભગતે ડબરા આપ્યા. એક ડબરામાં સાકર હતી અમને મહારાજે પ્રસાદીની સાકર આપી. મહારાજ કહે ચોકડીમાં ઊભા રહી ત્યાં સાકર ખાઈને હાથ ધોઈને આવો પછી પાછા મહારાજ પાસે આવ્યા. બીજો ડબરો ખોલ્યો તેમાં સોપારી હતી મહારાજે અમને બંનેને પાંચ પાંચ સોપારી પ્રસાદીની આપી. પછી અમે હેમંતભગતને સાથે લઈ બજારમાં ગયા. ત્યાંથી ગુલાબનો હાર, નારીયેળ અને સાકર લઈને મહારાજ પાસે આવ્યા. મહારાજને હાર પહેરાવ્યો, સાકર, નારીયેળ મહારાજને પ્રસાદી રૂપે ધર્યા અને મહારાજની આરતી ઉતારી દંડવત્ કર્યાં. પૂજા કરી અમે મહારાજની બાજુમાં બેઠા. મહારાજે ચરણ લાંબા કર્યા અમે બેઉ ભક્તો મહારાજની સેવા કરવા લાગ્યા. મહારાજ ઢાળીયા પર કંઈક લખતા હતા. અમને બેઈ એક બીજાને ઈશારો કર્યો કે, તું મહારાજને પૂછ. નારણભગત મને ઈશારો કરે કે તું પૂછ. થોડીવાર આમ ચાલ્યું ત્યાં મહારાજે લખવાનું છોડી અમારી સામે બેઠા અને સામે જોઈને કહે, શું પુછવું છે તમારે ? હું ભગવાન છું, દવાખાને હું જ આવ્યો તો. મેં તને ૭૮ વર્ષનું આયુષ્ય આપ્યું છે. ને તારા બાપાને ઉપાધી થતી હતી કે વાવણી કોણ કરશે ? માટે છૂટી આપ્યા પછી વાવણી- વરસાદ

થશે. આ બધું  મેં જ તને કહ્યું હતું અને હું ભગવાન છું તે બીજાને પણ કહેજે. આમ મહારાજ બહુ જ રાજી થયા. ત્યારે મને ભગવાનપણાનો પાકો નિશ્ચય થયો. આવા દયાળુ ભગવાન મારા પર રાજી પણ થયા અને નિશ્ચય કરાવ્યો અને દવાખાને દર્શન દઈને આયુષ્ય આપ્યું. વાહ પ્રભુ વાહ. તમારી કરુણાનો કોઈ પાર નથી, આવા ભગવાન કરુણાના સાગર છે.

અમે કામ શીખવા પૂના ગયા. પૂના કામ શીખી ને હું ને મનસુખભગત ઈરાક ગયા. નારણભગત દુબઈ ગયા એટલે હું મહારાજને મહિનામાં બે પત્ર લખતો. એક વખત એવું બન્યું કે અમે પ્લાસ્ટર કરતા હતાં ત્યાં ઉપરથી તાબુક પડ્યો ને મારાથી સાઈડમાં થઈ જવાયું અને તાબુક પાટીયા ઉપર પડ્યો ને પાટિયાના બે ટુકડા થઈ ગયા. આમ મને થયું મહારાજે મારી રક્ષા કરી એટલે મેં મહારાજને પત્ર લખ્યો. મહારાજનો વળતો પ્રસાદીનો પત્ર આવ્યો કે અમે તમારી રક્ષા કરી છે, રક્ષામાં બેઠા છીએ અને સરકારી વાંકમાં ન આવવું અને ભજન કરવું એવી મહારાજ દરેક પત્રમાં ભલામણ લખતા.

એક વખત એવું બન્યું કે, અમારી કંપનીમાં હડતાલ હતી અને અમે હડતાલીયા ભેગાં હતાં અને મનસુખભગત મને મળવા આવ્યા. ત્યારે હું ત્યાં ન હોવાથી તે મારી રૂમમાં રોકાયા અને આ બાજુ સરકારી ગાડીઓ આવી અને જે હડતાલ વાળા હતા તેને પકડી પકડીને લઈ જતા હતા. ત્યારે મારા બદલે મનસુખભગતને દંડ ન ભોગવવો પડ્યો. મહારાજની કૃપાથી મનસુખભગત બચી ગયા ને હું પણ બચી ગયો. ત્યારે મહારાજની ભલામણ કે સરકારના વાંકમાં ન આવવું. ત્યારે આ વાત સમજાણી. ત્યાર પછી મહારાજનું સ્મરણ કરતાં કરતાં કિર્તનની રચનાઓ થાતી તેમજ ભક્તો પાસેથી જે મહારાજના પરચાઓ સંભળાતા તે તે પરચાઓ હું લખી લેતો.

એક વખત ઈ.સ.૧૯૮૧માં બહેરીનથી હરીલાલ વેલજી ખોલિયાનો પત્ર આવ્યો કે મહારાજની આજ્ઞા છે કે, ફુલવાડીમાં મંદિર બનાવવું છે. માટે પંચવર્ષીય યોજના પ્રમાણે તમે સેવા કરજો એટલે હું મનસુખભગત, પ્રવીણ દામજી કાચા, ચંદુભગત આમ બધાં ભક્તોએ ચાર-પાંચ હજારની સેવા લખાવી. અહીં ઈરાકમાં કામ પૂરું થયું અમે દેશમાં આવ્યા. જૂનાગઢ મહારાજના દર્શન કરવા ગયા. ત્યાં એક સ્વામી આવ્યા અને મહારાજ માટે ફીજ લેવાનું હતું તો એ ફીજ લેવા ૨૦૦૦ની સેવા કરી અને મહારાજ માટે ફીજ લેવાયું. મહારાજ બહુ રાજી થયા. આમ અમે કામ શીખતા ત્યારે મહારાજના દર્શને જતા અને ૧૦૦ રૂપિયાની સેવા અમે માંડ માંડ કરી શકતા અને ૧૦૦ રૂપિયામાં તો મહારાજનો હાર, સાકર, ધોતીયાના સંતોને

રોકડ બે બે રૂપિયા સેવા અને પૂનાથી જૂનાગઢ આવવાનું ભાડું આમ રૂ.૧૦૦ માં માંડ માંડ સેવા થતી.

એક વખત અમારી ભેંસ વીયાણી પણ ભેંસના દૂધમાંથી માખણ થતું નતું. આમ પત્ર લખ્યો ને મહારાજનો આશીર્વાદ પત્ર આવ્યો અને શ્રીજીરક્ષા મોકલી તેથી ભેંસના ખીલે, ગોરીમાં અને ભેંસને શ્રીજીરક્ષા બાંધજો. તેથી માખણ ઉતરવા લાગ્યું પછી કોઈ આવતા જતા હોય તો મહારાજ માટે ઘી મોકલતા. આમ મહારાજની ઘણી ઘણી સેવા કરતા હતા.

એક વખત અમે દુબઈ ગયા ત્યાં દ્વારકાના બાબુભગત દાસાલેન્ડમાં હતા ત્યારે પગાર સારા પણ બાબુભગતનું માથું એવું દુઃખે કે ન પૂછો વાત. ત્યારે બાબુભગત કહે, મારે દેશમાં જવું છે. મેં કહ્યું, આટલા સારા પગાર, તમે આવ્યા એને હજુ આઠ-દશ મહિના થયા છે ને દેશમાં કેમ જાવું છે. બાબુભગત કહે, શું કરું મારું માથું એવું દુઃખે છે કે, મારાથી રહેવાતું નથી. આ માથું મટવા માટે મેં પાવાગઢ માતાજીની માનતા કરી પણ માથું મટતું નથી. એટલે મેં કહ્યું, અમારા ગુરુ ભગવાન છે અને તું કુંકાવાવની માનતા કર. એક શ્રીફળને સાકરની માનતા કર. ત્યારે કુંકાવાવની માનતા કરી અને મારા રૂમે આવ્યા ને મહારાજની ગુલાબ પાંખડી પ્રસાદીની મેં આપી અને કલાક પછી માથાનો દુઃખાવો મટી ગયો તે પછી બે ત્રણ વખત મહારાજના દર્શન જૂનાગઢ કરી આવ્યા પછી કુંકાવાવની માનતા પૂરી કરી અને આજે મહારાજના શિષ્ય થયા ને ભગવું કપડું પહેરે છે, મહારાજને ભજે છે અને તેનું કુટુંબ પણ મહારાજને ભજે છે. ફુલવાડીમાં મહિનો મહિનો સેવા કરે છે. તેમજ જ્યારે જ્યારે ફુલવાડીથી ફોન જાય તરત જ વળતી ગાડીમાં ફુલવાડી આવી જાય. સમૈયામાં રસોડામાં ખૂબ ખૂબ સેવા કરે છે. બગીચામાં સેવા કરે છે અને તેનું ઘરમંડળ પણ ફુલવાડીમાં સેવા કરવા આવે છે.

મેં ઈરાકમાં મહારાજના ઘણા કિર્તનો બનાવ્યા અને ઘણાં પરચાઓ લખ્યા. એ ઈરાકથી આવી રાજકોટમાં રામલાલ ટપુલાલને આપી અને કહ્યું કે, આ પરચા કિર્તનની બુક છપાવવી છે. તમે છપાવી રાખજો. ખર્ચ અમે આપીશું. ત્યાર પછી અમે દુબઈ ગયા અને ત્યારે આ બુક છપાવવા બે-ત્રણ જણાએ છ-સાત હજારનો ખર્ચ થયો તે આપીને બુક છપાવી. હવે આ બુક ઘણાં ભક્તો પાસે પહોંચી અને ત્યાંથી વડતાલના આચાર્ય પાસે ગઈ અને ફરિયાદ થઈ કે ઘણાં લોકો શાસ્ત્રીજી શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને ભગવાન કહે છે. પછી વડતાલથી મહારાજને પત્ર ગયો. એટલે મેં મહારાજને પત્ર લખ્યો. મહારાજ

વડતાલના સમાચાર મળ્યા છે ને તમે કહો તો હું ત્યાં દેશમાં આવું અને જ્યાં આપ કહો કે વડતાલવાળા કહે ત્યાં હું જુબાની આપું કે, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે મને આ બુક છપાવવાનું કીધેલ નથી. પણ મેં મારી જાતે મને એવું આત્મામાં ઉગ્યું અને જણાયું તેવું મેં જાતે લખ્યું છે અને છપાવ્યું છે. આપ જેમ કહો તેમ હું કરું. પછી મહારાજનો પત્ર આવ્યો. મહારાજ કહે, તમે જણાવો છો તે પ્રમાણે કંઈ કરવાનું થતું નથી. આ બનાવ બન્યા બાદ મહારાજના પત્રો મારા પર ઓછા આવતા. તેથી મને મહારાજ ઉદાસ થયા હોય એમ જણાતું હતું. આમ આપણે પોતાની મતીથી કોઈ એવું કાર્ય કરીએ અને તે કાર્યથી જો સત્સંગને હાની થાય કે કોઈ જીવનું ભૂંડું થાય તેવું કાર્ય કરવાથી ભગવાન કુરાજી થાય છે. મહારાજને ઉદાસ થવાના બીજા પણ ઘણાં કારણો હોય છે પણ ભગવાન દયાળું અને કૃપાળુ છે. તેથી ભક્તોને ક્ષમા પણ કરે છે.

વિદેશથી અમે દેશમાં આવ્યા ત્યારે મહારાજના દર્શન કરવા જૂનાગઢ ગયા. ચરણસેવા કરતા હતા ત્યારે મહારાજને કહ્યું, મહારાજ આ અમારી ભૂલ થકી આપ ઉદાસ થયા. અમારી ભૂલને ક્ષમા કરશો. આમ કહ્યું ત્યાં મહારાજ કહે, જે થવાનું હતું તે થયું પણ તે સંપ્રદાયમાં મને ભગવાન તો જાહેર કર્યો ને. આમ ભગવાને પોતાનો રાજીપો બતાવ્યો અને ભૂલ ન ગણીને સેવાનો અવસર આપ્યો.

એક વખત અમે દુબઈમાં હતા ત્યારે ફુલવાડી, કુંકાવાવ, જન્મસ્થળ માટે દેશમાં રૂ.૧,૫૧,૦૦૦/- મોકલવાના હતા ત્યારે બધો હિસાબ કરી રૂપિયા કબાટમાં મૂક્યા અને રૂપિયા ભરવા હુંડી કરવા ગયા. ત્યારે ખબર પડી કે રૂપિયા ઓછા થયા છે. ત્યારે હુંડી તો પૂરી મોકલી અને મહારાજને પત્ર લખ્યો. મહારાજે વળતા પત્રમાં જવાબ લખ્યો કે, તમે ગણીને લીધા ને કબાટમાં મૂક્યા તો તમારે પૂરા હિસાબે ભરી દેવા અને સારાવાના થશે. ત્યારબાદ મોટી ઈદની સભામાં જે બે હજાર દિરહામની ભૂલ થઈ હતી તે અમુક ભક્તોની સેવા બાકી હતી તે આ ઈદની સભામાં જમા કરાવી એટલે તે ૨૨૦૦ દિરહામનો હિસાબ થયો અને ૨૦૦ દિરહામ તે ગલ્લામાં નાખ્યા.

એક વખત અમે દ્વારકા, ફુલવાડી, કુંકાવાવ દર્શન કરી સૂરત મોટા ભાઈના ઘેર પહોંચ્યાં ત્યાં એક જાંબુનું ઝાડ અને આ ઝાડ ઉપર હાઈવોલ્ટેજ ઈલેક્ટ્રિક લાઈન પસાર થાય. હવે બન્યું એવું કે મારો બાબો ચેતન જાંબુડા ઉતારવા ૧૨ એમએમનો સળિયો લઈ જાંબુ ઉતારતો હતો ત્યાં આ સળિયો હાઈવોલ્ટેજ લાઈને અડકી ગયો. હવે આ સળિયો

અડધેથી બળી ગયો અને સળિયાના ત્રણ કટકા થયાં. આવા ધડાકાનો અવાજ સાંભળી બધા બહાર દોડી આવ્યા. શું થયું ? શું થયું ? આમ ખબર પડી કે ચેતન જાંબુ ઉતારવા ગયો એમાં આ લાઈનને સળિયો અડકી ગયો. ત્યારે મોટાભાઈ કહે, જુઓ ચેતનને કાંઈ થયું તો નથી ને ? જ્યારે ચેતનને જોયો તો તેનાં શરીરને કોઈ નુકશાન નહીં. ત્યારે અમે વિચાર કર્યો કે મહારાજે વિદેશમાં સિદ્ધેશ્વર મહાદેવની સેવા કરાવીને કહ્યું હતું કે આ સેવા તમારે ૨૮ જણાંએ કરવાની છે ને મધુભગત બાબરીયા રહી ન જાય. આમ ભલામણ લખી અને કહ્યું. તમારી રક્ષા કાજે આ સેવા કરવાની છે. ત્યારે આજ આ વાત સમજાઈ કે આ છોકરાની રક્ષા થઈ તેમજ વિદેશમાં તાબુક પડ્યું તેમાં મને બચાવ્યો અને સિદ્ધેશ્વર મહાદેવની સેવામાં ૨૮ જણા ભેગા થઈ ૨૮,૦૨૮ની સેવા શરણાગતિ મંડળની રક્ષા કાજે હંમેશા જૂનાગઢ મંદિરમાં મહારાજની ઈચ્છાથી સિદ્ધેશ્વર મહાદેવની મહાપૂજા થાય છે.

એક વખત દુબઈમાં સંકલ્પ થયો કે, મહારાજને વાઘા પહેરાવીને ફોટા પાડવા છે ત્યારે કાનજીબાપા દેશમાં આવતા હતા ત્યારે સારું કપડું બજારમાંથી લઈ આવી હેમંતભગતને આપ્યું. હેમંતભગતે વાઘા શીવડાવીને તૈયાર રાખ્યા તો ભક્તો જે જાય તે આ વાઘા પહેરાવીને ફોટાઓ પાડે ત્યારે મને વિચાર આવ્યો કે સાથે મુગટ હોય તો સારું લાગે. ત્યારે ચંદુભગતે મુગટ છાપી દીધો અને તેમના ઘરનાએ મુગટ બનાવી આપ્યો અને મુગટ લઈ જૂનાગઢ મહારાજને વાઘા-મુગટ પહેરાવી ફોટાઓ પાડ્યા. મહારાજ બહું જ રાજી થયા. આમ પ્રગટ ભગવાન શ્રીહરિ શરણાગતિ મંડળનું ધ્યાન રાખે છે, સંકટ હરે છે અને ભક્તો પણ એટલો જ ઉત્સાહ ધરાવે છે, સેવાઓ કરે છે.

એક વખત ઈરાકમાં મનસુખભગત અને અમારી સાઈટ વચ્ચે ૬૦૦-૭૦૦ કિ.મી. નું અંતર ત્યારે મનસુખભગતના કેમ્પમાં આગ લાગી. ત્યારે અમે ઘણાં સમયથી મળ્યા ન હતા તેથી મળવા ગયા. ત્યારે મનસુખભગત બહાર ખાટલો ઢાળીને સૂતા હતા. મેં કહ્યું, આમ કેમ ? ત્યારે ભગતે માંડીને વાત કરી કે, અહીં આગ લાગી અને આખો કેમ્પ બળી ગયો. ત્યારે અહીં આ જગ્યાએ મારી રૂમ હતી અને એ રાખમાંથી આ મહારાજની મૂર્તિ જે અભિનંદન ગ્રંથના પ્રથમ પાને શાસ્ત્ર વાંચતા મહારાજની મૂર્તિ હતી એ બચી છે. આખે આખો અભિનંદન ગ્રંથ બળી ગયો ને આ મૂર્તિ એક જ બચી ત્યારે મહારાજને રૂબરૂ પૂછ્યું એટલે મહારાજ કહે, તને મારામાં એટલું હેત છે ને એટલે એ મૂર્તિ બચી ગઈ. આમ મહારાજના અલૌકીક દર્શન-પરચા અપાર છે, તેનો પાર આવે તેમ નથી.

એક વખત મહારાજની આજ્ઞાથી મંડળે ૧૮ લાલજી મહારાજની મૂર્તિ બનાવી હતી ત્યારે એક મૂર્તિ દરબારભગતને આપવાની હતી. બે-ત્રણવાર સમાચાર મોકલ્યા છતાં લેવા ન આવ્યા ત્યારે ભગવાનજીભગત કહે, દેવરાજભગતના ઘરે એક લાલજી મહારાજની મૂર્તિ છે ને તે જયંતિભગત તમે લઈ લ્યો. ત્યારે રૂ.૨૫૦ કિંમત હતી. જયંતિભગત કહે, એટલા રૂપિયા મારી પાસે નથી. ભગવાનજીભગત કહે, અડધા હું આપું છું ને અર્ધા તું ગોઠવ અને મૂર્તિ લઈ જા. આમ મૂર્તિ લેવાનું નક્કી કર્યું અને શ્રાવણ પછી દેશમાં ગયા. ત્યારે આ લાલજી મહારાજની મૂર્તિને જૂનાગઢ લઈ જઈ હાર પહેરાવ્યો, વાઘા પહેરાવ્યા ને મહારાજે આરતી ઉતારી અને લાલજી મહારાજને કહ્યું, આ ભગતની સંભાળ રાખજો. આમ મહારાજ ભક્તોની રક્ષા કાજે લાલજી મહારાજને આજ્ઞા કરતા.

એક વખત અમે ઈરાક હતા ત્યાં કંપની અને વર્કરોની માથાકૂટ થઈ ત્યારે કંપની ન પગાર આપે અને ન દેશમાં મોકલે. ત્રણ મહિના દુઃખી થયા ત્યારે દેશમાં જયંતિભગત, પ્રવીણભગત, ચંદુભગતની જનેતાઓએ માનતા કરી અમારા છોકરા જલ્દી આવી જાય તો અમે દર્શન કરવા આવશું. એમ માતાજીના આશીર્વાદથી અમે દેશમાં આવ્યા. પછી દુબઈ જવાનું થયું દાસાલેન્ડમાં ત્યારે અમે છૂટી કાપીને દર્શન કરવા ગયા ત્યારે મહારાજે અમારી માતાઓને કહ્યું કે, હવે આ વખતે રોવરાવ્યા નથી ને, ત્યારે માતાજીઓ કહે, ના મહારાજ આ વખતે તો ઘણું સારું છે. ત્યારે મહારાજ રમુજમાં બોલ્યા કે, તો તો હવેથી મારો અર્ધો ભાગ થાય. ત્યારે ભક્તોએ સમજીને અલગથી મહારાજની ૧૦૦૦ રૂ.ની સેવા કરી.

આમ જયંતિલાલ હંસરાજ રાઠોડ ભગતે મહારાજને ઓળખ્યા પછી મહારાજને બધા ઓળખે મહારાજના શરણે આવે અને સૌ સુખિયા થાય તેવા પ્રયત્નો કર્યા છે તથા મહારાજને રાજી કરવા કુંકાવાવ ફુલવાડીમાં ઘણી ઘણી સેવા કરી ભગવાનને રાજી કર્યા છે. હિતેચ્છુ ભક્તોને મહારાજ સુધી તેડી ગયા છે. સેવા કરાવી તેમને મહારાજનો રાજીપો અપાવવા મહેનત કરી છે તથા કુંકાવાવમાં બ્રહ્મપેલેસમાં ખાતમુહૂર્તથી લઈને મૂર્તિ પ્રતિષ્ઠા સુધી જ્યાં જેવી જરૂર પડી તે પ્રમાણે તન-મન-ધનથી ખૂબ સેવા કરી મહારાજનો અખૂટ રાજીપો મેળવ્યો છે. મહારાજે સૌ પ્રથમ કુંકાવાવ ધામે પોતાના બ્રહ્મપેલેસ મંદિર માટે જે ભક્તોને કટિબદ્ધ રહેવા માટેનો પ્રસાદીપત્ર લખીને જયંતિભગતને આપીને કુંકાવાવ મંદિર માટેની જગ્યા જોવા માટે હયાતીમાં જ મોકલ્યા હતા અને કહ્યું હતું કે, પૂર્વમાં વધારે ઉત્તમ રહેશે પછી સમય જતાં મહારાજની ઈચ્છા પ્રમાણે બ્રહ્મપેલેસ મંદિરનું ખાતમુહૂર્ત થયું અને

મહારાજની આજ્ઞા પ્રમાણે સમસ્ત શ્રીહરિ શરણાગતિ મંડળના ભક્તોએ કટિબદ્ધ રહી આ કલ્યાણકારી કાર્ય સાથે મળી પાર પાડ્યું.

સાચા સૂરા રે જે, જેના ઘા વેરી વખાણે. આમ જે જે ભક્તોના જે જે પૂર્વના સંકલ્પ અને હાલના સંકલ્પ તેમાં જે જે સ્થિર બુદ્ધિ રાખીને સેવા કરતા જાય છે અને પોતાની ફરજ અને ધર્મ સમજીને સેવા કરે છે અને ભગવાનનું આપેલું ભગવાનને આપે છે અને પ્રસાદી ગ્રહણ કરે છે તેના ઉપર ભગવાન અતિશય રાજી થાય છે. આવા રાજીપાના પત્રો ઘણાં આ શરણાગતિ મંડળમાં છે.

હંસરાજભગત પ્રગટ શ્રીહરિના દિક્ષીત, મંત્ર શરણાગતિ પામેલા સહપરીવાર પ્રગટ શ્રીહરિનું ભજન કરનારા વહાલા ભક્તો છે. મહારાજ ચાવડા પધાર્યા. ઘેર ઘેર પધરામણીઓ કરીને ભક્તોને રાજી કર્યાં. મહારાજના ભક્તો ગરીબડા, સ્થિતિ નબળી, પરંતુ સમજણે પાકા, સર્વોપરિ ઉપાસના, ભક્તિમાં પાકા, પ્રગટનો નિશ્ચય પાકો તેથી મહારાજને હંસરાજ ભગત કહેતા, મહારાજ અમે રહ્યા ખેડું, અમારા કપડાંય જાડા, બુદ્ધિયે જાડી, ખાવાનુંયે જાડું, કાચું-પાકું પણ તમારો નિશ્ચય પાકો. તમને ધર્યા વગર ખાઈએ નહીં તમને સંભારીને ખાઈએ પીએ, કામકાજ કરીએ બસ આટલું જ આવડે છે. નિયમ, નિશ્ચય અને પક્ષ ભગવાન અને સંતપુરુષોનો છે. મહારાજ કહે, આમાં જ બધું જ્ઞાન સમાઈ જાય છે. જ્ઞાને કરીને કરવાનું એ જ છે જે તમો કરો છો. માટે બધું છોડીને મારું ભજન કરજો. ખોટા ડોળમાં પડશો નહીં. તમે અમોને સંભારો છો, ભેળા રાખો છો માટે અમે પણ ભેગા જ છીએ.

કુંકાવાવના પાદર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવમાં ચાવડા-વંથલીના ભક્તો હાજર હતા. ધામધૂમે સમૈયો કર્યો હતો. મહારાજે રાજી થઈને ભક્તોને માટે બાજુના પડખાનો દેશ અરબસ્તાન ખોળી કાઢ્યો. કામકાજ થાય, છોકરાવ અને પરિવારનું ભરણપોષણ થાય અને ભગવાનની સેવા પણ થાય.

આ પ્રગટ શ્રીહરિએ નિજ ભક્તોને સુખીયા કરવા માટે સત્ય સંકલ્પ કર્યો મારે મારા ભક્તોને સુખી કરવા છે. રૂપિયાવાળા કરવા છે. મારી સેવા કરીને તેઓને ધામના અધિકારી કરવા છે. માટે સેવા ભક્તિ તે આ બંને ઉપર પત્ર લખી કહ્યું કે, કળિયુગમાં ભક્તોને માટે સતયુગ છે. સમય પ્રમાણે વરતવાના ધર્મોમાં ફેરફાર થાય. પરંતુ સેવા ભક્તિ તેમાં કોઈ ફેર જ ન પડે. તે તો અનાદિના છે.

મહારાજે ભક્તોને આશીર્વાદ આપી પછી વિદેશ મોકલ્યા છે. કામકાજ કરતા દેશમાં મોટા મોટા ઠેકેદારો થયા છે. પ્રભુજીની ખૂબ ખૂબ સેવાઓ કરે છે અને મહારાજ રાજી થાય છે. જયંતિભગત, મગનભગત, ઘનશ્યામભગત નાની વયે યુવાનીમાં ખૂબ કામકાજ કરતા પ્રગટ શ્રીહરિની સેવાઓ ફુલવાડીની સેવાઓ કર્યા જ કરતા. આવા જયંતિભગત, મગનભગતને મહારાજે વિદેશ મોકલ્યા છે. સારી કંપનીમાં રહી આ ચાવડાના રાઠોડ બ્રધર્સ જયંતિભગત, મગનભગત આદિક વિદેશમાં શ્રીહરિની આજ્ઞાથી જઈ ખૂબ ખૂબ કમાયા અને ખૂબ સેવા કરીને પ્રગટ શ્રીહરિના રાજીપાના અમીના ઓડકાર ખાધા છે.

મગનભગત, ઘનશ્યામભગત તેમજ જયંતિભગત આ ત્રણેય ભાઈઓને મહારાજે સ્વયં કંઠી બાંધી દિક્ષામંત્ર આપ્યા છે. તેમજ આ ત્રણેય ભાઈઓ મળી ફુલવાડીમાં મંદિર માટે, જૂનાગઢ, કુંકાવાવ ધામ બ્રહ્મપેલેસ મંદિર માટે પ્રગટ શ્રીહરિની અને મંદિરોની ખૂબ મોટી મોટી સેવાઓ કરી છે અને આજ પર્યંત તેઓ સદાય સેવા ભક્તિમાં જ નિર્મગ્ન રહેનારા સેવા વડે પ્રભુ તમો રાજી રહેજો એજ જેના જીવનનું ધ્યેય છે. ફુલવાડી, રાજકોટ, જૂનાગઢ, જામનગર, ચાવડા, મુંબઈ, પુના, સૂરત આદિક સ્થળોએ ઉત્સવ થતા તેમાં આ ચાવડાના ભક્તો સાથે રહી સેવાનો લાભ લઈ મહારાજને વિશેષ રાજી કરે છે. આ રીતે વર્તમાન સ્થિતિથી અંત સુધી પ્રભુમય જીવન જીવનાર ભક્તોને ધન્ય છે.



પરચા નં. ૭.

## અનાદિ મુક્તરાજ કાનજીભગત મુળજીભગત સોજિત્રા
### ગામ : મોટી કુંકાવાવ

**પ્રગટ** ભગવાનનાં કુમકુમવાપી તીર્થમાં રહેનારા તીર્થવાસી કાનજીભગતને શ્રીહરિ શરણાગતિ મંડળના ભક્તોમાં ખૂબ જ આદરપૂર્વક સ્નેહથી કાનજીબાપા નામે ઓળખાય છે.

ઈ.સ. ૧૯૭૪માં તીર્થધામ કુંકાવાવને આંગણે મહારાજની આજ્ઞા શીરે ચઢાવી ભગવાનજી ભગત સ્મૃતિમંદિર બનાવવા માટે ગયા છે. ભગવાનજી ભગત મંદિર બનાવે છે. કુંકાવાવ ગામના માણસો જુએ, પૂછે પણ મહારાજની આજ્ઞાથી શું થાય છે કોનું મંદિર થાય છે તે જાણ્યા થકી અજાણ રહીને તૈયાર થયા પછી ખબર પડશે. એમ કરતાં ભગવાનજી ભગત મંદિર બનાવે છે. ત્યારે કાનજીબાપા દરરોજ ભગવાનજી ભગત પાસે આવે બેસે વાતો કરે આમ સત્સંગ ચર્ચા થાય. કાનજીબાપાને આનંદ સાથે પ્રેમ ભાવના ભગત પ્રત્યે વધે છે. પછી આપણાં ગામના સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મૂર્તિની હકીકત જાણી રાજી થાય છે અને પોતે પણ ચણતર કામ આવડે છે તેથી ચણતર કરતા પથ્થર વાગવાથી હાથનો અંગૂઠો પાકી ગયો છે. ભગવાનજી ભગતને વાત કરી. ભગત કહે, તમે મહારાજની માનતા માનો કે અંગુઠો મટી જાય તો તમારા દર્શને જૂનાગઢ આવીશ. કાનજીબાપાએ માનતા કરી કે, હે મહારાજ જો અંગુઠો મટી જાય તો તમારા દર્શને જુનાગઢ આવીશું. માનતાથી અંગુઠો મટી ગયો છે. તેથી ભગવાનજી ભગત કહે, હાલો હવે જૂનાગઢ મહારાજના દર્શન કરવા.

આમ ભગવાનજી ભગતના યોગ સમાગમે કરીને કાનજીબાપાને મહારાજની ઓળખાણ અને પ્રેમભક્તિ ભાવના થઈ છે. ભગવાનજી ભગત ભેળા કાનજીબાપા જુનાગઢ દર્શને આવ્યા છે. મહારાજને દંડવત કરતાં હતા ત્યાં મહારાજ તેમના પરિવાર વિશે પૂછે છે. કાનજીબાપા કુંકાવાવના પોતાના પરિવારની વાત કરે છે ત્યારે મહારાજે કહ્યું કે, તમે મુળજીબાપા જે ગામના બગીચાની દેખરેખ રાખે છે અને ફુલછોડને પાણી પાઈ બગીચાની માળીની જેમ રખેવાળી કરે છે તે મુળજીબાપાના તમે દીકરા ને. આમ અંતર્યામી પ્રભુ બધું જ જાણતા થકા પણ કાનજીબાપાને પુછીને રાજી કર્યા છે. પછી મહારાજના દર્શનપ્રેમ સેવા ભક્તિથી અતિ આંનદિત થયા છે. મહારાજે તેમને ત્યારે જ મંત્ર, દિક્ષા શરણાગતિ આપી છે. કુંકાવાવ તીર્થના મોટા ભક્તોમાં આગેવાન સ્વરૂપે કાનજીબાપા, ગોબરભગત,

જયંતિભગત, રાઘવભગત, મધુભગત આદિ આદિ રહ્યા છે. સર્વેને મંત્ર, દિક્ષા, શરણાગતિ આપીને નિજ સેવક સ્વરૂપે ભેળા રાખ્યા છે.

પછી તો જામવંથલીના ભક્તોએ મંદિર તૈયાર થયા પછી કુંકાવાવ ધામે પ્રગટ ભગવાનની મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમે ઉજવ્યો છે. કુંકાવાવનાં ભક્તોએ પણ ભેળા ભળીને પ્રગટ ભગવાનનો ખૂબ રાજીપો મેળવેલ છે. પછી તો કાનજીબાપા સહપરિવાર સાથે મહારાજની શરણાગતિ પામીને અખંડ ભજન-ભક્તિ કરે છે. કાનજીબાપાને વિદેશ જવાના આશીર્વાદ આપીને દુબઈ મોકલ્યા છે. દુબઈમાં કાનજીબાપાને સરકારી નોકરી પાકી મળી છે. ભક્તો દુબઈમાં ઘણી જ સંખ્યામાં સમુદાયમાં છે. મહારાજની પાકી નિષ્ઠા, સર્વોપરી ઉપાસના અને પ્રગટ ભક્તિ વડે ભગવાનને રાજી કરનાર કાનજીબાપા, દુબઈના ભક્તોને વડીલ સંતો સમાન માની તે ભક્તો પ્રત્યે પ્રેમ વરસાવતા. કથા-વાર્તા ઉપદેશ કરતાં. ભગવાનની અનુવૃત્તિવાળી સેવાનું લક્ષ્ય જણાવતા.

કાનજીબાપા કહેતા કે, પ્રગટ ભગવાનને તકે રાજી કરી લેવા તે જીવ અભ્યુદયને પામે. પ્રગટ શ્રીહરિનો 'રાજીપો' ફુલવાડી મંદિર કરો. પ્રગટ ભગવાનની મૂર્તિ પ્રતિષ્ઠા કરો. આ બધું શ્રીહરિ શરણાગતિ મંડળના ભક્તોએ ભગવાનની આજ્ઞાઓ શીરે ધરી છે. દુબઈમાં લાખો રૂપિયાની સેવાઓ કરી છે. દુબઈમાં એકવાર કાનજીબાપા જહાજમાં બેસીને એક જગ્યાએથી બીજી જગ્યાએ જઈ રહ્યા હતા ત્યારે અચાનક જહાજ એકબાજુથી નમ્યું અને કાનજીભગત નીચે દરિયામાં પડી ગયા અને તરત જ હૃદયથી તેમણે મહારાજને રક્ષા માટે યાદ કર્યા તો પ્રગટ ભગવાન દિવ્ય સ્વરૂપે આવી તેમનો એક હાથ પકડી ખેંચી અને ફરી જહાજમાં મૂકી દીધા આમ તેમને નવું જીવન આપ્યું. કાનજીભગતના આ પરચાથી અનેક ભક્તોને મહારાજમાં વિશેષ શ્રદ્ધા ઉદય પામી.

પ્રગટ શ્રીહરિનું ભજન કરનારા લોમસઋષી અશ્વપટ સરોવરે ઝુંપડી બાંધી નિરંતર ધ્યાનમાં અનાદિ શ્રીકૃષ્ણનારાયણનું ભજન કરે છે અને દિવ્યરૂપે ઘણાં જીવાત્માઓને ભજન કરાવે છે. આ બધી હકિકતો જણાવતા મહારાજે કહ્યું કે, કુંકાવાવમાં પ્રગટ ભગવાનનું મંદિર કરવા માટે સૌ ભક્તો કટિબદ્ધ રહેજો. કુંકાવાવ મહાન તિર્થ બનશે. નવ નવ શિખરોવાળું અનાદિ શ્રીકૃષ્ણનારાયણનું મંદિર થશે તેમાં એક શીખર લોમસઋષીનું તેમાં લોમસઋષીની મૂર્તિ પધરાવવી. આ બધી હકિકતો કાનજીબાપા જૂનાગઢ જાય દર્શન કરે, સેવા કરે ત્યારે મહારાજ રાજી થઈ કહેતા કે, તમે અત્યારે જે પૂજન કરો છો તે ધામને વિશે રહ્યા જે શ્રીહરિ

તેમનું પૂજન કરો છો. આ બધી ભગવાનની હકિકત જાણી કાનજીબાપા કુંકાવાવ પાદર મંદિરે જીર્ણોદ્ધાર તેમજ બ્રહ્મપેલેસમાં સેવા-આરતી, પૂજન, પુજારી તરીકે સેવા આપવાની સાથે યથાશક્તિ દ્રવ્ય સેવાઓ પણ કરી છે. તેમજ ફુલવાડીની પણ સેવાઓ કરીને પ્રગટ ભગવાનને રાજી કરતા થકા તેમનો સમગ્ર પરિવાર અનાદિ શ્રીકૃષ્ણનારાયણના મુક્તો ભક્ત રહી ભજન ભક્તિ કરનારા છે. કાનજીબાપાએ વિદેશથી આવ્યા પછી જીવનના છેલ્લા શ્વાસ સુધી પણ મહારાજની સેવા-ભક્તિ કરતાં કરતાં ભગવાનના પરમધામમાં ગયા છે. સાચું જીવન જીવ્યા છે.

પરચા નં.
૪૫.

## અનાદિ મુક્તરાજ પરષોત્તમભાઈ તુલશીભાઈ ટાંક
### ગામ : જીરાગઢ, હાલ- મુંબઈ

**હું** ઈ.સ.૧૯૭૫માં મસ્કત ગયો ત્યારે ત્યાં અંબાલાલભગત સાથે હતા. એ સમયે દિવાળીબેનને પ્રેત હેરાન કરતું હતું એટલે ઘણી જગ્યાએ જોવડાવ્યું પણ ફરક ન પડ્યો ત્યારે અંબાલાલભગતે મને વાત કરી કે, જૂનાગઢમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ છે એમને પ્રાર્થના કરીએ અને એ જેમ કહે તેમ કરવું પડે એટલે મેં હા કહી અને અમે જૂનાગઢ મહારાજને ટપાલ લખી. મહારાજનો પ્રસાદીનો પત્ર આવ્યો તે કહે તમારા કુટુંબીને જૂનાગઢ મોકલો અને તમે અવાય તો આવો. એટલે હું છૂટી લઈ મુંબઈ આવ્યો અને અમે જૂનાગઢ ગયા.

મહારાજે ૧૫ દિવસમાં આવવાનું કહ્યું હતું ત્યારે અમારા મેનેજરને મેં વાત કરી તેથી મહારાજની કૃપાથી મને ઈન્ડિયાની ટિકિટ મળી ગઈ અને હું ઘરે આવ્યો ત્યાં દિવાળીબેનને વળગાડ અને મોટા અદાને પિતૃ આ બે ભેગું થયું અને પિતૃ કહે તું જૂનાગઢ જા તેથી મારો પણ મોક્ષ થાય પણ અમારા બાપાએ આનાકાની કરી પણ થોડીવાર પછી બાપુજી પણ આવવા તૈયાર થયા અને અમે જૂનાગઢ ગયા ને બાવમુકુંદ ભવનની સીડીના પગથિયા ચડ્યા ત્યારે મહારાજ સામે આવીને બોલ્યા કે, પરષોત્તમભાઈ તમે મસ્કતથી આવી ગયા. આમ મહારાજ બોલ્યા ત્યાં મને મહારાજમાં વિશ્વાસ થઈ ગયો કે આપણું કામ થઈ જશે. પછી અમે નાહીધોઈને મહારાજ પાસે બેઠા.મહારાજ અમારા બાપાને કહે, આમાં પિતૃ પણ ભેગા છે એટલે બાપાને પણ વિશ્વાસ બેઠો કે મહારાજ બહું મોટા છે.

મહારાજે હેમંતભગત પાસે પાણી મંગાવ્યું અને પાણીની અંજલી મારી ત્યાં પ્રકાશનો લિસોટો થયો અને બોલ્યા જાઓ ધામમાં પછી કહ્યું દિવાળીબેન ક્યાં છે ? મેં કહ્યું, એ નીચે ઊભા છે. મહારાજે પાણીની અંજલી તેમના પર મારી. ત્યાં વળગાડ કહે જાઉં છું, જાઉં છું. પછી મહારાજે અમને મંદિરમાં છેડાવાળી એવી રૂમ આપી કે મહારાજ તેમના રૂમની બહાર પાટ ઉપર બેસે ત્યારે દિવસમાં આઠ-દશ વાર મહારાજના દર્શન થાય આમ અમને ત્રણ દિવસ રાખ્યા.

મહારાજ કહે, હવે તું મસ્કત જતો રહેજે પછી મહારાજે પ્રસાદીમાં સોપારી આપી ને કહે એક દિવાળીબેનને ખવડાવજે, એક પૂજામાં રાખજે જે તને ટાઈમે કામ આવશે.

અમે એક વખત મારા સાળાની કાંણે જતા હતા ત્યારે અમારી ગાડીનું એક્સિડન્ટ થયું તેમાં મારી પૂજામાં રહેલી સોપારીના ચૂરેચૂરા થઈ ગયા અને પૂજામાં કાચનો અરીસો હતો તેને કે મહારાજની મૂર્તિને કાંઈ ન થયું પણ સોપારીના ચૂરેચૂરા થઈ ગયા. આમ મહારાજે રક્ષા કરી હતી અને જેમ સોપારીના ચૂરેચૂરા થયા તેમ આ ખોપરીનાં ચૂરેચૂરા થાત પણ મહારાજે મારી ઘાત આ સોપારીમાં ઉતારી. ત્યારે મારી પાસે સોનાની વીંટી હતી તે મેં વિચાર કર્યો આપણે ન હોત તો આ વીંટી કોન પહેરત એટલે હવે મંદિરે આપી દેવી જોઈએ. ત્યાં મારી સાળી કહે મારે પણ રૂ.૧૦૦૦ની સેવા કરવી છે. પછી અમે ફુલવાડી મંદિરમાં સેવા કરી અને વીંટી મહારાજની મૂર્તિ બનાવવા સોનાની જરૂર હતી તે મૂર્તિની સેવામાં વપરાઈ.

મહારાજ મને કહેતા કે, મેં તને નવો જન્મ આપ્યો છે. હવે ભગવાન ભજી લેજે. આમ મહારાજના આશીર્વાદથી આજ વર્ષો થયા. અમે બંન્ને આ મુંબઈ કાંદિવલી મંદિરમાં સેવા-પૂજા કરીએ છીએ. આમ ભગવાન નિજ ભક્તોની રક્ષા કરે છે અને કરતા આવે છે. આમ પ્રગટ ભગવાનને ઓળખે અને ભજે તે મહાસુખીયા થઈ ભગવાનના ધામના સુખ ભોગવે છે.

એક વખત મારે ઈ.સ.૧૯૮૪માં દાસાલેન્ડ જવાનું થયું. ભગવાનજીભગત, પ્રાગજીબાપા, અંબાલાલભગત અમે દાસાલેન્ડમાં હતા ત્યારે મહારાજનો પ્રસાદીનો પત્ર આવ્યો. પત્રમાં જણાવ્યું હતું કે, તમે આ ૧૮ જણાં રૂ.૧૦૦૧ની સેવા કરજો તે તમારી રક્ષા કાજે સિદ્ધેશ્વર મહાદેવની પુજા નિમીત્તે અનામત રકમ મંદિરમાં રાખવાની છે અને લખ્યું કે, મધુ ધનજી રહી ન જાય. અત્યારે કાળના ઝપાટા બહું છે માટે રક્ષા થયા કરે. આમ અમે ૧૫૦૦-૧૫૦૦ રૂપિયા સેવા નોંધાવી. ત્યાં અબુધાબીમાં ભક્તોને સમાચાર મળ્યા એટલે એ ભક્તોએ પણ સેવા કરી. ત્યારે ૨૮ ભક્તો થઈ રૂ.૨૮૦૮ની સેવા સિદ્ધેશ્વર મહાદેવના નામે સૌએ કરી અને અમે ડ્રાફટ બનાવી મહારાજને મોકલાવી દીધો.

એક વખત અમે છ-સાત જણ ક્રેનની નીચે કામ કરતા હતા અને ઉપરથી ક્રેનનો વાયર તૂટ્યો ને જેમ આકાશવાણી થાય તેમ અમને અવાજ સંભળાયો કે ક્રેન પડે છે જલ્દી આઘા ખસી જાઓ. તે અમે આઘા ખસી ગયા ને ક્રેન પડી. જો બે-પાંચ સેકન્ડનો વિલંબ થાત તો આ ક્રેન નીચે અમે દબાઈ જાત. આમ મહારાજે સેવા કરાવીને રક્ષા કરી. પછી મહારાજના પ્રસાદી પત્રમાં આશીર્વાદ આવ્યા કે, અમે તમારી રક્ષામાં છીએ.

એક વખત મેં ને આંબાભગતે દાસાલેન્ડ જવા માટે ઈન્ટરવ્યૂ આપ્યું પછી મહારાજના

દર્શન કરવા ગયા ત્યારે મહારાજ કહે, તારે દાસાલેન્ડ જવું છે. મેં કહ્યું, હા. મહારાજ કહે, ત્યાં રૂપિયા ઘણાં છે, તો તારે લોખંડની ખપારીથી ભેગા કરવા પડશે. મેં કહ્યું, બહું સારું. પછી મહારાજે અઢી થાપા માર્યા ને કહ્યું, જા અઢી લાખ કમાઈશ. સેવા કરજે, ભક્તિ કરજે એટલે મને મનમાં સંકલ્પ થયો કે મારે મહારાજને રૂ.૫૦૦૦ હાથમાં આપવા છે. ત્યારે પ્રાગજીભગત કહે, તું આ દાસાલેન્ડના ફાળામાં લખાવજે. એટલે મેં કહ્યું ના મારે મહારાજને હાથોહાથ રૂપિયા આપવા છે, મારો સંકલ્પ છે. એટલે દાસાલેન્ડ છૂટી કાપીને આવ્યો ત્યારે ભક્તોએ રોકડ સેવા આપી હતી તે સેવા લઈ હું મહારાજ પાસે ગયો. ભક્તોની સેવા મહારાજને આપી અને અલગથી મેં મારા રૂ.૫૦૦૦ મહારાજને આપ્યા એટલે મહારાજ કહે, પણ આ રૂપિયા તારા બાલમુકુંદ ભવનની સેવામાં વપરાશે અને હવે ફુલવાડીમાં સેવા કરજે. મેં કહ્યું, મહારાજ કેટલી સેવા કરું. મહારાજ કહે રૂ.૧૦,૦૦૦ની સેવા કરજે. મેં કહ્યું, મહારાજ ૧૦,૦૦૦ નહિં પણ ૫૦,૦૦૦ની સેવા કરવી છે. મહારાજ કહે, વાહ તો તો બહું સારું કહેવાય. પછી મેં બે વર્ષમાં રૂ.૬૦,૦૦૦ની સેવા ફુલવાડી મંદિરમાં કરી.

દાસાલેન્ડમાં હવે કંપની બધાને પેક કરતી હતી ત્યારે મને વિચાર આવ્યો જો મને હજુ ૧૨ મહીના રાખેને તો મારે હજી એક પગાર સેવા કરવી છે. ત્યાં અમારા ગોરાએ બોલાવ્યો અને કહે, તમારે અબુધાબી જવાનું છે. મેં કહ્યું, ઓકે. આમ ભક્તોના સંકલ્પ જાણી ભગવાન ભક્તોની મનોકામના પૂરી કરે છે. સમય જતાં મારો ગોરો શેઠ બદલી ગયો ને મારે છ મહિના જ રેવાનું થયું. ત્યારે જે મહારાજ બોલ્યા હતા કે તું અઢીલાખ કમાઈશ તે મારી અઢીલાખ કમાણી થઈ ગઈ ને મારે દેશમાં આવવાનું થયું, મારો પાસપોર્ટ પૂરો થયો.

એક વખત અમે મહારાજ પાસે બેઠા હતા ત્યારે મેં કહ્યું, મહારાજ મારે સાઉદીયા જવું છે. મહારાજ કહે, તારે ઈરાક અને બગદાદ જવાનું છે. આમ મહારાજે મને બગદાદ અને ઈરાક મોકલ્યો. ત્યાં ભગવાનજીભગત ભેગાં હતાં તે મને મહારાજને સ્નાન કરાવવું, આરતી ઉતારવી, હાર પહેરાવવા અને કેમેરો સારો લઈને ફોટા પાડવા, મહારાજની સેવા કરવી, ચિન્હના દર્શન કરવા. એમ ઘણું ઘણું ભગત શીખવાડતા અને એ બધાં લાભો ભગવાને મને આપ્યા. કુંકાવાવમાં ઈ.સ.૧૯૭૫માં મૂર્તિ પ્રતિષ્ઠા થઈ ત્યારે તેમાં મોટાભાઈ રામજીભાઈએ રૂ.૫૦૦ની સેવા કરી હતી તે સેવાના પ્રતાપે અમે ત્રણ ભાઈ મહારાજના શરણાગત થયા.

હું ઈરાકમાં હતો ત્યારે ઈરાક-ઈરાનની લડાઈ ચાલુ હતી ત્યારે બોંબ બહુ પડતા

તેથી મહારાજને પત્ર લખ્યો મહારાજ અહીં લડાઈ ચાલુ છે ને બોંબ પડે છે, અમે શું કરીયે. મહારાજનો જવાબ આવ્યો, તમારા માથે બોંબ નહીં પડે. અમે રક્ષા કરીશું. પછી એમ બે વર્ષ પૂરા કરી મહારાજના દર્શને ગયા ત્યારે કહ્યું મહારાજ ત્યાં તો બોંબ બહુ પડે છે. મહારાજ કહે, તારા ઉપર પડ્યો ? આમ હું મહારાજની પાઘવાળી મૂર્તિ સાથે જ રાખતો તેથી ક્યારેય કોઈ આફત આવી નથી. મહારાજે બહું રક્ષા કરી છે. આમ આ ભગવાન માટે જેટલું કરીયે એટલું ઓછું છે. જાણે ભગવાન અનેકરૂપ લઈ ભક્તો ભેળા જ છે.

મુંબઈમાં કાંદિવલીમાં પ્રગટ ભગવાનનું મંદિર બનાવ્યું ત્યારે મહારાજની ચિન્હવાળી મૂર્તિ મંદિરમાં અને બાલમુકુંદદાસજી સ્વામીની મૂર્તિ બાજુમાં હતી, તો ત્યાંનાં સત્સંગી કહે, બાપને તો બહાર બેસાડ્યા છે. એ યોગ્ય ન કહેવાય. આમ સત્સંગમાં વાદ-વિવાદ થતો તેથી અમારો મહારાજનો સત્સંગ અલગ થતો અને ત્યારપછી શ્રીહરિ શરણાગતિ મંડળની સ્થાપના થઈ. પહેલા ઘર ઘર સભા થતી એ હવે મંદિરે સભા થવા લાગી અને ભક્તોએ મળીને આ મંદિરની જગ્યા વેચાતી લઈ શ્રીહરિ શરણાગતિ મંડળના નામે કરી.

આમ આપણાં ભક્તોને આ મંદિરની જગ્યા ઘણાં આશરારૂપ થઈ. ભક્તો વિદેશ જતા એટલે અહીં મંદિરે રોકાતા અને પ્રગટ ભગવાનનો સત્સંગ થતો જેથી ઘણા ભક્તોને સમજણ-બળ અને પ્રગટ ભગવાનની ઓળખાણ થઈ. અહીં પ્રાગજી ડાયા, અંબાલાલભગત, દેવરાજ ડાયા, મોટા મોટા ભક્તો પ્રગટ ભક્તિના પાયાના પથ્થર સમાન હતા. હરિલાલ મેપા, કેશવજી હરિ અને કેશવજીબાપા ઘણાં ઘણાં ભક્તો પ્રગટ ભગવાનને ઓળખતા ને બીજા જીવોને મહારાજ ઓળખાવતાં.

વિદેશમાં અમે કામ કરતા ત્યારે ત્યાં ગરમી બહું હતી એટલે ઘણી વખત ગુલાબની બહુ સુગંધ આવતી. એક વખત સ્વપ્નમાં મહારાજે દર્શન દીધા ત્યારે મારે કંઠી ગળામાં હતી નહીં ત્યારે મેં કંઠી માંગી તો મહારાજે તેની ડોકમાં પહેરેલી કંઠી મને ગળામાં પહેરાવી હતી.

એક વખત અમે જૂનાગઢ ગયા, વહેલી સવારનો સમય હતો, મંદિર પણ ખૂલ્યું ન હતું અને હું અને મુકેશ મહારાજની વાતો કરતા હતા ત્યારે મહારાજે હેમંતભગતને કહ્યું, દરવાજો ખોલો બહાર ભક્તો બેઠા છે. હેમંતભગતે દરવાજો ખોલ્યો અમે મહારાજ પાસે આવ્યા. ત્યારે મહારાજ દાતણ કરતા હતા. અમે મહારાજને કહ્યું, મહારાજ તમને નવરાવવા છે. મહારાજ કહે, હાલ હાલ એમાં શું. એટલે હું મહારાજને નવરાવવા મંડ્યો, મુકેશ દરવાજે ઊભો હતો ત્યારે મેં બે લોટા પાણી રેડ્યું ત્યાં મહારાજ કહે, આ મુકેશને દે લોટો.મેં કહ્યું,

મહારાજ એ નાનો છે તમને લોટો લગાડી દેશે. મહારાજ કહે એ નવરાવશે અને વગાડશે તો મને વાગશે કે તને ? પછી મુકેશને બોલાવ્યો અને મુકેશે મહારાજને નવરાવ્યા. આમ મહારાજની સેવા જીવન પર્યંત ભૂલાય નહીં એવી રીત મહારાજ વાપરતા.

એક વખત અમે દાસાલેન્ડથી આવી મહારાજના દર્શને આવ્યા ત્યારે ભક્તોએ સેવા મોકલી હતી તે હેમંતભગત-કોઠારી સ્વામીને જે જે પ્રમાણે સેવા હતી તે તે સેવા તેમને આપી પછી મેં મહારાજને અલગથી સેવા આપી ત્યારે મહારાજ બોલ્યા, આ વખતે મારું દાસાલેન્ડ ફળિયું, ઓલી વખત ૧૨માંથી ૪ ભક્તો ભગવાનજી ભગત, મધુભગત, પ્રાગજી ડાયા અને ટપુલાલ ભગતે જ સેવા કરી. જ્યારે આ વખતે બધા ભક્તોએ સેવા કરી તો મહારાજ બહુ રાજી થયા. ત્યારે ફુલવાડીનું કામ જોરશોરથી ચાલું હતું અને દાસાલેન્ડમાં કમાણી સારી હતી. મહારાજ કહે, પેલી વખત દાસાલેન્ડમાં ૧૩ ફુગ્ગા ઉડાડ્યા હતા. તેમાં એકને ધક્કો મારીને ચઢાવ્યો હતો. આમ મહારાજના જ આશીર્વાદથી બધા લાભ હતા પણ મહારાજ કહેતા રૂપિયા દેવાને કાળજું દેવું બેય બરાબર. આ તો જેણે જેણે મહારાજને ઓળખ્યા હોય તે તે સેવા કરી શક્યા છે.

બાલમુકુંદ ભવનના વાસ્તામાં જેણે જેણે સેવા કરી તેને મહારાજે અક્ષયપાત્ર (થાળી-વાટકો) આપ્યા હતા. તે મેં જે સંકલ્પથી ૫૦૦૦ રૂ.ની સેવા કરી ત્યારે મહારાજે એ સેવા બાલમુકુંદ ભવનમાં વાપરી હતી તેથી મહારાજે મને પણ થાળી-વાટકો (અક્ષયપાત્ર) પ્રસાદીના આપ્યા હતા.

એક વખત હું વિદેશથી આવ્યો ત્યારે સાત ગંજીયા ભગવા લઈ આવ્યોને મહારાજને આપ્યા. ત્યારે મહારાજે એ ગંજીયા બધા પહેર્યા અને મને આપવા લાગ્યા ત્યારે મેં કહ્યું,મહારાજ તમારા માટે જ લાવ્યો છું. મને એક જ પ્રસાદીનું આપો. મહારાજે પછી ૧ ગંજીયું - ધોતીયું આપ્યું અને એક સાડી પણ મહારાજે પહેરીને પ્રસાદીની કરી આપી અને મહારાજે ચિન્હના દર્શન કરાવ્યા. પેન્ટ-શર્ટ પણ પ્રસાદીનું કરી આપ્યું, દાતણ આપ્યું, મહારાજનું આસન આપ્યું. આમ મહારાજની પ્રસાદીની ઘણી વસ્તુઓ મળી આપી.

એક વખત અમે દાસાલેન્ડમાં હતા ત્યારે ભગવાનજી ભગતનો કાગળ આવ્યો કે, હવે એક લાલજી છે. તો કોઈને જોઈતા હોય તો કહેરાવજો. એટલે ભગવાનજી ભગતે મને કહ્યું, તમારે લાલજી લેવા છે ? બીજા ભક્તોના લાલજી જોઈને મેં હા પાડી. અમે દેશમાં આવ્યા, ફુલવાડી ગયા. કસ્તુરબેનના કહેવાથી હિરાબાપાએ અમને લાલજી આપ્યા. ત્યારે

અમે લાલજી લીધા પણ મનમાં વિચાર આવ્યો કે છોકરા નાના છે અને લાલજીની સેવા કેમ થાશે ? ત્યાંથી અમે કુંકાવાવ દર્શને ગયા. ત્યાંથી જૂનાગઢ આવ્યા. લાલજી મહારાજનું મહારાજને કીધું, મહારાજ લાલજી તો લઈ લીધા પણ છોકરા નાના છે અને ઘરમાં જોગ-અવજોગ હોય પાપ લાગે. ત્યારે મહારાજ કહે, તું લાલજી લઈ જા. અમે તારા છોકરાનું એઠું પણ જમી લેશું. પણ એમની સેવા-પૂજા કરજો. એમ કહી લાલજી મહારાજની મહારાજે બે દિવસ પૂજા કરી અને લાલજી અમને આપતી વખતે લાલજી મહારાજને કહ્યું, ભક્તોની રક્ષા કરજો, કમાણી આપજો અને છોકરાઓને સાચવજો.

એક વખત અમે દુબઈ બોગસ કંપનીમાં ગયા અને ૧૫ દિવસમાં ખલીવલી થઈ ગયો તો ત્યાં હું પકડાઈ ગયો. ત્યારે મારી પાસે જૂનું પતાકું હતું તે પોલીસને બતાવ્યું તે મને છોડી મૂક્યો. ભક્તોને વાત કરી તો ભક્તો કહે, તમારે આમ ગલીઓમાંથી આવવું. એ બાજુ ચેકિંગ હોય જ છે.

એક વખત મને વિચાર આવ્યો આપણે ૧૮ જણા ખલીવલી છીએ અને દર મહિને ૨૫ હજાર કમાણી છે તો આપણે સેવા વિશેષ કરવી જોઈએ. આમ મેં ભક્તોને વાત કરી ભક્તો બધા એગ્રી થયા ત્યારે એમ થયું કે આમાં ચાર લાખની સેવા થાય તો સારી ત્યારે મહારાજની દયાથી આઠ લાખનો ફાળો થયો. ત્યારે ફુલવાડીમાં રૂપિયાની જરૂરત હતી અને કામ થઈ ગયું. મહારાજ કહેતા દુબઈ મારી ડંકી છે. માટે જેટલું જોઈએ તેટલું તેમાંથી કાઢી લઉં.

મહારાજની કૃપાથી દુબઈમાં ભક્તોને કોઈ જાતની તકલીફ નથી થઈ. મહારાજ રક્ષા એવી કરતા. એકવાર એવું બન્યું કે સભામાં જવા એક ટેકસી ભાડે કરી અને ૩૦૦ રૂપિયા નક્કી કર્યા હતાં. ત્યારે એ ટેકસીવાળો અમારી રૂ.૨૫૦૦૦-૨૫૦૦૦ની સેવા જોઈને કહે કે, મારે તમારું ભાડું નથી જોઈતું અને બીજા ૫૦૦ રૂપિયા સેવા લખાવી. આ રીતે ટેકસીવાળાને પણ સેવાનો લાભ મળ્યો.

એકવાર અમે લક્ષ્મીનારાયણ સંહિતા મહારાજ પાસેથી મંગાવી ત્યારે ૬૦૦ રૂપિયામાં આવી. અને અમે મહારાજ પાસે ગયા ત્યારે શિક્ષાપત્રી-પ્રભુઓકા વૃત્તાંત એમ ત્રણ પુસ્તક પ્રસાદીના આપ્યા. અને મેં મહારાજને કહ્યું, મહારાજ મારે મકાન કરવું છે. મહારાજ કહે, હા મકાન તો કરવું જોઈએ. પછી મકાનનો પ્લોટ લીધો ને મહારાજને મુહૂર્તનું કહ્યું, ત્યારે કારતક સુદ અગિયારસને શનિવાર સવારે ૭-૩૦ થી ૧ સુધી શુભ મુહૂર્ત આપ્યું અને

નામ પરમધામ રાખવા કહ્યું. પછી મહારાજે પૂજાની મૂર્તિઓ બધી છાતીમાં ભીડી ભીડીને પ્રસાદીની કરી આપી અને બોલ્યા, જુઓ કેવો રૂપાળો લાગું છું. પછી અમને સાકરના ગાંગડા પ્રસાદીના આપ્યાં. પછી મહારાજે આશીર્વાદ આપ્યા કે, ભક્તિ કરજો, ધામની કમાણી કરજો. અમે છોકરાઓનું ધ્યાન રાખશું તમારે સેવા ભક્તિ કરવી.

એક વખત મુકેશને દિવાળીબેન જૂનાગઢ મહારાજના દર્શન કરવા ગયા. તે એક ભાઈ પાસેથી રૂ.૫૦૦૦ લેવાના હતા તે લઈને અમે જૂનાગઢ ગયેલા ત્યારે મહારાજે અમને ત્યાં ઉપર જ થાળ જમાડી દીધો અને કહ્યું કે, અત્યારે જ ઉપડોને સીધા મુંબઈ જજો. નહીં તો અમારો વિચાર નવસારી જવાનો હતો પણ મુકેશ કહે, બા મહારાજે સીધા મુંબઈ જવાનું કહ્યું છે તો અમે સીધા મુંબઈ આવ્યા.

અમારી પાસે મહારાજના નખ છે, મહારાજના વાળ છે, મહારાજના અસ્થિ છે. મહારાજ ધામમાં ગયા ત્યારે અમે એક મહિનો સેવામાં રોકાયા હતા. મહારાજ ધામમાં ગયા ત્યારે અમારું મકાનનું કામ નવસારીમાં ચાલતું હતું ત્યારે મને કાંઈ ગમતું જ નહોતું, ખાવાનું ન ભાવે, કાંઈ મજા જ ન આવે. આમ ભગવાનની પ્રેમ ભાવના વડે ભજન કરતા હતા. મહારાજની દયાથી એક દિકરો મુકેશ અને ત્રણ દીકરી બધા મહારાજની દયાથી પ્રગટ ભગવાનનું ભજન-સેવા કરે છે અને બધા આનંદમાં છે.

## અનાદિ મુક્તરાજ મુકેશભગત પરષોત્તમભગત ટાંક

### ગામ : જીરાગઢ, હાલ- મુંબઈ

**હું** મારા બાપુજી પરષોત્તમભગત સાથે મહારાજના દર્શને જૂનાગઢ જતો ત્યારે મહારાજ બાજુમાં ડબરો રાખતા તે ડબરાનું ઢાંકણું ઘણીવાર એની જાતે જ ખૂલી જતું પછી મહારાજ મને સાકરનો ગાંગડો ખવડાવતા.

હું નાનો હતો ત્યારે મને પેટમાં દુઃખતું હતું તેથી ડૉકટર કહે, આને એપેન્ડિકસ છે, તે મહારાજ પાસે ગયા મહારાજ કહે, ક્યાં દુઃખે છે. મહારાજે પેટ પર હાથ રાખ્યોને બાપુજીને કહ્યું, આને બે વર્ષ પછી ઓપરેશન કરાવી દેજો. અત્યારે નાનો છે આમ આશીર્વાદથી બે વર્ષ કાંઈ ન થયું. બે વર્ષ પછી દુઃખાવો થયો ને ઓપરેશન કરાવ્યું. પછી મેં મહારાજનું ધોતીયું નીચોવીને પાણી પીધું. તેથી સાવ સારું થઈ ગયું.

એક વખત હું મહારાજ પાસે ગયો ત્યારે મને કહ્યું કે, પેલું પુસ્તક લાવ અને એ બિલોરી કાચ પણ લેતો આવજે. આમ પુસ્તકમાં બતાડતા જાય અને બિલોરી કાચ રાખી ચિન્હના દર્શન કરાવતા જાય. ત્યારે મારી ઉંમર નવ વર્ષની હતી.

મહારાજ બહું વ્હાલ કરતા અને ક્યાંય મુંઝાઈ જઈએ તો લાલજી મહારાજ પાસે બેસી માળા કરીએ ત્યારે ઉકેલ મળી જાતો. ભક્તો મુંબઈ આવતા ત્યારે ભક્તોને અમારા જેવું કાંઈ કામ હોય વિદેશથી ભક્તો આવતા કે જતા ત્યારે ભક્તોને અમે અમારી સમજણે ભક્તોની સેવા કરતા. એરપોર્ટ જવું, બજારમાં જવું, જરૂરી સેવા કરતા. સૌ ભક્તો અહીં કાંદિવલી મંદિરે આવતા એટલે તેમને મદદરૂપ થતા. આમ મહારાજની કૃપાથી ભક્તોની દયાથી આજે સૌ અનુકૂળ છે અને અમારા અહોભાગ્ય કે,પ્રત્યક્ષ પ્રગટ ભગવાનની સેવા મળી, દર્શન કર્યા. પ્રગટના મુક્તોની સેવા મળી. ફુલવાડી-કુંકાવાવમાં સેવાઓ તન-મન-ધન વડે થઈ. ભગવાનની અપાર કૃપા કહેવાય. વિદેશમાં ભગવાને બહુ રક્ષા કરી વિદેશમાં ભક્તોનો સમાગમ મળ્યો તેમાંય ભગવાનજી રાજાએ ઘણું ઘણું અમને માર્ગદર્શન આપ્યું. ભગવાનને રાજી કરવાની રીત સમજાવી. આમ પરમધામાધિપતિ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ આપણને મળ્યા તેનો આનંદ અપાર છે.

પરચા નં.
૪૬.

## અનાદિ મુક્તરાજ રામજીભગત તુલસીભગત ટાંક
### ગામ : જીરાગઢ, હાલ- પૂના

**અમે** મુંબઈ રહેતા હતા, અમારે મૂળ સ્વામિનારાયણનો સત્સંગ એટલે મુંબઈમાં પ્રાગજીભગત, દેવરાજભગત સૌ મળી સત્સંગ કરતા. ત્યારે શાસ્ત્રીજી મહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ભગવાન છે અને એના હાથમાં ચરણોમાં જેમ સ્વામિનારાયણ ભગવાનને ચિન્હો હતા તેમ શાસ્ત્રીજી મહારાજને છે. શાસ્ત્રીજી મહારાજ સંતના રૂપમાં ભગવાન છે. આમ સત્સંગ કરતા અને મહારાજના પરચાની વાતો કરતા એટલે મને થયું કે, મારે મહારાજના દર્શન કરવા છે. ત્યારે પ્રાગજીભગત ભેગો હું જૂનાગઢ દર્શન કરવા ગયો. ત્યારે મેં મહારાજ પાસે કંઠી બંધાવી. આમ તો અમારા ગામના ઘણાં ભક્તો મહારાજને જાણતા હતા પણ હું આ ભક્તો ભેગો ચરણસેવા કરવા લાગ્યો અને મહારાજને ચિન્હના દર્શન કરાવવા હાથ જોડ્યા ત્યારે મહારાજે લક્ષ્મીજી અને ખાપાના દર્શન કરાવ્યા. પછી તો અમે જીરાગઢ જતા ત્યારે વળતા જૂનાગઢ જતાં અને મહારાજના દર્શન, સેવા કરતા.

એક વખત મહારાજને પ્રાર્થના કરી કે,મહારાજ વિદેશ જવું છે, કમાવું છે. તમે આશીર્વાદ આપો. મહારાજ કહે, સેવા કરીશને. ત્યારે મેં કહ્યું, હા મહારાજ વિદેશ જાવ તો સેવા તો કરાય ને. એટલે મહારાજે દાસાલેન્ડમાં મૂક્યા અને અમે સૌ ભક્તો સાથે મળી સેવા કરતા.

એક વખત બાલમુકુંદ ભવનમાં ડિઝાઈન ફુલ બનાવતા હતા. ત્યારે રાત્રે મહારાજ પાસે ઘણાં ભક્તો બેઠાં હતાં. ત્યારે મહારાજ કહે, તમે કામમાં ઝડપ કરો હવે કેટલા 'દિ થાશે. ત્યારે મેં કહ્યું, મહારાજ સારું કામ કરવું હોય તો વાર લાગે. મહારાજ કહે, તને ૧ થી ૧૦૦ ગણતા આવડે છે ? અહીંયા મજૂરોના રોજ ચડે છે. ત્યારે આખી સભાને આનંદ આનંદ થયો હતો.

એક વખત મહારાજ પાસે અમે બંને દર્શન કરવા ગયા. મહારાજને હાર પહેરાવ્યો આરતી ઉતારી, નવડાવ્યા. આમ સેવાનો લાભ મળ્યો. મહારાજ રાજી થયા, પ્રસાદીનું ધોતિયું અને એક ગંજીયું આપ્યું પછી બપોરે મહારાજ જમતા હતા ત્યારે હું બાજુમાં બેઠો હતો મને થયું મહારાજને મારા હાથે કોળિયો જમાડું એમ વિચારી મહારાજની થાળીમાં

એક કોળિયો ભરીને મહારાજને જમાડવા જતો હતો ત્યાં મહારાજે થાળી મારી સામે કરી અને કહે, અરે તે મને અભડાવી દીધો. હવે આ જમવાનો થાળ લઈ જા ઓલી ભક્તાણીને આપજે. આમ મહારાજે પોતાનો જમેલો પ્રસાદ અમને આપ્યો. આમ ભગવાનને લાભ આપવો હશે તો આવી લીલા કરી. ત્યારે પરિસ્થિતિ નબળી પણ મહારાજે બહુ રક્ષા કરી. ફુલવાડીના કામમાં પણ મને સેવાનો લાભ મળ્યો છે. લાલજી મહારાજ પણ મહારાજે અમને આપ્યા છે.

એક વખત હું મહારાજના હાથના બાવડા દબાવતો હતો ત્યારે મહારાજ કહે, તને સેવા કરતા આવડતું નથી આવડો ભાર દેવાય. ત્યારે મેં કહ્યું, ભગવાનને કાંઈ થોડો ભાર લાગે પછી હેમંતભગતે શીખવાડ્યું કે, આમ હાથ, ચરણ, વાંસો દબાવાય. એમ કરી મને બતાવ્યું. એટલે આમ ભગવાન વાતો કરતા એટલે આપણે એ વાતો, એ લીલા ,એ સેવા વારંવાર યાદ આવ્યા કરે એટલે આમ મહારાજ રમુજ કરી સાથે ઉપદેશ આપતા કે સંત પાસે કેમ રહેવાય અને રાજીપો લેવાય. આમ ભગવાનની કળા અપરંપાર છે. આપણાં ભગવાન તો જબરા છે પણ ભગવાનના ભક્તો પણ જબરા છે.

પરચા નં.
૪૭.

## અનાદિ મુક્તરાજ કુંવરજીભગત કેશવજીભગત ચૌહાણ

### ગામ : જામસર, હાલ- સૂરત

**મારા** બાપુજી જામનગર સ્વામિનારાયણ મંદિરમાં મહારાજને ઘઉં દેવા ગયા હતા. એક વખત એવું બન્યું કે મંદિરે દર્શન કર્યા અને પ્રસાદનો ટાઈમ થયો ત્યારે મહારાજ પાસે ગયા તો મહારાજ જમવા બેઠા હતા અને દૂધપાકનો વાટકો ભર્યો હતો. ત્યારે મહારાજે દૂધપાકના વાટકામાં એક ઘૂંટડો ભર્યોને મારા બાપુજીને આપ્યો. લ્યો કેશવજીભગત આ તમે પી જાઓ. જ્યારથી આ દૂધપાક મારા બાપુજીએ પીધો ત્યારથી એના જીવનમાં ભક્તિમાં વધારો થયો અને વૈરાગ્ય જાગ્યો. એટલે મારા બાપુજી કહેતા કે, આ શાસ્ત્રીજી મહારાજ બહું મોટા વિદ્વાન છે અને આ મહાપુરુષ છે માટે તું જામનગર જાય તો શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના દર્શન કરજે. એટલે મારે ૧૦માં ધોરણની પરીક્ષા દેવા જામનગર જવાનું થયું ત્યારે મેં મહારાજના પ્રથમ દર્શન કર્યા. ત્યારે જોડિયા ગામમાં હરિપ્રસાદ સ્વામી અને માધવપ્રસાદ સ્વામી સ્વામિનારાયણ મંદિરમાં રહેતા. તેની ભલામણથી મને જામનગર મંદિરમાં ઉતારો આપ્યો.

જામવંથલીના ભક્તોને માટે જે રૂમ અનામત હતી તે રૂમ મને ઉતારામાં આપી અને સ્વયંપ્રકાશ સ્વામી કહે, તમે જ્યાં વાંચવું હોય ત્યાં વાંચજો અને ભણવામાં ધ્યાન દેજો. ત્યારે હું મંદિરમાં ૧૫ દિવસ રોકાયો હતો. ત્યાં રવિવારનો રજાનો દિવસ હતો અને અમે સભાહોલમાં વાંચતા હતા ત્યાં સામે મહારાજ ખુરશી ઉપર બેઠા પગ લાંબા કરી માળા કરતા હતા. ત્યારે હું મહારાજ પાસે ગયો અને ચરણસેવા કરવાની ઈચ્છા થઈ એટલે મહારાજ બોલ્યા સામે નળમાં હાથ ધોઈને આવો. પછી હું અને બીજા ત્રણ જણાં હાથ ધોઈ મહારાજની ચરણસેવા કરતા હતા. ત્યારે મહારાજ સાંખ્યયોગી ઝવેરબાઈની વાત કરતા હતા કે, એ કચ્છની દીકરી ઝવેરબેન જામનગરમાં રહે છે અને હમણાં એની આંખમાં ઝામરનું દર્દ હતું તે દર્દ આ પ્રગટ ભગવાને આંખમાં ટીપા નાખીને મટાડ્યું.

એ ઝવેરબાઈ સાંખ્યયોગીની અવસ્થા એટલે બે બાયું હાથ પકડીને દર્શન કરાવા મંદિરે તેડી આવે. ઝવેરબાને એવો દ્રઢ નિશ્ચય હતો કે, આ મારી આંખ હવે તો ભગવાન જ મટાડશે માટે મારે ઓપરેશન કરાવવું નથી. તે આ ભગવાને બાઈનો વેષ લઈને મંદિરની પ્રદક્ષિણામાં ઝવેરબાઈની આંખમાં ટીપાં નાખ્યા અને એજ સમયે આંખ મટી ગઈ. આમ

મહારાજે વાત કરીને એ ઝવેરબાઈના દર્શન કરવા અમને કહ્યું. ત્યારે અમે ઝવેરબાઈનાં દર્શન કર્યાં તે એની આંખ નાના બાળક જેવી સ્વચ્છ અને સુંદર હતી. આમ દર્શન કરી અમે પાછા મહારાજની ચરણસેવા કરવા લાગ્યા ને મહારાજ બોલ્યા કે, જોઈ કેવી આંખો થઈ ગઈ. એટલે અમે કહ્યું, મહારાજ આંખ તો બહું સારી થઈ ગઈ. પછી મહારાજ કહે, આ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ ઈચ્છે તો શું ન થાય.

એ ઝવેરબાઈએ ઘણાં ડૉકટરોને બતાવ્યું ઘણી દવાઓ કરી પણ ક્યાંય સુધારો થયો નહીં. તે એક દિવસ પ્રદક્ષિણા ફરતાં ફરતાં આંખમાં બહુ પીડા થવા લાગી તે બાયું કહે, તમે અહીં બેસી જાઓ. ઝવેરબેન કહે હું હવે ઘરે કેમ જાઈશ એમ વિચાર કર્યો ત્યાં પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણ બાઈનો વેષ લઈને ઝવેરબેનને કહ્યું, શું થયું. ઝવેરબેન કહે, મારી આંખમાં જામરો છે ને આજે બહું પીડા થાય છે. બાઈના વેષમાં મહારાજ કહે, લ્યો તમારી આંખમાં ટીપાં નાખી દઉં. એમ કહી આંખમાં બે ટીપાં નાખ્યાં ત્યાં આંખ બળવા લાગી કહે આ તો બહું બળતરા થાય છે. મહારાજ કહે, બીજા બે બે ટીપાં નાખું તો મટી જશે. આમ પાછા બે બે ટીપાં નાખ્યાં ને આંખ એજ સમયે મટી ગઈ અને મહારાજે ઘનશ્યામ રૂપે પણ ઝવેરબાઈને દર્શન આપ્યા અને આંખ મટાડી. એ ઝવેરબાઈનું માવદાન ગઢવીએ કિર્તન બનાવ્યું છે કે, ''આજ કળિયુગમાં પરચા પુરે પ્રભુજી સ્વામિનારાયણ સત્ય છે...'' આમ આખાય સ્વામિનારાયણ સંપ્રદાયમાં જયજયકાર થઈ ગયો. આમ મહારાજે ઝવેરબાઈનું દુઃખ મટાડ્યું. તે આ અનાદિશ્રીકૃષ્ણનારાયણ ઈચ્છે તો શું ન થાય ! આમ મહારાજ બોલ્યા ત્યારથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ભગવાન જ છે, એવો મને દ્રઢ નિશ્ચય થઈ ગયો.

એક વખત અમે મહારાજની ચરણસેવા કરતા હતા ત્યારે આ જામવંથલીના ભક્તો મંદિરમાં સેવા કરવા આવતા. એક વખત જામવંથલીના બે ભક્તો જુવારના ગાડા ભરીને આવ્યા તેમાં લાલભાઈ જાવીયાનું ગાડું પાછળ હતું અને બીજા ભાઈ તે આગળ હતા. ત્યારે ગાડા મંદિરમાં દાખલ થયાને મહારાજની દૃષ્ટિ લાલભાઈ જાવીયાના ગાડા ઉપર પડી તે ગાડું ઉલાર હતું તેથી બળદ ટુંપાતા હતા ત્યારે મહારાજે દૃષ્ટિ કરી ને જોતર ટુટી ગયા અને બળદ છૂટા થયા. તે ગાડું ઊછળ્યું અને લાલભાઈ ઊંટડા ઉપર જ રહી ગયા અને મંદિરમાં સંતો સૌ હસવા લાગ્યા ત્યારે લાલભાઈ કહે, એ મને નીચે ઉતારો નીચે ઉતારો. પછી લાલભાઈને નીચે ઉતાર્યાં. ત્યારે મહારાજ કહે, આ ગાડું ખેતરેથી જ ઉલાર હતું. બળદ ટુંપાતા હતા તે તમને ખબર ન પડી. આમ મહારાજે હસતાં હસતાં ઠપકો આપ્યો. આમ મહારાજે દૃષ્ટિ

માત્રથી જોતર તોડીને બળદોને બચાવ્યા.

એજ સમયમાં એક વખત એવું બન્યું કે સ્વયંપ્રકાશ સ્વામી સભા હોલમાં મહાપૂજા કરતા હતા. ત્યારે હું સભા હોલમાં વાંચવા બેઠો અને રાત્રીના એક દોઢનો સમય થયો ત્યાં મહારાજ માળા ફેરવતા ફેરવતા આવ્યા. હું મહારાજને પગે લાગ્યો અને મહારાજે આખા સભા હોલમાં એક રાઉન્ડ માર્યો અને મારી પાસે મહારાજ આવ્યા અને બોલ્યા કે, ઓઢવાનું પૂરતું છે ને આજ ઠંડી બહુ પઢશે. મેં કહ્યું, હા મહારાજ ઘણું છે. આ ગાદલા રજાઈયું ઘણી છે. પછી મહારાજ માળા કરતાં કરતાં ચાલ્યા ગયા તે દિવસે સવારે નળકાઓમાં બરફ જામી જાય એવો ખૂબ હીમ પડ્યો. આમ મહારાજ બધાંને અગાઉ ચેતવી અને શરણાગતોની સંભાળ લેતા. આમ ડગલેને પગલે મહારાજ પોતે ભગવાન છે તેની પ્રતિતી કરાવતા. અમે પરીક્ષા દેવા ગયા તે ૧૫ દિવસ મંદિરે રોકાયા તે મને આટલા પ્રત્યક્ષ અનુભવ થયા પછી અમે પરીક્ષા પૂરી કરીને અમારા ઘરે જતા રહ્યાં.

એક વખત અમે પાંચ-સાત દિવસ જામનગર મંદિરે સેવા કરવા ગયા ત્યારે અમે ન્હાવા લાઈનમાં ઊભા હતા. ત્યારે મહારાજ દાતણ કરતા કરતા અમને દર્શન આપીને જતા રહ્યા હતા. એજ સમયમાં મહારાજ પૂજા નિત્યક્રમથી પરવારીને સભા હોલમાં કથા વાંચવા આવતા. ત્યારે સભા હોલમાં ભાઈચંદ સોની મહારાજને તિલક કરીને હાર પહેરાવતા અને મહારાજ કથા વાંચવા લાગતા અને એક ભૂંગળું દરવાજે લગાડ્યું હતું જેથી રસ્તે જતા મુમુક્ષોને મહારાજની વાણીનો લાભ મળે. મહારાજ કથા વાંચતા ત્યારે રસ્તો ભરચક ટ્રાફિકજામ થઈ જાતો એટલું મહારાજની વાણીમાં આકર્ષણ હતું. જયારે મહારાજ મંગલાચરણ કરતા ત્યારે શ્રોતા ડોલવા લાગતા. મહારાજને માથે લાંબી ચોટલી હતી અને સરકણી ગાંઠ વાળતા. મહારાજ લાકડાની ચાખડી પહેરતા. અને મંદિરમાં કોઈ ભેટ આપતા તો મહારાજ જાતે પહોંચ બનાવી આપતા અને મહારાજ સતત શાસ્ત્ર લખવાનું કામ પણ કરતા.

એક વખત ભણીને ધંધા માટે હું મુંબઈ ગયો ત્યાં ન ફાવ્યું ને સૂરત આવ્યોને હીરાના ધંધામાં ઝંપલાવ્યું ત્યાં ૧૦-૧૨ વર્ષ કામ કર્યું ત્યારે મને પેટમાં દુઃખાવો ચાલુ થયો ને જે અન્ન ખાધું હોય તો ઊલટી થઈ જાય એટલે ડૉકટરોને બતાવ્યું. એસિડીટીનું નિદાન કર્યું. દવા લીધી પણ સારું થાય નહીં. એટલે દેશમાં જામસર જતો રહ્યો. જામનગર બતાવ્યું એસિડીટી હતી, દવા લીધી થોડું સારું થયું. એટલે કુટુંબને લઈ સૂરત ગયો ત્યાં રૂમ રાખી પણ આ એસિડીટી મટે નહીં એમ કરતા ૧૫ વર્ષ જેટલો સમય થઈ ગયો. એટલે મહારાજ યાદ

આવ્યા. પણ જૂનાગઢ જવાય એવી સ્થિતિ ન હતી એટલે મહારાજને કાગળ લખ્યો આ બાજુ મહારાજને ટપાલ પહોંચી અને એસિડીટી મટી ગઈ, સાવ સારું થઈ ગયું અને મહારાજનો પ્રસાદીપત્ર આવ્યો હતો કે, ગુલાબ પાંખડી ખાજો સારું થઈ જશે. આમ મહારાજને પત્ર લખવા માત્રથી દર્દ મટી ગયું.

ત્યારપછી તો હું મહારાજ પાસે જૂનાગઢ અવારનવાર જતો. પછી અમે રામનગરમાં રહેવા આવ્યા. એ રામનગરમાં મારા ઘરમાં સ્વામિનારાયણ ભગવાન અને અનાદિ શ્રીકૃષ્ણનારાયણ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનો ફોટો મારા મંદિરમાં રાખતો. ત્યારે મૂળીના સંતો જે હરિપ્રસાદ અને માધવપ્રસાદ આવ્યા તે ઘરે પધરામણી કરી અને મહારાજનો ફોટો જોયો ને કહે આ સાધુને ભેળા રાખ્યા છે. ત્યારે મેં કહ્યું, એ ભગવાન છે અને એ ફોટા તો ભેળો જ રહેશે. સાધુ હેતવાળા હતા એટલે બીજું કાંઈ બોલ્યા નહીં પણ આ નિશ્ચય મજબૂત થયો.

એક વખત ભીમકટાના રામજીબાપા એક મોટા કોન્ટ્રાકટર હતા. તે જ્યાં કામ ચાલતું ત્યાં એ મંદિરમાં ઉતારા કરે. તે એક વખત મહારાજ કાશીથી આવતા હતા ત્યારે મહેસાણા મહારાજે રોકાણ કર્યું અને આ રામજીબાપા સ્વામિનારાયણ મંદિરમાં ઉતારામાં હતા ત્યારે મહારાજ ત્રણ દિવસ મહેસાણા રોકાયા હતા. તે આ રામજીબાપા ચુસ્ત સ્વામિનારાયણ હતા ને મહારાજ મોટા સાધુ એટલે રામજીબાપાને અને મહારાજને હેત થઈ ગયું હતું. મહારાજ ત્રણ દિવસ રોકાઈને જવા તૈયાર થયા ત્યારે રામજીબાપાને કહ્યું,મારે સ્ટેશન જવું છે. એટલે રામજીબાપા ઘોડાગાડી બાંધી અને મહારાજને સ્ટેશન મૂકવા સાથે ગયા. ત્યારે રસ્તામાં મહારાજે ઘોડાગાડી ઊભી રખાવીને રામજીબાપાને કહે કે, એ સામે દુકાનમાં લાકડીયું છે તેમાંથી એક લાકડી અમને લઈ આપો તો રામજી બાપાએ સરસ લાકડી મહારાજને લઈ આપી. આમ સમય જતાં એક વખત રામજીબાપા ને મહારાજ જામનગરમાં ભેગા થઈ ગયા. તે રામજીબાપા,મહારાજ પાસે બેઠા હતા ત્યારે રામજીબાપા બોલ્યા કે,મહારાજ તમે કથા વાંચો છો ત્યારે તમે ભગવાન છો એવી વાતો કરો છો તે તમે ભગવાન હો તો એ પ્રમાણ આપો ત્યારે મહારાજ કહે, ભગવાન ચિન્હ, ચરિત્ર અને ચેષ્ટા વડે ઓળખાય છે અને ઓળખનારા ઓળખી લ્યે છે અને અમે ભગવાન છીએ. એમ શાસ્ત્રો પ્રમાણ આપે છે. એમ કહી મહારાજે એક કાગળમાં ૧૮ શ્લોક લખી આપ્યા અને એ કાગળ રામજીબાપાને આપ્યો તે કાગળ રામજીબાપા ભેગો રાખતા.

રામજીબાપાના ઠેકઠેકાણે કામો ચાલે તે એક વખત મોરબી આવ્યા ત્યાં ગોપાલચરણદાસ

શાસ્ત્રી હતાં અને એ ગોપાલચરણદાસ શાસ્ત્રી ભણેલા તેથી આ શ્લોકમાંથી ગોપાલચરણદાસ શાસ્ત્રીએ આઠ શ્લોકનું ગુજરાતીમાં ભાષાંતર કરી આપ્યું પણ પુરા શ્લોકનું ગુજરાતી થયું નહીં. પછી રામજી બાપાને કહ્યું કે, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ આપણાં સંપ્રદાયના શિરતાજ છે એના રચેલા શ્લોકોનું ભાષાંતર કરવા કોઈ સમર્થ નથી.

રામજીબાપા બીજી વખત મહારાજ પાસે જામગનર ગયા ત્યારે મહારાજે એમને કહ્યું કે, રામજીભાઇ આ તમારી આપેલી છડી લઈને અમે તમને અંતકાળે ધામમાં તેડવાં આવીશું. તે સમય જતાં સૂરતમાં એ રામજીબાપાને મહારાજ ધામમાં લઈ જવા આવ્યા ત્યારે લાકડી બતાવીને કહ્યું, હાલો રામજીભાઈ તમને અમે ધામમાં તેડવા આવ્યા છીએ. આમ છડીની સેવાનાં ફળ સ્વરૂપે મહારાજ તેમને પોતાના પરમધામમાં તેડી ગયા.

જામનગરના હાલાર પંથકમાં મહારાજને પૂછીને બધા લોકો કામ કરતા. અમારા બાપા પણ તે પ્રમાણે મહારાજને પૂછીને ખેતી કરતા અને ખેતીમાં સારી ઉપજ મેળવતા. એક વખત હું જામવંથલી ગયો હતો ત્યારે મહારાજ જામવંથલીમાં જ હતા અને ચૂનાની ભઠ્ઠી નંખાવીને એ ફુલવાડીમાં પ્રસાદીભવનમાં એ ચૂનો વપરાતો. એ મેં દર્શન કરેલા.

પછી મહારાજે જૂનાગઢમાં નિવાસ કર્યો ત્યારે એક વખત હું જૂનાગઢ ગયો હતો ત્યારે સાકર, શ્રીફળ, ફૂલનો હાર મહારાજના ચરણમાં મૂક્યો અને દંડવત્ કરી બેઠો અને મનમાં વિચારવા લાગ્યો કે, આ ભગવાન છે પણ તેને જાણવા કંઈ રીતે ? ત્યાં થોડીવાર થઈ અને મહારાજ બોલ્યા સ્વામિનારાયણ ભગવાન ગઢડામાં અક્ષર ઓરડીમાં બિરાજમાન હતા ત્યાં નારાણ મિસ્ત્રીને સ્વામિનારાયણ ભગવાને ૧૬ ચિન્હોના દર્શન કરાવ્યા. એમ કહી ચરણ લાંબા કર્યા અને આ ચરણોમાં કેટલા ચિન્હ છે ? એમ કહી બધાં જ ચિન્હોના દર્શન કરાવ્યા અને બોલ્યા અમને છપૈયામાં તલાવડીમાં ખાપો લાગ્યો તો ખાપો હજુ એમને એમ જ છે એમ કહીને સાથળમાં ખાપાના અને લક્ષ્મીજીના દર્શન કરાવ્યા. આમ મારા સંકલ્પ પ્રમાણે ભગવાને પોતાનું ભગવાનપણું સિદ્ધ કરી બતાવ્યું. આમ ભગવાન નિજ ભક્તોના મનોરથ પૂરા કરતા.

એકવાર મને પેટમાં દુઃખતું હતું તેથી મહારાજે મારા પેટમાં ત્રણ ચાર હાથની મુઠ્ઠી આમ તેમ મારી કહે, હવે ક્યાં પેટમાં દુઃખે છે તે મેં કહ્યું, હવે મહારાજ ક્યાંય દુઃખતું નથી. આપના આશીર્વાદથી હવે કોઈ જાતની તકલીફ નથી.

એક વખત હું મહારાજ પાસે બેઠો હતો ત્યાં મહારાજને કહ્યું, મહારાજ આ સૂરતમાં આપનાં ભક્તો થાય અને ભક્તિ થાય એવા આશીર્વાદ આપોને. ત્યાં મહારાજ બોલ્યા, અરે સૂરત તો મારું ધામ છે. સૂરતમાં બે લાખ ભક્તો ભેગા થશે અને મારું સેન્ટર થાશે એમ કહી ઊભા થઈ ચોપડો કાઢ્યો અને તેમાંથી જામવંથલીના ભાઈલાલ ભાઈનું એડ્રેસ કાઢ્યું અને કહ્યું, આ ભાઈલાલને મળજે એ સભામાં આવશે. આમ અમે રામનગરમાં સત્સંગ ચાલું કર્યો તે ધીમે ધીમે મંડળનો વિકાસ થવા લાગ્યો. તે અમે ચાર-પાંચ છોકરાને ભાઈલાલભગતનું કુટુંબ અને અમારું કુટુંબ આમ અમે દશ જણા થઈને સૂરતમાં પ્રથમ મહારાજની સભા ચાલુ કરી.

બીજી વખત જૂનાગઢ મહારાજ પાસે આવ્યો ત્યારે મહારાજ કહે, કેમ સત્સંગ કેવો ચાલે છે ? ત્યારે મહારાજને કહ્યું, મહારાજ ભક્તો નવા નવા આવે છે ને સારું ચાલે છે. આમ કરતાં કરતાં એ વર્ષમાં મારે આઠ વખત મહારાજના દર્શને જવાનું થયું એ દરમ્યાન ઘણાં પ્રસંગ બન્યા કે મહારાજે મંડળ ચલાવવા આશીર્વાદ આપ્યા અને પાંચ થાપા માર્યા અને બોલ્યા કે બળમાં રહેજો, ભક્તિ કરજો, સંકલ્પ સારા કરજો, ભગવાન તમારા ભેળા જ છે, સંકલ્પ પ્રમાણે સારાવાના થશે.

એક વખત મહારાજ બોલ્યા સૂરત મંડળનું ટ્રસ્ટ રજીસ્ટ્રેશન કરાવી લેવું જેથી હિસાબ ચોખો રહે. પછી મહારાજ એમ બોલ્યા તાપીને કિનારે ઊંચી સમથળ જગ્યામાં મંદિર કરવું. મંદિર માટે જગ્યા લઈ લેવી. આમ મહારાજના આશીર્વાદ મળતા ગયા અને મંડળનો વિકાસ થતો ગયો અને મંદિર માટે જગ્યા પણ લેવાતી ગઈ તે આજે ૧૦૦૦ વાર જેટલી જગ્યા થઈ ગઈ અને ધૂન-ભજન થાય છે. ભક્તોના મનોરથો પૂરા થાય છે, ભગવાન રાજી રાજી થાય છે.

એક વખત અમે ચાર-પાંચ જણા મહારાજના દર્શને ગયા. વકીલ સાહેબ અને એમના બાપા સાથે હતાં તે અમે હેમંતભગતને વાત કરી કે, અમારે મહારાજને નવડાવવા છે. હેમંતભગત કહે, સવારે પાંચ વાગે ઊઠાશે ? ત્યારે મહારાજ કહે, નહીં ઊઠે તો બીજીવાર અમે નાહી લઈશું. તે રાત્રે અમે મહારાજની ચરણસેવા કરી અને મહારાજે ચાર-પાંચ સફરજન આપ્યા ને કહ્યું, આ જમજો ને સૂઈ જજો. તે અમે જમ્યાને સૂઈ ગયા. તે દિવસે સવારે વ્હેલા ત્રણ વાગે નિંદર ઊડી ગઈ. અમે પૂજા કરીને મહારાજના રૂમે આવ્યા, મહારાજ જાગ્યા અને દરવાજો ખોલ્યો, દાતણ કર્યું એ દાતણ મને મહારાજે પ્રસાદીનું આપ્યું. પ્રસાદીનું જળ લેવા માટે મેં હેમંતભગત પાસેથી ખાલી લોટો લીધો. બીજા ભક્તો તો સવારે ગીરનાર ચઢવા ગયા હતા તેથી અમે મહારાજને એક કલાક સુધી સ્નાન કરાવ્યું અને મહારાજને કહ્યું,

પ્રસાદીનું જળ આ લોટામાં આપો તે મહારાજ પોતાનાં ચરણે પાણી રેડતા જાય અને મેં ચરણે લોટો ધરીને તેમાં એ જળ ભર્યું. મહારાજ કહે, આ જળ સાચવી રાખજો. હવે પછી આ નહીં મળે. તે પ્રસાદીનું જળ આજે પણ એમ જ પ્રસાદીનું એવું ને એવું જ સાચવી રાખ્યું છે. તેના ફોટા પાડ્યા હતા તે પણ છે.

બીજા દિવસે સવારે નવ વાગે મહારાજ પાસે બેઠાં હતાં ત્યાં વકીલના બાપા બોલ્યા, મહારાજ આ મારો છોકરો વકીલ થઈ ગયો હવે એનું સગપણ કરવું છે. તો હું કહું ત્યાં સગપણ કરવાની ના પાડે છે. તો થોડીવાર પછી મહારાજ બોલ્યા એમને જ્યાં કરવું હોય ત્યાં કરવો દો આ અનાદિશ્રીકૃષ્ણનારાયણ બોલ્યા તે એમ જ થાય. આમ મહારાજ બોલ્યા તે બાપા ઉદાસ થયા અને બીજા બાપા બોલ્યા કે, મહારાજ મારા મોટા દિકરાને ઘરે સંતાન નથી. આશીર્વાદ આપો. મહારાજ કહે દિકરો થશે. પછી અહીં દર્શને મોકલજો, આમ મહારાજે આશીર્વાદ આપ્યા.

એક વખત મહારાજે સમાચાર મોકલ્યા કે મંદિર માટે જગ્યા લઈ લેજો. પરંતુ મંડળ પાસે ભંડોળ કાંઈ ન હતું અને મહારાજ કહે ૨૦-૨૨ પ્લોટ લઈ લેજો. આમ મહારાજ બોલ્યા. ત્યારે ખોલિયાસાહેબ કહે, હાલમાં બે પ્લોટ લઈને હોલ બનાવીએ. ત્યાં ખીમજીભગતનો પ્લોટ હતો. ખીમજીભગતને વાત કરી પણ મંડળ પાસે ભંડોળ ન હતું અને જગ્યા લેવી તે ખીમજીભગતને કહ્યું, તમે પ્લોટ આપો અને મંડળ ધીરે ધીરે પૈસા આપી દેશે. તે એક વખત હેમંતભગત આવ્યા અને અમે સભા કરી. હેમંતભગત ધૂન બોલાવતા હતા અને મહારાજે ખીમજીભગતને દર્શન આપ્યા કહે, તારો પ્લોટ દઈ દે. આમ મહારાજ બોલી અદૃશ્ય થયા અને ખીમજીભગત સભામાં આવ્યા, દર્શનવાળી વાત કરી અને પ્લોટ આપી કહ્યું કે, તમારે હવે જે આપવું હોય તે આપજો, આ મારો પ્લોટ મંદિરમાં વાપરો.

એક વખત એવું બન્યું કે જૂનાગઢમાં સભામંડપ સળગ્યો તે સભામંડપ બીજો બનાવવા માટે મહારાજે સૂરતના સત્સંગીઓને ટપાલ લખી કે નવો સભામંડપ બનાવવો છે તમે ફાળો કરી મોકલાવજો. ત્યારે સત્સંગીઓ કહે, મહારાજ તમે સંપ્રદાયમાં મોટા છો, વિદ્વાન છો. તમે અહીં એક માસની કથા કરો તમે જેટલો કહો તેટલો ફાળો થઈ જશે. આ વાત જાણી મહારાજ રાજી થયા અને મહારાજ સૂરત પધાર્યા ત્યારે ભકતોએ મહારાજનું ભવ્ય સ્વાગત કર્યું અને મહારાજની દિવ્ય વાણીનો લાભ સૌને મળ્યો.

મહારાજે મને ટપાલમાં પ્રસાદીપત્રમાં બહુ મોટા આશીર્વાદ આપ્યા કે, કુંવરજીભગત

સૂરત મંડળ પ્રમુખ, ઘર કુટુંબ સૌ સુખીયા રહો. કુંવરજીભગત, રાધાબેન, લલિત, પુષ્પાબેન, પ્રવીણાબેન આદિક સુખીયા હો. ધામમાં ભગવાન પાસે રહેવાનું છે. મંદિર કરો, મંદિર થશે. આમ સૂરતમાં મહારાજનો અઢળક રાજીપો છે.

એક વખત હું રાધાબેન (કુંવરજીભગતના ધર્મપત્ની) ચાલતા જતી હતી ત્યારે મારી આગળ મહારાજ છડી લઈને ચાલ્યા આવે એવા પણ મને દર્શન થયા હતા. એક વખત રામપુરામાં મારો લલિત સવા વરસનો હતો ત્યારે અમે મહારાજ પાસે કંઠી બંધાવવા ગયા ત્યારે લલિતને કંઠી પહેરાવી અને મહારાજના દર્શન કરવાની મને ઈચ્છા થઈ ત્યારે મહારાજે કઠેડે આવી દર્શન દીધા. જૂનાગઢમાં હનુમાન, ગણપતિ પાસે મહારાજ પ્રદક્ષિણા કરતા આવ્યા ત્યારે મને ચરણસ્પર્શ કરવા મળ્યા, આમ મહારાજના દર્શન થયા.

મહારાજ ધામમાં ગયા તે વખતે સૂરતથી ભક્તો બધા નીકળી ગયા પણ અમે ત્રણ જણી લીલીબેન,ગોદાવરીબેન અને હું. અમે ટ્રેનમાં બેસી રાજકોટ આવ્યા અને ત્યાં એક લાંબા લાંબા ભાઈ આવી કહે, તમારે ક્યાં જવું છે. અમે કહ્યું,અમારે જૂનાગઢ જવું છે. અમારા મહારાજ ધામમાં ગયા છે માટે. તેથી મહારાજે અમારી રક્ષા કરવા આ ભાઈને મોકલ્યા અને તે જે ટેકસીમાં બેઠા તેમાં બેસાડીને જૂનાગઢ લઈ આવ્યાં. ત્યાં મહારાજે બાળ સ્વરૂપે રસોડામાં કહી દીધું હતું કે, ભક્તો સૂરતથી આવવાના છે માટે ત્રણ થાળી જમવાની રાખજો.

એક વખત મહારાજની મૂર્તિને અમે હાર પહેરાવ્યો તે હાર વધવા લાગ્યો. ત્યારે અમારી બાજુમાં અક્ષર પુરુષોત્તમના સંતો આવ્યા અને શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની મૂર્તિને હાર ચઢાવ્યો તે હાર વધવા લાગ્યો જાણીને ખાત્રી કરી કે ખરેખર હાર વધે છે, આ ગજબ કહેવાય. આમ અક્ષર પુરુષોત્તમના સંતોને કબુલવું પડ્યું કે શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ભગવાન પ્રગટ છે.

એક વખત એવું બન્યું કે વડતાલ દેશના આચાર્ય અને સંતો પધરામણી કરતા હતા. જ્યાં જ્યાં પધરામણી કરવાની હતી તે તે લોકોએ નામ નોંધાવ્યા હતા. પરંતુ તે લોકોને નીકળવાનું મારા ઘર પાસેથી જ તે હું દરવાજે ઊભો હતો અને મેં વાત કરી એ અમારા ઘરે પગલાં પધરામણી કરતા જાઓ. તે આચાર્ય મહારાજ કહે, હા ચાલો પધરામણી કરતા જઈએ. તે સૌ ઘરમાં પધાર્યા અને જ્યાં મંદિર બનાવ્યું હતું ત્યાં મહારાજ અને ઘનશ્યામ

મહારાજની મૂર્તિ સાથે હતી અને આચાર્ય મહારાજે આરતી ઉતારી. વડતાલ દેશના આચાર્ય સ્વયં આપણાં મહારાજની આરતી ઉતારીને નીકળ્યા અને બે સંતો પાછળ હતા, તે બોલ્યા અમારા અચાર્ય મહારાજે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીની આરતી ઉતારી આ તો બહુ મોટી વાત કહેવાય. આ વાત નોંધ રાખવા જેવી છે.

રાંદેરમાં મોટું તોફાન ચાલે પણ અમારા ઘર બાજુ શાંતિ હતી. ભગવાનના પ્રતાપે આખા એરિયામાં સૌની રક્ષા થઈ, આમ ભક્તોની રક્ષા કરતા. સૂરતમાં મોટું મકાન થયું ત્યારે અમે દરવાજા ખુલ્લા રાખીને જ સૂતા હતા તે સમયે મહારાજે રક્ષા કરી તે અમને કાંઈ થવા દીધું નહીં.

મહારાજ ધામમાં ગયા ત્યારે હું રાત્રે માળા કરતો હતો તે મારી માળા તૂટી ગઈને પારા તડ તડ નીચે પડ્યા. મને થવા લાગ્યું કે, કાંઈક થયું છે. એમ જાણીને બધે તપાસ કરી ત્યારે સમાચાર મળ્યા કે મહારાજ ધામમાં ગયા છે. પછી અમે સૌ ભક્તો મળીને જૂનાગઢ ગયા ત્યારે એ બધી ક્રિયાઓ થઈને અમે પાછા વળતા હતા ત્યારે ગાડી આગળ મહારાજ ચાલ્યા આવે અને ડ્રાઈવરને દર્શન થયા કે, આ સ્વામી કોણ છે ? જે મારી ગાડીની આગળ ને આગળ જ ચાલ્યા આવે છે. મારી ગાડી ૬૦-૭૦ની સ્પીડમાં ચાલે પણ મહારાજ આગળને આગળ જ ચાલે છે. એમ મહારાજે ડ્રાઈવરને પણ દર્શન આપ્યાં.

એક વખત મહારાજે એવા દર્શન આપ્યા કે, હું માળા કરતો હતો. તે મહારાજ આવ્યા અને કહે ભગત હાલો. તે અમે ધામમાં આવ્યા. મને ધામમાં સિંહાસનની બાજુમાં બેસાડ્યો. ત્યાં મને એવા દર્શન થયા કે ગાડા જેવડા તો કમળ હતા અને સફેદ બંગલા હતા. અનંત મુક્તોની સભા ભરાઈને બેઠી છે. આમ મહારાજે ધામના દર્શન કરાવ્યા.

મહારાજ નિજ ભક્તોને દર્શન, પરચા, ચમત્કાર બતાવી ભક્તિમાં મજબૂત કરે છે અને પોતાની મૂર્તિમાં જોડી રાખે છે. તેજ ભગવાનની મોટી કૃપા કહેવાય નહીં તો આ જગતમાં માયામાં આ જીવ ક્યાં ખોવાય જાય તેનું કોઈ ઠેકાણું નહીં. માટે જે અખંડ સતત મહારાજનું ધ્યાન, મનન અને મૂર્તિનું ચિંતવન અને મહારાજની આજ્ઞા-સંકલ્પમાં સેવા કરનારા છે તે પ્રગટ ભગવાન ભેળા રહેવાના અધિકારી થાય છે.

પરચા નં.
૪૮.

## અનાદિ મુક્તરાજ પ્રાગજીભગત રણછોડભગત મનાણી
### ગામ : જામવંથલી, હાલ રાજકોટ

**મહારાજ** જામનગર પધાર્યાં ત્યારે કાનાબાપા અને મારા બાપુજી રણછોડબાપા બંને મિત્ર અને સુરાબાપા ભેગા કુરાભાઈ પણ હોય. તે સમયમાં ધનાબાપાને કુરાભાઈ જામનગરમાં રહે અને કામ કરવા જાય એટલે મંદિરે દર્શન કરીને જાય. તે ખાટલા રીપેર કરવા કે નાના મોટા ઘરના સુતારી કામ કરે. ત્યારે એકવખત મારા બાપુજી જામનગર ગયા હતા અને મંદિરમાં આ સુરાભાઈ સાથે મુલાકાત થઈ. ત્યાં સુરાભાઈએ મહારાજને પૂછ્યું, કેટલી મજૂરી મળે છે ? તો મહારાજ કહે, આ ખટારો બાવળના લાકડાનો છે. એ તમે ફાડી નાખો અમે સાત રૂપિયા આપીશું. આમ મહારાજ પ્રેમથી કામ આપતા અને મહેનતાણું પણ બરાબર આપતા.

એક વખત આ કુરાભાઈ સાથે મહારાજે ખટારો લાકડા ફાડવાનો કરાર કર્યો ત્યારે ભગવાને એવી લીલા કરી કે, કુરાને કહે, એલા કુરા તું તો બહુ બળિયો છો તો મને ઊંચો કરને. ત્યારે કુરાભાઈ મહારાજને ઊંચા કરવા બળ કર્યું, પરસેવો વળી ગયો પણ મહારાજ ડગ્યા નહીં. કુરાભાઈ કહે, આ તો તમે ડગતા પણ નથી. કાંઈક ચમત્કાર છે. મહારાજ કહે, કુરાભાઈ એમ કરો એકવાર હજુ અખતરો કરો. ફરી કુરાભાઈ એ મહારાજને ઉપાડ્યા તો જાણે ફુલ હાથમાં પકડ્યું હોય એમ મહારાજને ઉપાડી લીધા. આ ચમત્કાર જોઈ કુરાભાઈ રાજી રાજી થઈ ગયા. આ સ્વામી મોટા છે. આમ જાણી સાંજની ગાડીમાં જામવંથલી આવ્યા અને રણછોડભાઈને મળ્યા અને પૂરી વાત કરી અને કહ્યું કે, રણછોડભાઈ આપણે મહારાજ પાસે કંઠી બંધાવીયે. તે ગુરુ કરવા જેવા છે. એમ કહી બીજા દિવસે મહારાજ પાસે ગયા અને મહારાજે કંઠી બાંધી. આમ જામવંથલીમાં મહારાજના આ સેવક ભકતો બન્યા. કંઠી બાંધ્યા પછી તો એકાન્તિક ભક્તના જેવી તેમની સ્થિતિ થઈ ગઈ. પછી મારી ઉંમર ૧૦ વર્ષની હતી ત્યારે મારા બાપુજીએ મને મહારાજ પાસે લઈ જઈ કંઠી બંધાવી હતી.

આ કુરાભાઈ જેમ કમાણી ભેગી થાય તેમ ૬૦ રૂપિયાનું તોલું સોનું તેની ચેન-માળા કરાવે અને મહારાજ પાસે પ્રસાદીની કરાવે. ત્યારે ભેગી કરતા ૧૪ ગીનીનું પોટલું બંધાયું હતું અને જ્યારે ખોલ્યું તો ૨૮ ગીની થઈ ગઈ. આમ મહારાજ પરચા દઈને ભક્તોને વિશેષ સુખી કરતા.

રણછોડબાપા એક વખત મંદિરે કડબનો ભાર ખાલી કરી ગામવાળાનો સામાન ભરી આવતા હતા ત્યાં રાત્રે ૮-૯ વાગ્યા હશે ત્યારે લાખાણી પાસે મોટા વોકળામાં ગાડું ફસાયું અને પૈડા ધરા સુધી રેતીમાં ખૂંતી ગયા તેથી બળદથી ઘણું બળ કરાવ્યું પણ બળદ બીચારા બેવડા વળી જતા ગાડું નીકળ્યું નહીં ત્યાં સામેથી ભરવાડને આવતો જોયો તેણે રામ રામ કર્યા, અને પુછ્યું, ક્યું ગામ, કેના દિકરા. મેં કહ્યું, જામવંથલી અને રાજાભાઈના દિકરા. તો તેમણે કહ્યું, અરે રાજાભાઈ તો મારા ભાઈબંધ થાય. આ ગાડું ધરા સુધી ખૂંતી ગયું છે માટે એક કામ કર. તું રાસ લઈને આગળ ચાલ અને હું પાછળથી ધક્કો લગાવું. તે એક ધક્કે ગાડું બહાર નીકળી ગયું ને મેં ગાડા ઉપર બેસીને જોયું તો કોઈ ના મળે. આ મહારાજ આવીને ગાડું કઢાવી ગયા. ચાર-પાંચ દિવસ પછી હું જામનગર ગયો મહારાજ પાસે બેઠો. મહારાજ કહે, શું થયું હતું ભગત ? બાપા કહે , ગાડું ખૂપ્યું હતું ને તમે આવ્યાને ગાડું કાઢ્યું, તમારા વિના બીજું કોણ હોય. મહારાજ કહે, તો તો તમે અમને ઓળખી ગયાં.

એક વખત અમે કૂવામાંથી ગાર કાઢતા હતા. ત્યારે મારા ઘરના આણે આવ્યા જ હતા તે નાના હતા અને રણછોડબાપા કૂવામાં ગાર ભરીને કોહમાં નાખતા ત્યારે કોહ ખેંચતા ઉપર આવ્યો ને ગરેડી નીચે પડી તે બાપાને વાંસામાં આડી વાગી, જો ઊભી વાગી હોત તો બચવું મુશ્કેલ. એ ગરેડીને પાછી ચડાવી કોહ ખેંચ્યો તો બીજી વાર પડીને વાંસામાં વાગી. તેથી તે કોહમાં ખેંચી લઈને ગરેડી કાઢી પછી બાપાને ખેંચ્યા ને ગયા જામનગર. ત્યાં વૈદ્ય પાસે પાટો બંધાવ્યો પછી ૧૫ દિવસ આરામ કર્યો પણ આટલે ઊંચેથી ગરેડી પડીને વાગી તો પણ ફ્રેકચર નહોતું થયું. પછી અમે ૧૫ દિવસ પછી મહારાજ પાસે ગયા, તો મહારાજ કહે, શું થયું હતું ? તો મેં કહ્યું, મહારાજ કૂવાની ગરેડી માથે પડી આ તો તમે રક્ષા કરી તેથી બાપા બચ્યાં. ત્યારે મહારાજ કહે કે, બાપાનું આયુષ્ય પુરુ થયું હતું પણ મારી કૃપાથી તે હવે જીવશે.

એક વખત અમે મારા બાપુજી અને કુટુંબ જામનગર મહારાજના દર્શન કરવા ગયા, ત્યાં ઉતારો લીધો. પછી અમે સાંજની ગાડીમાં જામવંથલી આવ્યા ને ઘરે પહોંચ્યા. ત્યાં તાવ આવ્યો અને તાવ કેવો કે જે અડે તેનો હાથ બળી જાય. ત્યારે મારી બા કહે, આ પ્રાગજીને અત્યારે જ જામનગર લઈ જાઓ નહીંતર સવાર સુધીમાં તો આ નહીં બચે. તેથી રાત્રે ૧૨ વાગ્યાની ગાડીમાં અમે જામનગર આવ્યા. બે વાગ્યે મંદિરે પહોંચ્યા, દરવાજો ખટખટાવ્યો. દરવાન બાપુ હતા તે મારા બાપાને ઓળખતા. તે કહે અરે ભગત હમણાં સાંજે તો ગયા હતા ને અત્યારે પાછા આવ્યા. પછી સવારે મહારાજ પાસે ગયા ને મારા બાપુજીએ કહ્યું, મહારાજ

આ પ્રાગજીને આમ થયું છે. તમે રક્ષા કરો. પછી મહારાજે પ્રસાદીનું પાણી કળશિયામાં આપ્યું અને કહ્યું, આ પાણી પ્રાગજી પરથી ઉતારીને બહાર લીંમડો છે એમાં રેડી દેજો. બાપુજીએ એ પ્રમાણે કરી લીંમડામાં પાણી રેડ્યું તો તેની એક ડાળ આખી સુકાઈ ગઈ ને પાંદડા બધા નીચે ખરી પડ્યા અને મને સારું થઈ ગયું. આમ મહારાજે મારી રક્ષા કરી.

આમ જામનગર મહારાજ બિરાજતા ત્યારે અમારા કડિયાના ૨૪ ગામ જે હતા તેમાં જે લોકોને આવું કંઈ પણ દુઃખ આવે એટલે પહેલા બધા મહારાજ પાસે આવે અને મહારાજ પોતાના પ્રસાદીના પાણીએ સૌના દુઃખ મટાડતા.

એક વખત સાંજના સમયે મહારાજ બહાર હવામાં ખુરશી ઉપર બેઠા હતા અને માળા ફેરવતા હતાં. ત્યાં એક ગાંડો બાવો મહારાજ પાસે આવ્યો અને મહારાજને પગે લાગ્યો અને બોલ્યો, યે તો ભગવાન હૈ. ત્યારે મહારાજે પોતે ઓઢેલી શાલ તે બાવાને આપી દીધી ને બાવો ત્યાંથી ચાલ્યો ગયો. ભગવાનને ભગવાન કહેવાવાળા તો દેવકોટીથી ઉપલી હરોળના હોય અને તે મહારાજના દર્શન કરવા આવી લીલા કરતા હોય. ભગવાન જાણતા હોય તે ભગત કોણ છે ? મારા માતાજી નાનુબેન પણ પરમ એકાન્તિક ભક્ત હતા અને મારા નાનાભાઈ બાબુભાઈ તે મહારાજના આશીર્વાદથી તેનો જન્મ થયો અને મહારાજ કહેતા, આ બાબુભાઈ તો તમારી ૭૧ પેઢીનો તારનારો છે.

જામવંથલીમાં અમારો પ્લોટ હતો અને મહારાજ જામવંથલી પધાર્યા હતા ત્યારે એ પ્લોટમાં પાણી છંટાવ્યું અને મહારાજને પગલા કરવા લઈ આવ્યા ત્યારે મહારાજ પ્લોટમાં ઊભા રહી કહે, અહીંયા તો મેડીયું થાશે. ત્યારપછી મહારાજના આશીર્વાદથી ત્યાં અમે મકાન બનાવ્યા.

એક વખત મારા નાના ભાઈનો જન્મ થયો. ત્યારે મારી બાની છાતીમાં દૂધ સાથે પરૂ આવતું, રસી આવતી. મારી બાએ મારા બાપુને કહ્યું, પણ મારા બાપુએ મહારાજને કીધું જ નહીં. તેથી મારા બાએ કુરાભાઈને કહ્યું, મહારાજને કહેજે મને આમ તકલીફ છે. એટલે કુરાભાઈએ મહારાજને વાત કરી કે, આ રણછોડભાઈના ઘરનાને દૂધ સાથે રસી નીકળે છે, કાંઈક આશીર્વાદ આપો. પછી મહારાજની કૃપાથી બાને સારું થઈ ગયું.

આજ રીતે મારા ઘરનાને પણ જ્યારે ધાવણ બંધ થઈ ગયું ત્યારે મહારાજ જૂનાગઢથી રાજકોટ હરિલીલા કલ્પતરુની કથા વાંચવા આવ્યા હતા. ત્યારે મહારાજ પાસે જઈ મેં વાત

કરી કે, મહારાજ મારા બાએ કહેવરાવ્યું છે. મારા ઘરનાને દૂધ નથી આવતું, કોઈ દવા બતાવો. એટલે મહારાજ કહે, જા બજારમાંથી બદામ લઈ આવ. હું બદામ લઈ આવ્યો. મહારાજે બદામના પડીકાને ખોલીને ત્રણ-ચાર ફૂંક મારી અને પડીકું બાંધીને કહ્યું, આ પ્રસાદિની બદામ તારા ઘરનાને ખવડાવજે એટલે તેને ફરીથી દુધ ચાલું થઈ જશે. પણ આ તું ખાતો નહીં નહીં તો તને દુધ ચાલુ થઈ જશે. આમ મહારાજે બદામ આપી તે ખાવાથી મારા ઘરનાંને સાવ સારું થઈ ગયું.

એક વખત મારી બાને માસિકધર્મમાં મોટા કટકાના રૂપમાં ખૂન વધારે પડતું. તેથી અમે તેમને જામનગર દવાખાને લઈ ગયા. ત્યારે બાપાને મેં પૂછ્યું કે, આપણું ઘર એકાન્તિક છે તો આટલી મોટી તકલીફ આપણા બાને કેમ આવે. ત્યારે મારા બાપુજી કહે, આ ડોકટર, નર્સ જેવા માણસોને પણ સેવાનો લાભ મળે તેમજ તેનો મોક્ષ કરવા માટે ભગવાન આપણને સુખ-દુઃખ આપે છે. જેથી ભકતો દ્વારા પણ બીજા જીવના કલ્યાણ થાય.

એક વખત અમે મહારાજના પગ દાબતા હતા. ત્યારે રણછોડબાપા બોલ્યા, મહારાજ અમારો પરિવાર ભાગ્યશાળી છે કે તમને ઓળખી ગયા. ત્યારે મહારાજ કહે, હું જયારે જયારે અવતાર લઈને આ પૃથ્વી પર આવ્યો છું ત્યારે ત્યારે તમારો આ પરિવાર ધામમાંથી મારી સેવા માટે ભેગો ને ભેગો જ આવે છે. આમ કહીને ફરી બોલ્યાં કે, રણછોડ આ પ્રાગજી તારી સેવા કરશે.

એક વખત મારે સાઉદીયા જવું હતું એટલે મહારાજના દર્શન કરવા ગયો. ત્યાં બીજા છોકરા હતા ને હું મહારાજની ચરણસેવા કરતો હતો. બીજા સ્વામી કહે, છોકરા જાઓ ભોજન શાળામાં જમવાનું ચાલું છે. તે છોકરાઓ ગયા ને હું તો મહારાજના પગ દાબતો હતો. થોડીવારે મહારાજ જાગ્યા અને કહે, અરે પ્રાગજી હજી પગ દાબશ જમવા નથી જવું. મેં કહ્યું, મને તો જેની ભૂખ છે તે હું જમું છું. ત્યારે ભોજનશાળા બંધ થઈ ગઈ હોય એટલે મહારાજ કહે, હાલ તને હું પાણી પીવરાવું, તે બાજુમાં કુંજો હતો તે મહારાજે લીધો ને ગ્લાસ ભરીને આપ્યો, હું ગ્લાસ પી ગયો. એક પછી એક એમ સાત ગ્લાસ પાણી પીધું ત્યારે ઉનાળો હતો. પછી મહારાજ પોતાને આસને બિરાજ્યા ને હું ફરી મહારાજના પગ દાબવા લાગ્યો. ત્યારે મેં મહારાજને કહ્યું, મહારાજ મારે સાઉદીયા જાવું છે માટે તમારા દર્શન કરવા આવ્યો છું. ત્યારે મહારાજ કહે, જાઓ જય સ્વામિનારાયણ. હવે આપણે ભેગા નહીં થઈએ. એટલે મેં જાણ્યું કે, હું વિદેશ જાઉં છું એટલે મહારાજ કહેતા હશે કે આપણે ભેગા નહીં થાઈએ.સમય

જતાં સાઉદીયા કાગળ આવ્યો કે, મહારાજ ધામમાં ગયા છે. ત્યારે મને એ મર્મ સમજાયો.

એક વખત મને સાઉદીયામાં સ્વપ્ન રાત્રે દર્શન થયા હતા કે બાલમુકુંદ ભવનનું વાસ્તુ છે, તે ભક્તોના સમૂહના દર્શન થયા અને મહારાજ વ્યાસાસને બિરાજેલા દર્શન થયા હતા. મારી બેનના લગ્નનું મુહૂર્ત મહારાજે જોઈ આપ્યું હતું અને મારા મકાન વાસ્તાનું મુહૂર્ત પણ મહારાજે જોઈ આપ્યું હતું.

એક વખત અમે મહારાજના દર્શન કરવા ગયા ત્યારે જયંતિલાલ મારા બનેવી સાથે હતા ત્યારે મહારાજે બે ફુલના હાર પહેર્યા હતાં. તે એક હાર મહારાજે જયંતિલાલને મંત્રદિક્ષા આપી પહેરાવ્યો અને મહારાજ બોલ્યા કે, આના ભાગ્ય બહું ઊંચા છે. કારણ કે તારી ઘરવાળી એ લક્ષ્મી સ્વરૂપ છે માટે એને દુઃખી ન કરતો. ને લે આ બીજો હાર મારા વતી તારા ઘરનાને તું પહેરાવી દેજે. આમ મહારાજના અંતરનાં આશીર્વાદ મારા બેન- બનેવી ને મળ્યા હતા.

આમ રણછોડભગત મનાણીનું કુટુંબ એકાન્તિક ભક્તો અને પ્રગટ ભગવાનના વિશેષ રાજીપાવાળું કુટુંબ તથા કુટુંબમાં પણ પિતા-પુત્રી, માતા, પુત્ર સૌ પ્રગટ ભગવાનના અનન્ય ભક્ત છે માટે ભગવાનના વચનને ઝીલી પોતાનું ભગવાન લેખે કરનારા આ કુટુંબ છે.



પરચા નં.
૪૯.

## અનાદિ મુક્તરાજ હરિભગત રણછોડભગત મનાણી
### ગામ : જામવંથલી, હાલ- રાજકોટ

**હું** નાની ઉંમરમાં મારા બાપુજી સાથે જામનગર જાતો અને ત્યાં મહારાજ પાસે મેં મંત્રદિક્ષા લીધી હતી. એક વખત હું અને મારા બાપુજી જામનગર ગયા ત્યાં મહારાજના દર્શન કરી બેઠા, ચરણસેવા કરતા હતા ત્યાં સાંજે ચાર વાગ્યાનો સમય થયો. ત્યારે મહારાજ સ્નાન કરવા ઊભા થયા. મહારાજ કહે, રણછોડભગત હાલો આજે અમને સ્નાન કરાવેલું પાણી જેટલું પીવું હોય તેટલું પી લ્યો. ત્યારે હું ને મારા બાપુજી મહારાજને સ્નાન કરાવતા જઈએ અને પ્રસાદીનું જળ પીતા જઈએ. આમ ખૂબ ખોબા ભરી ભરી ભગવાનને નવરાવેલ પ્રસાદીનું જળ અમે પીધું.

એક વખત હું અને મારા બાપુજી રાજકોટ ગયા. મહારાજ ત્યારે ત્યાં હતાં. એટલે અમે મોગરાનો હાર લઈ ગયાં અને મહારાજને પહેરાવ્યો. ત્યારે મહારાજ બોલ્યા, હાશ મારે જોઈતું હતું તેવું મળ્યું હવે મને મગજમાં ઠંડક થઈ. ત્યાં કેશુભગત બગીચાવાળા આવ્યા તે ગલગોટાનો હાર લઈને આવ્યા ત્યારે મહારાજ બોલ્યા, કેશાભગત આ ફુલ આજે રહેવા દયો. આજે તો મને જોઈતું હતું એવું મળી ગયું. એટલે કેશુભગત કહે, ભલે મહારાજ. બીજા દિવસે હું મહારાજના દર્શન કરવા ગયો. ત્યાં મહારાજ આમ તેમ માળા લઈને આંટા મારે તો તેની પાછળ પાછળ હુંયે આંટા મારું. ત્યાં મહારાજ કહે, મારે તને એક વાત કહેવી છે અને ડાબો હાથ ઊચો કર્યો તે બગલમાંથી એક વાળ ખેંચીને બોલ્યા, અનંત કોટી બ્રહ્માંડમાં કોઈ ગમે તેટલું મોટું હોય તો પણ તે મારા આ એક વાળની તોલે પણ ન આવી શકે. હવે તું એટલો વિચાર કર તને કોણ મળ્યું છે ?

મહારાજ નવા વર્ષના અભિનંદન આશીર્વાદ આપતા ત્યારે પાઘવાળી મૂર્તિ અને ચિન્હવાળી મૂર્તિ આ નાની મૂર્તિઓ આપતા. તે મૂર્તિઓ લઈ હું દુબઈ ગયેલો. દુબઈ ૧૧ મહિના કામ કરીને ફરી દેશમાં આવતો રહ્યો. આવીને મહારાજના દર્શન કરવા જુનાગઢ ગયો, મહારાજની ચરણસેવા કરતો હતો ત્યાં મહારાજ બોલ્યા, હરિ તે તો મને પેટીમાં મુંઝવીને મારી નાખ્યો. મેં કહ્યું, ભગવાન હોય ઈ થોડા મુંઝાય. મહારાજ કહે, તું દુબઈ કેટલા મહિના રહ્યો ? મેં કહ્યું, ૧૧ મહિના. મહારાજ કહે, તો તે ૧૧ મહિના મારી મૂર્તિને પેટીમાં પૂરી રાખી તે હું મુંઝાઈ ન જાઉં ? પછી મેં કહ્યું, મહારાજ ક્ષમા કરજો હવે આવી ભૂલ નહીં થાય.

એકવાર મારે સાઉદિયા જવાનું હતું. તેથી હું મહારાજના દર્શને ગયો. ત્યાં હાથ ધોઈને લૂછવા ગયો ત્યાં મહારાજ કહે, હરિ ભીના હાથે જ આવ અને મંડ પગ દાબવા. તે મેં એક કલાક મહારાજના પગ દાબ્યા અને મહારાજ આંખો બંધ કરી હાથમાં માળા ફેરવતાં હતા. કલાક પછી આંખ ખોલી તો મહારાજનું રૂપ જ આખું અલગ લાગે. તેજ તેજ મુખારવિંદ ઉપર છવાઈ ગયું અને બોલ્યા, હરિ સેવક કેટલા છે ? મેં કહ્યું, આપથી ક્યાં અજાણ્યું છે. એટલે મહારાજ કહે, હવે તારે ત્યાં સેવકનો જન્મ થાશે. સમય જતાં મારે ત્યાં ધર્મેન્દ્રનો જન્મ થયો. આમ પ્રગટ ભગવાન અતિ કૃપાવાળા થઈ નિજ ભક્તોને લાડ લડાવે અને સુખીયા કરે છે.

એક વખત હું પૂના ગયો ત્યાં મારા સાળા રહે અને ત્યાં સરધારના સંતો આવ્યા હતા. ત્યારે એ સંતો ત્રિવેણી સંગમમાં ન્હાવા જવાના હતા. ત્યારે મારો સાળો કહે, હાલો પટેલ આપણે બાઈકથી ત્રિવેણી જઈએ. અમે બાઈકથી ત્રિવેણી ગયા અને ત્યાં સંતો સાથે આખી બસ હતી સૌ ન્હાતા હતા. હું કાંઠે પથ્થર ઉપર બેઠો હતો ત્યાં મને આ ન્હાવાનો લ્હાવો લેવાનું મન થયું. એટલે હું નદીમાં ન્હાવા પડ્યો. હવે સામે કાંઠે જવામાં મને અડધી નદીએ મારું બી.પી વધી ગયું અને પાણી પેટમાં ગયું ને શ્વાસ લેવાતો નહોતો ને ઉપર જોયું ને મનોમન થયું, મહારાજ હું તમારી પાસે આવું છું. એટલું વિચારી સામે નજર કરી ત્યાં તો હું નદીને કાંઠે હતો. આમ મહારાજે મને નવું જીવન આપી રક્ષા કરી હતી.

એક વખત અમે એક લગ્ન સમારંભમાં ગયા ત્યાં મારી નાની દિકરીને નાનું બાળક ૨૦-૨૨ દિવસનું અને તેણે છોકરાને દૂધની શીશીથી દૂધ પીવરાવ્યું આ મારા ઘરનાએ જોયું એટલે તણે દિકરીને પૂછ્યું, આમ કેમ ? દીકરી કહે, મારે ધાવણ નથી આવતું. ત્યારે સાંજે આરતી-પૂજા કરતા મહારાજને પ્રાર્થના કરી તે બીજા દિવસે દીકરીને ધાવણ ચાલું થયું અને છ મહિના પછી મારા ઘરનાએ વાત કરી કે આમ વાત હતી ને મહારાજને પ્રાર્થના કરી તેથી મહારાજે આપણી દિકરી પર કૃપા કરી, માટે આપણાં ગુરુ પ્રગટ ભગવાન જ છે.

આમ રણછોડભગત અને તેનો પરિવાર પ્રગટ ભગવાનને ઓળખી અને પ્રગટ ભગવાનને રાજી કરનારા હતા. તેની સમજણ પણ સર્વોપરી છે. ભગવાનની આજ્ઞા એજ એનું જીવન અને એજ ધર્મ એ પ્રમાણે પોતે રહીને પુત્ર-પરિવારને પણ એવી જ સમજણ આપી છે.



પરચા નં.
૫૦.

# અનાદિ મુક્તરાજ કેશવજીભગત હરિભગત ચોટલિયા
## ગામ : જામવંથલી, હાલ- મુંબઈ

**કેશવજીભગત** મહારાજ જામવંથલી પધારતા તે જાણીને ઘણીવખત મહારાજના દર્શને આવતા અને મહારાજના સેવાના વચનોને અદ્ધર ઝીલી લેતા. તેમના પરિવારમાં ધર્મપત્ની અને છોકરાં-છોકરીઓ મહારાજના દર્શન-દિક્ષાને પામેલા. સમગ્ર કુટુંબ પ્રગટ ભગવાનની સેવા પરાયણ હતા. મહારાજની આજ્ઞા થઈ તો અરબસ્તાન પણ ગયા.

ઈ.સ. ૧૯૭૫ની સાલમાં કુંકાવાવના પાદરમાં 'રાષ્ટ્રીય સ્મૃતિખંડ' ભવનમાં મંદિરનું નિર્માણ શ્રીહરિ શરણાગતિ મંડળના ભક્તો દ્વારા થયું. તેમાં મહારાજની મૂર્તિ પ્રતિષ્ઠા થાય જયજયકાર થાય તેવા શુભ આશય સાથે પ્રગટ ભગવાને જુનાગઢથી પુના પત્ર લખ્યો કે, કુંકાવાવના પાદરમાં રાષ્ટ્રીય સ્મૃતિભવન બનાવી અમારી હયાતીમાં જ એક સ્ટેચ્યુ મૂર્તિ બનાવીને પ્રતિષ્ઠા થાય તો ગામ વચ્ચેથી કુમકુમવાપીના ભક્તોને સર્વેને દર્શન થાય અને પછી કામકાજે જાય એવો સંકલ્પ કર્યો તેથી ભક્તો રાજી રાજી થઈ ગયા. પછી જામવંથલી, કુંકાવાવ ભક્તોએ મળીને મંદિર નિર્માણ માટે ભગવાનજી રાજા, વેલજીભગત, રામજીભગત, છગનભગત, રતિલાલભગત રાઠોડ, શાંતિલાલભગત બગીચા વગેરે આ બધા ભક્તો મહારાજની આજ્ઞા મુજબ સલાહ-સૂચનો, માર્ગદર્શન લેતા રહેતા. ભગવાનજી રાજા હસ્તક મંદિર નિર્માણ થયું. મૂર્તિ બનાવવાનો ખર્ચ તે વખતે કેશવજી હરિએ દીધો હતો. મોટા ભક્તોને શુભ સંકલ્પ હતો કે, મૂર્તિ અખંડ બનાવીશું અને પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણની બેઠી મૂર્તિ પધરાવીશું. પછી તો પ્રગટ ભગવાનનો રાજીપો અને શ્રીહરિ શરણાગતિ મંડળના ભક્તોનું બળ, સંપ, સમજણ વડે અખંડ મૂર્તિ તૈયાર થઈને આવી ગઈ.

જામવણથલીના ભક્તોએ મહારાજ પાસે જઈને કુંકાવાવ પાદર સ્મૃતિ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠાની મુહૂર્ત અને તારીખનું કહ્યું તો મહારાજે તા.૨૩-૯-૧૯૭૫, ભાદરવા વદ-૩, મંગળવારનું મુહૂર્ત આપ્યું. તે વખતના ન્યૂઝ પેપરમાં જાહેરાત થઈ કે આસો વદ-અષ્ટમીએ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની મૂર્તિ પ્રતિષ્ઠા કુંકાવાવને આંગણે ધામધૂમપૂર્વક થશે. પછી કુંકાવાવ, જામવંથલી, રાજકોટ અને આજુબાજુના ગામડામાં પણ ભક્તોમાં આનંદ વ્યાપી ગયો, ઉત્સવ ઉજવવાનું નક્કી થયું. તે અગાઉ કેશવજીભગતનો દિકરો અચાનક પરમધામમાં ગયો. તેનું તેમને વ્યવહારીક દુઃખ હતું. આ બાજુ ઉત્સવ અને આ બાજુ દિકરાનું

દુઃખ પણ મહારાજના મુકતભક્ત તેથી સત્સંગમાં દિવ્ય સમજણ કે દિકરો ભગવાનનો હતો ને ભગવાને પાછો લીધો. તે ધામમાં જ મહારાજની સેવામાં છે. પછી ફિકર શાની ? આમ જાણપણું રાખી તેઓએ ભકતો સાથે મળીને કુંકાવાવ મૂર્તિ પ્રતિષ્ઠા ઉત્સવ ઉજવ્યો હતો. અને જામવંથલી-કુંકાવાવ ભાઈ-બાઈ, સર્વે ભક્તોએ ખૂબ ખૂબ ગાવણાં સાથે નાચ્યા હતા.

આ રીતે કેશવજીભગતે પણ દિકરાના દુઃખને ગળી જઈ હરખભેર ઉત્સવને માણ્યો. આવા દિવ્ય દૃષ્ટિવાળા, દિવ્ય સમજવાળા પ્રગટ ભગવાનની સેવાવાળા ભક્તોને મહારાજે પણ રાજી થઈને ખૂબ ખૂબ આશીર્વાદ આપ્યા છે. પછી જૂનાગઢ બધા ભક્તો મહારાજ પાસે આવ્યા ધૂન-ભજન કર્યા પછી મહારાજે નારાયણધરે ન્હાઈને ધૂન-ભજન કરીને આવો એવી આજ્ઞા કરી. બધા નાહી-ધોઈને પરથાળ ઉપર બેસી ભજન કરવા લાગ્યા. અનંત કીટ-પતંગિયાઓ દ્વારા અવકાશમાં દેવતાઓ આવી જયજયકાર કર્યો છે. મહારાજ કહે, આ બધા દેવલોકમાંથી આવ્યા છે. બલિરાજાએ અહીં ૯૯ યજ્ઞ પૂરા કર્યા છે. આ ૧૦૦માં યજ્ઞમાં ભક્તોએ પધારી મહારાજને રાજી કરવા વાસ્તે ધૂન-ભજન કરી આજે યજ્ઞ પૂરો થયો. મહારાજની આ વાત જાણી ભક્તોને આનંદ આનંદ કર્યો. પછી બધા ભક્તોને હૃદયની લાગણીથી આશીર્વાદ આપ્યા અને ધ્યાન ધરી સંકલ્પ કર્યો કે, મારા ભકતોએ પોતાના બાળકોનુંયે ધ્યાન રાખ્યું નથી અને અમારા સામું જ જોયું છે. તેઓ પાસે કાંઈપણ નથી તો પણ અમારી આજ્ઞાઓ ઝીલીને સેવાઓ જ કરી છે. જો મારા આવા ભક્તો પાસે હોય તો મને શું શું ન આપે ? બધું જ આપે. તેમ ધ્યાનમાં થોડીકવાર રહ્યા પછી બોલ્યા કે, મેં મારા ભક્તોના સુખને વાસ્તે બાજુમાં એક નવો દેશ ખોળી કાઢ્યો, આવવું-જવું થાય. કમાવાય અને સેવા થાય. પછી મહારાજની કૃપા અને આશીર્વાદથી ભક્તો વિદેશ જવા લાગ્યા.

તેમાં પ્રગટ ભગવાનનો ખૂબ જ રાજીપો એ 'પ્રગટ ભગવાન અમારી સેવાથી રાજી થાઓ' એ જીવનમંત્રથી વિદેશમાં કથા-વાર્તા-ઉત્સવ-સમૈયા-કામકાજો કરીને ઘણા પ્રકારના અવસરે ભક્તોએ ખૂબ સેવા કરી છે. શ્રીહરિ શરણાગતિ મંડળની મહારાજે સ્વહસ્તે સ્થાપના કરીને જામવંથલીના સ્થાનિક ભક્તોઉપર વિશ્વાસ રાખ્યો અને ૧૧ ભક્તોની સમિતિ બનાવીને ૧૧ ટ્રસ્ટીઓ નિમ્યા. શ્રીહરિ શરણાગતિ મંડળ વતી મહા સમિતિ માં ૧. પ્રમુખ કરસન માવજીભાઈ, ૨. કેશવજી હરિભાઈ, ૩. વેલજીભાઈ રવજીભાઈ, ૪. પ્રાગજી ડાહ્યાભાઈ, ૫. હિરજી પેથાભાઈ, ૬. દામજી પ્રેમજીભાઈ, ૭. છગનલાલ પ્રેમજીભાઈ, ૮. ભગવાનજી રાજાભાઈ, ૯. હરિલાલ વેલજીભાઈ, ૧૦. મોહનલાલ રતનશીભાઈ,

૧૧. ટપુલાલ કાનજીભાઈ. આ પ્રકારે શ્રીહરિ શરણાગતિ મંડળ રચીને ૧૧ ભક્તોની ટ્રસ્ટીપદે નિમણુંક કરી.

કેશવજીભગતે શ્રીહરિ શરણાગતિ મંડળમાં મંત્રીપદે રહી ખૂબ ખૂબ સેવા કરીને ફુલવાડી મંદિરના બાંધકામમાં, મૂર્તિ પ્રતિષ્ઠા ઉત્સવોમાં અને પ્રગટ ભગવાનના જન્મજયંતી ઉત્સવો અને બીજા ઘણાં ઉત્સવોમાં મુંબઈ-પૂના, રાજકોટથી પધારીને શરણાગતિ મંડળના એક વડીલને શોભે તે રીતે માર્ગદર્શક રહ્યા છે અને મંદિરના વહીવટ બાબતે સ્પષ્ટપણે રહ્યા છે. શુદ્ધ, સાત્ત્વિક પ્રકૃતિના અને ભક્તોની પણ સેવા કરવામાં એટલા જ ઉત્સાહી અને ધગશ-બળ વાળા કે ભક્તો કહે તે કામ કરવા તરત જ તત્પર થઈ જતા. દેશમાં હોય કે પરદેશમાં હોય તેઓએ સતત મહારાજની અંગત સેવા, મંડળની સેવા અને ફુલવાડી મંદિરની સેવામાં સદાય અગ્રેસર રહ્યા છે અને પ્રગટ ભગવાને તેમને પોતાના હૃદયની લાગણીઓના આશીર્વાદ આપ્યા છે અને સુખી થાઓ, કામકાજ વધો, સમૃદ્ધિવાળા થાઓ અને સેવાઓ કરો.

મહારાજના રહસ્યને જાણનારા, પ્રગટની સેવા જ જેમનો પ્રાણમંત્ર હતો. જીવનના છેલ્લા શ્વાસ સુધી સેવાનું અનુસંધાન રાખી ભજન કરતાં કરતાં કેશવજીભગત ધામમાં ગયા છે.



પરચા નં.
**૫૧.**

## અનાદિ મુક્તરાજ રમણીકભગત કરસનભગત જાવિયા
### ગામ : જામવંથલી, હાલ- રાજકોટ

**મારો** જન્મ મહારાજની કૃપાથી તારણહાર જામવંથલી જેવા પવિત્ર તિર્થધામમાં થયો છે. તેમજ મને નાનપણમાં જામવંથલીમાં જ કંઠી બાંધી દિક્ષામંત્ર પ્રગટ મહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે આપ્યો છે. માટે મારા ગુરુ અને ઈષ્ટદેવ પણ સાક્ષાત્ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ છે. જેથી મને હૃદયમાં અપાર આનંદ છે.

મારે જૂનાગઢ ઘણી વખત મહારાજના દર્શન કરવા જવાનું થતું. મહારાજ પણ ખૂબ રાજી થતા અને સેવાનો લાભ આપતા. એક વખત ઈ.સ.૧૯૭૭માં એપ્રિલ મહિનામાં જ્યારે જૂનાગઢ બાલમુકુંદ ભવન પર મહારાજના દર્શનાર્થે હું ગયો હતો. ત્યારે મારે બે દિવસ મહારાજના નિવાસસ્થાને રોકાવાનું થયું. હું મને પોતાને ઘણો ધન્યભાગી અને મોટો ભાગ્યશાળી સમજું છું. કારણ કે, પ્રગટ મહારાજના ચરણાર્વિંદના પેઈન્ટિંગ કામનું કામ કરવાની સેવા મહારાજે મારા ભાગ્યમાં જ લખી હશે. તેથી ત્યારે દિવસ દરમિયાન જ્યારે જ્યારે મહારાજના આરામના સમયે મહારાજ પાસે બેસતો ત્યારે ચરણાર્વિંદ બાબતે ઘણી ચર્ચા કર્યા બાદ મહારાજ બંને ચરણો જળથી ધોઈ બંને પગ લાંબા કરી બેસતા અને હું મહારાજના ચરણનાં ચિન્હોનું દર્શન કરતો. બે દિવસ અને એક રાત્રિ રોજ આ પ્રમાણે ચિન્હોના દર્શન થતા બધા જ ચિન્હોના દર્શનને તેનું સ્થાન તેનો અભ્યાસ કર્યો. પછી બીજા દિવસે મહારાજ એક કોરા પેપર પર બંને ચરણ મૂકી ઊભા રહ્યા. ત્યાર બાદ પેન્સિલથી બંને ચરણની બહારથી લાઈન દોરી, ચરણાર્વિંદ પોઝ તૈયાર કરી તેમાં જે જગ્યા પર જે ચિન્હનું સ્થાન છે તે પ્રમાણે કાચી કોપી મેં તૈયાર કરી.

રાત્રિના સમય દરમિયાન સમયનો પણ ખ્યાલ ન રહેતા ક્યારેક ક્યારેક રાત્રિના એક-બે વાગી જતા બસ આ પ્રમાણે કાચી કોપી તૈયાર કરી હું અમારા ગામ જામવંથલી જતો રહ્યો ત્યાર પછી અમારા નિવાસસ્થાને ચરણાર્વિંદના પેઈન્ટિંગની શુભ શરૂઆત કરી. સુશોભિત ચાર કોપી તૈયાર કરી ને આ ચારેય કોપી તૈયાર થઈને આ બાજુ તા.૧૪-૫-૧૯૭૭ના રોજ મહારાજનો પ્રસાદીપત્ર આવ્યો. પ્રસાદીપત્રમાં જણાવ્યું કે તમારી કારીગરીની ચીજ પૂનાથી વેલજી રવજીભાઈ મંગાવે છે તેથી તે લઈને જૂનાગઢ આવો. તે દરમિયાન ચરણાર્વિંદની ચાર કોપી તૈયાર કરેલ તે લઈને હું અને ખોલિયા પરષોત્તમ મોહનભાઈ અમે બંને ત્યાં જૂનાગઢ

મહારાજના નિવાસસ્થાને ગયા અને ચારેય કોપી જોઈ મહારાજ ખૂબ રાજી થયા અને અમને બંનેને બાથમાં લઈને ભેટ્યા. ત્યારે મેં મહારાજને અરજ કરી હતી કે, મને સદાય તમારા ચરણોમાં રાખજો.

મહારાજે કહ્યું, મારા ચરણારવિંદ તૈયાર કરવામાં કેટલો ખર્ચ થયો ? તો મેં કહ્યું, મહારાજ આટલી સેવા તો હું કરી જ શકું. માટે મારે કાંઈ નથી જોઈતું. બસ ચરણની સેવા અને આશિર્વાદ જોઈએ છે. આ સાંભળી મહારાજે રાજી થઈ એક કવરમાં ૨૦ની એક નોટ અને ૧૦ની બે નોટ આપી અને તિજોરીમાં કાયમ રાખવા કહ્યું,. મહારાજની આ પ્રસાદીની લક્ષ્મીના પ્રતાપથી હું સુખી છું અને મારું વ્યાવસાયિક કાર્ય ક્યારેય અટક્યું નથી.

મહારાજના ચરણારવિંદના કલ્યાણકારી કાર્યથી અતિ રાજી થઈ એક કાગળમાં મને એવું લખી આપ્યું કે, ''રમણિક કરસન જાવિયા તમે આ પ્રગટ મહારાજનાં ચિન્હયુક્ત ચરણારવિંદનું કાર્ય કર્યું છે માટે હવે તમારે મોક્ષમાં બીજું કાંઈ કરવાનું બાકી રહેતું નથી. જેમને ધામમાં સેવવાના હતા તેમને તમે પ્રત્યક્ષ સેવીને રાજી કરી લીધા છે. અમારા આ ચરણારવિંદના દર્શન યુગો યુગો સુધી જે જીવાત્મા કરશે તેનું પણ કૃપાએ કરી અમે કલ્યાણ કરીશું.'' આમ મહારાજે મને આશિર્વાદપત્ર લખી આપ્યો.

મહારાજની કૃપાથી હું દુબઈ ગયો. ત્યાં પણ મહારાજે ખૂબ ધ્યાન રાખ્યું અને સુખી કર્યો. હાલમાં હું અને મારો પરિવાર પ્રગટ મહારાજની સેવા-ભક્તિ કરી ધર્મમય પવિત્રપણે જીવન જીવી અને ધન્યતાનો અનુભવ કરી રહ્યા છીએ.

પરચા નં.
**૫૨.**

## અનાદિ મુક્તરાજ છગનલાલભગત મૂળજીભગત મનાણી
### ગામ - જામવંથલી

**મહારાજ** જામનગર સ્વામિનારાયણ મંદિરમાં બિરાજતા ત્યારે જામવંથલીના ભક્તો મંદિરની ગાયો માટે જામવંથલીથી નિરણના ગાડાં ભરીને જામનગર લઈ જતા. તે વખતે જામવંથલીના મૂળજીભાઈ રાજાભાઈ મનાણી તેઓને મહારાજે મંદિરની ભેળી કરેલી ધૂળ-રજ કોથળી ભરીને આપીને કહ્યું કે, આ પ્રસાદીની ધૂળને તમારી વાડીની ચારે બાજુ છાંટી દેજો. મૂળજીબાપાએ મહારાજશ્રીની આજ્ઞા માની ધૂળ વાડી ફરતે છાંટી દીધી અને તે વખતે વાડીમાં ઘઉં વાવેલા હતા ને તે ઘઉં નીકળવા લાગ્યા ને હિમ પડ્યો. તેથી આજુબાજુના બધાના ઘઉં બળી ગયા પરંતુ મૂળજીબાપાના ઘઉં બિલકુલ બળ્યા નહીં, દાઝ્યા નહીં ને જરા પણ હિમ લાગ્યો નહીં તેથી તેમના ચોથા પુત્ર છગનભગત ઉંમરમાં નાના હતા પરંતુ મહારાજના કૃપાપાત્ર હતા. તેથી મૂળજીબાપાને પૂછ્યું કે, બાપુ આપણાં ઘઉં તો હેમખેમ ઊભા છે ને આજુબાજુવાળાના બધાના ઘઉં બળી ગયા. આનું કારણ શું ? ત્યારે બાપાએ વાત કરી કે જામનગર ગયા ત્યારે નિરણ નાખવા જતા'તા ત્યારે મહારાજે ધૂળની પોટલી આપીને વાડી ફરતે છાંટવા કહ્યું હતું. તેથી મેં છાંટી તે પ્રતાપે આપણાં ઘઉંને કાંઈ આંચ આવી નથી, ઘઉંને તો ઠીક પરંતુ જ્યારથી મહારાજની આપેલી પ્રસાદીની ધૂળ, ફૂલપાંખડીથી વાડીમાં કોઈ મોલને નુકસાન થતું નથી એ તો ઠીક પરંતુ ઘરમાં સર્વેકુટુંબી નાના-મોટાની પણ રક્ષા થતી આવે છે. આમ મહારાજની કૃપા વડે મૂળજીબાપાનું કુટુંબ પરમ સુખિયા છે.

મહારાજ જામવંથલી પધારેલા ને ગામમાં મંદિરે રહી કથા-વાર્તા કરી ભક્તોને આનંદ-સુખ આપતા. રસોઈ પ્રસાદી જમતા, જમાડતાં. ઘરે ઘરે પધરામણી કરી ભક્તોને દર્શન-સુખ આપતા તે પધરામણી દરમિયાન મૂળજીબાપાને ઘેર મહારાજ પધાર્યા. જૂના નાના મકાન ગાર-માટીના હતા. મૂળજીબાપાને દુર્બળપણું ખૂબ હતું. તેથી નાની ઓસરીમાં પટારો મગફળી ભરેલો પડ્યો હતો. તેથી મહારાજ ત્યાં પધારી પટારા પર માળા સહિત પોતાનો હાથ મૂકી કહે, આ પટારામાં શું ભર્યું છે. મૂળજીબાપા અને તેમના ધર્મપત્ની શાંતાબેન કહે, મહારાજ પટારામાં મગફળી ભરી છે. આશીર્વાદ આપો ને અમને સુખિયા કરો. તેથી મહારાજ રાજી થઈને પટારાને હાથ ફેરવી બોલ્યા કે, અત્યારે જેમ મગફળી ભરી છે તેમ આ પટારો રૂપિયાથી છલકાઈ જશે. ભજન, ભક્તિ આ પ્રગટ ભગવાનનાં કરજો. શાંતાબેન

અને મૂળજીબાપા વિચાર કરે કે અત્યારે ખાવા-પીવા, ઓઢવા પહેરવામાંય મેળ પડતો નથી, પરંતુ મહારાજ તો જે ધારે તે કરે. એ મહારાજના આશીર્વાદ વડે અત્યારે મૂળજીબાપાના સુપુત્રો ખૂબ ધનાઢ્ય બની ગયા છે. બધા મોટા કોન્ટ્રાક્ટર, બિલ્ડરો થયા છે ને મહારાજે આપેલા આશીર્વાદ વડે એક નહીં પરંતુ બધાના પટારાઓ છલકાવી દીધા છે. આવા સુખીયા આ પ્રગટ મહારાજ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ મહારાજની પૂર્ણ કૃપાદૃષ્ટિ અને આશીર્વાદથી ખૂબ ખૂબ બધા કુટુંબ, દીકરા-દીકરીઓ તમામ સુખીયા છે અને પ્રગટ મહારાજની ભક્તિ-ઉપાસના કરે છે.

એક વખત જામવંથલીમાં મૂળજીબાપાએ પરિસ્થિતિ સુધરતા મકાન બનાવવાનું વિચાર્યું. વંથલીમાં મોટો જમીનનો પ્લોટ રાખી ૬ ભાઈઓ માટે મોટા મકાન બાંધવાના ચાલું કર્યા. પ્લોટમાં મોટી કુઈ હતી પરંતુ તેમાં પાણી ખૂટી જતા કામ બંધ થયું. તેથી મૂળજીબાપાના પુત્ર તુલસીભાઈ અને તેમના પિતરાઈ ભાઈ મગનભાઈ જૂનાગઢ મહારાજના દર્શને ગયા દંડવત્ પ્રણામ કરી બેઠા. મહારાજ કહે, બોલો શું કામ છે ? તેથી તુલસીભાઈ બોલ્યા- 'હે મહારાજ, ફળીયામાં કુઈ છે તેમાં પાણી સાવ વયું ગયું છે ને મકાનનું કામ બંધ પડેલ છે, તો પાણીની જરૂર છે. મહારાજ કહે, તમે બંને જણા અહીં આવો. જામવંથલી તરફ આંગળી ચીંધીને બોલ્યા કે જુઓ પેલા સફેદ વાદળ દેખાય તે વથલીમાં વરસે છે. તમો જાશો ત્યાં પાણી મળી જશે. તેથી તુલસીભાઈ અને મગનભાઈ વંથલી આવ્યા. ત્યાં તો સર્વત્ર પાણી પાણી થઈ ગયું ખૂબ વરસાદ મહારાજે વરસાવ્યો. આમ પોતાના ભક્તોની અરજ સાંભળી ભક્તોના કામ મહારાજ કરી દેતા.

ઘેરથી ગાયો, ભેંસો દોહવા દે તે માટે મહારાજને પ્રાર્થના કરતા કે - 'હે મહારાજ, આજે ભેંસો દોહવા નથી દેતી કે ગાય પણ દોહવા દેતી નથી. તેથી મહારાજને પત્ર લખાવે. પત્ર જૂનાગઢ પહોંચે કે તુરત એ ભેંસ, ગાયો દૂધ આપવા માંડે. આમ ભક્તની પ્રાર્થના સાંભળી મહારાજ સર્વને સુખીયા કરતા દર્શન દેતા, પ્રસાદીમાં ગુલાબની પાંખડી મોકલતા તે વડે સર્વેના દુખ ટાળતા.

એક વખત મૂળજીબાપાના બીજા પુત્ર નારણભાઈને એવી મોટી બીમારી આવી કે, શરીરમાં પેરેલિસીસ થવાથી કેડથી નીચે બંને પગ ખોટા પડી ગયા. સારવાર લેવા હોસ્પિટલમાં દાખલ કર્યા. સારવાર લેવા છતાં સારું ન થાય. તેથી નારણભાઈના માતા શાંતાબેને મનોમન મહારાજે પ્રાર્થના કરી કે, મારા પુત્રને સારું કરી દેજો. હું રૂપિયા દસ

હજાર માનતા પેઠે તમોને આપીશ. આ શાંતાબેનની માનતા મહારાજે માની લીધી ને નારણભાઈને તુરત જ સારું થવા લાગ્યું. સાવ ખોટા પડી ગયેલા પગમાં ચેતન આવી ગયું ને નારણભાઈ ચાલતા થઈ ગયા.

એક વખત મૂળજીબાપાના ત્રીજા પુત્ર તુલસીભાઈમાં કોઈ મેલી વિદ્યા પ્રવેશી ગઈ હોવાથી અતિશય બીમાર પડી ગયા. દવાખાનામાં ચાર-પાંચ દિવસ દાખલ રહ્યા ડૉકટરો દવા-દારૂ બધી જાતની સારવાર કરે છતાં કોઈ ફરક નહીં. પછી તુલસીભાઈ કહે, મને જૂનાગઢ મહારાજ પાસે લઈ જાવ. નહીંતર હું અહીં જ મરી જઈશ, મને સારું નહીં થાય. તેથી મૂળજીબાપા, તુલસીભાઈ સાથે જામનગર દવાખાનેથી રજા લઈ સીધા જૂનાગઢ જવા ટ્રેનમાં બેઠા. મહારાજનું સ્મરણ કરતા યાદ કરતા ટ્રેનમાં બેઠાં ત્યાં જ તુલસીભાઈને સારું થવા લાગ્યું ને જૂનાગઢ મહારાજ પાસે પહોંચ્યા. તુરત જ મહારાજે પ્રસાદીનું જળ છાંટ્યું. પ્રસાદીની પાંખડી આપી ચરણારવિંદ ઉપર મેલ્યા કે તુરત જ જે કોઈ પ્રવેશ હતો તે તુલસીભાઈની અંદરથી નીકળીને મહારાજને નમન કરી મારો આજ ઉદ્ધાર થયો એમ બોલતા ચાલ્યો ગયો. મહારાજ કહે, સારું કર્યું અહીં લાવ્યા નહીં તો આ બહું હેરાન કરત.

એક વખત છગનલાલ ભગત, જૂનાગઢ મહારાજના દર્શને ગયેલા. મહારાજને દંડવત્ પ્રણામ કરીને બેઠા સેવા કરતા હતા ત્યારે મહારાજ બોલ્યા કે, કડિયાકામ શીખી લે ને મંડો પ્લેનમાં ઉડવા. ખેતીકામમાં અત્યારે કાંઈ ન વળે. માટે કડિયાકામ શીખોને વિદેશ વહ્યા જાવ તો વિશેષ સુખી થાશો. પછી છગનભગત ખેતીકામ મૂકી રાજકોટ-જામનગર કડિયાકામ શીખવા લાગ્યા, થોડું-ઘણું શીખ્યા. પાસપોર્ટ તૈયાર થઈ ગયો પછી જૂનાગઢ ગયા ત્યારે મહારાજે બોલ્યા કે તને એક મહિનામાં પ્લેનમાં મોકલવો છે. એમ કરી હાથનો લટકો કર્યો. પછી મહારાજના આશીર્વાદથી ઈન્ટરવ્યૂમાં પાસ થઈ ગયા ને વિદેશની ટિકિટ અને વિઝા આવી ગયા ને ભક્ત સમુદાય ભેળા પછી ઈ.સ.૧૯૮૦માં બહેરીન પહોંચી ગયા. કંપનીમાં કામે લાગી કમાવા લાગ્યા. પછી તો વિદેશ રહ્યાં. ગરમીમાં કામકાજમાં ક્યાં નાની-મોટી તકલીફો આવવા દીધી નથી. કોઈ દિવસ કોઈ તકલીફ નહીં, કોઈ દવા નહીં. હોસ્પિટલનો ખર્ચ નહીં, તેથી કમાણી સારી થઈ. મહારાજની સેવા પણ સારી થઈ. પછી ચાલુ વિઝાએ ઈન્ડિયા છૂટી પર આવ્યા. મહારાજની કૃપાથી લગ્ન પણ થઈ ગયા. લગ્ન પછી અમો જૂનાગઢ મહારાજના દર્શન કરવા ગયા, મહારાજે દર્શન દીધા અમિદૃષ્ટિ કરી અને મહારાજ થાપો મારી આશીર્વાદ આપ્યા અને કહ્યું, કે દીકરાવાળા થાવ, સંપત્તિવાળા

થાવ અને સુખી થાવ. આમ મહારાજના આશીર્વાદથી ઘરે દીકરાનો જન્મ થયો. નરેશભગત નામનો દીકરો એ પણ મહારાજની દયાથી સુખી છે ને બધા કુટુંબ પરિવાર મહારાજની સેવાઓ કરે છે.

એકવાર કનુબાપા ચાવડાની વાડીએ નરેશની મા અને બેનપણીઓ કપડાં ધોવા કુંડીએ ગયા હતા અને નરેશ કુંડીમાં પડી ગયો. પેટ પાણીથી ભરાઈ ગયું. પછી બેનોનું ધ્યાન છોકરા તરફ ગયું અને તરત એને બચાવી લીધો. ત્યારે છગનભગત દુબઈ હતા. પછી દુબઈથી છગનભગત જ્યારે જૂનાગઢ આવ્યા ત્યારે મહારાજે સામેથી કહ્યું, કે, નરેશને મેં આપેલો છે અને મેં રક્ષા કરી. આમ કહી મહારાજ ભેટી પડ્યા. આ રીતે મહારાજે અનેક ભક્તોની રક્ષા કરી છે.

અમારા બાપુજી મૂળજીબાપાએ મહારાજની ખૂબ જ સેવા કરી છે તેમજ મારા ભાઈઓ હસમુખભાઈ, નારણભાઈ, તુલસીભાઈ, દેવશીભાઈ તેમજ મનસુખભાઈએ પણ પ્રગટ મહારાજની સેવા કરી અંતરનો રાજીપો અને આશિર્વાદ પ્રાપ્ત કર્યાં છે. માટે અમારો આખો પરિવાર આજે ખૂબ સુખી છીએ અને મહારાજના કાર્યમાં તન-મન-ધનથી હંમેશા સેવાનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કરીએ છીએ.

પરચા નં.
૫૩.

## અનાદિ મુક્તરાજ દયાળજીભગત નથુભગત ટાંક
### ગામ : જામવંથલી, હાલ પૂના

**મારી** દયાળજીની ઉંમર છ વર્ષની હશે ને મારા ભાઈ ધર્મલાલની ઉંમર સવા-દોઢ વર્ષની હશે અને ત્યારે હજી મારા નાના ભાઈ નવિનનો જન્મ નહોતો થયો. અમારી ઉંમર દોઢ વર્ષની થાય એટલે અમારા બાપા મહારાજ પાસે કંઠી બંધાવી દેતા. અમારો વંશ પરંપરાગત સ્વામિનારાયણ સંપ્રદાયનો સત્સંગ ખરો એટલે જામનગર સ્વામિનારાયણ મંદિરમાં આવવા જવાનું રહે ત્યારે જામનગરમાં મહારાજ શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી બિરાજતા હતા એટલે અમારા દાદા પરિવારથી સત્સંગ હતો.

એકવાર અમારા દાદા વાત કરતા કે, દાદાને મારા ફુવા દર વર્ષે કડબનું ગાડું ભરીને જામનગર મંદિરે આપવા જતા ત્યારે જામનગર મંદિરમાં હરિમંદિર હતું તેને પાડી નાખી શિખરબંધ મંદિર કરવા મહારાજનો સંકલ્પ હશે એટલે મેપાદાદા અને રણછોડ ફુવા કડબનું ગાડું ભરી પહોંચ્યા. ત્યારે મહારાજે કહ્યું, તમે એક દિવસ રોકાઈને આ કાટમાળ ઉપાડવો છે તો આ કાટમાળ ઉપાડવાનું કામ કરી સાંજે મહારાજના ચરણ દાબતા હતા ત્યારે મહારાજ રાજી થઈ બોલ્યા કે, મેપાભાઈ તમને અંતઘડીએ હું મારા ધામમાં લેવા આવીશ. એટલે દાદાએ તો ગામમાં બધાને વાત કરી દીધી.

એકવાર મારા બાપુજી નથુભાઈ મહારાજની ચરણસેવા કરતા હતા ત્યારે મારા બાપુજી વારંવાર પોતાના વાંસામાં હાથ ફેરવે ને વળી ચરણ દાબે ત્યારે મહારાજ બોલ્યા કે, શું નથુભાઈ વારંવાર હાથ વાંહે ફેરવો છો શું થયું છે ? ત્યારે બાપા કહે, મહારાજ વાંસામાં હાડકી છે એટલે મહારાજ કહે, તું વાસો ફરી જા. એમ કહીને બાપા વાસો ફર્યા ને મહારાજે જ્યાં દુઃખતું હતું ત્યાં પગનો અંગુઠો અડાડ્યો. ત્યાર પછી કોઈ દિવસ હાડકી દુઃખી નથી.

અમારા મકાનને આજુબાજુ ૭-૮ પ્લોટમાં એક સાપ ફરતો ત્યારે મહારાજ જામવંથલીમાં હતા ને ઘરે ઘરે પધરામણીઓ થતી ત્યારે અમારે ઘરે આવ્યા એટલે મારા બા એ મહારાજને કહેવડાવ્યું કે ઘરમાં સાપ ફરે છે તેથી છોકરાવ બીએ છે. એટલે મહારાજે પાણીનો લોટો મંગાવ્યો ને ઘરમાં અને આખા પ્લોટમાં પાણી છાંટ્યું તે દિવસ પછી ક્યારેય સાપ દેખાયો નથી. આમ અમારી સૌની ખૂબ રક્ષા કરી છે.

એક વખત અમારા બાપા મહારાજની ચરણસેવા કરતા હતા ત્યારે મહારાજ બોલ્યા,

નથુભાઈ તમે અમદાવાદથી ઓલી બાજુ કામ કરવા જાઓ એટલે મારા બાપુએ પહેલાં મુંબઈમાં બે ત્રણ વર્ષ કામ કર્યું પછી પૂના આવતા રહ્યા ને અહીં જ રહ્યા. હું દુબઈ ગયો ત્યારે ત્યાંથી મહારાજને કાગળ લખતો ને મહારાજ મને કાગળનો જવાબ પણ આપતા અને કાગળમાં ગુલાબ પાંખડી મૂકતા એટલે વિદેશમાં રક્ષા થતી. મહારાજની દયાથી કોઈ દિવસ કોઈ તકલીફ પડી નથી. આમ મહારાજ બહું ધ્યાન રાખતા.

એકવાર ગામમાં પંચાયતે પ્લોટ વેચવા કાઢ્યા તેની કિંમત બસો રૂપિયા રાખી અને પ્લોટની બોલી બોલીને ઉપર વધારે બોલીને લઈ શકાય એટલે નથુબાપા ગયા જામનગર મહારાજ પાસે દંડવત્ કરી બેઠા અને વાત કરી. મહારાજ પંચાયતે પ્લોટ વેચવા કાઢ્યા છે ને કિંમત બસો રૂપિયા રાખી છે પણ કોઈ બોલી બોલીને ઉપર વધારે બોલે તો મારી પાસે બસો જ રૂપિયા છે ને એ પ્લોટ મારે લેવો છે ત્યારે મહારાજ બોલ્યા નથુભાઈ એ પ્લોટમાં બોલી બોલવા કોઈ નહીં આવે બસ. એ પ્લોટ તેમને જ મળશે આમ મહારાજે કૃપા કરી.

એકવાર અમારા ઘરમાં પધરામણી કરી. ત્યારે અમારી બા એ પૂછાવ્યું મહારાજ અમારા ઘરમાં સરગવાનું ઝાડ છે એટલે અમારી પરિસ્થિતિ નબળી છે એટલે મહારાજ કહે, સરગવાના ઝાડથી શું થાય ? મહારાજ કહે, અમારા મંદિરમાંય સરગવાનું ઝાડ છે. માટે કંઈ ચિંતા ના કરો. આમ મહારાજ ભક્તોને આશ્વાસન આપતા.

એકવાર અમારી ગાયનું દૂધ દરરોજ સવારે મંદિરે એક લોટી દૂધ દેવા જતા એટલે મહારાજ લોટીમાં પ્રસાદી આપતા. એકવાર ગાયને એક આંચળમાં દૂધ સાથે લોહી પડતું એટલે એ આંચળનું દૂધ ફેંકી દેતા. ત્યારે આ વાત મહારાજને કરી તો મહારાજે એક શ્રીજીરક્ષા બનાવી આપી કહ્યું આને કપડામાં બાંધી ગાયના ખીલે બાંધી રાખજો. એ શ્રીજીરક્ષા ગાયના ખીલે બાંધ્યા પછી ગાયને આંચળમાં દૂધ સાથે લોહી આવતું બંધ થયું.

અમે જામનગર જતા ત્યારે જામનગરમાં મંદિરની બહાર એક પાણીનો નળ હતો ત્યાં મહારાજ આવીને નળ ચાલુ કરી નીચે પગનો અંગુઠો રાખે ત્યારે અમારા બા કહે જાઓ મહારાજ ઊભા છે ને એ અંગૂઠો અડીને પાણી આવે એ આ બાટલીમાં ભરી લેજો ત્યારે અમે બાટલી ભરી લેતા ને ઘરે લાવતા. એટલે અંતર્યામી ભગવાન ભક્તોના સંકલ્પ જાણીને આમ પ્રસાદી આપતા.

અમારા પરિવાર સાથે મહારાજનાં મંડળ સાથે ફોટા પડાવ્યા છે. પ્રેમજીભાઈ ખોલિયા

જે ફુલવાડી દાનમાં આપી એ પ્રેમજીભાઈ મારા નાનાજી થાય અને રણછોડભાઈ મનાણી એ મારા ફુવા થાય. મારા બાપુજીના મામા વસ્તાભાઈ ગુજરી ગયા હતા એ મામાને મારા બાપુજીમાં હેત બહુ એટલે મારા બાપુજી કહે, મામા તમારા માટે મારે કંઈક કરવું છે એટલે પિતૃ મામા કહે, ભાણેજનું કાંઈ ન લેવાય. મારા બાપુજી કહે, હું મંદિરમાં એક પાણીનું બેડું દઈશ. ત્યારે મામાએ કહ્યું- હું માંગતો નથી, દેવું ન દેવું તારી મરજી એમ કહીને મામા બોલ્યા મહારાજ તારે ઘેર આવશે ને ત્યારે હું ખોળિયામાં આવીશ ને એકવાર મહારાજ આવ્યા ને મહારાજ શેરીમાં આવ્યા ને પિતૃ વસ્તામામા બાપુજીના ખોળિયામાં આવી ગયા એટલે મહારાજ તો બધું જાણી જાય એટલે મહારાજ કહે બોલ શું જોઈએ છે તારે ? પિતૃ કહે, મને મોક્ષ જોઈએ છે એટલે મહારાજે પોતાના ગળામાં પહેરેલ હાર બાપુજીના ગળામાં નાખ્યો. હા જાઓ તમારો મોક્ષ. આમ મહારાજ રક્ષાઓ કરતા. મહારાજ અમારા પરિવારને પોતાનો માની ને બધાં સંકલ્પ પૂર્યા છે. અલૌકિક સુખ આપ્યાં છે, ખૂબ દયા કરી છે, ખૂબ આશીર્વાદ આપ્યા છે અને ખૂબ કૃપા કરી છે.



પરચા નં.
૫૪.

## અનાદિ મુક્તરાજ ધર્મલાલભગત નથુભગત ટાંક
### ગામ : જામવંથલી, હાલ- પૂના

**શાસ્ત્રીજી** મહારાજ પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણની કૃપાથી મારો જન્મ જામવંથલીની પવિત્ર ભૂમિ પર નથુભગતને ત્યાં થયો. મને નાનપણમાં જ મહારાજની પરિપૂર્ણ ભગવાનપણાંની ઓળખાણ થઈ ત્યારે જ મને મહારાજે મંત્રદિક્ષા આપી કંઠી બાંધી હતી. ત્યારથી મારા જીવનમાં ધીરે ધીરે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ ઉદય પામ્યા હતા.

મારી ઉંમર નાની હતી ત્યારે અમે જૂનાગઢ ગયા હતા. મહારાજ બેઠાં બેઠાં માળા કરતા હતા. અમે મહારાજની ચરણસેવા કરતા હતા. ત્યારે અચાનક મહારાજ ઊભા થયા ને એક ચરણ મારા માથા ઉપર રાખ્યો અને એક માળા કરી ત્યારે હું તો આભો જ થઈ ગયો. પછી મહારાજ બેઠા અને મેં મારા દીકરા વિજયને મહારાજ પાસે પગે લગાવ્યો ને કંઠી બંધાવી. પછી મેં મહારાજને કહ્યું, મહારાજ હું કાંઈ ભક્તિ એટલી કરતો નથી. ને તમે મને આટલો પ્રેમ આશીર્વાદ આપો છો. મહારાજ કહે, તું નાનો દોઢ વર્ષનો હતો ત્યારે જામનગર આવ્યો હતો ત્યારે તું જાડો ને રૂપાળો હતો ત્યારે જ તું મને ગમી ગયો હતો.

પછી મહારાજ કહે, વાછડો નાનો હોય ત્યારે છૂટો હોય થોડો મોટો થાય ગળામાં દોરડું બાંધે, એથી મોટો થાય મોયડો બાંધે અને એથી મોટો થાય તો એને નાથ બાંધે એટલે હું બોલ્યો મહારાજ અત્યારે મને શું બાંધ્યું. મહારાજ કહે, મોયડો બાંધ્યો જા હવે જલ્સા કર. પછી મહારાજ કહે, તું મને સંભાર કે ન સંભાળ પણ મારે તને સંભારીને તારું ધ્યાન રાખીને તને અને તારા પરિવારને વિશેષ સુખીયા કરવા છે. તે જ પ્રમાણે હાલમાં અમારો પરિવાર મહારાજની કૃપાથી ખૂબ જ સુખી અને સમૃદ્ધ છે અને જ્યાં પણ મહારાજના કાર્યો થતાં હોય ત્યાં અમે યથાશક્તિ સેવાનો લાભ લઈ પ્રગટ ભગવાનને વિશેષ રાજી કરી લક્ષ્મીને લેખે લગાડીએ છીએ.

જામવંથલીમાં મારી ઉંમર નાની હતી ત્યારે હું ઘોડિયામાં સુતો ત્યાં એક સાપ આવી આજુબાજુ આંટા મારે અને ઘોડિયા ઉપર ચઢી જાય પણ મને ક્યારેય નુકશાન પહોંચાડ્યું નથી. મારા કાકા મહારાજ પાસે ગયા હશે ત્યારે મહારાજે કહ્યું કે, ધર્મલાલના ઘોડિયા પાસે સાપ ફરતો તે દિવસે મેં તેને બચાવીને સાપને મોક્ષ કર્યો હતો.

જામવંથલીનાં રણછોડ રાજા મનાણીએ મહારાજને ગુરૂ કર્યા હતા. અને ગામમાં પણ સૌને કહ્યું કે, આ મોટા શાસ્ત્રીજીને એ ગુરુ કરવા જેવા છે. એ રણછોડભાઈ એ મારા દાદાને મહારાજ પાસે કંઠી બંધાવડાવી છે અને મારા દાદા દરરોજ મંદિરે દર્શન કરવા જાય અને મંદિર વાળીને રજ ભેગી કરી એ રજથી ન્હાતા. એટલા મહિમાવાળા હતા અને મારા દાદા મેપાબાપા ને મહારાજે કહેલું કે, આજથી છ મહિનાં પછી તમને ધામમાં તેડવા આવીશ ત્યારે એ પ્રમાણે અગાઉથી કહી દીધું કે, હવે તમારો ને અમારો ભેટો નહીં થાય ને સમય થતા મહારાજ તેમને ધામમાં પણ તેડી ગયા.

દાદાની થોડી તબિયત બરાબર નહોતી. ત્યારે અમે કહ્યું, હાલો દવાખાને લઈ જઈએ. ત્યારે દાદા કહે, તમે મને લઈ તો જાઓ છો પણ સાંજે હું પાછો નહીં આવું. અમે ન માન્યા અને દવાખાને લઈ ગયા તો દાદાએ કાંડામાંથી ઘડિયાળ કાઢી નાખ્યું ને કહ્યું, મને શાસ્ત્રીજી મહારાજ હમણાં ધામમાં તેડવા આવશે. ને તેમ જ થયું.

આમ નથુભાઈ મેપાભાઈ ટાંક અને તે મેપાભાઈ ટાંકનો પરિવાર પેઢી દર પેઢી અત્યારે મહારાજને ગુરુ ધારણ કરી પ્રગટ ભગવાન પણ માની સેવા પુજા કરી અને મહારાજના વચનમાં વિશ્વાસ રાખી ભક્તિ કરનારા થયા છે તથા સમાજસેવા, જન્મભૂમિની સેવા કરનારા, સાત્વિક લોકો તથા જામવંથલીમાં ગામને પાદર ભવ્ય ગેટ બનાવવામાં આવ્યો તેના દાતા છે તથા મહારાજના ઐશ્વર્ય, ચમત્કાર જાણનારા હોવાથી ભગવાનને ઉજાગર કરવામાં પોતાનાથી બનતી બધી સેવા કરી છે અને અત્યારે દાયળજીભાઈ, ધર્મલાલભાઈ તથા નવિનભાઈ સમજણે ધર્મ-અર્થની ભાષા સમજીને સેવા કરે છે. જ્ઞાન-ભક્તિ-વૈરાગ્યયુક્ત ભગવાનમાં જ પોતાનું મન લગાવી મોક્ષ સાધી લીધો છે. આવી સમજણે પરમધામમાં પોતાનો નિવાસ નક્કી કર્યો છે. અને મહારાજના એકાન્તિક ભક્તોની હરોળમાં જ બેઠા છે.

પરચા નં.
**૫૫.**

## અનાદિ મુક્તરાજ નવિનભગત નથુભગત ટાંક
### ગામ : જામવંથલી, હાલ- પૂના

**નાની** ઉંમરમાં મને બાપુજી નથુભગત જામનગર સ્વામિનારાયણ મંદિરે લઈ ગયા હતા ત્યારે મહારાજે મને કંઠી બાંધી હતી, પછી તો જૂનાગઢ મહારાજના દર્શન કરવા વરસમાં બે વખત જવાનું થતું.

એક વખત અમે જૂનાગઢ સાંજે ત્રણ જણા ગયા હતાં. મહારાજ પાસે બેઠા હતા. અમે મહારાજને કહ્યું, મહારાજ અમારે ગીરનારના દર્શન કરવા જવું છે. મહારાજ કહે, ગીરનારના દર્શન કરવા હોય તો અહીંયા તમને બતાવું. અમે કહ્યું, તો સારું. પછી મહારાજે પોતાના રૂમની બારીમાંથી જોવા કહ્યું, જો ગીરનાર દેખાય છે ? મેં કહ્યું, ના મહારાજ દેખાતો નથી. ત્યાં મહારાજે ફરી દષ્ટિ કરીને કહ્યું, હવે જો દેખાય છે. એટલે મેં કહ્યું, હા હવે દેખાય છે. આમ મહારાજે ગીરનારને પોતાના રૂમની બારી સુધી નજીક લાવી દર્શન કરાવ્યા.

સમય જતાં અમારે હવે પૂના જવાનું હતું એટલે મહારાજ પાસે રજા લેવા ગયા. ત્યારે મહારાજે એક ડબરો લાવવાનું કહ્યું, અમે ત્રણ જણા હતા ને ડબરામાં બે લાડવા હતા ને અમે કહ્યું, મહારાજ અમે આમાંથી જમી લઈશું. મહારાજ કહે, ના એમ નહીં. એ ડબરાને કપડું ઢાંકીને મૂકી આવ. થોડીવાર મહારાજ સાથે વાતો કરી પછી મહારાજ બોલ્યા, હવે પેલો ડબરો લાવ. મેં એ ડબરાની ઉપરનું કપડું હટાવ્યું તો ડબ્બો આખો લાડવાથી ભર્યો હતો પછી મહારાજે અમને બે બે લાડવા પ્રસાદીના આપ્યા.

એક વખત અમે જૂનાગઢ ગયાને મહારાજની પાસે બેઠા હતા ત્યારે મહારાજ કહે, આ તમારા ઘરે ખાંડ ખવડાવી ખવડાવીને મોઢું ગળ્યું થઈ ગયું ત્યારે ખાંડ દળી દળીને ખાંડવાળી મીઠાઈ અમે ઘરે મહારાજને વધારે જમાડતા. એટલે મહારાજે કહેલું.

એકવાર મેં મહારાજને પૂછ્યું, મહારાજ રાત્રે તમે ક્યાં હો ? મહારાજ કહે, રાત્રે હું અહીંયા ના હોઉં. રાત્રે હું લક્ષ્મીજી સાથે હોઉં. મેં મહારાજને કહ્યું, મહારાજ આ માનતા એટલે શું ? મહારાજ કહે, તમને કાંઈ થાય એટલે તમે મને યાદ કરો અને દુઃખ મટાડવા નારિયેળ કે સાકર ધરાવવાનું કહો એટલે હું અહીં સાંભળીને નોંધ કરી લઉં અને સાંજે નીકળું તે જેની જેની માનતા થઈ હોય તેવા તેના દુઃખ દૂર કરું, કોઈ મેલું હોય તો એને બે લાકડી

મારીને ભગાડી મૂકું અને તમને સારું થઈ જાય.

એક વખત મેં મહારાજને કહ્યું, મહારાજ મને અંતઃકાળે તેડવા આવશો ને ? ત્યારે મહારાજ કહે, તું મને યાદ કરીશ, તો હું જરૂર તેડવા આવીશ બસ. મેં કહ્યું, પાક્કું. મહારાજ કહે પાક્કું. એટલે મને થયું હવે તો મારે સતત મહારાજને યાદ કરવા પડે. બસ ત્યારથી હું અખંડ મહારાજને યાદ કર્યા કરું છું. આના કારણે જગતમાં કુટુંબમાં હેત ફરજ પૂરતું જ છે અને મહારાજનું ભજન કર્યા કરું છું અને આપણી જે ફરજ છે તેને નિભાવ્યા કરું છું. આમ ભગવાનની કૃપાથી મારા દીકરા ગૌરવનો પણ સંબંધ ભૂજમાં સારા સત્સંગી ઘરમાં થઈ ગયો. આ બધું ભગવાને જ ગોઠવેલું હોય છે. આમ સાચી સમજણ થઈને ભગવાન સારી રીતે ભજાય છે. સૌના આશીર્વાદ મેળવાય છે અને ભક્તિની સાથે મહારાજના સેવા કાર્ય થાય છે.

પરચા નં.
૫૬.

## અનાદિ મુક્તરાજ અમરશીભગત ટપુભગત પરમાર
### ગામ : જામવંથલી, હાલ- પૂના

**મારા** બેનનું સગપણ જામવંથલીમાં થયેલું તેથી બેન મહારાજને ઓળખતા હતા કે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સાક્ષાત્ ભગવાન છે. તેથી મારી બેનને સંકલ્પ થયો કે, મારા ત્રણે ભાઈઓ મહારાજ પાસે કંઠી બંધાવે તો મારા ભાઈઓ પણ સુખી થાય. આમ બેનના સંકલ્પ વડે મહારાજ સાથે અમારો સંબંધ થયો.

એક વખત મારા બનેવી પૂનાથી અહીં જામનગર આવ્યા અને કહે, તમને ત્રણે ભાઈઓને કંઠી મહારાજ પાસે બંધાવવી છે. ત્યારે નાનો ભાઈ દેશમાં હતો. જ્યારે ત્રણે ભાઈઓ અમે જામનગરમાં ભેગા થયા ત્યારે અમે ત્રણે ભાઈને બનેવી જામનગર મંદિરે ગયા. મહારાજે પહેલા મોટાભાઈને પછી નાનાભાઈને કંઠી બાંધી પછી અમરશી ભગતને બાજુમાં બોલાવી કહે, તું મને રાખીશને તો તને કંઠી બાંધુ. મેં હા પાડીને મહારાજે કંઠી બાંધી.

મહારાજ કહે, તું ક્યાં રહે છે ? મેં કહ્યું, હું કડિયાવાડમાં રહું છું. તો મહારાજ કહે, તું દરરોજ જમીને અહીં સુવા આવજે અને મારા પગ દાબજે. પછી હું દરરોજ જામનગર મંદિરે સૂવા જતો અને મહારાજની ચરણસેવા કરતો અને સભામંડપમાં સૂઈ જતો.

એક વખત સંધ્યાકાળે મારા માસીની દીકરી બેનનો છોકરો રમતાં રમતાં પડી ગયો અને બેહોશ થઈ ગયો ત્યારે બેન કહે, તું શાસ્ત્રીજી મહારાજ પાસે જાય છે તો મહારાજને કહેજે. ત્યારે મહારાજ પાસે મેં વાત કરી એટલે મહારાજે ફુલનો હાર પહેર્યો હતો તે હાર આપી કહ્યું, આ હાર છોકરાને પહેરાવજે. હું હાર લઈને ઘરે ગયો અને છોકરો ઘોડિયામાં સૂતો હતો તેના ઘોડિયાની દાંડી પર હારને રાખ્યો ત્યાં છોકરાએ આંખ ઉઘાડી પછી તેને પાણી પાયું, દૂધ પાયું. આમ છોકરો રમતો થયો. તેથી મારા બેને મહારાજની ત્યારે રૂ.૧૦૦ની સેવા કરી. તેથી મહારાજ બહુ રાજી થયા.

હું દરરોજ જામનગર મંદિરે જતો અને મહારાજની ચરણસેવા કરતો. એક વખત મહારાજ કહે, સુખી થાવું હોય તો પૂના જાઓ. એટલે મેં બનેવીને કાગળ લખ્યો. બનેવીએ જવાબ લખ્યો કે, સાઈકલ આવડે તો તમે આવજો. ત્યારે મહારાજને વાત કરી. મહારાજ કહે, બધા સીખીને કોઈ આવતા નથી. જાઓ સાઈકલ આવડી જશે, પૂના જાઓ. પછી મહારાજે અમારી પરિસ્થિતિ જાણીને ૫૦ રૂપિયા આપ્યા અને અમે પૂના ગયા ત્યાં આપણાં

સત્સંગીભાઈઓ હતા તેથી દરરોજ સત્સંગ થતો અને સેવા ભક્તિમાં સૌ મજબૂત થતા.

અમે ત્યારે મહારાજને પત્ર લખતા અને આઠ દિવસે મહારાજનો પત્ર આવતો, સૌ ભક્તો રાજી થતા. એક દિવસ અમે અમારા માતુશ્રીને પૂના બોલાવ્યા અને ઘરે બેઠા હતા ત્યાં અમરશીના શરીરમાં બાપુજી આવ્યા અને બાપુજીને પિતૃએ બાંધી રાખ્યા હતા. ત્યારે અમે મહારાજને પત્ર લખ્યો મારા પિતાજી ૨૦ વર્ષ પહેલાં અવસાન પામેલા છે અને તેને કોઈકે મેલી વિદ્યા દ્વારા બાંધી રાખ્યા છે, મહારાજ દયા કરો. પછી વળતો જવાબ મહારાજનો આવ્યો અને લખ્યું ભાદરવા વદ-૧૩ ના તેનું પિતૃકાર્ય કરજો. તો મેં બ્રાહ્મણોને વાત કરી. તે બધા કહે, હવે આ અત્યારે કામ ન થાય કારતકમાં કરશું. ત્યારે મેં મારા વિદ્યાગુરૂને મહારાજનો કાગળ બતાવ્યો એટલે તેમણે અમારું કાર્ય હાથમાં લીધું.

પહેલાના વડીલો કહેતા કે, પિતૃ કાર્ય કરવા વાછડીના પૂંછડે પાણી રેડીયે અને એ પાણી ગામની બહાર જાય ત્યારે પિતૃ કાર્ય પૂરું થાય પણ મહારાજની કૃપાથી પાણી ઘરના દરવાજે પહોંચ્યુંને મારા બાપુજી પિતૃ તરીકે આવ્યા અને મારા બાને રાજી થઈ કહે, તે મારા છોકરા સાચવ્યા છે જેથી હું રાજી છું, જાવ સુખી થાઓ. આમ મહારાજે કૃપાથી મારા બાપુજીને ધામમાં તેડી ગયા.

જૂનાગઢ હું એક વખત મહારાજ પાસે ગયો અને મહારાજ કહે, હવેથી તું મારી લાલજીની મૂર્તિ રાખજે. એ લાલજીની મૂર્તિની મહારાજે આરતી કરીને અમને આપ્યા. ત્યારથી અમે લાલજી મહારાજને રાખ્યા છે અને એ પ્રસાદીના લાલજી છે. પછી તો મહારાજ બે માસ પછી ધામમાં ગયા. ત્યારે હું જુનાગઢ પહોંચ્યો અને મહારાજના અગ્નિસંસ્કાર થયા હતા ત્યારે મહારાજનાં ચરણ થોડા બહાર હતા અને હું ચરણને જોઈ દંડવત્ કર્યા અને રોવા લાગ્યો ત્યારે મહારાજના ચરણમાં ચિન્હનાં દર્શન થયા. પછી વિદેશના ભક્તો સૌ ભેળાં મળ્યા અને મહારાજની સ્મૃતિમાં સાત દિવસની પારાયણ કરી. એને એ ખર્ચ શ્રીહરિ શરણાગતિ મંડળે ઉપાડ્યો હતો.

એક વખત મહારાજે દેવસ્વામીને શાસ્ત્રી બનાવ્યા ત્યારે મહારાજનો પૂના પત્ર આવ્યો કે, ૧ ધાબળી ઓઢાડવા મોકલાવજો. ત્યારે ભક્તો ભેળા થઈને મને કહ્યું, અમરશીભગત તમે જૂનાગઢ જાઓ અને આ ધાબળી લઈ જાઓ. એટલે હું જૂનાગઢ આવ્યો, મહારાજને પગે લાગ્યો અને દેવસ્વામીનું પૂજન કર્યું. મહારાજે કંકુ ચાંદલો કર્યો અને મેં ધાબળી ઓઢાડી. ત્યારે એક ભગત બોલ્યા, આ ભગત પૂનાથી આવ્યા છે. ત્યારે બધા સાધુઓની

આંખો પહોળી થઈ ગઈ. કે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના શિષ્યો ઠેઠ પૂના સુધી થયા છે. આ બીજાઓને સભાન કરવા ભગવાને લીલા કરી.

એક વખત પૂનાથી જૂનાગઢ મહારાજના દર્શન કરવા ગયા ત્યારે દરરોજ સેવા નિમિત્તે ભકતો ૨૫ પૈસા એક ડબ્બામાં નાખતા જાય. એમ કરતાં ડબ્બો પૈસાથી ભરાઈ ગયો ત્યારે અમે જૂનાગઢ આવ્યાને મહારાજની સામે ડબ્બો મૂક્યો ત્યાં મહારાજ કહે, આ શું છે ? અમે કહ્યું, મહારાજ આ તમારી સેવા દરરોજ થોડી થોડી ભેગી કરી છે એ સ્વીકારો. મહારાજે ડબ્બો ઢાળ્યો તો ચિલરનો ઢગલો થયો અને ગણતરી કરી ૪૬ રૂપિયા થયા. મહારાજ બહું જ રાજી થયા. આ તો ઘણાં રૂપિયા છે. એમ કહી રાજી થઈ સાકરનો ગાંગડો આપ્યો અને કહ્યું, જા આ દયાને દે ખાઈ જાય.

એક વખત ભલુભાઈ મારી સાથે હતા અને મહારાજ બોલ્યા કે, તું આ ઢોલક વગાડવામાં રહી ન જાતો. એટલે ભલુભાઈ કહે, મહારાજ હાલો ઉપર અગાસીએ રાસ રમવો છે. મહારાજે કાજુ, બદામની પ્રસાદી આપી. ભટુભાઈ કહે, આ ખાવું અને રમવું બે ભેગું ન થાય. પહેલાં રાસ રમીએ પછી નિરાંતે ખાઈશું, ત્યાં ઉપર ગયા અને આમ ગીરનાર તરફથી એક વાદળી આવી ને વરસાદ થયો ન રાસ રમ્યા ને ન પ્રસાદ જમ્યા. એમ મોટા સંતો કહે ત્યાં આપણું ધાર્યું ન કરાય, સંતો કહે તેમ કરી લ્યે તો રાજીપો મળી જાય.

એકવાર હું પૂના સાઈકલ લઈને કામે જતો હતો. ત્યાં એક ખીજડાનું વૃક્ષ આવ્યું. ત્યાં પૂર્વે સાત બાઈઓ દબાઈને મરી ગઈ હતી, તે ભૂતડિયું થઈ અને તે હું જ્યારે ત્યાં પહોંચ્યો ત્યારે એને મારામાં પ્રવેશ કર્યો અને હું ઘેર પહોંચ્યો ત્યારે દરરોજ સાંજે ચાર વાગે ત્યારે પેશાબ ચાલુ થઈ જાય. આમ સાત દિવસ થયા. એટલે મોટાભાઈ હું ને વેલજીભગત ત્રણે સૂરત આવ્યા ત્યારે સૂરતમાં કરફ્યુ હતો. ત્યારે મહારાજ સૂરત રામપુરા મંદિરે હતા. ત્યારે મહારાજ બાળ સ્વરૂપ લઈ અમને સ્વામિનારાયણ મંદિરના દરવાજે મૂકી ગયા. મહારાજ આવ્યા અને કહ્યું, કેમ આવવાનું થયું ? વેલજીભગતે માંડીને વાત કરી કે અમરશીની તબિયત સારી નથી. ત્યારે મહારાજે એક રૂમમાં મને લઈ સૂવાડ્યો ઉપર પગ મૂક્યો. સવળો સુવાડ્યો ને છાતી ઉપર ચરણારવિંદ મૂક્યા ને પેલી ભૂતડીયો પ્રકાશના લિસોટાની જેમ નીકળી એટલે મહારાજ કહે, જો હવે ગઈને. મેં કહ્યું, હા મહારાજ ગઈ. એટલે મહારાજ કહે પાંચ વાગ્યા છે. અત્યારે સ્ટેશન જાઓ ત્યાં જ કાંઈક જમી લેજો અને પૂના વયા જાઓ. આમ ભગવાને મારી રક્ષા કરીને મને નવું જીવન આપ્યું.

એક વખત વિદેશથી દેશમાં આવવાનું નક્કી કર્યું ત્યારે ધીરૂભગતને હું બજારમાં ખરીદી કરી આવ્યા હવે હું જે પલંગ ઉપર ત્રણ વર્ષ સૂતો તે જ પલંગ ઉપર હું સૂતો હતો, પરંતુ રાત્રે ખબર નહીં હું કેમ પડી ગયો અને માથામાં હેમરેજ થઈ ગયું. એટલે કંપનીવાળાએ હોસ્પિટલમાં દાખલ કર્યો, મારું ઓપરેશન થયું અને પલંગમાં સૂવાડ્યો હતો. ત્યારે મહારાજ પાઘધારી ભગવા વસ્ત્રો પહેરી હાથમાં માળા ધરીને આવ્યા. મારા શરીરે હાથ ફેરવ્યો અને નર્સને દર્શન દીધા અને નર્સને પ્રસાદી આપી. પછી નર્સે મને વાત કરી કે, તમારા ગુરૂની કૃપાથી તમે બચ્યા છો. પછી હું દેશમાં આવ્યો મહારાજના દર્શને ગયો. મહારાજે અંગૂઠાનું જળ પીવડાવીને કહ્યું કે, જાઓ તમારા જાણ્યે-અજાણ્યે થયેલા પાપ માફ, હવે ચિંતા ન કરવી, ઘરે પહોંચી જાવ ને બસ ભજન કરો, સેવા કરો, અફસોસ ન કરવો.

એક વખત કુંકાવાવમાં બ્રહ્મપેલેસનું ખાતમુહૂર્ત હતું અને દુબઈથી હું આવ્યો એટલે રૂ.૫૦,૦૦૦/- સેવા લખાવી ત્યારે મહારાજ દર્શન દઈ કહે, તારે બે લાખ સેવા કરવાની છે અને આ સેવાના પ્રતાપથી હું તને સુખિયો કરી દઉં. પછી એક વખત મહારાજે દર્શન દઈને કીધું કે, હવે તારી પાસે જે ઘરબાર નાણું છે તેમાં જીવનનિર્વાહ માટે કાંઈ ઓછપ નથી ને ? આમ મહારાજે મને અનુસંધાન આપ્યું કે, તે મારી આજ્ઞા પ્રમાણે બે લાખની સેવા કરી તેના પ્રતાપે બેઠાં બેઠાં સુખેથી જીવન પસાર થાય એવું મહારાજે ગોઠવી દીધું ને સુખિયા કરી દીધા. આમ મને મહારાજની પ્રાગટ્યભૂમિ કુંકાવાવ બ્રહ્મપેલેસ મંદિરમાં સેવાનો લાભ મળ્યો તેમજ વર્ષો સુધી ફુલવાડી પરમધામ મંદિરમાં પણ મને અને મારા ધર્મપત્ની દયાબેનને જે મહારાજની સેવાનો દર્શનનો લાભ મળ્યો છે તેથી અમે ધન્યતા અનુભવીએ છીએ.

આમ મહારાજ પોતાના ભક્તોની સંભાળ રાખે છે. જીવ ભલે ગમે એવો અવળો હોય પણ ભગવાનની નજરમાં આવી જાય તો ભગવાન કહે અમે એમને મૂકતા નથી. કદાચ માયાને લઈ જીવ અમને ભૂલી જાય પણ અમે ભૂલતા નથી. તેમ જે જીવ ભગવાનનો શરણાગત થાય અને સમયે સમયે ભગવાનનાં સંકલ્પ અને સંતની સેવા કરે તો ભગવાન જીવની અવળાઈ સામું જોતા નથી અને સુખ આપીને દર્શન આપીને ચમત્કાર વાપરે તેમ છતાંય જીવ ન સમજે તો દુઃખ આપીને પણ ભગવાન કહે છે અમે અમારા ભક્તને તારી લઈએ છીએ.



પરચા નં. ૫૭.

## અનાદિ મુક્તરાજ રમણીકલાલભગત ખીમજીભગત વાઢેર
### હાલ : જામવંથલી, હાલ- રાજકોટ

**જામવંથલી** ગામમાં ભગવાન સ્વામિનારાયણનું હરિમંદિર છે. ત્યાં એ સમયમાં ભગવાન શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ બિરાજતા હતા. ત્યારે આ રમણીકલાલ ભગતની ઉંમર નાની હતી ત્યારે અચાનક રમણીકલાલ ભગત અને તેના ભાઈ બંનેને આંખમાં દેખાવાનું બંધ થઈ ગયું અને આંખો ઉપસીને લાલ થઈ ગઈ ત્યારે તેના માતાજી મહારાજની પાસે લઈ ગયા. દિવાલના ટેકે બંને ભાઈઓ મહારાજ પાસે પહોંચ્યા અને મહારાજે હેમંતભગતને પાણીનો કળશિયો લાવવા કહ્યું. મહારાજે પાણીનો ખોબો ભરીને બંને ભાઈની આંખ ઉપર છાંટ્યું અને કહ્યું, હવે સારું થઈ જશે. બે દિવસ પછી બંને ભાઈને આંખો સાવ મટી ગઈ. મહારાજ મોટા સંત હતા અને આ આંખો મટાડી એટલે મહારાજમાં તેમને ઘણું હેત થયું પછી તો દરરોજ મંદિરે જતા અને મહારાજની આજ્ઞા પ્રમાણે સેવા કરતા, મહારાજને રાજી કરતા.

એમ કરતાં કરતાં દરરોજ મંદિરે સેવા-પૂજા કરવા જતા. પછી તો દરરોજ સાંજે ધૂન, કિર્તન કરીને ભગવાનની આરતી ઉતારતા અને સાથે સાથે મહારાજના ફોટાની પણ આરતી ઉતારતા અને પ્રગટ ભગવાન શાસ્ત્રીજી મહારાજની જય બોલાવતા. એટલે ઘણાં એવા હરિભક્તોને આમ સાધુની આરતી અને જય બોલાવવાનું રૂચતું નહીં. તેથી મોટા મોટા ભક્તોને બોલાવ્યા અને આમ ન થવું જોઈએ તેની ચર્ચા થવા લાગી. ત્યારે કોઈ જગ્યા ખાલી ન હતી તે પ્રમાણે મંદિરનું આખું પ્રાંગણ ભરાયું હતું અને ૨૪ કલાકની ધુન રાખી હતી. પરંતુ ઉપદ્રવીઓએ નક્કી કર્યું કે એ રમણીક વાઢેર બહાર આવે તો એને મારવો ને નુકસાન પહોંચાડવું. આ વાત એક મિત્રએ આવીને રમણીકભગતને કહ્યું, બહાર ઉપદ્રવીઓ તૈયાર થઈને ઊભા છે. ત્યારે ભગતે બળમાં કહ્યું કે, ધાર્યું ધણીનું થાય. આપણી સાથે આ હજાર હાથવાળો છે. એ બે હાથવાળો શું કરી લેવાના. આમ કહી મંદિર બહાર આવ્યા ત્યાં સામે એક યુવાન ખીસ્સામાં હાથ નાખી ઊભો હતો અને રમણીકભગતે એ યુવાન સામું જોયું ચાર આંખો એક થઈ ત્યાં તો પેલો યુવાન જડ જેવો થઈ ગયો. કાંઈ ન કરી શક્યો અને રમણીકભગત અને તેના મિત્રો બહાર નીકળી ગયા.

એક વખત ચાર-પાંચ ભક્તો સાથે વંથલીથી જૂનાગઢ મહારાજના પગપાળા

દર્શને ગયા, મહારાજને દંડવત્ કર્યા. મહારાજ સૌને બાથમાં લઈને ભેટ્યા અને બોલ્યા, આવા શૂરવીર ભક્તો થાવું. એમ મહારાજ બહુ રાજી થયા. જામવંથલી સ્વામિનારાયણ મંદિરમાં મહારાજની આરતી ઉતારવા કે જય બોલવા ન દેવાથી અને વાદ-વિવાદ થવાથી અમે યુવાનીયા ભક્તોએ નક્કી કર્યું કે, હવે આપણે આ ફૂલવાડીમાં મહારાજના પ્રસાદીના ઓરડાઓને સાફ-સફાઈ કરી પાણીથી બરાબર ધોઈને મહારાજની મૂર્તિ પધરાવીને આરતી, ધૂન ત્યાં ફૂલવાડીમાં જ કરશું. પછી તો ત્યાં ધૂન, ભજનથી ચારે દિશાઓ ગુંજવા લાગી અને ભક્તો સૌ ભેળાં મળી મોટા દિવસોમાં વિશેષ વિશેષ ભજન કરવા લાગ્યા અને મહારાજની જન્મજયંતિ આસો વદ આઠમ ઉજવવા લાગ્યા.

આસો વદ આઠમે ત્યાં ફૂલવાડીમાં વંડા બહાર એક આંબલીનું ઘટાદાર વૃક્ષ હતું. તેના ઉપર ધજા ચડાવવા જેન્તિભગત પોરીયા, ભગવાનજીભગત પોરીયા અને આ રમણીકભગત વાઢેર આ ત્રણ ભક્તો ભેળા મળી એ આંબલીના વૃક્ષ ઉપર ધજા ચડાવતા અને એ આંબલીના વૃક્ષમાં એક જીન મામો આત્મા રહે. એ મામાને ઘણાંએ જોયેલ હતો. તે સફેદ કપડાં પહેરેલો અને લાંબો લાંબો ૧૦-૧૨ ફુટ જેટલો તે આ આંબલીના વૃક્ષમાં રહેતો અને એ આંબલીના વૃક્ષમાં ઉપર ડાળીના ગૂંચળાવાળું એક ખુરશી જેવું આસન હતું. તે આ આસન ખુરશી ઉપર રમણીકભગત બેઠેલા છતાંય મહારાજની કૃપાથી કાંઈ કોઈ તકલીફ થઈ ન હતી કારણકે એ જીન-મામાને મહારાજે સ્પષ્ટ કીધેલું કે, આ મારા છોકરાઓને તું રંજાડતો નહીં. એટલે મહારાજના ભક્તોને ક્યારેય કોઈ નુકસાન તેણે પહોંચાડ્યું નથી.

ફુલવાડીમાં એક બીજી આંબલી જે ઓફિસના સામેના ગેટની બહાર હતી, આ આંબલીમાં એ જીન મામો રહેતો. એક વખત એ જીન-મામો ત્યાંથી પસાર થતાં લોકોને પરેશાન કરે દેખાડો આપે. જે જુવે તેને ઝાડા પેશાબ થઈ થાય ત્યારે ગામના લોકોએ મહારાજને વાત કરી એટલે મહારાજે તેને મોક્ષમાં મોકલવા પાણીની અંજલી છાંટી. જીન-મામાએ ભગવાનને હાથ જોડ્યા જેથી મહારાજ કહે, તારે હવે આ રૂપમાં દુઃખ ભોગવવું નહીં પડે પણ તું અમારું કામ કરજે. જીન-મામો કહે, જી મહારાજ આજ્ઞા કરો એટલે મહારાજ કહે, તારે આ ફુલવાડીની રક્ષા કરવી જેથી તારું કલ્યાણ થશે. એમ મહારાજે આશીર્વાદ આપ્યા.

એક વખત બાજુના ગામમાંથી ખોટા વિચારથી ફુલવાડીની વાડ ટપીને ચોર ચોરી કરવા આવ્યા ત્યારે આ જીન-મામાએ તે લોકોને પાછળ થઈ ઝાડા-પેશાબ સાથે તેના ગામ સુધી ભગાડ્યા હતા. આમ ભક્તોને ખબર હતી અહીં આ જીન-મામો રહે છે અને ફુલાવડી

અને ભક્તોની રક્ષા કરે છે.

એક વખત કુંકાવાવમાં પાદરે મૂર્તિ પધરાવવાની હતી અને સમૈયો કરવાનો હતો ત્યારે અમુક ગણ્યા ગાંઠ્યા ભક્તો બધા મંડળ વતી ત્યાં ગયા હતા. પરંતુ મને રમણીકભગતને ત્યાં ઉત્સવમાં જાવાની ઘણી લાલસા પણ તે સમયમાં પૈસા તો કોઈ પાસે એટલા હતા નહીં. પણ ત્યાં ભગવાનજી રાજાએ કુંકાવાવથી ખટારો મોકલાવ્યો અને વંથલીથી કુંકાવાવ જેને આવવું હોય તે બેસી જાવ. આ મહારાજની કૃપા અને કળાથી ઘણાં ભક્તો ભાઈઓ-બેનો ત્યાં કુંકાવાવ ગયા અને જોરદાર ભજન-રાસ, શોભાયાત્રા થઈ. આમ સમૈયો પૂરો થઈ ગયા પછી જૂનાગઢ દર્શને ઘણા ભક્તો ગયા ત્યારે મહારાજ બહુ જ રાજી રાજી થયા.

એક વખત અમે ચાર પાંચ ભક્તોએ નક્કી કર્યું કે,મહારાજ અત્યારે રાજકોટ સ્વામિનારાયણ મંદિરે છે તેથી આપણે પગપાળા રાજકોટ જઈએ. પરંતુ અમારો વિચાર ભાદરા દર્શન કરીને જવાનો હતો પણ અમને પડધરી સુધી વાહનનો યોગ મળ્યો ત્યારે પડધરીથી ચાલીને રાજકોટ અમે ગયા. ત્યારે મહારાજની રાજકોટમાં કથા ચાલતી હતી એટલે દર્શન કરવા અમે સંકલ્પ કરી પગપાળા પડધરીથી રાજકોટ આવ્યા અને મહારાજના દર્શન કરી બેઠા ત્યારે રમણીકભગતથી મહારાજને સ્હેજે પૂછાઈ ગયું કે, હે મહારાજ આ તમે ઢેઢગરોડી બનાવી દીધી તે ક્યાં ચોંટાડી હતી. મહારાજ મરક મરક હસ્યા અને આંગળી ચીંધી કહે, જો એ ખૂણામાં ચોંટાડી હતી. મહારાજ કહે, ભગવાનનું પારખું લેવા આવે તે કાંઈ થોડું થાય. અમે તો શાસ્ત્ર લખતા હતા ત્યાં પોલીસ આવી કહે, ક્યાં છે પેલી બાઈઓ. મહારાજ કહે, જાઓ હોય તો જોઈ લ્યો. ત્યાં તો કાંઈ ન મળ્યું. પણ તે ખોટા વિચારવાળાને ખબર પડી કે, એ બાઈઓ તો ઢેઢગરોડી થઈ છે તો પેલા ધ્રુજવા લાગ્યા અને માફી માંગવા લાગ્યા કે, મહારાજ અમે બીજાની વાતમાં લેવાઈ ગયા, અમને માફ કરો. આમ ભગવાન અંતર્યામી છે. અંતર્યામીને બદનામ કરવા તે તો શક્ય જ નથી.આમ ભગવાન બધું જાણે છે અને પાપી અને પાપીના સાથમાં રહેનારાને દુઃખ આવે જ છે, એવા કપટીનો ક્યારેય ઉદ્ધાર થતો નથી.

મહારાજની કૃપાથી અમારે ઘણીવાર જૂનાગઢ જવાનું થતું. મહારાજની સેવા કરવા અમે જતાં ત્યારે ત્યાં હું હેમંતભગતની સાથે રહી મહારાજની ચરણસેવા કરતો અને જ્યાં સુધી મહારાજ ના બોલે ત્યાં સુધી મહારાજનું શરીર દાબતા. આમ એક વખત મહારાજના ચરણ સેવા કરતાં હતાં ત્યારે મહારાજ બોલ્યા કે, આજ તો દુબઈ, મસ્કત, પૂના ગયો હતો. ભક્તોને આશીર્વાદ આપ્યા. આમ દિવ્ય સ્વરૂપે મહારાજ ભક્તોને દર્શન દેવા જતા. એ

દર્શન થયા તે ભક્તોના પત્રો આવ્યા તે પત્રો અમને મહારાજે બતાવ્યા જુઓ હું દર્શન દેવા ગયો હતો તે તે ભક્તોના પત્રો આવ્યા છે. તેમને મારા દર્શન થયા છે. આ વાત મહારાજે એટલા માટે કરી કે, તમને મળ્યો એવો હું ભગવાન કેવો છું. અંતર્યામી છું, દૂરદર્શી છું અને તેની ચરણસેવા તમે માણી રહ્યા છો.

એક વખત મહારાજ ફુલવાડીમાં ફરતા હતાં. ત્યાં ફુલવાડીમાં મહારાજના બનાવેલા પ્રસાદીના ઓરડા હતા અને મહારાજ વિચરતા હતા ત્યારે ત્યાં હીરાબાપા સામે છેડે હતાં અને હું ને બીજા બે છોકરાઓ હતા ત્યારે મહારાજ ફરતાં ફરતાં એક જગ્યાએ ઊભા રહ્યા અને બોલ્યા કે, આ જગ્યાએ ફુલવાડી મંદિરનું મધ્યશિખરનું મધ્યબિંદુ અહીં આવશે. એટલે હીરાબાપાને બોલાવ્યા ને મહારાજે વાત કરી મંદિરનું મધ્ય શિખરનું મધ્યબિંદુ અહીં આવશે. ત્યાં તો હીરાબાપા એક મોટો પથ્થર લાવી જ્યાં મહારાજ ઊભા હતા ત્યાં ખાડો કરી નિશાન કરી લીધું અને મંદિર બન્યું ત્યારે તે મુજબ જ ફુલવાડી મંદિરનું મધ્ય શિખરનું મધ્યબિંદુ ત્યાં જ આવ્યું અને મહારાજનું હૃદયભાગ આ ફુલવાડીના મધ્ય શિખરના મધ્યમાં એ પધરાવવામાં આવેલ છે.

જ્યારે ફુલવાડી મંદિરના પાયા ખોદવામાં આવ્યા ત્યારે જ્યાં પાણી આવે ત્યાં સુધી એટલે ૧૮ થી ૨૦ ફૂટ પાયા ખોદાણા છે અને તે પાયામાં શેષનારાયણે બધે આંટો માર્યો છે. એટલે આ ફુલવાડી મંદિર મહારાજના રાજીપાનું દિવ્ય પરમધામ છે. કારણકે ત્યાં પ્રત્યક્ષ ભગવાનની આરતી ભકતોએ ઉતારેલી છે. અવતારી પુરૂષોત્તમ નારાયણનું હૃદય એ મધ્ય શિખરમાં નીચે પધરાવેલ છે અને આ ફુલવાડી મંદિરનાં શિખરમાં ધામનાં મુક્તોની સેવા છે.

એક વખત હું જૂનાગઢમાં મહારાજની સેવા કરતો હતો. ત્યારે સેવા કરતાં કરતાં ચરણોમાં ચિન્હનાં દર્શન કરતો હતો. ત્યારે મહારાજ કહે, હવે તારે એક કામ કરવાનું છે. રમણીકભગત સમજી ગયા કે, મહારાજ શું કહે છે. એટલે રમણીકભગત મહારાજને કહે, મહારાજ આપની કૃપા હોય તો થાય એટલે મહારાજના મસ્તકમાં હું જોવા લાગ્યો અને મેં મહારાજને કહ્યું, મહારાજ આમાં તો મને કાંઈ સુઝતું નથી. મહારાજ કહે, જે બ્રહ્માંડમાં છે ઈ આમાં છે. એટલે મેં ફરી જોવાનો પ્રયત્ન કર્યો. મહારાજની કૃપાથી મસ્તકમાં મધ્યમાં સુર્યના દર્શન થયા. એકદમ તેજોમાન આજુબાજુ તારલીયાઓ ઝીણા ઝીણા ટમટમી રહ્યા હતા. આમ ધીમે ધીમે મહારાજની દિવ્ય મૂર્તિને એક એક ઇંચથી બારીકાઈથી દર્શન કરતો ગયો અને બુકમાં નોંધતો ગયો. આંખ-કાન-નાક, પાંપણ-ગાલ-હોઠ, ગરદન-ખંભા-બાજુબંધ-

કોણી-કાંડા, હથેળી-છાતી-પીઠ-કમર, ઉદર-જઘન-સાથળ-થાપો, લક્ષ્મીજી ગુડા-પીંડી-આખા શરીરમાં તલ-રેખા- ત્રીવળી-કૌસ્તુભ મણીહાર, સર્વ શરીરમાં એક એક રેખા આમ આખી મૂર્તિનું વર્ણન મહારાજે લખાવ્યું. જ્યાં ખબર ન પડી ત્યાં મહારાજ પૂછતા અને મહારાજ જ ઉત્તર કરતા. આમ દરરોજ થોડું થોડું વર્ણન કરાવતા. જ્યારે ચરણારવિંદનું વર્ણન આવ્યું ત્યારે મહારાજ કહે, એ છગનભગત કાચા પાસેથી ઉતારા કરી લેજે અને પછી મને આપી જજે. ત્યાર પછી ચરણારવિંદ ચિતરાવવા હતા તે રમણીકભગત જાવીયા છે તેને લઈને મહારાજ પાસે હું ગયો અને ચરણારવિંદની મૂર્તિની ત્રણ કોપી બનાવી એક મારી પાસે, એક એ રમણીકલાલ પાસે અને એક મહારાજને આપી જેથી મહારાજ બહુ જ રાજી થયા. મહારાજ પોતે અંતર્યામી છે. પોતે જ લખી શકતા હતા. મૂર્તિ બનાવી શકતા હતા પણ જગતને આ સાબિતી અને સાક્ષી મળી રહે. મહારાજે જે શાસ્ત્રમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણ મૂર્તિનું વર્ણન છે તે આ ભક્તોને નિમિત્ત કરી ભગવાને પોતાનું દિવ્યપણું-વૈરાટપણું-ભગવાનપણું જાહેરમાં મૂક્યું છે.

આ ભક્ત એ તથા કુટુંબ સર્વે મળી ભગવાનને ઓળખી ભગવાનની ખૂબ ખૂબ સેવા કરી છે. ભગવાન માટે જગત સામે-માયા સામે બાથ ભરી ભગવાનને પોતાના જીવમાં પધરાવ્યા છે. વિદેશમાં જઈ પોતાની કમાણીમાંથી ઘણા પ્રકારે કુંકાવાવ-જૂનાગઢ-ફુલવાડીમાં ઘણી ઘણી સેવાઓ કરી પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુને રાજી કર્યા છે અને પુત્ર, પરિવાર પણ ભગવાનને ભજે છે અને સેવા કરે છે. આવા ભગવાનને પ્રત્યક્ષ મળ્યાનો આનંદ છે, બ્રહ્માનંદ છે. માનવરૂપમાં રહેલા ભગવાનને ઓળખી વ્હાલાની વ્હાલપને વધારી છે.

મેં જ્યારે મહારાજની સંપૂર્ણ મૂર્તિના દરેક ચિન્હોના દર્શન કરી વર્ણન લખ્યું તેથી રાજી થઈ એક કાગળમાં મને એવું લખી આપ્યું કે, ''રમણિક ખીમજી વાઢેર તમે આ પ્રગટ ભગવાનની મૂર્તિના ચિન્હોના વર્ણનનું મહાન કલ્યાણકારી કાર્ય કર્યું છે માટે હવે તમારે મોક્ષમાં બીજું કાંઈ કરવાનું બાકી રહેતું નથી. જેમને ધામમાં સેવવાના હતા તેમને તમે પ્રત્યક્ષ સેવીને રાજી કરી લીધા છે. અમારા આ સર્વે ચિન્હોનું ધ્યાન-સ્મરણ યુગો યુગો સુધી જે જીવાત્મા કરશે તેનું પણ કૃપાએ કરી અમે કલ્યાણ કરીશું.'' આમ મહારાજે મને આશિર્વાદપત્ર લખી આપી ખૂબ રાજીપો વરસાવ્યો. મહારાજની કૃપાથી મારો પરિવાર પણ ખૂબ જ સેવા-ભક્તિ કરી ધન્યતાનો અનુભવ કરે છે.



પરચા નં.
૫૮.

## અનાદિ મુક્તરાજ અમૃતલાલભગત ખીમજીભગત વાઢેર
### ગામ : જામવંથલી, હાલ- રાજકોટ

**પ્રગટ** ભગવાન શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ જામવંથલીમાં હતા ત્યારે મારી ઉંમર નાની હતી. અમે નાના નાના બાળકો ત્યારે સાંજે સૂવા સ્વામિનારાયણ મંદિરે જતાં અને મહારાજ સાથે થોડીવાર બેસતા. મહારાજ ગમ્મત-રમુજ કરાવતા અમને આનંદ આવતો એટલે અમે દરરોજ મંદિરે જતા અને ત્યાં જ સૂઈ રહેતા. મહારાજ જમતા, સ્નાન કરવા જતા, માળા કરતા, કથાઓ કરતા અને અમે નાની નાની ટેલચાકરી કરતા. એમ સમય ચાલ્યો જતો.

મહારાજ વંથલીથી જૂનાગઢ ગયા અને હું કામ શીખવા લાગ્યો. મારી ઉંમર ઉંમરલાયક થઈ એટલે મારા સગપણની વાત ચાલી. મેં મારા બાપુજીને કહ્યું,મહારાજ કહેશે તો સગાઈ માટે જઈશું. હું મહારાજ પાસે ગયો. મહારાજને વાત કરી. મહારાજ કહે ઠીક લાગે તો કરજો. એ મહારાજે સ્પષ્ટ હા ન પાડી એટલે મેં મારા બાપુજીને કહ્યું, મારે ત્યાં સગપણ નથી કરવું, મહારાજની ઈચ્છા નથી.મારા મોટાભાઈ મહારાજની સેવા કરતા અને મહારાજના ચિન્હનું વર્ણન કરેલું એટલે મોટાભાઈને મહારાજ ભગવાન છે એવો નિશ્ચય થયેલો. તેના પ્રતાપે હું પણ મહારાજ ભગવાન છે એમ જાણી મારા દરેક કાર્ય મહારાજની આજ્ઞા લઈને જ કરતો અને દુઃખની વાત હોય ત્યારે મહારાજને જઈને કહેતો એટલે મહારાજ જ સલાહ આપે તે પ્રમાણે જ વર્તતા. અમારી વાડીમાં અજમો થતો એટલે અજમા પાકતા ત્યારે મહારાજને મારા બાપુજી થેલી ભરીને અજમો આપવા જતા. મહારાજ એ અજમો મુખવાસ તરીકે ઉપયોગમાં લેતા. આમ જાણે-અજાણે મહારાજની સેવા થતી. અમારું ઘર-કુટુંબ મહારાજ કહે તેમજ વર્તતા.

એક વખત અમારા બાપુજી ઘરેથી ચાલ્યા ગયા હતાં. જેથી હું મહારાજ પાસે જૂનાગઢ ગયો અને મહારાજને વાત કરી.મહારાજ કહે, જા ગીરનારની તળેટી બાજુ આંટો મારી આવ. હું ગીરનાર તળેટીમાં ગયો પણ ક્યાંય મારા બાપુજી ન મળ્યા. પછી હું વંથલી આવતો રહ્યો. સમય જતાં મહારાજ રાજકોટ હતા. ત્યાં રાજકોટમાં મહારાજ પાસે મારા બાપુજી આવ્યા હતાં. અમને સમાચાર મળ્યા એટલે અમે મહારાજ પાસે જઈ બાપુજીને ભગવા કપડાં કઢાવી બીજા કપડાં પહેરાવીને ઘેર તેડી આવ્યા.

થોડા સમય પછી અમે બાપુજીને લઈ જૂનાગઢ મહારાજના દર્શન કરવા ગયા. મહારાજના ચરણસ્પર્શ કરી પગે લાગી બેઠા અને મેં મહારાજને વાત કરી કે, મહારાજ મારા બાપુજીને સારું થાય તેમ આશીર્વાદ આપો. મહારાજ કહે, સારું તો હમણાં જ કરી દઉં પણ અંદરથી ભક્તિ હોવી જોઈએને. પણ મેં મહારાજને કહ્યું, મહારાજ મારા બાપુજીને થાપા મારી દ્યો ને સારું થાય. તો મહારાજ બેઠા થયા ને ત્રણ થાપા માર્યા. એટલે નાકમાંથી લોહી નીકળવા લાગ્યું એટલે મેં જાણ્યું કે ગામડામાં પેલા નજર કે વળગાડ પણ હતું તે આમ નીકળી ગયું. પછી મહારાજ કહે, જાઓ દેવ દર્શન કરો. એટલે મારા બાપુજી દેવ દર્શન કરવા ગયા એટલે મહારાજને મેં કહ્યું, મહારાજ તમને ભજે એવા આશીર્વાદ આપો, મહારાજ કહે એવી ભક્તિ અંદર હોવી જોઈએ ને. છતાં મહારાજે મારા બાપુજીને કંઠી બાંધતા હતા ત્યારે બીજા સાધુ ત્યાં આવ્યા અને મહારાજને કહે તમે કંઠી બાંધો છો ? તો મહારાજ કહે, આ તો પાયો મજબૂત કરું છું. મહારાજનો કહેવાનો અર્થ એવો હતો કે, જો છોકરાઓના માતા-પિતા મારા આશ્રિત હોય તો તેનો વંશ પરંપરાગત તે બધા મને ઓળખે, ભજે ને આખા વંશનું પરમ કલ્યાણ થાય. આમ પાયો રોપ્યો, મજબૂત કર્યો.

એક વખત મારી સગાઈની વાત ચાલતી હતી ત્યારે છગનભગતે આવીને વાત કરી કે, રામજીભગતની પુત્રી છે. તમારે ઈચ્છા હોય તો આગળ વાત વધારું. તો મેં કહ્યું ઈ મારે મહારાજને પૂછી જોવું પડે. મહારાજ કહે તેમ કરાય. એટલે મહારાજ પાસે જઈને આખી વાત કરી તો મહારાજ કહે સારું છે, હા સગાઈ કરો. તમારે બહાર જવું હોય તો ઘરે તમારા બાપુજીને કહેતા જજો. આમ મહારાજના આશીર્વાદથી એ મારો સંબંધ રામજીભગતની દીકરી પ્રભાબેન સાથે થયો.

અમે અમારા લગ્નમાં પધારવા મહારાજને નિમંત્રણ આપ્યું હતું. મહારાજ કહે, હા જાઓ અમે આવશું. તેથી મારા લગ્નપ્રસંગે બાવારૂપે દર્શન દેવા મહારાજ જામવંથલી પધાર્યા. ત્યારે લગ્નપ્રસંગમાં એક સાધુરૂપે દરવાજે આવીને ઊભા અને બધાને કહ્યું, મારે સવા રૂપિયો દક્ષિણા જોઈએ છે. ઘરના કહે જમવાનું આપીએ રૂપિયો નહીં. હું અંદર બેઠો હતો ત્યાં આવીને મેં બહાર એ સાધુને સવા રૂપિયો આપ્યો એટલે સાધુ સવા રૂપિયો લઈને ચાલતા થયા. મેં જોયું સાધુ આ બાજુ ગયા હું એની પાછળ હાલ્યો પણ એ ક્યાં અદ્રશ્ય થયા તે ન દેખાયા એટલે મેં જાણ્યું મહારાજ સાધુરૂપે આવ્યા હતા. એટલે મહારાજને આમંત્રણ આપ્યું પણ જો ખબરદારપણું રાખ્યું હોય તો ગમે તે રૂપમાં ભગવાન આવે અને આપણે

ભગવાનને ઓળખી લઈએ તો ભગવાન રાજી થઈ જાય.

પ્રભાબેનને માથું બહું જ દુઃખતું એટલે મેં રામજીભગતને કહ્યું, મહારાજ પાસે જાઓ તો આ વાત કરજો પ્રભાનું માથું બહું દુઃખે છે. મહારાજે રક્ષાકવચ બનાવી આપ્યું પણ ત્યારે બહું ફરક પડ્યો નહીં. પછી અમારા લગ્ન થયા, એટલે મહારાજ પાસે દર્શન કરવા ગયાં. ત્યાં જૂનાગઢમાં જૂની રૂમમાં મહારાજ હતા. ત્યાં મહારાજે હેમંતભગતને કહ્યું, ઓલા વરઘોડિયાને બોલાવો. અમે મહારાજ પાસે ગયા, મહારાજના આશીર્વાદ લીધા. મેં મહારાજને વાત કરી કે, મહારાજ પ્રભાનું માથું મટતું નથી. બહુ જ દુઃખે છે. મહારાજ કહે , લે રક્ષાકવચ બનાવી આપું. મેં કહ્યું રક્ષાકવચ પેલા બનાવેલી છે, તો મહારાજ કહે, લાવ બીજી રક્ષાકવચ બનાવી આપું અને એક મોહનથાળનું બટકું ભરીને કહે, આ પ્રભાને દેજે ખાય જાય અને પ્રભાને કહેજે માથામાં ટોપરાનું તેલ નાખે. બસ તે દિવસથી આજ સુધી પ્રભાનું માથું દુખ્યું નથી. આમ પ્રત્યક્ષ મહારાજની દૃષ્ટિ અને પ્રત્યક્ષ ભગવાન અને સંત પાસે જવાથી અને પ્રાર્થના કરવાથી દુઃખ-નડતરો ભાગી જાય છે.

અમારા લગ્ન તા.૮-૩-૮૪ના રોજ થયા હતા. લગ્ન પહેલાં રામજીભગત મહારાજ પાસે ગયા ને કહ્યું તમને લગ્નમાં તેડવા આવ્યો છું. તમે ઘણાં ટાઈમથી વંથલી નથી આવ્યા તો લગ્નમાં હાલો તમને હું ગાડી બાંધીને લઈ જાઉં. મહારાજ કહે, હું લગ્નમાં દર્શન દેવા જરૂર આવીશ પણ અત્યારે તમે હેમંતભગતને વંથલી લઈ જાવ. આમ મહારાજે હેમંતભગતને લગ્નના ૧૦ દિવસ પહેલાં મોકલ્યા. મહારાજે મારા લગ્ન પ્રસંગે હેમંતભગત સાથે બે હાર મોકલ્યા હતા. એ હાર પહેરી અમારા લગ્ન થયા. તે હાર પ્રસાદીનો જાણી ખીંતીએ ટિંગાડી મૂક્યા તો એ હાર દશ દિવસ સુધી એવા ને એવા તાજા ને તાજા રહ્યા. આમ ભગવાને આશીર્વાદ આપ્યા. અમારા લગ્નના ફેરા વખતે અચાનક ઉપરથી પૈસા પડ્યાં એક વખત પડ્યાં પણ ખબર ન પડી તો અણવરે પૈસા થાળીમાં મૂકી દીધા. બીજી વખત પણ પૈસા પડ્યાં તો બીજી વાર પણ થાળીમાં મૂકી દીધાં. આમ બે વખત બન્યું. પછી મને એમ થયું કે, હવે પૈસા પડે તો હું લઈ લઉં. પણ પછી પડ્યા નહીં. આમ અમારા લગ્ન વખતે મહારાજની અખંડ હાજરી હતી.

અમારા લગ્નનું મુહૂર્ત, તારીખ બધું મહારાજે આપ્યું હતું. તેથી ગામના બ્રાહ્મણ રિસાયા કે અમારી પાસે કેમ મુહૂર્ત ન જોવડાવ્યું. પછી અમારે તેમને સમજાવવા પડ્યા કે, આમ મુહૂર્ત તો સ્વયં ભગવાને અમને આપ્યું છે. પછી લગ્ન થઈ ગયા ને જૂનાગઢ

મહારાજના દર્શન કરવા અમે ગયા. ત્યારે મહારાજ બાલમુકુંદ ભવનની બાલ્કનીમાં આવીને કહે કે, આ રામજી જેઠાની દીકરી પ્રભા તો બહુ રૂપાળી છે. આમ મારા ધર્મપત્નીને મહારાજે દર્શન આપી રૂમમાં આવ્યા અને મારા માથે હાથ મૂકીને આશિર્વાદ આપ્યા કે, પુત્રવાન, ધનવાન, કિર્તીવાન અને આયુષ્યવાન થાઓ.

એક વખત અમે મહારાજના દર્શને ગયા ત્યાં મહારાજે પ્રસાદીનું પાણી આપ્યું અને મહારાજ કહે, આ પાણી દરરોજ થોડું થોડું પ્રસાદીરૂપે લેજો એટલે હું પ્રસાદીનું પાણી લઈને મસ્કત ગયો. હવે મસ્કતમાં ગરમી એટલી કે મારા હાથમાં બહુ જ ગરમીના ગૂંમડા થતાં પણ આ મહારાજના પ્રસાદીના પાણીથી એ ગુમડા સાવ મટી ગયા. એટલે મહારાજે મારી રક્ષા કરવા પ્રથમથી પ્રસાદીનું જળ આપ્યું અને રોગ આગળ ફેલાયો નહીં.

એક વખત સાઉદીમાં મહારાજની જન્માષ્ટમી આઠમના દિવસે પ્રસાદ લીધો. પરંતુ આગલે દિવસે સાંજે માળા કરતા કરતાં નિત્ય નિયમ કરતા મોડું થયું અને નિંદર આવી ગઈ તો રાત્રે મહારાજ આવ્યા અને દરવાજે આશીર્વાદ આપી ચાલ્યા ગયા. બીજા દિવસે મુસ્લિમ ભાઈને મહારાજના દર્શન થયાં એણે મને વાત કહી. કોઈ ભગવાધારી સાધુ આવ્યા હતા અને તમારા રૂમે હાથ અડાડીને જતા રહ્યા. આમ મહારાજ દર્શન દેવા આવ્યા પણ બીજાને દર્શન આપી સાબિતી આપી.

એક વખત મારા દાદીને માથમાં ગૂંમડા, પરૂ પાણી ઘણી તકલીફ હતી એટલે મેં મહારાજને પત્ર લખી આશીર્વાદ આપવા વિનંતી કરી. મહારાજે પત્રમાં સારું થઈ જશે એવા આશીર્વાદ આપ્યા અને દાદીને પાંચ દિવસમાં જ સાવ સારું થઈ ગયું.

એક વખત હું મહારાજ પાસે બેઠો હતો અને મને ઉધરસ બહું આવતી હતી તો મહારાજ કહે, કેમ ઉધરસ આવે છે. મેં કહ્યું, મહારાજ આવે છે, તો હું શું કરું ? મહારાજ કહે, થોડીવાર બાજુમાં રાખી મેલ. તો મેં કહ્યું, બાજુમાં કેમ મુકાય ? આમ સમય જતાં મને અવારનવાર ઉધરસ આવ્યા જ કરે. મારે દરરોજ સાંજે મહારાજના મંત્રજાપ કરીને જ સૂવાનો નિયમ. ત્યારે એક વખત સાંજે હું મંત્રજાપ કરતો હતો ત્યારે મને ઉધરસ બહુ આવવા લાગી મને અચાનક એમ થયું ને મહારાજને પ્રાર્થના કરી કે, મહારાજ હું મંત્રજાપ કરું ત્યાં લગી આ ઉધરસ બાજુમાં રહી જાય, ત્યાં તો ઉધરસ તરત જ રહી ગઈ ને મારા મંત્રજાપ પૂરા થયા. તે દિવસથી આજ સુધી એ ઉધરસ આવી નથી અને સાઈડમાં જ રહી ગઈ.

આમ અમૃતલાલ ભગત વાઢેર પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણ ભગવાનની સેવા અને નિયમ-નિશ્ચય વડે સુખેથી જીવન વ્યતિત કરે છે અને બાળ-બચ્ચાં સૌ પ્રગટ ભગવાનને ભજે છે, આનંદ કરે છે. આમ ભગત આજે પણ મહારાજના મંત્ર જાપ કરતા હોય, માનસીપૂજા કરતા હોય, ધ્યાન કરતા હોય ત્યારે મહારાજનાં પ્રત્યક્ષ દર્શન કરતાં હોય તેમ આંખમાંથી હેતના આંસુ સરે છે, મન ગદ્‌ગદીત થાય છે.

એક વખત ભગત સાઉદીયાથી દેશમાં આવતા હતાં પ્લેનમાં અધરસ્તે એનાઉન્સ થયું કે, પ્લેનમાં ખરાબી થઈ છે અને તમે સર્વે તમારા ઈષ્ટપ્રભુને સંભારી લ્યો કારણકે આપણે બચી શકાય એવું જણાતું નથી. ભગત બારીની બાજુમાં બેઠા હતા તે પ્લેનના પાંખીયા બહું જ હાલકડોલક થતા હતા અને પ્લેન ગોથા મારવા લાગ્યું. એટલે મેં મહારાજને સંભાર્યા અને મંત્રજાપ કરવા લાગ્યો. આંખો મિંચીને પ્રત્યક્ષ મહારાજને જોવા લાગ્યો. ત્યાં પાંચેક મિનિટ થઈ હશે તે પ્લેનમાં જે ખોટકો થયો હતો તે સારું થઈ ગયું અને ફરી એનાઉન્સ થયું કે, હવે આપણે સુરક્ષિત છીએ.

સમય જતાં મહારાજને સ્વધામ જવાના ૨૦ દિવસ પહેલાં અમે અમારા લાલજીની મૂર્તિ લઈને મહારાજ પાસે ગયા હતા. અમે બે દિવસ રોકાવાના હતા. હું મહારાજ માટે મસ્કતથી આવ્યો હતો તો ત્યાંથી ત્રણ ગંજીયા, કેસર, બદામ અને પૂજા માટે રૂમાલ લાવ્યો હતો તે મહારાજને અર્પણ કર્યાં. મહારાજે મારી સામે ત્રણેય ગંજીયા એક ઉપર એક પોતે પહેર્યા અને તેમાંથી એક પ્રસાદીનું ગંજીયું મને આપ્યું અને રૂમાલ પણ પ્રસાદીનો કરીને આપ્યો. પછી મહારાજે મને કહ્યું કે, હેમંતભગત બે દિવસથી પડી ગયા છે તો દવાખાને જઈ એમના ખબરઅંતર પૂછી આવો. પછી મને કહ્યું કે, તમારા લાલજી મારા રૂમમાં રહેવા દેજો. તમે રોકાવ ત્યાં સુધી હું જ તેમની બધી જ સેવા-પૂજા કરીશ. પછી મહારાજે કહ્યું, આવતીકાલે તમે બંને જણા ગિરનાર ચડી આવો. હું આપું એ લાડવાની પ્રસાદી લઈ જજો અને જમજો જેથી તમને થાક નહીં લાગે. પછી અમે મહારાજે કહ્યું તેમ કર્યું.

એકવાર મારી નજર સામે સવારે મહારાજ અમારા લાલજીની મૂર્તિને સ્નાન કરાવતા હતા ત્યારબાદ મહારાજે મૂર્તિને પેટી પર સીધી જ મૂકી અને એ મૂર્તિ પાટલીમાં તરત જ બેસી ગઈ. (મૂર્તિને આપણે સ્ટેન્ડમાં પેટી પર બેસાડવી પડે પણ મહારાજે ઉપરથી જેવી મૂર્તિ મૂકી તેવી તે મૂર્તિ આપો આપ જ સ્ટેન્ડમાં બેસી ગઈ.) આ અલૌકિક દર્શન મને થયા. આ રીતે અમારી લાલજી મહારાજની મૂર્તિ પણ મહારાજની ખૂબ પ્રસાદીની છે.

મહારાજને જે દિવસે ધામમાં જવાનું હતું તે દિવસે અમારા ઘેર રાત્રે લાલજી મહારાજને જે નેપકીન ઓઢાડ્યું હતું તે નેપકીન ઊડીને આઘું પડી ગયું. મેં સવારે જોયું તો મને એમ થયું કે મહારાજને ગરમી થતી હશે એટલે નેપકીન દૂર કર્યું હશે. ત્યાં તો થોડીવારમાં જ મહારાજના ધામમાં જવાના સમાચાર સાંભળ્યા અને લાલજી મહારાજની મૂર્તિનું તેજ પણ ઝાંખું પડી ગયું. પછી અમે તે જ દિવસે જૂનાગઢ ગયા. તેર દિવસે સેવામાં રોકાયા ત્યારે અમને સ્વયંસેવકના જે બિલ્લા આપ્યા હતા. તે મેં ઘરે આવી કબાટમાં મૂક્યા તો બિલ્લામાંથી પણ કાંઈક અવાજ થયો અને હાથમાંથી નીચે પડી ગયા. ત્યાં કબાટમાં મહારાજનો એક પ્રસાદીપત્ર પહેલા આવેલો હતો. તે ત્યારે વાચ્યો તો તેમાં લખ્યું હતું કે, પ્રભાદેવી કુટુંબ સહિત ખૂબ સુખી રહો. ભજન કરજો.

આમ ભક્તોના ભગવાન છે. જીવનમાં સુખ દુઃખ આવે ને જાય પણ જેણે પ્રત્યક્ષ ભગવાનને સેવ્યા-પૂજયા-સંભાર્યા-ભજયા-ભજાવ્યા તેનો સદા વિજય છે અને ભગવાન જે કરતા હોય તે જીવના કલ્યાણ સારું જ લાભ-હાની, સુખ-દુઃખ, જય-પરાજય, માન-અપમાન, સારું-નરસું સર્વે જીવના, ભક્તના કલ્યાણ માટે જ હોય છે. આમ નિશ્ચય કરી પ્રગટ ભગવાનને ભજી લેવા.



પરચા નં.
૫૯.

## અનાદિ મુક્તરાજ નરશીભગત અમરશીભગત કાચા
### ગામ : જામવંથલી, હાલ- રાજકોટ

**એક** વખત ઈ.સ.૧૯૭૩માં હું અને મારા પિતાજી તથા ફુવા અમે જૂનાગઢ મહારાજનાં દર્શન કરવા ગયા ત્યારે હું મનમાં વિચારતો હતો કે, મહારાજના કર-ચરણમાં ચિન્હના દર્શન કરવા છે, પછી અમે જૂનાગઢ પહોંચ્યા. મહારાજ જુના ઓરડામાં રહેતા હતા. અમે સ્નાનવિધિ પતાવીને મહારાજના દર્શન કરવા ગયા, હું ત્યારે નાનો હતો. અમે મહારાજ પાસે ગયા. મહારાજે મને તેની પાસે બોલાવ્યો અને કહે, જો તારે ચિન્હના દર્શન કરવા છે ને એટલે મહારાજ પોતાના જમણા હાથ ઉપર ડાબા હાથથી થપલી મારતા ગયા અને ચિન્હ બતાવતા ગયા. સ્વસ્તિક, ધનુષ, ચક્ર, મત્સ્ય, શંખના દર્શન કરાવ્યા પછી ચરણ લાંબા કરીને પગના તળિયે હાથ ફેરવીને કહે, આ દેખાય છે સૂર્ય, ગૌપદ, ત્રિકોણ, અષ્ટકોણ, ધજા, નાગરવેલનું પાન આમ દર્શન કરાવ્યા. તેમ બીજા ચરણમાં પણ સ્વસ્તિક, તુલસીના માંજર, કળશ, અંકુશ આમ દર્શન કરાવ્યા ને કહે, દેખાય છે ને ? આમ અંતર્યામી ભગવાને મારા મનની વાત જાણી લઈ સામેથી બોલાવીને ચિન્હોનાં દર્શન કરાવ્યા.

એક વખત દુબઈ જવા માટે મેં પાસપોર્ટ બનાવ્યો. તેમાં કામગીરીમાં કડિયાકામ લખાવ્યું હતું. ત્યારે વિદેશ જવા ઈન્ટરવ્યૂ આપ્યો ને એજન્ટ કહે, તારા પાસપોર્ટમાં કડિયાકામની જગ્યાએ પ્રોફેશનલ ટ્રેઈલર એક માસમાં લખાવી રાખજે. ત્યારે મેં આશા છોડી દીધી કે પ્રોફેશનલ ટ્રેઈલર લખાવવામાં બે-ત્રણ મહિના લાગી જાય. ત્યાં એક દિવસ દુબઈ જવાની વિઝા આવી. એટલે હું અમદાવાદ ગયો ને કડિયાકામની જગ્યાએ પ્રોફેશનલ ટ્રેઈલર સુધારવા માટે બે મહિના લાગશે. એમ અધિકારીએ જણાવ્યું. તેથી હું નિરાશ થઈ અમદાવાદથી જૂનાગઢ આવ્યો ને મહારાજને માંડીને બધી વાત કરી એટલે મહારાજ કહે, તું પાછો અમદાવાદ જા અને ફરી પાસપોર્ટ ઓફિસમાં વાત કરજે. તારું કામ થઈ જશે. મહારાજના કહેવાથી હું તરત જ અમદાવાદ ગયો અને પાસપોર્ટ ઓફિસમાં પાસપોર્ટ બતાવી કહ્યું, સાહેબ મારે આ પાસપોર્ટમાં ટ્રેડ બદલવો છે, કડિયાકામની જગ્યાએ પ્રોફેશનલ ટ્રેઈલર કરાવવાનું છે. તેમણે મારો પાસપોર્ટ લઈ એક કલાકમાં ટ્રેડ બદલાવી આપ્યો. આમ અધિકારીના હૃદયમાં મહારાજે પ્રવેશ કરી મારું કામ તે જ દિવસે કરી આપ્યું. આમ મહારાજે પોતાની અંતર્યામી શક્તિએ અધિકારીનું મન બદલ્યું અને શરણાગતના કામ કર્યા.

એક વખત અમે દુબઈમાં રજા હોવાથી મિત્રો સાથે ફરવા ગયા. ફરીને સાંજે સાતેક વાગ્યા હતા અને પરત આવવા દુબઈથી પાર આવવા બોટમાં આવવું પડે કારણ કે, વચ્ચે દરિયો હતો ત્યારે હું બોટમાં બેસવા ગયો ત્યાં મારો પગ લપસ્યોને દરિયામાં પડ્યો તે ઊંડો ઊંડો જવા લાગ્યો. ત્યાં અચાનક મારો હાથ ઝાલી મહારાજે મને બોટમાં બેસાડી દીધો. આજુબાજુ નજર કરી કોઈ ન દેખાયું. મને ખાતરી થઈ કે નક્કી મહારાજે જ મને બચાવ્યો. આમ પરમકૃપાળુ પરમાત્મા પ્રગટ ભગવાને મને નવું જીવન આપ્યું.

એક વખત અમે મહારાજનાં દર્શન કરવા ગયા ત્યારે બાલમુકુંદ ભવનનું કામ ચાલતું હતું અને મહારાજ જૂની ઓરડીમાં રહેતા હતા. ત્યારે અમે પાંચ હરિભક્તો મહારાજને દંડવત્ કર્યા ને બેઠાં ત્યાં મહારાજે હેમંતભગતને કહ્યું, અડદિયાનો ડબ્બો લઈ આવો. હેમંતભગત અડદિયાનો ડબ્બો લઈ આવે તે પહેલાં બીજા પંદરેક હરિભક્તો આવ્યા. ત્યારે હેમંતભગતે મહારાજને કહ્યું, મહારાજ ડબ્બામાં બે જ અડદિયા છે. એમ કહી મહારાજના હાથમાં ડબ્બો મૂક્યો. મહારાજ દરેક હરિભક્તોને એક એક અડદિયો આપતા ગયા ને ભગવાનની વાતો કરતા જાય. ત્યાં બેઠેલા પચીસેક હરિભક્તોને અડદિયો પ્રસાદી અપાઈ ગઈ છતાં ડબ્બામાં અડદિયા ખૂટ્યા નહીં. આ પ્રગટ ભગવાનનો અદ્‌ભુત અલૌકિક પરચો થયો. આમ ભગવાન દરેક ભક્તોને પોતાનું ઐશ્વર્ય બતાવી પોતાની મૂર્તિમાં ખેંચી લ્યે છે.

એક વખત મારી મોટી દીકરી લલિતા અને મારી નાની દીકરી શીતલ તેની ઉંમર દોઢેક વર્ષની હતી તેને લઈને બજારમાં જાંજરા લેવા ગયા પરંતુ તે જાંજરા વેચનાર બાઈ નજરની ખરાબ હતી. તેણીએ મારી નાની દીકરી શીતલ ઉપર ભારી નજર નાખી હતી. તેથી આખી રાત સૂતી નહીં અને રડ્યા જ કરી. બીજે દિવસે મેં મહારાજને પત્ર લખ્યો અને ત્રીજા દિવસે મહારાજનો આશીર્વાદ પત્ર આવ્યો સાથે શ્રીજી રક્ષા અને ગુલાબની પાંખડી મોકલી અને લખ્યું કે શ્રીજીરક્ષા બાંધજો, ગુલાબની પાંખડી ખવડાવજો. આમ મહારાજની આજ્ઞા પ્રમાણે શ્રીજીરક્ષા અને ગુલાબની પાંખડી ખવડાવી તરત જ શીતલ છાની રહી ગઈ. આમ મહારાજને આજે પત્ર લખ્યો ને ત્રીજે દિવસે જવાબ આવ્યો. અંતર્યામી ભગવાને બેબીની તકલીફને જાણી તરત જ પ્રસાદી-રક્ષા મોકલી નહીં તો ક્યારે પત્ર પહોંચે ને ફરી મહારાજ જવાબ લખે. ક્યારે પાછો પત્ર આવે. પરંતુ ભગવાન અંતર્યામી છે અને ભક્તોનું ધ્યાન રાખે છે, આવા કૃપાળું ભગવાન દયાળું છે.

એવી જ રીતે નરશીભગતના ભાઈ અશ્વિનભગત કાચા તેઓ રાજકોટ રહે છે.

તેમને શ્રીહરિ શરણાગતિના ભક્તોનો યોગ મળ્યો. તેઓ મૂળ જામવંથલીના એટલે મહારાજની કૃપા તો તેના જીવનમાં ઉતરી જ હોય. પરંતુ પ્રગટના સંતોનો યોગ તેમને ઈ.સ. ૨૦૧૦માં થયો. વેલજીભગત રાજકોટ ભક્તોના ઘેર પધાર્યા હતા અને ભગતની નજર આ અશ્વિનભગત પર પડી ને ઓળખાણ કરી. અરે તમે જામવંથલીના તો તમારા બાપુજી અને અમે તો સાથે હતા, મહારાજની સેવા કરતા. આમ સંતની કૃપા દૃષ્ટિ થઈ એટલે ભજનમાં આવવાનું થયું. ભક્તોના સહારે અને પ્રગટ ભગવાનના મહાત્મ્યથી તેમને પણ ભક્તિ કરવાની ઈચ્છા જાગી. ત્યારે રાજકોટમાં ભક્તોના ઘર નાના નાના અને અશ્વિનભગનતું ઘર મોટું તેથી અશ્વિનભગતના ઘેર સભા થવા લાગી, ઉત્સવો થવા લાગ્યા. શ્રાવણ માસ આખો, પુરુષોત્તમ માસ આખો ભજન થવા લાગ્યું તેના પ્રતાપે અશ્વિનભગત વધારે ને વધારે ભાવથી તન-મન-ધનથી ભક્તિ કરવા લાગ્યા. તેના માતાજી બહું રાજી થતાં. સંતોના આશીર્વાદ વરસવા લાગ્યા. તેના હૃદયમાં આનંદ વર્તાવા લાગ્યો અને મહારાજે દર્શન આપ્યા, માથે હાથ મૂક્યો અને ભગતે ભાવ વિભોર થઈ પોતાના આંસુથી મહારાજના ચરણ પખાળ્યા. આમ દિવસો જવા લાગ્યા. મંડળ તેને પ્રેમ કરવા લાગ્યું અને કામકાજ મળવા લાગ્યા, સુખી થવા લાગ્યા. તેમ બમણાં વેગથી પ્રગટ ભગવાનને ભજવા લાગ્યા.

ફુલવાડીની ભરપૂર સેવા કરવા લાગ્યા. ફુલવાડીને ફરતો વંડો, પ્રસાદીભવન, સભાહોલ તથા ભોજનાલયમાં રાત-દિવસ જ્યારે જ્યારે ફુલવાડીથી ભકતો બોલાવે ત્યારે ત્યારે સેવામાં હાજર રહે. તેમ તેનું ફુલવાડીને સેવવાનું અંગ બંધાઈ ગયું. તેમના ઘરે ભાવનાબેન તેમજ તેમના દીકરી અને દીકરા પણ સભાના દિવસે ભગવાનના હિંડોળાના હાર બનાવવા. પ્રસાદ તૈયાર કરવો, ભક્તોને ચા, ઠંડાના પ્રસાદ જમાડવા અને શ્રાવણ માસ, પુરુષોત્તમ માસમાં આખો આખો માસ સભાની સજાવટમાં સેવા કરતા. તેઓ સભા પૂર્ણ થાય ત્યાર પછી રાત્રીનું ભોજન લેતા. આમ તેના બાળકો પણ બાલમંડળમાં તબલા વગાડવા, મંજીરા વગાડવા, સભાસ્ટેજ શણગારવો તથા સભામાં પાણી પીવરાવવું, પ્રસાદી વહેંચવી. કથાના સમયે સૌ ભક્તોને માળા આપવી. આમ બાલમંડળમાં તેના જેવી સેવા માટે તત્પર રહેતા તથા શ્રાવણ માસ, પુરુષોત્તમ માસમાં દરરોજની અલગ અલગ સેવામાં બાલમંડળ, બાલિકામંડળ, લક્ષ્મીમંડળ, ભક્તમંડળ સૌ દરરોજની અલગ અલગ સેવામાં ભાગ લેતા અને જે કાંઈ સેવા જમા થાય ત્યારે ફુલવાડી- અને કુંકાવાવમાં તે સેવાઓ જમા કરાવતા.

આવો નિષ્કામ ભાવ અને નિષ્કામ ભક્તિવાળું આ કુટુંબ ભલે મહારાજને પ્રત્યક્ષ નથી જોયા. પરંતુ પ્રગટના સંતોના આશીર્વાદ અને ઉપદેશથી એકાન્તિક ભક્ત સિદ્ધ થયા છે. તેમજ ફુલવાડીમાં અને કુંકાવાવ બ્રહ્મપેલેસમાં લાખો રૂપિયાની સેવા કરી બીજા જીવાત્માઓને સેવા-ભક્તિનો રાહ ચિંધ્યો છે. તેમના થકી આડોશી-પાડોશી અને શેરીના ભાઈઓ સુખી થયા છે. તેમના ઘરે જ સભાઓ થાય એટલે સૌને ભગવાનની કથા, ભગવાનની પ્રસાદી, દર્શન થાય જેથી તે સૌ સુખિયા થયા છે. તેમના ગુણે કરીને ઘણા નવા ભક્તો થયા છે તથા તેમના સહભાગીઓ તેમના સહવાસીઓને ખરા સમયે ઉપયોગી પણ થયા છે. તેથી રાજકોટ મંડળમાં તેઓ પ્રગટ ભગવાનના વ્હાલા થઈ સંતમંડળ, મુક્તમંડળના કૃપાપાત્ર થયા છે. તેમનું જીવન ભગવાનનો રાજીપો મેળવવામાં માર્ગદર્શક સાબિત થયું છે. આવા ભક્તો શીરસાટે ભજન કરનારા અને ભગવાનને પ્રત્યક્ષ જાણી ભક્તમંડળમાં હાજરા હજુર વર્તે છે. તેવા વિશ્વાસું ભક્ત થયા છે.

પરચા નં.
૬૦

## અનાદિ મુક્તરાજ માવજીભગત મનજીભગત રાઠોડ
### પ્રાગટયભૂમિ - ફાટસર, હાલ- પૂના

**મારા** માતુશ્રીનું નામ ઉજમબેન અને પિતાશ્રીનું નામ મનજીભાઈ પોપટભાઈ રાઠોડ. અમારે રામાનંદી સત્સંગ હતો. પરંતુ મારા માતુશ્રી અને મોસાળને સ્વામિનારાયણ સંપ્રદાયનો સત્સંગ હતો. જામનગરમાં મહારાજ હતા ત્યારે સ્વામિનારાયણ ભગવાનના મોટા સંત તરીકે ઓળખાણ હતી. જેથી મારા માતુશ્રીને લઈને અમે પણ સ્વામિનારાયણના સત્સંગી થયા.

એક વખત પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ જામવંથલી આવેલા ત્યારે હું મારા માતા-પિતા સાથે જામવંથલી આવ્યો હતો ત્યારે મારી ઉંમર આઠ વર્ષની હતી. મહારાજ જામવંથલીમાં કથા વાંચવા આવ્યા હતા અને સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠાનો પ્રસંગ હતો ત્યારે મારા નાના રવજી ભોજા મકવાણાના આમંત્રણથી મારા નાનાને ઘેર મહારાજ પધરામણીએ આવેલા ત્યારે હું ત્યાં હતો અને નાનાએ મહારાજને કહ્યું, મહારાજ આ માવજી અમારો ભાણેજ છે તેને કંઠી બાંધી આપો. આમ મહારાજે ચાંદલો કરી મને કંઠી બાંધી. ત્યારે મેં પણ મહારાજને ચાંદલો કર્યો અને મારા નાના કહે, મહારાજને ધોતિયું ઓઢાડો. એટલે ધોતિયા નિમિત્તે એક રૂપિયો મહારાજના ચરણે મૂક્યો ત્યારે મહારાજે વાંસો થાબડીને આશીર્વાદ આપ્યા.

ત્યારબાદ હું આઠમું ધોરણ ભણવા જામવંથલી આવ્યો. ત્યારે મહારાજ જામવંથલીમાં હતા. ત્યારે અમારા નાનીબા દરરોજ દૂધનો કળશિયો મહારાજને દેવા અમને મોકલતા અને મહારાજ અમને સાકરનો ગાંગડો આપતા અને અમે રાજી થાતા. રાત્રે ખીચડી જમીને મંદિરે જતા ત્યારે મહારાજ ઢોલિયા ઉપર સૂતા હોય અને અમે મહારાજની ચરણસેવા કરતા. ભણવાનું તો બહુ થયું નહીં એટલે કામ શીખવા અમે પૂના આવ્યા. પૂનામાં શરણાગતિ મંડળના ભક્તોનો સમાગમ થયો જેથી મહારાજ પોતે ભગવાન છે એમ સત્સંગ થયો અને મહારાજના પરચાની વાતોથી અમે પણ મહારાજને ભગવાન માનવા લાગ્યા. ત્યારે ઈ.સ.૧૯૭૧માં મારા લગ્ન થયા તેથી ફુગેવાડી કુટુંબ સાથે રહેવા લાગ્યા ત્યારે દરરોજ ભક્તો સાથે સમાગમ થતો. આમ અમે દોઢ-બે વર્ષે દેશમાં જતાં ત્યારે જૂનાગઢ મહારાજના દર્શન કરવા જતા અને મહારાજને હાર પહેરાવતા, આરતી ઉતારતા અને બે રૂપિયા,

પાંચ રૂપિયા મહારાજને ચરણે ધરતા. આમ જ્યારે જ્યારે મહારાજ પાસે જતા ત્યારે ત્યારે મહારાજની પૂજા કરતા. મહારાજને નવડાવતા, ચરણસેવા કરતા અને મહારાજ કુટુંબની સંભાળ પૂછતા, ભક્તોના સમાચાર પૂછતા અને ઉપદેશની વાતો પણ કરતા.

એક વખત ઈ.સ.૧૯૭૬માં અમે જૂનાગઢ ગયા ત્યારે મહારાજ ભકતોને મંત્ર દિક્ષા આપતા હતા ત્યારે મહારાજે મને પણ સંત દિક્ષા આપી અને મંત્ર આપ્યો અને એ મંત્ર લખીને પણ આપ્યો. જે આજે હાલ મારી પૂજામાં છે અને એક ભગવું કપડું લેવાનું કહેલ જે અમે બજારમાંથી એક ભગવો શર્ટ લાવ્યા તે મહારાજે પ્રસાદીનું કરી આપ્યું અને મહારાજે ઉપદેશ આપ્યો કે, આ આંબો રોપ્યો છે તો આંબામાં આંબો જ થાય, તેનો લીમડો ન થવા દેતા. મહારાજની કૃપાથી આજે આખું ઘર દિકરા, વહુ, પૌત્ર-પૌત્રી સહું મહારાજને રાજી થઈને ભજે છે. એક વખત મને અલ્સર થયેલું ત્યારે મહારાજ પાસે જૂનાગઢ ગયા. મહારાજની પૂજા કરી ફળફુટ જમાડ્યા અને મહારાજ કહે, કેમ છો ? ત્યારે આ અલસરની વાત કરી તો મહારાજે ચતો સુવાડી છાતી ઉપર પગ રાખ્યો અને અંગૂઠાને પકડી ખેંચ્યો અને સાકરની પ્રસાદી આપી આશીર્વાદ આપ્યા, જાઓ સારું થઈ જશે. તો તરતજ સારું થઈ ગયું.

થોડા સમય પછી અમારા બાની તબિયત સારી ન રહેતી તેથી અમે રાજકોટ રહેવા જતા રહ્યા. ત્યારે અમારા બાને લઈ અમે જૂનાગઢ ગયા સાથે મારા બેન અને મારા નાના સાથે હતા. મહારાજ પાસે જઈ વાત કરી મહારાજે પ્રસાદી અમારા બાને આપી તો સારું થઈ ગયું અને એક દોઢ વર્ષ રહ્યા.અમારા બા ધામમાં ગયા એટલે તેમના ફુલ પધરાવવા જૂનાગઢ ગયા. દામોદર કુંડમાં પૂજા કરી સ્નાન કરીને મહારાજ પાસે દર્શન કરવા ગયા. એટલે મહારાજ કહે, આ ટકો કેમ કરાવ્યો છે ? ત્યારે બાની વાત કરી તો મહારાજ કહે, તમારા બાને અમે ધામમાં તેડી ગયા છીએ.

જ્યારે બાલમુકુંદ ભવનનું કામ ચાલું હતું અને અમે રાજકોટ હતા. ત્યારે ટપુલાલભગત અમારા ઘરે આવ્યા અને કહે, તમારે બાલમુકુંદ ભવનમાં પ્લાસ્ટરના કામમાં આવવું પડશે. ત્યારે હાજરી તો સાવ ઓછી હતી. ઘર નબળું પણ ઘરના કહે જાઓ અત્યારે સેવાનો અવસર છે તો સેવા કરી આવો, કમાણી તો થયા કરશે. આમ અમે જૂનાગઢ બાલમુકુંદ ભવનનું કામ કરવા આવ્યા. ત્યારે બન્યું એવું કે વિદેશથી ભક્તો આવતા અને ડિઝાઈન-ફુલ બનાવતા. આમ કામમાં વાર લાગતી ત્યારે રાઘવજીબાપા પોરિયા કામ ઉપર ધ્યાન રાખતા. રાઘવજીબાપાને વાત કરી કે, કામ બહુ નીકળતું નથી તો આપણે કેમ કરવું

? આમને આમ કેટલા દિવસો થઈ જશે. ત્યારે દયાળજીભગતને અમે જોડીમાં કામ કરતા હતા ને દયાળજીભગતને ઓધવજીભગત અમે વિચાર કર્યો કે આપણે મહારાજને વાત કરીએ. ત્યાં સાંજે મહારાજે સૌ ભક્તોને રૂમે બોલાવ્યા. ત્યારે દયાળજીભગત કહે, હાલો આજ મહારાજ કાંઈક ઈનામ આપશે. એટલે અમે સૌ ભક્તોની પાછળ પાછળ ગયા અને ઓધવજીભગત મરક મરક હસતા હતા.

આ પહેલાં રાઘવજીબાપાને વાત કરી એટલે રાઘવજીબાપા કહે આ ભક્તો સૌ સેવામાં આવેલા છે એટલે તેને કાંઈ ન કહેવાય. આમ અમે મૌન થઈ ગયા ને અમે સૌ મહારાજ પાસે ગયા. ખુશ થતાં થતાં મહારાજે સૌને બેસાડ્યા અને કહ્યું કે, તમે કેટલા જણા છો અને સાંજે રોજ કેટલું કામ કરો છો ? ત્યારે જીરાગઢના રામજીભગત કહે, મહારાજ નકશીકામ કરવાનું એટલે વાર તો લાગે ને. ત્યાં મહારાજ બોલ્યા તને એકથી સો સુધી ગણતા આવડે છે. આ બાલમુકુંદ ભવનમાં મહારાજના રૂમમાં પચાસેક ભક્તોએ કામ કર્યું છે. એટલે મહારાજ કહે આટલો બધો સમય થયો હજુ કામ આગળ હાલતું નથી. મહારાજ બેઠાં હતા તે ઊભા થયા ને બોલ્યા. લાવો તગારું ને લાવો માલ ને આ થાપીથી આમ હાથ કરી કહે કે, આમ માલ મારવો ને આમ પટ્ટી ફેરવાય. આ થઈ ગઈ દિવાલ પ્લાસ્ટર. આમ મહારાજે દિવ્ય દર્શન આપી બધાને રમુજ કરાવી અને ઉપદેશ આપ્યો ને બીજા દિવસથી ફટાફટ કામ થવા લાગ્યું. મહારાજ કહે, તમારા વજન ૮૦-૮૦ કિલોના છે, બધા મેડા પરથી નીચે પડો એમ છો પણ આ મારી કલમનો ટેકો છે ને તે મેડાને આપ્યો છે તેથી કામકાજમાં સર્વપ્રકારે તમારી રક્ષા થાય છે. આમ મહારાજે અનુસંધાન આપ્યું કે, તમે વિદેશમાં ગોરાઓની જેમ રહ્યા છો, અને સુખીયા થયા છો.

અમે દરરોજ કામ કરી સાંજે મહારાજ પાસે જતા અને મહારાજની સેવા કરતા. મહારાજ બહું રાજી થતા જ્યારે પ્લાસ્ટરનું કામ પૂરું થયું તે દિવસે અમે મહારાજ પાસે રાત્રે બેઠા હતા. ત્યારે મહારાજ અમોને જોઈને કહે, તમે હેતના ટેભાથી મારો બંગલો બાલમુકુંદ ભવન બહુ સરસ બનાવ્યો છે, હું બહું રાજી છું. તમે બધા મારા વ્હાલા છો. ધામમાં દરેક ભક્તોને એક એક બંગલો, એક એક વિમાન તમારે માટે તૈયાર છે. આમ મહારાજે અંતરના આશીર્વાદ આપ્યા. થોડીક સેવામાં કેટલું મોટું ફળ આપ્યું, ધામના નિવાસી કરી દીધા.

પછી તો અમે રાજકોટ આવ્યા અને રાજકોટથી પાછા પૂના આવ્યા. ત્યાં ટપુલાલભગત આવ્યા અને કહે, બહેરીન આવવું છે. ત્યાં બહેરીનનું કેન્સલ થયુ અને સાઉદીયાનું નક્કી થયું

તો મેં ના પાડી અને મામાનું કામ ચાલતું હતું ત્યાં કામ કરવા સાઈડ પર ગયા. ત્યારે અમને સાઈડ ઉપર સમાચાર મળ્યા કે મહારાજ ધામમાં ગયા. એટલે મેં કહ્યું, મામા મારે જૂનાગઢ જાવું છે ને ઘેર આવી તૈયાર થયો. મામા કહે, મારેય આવવું છે. ફુગેવાડીથી ભક્તોને સમાચાર મળ્યા એટલે એ બધાં નીકળી ગયા હતા. અમે બસમાં મુંબઈ આવ્યા. ત્યાંથી રાજકોટને અને ત્યાંથી જૂનાગઢ આવ્યા. ત્યારે મહારાજને ચોકમાં ખુરશી સિંહાસન ઉપર બેસાડ્યા હતા ને કોઠારી સ્વામી હાર પહેરાવતા હતા અને પછી મહારાજની પૂરી વિધી થઈ ત્યાં સુધી રોકાયા હતા. આમ રાજકોટ-જૂનાગઢ જ્યારે જ્યારે મહારાજના દર્શન કરવા જતા ત્યારે ત્યારે મહારાજને હાર પહેરાવી પૂજા કરતા અને ફળ ફુટ ધરાવતા, મહારાજ બહુ રાજી થતાં.

મારે એક્સીડન્ટ થયેલ તેના વીમાના રૂપિયા દસ વર્ષ પછી એક લાખ એંસી હજાર આવ્યા. મેં સંકલ્પ કરેલો કે, આ રૂપિયામાંથી કુંકાવાવ માં સેવા કરવી છે. એટલે બ્રહ્મપેલેસના પ્રમુખ વિઠ્ઠલભગતને વાત કરી કે મારે આવી રીતે રૂપિયા આવવાના છે ને મારે આ બ્રહ્મપેલેસમાં સેવા કરવી છે. બ્રહ્મપેલેસ મંદિરનો નકશો તો બે વર્ષ પહેલાં આવી ગયેલો. એટલે વિઠ્ઠલ ભગતને કહ્યું, તમે મંદિરનું કામ ઝટ ચાલું કરો તો ભક્તોની સેવા આવવાનું ચાલું થાય ત્યારે બ્રહ્મપેલેસનું મંદિરનું ખાતમુહૂર્ત આવ્યું ને અમે રૂપિયા એક લાખ લઈને રેલવેમાં નીકળ્યા તો ત્યારે ચેકિંગ ચાલતું હતું અને મારી સૂટકેશમાં રૂપિયા એક લાખ હતા. મહારાજની કૃપાથી અમને ચેક ન કર્યા ને જવા દીધા. અમે ગાડીમાં અમદાવાદ પહોંચ્યાં ત્યાં ગાડીમાં પાછું ચેકિંગ આવ્યું. અમે જ્યાં બેઠા હતા ત્યાં પોલીસ આવી અને કહે, તમારો સામાન બતાવો. મારી બેગ સીટ નીચે હતી. ત્યારે હું બેઠો થયો ને મારો જે પગ તે મારા પગમાં ફીટ કરવા લાગ્યો ત્યાં એક સાહેબ કહે રહેવા દો કાકા. કાંઈ વાંધો નહીં. આમ અમે હેમખેમ અહીં પહોંચ્યા. જો સુટકેસની તપાસ કરી હોત તો આ રૂપિયા ક્યાંથી આવ્યા ને આટલા બધા રૂપિયા સાથે કેમ છે ? આ બધું લંબાણમાં પડી જાત. આવા આવનારા વિઘ્નોથી મહારાજે બચાવ્યા.

કુંકાવાવ ખાતમુહૂર્તમાં ભક્તો ભેગા મળીને સુખશૈયાના શિખરની સેવામાં મારું નામ બોલાયું ત્યારે મેં ભક્તોને કહ્યું, મારી પાસે રૂપિયા નથી અને આ આટલી સેવા હું ક્યારે ભરી શકીશ ? હું આ લાખ રૂપિયા આપું છું અને લાખ રૂપિયા પછી આપી દઈશ અને આ મારી બે લાખની સેવા તમે ભલે શિખરમાં વાપરો પણ બીજો દાતા મળે તો તેની સેવા લઈ લ્યો. મને કાંઈ વાંધો નથી મારે આ વીમાના રૂપિયા છે તે આ બ્રહ્મપેલેસમાં સેવા કરવી છે. એટલે

ભક્તો કહે, ના ના તમારા નામે જય બોલાઈ ગઈ છે. એ આ શિખરની સેવા તમારી. એટલે મેં મહારાજને પ્રાર્થના કરી મહારાજ મારી પાસે જે હતું તે તમારે ચરણે ધરી દીધું છે. હવે તમે લાજ રાખજો. તમારા શરણે છું.

પછી તો સમય જતાં બ્રહ્મપેલેસમાં સુખશૈયા શિખરની સેવા કળશમાં દશ તોલા સોનું તથા સુખશૈયા મૂર્તિ સંપૂર્ણ શિખરની સેવા થઈ ગઈ સાથે સાથે સુખશૈયા શિખરમાં બાંધકામ તથા પ્લાસ્ટરની અંગ સેવા પણ થઈ. આમ મહારાજે આપણી પ્રાર્થના અને આપણી આ સેવામાં પાર પાડી દીધાં. આ પણ એક મોટો ચમત્કાર જ ગણાય. ભગવાન ભક્તો ભેળા છે, એ આ પ્રમાણ કહેવાય.

મહારાજની કૃપાથી મારા કુટુંબમાં ચાર દિકરા તેને મહારાજે કંઠી બાંધી છે. મહારાજના ખોળામાં રમેલા છે અને મહારાજે નામ આપ્યા છે. પહેલા મોટા દિકરાનું નામ દિલસુખ (દિનેશ) બીજા દિકરાનું નામ ઘનશ્યામ અને ત્રીજા દિકરાનું નામ ધર્મેશ, ચોથા દિકરાનું નામ ઉમેશ. તેમાં પ્રથમ નામ જે લખ્યા હતા તે નામ જ અમે રાખ્યા. આમ ભગવાનના આશીર્વાદથી આખું કુટુંબ મહારાજનું શરણાગત છે અને સૌ આનંદ અને ભગવાનનું સુખ લ્યે છે અને બીજું કે મહારાજની કૃપાથી આપણે મહારાજ પાસે કોઈ સુખ-સગવડ કામકાજ કે સુખ-દુઃખમાં કયારેય મહારાજને ફરિયાદ કે પ્રાર્થના કરી નથી અને પ્રાર્થના કરી છે તો મહારાજ તમારી સેવા અને ભક્તિ-દર્શન તથા કુટુંબ સદા તમારા ચરણોમાં રહે એ જ પ્રાર્થના કરી છે. ક્યારેય પુત્ર-પરિવાર માટે કોઈ માનતાઓ કે અવિશ્વાસ કર્યો નથી. આપણે ભગવાનના થયા છીએ તો ભગવાનને આપણી ભાવના અને કામનાની ખબર છે. ભગવાન રાજી થઈને આપે એ સુખદાયી અને આનંદભર્યું હોય છે જે આજે ગાડીને બંગલાવાળા બનાવી દીધા છે.

એક વખત અમારા બાપુજીને અમારી વાડીનો કપાસ થયેલો ત્યારે એક મણનું ગાદલું બનાવીને મહારાજ પાસે મોકલ્યું. એટલે મારા બાપુજી અને અમારા પાડોશી તે બંને ગાદલું લઈને જૂનાગઢ ગયા અને મહારાજ પાસે પહોંચ્યા એટલે મહારાજ શાસ્ત્ર લખવાનું કામ કરતા હતા. ત્યારે મહારાજ કહે, ક્યાંથી આવો છો ? એટલે પછી બાપુજી કહે, મહારાજ માવજીએ કીધું હતું તેથી તમારા માટે આ ગાદલું લાવ્યો છું. એમ બાપુજીને મહારાજના દર્શન થયા.

હું એક વખત કુવૈતથી આવીને મહારાજ પાસે ગયો ત્યારે ઘડિયાળ પ્રસાદીની કરીને મહારાજને ચેન આપ્યો. મહારાજે બે-ત્રણ કલાક ચેન પહેરી પ્રસાદીની કરી આપી. જે આજે

પ્રસાદીની કરેલ ચેન સાચવી રાખી છે. એક વખત અમે મહારાજની ચરણસેવા કરતા હતાં ત્યાં હેમંતભગત વાંસો દબાવતા હતા. ત્યારે હેમંતભગત બોલ્યા કે,મહારાજ હું આવો ભાર દઈને વાંસો દબાવું છું મને પરસેવો વળી જાય છે તમને ભાર નથી લાગતો. ત્યારે મહારાજ બોલ્યા કે, હેમંત હું ઊભો ઊભો આ અંગૂઠો ડગાવું ને તો બ્રહ્માંડો મંડે ખડવા. તે મને આ બ્રહ્માંડોનો ભાર નથી લાગતો ત્યાં આ તારો ભાર લાગે ખરો. આમ મહારાજે હું અવતારી પુરુષોત્તમ નારાયણ છું, એ બતાવ્યું કે આ બ્રહ્માંડો અમારા ચલાવ્યા ચાલે છે.

એક વખત મહારાજ પાસે ગયા અને કહ્યું કે, મહારાજ મારે ગીરનાર જવું છે. મહારાજ કહે ઊભો રહે આ બાજુ બેસ.પછી મહારાજે પોતાના રૂમની બારીમાંથી ગીરનારની દેરીઓના મંદિરોના દર્શન કરાવ્યા. એક વખત મારો પુત્ર ઘનશ્યામ નાનો હતો તેને પેટની તકલીફ બહુ જ હતી એટલે અમે જૂનાગઢ ગયાં અને મહારાજને કહ્યું, આને પેટમાં બહુ દુઃખે છે. મહારાજ કહે, અહીં સૂઈ જા. મહારાજે પેટ ઉપર ચરણારવિંદ રાખ્યા પછી મહારાજે એક લાડવો આપ્યો ને કહે, આ ખાઈજા ને દોડ કાઢ એટલે તારું પેટ મટી જાય. પછી મટી ગયું.

એક વખત અમે ઘરે ૨૪ કલાકનો મંત્રજાપ રાખ્યો હતો. ત્યારે એવા દુર્લભ દર્શન થયા કે મહારાજ સિંહાસને બિરાજમાન છે. અમે મંત્રજાપ કરી રહ્યા છીએ અને દેવતાઓ વિમાનો લઈને મહારાજના દર્શન કરવા આવ્યા હતા અને એ બધાં વિમાનો બાજુમાં બગીચો હતો ત્યાં લાઈનમાં ઊભા રાખ્યા હતા, આવા દર્શન થયેલા.

મહારાજને જર્મન સ્ટીલની લાલજી મહારાજની મૂર્તિ બનાવવાની ઈચ્છા હતી જેથી તે કાળી ન પડે. ત્યારે મેં મહારાજને કીધું, મહારાજ લાલજી લેવા છે પણ છોકરા નાના છે એટલે પૂજા બરાબર ન થાય. તો મહારાજ કહે, લાલજીની મૂર્તિ લઈ લ્યો. મને સાકરનો ગાંગડો જમાડશો ને તોય જમી લઈશ. પછી અમે લાલજી મહારાજની મુર્તિ લઇ લીધી.

બાલમુકુંદ ભવનનું કામ પૂરું થયું પછી અમે રાજકોટ ગયા, ત્યાં ગોખરવાળાના હરજીભગત રાજકોટ ઘરે આવ્યા અને કહે ભંડારને મેડે મહારાજના જૂના રૂમની ટાઈલ્સ પ્રસાદીની છે એ ટાઈલ્સ તમે ગોખરવાળા આવો અને અમારા ઘરે ફિટીંગ કરી આપો એટલે એ પ્રસાદીની ટાઈલ્સ ત્યાં ગોખરવાળા હરજીભગતના ઘરે ભક્તોએ લગાવી આપી છે.

એક વખત બાલમુકુંદ ભવનનું કામ કરી રાત્રે મહારાજની સેવા કરતા હતા ત્યારે મહારાજ બોલ્યા કે, હું આંખો મીંચીને સૂતો હોવ ત્યારે હેમંતભગતને એમ થાય કે જાણે

મહારાજ સૂઈ ગયા. પણ હું તો અહીંથી ઉપડું સૂરત, મુંબઈ, મસ્કત, દુબઈ, બહેરીન જાઉં ને ભક્તોને દર્શન દઉ અને આશીર્વાદ આપતો જાઉં. ત્યારે મેં કહ્યું, મહારાજ તમે બધે જાઓ તો અમારું પૂના તો રહી ગયું. ત્યારે મહારાજ કહે, તમારા આ લોનાવાલાના ડુંગરામાં ઠંડી બહું લાગે ને. ત્યારે અમે કહ્યું મહારાજ દુબઈમાં તો વધારે ઠંડી ત્યાં ઠંડી ન લાગે ? ત્યારે ભક્તો કહે, તો તો દુબઈમાં ભક્તોએ જમાડ્યા હશે ને. મહારાજ કહે દ્રાક્ષ, કાજુ-બદામ, લાડવા ખાધા. ભકતો કહે, તો મહારાજ પાણી ન પીધું ? ત્યારે મહારાજ કહે, પાણી બહેરીન જઈને પીધું. પછી મહારાજ કહે, તમારે ઘર ઉપર મારા શ્વેતાયન કૃપા, અનાદિ શ્રીકૃષ્ણનારાયણ મારા આ મહામંત્રોની તક્તી મારવી. જેથી હું ફરવા નીકળું તો મારું નામ વાંચુ એટલે મને એમ થાય કે, મારા ભક્તો અહીં રહે છે તો હાલ દર્શન દેતો જાઉં. આમ મહારાજે ભક્તોને ઉપદેશ આપ્યો કે તમારા ઘર-ખોરડા-ખેતર વાડીને આવા નામ રાખ્યા હોય તો મહારાજ કહે હું તમારી રક્ષા કરું. આમ મહારાજ ભક્તોને અનુસંધાન આપતા.

ફુલવાડી મંદિરમાં પણ યથાશક્તિ તન-મન-ધનથી અમે ઘણી સેવાનો લાભ લીધો છે. ફુલવાડીની પ્રદક્ષિણામાં માર્બલનું કામ ચાલતું હતું ત્યારે એ કાર્ય પૂરું થયું ત્યાં સુધી પણ અમે સેવા કરી છે. જ્યારે જ્યારે ફુલવાડી-કુંકાવાવ કે જૂનાગઢમાં સેવા કરી તે બા-બાપુજી, દાદા-દાદી, પુત્ર-પુત્રવધૂ, પૌત્ર-પૌત્રીઓના નામથી સેવાઓ કરી છે અને તેની પહોંચો જેની જેની તેને આપી છે. તેમ ઘરમાંથી મહારાજની સેવા કરવામાં કોઈને રોક્યા નથી. તેમજ સામેથી પુત્રો-પુત્રવધૂઓ કે છોકરાઓની માતાએ સામેથી સેવા કરવા બળ આપ્યું છે. એટલે બમણાં વેગથી અને ઘરના રાજીપાથી સેવા થાય છે અને એ સેવાથી જ ભગવાન રાજી થાય છે.

એક વખત બ્રહ્મપેલેસનું કામ ચાલું હતું ત્યારે સંકલ્પ થયો કે અહીં ગીર ગાયનું દાન આપીએ પરંતુ ત્યાં કોઈ સંભાળનાર નહોતું તેથી તે ગાયનું દાન ફુલવાડીને અર્પણ કર્યું અને સમય જતાં બ્રહ્મપેલેસમાં પણ ગીર ગાય અર્પણ કરી. જેથી મહારાજને દરરોજ આપણી દીધેલ ગાયનું દૂધ મળે અને આપણને સેવાનો લાભ મળે.

પાણી માટે બ્રહ્મપેલેસમાં ૧૧ બોર બનાવ્યા પણ ક્યાંય પાણી ન આવ્યું જ્યારે કમ્પાઉન્ડનું કામ ચાલુ હતું ત્યારે બાજુની વાડીમાંથી પાણી લઈ આપણાં કૂવામાં અને કૂવામાંથી ટાંકામાં પાણી જાય. એટલે પાણીની બહુ તકલીફ જેથી પંચાયતની જમીનમાં બોર બનાવ્યો. એ બોરમાં પણ જોઈએ એવું પાણી ન થયું ત્યાંથી પાઈપલાઈન ૧ કિ.મી. નો થાય આ તો બહુ ઘણો ખર્ચ એટલે એક પાણીવાળા ભાઈ કહે, બ્રહ્મપેલેસમાં પાણી છે

અને તેમાં કે.બી. ભેંસાણીયા સાહેબ અને માવજીભગતે નક્કી કર્યું કે બોરનો ખર્ચ આપણે ઉપાડવો અને બ્રહ્મપેલેસમા બોર કરવો. એટલે પાણી જોવાવાળાએ સુખશૈયાના શિખરના પાછળના ખૂણામાં ૮૦૦ ફૂટે પાણી છે અને બોર ૮૦૦ ફૂટ ગયો, પાણી ન આવ્યું. તેથી માવજીભગતના ઘરનાએ મહારાજ પાસે જઈને માનતા કરી કે, મહારાજ આ બોરમાં પાણી લાવોને હું બે નારિયેળ હમણાં જ વધારું અને આ બાજુ મધુભગત આવ્યા ને પુછયું, શું થયું ? અમે કહ્યું કે પાણી જોવાવાળાએ ૮૦૦ ફૂટનું કહ્યું છે તો આપણે ૯૦૦ સુધી જાવા દઈએ. ત્યાં ધનજીભગત કાથરોટીયા આવ્યાને કહે, ભક્તો આ બ્રહ્મપેલેસ માટે બોર થાય છે તો આ સેવામાં મને તમે ભાગીદાર રાખો અને બોરનો જેટલો ખર્ચ થાય તેમાં હું ભાગીદાર. આમ અમે વાત કરતા હતા ત્યાં મધુભગત કહે આ ૮૦૦ ફૂટે કાંઈ ન આવ્યું તો અહીં પાણી નથી માટે બંધ કરો અને બીજે ક્યાંય જોવરાવીએ.

આમ અમે વાતો કરતા હતા ત્યાં બોર મશીન ચાલું હતું અને ૧૦ ફૂટ વધારે ઊંડો ગયો ત્યાં પાણી છૂટ્યું અને ઉછળીને બાજુમાં ઝાડવાની ઉપર સુધી ફુવારો થયો ને આ બધાએ જોયું તો રાજી રાજી થઈ ગયા. આમ સાચા સંકલ્પ અને સાચી લગનથી જે થવું હોય તે થાય પણ આવા કામમાં ભાગીદાર થઈએ ત્યારે ભગવાન ભક્તના પક્ષમાં આવે છે અને અસંભવ કામ સંભવ થાય છે. પાણી આવ્યું તે જાણી ઘણો આનંદ થયો તેથી માવજીભગત કહે, આ ભગવાને પાણી આપ્યું તેથી કાલની રસોઈ આપણી. આમ ભગવાન અને ભક્તોને રાજી કર્યા. પછી એ બોર ૧૦૫૦ ફૂટ ઊંડો જવા દીધો અને બીજા દિવસે દોરી બાંધી પાણી સીંચ્યું ને મહારાજને ધરાવ્યું. આમ પાતાળમાં પાણી આવ્યું. કુંકાવાવ અર્ધું જોવા આવ્યું અને ગામના કહે હજાર ફૂટે આવું મીઠું પાણી ન આવે પણ આ મીઠું પાણી આવ્યું જેથી આ ભગવાનનો પરચો જ કહેવાય. આમ મહારાજની કૃપાથી મહારાજના ત્રણેય મંદિરમાં પાદરે- ફુલવાડી, બ્રહ્મપેલેસમાં આ બધી સેવાના લાભ મળ્યા. આમ આ ભગવાનનો રાજીપો જ કહેવાય. ભગવાનના રાજીપા વિના સેવા પણ મળતી નથી.

આમ માવજીભગતે પોતાના કુળ-કુટુંબને પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણ શ્રી શ્વેતાયન હરિના રંગમાં રંગી નાખ્યા છે. તેમજ આ પરિવારના સૌ ભક્તો સાથે મળી સંપ, સમજણથી મહારાજની સેવા-ભક્તિ પૂરી લગન અને મુક્ત ભાવથી કરે છે તથા ખરા અર્થમાં પ્રગટ ભગવાનના સેવક થઈ સેવાઓ કરી છે અને કરતા આવે છે.



પરચા નં.
૬૧.

## અનાદિ મુક્તરાજ મનહરભગત ભવાનભગત પરમાર
### ગામ : ફાટસર, હાલ- મુંબઈ

**હું** બાળપણથી ઘોડિયામાં હતો ત્યારથી જ સામે મહારાજની પાઘવાળી મૂર્તિ દિવાલમાં હતી એ મૂર્તિમાં આકર્ષણ થયા જ કરતું. અમારા દાદીમા લાડુમા મને મહારાજ નું સતત રટણ કરવાનું પણ કહેતા. અમે જામવંથલી જતા ત્યારે ફુલવાડીમાં ઈ.સ.૧૯૬૪માં ચુનાનું કામ ચાલુ હતું. અમે ગયેલા ત્યારે મહારાજ સુખડી આપતા નાનપણમાં એ દર્શન કરેલા.

એક વખત મહારાજ જૂનાગઢ જતા હતા ત્યારે અમે પણ એ જ ટ્રેનમાં જૂનાગઢ ગયા હતા. મહારાજ ફર્સ્ટકલાસના ડબ્બામાં બેઠા હતા, અમે લોકલ ડબ્બામાં બેઠા હતા અને જૂનાગઢમાં ભીમ અગિયારસનો ઉત્સવ થાય એટલે મહારાજ જૂનાગઢ પધાર્યાં હતાં.

ઈ.સ.૧૯૬૭માં મહારાજ મુંબઈના આઝાદ મેદાનમાં કથા વાંચવા આવ્યા ત્યારે અમે મુંબઈ મુલુન્ડમાં હતા. ત્યારે ટ્રેનમાં ત્રણ ડબ્બા સંતોથી ભરાયેલા હતા. સૌ સંતો મહારાજની કથા સાંભળવા આવ્યા હતા. ત્યારે મહારાજનું મોટાપાયે ફુલેકું નીકળ્યું હતું ત્યારે એ સભાના દર્શન કરેલા. મહારાજે મુંબઈમાં ઘણા પરચા પૂર્યા હતાં. માનવ મહેરામણ ઉમટ્યો હતો. ત્યારે રસોડામાં મહારાજ પધારતા અને બધી રસોઈને છડી અડાડતા જેથી ક્યારેય રસોઈ ખૂટી ન હતી. ત્યારે અમોને એમ થતું કે મહારાજની આપણાં ઘરે આ સમયમાં કેમ પધરામણી કરાવવી ? મહારાજની મોટાઈ એટલી હતી કે કોને કહેવું મહારાજ અમારે ઘેર પધારે. ત્યારે અમારા મોટા ભાગ્ય કે મહારાજે સ્વયં કહ્યું કે,લાડુમાના દિકરા કહ્યાં રહે છે ત્યાં પધરામણીમાં જાવું છે. ત્યારે વિનુભાઈ મકવાણાની મોટરમાં બેસી મહારાજ અમારે ઘેર આવ્યા. ત્યારે મહારાજ ઘરમાં પધાર્યાં. પોતાની પાઘ ટેબલ ઉપર મુકી અને દિવાલમાં પાઘવાળી મૂર્તિ હતી એટલે મહારાજ કહે ઓહો અમને અહીં પધરાવ્યા છે. ત્યારે અમને બીજી કાંઈ ખબર નહીં. બસ એક મહારાજની મૂર્તિ ઘરમાં હતી. પછી મહારાજને આસન આપ્યું મહારાજ બેઠા અને અમે આરતી ઉતારી પછી મહારાજ ઉપર અગાસીમાં પધાર્યાં ત્યારે મહારાજે આંગળી ચીંધીને કહ્યું કે, આ રસ્તો ક્યાં જાય છે ત્યારે મારાથી બોલાઈ ગયું મહારાજ એ રસ્તો દિલ્હી જાય છે. મહારાજ કહે ઓહો દિલ્હી જાય. ત્યાંથી બીજા ટેરેસ ઉપર ગયા અને મહારાજ કહે, અહીંથી જાવાનું મન નથી થાતું, આમ મહારાજ બોલ્યા.

એક વખત ઈ.સ.૧૯૭૧માં જૂનાગઢ જાવાનું થયું. અમારા દાદીમા લાડુમા સાથે

જૂનાગઢ ગયા. ત્યારે હું મહારાજના દર્શન કરવા ગયો ને મહારાજને દંડવત્ કર્યા ત્યારે મહારાજે પોતાના બે પગ વચ્ચે મારું માથું દબાવ્યું ઘણી વાર દબાવી રાખ્યું અને હું ઉતારે ગયો દાદીમાએ બે-ત્રણ વખત કહ્યું મહારાજને પૂછજે કે, અમે જે નવો સુખશૈયાનો ઢોલિયો પલંગ આપ્યો છે તેના પર નીંદર આવે છે ? ત્યારે મેં મહારાજને પૂછી લીધું કે, મહારાજ દાદીમા કહે છે કે, તમને ઢોલિયા ઉપર નીંદર આવે છે ? ત્યારે મહારાજ ઘણીવાર આંખો મીંચીને બેઠા હતા પછી બોલ્યા હા તમો ભકતોને સંભારતો સંભારતો સૂઈ જાઉં છું એટલે સરસ નિંદર આવી જાય છે. પછી મહારાજે પ્રસાદીનું જળ આપ્યું. સાકર આપી ને મહારાજ બોલ્યા, લાડુમાને ક્યારે ધામમાં જવું છે ? આમ બે-ત્રણ વખત પૂછ્યું પણ આપણે નાના એટલે બીજી કાંઈ ખબર ન પડે. આમ મહારાજ વાતો કરતા એ વાતો આજે યાદ આવે અને જૂનાગઢ નજર સામે તરવરવા લાગે. મહારાજ આમ આવી વાતો કરતા જેથી આપણને જલ્દી યાદ રહી જાય. મહારાજ કહેતા કે, અમારા લીલા ચરિત્રો દ્વારા અમને સતત સાંભર્યા કરવા.

એક વખત ઈ.સ.૧૯૭૧ માં અમારા બાને પાંડુરોગ થઈ ગયો હતો, દવાખાને હતા ત્યારે દાદીમાએ મહારાજની પાઘવાળી મૂર્તિ સામે આખી રાત માળા ફેરવી પ્રાર્થના કરી કે, અમારા વહુને સારું થઈ જાય. ત્યાં તો સવારે દવાખાનેથી સમાચાર આવ્યા કે હવે વહુને સારું થઈ ગયું છે. ત્યારે સંકલ્પ કર્યો કે વહુને લઈ જૂનાગઢ દર્શન કરવા આવશું.

ત્યારપછી અમારે વિદેશ જવાનું થયું ત્યાં આ સૌ ભક્તોનો સમાગમ અને ભજનથી આનંદ આનંદ થતો. મહારાજ દરરોજ દર્શન આપતા. મહારાજ બહુ રાજી થતા. ત્યારે મહારાજે ઘણી રક્ષાઓ કરી. અમે ખલીવલીમાં કામ કરતા ત્યારે મહારાજ દર્શન આપી કહેતા કે આજ આ દિશામાં ન જાતો. ત્યારે બીજા દિવસે એ દિશામાં ચેકિંગ આવતું ને ઘણાં લોકો પકડાઈ જતા. આમ ભગવાન રક્ષા કરતા.

દુબઈ જઈ આશરે પાંચ-છ વર્ષ પછી મેં મહારાજને પત્ર લખ્યો કે, અમે ખલીવલી છીએ. હવે મારે દેશમાં આવવું છે અને ત્યારે મહારાજનો સંદેશ આવ્યો કે મનુને કમાવું નથી લાગતું. આ વાતમાં મહારાજનો શું સંદેશ હોય મહારાજ જાણે. મહારાજ ધામમાં ગયા ત્યારે એમ થયું કે, આ સંસારમાં હવે આપણે કોને પૂછવું કેમ રહેવું ? એમ વિચારી મહારાજને પ્રાર્થના કરી ત્યારે મહારાજે સપનામાં દર્શન આપી કહ્યું કે, હું સાથે જ છું ચિંતા ના કરતો.

મારે વિદેશથી આવવું હતું ત્યારે શાંતિલાલ વાઢેર સાથે ૨૫ રૂપિયાની માનતા કરી

કુંકાવાવના પાદરે ધરાવવાની મોકલી ત્યાં મહારાજે એવું ગોઠવી આપ્યું કે જે ખલીવલી છે તેણે પોતાના દેશમાં જાવું હોય તે જઈ શકે છે. સરકારે ખાસ આદેશ બહાર પાડ્યો. તેમાં વિના પાસપોર્ટ સરકારની સહાયથી દેશમાં આવી ગયા અને વાઢેર ભગત પહેલાં પહોંચી આવ્યા. અને ફક્ત ૭૦૦ રૂપિયામાં દેશમાં આવી ગયા. આ મહારાજનો મોટો ચમત્કાર થયો. આ તો મહારાજે વિદેશ મોકલ્યા જેથી ત્યાં ભક્તોના યોગે કરીને આ સત્સંગમાં દૃઢ નિશ્ચય થયો. નહીં તો આ યુવાનીમાં જીવ ક્યાંનો ક્યાં ફેંકાઈ જાય. આમ મહારાજે પોતાનો જાણીને આ સત્સંગની વચ્ચે રાખ્યો. મેં મહારાજના ચિન્હોના દર્શન નથી કર્યા પણ મહારાજની ચરણસેવા કરી છે અને મહારાજે પ્રસાદીનું દાતણ, કેરી ખાધેલી ગોટલી એ પ્રસાદી આપેલી છે.

એક વખત મહારાજ શ્રીરાધારમણ દેવનો ૧૫૦ વર્ષનો પાટોત્સવનો ફાળો લેવા અષાઢ મહિનામાં અહીં મુંબઈમાં રોકાયેલા. ત્યારે મુલુન્ડથી મહારાજના દર્શન કરવા હું ને મારા બાપુજી ગયેલા ત્યારે મારા બાપુજીએ મહારાજને પ્રાર્થના કરી કે મહારાજ હું બે પાંદડે નથી થતો આપ આશીર્વાદ આપો તો સુખી થાઉં. ત્યારે મહારાજ બોલ્યા કે,સંતો-ભક્તોને જમાડો તો સુખી થશો. ત્યારે બાપુજીથી એ વચન ન પળાયું પણ મહારાજે મારા ધર્મપત્ની જયા અને મારા દ્વારા એ પૂણ્ય કમાવાનો અવસર આપ્યો જેથી અનેકવાર ભક્તો અમારા ઘરે આવતા, જમતા અને ખુબ રાજી થતાં. અમારી પાસે મહારાજનું આરસનું અડધું સ્ટેચ્યું હતું. તે પહેલાં કુંકાવાવમાં પધરાવવાનું હતું પણ સ્ટેચ્યું પૂર્ણ મૂર્તિ ન કહેવાય એટલે ભક્તોએ આખી પૂર્ણ મૂર્તિ ત્યાં પધરાવવાનું નક્કી કર્યું હતું. જેની સેવા કેશવજી હરિએ આપેલી.

એકવાર ઈ.સ.૧૯૯૪માં મહારાજે મને વિરાટ સ્વરૂપ ધારણ કરીને દર્શન દીધા પણ વિરાટરૂપમાં આરતી કેમ ઉતારવી. તેથી મહારાજે પોતાના ચરણ ઊંચા કરીને કહ્યું, લે આરતી ઉતારી લે.પછી મેં ચરણારવિંદની આરતી ઉતારી. આમ દર્શન થયેલા ત્યારે બીજી ક્ષણે એ વિચાર આવ્યો કે આપણી એવી કઈ સ્થિતિ કે આ સર્વ બ્રહ્માંડોના અધિપતિને આપણે રાજી કરીયે. આપણે એમ વિચારીએ કે મહારાજ મને રોજ દર્શન આપે... મહારાજ મને રોજ દર્શન આપે. જો મહારાજને રાજી કર્યા હોય, મહારાજની કૃપા હોય તો જ આપણને મહારાજની સેવા-દર્શનનો લાભ મળે. આ તો ભગવાન દયાળું છે એટલે આપણે તેની સેવા કરી શકીયે. બાકી આપણે ભકિત કરી કરીને રાફડા થઈ જઈએ તો પણ ભગવાન સામુય ન જુવે. પણ જીવમાં ભગવાનનું અહોપણું અને પોતાનું સર્વસ્વ ભગવાનને અર્પણ કરવાની

ભાવના હોય તો ભગવાન રાજી થઈ જાય અને આપણી થોડીક સેવા સ્વીકારીને પ્રસાદીરૂપે પાછી આપી દે અને રાજી રાજી થઈ જાય. આમ ભગવાન કૃપાવાળા થઈને આપણને લાભ આપે છે એજ આપણાં પરમ ભાગ્ય છે. ભગવાનની કૃપા વિના કાંઈ સંભવી ન શકે. સંપત્તિ ઐશ્વર્ય તો ભગવાનનું છે, એનું જ આપેલું છે. આપણે શું ભગવાનને આપવાના હતા. આમ મહારાજ ઘણી વખત અગાઉથી સંકેતમાં જણાવતા અને ભક્તોની વચ્ચે મહારાજના દર્શન થયાની વાત કરીએ ત્યારે આવી આગમચેતીની વાતો કોઈ માનવા તૈયાર ન થતા. આમ વિદેશમાં ભક્તિનો લાભ ખૂબ મળ્યો. આમ ભગવાનના સમૈયા ઉત્સવ કરવા સંકલ્પ કરીએ અને ભગવાન એ પણ પૂરા કરતાં.

વિદેશમાં ઈદની ત્રણ દિવસની છૂટી હોય ત્યારે આપણું મંડળ આ ત્રણ દિવસ અખંડ ભજન કરતું ત્યારે એકવાર ત્રીજા દિવસે સાંજે ૮ વાગ્યે મહારાજ વિમાન લઈને આવ્યા અને મને વિમાનમાં બેસાડી જૂનાગઢ તેડી ગયા. ત્યાં મહારાજના વાંસાના દર્શન થયા. મહારાજ ધોતીયું પહેરતા હતા અને બોલ્યા કેમ ત્રણ દિવસ સતત ભકિત કરીને જલ્સો પડી ગયો ને ? મેં કહ્યું, હા મહારાજ. પછી મને પાછો દુબઈ મૂકી ગયા. પ્લેન ખુલ્લું હતું એટલે કાનમાં પવન ભરાયો તે મારા ત્રણ દિવસ સુધી મારા કાનમાં ધાક પડી ગઈ હતી. આ અદ્‌ભુત દર્શન મહારાજના થયા.

આમ મહારાજ નિજ ભક્તોને સામાન્ય એવી આપણી શૈલીમાં પ્રશ્ન પૂછતા ને ખબર અંતર પૂછતા ને ઉપદેશ આપતા. જેથી વ્હાલા ભક્તોને એ લટકો એ શબ્દ એ આંખની કળા કરીને કહેતા એટલે જીવનમાં ગમે ત્યારે એ દિવસો યાદ કરીએ તો એ દર્શન તાદ્રશ્ય થાય અને કલાકો સુધી એ વાત અને એ સ્થિતિની યાદમાં સમાધી જેવું લાગી જાય અને અંતરમાં આનંદ આનંદ વ્યાપી જાય. આવા દયાળું, કૃપાળું અને જીવનું અંતિમ શ્રેય કરનારા આપણા પ્રગટ ભગવાન છે જે આપણને શ્રીહરિ શરણાગતિ મંડળને મળ્યા છે માટે તેમને ઓળખીને સેવવા, ભજવા અને સાચવવા.



પરચા નં.
૬૨.

## અનાદિ મુક્તરાજ પ્રાગજીભગત ડાયાભગત ચૌહાણ
### ગામ : જામવંથલી, હાલ- મુંબઈ

**પ્રગટ** ભગવાન વંથલી આવતા ત્યારે સર્વે ભક્તો ખૂબ જ આનંદમાં આવી જતા. મહારાજ પણ જાણે ભક્તોને લાડ લડાવવા માટે આ પૃથ્વી પર પધાર્યા હોય તેમ ઘેર ઘેર ભક્તોની સાથે પધરામણીઓ કરતા. મહારાજે વાડી, ઘર, ખેતર વિગેરે સ્થળોએ જઈ વિચરણ કરીને તે ભૂમિને પ્રસાદીરૂપ દિવ્ય બનાવી દીધી. પ્રાગજીભગત ખેતી કામ કરતાની સાથે મહારાજને અખંડ સંભારીને ભેગા જ રાખતા. ખેતીની ઉપજમાંથી નાની નાની સેવાઓથી પણ પ્રગટ ભગવાનને રાજી કરતા.

પ્રગટ ભગવાને તા.૨૯-૮-૧૯૭૪ના પત્રમાં પ્રાગજી ડાયા ચૌહાણને પત્ર લખીને જણાવ્યું કે, ''શ્રીહરિ શરણાગતિ મંડળને શ્રીહરિ સુખી રાખો. ફાળો સારી રીતે કરજો, વધારે ભજન કરજો, કામકાજ મળતા રહેશે. શ્રીહરિને સંભારવા. સારું-નરસું થયા કરે, ભજન કરવું. સારાવાના ભગવાનનાં હાથમાં છે. તે રાજી રહે તેમ સત્સંગ કરવો. નમ્ર થાઓ અને રાજી રહેવું. સમય પ્રમાણે સેવા કરો છો. બહુ રાજી. તીર્થ માટે તૈયાર રહેજો બધાને ભારે લાભ થશે. ટાણું સાચવજો. ખીસ્સું ખાલી ન રહે તેમ ભર્યે ખીસે તીર્થમાં જજો. સુખી થશો.'' આમ પ્રગટ ભગવાને ભક્તોને કુંકાવાવ પાદર મંદિરે મૂર્તિ પધરાવીને ત્રણે લોકમાં ડંકો વગડાવી દીધો. પછી તો મહારાજે અંતરના આશીર્વાદ બધાં ભક્તોને દુબઈ, મસ્કત, સાઉદિયા, બહેરીન, લિબિયા, અરબસ્તાનના ખૂણે ખૂણે મોકલી અરબસ્તાનની નાસ્તિક ભૂમિને આસ્તિક બનાવી દીધી.

પ્રગટ ભગવાન મુંબઈ ભક્તોને ઘેર પધરામણીએ જતા. ત્યારે પ્રગટ ભગવાન ભેળા ભક્તમંડળ પણ સાથે ચાલી ચાલીને જયજયકાર કરતા ઘેલા થઈ જતા. પ્રાગજીભગતને ઘેર મહારાજે પધરામણી કરી ત્યારે ખોલી (નાની ઓરડી) ખૂબ જ નીચી અને નાની હતી. છોકરાઓ સાથે સપરિવાર ભક્તો રહેતા. મહારાજ બે ઘડી રૂમને જોઈ રહ્યા અને દરવાજે આવ્યા ત્યારે નીચા નમીને રૂમમાં પ્રવેશ્યા પછી નેત્ર બંધ કરીને જાણે ભક્તો માટે મોટા મોટા બંગલાઓ થાઓ આવા સંકલ્પો સાથે ભક્તોને જણાવી રાજી રાજી કરતા. ત્યારે ભક્તો પણ કહેતા કે, મહારાજ અમને બંગલા નથી જોઈતા, તમારો રાજીપો જોઈએ છે. આ સાંભળી મહારાજ વધારે રાજી થતા હતા.

એક વખત તો મહારાજ ભક્તોને ઘેર પધરામણીએ જતા હતા ત્યારે રૂમ નાની અને નીચી તેથી પ્રગટ ભગવાનની પાઘ તે ઉપર બારસાખમાં ભરાઈ ગઈ. ભક્તોએ પાઘને ઝીલી લીધી અને ત્યારે મહારાજે કહ્યું કે, મારા ભક્તોને આમાંથી મોટા મોટા બંગલાઓ મળો. આજે મુંબઈ-પૂના આદિ દરેક ભક્તોને ઘેર ભગવાનની સેવા-ભક્તિ વડે બંગલાઓ છે અને સૌ પરમધામના અધિકારી થયા છે.

પ્રાગજીભગતનો સ્વભાવ સ્પષ્ટ વક્તાપણાનો અને ચોખ્ખો હતો. મહારાજને વિશે સખાભાવ હોવાથી ઘણીવાર તેઓ મહારાજને વઢીનેય કહેતા કે, મહારાજ તમારી આવડી આવડી ભક્તિ-સેવા કરીએ છીએ તો પણ જીવનમાં ઘણીવાર દુઃખના પ્રસંગો આવી જાય છે. ત્યારે મહારાજે એક પત્રમાં લખ્યું કે, પ્રાગજી ડાયાનો ધોખો કરવાનો સ્વભાવ છે. માટે આપણે તો પ્રગટ ભગવાન વિશે કયારેય ધોખો ન કરવો. ધોખો કરવાનું ટાણું આવી જાય ત્યારે આનંદ માનવો વધુ ને વધુ ભક્તિ કરવી. મહારાજને મળેલા મુક્ત ભક્તો મહારાજના રહસ્યભર્યા મર્મના ઉપદેશોને જાણી ભગવાનને પોતાની ભૂલની ક્ષમા માંગતા.

પ્રગટ ભગવાને પોતાના ભક્તોની ભૂલ સામું કદી જોયું જ નથી. ભૂલને ક્ષમા આપી દીધી છે. આમ પ્રાગજીભગત અને તેમનું સમગ્ર કુટુંબ દિકરા-દીકરી તેમના પરિવાર પણ પ્રગટ ભગવાનનું ભજન કરનારા. મહારાજના દિક્ષિત સંતો છે. પ્રગટ ભગવાનનું ભજન કરે છે અને પ્રગટના બળ-કેફમાં જીવન જીવી રહ્યા છે. આ પણ એક જીવનનો લ્હાવો છે. જીવન તો જીવવું છે પણ સમય સમયની સેવાઓ કરીને ભગવાનને રાજી કરી લેવા છે.

પ્રાગજીભગતે દેશ-વિદેશમાં દુબઈ, દાસાઈલેન્ડમાં રહી સેવાઓ કરી છે. ફૂલવાડીમાં ખરે સમયે સેવાની જરૂર હતી ત્યારે પણ યથાશક્તિ સેવાઓ કરી છે અને પ્રગટ ભગવાનનાં ભક્તોને ઉપદેશ-સેવાની સમજણ, ભગવાનના રાજીપાનું રહસ્ય આ બધી વાતો મંડળમાં ભક્તોને જણાવી છે અને મહારાજ તેમને અંતકાળે દર્શન દઈ પોતાના પરમધામમાં લઈ જઈ ચરણસેવામા રાખ્યા છે.



## નરેન્દ્રભગત પ્રાગજીભગત ચૌહાણ ગામ : જામવંથલી, હાલ- મુંબઈ

**હું** નાનો હતો ત્યારથી બા-બાપુજી સાથે મહારાજના દર્શન કરવા જતો. અમે ત્રણ ભાઈઓ પહેલા નરેન્દ્રભાઈ, બીજા વિજયભાઈ અને ત્રીજા ગિરીશભાઈ તેમજ બહેન પ્રવીણા અમે સૌ પ્રગટ ભગવાનનાં શરણાગત ભક્તો થઈ મહારાજની સેવા-ભક્તિ કરતા. અમને મહારાજે કંઠી બાંધી છે એટલે બા-બાપુજી સાથે અમે મહારાજનું ભજન કરતા. બા-બાપુજી મુંબઈ રહેવા આવ્યા. તેથી અમે પણ મુંબઈમાં રહી મહારાજનું ભજન કરતા.

એક વખત હું જૂનાગઢ મહારાજનાં દર્શન કરવા બાપુજી સાથે ગયો હતો ત્યારે મારી ઉંમર ૧૪-૧૫ વર્ષની હતી અને મને પેટમાં બહું દુ:ખતું તે બાપુજીએ મહારાજને વાત કરી એટલે મહારાજે મને સાકરનો મોટો ગાંગડો આપ્યો તેનાથી મારા પેટનો દુ:ખાવો મટી ગયો. ત્યારે ઘણી વખત મહારાજના ચરણારવિંદની સેવા કરેલ છે અને ઘણી વખત મહારાજના સ્વપ્નમાં દર્શન પણ થયા છે.

એક વખત હું જૂનાગઢ મહારાજના દર્શન કરવા ગયો ત્યારે મહારાજ બોલ્યા આવ આવ બેસ અને બોલ્યા ચા પીશ કે ઠંડુ પીશ. તે હું કાંઈ બોલ્યો નહીં અને એક છોકરો ત્યાં આવ્યો અને બે નાની ઠંડાની બોટલ લાવ્યો એક મને આપીને એક મહારાજે લીધી. તે મેં મહારાજને કહ્યું આ તમે પીઓ છો એ મને આપોને આ તમે લ્યો. ને મહારાજ કહે, આ લે. આમ મને મહારાજની પ્રસાદી મળી.

એક વખત મહારાજે દર્શન આપીને કહ્યું, આજે મારે રવાના પુડલા ખાવા છે. તે અમે ઘરે રવાના પુડલા અને દાળના વડા બનાવી લાલજી મહારાજને જમાડીને અમે જમ્યા હતા. આમ મહારાજે દર્શન આપ્યા હતા.

આમ મહારાજ શરણાગતના રક્ષણ કરનારા છે. સેવકોની સંભાળ રાખે છે, દર્શન દઈને ભક્તિમાં બળિયા કરે છે. ભગવાન ચારે બાજુથી ભક્તોનું ધ્યાન રાખે છે. મહારાજ કહે નદી હાલી જાતી હોય તો ચકલી ચાંચ બોળે અને હાથી સૂંઢ ભરીને પાણી પીએ. આમ સંકલ્પ પ્રમાણે અને ભાવના પ્રમાણે ભગવાન સૌને આપે છે, આપતા આવે છે. આ પ્રગટ ભગવાનનો મહિમા અપરંપાર છે. ઓળખે ભજે તે પામે. લાભ લેનારા લાભ લ્યે છે, સમજણ પ્રમાણે સુખીયા થાય છે.

પરચા નં.
૬૩.

## અનાદિ મુક્તરાજ હરિલાલભગત ડાયાભગત ચૌહાણ
### ગામ : જામવંથલી, હાલ- મુંબઈ

**મહારાજ** જ્યારે જામવંથલી પધાર્યા ત્યારે અમે સ્કૂલમાં ભણતા. એ સમયે ફુલવાડીમાં પ્રસાદીનું ભવન બનતું હતું ત્યારે એ ભવનના પાયામાં અમે પથરા નાખવાની સેવા કરતા.

એક વખત કંકાવટીની ધારે પથ્થર કાઢવા પચાસેક ગાડા જોડ્યા હતા ત્યારે અમે પણ સેવામાં ગયા હતા અને ત્યાં મહારાજે અમને લાડું અને ચણાનું શાક જમાડ્યું હતું. મહારાજ પણ ગાડામાં બેસી આવ્યા હતા. અમે મંદિરે બે ટાઈમ જતાં અને ત્યાં શ્રાવણ માસમાં દાંડિયા રાસ રમતા ત્યારે મહારાજ ખુરશી ઉપર બિરાજમાન થતા અને રાસને જોઈ રાજી થતા. એમ કરતા અમે મોટા થયા એટલે મુંબઈ આવ્યા અને કડિયાકામ કરતા એટલે ખાધેપીધે સુખી હતા.

એક વખત અમે જૂનાગઢ મહારાજના દર્શન કરવા ગયા ત્યારે સવારે વ્હેલા મહારાજ પૂજા કરતા હતા ત્યારે હું બાજુમાં જઈ બેઠોને મહારાજે પૂજા કરી લીધી એટલે મહારાજે રૂપિયાનાં સિક્કા જેવડો પોતાના કપાળમાં ચાંદલો કર્યો ત્યાં સિક્કાને ચોંટાડીને મને પ્રસાદી આપી હતી અને મહારાજ બોલ્યા હતા કે, તેને પૂજામાં રાખજો. તે અમારી પાસે આજે પૂજામાં છે.

મુંબઈમાં કુટુંબમાં કમાતો હું એક હતો એટલે દોઢ-બે વરસે જ્યારે જ્યારે દેશમાં જવાનું થાય ત્યારે ત્યારે મહારાજના દર્શન કરવા જરૂર જતા. એક વખત મહારાજના દર્શને ગયા ત્યારે મારા ઘરે બે દીકરી હતી તે મેં મહારાજને પ્રાર્થના કરી મહારાજ મારે બે દીકરી છે એક દિકરો થાય તેવા આશીર્વાદ આપો ત્યારે મહારાજે બે દિકરાના આશીર્વાદ આપ્યા હતા. તે વર્ષે ધર્મેન્દ્રનો જન્મ થયો સમય જતાં બીજા દીકરા પ્રકાશનો પણ જન્મ થયો અને મહારાજ બોલ્યા હતા કે, બાબાનો જન્મ થાય ત્યારે નવ મહિનાનો થાય ત્યારે દર્શન કરાવી જજો અને સાકરથી જોખાવજો. તે અમે જૂનાગઢ મહારાજના દર્શન કરાવ્યા ને સાકરથી જોખાવ્યો હતો. ત્યારે મારા બંને દિકરા ધર્મેન્દ્ર અને પ્રકાશને મહારાજે કંઠી બાંધી હતી.

મહારાજે ધર્મેન્દ્રને સ્વપ્નમાં ચિન્હના દર્શન કરાવ્યા હતા અને એક વખત મેં પણ પ્રાર્થના કરી હતી ત્યારે મને ચિન્હના દર્શન કરાવ્યા હતા.

એક વખત બાણુગરના ભવાનભાઈ ઘેલાભાઈ મહારાજના દર્શન કરવા ગયા હતા

ત્યારે મહારાજે મારું નામ લઈ કહેરાવ્યું કે હરિભાઈને કહેજો કે, ગુરૂ બાલમુકુંદદાસ સ્વામીની મૂર્તિ બનાવવાની છે તે રૂ.૨૦૦૦ની સેવા કરવાની છે તે મેં રૂપિયા મોકલાવી દીધા અને વળતા મહારાજના સેવાનો મળી ગયાનો પત્ર આવ્યો હતો.

મહારાજના આશીર્વાદથી હું દુબઈ ગયો હતો તથા ફુલવાડીની સેવા પણ ભક્તોની વાત સાંભળીને કરી હતી. જ્યારે કુંકાવાવમાં ઈ.સ.૧૯૭૫માં મહારાજની મૂર્તિ પધરાવીને ત્યારે અમે જૂનાગઢ મહારાજના દર્શને ગયા હતા. આમ ધીરે ધીરે મહારાજને ભગવાન તરીકે ઓળખ્યા અને આજે મહારાજને ભગવાન માનીયે છીએ તથા સૂતા-જાગતા મહારાજનું સ્મરણ કર્યા કરીએ છીએ અને મહારાજના રાજીપાથી અમે સૌ સુખીયા છીએ. મહારાજે દયા કરીને અમારા સંકલ્પ પૂરા કર્યા છે.

પરચા નં.
૬૪.

## અનાદિ મુક્તરાજ કાનજીભગત વિરજીભગત ટાંક
### ગામ : બાલંભા, હાલ- સૂરત

**અમે** દુબઈમાં હતા ત્યારે અબુધાબીમાં દર શુક્રવારે સભા થતી એમાં અમે જતા. ત્યારે કથામાં આવ્યું કપિલદેવ ભગવાન અને દત્તાત્રેય ભગવાન હતા ત્યારે એ સમયે જણે જેણે ઓળખી લીધા એ તરી ગયા.એમ અત્યારે જૂનાગઢમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ભગવાન હાજરા હજુર છે, માનો તો ભગવાન છે અને ન માનો તો મોટા સંત છે. એટલે મેં કહ્યું, હું માતાજીનો ઉપાસક છું, મારે સવા લાખ મંત્ર જાપ કરવાના છે. એમાં ૩૫૦૦૦ જાપ બાકી છે એ જાપ પૂરા થઈ જાય પછી વાત. આમ એક દિવસ થયો, બે દિવસ થયા અને ત્રીજા દિવસે અમારી ૨૭ ફૂટ લાંબી ચાલીમાં ત્રણ પલંગવાળા રૂમમાં દરવાજો ખોલીને મહારાજ હાથમાં છડી-માળા અને થેલી લઈને સીધા મારી પાસે આવ્યા અને મહારાજ બોલ્યા, ભગત તમારે માટે આવ્યા છીએ. મેં કહ્યું, મહારાજ અહીં જીરાગઢનાં બે ભક્તો સૂતા છે તેને ઉઠાડું. મહારાજ કહે, ના અમે તમારે માટે જ આવ્યા છીએ અને હવે તમારે જાગવાનું છે આમ કહીને મહારાજ અદ્રશ્ય થઈ ગયા. પછી હું સૂતો નહીં અને સવારે શાંતિભગત બગીચાને વાત કરી કે, તમારા ગુરૂ મને દર્શન દેવા આવ્યા હતા. આમ મને ભગવાનના દર્શન થયા છે.

સમય જતાં મારે દેશમાં જવાનું થયું. મેં પ્લેનમાં બેસતાં પહેલાં નિયમ લીધો હતો કે, હવે દેશમાં જઈ મહારાજના દર્શન કરીને પછી જ પગરખાં પહેરીશ અને બહારનું પાણી પણ પછી પીશ. એમ ટેક લીધી. હું ઘરે ગયો ત્યાં મેં કહ્યું, મારે જૂનાગઢ મહારાજના દર્શન કરવા જવું છે, એટલે અમે જૂનાગઢ ગયા. મહારાજના દર્શન કર્યા, દંડવત્ કર્યા. જઈને જય સ્વામિનારાયણ કહ્યા. મહારાજ કહે, બેસો. એટલે પછી હું ત્રણ ફૂટ દૂર બેઠો. મહારાજ બોલ્યા, મારી ઓળખાણ કોણે કરાવી ? મેં કહ્યું, શાંતિલાલ ભગતે. પછી મહારાજ મારી સાવ નજીક આવ્યા અને બોલ્યા, શાંતિલાલ મારો એકાંતિક સંત છે, તે ખરેખરું મારું કાર્ય કરે છે અને કરશે.

આમ મહારાજ પાસે બેઠા હતા અને બોલ્યા હતા. ત્યારે મારા મનમાં સંકલ્પ થયો કે જો મહારાજ ભગવાન છે તો મને પ્રહલાદની જેમ ખોળામાં લઈને ભેટશે, ચાહશે. ત્યાં મહારાજે મને લઈ ગળે હાથ મૂકી એના ખોળામાં ખેંચી લીધો અને મને જેમ મા પોતાના બાળકને વ્હાલ કરે તેમ મને મહારાજે એકદમ ખોળામાં લઈ દીધો, આ રીતે મારો સંકલ્પ

પૂરો થયો. હવે તમે ભગવાન એ ભગવાન બસ. મહારાજને મેં પણ હાથે-પગે, પગના તળિયે ચુંબનો કર્યાં. આમ અંતર્યામી ભગવાને મારો સંકલ્પ પૂરો કર્યો. પછી મહારાજે હેમંતભગતને બોલાવીને કહ્યું કે, જાઓ બજારમાં પહેલાં આ ભગત માટે પગરખાં લઈને આવો. આમ બીજો સંકલ્પ પૂરો કર્યો.

હું જૂનાગઢ પહેલીવાર ગયો ત્યારે હું ચામુંડા મા નો ઉપાસક હતો તેથી મારી મા ચામુંડા મારાથી દસ ફૂટ આગળ હાલે અને હું જૂનાગઢ મહારાજ જૂની ઓરડીમાં રહેતા ત્યાં પહોંચ્યો. મહારાજ સામે માળા ફેરવે અને આમથી તેમ આંટા મારે ત્યારે હું માતાજીને પગે લાગ્યો અને ચામુંડા માં બોલ્યા તારો આજ ધણી છે. તું આજથી આમને જ ભજજે, આમને પરિપુર્ણ ઓળખી ભજી સેવી લેજે. ત્યાંતો મહારાજે હાથ લાંબો કર્યો તો મા ચામુંડા મહારાજના રૂપમાં સમાઈ ગઈ. ત્યાર પછી તો મહારાજે મારા અનેક સંકલ્પો પૂરા કર્યા. અને ત્યારથી મેં મહારાજને મારા ઈષ્ટદેવ ભગવાન માન્યા.

બીજા દિવસે સવારે મારે મહારાજને નવડાવવા હતા. મહારાજે સ્નાન કરી લીધું હતું છતાં મહારાજ કહે, આ બે લોટા રેડી લે. મેં મહારાજને નવડાવ્યા. પછી મેં મહારાજને કહ્યું, મહારાજ તમે સ્વામિનારાયણ વખતે તમારા ગુરૂ પાસે બે વચન માગ્યા. પણ હું તમારી પાસે ત્રણ વરદાન માંગું છું. (૧) મારા કુટુંબમાં તમારું પ્રગટ ભગવાનનું ભજન થવું જોઈએ. (૨) પ્રગટ ભગવાનના ભક્તો મારે આંગણે આવવા જોઈએ. (૩) તમારી સેવા પૂજા મારી શક્તિ અનુસાર થતી રહેવી જોઈએ. આ ત્રણ વરદાન આપો. તે મહારાજે રાજી થઈ મને વરદાન આપ્યાં. પછી મહારાજ કહે, ચિન્હો જોવા છે. મેં કહ્યું, મહારાજ તમારા આખા શરીરે મેં ચુંબન કર્યાં. તમે મને ખોળામાં રમાડ્યો આમાં બધું મળી ગયું. મને બીજો કોઈ સંકલ્પ થયો જ નહીં. પછી તો મહારાજ રાજી થયા. હેમંતભગતને બોલાવી ફોટા પાડ્યા. ત્રણ ફોટા હેમંતભગતને પાડી દીધા.

ભગવાનની જેવી છે એવી ઓળખાણ મને દુબઈમાં કથા-વાર્તાથી થઈ. અમારા ઘરમાં મારા સસરા અક્ષરપુરુષોત્તમ વાળા એટલે વાદ-વિવાદ થતા. પણ મને મારી માતાજીએ મને આ ભગવાન પાસે મૂક્યો છે, તે બીજું કેમ મનાય. મને ભગવાનની ઓળખાણ થઈ એટલે ઘરના મને ભજન કરવામાં ના ન પાડે પણ આ ભગવાન મારા ઘરના ગોદાવરીબેનને દર્શન આપે તો હું માનું અને મહારાજે ઘરનાને પણ ઘણીવાર દર્શન આપ્યા.

એક વખત અમારી બાજુમાં એક ભાઈ રહે તેને મહારાજના દર્શન કરવા હતા પણ

તેની પાસે સમય નહીં માટે અમે જૂનાગઢ દર્શને જતાં ત્યારે ૧૦૦-૨૦૦ રૂપિયાની સેવા મોકલે પણ એ સ્વયં ક્યારેય જૂનાગઢ આવી શક્યા નહીં. મહારાજ ધામમાં ગયા પછી એક વખત એ પાડોશીને મહારાજે દર્શન દીધા અને કહ્યું, અમારે કાનજીભગતના ઘરે જાવું છે. પાડોશીએ અમારું ઘર બતાવ્યું, દરવાજો ખટખટાવ્યો પણ અમને એટલી નીંદર આવી ગઈ કે અમારાથી દરવાજો ઉઘડ્યો નહીં. બીજા દિવસે પાડોશીએ વાત કરી તમારા ગુરૂ આવ્યા હતા અને આ ગુલાબનું ફુલ મને આપ્યું. મેં કહ્યું, તમારે મહારાજના દર્શન કરવા જૂનાગઢ જવાનો સંકલ્પ હતો તે તમારો સંકલ્પ પૂરો કરવા મહારાજે તમને દર્શન આપ્યા.

એક વખત અમારી નાની છોકરીઓએ લાલજી મહારાજ પાસે કાંઈક માંગ્યું ત્યારે મહારાજે દર્શન દઈ સાકરના ગાંગડા આપ્યા. આમ ભગવાન પોતાના વ્હાલા ભક્તોની સંભાળ રાખતા. એક વખત હું અને હેમંતભગત મહારાજની સેવા કરતા હતાં. હેમંતભગત વાંસો દબાવતા હતા અને હું પણ વાંસો દબાવતો હતો ત્યારે મને થયું મહારાજ ના પાડે નહીં ત્યાં લગી વાંસો દબાવી સેવા કરવી છે, વાંસો દબાવતાં દબાવતાં હું વાંસાના દર્શન કરતો હતો. તેમાં વાસામાં આકાશગંગાની જેમ દર્શન થયા અને આજુબાજુ તારોડિયા દેખાયા અને ૧૧ કલાક વાંસો દબાવ્યો મને પરસેવો વળી ગયો. પછી મહારાજ કહે, ભગત કિર્તન બોલો. એટલે અમે દુબઈમાં કિર્તન બોલતાં એ કિર્તન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામિનારાયણ બોલો. અનાદિ શ્રીકૃષ્ણનારાયણ, શ્વેતાયન બોલો. ઘનશ્યામ હરિ શ્રીકૃષ્ણ બોલો, શ્વેતાયન બોલો, અનાદિ નારાયણ બોલો. આમ કિર્તન બોલ્યો એટલે મહારાજે તેના સાથળ પર બેસાડી ફરી આ ધૂન બોલાવી. આમ મહારાજે આપણાં ઉપર કૃપા કરી આવા દર્શન અને આવા સુખ આપ્યા છે, એ ભગવાન હવે કેમ કરીને ભૂલાય.

એક વખત મારે બાલંભાથી જૂનાગઢ મહારાજના દર્શન કરવા જવું હતું પણ ખિસ્સામાં પૈસા ન મળે ત્યારે બાલંભાથી ટ્રક લાકડા ભરી જતો હતો તેમાં ટ્રકવાળાને લાકડા ભરાવી એના ભેગો રાજકોટ આવ્યો, રાજકોટથી ભાડું ખર્ચી જૂનાગઢ આવ્યો. મહારાજને પગે લાગી ૨૨૫ રૂ. મહારાજને સેવામાં આપી તેમાંથી મહારાજે ૧૨૫ રૂ. પાછા આપ્યા અને કહે બાલંભા કેવી રીતે પહોંચીશ ? આમ અંતર્યામી ભગવાન ભક્તોનું ધ્યાન રાખતા.

દેવી-દેવતાઓ ભગવાનના ભક્તોના પણ દર્શન કરવા આવતા હોય એમ એક વખત કેશુબાપા બગીચાના પગના અંગૂઠામાં ત્રણ ભમરા ચુંબન કરીને મહારાજની મૂર્તિમાં લીન થતાં મેં જોયા છે.

એક વખત મને પરમધામ કેવું હશે એવો સંકલ્પ થયો. ત્યારે મહારાજ દર્શન દઈ કહે, હાલો ભગત. અમે પહેલાં જૂનાગઢ ગયા ત્યાંથી પરમધામ જવા ઉપડ્યા. રસ્તામાં અલગ અલગ ધામો વૈકુંઠ, ગોલોક, બદ્રીકાશ્રમ, શક્તિઓનો લોક, પ્રકૃતિ પુરૂષના લોક આવ્યા પછી અક્ષરધામ આવ્યું ત્યાંથી પરમધામમાં આવ્યા. ત્યાં સર્વ મુક્તો માટે સ્વતંત્ર બંગલા અને એક એક ગરૂડ, એક એક હાથી દ્વારે ઊભા છે. ત્યાંના ભક્તોને જ્યાં જવું હોય ત્યાં હાથી કે ગરૂડ ઉપર બેસીને જાય અને ભગવાનનો બ્રહ્મમહોલ એવડો મોટો છે કે બ્રહ્મમહોલને અનેક થાંભલાઓ છે આમ પરમધામમાં દિવ્ય આનંદ અને સુખ સુખનાં ભંડારો છે. અક્ષરધામથી પર એવું પરમધામ છે. પરમધામમાં ભક્તોના સ્વતંત્ર બંગલા છે, પરમધામના તેજથી અક્ષરધામ બનેલું છે અને એ અક્ષરધામનાં સીમાડામાં બીજા ધામો વસેલા છે, આમ ભગવાને પોતાનાં પરમધામનું રહસ્ય સમજાવ્યું. નોતી દીઠી, નોતી સાંભળી પ્રગટે પ્રગટાવી રીત રે. આવું પૂર્વે કોઈ અવતારમાં સાંભળ્યું ન હતું, જોયું ન હતું. એવું ભગવાને આ વખતે બતાવ્યું, પ્રગટાવ્યું, સુખ આપ્યાં. આવા પરમધામના ધામી સર્વ બ્રહ્માંડો-ઈશ્વરો તેના સંકલ્પ માત્રથી ચાલે છે એવા પુરૂષોત્તમ નારાયણ આપણને મળ્યા છે. આવા ભગવાન ભક્તોના દુઃખને હરે છે અને સુખ આપે છે.

એક વખત મહારાજના દર્શન કરવા જવું હતું ત્યારે કુટુંબીઓ કહે, તારા ગુરૂ એવા સમર્થ છે તો તારા બીમાર ભાઈને જૂનાગઢ લઈ જા. એટલે હું, મારા બાપુ અને મારા ભાઈ જૂનાગઢ ગયાં ત્યાં મારો ભાઈ મહારાજની સાથે એકી-બેકી રમવા લાગ્યો. મહારાજ કહે, મારો દિકરો મને છેતરવા આવ્યો છે. મહારાજ કહે, વિરજીભાઈ આના નામની પાંચ માળા કરો હમણાં સારું થઈ જશે. મારા બાપુ કહે, સવારે ઉતારે જઈને કરીશ. પછી મહારાજ કહે, અમને પાંચ વિઘા જમીન સેવામાં આપો. વિરજીભાઈ કહે, કાલે વિચારીને કહીશ, એટલે મહારાજ કહે, આ બીમાર છોકરાં પાછળ ખર્ચા થાય ત્યારે જમીન વેચાય પણ પ્રગટ પ્રત્યક્ષની વાત ન મનાય તેની કમાણી આમ જ જાય. પ્રત્યક્ષના વચન ઝીલી લ્યે તો મફતમાં કામ થઈ જાય. આમ અમારા કબીરપંથીવાળાને કંઈ મનાયું નઈ અને બધું ગુમાવ્યું. પછી મહારાજ કહે, તું સૂરત જા. ત્યાં કામધંધા કરજો. ભક્તિ કરજો. મળ્યા ભગવાન મુકજો નહીં, ભગવાન ભજજો.

એકવાર વિદેશથી આવી હું મહારાજના દર્શન કરવા ગયો ત્યારે મેં કોરો ભગવો શર્ટ પહેર્યો હતો. ત્યારે બજારમાંથી સફેદ ગુલાબ મળ્યા તેથી સફેદ ગુલાબનો હાર મેં મહારાજને

પહેરાવ્યો ને નારિયેળ મહારાજ પાસે મૂક્યા એટલે મહારાજ બોલ્યા, આ સફેદ ફુલ પવિત્ર છે. એ સફેદ ફુલની જેમ પવિત્ર રહેવું અને તમે પવિત્ર છો તો વધારે પવિત્ર રહેવું. તે મેં ભગવું શર્ટ કોરું પહેર્યું હતું તેમાં ગાજ-બટનમાં એક દોરો લાંબો રહી ગયો હતો તે મહારાજે એ દોરાને ખેંચીને દરવાજા બહાર ફેંક્યો એટલે એ દોરો ઉડતો ઉડતો દરવાજા બહાર નીકળી ગયો. મહારાજ કહે, આ ગાજ-બટનની જેમ રહે એટલે શરણાગતિ મંડળમાં ભેળા રહેશો તો ટકશો અને આ દોરાની જેમ બહાર ગયા તો કાકા, મામા, ભાઈ, ભત્રીજા બધા વળગશે અને ભગવાન મુકાવી દે માટે ગાજ-બટનની જેમ ટકી રહેવું. તો ભગવાનનો આનંદ આવે. ભગવાને જે જમાડ્યા-રમાડ્યા, વ્હાલ કર્યું તે દર્શન થાય. આમ આ બધા લાભો તે મને મળ્યા. જો માતાજીના ભૂવા થઈ ગયા હોત તો આવા પ્રગટના લાભો ન મળત.

અમે અહીં સૂરત રાંદેર મંદિરમાં મહારાજની સેવા-પૂજા કરતા ત્યારે એક મહિનામાં ૨૬ વખત મુર્તિમાં મહારાજે હાર વધાર્યા. તે દર્શન આપી મહારાજે સૌ ભક્તોને ખૂબ રાજી કર્યા.

ભગવાન રાજી થઈને મોટી ઉપમા આપે પણ ભગવાનનો ભક્ત એમ વિચારે કે હે પ્રભુ હું તો તમારો દાસ છું, મારી કોઈ એવી સામર્થી નથી. તમારે લઈને હું મારી નૈયા હલાવી રહ્યો છું, ડુબાડો કે તારો તમારા હાથમાં છે. તો તારનારા ભગવાન છે. ભગવાન કોઈની નૈયા ડુબાડતા નથી. આ જીવને ભગવાનનું કે ભગવાનના ભક્તનું વચન સમજ્યામાં આવતું નથી. એટલે પોતાના મનથી કલ્પના કરીને મને મહારાજે એમ કહ્યું છે. એમ જાણીને બીજાઓ પાસે પોતાના મનની કલ્પનાઓથી સેવા ભક્તિ કરે છે, કરાવે છે. એટલે તેના ફળ સ્વરૂપ બધાં સુખ દુઃખ ભોગવાય છે.

ભગવાન તટસ્થ મૂર્તિ છે, ભગવાન કેવળ સત્યના પક્ષમાં છે. પછી ભલેને પોતાના દીકરા હોય, લક્ષ્મીજી હોય, રાધાજી હોય કે પોતાના અનન્ય ભક્ત હોય પણ સામે છેડે નિર્દોષ ભાવનાવાળો સમર્પણભાવ વાાળો નાનામાં નાનો ભક્ત હોય અને સામે ભગવાનનો મહા મુક્ત હોય પણ નાના ભક્તનાં સત્યમાં બંધન નાખનારો હોય તો પણ ભગવાન નિર્દોષ ભાવના ભરેલા સમર્પણ ભક્તિવાળા નાનામાં નાના ભક્તના પક્ષમાં ભગવાન રહે છે. આ વાત સ્પષ્ટ અને સારમાં સાર છે, સત્ય છે. આટલી વાત સમજાય જાય તો કોઈનો કોઈથી અપરાધ થાય જ નહીં. ભગવાનને સર્વકર્તા જાણી પોતાને માથે કંઈ ન રાખે તેની રક્ષામાં ભગવાન હોય જ છે.

## ગોદાવરીબેન કાનજીભગત ટાંક, ગામ : બાલંભા હાલ- સૂરત

કાનજી ભગત ઈ.સ.૧૯૮૪માં દુબઈ હતા ત્યારે ભગતને દુબઈમાં પ્રગટ ભગવાનની ઓળખાણ થઈ અને દુબઈથી ઘરે મહારાજની ચિન્હવાળી મૂર્તિના ફોટા મોકલ્યા અને પત્રમાં લખ્યું કે આ પ્રગટ ભગવાન સાક્ષાત અત્યારે જૂનાગઢ બિરાજે છે અને આપણાં ઘરમાં જે કાંઈ માતાજીના કે બીજા ફોટા છે તે બધાં એકબાજુ મૂકી આ ફોટો તે મંદિરમાં પધરાવજે. એટલે મેં વિચાર્યું કે આ મારા લગ્ન વખતે કહેતા કે હું સાધુ થઈ જાઉં. મને સંસારમાં રસ નથી. એટલે આને કોઈકે એવી વાતો કરી છે કે તે મને મૂકીને હાલ્યા જાશે. એટલે મેં ખોટા બીમારીના પત્ર લખી દેશમાં બોલાવી લીધા. તે દેશમાં આવ્યાને કહ્યું, આ શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પ્રગટ ભગવાન છે અને આપણે તેના જૂનાગઢ દર્શન કરવા જવાનું છે. આમ અમે જૂનાગઢ આવ્યા ત્યારે મને કહ્યું કે, તારે ભગવાનના દર્શન કરવા છે એટલે મહારાજ પ્રદક્ષિણા કરતા હતા અને ભગતે બતાવ્યા કે આ મહારાજ ભગવાન છે પણ એ વાત મને મનાઈ નહીં.

અમે દેશમાં આવ્યા અને ભગતને પાછા દુબઈ જવાનું હતું. એટલે મને મનમાં થયું આ ભગવાન ભગવાન કહે છે પણ જો ભગવાન હોય તો મને માણકી ઘોડી ઉપર બેઠેલા દર્શન થાય ત્યારે રાત્રે તે પ્રમાણે ચિન્હવાળી મૂર્તિમાં મને દર્શન થયા પછી મહારાજ અદૃશ્ય થઈ ગયા. પછી બે વખત સંકલ્પ કર્યો બે વખત મહારાજના દર્શન થયા. એટલે ભગવાનો નિશ્ચય પાકો થયો. પછી તો દુબઈથી ટપાલ આવી મહારાજની આઠમ ઉજવજો તે અમોએ સૌ ભેગા મળી આઠમ ઉજવી. ત્યારે મહારાજે પ્રસાદીપત્રમાં આશીર્વાદ આપ્યા.

ત્યારબાદ એક વખત હેમંતભગત અમારે ઘરે આવ્યા ત્યારે મેં હેમંતભગત પાસે માફી માંગી. હું ભગવાન ઓળખતી નહોતી ત્યારે તમારે વિશે ઘણું આડું-અવળું બોલી છું તો મને ક્ષમા કરજો પછી હેમંતભગતે મહારાજના ઐશ્વર્ય, પરચાની ઘણી વાતો કરી. મહારાજનો આવો મહિમા જાણી હું મહારાજનું સ્મરણ કરતી ત્યારે એ વર્ષમાં હું સાત વખત મારા નાના નાના બાળકોને જૂનાગઢ લઈ જતી અને મહારાજના દર્શન કરી પાછી આવતી.

એક વખત મને થયું કે આજે મહારાજના દર્શન કરીને જ અહીંથી ઉઠવું છે. એટલે હું જૂનાગઢ મંદિરના ઓટલે બેઠી હતી. ત્યાં દોઢ-બે કલાક બેઠી ત્યારે મહારાજ ત્યાંથી નીકળ્યા અને આશીર્વાદ દેતા દેતા આગળ નીકળી ગયા.એક વખત મારા છોકરા સાથે રૂ.૨૫ દઈ અને બીજા સાથે બેન હતા તેના રૂ.૨૫ દઈ મહારાજ પાસે મોકલ્યો ત્યારે મહારાજે કહ્યું,

આમાં તમારા પૈસા ક્યા ને તમારી સાથે આવ્યા તેના રૂપિયા ક્યાં ? તે મને મારો છોકરો પૂછવા આવ્યો. એટલે મેં કહ્યું, આ આપણાં ને આ પાડોશીના. આમ મહારાજની સેવા દર્શનનો લાભ મળ્યો.

એક વખત હું જૂનાગઢ દર્શન કરવા ગઈ ત્યારે મને થયું સૌ ભક્તોને સેવાનો લાભ મળે છે તો મને પણ સેવા આપો નહિંતર મહારાજ હું અહીંથી જઈશ નહિં. આમ સંકલ્પ કર્યો ત્યારે મહારાજે દિવ્યરૂપ ધરી મનનાં મનોરથ પૂરા કર્યા. આવા પ્રગટ ભગવાન છે, જ્યારે જ્યારે સંભાર્યા ત્યારે ત્યારે દર્શન આપ્યા છે, રક્ષા કરી છે.

એક વખત જ્યારે મહારાજ ધામમાં ગયા ત્યારે એ જાણીને કેમે કરી ચેન ના પડે અને રોઈ રોઈને દિવસ કાઢ્યો. રાત્રે પણ હું રોતી રોતી પથારીમાં પડી હતી ત્યારે મહારાજે દર્શન દીધા અને કહે હું ક્યાંય ગયો નથી. હું મારા ભક્તો ભેળો જ છું, તું કિર્તન બનાવ. એટલે મેં તે જ રાત્રે કાગળ-પેન લઈને કિર્તન બનાવવા બેઠી ત્યાં પહેલું કિર્તન : ''શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી હો પ્રેમથી પધારજો'' અને બીજું કિર્તન : ''હારે સુખ આપ્યા પ્રગટે દુઃખ કાપ્યા.'' આવા બે કિર્તનો બનાવ્યા તેથી મહારાજ બહુ રાજી થયા આમ કિર્તનો ઘણાં બનાવ્યાં છે. એમાંથી અમુક કિર્તનો મહારાજ વાંચીને ઘણાં રાજી થયા છે જે કિર્તનોમાં છેલ્લે રાધાનું નામ આવે છે તે કિર્તનો મારા બનાવેલા છે.

એક વખત મને એવો વિચાર આવ્યો કે મહારાજ કેવી રીતે બાળપણમાં ભગવાન તરીકે રહ્યા હશે ? ત્યારે મને એવા દર્શન થયા કે, કુંકાવાવમાં એક મોટો વડ હતો ત્યાં છોકરાઓ રમતા હતા એમાં મહારાજે ખાખી ચડ્ડી અને બુસ્કોટ પહેર્યો હતો આવા દર્શન થયા.

એક વખત મારા મોટા બાપાનું ઘર મંડાવવા એક છોકરી સાથે નક્કી થયું હતું પણ છોકરી ભાગી ગઈ ત્યારે ઘણાં કહેતા આ છોકરીથી છૂટું કરવામાં તમારું ઘરબાર વહેંચાઈ જશે. ત્યારે પ્રગટ ભગવાનને પ્રાર્થના કરી અને ભગવાન પાસે નારિયેળ મૂક્યું ત્યારે બે કલાકમાં નારિયેળ ફૂટી ગયું. આમ આખો મહિનો દરરોજ નારિયેળ રાખું ને બે કલાકમાં નારિયેળ ફૂટી જાય. આમ ૩૦ દિવસ નારિયેળ ફૂટયાં. આમ પ્રગટ ભગવાનની કૃપાથી તે એક મહિનામાં સામે ચાલીને આવ્યા અને સંબંધ છૂટો કરી ગયા, આમ ભગવાને રક્ષા કરી.

આમ જ્યારે જ્યાં જરૂર પડે ત્યાં ભગવાન આપણી રક્ષા કરે છે, જરૂર જણાય ત્યાં દર્શન પણ આપે છે અને પરચા પૂરે છે.

મારા એક દિયર દયાળજીભાઈ છે. તેને મગજમાં તકલીફ એટલે બહું તોફાન કરે અને નુકસાન કરે અને ગાંડપણ વધારે. ત્યારે મને થયું કે, આ મારા દિયરનું સારું થાય. એટલે જૂનાગઢ મહારાજ પાસે લઈ જવા વિચાર્યું. ત્યારે ચાવડાના ટપુલાલભગત અને મારા સાસુ, મારો દિયર અને મારા કાકાજી સસરા અમે જૂનાગઢ આવ્યા. ટપુલાલભગતને કહ્યું, મહારાજને અમારા વતી કહેશો આને સારું કરી દિયે. એટલે મહારાજ કહે, આના પૂર્વના કર્મ એવા છે તે એમને ભોગવવા પડશે. એટલે મહારાજ કહે, આ મા-દિકરો સૂરત જશે ને તો ત્યાં ભજન કરવા નહીં દિયે. આટલું મહારાજ બોલ્યા ત્યારે બીજા દિવસે સવારની આરતીમાં અમે ગયા ત્યાંથી આ મારો દેર ભાગી ગયો. એટલે મને થયું હવે હું કુટુંબને તથા મારા સાસુ તેને શું જવાબ આપું. ત્યાં મહારાજને કહેવરાવ્યું. મહારાજ કહે, તે જયાં છે ત્યાં સુખી છે. તમે કહો તેને બાલંભા મોકલું કે સૂરત. એટલે મેં કહેવરાવ્યું મહારાજ હવે એ તમારે જે કરવું હોય તે તમે જ કરજો. આમ મારા સાસુ, કાકા વાત જાણીને બાલંભા ગયા, હું એક દિવસ રોકાઈ અને સૂરત ગઈ. આમ મહારાજે મારી રક્ષા કરી.

સૂરત પ્રગટ ભગવાનનું ભજન કરવામાં કોઈ માયા નડી નહીં. પ્રગટ ભગવાન હાજરા હજુર વર્તતા હતા. એક વખત અમારી બાજુમાં રાંદેરમાં ખોજા કુટુંબ રહે. તેને મહારાજનો ગુણભાવ. તેથી અવારનવાર લાલજી મહારાજના દર્શન કરવા આવે ત્યારે એણે મહારાજની માનતા રાખી મારા ઘરે પારણું બંધાય ત્યારે પ્રગટ ભગવાનની કૃપાથી તેમને સારા દિવસો દેખાયા અને સમય નજીક આવ્યો, હોસ્પિટલ લઈ ગયા ત્યારે ડીલિવરી થવામાં તકલીફ પડવા લાગી ત્યારે આ બેને પ્રગટ ભગવાનને સંભાર્યા ત્યારે મહારાજે દર્શન આપ્યા અને તેના માથા પાસે આવી આશીર્વાદ આપ્યા ત્યારે ડીલિવરી થઈ તો બે જોડિયા બાળકોને જન્મ થયો. આમ પ્રગટ ભગવાનની કૃપાથી ઘણા હેતસ્વી ભક્તોને દર્શન, પરચા, ચમત્કાર આપી શરણે લીધા છે.

પરચા નં.
૬૫.

## અનાદિ મુક્તરાજ શાંતિલાલભગત પ્રાગજીભગત વાઘેલા
### ગામ : શેખવડાળા, હાલ-રાજકોટ

**જૂનાગઢ** સ્વામિનારાયણ મંદિરનાં સંતો મહારાજ સાથે અમારા ગામમાં સત્સંગ કરવા આવેલાં. શેખવડાળા ગામમાં એક હરિમંદિર છે. જે જૂનાગઢનાં રૂગનાથચરણ સ્વામીએ બનાવેલ છે. જેમાં મહારાજ એક મહિનો રોકાયાં. એ મંદિરમાં સ્નાનવિધિ માટે બાથરૂમ ન હોવાથી મહારાજ ત્યાંથી અડધો કિ.મિ. દૂર કડવા પટેલ દેવાબાપા ટીલવાને ત્યાં સ્નાનવિધિ માટે જતાં. તે વખતે મહારાજની સાથે ગામનાં આગેવાન ભક્તો તેમજ હું પણ મહારાજની સેવામાં રહેતો ત્યારે મારી ઉંમર ૧૩ વર્ષની હતી અને હું ૭માં ધોરણમાં ભણતો હતો.

એકવાર ત્યાં મહારાજ સંતમંડળ સાથે સ્નાનવિધિથી પરવારી ગાડામાં બેસી આગળ જવા નીકળ્યા ત્યારે રસ્તામાં એક કૂતરું મૃત્યુ પામેલું પડ્યું હતું. એટલે હરિભક્તે મહારાજને કહ્યું કે, આગળનો રસ્તો સાંકડો છે અને રસ્તામાં કૂતરું મરેલું પડ્યું છે માટે આપણે અહીંથી ગાડું પાછું વાળી બીજા રસ્તેથી જવું પડશે. ત્યારે મહારાજની સાથે હેમંતભગત હતાં એટલે મહારાજે તેમને કહ્યું કે, આપણે ન્હાવા માટે લોટો લીધો હતો તેમાં પાણી છે ? હેમંતભગતે કહ્યું, 'હા મહારાજ પાણી છે.' પછી મહારાજે એ લોટો હાથમાં લઈ ગાડામાંથી નીચે ઉતરી તે મૃત્યુ પામેલા કૂતરા પાસે ઊભા રહી પોતાનાં જમણાં હાથમાં પાણી રાખી મંત્ર બોલી જ્યાં કૂતરાં પર છાંટ્યું ત્યાં તો બધાને દેખતાં તે કૂતરું સજીવન થયું અને ઊભું થઈ રસ્તામાં આગળ ચાલવા લાગ્યું. ભગવાન સિવાય આવું કાર્ય કોણ કરી શકે ? ત્યારે મહારાજનો ભગવાનપણાંનો નિશ્ચય ન હતો થયો પણ કોઈ મહાન સંત તો છે જ એવું હૃદયમાં દૃઢ થયું.

મેં મારું પ્રાથમિક શિક્ષણ શેખવડાળામાં પૂર્ણ કર્યું ત્યારબાદ આગળનાં અભ્યાસ માટે હું ધોરાજી ગયો અને ત્યાં કાંતિલાલ ભગત ગોહેલને ત્યાં રહી મેં શાળાનો અભ્યાસ ચાલુ કર્યો. ત્યારે હેમંતભગતનો પરિવાર પણ ધોરાજીમાં રહેતો હતો. હેમંતભગતનાં ભાઈ ભગવાનજી ભાઈનાં ઘરમાં અનાજ દળવાની ઘંટીનો વ્યવસાય હતો અને મારે પણ અનાજ દળવાની ઘંટી હતી. મારા બેન મંજુબેન કોઈ કામ હોય તો મને ત્યાં હેમંતભગતને ઘેર મોકલતા. ત્યાં મને હેમંતભગતના મોટા અને નાના બેન પ્રભાબેન અને પાર્વતીબેન તેમજ ભગવાનજી ભગત અને મારા બેન મંજુબેન દ્વારા પણ મહારાજની ભગવાપણાંની વિદ્વતાની તેમજ પ્રગટપણાંની ઘણી બધી જ્ઞાનની વાતો જાણવા મળતી હતી.

સ્કૂલની રજાનાં દિવસોમાં હું જૂનાગઢ મહારાજનાં દર્શન કરવા જતો. મહારાજનું સંત મંડળ અમારા ગામમાં ઘણીવાર સત્સંગ માટે આવતું હોવાથી મને સારી રીતે ઓળખતું અને સૌનો મારી પર ખૂબ જ રાજીપો પણ હતો. હું મહારાજનાં રૂમમાં ગયો મેં મહારાજને બોરસલીનો હાર પહેરાવી દંડવત્ કર્યાં. મહારાજે રાજી થઈ મુમુક્ષુ જાણી મને પોતાનાં હાથ પગ દબાવવાની સેવાનો લાભ આપ્યો. ઘણીવાર સુધી સેવા કર્યા બાદ મહારાજે મને કહ્યું, જો સામે કબાટમાં સામુદ્રિક શાસ્ત્ર પડ્યું છે તે અહીંયા લેતો આવ. મેં મહારાજને તે શાસ્ત્ર હાથમાં આપ્યું. મહારાજે એ શાસ્ત્રમાંથી ભગવાનપણાંનાં ચિન્હોનાં વર્ણનનો અધ્યાય વાંચી સંભળાવ્યો અને એ જ ચિન્હોનાં વર્ણન પ્રમાણે જ મહારાજે પોતાના હાથ-પગમાં ચિન્હોના સાક્ષાત્ દર્શન કરાવ્યાં ત્યારબાદ મહારાજે મારી સામે જોઈને કહ્યું કે, હવે તારે નક્કી કરવાનું છે કે, હું કોણ છું ? આમ શાસ્ત્રોક્ત રીતે મહારાજે પોતાના ભગવાનપણાંનું કાર્યનું જ્ઞાન આપ્યું.

ત્યારબાદ મહારાજે મને ધોરાજીમાં રહેલો એ હેમંતભગતનો પરિવાર પરમધામમાંથી મારી સેવા અર્થે આ લોકમાં આવેલો મારો ભાગવત પરિવાર છે. તે રહસ્ય પણ જણાવ્યું અને મને અખિલ ભૂમંડલીય અને શિક્ષાપત્રી કિરણાવલી આ બે શાસ્ત્રો પણ પ્રસાદીનાં આપ્યાં અને ખૂબ ભણી જીવનમાં આગળ વધવાનાં આશિર્વાદ આપ્યાં. એ સમયે સ્કૂલમાં હું એક મારી પર્સનલ ડાયરી રાખતો તેમાં મેં સમય, તારીખવાર, તિથિ આ બધી નોંધ સાથે લખેલું કે, આ રીતે મને પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણની પરિપૂર્ણ ઓળખાણ થઈ હતી.

ઈ.સ. ૧૯૭૯માં અભ્યાસ પૂર્ણ કરી હું રાજકોટ પોલીસમાં નોકરી કરતો. એ સમયમાં શેખવડાળામાં મારા દાદીમાં ધામમાં ગયા એમનાં પાણીઢોળ પ્રસંગે મારે શેખવડાળા જવાનું થયું તે વખતે ચોમાસાની સિઝન હતી. સતત ચાર દિવસ સુધી વરસાદ ચાલુ હતો. ત્યારે ધોરાજીથી અમારા મંજુબેન તેના ચાર વર્ષનાં દિકરા ઉમેશને લઈ શેખવડાળા આવ્યાં હતાં. દાદીમાંની ક્રિયા પૂર્ણ થયા બાદ મને મંજુબેને કહ્યું કે, હવે મારે ધોરાજી પરત જલ્દી જવું છે. કારણ કે, તારા બનેવી ત્યાં એકલાં છે. એમને રસોઈ કે ઘરનું કામકાજ ફાવતું નથી. માટે હું સમયસર પહોંચી જાવ. પણ આ વરસાદ સતત ચાલુ છે તો કઈ રીતે ધોરાજી જાવ ? એટલે મેં બેનને તરત કહ્યું કે, તમે મહારાજનાં એકાંતિક ભક્ત છો માટે માળા કરી મહારાજને પ્રાર્થના કરો તો વરસાદ થોડો રોકાય જાય અને તમે નિર્વિઘ્ને ધોરાજી પહોંચી જાવ.

મારી વાત સાંભળી તરત જ મંજુબેને માળા કરી મહારાજને પ્રાર્થના કરી ત્યાં તો

મહા આશ્ચર્ય સાથે સતત ચાર દિવસથી વરસતો વરસાદ ધીમો પડ્યો. બાદમાં હું મારા પિતાશ્રી અને મંજુબેન તેનાં ઉમેશને તેડી શેખવડાળાથી ચાલતાં ચાલતાં કોઈ વાહન ન મળતાં ધીરે ધીરે ત્રણ કલાકે જામજોધપુર પહોંચ્યાં. રસ્તામાં અમારાથી થોડા થોડા અંતરે આગળ પાછળ વરસાદ થોડો ચાલુ હતો. પણ અમને કોઈ પ્રકારની હાની ન થવા દેતો. આ રીતે અમે મહારાજની કૃપાથી ચમત્કારિક રીતે રસ્તામાં આવતી નદીઓનાં પૂરથી બચીને પણ જામજોધપુર પહોંચી ગયા. એ સમયમાં જ મોરબીમાં અતિ વરસાદથી ડેમ તૂટવાથી ખૂબ જ મોટી જાનહાની થઈ હતી. પછી તો જામજોધપુરથી બેનને ધોરાજીની બસમાં બેસાડી હું અને બાપુજી શેખવડાળાં પરત આવ્યા. અંદાજે ૧૭ કિ.મિ. સુધી અમે ચાલ્યા પણ છતાંય અમને કોઈ થાક પણ ન લાગ્યો.

સમય જતાં મહારાજની ઈચ્છાથી હેમંતભગતના બેન સગુણાબેન સાથે લગ્ન થયા. મહારાજે હયાતીમાં શ્રીહરિશરણાગતિ મંડળની સ્થાપના કરી અને ફુલવાડી પરમધામ મંદિરનું નિર્માણકાર્ય ચાલું કરાવ્યું હતું. તેનું મને કોઈ પણ પ્રકારનું જ્ઞાન ન હતું, પરંતુ જ્યારે મહારાજ સ્વધામ સિધાવ્યાં ત્યાર બાદ હેમંતભગત જૂનાગઢ છોડી ફૂલવાડી મંદિરમાં કાર્ય માટે જામવંથલી આવ્યાં હતાં. ત્યારે મારે અવારનવાર હેમંતભગતને મળવા જવાનું થતું જેથી મંડળનાં મોટા ભક્તો પણ મારાથી પરિચિત થયાં. મને મહારાજનો કૃપાપાત્ર અને સેવાભાવિ ભક્ત જાણી ફુલવાડી ટ્રસ્ટનાં પ્રથમ પ્રમુખ કરસનબાપાનાં કહેવાથી ઈ.સ. ૨૦૦૩ની સાલમાં વેલજીભગતે મને એ ટ્રસ્ટમાં ટ્રસ્ટીનું પદ સોંપ્યું હતું.

આ રીતે મને વર્ષો સુધી મહારાજની, હેમંતભગતની, કુંકાવાવ તથા ફુલવાડી મંદિરની તેમજ અનાદિ મુક્ત ભક્તોની તન, મન, ધનથી જે સેવાનો લાભ મળ્યો છે તેથી હું મારા જીવનને મોક્ષભાગી અને ધન્યભાગી માનું છું.



પરચા નં.
૬૬.

## અનાદિ મુક્તરાજ કાન્તિલાલભગત ઘનજીભાઈ ગોહેલ
### ગામ : ધોરાજી

**મહારાજ** જૂનાગઢ બિરાજતા હતા ત્યારે હું ધોરાજીથી મહારાજના દર્શન કરવા ગયો. ત્યારે મને પેટમાં બહું દુઃખાવો થતો તો મહારાજ કહે સૂઈ જા અને મહારાજે પેટ પર પગ મૂક્યો ને કહે જા હવે ક્યારેય નહીં દુઃખે.

એક વખત અમે જૂનાગઢ ગયા ત્યારે મહારાજના દર્શન કર્યા. મહારાજ કહે, આપણે નારાયણધરે જવાનું છે. મેં કહ્યું, હાલો મહારાજ એટલે હું ને મહારાજ ચાલતા નારાયણધરે ગયા. મહારાજે ગોપીયુંને પહેલાં ત્યાં મોકલાવી હતી ને અમે નારાયણધરે ક્યારે પહોંચી ગયા ખબરેય ન પડી. ત્યાં સૌ ગોપીયું એ મહારાજને નવડાવ્યા અને હું દર્શન કરતો હતો. આમ મહારાજે સ્નાન કરી લીધું એટલે મહારાજ ગોપીયુંને કહે, હવે તમેય જાઓ ને અમેય જઈએ. આ ભીના વસ્ત્ર રસ્તામાં સૂકાઈ જશે. અમે વળતા થયા ત્યાં અશોકનો શીલાલેખ આવ્યો ત્યારે મહારાજે થોડું થોડું વાંચ્યું તેમ ત્યાંથી આગળ ચાલતા થયા ત્યાં એક મોટું જાડું ઝાડ બતાવી મહારાજે કહ્યું, આ પ્રસાદીનું ઝાડ છે.

મહારાજ ધોરાજી આવ્યાં ત્યારે અમે મહારાજની ચરણસેવા કરતા હતા. ત્યારે મહારાજ રાજી થઈ બોલ્યા, ભગત માંગો માંગો તમને મોટર, બંગલા આપું કે સોનાનાં હિંડોળે ઝુલાવું કે ગામનો નગરશેઠ બનાવું, બોલો ભગત શું જોઈએ ? મેં મહારાજને કહ્યું, મહારાજ તમારા ચરણની રજ-સેવા અને ભક્તિ આપો.

એક વખત હું જૂનાગઢમાં મહારાજની ચરણસેવા કરતો હતો ત્યારે મહારાજ બોલ્યા, હું ફૂલવાડી જઈ આવું એક ભગત પડી ગયા છે તેને ઊભો કરી આવું. આમ મહારાજ દિવ્ય સ્વરૂપે ભક્તોની રક્ષા કરતા હતા.

એક વખત મારા ઘરનાં ને પેરાલિસીસ થઈ ગયું ત્યારે મહારાજને પ્રાર્થના કરી અને મહારાજનો મંત્ર બોલતા બોલતા તેના પડખાં પર હાથ ફેરવતાં ફેરવતાં રાત પૂરી નીકળી ગઈ ને સવારે જોયું તો એમને પેરાલિસીસ મટી ગયું હતું. આમ મહારાજે અમારી રક્ષા કરી હતી. હું અવારનવાર ધોરાજીથી ફૂલનો હાર બનાવી જૂનાગઢ મહારાજના દર્શને જતો પહેરાવતો અને રસોઈ પણ આપી મહારાજને રાજી કરતો.

આમ કાંતિલાલભગતનો સ્વભાવ નિર્મળ, ભોળા અને ભક્તોને જોઈ રાજી રાજી થાય. તેમ મહારાજના વિશ્વાસુ એકાન્તિક સંત છે. મંજુબેન પૂર્વના ભગવાનના યોગની ઈચ્છાવાળા તે અવતારી પુરુષોત્તમ નારાયણ અનાદિ શ્રીકૃષ્ણનાાયણ ભગવાને કૃપા કરી તેમના સર્વ સંકલ્પ પૂર્ણ કર્યા છે. તેમના પુત્ર પરિવાર તે ભગવાનના ધામના મુક્તો પધાર્યા છે. આમ ભગવાનનો રાજીપો લેવાવાળું દિવ્ય કુટુંબ છે. તેમજ મહારાજનું સદા આઠે પહોર ભજન કરાવવાળા જેથી ભગવાન તેના ભેળા જ છે અને હેમંતભગત, ભગવાનજીભગત, પાર્વતીબેન, પ્રભાબેન, લીલાબેન (લંડનવાળા), મંજુબેન એમ ધોરાજી મંડળ તે મહારાજના અંગત ભક્તો-મુક્તો હોય એવી સમજણયુક્ત ભગવાનની સેવા ભક્તિ કરે છે. જે દેહ મૂકીને ધામમાં ભગવાનને પામવા હતા તે આ છતે દેહે ભગવાન પામ્યા છે અને ઘરને પરમધામ બનાવ્યું છે. પોતે ભગવાનને રાજી કર્યા છે અને બીજાને ભગવાનનો રાજીપો અપાવી રહ્યા છે. એવા પ્રગટ ભગવાન અને પ્રગટ ભગવાનના સંતો સદા જય પામો.

## મંજુબેન કાન્તિલાલભગત ગોહેલ, ગામ : ધોરાજી

મારી ઉંમર ૧૦ વર્ષની હતી ત્યારે અહીં ધોરાજીમાં હેમંતભગતના બેન પાર્વતીબેન, પ્રભાબેનનો સત્સંગ થવાથી મને પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણની ઓળખાણ થઈ.

મહારાજ ઘણી વખત ધોરાજી આવતા ત્યારે આ પ્રભાબેન, પાર્વતીબેન થકી મહારાજનાં દર્શન તેમજ ચરણસ્પર્શ થતા. ત્યારે આ પાર્વતીબેન, પ્રભાબેન થકી પ્રગટ ભગવાનને પરનારાયણરૂપે ઓળખ્યા. આમ ભગવાન પણ અમને વ્હાલથી બોલાવતા, પ્રસાદીઓ આપતા અને લટકા એવા કરતા કે આપણું મન સદા મહારાજને જ દેખે. આમ મહારાજમાં અતિ હેત થતું અને અમે મહારાજને બહુ સંભારતા.

એક વખત અમે જૂનાગઢ મહારાજના દર્શન કરવા પાર્વતીબેન, પ્રભાબેન, મંજુબેન સાથે ગયા હતા ત્યારે જૂનાગઢ રાત રોકાયા હતા. ત્યારે મહારાજે કહેવરાવ્યું કે હનુમાન, ગણપતિજી પાસે મોડેથી બેસજો. એટલે અમે મોડેથી ત્યાં બેઠા. અમારો બનાવેલો હાર મહારાજ પહેરીને લટાર મારતા મારતા માળા ફેરવતા અમારી બાજુ આવ્યા ત્યારે અમો એ ચરણસ્પર્શ કર્યા. મહારાજ બીજી પ્રદક્ષિણા ફરતા ફરતા આવ્યા ત્યારે મહારાજે પહેરેલો હાર

અમને આપ્યો અને ત્રીજી પ્રદક્ષિણા વખતે મહારાજ બોલ્યા હવે ઉતારે જાઓ. આમ દર્શન દેવા મહારાજ કોઈને કોઈ નિમિત્ત બનાવી ભક્તોને દર્શન આપતા.

એક વખત ધોરાજી લીલાબેનના ઘરે મહારાજ પધાર્યા હતા. ત્યારે પ્રભાબેન, પાર્વતીબેન, મોટા મંજુબેન, લીલાબેન તેના ઘરનાં સૌ અમે ૮-૯ જણાં હતા. ત્યારે મહારાજને બાજોઠ ઉપર બેસાડ્યા હતા અને અમે ફરતા બેઠા હતા. ત્યારે મહારાજ કહે, માંગો માંગો શું જોઈએ છે ? ત્યારે અમે ભણતા એટલે કહ્યું, મહારાજ અમને પાસ કરી દેજો. પછી મહારાજના કર ચરણોમાં ચિન્હોનાં દર્શન કર્યા.

એક વખત મહારાજ લીલાબેનના ઘરે આવ્યા અને અમે પણ ત્યાં બધાં ભેગાં થઈ ગયા. ત્યારે પાર્વતીબેન ભજીયા બનાવી મહારાજને જમાડતા ત્યારે મહારાજ કહેતા ભજીયા મોટી બેનના બનાવેલા છે. પછી અમે મહારાજ સાથે સત્સંગ-સેવા કરતા હતા. અમારા ભગત જ્યારે જ્યારે જૂનાગઢ જતા ત્યારે મહારાજ ધોરાજી મંડળ માટે પ્રસાદી મોકલાવતા.

ધોરાજીમાં હેમંતભગતના ઘરનાં ફળિયામાં ચંપાનું ઝાડ હતું તે ચંપાના ફુલનો હાર બનાવી પાર્વતીબેન દરરોજ ઘરે મહારાજને હાર બનાવી ધરાવતા. સમય જતા ભગવાનજી ભગતને જૂનાગઢ રહેવા જતા રહ્યા અને આ મકાન રેવા શંકરભાઈને વેચી દીધું એટલે આ ચંપો જગ્યા રોકતો હતો તેથી રેવા શંકરભાઈએ ચંપો કાપવાનું નક્કી કર્યું ત્યારે ચંપો કાપવા ગયા તો ચંપામાંથી અવાજ આવતો હે શ્વેતાયન... હે શ્વેતાયન... એમ આ ચંપો પણ ભગવાનનો ભક્ત હતો.

એક વખત અમારે ત્રણે સાસુ-વહુ ને જૂનાગઢ નારાયણધરે દર્શન કરવા જવું હતું ને વળી એમ થયું કે,આપણે એકલા ક્યાં નારાયણધરે જવું હાલો દામોદર કુંડ જઈએ. ત્યાં વરસાદ ચાલુ થયો તે હું બંને વહુની ચિંતા કર્યા વગર નારાયણધરે હાલતી થઈ અને નારાયણધરાનાં દર્શન કરી ચરણામૃત લીધું ત્યાં એક સફેદ કપડાં પહેરેલા વ્યક્તિ બેઠા હતા. તો મને મનમાં થયું મહારાજ બેઠા હશે કે શું ને બીજે દિવસે મહારાજે સ્વપનમાં દર્શન દઈને કહ્યું કે, તું એકલી ત્યાં નારાયણધરે ગઈ હતી. મને ચિંતા થઈ એટલે મેં હનુમાનજીને મોકલ્યા હતા.

ઘણી વખત હેમંતભગત ધોરાજી પધારતા ત્યારે ભગવાનની કથાઓ કરતા અને હેમંતભગતના મુખારવિંદ સામું જોઈએ તો તેજનાં ચક્રનાં તેની ચારેબાજુ દર્શન થતા.

એક વખત અમારા આ દિકરાઓને લઈ તેના પપ્પા મહારાજ પાસે દર્શન કરાવવા તેડી ગયા. ત્યાં રસ્તામાં રમકડાવાળો બેઠો હતો. છોકરાઓએ કજિયો કર્યો. એક કહે દુરબીન લેવું છે, બીજો કહે ચશ્મા લેવા છે. ત્યારે મેં કહ્યું, મહારાજના દર્શન કરીને પછી લઈ આપીશ. મહારાજ પાસે દર્શન કરવા ગયા ત્યાં બંનેને સામેથી મહારાજે ચશ્મા અને દુરબીન આપ્યા જે પ્રસાદી આજેય છે.

મહારાજે કૃપા કરી પ્રસાદીની વસ્તુઓ ઘણી આપી છે. મહારાજે ભગતને બોલાવીને લાલજી મહારાજ પણ આપ્યા છે. આ લાલજી મહારાજને બ્રાહ્મણો પાસે મંત્રો બોલાવીને ઘરે અમે પધામણી કરી છે.

આમ મહારાજે મને મારી નાની ઉંમરમાં જ ઓળખાણ કરાવી કે પોતે ભગવાન છે. એવા દર્શનો આપ્યા અને મારા બા-બાપુજી અને ઘરનાં સૌને મહારાજની ઓળખાણ થઈ અને મારા બાપુજી ધામમાં ગયા તે મારા મોટાબેનને રાજકોટમાં દર્શન થયા કે, મહારાજ સાથે બાપુજી આકાશમાર્ગે જાય છે.

અમે જૂનાગઢ ગુરૂપૂર્ણિમા જન્મજયંતિના દિવસે ખાસ જતાં ત્યારે મહારાજનાં મુખારવિંદનું તેજ બહુ જ દેખાતું અને તે દિવસે બહું જ આનંદ થતો.

પરચા નં.
૬૭.

## અનાદિ મુક્તરાજ પ્રવિણભગત મોહનભગત ચૌહાણ
### ગામ : જામવંથલી, હાલ- પૂના

**મહારાજ** વંથલી અમારે ઘેર આવ્યા હતા ત્યારે છ વરસની ઉંમરમાં મહારાજે મને કંઠી બાંધી હતી. ત્યારે સમય જતા કામકાજ અર્થે અમે મુંબઈ રહેવા ગયા હતા. સમય જતાં જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરમાં શ્રી રાધારમણદેવનો ૧૫૦ વર્ષનો પાટોત્સવ આવ્યો ત્યારે હું અને મારો ભાઈ બાબુભાઈ અમે જૂનાગઢ ગયા. ત્યાં સભામંડપમાં મહારાજ બિરાજમાન હતા અને સ્વામિનારાયણ, સ્વામિનારાયણ ધૂન બોલાતી હતી ત્યારે હું સભામંડપમાં ધૂન બોલતો હતો. ત્યાં મેં વિચાર્યું કે, ભગવાનને કેમ ઓળખવા ? મહારાજ ચમત્કારી છે, મોટા છે, બધા ભગવાન કહે છે આમ ઘણો વિચાર કરી પછી વિચાર્યું કે જો મહારાજ ભગવાન હશે તો એ જ સામેથી મને કહેશે. ત્યારે આ ધૂનમાં મારી અને મહારાજની નજર એક થઈ ને મને એકલું તેજ તેજ દેખાયું વળી તેજ અને મોટી મહાસભા દેખાઈ વળી એકલા મહારાજ જ દેખયા. આમ મહાતેજ દેખાય, વળી મહાસભા દેખાઈ, વળી એકલા મહારાજ દેખાય. આમ ધૂન પૂરી થઈ ત્યાં સુધી દર્શન થયા. ધૂન પૂરી થઈ એટલે બધા ઉઠીને જમવા જતા હતા. અમે પણ ઊભા થયા. મેં અને ભાઈએ મહારાજને દંડવત્ કરી પ્રણામ કર્યા.

સભામંડપની બહાર ચોકમાં લાઈટો ગોઠવી હતી ત્યાં અમે ઊભા હતા ત્યાં મહારાજ આવ્યા અને આ લાઈટો ચાલુ હતી ત્યારે મહારાજ બોલ્યા આ અનંતકોટી બ્રહ્માંડોના અજવાળાં મારે લઈને થાય છે. મહારાજે ૧૫૦ વર્ષના પાટોત્સવમાં મને બીજા દિવસે કર-ચરણમાં ચિન્હોના દર્શન કરાવ્યા ત્યારે મહારાજ બોલ્યા કે, દેખાય તો જ હા પાડજે. મને દેખાતું નહોતું પણ મહારાજ ભગવાન છે એ વિશ્વાસ થઈ ગયો એટલે મેં હા પાડી. ત્યાર પછી ચરણોમાં હાથ ફેરવતા ફેરવતા જરા ઉપસેલું દેખાયું એટલે મેં મહારાજને પૂછ્યું, મહારાજ આ શું છે ? ત્યારે મહારાજ કહે, એને ગૌપદ કહેવાય. આ મને યાદ રહી ગયું પછી બીજીવાર દર્શન કરવા ગયા ત્યારે મહારાજે બધા ચિન્હોના દર્શન કરાવ્યા હતા. એટલે પછી મેં ચિન્હોના વર્ણનનાં કિર્તનો તૈયાર કર્યા.

હું પહેલીવાર મસ્કત ગયો ત્યારે સંકલ્પ એવો કરેલો કે, પહેલો પગાર મહારાજને આપવો. ત્યારે અમારી કંપની નબળી માંડ માંડ હજાર-બારસોનું કામ થાય એટલે સંકલ્પની સેવા ન કરી શક્યો. ત્યારે મહારાજનો પત્ર આવ્યો એમાં લખ્યું હતું કે નવો દેશ, નવો

દિવસ, ભગવાનને રાજી કરવાનો દિવસ, નવો સંકલ્પ, નવું કામ આમ મહારાજે અનુસંધાન આપ્યું પણ આપણે એમાં ખરા ન ઉતર્યા. પછી મહારાજે એક પત્રમાં લખ્યું રૂપિયા ૧૧૦૦ની સેવા કરવાની છે ત્યારે મારા ભાઈએ અમે બે વચ્ચે ૧૧૦૦ની સેવા કરી પછી અમે છૂટ્ટીમાં દેશમાં આવ્યા ત્યારે જૂનાગઢ મહારાજના દર્શન કરવા ગયા ત્યારે મહારાજે પૂછ્યું, હવે ફરી દુબઈ જાવું છે. પણ અમે આ કંપનીના અનુભવે ના પાડી કે નથી જાવું. મહારાજે બીજીવાર પૂછ્યું તો'ય ના પાડી, મહારાજે ત્રીજીવાર પૂછ્યું તો'ય મારાથી હા ન થઈ પછી અમે મુંબઈ કાંદીવલીમાં રહેતા ત્યારે ભક્તોએ ઘણું કહ્યું કે, વિદેશ જવાનું કરો. એટલે મેં બધી વાત કરી. ભક્તો કહે, બધી કંપની એવી ન હોય એટલે મેં મહારાજને પત્ર લખ્યો. મહારાજ તમારી આજ્ઞા હોય તો હું વિદેશ જાઉં ! મહારાજનો પત્ર આવ્યો કે, જાઓ તમારું જવાનું જલ્દી થઈ જશે. પછી મારી ટિકિટ આવી ગઈ. હું સમયસર પહોંચી ગયો પણ હું બીજી લાઈનમાં ઊભો એટલે પ્લેન ઉપડી ગયું એટલે મેં એજન્ટને વાત કરી તો એમણે આ ટિકિટ કેન્સલ કરાવી, બીજી ટિકિટ બનાવડાવી. પછી ત્રીજી વાર વિદેશ જવાનું થયું ત્યાં કંપની તો ઠીક ઠીક હતી, પરંતુ ત્યાં કથા-વાર્તા, ભજન બહું થયું. મોટા મોટા ભક્તોનો યોગ થયો. સમજણ સાચી થઈ. એમ મહારાજે આપણને બધી રીતે પોતાના ગણી લાભો આપ્યા છે અને આપણે સર્વપ્રકારે સેવા સ્વીકારી છે, ક્યારેય પણ સેવાને ઓછી નથી માની. મહારાજે આપણને તૃપ્ત કર્યા છે. મહારાજે અમારા કુટુંબની બહુ સંભાળ રાખી છે.

એકવાર મને દુબઈમાં મહારાજે દર્શન આપ્યા ને કહે, હાલ તને ધામમાં લઈ જવો છે. મેં કહ્યું, ચાલો મહારાજ. એટલે મહારાજ કહે, થોડીવાર થોભ. હું આવું છું. થોડીવાર પછી મહારાજ આવ્યા અને મને કહ્યું, તને અહીં શું વાંધો છે ? મેં કહ્યું, મહારાજ અહીં ભક્તોનો યોગ, ભજન, સત્સંગ થાય છે માટે મને તો અહીં કોઈ વાંધો નથી. તો મહારાજ કહે, તો અહીંયા જ રહો. આમ કહી અદૃશ્ય થયા. દુબઈમાં ભક્તોનો સમૂહ સારો હતો, સેવા પણ સારી થતી અને આનંદ પણ થતો અને ભજન, ભોજન પણ બહું થયું. ઘર ક્યારેય પણ યાદ આવ્યું નથી. હું દુબઈથી આવ્યો ત્યારે સાડી લેતો આવ્યો. મહારાજે એ સાડી પ્રસાદીની કરી આપી અને ચાંદીના બે સિક્કા કપાળે ચોંટાડીને આપ્યા. આમ મહારાજે ઘણાં લાડ લડાવ્યા છે. મહારાજની કૃપાથી સમયે સમયે ઘણા કિર્તનોની રચના પણ મેં કરી અને કુંકાવાવ, ફુલવાડી ધામમાં તન-મન-ધનથી યથાશક્તિ સેવાનો પણ લાભ લીધો છે.



પરચા નં. ૬૮.

## અનાદિ મુક્તરાજ પરષોત્તમભગત ડાહ્યાભગત મકવાણા
### ગામ : જામવંથલી, હાલ- નાસિક

**મારી** ઉંમર નાની હતી ત્યારે હું મારા માતુશ્રી સાથે જામનગર બજારે ઘરવપરાશનો જરૂરી સામાન લેવા જતા ત્યારે સ્વામિનારાયણ મંદિરમાં રોકાતા હતા. ત્યારે મહારાજ ઉપરના માળે રૂમમાં રહેતા અને ભક્તો આવે ત્યારે દર્શન આપવા લોબીમાં ઊભા રહી માળા ફેરવતાં એટલે બધા ભાઈ-બેનો દર્શન કરી લેતા અને મારા બા મને પ્રસાદીનું પાણી લેવાનું કહેતા એટલે હું મહારાજ પાસે જતો. મહારાજ અંગૂઠો બોળીને પાણી આપતા એ હું લાવતો.

એકવાર હું, મારા ઘરના અને મારા સાઢુભાઈની છોકરી સાથે અમે જૂનાગઢ મહારાજના દર્શન કરવા ગયા ત્યારે મહારાજે અમને ઉપરકોટ ફરવા જવાનું કહ્યું. ત્યારે પાછળથી મહારાજ તેમજ હેમંતભગત પણ ત્યાં આવ્યા ત્યારે ઉપરકોટમાં અમે જતા હતા ત્યારે મહારાજ એક જગ્યાએ ઊભા રહી ગયા ત્યારે સામેથી એક સંઘ આવતો હતો એ સંઘ નજીક આવ્યો એટલે દરેક નાના-મોટા, બાળ-બચ્ચા, ભાઈઓ-બેનો બધાએ મહારાજના ચરણસ્પર્શ કર્યા અને અમે ઉપર ગયા ત્યારે મહારાજે પોતાના દિવ્ય તેજોમય સ્વરૂપના દર્શન કરાવ્યા. એ દર્શન કરી અમે ધન્યતા અનુભવી. આવા દર્શન બહુ મોટા ભાગ્યશાળીને થાય. એકવાર અમારા માતુશ્રીની તબિયત બગડતી જાય એટલે અમે વિચાર્યું કે મહારાજને કહીએ કે, હવે અમારા બા ને ધામમાં લઈ જાવ. એવું નક્કી કર્યું અને બાને દ્રાક્ષ જમાડી તો બાને ત્યાં મહારાજ ધામમાં તેડી ગયા.

એકવાર હું જૂનાગઢ મહારાજના દર્શન કરવા ગયો ત્યારે મહારાજના ચરણ દાબતો હતો અને મહારાજ સત્સંગ કરતા હતા ત્યારે સવારે ચાર વાગી ગયા અને મહારાજે દિવ્ય દર્શન આપ્યાં. તેજોમય સ્વરૂપ, અનંતકોટી બ્રહ્માંડોના ધણી આજ મને પોતાનો રાજીપો વરસાવી દર્શન આપ્યાં. હું તો ધન્ય ધન્ય થઈ ગયો.

આમ પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણની કૃપાથી મને અનેકવાર મહારાજના દર્શન તેમજ સેવાનો લાભ મળ્યો છે અને મહારાજની કૃપાથી અમે ખૂબ સુખી છીએ અને સેવા-ભક્તિ કરી ધર્મમય જીવન પસાર કરીએ છીએ. તેમજ યથાશક્તિ મહારાજના કાર્યોમાં સેવાનો લાભ લઈ અમારા જીવનને વિશેષ ધન્યભાગી બનાવીએ છીએ.

પરચા નં.
૬૯.

## અનાદિ મુક્તરાજ ચંદુભગત કરસનભગત મનાણી
### ગામ : જામવંથલી, હાલ- પૂના

**મેં** જામવંથલીમાં મહારાજ પાસે કંઠી બંધાવી હતી. હું નવમું ધોરણ અધૂરું મૂકીને પૂના મોટાભાઈ પાસે કડિયા કામ શીખવા ગયો હતો. ત્યાં મોટા ભક્તો વેલજીભગત અને દયાળજીભગત, મોટાભાઈ મોહનભગત, તુલસીભગત. આ મોટા ભક્તોના સમાગમ થકી મહારાજની ઓળખાણ વધતી ગઈ. આ પહેલાં મહારાજનો મહિમા તો હતો. અમે નાના દસ-બાર વરસના હતા ત્યારે અમે ફૂલવાડી જતા અને ત્યાં ધૂન-ભજન કરતા. પહેલાં સ્વામિનારાયણ મંદિરમાં ધૂન-ભજન કરી પછી આ ફુલવાડીમાં ભજન કરતા ત્યારે ત્યાં એક ડેરી હતી એમાં ચરણારવિંદ પધરાવેલા હતા.

એકવાર મારા મધુબેને મને મહારાજ પાસે મોકલ્યો કે, કંઠી લેતો આવ. હું સ્વામિનારાયણ મંદિરે ગયો ત્યાં મહારાજ ઉપરના માળે ઢોલિયા પર બિરાજમાન હતા. મેં કહ્યું, મહારાજ મારા બેને કંઠી મંગાવી છે એટલે મહારાજ નીચે આવ્યા ને મને સાકરનો ગાંગડો આપી કહ્યું આ સાકરનો ગાંગડો ખાઈ જા ત્યારે ઘરે મારા બેનને પણ દર્શન આપ્યાં હતા ને મેં કંઠી લઈને મારા બેનને આપી ત્યાર પછી હું પૂના ગયો ને ત્યાં આ ભક્તોના રંગમાં રંગાઈ ગયો. ત્યાં હું કામ કરતો. મારા ભાઈને પંદર રૂપિયા હાજરી મળતી હતી અને મને બે રૂપિયા હાજરી મળતી ત્યારે મારા સોએક રૂપિયા ભેગા થયા હતા.

ઈ.સ. ૧૯૭૫માં કુંકાવાવમાં પાદરે મહારાજની મૂર્તિ પધરાવવાની હતી એટલે ત્યાં ઉત્સવ હતો ત્યારે મોટાભાઈ કહે તારે કુંકાવાવ આવવું છે તો તારા રૂપિયા તને આપું અને ન આવવું હોય તો તારા રૂપિયા બા-બાપુજીને આપી દઉં. ત્યારે મેં કહ્યું હું નથી આવતો એ રૂપિયા બા-બાપુજીને આપી દેજો. એમ કહી હું ઉત્સવ-સમૈયામાં ગયો નહીં અને એ રૂપિયા બાપુજીને આપ્યા ત્યારે કુંકાવાવના પાદરે ઉત્સવ હતો. ત્યારે અહીં પૂના મોટાભાઈના ઘરે જમીને ફુગેવાડી મંદિરે આગળની રૂમમાં નાની બેન અને રામજી જેઠા રહેતા હતા ને પાછલી રૂમમાં મંદિર હતું તે હું મંદિરમાં સૂતો. ત્યારે નવ વાગ્યા હશે ને મંદિરમાં સ્વામિનારાયણ ભગવાનની અને મહારાજના ચરણારવિંદની મૂર્તિ પધરાવી હતી. ત્યારે મંદિરમાં દિવાલ પર સ્વસ્તિક અને રાધાકૃષ્ણના દર્શન થયા ત્યારે મેં પાનીબેનને કહ્યું કે, તમને કાંઈ દેખાય છે ? એટલે પાનીબેન કહે- હા સ્વસ્તિક અને રાધાકૃષ્ણ દેખાય છે. પછી અડધી-પોણી કલાક થઈ

હશે ત્યાં દિવાલમાં લાલ-પીળા ઝબકારા દેખાયા, ધીમે ધીમે એ ઝબકારા ચારે દિવાલમાં દેખાયા હતા. ત્યારે મંડળમાં ભક્તોને ખબર પડી. બધા ભક્તો દર્શન કરવા આવ્યા ને આજુબાજુના ઘણાં લોકોએ દિવાલમાં કુંકાવાવ ઉત્સવના દર્શન કર્યા પછી મહારાજનો પત્ર આવ્યો. પૂના ફુગેવાડીએ દર્શન આપ્યાં છે. દર્શન કરી ઘણાં લોકો રાજી થયાં.

એકવાર હું રાજકોટ કડિયાકામ કરતો હતો ત્યારે લિફ્ટથી માલ-સામાન ઉપર લઈ જતા ત્યારે હું લિફ્ટની દીવાલમાં ચણતર કામ કરતો હતો ત્યારે મેં મજૂરને કહ્યું હતું કોઈ લિફ્ટ ચાલુ ન કરતા ત્યારે બાઈઓએ આવીને હેન્ડલ મારી લિફ્ટ ચાલુ કરીને એ ઉપર જતી રહી ને લિફ્ટ ઉપર ચઢી તે મને જે હડસેલો માર્યો કે હું સાઈડમાં પટકાઈ પડ્યો ને લિફ્ટ ઉપર ગઈ તો હું જે પાટિયા પર ઊભો રહી કામ કરતો તે પાટિયું ઉપર જઈ બેન્ડ વળી કાટખૂણો થઈ ગયું ત્યારે ત્યાં નરોત્તમભગત કાન્તિલાલ સાપરીયા મારા ભેગા કામ કરતા હતા. એમણે જોયું તો એને થયું ચંદુભગત લીફ્ટમાં આવી ગયા કે શું થયું ? ત્યારે કોન્ટ્રાક્ટર સહિત ઘણાં માણસો ભેગા થયા. પણ મહારાજની દયાથી મને કીડી ચટકો ભરે એટલું'ય વાગ્યું નહીં. આ બનાવની જાણ માટે મહારાજે મોટાભાઈ નેપાળ યાત્રા કરવા ગયા હતા ત્યાં દર્શન આપ્યાં કે, ચંદુને લિફ્ટમાંથી બચાવ્યો છે. એટલે મોટાભાઈ યાત્રા કરી આવ્યાને મને વાત કરી કરી, મને મહારાજે દર્શન દીધાં ને આમ થયું હતું ? મેં કહ્યું, હા સાચી વાત છે. આમ મહારાજે ઘણાં દર્શન આપ્યા છે, ઘણી રક્ષા કરી છે.

એકવાર મેં પૂનાથી મુંબઈ રહેવા રૂમ રાખી હતી. ત્યારે મારી સાથે અમરશી ગોપાલ મકવાણા રહે એમણે કહ્યું મારે મહારાજના ચરણારવિંદના દર્શન કરવા છે એટલે અમે એક દિવસ જૂનાગઢ જવાનું ગોઠવ્યું. મેં કહ્યું, તું મહારાજને કેતો નહીં અને જો તને સામેથી દર્શન કરાવે તો તું ભગવાન માનજે એટલે અમે જૂનાગઢ ગયા. મહારાજ મંદિરમાં ચરણારવિંદ પાસે માળા ફેરવતાં હતા. અમને ઉતારા-પાણી કરવા કહ્યું ને સાંજે મહારાજના દર્શન કરવા ગયા ત્યારે મહારાજ અમરશીભાઈને કહે ચિન્હોના દર્શન કરવા છે તો લે ત્યારે બેય દરવાજા બંધ કર ને મને કહ્યું હાથ સાબુથી ધોઈ ને આવ પછી અમે ચરણસેવા કરતા હતા ત્યારે મહારાજ બોલ્યા ચિન્હોના દર્શન કરવા છે ને ? ઓલો બિલોરી કાચ લાવ, અમને બિલોરી કાચથી દર્શન કરાવતા ગયા. આ સ્વસ્તિક, ચક્ર, ધનુષ્ય એમ ચિન્હોના દર્શન કરાવ્યા પછી ખાપાના દર્શન કરાવ્યા પછી લક્ષ્મીજીના દર્શન કરાવ્યા. આમ મહારાજ અંતર્યામીપણે બધુ જાણીને પોતાનું ભગવાનપણું દેખાડતા હતા.

મારા લગ્ન થયા ત્યારે ઈ.સ. ૧૯૮૨માં અમે જૂનાગઢ મહારાજના દર્શન કરવા જામનગર થઈ જૂનાગઢ ગયા ત્યારે મહારાજે અગાઉ કોઠારી સ્વામીને બપોરે કહ્યું હતું કે મારા બે વરઘોડિયા આવે છે માટે એ બંને માટે જમવાની બે થાળી તૈયાર કરી રાખજો. અમે અઢી વાગ્યે પહોંચ્યા એટલે કોઠારીસ્વામીએ કહ્યું, મહારાજે પહેલા જ કહી રાખ્યું હતું કે બે થાળી પીરસીને રાખજો. એટલે અમે ઉતારે ત્રીજા માળે જઈ જમી લીધું.

એકવાર હું મહારાજના દર્શન કરવા ગયો ત્યારે મહારાજ સ્ટીલની મોટી રકાબીમાં ચા પીતા હતા ને હું પહોંચ્યો. મહારાજને દંડવત્-પ્રણામ કરી બેઠો. મહારાજની બાજુમાં પડખે ૨૪ અવતારની મૂર્તિ અને બાલમુકુંદદાસ સ્વામીના ફોટાનો તખ્તો હતો એટલે મહારાજે ૨૪ અવતારની મૂર્તિ બતાવી કહ્યું કે, આ વચ્ચે છે એ અને આ એક જ છે. એમાં એક રોમમાત્રનો ફેર નથી, આ તમે સમજજો.

એકવાર હું સાઉદિયામાં હતો ને મારા ઘરે ત્રીજું સંતાન પેટમાં હતું. એટલે મને વિચાર થયો કે જો બાબાનો જન્મ થાય તો બે દિકરા થાય તો આપણે નિરાંત. એમ વિચારતો વિચારતો સૂઈ ગયો. ત્યાં રાત્રે મહારાજે દર્શન દીધા કહ્યું, તારા ઘરે દિકરાનો જન્મ થશે. એટલે સવારે ઊઠીને મારા ભેગા માવજીભાઈ હતા એમને મેં વાત કરી મને મારા ગુરુએ દર્શન આપી કહ્યું કે તારે ઘેર દિકરાનો જન્મ થશે. તો એ ભાઈ કહે હજુ વાર છે હમણાંથી વાત કરતો નહીં હજુ તો બે મહિનાની વાર છે. પછી સમય જતાં અમારે ઘરે બાલકૃષ્ણનો જન્મ થયો.

અમે સાઉદિયામાં હતા ત્યારે મહારાજ પત્રો લખતા ને મહારાજે અમને એકવાર મંદિરમાં રાધા-રમણદેવ, સ્વામિનારાયણ ભગવાનના ઉદ્‌ય દિવસના થાળ, આખા વર્ષની સેવાઓમાં અમને લાભ આપ્યો અને જૂનાગઢ મંદિરમાં સેવાવાળા બધાં ભક્તોની તખ્તીઓમાં નામ લખ્યા હતા અને બાલમુકુંદ ભુવનનું વાસ્તુ લીધું ત્યારે અમે સાઉદિયા હતા ત્યારે મહારાજે અમને સંભારીને અમારા ઘરનાને થાળી-વાટકો આપ્યા હતા.

આમ અમને મહારાજે તૃપ્ત કરી દીધાં છે અને ભગવાને જ્યાં જરૂર પડે ત્યાં દર્શન દીધાં છે, જ્યાં જરૂર પડે ત્યાં રક્ષા પણ કરી છે. આમ મહારાજ ભક્તોની સંભાળ બહું જ રાખતા.

પરચા નં. ૭૦.

## અનાદિ મુક્તરાજ દેવશીભગત વસ્તાભગત જાવીયા
### ગામ : જામવંથલી

**હું** નાસિક કામ કરતો હતો અને ત્યાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી ભગવાન છે એવી વાતો ભક્તો પાસેથી સાંભળી એટલે મેં વિચાર્યું કે, મહારાજ મને રામરૂપે દર્શન આપે તો હું માનું એટલે હું જ્યારે દર્શન કરવા જૂનાગઢ ગયો ત્યારે મહારાજને પગે લાગી બેઠો ત્યાં મહારાજ બોલ્યા કે, જે કહે તે હું જ છું. આ તારી સામે બેઠો છું. પછી મેં મહારાજને સર્વોપરી ભગવાન જાણી દંડવત્ કર્યા ને મહારાજે રાજી થઈ મને કંઠી બાંધી મંત્ર દિક્ષા આપી.

ત્યારપછી હું ઉત્તરપ્રદેશ કામ કરવા ગયો ત્યાં થોડા દિવસો પછી ટપાલ આવી માજીની તબિયત બરાબર નથી. એટલે હું રજા લઈને દેશમાં આવ્યો, જામવંથલી ઘરે આવ્યો. ત્યારે મારા બાને પૂછ્યું, હવે કેમ છે ? ત્યારે મારા બા કહે, મહારાજે પ્રસાદીનું પાણી અને સાકર મોકલાવી છે તેથી હવે સારું છે. પછી હું જૂનાગઢ દર્શન કરવા ગયો. ત્યાં મહારાજ જમીને માળા કરતા હતા. મેં બાજુમાં જઈ મહારાજને કહ્યું, મારા બા બીમાર હતા તે આપના આશીર્વાદથી સારું થઈ ગયું. એટલે મેં નિયમ લીધો હતો કે બાને સારું થઈ જાય તો હું ૧૦૧ દંડવત્ મહારાજને કરીશ. મહારાજ કહે, આ બાજુમાં મંડ દંડવત્ કરવા. ત્યારે મહારાજે વાસામાં થાપો માર્યો અને કહે જા હવે તારો મોક્ષ થઈ ગયો.

મારા લગ્ન થયા એટલે મહારાજના દર્શન કરવા અમે જૂનાગઢ ગયા. ત્યારે ભારતનું પાકિસ્તાન સાથે યુદ્ધ ચાલતું હતું ત્યાં દેવસ્વામી રેડિયો લઈ આવ્યા. ત્યારે મહારાજે બે મિનિટ રેડિયો સાંભળ્યો પછી મહારાજ બોલ્યા કે, આ લોકો હમણાં શરણે થઈ જશે ને યુદ્ધ બંધ થશે. ત્યારે પાકિસ્તાનનું લશ્કર ભારતને શરણે થયું. આ સમયે અમે મહારાજની બાજુમાં જ બેઠા હતા.

એક વખત અમે મહારાજના દર્શન કરવા ગયા ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી બાબુભાઈ જશભાઈ પટેલ ત્યારે રાધા-રમણ દેવના દર્શન કરવા ગયા ત્યારે કોઠારી સ્વામીએ મને હાર આપીને મુખ્યમંત્રીને પહેરાવવા આપ્યો ત્યારે મહારાજની ઈચ્છાથી મેં મુખ્યમંત્રીને હાર પહેરાવી હાથ મિલાવી જય સ્વામિનારાયણ કહ્યા હતા.

મહારાજે મારા દિકરા અને દિકરીને શ્રીજી રક્ષા આપી હતી તે મેં માદળિયા બનાવી છોકરાવને પહેરાવી હતી. જેથી કાયમ તેમની રક્ષા થતી રહેતી.

એક વરણાના પટેલ હતા તેના ઘરમાં બીમારી જાય નહીં. ત્યારે હું ત્યાં પ્લાસ્ટર કરવા ગયો હતો ત્યારે એ પટેલના ઘરે બ્રાહ્મણ બેઠા હતા. તેને કહ્યું, તમે જામવંથલીના કડિયાને કોઈને લઈ શાસ્ત્રીજી મહારાજ પાસે જાઓ ત્યાં હું હથિયાર લેવા પહોંચ્યો એટલે પટેલ મને કહે, દેવશીભાઈ આપણે શાસ્ત્રીજી મહારાજ પાસે જવું છે. જેથી બીજા દિવસે અમે જામનગર ગયા મહારાજને વાત કરી કે, આ લોકોનું ૧૦૦ વીઘામાં વાવેતર છે પણ ઘરમાં બરકત નથી. એટલે મહારાજ કહે, તમે એક નાનકડું નારાયણબલી કરાવી નાખો એટલે બરાબર થઈ જશે. આમ તેઓ સુખીયા થયા.

એક વખત હું જૂનાગઢ મહારાજ માટે ગાયનું ઘી લઈને ગયો. ત્યાં મહારાજ કહે, ઘી લઈને આવ્યો લાગે છે. મેં ઘીની બરણી મહારાજ પાસે મૂકી. મહારાજે ઘીમાં આંગળી બોળીને મોઢામાં નાખી ચાખ્યું, ઘી સારું છે. એમ કહી મહારાજ કહે, એ બારીએ જનોઈ રાખી છે. બાજુમાં દાતણ પ્રસાદીનું રાખ્યું છે, એ તું લઈ લે. એટલે એ જનોઈ અને દાતણ પ્રસાદીના મહારાજે આપ્યા તથા એક પોટલી મને આપી એ પોટલી ખોલી તો એમાં મહારાજના નખ હતા. આમ મહારાજે સ્વયં રાજી થઈને પ્રસાદીની વસ્તુઓ આપી છે.

એક વખત મહારાજની બાજુમાં બેઠો હતો ત્યારે મને અચાનક વિચાર આવ્યો કે મહારાજને સરસ મજાની ચાખડી આપું. ત્યારે મેં મહારાજને વાત કરી મહારાજ મારે તમને ચાખડી પહેરાવવાની ઈચ્છા છે. મહારાજ ઘડીભર મારા સામું જોઈ રહ્યા. ત્યાં મહારાજ કહે, તું ચાખડી શેની બનાવીશ. એમ કર તું સવનની બનાવ. એટલે હું જામવંથલી આવ્યો સુતારને વાત કરી. એટલે સુતાર કહે, તું આપણી બાજુમાં મુસ્લિમ રહે છે તે સાસણગીરમાં નોકરી કરતા હતા. જેથી એ તારું કામ કરી આપશે. એટલે એ દાઉદભાઈને હું મળ્યો ખબર અંતર પૂછ્યા ને વાત કરી કે, મારે સેવનના લાકડાનું એક પાટીયું જોઈએ છે. એટલે દાઉદભાઈ કહે, આ રૂમમાં મગફળીનો ભૂકો ભર્યો છે. એ બે ચાર ભારી વપરાય જાય પછી તને આપું. આઠ દિવસ પછી પાછા ભેગા થયા. પછી દાઉદભાઈ મને મસ્જિદમાં લઈ ગયા દરવાજો ખોલાવ્યોને કહે, આ સામે સવનનું પાટિયું છે ખેંચી લ્યો. એમ કરી હું પાટિયું લઈ આવ્યો. એટલે એ પાટિયું લઈ જૂનાગઢ મહારાજ પાસે પહોંચ્યો ને વાત કરી. મહારાજ કહે, હાલમાં મારા પલંગ નીચે મૂકી દે. તે મેં ત્યાં સવનનું પાટિયું મૂક્યું. પછી તે પાટિયું ત્યાં છ મહિના પડ્યું રહ્યું. એક વખત હું ને મારા સાળા મગનભાઈ મહારાજના દર્શને ગયા. ત્યારે મહારાજ કહે, તમે ધોરાજી રેવાશંકર ભગતના ઘરે જાઓ ત્યાં મારી ચાખડીના દર્શન કરજો. અઢીસો

સાકર લઈ જજો. ત્યાં ભગવાનને ધરાવજો. એ તમને જમવાનું કહેશે ને ત્યાં તમે જમજો. આમ જ થયું. ધોરાજીમાં રેવાશંકરભગતે ચાખડીના દર્શન કરાવી અમને જમાડ્યાને અમે ત્યાંથી મહારાજ પાસે આવ્યા.

પછી મહારાજે દેવસ્વામીને બોલાવ્યા ને કહે, આ પાટિયું કેટલા સમયથી અહીં પડ્યું છે સુથારને બોલાવો. સુથારે મહારાજના ચરણનું માપ લીધું પછી હું અને હેમંતભગત સંઘાડે ગયા. ત્યાં માપ પ્રમાણે કટિંગ કરાવ્યું અને એ ચાખડીમાં ફીટ કર્યું ને મહારાજ એ ચાખડી પહેરીને રૂમમાં ફરવા લાગ્યા. પછી અમે ફરીને બીજીવાર જૂનાગઢ આવ્યા ત્યારે મહારાજને વાત કરી કે, સોનીને પૂછાવ્યું આ ચાખડીમાં ચાંદી મઢવી છે અને ઘૂઘરી ટાંકવી છે. એ સોનીને જરા સંતોનો અભાવ લેવાવાળો હતો. એટલે એ તરફ પછી અમે ગયા જ નહીં ને બધી મહારાજને વાત કરી. ત્યારે મહારાજ કહે, હવે તારે કાંઈ કરવું નથી. આ ચાખડી ઘરે પૂજામાં રાખજો અને દર્શન કરજો. તે આજે ચાખડી પૂજામાં છે અને દરરોજ અગરબત્તી દીવા થાય છે.

જામવંથલીમાં ફુલવાડીમાં મારા ઘરના તથા દિકરીઓ બધા રેતી અને ચૂનો ચારતા. આ રીતે પ્રસાદીના મંદિરમાં સેવા કરી છે. સવારે સેવા કરવા જતા અને બપોરે ઘરે જમવા જતા ને પાછા ઘરે આવતા તથા અમે ચાવડાના ખારામાં કાકરા વીણીને ગાડા ભરી ફુલવાડીમાં લાવતા. આમ ઘરના સૌએ સેવા કરી છે. થોડા સમય પછી ફુલવાડીમાં જમવાની ગોઠવણ થઈ એટલે અમે ત્યાં જ જમતા અને સેવા કરતાં. ફુલવાડીમાં એક આંબલીનું ઝાડ હતું ત્યાં મહારાજનો ખાટલો રહેતો ત્યાં મહારાજ બેસતા અને અમે સૌ સેવા કરતા.

પરચા નં. ૭૧.

## અનાદિ મુક્તરાજ ખીમજીભગત રવજીભગત સોલંકી

### ગામ : ચાવડા, હાલ- સૂરત

**મારા** નાના વાલજીભગત રાઠોડ સાથે હું જામગનગર ગયો ત્યારે મારી ઉંમર ૮ વર્ષની હતી ત્યારે મહારાજે અમને કંઠી બાંધીને સાકરનો ગાંગડો આપ્યો હતો. અમે બે ભાઈ એમાં હું બહું તોફાની હતો. મહારાજે કંઠી બાંધ્યા પછી ૧૭ વરસ ચાલ્યા ગયા અને હું દુબઈ ગયો ત્યાં મારા ગામનાં છગનભાઈ માવજીભાઈ રાઠોડ સાથે હતા અને સાથે રહેતા. તે એક વખત બોલ્યા કે, તારા ગુરુ બહુ જબરા છે. ભગવાન જેવા છે. તું એમની સેવા-ભક્તિ કરતો નથી. ત્યારે મેં કહ્યું, મામા હું ડુંગળી-લસણ ખાવાવાળો, હરવા-ફરવાવાળો માણસ એટલે મારાથી પૂજા-પાઠ થાય નહીં. મામા કહે, જેમ હોય તેમ પણ તું પૂજા-પાઠ ચાલુ કર. મેં ચોખ્ખી ના પાડી દીધી. મામાએ વિચાર કર્યો, આ નહિ માને. મામા કહે, દેશમાં મારું એક કામ છે કરીશ. મેં કહ્યું, હા. તો મને ચિઠ્ઠી-કવર આપીને કહ્યું કે, આ તારે હાથોહાથ મહારાજને પહોંચાડવાનું છે. જો ટપાલી કે કોઈની સાથે નહીં પણ તારે રૂબરૂ જ જઈને આપવાનું છે. મેં કહ્યું, ચાલો બહું સારું આપી આવીશ.

હું દેશમાં આવ્યો, રાજકોટ મારે રહેવાનું હતું માટે મારા દોસ્ત વિજયને મળ્યો અને કહ્યું તું નવરો હોય તો મારી સાથે જૂનાગઢ આવવાનું છે. પછી અમે રાજકોટથી જૂનાગઢ ૧૨ વાગ્યે પહોંચ્યા ત્યાં રસ્તામાં ભજીયાની લારી હતી તે મેં એક પ્લેટ ડુંગરીના ભજીયાનો ઓર્ડર આપ્યો. ત્યારે મારો મિત્ર કહે, આપણે સ્વામિનારાયણ મંદિરે જવાનું અને સાધુને મળવાનું છે માટે આ ડુંગળીના ભજીયા હાલ અત્યારે નહીં વળતા ખાશું. તેં મેં મારા જીવનમાં આ પહેલીવાર ડુંગળીના ભજીયા ખાવાની ના પાડી.

અમે જૂનાગઢ મંદિરે આવ્યા. હેમંતભગત કહે, મહારાજ પોઢી ગયા છે અને હવે ચાર વાગ્યે જાગશે. તમે ઉપર આવો અહીં બેસો હું ચા બનાવી લાવું. હેમંતભગત ચા લઈને આવ્યા અને મહારાજે દરવાજો ખોલ્યો. હેમંતભગત બોલ્યા, ભક્તો આજ તમારા બહુ જબરા ભાગ્ય છે કે આ ટાણે બે વાગે મહારાજ તમારે માટે જાગ્યા છે. ત્યાં મહારાજ બોલ્યા, ક્યાંથી આવો છો. મેં કહ્યું, ચાવડાથી. એમ કહી મહારાજને પગે લાગ્યો અને મહારાજ બોલ્યા. ઓહો હો આ તો મારા ગામના. આવો આવો બેસો.પછી અમે મહારાજને હાર પહેરાવ્યો, સાકર પ્રસાદી ચરણે મૂકી. મામાએ આપેલ ચિઠ્ઠી-કવર આપ્યું. મહારાજે

ખબરઅંતર પૂછ્યા કે, સત્સંગી છો. મેં કહ્યું, હા મહારાજ. સત્સંગમાં જાઓ છો. મેં કહ્યું, હા. મહારાજ કહે સત્સંગમાં તો જાવું. આમ મહારાજે પૂછ્યું પણ મેં ખોટું અને હાજી હા કર્યા રાખ્યું ત્યારે મહારાજ કહે, પાછા ક્યારે જવાના. મેં કહ્યું, મહારાજ ૨૮ તારીખે જવાનું છે. મહારાજ કહે, ત્યાં જાઓ એટલે બધાને જય અનાદિશ્રીકૃષ્ણનારાયણ કહેજો સત્સંગમાં જજો.

આમ અમે પરત નીકળવા ચાલતા થયા મારો મિત્ર રૂમની બહાર નીકળી ગયો અને મારો એક પગ ઉંબરા બહાર અને એક પગ અંદર ત્યાં મહારાજે કહ્યું, એ ભગત ઊભા રહો અહીં આવો મારે તમારું કામ છે. એટલે હું મહારાજની બાજુમાં બેઠો, મહારાજ બેઠાને સમાધી લગાવી. પાંચ મિનિટ આમ ચાલ્યું આંખ ઉઘાડી મારી સામે જોયું, ફરી સમાધી લગાવી ને વળી પાંચ મિનિટ થઈ ત્યાં મહારાજે પોતાના ગળામાંથી કંઠી કાઢીને મારા ગળામાં પહેરાવી અને બોલ્યા આ કંઠી તારી રક્ષા કરશે અને મહારાજ કહે, હવે જા. પછી અમે ઘરે આવ્યા. મારા બા કહે, મહારાજે શું કહ્યું ? મેં કહ્યું, મહારાજે પોતાના ગળાની કંઠી મને પહેરાવી કહ્યું આ કંઠી તારી રક્ષા કરશે. તે મેં કહ્યું, કાંઈ કંઠી થોડી રક્ષા કરે. આ તો પોતાનો કરવા સારું એમ કહ્યું હોય. મારો મિત્ર પણ કહે, આવું કાંઈ થોડું બને કંઠી કાંઈ થોડી રક્ષા કરે.

પછી હું ૨૮ તારીખે દુબઈ ગયો ત્યાં ૧૦ માળની બિલ્ડિંગમાં કામ કરવાનું હતું. અમે ૪૦ ફૂટે જેક ભેગા કરવા ગોઠવતા હતા. ત્યાં કામ કરતાં કરતાં મારી કંઠી ગંજીયા શર્ટની બારે નીકળી ગઈ અને હું કંઠીને ગળાની અંદર શર્ટમાં રાખવા વ્યવસ્થિત કરવા સીધો થયો ને એક પગલું પાછું હટ્યો ત્યાં માથેથી ૨૦ કિલોનો જેક પડ્યો. જો હું કંઠી સમી કરવા પાછો ન હટ્યો હોત તો જેક મારા ઉપર જ પડત અને મારું માથું ફાટી જાત. આમ મહારાજે કહ્યું હતું કે, આ કંઠી તારી રક્ષા કરશે અને ખરેખર કંઠીએ જ મારી રક્ષા કરી અને હું સ્તબ્ધ થઈ ગયો અને થોડીવાર પછી રોવા લાગ્યો. હે ભગવાન તમે મને નાનપણમાં દિક્ષા આપી પણ મેં તમારા પ્રત્યે ક્યારેય ભાવ ન જગાડ્યો છતાં તમે મને તમારી કંઠી પહેરાવીને મારી મહારક્ષા કરી છે. બસ ત્યારથી મને મહારાજ પ્રત્યે ભાવ ભક્તિ જાગીને હું ત્યારથી મહારાજની સેવા-પૂજા કરું છું.

એક વખત હું વિદેશમાં છૂટી કાપીને દેશમાં આવ્યો અને મહારાજ પાસે ગયો. મહારાજને વાત કરી કે,મહારાજ હું વિદેશથી આવ્યો છું હવે ક્યાં રહેવા જાઉં. સૂરત, રાજકોટ, જામનગર આપ કહો તેમ કરું એટલે મહારાજ કહે, સૂરતમાં પ્લોટ લીધો છે, તો સૂરત જ જાને. મેં કહ્યું, બહું સારું.

હું સૂરત રહેવા આવ્યો ત્યાં ભાઈલાલભાઈ અને કુંવરજીભગતને મળ્યો. પછી અમે વારંવાર મળવા લાગ્યા. આ રીતે મંડળમાં સારી એવી સભા થવા લાગી પછી મંદિર માટે જગ્યાનું વિચાર્યું ત્યારે ભક્તો કહે, તમારો આ પ્લોટ છે તે મંદિર માટે આપો. તેની કિંમત ધીમે ધીમે કરીને તમને ચૂકવી દેશું. મેં ભક્તોને કહ્યું, ના એ પ્લોટ મારે દેવાના છે અને સુથી પણ લેવાઈ ગઈ છે. હું ના-ના કરતો હતો ત્યારે શનિવારનો દિવસ અને રાત્રે ૧૨ વાગ્યે મહારાજ ઘરે પધાર્યા. પહેલાં આખા ઘરમાં ચક્કર મારી ગેલેરીમાં ઊભા રહીને બોલ્યા, આ તારા પ્લોટ મંદિરમાં આપી દે. આમ કહીને અદૃશ્ય થયા. તે રાત્રે નીંદર ન આવી પણ બીજા દિવસે મેં જેને પ્લોટ વેચવાના હતા અને રૂ.૫૦૦૦ સુથી લીધી હતી તે લઈને ગયો અને એ ભાઈને વાત કરી કે ભાઈ મેં તમને પ્લોટ આપ્યા પણ હવે એ પ્લોટ મારે આ અમારું શરણાગતિ મંડળ અને એ પ્લોટમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાનનું મંદિર બનાવવું છે. જો તમે સમજો તો આપણો સોદો ફોક કરીએ. ત્યારે ભાઈ બોલ્યા જો એ પ્લોટમાં મંદિર થતું હોય તો એથી વિશેષ શું કહેવાય ! ભલે તો આ પ્લોટ મારે જોઈતો નથી. એમ વાત થઈને મેં સુથીના રૂપિયા પાછા આપ્યા અને એ પ્લોટ મંદિર માટે આપ્યો.

સૂરત રાંદેરમાં મંદિરનું નિર્માણ થયું પછી મહારાજના ફરી એકવાર દર્શન થયા. મહારાજ ઘરે યોગીનું રૂપ ધરી આવ્યા. દરવાજે બેઠા હતા અને હું ઘરે આવ્યો અને પલંગ ઉપર બેઠો. હું વિચાર કરું આ યોગી છે કે મહારાજ. છડી, ચાખડી તો મહારાજ જેવી જ છે. ત્યારે મારો વિચાર ફર્યો કે આવી લાકડીને મોજડી તો ઘણીયે હોય. તે બપોરનો ૧૨ વાગ્યાનો સમય હતો એટલે મેં કહ્યું, યોગીરાજ તમે જમશો. એટલે યોગી કહે, હા જમશું. પછી મેં દાળ-ભાત-રોટલી-શાક-અથાણા એમને જમાડીને ૫૧ રૂપિયા દક્ષિણા આપી. ત્યારે તેઓ કહે, ૧૦૧ રૂપિયા દક્ષિણા આપ. થોડીવાર થઈ ત્યાં કહે ના ૧૫૧ રૂપિયા દક્ષિણા આપ. આમ અમે હાના હાના કરતા હતા ત્યાં મેં કહ્યું, યોગીરાજ હવે તમારે આ ૫૧ રૂપિયા લેવા હોય તો લ્યો નહીંતર હાલતા થાઓ. હું પ્રેમથી ૫૧ રૂપિયા આપું છું ને. મહારાજ કહે, ભલે હાલ ૫૧ રૂપિયા આપ એટલે મેં ૫૧ રૂપિયા આપ્યા. એટલે તે યોગી રૂ.૫૧ લઈ મને કહે, અહીં આવ. તેમણે પાણીનો લોટો મંગાવ્યો. હાથમાં તુલસીપત્ર રાખ્યું અને પાણી રેડ્યું અને કહે, એ પાણી પીજા. એટલે અમે બંનેએ પાણી પીધું અને એ પાણી શું અમૃત જેવું અને મધુર પાણી હતું. પાણી પીને મનમાં થયું આ બાવો ચમત્કારી છે. આ પાણી પાઈને કશું કરી ન મેલે. એમ થયું અને બાવાના રૂપમાં મહારાજ તો ચાલ્યા ગયા અને અદૃશ્ય થયા અને પાછા

રાત્રે ૧૨ વાગે મહારાજે એવા દિવ્ય દર્શન આપ્યા કે હું તો આભો જ થઈ ગયો અને કહ્યું, અરે મહારાજ આપ. ત્યાં મહારાજ બોલ્યા, અરે તે મને એક જ ધોતીયાના રૂપિયા આપ્યા. મેં કહ્યું, શું એ યોગીરાજ તમે હતા. તો તમારે મને ચેતવવો તો હતો. મહારાજ કહે, હું તને જણાવું તો તો તું બધાંને ભેગા કર પછી હું નીકળું કેમ. ત્યારે મેં કહ્યું, મહારાજ હવે મારે તમને જૂનાગઢ આવીને ધોતિયા પહેરાવીને રાજી કરવા છે.

પછી હું જૂનાગઢ ગયો ત્યારે મારે સંતોને ધોતિયાની સેવા કરવી હતી. તે સ્વયંપ્રકાશ સ્વામીને મેં કહ્યું, મારે સંતો અને મહારાજને ધોતિયા પહેરાવવા છે તો કેટલો ખર્ચ થાય. એટલે સ્વયંપ્રકાશ સ્વામી કહે, ૧૦૫૧ રૂ. ધોતિયાનો ખર્ચ થાય. એમ મેં એ ધોતિયાની સેવા કરી. સમયજતાં એક વખત મહારાજે ફરી દર્શન દીધા અને કહે, જો આ તારા ધોતિયાની સેવાના જ ધોતિયા પહેર્યા છે.

એક વખત હું દુબઈથી આવ્યો હતો તે મારે શર્ટ પ્રસાદીના કરાવવા હતા અને અમે બે માણસ જૂનાગઢ ગયેલા. પછી મહારાજે મને કહ્યું, આ ભગવો શર્ટ તને આપુ છું પણ આ શર્ટમાં તું ડાઘ ન લાગવા દેતો. આ અનાદિશ્રીકૃષ્ણનારાયણની ચુંદડી છે. મેં કહ્યું, મહારાજ તમારો યોગ છે અને હવે આ શર્ટ સ્મશાન સુધી ભેગો આવશે. આ સાંભળીને મહારાજ ખુબ રાજી થયા, મને ઊભો કર્યો અને મને ભેટ્યા અને બોલ્યા કે, બસ મારે આટલું જ જોઈએ કે મારા ભક્તો આવા બળીયા હોય તો તેને શાબાશી છે. તારી સમજણ અને નિશ્ચય બરાબર છે. પછી મહારાજ બોલ્યા, હજું તને ચાર જણાં ભેગા થાશે અને કહેશે કે આ ભગવો શર્ટ ઉતારી નાખ ત્યારે તું શું કરીશ ? ત્યારે મહારાજ હું એમ કહીશ કે, આ માથું ઉતારી લ્યો પણ આ ભગવો શર્ટ સ્મશાન સુધી ભેગો હાલશે. આ સાંભળીને તો મહારાજ વિશેષ રાજી થયા. સમયજતાં મહારાજ બોલ્યા એમ જ થયું પરંતુ હું મહારાજના નિશ્ચયમાંથી ડગ્યો નથી.

આમ મહારાજે ઘણી ઘણી રક્ષા કરી છે. આ રીતે સુખીયા કર્યા છે અને પ્રગટ ભગવાનનો આશરો અને ભક્તિ કરીએ છીએ અને કુટુંબ સુખી છે અને કાચના ટુકડામાંથી હીરો બનાવીને આપણી કિંમત અમૂલ્ય કરી દીધી છે. માયાના ખાબોચિયામાંથી કાઢીને ધામના સુખ આપ્યા છે. આવા દયાળુ, કૃપાળુ ભગવાન દયા અને કૃપા વાપરી ધામના માર્ગે ચાલતા કર્યા છે, અને પોતાની ભક્તિ, યોગ, સમજણ આપી સુખીયા કર્યા છે.



પરચા નં.
૭૨.

## અનાદિ મુક્તરાજ મહેન્દ્રભગત મગનલાલભગત ટાંક
### ગામ : રોહીશાળા

**અમારું** કુટુંબ સ્વામિનારાયણ સંપ્રદાયમાં અક્ષર પુરુષોત્તમનું ભજન અને સત્સંગ કરતું હતું. મારા દાદી કહેતાં કે તને તો યોગીજી મહારાજે કંઠી બાંધી છે અને અમારા દાદા પહેલેથી મુંબઈમાં એટલે અમે પણ સત્સંગ સભામાં જતા હતા.

એક વખત હું સભામાં ગયો અને ત્યાં સભા પૂરી થાય એટલે સંતો લાઈનમાં બેઠાં હોય અને ભકતો પગે લાગતા જાય અને સંતો વાંસામાં થાપો મારી આશીર્વાદ આપે. એમ લાઈનમાં મારો વારો આવ્યો ને હું પગે લાગ્યો પણ મને થાપો ન માર્યો, તે હું ઊભો રહ્યો મારા પછીના એક-બે ત્રણ જણાં સંતોને પગે લાગ્યા ને થાપા માર્યા એટલે હું ફરી પગે લાગ્યો તોય મને થાપો કે આશીર્વાદ ન આપ્યા એટલે મારો મગજ આમેય ગરમ એટલે હું ત્યાંથી ચાલતો થઈ ઘરે આવ્યો અને પૂજામાં પ્રમુખ સ્વામીની દિધેલી તે પૂજા મેં કાઢી નાખી મને મનમાં થયું હવે મારે આ પૂજા કરવી નથી, બધાને આશીર્વાદ આપ્યા મને નહીં.

સમય જતાં હું દુબઈ એલાન વિસ્તારમાં ગયો, ત્યાં કંપનીનું કામ ધીમું ચાલે એટલે હું ખલીવલી થઈ ગયો તેથી કામ શોધવા નાકે ઊભો ત્યાં ભક્તોનો યોગ થયો. તિલક-ચાંદલો જોઈને જય સ્વામિનારાયણ તો કહેવાનું જ. કામ શોધવા માટે એકવાર અમે શારજાહ ગયાં ત્યાં આ અમારા ગામનો કિશોર ભેગો થયો. આમ સંબંધે કાકા થાય. એ કિશોરને હનુમાનજીની ઉપાસના પરંતુ કિશોરને ત્યાં સભામાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શાસ્ત્રીજી મહારાજ ભગવાન છે. એમ સત્સંગ થાય અને કિશોરને તબલા વગાડવા, કિર્તન બોલવાનો બહુ શોખ તેથી સભામાં જાય. તે એક દિવસ અમે બંને ભેગા થઈ ગયા અને સભામાંથી પરત આવતા હતા ત્યારે કિશોરે મનમાં વિચાર્યું કે, જો મને કોઈ પાછળથી બોલાવવા આવે તો હું માનું કે મારા મનનો સંકલ્પ ભગવાને જાણ્યો.

ત્યારે પાછળથી ભગવાનજી પોરીયાએ અવાજ દીધો. હાલો ભગત સભામાં અહીં બહાર કેમ બેઠા છો હાલો હાલો સભામાં. એટલે કિશોરને થયું આ મહારાજની વાતો કરે છે તે તો સાચી. એમ કહી સભામાં ગયા. હવે ઈ કિશોર છૂટી કાપવા દેશમાં આવ્યો અને દેશમાં કુંકાવાવ દર્શન કરવા ગયો દર્શન કર્યા. છૂટી કાપીને ફરી દુબઈ આવ્યો ત્યારે ભક્તોએ દેશના હાલચાલ પૂછ્યા. ત્યારે કિશોર કહે, હું કુંકાવાવ ગયો ત્યાં મહારાજની મૂર્તિ આખી

સફેદ તેજસ્વી એવી મૂર્તિના દર્શન થયા. એટલે ભક્તો કહે, ભગત મહારાજની મૂર્તિ સફેદ નથી પણ મહારાજે તમને દિવ્ય દર્શન આપ્યા કહેવાય. બાકી મહારાજની મૂર્તિ તો ભગવી છે. આમ કિશોરભગતને મહારાજમાં નિષ્ઠા બેઠી. આમ કરતાં કરતાં એક દિવસ મને કામ ન મળ્યું એટલે હું બહાર બેઠો અને અંદર ગોવિંદજી મહારાજ, ભગવાનજી પોરીયા, શાંતિલાલ વાઢેર, શાંતિલાલ બગીચા આ બધા ૨૫-૩૦ જણ અંદર ભજન કરે ને હું બહાર બેસી ચોપડી વાંચવા બેઠો.

એક વખત અમે કામે ગયા ત્યાં ભક્તો પણ ભેગાં હતા. એ ભક્તો કહે, સભામાં મહારાજ હાજર થાય એટલે ગુલાબની સુગંધ આવે. ત્યારે એક વખત હું સભામાં ગયો અને ત્યાં ગુલાબની સુગંધ આવી જેથી મારો વિચાર ફર્યો કે સાચી વાત છે ગુલાબની સુગંધ આવી. થોડીવાર પછી એમ થયું કે કોઈકે સેન્ટ છાંટ્યું હશે એમ કાંઈ ગુલાબની સુગંધ થોડી આવે. એમ કરતાં કામેથી છૂટા થયા અને ઠેકેદારે રોજ ૫૫ રૂપિયા આપ્યા ને કહ્યું, કાલે પાછો આવજે. તે બીજા દિવસે કામ ઉપર એ ગુલાબની સુગંધવાળી હવા મને ભટકાઈ એટલે વળી વિચાર આવ્યો કે, ખરેખર શું હશે ? મહારાજ અહીં આવ્યા હશે ? આમ વિચાર કરું. વળી ત્રીજા દિવસે પણ ગુલાબની સુગંધ આવી. ચોથા દિવસે હું ૧૧ વાગ્યે કામ પૂરું કરી ઘરે આવતો રહ્યો. હવે મારી રૂમ ખાંચામાં અને રૂમમાં અંધારું ને હું એ.સી. ચાલુ કરી સૂતો. ભક્તો બધા કહે, શાસ્ત્રીજી મહારાજ ભગવાન છે. આમ આવા વિચારોની ગડમથલ મગજમાં ચાલતી હતી. ભગવાન હોય તેને ચિન્હો હોય. ચિન્હ હોય એ ભગવાન કહેવાય. આમ વિચારોનું ચકડોળ મગજમાં ચાલતું હતું. ત્યારે રૂમમાં ચિન્હવાળી મૂર્તિમાંથી હથેળીમાંથી પ્રકાશ છૂટ્યો અને આખા રૂમમાં પ્રકાશ પથરાઈ ગયો. છતાં પણ મારું મન માનતું નહોતું. આવું તો કોઈ સિદ્ધીવાળો ત્યાં બેઠો બેઠો કરી શકે. આવા વિચારો મનમાં ઘૂમરાયા કરે.

એકવાર મારો સાળો જૂનાગઢ ગયો હતો તેને અઘોરી બાવાએ ફોટો આપ્યો હતો અને એ ફોટામાં આંખના ડોળા કાઢે. હાથ હલાવે આવું થતું એટલે મને ત્યારે મનાયું નહીં પણ સભામાં તો જતો જ. એમ કરતાં કરતાં મહારાજની આઠમની સભા દુબઈમાં હતી તેથી અમે દુબઈ ગયા. ત્યાં સભાની પૂર્ણાહૂતિ થતી હતી ને હું પહોંચ્યો. તે ભક્તો કહે, ભગત આવો દર્શન કરી લો, એટલે મેં દર્શન કર્યા, પ્રસાદ લીધો. પણ મનમાં થાય કે, હું સાક્ષાત મહારાજનું પ્રગટપણું દેખું તો માનું. એવું મનમાં થયા કરે.

એક વખત હું બાજુમાં ગામડું છે. ત્યાં કામે ગયો હતો ત્યારે ૯ થી ૯-૨૦ની છૂટી પડે ત્યારે ચા-પાણી કરતો હતો ત્યારે સામે હાથમાં છડી લઈને ઉભેલા મહારાજના દર્શન થયા. હું મહારાજને જોઉં ને મહારાજ થોડાં હાલે વળી મહારાજને જોઉં ને મહારાજ આગળ હાલે ને મને જુએ. આમ ત્રણ વખત મહારાજને હાલતા અને મારી સામું જોતા દર્શન થયા. ત્યારથી હું મહારાજને માનતો થયો કે, શાસ્ત્રીજી મહારાજ સાક્ષાત ભગવાન છે. પછી તો હું સભા સત્સંગમાં તાનથી જતો. હવે મારે દેશમાં આવવાનું થયું એટલે ઘરના સૌએ મારા કાકાને વાત કરી હશે કે, મહેન્દ્ર તો જૂનાગઢવાળા ગુરૂમાં ભળી ગયો છે અને ફુલવાડી મંદિર થાય છે એમાં રૂપિયા આપે છે.

આમ વાત થઈ હશે તે હું મુંબઈ ગયો અને મારા કાકા ભેગા થયા. મારા કાકા કહે, તું ઓલા ગુરૂવાળા છે એના ભેગો ભળી ગયો છે. એમને મેં કહ્યું, હા એમાં ભળી ગયો છું. પછી મારા કાકાને જે કંઈ કહેવું હતું તે કહી ન શક્યા. પછી મારે રાજકોટ જવાનું થયું ત્યાં મારા માસી રહે એ બધા પ્રમુખસ્વામી સંપ્રદાયવાળા. તેમણે પણ કહ્યું કે, મહેન્દ્ર તું ઓલા ગુરૂ સંપ્રદાયમાં ભળી ગયો ? મેં કહ્યું, હા. એ મારા ગુરૂ કહો, ભગવાન કહો જે કહો તે મારે બધું એ જ છે. એટલે કહે, આ સંપ્રદાયમાં તારું આખું કુટુંબ છે. આ સંપ્રદાયમાં બધું છે શું નથી ? ત્યારે મેં કહ્યું, એમાં જે છે તે આમાં નથી. તમે ગઢડા મધ્યનું ૪૮મું વચનામૃત વાંચો એમાં સ્વામિનારાયણ ભગવાને પોતે કહ્યું છે. અમે સંતની મધ્યે સંત થઈને આવશું તે આ ભગવાન સંત થઈને આવ્યા છે અને ભગવાન જ છે. મેં વચનામૃતની વાત કરી પછી કોઈ કાંઈ બોલ્યા નહીં.

આમ કરતાં અમારા ઘરમાં વાદ-વિવાદને કારણે હું ભાઈઓથી અલગ થયો. બાજુમાં અમે અલગ રહેવા ગયા ત્યાં પાણીયારે મહારાજની મૂર્તિ રાખી મગનો સાથિયો કર્યો કળશ મૂક્યો, નારિયેલ મૂક્યું અને અમે આરતી કરવા જયાં જય અંતર્યામી બોલ્યા ત્યાં નારિયેળ ફાટી ગયું અને અમે આરતી કરી તેમાં મહારાજે હાજરી બતાવી. આમ પ્રગટ ભગવાન પ્રગટ જ છે. પછી હું મુંબઈ રહેવા ગયો ત્યાં સાવ નાની રૂમ હતી મારે વિદેશ જવાનું એટલે જગ્યા સાંકડી. કોઈ આવે તો બેસાડવા ક્યાં ? હવે કાંદીવલી સભા થતી અને ઘરના સભામાં જાય. તે જીવનમાં કાંઈ તકલીફ આવે તો મહારાજને સંભારતા.



પરચા નં.
૭૩.

## અનાદિ મુક્તરાજ કાન્તિભગત રણછોડભગત ચોટલિયા
### ગામ : ભેંસદડ, હાલ- સૂરત

**અમે** અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા સાથે જોડાયેલા હતા. ઈ.સ.૧૯૬૭માં અમારા ગામમાં યોગીજી મહારાજ પધારેલા ત્યારે એ યોગીજી મહારાજ અને સ્વામિનારાયણ ભગવાનના ફોટા અમને આપેલા. અમારે વિદેશ જવાનું થયું ત્યારે આ યોગીજી મહારાજે આપેલા ફોટાઓ પૂજા કરવા તે ફોટા લઈને અમે સાઉદીયા, અરેબિયા ગયા ત્યારે સાઉદીયાના એરપોર્ટ પર અમારી તલાશી લેતા આ ફોટા નીકળ્યા તે એરપોર્ટમાં અમારી પાસેથી લઈ લીધા અને અમને એક બિલ્ડિંગમાં ત્રણ દિવસ રાખ્યા અને ત્રણ દિવસ પછી અમે ઓળખકાર્ડ આપ્યા પછી અમને કંપનીના માણસો લઈ ગયા. અમે કંપનીમાં ગયા ત્યાં ચાવડાના નારણ હંસરાજ રાઠોડનો મેળાપ થયો. અમે હેતવાળા ચાર જણા હતા અને બાજુની કંપનીમાં વંથલીના વીરજીભગત હતા અને આ વીરજીભગત વર્કશોપમાં કામ કરતા જેથી અમારી કંપનીનો એરિયા મોટો એટલે અમે આ વિરજીભગત પાસે બેસતા અને આ વિરજીભગત તે નારણભગતની ઓળખાણ આપતા અને કહેતા આ નારણભગત બહું મોટા ભગત છે એમ તેનું બહુમાન જાળવતા. જેથી અમો પાંચ જણાં સત્સંગ કરતાં.

એક દિવસ એવું થયું કે નારણભગતની રૂમમાં ૨૪ અવતાર, પાઘવાળી મૂર્તિ, ચિન્હવાળી મર્તિના મોટા ફોટા જોઈને મને વિચાર આવ્યો કે, મારી પાસે નાની નાની મૂર્તિઓ આ દેશના કાયદા મુજબ લઈ લીધી છે અને આની પાસે તો મોટી મૂર્તિઓ છે તેમ કેમ કરીને લઈ આવ્યા હશે. એટલે વિરજીભગત કહે, એ ભગતની સ્થિતિ બહું ઊંચી છે અને અમે અઢી મહિનાના સત્સંગમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને સાક્ષાત ભગવાન જાણ્યાં છે તેના આ શિષ્ય છે. તેમજ પાડાબેકર્ડના ભગવાનજીભાઈ ચૌહાણ તે પણ પ્રગટ ભગવાનના શિષ્ય છે. આ અમે પાંચ-છ જણ ભેગા થઈ અને સ્વામિનારાયણ ભગવાનનો સત્સંગ કરીએ. સાથે સાથે સ્વામિનારાયણ સંપ્રદાયમાં આ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ બહુ ભણેલા બહુ મોટા વિદ્વાન અને વચનસિદ્ધ મોટા સંત છે આમ સત્સંગ થતો અને અમે ભક્તો ભેગા થઈએ એટલે જમ્યા વિના જવા ન દે. આવ ભાવવાળા ભક્તો અમે સત્સંગ કરતા. પછી અમારી સાઈડ બદલી થઈ જે આઠસો કિ.મી. દૂર હતી એટલે નારણભગતે કહ્યું, તમે દેશમાં જાઓ ત્યારે જૂનાગઢ મહારાજના દર્શને જરૂર જજો.

આમ અમારે છૂટીમાં ભારત આવવાનું થયું એટલે અમે એક હીટર લીધેલું તે અમે સાથે લેતા આવ્યા. તે અમે જૂનાગઢ મહારાજના દર્શન કરવા ગયા એટલે સાથે લઈ અને મહારાજને આપ્યું તે મહારાજે એક સાધુને બોલાવી હીટર ચાલુ કરાવ્યું. ત્યારે બાલમુકુંદ ભવનનું કામ ચાલતું હતું અને મહારાજ સામે ગેલેરીમાં રહેતા હતા. તે હું મહારાજ પાસે જવા બે પગથિયા ચઢ્યો, તો મહારાજ મને અંતર્યામી પણે ઓળખી ગયા. પછી મેં હેમંતભગતને કહ્યું, અમારે મહારાજને સ્નાન કરાવવું છે. એટલે હેમંતભગત કહે, અત્યારે જમી ઉતારા કરો. સવારે વહેલા આવજો.

સવારે અમે મહારાજને સ્નાન કરાવતા હતા ત્યારે મહારાજના ચરણના તળિયા એટલા રૂપાળા હતા તે જોઈ અમે ખુબ રાજી થયા પછી મહારાજે અમને ચિન્હોના દર્શન કરાવ્યા. પછી મહારાજ બોલ્યા, આ પ્રસાદીનો સાબુ લઈ લ્યો. પછી અમે મહારાજની ચરણસેવા કરતા હતા અને મહારાજ ભગવાનની વાતો કરતા જાય.પછી મેં મહારાજને કહ્યું, મહારાજ અમારા ઘરનું નામ આપો. ત્યારે મહારાજ બે મિનિટ મૌન રહ્યા, આંખો મિંચીને થોડીવારે બોલ્યા કે ઘરનું નામ 'શ્રીહરિ મંદિર'. આવું નામ મહારાજે આપ્યું. તેમજ કાળ માયા નો આખો મહામંત્ર લખીને આપ્યો.

અમે બીજી વખત મહારાજ પાસે દર્શન કરવા ગયા ત્યારે મહારાજે મને વર્તમાન ધરાવ્યા. અમે મહારાજને હાર પહેરાવ્યો, આરતી ઉતારી. મહારાજે રાજી થઈને ગંજીયું આપ્યું, દાતણની ચીર આપી. ચંપલ, સ્લીપર પ્રસાદીની કરીને આપી અને મેં કહ્યું, મહારાજ નખ આપોને. મહારાજ કહે, નખ તો ભક્તો લઈ ગયા એમ કરો તમે મારી આ ચોટલી છે તે કાપી લ્યો. મહારાજે જ્યારે મને ચોટલી કાપી લેવાનું કહ્યું ત્યારે હંસરાજ બાપા ત્યાં હતાં અને હંસરાજભગતને મહારાજે કીધું હતું કે, આ ચોટલી પ્રસાદીની કાપી લ્યો ત્યારે હંસરાજભગતે વિચાર્યું કે, ભગવાનની ચોટલી આપણાથી થોડી કપાય. પછી મહારાજે મને ચોટલી કાપવાનું કહ્યું ત્યારે મેં એ થોડી ચોટલી કાપી હતી અને ભગવાનની આજ્ઞા પાળીને રાજીપો લીધો હતો. આમ મહારાજે રાજી થઈ પ્રસાદીની વસ્તુઓ આપી.

એક વખત ભૂજથી બે બસ સંતોની ભરાઈને આવી હતી ત્યારે નાના નાના સંતોને મહારાજ પુસ્તકો ભેટ આપતા હતા અને કહેતા હતા કે, આને બરાબર વાંચજો અને બીજા મોટેરા સંતો હતા તે બેઠા હતા અને હું મહારાજની ચરણસેવા કરતો હતો ત્યારે મહારાજે જે રકાબીમાં ચા પીધો હતો તે રકાબીમાં મને પ્રસાદીનો ચા આપ્યો હતો.

એક વખત વિદેશમાં વગર વાંકે જેલમાં જવાનું થયું ત્યાં મહારાજ જાણે મારા ભેગા જ હોય મારી સાથે સાથે વિચરતા હોય તેવો સતત મને અનુભવ થયો હતો ને પછી જેલમાંથી મને કૃપા કરી છોડાવ્યો.

એકવાર મને સણિયો વાગ્યો ત્યારે હું પોણો કલાક બેહોશ થઈ ગયો હતો ત્યારે મારી મહારાજે રક્ષા કરી હતી. એક વખત ૧૮ ટનની ગાડીનું એક્સિડન્ટ થયું ત્યારે એ ગાડી આગળથી આખી ચિપાઈ ગઈ હતી અને અમને જરા પણ વાગ્યું નહોતું અને ભગવા કપડાધારી હાથમાં છડીવાળા ભગવાનના દર્શન ડ્રાઈવરને થયા હતા. આમ મહારાજે અમારી રક્ષા કરી હતી.

સમયજતાં અમે મહારાજના દર્શન કરવા ગયા ત્યારે મહારાજ કહે, તને સણિયો વાગ્યો તું પોણો કલાક બેહોશ હતો ત્યારે તને કોણે ભાનમાં લીધો ? ગાડીનું એક્સિડન્ટ થયું ત્યારે મેં તમને કાંઈ થાવા ન દીધું. આમ મહારાજ વાતો કરીને અમને કહેતા હતા કે, અમે જ તમારી રક્ષા કરી તમારી સંભાળ રાખી છે. આમ મહારાજ અનુસંધાન પણ આપતા હતા કે તમને હું મળ્યો છું, તમે અમને કેવા જાણો છો ? આમ મહારાજ પોતાની ભગવાનપણાંની ઓળખ આપી અમને નિષ્ઠાવાન સાચા સંત-ભક્ત બનાવતા હતા. આવા આપણા પ્રગટ ભગવાન છે, આ ભગવાનને શરણે પડે તો એનો આ જન્મે જ ઉદ્ધાર થઈ જાય.

એક વખત અમારા ઘરનાં કુંદનબેનના ઘરે લાલજીમહારાજના વાઘા સીવવા માટે ગયા. ઘર ન મળે, અમે બે કલાક આમ તેમ શેરીમાં ફર્યા અને ઘર મળ્યું. લાલજીમહારાજના વાઘા જોયા અને કહ્યું, આ વાઘા લાલજીમહારાજને કેવાં સરસ શોભે. કુંદનબેન કહે, તમે લાલજીમહારાજને પહેરાવો તો ખરા બહું સરસ લાગશે. ત્યારે લાલજી મહારાજને વાઘા પહેરાવ્યા તો લાલજીમહારાજ નાચવા લાગ્યા. આમ ભગવાન ભક્તોના મનોરથ પૂરે છે અને પરચા ઐશ્વર્ય બતાવી ભક્તોને ભક્તિમાં મજબૂત કરે છે.

એક વખત મારા બાને લઈ મહારાજના દર્શન કરાવવા જૂનાગઢ લઈ ગયો. મહારાજ કહે, તારા બાને કહેજે કે અમે મંદિર પર તેમને દર્શન દેવા આવીએ છીએ. એમ કહી પછી મહારાજે કૃપા કરીને મારા બાને દર્શન આપ્યા હતા.

વિદેશમાં મહારાજે ઘણી રક્ષા કરી છે. વિદેશમાં વગર વાંકે જેલમાં નાખે ત્યાં મહારાજ રક્ષા કરે. આમ વગર વાંકે આવા દુઃખ આવે તો એમ આપણે ભગવાનના વિશ્વાસે બળિયા

થવાય. એરપોર્ટના કસ્ટમમાં આપણે માયિક વસ્તુ લીધી હોય તો એ આપણે વાપરી શકીયે એટલા માટે બીજાની બુદ્ધિમાં પ્રવેશ કરીને આપણી રક્ષા કરી લ્યે. આપણે ભગવાનના થઈએ તો ભગવાન આપણા થઈને માયાના દુઃખોથી રક્ષા કરે. આમ ઉપર નીચે આજુ-બાજુ આપણાં ભગવાન ભેળા જ છે.

એક વખત મહારાજે મને શર્ટ ઉતરાવ્યું, ગંજીયું કઢાવ્યું અને મહારાજે પણ ગંજીયું ઉતાર્યું અને મને પોતાની જનોઈ પહેરાવી પછી મને બાથમાં લઈને ભેટ્યા. એટલે મેં કહ્યું, મહારાજ આ જનોઈ પહેરાવી પણ મને કાંઈ આવડતું નથી. મહારાજ કહે, તમારે માત્ર મારા મંત્રના જાપ કરીને સેવા પુજા કરવી. આમ મહારાજે ભકતોને પોતાના સંત બનાવ્યા છે.

આપણાં કેવા ભાગ્ય કે ભગવાને આપણને પોતાના સંત બનાવી દીધા. હવે તો આપણાથી ભગવાનને માટે શું શું ન થાય ? આવા ભગવાન આપણી રક્ષા કરે, પ્રસાદીની વસ્તુ રાજી થઈને આપે. તેને આ સંસારમાં કાંઈ અધૂરું નથી. પોતે પોતાને પૂર્ણ માની પૂર્ણ પુરુષોત્તમ નારાયણ માટે પોતાના તન-મન-ધન વાપરતો થાય તો ભગવાનને અને ભક્તને કાંઈ છેટું નથી. ભગવાન ભેળા જ છે. પોતે બ્રહ્મ થઈને પરબ્રહ્મનો ભોગી થાય. અનુભવી આનંદમાં બ્રહ્મરસનાં ભોગી રે. ભગવાનના સંબંધ જેવો કોઈ બીજો સંબંધ નથી. ભગવાનના બ્રહ્મરસ જેવો બીજો કોઈ રસ નથી. ભગવાનમાં પ્રેમ જેવો કોઈ બીજો પ્રેમ નથી. ભગવાનના આનંદ જેવો બીજો કોઈ આનંદ નથી. આ સઘળું અનુભવી આનંદ માણે, આવા આપણા દિવ્ય ભગવાન પરથી પર સર્વથી પર છે. પરમધામના અધિપતિ છે. સર્વ ધામોના ધરનારા છે, સર્વેશ્વર છે.

પરચા નં.
૭૪.

## અનાદિ મુક્તરાજ ભગવાનજીભગત હિરજી ચૌહાણ
### ગામ : પાડાબેકર્ડ, હાલ- વલસાડ

**અમે** મુંબઈ કાંદિવલીમાં રહેતા હતા ત્યાં અમારી બાજુમાં નારણ વિશ્રામ વાઢેર અને એમના ભાઈ હરિભાઈ રહેતા હતા ત્યારે નારણભાઈ કહે, ભગવાનજીભાઈ તમારે સંતાનમાં દિકરો નથી તો અમારા ગુરુ બહું સમર્થ છે તો તમે એમને ગુરુ બનાવો એ જુનાગઢ રહે છે અને મોટા શાસ્ત્રીજી મહારાજના નામથી ઓળખાય છે. એટલે અમે બંને તથા નારણભાઈ અમારી સાથે આવ્યા અમે જુનાગઢ પહોંચ્યા. અને મહારાજના રૂમે ગયા ત્યાં મહારાજ બોલ્યા, ઓહો હો આ તો પાડાબેકર્ડ વાળા ભગવાનજી ભગત આવ્યા. આમ અમને સામેથી બોલાવ્યા પછી અમે મહારાજ પાસે સાકર-લીલા નારિયેળ મૂક્યા અને હાર પહેરાવ્યો અને હું મહારાજને દંડવત્ કરતો હતો ત્યાં મહારાજ બોલ્યા, બાપા રાજી હોય તો બે રૂપિયા વાપરવા દે અને બાપા રાજી ન હોય તો ઢોરમાર મારી કાઢી મૂકે. આમ મહારાજના કહેવાનો અર્થ (આ ભગવાન તમારા ઉપર રાજી છે). ત્યાં સુરેશ હતો તેને મહારાજે લાડુને ગાંઠિયા આપીને કહ્યું, જાઓ તમારા મમ્મીને તમે ખાવ. એટલે સુરેશ ગયો અને હું મહારાજની ચરણસેવા કરતો હતો.

અમે ચાર જણા હતા તે બીજા દિવસે ગિરનાર ચઢવા ગયા ત્યારે મહારાજે સાકરની પ્રસાદી આપીને કહ્યું, આ પ્રસાદી ખાતા જજો અને ગિરનાર ચઢજો અને આશીર્વાદ આપ્યા જાઓ બહું સુખીયા થાઓ, બહુ સુખીયા થાઓ. આમ મહારાજે અમને હેત કર્યું, આશીર્વાદ આપ્યા એટલે અમે ત્રીજા દિવસે દેશમાં અને ત્યાંથી મુંબઈ ગયા.

મુંબઈમાં થોડો સમય થયો ત્યાં મારે સાઉદિયા જવાનું થયું ત્યારે વેલજી ભગત પણ ભેગા હતા. ત્યાં દરરોજ પ્રગટ ભગવાનનો સત્સંગ થતો એમ ધીમે ધીમે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ આપણાં ગુરૂ તો ભગવાન સાક્ષાત્ છે. આમ પ્રગટ ભગવાનનો નિશ્ચય થયો ત્યારે ફૂલાવાડીનું કામ ચાલતું હતું. ત્યારે વેલજીભગતે ફુલવાડીની સેવા કરવા કહ્યું એટલે ફુલવાડી મંદિરના ખાતમુહૂર્તમાં રૂ.૩૦,૦૦૦ની મેં સેવા નોંધાવી અને ફૂલવાડીનું ખાતમુહૂર્ત અમારે હાથે કરવાનું નક્કી થયું પરંતુ કોઈ ભગત બોલ્યા કે, આમને ત્યાં સંતાન નથી માટે એમના હાથે ખાતમુહૂર્ત ન કરાય. પછી ફુલવાડી મંદિરનું ખાતમુહૂર્ત ભગવાનજી રાજાના હરિકૃષ્ણના હાથે કરાયું.

જ્યારે ફુલવાડીનું ખાતમુહૂર્ત હતું ત્યારે અમે બજારમાં ચાલ્યા જતા ત્યારે જુગારીઓ પર રેડ પડી અને જુગારીઓ ભાગ્યા એમા અમનેય પોલીસે પકડી લીધા. મને અને ભગવાનજીભાઈને પકડી જામનગર લઈ ગયા ત્યારે ફુલવાડીમાં ભક્તોએ ધૂન બોલવી અને ભક્તો છૂટે નહીં ત્યાં સુધી ભજન કર્યું ત્યારે ખોલિયા સાહેબ અમને છોડાવવા આવ્યા હતા ત્યારે તેમને અમારી ઉપર મહારાજ માળા ફેરવતા હતા એવા દર્શન થયા હતા અને અમને બપોરે ૧ વાગ્યે છોડ્યા હતા. ત્યારે સૌ ભક્તો રાજી થઈ ભગવાનની જય બોલાવી હતી.

ફુલવાડીની સેવાથી મારા પર રાજી થઈ મહારાજે મને લાલજી મહારાજની મુર્તિ સેવા કરવા આપીને કહ્યું, તમારે સંતાન જોઈતું હોય તો કોઈ ડીલીવરીવાળી બાઇ કે કોઇ પશુ-પક્ષીને તમે ભાવથી જમાડી તેની આંતરડી ઠારો તો ભગવાન તમારી આંતરડી ઠારીને સંતાન આપશે. મેં એમ કર્યું તો સમય જતાં મારે ત્યાં મહારાજનાં આશીર્વાદથી બે દિકરાનાં જન્મ થયા. તેથી હું અને મારા ઘરના બંને બાળકો સાથે જુનાગઢ દર્શન કરવા ગયા ત્યારે મહારાજે મારા બંને બાળકોને કંઠી બાંધી અને એકનું નામ બાલકૃષ્ણ અને બીજાનું નામ કૃષ્ણકાંત આપ્યું.

એક વખત હું જૂનાગઢ ગયો ત્યારે મહારાજને પ્રાર્થના કરી કે, ચિન્હના દર્શન કરાવોને. ત્યારે મહારાજે હાથનાં તેમજ ચરણનાં ચિન્હના દર્શન કરાવ્યા અને ડાબા સાથળમાં લક્ષ્મીજીના દર્શન કરાવ્યા.

હું સાઉદિયા પાંચ વર્ષ રહ્યો. અમે દરરોજ સાંજે રાત્રે પ્રગટ ભગવાનનું ભજન કરતા. વેલજીભગત દરરોજ મહારાજની વાતો અને ચરિત્રો કહેતા એટલે અમને ખૂબ જ આનંદ જ આવતો. મેં દૂબઈમાં પાંચ વર્ષમાં મહારાજની કૃપાથી ક્યારેય કામમાં ગેરહાજરી નથી રાખી અને ૩૦ દિવસ કામ કરતો સાથે ઓવરટાઈમમાં પણ વધારાનું કામ કરતો.

મહારાજ સ્વધામ પધાર્યા એ પહેલા મહારાજનાં ઘણાં ગંજી - ધોતિયા ધોવાનો લાભ અમારા ઘરનાને મળ્યો છે. અમે બધાં જૂનાગઢ હતા. ત્યારે ઓધવજીભગતના ઘરના દયાબેન કહે, અમે બજારમાં થોડું કામ છે તે પૂરું કરી હમણાં જ આવીએ છીએ. ત્યારબાદ આપણે સાથે મળી કપડાં ધોઈ નાખશું પરંતુ તેને આવતા વાર થઈ એટલે અમારા ઘરના કહે, લાવને હું કપડાં ધોઈ નાખું. તે બધાં કપડાં ધોવાનો લાભ મળ્યો. એમ મહારાજે મારા ઘરનાં ને એ સેવાનો લાભ આપ્યો.

મહારાજ તે દિવસે સાકરનો ખોબો ભરી આપી અને બોલ્યા, આ સાચવજે. આ વસ્તુ ઘડીયે ઘડીયે મળશે નહીં અને આ વસ્તુ બગડશે પણ નહીં. પછી અમે સાંજે રાજકોટ નીકળ્યા અને ઘેર પહોંચ્યા ત્યાં બીજા દિવસે સવારે સમાચાર મળ્યા મહારાજ સ્વધામ સિધાવ્યા છે. એટલે અમે બંને પાછા જૂનાગઢ અગ્નિસંસ્કારમાં આવ્યા અને મહારાજની સ્મૃતિમાં જે મોટી કથા બેઠી હતી તે કથાની પૂર્ણાહુતિ સુધી અમે રોકાયા હતા.

મહારાજને કાટલાપાક બહુ ભાવતો. તેથી હું જ્યારે જ્યારે જૂનાગઢ જાઉં ત્યારે આ કાટલાપાક લઈ જતો અને મહારાજ બહુ રાજી થતાં. આમ મહારાજના આશીર્વાદથી અમે સુખીયા છીએ. સમયજતાં મહારાજની કૃપાથી અમે પિતૃ પાછળ આમારા ગામ પાડાબેકર્ડમાં સપ્તાહ કથા કરી ત્યારે મહારાજ કથામાં સાતેય દિવસ દિવ્યરૂપે હાજર રહ્યા હતા. કથામાં કૃષ્ણ જન્મના દિવસે મહારાજે પોતાની લાલજીની મૂર્તિમાં તેજ વધારીને ચમત્કાર બતાવ્યો હતો તથા પિતૃને પાણી આપવાનું હતું ત્યારે ગોર મહારાજ કહે, તમારા ગુરુદેવને યાદ કરો ત્યારે મહારાજ હાજર જ હતા. ત્રાંસમાં જે પાણી હતું તે પાણી બદલાવ્યું આંગળીમાં દર્ભની વીંટી બીજી બનાવી પહેરવા કહ્યું એટલે મહારાજને ચોખાઈ બહુ ગમતી જેથી નવું ચોખ્ખું પાણી મંગાવ્યું. આ રીતે મહારાજની કૃપાથી અમારી સપ્તાહનું કાર્ય નિર્વિઘ્ને પાર પડ્યું અને મહારાજ ભેળા જ રહ્યા હતા તથા પાણીનો બોર કરવા અમારી પૌત્રી વતી નારિયેળ મુકાવીને બોર કર્યો તો મહારાજના આશીર્વાદથી પુષ્કળ પાણી આવ્યું. અમારા શેરીમાં કોઈને પાણી નહીં પણ અમારા બોરમાં પાણી આવ્યું.

આમ પ્રગટ ભગવાનની શરણાગતિ સ્વીકારી તો મહારાજે પુત્ર, પરિવાર, ધનદોલત, ગાડી, બંગલા આપી અમને ખૂબ સુખી કર્યા અને પ્રગટની સેવા અને ઉપાસના વડે મોક્ષ નક્કી થયો.



પરચા નં.
૭૫.

## અનાદિ મુક્તરાજ રાઘવભગત જેરામભગત ગોવરીયા
### ગામ : મોટી કુંકાવાવ

**મારી** આંખમાં દુઃખાવો હતો ત્યારે હું જામનગર હૉસ્પિટલે ટ્રીટમેન્ટ કરાવવા ગયો હતો અને મારે આંખ કાઢી નાખવી પડે તેમ હતી ત્યારે પ્રગટ ભગવાન દર્શન દઈ મને કહે, કાંઈ આંખમાં તકલીફ જેવું નથી જરા સોજો છે. ઈન્જેકશન અને દવા લેશો એટલે બરાબર થઈ જશે. મહારાજ આમ કહીને અદ્રશ્ય થઈ ગયા ને પછી હું કુંકાવાવ આવ્યો.

થોડા દિવસો પછી મારા મિત્રો જૂનાગઢ જતા હતા ત્યારે મને આવવા કહ્યું, મેં ઘણી ના પાડી પણ મને પરાણે ટિકિટનો ખર્ચ આપી જૂનાગઢ લઈ ગયા. જ્યારે અમે મહારાજ પાસે બેઠા હતા ત્યારે ઈ.સ.૧૯૭૯માં મહારાજે મને કહ્યું, મારે તને કંઠી બાંધવી છે મારે તારા હૃદયમાં રહેવું છે પણ તું બીડી પીવે છે તેનો ધૂમાડો મને નડે છે. માટે મારે તારા હૃદયમાં રહેવું કેમ ? આમ મહારાજ બોલ્યા ત્યાં મેં કહ્યું, મહારાજ તો આજથી બીડી બંધ અને તમે મને કંઠી બાંધો. આમ તો મેં મહારાજને ત્રણ વર્ષ પહેલાં ભગવાન માન્યા હતા. પણ જૂની રૂઢી કે ગુરૂ તો કરેલા છે. બીજા કેમ કરવા ? તથા હું બીડી પીતો હતો એટલે ત્યારે કંઠી ન બંધાવી પણ મહારાજે ત્રણ વર્ષ પછી મારી બીડી મુકાવીને કંઠી બાંધી ત્યારથી હું મહારાજનો આશ્રિત થયો અને મેં ઈ.સ.૧૯૮૨થી પ્રગટ ભગવાનની પૂજા કરવાની ચાલુ કરી.

પછી તો અમે અવારનવાર જૂનાગઢ જતા મહારાજની સેવા કરતા અને ભગવાન રાજી થતા. એક વખત મહારાજે મને કુંકાવાવની સેવા સોંપી. ઈ.સ.૧૯૭૭માં જન્મ સ્થળ લેવાયું ત્યારે ઈ.સ.૧૯૮૨માં જન્મ સ્થળમાં ડંકી નંખાવવાની હતી. તેનું કામ કરાવવા મહારાજે મને ભલામણ કરી કે, આ કામ થાય છે તે તમે ધ્યાન રાખજો. પછી સંડાસ-બાથરૂમ બનાવ્યા ત્યારે મહારાજ રૂપિયા આપતા અને અહીં એ કામ માણસો રાખીને હું કરાવતો અને મહારાજ રાજી થતાં. આમ મારે દશ પંદર દિવસે જૂનાગઢ જવાનું થતું. એમાં વળી એવું થતું કે, મને આગલી રાત્રે મહારાજના દર્શન થાય અને હું બીજે દિવસે મહારાજ પાસે જાઉં. આમ દસ વર્ષ સુધી કુંકાવાવની સેવાનો અવસર મળ્યો.

જૂનાગઢ મહારાજ પાસે જ્યારે જ્યારે જવાનું થતું ત્યારે ત્યારે કોઈને કોઈ દુઃખીયા સાથે હોય અને મહારાજ પ્રસાદીનું પાણી, ગુલાબની પાંખડી આપતા અને દુઃખ દૂર કરતા. એક વખત મહારાજે ચિન્હના દર્શન પણ કરાવ્યા હતા. મને બ્રહ્મપેલેસ શ્રીહરિ શરણાગતિ

મંડળ, કુંકાવાવમાં ૧૫ વર્ષ સુધી પ્રમુખપદ ઉપર સેવા મળી છે. અને મારા છોકરાઓ વિનુ, રમેશ અને હસમુખને પણ મહારાજે કંઠી બાંધી છે અને મારા આ દીકરાઓએ પણ કુંકાવાવ બ્રહ્મપેલેસ મંદિરના નિર્માણકાર્યમાં તન-મન-ધનથી સેવા કરી મહારાજનો વિશેષ રાજીપો લીધો છે.

આમ રાઘવભગત ગેવરીયાએ પ્રગટ ભગવાનને ઓળખી પોતાના કુટુંબને પણ ભગવાનનાં ચરણમાં મૂક્યા છે. તેમનું ઘર મંડળ આખું શરણાગતિ મંડળમાં સેવા કરે છે અને મહારાજની હયાતીમાં પણ તેમણે સેવા, આજ્ઞા, ઉપાસના, ભક્તિ કરી મહારાજને રાજી કર્યા છે.

પરચા નં.
૭૬.

## અનાદિ મુક્તરાજ મધુભગત ધનજીભગત બાબરીયા
### ગામ : કુંકાવાવ

**મારા** કાકા લખમણભાઈની જૂનાગઢ ખેતીવાડી વિભાગમાં નોકરી હતી એટલે એ અમને જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરમાં મહારાજના દર્શને લઈ જતાં. એ મારા કાકા લખમણભાઈ ધામમાં ગયા ત્યારે મહારાજ સ્વયં લેવા આવ્યા હતા ત્યારે હું અને મારો નાનોભાઈ દિનેશ અમે બંને અબુધાબી હતા. મહારાજે અમને બંને ભાઈઓને દર્શન આપ્યા- મહારાજની છડીવાળી મૂર્તિરૂપે આવીને કાકાને ધામમાં તેડી ગયા એટલે મારા ભાઇએ એ પ્રમાણે નાહી લીધું ને હું અઠવાડિયે સમાચાર મળ્યા પછી નાહ્યો. એમ અમારી ઉંમર નાની પણ અમે અઠવાડિયે આઠ દિવસ થાય ન થાય ને કુંકાવાવથી જૂનાગઢ મહારાજના દર્શને જતા. ક્યારેક કુંકાવાવ સ્મૃતિ મંદિરે કાચ હટાવીને મહારાજને નવડાવીએ એટલે ખૂબ બળ આવી જતું.

મહારાજે કુંકાવાવ તેમના જન્મસ્થાન મંદિરે સૌ ભક્તોને દર્શન માટે પધરાવવા છડીવાળી મૂર્તિ મોકલી હતી. તે મૂર્તિને મંદિરમાં બેસાડવા આમ ઓટલો કરીએ ને આમ ઓટલો કરીએ તેવી ચર્ચા અમે કરતા હતા ત્યાં બંસીભાઈ સવજીભાઈ અને નગીનભાઈ કહે આપણે મહારાજને જ પૂછીએ એટલે બંસીભાઈ કહે મધુ તું અને સવજીભાઈ જાવ મહારાજને પૂછી આવો એટલે હું અને સવજીભાઈ મહારાજને પૂછવા જૂનાગઢ ગયા. મહારાજને કહ્યું ત્યાં મહારાજ બોલ્યા ઊભો રહે આમ ઓટલો કરીને એ આમ સિંહાસન કરાય. પણ આજ પછી મને પૂછવા આવતા નહીં એ મૂર્તિને જ પૂછજો એ જવાબ આપશે એટલે અમને જ્યારે જ્યારે કાંઈ જરૂર પડે કાંઇ કામ હોય ત્યારે એ પ્રસાદીની છડીવાળી મૂર્તિ પાસે પ્રાર્થના-સંકલ્પ કરીએ એટલે તરત સિદ્ધ થઈ જાય, અમારા કામો થઈ જાય.

એકવાર અમે ચાલીને જૂનાગઢ ત્રણ જણા પહોંચ્યા હતા. હું, કાનજીભાઈ અને ગોવિંદબાપા અમે ત્રણ પહોંચ્યા સાડા નવ વાગ્યા હશે. મહારાજને દંડવત્-પ્રણામ કર્યા. મને મહારાજ કહે, ઓલી થેલી લાવ. મેં ખીંટી પરથી થેલી લીધી. મહારાજને આપી. મહારાજ કહે, આ સીતાફળ એક ભગત ગિરનારમાંથી લાવ્યા છે. મહારાજે એકમાંથી બે ફાડા કર્યા ને અમને એક એક આપ્યું અને મહારાજે અડધું ખાધું. એ સિતાફળ ખાધુ ને અમારો બધો થાક ઉતરી ગયો.

મહારાજ કહે, આજે શ્રાવણ માસનો છેલ્લો દિવસ છે ને તમે આટલું ચાલીને આવ્યા તો તમને આશિર્વાદ આપી દઉં છું, પણ હવે પછી ચાલીને આવતા નહીં. હું ત્યાં કુંકાવાવ સ્મૃતિ મંદિરમાં મૂર્તિમાં અખંડ બિરાજમાન છું, આમ મહારાજ સ્વમુખે બોલ્યા હતા. મહારાજની આજ્ઞા હતી ભક્તો આવે દર્શને તો એમને સારી રીતે જમાડવા એટલે આપણે શ્રદ્ધા અને સ્થિતિ મુજબ જમાડતા.

એકવાર અમે દુબઈ જવા હું કાંદિવલી મંદિરમાં રાત્રે સૂતો હતો. આંખ મિંચીને માળા કરતો હતો ત્યારે રાત્રે દસ વાગ્યે મહારાજ આવ્યા, આવીને કર્યો ઘા એટલે નકરું પાણી દેખાયું પછી એક ટાપુ દેખાયો. પછી પ્રકાશ દેખાયો, પછી ત્રણ માળનું બિલ્ડિંગ દેખાયું એની પાછળ મેદાન હતું એ દેખાયું અને ત્રણ ફુગ્ગા આમ ઉડ્યા, બીજા ત્રણ ફુગ્ગા આમ ઉડ્યા. પછી એ છ એ ફુગ્ગા અહીંયા ભેગા થઈ ગયા અને મને થયું લે મહારાજના દર્શન કરી લઉં. ત્યાં મહારાજ અદશ્ય થઈ ગયા. પછી મંદિરમાં ભક્તો સૂતા હતાં મેં વાત કરી આમ મહારાજના દર્શન થયા તે અમારું અઠવાડિયામાં દુબઈ જવાનું થઈ ગયું. ત્યારે અમે ઈન્ટરવ્યૂ આપવા ગયા તો અમે સાત જણા પાસ થયા પણ જવાનું ચાર જણાનું જ થયું. અઠવાડિયામાં તો અમે અબુધાબી દાસાલેન્ડ પહોંચી ગયા. ત્યાં અમને અરબી લેવા માટે આવ્યો ત્યારે એક પછી એકને ચેક કરી મોકલતો હતો ને આપણાં બધાને એક પછી એક મૂકી દીધા. હું એકલો મુંઝાયો. મેં કહ્યું, ભાઈ મારી સાથે બધા છે મને એની સાથે મોકલાવ. ત્યારે મને કહે તારા માટે અલગ રૂમ રાખી છે. જે મહારાજે દર્શન આપ્યાં હતાં એ પ્રમાણે બધું દેખાતું ગયું અને ત્રણ માળનાં બિલ્ડિંગમાં વચ્ચે સરસ મજાની રૂમમાં મને ઉતારો આપ્યો.

જ્યારે હું અને સવજીભાઈ મહારાજને મૂર્તિ કેમ કઈ બાજુ બેસાડવી એમ પૂછવા આવ્યા હતા ત્યારે સવજીભાઈ કહે તું મહારાજને કહેજે મને ચિન્હોના દર્શન કરાવે. એટલે મેં કહ્યું, હા. અમે મહારાજ પાસે બેઠા હતા ત્યારે મહારાજને કહ્યું, આ ભગતને ચિન્હોના દર્શન કરાવો ને ! મહારાજ કહે, હા લે. આમ કહી હાથમાં હાથ ફેરવી બોલતા જાય. આ સ્વસ્તિક, શંખ, ચક્ર, ધનુષ એમ દર્શન કરાવતા જાય ત્યારે મહારાજ બોલ્યા દેખાય તો જ હા પાડજે. આમ હાથમાં દર્શન કરાવ્યા પછી ચરણમાં રહેલા ચિન્હોને ઉપસાવી ઉપસાવીને દર્શન કરાવ્યા. યજ્ઞ, ગૌપદ, અષ્ટકોણ, ઉર્ધ્વરેખા, સૂર્ય અને અંકુશ. આમ મહારાજે રાજી થઈ દર્શન કરાવ્યા હતા.

એકવાર જન્મ સ્થાનનું મંદિર બનાવવું હતું ત્યારે હું મહારાજ પાસે ગયો હતો.

મહારાજ કહે, અહીં સભામંડપમાં સળિયા છે એવા સળિયા વપરાય. જા જોઈ આવ. હું ઊભો થઈ જોઈ આવ્યો ને વળી મહારાજ પાસે બેસી ગયો. ત્યારે મહારાજ કહે, આવા સળિયા આપણે વાપર્યા હોય તો ભવિષ્યમાં તોડવાવાળા તોડે ને તો એમ કહે બનાવવાવાળા બનાવી ગયાં છે હો. આમ મહારાજે થોડો આનંદ કરાવ્યો.

જ્યારે કુંકાવાવમાં બ્રહ્મપેલેસ મંદિર બનાવવું હતું ત્યારે હું વિદ્યાનગર રહેતો હતો ત્યાં આંખ બંધ કરું ને વડતાલ બાજુ ખૂણામાં મંદિર દેખાય. આમ મને ૧૫ દિવસ સુધી દર્શન થયા હતા. મેં વિનુભાઈને કહ્યું આપણે મંદિરનું ડ્રોઈંગ બનાવવું છે. તો સોમપુરા શોધીએ પછી હું વડોદરા ગયો. વાત્રક નદીના કાંઠે જૈનમંદિર બનતું હતું ત્યાં પૂછ્યું. તો ચોકીદાર હતો બીજું કોઈ ન હતું. એ લોકો પાલિતાણા ગયા હતા એટલે મેં એમના ફોન નંબર લઈ ફોન કર્યો એટલે રવિવારે આવવાની વાત કરી. એ રવિવારે આવ્યા ને મને દર્શન થતાં બંધ થયા એટલે હું કુંકાવાવ આવતો રહ્યો ને રવિવારે સોમપુરા આવ્યા ત્યારે હું એક પાટ પડી હતી તેના પર સૂતો હતો અને મહારાજે દર્શન આપ્યાં. જ્યાં મંદિર બનાવવું હતું ત્યાં સોનાની લગડીઓનો વરસાદ થયો. ત્યારે બપોરે બે વાગ્યા હતા. સોમપુરા કુંકાવાવ આવ્યા એને જમાડ્યા પછી મેં એમને દર્શનની વાત કરી મને આવા દર્શન થયા.

આપણે કાંઈ ન જાણીએ. ભગવાનની લીલા ભગવાન જાણે. મહારાજની કૃપાથી કુંકાવાવ બ્રહ્મપેલેસ મંદિરના ટ્રસ્ટનો રજીસ્ટ્રેશન નંબર આવી ગયો પછી બ્રહ્મપેલેસ મંદિરના બધા કામ ચાલુ થયા. મહારાજે બ્રહ્મપેલેસ મંદિરના ખાતમુહૂર્તથી મૂર્તિ પ્રતિષ્ઠા સુધીના દરેક કાર્યોમાં હાજરી પુરાવી છે. અમે મહારાજ પાસે જઈને પ્રાર્થના કરીએ એટલે કામ પાર પડી જાય. ઘણાં કામ પાર પાડ્યા અને પડતા જ જાય છે, ભગવાનનું કામ ભગવાન કરે છે, આપણે ભક્તો ભક્તોનું કામ કરતા રહેવું એમ મહારાજ ભેગા જ છે.

પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણની પૂર્ણ કૃપાથી યથાશક્તિ તન-મન-ધનથી કુંકાવાવ ધામને આંગણે મહારાજના સંકલ્પથી નિર્માણ થયેલ બ્રહ્મપેલેસ મંદિરમાં યથાશક્તિ તન-મન-ધનથી જે સેવાનો લાભ મને અને મારા પરિવારને મળ્યો છે તેથી અમે ખૂબ જ ધન્યભાગી થયા છીએ.

પરચા નં. ૭૭.

## અનાદિ મુક્તરાજ સવજીભગત મનજીભગત બાબરીયા
### ગામ : કોટી કુંકાવાવ

**હું** ઈ.સ.૧૯૭૦માં મધુભગતના કાકા લક્ષ્મણભાઈ સાથે પરીક્ષા દેવા ગયો, ત્યારે જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરે અમે ગયા અને ત્યાં મહારાજ પાસે કંઠી બંધાવી. ત્યાર પછી અમે અવાર નવાર જૂનાગઢ જતા. ઈ.સ.૧૯૭૭માં મહારાજ સંતરૂપમાં સાક્ષાત્ ભગવાન જ છે એવી ઓળખાણ થઈ. અમે ગોબરભગત, જયંતિભગત, બાલુભગત અમે જૂનાગઢ જતા અને મહારાજ માટે હાર અને ફુટ લેતાને મંદિરે જઈ મહારાજને ધરાવતા.

એક વખત અમે મહારાજ પાસે જૂના બાલમુકુંદ ભવનમાં ઓરડીમાં બેઠાં હતા. મહારાજના ચરણ દાબતા હતા ત્યારે પ્રમુખસ્વામી અને વિદેશી હરિભક્તો ૨૫-૩૦ જણા હતા, તે બધાં આવ્યા એ પહેલાં બે સંતો આવ્યા, એમાં એક ડૉકટર સ્વામી અને બીજા એક સંત મહારાજ પાસે આવ્યા. મહારાજને દંડવત્ કર્યાં. મહારાજ સાથે સંસ્કૃતમાં પ્રશ્ન-ઉત્તર એક કલાક સુધી કર્યા પછી ડૉક્ટર સ્વામી ઊભા થઈ કહે, મહારાજ પ્રમુખસ્વામી આપના દર્શન ઈચ્છે છે, એટલે મહારાજે આજ્ઞા આપી કે, ભલે અમારા દર્શને આવે. પ્રમુખસ્વામી આવ્યાને મહારાજને દંડવત્ પ્રણામ કર્યાં. અમે ત્યાં બેઠા હતા. એ અમે પ્રત્યક્ષ જોયું એટલે મનમાં થયું આ મહારાજ ભગવાન છે. એમ આપણે ઓળખી લીધા, એમ આમને એ ઓળખાણ કેમ નહીં થતી હોય. આવો વિચાર આવ્યો હતો. આમ અમે મહારાજને ભગવાન જાણીને દર્શન કરવા જતા આવતાને આજ્ઞાઓ પાળતા.

મહારાજ ધામમાં ગયા ત્યારે અમે મારા સાળાને પરણાવવા ગોંડલ બસમાં જાન લઈને ગયા હતા. અમને ખબર ન હોતી કે મહારાજ ધામમાં ગયા છે પણ એક બસ નીકળી ને એમાંથી ભક્તોએ આ સમાચાર આપ્યા કે મહારાજ ધામમાં ગયા છે ને અમે જૂનાગઢ જઈએ છીએ. એટલે મેં મારા સાળાનો વરઘોડો માંડવે પહોંચાડી. મેં મારા સસરાને વાત કરી મહારાજ ધામ સિધાવ્યા છે ને અમારે જવું છે એટલે એમણે કહ્યું કે તમે નીકળો. બસનો તો મેળ પડે એમ નહોતો. ત્યારે હું અને રણછોડભાઈ બંને ટેક્સી બાંધી ૧૦૦ રૂપિયા ભાડામાં અમે પહોંચ્યા જૂનાગઢ. ત્યાં હજી મહારાજ સન્મુખ સંતોના પ્રવચનો ચાલતા હતા એટલે અમે સમયસર પહોંચી ગયાને પાલખીયાત્રામાં જોડાવાનો યોગ મળી ગયો.

મને આ વંથલીના ભક્તોનો યોગ સંત્સંગ થયો ત્યારે સાચો સત્સંગ થયો કે આ માનવ

દેહને ભગવાનમાં સમર્પણ નિષ્કામપણુ ભાવનાથી ભકિત સેવા થાય તો ભગવાન રાજી થાય, એ આ વાત આ પ્રગટ ભગવાનના એકાંતિક ભક્તોના યોગ થકી સમજાયું એટલે હવે આ દેહે કરીને જેટલું થાય તેટલી વધારેને વધારે સેવા કરવી છે.

પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણની કૃપાથી અને ઇચ્છાથી તિર્થધામ કુંકાવાવના આંગણે નિર્માણ થયેલ બ્રહ્મપેલેસે મહામંદિરના નિર્માણ કાર્ય માટે જે ટ્રસ્ટની રચના થઈ તેમાં સૌ પ્રથમ રાઘવભગત ગેવરીયા ત્યારબાદ વિઠ્ઠલભગત બાબરિયાએ વર્ષો સુધી પ્રમુખ સ્થાને રહી ખૂબ સારી સેવાનો લાભ લીધો. ત્યારબાદ મહારાજની ઇચ્છાથી મારે પ્રમુખસ્થાને રહેવાનું થયું અને જેમ જેમ અંતર્યામી રૂપે મહારાજ પ્રેરણા કરતા ગયા તેમ તેમ બ્રહ્મપેલેસ મંદિરનું મૂર્તિ પ્રતિષ્ઠા સુધીનું તમામ કાર્ય શ્રીહરિ શરણાગતિ મંડળના સર્વભક્તોના તન-મન-ધનના સાથ-સહકારથી નિર્વિઘ્ન ધામધૂમપૂર્વક પાર પડ્યું. હવે તો બ્રહ્મપેલેસ મંદિરના નવેય શિખરમાં પ્રગટ ભગવાનનાં સ્વરૂપો બિરાજમાન છે. નવ શિખરની ધજાઓ ગગનમાં ફરકે છે. સેવા-પૂજા થાય છે. કથા-વાર્તા, સત્સંગ ચાલુ છે. અનેક જીવાત્માઓ મહારાજના દર્શને આવે છે. પ્રભુ સર્વના સંકલ્પો પૂરા કરી દુઃખ દૂર કરે છે. આમ કુંકાવાવ તિર્થમાં તેમજ વિશ્વમાં પ્રગટ ભગવાનનો ડંકો વાગી રહ્યો છે.

મને તેમજ મારા પરિવારના સૌ ભક્તોને કુંકાવાવ બ્રહ્મપેલેસ મંદિરના મહારાજના કાર્યોમાં જે તન-મન-ધનથી સેવાનો લાભ મળ્યો છે એ બદલ અમે સૌ ધન્યભાગી અને મોક્ષભાગી થયા છીએ.

પરચા નં.
૭૮.

## અનાદિ મુક્તરાજ નાનજીભગત લખમણભગત મકવાણા
### ગામ- જામવંથલી, હાલ- રાજકોટ

**જામવંથલીમાં** મારી ઉંમર નાની ત્યારે મારા નાના રાજાબાપા ભેગો જામનગર સ્વામિનારાયણ મંદિરે ચાલીને જતા ને ત્યાં નાના આરતી વગાડતા અને હું ઝાલર વગાડતો અને મહારાજ બિરાજતા ત્યાં જઈ મહારાજના ચરણ દાબતા ત્યારે મારી ઉંમર આઠ વરસની. મને કંઠી બાંધી હતી અને મહારાજે પૂજા આપી હતી. મહારાજ વંથલી આવ્યા ત્યારે જે ફુલવાડીમાં પ્રસાદીના રૂમ છે એના પાયા અમે ગાળ્યા હતા. ચૂનો પીસતા કૂઈમાંથી ગાર કાઢ્યો પણ હતો. આમ મહારાજની આજ્ઞા પાળી સેવા કરતા.

મને મહારાજ પોતાના ચરણોમાં રહેલા ચિન્હોના દર્શન કરાવતા પણ મને બહું ખબર ન પડતી. વંથલીમાં અમે મોટા મંદિરે આરતીમાં જતા ત્યારે શાસ્ત્રીજી મહારાજની જય બોલાવતા ત્યારે જય બોલવામાં ડખો ચાલતો પણ પૂંજાબાપા રામપરિયાએ ઊભા થઈ કહ્યું કે જય તો બોલાવશું. તમારાથી થાય તે કરી લ્યો. પૂંજાબાપા કહે, કાશીમાં આજની તારીખે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીની જય બોલાવય છે તો અહીં કેમ નહીં. જય તો બોલશું. મહારાજ વંથલીથી જૂનાગઢ ગયા તો અમે જૂનાગઢ દર્શન કરવા જતા ત્યાં હથેળીમાં ચિન્હના દર્શન કરાવ્યા. આંગળી અડાડી ઊર્ધ્વરેખા બતાવતા.

એક વખત મહારાજના દર્શન કરવા ગયો ત્યારે મહારાજને કહ્યું, મહારાજ મેં પાસપોર્ટ બનાવવા આપ્યો છે. મને દુબઈ મોકલી દોને. મહારાજ કહે, પાસપોર્ટ આવે એટલે એક મહીનામાં જાવાનું થશે પછી મારો પાસપોર્ટ તરત આવ્યો ને સાત દિવસમાં જાવાનું થઈ ગયું અને કંપની પણ સારી મળી. દુબઈમાં ભક્તો સાથે મળી ખૂબ કથાવાર્તા અને સેવા-ભક્તિનો લાભ લીધો. મહારાજની આજ્ઞા પ્રમાણે કુંકાવાવ, જૂનાગઢ અને ફુલવાડી મંદિર માટે ખૂબ સેવા કરી પ્રગટ ભગવાનને વિશેષ રાજી કર્યાં છે.

અમે વંથલીથી જૂનાગઢ જતા ત્યારે બધાં ભક્તો એક એક લોટી દૂધ ભેગું કરીને લઈ જતાને મહારાજને દેતા. તો મહારાજ દૂધપાક બનાવી ભક્તોને જમાડીને રાજી કરતા. એકવાર હું જૂનાગઢ ગયોને મહારાજ કહે, મને મચ્છર બહું કનડે છે, મેં કહ્યું અહીં ક્યાં મચ્છર છે ? મહારાજ કહે, અહીંયા નહીં કુંકાવાવમાં પાદરે મારી મૂર્તિ પધરાવી છે ત્યાં. મેં કહ્યું, મહારાજ કહો તો હમણાં જ કુંકાવાવ જાઉં અને સ્મૃતિમંદિરે સારો પંખો ફીટ કરતો

આવું. હેમંતભગત કહે, બસ તો ઉપડી ગઈ. મહારાજ કહે, ઉભી છે. હું ગયો બસમાં બેઠો પછી તે ઉપડી.

કુંકાવાવ ગયો અને લાઈટવાળાને કહ્યું, પાદર મંદિરમાં પંખો ફીટ કરવો છે. પછી એક પંખો લીધો અને એક બોર્ડ મોટું કરાવી પંખો ફીટ કરાવ્યો પછી મહારાજના કહ્યા પ્રમાણે રાજકોટ જતો નહીં સીધો અહીં જૂનાગઢ આવજે, એટલે હું સીધો જૂનાગઢ ગયો. મહારાજને દંડવત્ કરી બાજુમાં બેઠો. એટલે મહારાજ ઊભા થઈ હેતથી ખૂબ ભેટ્યા અને અતિ રાજી થઈ મને કહ્યું કે, નાનજી તું મારો એકાંતિક, આજ્ઞાંકિત અને શુરવીર અનાદિ મુક્ત છો. પછી મહારાજે મને એક થેલી આપીને કહ્યું, જો આમાં મારી પ્રસાદીની વસ્તુઓ છે. તું કુંકાવાવથી નીકળ્યો ત્યારથી મેં આ રૂપિયાનો સિક્કો કપાળે ચોંટાડી રાખ્યો હતો. તે તને આપું છું અને મારી જૂનામાં જૂની મોજડી તેમજ હું ચાલીસ વરસથી પૂજા રાખતો હતો તે પૂજાની થેલી અને મારો મહાપ્રસાદીનો દાંત તને આપું છું આ દાંત જેની પાસે હશે એ ધનાઢ્ય થશે. આમ મહારાજે મારી ઉપર બહું રાજી થઈ અને બીજી અન્ય પ્રસાદીની વસ્તુઓમાં ગંજી, ધોતિયા, દાતણ, નખ, કેશ વગેરે આપી મારી પર ખૂબ જ રાજી થયા.

એકવાર મારું એક્સિડન્ટ થયું એટલે હોસ્પિટલમાં ઓપરેશન કરવાનું હતું ત્યારે મહારાજે દર્શન દઈને કહ્યું તું જરાય મૂંઝાતો નહીં હું તારા ભેગો છું. આમ મહારાજે મારી અનેકવાર ખૂબ રક્ષા કરી છે અને મહારાજની કૃપાથી ખૂબ જ સેવાભક્તિનો મને તથા મારા પરિવારને લાભ મળ્યો છે. તેથી અમે ધન્યતા અનુભવીએ છીએ.



પરચા નં.
૭૯.

## અનાદિ મુક્તરાજ મોહનભગત કરસનભગત મનાણી
### ગામ : જામવંથલી, હાલ- પૂના

**મોહનભગત** જામવંથલીના પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણના પરમભક્ત, વિવેકી, જ્ઞાની અને પ્રગટ ભગવાનને શાસ્ત્રે કરીને ઓળખનારા હતા. મહારાજને મોહનભગત ખૂબ વ્હાલા હતા. મહારાજે એમનું બહું ધ્યાન રાખ્યું છે. જૂનાગઢ બાલમુકુંદ ભવન મકાનના વાસ્તામાં બાપુજી ગયા નહોતા ત્યારે મહારાજે ભગતને ત્રણ-ચાર વખત યાદ કર્યા હતા કે મારો મોહન કેમ ન આવ્યો ? આમ યાદ કર્યા હતા.

મોહનભગતના ધર્મપત્ની શાંતાબેને જામનગર મંદિરમાં સેવા ઘણી કરી છે. તેમજ કાયમ મહારાજની આજ્ઞામાં રહ્યા છે ત્યારે એકવાર એક દીકરો તોફાન બહુ કરતો પણ રંગનાથ નગરસેવકને ત્યાં ખેતરમાં કામે જતો ને એ ભાઈ મંત્ર, તંત્રવાળો હતો. ત્યારે મારા બા મારા ભાઈને બોલાવવા જતા ત્યારે એ રંગનાથે પોતાની મંત્ર-તંત્રની શક્તિનો પ્રયોગ કર્યો એટલે બાને રાત્રે માથા વગરનો માણસ દરવાજાને લાત મારી ઘરમાં આવતો દેખાય એટલે બા શાસ્ત્રીજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ બોલે એટલે એની મેલી વિદ્યા કામ ન કરે. પછી મંદિરે મહારાજને વાત કરી એટલે મહારાજે શ્રીજીરક્ષા આપીને દરવાજામાં બાંધી દેજો એમ આજ્ઞા કરી. આમ બાની પણ રક્ષા કરી.

તેમના છોકરાવ જીતેન્દ્રભગત, અનિલભગત, હરિકૃષ્ણભગત આદિક ભક્તો નાની વય પણ સમજણથી પ્રગટ ભગવાનની ભક્તિપરાયણ હતા અને પ્રગટ ભગવાનની સેવામાં નિત્ય રહેનારા આ ભગવદીય કુટુંબને મહારાજે સ્વયં દિક્ષા, મંત્ર, શરણાગતિ આપીને ભક્તની દુર્બળ સ્થિતિમાયે વિશેષ પણે હેત-નજર રાખીને પોતાના ભક્તને દુઃખી નથી થવા દીધા. રાજકોટમાં પ્રગટ પ્રભુ બિરાજતા હોય કે જામનગર હોય કે જૂનાગઢ હોય ભક્તોની નજર ભગવાન તરફ અને ભગવાનની નજર ભક્ત તરફ રહેલી જ હોય છે. મોહનભગતને મહારાજે પૂના ભકતો ભેગા અને કથાવાર્તા, ભક્તોમાં હેત-પ્રીત, ભગવાનમાં સમજણ વધો તેવા શુભ આશય સાથે મોહનભગત પૂના કામકાજે મોકલ્યા. કામકાજમાં પણ મોહનભગત નરસિંહ મહેતા જેવું જીવન તેથી કામ કરતા પણ ભગવાનનું ધ્યાન-સ્મરણ વધારે થતું તેથી કામ ભૂલાઈ જતું. આવા સમયે ભક્તોએ કામકાજમાં પણ મદદ, સહાયતા કરી મોહનભગતને પોતાના ભેગા જ રાખ્યા છે.

પછી તો મહારાજે મોહનભગતને દુબઈ, અબુધાબી, દાસાલેન્ડ મોકલ્યા છે અને મોહનભગતે પ્રગટ ભગવાનની, ફુલવાડીની દ્રવ્યસેવાઓ કરી છે. સન્લે કંપનીમાં અને દાસાલેન્ડમાં ઈંગ્લિશ કંપનીમાં ઊંચા પગારે નોકરી અપાવી છે. મોહનભગતે સેવાનું લક્ષ્ય રાખી ખૂબ સેવાઓ કરી છે અને આમ આખું જીવન ભગવાનના કથા-વાર્તા, સેવા ભક્તિ કરીને ધામને વિશે ગયા છે. તેમના પુત્રોને હરિકૃષ્ણભગત, અનિલભગત, જીતેન્દ્રભગતને પૂનામાં કડિયાકામ, આરસકામ કારીગરી કરતાં મહારાજે વિદેશ મોકલ્યા છે.

જીતેન્દ્રભગત દુબઈ ગયા છે. દુબઈ એરપોર્ટ પર સરકારી નોકરી કરી સારો પગાર મેળવતા ભક્તો દુબઈ ભક્તો ભેગા સમૂહમાં રહી ધૂન-ભજન કરતાં મહારાજના સમૈયા ઉત્સવ ઉજવતા લાખો રૂપિયાની સેવાઓ ફુલવાડી મંદિર વિષે કરી છે. દેશમાં અનિલભગત, હરિકૃષ્ણભગત પૂનામાં કામકાજ કરતાં કરતાં તેઓએ પણ જુનાગઢ, ફુલવાડી, કુંકાવાવની સેવાઓ કરી મહારાજને વહાલા ભક્તો થયા છે. મહારાજે ગરીબડા ભક્તોને ધનવાન બનાવી આલોકની સંપત્તિ સાથે પરલોકની પણ દિવ્ય સંપત્તિઓ આપીને સુખી કર્યા છે. જેનું અનુસંધાન સુપુત્રોને છે તેથી જ આજપર્યંત મહારાજના મંદિરો જ્યાં પણ છે. ત્યાં સમૈયા-ઉત્સવો સેવાઓ કરીને પ્રગટનું ભજન-સેવા કરીને સાચું એકાંતિક ભક્તના જેવું જીવન જીવી રહ્યા છે.



પરચા નં.
૮૦.

## અનાદિ મુક્તરાજ નાનજીભગત લખમણભગત કાચા
### ગામ : જામવંથલી

**પરમ** પૂજ્ય શાસ્ત્રીજી મહારાજ શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજીએ આ લોકમાં પોતાના અનેક શિષ્યો કે મનુષ્યો કે જીવ પ્રાણીઓને દુઃખમાંથી મુક્ત કર્યાં છે, સુખી કર્યા છે. ભગવાનના ધામમાં મોકલ્યા, તેડી ગયા છે એના ઘણાં પરચા અનેક ભગવદીજનોને થયા છે.

આજથી લગભગ ૫૦-૬૦ વર્ષ પહેલ અમારા ગામના અમારા કુટુંબના અમારા વડીલભાઈ હરિભાઈ વસ્તાભાઈ કાચાને શરીરે વાંસામાં, પીઠમાં ભરનીંગર (મોટું) અદિઠ્યુ (પોતે ન જોઈ શકે) ગુમડું થયું. કાળી બળતરા થાય, ગામડામાં વૈદ્ય કે ડૉકટરની સગવડતા નહિ જેથી બહુ દુઃખી હતા. વિચાર કરતાં બીજા વડીલોએ સલાહ આપી કે જામનગર જઈને શાસ્ત્રીજી મહારાજ પાસે આશીર્વાદ લેવા અને તેઓશ્રી કહે તે રીતે ડૉકટરને બતાવવું.

સાંજે તેમના દીકરા જીવરાજભાઈ અને નાનાભાઈ ગોવિંદભાઈ તથા દેવજીભાઈ લખમણભાઈ કાચા રેલવે ટ્રેનમાં જામનગર હરિભાઈને લઈ ગયા. રાત્રે સ્વામિનારાયણ મંદિરમાં શાસ્ત્રીજી મહારાજ પાસે ગયા. દર્શન કરી હરિભાઈના દુઃખની વાત કરી અને માર્ગદર્શન, આશિર્વાદ માગતા તેમણે કહ્યું કે, દર્દ ભયંકર છે કદાચ ભગવાન તેડી જાય, પરંતુ હરિભાઈના પરિવારમાં નાના બાળકો છે તેના કલ્યાણ, રૂડા માટે અમો ભગવાનને પ્રાર્થના કરશું, માળા કરશું કે આ ભગતનું દુઃખ મટી જાય.

પછી જામનગરમાં સરકારી દવાખાનામાં (ઈરવીન હોસ્પિટલ)માં દાખલ કર્યા. ડૉકટરોએ દર્દની ગંભીરતા સમજી સારવાર શરૂ કરી. ગુમડાંનું વાઢકાપ... જેવી સારવાર કરતા હરિભાઈ ડૉકટરને ના પાડે કહે કે, મારે અહીં નથી રહેવું. ડૉકટર માને નહીં. હરિભાઈએ પોતાનો હાથ ડૉકટરને માર્યો (થપ્પડ મારી). છોકરાને કહે, આ નળીઓ બધે ભરાવી છે તે કાઢી નાખ મારે ઘરે જાવું છે, દવાખાનામાં રહેવું નથી.

આ સમય દરમ્યાન પૂ.શાસ્ત્રીજી મહારાજે તેમના માટે માળા કરવાનું ચાલું રાખ્યું. જેથી તેમના આશીર્વાદથી હરિભાઈનું દુઃખ દૂર થયું, સાજા થઈને મંદિરે શાસ્ત્રીજી મહારાજના દર્શને ગયા. મહારાજે હરિભાઈને કહ્યું, તમારે ધામમાં જવા ઘણું દુઃખ હતું પણ અમે કૃપા કરી તમને દુઃખમાંથી છોડાવ્યા છે, જેથી હવે નિરાંતે ભજન કરજો, સેવા કરજો.

પરચા નં.
૮૧.

## અનાદિ મુક્તરાજ અશ્વિનભગત વિઠ્ઠલભગત પીઠડિયા
### ગામ : મોટી ફુંકાવાવ, હાલ- સૂરત

**હું** એકવાર મહારાજના દર્શન કરવા જૂનાગઢ ગયો ત્યારે મારી પાસે સવા છ રૂપિયા જ હતા એ મેં મહારાજને ધરી દીધા. મહારાજ કહે, તે તારા માટે કાંઈ ન રાખ્યું. પછી મહારાજ ઊભા થઈ કબાટમાંથી એક બ્લેક એન્ડ વ્હાઈટ મૂર્તિને પચીસ પૈસા મને આપી બોલ્યા- આ નારાયણ અને આ લક્ષ્મી. આ કાયમ ભેગા રાખજો.

અમે મહારાજના અવારનવાર દર્શન કરવા જતા. મહારાજની ચરણસેવા કરતા. મહારાજને નવડાવતા, મહારાજને જમાડતા અને ચરણસેવા કરતા. જૂનાગઢ મહારાજના મકાનનું વાસ્તુ હતું ત્યારે મહારાજનો પત્ર આવેલો કે, વાસ્તામાં પધારજો ન આવી શકાય તો પાંચ માળા કરી તનથી અને મનથી પધારજો.

હું દુબઈ વિદેશમાં બીમાર પડ્યો ત્યારે મેં મહારાજને પ્રાર્થના કરી કે, મહારાજ અહીં રાખવો હોય તો સાજો કરો નહીં તો દેશમાં પાછો મૂકી દો ત્યારે મહારાજે આવીને દર્શન આપ્યા, માથા પર હાથ મૂક્યો. સવારે ડૉકટર આવ્યા જોયું તો મને કંઈ ન હતું પછી રજા આપી દીધી. આમ મહારાજે રક્ષા કરી. એક વખત અમે દુબઈમાં જન્મજયંતિની ઉજવણી કરી ત્યારે મહારાજની મૂર્તિમાં પ્રકાશના કિરણોના સેરડા પડતા હોય એવા દર્શન થયા.

એકવાર અમે જૂનાગઢ ગિરનાર ચઢવા ગયા ત્યારે પહેલાં મહારાજના દર્શન કરવા ગયા. મહારાજ પાસે જઈ દંડવત્, પ્રણામ કરી મહારાજને કહ્યું કે, અમારે ગિરનાર દર્શન કરવા જવું છે એટલે મહારાજ કહે જાઓ પહેલા દેવ-દર્શન કરી આવો ત્યારે અમે ઊભા થયા તો મહારાજે મને રોક્યો ને કહ્યું, તમે ગિરનાર ચઢવા જાઓ છો, આ ટેકરામાં કેટલાંય હજારો વર્ષોથી મોટાં મોટાં ઋષિઓ અમારું તપ કરે છે, એમને હજી હું નથી મળ્યો ને તું મારી ભેળો બેઠો છો ને તમે અમારી ચરણસેવા કરો છો. મહારાજ કહે, ત્યાં બેઠા એ અહીં બેઠાં છે. અહીં બેઠા એ ત્યાં બેઠા છે. ત્યારે હું ઊભો થઈ મહારાજને દંડવત્ કરવા લાગ્યો.

એકવાર મારે ફરી વિદેશ જવાનું થયું ત્યારે જૂનાગઢ મહારાજના દર્શન કરવા ગયો ત્યારે મહારાજ બોલ્યા ત્યાં માંદો પડીશ તો તને કોઈ પપૈયું નહીં ખવડાવે. એમ કહીને આંગળી ચિંધી કહે, સામે પાણીયારા પર પપૈયું પડ્યું છે લઈ લે. મેં પપૈયું સુધાર્યું અને મેં અને

મહારાજે ખાધું, આ છેલ્લા પ્રત્યક્ષ દર્શન. પછી મેં કહ્યું મહારાજ આ પપૈયાની છાલ હું ક્યાં નાખી આવું એટલે મહારાજ કહે, સામે ગૈશાળામાં. એમ કહી મહારાજ મારી ભેગા આવ્યા ને આ ગાયને આપી દે એ ખાઈ જશે એમ કહ્યું. મહારાજ ધામમાં ગયા ત્યારે અમે સાઉદિયા હતા. જૂનાગઢ આવવું તો હતું પણ સાઉદીયાના કાયદા આકરા એટલે છૂટી ન મળી.

મારા ઘરમાં સૌ વૈષ્ણવ ભક્ત એટલે આ મહારાજની ભક્તિથી ખીજાતા, ઘણીવાર વિરોધ થતો, પરંતુ એક વખત મારાથી બાપુજીને કહેવાઈ ગયું કે તમે આ દેહના માવતર છો, સાચા માવતર આ મહારાજ જ છે. ત્યાર પછી બાપુજીએ કોઈ દિવસ કાંઈ ન કહ્યું. એકવાર બાપુજી સૂરત આવ્યા'ને ત્યાં સભામાં મહારાજની મૂર્તિમાંથી અમૃતવર્ષા જોઈ એટલે રાજી થઈ ગયા ને પછી વેલજીભગત પાસે કંઠી બંધાવી પછી તો ઘરે જમવા બેસે તો કહે, મહારાજને ધર્યું ? એમ કહી મહારાજને ધરેલો થાળ એ બાપુજી જમતા.

એક વખત અધિક માસમાં કતારગામમાં સપ્તાહ બેસવાની હતી એ કથા વેલજીભગત વાંચવાના હતા ત્યારે પોથી લઈ હું, મીના, શ્વેતેશ અને યાજ્ઞિક ચારે જણાં પૂલ પર ટ્રાફિક વધારે હોવાથી હું મીનાને ઉતારી અમરોલી પૂલ પરથી જતો હતો. ત્યાં અડધે પૂલ પર પહોંચ્યા ત્યાં આગળ એક્સિડેન્ટ થયું તેમાં ગાડીનો કાચ તૂટ્યો તે ઉડીને મને ગળામાં વાગ્યો તે મારા ગળાની નશો કપાઈ ગઈ હતી. પાછળ રમેશ ગેવરીયા અને બીજા ભક્તો હતા ત્યારે સૌએ ભેગા મળી કતારગામની હોસ્પિટલમાં ત્યાંથી મને મહાવીર હોસ્પિટલમાં દાખલ કર્યો ત્યારે રાત્રે દોઢ વાગ્યે મારું ઓપરેશન કર્યું અને મને આઈસીયુમાં રાખ્યો હતો. બાર વાગ્યે કથા પૂરી થઈ એટલે ઘણાં ભક્તો સંભાળ લેવા આવ્યા હતા ત્યારે ડૉકટર આ બધા ભગવા શર્ટ જોઈને આશ્ચર્ય પામ્યા હતા. ત્યારે ડૉકટરોએ એમ કહ્યું હતું કે, આમ બધા ભગવા વસ્ત્રોધારી આપ કોણ છો ? આ લોકો કહે, અમે શ્રીહરિના શરણાગતિ મંડળના ભક્તો છીએ. ત્યારે ડૉકટર બોલ્યા કે, આ કેશ એવો હતો જ્યાં એક્સિડન્ટ થયું ત્યાં જ કેશ ખલાસ થઈ જાય પણ આ ચમત્કાર કહેવાય કે ગળાની નસો કપાઈ જાય કેશ બચે જ નહીં, આ ભાગ્યશાળી છે. આવી રીતે ભગવાને મને મોતના મુખમાંથી ઉગાર્યો છે બચાવ્યો છે. ત્યારે મીનાને મનમાં એમ થયું કે હવે અમારું શું થશે ? ત્યારે મહારાજે મીનાને દર્શન આપ્યાં અને મહારાજ બોલ્યા, આ મારો હતો ને મેં એને બચાવ્યો એને કાંઈ નહીં થાય, તું ચિંતા કર નહીં પછી મીનાને હિંમત આવી. એકવાર અમારા ઘેર મહારાજ મૂર્તિમાંથી પ્રગટ થયા ને સેટી પર બેસી ગયા તે દર્શન મારા દીકરાએ કર્યા.

એકવાર સૂરત અમારા ઘરના ધાબા પર સભા હતી ને અમારો શ્વેતેશ ચાર-પાંચ વર્ષનો હતો ત્યારે સૌ સભામાં મસ્ત હતા, તબલા વાજિંત્ર વાગતા હતા ને શ્વેતેશ નાચતો હતો. નાચતાં નાચતાં નીચે પડ્યો તેવો મહારાજે પગનો અંગૂઠો પકડી ઉપર મેલી દીધો ત્યારે મેં પૂછ્યું તું નીચે પડી ગયો ને તને ઉપર કોણે મૂક્યો ? ત્યારે તે મહારાજની ચિન્હવાળી મૂર્તિને છડીવાળી મૂર્તિ એ તરફ આંગળી કરી કહે મને આમને ઉપર મૂક્યો.

એકવાર અમારા મોટાભાઈને પથરીનું ઓપરેશન કરવાનં હતું ત્યારે અમરેલી, જૂનાગઢ, રાજકોટ, જામનગર બધે બતાવ્યું બધાએ ઓપરેશન કરવાની ના પાડી દીધી હતી. આ ઓપરેશનમાં સાત-આઠ જગ્યાએ ચેકા મારવા પડે એટલે બધાએ ના પાડી હતી ત્યારે મહારાજને પ્રાર્થના કરી મહારાજ માયબાપ તમે રક્ષા કરો તો થાય. ત્યારે મહારાજે દર્શન આપી કહ્યું, આપણાં ગામમાં ડૉકટર છે, દવાખાનું છે ત્યાં કરાવી આવ હું આવીશ. ત્યારે ડૉકટર કહે આ મોટું ઓપરેશન છે, હું ન કરું ત્યારે મેં કહ્યું તમારે યશ લેવાનો છે. આ કામ ભગવાન કરવાના છે, ભગવાન આપણાં ભેળા છે. મેં મારા ભાઈને કહ્યું. આ ઓપરેશન ભગવાન કરવાના છે તમે જરાય મૂંઝાતા નહીં ને તમને જે દેખાય તે કહેજો એટલે ઓપરેશન તો થઈ ગયું અને હું બે-ત્રણ દિવસના ઉજાગરા હતા તે હું સૂઈ ગયો. હવે આ બાજુ ભાઈ ભાનમાં આવ્યા. ચારે બાજુ નજર કરી કહે અશ્વિન ક્યાં ગયો ? હું સૂતો હતો ને ઉઠાડ્યો ને મોટાભાઈ કહે, અશ્વિન મહારાજે એક હાથ મારા કપાળે રાખ્યો ને છડી લઈને ઊભા હતાં. મારી રક્ષા કરી સાજો કર્યો.

અશ્વિનભગત પીઠડિયાના નાના ભાઈ અરવિંદભગત પીઠડિયાએ પણ પ્રગટ ભગવાનનાં અતિ કૃપાપાત્ર મહાન મુક્તરાજ છે. મહારાજ રાજી થઈ ઘણાં ભક્તોના ઘરે તેમજ ઉત્સવ, સમૈયામાં શ્રીફળમાં દર્શન આપે છે. તે જ રીતે અશ્વિનભગતને ત્યાં મહારાજનો કોઈ પણ ઉત્સવ કરે ત્યારે પણ મહારાજ શ્રીફળમાં દર્શન આપે છે. તેમજ તેમના ભાઈ અરવિંદભગતને ત્યાં તો દર એકાદશીએ મહારાજ રાજી થઈ શ્રીફળમાં જરૂર દર્શન આપી આશિર્વાદ આપે છે. આમ આ બંને ભાઈઓ મહારાજની આજ્ઞા પ્રમાણે પવિત્રપણે ધર્મમય જીવન જીવી ભજન-ભક્તિ કરી મહારાજના દરેક કાર્યોમાં તન-મન-ધનથી સેવાનો લાભ લઈ પ્રગટ ભગવાનને વિશેષ રાજી કરીને ધન્યભાગી તેમજ મોક્ષભાગી થયા છે.



પરચા નં.
૮૨.

## અનાદિ મુક્તરાજ છગનભગત માવજીભગત રાઠોડ
### ગામ : ચાવડા, હાલ- રાજકોટ

**મને** ઈ.સ. ૧૯૭૯માં મહારાજની ઓળખાણ થઈ ત્યારે મહારાજે મને કર-ચરણકમળમાં ભગવાનપણાના દરેક ચિન્હોના દર્શન કરાવ્યા હતા, પોતાના સાથળમાં ખાપાના ચિન્હના પણ દર્શન કરાવ્યા હતા. તેમજ મહારાજ દ્વારા મને અનેકવાર ભગવાનપણાના અનુભવો પણ થયા હતા. જેથી હું અને મારો પરિવાર શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ માનીને સેવા-પૂજા કરતા હતા.

એકવાર હું ઉજળા કામ કરતો હતો ત્યાં મને ઘરેથી ફોન આવ્યો કે મારા દીકરા ધીરુની તબિયત ખૂબ જ બગડી છે અને ડૉકટરે પણ એ કેસ હાથમાં લેવાની ના પાડી દીધી છે. એટલે હું તરત ઉજળાથી રાજકોટ અને ત્યાંથી જૂનાગઢ ધીરુને લઈ મહારાજ પાસે આવ્યો ને બધી વાત કરી એટલે મહારાજે ધીરુને ગુલાબ પાંખડી આપી હાથ ફેરવ્યો ને થાપો માર્યો એટલે તરત ધીરુને પેટનો દુઃખાવો મટી ગયો. મેં કહ્યું, મહારાજ આ કાંઈ ખાતો નથી અને થોડું ખાય છે તો ઊલટી દ્વારા બહાર કાઢી નાખે છે. એટલે મહારાજે પ્રસાદીનું ચીકું આપી કહ્યું, આ એને ખવડાવી દો. આ ખાશે એટલે ધીરે ધીરે ખાવા માંડશે. પછી ધીરુ રોજ થોડું થોડું જમવા લાગ્યો અને અઠવાડિયામાં તો બરાબર જમવા લાગ્યો. આ રીતે મારા દિકરા ધીરુને નવું જીવન આપી મહારાજે તેની ખૂબ રક્ષા કરી છે.

અમારા ઘરમાં પિતૃની તકલીફ હતી તો મેં મહારાજને જૂનાગઢ જઈ વિગતવાર વાત કહી તો મહારાજે કૃપા કરીને પિતૃ નડતરની જે તકલીફ હતી તે દૂર કરી આપી. ત્યાર પછી એવી કોઈ તકલીફ થઈ નથી. મારા ત્રણે દિકરા રમેશભગત, ધીરુભગત અને નવીનભગતને મહારાજે આશીર્વાદ આપ્યા છે તથા એમની કૃપાથી અત્યારે અમે સૌ સુખી છીએ અને જ્યારે પણ જીવનમાં કોઈ દુઃખ આવે કે કોઈ સંકલ્પ પૂર્ણ થતો ન હોય તો મહારાજને હૃદયથી યાદ કરી પ્રાર્થના કરીએ એટલે તરત જ મહારાજ અમારું દરેક કાર્ય નિર્વિઘ્ન પાર પાડે છે. આમ પ્રગટ ભગવાનનો અમે જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે. માટે બસ હવે જીવનમાં મહારાજ રાજી થાય તેવા તેમના કાર્યોમાં તન-મન-ધનથી સેવાનો લાભ મળે તેમજ પરમધામમાં પણ મહારાજની સેવા મળે એવી પ્રાર્થના છે.

પરચા નં.
૮૩.

## અનાદિ મુક્તરાજ ભગવાનજીભગત ટપુભગત પોરિયા
### ગામ : જામવંથલી, હાલ- રાજકોટ

**મહારાજ** જામવંથલીમાં બે વર્ષ રોકાયા ત્યારે મારી ઉંમર નાની એટલે અમે પધરામણીમાં ભેગા જતા અને મહારાજ કહે એટલું કામ કરી આવતા એ અમને પ્રસાદી આપતા. આમ તો અમારો પરિવાર સ્વામિનારાયણ સંપ્રદાયનો એટલે સાધુનો મહિમા ખરો એટલે નાની ઉંમરમાં સેવાઓ કરી હતી એટલે વિદેશમાં ગયા ત્યાં આપણાં ભક્તોના સમાગમ સત્સંગથી મહારાજ ભગવાન છે એવી ઓળખાણ થઈ.

દુબઈ ૮ વર્ષ એક સાથે રહીને દેશમાં આવ્યો હતો. ત્યારે જૂનાગઢ મહારાજના દર્શન કરવા ગયા હતા અને પાછો દુબઈ ગયો ત્યાં તો મહારાજ ધામમાં સિધાવ્યા હતા, પરંતુ દુબઈના સત્સંગથી મહારાજની સેવા, મહારાજની આજ્ઞા, આ ભક્તોના સમાગમે લાભ મળતો. એમ તો ત્યાં કામ રાખતા એટલે મહારાજની કૃપાથી યથાશક્તિ સેવાઓ થઈ શકી. આ અમે ત્રણે ભાઈઓ મોટાભાઈ બાબુભગત હું અને જગદીશભગત અમને બધાને બચપણથી જ મહારાજની ઓળખાણ હતી એટલે જામવંથલીમાં મહારાજ વાડીએ જતા ઘરે ઘરે પધરામણીઓ કરતા ત્યારે અમે આ બધાં જે છોકરાઓ મંદિરમાં સૂતા અને રમણિકભગત વાઢેર એ બધા ભેગા જ હતા. આમ બધા લાભ મળતા ત્યારે ઉંમર નાની બારેક વર્ષની હશે. આમ અમે મહારાજના ખોળામાં રમ્યા છીએ. મારા બાપુજી જામનગર હતા ત્યારે મને ગોઠણમાં ગંભીર વા હતો એમાં પગ લાંબો, ટૂંકો ન થાય. એકદમ જકડાઈ ગયેલો. આવી તકલીફ મને હતી ત્યારે મારી ઉંમર નવ-દસ વર્ષની હશે. ત્યારે ઘણાં ડૉક્ટરોને બતાવ્યું હતું.

જામનગરના ડૉ.વી.એમ. શાહ વખણાતા એનેય બતાવ્યું પણ ક્યાંય ફરક પડ્યો નહોતો. એક વખત હું અને મારા બાપુજી જામનગર મંદિરે ગયા અને મહારાજને પગે લાગી બેઠા ત્યારે મારા બાપુજીએ મહારાજને વાત કરી. આ ભગવાનજીને પગ લાંબો ટૂંકો નથી થતો.

મહારાજ કહે, ડૉકટરને બતાવ્યું. બાપુજી કહે, બધે બતાવ્યું પણ ફરક નથી પડતો ત્યારે મહારાજ કહે, ડૉકટરને શું ખબર પડે ! આ જો ઘનશ્યામ મહારાજ પાસે કેરીનું ફળ છે એ ખાઈ જા એટલે મટી જશે. ને હું એ કેરી ખાઈ ગયો. આજ વર્ષો થયા કોઈ દિવસ પગ માટે મેં દવા ખાધી નથી.

મહારાજ વંથલીમાં હતા ત્યારે એક સુતાર હતા એ લાકડાનો ગલો બનાવતા હતા ત્યારે હું કલાક અર્ધી કલાક આ સુતાર પાસે બેસું. ગલો તૈયાર થઈ ગયો એટલે મને કહ્યું ગલો તૈયાર થઈ ગયો છે એટલે મેં કહ્યું મહારાજ નાહીને આવે એટલે પ્રસાદીનો કરાવી લઈએ. મહારાજ આવ્યા એટલે સુતાર બનેવીએ મહારાજને કહ્યુ, સ્વામી ગલો તૈયાર થઈ ગયો છે. મહારાજે આવીને ગલા પર હાથ માર્યોને બોલ્યા આ કાયમ અખૂટ ભર્યો રહે. એમ કહી મહારાજે હાથ ઉપાડ્યો ત્યાં ગલો આખો પાણીથી ભરેલો હતો. આ લાકડાના ગલામાં થોડીવાર પછી કાંઈ ન દેખાયું, આવા દર્શન થયા.

મને દુબઈમાં એકવાર મહારાજે દર્શન દીધા. મને ધામમાં લઈ ગયા ત્યાં આપણી નજર ન પહોંચે એટલી મોટી સભા હતી. મહારાજ એ બધાની વચ્ચે બેઠા હતા. કોઈ દર્શન કરતાં, કોઈ સત્સંગ સાંભળતા. એમાં બધા બેઠા હતા ને હું થોડે દૂર હતો. એટલે મેં હાથ ઊંચો કરી પ્રગટ ભગવાનની જય બોલાવી. ત્યાં તો રૂમમાં પંદરેક ભક્તો સૂતા હતા એ જાગી ગયા. ત્યારે રાતના બે વાગ્યાનો સમય હશે એટલે બધાએ પૂછ્યું, શું થયું ? ત્યારે હું ન બોલ્યો પણ બે દિવસ પછી ભક્તોને દર્શનની વાત કરી. મને મહારાજે કહ્યું હતું કે તું તારા બાપુજીની ચિંતા કર નહીં એ મારા ધામમાં જ છે. અમે ત્રણ ભાઈઓ એમાં મોટાભાઈ બાબુભાઈ એમને ત્યારે મહારાજનો નિશ્ચય મહારાજ મોટા સંત છે, ચમત્કારી છે પણ ભગવાન પણાની ઓળખ નહીં, પણ ગુરુ ખરા. આમ અમે એમને કહ્યું તમે હવે નિવૃત્તિ જીવન ગાળો, અમે કામ સંભાળશું તો મોટાભાઈ કહે તો હું વંથલી જાઉં ને ખેતી સંભાળું એટલે એ વંથલી આવ્યા. ત્યારે ફુલવાડીમાં પ્રસાદીના મકાનનું કામ ચાલું હતું. એટલે અમે કહ્યું મહારાજનું કામ ચાલુ છે. તમે આના પર ધ્યાન રાખજો. એટલે એ ફુલવાડીમાં અને વાડીએ પણ ધ્યાન રાખતા.

એક દિવસ એ વાડીએ સૂતા હતા ત્યારે આકાશમાં ખેતર પરથી મહારાજને આકાશમાં જતાં જોયા એટલે થોડા દિવસ પછી અમને વાત કરી ત્યારે અમે કહ્યું તમે ભાગ્યશાળી તમને આવા દર્શન થયા. આ દર્શન થયા પછી એમણે એ પ્રસાદીના મકાનમાં બની રહ્યું ત્યાં સુધી શક્ય એટલી યથાશક્તિ સેવા આપી અને વાડીમાં ચણા વખતે ચણા, મગફળી વખતે મગફળી, ઘઉં વખતે ઘઉંનો પોક જ્યારે જ્યારે વાડીમાં જે પાકે તેનો છકડો ભરી ફુલવાડીમાં ભગવાનને, ભક્તોને જમાડતા. ભક્તોને ભાવથી આદર કરી બોલાવતા. એમ છેલ્લે છેલ્લે એમના બે વર્ષ પૂરી સેવા, અધિક સેવા કરી લીધી ને ધામમાં ગયા. આખા મંડળના નાના-

મોટા ભક્તોને રાજી કર્યા. સ્વભાવે પણ ધીરગંભીર અને સૌને આદર સન્માન આપનારા. એવું જીવન છેલ્લે છેલ્લે સુધી જીવ્યા.

મહારાજની કૃપાથી આજ આ પરિવાર સુખી છે. પરિવારના સૌ ભક્તો મહારાજની સેવામાં ફુલવાડીમાં, કુંકાવાવમાં, સત્સંગમાં તત્પરતાથી મળીને સેવા, ભક્તિ, ઉપાસના, શરણાગતિમાં વર્તે છે.

## જયંતિલાલ રાઘવ પોરિયા, ભગવાન ટપુ પોરિયા, જગદીશ ટપુ પોરિયા

રાઘવભગત પોરિયા તેમના ભાઈઓ પુત્ર, પરિવાર પ્રગટ ભગવાનના પરમ એકાંતિક ભોળા ભક્તો હતા, પરંતુ પ્રગટને રાજી કરવાનું ખૂબ જ તાન અને પ્રગટ શ્રીહરિ જ્યારે જ્યારે જામનગર-ફુલવાડી, રાજકોટ પધારતા, રહેતા ત્યારે રાઘવબાપાના તેમના ભાઈઓ પુત્ર પરિવાર સાથે મહારાજના દર્શન-સેવા કરતા અને તેમના પરિવારમાં જયંતિભગત, ભરતભગત સાથે પિતરાઈ ભાઈઓ ટપુભગતના પરિવાર ભગવાનજી, જગદીશભગત આદિક, ભાઈઓ પ્રગટ ભગવાનના દીક્ષિત થઈ પ્રભુનું ભજન કરતા. મહારાજની ઘરે પધરામણીઓ કરાવતા. ફુલવાડીમાં મંદિરના ભૂમિપૂજન વખતે જયંતિભગત પોરિયા વિદેશ હતા તેથી પ્રગટ ભગવાને રાઘવભગતના બીજા દીકરા ભરત પોરિયાના હસ્તે ભૂમિપૂજન કરાવ્યું અને બીજા ઘણા ભક્તોએ યજમાનપદે ભૂમિપૂજન કરી પાયાનું ખાતમુહૂર્ત કર્યું. ત્યારે નારાયણની પૂજા-અર્ચન વખતે સાક્ષાત્ શેષનારાયણે આવીને દર્શન કર્યા. ફોટા પાડ્યા પણ આવ્યા નહીં. ત્યારે મહારાજ કહે, ફોટા ન આવે નહીંતર કહે છે કે ભગવાન એરુ થયા હતા.

રાઘવબાપાની કરૂણા દૃષ્ટિ, કોઈ બીજાનું દુઃખ જોઈ ન શકે. મહારાજને દર્દ મટાડી દેવાની વાત કરે, પ્રાર્થના કરે. ભગવાન પણ ભક્તોને આધીન થઈ ભક્તના કહેવાથી અન્ય જીવોનું દુઃખ પણ મટાડી દેતા, કલ્યાણ કરતા. તેમના પુત્રો આ જયંતિભગત, ભગવાનજીભગત, જગદીશભગત આદિક ખૂબ જ નાની વયે પણ ફુલવાડીમાં જામવંથલીમાં રહેતા ભક્તોની આજ્ઞાથી સેવા કાર્યો કરતા. યુવાનવયે કામકાજ શીખ્યા પછી મહારાજની આજ્ઞા લઈ અરબસ્તાનમાં કામકાજ કરતાં કરતાં પોતે આ ભાઈઓ મોટા કોન્ટ્રાકટર થઈને ભક્તોને પણ કામ અપાવતા. ભક્તોની મદદ કરતા સાથે સાથે મહારાજની સેવા, ફુલવાડીની સેવા અને કુંકાવાવની સેવા પણ યથાશક્તિ કરી મહારાજને રાજી કર્યા છે.



પરચા નં.
૮૪.

## અનાદિ મુક્તરાજ કાંતિભગત નરસીભગત રાઠોડ
### ગામ : જીરાગઢ, હાલ- સૂરત

**અમારો** પરિવાર જીરાગઢ ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રસાદીના ગામનો એટલે પરંપરામાં વારસામાં જ ઘરમાં સૌને સત્સંગ હતો. જેથી સૌ સાથે મળી ધર્મમય, ભક્તિમય અને સેવામય જીવન પસાર કરતા હતા.

સ્વામિનારાયણ સંપ્રદાયનાં મૂળી મંદિરનાં તપસ્વી સંત એવા ગોપાલચરણદાસ સ્વામીની અમને આજ્ઞા હતી કે, કમાણીમાંથી ૨૦મો ભાગ ધર્માદાનો કાઢજો. એવી આજ્ઞાથી અમે વિદેશમાં કમાવા ગયા હતા. પછી દેશમાં આવીને ધર્માદો જમા કરાવવા હું સ્વામી પાસે આવ્યો. મારી નાની ઉંમરમાં આવી સમજણ અને સેવા જોઈ સ્વામી ગળગળા થઈ ગયા અને મને કહ્યું, તને ભગવાનની મૂર્તિમાં પ્રત્યક્ષપણાનો ભાવ થાય છે ? મેં કહ્યું, ના મને પ્રત્યક્ષપણાનો ભાવ થતો નથી. એટલે સ્વામી કહે, હવે તું જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરે જા અને મોટા શાસ્ત્રીજી મહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને મળજે. તને તેમનામાં પ્રત્યક્ષપણાનો ભાવ થશે. એમની આજ્ઞાથી હું મૂળીથી જૂનાગઢ આવ્યો. બપોરે ત્રણ વાગે પહોંચ્યો અને સ્વયંપ્રકાશ સ્વામીને મળ્યો ને કહ્યું, મારે મોટા શાસ્ત્રીજી મહારાજને મળવું છે. સ્વયંપ્રકાશ સ્વામી કહે, અત્યારે આરામનો સમય છે, ચાર વાગે આવજો. આમ કહ્યું ત્યાં મહારાજે દરવાજો ખોલ્યો અને મહારાજ કહે, હું તારી વાટ જોતો હતો, એમ કહી મહારાજે મને અંદર બોલાવ્યો. મહારાજને દંડવત્ કરી હું બેઠો અને મહારાજના હાથમાં પાણીનો લોટો હતો તે મહારાજે મોઢે માંડી પીધું અને આ પાણી હવે તું લઈલે એમ કહ્યું એટલે મેં મારી વોટરબેગમાં એ પ્રસાદીનું પાણી ભર્યું. પછી મહારાજ કહે, આ મારા મોઢાનું પાણી કેટલાયના દુઃખ ટાળશે માટે તને આપ્યું છે.

મહારાજ કહે, ઘરના સાથે છે. મેં કહ્યું, હા. તો પછી મંદિરમાં ઉતારો લઈ લ્યો અને પછી આવજે. હેમંતભગતે ઉતારો અપાવ્યો. આમ અમે જૂનાગઢમાં બે દિવસ રોકાયા હતા. ઉતારો કરી નિરાંતે મહારાજ પાસે ગયો. મહારાજ કહે, તારું નામ શું છે ? મેં કહ્યું, મારું નામ કાંતિલાલ. ત્યાં મહારાજે બે કાગળ મારા ખોળામાં મૂક્યા અને બોલ્યા. આ બે કાંતિલાલના કાગળ આવ્યા છે અને તું ત્રીજો કાંતિલાલ. પછી મહારાજે જાતીનું પૂછ્યું. મેં કહ્યું અમે કડિયા. મહારાજ કહે, તું કાંતિલાલને અમે કૃષ્ણવલ્લભાચાર્યજી, તું કાંતિલાલને

હું કૃષ્ણ, તું કાંતિલાલ અને હું કુંવરજી. તું કડિયોને હું કણબી. કેમ પણ બધું મેળે જ છે ને, તારી સાથે મને જામશે. તારી પાસેથી મારે ત્રણવાર સાંભળવું છે. તું મને સાચવીશને ? મેં કહ્યું હા. પણ હું તમને ભગવાન નહીં કહું. મહારાજ કહે કેમ નહીં કહે ? મેં કહ્યું, સાધુને ભગવાન ન કહેવાય. મહારાજ બોલ્યા, ભગવાનને ભગવાન જ કહેવાય. મેં કહ્યું, મહારાજ હું સંકલ્પ કરું તેમ કરજો, મહારાજ કહે એમ નહીં. તું આજથી પંદરમાં દિવસે દુબઈ જઈશ અને ત્યાં તને મારા ભગવાનપણાના દર્શન થશે.

આમ હું ખરેખર ૧૨માં દિવસે દુબઈ ગયો અને મહારાજે મને સાત વખત દર્શન દીધા. ગોપાલચરણ સ્વામીના મને આશીર્વાદ તે અત્યારે ભગવાન જેવા કહેવાય એવી સિદ્ધિવાળા સંતનો મારા ઉપર નાનપણથી રાજીપો, તેણે મને આશીર્વાદ આપ્યા હતા. તને રાધા-કૃષ્ણના દર્શન થશે તે મને માનસીપૂજામાં રાધા-કૃષ્ણના દર્શન થતા. આમ મને મહારાજે પણ રાધા-કૃષ્ણના દર્શન કરાવ્યા હતા ત્યારે મેં વિચલિત થઈને ખાધું પણ નહીં. તેથી મહારાજે દર્શન દઈ કહ્યું, ભૂખ્યું ન સુવાય તું ખાઈ લે. પછી હું અને મહારાજ જમવા બેઠાં તે એક ચમચી મહારાજ જમે ને એક ચમચી હું જમું. આમ મહારાજે બીજા ભગત ઉપર પત્ર લખીને સાક્ષી ભરી કે અમે કાંતિલાલને દર્શન દીધા છે અને કંપનીમાં પાછા ગયા છે.

મારા બાપુજી જૂનાગઢ ગયા ત્યારે મહારાજે તેને પણ કહ્યું, મેં કાંતિલાલને દર્શન આપ્યા છે અને એ કંપનીમાં પાછો ગયો છે, ચિંતા કરશો નહીં. ત્યાર પછી મને ફરીથી રાધા-કૃષ્ણના દર્શન થયા. મેં વિચાર કર્યો હું સ્વામિનારાયણનો સત્સંગી છું તો હે મહારાજ મને ઘનશ્યામ રૂપે દર્શન આપો. તેથી મને મહારાજે ઘનશ્યામરૂપે દર્શન આપ્યા. ઘનશ્યામ મહારાજે આંટીવાળી પાઘ પહેરી છે એવા મને દર્શન થયા. એવા આંટીવાળી પાઘ પહેરેલા ઘનશ્યામ મહારાજનો ફોટો મેં ક્યાંય જોયો ન હતો. આમ મહારાજે ઘનશ્યામ રૂપે દર્શન આપ્યા.

એક વખત મને અહીં દુબઈમાં તાવ આવ્યો તે તાવ કેમે કરી ઉતરે નહીં એટલે એમ થયું કે હવે હું ઈન્ડિયા જાઉં અને હું ઈન્ડિયા આવ્યો, તે મુંબઈમાં એરપોર્ટ ઉપર પગ મૂક્યોને તાવ ઉતરી ગયો, ત્યાંથી જીરાગઢ ગયો. મારા બાપુજી કહે, પહેલાં તું જૂનાગઢ મહારાજના દર્શન કરી આવ. એટલે હું જૂનાગઢ આવ્યો અને મહારાજ પાસે ગયો તે મહારાજ બોલ્યા. એરપોર્ટ ઉપર પગ મૂક્યો ને તાવ ઉતરી ગયો ને ? મેં કહ્યું, હા મહારાજ. મહારાજ કહે, મારે તને બોલાવવો હતો એટલે તાવ મૂક્યો, તે તું આવી ગયો. મેં મહારાજને દંડવત્ કર્યાં. ભક્તોએ મહારાજની સેવાના રૂપિયા આપ્યા હતા તે આપ્યાં અને ભક્તોએ મને કહ્યું હતું કે

અમારા વતી મહારાજને દંડવત્ કરજો. તે હું ભક્તો વતી એક પછી એક દંડવત્ કરવા લાગ્યો એટલે મને પરસેવો બહું વળ્યો. પછી મહારાજે ઊભા થઈને પંખા ચાલુ કર્યા અને ભક્તોએ આપેલી સેવાના રૂપિયાનો હિસાબ કરી મહારાજને આપ્યા અને મહારાજ મને ભેટ્યા તેથી હું સાવ ઠંડો થઈ ગયો અને ધ્રુજારી ચડવા લાગી તે મહારાજે હેમંતભગતને કહ્યું, જલ્દી ચા મૂક.

હેમંતભગત ગરમાગરમ ચા લઈને આવ્યા મહારાજ ઊભા થયા અને રકાબી મને આપી. લે માંડ મોઢે અને કિટલી મહારાજે લીધી અને કહે લે ચા પી. તે મને થયું આ ગરમાગરમ ચા કેમ પીવી ? મહારાજ કહે, લે ચા પીવામાં કેટલીવાર ? તે હું રકાબીમાં મહારાજ ચા રેડે તે કિટલીમાંથી ગરમાગરમ ચા નીકળે અને મારા મોઢામાં ઠરેલી ચા આવે તેથી હું તો આભો જ થઈ ગયો. એમ કરતાં બે રકાબી ચા પીધી અને પછી મહારાજ બોલ્યા હવે તમે જીરાગઢ જાઓ કથા-વાર્તા કરજો, કંઠીઓ બાંધજો, અને મંડળ વધારજો. આમ આજ્ઞા કરી. મેં કહ્યું, મહારાજ મને કથા-વાર્તા ન આવડે કહો તો કિર્તન બોલું. મને કિર્તન બોલતા આવડે કથા-વાર્તા કરતા ન આવડે. ત્યારે મહારાજ પાસે રકાબીમાં લવિંગ હતા તે બધા મારા મોઢામાં નાખ્યા અને કહે, આ બધા જ લવિંગ ખાઈ જા. એટલે મેં હાથ લાંબો કર્યો તો મહારાજ કહે એમ નહીં. આ મારા મુખમાંથી તારા મોઢામાં લઈ લે. એટલે મેં મહારાજનાં મુખમાંથી લવિંગ લઈને ખાધાં. પછી મહારાજ કહે, હવે જા તારાથી કથા થશે.

બીજા દિવસે સવારે મહારાજ પૂજા કરતા હતા અને હું દંડવત્ કરતો હતો ત્યારે મહારાજે ઈશારો કર્યો, પ્રદક્ષિણા ફરી લે અને કહે, હજી એક દંડવત્ કર અને સંકલ્પ કર કે, તારા કુટુંબનું કલ્યાણ થાય, આમ મારા કુટુંબ માટે સંકલ્પ કરી મહારાજને દંડવત્ અને પ્રદક્ષિણા કરી. મહારાજે ત્યારે મને ભગવી દિક્ષા આપી અને મહારાજે પહેર્યું હતું તે ગંજીયું આપ્યું. મને કહે આ પહેરી લે. હું અવરા-સવળું જોતો હતો ત્યાં મહારાજ કહે, એ ૩૨ નંબરનું જ છે, પહેરી લે પછી મહારાજે પોતાની કંઠી ઉતારી મને પહેરાવી અને મંત્ર બોલીને મહારાજ બોલ્યા, "દુઃખીયો દેખી ના ખમાય દયા આણી રે, અતિ આકરા થાય અન્ન ધન વસ્ત્ર રે, આપી ને દુઃખ ટાળે કરૂણા દૃષ્ટિ રે." આટલું બોલી કંઠી પહેરાવી પછી મહારાજ કહે, માળા કરશ ? મેં કહ્યું, હા. મહારાજ કહે, કેટલી માળા કરશ ? મેં કહ્યું, અગિયાર માળા. મહારાજ કહે, માળા કરતા શું બોલશ ? મેં કહ્યું, સ્વામિનારાયણ - સ્વામિનારાયણ. પછી મહારાજ કહે, હવે આ અનાદિશ્રીકૃષ્ણનારાયણ મહામંત્ર બોલજે અને માળા કરજે. અને કોઈને કંઠી બાંધો ત્યારે આ મંત્ર આપજે. પછી મહારાજ જે માળા ફેરવતા હતા તે માળા મને આપીને કહ્યું, આ

માળારૂપી સુદર્શનચક્ર તું લઈ જા અને કોઈ આડી-અવળી વાતો કરે તારે કાંઈ બોલવાનું નહીં અને આ માળા ફેરવવાની. પછી તારે કાંઈ નહિં કરવાનું હું તારી રક્ષા કરીશ.

મહારાજે આ કંઠી, માળા, ગંજીયું અને મંત્રદીક્ષા મને નિર્જળા એકાદશીના દિવસે પ્રસાદીરૂપે આપ્યા. મહારાજે મારા છોકરાના નામ આપ્યા અને બોલ્યા, બે છોકરા છે અને હજી એક બાબો થશે અને તેનું નામ આપું. તે મહારાજે ત્રીજાનું નામ આપ્યું ઘનશ્યામ. ઘનશ્યામ કાંતિલાલ રાઠોડ અને એ છોકરાના નામની કંઠી આપી. ઘનશ્યામનો જન્મ ઈ.સ.૧૯૮૬માં થયો તે મહારાજે અગાઉ જ નામ આપ્યું હતું અને કંઠી પણ આપી હતી. મારા ઘનશ્યામના જન્મ પહેલાં મહારાજ સ્વધામ પધારી ગયા. આમ મહારાજે બધું અગાઉ જ કહી દીધું.

એક વખત અમે મહારાજ પાસે ગયા ત્યારે મનમાં થયું ગીરનાર ચડવો છે. મહારાજ કહે, ગીરનાર જોવો છે. મેં કહ્યું, હા. ત્યારે મહારાજે હથેળીમાં ગીરનાર બતાવ્યો. ફરી મનમાં થયું અહીં આવ્યા છીએ તો સિનેમા જોતા જઈએ. અંતર્યામી ભગવાન કહે, સિનેમામાં ભગવાન મળે ? મેં કહ્યું, ના મહારાજ. એ દિવસથી ક્યારેય સિનેમા નથી જોયું.

જૂનાગઢમાં આવ્યા ફરી મનમાં થયું અહીં આવ્યા છીએ તો બગીચામાં ફરી આવીએ. ત્યાં અંતર્યામી ભગવાન કહે, બગીચામાં ભગવાન મળે ? મેં કહ્યું, ના મહારાજ. આમ અંતર્યામી ભગવાને અંતરની વાત જાણીને મારા માયાના દોષો બહાર કાઢી નાખ્યા.

એક વખત એવું બન્યું કે, અમરશીભાઈ અમરનાથથી આવ્યા હતા. અમે મહારાજના દર્શને આવ્યા અને મહારાજને દંડવત્ કરતા હતા. તે મહારાજે અમરશીના પેટમાં લાત મારી. બીજા લોકો આ જોઈને આભા જ થઈ ગયા. ત્યારે અમરશીભાઈ કહે, મહારાજ તમે મને લાત મારી તે મારા પેટનો દુઃખાવો સાવ મટી ગયો. આમ મહારાજ મનુષ્યચરિત્ર કરીનેય દુઃખ મટાડતા ત્યારે અમરશીભાઈ કહે, મહારાજ આજથી હવે તમને નહીં ભૂલું.

એક વખત સાંજના સમયે આરતીનો ઘંટ વાગ્યો તે બધાં આરતીમાં જવા લાગ્યા, હું આરતીમાં જવા ઊભો થયો ત્યાં મહારાજે પાછળથી મારો બુશકોટ પકડી લીધો ને કહ્યું, ક્યાં જાશ ? મેં કહ્યું, આરતીમાં. મહારાજ કહે, ડેરામાં ભગવાન છે તો આ કોણ છે ? ડેરામાં તો મૂર્તિ છે પણ આ તારી સામે હાલતો, ચાલતો, બોલતો હું પ્રત્યક્ષ ભગવાન છું. આમ બોલીને ત્યારે મહારાજે મારી પાસે એમની આરતી ઉતરાવીને લાભ આપ્યો. પછી મહારાજ

કહે, પ્રગટ ભગવાન ભેળા રહેવું હોય તો પ્રગટને અનુરૂપ જ રહેવું, અનુવૃત્તિવાળી ભક્તિ ભગવાનને ગમે. ત્યાર પછી મહારાજની આજ્ઞા મુજબ કંઠી બાંધીયે છીએ તેમજ કથાવાર્તા દ્વારા અનેક ભક્તોને પ્રગટ ભગવાનની ઓળખાણ કરાવીએ છીએ અને પ્રસાદીનું જળ જે મહારાજે આપેલું તે આપીયે છીએ અને ચોમાસામાં વરસાદનું પાણી ઝીલીને તેની બાટલીયું ભરી ને દુઃખીયાના દુઃખ ટાળીયે છીયે. મહારાજ સૌના દુઃખ ટાળે છે.

હું ૩૨ વખત મહારાજ પાસે ગયો અને મહારાજે ઘણો રાજીપો વરસાવ્યો છે, મને મહારાજે જે કાંઈ પણ મને આપ્યું છે કે સત્સંગ કરાવ્યો છે તેના સાક્ષી હેમંતભગત છે. હેમંતભગત અને મહારાજનો સંબંધ ખરા અર્થમાં સ્વામી-સેવકનો સંબંધ કહેવાય.

અનાદિ મુક્તરાજ પૂજ્ય કાંતિલાલભગતે મહારાજની આજ્ઞા પ્રમાણે દરરોજ નિયમથી કથાવાર્તા કરી તેમના ''ઇષ્ટ શ્રીહરિ શરણાગતિ મંડળ-શિષ્યમંડળ''ના ભક્તોમાં મહારાજનું ખૂબ જ ધર્મજ્ઞાન, સેવાભક્તિ અને ઉપાસનાનું બળ પૂરું પાડ્યું છે. તેમજ તે સૌ ભક્તોએ સાથે મળી રાજકોટમાં મહારાજના સુંદર હરિમંદિરનું નિર્માણ કરી નિયમથી કથાવાર્તા અને ઉત્સવ, સમૈયાનું આયોજન કરી વિશેષ સેવાભક્તિ દ્વારા મહારાજને રાજી કરે છે.

પૂજ્ય કાંતિલાલભગત મહારાજનું અખંડ સ્મરણ અને કથાવાર્તાનો લાભ આપતા આપતા પરમધામ સિધાવ્યા તે પહેલા જ એક પત્ર દ્વારા પોતાના મંડળના ઉત્તરાધિકારી તરીકે તેમના સુપુત્ર રાજેશભગતને નીમ્યા હતા જે વર્તમાન સમયમાં ખૂબ જ સારી રીતે તેમના પિતાશ્રીએ પૂરા વિશ્વાસ સાથે સોંપેલી તેમના મંડળ અને મંદિરની જવાબદારી શ્રદ્ધા અને નિષ્ઠાપૂર્વક નિભાવીને મહારાજ તેમજ મુક્તોને વિશેષ રાજી કરી રહ્યા છે. તેમના બીજા બે સુપુત્ર પ્રકાશભગત તેમજ ઘનશ્યામભગત આ ત્રણેય ભાઈઓને મહારાજે સ્વહસ્તે કંઠી બાંધી દિક્ષામંત્ર આપ્યા છે તેમજ દર્શનસેવાના પણ ખૂબ સુખ આપ્યા છે.

આમ મહારાજના પરચા-દર્શન-ચમત્કાર અઢળક થયા છે. ભગવાને પોતાનું ભગવાનપણું છલકતું બતાવ્યું છે. શરણાગતની રક્ષા કરનારા છે. મનના મનોરથ પૂરનારાં છે, આમ પ્રગટ ભગવાનનો જય જયકાર થાય એજ કામના છે અને બીજા જીવ પ્રગટ ભગવાનને ઓળખે એજ ભાવના છે.



પરચા નં.
૮૫.

## અનાદિ મુક્તરાજ ધરમશીભગત મોહનભગત બદરકિયા
### ગામ : જીરાગઢ

**જીરાગઢ** સ્વામિનારાયણ ભગવાનના સત્સંગીઓનું ગામ છે. જીરાગઢમાં સત્સંગીઓ બધા ધર્મવાળા, સંતનો ગુણ ગ્રહણ કરનારા, ભક્તિવાળા અને પરોપકારી હરિભક્તો વસે છે. સૌ શ્રી સ્વામિનારાયણ ભગવાનની આરાધના કરે. મહારાજ જ્યારે જામનગર બિરાજતા હતા ત્યારે ગામડાંઓમાં વિચરણ કરતા ત્યારે અહીં જીરાગઢમાં પધાર્યા હતાં. ત્યાં આ બધા હરિભક્તોએ મહારાજનું મહાત્મ્ય સહિત સ્વાગત કર્યું હતું. મહારાજે જીરાગઢમાં કથા-પારાયણ કરી હતી. ત્યારે ઘણાં ભક્તોએ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પાસે દિક્ષાઓ લીધી હતી અને જીરાગઢમાં મહારાજે ઘણો ઘણો સત્સંગનો વિકાસ કર્યો હતો. તેમજ ઘણાં ઘણાં પરચાઓ આપ્યા હતા. ઘણાં ભક્તોના દુઃખ દૂર કર્યા હતાં.

આવા જીરાગઢમાં આ ધરમશીભગત મિસ્ત્રી રહેતા હતા. તેઓ ભગવદ્ ભક્ત હતા. એટલે રામાયણ, ભાગવતનું તથા પુરાણોનું ઘણું જ્ઞાન ધરાવતા હતા. જ્યારે મહારાજ જીરાગઢમાં પધાર્યા ત્યારે મહારાજથી સ્વામિનારાયણ ભગવાનનો ઉપદેશ જ્ઞાન ચર્ચા વડે તેઓએ સ્વામિનારાયણ ધર્મ સ્વીકાર્યો હતો અને મહારાજને એક ઉત્તમ કોટિના મહા વિદ્વાન સંત જાણી તેની પાસેથી દિક્ષા લીધી હતી. હવે તેઓ જે કોઈ પ્રેમી કે જીજ્ઞાસુ મળે તેની પાસે સ્વામિનારાયણ ભગવાનનો મહિમા અને વચનામૃતની વાતો કરી સ્વામિનારાયણ ભગવાન છે તેવો સત્સંગ કરતા. આમ ઘણાં ઘણાં જીવોને સત્સંગ કરી સ્વામિનારાયણ ભગવાનને રસ્તે વાળ્યા હતા. આવા આ ધરમશીભગત ઘણી વખત જીરાગઢથી જૂનાગઢ મહારાજના દર્શન કરવા જતાં અને ઘણાં ભક્તોને કોઈ તકલીફ હોય તો જૂનાગઢ શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પાસે જવાનું કહેતા અને ઘણી વખત તેઓની સાથે પણ જતાં. ત્યારે મુમુક્ષોને મહારાજ દિવ્ય દર્શન કે ચિન્હના દર્શન કરાવતા. પણ આ ધરમશીભગતને એ લાભ ન મળતો જેથી જે ભક્તોને દર્શન થયા હોય તે ભક્તો મહારાજનો મહિમા જાણી અને પરચા, ઐશ્વર્ય અને ચિન્હોના દર્શન કરી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શાસ્ત્રીજી મહારાજ પ્રગટ ભગવાન છે એવું માનતા થયા હતા.

જામવંથલીના ભક્તો મહારાજને ભગવાન માનતા તેથી મહારાજનાં ઘણાં ઘણાં ઐશ્વર્યની વાતો સાંભળવામાં આવતી અને જીરાગઢમાં નાના મોટા પરચાઓ જાણ્યા અને

જૂનાગઢમાં મહારાજના ચિન્હ ચરિત્રના દર્શનથી જીરાગઢના ઘણાં ભક્તો મહારાજને પ્રગટ ભગવાન જાણવા લાગ્યા. પરંતુ આ ધરમશી મિસ્ત્રીએ મહારાજને ગોપાળાનંદ સ્વામી કે ગુણાતિતાનંદ સ્વામી જેવા કહેવાય, મોટા છે, દિવ્ય છે, સમર્થ છે. પણ ભગવાન માનવમાં જીવ પાછો પડે. આમ જૂનાગઢ બીજા ભક્તો સાથે કે એકલા મહારાજના દર્શન કરવા જાય. બીજાઓને મહારાજમાં ભગવાનનાં દર્શન થાય પણ ધરમશી મિસ્ત્રી ભગવાન કહેવામાં અચકાય. પણ ઘણાં ભક્તોને મહારાજ સુધી પહોંચાડવામાં તેનું યોગદાન ઘણું છે.

ઘણી વખત મહારાજના લાડીલા પૂ. હેમંતભગત પણ જીરાગઢ આવતા અને ધરમશીભગત સાથે સત્સંગ કરી મહારાજ ભગવાન છે એમ સત્સંગ કરતા. આ ધરમશીભગતને હેમંતભગત પ્રત્યે ઘણું માન હતું એટલે તેમનો આદર કરતા. આમ કરતાં કરતાં ઘણો સમય પસાર થઈ ગયો. ઘણી વખત મહારાજના દર્શન પણ કરેલા.

મહારાજ જ્યારે તા.૨૮-૨-૧૯૮૬ના રોજ સ્વધામ પધાર્યા ત્યારે મહારાજના અગ્નિસંસ્કારમાં પણ હાજર હતા અને પારાયણમાં પણ સેવા સત્સંગનો લાભ લીધો હતો. પણ એમના મનમાં ગડમથલ ચાલ્યા કરે. આ બધાં કહે છે કે,શાસ્ત્રીજી મહારાજ ભગવાન છે, મહારાજને કરચરણમાં ચિન્હો છે. હવે ભગવાન કહેનારાઓની બહુમતી થઈ ત્યારે મનમાં ઊંડે ઊંડે વિચાર આવ્યો કે શું શાસ્ત્રીજી મહારાજ સ્વયં ભગવાન હતા. મનમાં હા-ના, હા-ના થયા કરે ત્યારે ધરમશીભગતને પ્રત્યક્ષ કોઈ મહારાજનો પરચો નહીં પણ જ્ઞાને કરીને સ્વામિનારાયણ સત્સંગ સ્વીકાર્યો હતો. જેથી શાસ્ત્રીજી મહારાજ પ્રગટ ભગવાન છે. એમ આત્મા માને પણ મન માનતું ન હતું.

જ્યારે જૂનાગઢથી મહારાજની પારાયણ અને આ શ્રીહરિ શરણાગતિ મંડળની મહારાજ પ્રત્યે આસ્થા અને ભક્તિ જોઈને મહારાજમાં શ્રદ્ધા બેઠી અને મનોમન વિચાર્યું કે, જો મહારાજ ભગવાન હોય તો આ પૂજા મંદિરના ગોખલામાં પોતે બિરાજશે. આમ વિચારી માળા કરતા સૂઈ ગયા. બીજે દિવસે સવારે જાગ્યા, નિત્યક્રમથી પરવારી પૂજા કરવા બેઠા ત્યાં મહારાજની પાઘવાળી મૂર્તિ ગોખલાની ઉપર રાખી હતી અને મંદિરના ગોખલામાં સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ હતી. ત્યારે મહારાજની પાઘવાળી મૂર્તિ આપો આપ મંદિરમાં બિરાજમાન થઈ ગઈ. આ દર્શન ધરમશીભગતને સવારના પૂજા કરતાં માળા કરતા કરતા થયા ત્યારે જીવમાં નક્કી થઈ ગયું કે શાસ્ત્રીજી મહારાજ પોતે અનાદિ શ્રીકૃષ્ણનારાયણ ભગવાન છે. પ્રગટ ભગવાન છે. એમ દૃઢ મનાઈ ગયું. ત્યારથી કાયમ શાસ્ત્રીજી મહારાજને

ભગવાન માનતા અને જેની જેની સાથે સત્સંગ કરે તેને પણ પ્રગટ ભગવાનની વાતો સત્સંગ કરતા. આમ ઘણાં ઘણાં જીવોને ભગવાનના ચરણ સુધી પહોંચાડ્યા છે. તેમજ ફુલવાડીમાં ઉતારાના કામમાં જેટલા બારી-દરવાજા તે બધાય આ ધરમશીભગત મિસ્ત્રીની કારીગરી થી થયા છે. તેમજ ભક્તોને સાચો ઉપદેશ આપી કોઈ ભક્તો પ્રત્યે કોઈને અવગુણ આવ્યો હોય તો તે ભક્તો-મુક્તોના ગુણ ગાઈને તેમના જીવનમાં માયારૂપી કચરાને સાફ કરી દેતા એવા જબરા જ્ઞાની ભક્ત હતા. સ્વભાવે મૌન જેવા પણ તેના જીવનમાં અખંડ પ્રગટ ભગવાનનું સ્મરણ તથા સેવા હતી. પ્રગટ ભગવાનના મંડળમાં તેમનું બહુમાન હતું. આવા પરોપકારી સેવાભાવી તથા સદા સૌનું કલ્યાણ ઈચ્છવાવાળા આ ધરમશીભગતને હજારો વખત નમસ્કાર છે.

ધરમશીભગતના પુત્ર પ્રવિણ ભગત મિસ્ત્રી તેમજ તેમનો આખો પરિવાર દીકરા-દીકરી સૌ મહારાજને આજે પણ સેવે, ભજે, પૂજે છે.

પરચા નં.
૮૬.

## અનાદિ મુક્તરાજ વસંતભગત લક્ષ્મણભગત ગોહેલ
### ગામ : જીરાગઢ

**વસંતભગતને** મહારાજની ઓળખાણ ધરમશીભગત મિસ્ત્રી થકી થઈ હતી. એકવાર વસંતભગત મહારાજને ગુરુ કરવા જૂનાગઢ ગયા અને મહારાજે કંઠી બાંધી, દીક્ષા મંત્ર આપી અને ભગવું વસ્ત્ર ગંજી આપ્યું. આ રીતે વસંતભગતને મહારાજનો યોગ થયો.

એકવાર ધમરશીભગત અને વસંતભગત બંને મહારાજના દર્શન કરવા ગયા ત્યારે દીકરીનો સંબંધ રાજકોટથી આવ્યો હતો. આ બાબત મહારાજને કહી ત્યારે મહારાજે કહ્યું કે આવશે નહીં પણ આવે તો ના પાડતો નહીં પણ એ પહેલાં બે જણ તારી ઘરે સામેથી સંબંધ લઈને આવશે તો એ કરી નાખજો. પછી એ પ્રમાણે સામેથી સંબંધ આવ્યો અને સંબંધ કરી નાખ્યો.

બાલમુકુંદ ભવનનું વાસ્તુ હતું ત્યારે જીરાગઢથી બીજા ભક્તો જૂનાગઢ ગયા હતા પણ વસંતભગતથી જવાયું નહોતું. પછી એ જ વાસ્તાના દિવસે ભગતને ગળામાં બળતું હતું અને એના પાડોશમાં કેન્સરના દર્દી રહેતા હતા એટલે ભગતને બીક લાગી કે મને પણ કેન્સર હશે તો ? પછી મહારાજે દર્શન આપ્યા કે ''રૂમમાં અચાનક એક સાથે દિવાલ પર પ્રકાશ થયો કે એકદમ સિનેમાની જેમ જે બાલમુકુંદ ભવન બંગલો શણગારેલો હતો એ જ બંગલો લાઈટિંગ બધું એમાં દેખાતું હતું. પછી ત્રણ-ચાર મીનિટ પછી એમાં મહારાજ હાથમાં છડી અને માથે પાઘડી ધારણ કરી દર્શન દેવા આવ્યા ને કહ્યું, ''શું વિચાર કરો છો ભગત ?'' એમ મહારાજે કહ્યું, પછી ભગતે કહ્યું કે, ''મને ભય છે કે મને કેન્સર છે.'' મહારાજે કહ્યું, ''તમને કંઈ નહીં થાય.'' પછી મેં મહારાજને દંડવત્ કર્યાને મહારાજ માથે પગ મૂકીને અદૃશ્ય થઈ ગયા.

એકવાર વાસ્તા પછી મહારાજના દર્શન કરવા ગયા ત્યારે મહારાજે ભગતને પૂછ્યું કે, ''ભગત કેમ નહોતું અવાયું ? ત્યારે ભગતે કહ્યું કે, મહારાજ અમારે થોડીક ખેંચ હતી.'' પછી મહારાજે પૂછ્યું કે, ''કેમ થાય છે, ચાલ્યા રાખે છે ?'' પછી ભગતે કહ્યું કે, ''હા, મહારાજ ! અમારે ખેતીકામમાંથી રોટલા નીકળ્યા રાખે છે.'' ત્યારે મહારાજે કહ્યું કે, ''એક કામ કર. ધર્મ અને ભક્તિ એ ભગવાનના માતા-પિતા છે. એટલે ધર્મ રાખવો અને ભક્તિ કરવી અને મને પુરુષોત્તમ નારાયણને ભૂલતો નહીં એટલે લક્ષ્મી પતિવ્રતા છે માટે એ એની જાતે આવશે.

એકવાર અમે કુટુંબ સહિત જૂનાગઢ મહારાજના દર્શન કરવા ગયા ત્યારે મહારાજ પાસે આવ્યા ત્યારે એકાદશી હતી અને સાથે કાંતિભગત પણ હતા એ સમયે મહારાજે પૂછ્યું કે, એકાદશી ઉપવાસ કર્યો છે કે નહીં. પછી વસંતભગતે જવાબ આપ્યો કે, ''હા મહારાજ એકાદશી રહ્યો છું.'' પછી મહારાજે ચોવીસ અવતારના તપ્પા પાસે કેળું પડ્યું હતું એ કેળું આપ્યું પછી મહારાજની આજ્ઞાથી ભગત સેવા કરવા લાગ્યા. ત્યાં મહારાજે ફરી કહ્યું કે, હજી કેળા લઈ લે તારા બા માટે. આમ મહારાજે સ્ત્રી ભક્તો માટે પણ પ્રસાદીના કેળા મોકલ્યા.

પછી ભગતને મહારાજના પગ દાબતા દાબતા સંકલ્પ થયો કે ''આ સ્ત્રી ભક્તોને કોઈક પૂછશે કે તમે જૂનાગઢ ક્યાં ક્યાં ફર્યા તો જવાબ શું આપશે કે અમે ક્યાંય ગયા નથી. મંદિરમાં જ રહ્યા. દામોદર કુંડ અને નારાયણ ધરે ન ગયા. આવી રીતે સંકલ્પ થયો અને મહારાજે તરત કહ્યું કે, નારાયણ ધરે અને દામોદર કુંડ રિક્ષા બાંધી લો અને જઈ આવો અને ગિરનારના ૧૦૦ પગથિયા ચડજો એટલે તમને હું ગુરુ દત્તાત્રેયના દર્શન સુધીનું પુણ્ય આપી દઈશ.

પછી કાંતિભગતના બા ને મુસાફરી દરમિયાન ચક્કર આવતા એમણે મહારાજને કહ્યું એટલે તરત જ મહારાજે હેમંતભગત પાસેથી પાણીની શીશી મંગાવી અને અંગુઠો બોળીને કહ્યું કે, આ પાઈ દેજો ચક્કર નહીં ચડે. પછી એમને મુસાફરી દરમિયાન ચક્કર આવ્યા નહીં. પછી ત્યાંથી નીકળી ગયા.

વસંતભગતના ભાઈબંધ ગિરધરભાઈ લોહાણા મોરબી રહેતા. એના ઘરનાને પેટમાં ગાંઠ હતી. એટલે એમણે વસંતભગત પાસે પૈસા માગ્યા. વસંતભગતે મંડળીમાંથી દસ હજાર ઉપાડીને આપ્યા. પછી કહ્યું કે, મહારાજ પાસે જાવું છે તે કેમ થશે ? ભગતે કહ્યું, હા હું આવીશ.'' એ પહેલાં એણે ડૉકટર પાસે તપાસ કરાવી તો કહ્યું કે, આ ગાંઠનું ઓપરેશન કરવું પડે. ડૉકટરે કહ્યું કે, આ કેસની કોઈ ગેરન્ટી નહીં. પછી મહારાજ પાસે ગયા અને મહારાજે કહ્યું કે, મારા શાસ્ત્રો વાંચો છો ? એમા મારા નામની આગળ ડૉ.શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી લખ્યું હોય છે. એટલે કે હું ડૉકટર છું. પછી મહારાજે હેમંતભગત પાસે પાણીની શીશી મંગાવી અને મહારાજે એમાં અંગુઠો બોળ્યો અને પાણી આપ્યું અને સાકર આપી. પછી મહારાજે કહ્યું, આ પાણી એક ચમચી ગોળામાં નાખવાનું અને સાકર ખૂટવા ન દેતો. ખૂટી જાય તો મહારાજને ધરીને પ્રસાદી ખાજો. આ રીતે ભગતે કર્યું તો એ ભગતના ઘરવાળાને પેટની ગાંઠનું દર્દ મટી ગયું.

પરચા નં.
૮૭.

## અનાદિ મુક્તરાજ કાંતિભગત રણછોડભગત પરમાર
### ગામ : જીરાગઢ, હાલ- અમદાવાદ

**જીરાગઢની** પવિત્ર ભૂમિ પર રણછોડભગતના ઘરે પ્રભુકૃપાથી મારો જન્મ થયો. અમારી પરંપરામાં અમે રામકૃષ્ણ આદિક ભગવાનનાં અવતારોને વિશેષપણે પૂજ્યભાવે માનતા, પરંતુ જ્યારે ભગવાન સ્વામિનારાયણ વિશે જીરાગઢના સંતો-ભક્તો દ્વારા જાણ્યું ત્યારે અમે સત્સંગી થયા. જીરાગઢમાં રહેતા ધરમશી મિસ્ત્રી ભગત તેઓ ખૂબ સારા વચનામૃતના જ્ઞાની હતા. એકવાર મેં તેમને પૂછ્યું કે, આ પૃથ્વી ભગવાન વગર તો ખાલી ન હોય તો ભગવાન જેવા કોઈ સંત પૃથ્વી પર હોવા તો જોઈએ. તો તરત જ તેમણે મને કહ્યું, જૂનાગઢ મંદિરમાં રહેતા શાસ્ત્રી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ભગવાન જેવા સંત છે. તેમનામાં ભગવાનપણાના ચિન્હો પણ છે. હું તમને ત્યાં દર્શન કરવા લઈ જઈશ, પરંતુ તેઓ શાસ્ત્ર લેખનમાં ખૂબ જ વ્યસ્ત હોય છે. માટે આપણે એમની પાસે સત્સંગ માટે બહુ નહીં બેસી શકીએ. આ વાત સાંભળી મેં કહ્યું, તમે જેમ કહો તેમ પણ મારે વહેલી તકે મહારાજના દર્શન કરવા જૂનાગઢ જવું છે. પછી અમે જૂનાગઢ ગયા ત્યારે પહેલીવાર તો માત્ર મહારાજના દર્શન કરી આરતી, દંડવત્ કરી જીરાગઢ પરત આવ્યા પણ મને મહારાજના ચિન્હોના દર્શનની ખૂબ જ ઇચ્છા હતી. જેથી ફરી વખત જ્યારે જૂનાગઢ ગયા ત્યારે નવા બાલમુકુંદ ભવનનું બાંધકામ ચાલું હતું જેથી સામેની ગલીમાં મહારાજની જૂની રૂમ હતી ત્યાં મહારાજ પાસે જઈ પ્રાર્થના કરી કે, મહારાજ તમારા ચિન્હોના દર્શન કરવા છે. તો મહારાજ કહે ચિન્હો જોઈને શું કરશો ? કેટલાંય ચિન્હો જોઈને વયા ગયા પણ અમને ભગવાન તો ન માન્યા અને અમારા થયા પણ નહીં. તો મેં કહ્યું, મહારાજ અમે તમારા જ છીએ અને જીવન પર્યંત તમારા જ રહેવાના છીએ માટે કૃપા કરી ચિન્હના દર્શન કરાવો.

પછી મહારાજે અતિ હેતથી મારી નજીક બેસી મારા ઢીંચણને તેમના ઢીંચણ અડાડી રાજી થઈ ચિન્હોના દર્શન કરાવવા લાગ્યા અને કહ્યું, જો તને ચિન્હો સ્પષ્ટ ન દેખાતા હોય તો આ મારો બિલોરી કાચ લે જેથી મારા દરેક ચિન્હ એની રેખાઓ ઉપસેલી તને સ્પષ્ટ દેખાશે આ રીતે મેં કર-ચરણોના દરેક ચિન્હોનાં ભાવથી દર્શન કર્યાં ત્યારબાદ મહારાજે મને સાથળમાં ખાપાના ચિન્હના દર્શન કરાવતા કહ્યું કે, અમે જ્યારે કુંકાવાવ ગુંદાવાડીએ ગાયો ચરાવવા જતા ત્યારે એ ગુંદાના ઝાડ પર ચડી અને દૂર દૂર સુધી દૃષ્ટિ કરી જોઈ

રહ્યા હતા કે અમારા ભક્તો કઈ દિશામાં વસે છે. ત્યારે જ્યારે ઝાડ પરથી નીચે ઉતર્યા ત્યારે અમને સાથળમાં સહેજ ઈજા થઈ હતી. જેથી આ ખાપાનું ચિન્હ અહીં રહી ગયું. જે ચિન્હ સ્વામિનારાયણ ભગવાનને પણ સાથળમાં હતું. તે ખાપા નીચે મહારાજે લક્ષ્મીજીના પણ મને દર્શન કરાવ્યા. તે લક્ષ્મીજી જેમ લોહીની નસો શરીરમાં ઉપસેલી હોય તે પ્રમાણે મહારાજે મને લાઈનમાં એ નસો એવી રીતે બતાવી કે જાણે લક્ષ્મીજી સાક્ષાત્ મહારાજની સેવામાં બેઠાં હોય.

મારા લગ્ન થયાને ચાર વર્ષ થયા છતાં પણ અમારે સંતાન ન હતું. જેથી મારા ધર્મપત્ની વનિતાબેને મને કહ્યું, આપણે જૂનાગઢ જઈ મહારાજના આશિર્વાદ લઈએ જેથી સારાવાના થાય. પછી અમે જૂનાગઢ ગયા મેં મહારાજને આ બધી વાત કરી. તો મહારાજ મનુષ્ય ચરિત્ર કરતાં કહે કે, હું અત્યારે તમને કોઈ જવાબ ન આપી શકું મારે તો રાત્રે ધ્યાનમાં બેસી બધું જોવું પડે. એટલે કાલે સવારે આવો તમને કહીશ એટલે હું સવારે મહારાજ પાસે ગયો તો મહારાજે એક કાગળમાં 'રાજેશ' લખીને આપ્યું ત્યારે હેમંતભગત ચાની કિટલી લઈને આવ્યા મને ચા આપ્યો, મેં પીધો. તો મહારાજ કહે હેમંતભગત આમના ઘરના નીચે ઊભા છે તો તેમને પણ તમે ચા આપી આવો. તોં મેં કહ્યું, મહારાજ વનિતાને ચા ન પીવાની બાધા છે. તો તરત જ મહારાજ બોલ્યા, હવે તમને અમો સ્વયં ભગવાન મળી ગયા છીએ માટે કોઈ બાધા ન રાખવી. આ વાત મારા ઘરનાને મેં કરી એટલે તેમણે ચાની બાધા છોડી ચા પીધી.

ત્યાર બાદ બીજે દિવસે સવારે મહારાજે હેમંતભગત પાસે બે થેલી દૂધ મંગાવ્યું અને પોતે જે રકાબીમાં ચા પીતા હતા તેમાં થોડું દૂધ નંખાવ્યું ને પીધું પછી તેમાં વધેલી પ્રસાદીની ચા હેમંતભગત પાસે કિટલીમાં નંખાવી અને અમને પીવા માટે આપી. ત્યારે ધુળકોટના અમારા કાકા-કાકી પણ જૂનાગઢ મહારાજના દર્શને સાથે હતા. જેથી અમને સૌને સ્વયં મહારાજની પીધેલી પ્રસાદીનો ચા પીવાનો લ્હાવો મળ્યો ત્યારે મહારાજે બાલમુકુંદ ભવનની રવેશમાં ઊભા રહી મારા ધર્મપત્ની અને કાકા-કાકી તેમજ મારા બા સૌને દર્શન દઈ આશિર્વાદ આપ્યા હતા.

મારા કાકા-કાકીએ સંતાન પ્રાપ્તિ માટે મહારાજને પ્રાર્થના કરી ત્યારે મહારાજે તેમને કહ્યું કે, મંદિરમાં સિદ્ધેશ્વર મહાદેવ બિરાજમાન છે તમે ત્યાં જઈ પ્રાર્થના કરો એટલે તમને સંતાન પ્રાપ્તિ થશે. પણ તમે પ્રાર્થના કરો ત્યારે મહાદેવજીને ભૂલ્યા વગર એમ કહેજો કે મને તમારી પાસે મહારાજે આશિર્વાદ લેવા માટે મોકલ્યો છે. તો જ તમારો સંકલ્પ પૂર્ણ થશે.

કારણ કે, મહાદેવજી અનાદિકાળથી અમારા પરમ ભક્ત છે. માટે અમારી દરેક આજ્ઞાનું પાલન કરે છે. પછી કાકા મંદિરમાં સિદ્ધેશ્વર મહાદેવ પાસે ગયા અને પ્રાર્થના કરી. ત્યારે મહારાજે મને કહ્યું, મેં તેને ત્યાં એટલા માટે મોકલ્યો કે, કારણ કે તમારા કાકા મહાદેવજીના પરમ ભક્ત છે, મારા નથી. પણ તેમના ભાગ્યમાં સંતાન નથી માટે નહીં થાય તેનો અફસોસ કરવો નહીં.

બાલમુકુંદ ભવનના વાસ્તા પહેલાં હું મહારાજના દર્શન કરવા જૂનાગઢ ગયો ત્યારે મહારાજે મને સ્વહસ્તે કંઠી બાંધી મંત્રદિક્ષા આપી તેમજ પોતાનું પહેરેલું ગંજીયું મને પહેરાવી ખૂબ જ હૃદયથી સુખી થાઓ, સેવા કરો, ભજન કરો તેવા આશિર્વાદ આપી ભાવથી ભેટ્યા.

બાલમુકુંદ ભવનના વાસ્તા વખતે હું જૂનાગઢ ગયો ત્યારે મહારાજ પોતાના રૂમમાં મહારાજ હાલતા-ચાલતાં માળા ફેરવતા હતા. ગળામાં ગુલાબનો હાર પહેર્યો હતો. ત્યારે મહારાજના ચરણ સહેજ ભીના હતા તો મેં મહારાજના ચરણમાં વંદન કરી બે બકીઓ લીધી. આમ ચરણામૃત પીધું અને મહારાજના કંઠમાંથી હારની પાંખડીઓ નીચે પડી હતી તેના પર પણ મહારાજ ચાલ્યા હતા તો તે પ્રસાદીની ગુલાબ પાંખડી મને આપીને મહારાજે કહ્યું કે આ હવે ફરી નહીં મળે. ત્યારે મેં મહારાજને મારી દીકરીના નામકરણ માટે કહ્યું તો મહારાજે ફરી રાજેશ નામ લખી આપ્યું. તો મેં મહારાજને કહ્યું, મહારાજ દીકરીનો જન્મ થયો છે તો મહારાજે રાજેશ્રી નામ લખી આપ્યું. પછી સમય જતાં મારે ફરી દીકરીનો જન્મ થયો તેનું નામ કોઠારી સ્વામીએ પાડ્યું પછી દીકરાનો જન્મ થયો જેની રાશી પણ તુલા રાશી આવતા મહારાજે કહ્યા મુજબ રાજેશ નામ રાખ્યું. આમ મહારાજના આશિર્વાદથી મારે ત્યાં રાજેશનો જન્મ થયો અને તે હાલમાં મહારાજની સર્વોપરિ ઉપાસના રાખી સેવા-ભક્તિ કરી ધર્મ નિયમમાં રહી પવિત્ર પણે જીવન વ્યતિત કરે છે. તેનો અમને ખૂબ જ આનંદ છે.

મહારાજ ધામમાં ગયા ત્યારે અમે સૌ જીરાગઢના ભક્તો જૂનાગઢ દર્શને ગયા હતા સૌને અતિ દુઃખ હતું પણ ભગવાન તો પ્રગટપણે આપણી ભેગા જ છે. એવું અમને જીરાગઢના સૌ ભક્તોને અંતરમાં દૃઢ વિશ્વાસ હતો. મહારાજને પણ અમારું જીરાગઢ મંડળ અતિ વ્હાલું હતું. જેથી હવે અમે ભક્તો જીરાગઢમાં પણ મહારાજના હરિમંદિરનું નિર્માણ કરવા જઈ રહ્યા છીએ. પ્રગટ ભગવાનની ઈચ્છા, કૃપા અને મંડળના સહયોગથી જીરાગઢ મંદિર ભવ્ય અને દિવ્ય રીતે પૂર્ણ થાય એ જ અભ્યર્થના છે...

પરચા નં.
૮૮.

## અનાદિ મુક્તરાજ નંદકિશોરમહારાજ કરસનદાસ ભટ્ટ

### ગામ : જીરાગઢ, હાલ સૂરત

**નંદકિશોરભગત** પહેલાં જામનગર ભણતા હતા ત્યારે મહારાજના દર્શન કરવા જતા. મહારાજની ઓળખ ઈ.સ.૧૯૮૩ દુબઈમાં થઈ હતી. તેઓ ત્યાં સભામાં પણ જતા હતા. તેમને શાંતિભગત બગીચાએ દિક્ષા મંત્ર, કંઠી બાંધવાનું કહ્યું પણ ભગતે ના પાડી. એમને સંકલ્પ થયો કે, ભગવાન દર્શન આપે તો હું માનું કે, ભગવાન છે. પછી ભગતને અબુધાબીમાં ભગવાને દર્શન આપ્યા બાદમાં પૂર્ણ નિશ્ચય થયો કે, આ મહારાજ પોતે સ્વયં ભગવાન છે. સંતરૂપે દર્શન આપ્યા પછી મહારાજે પોતે કહ્યું કે, 'ભૂદેવ જૂનાગઢ આવજો, દિક્ષા લેજો અને બધી સેવાનો લાભ લેજો.

અમદાવાદના એક મિસ્ત્રી હતા એમને કહ્યું કે, હવે મારે ઈન્ડિયા જવું છે. પછી મિસ્ત્રીએ કહયું કે, તમારે બે વર્ષનો કરાર છે. બે વર્ષ પછી તમને જવા મળે પછી એમના પત્નીને કહ્યું કે, હવે તમે ટેલિગ્રામ કરાવો તો તમે એમાં કહો કે, તમારા પત્નીની તબિયત સિરિયસ છે તો તમને જવા દેવાશે તો તમે એમ કરો. પછી ફોન આવ્યો અને ઈન્ડિયા આવવા દીધા. પછી જૂનાગઢ મહારાજ પાસે દર્શન કરવા ગયા. ઈ.સ.૧૯૮૩માં મહારાજ પાસે દિક્ષા લીધી. નંદકિશોર ભગત અને ધરમશીભગત મિસ્ત્રી બંને બેઠા હતા અને મહારાજે કહ્યું કે, સવારે ઊગતા પહોરે તમે દિક્ષા લેજો. પછી મહારાજે સવારે દિક્ષા આપી, ભગવું ગંજી આપી મહારાજે કહ્યું કે, તમે પવિત્ર સુપાત્ર બ્રાહ્મણ છો માટે તમારે આડું તિલક કરવું ઊભું ન કરવું મારા મંત્રનો જાપ કરવો તેમજ ગાયત્રી મંત્રનો પણ જાપ કરવો. દર શ્રાવણ માસમાં મહાદેવની પણ પૂજા કરવી.

પછી એ જ દિવસે રાત્રે નંદકિશોર ભગત અને ધરમશીભગત બંને મહારાજની સેવા કરતા હતા અને મહારાજે ધરમશીભગતને કહ્યું કે, તમે પાણીનો શીશો લેતા આવો આ ભગતને પ્રસાદીનું પાણી આપવું છે. પછી ગયા ભગત ખાલી બાટલો લઈ આવ્યા. ત્યાં સુધીમાં મહારાજે ભગતને નવ ચિન્હના દર્શન કરાવ્યા. આખો દિવસ સેવા કરી અને સત્સંગ કર્યો પછી ધરમશીભગત અને નંદકિશોર ભગત બંનેએ મહારાજની રજા લીધી અને મહારાજે ધરમશીભગતને કહ્યું કે, કાંઈ સેવા કરશો, રૂ.પાંચ હજારની સેવા છે તો કરશો ? પછી ધરમશીભગતે કહ્યું કે, મહારાજ અત્યારે મારી પાસે રૂ.૧૫૦૦ છે એ આપું તો નહીં

ચાલે ? પછી મહારાજે અંતર્યામી શક્તિ વાપરી ધરમશીભગતને કહ્યું કે, તમે ઘરે તિજોરીમાં ગઈકાલે જે પાંચ હજાર રૂપિયા રાખીને આવ્યા છો અમે એ જ સેવામાં માગીએ છીએ. તમે જ્યારે એ પૈસા મૂક્યા ત્યારે અમે તમારા રૂમમાં જ દિવ્ય સ્વરૂપે ઊભા ઊભા જોતા હતાં. આ વાત સાંભળી ધરમશીભગતને મહારાજનો વિશેષ મહિમા ઓળખાયો. જેથી મહારાજની આજ્ઞા પ્રમાણે પછી એ પાંચ હજાર રૂપિયા જીરાગઢ જઈ પૈસા લઈ જૂનાગઢ આવી મહારાજને અર્પણ કર્યા.

નંદકિશોરભગત તથા તેમના ધર્મપત્ની ધર્મિષ્ઠાબેન ફુલવાડી મંદિરમાં ઈ.સ.૧૯૯૭-૯૮માં રસોઈની સેવા કરતા હતા. ઈ.સ. ૨૦૦૧-૨૦૦૨માં મહારાજે ફુલવાડી નીજ મંદિરમાં મૂર્તિમાન આવી અમૃત વરસાવી ભક્તોને દર્શન આપ્યા. ૧૮ કલાક સુધી મહારાજે અખંડ દર્શન આપી અમૃત વરસાવ્યું હતું. તેમજ ચરણસેવા વખતે પણ દર્શન આપ્યા હતા.

નંદકિશોરભગતના માતા-પિતા શંકર ભગવાનનાં ઉપાસક હતા. નંદકિશોરભગતને એમ થયું કે, હવે મહારાજ અમારા બા-બાપુજી પર કૃપા કરી પોતાની પૂર્ણ ઓળખાણ આપે તો સારું અને મહારાજે નંદકિશોરભગતની પ્રાર્થના સાંભળી નંદકિશોરભગતના બાને મહારાજે દર્શન આપ્યા અને દર્શન આપ્યા પછી બધું સમજાઈ ગયું કે, આ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ ભગવાન સર્વોપરી છે અને મહારાજે તેમને અભયવચન આપ્યું કે, અમે તમને (નંદકિશોરભગતના બા-બાપુજી) બંને જણાંને એકસાથે ધામ પરમધામમાં લઈ જઈશું. એ પ્રમાણે જ્યારે નંદકિશોરભગતના બા-બાપુજીની ઉંમર થતા મહારાજ પહેલાં એમના બાપુજીને રવિવારે તેડવા આવ્યા પછી એના બા ને મહારાજ એમના પછીના દિવસે સોમવારે તેડવા આવ્યા. આ પ્રમાણે મહારાજ ભક્તોના સંકલ્પ જાણી લઈ, દર્શન આપી અનેક જીવોનો ઉદ્ધાર કર્યો છે.

અનાદિ મુક્તરાજ પૂ.નંદકિશોર મહારાજ તેમજ તેમના ધર્મપત્ની ધર્મિષ્ઠાબેનનું જીવન ધર્મમય, ભક્તિમય અને સેવામય રહ્યું છે. માટે પ્રગટ ભગવાનના મંદિરમાં જ્યાં સેવા-પૂજા તેમજ કથાવાર્તાની જરૂર હોય ત્યાં અવશ્ય તેઓ લાભ આપે છે. તેમજ બ્રાહ્મણ તરીકે તેમને કોઈ ભક્તો દક્ષિણા આપે તો તે દક્ષિણા પોતાના ઘરખર્ચમાં ન વાપરીને મહારાજના કાર્યોમાં જ્યાં જેવી જરૂર હોય ત્યાં સેવા કરી પ્રગટ ભગવાન તેમજ તેમના મુક્ત ભક્તોને વિશેષ રાજી કરે છે. આવું એમનું નિર્માની, સરળ અને પવિત્ર સાચા મુક્ત જેવું જીવન છે.



પરચા નં.
૮૯.

## અનાદિ મુક્તરાજ શાંતિભગત પરષોત્તમભગત રાઠોડ
### ગામ : જીરાગઢ

**શાંતિભગત** નાના હતા ત્યારે એમને અચાનક લોહીના ઝાડા થઈ ગયા હતા એટલે શાંતિભગતે થયું કે, હવે મારો દેહ પડી જશે. હું જીવી નહીં શકું. પછી શાંતિભગતના પિતાજી તેમને જૂનાગઢ લઈ ગયા ત્યાં બાલમુકુંદ ભવનમાં જતા જ મહારાજે કહ્યું કે, ''આવો ! આવો ! તમારો દિકરો બીમાર પડ્યો એટલે આવ્યા છો ને ?'' પછી મહારાજે અંગુઠો બોળીને પ્રસાદીનું પાણી આપ્યું અને શ્રીજીરક્ષા આપી કહ્યું કે, આ ગળામાં પહેરાવજો એટલે રક્ષા થશે. પછી કહ્યું કે, બજારમાંથી સિમલાના સફરજન લેતા જાજો એને ભાવે એટલા ખવડાવજો.'' આ રીતે મહારાજે આશિર્વાદ આપ્યા તેથી શાંતિભગતને બીજે દિવસે સારું થઈ ગયું.

આ રીતે મહારાજે શાંતિભગતની રક્ષા કરી. ત્યારે તેમની ઉંમર ૧૩ વર્ષની હતી. પછી સમય જતાં શાંતિભગતની શ્રીજીરક્ષા ખોવાઈ ગઈ હતી ત્યારે તેમણે મહારાજને કહ્યું કે, ''મહારાજ મારી શ્રીજીરક્ષા ખોવાઈ ગઈ છે.'' તો મહારાજે કહ્યું કે, ભગત હવે તમારે કાંઈ શ્રીજીરક્ષાની જરૂર નથી. હવે તમને આ પ્રગટ ભગવાન મળ્યા એટલે તમારા માટે અધૂરું કાંઈ નથી.

એકવાર શાંતિભગતના પિતાએ પિતૃદોષનો દીવો કર્યો પછી પિતૃએ કહ્યું, હતું કે, ''તમારે મારો ઉદ્ધાર કરવો હોય તો જૂનાગઢ જાવ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પાસે.'' પછી શાંતિભગતના પિતાજી જૂનાગઢ મહારાજ પાસે ગયા અને મહારાજને બધી વાત કરી એટલે પછી મહારાજે જે પ્રમાણે પિતૃકાર્ય કરવાનું કહ્યું, તે પ્રમાણે કર્યું પછી પિતૃનો મોક્ષ થયો.

પરચા નં. ૯૦.

## અનાદિ મુક્તરાજ મનસુખભગત ભગવાનજીભગત વરૂ
### ગામ : જીરાગઢ

**જીરાગઢના** મહાન ભક્ત અનાદિ મુક્તરાજ ધરમશીભગત મિસ્ત્રી હકલાભગતને મહારાજની ઓળખાણ કરાવનારા હતા. એકવાર હકલાભગત જીરાગઢ સ્વામિનારાયણ મંદિરમાં કિર્તન ગાતા કે, ''અતિ મોટા પુરુષનો લે આશરો, બળે પૂર્વ જન્મના પાપ, અંતકાળે સગું નહીં કોઈનું રે...''

રાત્રે પછી મંદિરમાં સત્સંગ કરતા તો એમાં હકલાભગતે પ્રશ્ન કર્યો કે, અતિ મોટા પુરુષ કોને કહેવા અને તેમના દર્શન ક્યાં થાય ? તેમાં ધરમશીભગત બોલ્યા કે, જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ નામે મોટા પુરુષ રહે છે ત્યાં જાઈએ.

પછી વસંતભગત, કાંતિભગત, ધરમશીભગત, શાંતિભગત આ ભક્તો જૂનાગઢ મહારાજના દર્શન કરવા ગયા. મહારાજે પૂછ્યું કે, ક્યારે આવ્યા છો ? ભગતે જવાબ આપ્યો કે, અમે તો હજુ ચાલ્યા આવીએ છીએ રાજકોટવાળી બસમાં... ત્યારે સવારના દસ વાગ્યા હતા. મહારાજે હેમંતભગતને કહ્યું કે, ભક્તો આવ્યા છે ચા-પાણી પાઓ. ચા-પાણી પીધા પછી મહારાજે પૂછ્યું કે, હવે તમારે જમવાનું શું છે ? ભગતે કહ્યું કે, કાંઈ જમ્યા નથી. પછી મહારાજે કહ્યું કે, તમે મંદિરમાં ભોજનશાળામાં પ્રસાદ લઈ આવો... પછી પોણા બાર વાગ્યે જમીને ફરી બાલમુકુંદ ભવનમાં આવ્યા. ભગત ગયા એટલે મહારાજ જમતા હતા એટલે મહારાજે પ્રસાદીના લાડવા આપ્યા એ બધા જમ્યા.

ત્યારે ભગતને સંકલ્પ થયા કરે કે, આ વંથલીવાળા ભક્તો તો મહારાજને ભગવાન કહે છે પણ આ તો માનવરૂપે છે. પછી મહારાજ સંકલ્પ જાણી ગયા. પછી મહારાજે કહ્યું, ઓરા આવો, ઓરા આવો... પછી મહારાજે હથેળી બતાવી. ભગતે કહ્યું કે, આમાં તો કાંઈ નથી હથેળી જેવી હથેળી છે. મહારાજે કહ્યું કે, સરખું જુઓ હમણાં દર્શન થાશે. પછી મહારાજે સ્વસ્તિક, ધનુષ્ય, મત્સ્યના ચિન્હોના દર્શન કરાવ્યા પછી મહારાજે કહ્યું કે, હવે તો ભગવાન કહીશ ને ? પછી ભગતે કહ્યું, હા મહારાજ.

મહારાજે ભગતને પૂછ્યું કે, પૂજા કરો છો ? ભગતે કહ્યું, ના. તો મહારાજે કહ્યું,

મંદિરમાં પૂજા મળે છે, પૂજા લેતા આવો. મંદિરમાંથી ભગત પૂજા લઈ આવ્યા અને મહારાજે પ્રસાદીની કરી આપી પછી કહ્યું, માળા ફેરવતા આવડે તો ભગત કહે, ના. પછી મહારાજે માળા ફેરવીને બતાવી અને કહ્યું કે, જુઓ આમ ફેરવાય. પછી પૂજાની નવી માળા કડક હતી. મહારાજે કહ્યું કે, તમે કડક માળા મને આપી દો અને આ બીજી માળા લઈ જાવ. પછી મહારાજે ઉપદેશ કર્યો કે, રાત્રે સીમમાં જાવું હોય તો માળા સાથે લઈ જવાય. નિંદર ના આવે તો ફેરવાય, નિંદર ન આવે તો ડોકમાં નાખીને પણ સૂઈ જવાય. આ માળા ગમે ત્યારે તમારી રક્ષા કરશે.

એક વખત ભગતની વાડીમાં પાઈપલાઈન નંખાતી હતી. રાત્રે પાઈપની ચોરી ન થાય એટલે ભગત સૂવા જતા. રાત્રે ભગત સૂઈ ગયા એટલે ભૂત આવ્યું એટલે ભગતે પૂછ્યું કે, તું કોણ છો ? એટલે પેલા ભૂતે કહ્યું કે, હું મામો છું. પછી ભગતને ઓલી માળા યાદ આવી એટલે મહારાજે કહ્યું હતું કે, આ માળા તારી રક્ષા કરશે. પછી ઓલા મામાએ કહ્યું કે, હું કહું એમ કરીશ તો તારી પાસે લાખો માણસો આવશે તો ભગતે કહ્યું કે, બોલો. તો કહ્યું કે, તારી આ માળા અને ભગવું ગંજી કાઢી નાખ તો કહું. તો ભગતે કહ્યું કે, એ તો ના નીકળે. એ તો મારા ભગવાને આપ્યું છે. તારે આપવું હોય તો આપ નહીંતર વયો જા. તો એ મામો અદૃશ્ય થઈ ગયો.

પરચા નં.
૯૧.

## અનાદિ મુક્તરાજ મોહનભગત ડાહ્યાભગત મારવી
### ગામ : જીરાગઢ

**પ્રગટ** ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સ્વયં શ્રીહરિ જ્યારે જામનગરમાં બિરાજતા હતા આ સમયે જીરાગઢ ગામના ભક્ત શ્રી મોહનભાઈ ડાહ્યાભાઈ મારવી પહેલા સત્સંગમાં ન હતા. શરણાગતિ દિક્ષા લેવા માટે ગુરુધારણ કરવા માટે જામનગર સ્વામિનારાયણ મંદિરે આવ્યા હતા. મહારાજે કંઠી પહેરાવી તેમને પોતાના શિષ્ય બનાવ્યા હતા.

આ સમયે મહારાજને ધોતિયા ઓઢાડવા માટે ધોતિયું ખભે મૂકવા જતા હતા ત્યારે મહારાજ અનાદિ શ્રીકૃષ્ણનારાયણના સ્વરૂપમાં સૂર્ય સૂર્ય જેવો પ્રકાશ સ્વરૂપમાંથી પ્રગટ થયો. તેથી મોહનભગત તો અંજાઈ ગયા અને મહારાજને ભક્તો સર્વ દેખાતા બંધ થઈ ગયા. ત્યારે કેશવજીભગત બગીચાવાળા સાથે હતા. પછી ભગવાને બ્રહ્મતેજ પોતાના સ્વરૂપમાં પાછું સમાવી લીધું. ત્યારે મોહનભગત ભગવાનને ખભે ધોતિયું મૂકવા જાય અને સરી પડતું હતું. સાત-આઠ વખત મહારાજને ખભે મૂક્યું બધી વખત ધોતિયું લસરી મહારાજના શરીરથી નીચે પડી જતું હતું. ત્યારે દિવ્ય સ્વરૂપમાં ભગવાનના દર્શન થતા હતા. કેશવભગત કહે, ભગત મહારાજને ધોતિયું ઓઢાડો, ઓઢાડો. પછી ધોતિયું ઓઢાડ્યું.

એવો એક પરચો- રાજકોટમાં મોહનભગત મારવી કેવડાવાડી શેરી નં.૧માં રહેતા હતા. ત્યારે રાજકોટ સ્વામિનારાયણ મંદિરથી અનાદિ શ્રીકૃષ્ણનારાયણ ભગવાનને પોતાને ઘેર પધરામણી-પગલાં કરાવવા માટે ઘોડાગાડીમાં બેસાડી લઈ આવ્યા હતા. ત્યારે કેશવજીભગત બગીચા અને દેવરાજભગત બગીચા તથા ડાહ્યાભગત બગીચા તથા અમરમા, મૂળીબેન, ઉજીબેન, પુષ્પાબેન સાથે હતા. સ્ત્રી ભક્તો ઓરડીથી દૂર ઊભા રહી દર્શન કરતા હતા. બગીચા પરિવાર તથા મોહનભગતે મહારાજની પૂજા કરી આરતી ઉતારી, પ્રસાદ જમાડ્યા પછી રાજી થતા એવા શ્વેતાયન વ્યાસ મંદ મંદ હસતા હતા કરમાં માળા ફેરવતા હતા.

ત્યારે એકાએક મહારાજ મોહનભગતને કહે, મોહનભગત દર્શન કરવા છે ને ? ભોળાભગત મોહનભગત કહે, હા મહારાજ દર્શન તો કરવા જ હોય ને ! ત્યારે પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ, શ્વાસ લેતા જાય અને શરીર વધારતા જાય એમ એવું મોટું સ્વરૂપ ધારણ કર્યું કે દસ ફૂટ બાય બાર ફૂટના ઓરડામાં વિરાટ સ્વરૂપ ધારણ કરી સર્વને દર્શન આપ્યા. ત્યારે મોહનભગત, કેશવભગત, દેવરાજભગત, ડાહ્યાભગત સર્વે

ભક્તો દિવાલ સાથે ભીંસાવા લાગ્યા ત્યારે મોહનભગત બહુ ભીંસથી દબાવા લાગ્યા એટલે જોશથી બોલ્યા અરે મહારાજ, બસ કરો, બસ કરો. હું તો મરી જઈશ. બધા ભક્તો કહે, મહારાજ હવે બસ કરો, બસ કરો. અમે ચેપાઈ જઈશું- ત્યારે પ્રગટ ભગવાન કહે, કહેતા હતા ને દર્શન કરવા છે.

પછી પ્રગટ પ્રભુજી શ્વેતાયન વ્યાસજી બોલ્યા કે, અમે સ્વરૂપ ધારણ કરીએ તો આ બ્રહ્માંડમાં પણ ન સમાઈએ અને તેજ પ્રગટ કરીએ તો સૂર્ય પણ ઝાંખો થઈ જાય અને દેવતાઓ પણ અમને દેખી ન શ કે, પણ તમારા જેવા નાના થઈને તમોને દર્શન સેવાનું સુખ આપવા માટે આ વખતે આવ્યા છીએ.

એક વખતે તે મોહનભગત માલવી, કેશવભગત બગીચાગાળાને કહેતા હતા કે, ભગવાન તો મળ્યા છે પણ રૂપિયા આપે તો ભજન થાય. એમ વાતો કરતા. કારણ કે એમને ગરીબી ખૂબ જ હતી. કામકાજ ચાલે ન ચાલે. તે કડિયાભગત મુંઝવણમાં ખૂબ રહેતા હતા. બે વરસ પછી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ રાજકોટ પધાર્યા ત્યારે દર્શન કરવા માટે મોહનભગત મહારાજ પાસે મંદિરે ગયા. દંડવત્ પ્રણામ કરી બેઠા. ત્યાં મહારાજ કહે, ભગત આ પેટી ખોલો પરંતુ ભગતે વિચાર્યું જે મહારાજ તો કહે આપણે એમ મહારાજની પેટી થોડી ખોલાય ? એમ વિચારી હાથ જોડી બેસી રહ્યા. વળી મહારાજે તેમને કહ્યું, ભગત પેટી ખોલો, પેટી ખોલો. આજ્ઞા પાળવા હિંમત કરી પેટી ખોલી તો રૂપિયા ૧૦૦ની નોટોના બંડલોથી ભરેલી જોઈ. ભક્તને પોતાનો સંકલ્પ યાદ આવ્યો. પણ જ્યાં નોટોના બંડલથી ભરેલી પેટી સામે જોયું જુએ ત્યાં મનમાં અનેક ઘાટ થવા લાગ્યા કે, મહારાજની સેવા આપણે કરવાની હોય, કાંઈ મહારાજના પૈસા લેવાય થોડા ! એમ વિચારી પેટી સામું જુએ ને મોઢું ફેરવી નાખે. પ્રગટ ભગવાન સામું જોવા જાય તો મહારાજ હસતા હતા. ભક્ત તો ખરેખર સાણસામાં આવી ગયા. આમ પણ ન જોવાય અને પેટી સામું પણ ન જોવાય. હવે તો બંધ કરવાનું કહે જલદી તો બંધ કરાય. થોડીવાર પછી ભગવાન પણ મંદ મંદ હસતા હતા અને મોહનભગતને કહે, તમારો સંકલ્પ હતો તે જોઈ એટલા લઈ લ્યો. ભગતને મુંઝાયેલા જોઈ મહારાજ કહે, તો હવે પેટી બંધ કરી દો. ફરી મહારાજ કહે, પેટી ખોલો ખોલો. ફરી પેટી ખોલી તો પુસ્તકો ભરેલા હતા. મોહનભગત કહેતા, ભગવાન પ્રગટ મળ્યા, એમની સેવા મળી, કૃપા, રાજીપો મળ્યો એટલે જીવનમાં બધું મળી ગયું.

પરચા નં.
૯૨.

## અનાદિ મુક્તરાજ જીવરાજભગત ડાયાભગત ટાંક
### ગામ : જીરાગઢ

**હું** ઈ.સ.૧૯૬૦માં પરીક્ષા દેવા જામનગર મંદિરે દર્શન કરવા ગયો ત્યારે મહારાજે કહ્યું, તમારે અહીં પરીક્ષા દેવા માટે આવો ત્યારે અહીં મંદિરે જ રહેવા જમવા આવતું રહેવું. બીજે ક્યાંય સગા-સંબંધીમાં ન જવું, અહીં વાંચવાનું, ભણવાનું બરાબર થાય તેથી તમારે અહીં આવતું રહેવું.

એક વખત હું પરીક્ષા દેવા જામનગર ગયો ને મંદિરે રોકાયો. હું રાત્રે વાંચન કરતો હતો ત્યારે રાત્રે બે ત્રણ વાર બાથરૂમ જવા ઊઠ્યો ત્યારે મહારાજના રૂમની લાઈટ ચાલુ જોઈ. પછી મારા રોજના નિયમ મુજબ સવારના ચરણ દાબવા ગયો ત્યારે મહારાજને મૌન રહી માળા કરવાનો નિયમ હતો. જ્યારે મહારાજે માળા કરી લીધી એટલે મેં પૂછ્યું મહારાજ હું રાત્રે બે-ત્રણ વખત ઊઠ્યો ત્યારે તમારા રૂમની લાઈટ ચાલુ જોઈ તે તમે ક્યારે સૂવો છો ? મહારાજે ચારે બાજુ પુસ્તક બતાવીને કહ્યું, હું આરામ કરું તો આટલા શાસ્ત્ર ક્યારે લખી લઉં, આમ બોલ્યા. આમ તો મહારાજને છોકરા ઉપર હેત બહું. અમને ચરણ દાબવા આપે લખતા લખતા પગ લાંબો કરે પણ બીજો કોઈ આવે તો એને દેવ દર્શન કરવાનું જ કહેતા, સેવા ન કરવા દે.

એક વખત હું સવારના મહારાજની ચરણસેવા કરતો હતો ત્યારે એક ભાઈ આવ્યા તે સત્સંગી નહોતા આવીને બેઠા પણ મનમાં વિચાર્યા કરે કે એકલા મહારાજ હોય ત્યારે કહું. એમનો ઈ.સ.૧૯૬૦માં રૂ.૨૦૦૦નો બળદ ખોવાઈ ગયો હતો ત્યારે કોઈએ બતાવ્યું તું જામનગર શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પાસે જા. એને પહેલાં ચારે બાજુ બળદની શોધ કરી હતી. પણ બળદ મળ્યો નહીં એટલે તે પટેલ અહીં મહારાજ પાસે આવ્યા હતા. જ્યારે મહારાજની માળા પૂરી થઈ એટલે મહારાજ બોલ્યા જાઓ જાઓ ભગત પહેલાં જમી લ્યો. તમારો બળદ ઘરે પહોંચી ગયો છે. આમ મહારાજ અંતર્યામી શક્તિએ તેના મનનો સંકલ્પ જાણી લીધો તેથી બાપા આભા બની ગયા અને મહારાજનો ગુણભાવ લઈ જમવા ગયા.

જામનગરમાં ઘણાં ભક્તો મહારાજનાં દર્શને આવતા ત્યારે કોઈ કડબ (ચારો) કોઈ ઘઉં કોઈ મગફળી કાંઈ ને કાંઈ સેવા લેતા આવે ત્યારે કોઠારી સ્વામી બધાને જમાડીને મોકલતા ત્યારે ઘણી વખત ભક્તો મહારાજ પાસે બેસી રહેતા તેથી મહારાજ બધાને કહેતા

તમારું કામ થઈ ગયું હોય તો થાળ થાય એટલે જમીને જજો.

હું જામનગર મહારાજ હતા ત્યારે જતો એટલે જામનગર મંદિરના બધાં સંતો મને ઓળખે. ભણવામાં મહારાજ કહેતા લેશન કરવું જોઈએ. લેશન નહીં કરો તો આગળ કેમ વધશો. આમ ઘણીવાર મીઠો ઠપકો પણ આપતા અને વ્હાલ પણ કરતા જે કાંઈ કહેતા તે આપણા સારા માટે જ કહેતા. એક વખત મારો મોટો છોકરો એની માના પેટમાં હતો ત્યારે મારા બા કહે, વહુને અહીં વંથલી મૂકી દે તો ડિલીવરીમાં મારે મદદરૂપ થવાય.

મારી બાના સાસુ લાડુમાએ મહારાજને એ જમાનામાં ગોદડા સીવી સીવીને રૂપિયા ૪૦૦ બચાવીને એ બચતમાંથી મહારાજ માટે ઢોલિયો કરાવેલો. એટલે મહારાજને બીજા સાથે સમાચાર મોકલ્યા કે મુંબઈથી વહુ વંથલી આવ્યા છે. તો મહારાજે કહ્યું કે, તેઓ દીકરીનો જન્મ થાય એમ આશા લઈને આવ્યા છે, પણ એને દીકરી નસીબમાં નથી. એને ચાર દિવસ પછી સવારે ૪ વાગે દિકરાનો જન્મ થાશે. આમ મહારાજે અગાઉ જ કહી દીધું હતું. એ પ્રમાણે જ થયું.

મારા કાકા વીરજી રત્ના ટાંક પિતૃ તરીકે અમારે ઘરે આવ્યા અને બોલ્યા મહારાજે મને બદ્રીકાશ્રમમાં તપ કરવા મોકલ્યો છે. અને હું ફુલવાડીમાં દર્શન કરવા જાઉં છું ત્યારે ફુલવાડીમાં બ્રહ્મરાક્ષસ જે ચોકી કરવા રાખ્યો છે તે મને આવવા દેતો નથી. ત્યારે મહારાજે દિવ્યરૂપે તે બ્રહ્મરાક્ષસને આજ્ઞા કરી કે, એ મારો ભગત છે એને અંદર આવવા દે. તને ચોર ખરાબ વિચારવાળાને રોકવા કહ્યું છે પણ એને અંદર આવવા દે. ત્યારબાદ વીરજી મન થાય ત્યારે દર્શન કરવા જતા. ત્યારે મહારાજ બોલ્યા હતા કે, બદ્રીકાશ્રમમાં તારું તપ પૂરું થશે પછી ગમે ત્યાં શરણાગતિ મંડળમાં જન્મ આપીને સેવાભક્તિ કરી ધામમાં તેડી જાઈશ. ત્યારે પિતૃ તરીકે આવ્યા ને મેં પૂછ્યું તમારી પાછળ અમે શું કરીએ ? તો કાકાએ ના પાડી મારે કાંઈ કરાવવાનું નથી. મારે જૂનાગઢ મહારાજના દર્શન કરવા જાવું છે. મારા બાપુજી અને આંબાભગત મહારાજના દર્શન કરવા ગયા અને મહારાજના રૂમમાં બેઠા ત્યાં આરતી થઈ. મહારાજ કહે, ચાલો આરતીમાં. તેં મારા બાપુજી આરતીમાં ગયા ને આંબાભગત મહારાજ પાસે આરતી કરતા હતા. મહારાજ તો અહીં પણ બેઠા હતા ને ત્યાં આરતીમાં પણ હતા. આમ મહારાજ બે બે સ્વરૂપ ધારણ કરી ભક્તોને દર્શનસુખ આપી રાજી રાખતા.



પરચા નં.
૯૩.

## અનાદિ મુક્તરાજ નરેશભગત મોહનલાલભગત ગોહિલ
### ગામ : મોટી બાણુગાર, હાલ- સૂરત

**મારા** બાપુજી જામનગર રહેતા ત્યારે મહારાજ પણ જામનગર મંદિરમાં હતા ત્યારે ઝવેરબાઈને આંખે ઝામરો થયો હતો ત્યારે મહારાજે વનિતાનું રૂપ લઈ અને આંખમાં ટીપાં નાખ્યા હતા તે મારા બાપુએ દર્શન કર્યા હતાં. ત્યારથી અમારા ઘરને મહારાજ પ્રત્યે હેત વધ્યું હતું. ત્યારબાદ મહારાજ મુંબઈ આવેલા ત્યારે મહારાજ ઘરે પધાર્યા હતા અને જામનગરથી મુંબઈ આવ્યા ત્યારે મહારાજે ચિન્હવાળી મૂર્તિ સહી કરીને આપેલ હતી. એ ક વખત શાંતિલાલ ભગત ઘરે આવ્યા હતા ત્યારે આ ચિન્હવાળી મૂર્તિ જોઈને મારા બાને કહે,આ મૂર્તિ મને આપો. ત્યારે મહારાજની સહીવાળી મૂર્તિ હતી એટલે પ્રસાદીની મૂર્તિ છે માટે ન અપાય પણ ત્યાં મુંબઈમાં દુકાને જઈને એકમાંથી વધારે મૂર્તિઓ બનાવવી હતી. તે દુકાને મૂર્તિ લઈ ગયા ત્યાં એક ભાઈ આવ્યા અને તે આ મૂર્તિ જોઈ બોલ્યા કે, આ મૂર્તિને હું કેટલા સમયથી શોધું છું એમ કહી મૂર્તિ મઢવાવાળાને કહે, આ મૂર્તિની કોપી બનાવી મને અત્યારે જ મઢી આપજે. ત્યારપછી એ ચિન્હવાળી મૂર્તિ મંદિરમાં બિરાજમાન કરાવીને અગિયારસની સભા ચાલુ કરી હતી. અમારા ઘરે મહારાજની મૂર્તિ જોઈને દેવરાજભગતને બીજા ભક્તો ઘરે આવતા અને સત્સંગ કરતા. આમ આ મૂર્તિનું રહસ્ય એવું હતું કે આ મૂર્તિ જ્યાં બેસશે ત્યાં મંદિર થાશે. તે મહારાજની કૃપાથી આજે ત્યાં કાંદિવલીમાં મંદિર છે.

કેશવજી હરિ તે મારા ફુવા થાય તેનો આ મંદિરની જગ્યા લેવામાં મોટો ફાળો છે. ત્યારથી ભક્તો ઘરે આવતા. એક વખત આઝાદ મેદાનમાં મહારાજની કથા હતી ત્યારે કથામાં મારા બાપુજી જતા અને મહારાજની નજીક જ બેસતા. ત્યારે મહારાજે ભક્તોના ઘરે પધરામણી કરી હતી ત્યારે અમારે ઘરે પણ પધરામણી કરી હતી.

મારા બા રાધામા તે શેરીમાં સત્સંગ કરતા અને મહારાજની વાતો કરતા. તેથી અમારી સામે એક દરજી રહેતા અને એ કૃષ્ણનું ભજન કરતા. તે એક વખત મહારાજ અમારે ઘરે પધરામણી કરવા આવતા હતા તે આ દરજીના ઘરનાનું નામ પણ રાધા હતું તે એ રાધાને મહારાજે હાથમાં મોરલી લઈને ચાલ્યા આવતાં હોય તેમ કૃષ્ણરૂપે દર્શન દીધા. તેથી રાધામા મારા બાને કહે, એ રાધા આ કૃષ્ણ છે. મારા બા કહે, આ તો અમારા મહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી પ્રગટ ભગવાન શેરીમાં ચાલ્યા આવે છે. આમ પાડોશી રાધામાને

કૃષ્ણરૂપે દર્શન આપ્યા હતા.

અમારી રૂમની સામે રામનગરમાં કૂવો હતો, તે કૂવામાં પાણી ન રહેતું અને ત્યાં ભૈયા લોકો રહેતા. તે મારા બાપુજી અને ભૈયાની દોસ્તી સારી તેથી મારા બાપુજીને વાત કરેલી એટલે મહારાજ આવ્યા ત્યારે મહારાજને ત્યાં લઈ ગયા હતા ને વાત કરી આ કૂવામાં પાણી નથી રહેતું એટલે મહારાજ કહે, આ કૂવામાં જીવ હિંસા કરેલી છે તેથી પાણી નથી રહેતું એમ કહીને પ્રસાદીનું પાણી કૂવામાં નાખ્યું અને પોતે પહેરેલ ગજરાનો હાર પણ તે કૂવામાં પધરાવ્યો તેથી આજે પણ કૂવામાં પાણી રહે છે.

એક વખત હું નાનો હતો ત્યારે મારા બા-બાપુજી સાથે જૂનાગઢ દર્શન કરવા ગયો. હું અને મારા બાપુજી સભામંડપમાં મહારાજ પાસે ગયા ને મારા બા ઉતારે હતા. તે મારા બાએ સંકલ્પ કરેલો કે, મહારાજ ભક્તોને હાર પહેરાવે છે એમ અમને પણ પહેરાવે તો કેવું સારું.ત્યારે હું મહારાજ પાસે બેઠો હતો ને મહારાજે હાર પહેર્યો હતો તે હાર ઉતારી મને હાથમાં પકડાવ્યો અને કહ્યું આ હાર આમને આમ તારા બા પાસે લઈ જા ને તારા બાને હાર પહેરાવજે. તે હું હાર લઈને ગયો ને બે હાથમાં પકડીને ઉતારે આવ્યો ને મારા બાને હાર પહેરાવ્યો. તે મારા બા કહે આમ ને આમ હાર કેમ લઈ આવ્યો. મેં કહ્યું, મને મહારાજે કીધું આમ જ લઈ જાજે ને તારા બાના ગળામાં પહેરાવજે.

એક વખત મારા બાએ ચિન્હના દર્શન કરવાનો સંકલ્પ કર્યો ત્યારે મહારાજ દંડવત્ કરતા હતા અને ચરણ અમારી બા તરફ હતા અને જેમ આગીયો ચમકે તેમ મહારાજના ચરણમાં ચિન્હોનાં ચમકતાં દર્શન બાને થયા.

પહેલાં કાંદીવલીમાં ઘરે ઘરે સભા થતી ત્યારે રાતના ૧૧-૧૨ વાગતા તે સભામાંથી આવી સૂતાને રાત્રે મારા બાની છાતી ઉપર સાપ બેઠો હતો ને ચિન્હવાળી મૂર્તિમાંથી અવાજ આવે જાગ-જાગ- તે એ અવાજ સાંભળીને જાગ્યાને હાથથી ઝાપટ મારી તો સાપનું મોઢું પકડાઈ ગયું ને સાપની પુંછડી વાગી ને સાપને ફેંકયો. તે સાપ મારા મોટાભાઈના માથા પાસે ફીંડલું વાળીને બેઠો હતો. તે બાજુના પાડોશીઓ આવીને સાપને કાઢ્યો. આમ મહારાજે રક્ષા કરી.

એક વખત હું જોર્ડન ગયો. અમે ચાર જણા હતા. તે અમારી કંપનીનો માણસ આવીને પાછો ચાલ્યો ગયો હતો તે અમે એરપોર્ટથી બહાર નીકળતા હતા તે પેલા એરપોર્ટવાળા

કહે, તમારા માણસો લેવા ન આવે ત્યાં સુધી અમે તમને જાવા ન દઈએ. તે શેઠિયો આવ્યો નહીં અને અમને એરપોર્ટની જેલમાં રાખ્યા ત્યારે અમે મહારાજને પ્રાર્થના કરી કે,મહારાજ આવા કષ્ટમાંથી ઉગારો હું રૂ.૧૧૦૦ તમારા ચરણોમાં ધરીશ. તે અમારી કંપનીવાળો ભાઈ આવ્યો અને અમારી માંગણી કરી તે અમને બીજા એરપોર્ટમાં મોકલ્યા હતા તે અમને ૭૦૦ સીટવાળા પ્લેનમાં બેસાડીને અહીં જોર્ડન મૂકી ગયોને કંપનીના માણસો તેડી ગયા. પછી હું છૂટી કાપીને દેશમાં આવ્યો ને મહારાજના દર્શન કરવા ગયો ને મહારાજને રૂ.૧૧૦૦ ચરણે ધર્યા તે મહારાજ કહે આ બાલમુકુંદ ભવનમાં સેવામાં આપી દે એમ કહી મહારાજ મરક મરક હસતા હતા. આમ મહારાજે આ બહું મોટો પરચો આપ્યો. જો અમે ત્યાં જેલમાં રહ્યા હોત તો ઈન્ડિયા પાછું આવવું પડે ને જે રૂપિયા ભર્યા હતા તે જાત અને આ કમાણી જાત અને હેરાન થાત. આમ મહારાજે રક્ષા કરી. અમારી કંપનીના માણસો વિચાર કરતા થઈ ગયા કે આ આમ બને જ નહીં પણ આ ચાર જણા માટે સ્પેશ્યલ પ્લેન મુકવા આવ્યું, આ અદ્‌ભુત કહેવાય.

એક વખત મારા બા-બાપુજી અને હું જૂનાગઢ મહારાજના દર્શન કરવા ગયા ત્યારે મહારાજ જમતા હતા અને મહારાજ જમતા જાય અને એક એક કોળિયો પાછો થાળીમાં બાજુમાં મૂકતા જાય તે મહારાજે એ થાળ અમને આપ્યો અને ઉતારે જઈ અમે એ પ્રસાદ જમ્યા હતા.

એક વખત હું અમે ત્રણ ભાઈઓને અને મારા બાપુજી મહારાજ પાસે બેઠા હતા ત્યારે મહારાજે પોતાનો અંગૂઠો ધોઈને અમને ચરણામૃત પાયું હતું અને અમે જે શાલ લઈ ગયા હતા તે શાલ મહારાજે માથા ઉપર રાખી મહારાજ બોલ્યા કે, મારી આરતી ઉતારી લ્યો ત્યારે હેમંતભગત પાસે વાટ મંગાવીને એક પાંદડામાં વાટ રાખીને અમે મહારાજની આરતી ઉતારી હતી.

એક વખત હું ને મારા બાપુજી મહારાજ પાસે બેઠા હતા ત્યારે મારા બાપુજી કહે આ નરેશની બોડી વધતી નથી. ત્યારે મહારાજે મારા બે હાથ પકડીને કાંડામાં દબાવ્યું અને જોરથી થાપો માર્યો ને કહ્યું, જા હવે બોડી વધી જાશે. ત્યારથી મારું શરીર સારું થયું અને ત્યારથી મહારાજની દયાથી કોઈ બીમારી નથી.

હું દોહા-કતાર ગયો તે પહેલાં હું ને મારા બાપુજી મહારાજ પાસે જૂનાગઢ ગયા. ત્યારે

મહારાજ ખુરશી ઉપર બેઠા હતા અને પગ લાંબો કર્યો તે અર્ધો પોણો કલાક સુધી મહારાજની સેવા કરી હતી ત્યારપછી સમય જતાં મહારાજ ધામમાં ગયા ને મને બીજા દિવસે મહારાજનો લેટર અને શ્રીજી રક્ષા મળી હતી. આમ મહારાજે ડગલેને પગલે રક્ષા કરી છે.

મારા બા-બાપુજી મહારાજ જામનગર હતા ત્યારથી જ દર્શન સેવા કરતા અને અહીં મુંબઈમાં પણ મારા બા સતત અખંડ મહારાજનું સ્મરણ કરતા તે મહારાજ રામનગરમાં અમારા ઘરે પધરામણી કરી અમારું ઘર પવિત્ર કરી આપ્યું તથા રાધામાને કૃષ્ણરૂપે દર્શન દઈને ભગવાને ભક્તોનો મહિમા વધાર્યો છે. આમ અવતારીના અવતારી ભગવાન તેને ઓળખનારા, ભજનારા પ્રત્યક્ષ યોગ પામનારા અવતારો-મુક્તો ગણાય છે. તેના સંગી-સત્સંગી પણ મહાભાગ્યવાળા છે કે જે આ પ્રગટ ભગવાનની ઓળખાણ થઈ ગઈ. આમ પ્રત્યક્ષનો મહિમા અપરંપાર છે. આમ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ, અનાદિ શ્રીકૃષ્ણનારાયણના સૌ વારસદારો કહેવાય કે જે સ્હેજે સ્હેજે અને રાજી થઈને ભગવાને જેમને પોતાની મૂર્તિના સુખ-પ્રસાદ આપ્યા. આમ પ્રત્યક્ષ ભગવાન અને પ્રત્યક્ષને ભજનારા સૌ દિવ્ય છે, માયાથી પર છે, ભગવાનના આભૂષણો છે.



પરચા નં.
૯૪.

## અનાદિ મુક્તરાજ કાંતિલાલભગત મોહનભગત ખોલિયા
### ગામ - જામવંથલી, હાલ- સૂરત

**મારી** ઉંમર નાની હતી. હું ચોથા ધોરણમાં ભણતો હતો ત્યારે મારા બાપુજી સાથે જામનગર ગયો ત્યારે જામનગર મંદિરમાં મહારાજ બિરાજતા ત્યારે અમે દર્શન કરવા ગયા. ત્યારે મહારાજના પ્રથમ દર્શન કર્યા હતા. મહારાજ જામનગરથી જામવંથલી પધાર્યા ત્યારે અમે દરરોજ મંદિરે મહારાજના દર્શન કરવા જતા ત્યારે મહારાજની ચરણસેવા કરી હતી અને અમારી નાની ઉંમર હતી પણ મહારાજ કહેતા તે મુજબ નાની મોટી સેવાઓ કરતા અને મહારાજ કથા કરતા તે અમે સાંભળતા.

મહારાજ જ્યારે જૂનાગઢ પધાર્યા ત્યારે અમે જામવંથલીથી જૂનાગઢ છ ભક્તો ચાલતા ચાલતા જૂનાગઢ ગયા હતા. ત્યારે દિવાળીના દિવસે જૂનાગઢ પહોંચ્યા અને બાલમુકુંદ ભવનમાં મહારાજના દર્શન કર્યા હતા. ત્યારે મહારાજે હાથમાં ચિન્હના દર્શન કરાવ્યા હતા અને ચરણમાં ઉર્ધ્વ રેખાના દર્શન કરાવ્યા હતા. ત્યારે હું જામનગર ભણતો હતો. રજાના દિવસોમાં મહારાજ જ્યાં બિરાજતા હોય ત્યાં અમે દર્શન કરવા જતા અને મહારાજની કથા પારાયણો ચાલતી હોય તો ક્યારેક દર્શન કરવા જતા.

અમે એક વખત જૂનાગઢ દર્શન કરવા ગયા ત્યારે હેમંતભગત ચા લઈને આવ્યા એટલે મેં કહ્યું કે, હું ચા પીતો નથી. એટલે મહારાજ કહે, ચા એ કેફી પીણું ન કહેવાય. ત્યારે મેં ચા પીધી અને ત્યારથી ચા પીઉં છું.

જેમ મારા પર મહારાજની કૃપાદૃષ્ટિ હતી તે પ્રમાણે મારા ભાઈ પરષોત્તમભગત પર પણ મહારાજની વિશેષ કૃપાદૃષ્ટિ રહી છે. પરષોત્તમભગતનો અભ્યાસ ઓછો હતો પણ છતાંય મહારાજે તેને આશિર્વાદ આપેલા કે તને ઊંચી પોસ્ટ મળશે અને તું ખૂબ સુખી થઈશ. સમય જતાં પરષોત્તમભગતને અમદાવાદ ઈસરોમાં ખૂબ સારી પોસ્ટ મળી અને સુખી થયા ત્યારથી મહારાજના મંદિર તેમજ ઉત્સવોમાં સારી સેવાનો લાભ લઈ ધન્યતા અનુભવે છે.

મહારાજ ધામમાં ગયા ત્યારે હું ભરૂચ હતો અને ત્યાં સ્વામીએ વાત કરી કે, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ધામમાં ગયા છે. તે અમે મહારાજની પાછળ પારાયણ વંચાણી તે પરાયણમાં અમે ગયા હતા.

**મને મહારાજના સ્વપ્નમાં દર્શન થયા તે આ પ્રમાણે છે.**

તા.૮-૭-૧૯૯૩ના રોજ અમે મહારાજની ચરણસેવા કરતા હતા. ત્યારે સાથે નાના નાના બાળકો પણ હતા. ત્યારે નાના બાળકો થોડીવાર ચરણસેવા કરી ને ગયા ત્યારે મહારાજે મને રોકાવાનું કહ્યું.

બીજીવાર સ્વપ્નમાં તા.૨૦-૭-૧૯૯૩માં મને દર્શન થયા તેમાં મહારાજ સાથે ભક્તો હતા અને અમે ફરવા જતા હતા.

ત્રીજીવાર સ્વપ્નમાં તા.૨૪-૭-૧૯૯૩માં દર્શન થયા ત્યારે મહારાજ અને ભક્તો બાલમુકંદ ભવનમાં હેમંતભગત, કાનજીભગત, કુંવરજીભગત સાથે હતા અને મહારાજને સંતો થાળ જમી રહ્યા હતા.

ચોથીવાર સ્વપ્નમાં તા.૨૮-૭-૧૯૯૩ના મહારાજ અમારા ઘરે પધરામણી કરવા આવ્યા છે. હરિભક્તો, બાઈ, ભાઈ સૌ મહારાજના દર્શન કરવા આવ્યા છે અને ધૂન-કિર્તન ચાલુ છે. ઉત્સવ ચાલુ છે. ત્યારે મેં મહારાજ પાસે માંગ્યું કે,મહારાજ હું સતત તમારી ભક્તિ કરું, સેવા કરું અને હું ધ્યાન યોગ માટે જૂનાગઢ આવું. એવી આજ્ઞા આશીર્વાદ આપો.

પાંચમા સ્વપ્નમાં તા.૧૯-૭-૧૯૯૩ના રોજ મહારાજની જન્મજયંતીનો ઉત્સવ અને મહારાજના દર્શનનો લાભ મને થયો હતો.

એક વખત અમે સહકુટુંબ ફુલવાડી ગયા ત્યારે ઉતારાના જે પગથિયા છે ત્યાં અમે બેઠા હતા. ત્યારે કુટુંબ પણ સાથે હતું ત્યારે અમારે એ વાતો થતી હતી કે હમણાં મહારાજના દર્શન થતા નથી. ત્યાં જ મહારાજ દર્શન દીધા. આમથી આ બાજુ ગયા. આમ મહારાજના દર્શન થયા હતા.

એક વખત અમે સીમલા અને કુલુ-મનાલી ફરવા ગયા હતા ત્યારે સીમલાથી કુલુ-મનાલીનો રસ્તો ખરાબ હતો એટલે રસ્તામાં ડર લાગતો હતો કે આ રસ્તામાં ક્યાંક પડી જશું કે કેમ, એમ ડર લાગતો હતો ત્યારે મારા ઘરવાળાને મહારાજે ખભા પર હાથ મૂક્યો એવા દર્શન થયા ત્યારે મારા ઘરના ભાવુક થઈ ગયા અને તેણે એમ વિચાર્યું કે મહારાજ મને લઈ જશે. એટલે મેં કહ્યું એવું નથી પણ આપણે આ રસ્તે હાલવામાં જે ડર લાગતો હતો તેથી મહારાજનું એમ કહેવું થયું કે, હું તમારા ભેળો છું, ડરવાની કોઈ વાત નથી. આમ ડર નીકળી ગયો.

એક વખત હું એમ.ડી.ની પરીક્ષામાં પાસ થયો ત્યારે હું મુંબઈમાં હતો ત્યારે મારા શરીરમાં અશક્તિ જેવું વધારે હતું ત્યારે મેં મહારાજને પત્ર લખ્યો હતો અને મહારાજે એ પત્રનો જવાબ પણ આપ્યો હતો ત્યારથી મારું શરીર આમ સ્વસ્થ છે.

અહીં સૂરતમાં મેં ક્લિનીક ચાલું કર્યું છે. દરરોજ મહારાજને સંભારીને આ ક્લિનીક ચલાવું છું અને મહારાજના આશીર્વાદથી ક્યારેય કોઈ કેસમાં વિપરીત પરિણામ મહારાજે આવવા દીધું નથી. તેમ અહીં સૂરત શહેરમાં રાંદેર મંદિરના કામકાજમાં ખજાનચી તરીકે ઘણાં વર્ષો સેવા કરી છે અને શ્વેતાયન જ્ઞાનજ્યોત માસિક પ્રત્રિકાનું પ્રકાશન કરી તે ભક્તોને ફ્રીમાં મળે અને મહારાજનો મહિમા ગવાય તેમજ  નવા મુમુક્ષો ભગવાનને ઓળખે એવા આશયથી શ્વેતાયન જ્ઞાનજ્યોત માસિક પત્રીકા ઘણા વર્ષો સુધી બહાર પાડી હતી અને મહારાજના દરેક મંદિરે તેમજ ભક્તોને વિનામૂલ્યે ઘણા ભક્તોની આર્થિક સહાયથી છપાવીને આપતા હતા. આ સેવા દ્વારા પણ મહારાજ તેમજ ભક્તોને વિશેષ રાજી કર્યા છે.

પરચા નં.
૯૫.

## અનાદિ મુક્તરાજ હેમરાજભગત રામજીભગત રાઠોડ
### ગામ : ભીમકટા, હાલ- સૂરત

**મારી** ઉંમર ૧૨ વર્ષની હતી ત્યારે અમે પ્રસંગોપાત ભીમકટા ગયા હતાં. ત્યાં મારા માસા ભગવાનજીભગત રાઠોડ જીરાગઢવાળા ભેગાં થયા ત્યારે તેમને દુબઈમાં સત્સંગથી પ્રગટ ભગવાનને ઓળખી લીધા હતા. તેથી મને ભાણેજ સમજીને અને મારું પરમ કલ્યાણ કરવા માટે ભગવાનજી ભગતે મને જૂનાગઢમાં બિરાજતા પ્રગટ ભગવાનનો મેળાપ કરાવવા કહ્યું કે, હેમરાજ હાલ મારી સાથે જૂનાગઢ. મેં ના પાડી તો ફરી કહ્યું, અત્યારે સાક્ષાત્ ભગવાન જૂનાગઢમાં સંતરૂપે બિરાજે છે. દર્શન કરવા તું મારી સાથે હાલ, છતાં મેં ના પાડી. કેમ કે અમે રામાનંદી શ્રી રામનું ભજન કરનારા હતા. એટલે મેં ના પાડી. તેમ મારી ઉંમર નાની એટલે વિશેષ કાંઈ જ્ઞાન હતું નહીં. ભગવાનજી ભગતે ત્રીજીવાર કહ્યું, હાલ જૂનાગઢ તારું ટિકિટ ભાડું હું આપીશ. ત્યારે મેં કહ્યું, મારા બાને પૂછો એ કહે તો હું આવીશ. મારી બાને ભગતે પૂછ્યું તો મારા બાએ ના પાડી. તેથી ભગતે કહ્યું, હેમરાજની તમે ચિંતા ના કરો તેનો આવવા-જવાનો ખર્ચ હું આપીશ. ત્યારે મારી બા કહે, તમે હેમરાજને જૂનાગઢ લઈ જાઓ પછી એને સૂરત ઘરે પાછો મૂકી જાઓ તો ભલે આવે. ભગવાનજી ભગતે કહ્યું, ભલે હેમરાજને હું સૂરત મૂકતો જઈશ પછી હું મુંબઈ જઈશ.

એમ નક્કી કરી અમે બીજા દિવસે જૂનાગઢ આવ્યા. જૂનાગઢ ૧૧ વાગે પહોંચ્યા. હેમંતભગત પાસેથી ઉતારા લીધા. અમે ચારે ભગવાનજીભગત, તેનો દિકરો, રમેશ અને હું એમ ચાર જણા જૂનાગઢ આવ્યા. ઉતારામાં નાહી પરવારી અમે મહારાજ પાસે ગયા. ભગવાનજીભગતે ફુલનો હાર તથા સાકર લીધેલી તે અમે મહારાજ પાસે મૂકીને હું પગે લાગ્યો ત્યાં મહારાજ બોલ્યા, કા નહોતું આવવું ને તો પણ શું કામ આવ્યો. હું વિચારવા લાગ્યો કે આ વાત માસા અને મારા સિવાય કોઈને ખબર નથી અને આ મહારાજે કેમ જાણી લીધી. મેં મહારાજ સામે જોયું તો મહારાજના મુખારવિંદનું તેજ અતિ ઘણું હતું. જેથી મને મનમાં તો થયું, આ સાધુ મહારાજ છે તો મોટા. એટલે હું હાથ જોડીને બેઠો રહ્યો. ભગવાનજીભગતે દંડવત્ કર્યાં, પછી રમેશભગતે દંડવત્ કર્યાં, મેં મહારાજને સાત દંડવત્ કર્યાં. મહારાજ કહે, બસ રાખો ભગત. એટલે અમે નીચે મહારાજની પાસે હાથ જોડીને બેઠા. મહારાજ મારા ખભા પર હાથ રાખી બોલ્યા, શું નામ છે તારું. મેં કહ્યું, હેમરાજ.

મહારાજ કહે તું શું કરશ, મેં કહ્યું, પાંચમું ભણું છું. મહારાજ કહે, પાંચમું ભણશ તો કે આ આપણાં દેશનું નામ શું ? મેં કહ્યું, ભારત અને મહારાજ કહે તારા જેવા લાખો વિદ્યાર્થીઓ ભારતમાં ભણે છે પણ બધાયને નોકરીઓ મળતી નથી. આમ મહારાજ મર્મમાં બોલ્યા. પછી મહારાજ બોલ્યા આ ભગત કરે ને એમ કામ કરવું એટલે હું એમ સમજ્યો કે ભગત કડિયા કામ કરે એ આપણે કરવું.

આમ આટલી વાતો થઈ પછી ભગવાનજીભગતે ઊભા થઈ મહારાજને હાર પહેરાવ્યો, સાકર મૂકી, નારિયેળ ત્રોફા મહારાજને અર્પણ કર્યાં. આમ અમે મહારાજના દર્શન કર્યાં. અમે ત્રણ દિવસ રોકાયા. તે મહારાજ જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં અમે મહારાજની પાછળ જતાં, મહારાજ પ્રદક્ષિણા ફરતા તો અમે તેની પાછળ પ્રદક્ષિણા ફરતા. આમ ત્રણ દિવસ મહારાજ ભેગા રહ્યાં. તે મને વિચાર આવ્યો કે, ભગવાનજીભગત કહે છે ભગવાત સંતરૂપે આજ વિચરે છે અને પ્રત્યક્ષ સાક્ષાત્ છે. તે એમ થયું કે આપણે આ જન્મ મળ્યો તો સંતની સેવા કરવી જોઈએ. આમ જ્યાં મેં વિચાર કર્યો ત્યાં જ મહારાજ બોલ્યા, લ્યો ભગત તમારે પગ દાબવા છે એમ કહીને મહારાજે ચરણ લાંબા કર્યા. એમ મને અર્ધો પોણો કલાક સુધી ચરણસેવા મળી. પછી મહારાજ કહે, હવે જમવાનો ટાઈમ થયો જમી લ્યોને પાછા ચાર વાગે આવજો. અમે જમવા ગયા. તે આમ ત્રણ દિવસ સુધી મહારાજના દર્શન-સત્સંગનો લાભ મળ્યો. અમારે ત્રણ દિવસ પૂરા થયા. બીજા દિવસે ઘરે જવાનું તે ભગવાનજી ભગત કહે, આપણે કાલે નીકળશું તો ચાલો મહારાજ પાસેથી રજા લઈ આવીએ. એમ અમે ત્રણે મહારાજ પાસે ગયા.

ભગવાનજી ભગતે બે હાથ જોડી પ્રાર્થના કરી કે, મહારાજ અમને ત્રણ દિવસ થયા, આ હેમરાજને મારે સૂરત મૂકવા જવાનો છે અને ત્યારપછી હું મુંબઈ જઈશ અને ત્યાં બે દિવસ પછી અબુધાબી જવાની ટિકિટ છે. એટલે પ્રભુ અમે આપની રજા લેવા આવ્યા છીએ. આમ કહી ભગતે હાથ જોડ્યા. ત્યાં મહારાજ બે મિનિટ સુધી મૌન રહ્યાં આંખો મીંચી થોડીવારે આંખ ખોલીને કહે, ભગત આવતીકાલે મહાશિવરાત્રી છે. મેળા ભરાય અને બસો પણ ભટકાય. એમ કરો તમે કાલે નહીં પણ પરમ દિવસે જજો. આમ મહારાજ બોલ્યા. એટલે ભગવાનજીભગત કહે મા-બાપ તમે જેમ કહો તેમ. ભલે અમે રોકાઈ જઈએ. આમ હાથ જોડીને અમે નીચે આવ્યા.

અમને આમ મહારાજ પાસે રહેવાનો એક દિવસનો વધારે લાભ મળ્યો અને બીજા

દિવસે ફરી મહારાજ પાસે રજા લેવા ગયા. દંડવત્ પ્રણામ કરી રજા લીધી અને અમે બસસ્ટેન્ડ જવા રિક્ષા કરી બસ સ્ટેન્ડ આવ્યા. ભગવાનજી ભગતે અમને એક બાજુ બેસાડ્યા અને બસની પૂછપરછ કરવા ગયા સૂરત જવાની બસ ક્યારે મળશે ? તે ટી.સી. કહે બસનો ટાઈમ થઈ ગયો છે. હમણાં એક નંબર ઉપર લાગશે. એ બસ કાલે અહીંથી ઉપડી તે એનો આગળ એક્સિડન્ટ થયો છે. તમે બેસો હમણાં લાગશે. આ એક્સિડન્ટની વાત સાંભળી મહારાજ જે બોલ્યા હતા કે, કાલે મેળો ભરાય અને બસોય ભટકાય. એ યાદ આવી ગયું. જો અમે કાલે નીકળ્યા હોત તો આ બસમાં ભટકાયા હોત. આમ મહારાજે અમારી રક્ષા કરી.

ભગવાનજીભગતે રસ્તામાં ભગવાનની ઘણી વાતો કરી. ભગત કહે, આપણે ભગવાન કહે એમજ કરવું જેથી આપણી સર્વપ્રકારે રક્ષા થાય. ભગવાનજી ભગત મને સૂરત ઘરે મૂકી ગયા અને ભગત મુંબઈ જવા નીકળી ગયા. મેં મારી બાને કહ્યું, મારે હવે ભણવું નથી, મારે કડિયાકામ કરવું છે. બસ એક જ વાત હવે મારે ભણવું નથી. મારા બાએ સંબંધીઓને વાત કરી હેમરાજ ભણવાની ના પાડે છે. મેં મારા મામાને કહ્યું, મામા મને હવે ભણવું નથી મને કડિયાકામ શીખવાડો. આમ હું કડિયાકામ શીખવા ગયો. બાંધકામ, પ્લાસ્ટરના કામ કરવા લાગ્યો અને મારા બાપુજી સાઉદીયાથી આવ્યા તેને ખબર પડી તેણે ફરી મને ભણવા મોકલ્યો પણ પરિણામ નાપાસનું આવ્યું. એટલે આમ આઠ-દશ વર્ષ નીકળી ગયા. એ દરમ્યાન મને કોઈ ભગતનો યોગ ન મળ્યો જેથી મહારાજની ભક્તિ જોઈએ એવી ન થઈ તે દશ વર્ષ બાદ આ મારા માસા મુંબઈથી સૂરત રહેવા આવ્યા. તે મહારાજ ધામમાં ગયા ત્યારે એના ઘરે ૨૪ અવતારની મૂર્તિના કાચ તૂટી ગયો હતો અને અમે આ સૂરતમાં કુંવરજીભગત, ભાઈલાલભગત, કાનજીભગત અને ચોથો હું એમ અમે ચાર-પાંચ જણા સત્સંગ કરતા. ત્યારે મહિને બે મહિને શાંતિલાલભગત બગીચા સત્સંગ કરવા આવતા એના સત્સંગે કરીને મને આ મહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ છે એમ સાક્ષાત પરનારાયણની ઓળખાણ થઈ ગઈ.

એક વખત ભગવાનજી ભગતના ઘરે દેવરાજકાકા આવ્યા હતા અને અમે રાત્રે ૧૨ વાગ્યા સુધી સત્સંગ કર્યો અને અમે લાલજી મહારાજને પોઢાડ્યા હતા તેની બાજુમાં હનુમાનજીને બેસાડ્યા હતા તે રાત્રે હનુમાનજીને મહારાજની બાજુમાંથી થોડા દૂર બેસાડ્યા તો રાત્રે બે વાગ્યે હનુમાનજી સાક્ષાત પ્રગટ થયા અને લાલજી મહારાજને ખોળામાં લઈ ચરણસેવા કરવા લાગ્યા તે દેવરાજકાકાને એ હનુમાનજીના એવાં તેજસ્વી દર્શન થયા કે

આખા રૂમમાં પ્રકાશ પથરાઈ ગયો. પછી દેવરાજકાકા હનુમાનજીની માફી માગી કહે, ભગવાન મારી કાંઈ ભૂલ થઈ છે. હનુમાનજી કહે, ના અમે તો અમારા ભગવાનની સેવા કરવા આવ્યા છીએ અને જ્યાં જ્યાં લાલજીમહારાજ છે ત્યાં અમે મહારાજની સેવા કરવા જઈએ છીએ, દર્શન કરીએ છીએ. આમ કહી હનુમાનજી અદૃશ્ય થઈ ગયા.

આમ પૂર્વનો જીવ પુન્યશાળી હોય અને તેને ભગવાન પામવાની ઈચ્છા હોય તેવા જીવાત્માઓને ભગવાન જ્યારે પ્રગટ થાય ત્યારે તેના મુક્ત પુરુષો દ્વારા એ જીવનો કાંઈક કારણ ઊભું થઈને ભેટો થાય છે. ત્યારે એ મુક્ત પુરુષની કૃપા અને સંકલ્પથી આ જીવ ભગવાનનો શરણાગત થાય છે. શરણાગતિ થાય પછી ભક્તિ કરતાં કરતાં એ જીવાત્મા ભગવાનનો ભક્ત થાય છે. જેટલા આશીર્વાદમાં ધ્યેય એટલા શરણાગતિમાં બલીદાન એવો જીવાત્મા ભગવાનના ખોળે બેસી ભગવાનના ધામને પામે છે. ભગવાન દયાળું છે, કૃપાળું છે. પોતાના મુક્તો-ભક્તોને આ સંસારમાં રહ્યા થકા આ લોકની રીત અપનાવીને મુમુક્ષોને ભગવાનની ઓળખાણ કરાવે છે.

સંત પુરુષોમાં જેને જેને હેત થાય તે તે મુમુક્ષોનો આ જન્મ છેલ્લો જન્મ થઈ જાય છે. આમ આ જગતમાં જ્યાં જે કાંઈ થાય છે, થઈ રહ્યું છે તે ભગવાનની ઈચ્છાએ જીવાત્માના કર્મ પ્રમાણે અને સંકલ્પ પ્રમાણે તે તે પ્રાપ્ત થાય છે. તે સર્વે સત્ય જ છે. પરંતુ જ્યારે ભગવાન જેવા છે એવા સમજાઈ જાય છે, ઓળખાઈ જાય છે ત્યારે એને આ જગત આ માયા મિથ્યા જણાય છે અને ભગવાનની ભક્તિ-સેવા-ઉપાસનાથી ભગવાનના ધામમાં જાય છે.

પરચા નં. ૯૬.

## અનાદિ મુક્તરાજ પ્રવીણભગત મોહનભગત માલવી

### ગામ : ગામ : સૂરત

**મારે** વિદેશ જવું હતું એટલે મહારાજના આશીર્વાદ લેવા હું જૂનાગઢ ગયો અને મહારાજને દંડવત્ પ્રણામ કરી બેઠો. હાથ જોડી મહારાજને વાત કરી મહારાજ મારે બહાર જવું છે આશીર્વાદ આપો. મહારાજ કહે, ક્યાં જવું છે ? મેં કહ્યું, મહારાજ જેમ બને તેમ વ્હેલું થાય તો સારું. મહારાજ કહે, માર્ચ મહિનામાં જવાનું થઈ જાશે, થઈ જાય એટલે પહેલો પગાર અહીં સેવામાં આપજે. મેં કહ્યું, બહું સારું મહારાજ. પછી મેં મહારાજની ચરણસેવા કરી, મહારાજે આશીર્વાદ આપ્યા. એટલે મારે બહાર જવાનું થયું તો પહેલો પગાર આવ્યો એટલે હું પાછો જૂનાગઢ ગયો અને પહેલો પગાર આપ્યો. મહારાજે એક પ્રસાદીની ચોપડી આપી. એક સિક્કો કપાળે ચોડીને આપ્યો. એક વખત મારા બાપુજી વિચાર કરતા હતા કે, મહારાજને મળવા જઈએ તો એમની પાસે ખાલી હાથે કેમ જવાય આમ વિચારતા હતા.

મારા બાપુજી એક વખત મહારાજ પાસે મંદિરે ગયા. મહારાજને પગે લાગ્યા તો મહારાજ કહે, શું વિચાર કરશ. મહારાજ કહે, પેલી પેટી ખોલ. ત્યારે પેટી રૂપિયાથી ભરી હતી. મારા બાપુજી ગળગળા થઈ ગયા અને મહારાજને કહે, મહારાજ મારી એવી ભાવના હતી કે મહારાજ પાસે સંત પાસે ખાલી હાથે ન જવાય પણ તમારી પાસે તો લક્ષ્મીજી સ્વયં સેવામાં હાજર છે.

એક વખત મારા બાપુજી ચાદર ઓઢીને સૂતા હતા પણ ચાદર ઉતરી જતી. આમ ત્રણ-ચાર વાર ચાદર ઓઢીને ચાદર ઉતરી જાય. આમ અચાનક રૂમમાં પ્રકાશ પ્રકાશ થઈ ગયો. આમ પ્રગટ ભગવાને કૃપા કરી દર્શન દઈને તેમની મનની મનોકામના પૂરી કરી ચિન્હના દર્શન કરાવ્યા. આમ મહારાજે પરચા, ચમત્કાર બતાવી જીવને ભાન કરાવ્યું પણ જીવની એટલી અવળાઈ છે કે ચિન્હવાળા ચમત્કારવાળા મનની આશા પૂરનારા પ્રત્યક્ષ ભગવાન મળ્યા છે છતાં જીવ પોતાના દુઃખને રોયા કરે છે. સવાર-સાંજ ભગવાનને યાદ કરી ભક્તિ કરી પોતાને ભગત કહેરાવે છે. પણ ભગવાન માટે જીવવામાં ભગવાનના સંકલ્પમાં ક્યાંય સહભાગી થતો નથી. જો ભગવાનના સંકલ્પમાં પોતાનું જીવન વાપરે અને સેવા, ભક્તિ, સત્સંગ, સમૈયામાં, મંદિરમાં પોતાનો સમય-સંપત્તિ વાપરે તો ભગવાનનો કૃપાપાત્ર થઈ અને અઢળક સંપત્તિવાન અને મુક્તિની સ્થિતિને પામે.

પરચા નં. ૯૭.

## અનાદિ મુક્તરાજ રામજીભગત કેશવજીભગત ગોહિલ
### ગામ : જામવંથલી, હાલ- સૂરત

**મારા** બેન અને બનેવી ઉજીબેન અને કેશવજીભગત તે મને અવારનવાર કહે હાલ જામનગર મહારાજના દર્શન કરવા પણ મારા ભાગ્યમાં નહીં એટલે જવાતું નહીં પણ એક વખતે બનેવી કહેતા એટલે મનમાં થયું હાલોને તો દર્શન કરી આવીયે. એમ કરી મારા બનેવી કેશવજીભગત ભેગો હું જામનગર મંદિરે આવ્યો અને મહારાજ પાસે બેઠા, પગે લાગ્યા એટલે મહારાજે મને કંઠી બાધી મેં મહારાજને પાંચ રૂપિયાની ભેટ ધરીને અમે જામવંથલી આવતા રહ્યા.

મારા બનેવી મહારાજની વાતો કરે સ્વામી અંતરર્યામી છે, સ્વામી ભગવાન છે, સ્વામી ચમત્કારી છે આવી વાતો કરે. ત્યારપછી મને જામનગર જવાનો મોકો ન મળ્યો. આમ ઘણો સમય થયો તો મને મનમાં વિચાર આવ્યો કે મહારાજના દર્શન કરવા છે પણ જવાતું નથી. એટલે મેં ટેક લીધી કે, હવે મહારાજના દર્શન ન કરું ત્યાં સુધી ઘી ન ખાવું. આમ કરતાં કરતાં છ મહીના થઈ ગયા. એક વખત ઘરમાં ઘી હતું ને મેં ઘીનો ડબ્બો ભર્યો અને જામનગર જવા ઉપડ્યો. જામનગર આવ્યો મહારાજ આમથી તેમ આંટા મારે. હું મહારાજને મળ્યો પગે લાગ્યો અને મહારાજને મેં કહ્યું, સ્વામી મને ક્યારેક ક્યારેક ચક્કર આવે છે. મહારાજ કહે ઊંધો સૂઈ જાય. મહારાજે મારી કમર ઉપર ત્રણવાર પંજો દબાવ્યો અને કહ્યું જા મટી જશે. ત્યારે જામનગરમાં જામસરબાપુના છોકરાના લગ્ન હતા તે મહારાજ કહે, જામનગરના રાજાના છોકરાનું ફુલેકું જોવા જાઓ. મેં કહ્યું, ના મહારાજ મારે તમારા પગ દાબવાની સેવા કરવી છે. મહારાજ કહે, હાલ આપણે બેય જઈએ પછી અમે ધાબા પર ગયા અને મહારાજ અને મેં ફુલેકું જોયું, પછી મહારાજ કહે, હવે સૂઈ જાઓ. એટલે હું સભામંડપમાં સૂઈ ગયો બીજે દિવસે હું મેઘપર આવી ગયો. તે પછી મારે મસ્કત જવાનું થયું. સ્ટિમ્બરની ટિકિટ આવી ગઈ એટલે મેં ભણેલાને કાગળિયા બતાવ્યા, આ કાગળ સાચા છે કે ખોટા. આ એજન્ટોનો ભરોસો નહીં. એ ભાઈ કહે, આ કાગળિયા સાચા છે ને તમારે મસ્કત જવાનું છે.

ત્યારે મહારાજ સૂરત કથા વાંચવા આવવાના હતા, ત્યારે મારા બનેવી મને લેવા આવ્યા. તમે હાલો. પણ મારે મસ્કત થોડા દિવસમાં જવાનું હતું એટલે મારા કુટુંબને સૂરત લઈ ગયો. ત્યાં મહારાજ પાસે મારા કુટુંબના બધાં સભ્યોને કંઠી બંધાવીને એ બા ત્યાં રોકાયાને

હું આવતો રહ્યો અને હું મસ્કત ગયો ત્યાં એક વરસ પછી સાઈડ બદલી અને બે પહાડ વચ્ચે મૂકયો અને મહારાજની દયાથી ૪૦ માણસોનો હું ફોરમેન તરીકે હતો. પણ ખાવા પીવાની તકલીફ એટલે અમે હાથે બનાવીને ખાઈએ. તે ત્યાં ચોખા-જારના દાણા ઢોળાતા. એટલે હોલા ચણવા આવે અને હું મહારાજની ચિન્હવાળી મૂર્તિ સાથે લઈ ગયો હતો ને મહારાજનું સ્મરણ કર્યા કરું ત્યાં ત્યાંના માણસોએ એક હોલું પકડ્યું અને તેના પગ બાંધી દીધા એ મેં જોયું, ત્યાં મારા મનમાં થયું કે હે મહારાજ તમારા સતના આધારે અમે અહીંયા છીએ પણ આ હોલાનું મારણ કરે છે તમે એ હોલાને બચાવો. આમ જ્યાં મનમાં બોલ્યો ત્યાં હોલો ઉડવા લાગ્યોને એક ઝાડ ઉપર બેસી ગયો. પણ એના પગ બાંધેલા હોવાથી નીચે પડ્યો. એ શિકારીઓ એની પાછળ પડ્યા. એટલે મેં કહ્યું, મહારાજ આ હોલાને બચાવો. ત્યાં હોલો ઉડ્યો ને મારી બાજુમાં આવીને પડ્યો. એટલે મેં હોલાના પગમાં બાંધેલી દોરી કાપી નાખી હોલાને ઉડાડી દીધો. આમ મહારાજે હોલાને પણ બચાવ્યો.

એક વખત હું મસ્કત જતા પહેલાં મહારાજને મળવા ગયો. ત્યાં ખાવા-પીવાની કઠણાઈ હશે એટલે મહારાજ કહે, ત્યાં બધું ભેળસેળવાળું હોય પણ ત્યાં ન ખાવાનું ન ખાતા, ન પીવાનું ન પીતા પણ દેશકાળ અને સમય સંજોગ પ્રમાણે ડુંગળી ખાવાનો પ્રસંગ આવે તો ડુંગળી ખાજો પણ મગજ શાંત રાખજો. આમ ભલામણ કરી અને કહ્યું, ભગવાનને ભૂલતા નહીં. ત્યાં પહોંચી મહારાજને કાગળ લખ્યો કે, હું સુખશાંતિથી પહોંચી ગયો છું. મહારાજે વળતા જવાબમાં કહ્યું કે, મગજને શાંત રાખજો અને કંપનીના સમયમાં કંપનીનું કામ કરજો. કંપની સાથે વિવાદ થાય તો ઓફિસમાં ફરિયાદ કરવી પણ કામ બંધ ન કરવું, આમ મહારાજનો પ્રસાદીનો પત્ર આવ્યો.

મહારાજના ઘણી વખત સ્વપ્નમાં દર્શન થાય. મહારાજ છડીવાળા દેખાય, ક્યારેક ચિન્હવાળા દેખાય, ક્યારેક જામનગર સભામંડપમાં હરતા ફરતા દેખાય અને ઘરનાઓને પણ આવા દર્શન થાય.

એક વખત અમારા મેઘપરમાં બે મિત્રો વાતવાતમાં રામ મોટા, કૃષ્ણ મોટા આમ વાદ-વિવાદમાં ઝગડ્યા તે ઝગડ્યા એવા કે બાથોબાથ આવી ગયા. હવે રાત્રે સપનામાં પણ મને રામ મોટા કે કૃષ્ણ મોટા ? એવા વિચારો આવવા લાગ્યા. ત્યાં મહારાજે સ્વપ્નમાં જે રામ મોટા એમ કહેતો હતો એને મહારાજે છડીવાળા રૂપે દર્શન આપ્યા. એને મને સવારે વાત કરી એટલે મને થયું કે, નક્કી મહારાજે આને દર્શન દીધા છે અને એ મારો કાકાનો

દિકરો ભાઈ થાય એટલે મને વાત કરી તેથી મેં એમને જામનગર મહારાજના દર્શન કરવા કહ્યું. એમ એના પ્રશ્નનું સ્વપ્નમાં સમાધાન થયું કે, સૌથી મોટા પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણ જ છે.

એક વખત અમે કુંકાવાવ દર્શને ગયા. ત્યાં મહારાજની મૂર્તિ આગળ અમે બેઠા હતા અને હું એવા વિચાર કરતો હતો કે પરમધામમાં જે ભગવાન છે એ ભગવાન અહીંયા પણ છે. ત્યાં મહારાજના હાથમાં જે ફુલ ચઢાવ્યું હતું તે મારા ઘરનાનાં ખોળામાં પડ્યું એટલે મેં કહ્યું, આપણી ભાવના વડે મહારાજ રાજી છે.

મેં અત્યાર સુધી ૨૪-૨૫ મંદિરોમાં બાંધકામ કર્યું છે અને હું મંદિરના શિખર ઉપર ચડું એટલે મહારાજની અનાદિ શ્રીકૃષ્ણનારાયણની જય બોલીને માથે ચડું. મહારાજની દયાથી આજ સુધી એક ખીલીયે મને વાગી નથી, આ મહારાજની કૃપા અને દયા કહેવાય.

સવારે વ્હેલા ઉઠીને નિત્યક્રમથી પરવારી મહારાજની પૂજા કરું, મહારાજની પૂજામાં મંત્ર, માળા, આરતી, થાળ કરી મહારાજની આજ્ઞા લઈ કામે જવાનું જેથી ભગવાન આપણું ધ્યાન રાખે અને ધ્યાન રાખતા આવ્યા છે. આમ મહારાજના યથાશક્તિ ભક્તિભાવથી ભજન-સેવા કરીએ છીએ.



પરચા નં.
૯૮.

## અનાદિ મુક્તરાજ ભાઈલાલભગત રાજાભગત ખોલિયા
### જામવંથલી, હાલ- સૂરત

**મારી** ઉંમર પાંચ વર્ષની હતી ત્યારે મને મહારાજે જામનગરમાં કંઠી બાંધી હતી અને જામનગર મહારાજ બિરાજતા એટલે અમારે કાંઈ પણ કામ હોય તો અમે મહારાજને પૂછતાં અને જેમ મહારાજ કહે તેમજ કરતા. એટલે મહારાજ પ્રત્યે અમને ઘણો ઘણો ભાવ હતો.

એક વખત જામનગરમાં મોટો ઉત્સવ હતો. ત્યારે અમે જામનગર ગયા હતા. ત્યારે અમારી સાથે ત્રણ-ચાર બેનો હતા તે બેનોને મહારાજના દર્શન કરવા હતા. મેં મહારાજને કહ્યું, મહારાજ આ બેનોને આપનાં દર્શન કરવા છે. મહારાજ કહે, આ આટલી ભીડમાં દર્શન કેમ આપવા. એમ કહી મહારાજ પોતાની રૂમે ગયા અને રાત્રે બિલાડાનું રૂપ લઈ આવ્યા અને દાદર ઉપર ચઢીને બેનો પાસે ગયાં. ત્યારે મેં જોયું ત્યાં એ બિલાડાની ઠેકાણે મહારાજ ઊભા હતા. મેં કહ્યું, મહારાજ તમે બિલાડા રૂપે થયા. તો મહારાજ કહે, દર્શન દેવા મારે કંઈક તો કરવું પડે ને. આમ મહારાજે બેનોને દર્શન આપ્યા હતા.

એક વખત જૂનાગઢમાં મહારાજ પાસે ત્રણ છોકરા બેઠાં હતાં. મેં મહારાજને પૂછ્યું, મહારાજ આ છોકરાઓ કોણ છે ? મહારાજ કહે, આ અનાદિશ્રીકૃષ્ણનારાયણ પાસે ઘણાં દેવી, દેવતાઓ, ઈશ્વરો, અવતારો કોઈને કોઈ રૂપ લઈને દર્શન કરવા આવે છે. બ્રહ્મા, વિષ્ણુ ,મહેશ પણ દર્શન કરવા આવે છે. આમ મહારાજ બોલ્યા ત્યાં તો એ ત્રણે છોકરાઓ ઊઠીને હાલતા થયા. એટલે હું એ છોકરાઓ પાછળ દરવાજા સુધી આવ્યો પરંતુ એ ત્રિદેવો અદ્રશ્ય થઈ ગયાં.

એક વખત જામનગર જઈને મેં મંદિરમાં ઉતારો ન લીધો, ને હું સભામંડપમાં સૂઈ ગયો. ત્યારે મહારાજ કહે, સભામંડપમાં નથી સૂવું તું મારી ભેળો સૂઈ જા અને હું મહારાજ ભેળો સૂતો. તે સમયમાં બહુ ઠંડી હતી તેથી મહારાજે મને ધુસો ઓઢાડ્યો. સવારે મહારાજ પૂજા કરતા હતા, પૂજા કરીને કહે, આરતીમાં દર્શન કરવા જાવું છે તે મેં કહ્યું, હાલો જઈએ. મહારાજ કહે, તને ઠંડી લાગે છે ? મેં કહયું, હા ઠંડી લાગે છે. ત્યારે મહારાજ બોલ્યા, આની પાસેથી ઠંડી વઈ જા. ત્યાં તો મને પરસેવો વળી ગયો અને હું અને મહારાજ મંદિરમાં દર્શન કરવા ગયા ત્યારે રસ્તામાં મહારાજે ત્રણ વખત પૂછ્યું, હવે ઠંડી લાગે છે. મેં કહ્યું, મહારાજ હવે તો પરસેવો વળે છે. ત્યારે મેં ચડ્ડીને બુશર્ટ પહેર્યા હતાં ને બીજા સંતો ધુસા ઓઢી ઓઢીને

દર્શન કરવા આરતીમાં આવ્યા હતા અને મને ચડ્ડી-બુશર્ટમાં જોયો તો કહે, આ છોકરો ગાંડો થઈ ગયો લાગે છે, આવી ઠંડીમાં ચડ્ડી- બુશર્ટ પહેરીને આવ્યો છે.આમ મહારાજે ઠંડી થકી મારી રક્ષા કરી હતી.

એક વખત મારો નાનો ભાઈ બીમાર હતો તેની ઘણી દવા કરી પણ તે સાજો ન થાય તે મારા બા કહે, મહારાજ પાસે જઈને વાત કર. હું મહારાજ પાસે આવ્યો. મહારાજને વાત કરી. મહારાજ કહે, તેનું આયુષ્ય પૂરું થવા આવ્યું છે. મેં મારી બાને વાત કરી તો મારા દાદી અને બા કહે, મહારાજને જઈને કહેજે કે, અમારી આયુષ્ય લઈ લ્યો ને આ છોકરાને સાજો કરો. હું પાછો મહારાજ પાસે આવ્યો. મહારાજ કહે, તારા દાદીની ત્રણ વર્ષની અને તારા બાની પાંચ વર્ષની આયુષ્ય બાકી છે. માટે અમે રાત્રે ૧૨ વાગે તને દર્શન આપીને તારા ભાઈને ધામમાં તેડી જઈશું અને આ મારો પ્રસાદિનો હાર એને પહેરાવજે. પછી મેં ઘરે જઈ બાને બધી વાત કરીને નાના ભાઈને હાર પહેરાવ્યો તેથી એની વૃત્તિ કુટુંબમાંથી છૂટી ગઈ અને મહારાજને સંભારવા લાગ્યો ત્યારે મહારાજે મને માળા આપીને કહ્યું હતું કે, આ માળા કરજે જેથી ત્યારે તને એકને અમારા દર્શન થશે. આમ રાત્રે ૧૨ વાગે મહારાજ આવ્યા ને મહારાજની પાછળ તેજનું ચક્ર એવા દર્શન થયા ને મારો નાનો ભાઈ ધામમાં ગયો. પછી મારું કુટુંબ રોવા લાગ્યું ત્યારે મહારાજે મારી બાને દર્શન દઈ કહ્યું કે, તમારો છોકરો ધામમાં અમારી સેવામાં જ છે.

એક વખત હું નાનો હતો ત્યારે મહારાજ મને દિવ્ય દર્શન આપી કહે, હાલ તને આજે જામનગર બતાવું. મેં કહ્યું, હા મહારાજ. મહારાજ કહે, તું મારા ખભા ઉપર બેસી જા. હું બેઠો પછી અમે ફરવા નીકળ્યા. રસ્તામાં મહારાજ કહે, આ લાખોટા તળાવ છે ને આ રાજાનો મહેલ છે. મેં કહ્યું, મહારાજ મને બીક લાગે છે. મને નીચે ઉતારો. મહારાજ કહે, આ મારી ચોટલી પકડી લે. મેં ચોટલી પકડી પણ જાણે ખીલો પકડ્યો હોય એવું લાગે ને જોઈએ તો હાથમાં ચોટલી. આમ આખા જામનગરમાં મને આકાશમાર્ગે દર્શન કરાવ્યા.

એક વખત હું સભા હોલમાં વાંચતો હતો. મહારાજ આવ્યા ને પુછયું કે અહીં શું કરશ ? મેં કહ્યું, મહારાજ પરીક્ષા છે, તે વાંચું છું. મહારાજ કહે, વાંચવું નથી અહીં ઉપર આવ અને મારી સેવા કર. મેં કહ્યું, મહારાજ તમે આશીર્વાદ આપો હું પાસ થઈ જાવ તો આવું. મહારાજ કહે, તું આમેય પાસ થઈ જઈશ. હાલ અત્યારે મારી સેવા કર. પછી હું મહારાજના પગ દબાવવા ગયો અને કેટલીય વાર સુધી પગ દબાવ્યા. એ મેં મનનું ધાર્યું

મુકીને તરત જ મહારાજની આજ્ઞા પાળી સેવા કરી તેના ફળસ્વરૂપે પરીક્ષામાં વાંચ્યાં વગર પણ પાસ થઈ ગયો.

મહારાજ રાજકોટ હતા ત્યારે એક વખત હું રાજકોટ ગયો. ત્યારે મહારાજ કહે, આપણે કાલે જાઈવા જવાનું છે. કોઈ હરિભગત તેડવા આવ્યા હતા તેની સાથે અમે જાઈવા ગયા. આમ જામનગરના ગામડે ગામડે મહારાજ જતાં ત્યારે ઘણીવખત મને પણ ભેળો રાખતા. હું મહારાજ ભેગો ઘણી જગ્યાએ વિચરણમાં ગયો છું. દેવસ્વામી ત્યારે સાધુ નહોતા. એ મહારાજની પાર્ષદ તરીકે સેવા કરતા અને મહારાજ આગળને દેવસ્વામી પાછળ પાછળ જતા. ત્યારે દેવસ્વામીનું નામ પોપટભગત હતું.

મહારાજ ઘણીવાર ટ્રેનમાં વિચરણ કરતા ત્યારે હું સાથે હોવ તો મારી ટિકિટ પણ મહારાજ કપાવતા. અમે ફર્સ્ટકલાસ ડબ્બામાં જતા. એક વખત ટિકિટચેકર આવ્યો ત્યારે મારા સામું જોયું ને હું મહારાજ ભેગો હતો એ ચેકર મહારાજ સાથે ઈંગ્લીશમાં વાત કરતો હતો ત્યારે મહારાજ પણ તેની સાથે તેની સ્પીચમાં ઈંગ્લીશમાં વાત કરતા હતા ત્યારે ઓલો ટિકિટચેકર ને એમ થયું કે આ મહારાજ તો આપણાય ચેકર લાગે છે, એમ કહી જતો રહ્યો.

એક વખત મહારાજ રાજકોટ હતા. મને ત્રણવાર સમાચાર મોકલ્યા કે, રાજકોટ આવ. ત્યારે મેં સંકલ્પ કર્યો કે, મને દર્શન થાય તો હું આવું. આમ વિચાર્યું ત્યાં મને જમના દર્શન થયા અને જમ મને લઈ ગયા. ઘણાં ભાઠા માર્યા અને હું ધામને જોતો જાઉં પણ આ જમ મને મારતા જાય. ત્યાં સભામંડપ આવ્યો. ત્યાં મહારાજ કથા કરતા હતા અને ભક્તો-મુક્તોથી આખો સભામંડપ ભરેલો હતો. સભા પૂરી થઈ ને બહાર નીકળ્યો ત્યાં પેલા યમે મને પકડી લીધો. મેં કહ્યું, મહારાજ મને બચાવો. ત્યાં મહારાજ આવ્યા અને યમ પાસેથી છોડાવ્યો. ત્યાં મારી આંખ ખુલી ગઈ. પછી હું બીજા દિવસે રાજકોટ ગયો તો મહારાજ કહે, કાં દર્શન કરવા હતા ને કેવાં દર્શન થયાં ? ત્યારે મેં કહ્યું, અરે મા-બાપ જમડાએ તો બહુ ભાઠા માર્યા હવે મારે આવા દર્શન નથી કરવા. હવે તમે જ્યારે કહેશો ત્યારે હું આવી જઈશ.

એકવાર મહારાજ જામવંથલીમાં ખેતરોમાં વાડીમાં વિચરણ કરતા હતા ત્યારે રસ્તામાં ઢુંબકીયો કૂવો આવે ત્યાં મહારાજ પહોંચ્યા અને બોલ્યા, આ જગ્યા સારી નથી. અમે નજરે જોયેલું કે ઢુંબકીયા કૂવામાં ચૂડેલો ધુબાકા મારતી અને રીતસર અવાજ આવતો. માટે પાણી છાંટીને એ ચૂડેલોનો મહારાજે મોક્ષ કરી દીધો. આ રીતે મહારાજે માત્ર પાણી છાંટી એ જગ્યા

ચોખ્ખી કરી હતી.

એકવાર મારી બેન મહાદેવની જગ્યા છે ત્યાં છાણ લેવા ગઈ. ત્યાંથી પાંચની નોટ ચાંદલો કરેલી મળી તે નોટ હાથમાં લીધીને ઘરે પહોંચી ત્યાં એને જબરો તાવ આવી ગયો અને કોઈને ઓળખે નહીં અને ધમપછાડા કરે. તેથી તેને મારા બાપુજી વંથલીમાં એક મુસલમાન ફકીર પાસે લઈ ગયા. એ મુસલમાન ફકીરે જોયું અને કહ્યું, આમાં કોઈ જબરો જીન છે. જીનના છાયામાં આવી ગઈ છે. આમાં મારું કામ નથી આને તમે કોઈ મોટા ઓલિયા પાસે લઈ જાઓ. મને ખબર પડી કે, બાપુજી બેનને જોવરાવવા ગયા છે. તેથી મેં કહ્યું, આપણે આમ કાંઈ જોવરાવવાનું ન હોય. આપણાં ભેગા મહારાજ છે માટે બેનને મહારાજ પાસે લઈ જઈએ.

બીજા દિવસે બેનને જામનગર લઈ ગયા તો મહારાજ કહે, એને સારંગપુર લઈ જાઓ આમાં અમારું કામ નહીં. ત્યારે મારા બાપુજી કહે, સારંગપુરના હનુમાનજી પણ તમારી આજ્ઞા સેવામાં રહે છે, તમારાથી મોટું કોઈ નથી. તમે ના પાડો તો અમે ઘેર લઈ જઈએ. હવે અમારે બીજે ક્યાંય જવું નથી. ત્યારે મહારાજ કહે, તમને એટલો બધો અમારો મહિમા અને વિશ્વાસ છે તો પ્રસાદીનું પાણી લઈ જાઓ, દીકરીને ઊંધી સુવાડીને સાત વખત આ પાણી ઉતારજો અને પછી જમણા પગના અંગૂઠો પાણીમાં બોળજો અને એ પાણી કોઈ લીલા ઝાડમાં રેડી દેજો અને પાછું વાળીને જોતા નહીં. આમ સાત દિવસ સુધી કરજો.

હું આ રીતે તે ઉતારેલું પાણી એક મોટો બાવળ હતો તેમાં નાખી આવતો તે એ સાતમે દિવસે એ બાવળ લીલોછમ હતો તે સાવ સૂકાઈને લાકડું થઈ ગયો. આ છોકરીની ઘાત મહારાજે એ બાવળ ઉપર નાખી ને બાવળ સુકાઈ ગયો. પછી મારી બેન સાવ સાજી થઈ ગઈ. આમ મહારાજે રક્ષા કરી.

એક વખત વંથલીથી રાજકોટ ટ્રેનમાં જતા હતાં ત્યારે હું પણ મહારાજ ભેગો ચાલ્યો. મહારાજ કહે, ટિકિટ લીધી છે. મેં કહ્યું, ના મહારાજ. મહારાજ કહે, ટિકિટચેકર પકડશે તો. મેં કહ્યું, આ તમારા જેવા ટિકિટચેકરથી મોટા કોઈ નથી. મને શું એ પકડે ? તો મહારાજ કહે ,તો હવે મારી બાજુમાં બેસી જા. આમ હું મહારાજની સાથે અવારનવાર જતો અને મહારાજ આવવાના હોય તો ફુલનો હાર લઈને સ્ટેશને પહોંચી જાઉં અને મહારાજને હાર પહેરાવી ગામમાં મંદિરે લઈ આવું. આમ મહારાજને મારા પ્રત્યે ઘણી લાગણી હતી.

એક વખત જૂનાગઢ હું અને પરષોત્તમ રણછોડ મહારાજની સેવા કરતા હતા ત્યારે અમે ત્રણથી છના શોમાં સિનેમાની ટિકિટ લીધી હતી. તો ટિકિટનો ટાઈમ થતાં સેવા કરતાં કરતાં એકબીજા સામું જોઈએ અને વિચારીએ કે મહારાજ કહે ત્યારે સેવામાંથી છૂટા થવાય અને આ બાજું સિનેમાના ટાઈમમાં ત્રણમાં પાંચ મિનિટ બાકી હતી અને મહારાજ બોલ્યા, હવે ચરણસેવા રાખો અને તમે જાઓ, સિનેમા-બીનેમા જોવી હોય તો જોતા જાવ. પછી અમે ત્યાંથી ભાગ્યા દોડતા દોડતા સિનેમા જોવા ગયા તે પછી જ સિનેમા ચાલુ થઈ.

એકવાર કાંતિલાલ ડાયા મકવાણા બગીચાવાળા ને હું મહારાજના દર્શન કરવા અમે જામનગર ગયા. તે કાંતિલાલને માથામાં પાછળના ભાગે સોપારી જેવડી રસોળી થઈ હતી. અમે મહારાજના ચરણસ્પર્શ કરી દંડવત્ કર્યા અને મહારાજની બાજુમાં બેઠા અને મેં મહારાજને કહ્યું, મહારાજ આ કાંતિલાલને માથામાં રસોળી થઈ છે. મહારાજે હાથ ફેરવી જોયું તો મહારાજ કહે, ઓહો આ તો સોપરી જેવડી છે. મેં કહ્યું, મહારાજ વધતી જાય છે. મહારાજે ફરી હાથ ફેરવી કહ્યું, જા મટી જશે. અમે પછી ઘેર આવ્યા. બીજા દિવસે કાંતિલાલ ન્હાતો હતો તે માથામાં હાથ ફેરવ્યો ત્યાં એ રસોળી ન મળે સાવ મટી ગઈ હતી.

જૂનાગઢ એકવાર બે બેનોને મહારાજના દર્શન કરવા હતા. એટલે મને કહ્યું, ભાઈલાલ મહારાજને કહેને અમને દર્શન આપે. એટલે મેં કહ્યું, તમે નારાયણધરે જાઓ. પછી હું અને મહારાજ રીક્ષામાં નારાયણધરે ગયા. ત્યાં મહારાજે આ બે બેનોને દર્શન દીધા. મેં મહારાજને કહ્યું, મહારાજ અહીં આપણને કોઈ જોઈ તો નહીં જાય ને ? ત્યારે મહારાજ કહે, હું માત્ર તને અને આ બેનોને જ દેખાઈશ. મને બીજા કોઈ નહીં દેખે. આ બે બેનો પ્રભા અને પાર્વતી તે હેમંતભગતના બેનો હતા. માટે મહારાજે તેમને દર્શન આપી મનના મનોરથ પૂરા કર્યા.

એક વખત મહારાજે મને હેમંતભગતની બેન સાથે સંબંધ કરવા કહ્યું, ત્યારે હું અને હેમંતભગત ધોરાજી ગયા. મેં હેમંતભગતના બેનને જોયા. હેમંતભગતે મને બીજીવાર મોકલ્યો ને કહ્યું બરાબર જોઈ લો. બીજીવાર હું પાણી પીવા ને બહાને ઘરમાં ગયો ને ફરીવાર જોયા. પછી અમે જૂનાગઢ આવ્યા. મહારાજ કહે, કેમ જોઈ આવ્યાં ? મેં કહ્યું, મહારાજ થોડી કાળી છે. તો મહારાજ કહે, તે ઘણું ભણેલી છે એ તને ખબર છે. તને કમાઈને ખવરાવશે. આમ મહારાજે કહ્યું. પણ મેં ના પાડી. મારા જીવનમાં આ એક મહારાજની આજ્ઞા લોપાણી.

એકવાર મારી બાની તબિયત સારી નહીં એટલે મહારાજ પાસે ગયોને કહ્યું, મહારાજ

મારા બાની તબિયત સારી રહેતી નથી. મહારાજ કહે, તેનું આયુષ્ય પૂરું થાય છે. મેં કહ્યું, મહારાજ હજુ અમારે પરણવાનું બાકી છે અને એના વિના અમારું કોણ ? તો મહારાજ કહે, જા એને દશ વર્ષની આયુષ્ય આપું છું. આમ અમારા બા સાજા થઈ ગયા. હવે તેને સમય જતાં ૧૦ વર્ષ થઈ ગયા અને ખાટલે બેઠાં બેઠાં પડી ગયા તે માથામાં હેમરેજ થઈ ગયું પણ જીવ જતો નહોતો, અને મારી બેનને ખબર પડી તે તેણે માનતા રાખી. બાને સારું થાય પછી હું અન્ન જળ લઉં, આમ માનતા માની. હવે બા દુઃખી થતા હતા પણ જીવ જતો નહોતો. એટલે મહારાજ પાસે ગયાને વાત કરી, મહારાજ કહે, મેં તેને દશ વર્ષનું આયુષ્ય આપ્યું હતું તે પૂરું થયું પણ તમારા ઘરમાં કોઈએ માનતા માની છે એટલે એનો જીવ જતો નથી. હું ઘરે આવ્યો અને પૂછ્યું માનતા કોણે રાખી છે ? મારી બેન કહે, માનતા મેં માની છે. મહારાજે કહ્યું છે તેનું ૧૦ વર્ષનું આયુષ્ય પૂરું થઈ ગયું છે પણ તારી માનતાથી જીવ નીકળતો નથી માટે તું તારી માનતા છોડી નાખ અને બાને ધામમાં જવાની રજા આપ. પછી બેને હાથમાં જળ લઈ સંકલ્પ કરી માનતા છોડીને અમારા બા ધામમાં ગયા. મારા બાનું નામ સંતોકબેન હતું.

મારો નાનોભાઈ ધામમાં ગયો પછી એક વખત હું જામનગર મહારાજ પાસે ગયો અને મહારાજને પૂછ્યું હતું કે, મહારાજ મારો ભાઈ ક્યાં છે આમ મારી બાએ પૂછાવ્યું છે. મહારાજે કહ્યું કે, તારી બાને કહેજે કે કાંઈ ઉપાધી ના કરે તારો ભાઈ ધામમાં જ છે અને જલસા કરે છે. એટલે મેં કહ્યું, મહારાજ મને ધામના દર્શન કરાવો. મહારાજ કહે, હજું તું નાનો છો. તો મેં કહ્યું, મને ભાઈના દર્શન કરાવો. ત્યારે મહારાજે ધામના અને મારા ભાઈ બંનેનાં દર્શન કરાવ્યા હતા. ધામમાં ભક્તોના બંગલા હતા અને આમ સરસ મજાના રોડ રસ્તા, ત્યાં બાગ-બગીચાને નદીને ડુંગરા લીલાછમ રળિયામણું બધું લાગતું હતું. આમ બહું વિશાળ પરમધામ હતું. ત્યાં મારો ભાઈ મહારાજની ચરણ સેવાનો લાભ લઈ રહ્યો હતો. એવા પણ દર્શન થયા.

એકવાર એક હરિભક્ત મહારાજ પાસે આવ્યા અને મહારાજને લાડવા આપ્યા. મહારાજને કહે, આ કાટલાના લાડવા છે, તમારા માટે લઈ આવ્યો છું. મહારાજ કહે, સારું થયું તમે એ લાડવા લઈ આવ્યા, મારી કમર દુખતી હતી તે મને કામ લાગશે. આમ કહ્યું ત્યાં એ હરિભક્ત લાડવા મૂકી ગયો અને મહારાજ કહે, મને થોડી કાંઈ સુવાવડ આવી છે. તે મારા માટે આ કાટલાના લાડવા લઈ આવ્યો. એ લાડવા પછી અમને આપ્યા લે આ તમે ખાજો. આમ મહારાજ કયારેક રમુજ ભરેલી લીલા કરતા. ઘણી વખત મહારાજ પાસે

પરચૂરણ ઘણું જમા થાય તે અમને આપતા અને કહેતા, લે આ લઈ જા વાપરજે. ઘણીવાર નારિયેળ ઘણાં ભેગાં થઈ જાય તે અમને આપી દેતા, લે આ લઈ જાઓ, ખાજો. એકવાર તલનું બાચકું ભરીને આપ્યું ને કહ્યું, લે આ લઈ જાઓ ખાજો.

એક વખત રાજકોટ મંદિરમાં મહારાજ ખુરશી પર બેઠા હતા હું નીચે બેઠો હતો. મહારાજ કહે, આ વાદળાં ક્યાં જાય છે તને ખબર છે ? મેં કહ્યું, મને શું ખબર. તમે ભગવાન છો તમને ખબર હોય. મહારાજ કહે, આ વાદળા ગુજરાતમાં જાય છે. સવારે પેપર વાંચજે ત્યાં બહું ધમાલ થશે ને વરસાદ પડશે. તે બીજા દિવસે જાણ્યું તો સૂરતમાં બાઢ આવી હતી અને ખૂબ વરસાદ પડ્યો હતો અને સૂરતમાં હોનારત થઈ હતી.

એક વખત મારા મિત્રને કંઈ વળગણ હતું તે મેં એની બાને કહ્યું, આની કંઈક દવા કરો કે તેને સારું થઈ જાય. તો એના બા કહે, ઘોયરો મરી જાય તો. મેં કહ્યું, મારો ભાઈબંધ અરૂણ પાગલ જેવો છે પણ તેને હું મરવા નહીં દઉં. એમ કહી મેં મહારાજને કાગળ લખ્યો. મહારાજે વળતી ટપાલમાં રક્ષા મોકલી અને કહ્યું અરૂણ બાંધશે તો નહીં પણ એ જે રૂમમાં સૂવે છે એ રૂમમાં રાખજો. એટલે મેં એ રૂમમાં રક્ષા રાખી હતી. અરૂણ સવારે ઊઠ્યો ને તેની બાને કહે, બા મને ખાવાનું આપ તે એની મા તો રાજી થઈ ગયા કે મારા દિકરાએ મહિના 'દિથી ખાધું નથી અને એણે ખાવાનું માગ્યું. હું સવારે મળવા ગયો તો તેના બા કહે, ભાઈલાલ આજ તો એને ખાવાનું માંગ્યું, મેં કહ્યું હવે એનું રખવાળું થઈ ગયું હવે એને છૂટો મૂકી દો. આમ મહારાજે મારા મિત્રની રક્ષા કરી.

મહારાજ ધામમાં ગયા ત્યારે અમે જૂનાગઢ ગયા હતા. મહારાજની અંતિમક્રિયા કરીને મેટાડોરમાં પાછા વળતા હતા ત્યારે અમે શોકમાં હતા. ત્યાં મહારાજે દર્શન આપ્યા તે મહારાજ અમારા ટેમ્પોની આગળ આગળ ચાલતા જાય. ટેમ્પોનો ડ્રાઈવર કહે આ તમારા ગુરૂજી આગળ આગળ ચાલે છે. મારે ટેમ્પો હલાવવો કેમ ? તે મને મહારાજના દર્શન થયા તેમ ટેમ્પોમાં દશ જણાં બેઠા હતા તે બધાને પણ મહારાજનાં દર્શન થયા હતા.આમ ભગવાનને ઓળખી પ્રગટ ભગવાન જાણનારાને ભગવાન ભેળા ને ભેળા જ છે. ભગવાન હંમેશા ભક્તની સંભાળ રાખે છે. ભક્તને ક્યારેય ભૂલતા નથી.



પરચા નં.
૯૯.

## અનાદિ મુક્તરાજ પ્રેમજીભગત હરજીભગત રાઠોડ
### ગામ : ભીમકટા

**મહારાજ** જામનગરમાં હતા ત્યારે તેમની ખૂબ નામના સાંભળી હતી પણ મળવાનું ક્યારેય નહોતું થયું. એક વખત હું સત્તાધાર ગયો હતો, ત્યાં દર્શન કરી જૂનાગઢ આવ્યો, સાંજ થઈ ગઈ હતી. એક સ્વામી મળ્યા તેમને મેં પૂછ્યું શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને મળવું છે. તો સ્વામી કહે, આ સભામાં સામે બેઠા એ જ મોટા શાસ્ત્રીજી છે. ત્યાં રામજીભગત અને પ્રાગજીભગત હતા. તેણે મારો હાથ ઝાલીને નજીક બેસાડ્યો અને ભગતે ગામ-ઠામ પૂછ્યું જમવાનું પૂછ્યું. શું કામે આવ્યા છો, આમ બધી પૂછપરછ કરી. એટલે મેં કહ્યું, મહારાજના આશીર્વાદ લેવા આવ્યા છીએ. ત્યાં મેં ઉતારો કર્યો, જમ્યા અને રાત્રે મહારાજ પાસે ગયા. એટલે મહારાજે ગામ પૂછ્યું, કામ પૂછ્યું. મેં કહ્યું, મહારાજ આમ ભીમકટાના છીએ સત્તાધાર ગયા હતા અને તમારા દર્શન અને આશીર્વાદ લેવા આવ્યા છીએ. મારે દીકરો નથી આપ દયા કરો અને આશીર્વાદ આપો. મહારાજે ૨૪ અવતારની મૂર્તિ બતાવીને કહ્યું, આ તમને શું દેખાય છે. મેં કહ્યું, મને રામ ભગવાન દેખાય છે. આમ મને ૨૪ અવતારની મૂર્તિમાં રામના દર્શન કરાવ્યા. પછી મહારાજે કહ્યું કે, હવે નોમ આવે છે તે દિવસે ઉપવાસ કરી નોમ રહેવાની. પછી મેં સંકલ્પ કર્યો કે, ભગવાન મારી ઈચ્છા પૂરે તો હું આ જૂનાગઢ મંદિરમાં સંતોને રસોઈ આપીશ એવો મનમાં સંકલ્પ કર્યો.

બીજા દિવસે સવારે મહારાજના દર્શન કરવા ગયા ત્યારે મહારાજે આશીર્વાદ આપ્યા અને કંઠી બાંધી અને અમે અમારા ગામ ગયા. જાતે દહાડે આ બાબાનો જન્મ થયો એટલે મેં મહારાજને કાગળ લખ્યો. મહારાજનો જવાબ પ્રસાદીપત્ર આવ્યો એમાં લખ્યું હતું હાલ અહીં કરફ્યુનું વાતાવરણ છે. એટલે હમણાં રસોઈ દેવા આવશો નહીં અને બાબાના નામ પાંચ લખી મોકલ્યા છે આમાંથી તમને ગમે એ નામ પાડજો. પછી સમયજતાં અમે જૂનાગઢ રસોઈ દેવા ગયા અને બાબાને લઈ ગયા ત્યારે મહારાજે બાબાને કંઠી પહેરાવી અને આશીર્વાદ આપ્યા કે ૧૦૦ વર્ષની આયુષ્યવાળા થાઓ. પછી મહારાજે બે ડબ્બા મીઠાઈના ભરી આપ્યા હતા. અમે તે મીઠાઈથી ગામના છોકરા જમાડ્યા હતા.

અમારું જૂનું મકાન પુષ્પગુંજ સોસાયટીમાં હતું. અમે રાત્રે સૂતા હતા ત્યારે મહારાજ સામે ઊભા હતા. આમ જૂના મકાનમાં બાલકૃષ્ણ રૂપે દર્શન થયા હતા અને નવા મકાનમાં

અમને ૨૨ વર્ષ થયા. આ મકાનમાં ઘણીવાર ગુલાબની સુગંધ આવતી.

મારો છોકરો વર્ષે એકવાર ફુલવાડી જાય છે અને ફુલવાડી જાય ત્યાં એમને બહુ આનંદ અને શાંતિ મળે છે તે એક બે દિવસ તો સૂતા-જાગતા ફુલવાડી જ દેખાયા કરે છે. આ મારા ઘરનાને મહારાજના એક વખત જૂના ઘરમાં દર્શન થયા હતા. ત્યારે મહારાજ આવ્યા અને એકદમ પ્રકાશ થયો અને આશીર્વાદ આપતા મહારાજ ઊભા હતા. આવા દર્શન થયા હતા.

મહારાજ ધામમાં ગયા ત્યારે મારા છોકરાની ઉંમર પાંચ વર્ષની હતી. મહારાજે જામવંથલીના વસંતબેન છે તેને દર્શન આપ્યા કે, આ પ્રેમજીભગતને ઘરે હજુ એક દીકરો મારે આપવો છે, આમ દર્શન દઈ કહ્યું હતું.

અમે અભણ હતા તેમ અમને કોઈ ભક્તોનો યોગ મળ્યો નહીં એટલે મહારાજને ભગવાન તરીકે ન ઓળખ્યા અને છોકરાઓને અમારી ભલામણ છે, આ મહારાજે તને જન્મ આપ્યો છે, એટલે જીવનમાં ક્યારેય પણ આ ભગવાનને ભૂલવા નહીં. તેમજ મંદિરે દર્શને જાવું સેવા કરવી. એવી ભલામણ કરીએ છીએ.

આજે મહારાજના આશીર્વાદથી ઘણાં સુખીયા છીએ અને કુટુંબનું કલ્યાણ થાય તેવા આશયથી બસ બાંધીને બેનો, દીકરીઓ કુટુંબને કુંકાવાવ-જૂનાગઢ-ફુલવાડીના દર્શન કરાવ્યા છે અને મહારાજ પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણનું ભજન કરીએ છીએ. આમ અમે તો આ બીજા ભક્તો જેવા દર્શન કે સેવા કરી નથી પણ ભગવાન દયાળું કૃપાળું છે. તે મહારાજે અમારા ઉપર ઘણી દયા કરીને અમારું ધ્યાન રાખ્યું છે. આમ મહારાજના પ્રત્યક્ષ દર્શનનો લાભ મળ્યો છે.

પરચા નં.
૧૦૦.

## અનાદિ મુક્તરાજ મોહનલાલભગત ડાયાભગત ટાંક
### ગામ : જામવંથલી

**મહારાજ** જામનગરથી જામવંથલી આવ્યા એ પહેલાં અમારે જામનગર અવારનવાર જવાનું થતું અને મહારાજ મોટા શાસ્ત્રીજી બહુ મોટા સંત હતા એટલે જામનગર સ્વામિનારાયણ મંદિરે દર્શન કરવા જરૂર જતા અને અમે મહારાજને બહુ માનતા. કાંઈ કામ હોય તો મહારાજને પૂછીને જ આગળના કામો કરતા. અમારે જામવંથલી અને જામનગર મંદિરને બહુ સંબંધ હતો.

જામવંથલીના હરિભક્તો મહારાજની આજ્ઞામાં રહેતા એટલે જામવંથલીને અને મહારાજને વધારે હેત હતું. એટલે મારા નાના ભાઈઓ અલ્યાપાડા ગામે ભણતા તેથી તે અવારનવાર જામનગર મહારાજ પાસે જતા. મહારાજ છોકરાઓને બહુ સાચવતા તેથી અમારે પણ ઘણીવાર જામનગર જવાનું થતું ત્યારે મહારાજના દર્શન કરવા અમે અચૂક જતા. આમ મહારાજ સાથે ઓળખાણ હતી. મારા નાના ભાઈઓ દરરોજ મહારાજ માટે બાવળના દાતણ તાજા તાજા લઈ જતા.

એકવાર જામનગરમાં એક મોટી સભા હતી ત્યારે મહારાજે એક ચંપાની ડાળ આપી અને કહ્યું, આ ઘરે રોપજો તે આજે મોટું થઈ ગયું છે. પણ હવે અમે ભીલાડ રહેવા આવ્યા એટલે વર્ષમાં એકાદ વખત જવાય અને જૂનાગઢ પણ મહારાજના દર્શન કરવા એકાદ વખત જવાય. આમ મહારાજનું અનુસંધાન રખાતું.

અમારે અહીં ભીલાડમાં કન્સ્ટ્રકશન લાઈનનું કામકાજ ચાલે છે. સરકારી કામો કરીએ છીએ. જામવંથલીમાં મહારાજે મંદિર કર્યું ત્યારે મહારાજે એક મહિનો કથા વાંચી અને વંથલીને બહુ લીલાલહેર કરાવ્યા. મહારાજ પીરસતા અને વાતો કરતા જાય અને મોઢામાં લાડવો મૂકતા જાય.

વંથલીમાં પ્રેમજી ખોલિયાએ ફુલવાડી દાનમાં આપી એટલે મહારાજે ફુલવાડીમાં ઓરડા કરાવ્યા. પરંતુ એક વખત મહારાજ કહે, બોલ્યું બહાર પડે અને લખ્યું વંચાય. ત્યારે મહારાજે વંથલીના મોટા મોટા ભક્તોને બોલાવ્યા અને વેલજી ખોલિયા ગામના પટેલ એટલે તેમને પણ બોલાવ્યા અને મોટી સભા કરી અને મહારાજે ફરી કહ્યું, બોલ્યું બહાર

પડે અને લખ્યું વંચાય. આ પ્રેમજીભાઈ ખોલિયાએ ફુલવાડી દાનમાં આપી તો એનું લખાણ કરાવવું જોઈએ એટલે બીજા દિવસે જામનગર ગયા અને રજીસ્ટ્રાર પાસે લખાણ કરાવ્યું. આમ મહારાજે પાક્કું કામ કરાવ્યું. પરંતુ થોડાક દિવસ થયાને પ્રેમજીબાપાને કોઈને કાનમાં વાત કરી હશે તે ફુલવાડી મહારાજ પાસે પાછી માંગી પણ મહારાજ કહે હવે લખાણ થઈ ગયું અને તમે રાજી થઈને સામેથી આપી છે. અમે તમારી પાસેથી પડાવી નથી. માટે દાનમાં દીધેલ તે તમારું રૂડું થાશે, પાછી લેવાય નહીં.

મહારાજ પાસે એક મોહનભગત પાર્ષદ તરીકે હતા. તે ઉંમરલાયક થયા એટલે એમણે સંસાર માંડ્યો પછી હેમંતભગત મહારાજની સેવામાં રહ્યા તે હેમંતભગતે મહારાજની ખૂબ ખૂબ સેવા કરી અને એ મોહનભગત જામજોધપુર બાજુના હતા તે પાંચ વર્ષની ઉંમરના હતા ત્યારથી મહારાજે એમને મોટા કરી અને જ્ઞાન ઉપદેશ આપી સંભાળ રાખી હતી.

અમારા છોકરાઓ ભીલાડથી વલસાડ ભણવા જતાં પણ ભણવામાં આવવા-જવામાં તકલીફ થતી એટલે મોટો છોકરો કહે, બાપુજી આપણે બીજા શહેરમાં રહેવા જઈએ. મેં કહ્યું, આપણે મહારાજને પૂછવું પડે એટલે હું જૂનાગઢ ગયો મહારાજને વાત કરી. મહારાજ મૌન રહી માળા કરી અને બોલ્યા, તમને સૂરત રહેવાનું ફાવે ? મેં કહ્યું, મહારાજ તમે કહો તો સૂરતમાંય ફાવે. મહારાજ કહે, આપણે સૂરતમાં મંડળ કરવું છે તો ત્યાં સૂરતમાં ભક્તો થાય. એટલે હું સૂરત મારા દૂરના બાલંભાના સગા બનેવી અમૃતલાલ મૂળજીને મળ્યો અને વાત કરી એટલે તેના સહકારથી એની જે રૂમો હતી તેમાં અમે સૂરત રહેવા આવ્યા અને અહીં કુંવરજીભાઈ, નાનાલાલભાઈનો મેળાપ થયો અને મહારાજની દયાથી અમે સૂરતમાં મંડળ ચાલુ કર્યું.

એક વખત અમે બાલમુકુંદભવનના વાસ્તુ પૂજનમાં ગયા હતા ત્યારે આ કુંવરજીભાઈને અમે સાથે હતા. ત્યારે મહારાજે બધા ભક્તોની સાથે મને પણ અક્ષયપાત્ર સ્ટીલની થાળી, વાટકો ભેટ આપેલા. ત્યારે કુંવરજીભગત કહે, આ સેવામાં મોહનભાઈનું લિસ્ટમાં નામ નથી. એટલે મહારાજ કહે, એ મોહનભગતની સેવા સૌ પહેલાં આવી ગઈ છે અને હજુ ઘણી સેવા આવવાની છે.

એક વખત વંથલીમાં શ્રાવણ મહિનામાં જન્માષ્ટમી ઉજવવાની તૈયારી ચાલતી હતી. ત્યારે અચાનક મહારાજ બોલ્યા, અત્યારે લીલા ચણા મળે. એટલે મેં કહ્યું, મહારાજ અત્યારે

લીલા ચણા ક્યાંથી હોય, લીલા ચણા તો હવે વાવવાના થાય. મહારાજ કહે તમે શું વાવ્યું છે ? મેં કહ્યું, અત્યારે અજમો વાવ્યો છે. મહારાજ કહે, તમે ખરામાં સમજો. મેં કહ્યું, અનાજ પાકે ત્યારે ખરું લેવાય. મહારાજ કહે, ત્યાં ખરામાં ચણા છે. મેં કહ્યું, મહારાજ વાવ્યા જ ન હોય તો ક્યાંથી હોય. મહારાજ કહે, તમે જાઓ તો ખરા. તો હું ખેતર ગયો અને ખરામાં લીલા ચણા ઘેરાવામાં ઊભા હતા. મેં પોપટો દબાવી જોયું તો ખરેખર ચણા લીલા હતા. ચારે બાજુ જુવાર ઊભી હતી અને મેં તો ચણાની બાથ ભરી ઉપડે નહીં એટલા ચણા લીધા હતા. એટલે અંતર્યામી મહારાજે એક છોકરાને સામો મોકલીને કહ્યું, ઓલાથી ચણા ઉપડતા નથી. તેને મદદમાં જા. એમ એક છોકરો આવ્યો ને અમે ચણા લઈ આવ્યા. મહારાજ કહે, આ ગાયોએ જે ન ખાધા હોય એવા રાડા વીણી આવો અને ચણાનો ઓળો બનાવો. આમ સિઝન વગર ચણાનો ઓળાનો પ્રસાદ મહારાજે ખવડાવ્યો. ત્યારે આફ્રિકાવાળા ખીમજીભાઈ આવ્યા હતા તે કહે મને એક ખોબો ચણાનો આ પ્રસાદ આપજો. મારે આફ્રિકા લઈ જવા છે. અત્યારે એ ભગત હાલ લંડનમાં છે.

આમ મહારાજે અંતર્યામીપણે પોતાની ઓળખાણ આપી છે. મહારાજ બહુ દયાળું હતા. ગમે એવો દુઃખીયો જીવ મહારાજ પાસે જાય તો એનું દુઃખ જરૂર મટી જાય. એમ મહારાજે અમને ઘણા સુખીયા કર્યા છે. જ્યાં સુધી અમે વંણથલીમાં હતા ત્યારે જામનગર અમે જતા, મહારાજ કહે તેમ સેવા કરતા. પછી તો સંસારને લઈ આ બાજુ રહેવા આવ્યા જેથી વર્ષમાં એકાદ વખત જવાતું. આમ મહારાજે દૂર હોવા છતાં પણ અમારું ધ્યાન રાખ્યું છે.

પરચા નં.
**૧૦૧.**

## અનાદિ મુક્તરાજ ભાવુભાભગત હરસિંહજીભગત રાણા
### ગામ : ભાલગામ

**આપ ભગવાનનાં ઘણાં પરચાઓ મેં જોયા છે, તે નિત્ય સંભારું છું.**

**જેતપુરમાં** મહાપૂજા કરવા આપ બેઠા હતાં, પાથરણું જૂનું ફાટેલું હતું, તે દેવોનું પાથરણું નવું કરાવવા આપે ધારેલું. અમો ત્રણ હરિભક્ત સામે બેઠા હતા. બે-ત્રણ પટેલિયા તથા જામકંડોરણાના બારોટ બાપ-દિકરો ત્યાં બેઠા હતા. આપે ઉચ્ચાર્યું કે પાથરણું જૂનું થઈ ગયું છે, નવું કરાવવામાં ત્રણેક રૂપિયા લાગે. તેવામાં બારોટે કહ્યું- લ્યો ત્રણ રૂપિયા, આજે જ કરાવી કાલે પૂજામાં પધરાવજો. ત્યારે આપે મહારાજે આશીર્વાદ આપ્યા- તમોને ત્રણને બદલે ત્રણસો રૂપિયા ભગવાન આપે. આમ મહાપૂજા ચાલુ જ હતી. તે બારોટ ભક્તો જેતપુરમાં ગામમાં જાતા હતા ત્યાં આફ્રિકાવાળા તે બારોટના યજમાન મળ્યા હતા, યજમાને પોતાના બારોટને ઓળખ્યા. વાતચીત કરી રાજીપાથી ભેટી ખીસામાં હાથ નાખ્યો અને સો સોની ત્રણ નોટો હાથમાં આવી તે બારોટને આપી દીધી. તુરત જ તેઓ બધા મંદિર આવીને મહાપૂજાનાં અષ્ટક બોલાતાં હતાં ત્યાં મહારાજ પાસે આવીને સોની ત્રણ નોટો દેખાડી. આપ વચનસિદ્ધ પ્રભુ સંત છો, એમ કહી આશ્ચર્ય પામતા થકા રોકાણા, જમવાનું પત્યા પછી તેઓ પોતાના કામે ગયા, આ પ્રત્યક્ષ પરચો મેં જોયો છે.

ચાંદા ગામમાં ભાગવત પારાયણ વાંચવા મહારાજ આપ પધાર્યા. ત્યાં જાળિયાવાળા ઠક્કર પોપટલાલ કાછેલાએ જંગલના વેપારીએ નવા બંગલા કર્યા હતા. તેના એક સિમેન્ટ કોંક્રિટ તથા માલ ભરેલ કમરામાં તેનો ૨૦ વર્ષનો તાજો પરણેલો પુત્ર ચાલવા ગયો, થોડોક ઈંટોનો ઢગલો હતો. નીચેથી આઠમે દિવસે ટેકા કાઢી લીધેલા હતા. કાંતિલાલ ત્યાં પહોંચ્યો તેવામાં તે રૂમનું તળ-છત બેસી ગયું. તેજ ઠેકાણે છોકરો દબાઈને મરણ પામ્યો. તેની અસદ્‌ગતિ થઈ, તે દેખાયા કરતો હતો તેની પાછળ ભાગવત્ પારાયણ તે મૃત્યુ જગ્યાએ વ્યાસાસન રખાવી વંચાવ્યું હતું. છઠ્ઠે દિવસે તે કાંતિલાલે પોતાના બાપની માને દેખાઈને કહ્યું. બા મેં છ દિવસ ભાગવત્ સાંભળ્યું, હવે હું મોક્ષમાં જાઉં છું. કાલે મારી પાછળ જે કરવું હોય દાન-પુણ્ય કરજો, આવી વાતો કરતો હતો. પોપટલાલ હરજીવનભાઈ કાછેલાના માતુશ્રી પોપટલાલભાઈને તથા સગાઓને બોલાવી બ્રહ્મ મુહૂર્તમાં કહેવા લાગ્યા- આ કાંતિલાલ આવ્યો છે જુઓ તે ધામમાં જાવાનું કહે છે. મહારાજના ગુણ ગાય છે. બધા

તેને મળી લ્યો. આમ માતુશ્રીએ કહ્યું અને તે પ્રેત મટીને દિવ્ય થઈને ધામમાં ગયો. આવો મહારાજ તમારી કથાનો પરચો થયો. સાતમે દિવસે ૨૨,૦૦૦ રૂપિયા આવ્યા. તે તમોએ જામનગર મંદિરની જગ્યા વધારવા, સભામંડપ કરવા દેવાર્પણ કર્યા છે અને મંદિર સુધાર્યું છે તે રૂપિયા આપીને પૂર્ણાહૂતિની પૂજા કરનારા ચાર યજમાનો. (૧) બલારશાવાળા મણીભાઈ ૪૫ વર્ષ ઉંમર, (૨) મદ્રાસી વકીલ સ્વામી ૫૦ વર્ષ, ત્રીજા ત્રણ વૈષ્ણવ ઠક્કરભક્ત, ચોથા તે ગામના હરિભક્ત તે ૫૫ ઉંમરના, તે બધાને પુત્ર પ્રાપ્તિની ઈચ્છા હતી. અને પ્રાર્થનાઓ કરી. મહારાજ તમોએ વ્યાસપીઠેથી આશીર્વાદ આપ્યા, 'પુત્રવાળા હો'. એક વર્ષમાં તે ચારેય પુત્રોવાળા થયા. એક વર્ષ પછી તે ચારેયને કંઠીઓ બાંધવા તેમના બોલાવ્યા થકા તમે ત્યાં પધાર્યા હતાં. મદ્રાસી સ્વામીને સાત દીકરીઓ ઉપર દિકરો થયો તે દિલ્હી લોકસભામાં મેમ્બર થયેલો છે. ચાંદાથી આપ પોપટલાલભાઈની મોટર વડે જંગલમાં હિંસક રાજાને ત્યાં ગયા તેણે ૨૦૦ રૂપિયા ભેટ મેલ્યા. તેનો આપે જામનગર મંદિરમાં આરસમાં અહીરી સ્ટેટના રાજાની જન્મતિથિ બંધાવી લેખ કોતરાવ્યો છે. જામનગરના સોની કનુભાઈને આપના વચનથી પુત્ર થયો. તે પ્રાર્થના મેં પોતે જોયેલી છે.

જામનગરના ખવાસ વઢવાણ જંકશનમાં રેલગાડીમાં બેઠેલા. ભીડ ઘણી હતી, ખવાસ ભવાનભક્તે બારીએથી તમો બે સંતને અંદર ડબામાં લઈ લીધા. તેના પત્ની દિલગીર થયા જણાયા, પુછવાથી માલુમ પડ્યું. એકનો એક દિકરો સ્વર્ગવાસી થયો તેથી દિલગીર થાય છે. ખવાસ ભવાન બાપાએ ભીડમાં મહારાજ તમોને સીટે બેસાર્યા, પોતે ઊભા રહ્યા. તે વખતે આપે 'આપને ભગવાન પુત્ર આપશે' તેવો આશીર્વાદ આપ્યો. તેથી એક પુત્ર થયો, તે હાલ રાજકોટમાં છે. તેને ઘેર દિકરા છે, આવા આપ વચનસિદ્ધ છો, પરચા આપો છો.

આપે હળવદમાં નાનાલાલ ભટ્ટને વચન વડે બે પુત્રોનું જોડલું આપ્યું. સૌરાષ્ટ્રમાં ઘણાં સ્થળોએ ઉપલેટા, જામનગર, ગળોદર, બાબરીયાવાડ, કાઠિયાવાડ, સોરઠ, ગુજરાત આદિ આદિ સ્થળે ઘણાં હરિભક્તોને વચનસિદ્ધિ વાપરી પુત્રવાળા કર્યા છે અને હજુ પણ તેવા પરચાઓ પ્રખ્યાત છે.

જોડિયાના સુતાર જબલપુરથી જામનગર આવ્યા હતા. તેનો જંગલનો ઈજારો દિવાને બીજાને આપી દીધો હતો, તેની પ્રાર્થના સાંભળીને તમે મહારાજે અરજી લખાવીને ઘનશ્યામ મહારાજના ચરણોમાં મેલાવીને ટપાલમાં નંખાવી અને જામનગર મંદિરની પ્રદક્ષિણા ઢાંકવા માટે રૂ.૧૦,૦૦૦ની માનતા કરાવી, તેથી અરજી એક માસમાં પાસ થઈને

આવી. ભગવાનજી જેરામભાઈને છ લાખનું જંગલ મળ્યું, તેથી પ્રદક્ષિણા બંધાવી, આ પરચો પ્રત્યક્ષ જોયો છે.

નોંધણચોરા ગામમાં જેસંગજીભાઈના દિકરા પ્રભાતસિંહના વિવાહ પ્રસંગે રાતે ગામમાં ફુલેકા ટાણે બરાબર ઘનઘોર વરસાદ આવવો શરૂ થયો, દરબારોની પ્રાર્થના સાંભળી. જે હજાર હજાર રૂપિયાના પહેરવેશો પલળશે, ફુલેકું નહીં ફરી શકે. તમો મહારાજ માળા લઈને મંદિરના ફળિયામાં અવળી માળા ફેરવવા લાગ્યા. ચઢેલો શરૂ થયેલો વીજળી થતો વરસાદ પલટો ખાઈને આથમણો પાછો વળી ગયો. અર્ધું આકાશ ઘેરાયેલું તે ચોખ્ખું થઈ ગયું. પછી સવારે ફુલેકાનું કામ પતી ગયા પછી તે વરસાદ આવ્યો, આ પરચો સાક્ષાત જોયો છે. આપે ઘણી માતાઓના બાળકને શ્રી ઘનશ્યામ મહારાજને પગે લગાડીને પણ જે બાળકની માતાને ધાવણ ન હતું તે ચાલુ કરાવી દીધું. આ પરચો પ્રત્યક્ષ જોયો છે. સંવત ૨૦૧૬ અને ૨૦૧૭ના સાલના આ ચમત્કારો ગામો ગામ વર્ણવાયા છે અને સંભળાયા કરે છે, જરૂર આપ પ્રભુ છો.

બાબરીયાવાડના સમઢીયાળામાં, ખોડી ગામમાં, નાની કુંકાવાવમાં તથા ઘણાં ઘણાં સ્થળોમાં ભૂતયોનિની ચુડેલોને જલ છાંટીને પોતાના ભગવા કપડાંનો લીરો બાંધીને મોક્ષમાં મોકલ્યા છે. આપે ઘણાંને ધામમાં જતી વખતના આગળના એંધાણ બતાવ્યા છે. રીબમાં તાવ આવેલા પટેલને ઘડીકમાં સાજા થઈ બાજરાનો રોટલો જમી દર્શને આવેલને તમે મહારાજે કહ્યું, તમારા ભાલમાં આવરદાની રેખા મટી ગઈ છે, તે પટેલ ઘરે જઈને તુરત જ દેહ મેલી ગયા. રાજકોટમાં પ્રસાદીની બોરડી નીચે હરિલીલા કલ્પતરુના પારાયણ વખતે શ્રોતા બ્રાહ્મણી બાઈને કેરીની એક ચીર જમાડીને ત્યાંને ત્યાં ધામમાં મોકલ્યા હતા, આ જોઈ બધા આશ્ચર્ય પામી ગયા હતા.

જેતપુરમાં નાનજી મિસ્ત્રીના ભાઈને બીમારીમાં દિવ્ય દેહે લેવા ગયા હતા અને તે વખતે મંદિરમાં પણ આપ બિરાજતા હતા. તે દેહ મેલનારે કહ્યું, શાસ્ત્રીજી મહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી વગેરે સંતો તેડવા આવ્યા છે, હું ધામમાં જાઉં છું. આવા આવા આપના જોયેલા પરચાઓને સંભારું છું. શ્રીજી મહારાજને તમારે સ્વરૂપે જોઉં છું અને ભજન ભક્તિ કરું છું, અંતકાળે મને ભાવુભાને હે પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણ તેડવા આવજો.



પરચા નં. ૧૦૨.

## અનાદિ મુક્તરાજ મૂળજીભગત કાનજીભગત દેવાણી
### ગામ : મોટી કુંકાવાવ

**હું** તથા મારા પત્ની સાકરબેન તથા મારો પૌત્ર મુકેશ જૂનાગઢ મંદિરે પ્રગટ ભગવાનનાં દર્શને ગયા. સવારમાં દામોકુંડમાં નાહી દસ વાગે મંદિરે ગયા. મહારાજના ભંડારના મેડાનું નવું બાંધકામ ચાલુ હતું. જેથી મહારાજ ઉગમણા બારના ઊંચા ઓટલાવાળા રૂમમાં ગાદીએ બિરાજમાન હતા. હું તથા મુકેશ અંદર રૂમમાં ગયાં, દંડવત્ કર્યા. મહારાજે કુંકાવાવના દરેક ભક્તોના કુશળ સમાચાર પૂછ્યા પછી મને કહ્યું કે 'તમારી ઈચ્છા મારા ચરણના ચિન્હ જોવાની હતી તો તમે મને ક્યારેય વાત કરી નહીં', મેં જવાબમાં કહ્યું કે 'મહારાજ, હું જ્યારે જ્યારે તમારે દર્શને આવ્યો ત્યારે કોઈને કોઈ ભક્તો તમારી પાસે બેઠા હોય જેથી મને પૂછવામાં સંકોચ થતો. પછી મહારાજ પલંગ ઉપર સૂતા અને ચરણના ચિન્હના દર્શન કરાવ્યા, દરેક ચિન્હો ઓળખાવ્યા. એક ચિન્હ વિષે મહારાજે મને પૂછ્યું કે, આ શું છે ? જેથી મેં કહ્યું કે, મહારાજ આ બીજ છે. મહારાજે કહ્યું, આ બીજ નથી, પણ ગાયની ખરી છે મને કહે, કંઈ ગાયની ખરી છે તે તમે જાણો છો ? મેં કહ્યું, મહારાજ તમે કહો. મહારાજે કહ્યું, એ કામધેનુ ગાયની ખરી છે. ત્યારબાદ મહારાજે હેમંતભગતને આજ્ઞા કરી. મૂળજીભાઈના પત્નીને કોઠારે જમાડી આવો અને મૂળજીભાઈ તથા મુકેશ માટે થાળ પીરસીને અહીં લાવો.

મારા ધર્મપત્ની સાકરબેન સં.૨૦૫૫ના મહા વદ-૯ને મંગળવાર તા.૯-૨-૧૯૯૯ના રોજ વહેલી સવારે ૫-૩૦ કલાકે મહારાજના ધામમાં ગયા ત્યારે કુંકાવાવ પાદરે સવારે ૫-૩૦ કલાકે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્મૃતિ મંદિરે આરતી ચાલુ હતી. તેવા સમયે મારા પત્નીનું શરીર ઠંડું પડી ગયું, નાડી ધીમી પડી ગઈ હતી. મેં પત્નીને ગંગાજળનું આચમન કરાવ્યું અને કહ્યું કે, અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાન તને ધામમાં તેડી જશે. તારે ધામમાં જાવું છે ને. પછી તેણે મહારાજ સામે હાથ જોડી આંખો મીંચી અને દેહનો ત્યાગ કર્યો અને મહારાજના ધામમાં ગયા. આ વખતે મારા સાળા પોપટભાઈ તથા મારી દીકરી મંગળા અને મારા કુટુંબના નાના, મોટાં બધાં સભ્યોએ ગંગાજળનું આચમન કરાવ્યું. આ રીતે કૃપા કરીને મહારાજ ધર્મપત્નીને દર્શન દઈ અંતકાળે ધામમાં તેડી ગયા.

પરચા નં.
**૧૦૩.**

## અનાદિ મુક્તરાજ વસંતભગત પરષોત્તમભગત રાઠોડ
### ગામ : મોટી કુંકાવાવ, હાલ- સૂરત

**અનંત** કોટિ બ્રહ્માંડના અધિપતિ એવા અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પ્રભુની અપાર કૃપા આપણાં ઉપર છે. ભક્તોને પોતાના દિવ્ય સુખ આપીને આનંદ આપે છે. આ પ્રગટ પ્રભુનાં કૃપાપાત્ર હોવાથી અમે અમારું ધન્ય ભાગ્ય માનીએ છીએ.

જ્યારે અમે કુંકાવાવમાં રહેતા હતા ત્યારે સૌરાષ્ટ્રમાં એકવાર ઉપરા ઉપર ત્રણ વર્ષ દુષ્કાળના કારણે કૂવા, ડંકી, બોરમાં પાણી ખૂટી ગયા તે સમયે ઘનશ્યામનગરમાં અમારા ઘર પાસે પંચાયતમાં સરકાર તરફથી બોર કરવાનું મંજૂર થયેલ. તે બોરિંગ ૩૫૦ ફૂટ ઊંડું ગયું છતાં એક ટીપું પણ પાણી ન આવ્યું. અમોએ કુંકાવાવ બસ સ્ટેન્ડ પાસે રાષ્ટ્રીય સ્મૃતિ ભવનમાં મહારાજની મૂર્તિ પધરાવેલ છે ત્યાં જઈને પ્રાર્થના કરીને સંકલ્પ કર્યો કે, હે મહારાજ જો અમારા બોરમાં પાણી આપો તો તમે કહેશો તે પ્રમાણે અમે કરીશું. મહારાજની રજા મેળવી સરકારી બોરિંગ કરાવાવાળા પાસે સમય ન હતો, છતાં તે લોકોએ ફરી અમને પ્રાઈવેટ બોર કરવાની હા પાડી. અમારો પ્રાઈવેટ બોર ૩૬ ફૂટ જતાની સાથે પાણીનો ફૂવારો ૧૦ ફૂટ ઊંચે છૂટ્યો. મહારાજનો આ ચમત્કાર જોવા આખું ગામ, આગેવાન માણસો, સરપંચ, તાલુકા પંચાયતના કર્મચારીઓ આવી આવીને જોવા લાગ્યા. આ લોકો પાણીના પૈસા આપવાની વાતો કરવા લાગ્યા. બોરિંગ ૧૧૦ ફૂટ સુધી કરવાનું હતું. બોરિંગનું કામ ચાલુ હતું ત્યારે એક ગાગર ભરીને અમે જૂનાગઢ મહારાજને સ્નાન કરાવવા માટે લઈ ગયા મહારાજને અમે કંઈ વાત કરીએ તે પહેલાં જ સામેથી મહારાજ બોલ્યા, પાણી વેચાય નહીં, મુંગા, પશુ-પક્ષી, ગરીબ માણસો જેને રહેવા ઘર નથી, જેને કોઈની લાગવગ નથી તેણે કોણ પાણી ભરવા દે ? માટે જરૂરીયાત હોય તે સૌને પાણી સેવામાં આપજો. પછી અમે તે પાણી આખા પ્લોટ વિસ્તારને મળે તે હેતુથી પંચાયતની પાણીની ટાંકીમાં ચઢાવીને ઘેર ઘેર તે પાણી મહારાજના કહેવા પ્રમાણે કોઈ પણ પૈસા લીધા વગર આપેલ છે. આપણા સર્વમાં વાસ કરતા અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુનો આ પ્રગટ પરચો છે, જે જગજાહેર છે.

સૂરતમાં શ્રીહરિ શરણાગતિમંડળ દ્વારા પ્રભુકૃપાથી શ્રીકૃષ્ણનારાયણ મંદિર નિર્માણ થયેલ છે. આ મંદિર સંત તુકારામ સોસાયટી, વિ.૨, પાલનપુર જકાતનાકા પાસે રાંદેરમાં આવેલ છે. ત્યાં પ્રગટ ભગવાન શ્રીશ્વેતાયન વ્યાસ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ

અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાનની મૂર્તિઓ પધરાવવામાં આવી છે. ભક્તોને ભજન-ભક્તિ, કથા-વાર્તા, સેવા-પૂજાના લાભ પ્રાપ્ત થાય છે. પ્રગટ ભગવાનની જન્મજયંતિ, ગુરૂપૂર્ણિમા, પૂણ્યતિથિ અને બીજા ધાર્મિક ઉત્સવો ઉજવવામાં આવે છે. અનેક લોકો દર્શને આવે છે. મૂર્તિ પાસે માનતાઓ માને છે, ભગવાન ભક્તોના દુઃખ દૂર કરે છે અને પોતાનું પ્રગટપણું જણાવે છે.

એકવાર હું અને મારા પત્ની ઉધનાથી ચાલતા અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાનના મંદિરે દર્શન કરવા ગયા હતા. અમે પ્રગટ ભગવાનની મૂર્તિને ફુલનો હાર ચઢાવ્યો હતો તે હાર વધીને મોટો થયો હતો. વધેલા હાર સાથે મૂર્તિનાં દર્શન ભક્તો કરતાં હતા આમ ઘણાં ભક્તોના ઘેર મૂર્તિને ચઢાવેલ હાર વધ્યાના પરચા વરાછા રોડ, કતારગામ, મુંબઈ, પૂના, અશ્વિનીકુમાર, રાંદેરરોડ ખાતેથી જાણવામાં આવેલ છે હતા, પરંતુ મંદિરમાં મૂર્તિને ચઢાવેલ હાર વધ્યાનો આ પહેલો પરચો અમારા અનુભવમાં આવ્યો. તેમજ ફુલવાડી મંદિરે પણ આરતી સમયે હાર વધ્યો અને હાજર ભક્ત સમુદાયે તેના દર્શનનો લાભ લીધો હતો. આમ અમારા રાઠોડ પરિવાર ઉપર ભગવાનનો ખૂબ રાજીપો છે જેનો અમને આનંદ છે.

પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણની કૃપાથી મારો જન્મ મોટી કુંકાવાવ જેવા મહાન તિર્થમાં થયો તેમજ નાનપણથી મહારાજની પરિપૂર્ણ ઓળખાણ થઈ અને ખૂબ ભગવાનનાં દર્શન સેવાનો મને લાભ મળ્યો ઉપરાંત મહારાજના આશિર્વાદથી ખૂબ સુખી થયા જેથી કુંકાવાવ, ફુલવાડી, જૂનાગઢ અને સૂરત દરેક ધામોમાં મંદિરોના કાર્યમાં ઘણી સેવાનો લાભ લઈ મહારાજની વિશેષ સેવા ભક્તિ કરી હું અને મારો પરિવાર ખરેખર ધન્યતા અનુભવીએ છીએ.

આ મનુષ્ય જન્મમાં પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ, શ્રી શ્વેતાયન વ્યાસ પ્રભુ, શ્રી અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પ્રભુ આપણને મળ્યા, ઓળખાયા તે આપણાં અહોભાગ્ય છે, જે ભગવાનના દર્શન માટે ઋષિમુનિઓ હજારો, લાખો વર્ષો તપશ્ચર્યા કરે છે, યજ્ઞો કરે છે, દાન-પુણ્ય કરે છે છતાં સ્વપ્નમાંયે તેમને દર્શન થતા નથી. આપણાં અહોભાગ્ય કે આપણને પ્રગટ ભગવાનના દર્શન થયા, સેવાના લાભ મળ્યા માટે પ્રભુને સેવી લેવા, રાજી કરી લેવા અને મોક્ષ મેળવી લેવો.

પરચા નં.
**૧૦૪.**

## અનાદિ મુક્તરાજ કાંતિલાલભગત નાનજીભગત મનાણી
### ગામ : જામવંથલી

**એક** વખત કાંતિભાઈ પોતાની બેનની વાડીએ ગયા હતા અને વાડીએ ઝાડ નીચે બેઠા બેઠા જમીનમાં ફુલ ચિતરવા લાગ્યા તેવામાં અચાનક જ તેજ રત્નાગર વાડીમાં બે ચુડેલ રહેતી હતી. તે નીકળી અને આ ફુલ જોઈને ચુડેલને તેને દિકરો કરવાની ઈચ્છા થઈ તેથી કાંતિભાઈના દેહમાં પ્રવેશ કર્યો અને ઘણા સમય સુધી તે શરીરમાં વાસ કરીને રહી અને પછી એક વખત મગફળી સરખી કરતા હતાં. તેવામાં કાંતિભાઈના શરીરમાં ચુડેલ ધૂણવા માંડી અને તોફાન કરવા લાગી પછી ઘેર આવ્યા અને હનુમાનજીના પાઠ બોલ્યા ત્યાં સુધી શાંત રહી પછી હનુમાનજીના ભુવાના સરમાથી ચાલ્યા ગયા એટલે ચુડેલ ફરી ઊભી થઈને ભુવાને કહ્યું કે, ઊભો રહે ભુવો છો કે કોણ. એમ કહી લાકડી લઈને પાછળ દોડી પછી ચુડેલે કહ્યું, હું કોઈથી નીકળું તેમ નથી અને હું બ્રાહ્મણી છું અને વાંજણી છઉં જેથી મારે આને દિકરો કરવો છે. ભલે આ લુલો કે લંગડો હોય મારે તો દિકરાનું કામ છે. આને હું ૩૨ દિવસમાં લઈ જઈશ અને કોઈનાથી હું નીકળવાની નથી. વધારે કાંઈ કરશો તો હમણાં બધું સળગાવી દઈશ અને મારા બધા ભુતને બોલાવીશ.

પછી નાનજીભાઈએ વિચાર કર્યો કે, હવે તો જૂનાગઢ મહારાજ પાસે જઈએ તો જ આ નીકળશે. પરંતુ સાથે કોઈને લઈ જવા એકલા જવાય નહીં. પછી નાનજીભાઈ હિરજીભાઈ પાસે આવ્યા અને કહ્યું કે, છોકરાને ચુડેલ વળગેલ છે તેથી તોફાન બહુ જ કરે છે. પછી સાંજે અમે જૂનાગઢ ગયા ત્યાં પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી બિરાજમાન હતા. તેમને હિરજીભાઈએ કહ્યું કે, લપ સાથે આવેલા છીએ. એટલે પ્રગટ ભગવાને કહ્યું કે, એને લઈ આવો અંદર. પછી કાંતિભાઈને રૂમમાં સુવડાવી અને પાણીની અંજલી છાંટીને શરીર ઉપર બે વખત પ્રભુ ચાલ્યા તો ચુડેલે કહ્યું કે બળું છું, બળું છું એટલે પ્રભુએ કહ્યું, એકલી કેમ આવી છો ? બીજી ક્યાં ગઈ ? તો ચુડેલે કહ્યું, અમારે ઝઘડો થયો જેથી તે નોખી પડી ગઈ છે અને હું એકલી આવી છઉં. આવી રીતે પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે કાંતિભાઈને ચુડેલ કાઢી રક્ષા કરી સુખી કર્યા.

પરચા નં.
**૧૦૫.**

## અનાદિ મુક્તરાજ ડો. હરિલાલ. કે. મનાણી
### ગામ : જામવંથલી

**જામવંથલીથી** જૂનાગઢ પગપાળા જઈ પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણના નવા વર્ષે દર્શન કરવા તેવા શુભાશયથી નીકળ્યા અને અમે નવા વર્ષનાં દિવસ પહેલાં 'આજ મારે ઓરડે રે આવ્યા અવિનાશી અલબેલ' કિર્તન બોલતા જૂનાગઢ પહોંચ્યાં. અંતરમાં મહારાજના દર્શનની ઝંખના હતી. ચાલતા ચાલતા વડાલ સ્ટેશન આવ્યું એટલે આગળ જલ્દી જલ્દી ચાલવા માંડ્યા. અંધારું થવા લાગ્યું, જૂનાગઢ શહેરમાં પ્રવેશ કર્યો. જિંદગીમાં પહેલી વખત જૂનાગઢની દિવાળી માણી. આખરે જૂનાગઢ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ્રવેશ કર્યો. શરણાઈ વાગતી હતી. દિવાળીનો ઉત્સાહ અનેરો હતો. મહારાજના નિવાસસ્થાને પહોંચ્યા. કોઠારી સ્વામી, આત્મપ્રકાશ સ્વામી, દેવસ્વામી અમારી વાટ જોતા હતા. છગન ભગત અગાઉ આવી ગયા હતા. સ્નાનવિધિ કરી અમે પ્રસાદી લીધી. મહારાજ ત્યારે ચોપડાપૂજનમાં ગયા હતા. પછી મહારાજ ઉતારે આવ્યા. ત્યાં જઈ અમે ખૂબ જ દંડવત્ કર્યા. મહારાજે બધાયને ખમ્મા ખમ્મા કરીને પૂછ્યું, 'પગ દુ:ખતા તો નથી ને ?' અમોએ કહ્યું, 'ના મહારાજ, આપની કૃપાથી કોઈ જ જાતની તકલીફ નથી.' પછી છગનભગત કાચા અમને ઠાકોરજી જમાડવા લઈ ગયા. અમારા નવા કપડાં પણ છગનભગત લઈ આવ્યા હતા. થોડીવારમાં ચાવડાવાળા રતિલાલભગત રાઠોડ તથા માધાપરના બચુભાઈનો મેળાપ થયો. પછી ઉતારે ચાવડાવાળા રતિલાલભગત રાઠોડે અમને મહારાજના મહિમાની વાતો કરી. આમ મહારાજને સંભારી અમે શયન કર્યું.

તા.૬-૧૧-૧૯૭૨ (નૂતનવર્ષ) સવારે વહેલા ઊઠ્યા. સ્નાનવિધિ કરી જૂનાગઢ શહેરમાં ગયા. મહારાજ માટે સાકર, નાળિયેર લઈ આવ્યા. જૂનાગઢ શિખરબંધ મંદિરમાં રાધારમણદેવ, સિદ્ધેશ્વર મહાદેવ, ઘનશ્યામ મહારાજના દર્શન કર્યા. પછી અમે મહારાજનું પૂજન કર્યું. ત્યારે નાનુભગત, ડો.કનુભાઈ ખોલિયા, ડો.હરિભાઈ મનાણીએ મહારાજ પાસે વર્તમાન ધરાવ્યા. મહારાજ બોલ્યા, ચિન્હના દર્શન કરવા છે ? અમોએ હા પાડી. ત્યારબાદ હસ્તમાં સ્વસ્તિક, ત્રિશૂળ, ધનુષ્ય-બાણ, મસ્ત્ય ચિન્હના દર્શન કરાવ્યા. પગમાં રહેલી ઉર્ધ્વરેખાના દર્શન કરાવ્યા. ત્રણ ઘૂંટીયુંના દર્શન કરાવ્યા. સાથળમાં ખાપાના ચિન્હના દર્શન કરાવ્યા. પછી મહારાજના નિવાસસ્થાને ચોવીસ અવતારની મુર્તિ આગળ નૂતનવર્ષનો

અન્નકોટ ભર્યો હતો ત્યાં આરતી ઉતારવાનો લાભ લીધો.

બપોર પછી અમો મહારાજના દર્શન કરવા ગયા ત્યારે મહારાજે ફુલવાડીનો ખૂબ જ મહિમા સમજાવતાં કહ્યું કે, ફૂલવાડીએ દરરોજ દર્શન કરવા જજો. ભવિષ્યમાં મહાન તીર્થ બનશે, મોટાં મોટાં સમૈયા થશે, હજારો ભક્તો આવશે. ફૂલવાડીનો ઘણો વિકાસ થઈ મોટી જગ્યા બનશે. આવી વાતો અમને ૪૭ વર્ષ પહેલાં કહી હતી પણ અમને મનાતું નો'તું કારણ કે ૪૭ વર્ષ પહેલાં ફૂલવાડીની સ્થિતિ અતિ દયનીય હતી, તૂટેલી-ફૂટેલી ઝાપલી હતી, ચારેબાજુ કાચી વાડ હતી, આંબલીયો હતી. માંડ બે-ચાર ભક્તો ફુલવાડીએ જતા ત્યારપછી ફૂલવાડી એક બીજમાંથી વટવૃક્ષ બની એક તીર્થધામ બની, શિખરબંધ મંદિર, ભવ્ય ભોજનશાળા, ગૌશાળા, ભક્તોના ભવ્ય ઉતારા, આજુબાજુની વાડી, ખેતરની જમીન ફૂલવાડીમાં ભળી. હવે તો મોટા મોટા સમૈયા ઉત્સવો થાય છે. હજારો માણસો દર્શન કરવા આવે છે. ૪૭ વર્ષ પહેલા ત્રિકાળદર્શી મહારાજે ઉચ્ચારેલી વાણી આજે સત્ય ઠરી છે અને મહારાજના ૫૭ જેટલાં કલ્યાણકારી શાસ્ત્રો પ્રકાશિત થયા છે.

અમે તા.૭-૧૧-૧૯૭૨ (ભાઈ બીજે) વહેલા ઊઠ્યા, પૂજાપાઠ કરી, નાસ્તો કરી મહારાજના નિવાસસ્થાને ગયા. મહારાજ કહે, ગિરનાર ચડી આવો. અમે ગિરનાર ચડવા તૈયાર થઈ ગયા. ભવનાથ તળેટીએ ગયા. ગિરનારના પગથિયાં ચડતાં ખાખીની જમાતના દર્શન થયા. નરસિંહભાઈ કુકડિયાનું શરીર ભારે હતું તેથી શરૂઆતમાં તેમને ચડવામાં મુશ્કેલી પડી. અમે તો થોડી જ વારમાં મહારાજની દયાથી પહેલી ટૂંકે પહોંચી ગયા. ત્યાં વાવનું પાણી પીધું. જૈનડેરાના દર્શન કરી ફર્યા. ગૌમુખી ગંગાએ ગયા. આગળ આરોહણ કરતા બીજી ટૂંકે પહોંચી ગયા. આમ કરતા કરતાં છેલ્લી દત્તાત્રેય ટૂંકે પહોંચી ગયા. બેઠા, આરામ કર્યો, ઘંટ વગાડ્યો. આમ ગિરનાર આરોહણ છેલ્લી ટૂંક સુધી કર્યું. મહારાજની કૃપા કેટલી ? ઠેઠ જામવંથલીથી જૂનાગઢ ચાલીને આવ્યા આખા ગિરનારની જાત્રા કરી પણ થાકનું નામ નિશાન અમને ન હતું. ગિરનાર ચડવાની આજ્ઞા તો મહારાજે અમને સ્વમુખે કરી હતી. એટલે કોઈને થાક નતો. પછી છેલ્લી ટૂંકથી ઉતરવાનું શરૂ કર્યું, ઉતરવામાં ઝપાટો થયો. ભવનાથ તળેટીમાં આવ્યા લીંબુવાળી સોડા પીધી. ભવનાથ તળેટીથી મંદિર સુધી ઘોડાગાડીમાં બેઠા અને મંદિરે પહોંચ્યા. અમને કોઠારી સ્વામી સ્વયંપ્રકાશદાસજી તથા આત્મપ્રકાશદાસજી સ્વામી, હેમંતભગતે ખૂબ જમાડ્યા. બપોરે ઘસઘસાટ ઊંઘી ગયા બપોર પછી ગ્રૂપ ફોટા પાડ્યા. મેં અને શાંતિલાલભગત બગીચાએ મહારાજ પાસે પૂજા પ્રસાદીની

કરાવી.ત્યારે મહારાજે મને બે અને શાંતિલાલભગતને એક પ્રસાદીની મૂર્તિ આપી.

મહારાજે અમને છયે ભક્તોએ આ વિકટ પદયાત્રા કરી સ્મૃતિ તરીકે અમને કાયમી યાદગીરી સ્વરૂપે એક એક પ્રસાદીની સોપારી આપી. ગ્રૂપ ફોટા માટે સ્ટુડિયોવાળા આવી ગયા. મહારાજ ખુરશી પર બિરાજમાન થયા. હેમંતભગત અને છગનભગત પાછળ ઊભા રહ્યા. મહારાજની જમણી બાજુ જયંતીભગત પોરીયા, ડો.હરિભાઈ મનાણી, ડો. કનુભાઈ ખોલિયા મહારાજની ડાબી બાજુએ નરસિંહભાઈ કુકડિયા, નાનુભગત કાચા, શાંતિભગત બગીચા આ ગ્રૂપ ફોટો તેમજ વ્યક્તિગત મહારાજ સાથે ફોટા પડાવ્યા. સાંજ પડી રાતની ટ્રેનમાં જામવંથલી આવવાનું હતું. પછી મંદિરે દેવોના દર્શન કર્યા, મહારાજના દર્શન કર્યા પછી વિદાઈ લીધી. રાત્રે જૂનાગઢથી ટ્રેનમાં બેસી સવારે તા.૮-૧૧-૧૯૭૨ રાજકોટ ઉતર્યા ત્યાંથી અમે જામવંથલી આવ્યા.

મારી ઉંમર સાત વર્ષની હશે ત્યારે મને સખત મરડો થયો. શરીર જીર્ણ અને દુબળું થઈ ગયું. ઘણી દવા કરી પણ મટે નહીં. એ વખતે મહારાજ જામનગર બિરાજમાન હતા. મારા મોટાભાઈ મોહનલાલ કરશન મનાણી જામનગર કડિયાકામ કરતા હતા. હું મારી બા સાથે જામનગર ગયો. મોટાભાઈ મોહનભગતે મહારાજને વાત કરી કે, હરિલાલને સખત મરડો થયો છે મટતો નથી. મહારાજે પ્રસાદીનું પાણી આપી કહ્યું કે, અઠવાડિયા સુધી દહીં અને જીરૂ સિવાય કાંઈ ખાવાનું નહીં. આમ મહારાજના આશીર્વાદથી મરડો સાવ મટી ગયો. આ એક અદ્‌ભૂત પરચો જ હતો કોઈ જ દવા વગર એક મહારાજના આશીર્વાદથી અસાધ્ય મરડો મટી ગયો. પછી હું અને મારા બા જામવંથલી પાછા આવ્યા.

જામવંથલીમાં રહેતા શામજી રવજી મકવાણા (શામજી દરજી)નો પુત્ર વ્રજલાલ ધાવણો હતો. માતુશ્રી રંભાબેન ધવડાવતા હતા. ત્યાં મેલી વિદ્યાવાળી બાઈ દેખી ગઈ અને બોલી છોકરો કેવો દૂધ ગટગટાવે છે. બસ આટલી જ વાર ત્યાં તો વ્રજલાલે ચીસ મૂકી કોઈ રીતે છાનો ન રહે. ઘરના બધાય થાકી ગયા, ઘણી જ દવા કરી. ડોકટરો બદલાવ્યા પણ વ્રજલાલ ચીસો જ પાડ્યા કરે.

એ વખતે મહારાજ જામનગર બિરાજમાન હતા. બધાંયે કહ્યું જામનગર મહારાજ પાસે લઈ જાવ સારું થઈ જશે. પછી વ્રજલાલને લઈ રંભાબેન જામનગર આવ્યા જે તકલીફ હતી તે ભક્ત દ્વારા મહારાજને કહેવરાવી કે, આ છોકરો ચીસ મૂકતો નથી. મેલી નજર પડી

ગઈ છે તો મહારાજે પ્રસાદીનું જળ આપી કહ્યું, આ પ્રસાદીનું પાણી પીતા દૂધના કોગળા થઈ બહાર નીકળે તો વ્રજલાલ બચશે. જો દૂધનાં કોગળા બહાર નહીં નીકળે તો આ છોકરો નહીં બચે. મહારાજે આપેલ પ્રસાદીનું પાણી બાળક વ્રજલાલને પાયું કે તરત જ દૂધનો કોગળો બહાર નીકળી ગયો. આમ મહારાજની દયાથી વ્રજલાલનો જીવ બચી ગયો. મહારાજે આવી તો ઘણાયની રક્ષા કરી છે.

મારી ઉંમર આઠ વર્ષની હતી ત્યારે મહારાજ જામવંથલી બિરાજમાન હતા. ફૂલવાડીમાં પ્રસાદીના ઓરડાનું કામ ચાલુ હતું. અમે નાના નાના બાળકો રોંઢે ફૂલવાડીએ જતા ને થાય તે સેવા કરતા. મહારાજ ખોબા ભરી ભરી ગાંઠિયાની પ્રસાદી આપતા. દરરોજ સેવામાં આવવાની આજ્ઞા કરતા. ફૂલવાડીના મકાનનાં બાંધકામ માટે ગાડા ભરી ભરીને પથ્થરો આવતા ત્યારે બધાયે ખૂબ જ સેવા કરી છે, ચકી ચાલુ હતી, ચૂનો તૈયાર થતો હતો. મહારાજ ખૂબ જ રાજી થતા અને સાંજને સમયે લાડુ અને ગાંઠિયાની પ્રસાદી આપતા.

મહારાજ જામવંથલી બિરાજમાન હતા ત્યારથી અમારો પરિવાર મહારાજ સાથે જોડાયેલો છે. મારા મોટાભાઈ પૂનાવાળા મોહનલાલ કરસન મનાણી મહારાજ જામનગર હતા ત્યારે તેઓ જામનગર કડિયાકામ કરતા હતા. અમે અવારનવાર જામનગર જઈ મહારાજના દર્શન કર્યા છે. મારા બેન અમૃતબેનનું સગપણ બોડકા તા.જોડિયા થયું. સાસરીયામાં સત્સંગ નહીં. એ બધાય લસણ, ડુંગળી ખાવાવાળા. પણ અમૃતબેને કોઈ 'દિ લસણ-ડુંગળીને હાથ અડાડ્યો નતો. તેથી ખાવાપીવામાં ખૂબ જ તકલીફ પડવા લાગી. દિવસે દિવસે ઘરમાં કનડગત વધવા લાગી.જેથી મેં મહારાજને વાત કરી. મહારાજ કહે, ધીરજ રાખો. બધાય સારાવાના થશે. પછી તો બોડકા ગામ છોડી તે રાજકોટ આવ્યા. બનેવી ગોવિંદને સત્સંગ થયો. લસણ ડુંગળી ઘરમાંથી ગઈ. પાકા સત્સંગી થયા તેઓના ત્રણ પુત્રો પ્રવીણ ગોવિંદ ટાંક (રાજકોટ), રમેશ ગોવિંદ ટાંક (પૂના) અશ્વિન ગોવિંદ ટાંક (રાજકોટ) પણ મહારાજના આશ્રિત થયા. અત્યારે બધાય તે માથા સાટે સત્સંગ રાખે છે.

ઘણાં વર્ષો પહેલા મારા બનેવી ગોવિંદ અમરશી ટાંક કોઈને કહ્યા વગર ઘરેની નીકળી ગયા. ક્યાં ગયા એ કોઈને ખબર નહીં. ઘરના માણસો શોધવા માટે ખૂબ રખડ્યા, શોધખોળ કરી. ગામો ગામ વાત પહોંચાડી પણ પત્તો લાગ્યો નહીં. મને રાજકોટથી સમાચાર મળ્યા કે ગોવિંદ કોઈને કહ્યા વગર ઘરેથી ચાલ્યા ગયા છે. પત્તો લાગતો નથી. ઘરના માણસો ખાતા-પીતા નથી, ચિંતા કરે છે. તરત જ હું જૂનાગઢ ગયો મહારાજના દર્શન કર્યા ને

કહ્યું, ગોવિંદ ઘર છોડીને ચાલ્યા ગયા છે તેથી ઘરના માણસો રાત-દિવસ ચિંતા કર્યા કરે છે. મહારાજે આંખો મીંચી ધ્યાન કર્યું. થોડીકવાર પછી બોલ્યા જા, થોડાક દિવસમાં તારા બનેવી મળી જશે. જીવ બધાયને વહાલો હોય અમરતને કહેજે કાંઈ ચિંતા ન કરે. આમ મહારાજના આશીર્વાદથી શોધખોળથી ગોવિંદ મળી ગયા. ઘરના બધાય રાજીરાજી થઈ ગયા. આ મહારાજનો હજરાહજૂર પરચો છે.

ઈ.સ.૧૯૭૪ની સાલમાં મેં બોર્ડ એસ.એસ.સી. પાસ કરી મારો વિચાર આયુર્વેદિક ડૉકટર થવાનો હતો. જામનગર આયુર્વેદિક કોલેજમાં એડમિશન મળી ગયું. ફી ભરવાની બાકી હતી ત્યાં અલિયાબાડા પીટીસી કોલેજમાં એડમિશન મળ્યું. મનમાં વિચાર આવ્યો કે, ડોકટર થવું કે શિક્ષક ? તેથી જૂનાગઢ ગયો, મહારાજને વાત કરી મારી ઈચ્છા ડોકટર થવાની હતી. મહારાજે આજ્ઞા કરી પીટીસી કરી લે. નોકરી મળે પછી નોકરી કરતાં કરતાં ડૉકટર બની જાજે. પછી મેં અલિયાબાડા પીટીસી જોઈન્ટ કર્યું. ઈ.સ.૧૯૭૬માં પીટીસી પૂરું કર્યું. તા.૨૯-૯-૭૬ શિક્ષકની નોકરી મળી ગઈ, નોકરી મળ્યા બાદ પહેલી ભીમ એકાદશીએ જૂનાગઢ જવાનું થયું. તેથી મહારાજ રાજી થયા. મને કહે, કેટલો પગાર મળે છે ? મેં કહ્યું, મહારાજ ચારસો રૂપિયા પગાર છે. (એ વખતે ચારસો રૂપિયા ઘણા લાગતા). મહારાજ બોલ્યા, હવે તારી શું ઈચ્છા છે ? મેં કહ્યું, મહારાજ મારે હજી ઘણું જ ભણવું છે એક પગારમાં વહેવારમાં તકલીફ પડે, ખેંચાવું પડે. મહારાજ બોલ્યા નોકરી કરતાં કરતાં ભણજે. ઘણી ડિગ્રીઓ મળશે. તારા પગારના ચારસોના આઠસો થઈ જશે. તને નોકરી કરતી પત્ની મળશે. હવે રાજીને ? મહારાજના આશીર્વાદથી નોકરી કરતાં કરતાં એમ.એ. બી.એડ., એસ.આર.જી. છેલ્લે પીએચ.ડી. ડિગ્રીઓ મેળવી બી.આર.સી. જામનગરનો હોદ્દો મળ્યો અત્યારે સમગ્ર ગુજરાતમાં ધો.૬ થી ધો.૮ સામાજિક વિજ્ઞાનના પાઠ્ય પુસ્તકમાં મારું નામ છપાય છે. મેં લખેલા પાઠો સમગ્ર ગુજરાતના પ્રાથમિક શાળાના બાળકો ભણે છે. આ કંઈ નાની સૂની વાત નથી. આ પ્રતાપ કેવળ મહારાજનો જ છે. મારું સગપણ ગામમાં જ નિર્ગુણસ્વામીના શિષ્ય વાલજી અરજણ ચોટલિયાની દીકરી વિજ્યાલક્ષ્મી જે શિક્ષિકા છે તેની સાથે થયું. આમ મહારાજના આશીર્વાદથી ઘણી ડિગ્રીઓ મળી, ઘણાં એવોર્ડો મળ્યા. પગાર પણ ડબલ થઈ ગયો. ખરેખર મહારાજના રાજીપાથી મારું કિસ્મત બદલાઈ ગયું.



પરચા નં. ૧૦૬.

## અનાદિ મુક્તરાજ રામજીભગત કેશવજીભગત રાઠોડ

### ગામ : ચાવડા, હાલ- રાજકોટ

**મારી** ઉંમર નાની હતી ત્યારે મારા બાપુજી ભેગો હું જામનગર મંદિરે મહારાજનાં દર્શને આવેલો અને ત્યારે મને મહારાજે કંઠી બાંધી હતી. મારા બાપુજી મહારાજના દર્શન કરવા જતા ત્યારે મહારાજને પૂછતા, મહારાજ આ વર્ષ કેવું જાશે ? એટલે જો વરસ માઠું જવાનું હોય તો મહારાજ કહે, જોઈતું વાવજો એટલે આપણે સમજવું કે ઓણ વરસ નબળું જાશે અને સારું વરસ જવાનું હોય તો મહારાજ કહે, કાંઈ વાંધો નહીં સારું વાવજો એટલે આ વરસ સારું જાશે.

મારી સાત મહિનાની ઉંમર ત્યારે હું ધાવતો નહીં ત્યારે મારા બાપુજી મહારાજ પાસે મને તેડી ગયા અને મહારાજને કહે, આને કાંઈ થયું છે એ ધાવતો નથી. ત્યારે મહારાજે પોતાના પગનો અંગૂઠો મારા મોઢામાં નાખ્યો ને હું તે અંગૂઠો ચૂસવા લાગ્યો ને મહારાજ કહે, જોઈ લ્યો આ બરાબર ચૂસે છે એને કાંઈ નથી. હવે આને કોઈ મૂઠ-ચોટ નહીં લાગે અને ક્યારેય કાંઈ નહીં થાય.

એકવાર મારા બાને આંખમાં જામર થયો હતો ત્યારે મારા બાપુજી એને જામનગર લઈ ગયા. જામનગર જઈને મંદિરે દર્શન કરવા ગયા. ત્યારે મહારાજ કહે, ભગત શું પધાર્યા ? ત્યાં મારા બાપુજી કહે, ઘરનાને ઝામર વા થયો છે, દવાખાને જવું છે. ત્યારે મહારાજ ચાલીમાં ગયા ને થોડીવાર ઊભા રહ્યા મારા બાએ મહારાજના દર્શન કર્યાં ને ત્યાં તો ઝામરવા મટી ગયો. તે દિવસથી ક્યારેય કાંઈ થયું નથી. અમારા બંને દિકરાનાં જન્મ મહારાજનાં આશીર્વાદથી જ થયા છે. મહારાજે જ કંઠી બાંધી છે અને નામ પણ મહારાજે જ પાડ્યું છે.

હું દુબઈ ગયો ત્યારે મહારાજના આશીર્વાદથી મને કોઈ છેતરી ગયું નથી મહારાજે રક્ષા કરી છે તથા હું અભણ એટલે જયંતિભગત કવિ તથા શાંતિલાલ વાઢેર મારા વતી મહારાજને પત્રમાં જય સ્વામિનારાયણ લખતા અને મહારાજ આશીર્વાદ આપતા. મારા બાપુજીના કહેવાથી અમે જૂનાગઢ મહારાજ પાસે ગયા. અમારા ઘરમાં ધૂણવાનું ચાલું થયું એટલે મહારાજને કહ્યું ત્યારે મહારાજ કહે, જાઓ કાળવાચોકથી ફૂલનો હાર લઈ આવો. એ તમારા કાકા છે અને એને પાણી પીવું છે તેથી પિતૃકાર્ય તો કરવું જ પડશે.

મારા કાકાને સાપ કરડ્યો હતો તેમાં તે ગુજરી ગયા હતા. એને ૫૦ વર્ષ થયા તેનો ઉદ્ધાર કરવા મહારાજે હાર મંગાવ્યો અને અમે મહારાજને આમંત્રણ આપ્યું તમે આવજો. એટલે મહારાજે પ્રસાદીનું પાણી આપ્યું ફૂલનો હાર આપ્યો. મહારાજ કહે, તમારા કાકા પિતૃ આવે એટલે પાણીમાં આ પ્રસાદીનું પાણી નાંખજો અને તેમાં આ ગુલાબની પાંખડી નાંખજો અને પાણી પાજો. તમારે પિતૃ આવે એને બાંધવા નહીં.

પિતૃકાર્ય કરતી વખતે બીજા કોઈ નહીં આવે પણ આ તમારા કાકા આવશે અને અમારી હાજરી ત્યાં હશે. પછી પિતૃકાર્યમાં કાકા પિતૃ આવ્યા. અમે તેમને પાણી પાયું તો જે હાંડો ભર્યો હતો તે બધું પાણી પી ગયા. એક ટીપુંય પાણી નીચે ન ઢોળાવા દીધું. આમ મહારાજની કૃપાથી અમારા પિતૃનો ઉદ્ધાર થયો.

અમારા કલ્પેશની ઉંમર પાંચ-છ મહિનાની હતી ત્યારે અમે ગામડે ગયા હતા. અમારા મોટા ભાઈ નારણભાઈના છોકરાના વહુનું આણું તેડવા આવ્યાં હતા ત્યારે આ કલ્પેશને કોઈએ કંઈક કરી નાખ્યું એટલે રાડારાડ કરી મૂકી. તેને દવાખાને લઈ ગયા પણ કંઈ ફરક ન પડ્યો. પછી અમે ગામના અમારા સંબંધી દયાબેનને વાત કરી એટલે દયાબેન કહે, તમે મહારાજને ટપાલ લખી જાણ કરો. તે અમે અહીંથી જ્યાં જૂનાગઢ માટે ટપાલ નાખી ત્યાં તો કલ્પેશનું રોવાનું બંધ થયું. પછી મહારાજની ટપાલ આવી સાથે રક્ષામંત્ર મોકલીને કહ્યું કે, આ રક્ષામંત્ર ચાંદીની ડોડીમાં માદળિયામાં નાખજો ને બાંધજો તેથી કલ્પેશને કાંઈ નહીં થાય.

આમ પ્રગટ ભગવાનની કૃપાથી અમે સુખિયા છીએ. મહારાજની સેવા-ભક્તિ કરીએ છીએ. મહારાજે અમારી ઘણી રક્ષા કરી છે, દુઃખ ટાળી સુખિયા કર્યા છે.



પરચા નં.
૧૦૭.

## અનાદિ મુક્તરાજ પરષોત્તમભગત ચકુભગત સોલંકી
### ગામ : જામવંથલી

**અમારા** દાદા ભીમાભાઈ સોલંકી જામવંથલી ગામમાં દેશી દવાનું વૈદ્યપણું કરતા હતા. એવામાં એમને મંત્ર-તંત્ર વિદ્યાનો શોખ જાગૃત થયો, તેથી તંત્રવિદ્યા પણ શીખ્યા. જીવનના છેલ્લાં તબક્કામાં તેઓ ખૂબ દુઃખી થયા, પથારીવશ થઈ ગયા, પગમાં કાળામોઢારી ઈયળો પડી, તેઓ રાડો પાડતા તેમનું આ દુઃખ મારાથી જોવાતું નહીં.

હું નાનપણથી મહારાજના સંપર્કમાં આવેલો મેં મહારાજને પત્ર લખ્યો કે, હે કૃપાનાથ, મારાથી દાદાનું આ દુઃખ જોવાતું નથી. આટલા ઉલ્લેખથી મહારાજ વાતને સમજી ગયા, ત્રીજે દિવસે પત્ર આવ્યો સાથે બે ગુલાબની પાંખડી આવી પત્રમાં લખ્યું હતું કે, ભગત ઉપાધી કરશો નહીં તમારા દાદા તંત્ર વિદ્યા શીખ્યા છે. તમારા દાદાની પથારીમાં એક નાની પોટલી છે. તેને તમારા પરિવારને અડકવા દેશો નહીં, જેની હશે એ લઈ જાશે. બીજા દિવસે ઘરના બધા ખેતીકામે ખેતરમાં નીકળી ગયા. સંધ્યાકાળે એક ડોશી લાકડી પછાડતા પછાડતા આવી ચડી હું આ દૃશ્યને છુપાઈને નજરો નજર જોતો હતો. ડોશી આજુબાજુ જોઈને બોલી ભીમા એક પડખે કેટલા દિવસ સુવાનો તારું પડખું દુઃખતું નથી, પડખું ફર. એમ કરી પોટલી ઉપાડીને ચાલવા લાગી. ડોશીના ડેલી બહાર પગ મુકતા જ મહારાજ દાદાને પોતાના પરમધામ લઈ ગયા.

એક વખતની વાત છે, એ વખતે હું દરજી કામ તથા ખેતીકામ કરતો. એ વખતે ગામમાં ડાકણ-વળગણનું જોર વધારે હતું. મારા ધર્મપત્નીને મેં બપોરનું જમણ ખેતરે લઈ આવવા કહ્યું'તું. ૧૨-૩૦ વાગે ભાત લઈ આવતા મારા પત્નીને ખેતર માર્ગે ડાકણ સ્ત્રીનો ભેટો થયો. તેણે મારા પત્નીનાં વસ્ત્રો પર નજર ફેરવી કહે, અતી સુંદર વસ્ત્ર પહેરો છો. વસ્ત્રો પર હાથ ફેરવી વળગાડ છોડ્યો. જેથી બીજે દિવસે મારા પત્ની ધુણવા લાગ્યા. રોજ નવા નવા કપડાં પહેરે અને ચુલામાં નાખી સળગાવી દે. એકદમ પાગલપણું ચાલું કર્યું. દિવસો પસાર થતા ગયા તેમ જોર વધતું ગયું. મેં મહારાજ પાસે જવાનો નિશ્ચય કર્યો પણ મને ટાઈમ મળતો નહીં. કુટુંબીજનોએ મરચાના ધૂમાડા, ધૂપ-ધૂમાડા જેવા પ્રયોગ ચાલુ કર્યા. જોતજોતામાં છ માસ વીતી ગયા. કોઈ કહે ગંગાસ્થાને સ્નાન કરાવો, કોઈ કહે સાળંગપુર લઈ જાવ, તો કોઈ કહે પીરફકીર પાસે લઈ જાવ. મારો નિશ્ચય પાકો હતો, હું મહારાજનું

નામ લઈ જૂનાગઢ જવા મારી પત્ની સાથે નીકળી ગયો. અમે ૩-૦૦ વાગ્યે જૂનાગઢ પહોંચી ગયા. હું મારી પત્નીને નીચે બેસાડી મહારાજની રૂમમાં ઉપર પહોંચી ગયો. મેં પાંચ-છ દંડવત્ કર્યા મહારાજ ધ્યાન અવસ્થામાં હતા તે આંખો ખોલી કહે, ભગત હવે બસ કરો. ભુતડા ભગાડવા હોય તો એને સાળંગપુર લઈ જાવ. જાણે મહારાજ મારી કસોટી કરતા હોય (મેં કહ્યું મારે તો સાળંગપુર અહિંયા જ છે) મહારાજે કહ્યું, એટલો બધો વિશ્વાસ છે. મેં કહ્યું, હા મહારાજ. - તો જાવ પહેલાં તમારા પત્નીને આ પ્રસાદીનું કંકુ આપી આવો તેઓ ચાંદલો કરવાનું ભૂલી ગયા છે. એટલું કહી ભગવાનની મૂર્તિને દૂધ અર્પીત કરી થોડું દૂધ પોતે ગ્રહણ કરી શેષ પ્રસાદી મારા પત્નીને પીવડાવવાની આજ્ઞા કરી. તેણે તે પ્રસાદિનું દૂધ પીધું. તે 'દિથી આજ સુધી કોઈ તકલીફ મારા પત્નીને થઈ નથી અને અમે ધન્યભાગી બની ગયા.

હું કામ શીખતો એ વખતની વાત છે. હું દરજીકામ શીખવા ભેંસદળ ગામે અમારા બનેવી પાસે ગયો. બીજે દિવસે મારે મશીન પર બેસવાનું હતું. મને મનોમન મુંઝવણ થતી હું કામ શીખીશ કે કેમ ? ત્યારે મને યાદ આવ્યું લાવ મહારાજને પત્ર લખી જોવ. એવામાં મારા બનેવી આવ્યા મને ખીજાવા લાગ્યા આમ કરશો તો કામ ક્યારે શીખશો. મેં કહ્યું, પેલા હું મહારાજને પૂછી જોઉં. તેઓ અક્ષરપુરુષોત્તમ (બીએપીએસ)ના પ્રશંસક હતા. મને કહેવા લાગ્યા ક્યાં તું અને ક્યાં તારા ગુરુ તારા જેવાને તે કાંઈ જવાબ દેતા હશે. મેં કહ્યું, મારો દૃઢ વિશ્વાસ છે. એમ કહી મેં તુરત પત્ર પોસ્ટ કર્યો બે દિવસ થયા. મારા બનેવી કહે, તારા જેવાને પત્ર નો આવે માટે તું ગામ ચાલ્યો જા, એવામાં પોસ્ટમેન આવ્યો. યોગાનુંયોગ પત્ર મારા બનેવીના હાથમાં આપતો ગયો. (કાગળમાં ઉલ્લેખ કરેલો ભગત ચિંતા કરતા નહીં તમે જલ્દી કામ શીખી જશો. તમારા બનેવીનું મગજ તેજ છે, તેનું ધ્યાન રાખશો. આશીર્વાદ) આટલું વાંચી બનેવી આશ્ચર્યચકિત થઈ ગયા. મારી પાસે આવી મને કહે, તારા ગુરુને ક્યાંથી ખબર કે મારો મગજ તેજ છે. મેં જવાબ આપતા એટલું જ કહ્યું કે, એને જ તો અંતર્યામી ભગવાન કહેવાય.

એક વખતની વાત છે, મારા બનેવીનો દિકરો ભાણિયો તેઓ (બીએપીએસ)ના પ્રશંસક. તેણે મહારાજની પરીક્ષા લેવાનો વિચાર કર્યો અને મને કહે, હાલ તારા ગુરુ પાસે જૂનાગઢ આપણે દર્શન કરી આવીએ, જોઈએ શું ચમત્કાર બતાવે છે. અમે જૂનાગઢ પહોંચી ગયા, મહારાજના દર્શન કર્યા. મહારાજે અમને રાત રોકાવાની આજ્ઞા કરી. ભાણિયો જીદ પકડવા લાગ્યો કે, અમારે તો અત્યારે જ જવું છે. મહારાજે મર્મના શબ્દોમાં બીજીવાર કહ્યું,

રોકાઈ જાવ તમારે વાંધો શું છે ? ભાણિયાએ ફરીવાર જીદ કરી એટલે અમે ત્યાંથી ચાલતા થયા, બસમાં બેઠા, બસ ઉપડવાની તૈયારીમાં. કંડકટર કહે, છૂટા પૈસા આપજો પછી કોઈને છૂટા નહીં મળે. અમે ખીસ્સામાં હાથ નાખ્યો. બંનેના ખીસા કપાઈ ગયા હતા. પાકિટ કે પૈસા કંઈ ન હતું. અમે નિરાશ થઈ મંદિરે પાછા ફર્યા. મહારાજ ગેટ પાસે ઊભા હતા તો અમને જોઈ કહે, ભગત શું થયું ? અમે કાંઈ બોલીએ એ પહેલાં મહારાજ કહે, સવારે મારી પાસેથી પૈસા લઈ જજો. અત્યારે નિરાંતે સૂઈ જાવ. એટલું કહી મહારાજ હસવા લાગ્યા. આજે પણ ભાણિયો ભેગો થાય ત્યારે એજ વાત કરે, ત્યારે હું કહું હજી જોવો છે ચમત્કાર !

એક વખત મહારાજ ફુલવાડીમાં પધારેલા. મને ખબર પડતાં હું જુઈના ફૂલનો હાર બનાવી ફુલવાડી પહોંચી ગયો. ત્યારે ત્યાં હરિભાઈ વસ્તાભાઈ કાચા, ચકુભાઈ ભીમાભાઈ સોલંકી, લાલજીભાઈ અરજણભાઈ ચોટલીયા, શામજીભાઈ ડાહ્યાભાઈ મનાણી વગેરે અગ્રણી વ્યક્તિઓ બેઠેલી હતી. ત્યાં જઈ મેં મહારાજને હાર પહેરાવ્યો. મહારાજ મને કહે, ભગત- ક્યારેય ખાપા તલાવડી ગયા છો ? મેં કહ્યું, ના મહારાજ. મેં નામ આજે પહેલીવાર સાંભળ્યું છે. ત્યારે મહારાજ કહે, સ્વામિનારાયણ ભગવાન જ્યારે આ તળાવમાં નાહ્યાં હતા. ત્યારે તેમને ખાપો વાગેલો. આ અમારા સાથળમાં જોઈ લો ત્યારનું નિશાન હજી ભૂંસાયું નથી. એમ કહી મહારાજે સહુને એ ખાપા ચિન્હના દર્શન કરાવ્યા. આવો રાજીપો મહારાજનો હતો.



પરચા નં. ૧૦૮.

## અનાદિ મુક્તરાજ ઓધવજીભગત ગોવિંદભગત મુંગરા
### ગામ : ચાવડા

**અમો** બધા કુટુંબ પરિવાર સાથે ચાવડા ગામે રહેતા હતા અને ખેતીકામ કરી ગુજરાન ચલાવતા હતા અને અભ્યાસ કરતા હતા. અમો પરિવારમાં ચાર ભાઈઓ, બા-બાપુજી અને એક બેન છે. અમોને કોઈ સત્સંગ ન હતો પણ ગુણભાવી હતા. ગામમાં સ્વામિનારાયણ મંદિર છે. અમારા ગામમાં કડિયા હરિભક્ત પરંતુ પટેલ કે દરબારોને સત્સંગ નહીં. અમારા ઘર સામે કડિયા હંસરાજ કાનજીભાઈ રાઠોડના નવા મકાન બનેલ અને તેઓ તેના જૂના મકાનેથી અમારી સામે રહેવા આવેલ તેથી પાડોશીના નાતે આવરો-જાવરાનો સંબંધ બંધાયો અને તેઓ પણ પાંચ ભાઈઓ હતા. તેઓ ચુસ્ત સ્વામિનારાયણ તેથી નિત્ય પૂજા-પાઠ કરતા અને ગામમાં મંદિરે દર્શન કરવા જતા. તેથી તેઓની સાથે અમો ક્યારેક મંદિરે જતા અને તેઓને સૂતક હોય ત્યારે તેમની પૂજા કરવાનો મને લાભ મળતો. ત્યારે મારી ઉંમર આશરે ૧૫ વર્ષની, પ્રથમ વખત પૂજા કરી ત્યારે ખૂબ આશ્ચર્ય થયેલ કે, કેવો લાભ કે વહેલા ઊઠી સ્નાનાદિક ક્રિયા કરી સ્વામિનારાયણ ભગવાનની પૂજા કરવાનો અમૂલ્ય અવસર મળે છે અને તેવું સમજી મારી ભગવાન પ્રત્યે ભાવ અને ભક્તિ ઉદય થઈ. તેથી ગામમાં હરિમંદિરે દર્શન કરવા જવા લાગેલ. આમ ધીમે ધીમે સ્વામિનારાયણ ભગવાન અને શાસ્ત્રીજી મહારાજ પ્રત્યે અનન્ય નિષ્ઠા થતી ગયેલ અને પ્રથમ વખત ઈ.સ. ૧૯૭૮માં જૂનાગઢ ગયેલ અને શાસ્ત્રીજી મહારાજના દર્શન કરી મહારાજના હાથે કંઠી બાંધીને મહારાજે મને સત્સંગી કર્યો.

ત્યારબાદ વર્ષમાં એકાદ-બે વાર જૂનાગઢ મહારાજના દર્શન કરવા જવાનું થતું ત્યારે મહારાજની સેવા કરવાનો લાભ મળતો. અમો ચાર મિત્રો ઈ.સ.૧૯૮૦માં સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવમાં સેવામાં જ્યાં અમારા ગામ ચાવડાથી જામવંથલી રેલવે સ્ટેશનથી ટ્રેન દ્વારા રાજકોટ ગયેલ અને ત્યાંથી ટ્રેન બદલીને જૂનાગઢ જતી ટ્રેનમાં બપોરે ૧૧ કલાકે બેઠેલા અને અમો ચારેય પાસે ટિકિટ ન હતી અને ટ્રેન ચાલુ થઈને અને ટી.સી. આવ્યા. મારી સાથેના ત્રણેય મિત્રો ઉપર સૂઈ ગયેલા અને ભક્તિનગર રેલવે સ્ટેશને ઉતારીને મેજિસ્ટ્રેટ જે ડબામાં બેઠા હતા તે ડબામાં ચડાવેલ અને તે દરમ્યાન ટ્રેન ચાલુ થતાં આ ત્રણેય જણાં આઉટસાઈડ પ્લેટફોર્મમાં ઉતરી ગયેલા અને હું જ્યારે જૂનાગઢ રેલવે સ્ટેશન બહાર નીકળેલા તો મારા ત્રણેય મિત્રો બહાર મારી રાહ જોતા ઊભા હતા અને ત્યાંથી અમો ચારેય

મિત્રો જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરે ગયેલા. પછી મહારાજના દર્શન, દંડવત્ કર્યા ત્યારે મહારાજે કહ્યું કે, ટી.સી.એ બહુ હેરાન કર્યા એમને ? તેમ કહી આશીર્વાદ આપ્યા અને સમૈયાની સેવામાં જોડાઈ જવા કહ્યું અમે સમૈયાનો ખૂબ સરસ લાભ લીધો અને મહારાજનો રાજીપો મેળવ્યો.

હું જૂનાગઢ મહારાજના જ્યારે દર્શને જતો ત્યારે ખૂબ જ અહોભાવ થતો અને મહારાજ પણ અતિ રાજી થઈને સેવાનો લાભ આપતા. મહારાજના અપાર પરચા છે. મહારાજનો મોટો પરચો એ કે મારા જેવાં ઘણાં બધા અબુધ, અજ્ઞાની, ગમાર, વ્યસની બધી રીતે પૂરા જેવાને પણ પોતાના આશ્રિત બનાવી સત્સંગી કર્યા અને સુખી કર્યા. જો મહારાજે ન સ્વીકાર્યા હોત તો આજ અમારો કોઈ અતોપતો ન હોત.

અમારે ગામડે ચાવડા ખેતીવાડી હોય તેથી ગાય-ભેંસ રાખતા પરંતુ અમારા ફળિયામાં ગાય-ભેંસ દોહવા ન દે. તેથી ગાય માટે હેડ કરવી પડે અને દોહતી વખતે ખૂબ જ તોફાન કરે. તેથી હું જૂનાગઢ મહારાજના દર્શન કરવા ગયો ત્યારે મહારાજને વાત કરી તો મહારાજે પ્રસાદીનું જળ અને ગુલાબની પાંખડી આપેલ અને કહેલ કે, પાણી બધું ગાય પર છાંટી દેજો અને પાંખડી બધી જમાડી દેજો, સારું થઈ જશે. તેમ કરવાથી ગાય એકદમ શાંત થઈ ગઈ અને પછી તો ગાયને દોહતી વખતે નોંઝણું વાળવાની પણ જરૂર ન રહેતી આવી ડાહી થઈ ગયેલ.

એકવાર હું અને મારો મિત્ર શાંતિલાલ હંસરાજ રાઠોડ અમો બંને મહારાજના દર્શન કરવા જુનાગઢ ગયા ત્યારે મહારાજ બપોરે આરામમાં હતા અને અમો બંને મહારાજના એક એક પગ દબાવતા હતા અને મહારાજે આંખો બંધ કરી હતી. થોડીવાર પછી આંખો ખોલી તો અમોએ કહેલ કે, મહારાજ ઊંઘ આવી ગઈ હતી ? તો મહારાજ કહે કે, અમે તમારા ગામ ગયા હતા. તો અમોએ કહ્યું કે, અમારા ઘરે ગયા'તા. તો કહે કે, ના તમો નિયમ-ધર્મમાં રહેતા નથી માટે ન ગયા અને કહ્યું કે- આ પૃથ્વી ઉપર અનંત અવગતિયા જીવો ભટકે છે. તમારા ગામની આથમણી બાજુ એક ભઈડિયો કૂવો છે તેમાં ધન ઘણું છે, પણ એ આશુરી છે તેમ જણાવેલ. તેથી અમોએ ચાવડા આવી વડીલોને કહેલ કે, મહારાજે આમ કહ્યું છે. તો વડીલોએ કહેલ કે તે સાચું છે. લુંટારુઓ પાછળ રાજાનું સૈન્ય પડેલ અને તે લુંટારુઓએ લુંટેલ ધન કૂવામાં નાખીને ભાગી ગયેલ હતા.

એકવાર મારા પિતાશ્રી અને હંસરાજબાપા રાઠોડ બંને જૂનાગઢ મહારાજના દર્શન કરવા ઉનાળામાં ગયેલ અને અમોએ ઉનાળુ મગફળી કાઢવાની તૈયારી કરી હતી. તેથી બીજે

દિવસે મારા પિતાશ્રી મહારાજ પાસે રજા લેવા ગયા ત્યારે મહારાજ કહે, બે-ત્રણ દિવસ રોકાવ સત્સંગનો લાભ લો. તેથી મારા પિતાશ્રી કહે કે, ચોમાસુ નજીક છે અને ઉનાળુ મગફળી કાઢે છે. તેથી જવું પડે તેમ છે તો મહારાજ કહે કે, વરસાદ થશે તો તમે હાથ આડા દેશો ને ? પછી મારા પિતાશ્રી બે દિવસ રોકાઈ ગયા અને જૂનાગઢથી ચાવડા બે-ત્રણ દિવસ બાદ આવેલા ત્યારે ખબર પડી કે અહીં ચાવડા વાડીએ મગફળીના પાથરા પડેલ હતા અને વીજળી સાથે વરસાદ આવેલો જેથી વાડીના ઝાડવા તથા મકાનના નળિયા ઉડી ગયેલા, પરંતુ મગફળીના પાથરાઓને ઉની આંચ આવી નથી. આમ મહારાજે રક્ષા કરેલ.

હું ઈ.સ.૧૯૮૫માં ટી.વાય.બીકોમ.માં અભ્યાસ કરતો હતો અને મહારાજને પત્ર લખી પરીક્ષામાં પાસ થઈ જવાય તેવા આશીર્વાદ માંગેલા અને મહારાજે વળતા પત્રમાં આશીર્વાદ લખી આપેલો. મારું બી.કોમ.ના છેલ્લા વર્ષનું ત્રીજું પેપર અંગ્રેજીનું હતું અને હું પરીક્ષા રૂમમાં મારો નંબર છેલ્લી બેંચ પર હતો અને પરીક્ષા ચાલુ થયાના થોડા જ સમયમાં યુનિવર્સિટીનું ચેકિંગ આવેલું અને તેથી જોઈને લખી શકાય તેમ ન હતું અને તૈયારી કરી ન હતી. તેથી આ પેપરમાં પાસ થવાય તેવું ન હતું પરંતુ પરચો એ થયેલ કે ચેકિંગ ટુકડીના એક સાહેબ મારી પાસે આવીને મને લખતો જોઈને કહે, તું ખોટું લખે છે તને નથી આવડતું. હું લખાવું તેમ લખ.પછી તો બાકીનું મટિરિયલ મારી પાસે હતું તેમાંથી જોઈને લખી લીધેલ તે કશું બોલેલ નહીં અને એકાદ કલાક પછી ચેકિંગ જતું રહ્યું અને પરીક્ષા પૂરી થઈ ત્યારે આજુબાજુના વિદ્યાર્થી કહે કે, સાહેબ તમને લખાવતા હતા તે તમારા સગા હતા. મેં કહ્યું કે, ના ના. હું ઓળખતો પણ નથી. પરંતુ મહારાજે લેખિતમાં પાસ થવાના આશીર્વાદ આપેલા તેથી તે પૂર્ણ કરવા સાહેબને પ્રેરણા આપી અને હું બી.કોમ. પાસ થઈ ગયો.

બી.કોમ.માં પાસ થયા પછી જૂનાગઢ મહારાજ પાસે દર્શને ગયેલ અને મહારાજને કહેલ કે, મારે પોલીસમાં જવું છે તો મહારાજ કહે, પોલીસમાં ન જવાય. તમે વકીલ થાવ. તેમ કહી આશીર્વાદ આપેલ.

મારા મોટાભાઈને દુબઈ જવાનું થતું ન હતું તેથી તે મહારાજને રૂબરૂ દર્શને ગયેલા ત્યારે વાત કરેલી ત્યારે મહારાજે કહેલું કે, તેમનું નસીબ નબળું છે માટે અમે ભગવાનને પ્રાર્થના-માળા કરીએ છીએ. વહેલું તેમનું દુબઈ જવાનું થાય તેમ કહેલું તેથી ૧૦-૧૫ દિવસમાં દુબઈ જતા રહેલા.

હું અને મારા મિત્ર રૂપસિંહ જાડેજા બંને મહારાજના દર્શન કરવા જૂનાગઢ ગયેલા. ત્યારે મહારાજનો જૂનો ઉતારો 'ભંડારને મેડે' તે પાડીને નવું બાંધકામ થતું હતું તેથી મહારાજ ગુણાતીત સભામંડપ પાછળ એક રૂમમાં રહેતા હતા. અમો બંને સવારે દસેક વાગ્યે રૂમમાં દર્શન કરવા ગયા ત્યારે મહારાજ ખુરશી પર બેઠા હતા અને અમો બંને મિત્રો સાષ્ટાંગ દંડવત્ કરતા હતા. તે દરમ્યાન ઉપરના શર્ટના ખીસ્સામાંથી છૂટા પૈસા મહારાજના પગ પાસે પડ્યા તો મહારાજ રાજી થયા ને તે પૈસાને પગ અડાડીને કહે કે, આને પટારામાં રાખી દેજો તેથી લક્ષ્મી ક્યારેય ખુટશે નહીં, તેવા આશીર્વાદ આપેલ અને એ છૂટા પૈસા પૈકીના એક પાંચ પૈસા આજે પણ મારી પૂજામાં છે.

મારા મોટાભાઈને એક દિકરી હતી પણ દીકરો ન હોવાથી ઘરમાં ચિંતા હતી. તેથી મહારાજને વાત કરેલી તો મહારાજે માળા ફેરવતા કહેલું કે, ભગવાનને પ્રાર્થના કરી છે. મુક્તરાજનો જન્મ થશે અને પુત્રનો જન્મ થયેલો અને મહારાજે જ નામકરણ પાડેલ તેનું નામ બાલકૃષ્ણ છે.

આમ મહારાજનો મારા ઉપર ખૂબજ રાજીપો હતો અને તેમના આશીર્વાદથી જ આ અમૂલ્ય સત્સંગ તથા નિર્વાસનિક જીવન મળેલું છે. મહારાજની મારા ઉપર અપાર કૃપા રહેલી છે અને તેથી જ કાદવમાંથી કમળ ખીલે તેમ મને ખીલવેલ છે કેમ કે અમે જે ગામમાં રહેતા હતા તે ગામમાં પટેલોમાં કોઈને સત્સંગ ન હતો. ગામમાં વ્યસનનું દૂષણ વધારે અને કોઈ સારા માણસનું માર્ગદર્શન મળે તેવું પણ ન હતું અને આવા સંજોગોમાં મહારાજની કૃપા દૃષ્ટિ પડી અને તેમના આશીર્વાદથી સારા સત્સંગી થઈ નિર્વાસનીક જીવનથી નિયમ-ધર્મમાં રહીને અમે જીવન ધન્ય બનાવેલ છે.

પરચા નં.
**૧૦૯.**

## અનાદિ મુક્તરાજ ભવાનભગત સવજીભગત કાચા
### ગામ : જામવંથલી

**પ્રગટ** ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણ તો દયાના સાગર છે, શરણાગત ભક્ત પર રાજી થઈને પોતામાં જોડી બધી વૃત્તિઓને પોતાના સ્વરૂપમાં લીન કરી દે છે. એવા શરણાગત મુક્ત આત્મા શ્રી ભવાનભાઈ સવજીભાઈ કાચા જામવંથલીમાં રામ મંદિર ચોરા પાસે રહેતા હતા. જેમનું અડધું અંગ ખોટું થઈ ગયું હતું. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પ્રગટ ભગવાન પધરામણી કરવા હરિભક્તો સાથે નીકળ્યા હતા. તે સમયે ભવાનબાપાએ પોતાના ઘેર પધરામણી કરવા ભગવાનને પ્રાર્થના કરી. પ્રગટ ભગવાન અને ભક્તો રાજી થઈ તેમને ઘેર પધાર્યા. બાપાએ પોતાના અહોભાગ્ય માની પ્રગટ પ્રભુના પૂજન, આરતી કર્યા. બીમાર હતા એટલે મહારાજે રાજી થઈ વચન આપ્યું જે ભગતને અમો પરમધામમાં તેડવા આવશું. એવું વચન આપી મહારાજ એક રૂપિયાનો સિક્કો આપી બોલ્યા કે, આ લક્ષ્મીજી સાચવજો.

ભવાનબાપા એ રૂપિયાના રોજ દર્શન કરે અને મહારાજને યાદ કરે, અહોભાગ્ય માનવા લાગ્યા જે કેવી દયા કરી વ્હાલાએ કેવી દયા કરી. એવા સાચા શુદ્ધ ભાવથી ભજન કરનારા, સત્ય પ્રગટ ભગવાનને જાણનારા હતા. તેમને કેશવજીભગત બગીચાવાળા સાથે અટલ મેળાપ હતો. તેમના દ્વારા તેમના સત્સંગથી તેમનામાં એકનિષ્ઠા અને પ્રગટને વિશે પતિવ્રતાની ભક્તિના બીજ રોપાયેલા હતા. તેઓ પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજમાં દૃઢ નિશ્ચયવાળા હતા. જ્યારે તેમનો દેહ મૂકવાનો સમય આવ્યો, શ્વાસ રુંધાવા લાગ્યો ત્યારે થોડા જ સમયમાં અવાચક થઈ ગયા. ત્રણ દિવસથી અન્ન છોડી દીધું હતું. તેમની સેવામાં રોકાયેલા એક સોની ભાઈને કહ્યું કે, તારીખ્વું કેલેન્ડર લાવો. એટલે બાપાએ ત્રણ પાના ફેરવી અને સોનીભાઈને બીજ બતાવી અને ઈશારો કર્યો કે, મહારાજ મને આ દિવસે પરમધામમાં લઈ જવા આવશે, દર્શન દઈને પ્રગટ ભગવાન કહી ગયા છે કે, તૈયાર થઈ જજો.

પછી આખો દિવસ શ્વાસ વધતો ગયો. સાંજે ખૂબ જ વધવા લાગ્યો એટલે કેશવજીભગતને બોલાવ્યા, તેમની પાસે બેઠા. શાંતિલાલભગત મહારાજના પુસ્તકમાંથી કથા સંભળાવતા હતા. કથા શરૂ થઈને બાપાનો શ્વાસ બેસવા લાગ્યો. વચ્ચે ઘરના સભ્યો પાણી

પાતા હતા અને એકાદશીના પુણ્ય-ફળ આપતા હતા. કથા પૂરી થઈ એટલે કેશવજીબાપા ભવાનબાપાના કાનમાં મોટા અવાજે બોલ્યા કે, પ્રગટ ભગવાન તેડવા આવ્યા છે. મહારાજ ભેળા પરમધામમાં જાવ. એમ બોલી પ્રગટ ભગવાન શાસ્ત્રીજી મહારાજની જય બોલાવી. એ જ ક્ષણે પ્રગટ ભગવાનની ચિત્ર પ્રતિમા ચિન્હવાળી મૂર્તિમાં પ્રકાશ થયો અને ભવાનબાપા પ્રગટ ભગવાનની મૂર્તિ જોઈ રહ્યા. હાથ જોડી પગે લાગ્યા અને સહુ ભક્તો તરફ હાથ જોડ્યા અને કેશવભગત બગીચાવાળાને છેલ્લે પગે લાગી પરમધામે સિધાવ્યા.

આવો અદ્‌ભૂત પ્રતાપ પ્રગટ ભગવાને જામવંથલીમાં બતાવ્યો હતો. આવો દિવ્ય પ્રતાપ મહારાજે ખૂબ જ વાપર્યો છે. પોતાનું ભગવાનપણું છલકતું મૂક્યું છે. દેહ મૂકવા સમયે અનેક મુક્તો-ભક્તોને મહારાજ ધામમાં તેડવા પધાર્યા છે.

પરચા નં.
૧૧૦.

## અનાદિ મુક્તરાજ જેઠાભગત અજાભગત મકવાણા
### ગામ : જામવંથલી

**પ્રગટ** ભગવાનની દયાનો કોઈ પાર નથી. જે જીવે શરણે જાય તેના દુઃખ દૂર કરે અને દુઃખ હરે તે હરિ. એવા પ્રગટ પ્રભુજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે ખૂબ દયા કરી છે. આ જીવ અનેક કુકર્મ ભૂલો કરી હોય માટે શરણાગત્ થાય તો પ્રગટ પ્રભુ ગુન્હા માફ કરી ઉગારી લે છે. મહારાજે ઘણાં ઘણાં ભક્તોના દુખડા દૂર કર્યા છે અને પરચા પૂર્યા છે. ભગવાનપણું પોતાનું છલકતું મૂક્યું છે.

જામવંથલીમાં રહેતા જેઠાબાપા અજાબાપા મકવાણા. તેમને પેટમાં બહુ દુખતું હતું. કેટલાય ઉપાય, ઉપચાર કર્યા પણ સારું થતું ન હતું. પ્રગટ ભગવાન જામવંથલી પધાર્યા તે વખતે જેઠાબાપાએ મહારાજને કહ્યું, મહારાજ પેટમાં દુખાવો ઘણા સમયથી બહું થાય છે. કોઈ હિસાબે મટતો નથી. તમે મહારાજ દયા કરો અને દુઃખ દૂર કરો. ત્યારે પ્રગટ ભગવાન અનાદિ નારાયણે, બાપાને સૂઈ જવા કહ્યું, અને પ્રગટ મહારાજે પોતાના ચરણારવિંદ તેમના પેટ પર મૂક્યા અને તુરત જ દુઃખતું બંધ થયું. એક જ સેકન્ડમાં દુઃખાવો બંધ. આજની ઘડીને કાલનો દિવસ, મહારાજે કૃપા કરી દુઃખ દુર કર્યું. એ વખતે પ્રગટ પ્રભુજીએ કરૂણા કરીને જેઠાબાપાને સાથળમાં લક્ષ્મીજી અને ખાપાના દર્શન કરાવ્યા હતા. પોતાનો ભગવાનપણાનો નિશ્ચય કરાવ્યો હતો.

જ્યારે મંદિરમાં પ્રગટ ભગવાનના કિર્તન ગવાતા હોય ત્યારે જેઠાબાપા બહુ રાજી થતા અને શાંતિભગત બગીચાવાળાને ચાર આના વાપરવા આપતા અને કહેતા કે, આવા પ્રગટ ભગવાનના કિર્તન ગાઈએ તો મહારાજ રાજી થાય. તેઓ જ્યારે પરમધામ પધાર્યા ત્યારે મહારાજની જય બોલાવી હતી અને મહારાજ જૂનાગઢથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શાસ્ત્રીજી મહારાજ પ્રગટ ભગવાન મને વિમાન લઈને ધામમાં તેડવા આવ્યા છે જુઓ. આમ કહી બધા ભક્તોને જય અનાદિ શ્રીકૃષ્ણનારાયણ કહી દેહ મૂક્યો હતો. આમ પરમ ભાગવત મુક્ત ભક્તોની વાત જ ન્યારી છે.

પરચા નં. ૧૧૧.

## અનાદિ મુક્તરાજ મહેશભગત ગોરધનભગત કાથરોટિયા

### ગામ : કુંકાવાવ, હાલ-અમદાવાદ

**મારા** બાપુજી ગોરધનભાઈ કુંકાવાવથી જૂનાગઢ ઘણીવાર મહારાજનાં દર્શન કરવા જતાં અને કુંકાવાવથી જૂનાગઢ કોઈ ભક્તો મહારાજનાં દર્શન કરવા આવતાં એટલે મહારાજ વિશેષ રાજી થતાં.

એકવાર મારા બાપુજીએ જૂનાગઢથી નવું ટ્રેકટર ખરીદવાનું વિચાર્યું એટલે પૈસાની વ્યવસ્થા કરી. એક કોળી જ્ઞાતિનાં ભાઈને ટ્રેકટર લેવા માટે જૂનાગઢ સાથે લઈ ગયાં. જૂનાગઢ પહોંચી ટ્રેકટર જોવા ગયા અને ત્યાં તે કોળીએ મારા બાપુજીને કહ્યું કે, તમે ટ્રેકટર ચલાવીને ચેક કરી લો. ત્યાં સુધી હું તમારા પૈસાની થેલી સાચવી રાખું. આ બાજુ મારા બાપુજી ટ્રેકટર જોતાં હતા અને આ બાજુ એ કોળીભાઈ પૈસા લઈ ભાગી ગયાં. પછી તો બાપુજીએ એને ખૂબ શોધ્યો પણ એ ક્યાંય ન મળ્યો. અંતે બાપુજી નિરાશ થઈ મંદિરે મહારાજ પાસે આવી બધી વાત કરી. મહારાજે એમને આશ્વાસન આપી કહ્યું કે, તમે નિરાશ ન થાવ. એ પૈસા તમારાં ભાગ્યમાં ન હતાં. એમ કહી મહારાજે કહ્યું કે, તમે આજનો દિવસ જૂનાગઢ રોકાઈ જાવ. હવે તમે બીજા પૈસાનું ટ્રેકટર લઈ લેજો અને તમારા પૈસાની ચોરી કરનાર એ કોળી બે મહિના પછી તમને પૈસા પાછા દેવા સામેથી આવશે ત્યારે તમે એ પૈસા લઈ લેજો પણ એને કોઈ સજા ન કરતાં.

મહારાજે જેમ કહ્યું એમ જ થયું. થોડા દિવસ પછી બાપુજીએ બીજા પૈસાનું ગુજરાતમાંથી નવું ટ્રેકટર લઈ લીધું અને બે મહિના પછી એ કોળી સામેથી ઘરે આવીને પૈસા પણ આપી ગયો પણ મહારાજની આજ્ઞા હોવાથી બાપુજીએ એને કોઈ સજા ન કરી અને એને રજા આપી દીધી.

એકવાર હેમંતભગત કુંકાવાવ આવ્યાં હતાં ત્યારે અમારા ઘેર પધરામણી કરી ત્યારે મારા બાએ હેમંતભગતને વિનંતી કરી કહ્યું કે, ભગત મહારાજને જૂનાગઢ કહેજો કે, અમને રાજી થઈ પ્રસાદીમાં કંકુપગલાં આપે. હેમંતભગતે જૂનાગઢ જઈ મહારાજને વાત કરી. મહારાજે હેમંતભગતને કહ્યું કે, જાવ બજારમાંથી ડિઝાઈનવાળું રેશમી કપડું લઈ આવો. હેમંતભગત બે જોડી કંકુપગલાં થાય તે માપનું રેશમી કપડું લઈ આવી મહારાજને આપ્યું. મહારાજે તેના પર બે જોડી કંકુપગલાં રાજીપાથી પાડી આપ્યાં. મારા બાપુજી જ્યારે જૂનાગઢ દર્શન કરવાં ગયાં ત્યારે એ બે જોડી કંકુપગલાં અને સાથે બાલમુકુંદ ભવનનાં વાસ્તાના

પ્રસાદીના થાળી-વાટકાં (અક્ષયપાત્ર) પણ મહારાજે બાપુજીને આપ્યાં હતાં.

મારા દાદા ચારધામની યાત્રાએ ગયાં હતાં ત્યારે દ્વારકાથી માખણિયા લાલજીની મૂર્તિ લીધી હતી. એ મૂર્તિ લઈ જૂનાગઢ મહારાજનાં દર્શન કરવાં ગયાં ત્યારે મહારાજને બતાવી. મહારાજ માખણિયા લાલજીને જોઈ ખૂબ રાજી થયા અને કહ્યું કે, આજનો દિવસ ભલે મારી પાસે આ મૂર્તિ રહી હું આમની સેવા-પૂજા કરી પ્રસાદીના કરી આપું. કાલે તમે કુંકાવાવ જાવ ત્યારે સાથે લઈ જજો અને કાયમ માટે અમારું સ્વરૂપ માની આ મૂર્તિની ભાવપ્રેમથી કાયમ સેવા-પૂજા કરજો, જે મૂર્તિની સેવા હાલમાં પણ અમે કરી રહ્યાં છીએ.

મહારાજનાં આશિર્વાદથી મારો જન્મ થયો છે અને મારા બાપુજી મને જૂનાગઢ લઈ જઈ મહારાજ પાસે કંઠી બંધાવી હતી અને મારું નામ મહેશ પણ મહારાજે જ પાડ્યું હતું. જ્યારે મહારાજ ધામમાં ગયાં ત્યારે હું ચોથા ધોરણમાં હતો અને એ જ દિવસે કુંકાવાવ મહારાજનાં જન્મસ્થાન મંદિરનો સ્લેબ ભરાતો હતો ને હું ત્યાં સેવામાં હતો. મારી અને મારી બેનને જૂનાગઢમાં મહારાજની અંતિમદર્શન કરવાની ઘણી ઈચ્છા હતી પણ જૂનાગઢ ઘણી ભીડ હોવાથી ઘરેથી ત્યાં આવવા માટે રજા ન મળી. જન્મસ્થાનનાં બાંધકામ વખતે આખું વર્ષ જ્યાં જેવી જરૂર પડે ત્યારે હું સેવામાં જતો ભણવામાં બિલકુલ ધ્યાન ન આપતો. પણ તેમ છતાંય એ સેવાના પ્રતાપે મહારાજનાં આશિર્વાદથી વગર મહેનતે હું ચોથા ધોરણમાં પાસ થઈ ગયો.

જન્મસ્થાન મંદિરની સાથે કુંકાવાવ પાદરનાં સ્મૃતિમંદિરે તેમજ બ્રહ્મપેલેસ મંદિરે પણ મારી યથાશક્તિ પ્રમાણે તન, મન, ધનથી સેવાનો લાભ લઈને મહારાજને વિશેષ રાજી કર્યા છે અને ભવિષ્યમાં પણ અમારા પરિવારમાં મારા ધર્મપત્ની અને મારા દિકરાનો એવો જ સંકલ્પ છે કે, આપણે આપણાં જીવનમાં વધારેમાં વધારે મહારાજનાં મંદિરોમાં સેવાનો લાભ લઈ મહારાજને તેમજ ભક્તોને રાજી કરવાં છે અને આપણો આ મનુષ્ય જન્મ મહારાજની ઉપાસના, સેવા, ભક્તિ કરી મહારાજ લેખે કરી રાખવો છે.



પરચા નં. ૧૧૨.

## અનાદિ મુક્તરાજ સુરેશભગત જાદવજીભગત જાવિયા

### ગામ : સૂરત, હાલ- અમદાવાદ

**સુરેશભગત** નાના હતા ત્યારે નાનપણમાં ઝાડાનો રોગ થયો હતો. ત્યારે ઘણી દવાઓ કરી પણ સારું ન થયું પછી સુરેશભગતના બા એ મહારાજને પત્ર લખ્યો કે, સુરેશને ઝાડાની તકલીફ છે એને સારું થતું નથી. પછી મહારાજે 'શ્રીજી રક્ષા અને શરણાગતિ મંત્ર' લખીને આપ્યો અને પત્રમાં લખ્યું કે, અમારા મંત્રની એક માળા કરવી તેમજ શ્રીજી રક્ષા સુરેશને કંઠીમાં માદળિયામાં બાંધવી અને પત્રની સાથે ગુલાબની પાંખડી મોકલી છે એ એને ખવડાવવી. આ રીતે સુરેશભગતને નાનપણમાં ઝાડાનો રોગ મહારાજે દૂર કરી દીધો હતો.

સુરેશભગતના બા ને પૂરો ભગવાનપણાનો નિશ્ચય પણ બાપાને જરાય નહીં. બાપાએ બા ને ભક્તિ કરવામાં આડા આવતા તો પણ બા તે જરાય ડગે નહીં. બાપાએ જેમ ભગવાનને મૂક્યા તેમ બા ને દૃઢ વિશ્વાસ થતો ગયો- કેમ આવું થયું ? ભગવાન રાખવા અઘરા છે માટે.

એકવાર સુરેશભગત અને એના બા જૂનાગઢ મહારાજના દર્શન કરવા ગયા ત્યારે સુરેશભગતને દાંત નહોતા આવતા. તેથી આ વાત કહેવાની મહારાજને ભગતના બાએ કરી હતી. પછી સુરેશભગત કહે એ પહેલા મહારાજે કહ્યું કે- ''તારે દાંત કેમ નથી ? આ દાંત ચકલી લઈ ગઈ'' પછી મહારાજે નાના છોકરાને વ્હાલ કરે એ રીતે તેને માથા પર હાથ ફેરવ્યો અને પછી ભગતના મુખમાં આંગળી ફેરવીને પોતાના ખોળામાં બેસાડ્યા પછી મહારાજે પિત્તળના ડબામાંથી પેંડો કાઢ્યો અને પોતાના હાથે ભગતને પેંડો ખવડાવ્યો ત્યાં તો ૬ કલાકમાં ભગતને દાંત આવવા માંડ્યા. આ રીતે મહારાજે પરચો પૂર્યો અને છેલ્લે મહારાજે ઊભા થઈ એને ભેટીને એમ બોલ્યા કે, તમને આવા બાપ મળે તો કેવું સારું !

પછી સમય જતાં મહારાજ જ્યારે સ્વધામ પધાર્યા ત્યારે સૂરતથી ભક્તોની બસ જૂનાગઢ જવાની હતી અને સુશીલાબેનને ખબર પડી તો એમણે પણ જવાનું નક્કી કર્યું પછી ભગવાનજીભગત અને ઘણાં ભક્તોએ તેમને ના પાડી અને કહ્યું કે તમે જૂનાગઢ જવાનું રહેવા દો નહીંતર તમારા ઘરવાળા તમને પછીથી ખૂબ જ દુઃખ આપશે, પરંતુ મહારાજના અંતિમ દર્શનની હૃદયમાં દૃઢ ઇચ્છા હોવાથી સુશીલાબેન પોતાના બાળકો સાથે જૂનાગઢ પહોંચ્યા અને મહારાજના અંતિમ દર્શન કરીને ખૂબ જ રડી પડ્યા અને હૃદયથી પ્રાર્થના કરવા લાગ્યા કે, હે પ્રગટ ભગવાન તમે ભલે દેહથી હવે આ લોકમાં નથી પરંતુ દિવ્યદેહે

કાયમ અમારા ભક્તોની સાથે પ્રગટપણે રહેજો અમને સેવાભક્તિનું ખૂબ બળ આપજો. દર્શન દેતા રહેજો અને અંત સમયે તમારા પરમધામમાં તેડી જજો.

સુરેશભગતના બા સુશીલાબેન મહારાજ ખૂબ ભક્તિ કરતા હતા એ જાદવજીભાઈને ગમતું નહીં એમને એવા અવગુણીયાનો સંગ થઈ ગયો હતો એટલે સુશીલાબેનને કહેતા કે, આ ભગવાનને મૂકી દે આની ભક્તિ ન કર. આવી રીતે કહેતા તો પણ સુશીલાબેનને એવો પાકો નિશ્ચય હતો કે આ ભગવાન છે. પછી તો જાદવજીભાઈ એના પત્ની સુશીલાબેનને માર મારતા પછી મહારાજની મૂર્તિ પર બૂટ પહેરીને ઊભા રહેતા અને સંડાસ જાય તો અડધું પાણી વાપરે અને અડધું પાણી વધે એ મહારાજની મૂર્તિ પર રેડતાં. આવી રીતે કરતા અને સાંજે રાંધેલું હોય એ બધાયમાં કાંદાની કટકી નાખતા. આવી રીતે સુશીલાબેનને ભક્તિ કરવામાં અવરોધ ઊભો કરતા પણ સુશીલાબેનની એવી ભક્તિ હતી કે એ ડગતા નહીં અને જેમ વિરોધ કરે એમ એનો નિશ્ચય પાકો થતો જાય. પછી જૂનાગઢ જઈ મહારાજને વાત કરી કે, આમ વિરોધ કરે છે તો મહારાજે કહ્યું કે, આ હિરણ્યકશિપુ અત્યારે ક્યાંથી પાક્યો. આ રીતે મહારાજે એમને હિરણ્યકશિપુનો અવતાર કહ્યો.

પછી છેલ્લે છેલ્લે જાદવજીભગતને માનસીક બીમારી આવી અને આખા સમાજમાં ગાંડાનું પાત્ર થયા અને છેલ્લે છેલ્લે બહુ પીડા ભોગવી અને દેહ છોડ્યો.



પરચા નં.
**૧૧૩.**

## અનાદિ મુક્તરાજ મહેન્દ્રભગત ઓધવજીભગત ટાંક
### ગામ : જૂનાગઢ, હાલ- અમદાવાદ

**મારું** મૂળ ગામ જૂનાગઢ છે. મેં એજ્યુકેશન પણ જૂનાગઢમાં જ લીધું છે. હું મા ગાયત્રીની ઉપાસના કરતો. એકવાર મારા બાપુજીનાં મિત્ર મગનભાઈએ મને વાત કરી કે, મહેન્દ્ર તે કોઈ ગુરુ કર્યા છે કે નહીં ? મેં કહ્યું, કોઈ ગુરુ નથી કર્યા, પણ જો કોઈ યોગ્ય ગુરુ હોય તો મારે કરવાં છે. તમારા ધ્યાનમાં જો કોઈ હોય તો કહો. એટલે મેં કહ્યું કે, આપણાં જૂનાગઢમાં સ્વામિનારાયણ મંદિર છે ત્યાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ નામનાં બહુ મોટા વિદ્વાન, તપસ્વી અને વચનસિદ્ધ ભગવાન જેવા સંત છે. મેં તો એમને ગુરુ ધારણ કરેલાં છે માટે તું પણ એમની પાસે કંઠી બંધાવ.

પછી તો બીજા જ દિવસે હું મગનભાઈની સાથે સૌ પ્રથમવાર સ્વામિનારાયણ મંદિરે ગયો. મંદિરમાં બધાં જ દેવોનાં દર્શન કરી પછી બાલમુકુંદ ભવનમાં મહારાજ પાસે ગયાં એટલે મહારાજે મગનભાઈને પૂછ્યું, આ કોણ છે ? એટલે મગનભાઈએ મારી ઓળખ આપતા મહારાજને કહ્યું, મહારાજ આ મારા મિત્રનો દિકરો છે અને આજે હું તમારી પાસે આને કંઠી બંધાવવા લઈ આવ્યો છું. એટલે મહારાજ ખૂબ રાજી થયાં અને મને પણ સૌ પ્રથમવાર મહારાજનાં દર્શન કરી અને આત્મામાં એમ થયું કે, સાચે જ મહારાજ ગુરુ કરવાં જેવાં છે.

મહારાજે મને હાથમાં જળ આપી, કાલ-માયાનો દિક્ષામંત્ર આપ્યો અને મને કંઠી પહેરાવી, આશિર્વાદ આપ્યાં. ત્યારબાદ મેં મહારાજને પૂછ્યું કે, આ કંઠી પહેર્યા પછી કોઈ નિયમ હોય તો મને કહો. એટલે મહારાજે કહ્યું કે, હવેથી કામય જે કાંઈ પણ ખાઓ, પીઓ તો ભગવાનને ધરીને જ ખાવું-પીવું. દરેક ક્રિયામાં ભગવાનનું સ્મરણ કરવું, ભગવાનને ભેગાં રાખવાં, અભિમાન-ઈર્ષ્યા, રાગ-દ્વેષ આવાં બધાંય દોષો જીવનમાં ન રાખવાં. પવિત્રપણે જીવન જીવવું. આવી બધી મહારાજે આજ્ઞા કરી અને દરરોજ મંદિરે સવારે દર્શન કરવા આવવા માટે પણ ખાસ કહ્યું.

મહારાજની આજ્ઞા મુજબ હું દરરોજ સવારે મંદિરે મહારાજનાં દર્શન કરવા જતો અને મહારાજને ગુલાબનાં ફુલ અતિ પ્રિય હોવાથી ગુલાબનાં ફૂલ અને સાકર પણ લઈ જતો. ચાર મહિના જેવો સમય થયા બાદ મહારાજે મને એક દિવસ પૂછ્યું, તું દરરોજ ગુલાબનાં ફૂલ લાવે છે તે કેટલાનાં લાવે છે ? મેં મહારાજને કહ્યુ, પચાસ પૈસાના પંદર જેટલાં ફુલ આવે

છે, એટલે મહારાજે કહ્યું કે, તો તો મહિનાના રૂ.૧૫નો ખર્ચ થયો ને ? એટલો બધો ખર્ચ ન કરાય. એટલે મેં મહારાજને કહ્યું કે, મહારાજ પરિસ્થિતિ સારી છે માટે મહિને આટલો ખર્ચ તમારી સેવામાં થાય એમાં મને કોઈ મુશ્કેલી જેવું નથી. પણ છતાંય મને મહારાજે આજ્ઞા કરી કે, કાલથી ફૂલ કે સાકર કોઈ વસ્તુ મારા માટે લાવવી નહીં. પણ આવતીકાલથી તારે દરરોજ મારા હાથ, પગ, કમર દબાવવાની સેવા કરવાની છે. એટલે મેં મહારાજને કહ્યું કે, મહારાજ મને એ ફાવશે નહીં કારણ કે મેં ક્યારેય આવી રીતે કોઈનીયે સેવા કરી નથી. તો મહારાજ કહે તને જેમ ફાવે તેમ સેવા કરજે. તારાથી શરીર દબાવતાં દબાવતાં ક્યાંય વધારે વજન દેવાઈ જશે તો હું તને તરત કહીશ પણ મારી આ ઉત્તમ સેવાનો લાભ તું લઈશ તો હું એમાં વધારે રાજી થઈશ.

બીજા દિવસથી હું મંદિરે મહારાજનાં દર્શન કરવા જતો. એટલે મહારાજ પહેલાં તો મને હાથ-પગ ધોવાનું કહેતા અને પછી પોતાનું શરીર દબાવવાનું કહેતા. હું ખૂબ જ ભાવ અને પ્રેમથી મહારાજની સેવા કરતો અને મહારાજ રાજી થઈ જતાં. આ રીતે ઘણાં વર્ષો સુધી નિયમથી મહારાજની સેવાનો ક્રમ ચાલુ રહ્યો. ઘણી વખત એવું પણ બને કે હું મહારાજની સેવા કરતો હોવ અને અચાનક કોઈ ભક્તો દર્શન માટે આવે તો એ પણ મારી સાથે મહારાજના હાથ-પગ દબાવવાની સેવા કરતાં. પણ મારી સેવાથી મહારાજ એટલાં વિશેષ રાજી હતાં કે બીજા ભક્તો સેવાનો લાભ લેતાં હોય પણ મહારાજ મને આજ્ઞા કરતા કે, મહેન્દ્ર તારે જવાનો સમય ન થાય ત્યાં સુધી તું મારી સેવા ચાલુ રાખ. ત્યારે મહારાજની સેવા વખતે દિવ્ય સુગંધ બહુ આવતી.

આ રીતે મહારાજની સેવાનાં ફળ રૂપે મને જૂનાગઢની બાજુનાં ગામમાં બેંકમાં સારી નોકરી મળી ગઈ. પછી તો શનિ-રવિ રજાનાં દિવસોમાં જ હું મહારાજનાં મંદિરે દર્શન કરવા જતો અને સેવાનો લાભ લેતો અને દર મહિને મારા પગારમાંથી મહારાજને રૂ.૫૦ નિયમથી ધરતો હતો. ઘણીવાર હું મહારાજને રૂ.૬૦ કે ૭૦ આપતો તો પણ મહારાજ એમાંથી રૂ.૫૦ જ લેતા હતા બીજા મને પાછા આપી કહેતા કે, તમે તમારી કમાણીમાંથી દર મહિને નિયમથી દસમો ભાગ કાઢો છો. આટલી સેવાથી પણ અમે ખૂબ રાજી છીએ. અમારે વધારે નથી જોઈતા. આમ મહારાજનું જીવન ખૂબ જ સંતોષવાળું મેં અનુભવેલું છે.

મહારાજે જ્યારે પોતાની બાલકૃષ્ણલાલજી મહારાજની મૂર્તિ બનાવડાવી એ વખતે હું દર્શન કરવા ગયો ત્યારે મને કહ્યું કે, તારા માટે લાલજીની મૂર્તિ બનાવડાવી છે અને

આ મૂર્તિની સેવામા રૂ.૨૫૦ તારે મને આપવાના છે. એ મેં તરત મહારાજને અર્પણ કર્યા. મહારાજે મને મૂર્તિ હાથમાં આપીને કહ્યું કે, આજથી તમારા ઘરે આ મારી મૂર્તિની સેવા-પૂજા કરવાની છે. એટલે મેં મહારાજને કહ્યું કે, મહારાજ અમારા ઘરે ક્યારેય મેં મૂર્તિ સ્વરૂપે પૂજા કરી નથી, તો અમે કઈ રીતે એ સેવા-પૂજા કરીશું ? અને આ મૂર્તિમાં પ્રાણ-પ્રતિષ્ઠા પણ કઈ રીતે કરીશું ? એટલે મહારાજે તરત જ મૂર્તિ હાથમાં લઈ આખી મૂર્તિ પર હાથ ફેરવી મને કહ્યું કે, જો હવે પ્રાણ-પ્રતિષ્ઠા થઈ ગઈ છે. હવે જેમ ઘરનાં સભ્યોને આપણે પ્રેમભાવથી સાચવીએ છીએ. એમ આ મૂર્તિને પણ તમારે સાચવીને સમયસર સેવા-પૂજા-થાળ કરવાનાં છે અને મૂર્તિ રૂપે હું ઘરમાં સાક્ષાત્ બિરાજમાન છું એવો પ્રગટભાવ પણ રાખવાનો છે.

એકવાર હું બપોરે સૂતો હતો તો થોડીવાર માટે મને એવું સ્વપ્ન આવ્યું કે, મહારાજ પોતાનાં રૂમમાં શાસ્ત્ર લખી રહ્યાં છે અને ઉપર ઘડિયાળમાં બપોરે ૩-૩૦ વાગી રહ્યાં છે. મને બસ આટલાં જ દર્શન થયાં અને મારી ઊંઘ ઊડી ગઈ. એટલે તરત જ હું ઊઠીને સીધો મંદિરે જ્યાં મહારાજનાં રૂમમાં ગયો ત્યાં જે રીતે મને સ્વપ્નમાં દર્શન થયાં હતાં અને ઘડિયાળમાં જેટલાં વાગ્યાં હતા એ જ રીતે દર્શન થયાં. મને અચાનક જોઈને મહારાજે પૂછ્યું, કેમ મહેન્દ્ર અત્યારે દર્શને આવ્યો ? એટલે મેં મહારાજને કહ્યું, મને ઘરે સ્વપ્નમાં જે રીતે દર્શન થયા એ જ રીતે અત્યારે હું પ્રત્યક્ષ અહીં દર્શન કરીને આશ્ચર્યમાં પડી ગયો છું. આ સાંભળી મહારાજ રાજી થઈ મંદ મંદ હાસ્ય કરવા લાગ્યા.

એકવાર મને સ્વપ્નમાં આકાશમાં મહારાજ વિશાળરૂપે બિરાજમાન હોય અને કોઈ દિવ્ય સ્ત્રી મહારાજનું પૂજન કરી આરતી ઉતારતી હોય તેવાં દર્શન થયાં. એટલે એ જ દિવસે ફરી મેં મહારાજને મંદિરે જઈ રૂબરૂ આ જ દર્શનની વાત કરી પૂછ્યું કે, મહારાજ જે દિવ્ય સ્ત્રી તમારું પૂજન કરી તમારી આરતી ઉતારતી હતી તે સ્ત્રી કોણ હતી ? એટલે મહારાજે તરત જ પોતાના સાથળમાં રહેલાં લક્ષ્મીજીનાં દર્શન કરાવી કહ્યું કે, એ લક્ષ્મીજી હતાં જે કાયમ અમારી સેવા-પૂજા કરે છે. આ રીતે મહારાજ વારંવાર આવા અલૌકિક દર્શન આપી પોતાનાં ભગવાનપણાંનો દૃઢ નિશ્ચય કરાવતા હતાં.

સમય જતાં મારા બાપુજી ખૂબ બીમાર પડ્યાં એટલે મેં મહારાજ પાસે આવી વાત કરી કે, મહારાજ મારા બાપુજીને હોસ્પિટલમાં દાખલ કર્યા છે અને હાલમાં ઓક્સિજન પર છે માટે આપ કંઈક કૃપા કરો એટલે મહારાજે હેમંતભગત અને કોઠારીસ્વામીને બોલાવી પોતે પહેરેલો ગુલાબનો પ્રસાદીનો હાર અને પોતાનું પ્રસાદીનું જળ આપી કહ્યું કે, આ મહેન્દ્રનાં

બાપુજી ઓધવજીભાઈ હોસ્પિટલમાં દાખલ છે તમે તેમને આ પ્રસાદીનો હાર પહેરાવી પ્રસાદીનું જળ પીવડાવજો તેથી કાલે સવારે અમે એમને ધામમાં લઈ જઈશું અને જે પ્રમાણે મહારાજે કહ્યું, તે જ પ્રમાણે થયું, બાપુજી બીજા દિવસે સવારે ધામમાં ગયાં.

આવી રીતે બાપુજીનાં અચાનક ધામમાં જવાથી મને ખૂબ દુઃખ થયું અને હું મહારાજ પાસે જઈ ખૂબ જ રડી પડ્યો. ત્યારે મહારાજે મને આશ્વાસન આપતાં કહ્યું કે, જન્મ-મરણ આ સંસારચક્રનો નિયમ છે. તમારા બાપુજીને અમે ધામમાં સેવામાં રાખ્યા છે માટે દુઃખ ના કરશો. તેમની પાછળ વિશેષ સેવા અને ભક્તિ કરજો. તમે વ્યવહારે સુખી છો અને અમારા આશિર્વાદ છે કે, હજી વિશેષ સુખી થશો. મહારાજનાં આવા આશ્વાસનથી મારામાં જાણે એક અલોકિક શક્તિનો સંચાર થયો હોય એવો મને સાક્ષાત્ અનુભવ થયો અને મારું દુઃખ દૂર થઈ ગયું.

એકવાર હું મંદિરે મહારાજનાં દર્શન કરવા ગયો ત્યારે મહારાજે મને સામેથી એક ગુલાબનું ફુલ આપી કહ્યું કે, આને ખિસ્સામાં રાખજો. તે દિવસે મારે વડોદરા બેંકમાં મેનેજરની પોસ્ટના ઈન્ટરવ્યૂ માટે જવાનું હતું. ઓલ ઈન્ડિયામાંથી માત્ર ૪૦ જ વ્યક્તિની પસંદગી કરવાની હતી. હું બરોડા ગયો ત્યાં મેં ઈન્ટરવ્યૂમાં મારા કરતાં પણ સારી સારી ડિગ્રીઓ અને અનુભવો ધરાવનારાં ઘણાં લોકોને જોયાં. થોડીવાર માટે તો મનમાં થયું કે, આમાં આપણું સિલેક્શન થઈ શકશે નહીં પછી તો જેવી મહારાજની ઇચ્છા. ઈન્ટરવ્યૂમાં મારો વારો આવ્યો. સામે બેઠેલાં સાહેબોએ મને જે જે પ્રશ્નો પૂછ્યા તેના દરેકનાં સચોટ જવાબ મેં આપ્યાં. મારું ઈન્ટરવ્યૂ ખૂબ જ સારું ગયું પછી હું જૂનાગઢ આવ્યો. મહારાજને મેં વાત કરી. મહારાજે આશિર્વાદ આપ્યાં કે, હવે તો તું બેંકનો મેનેજર થઈ જઈશ. આમ મહારાજનાં આશિર્વાદ અને પ્રસાદીના ગુલાબના પ્રભાવની મારું ઈન્ટરવ્યૂ પણ સારું ગયું અને બેંકમાં મેનેજરની સારા પગારની સારી પોસ્ટ પણ મને મળી ગઈ. ત્યારબાદ મારો પગાર સારો હોવાથી હું મહારાજને દર મહિને રૂ.૧૦૦ સેવામાં આપતો હતો.

વડોદરા બેંકમાં નોકરી મળતા હું છ મહિના સુધી જૂનાગઢ મહારાજના દર્શન કરવા ન જઈ શક્યો. પછી જ્યારે દર્શન કરવા ગયો ત્યારે મેં મહારાજને એક સાથે છ મહિનાની સેવા પેટે રૂ.૬૦૦ સાથે રૂ.૨૦૦ ઉમેરી રૂ.૮૦૦ આપ્યાં એટલે મહારાજે તરત પૂછ્યું, આટલી બધી સેવા શેની ? મેં કહ્યું, મહારાજ, છ મહિનાથી તમારાં દર્શને નથી આવી શક્યો પણ આજે આવ્યો છું તો મારા દર મહિનાનાં પગારમાંથી તમારી સેવાનો ભાગ કાઢી રૂ.૮૦૦

તમને આપ્યાં છે. તો મહારાજે કહ્યું કે, તારી દર મહિનાની સેવાના રૂ.૧૦૦ લેખે રૂ.૬૦૦ થાય છે આમાં રૂ.૨૦૦ વધુ છે એમ કહી મહારાજે રૂ.૨૦૦ મને પાછાં આપ્યાં.

આ રીતે ભગવાનપણાંનાં અનેક ગુણોથી પરિપૂર્ણ એવાં પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણનો મને સાક્ષાતકાર થયો છે અને મારા ધર્મપત્ની હર્ષદાના પણ લગ્ન થયાં પછી જ્યારે પહેલીવાર જૂનાગઢ મહારાજના દર્શન કરવા લઈ ગયાં ત્યારે મહારાજને બાલમુકુંદ ભવનમાં બહાર આવી એમને એવા અતિ તેજસ્વી સ્વરૂપે દર્શન આપ્યાં કે, પહેલી જ વારમાં તેમને મહારાજનું ભગવાનપણું હૃદયમાં દૃઢ થઈ ગયું. મહારાજનાં એ અતિ તેજસ્વી સ્વરૂપનાં દર્શન હર્ષદાને ક્યારેય પણ ભૂલાયા નથી. મહારાજનો તેના પર પણ અતિ રાજીપો અને આશિર્વાદ છે, એ પણ મોક્ષ ભાગી બની છે.

પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણની પૂર્ણ કૃપાથી હું અને મારો પરિવાર ખૂબ સુખી, સમૃદ્ધ છીએ. અમે પવિત્રપણે ધર્મમય જીવન વ્યતીત કરી યથાશક્તિ તન-મન-ધનથી મહારાજના કાર્યોમાં સેવાનો વિશેષ લાભ લઈ ધન્યતાનો અનુભવ કરી રહ્યા છીએ. મહારાજે પોતાના જીવનમાં અનેક વર્ષો સુધી રાત-દિવસ ખૂબ જ મહેનત કરી ભવિષ્યના અનંત જીવોના કલ્યાણને ધ્યાનમાં રાખી સંસ્કૃત શાસ્ત્રોની રચના કરી છે. તેમાનું મુખ્ય શાસ્ત્ર એટલે શ્રી લક્ષ્મીનારાયણ સંહિતા. જેને મહારાજે પોતાના સ્વરૂપની મૂર્તિની ઉપમા આપી છે. કારણ કે, આ શાસ્ત્રમાં મોક્ષના અનેક માર્ગો કથાની સાથે મહારાજે સમજાવ્યા છે. આ શાસ્ત્ર દ્વારા ભવિષ્યમાં અનંત જીવો મહારાજને ઓળખી અને મોક્ષભાગી અવશ્ય થશે. માટે મારા જીવનમાં મેં એવો સંકલ્પ કર્યો છે કે, આ શ્રી લક્ષ્મીનારાયણ શાસ્ત્રના ગુજરાતી અનુવાદ માટે શક્ય એટલી યથાશક્તિ સેવાનો લાભ લેવો અને મહારાજે મને જે સદ્‌લક્ષ્મી આપી છે તેનો મહારાજ માટે જ વિશેષ સદ્‌ઉપયોગ કરી મારા તેમજ મારા પરિવારનો મોક્ષમાર્ગ સુગમ કરવો. એવી મહારાજના ચરણોમાં પ્રાર્થના સાથે જય અનાદિ શ્રીકૃષ્ણનારાયણ.

પરચા નં.
૧૧૪.

# અનાદિ મુક્તરાજ રાજાભગત કનુભગત ઝવેરી

## જામનગર, હાલ - રાજકોટ

**સ્વામિનારાયણ** સંપ્રદાયના વિદ્વાન વચનસિદ્ધ, મહાન સંત સાક્ષાત્ ભગવાન જેવી સામર્થી અને ચિન્હોયુક્ત, ઐશ્વર્યવાન એવા વિશ્વ વંદનીય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના આશિર્વાદ અને કૃપાદૃષ્ટિથી જામનગર અને રાજકોટના સોની પરિવારના અનેક ભક્તો સુખી અને સમૃદ્ધ થયા છે.

વિ.સં. ૨૦૪૧ શ્રી ગુણાતિતાનંદ સ્વામી દ્વિશતાબ્દિ મહોત્સવ ઉજવવા આગેવાન સંતો શાસ્ત્રી મહારાજ પાસે આવ્યા અને ત્રણ દિવસનાં મહોત્સવની ચર્ચા કરતા હતા. ત્યાં જામનગરવાળા (હાલ- રાજકોટ) રાજાભાઈ કનુભાઈ ઝવેરી તથા તેમના સુપુત્ર રસિકભાઈ મહારાજના દર્શને આવ્યા. મહારાજ કહે, રાજાભાઈ તમારે મહોત્સવના એક દિવસના યજમાન થવાનું છે. રાજાભાઈ કહે, મહારાજ કેટલો ખર્ચ થશે ? મહારાજ કહે, લગભગ ૩.૪૦,૦૦૦નો ખર્ચ થાય. રાજાભાઈએ મહારાજની આજ્ઞા શિરોમાન્ય કરી અને ત્યાંથી ધંધાર્થે વેરાવળ આવ્યા. ત્યાંથી કાચા હીરા ત્રણ લીધા, મુંબઈ જઈ મોટા ઝવેરીની સલાહ અનુસાર ઘાટ કરી તૈયાર કર્યા અને બજારમાં વહેંચ્યા સૌના આશ્ચર્યવચ્ચે બધો ખર્ચ કાઢતા ૩.૪૦,૦૦૦ વધ્યા તે નફો રાજાભાઈએ તુરત મહારાજની આજ્ઞા પ્રમાણે જૂનાગઢ મંદિરમાં કોઠારમાં જમા કરાવી દીધા.

મહારાજના કૃપાપાત્ર પ્રેમજીભાઈ જાદવભાઈ ઝવેરી જામનગરવાળાના પુત્ર નારાણભાઈના પુત્ર માધવલાલ (બચુબાપા)ની પુત્રી હંસાબેન પ્રભુદાસ આડેસરા બીમારીથી પિડાતા હતા અને મોંથી પાણી પણ પી શકતા ન હતા. સારવાર કારગત નહીં નિવડતા, પોતાનાં પરિવારના બ્રાહ્મણને વાત કરી. બ્રાહ્મણ કહે, આ વળગાડની પીડા છે અને કઠિન છે તેમાં મારું કામ નથી, કોઈ મોટા સંતને બતાવો.

માધવલાલભાઈ પુત્રી હંસાબેનને લઈ જૂનાગઢ આવ્યા. મહારાજે માધવલાલભાઈને સામેથી કહ્યું, કેમ દિકરીને લઈને આવ્યા છો ને ? થોડીવાર બેસો. ત્યારબાદ મહારાજે ઠાકોરજીને જળ ધરાવી, પ્રાર્થના કરી અને મંત્ર પ્રસાદીનું જળ આપ્યું તે કામ કરી ગયું અને હંસાબેનને પિડામુક્ત કર્યા.

ઈ.સ. ૧૯૬૦નાં અરસામાં જામનગર ખાતે મહારાજનાં કૃપાપાત્ર દેવચંદભાઈ ઝવેરી (દેવચંદકાકા)એ સભા રાખેલ હતી. રાજકોટથી નારણભાઈ પરિવાર સહિત જામનગર ગયા હતા અને એમનાં મકાનમાં રહેતા ડૉ. કુંદનલાલ ડી. સોમાણી પણ ભાવનગર ગયા હતા. બીજે દિવસે સવારે નારણદાસના દિકરા માધવલાલ (બચુભાઈ) પરિવાર સહિત રાજકોટ ઘેર આવ્યા ત્યાં તો ઘરમાં ચોરી થયેલ. બધો સામાન વેરવિખેર હતો. બચુભાઈએ તૂરત જ જામનગર નારણભાઈને ફોન કરી બધી હકીકત જણાવી. નારણદાસભાઈ તૂરત જ જામનગર મંદિર ગયા અને ત્યાં મહારાજને બધી હકીકત જણાવી. મહારાજ કહે, તમે ચિંતા કરતા નહીં ચોર કાંઈ લઈ ગયા નથી. અમે હનુમાનજીને મોકલ્યા તો ચોરને મારીને એમને ભગાડ્યા છે અને કંઈ લેવા દીધું નથી. રાજકોટમાં બચુભાઈએ તપાસ કરતાં પોતાનાં ઘરમાંથી તથા ડૉ. સોમાણીના ઘરમાંથી પણ કંઈ જ ગયું નહોતું અને સોના-ચાંદીનો બધો જ માલ અકબંધ હતો.

વિ.સં. ૨૦૦૯માં રાજકોટ નૂતન શિખરબંધ મંદિરનો મૂર્તિ મહોત્સવ ઉજવાયો ત્યારે મહારાજ મંદિરના મહંત હતા. પ્રતિષ્ઠાના પૂર્વ દિવસે બપોરબાદ દાણાપીઠ મંદિરેથી શોભાયાત્રા નીકળી અને મંદિરે આવી. શ્રી લક્ષ્મીનારાયણ દેવ, શ્રી સ્વામિનારાયણ તથા શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી ધર્મપિતા, ભક્તિમાતાના નવા સ્વરૂપોની મૂર્તિ પધરાવવાના હતા અને દાણાપીઠ મંદિરમાં બિરાજતા શ્રી ઘનશ્યામ મહારાજની આ મંદિરમાં મૂર્તિની પુનઃ પ્રતિષ્ઠા કરવાની હતી. ત્યારે મંદિરના પ્રાંગણમાં બધા સ્વરૂપો રાખવામાં આવ્યા અને ત્યાંથી બધા સ્વરૂપો મંદિર પર લાવવામાં આવ્યા તેમાં સૌથી છેલ્લે શ્રી ઘનશ્યામ મહારાજ હતા. તે સ્વરૂપને કાર્યકરો, સેવકો ઊંચકી શક્યા નહીં. ઉત્સાહના વાતાવરણમાં અચાનક સન્નાટો વ્યાપી ગયો. આગેવાન હરિભક્તોએ આવી શાસ્ત્રીજી મહારાજને વાત કરી. મહારાજ તુરત જ બહાર આવ્યા અને શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિ પાસે આવી વંદન કરી બોલ્યા, ''હે દયાળુ ! હે ભક્તવત્સલ ! ભક્તોને સુખ આપવા માટે આપની આ મંદિરમાં પુનઃ પ્રતિષ્ઠા કરવાની છે. આપ ભક્તો પર કૃપા કરી મંદિર પર પધારો.'' મહારાજે ત્યારબાદ કારીગરો, કાર્યકર્તાઓને મૂર્તિ ઉપાડવા કહ્યું, અને બધાના આશ્ચર્ય વચ્ચે મૂર્તિ સરળતાથી ઊંચકાઈ ગઈ.

મહારાજના કૃપાપાત્ર ભક્ત સોની નારણદાસ પ્રેમજીભાઈ ઝવેરી જામનગરના સુપુત્ર માધવલાલ (બચુભાઈ)ની સુપુત્રીનાં લગ્ન હતા. માધવલાલની આર્થિક સ્થિતિ બહુ સારી ન હતી, પરંતુ જાન સાચવવાની વ્યવસ્થા તેમણે કરી. જાનને તથા સગા-સંબંધીઓને ભાતા માટે આપવાના લાડું પૂરતા ન હતા. તેઓ મુંઝાયા અને પિતાશ્રી નારણદાસભાઈને વાત

કરી. નારણદાસભાઈ તુરત જ રાજકોટ મંદિરે મહારાજ પાસે આવ્યા અને પરિસ્થિતિની વાત કરી. મહારાજ કહે, તમે ઘેર જાઓ અને લાડવાની કોઠી પર આ મારું ધોતિયું ઢાંકી દેજો અને લાડવા કાઢીને આપતા જાઓ. ઠાકોરજી કાર્ય પૂરું કરશે. તેઓએ એ પ્રમાણે કર્યું અને બધાને લાડવા આપતાં પણ થોડા વધ્યા.

મહારાજનાં કૃપાપાત્ર સોની નારણભાઈ પ્રેમજીભાઈના ભાણેજ ધિરજલાલ જમનાદાસ પારેખને લગ્નના છ વર્ષ સુધી સંતાન પ્રાપ્તિ થઈ નહીં. નારણદાસભાઈ પોતાના ભાણેજને લઈ જૂનાગઢ મહારાજ પાસે લાવ્યા અને બધી વાત કરી. મહારાજે ધિરજલાલને આશિર્વાદ આપ્યા અને થોડા સમયમાં જ એમને ત્યાં એક પુત્રી તથા એક પુત્રનો જન્મ થયો.

આમ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની કૃપાથી અમારા સોની પરિવારના અનેક ભક્તો સુખી તો થયા છે પણ સાથે મોક્ષ ભાગી પણ થયા છે. મહારાજનું ઋણ ક્યારેય અમે ચૂકવી શકીએ એમ નથી.

પરચા નં. ૧૧૫.

## અનાદિ મુક્તરાજ લક્ષ્મીદાસભગત કરમશીભગત પટેલ
### ગામ : નાની વાવડી, હાલ- રાજકોટ

**હું** મારા મોટાભાઈ સાથે જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરે દર્શન કરવા ગયો. અમે રાધા-રમણદેવનાં દર્શન કરતાં હતાં. ત્યાં એક હરિભક્તે આવીને અમને અચાનક કહ્યું કે, તમારે સાચા સંતના દર્શન કરવા છે ? અમે કહ્યું, હા. પછી તેઓ અમને બાલમુકુંદ ભવનમાં લઈ ગયા. ત્યાં જઈ મહારાજને દંડવત્ કર્યા એટલે અમે પણ એમની સાથે મહારાજને દંડવત્ કરી પગે લાગી મહારાજ પાસે બેઠાં. મહારાજે રાજી થઈ માથે હાથ મૂકી આશિર્વાદ આપ્યાં અને અમને પ્રસાદીમાં સાકરનો ગાંગડો આપ્યો. મેં એ સાકરનો ગાંગડો ખાધો અને વિચાર્યું કે, બાકીની પ્રસાદી હું ઘરે લઈ જઈશ. એટલે તરત જ મહારાજે મને કહ્યું કે, મેં આપેલી પ્રસાદી બધી જ અહીં જમી જાવ. ઘરે લઈ જવા માટે હું બીજી પ્રસાદી આપીશ. એટલે હું એ સાકરનો ગાંગડો આખો જમી ગયો. પછી અમે બાલમુકુંદ ભવનમાંથી બહાર નીકળ્યા. ત્યારે ફરી અમને એ હરિભક્તે એમ કહ્યું કે, તમારે જો ગુરુ કરવા હોય તો આ મહારાજ પાસે જ કંઠી બંધાવજો. જેથી તમે ખૂબ સુખી થશો અને તમારો મોક્ષ પણ થશે. એટલે તરત જ મેં કહ્યું કે, મારે આજે જ કંઠી બંધાવવી છે પછી એ હરિભક્તે સ્ટોલમાંથી કંઠી લઈ મને આપી ને અમે ફરી મહારાજ પાસે રૂમમાં જઈ બેઠાં એટલે મહારાજે અતિ કૃપા કરી. કાલ, માયાનો દિક્ષા મંત્ર આપી અને મને કંઠી પહેરાવી. ત્યારથી હું મહારાજને ગુરુ તરીકે ભજતો થયો.

બાદમાં અવારનવાર જૂનાગઢ મહારાજનાં દર્શન કરવા જવાનું થતું. મારે દર્શન કરવા જવાનો સમય મોટે ભાગે બપોરનો રહેતો. કારણ કે, હું મારું કામકાજ પૂર્ણ કરી રાજકોટથી નીકળું તેથી હું બપોરે મહારાજનાં આરામનાં સમયે જ પહોંચતો. એટલે ઘણીવાર બપોરના સમયે બાલમુકુંદ ભવન નીચે દેવસ્વામી કે જ્ઞાનસ્વામી ભેગા થઈ જતાં તે તરત જ કહી દેતા કે, અત્યારે મહારાજ પોઢ્યા છે, આરામમાં છે તમે ચાર વાગ્યા પછી દર્શન કરવા આવજો. પણ ઘણીવાર એવું બન્યું છે કે, એ જ સમયે મહારાજ પોતાનાં રૂમની બહાર નીકળી ગેલેરીમાં આવી અને ઉપરથી જ કહી દેતાં કે, લક્ષ્મીદાસને ઉપર આવવા દો, હું જાગું છું. આવી રીતે મહારાજને મારા પર ઘણું હેત હતું. ઘણાં બધાં કામોમાં વ્યસ્ત હોવા છતા મહારાજ પોતાના ભક્તો માટે પૂરો સમય આપતાં અને ભક્તોને પણ રાજી કરતાં.

ત્યારબાદ ધીરે ધીરે મને મહારાજનાં મોટાં મુક્તપુરુષોનો યોગ થયો. જેઓ મહારાજનાં

આશિર્વાદથી ખૂબ સુખી થઈ મહારાજનું ભજન કરતાં અને દુબઈમાં પણ કામકાજ કરી મહારાજની સેવા કરતા મહારાજનાં ઘણાં ભક્તોએ મને એવું કહેલું કે, અમે મહારાજનાં આશિર્વાદથી સોનાની લગડીઓ વાળાં થયાં છીએ. એટલે મને પણ મનમાં એમ થતું કે, હું પણ ખૂબ કમાવ તો ઘણું સારું. એમ વિચારી મેં મહારાજને જૂનાગઢ જઈ પ્રાર્થના કરી કે, મહારાજ હાલમાં વ્યવહારે બહું સારું નથી માટે કંઈક આશિર્વાદ આપો અને કૃપા કરો તો હું પણ તમારા બીજા ભક્તોની જેમ સુખી થાવ. ત્યારે મહારાજ એટલું બોલ્યા કે, લક્ષ્મીદાસ સમય આવશે એટલે સુખી થઈ જશો. આમ કરતાં બે વર્ષ વીતી ગયાં પણ હું વ્યવહારે બહુ સુખી ન થયો. પછી તો ફરીવાર જૂનાગઢ જઈ મહારાજને પ્રાર્થના કરી ત્યારે મહારાજ શાસ્ત્ર લખતાં હતાં તો ઊભા થઈ પોતાનાં રૂમમાં બિછાવેલી લાલકલરની જાજમ એક બાજુથી ઊંચી કરી અને મને જાજમ નીચે રૂપિયાના થપ્પે થપ્પાં બતાવ્યા અને કહ્યું કે, તારે પૈસા જ જોઈએ છીએ. આમાંથી જોઈએ એટલાં રૂપિયા તું લઈ લે. આવા દર્શનનો અનુભવ કરી મને મનમાં દૃઢ થઈ ગયું કે, જેમને હું ગુરુ મહિમાથી ભજું છું એ સાક્ષાત્ ભગવાન જ છે. લક્ષ્મીપતિ નારાયણ જ છે તો જ આટલી બધી લક્ષ્મી એમની સેવામાં હાજરાહજૂર રહી શકે. પછી તો મેં મહારાજને બે હાથ જોડી દંડવત્ કરી પ્રાર્થના કરી કે, મહારાજ મારે આમાંથી કોઈ રૂપિયા જોઈતાં નથી. બસ તમે આશિર્વાદ આપો કે, જીવનમાં ક્યારેય પણ પૈસાના વ્યવહારે કરીને મારું કોઈ કાર્ય ન અટકે અને હું સુખેથી તમારી ભક્તિ અને સેવા પણ કરી શકું. પછી મહારાજે ભાવથી ભેટીને મને આશિર્વાદ આપ્યાં. ત્યારથી ક્યારેય મારો વ્યવહાર પૈસાએ કરીને અટક્યો નથી અને સુખેથી મહારાજની વિશેષ સેવા અને ભક્તિનો લાભ મળ્યો છે.

મને મહારાજના સર્વોપરી પ્રગટ ભગવાન તરીકેની ઓળખ કરાવવામાં સૌથી મોટું યોગદાન જો કોઈનું હોય તો એ મારા ધર્મની બેન સવીતાબેનનું પણ છે. સવિતાબેનની પરિસ્થિતિ ખૂબ જ સર્વપ્રકારે નબળી હતી. મહારાજની ઉપાસના અને ભક્તિમાં તે ખૂબ જ બળિયા હતાં જેથી મહારાજે મને આજ્ઞા કરી હતી કે, આ મારી મહાન ભક્ત છે અને મારી જેવી છે એવી ભગવાનપણાંની ઓળખ આને તને કરાવી છે માટે તારે આનું કાયમ ધ્યાન રાખવાનું છે. તમારે સવિતાબેનનું ધ્યાન જીવનભર રાખવાનું છે અને ત્યારથી મહારાજની આજ્ઞા પ્રમાણે હું મારી ધર્મની બેન મહારાજના મહાન ભક્ત એવા સવિતાબેનનું ધ્યાન રાખું છું અને એ જે પ્રકારે મહારાજની સેવા ભક્તિની આજ્ઞા કરે તે પ્રમાણે કરું છું.

મહારાજની કૃપાથી મને સારી નોકરી પણ મળી ગઈ. સમય જતાં મારા લગ્ન થયાં અને

મહારાજનાં આશિર્વાદથી મારે ત્યાં બે દિકરા પણ થયાં તેમને મહારાજે સ્વહસ્તે કંઠી બાંધી છે અને બેય દિકરાના નામ પણ મહારાજે જ આપ્યાં છે. આમ મહારાજનાં આશિર્વાદથી મારા બંને દિકરા ખૂબ સંસ્કારી અને સમજણવાળાં, સેવા-ભક્તિવાળા પણ થયાં છે.

એકવાર જૂનાગઢ મહારાજનાં દર્શન કરવા ગયો ત્યારે ટેપમાં સોની કંપનીની કેસેટમાં મહારાજની એક કલાકની પરાવાણી રેકોર્ડ કરી હતી પછી એ કેસેટની ઘણી કોપીઓ કરી કોઠારી સ્વયંપ્રકાશ સ્વામીને પણ આપી હતી કે જેથી કોઈ ભક્તોને મહારાજની પરાવાણી સાંભળવી હોય તો એ કેસેટ ઘરે લઈ જઈને ટેપમાં સાંભળી શકે જેથી મહારાજે રાજી થઈને મને પ્રસાદીનું ધોતિયું આપ્યું હતું. મહારાજ સ્વધામ સીધાવ્યા ત્યારબાદ કોઠારી સ્વામી સ્વયંપ્રકાશ સ્વામી અને આત્મપ્રકાશ સ્વામીએ પણ મારા પર રાજી થઈ મને પ્રસાદીની વસ્તુ આપી છે.

મહારાજની ઈચ્છાથી મહારાજનાં અગ્નિસંસ્કારની જગ્યા પર મંદિરનું નિર્માણ થયું તેમાં આત્મપ્રકાશ સ્વામીની પ્રેરણાથી યથાશક્તિ સેવાનો લાભ લીધો છે. તેમજ ફુલવાડી કુંકાવાવ મંદિરે પણ ઉત્સવ, સમૈયા તેમજ મંદિર નિર્માણ કાર્યમાં પણ યથાશક્તિ સેવાનો લાભ લઈ મહારાજને વિશેષ રાજી કર્યા છે. ઘણાં વર્ષો સુધી દર પૂનમે રાજકોટથી જૂનાગઢ મંદિરે જઈ શ્રી રાધારમણદેવ, હરિકૃષ્ણ મહારાજ તેમજ શ્વેતાયનબાગે પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણને સરસ ગુલાબના પુષ્પોનાં હાર પહેરાવી રાજી કર્યા છે અને હાલમાં મારા દિકરાઓએ મારી સેવા, ભક્તિ, ઉપાસના અને સત્સંગની પરંપરા જાળવી રાખી છે જેથી હું ધન્યતા અનુભવી રહ્યો છું.

પરચા નં. ૧૧૬.

## અનાદિ મુક્તરાજ જયંતિલાલભગત નાથાભગત ચુડાસમા
### ગામ- મોટી કુંકાવાવ

**પ્રગટ** ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણની કૃપાથી મારો જન્મ કુંકાવાવ જેવા મહાન તિર્થમાં થયો તેમજ પ્રગટ ભગવાનની મને પરિપૂર્ણ ઓળખાણ થઈ, એ મારા અહોભાગ્ય છે. જૂનાગઢ મહારાજના દર્શન કરવા મારે ઘણીવાર જવાનું થતું અને કુંકાવાવથી કોઈ ભક્તો જૂનાગઢ આવે તો મહારાજ પણ એમને મળીને ખૂબ રાજી થતાં. જૂનાગઢ જતા ત્યારે મહારાજની ખૂબ જ અનેક પ્રકારે સેવાના લાભ મળ્યા છે. મહારાજે અમારા જીવનમાં ડગલેને પગલે મારી અને મારા પરિવારના સૌ ભક્તોની ખૂબ જ રક્ષા કરી છે, દુઃખો દૂર કર્યા છે અને સંકલ્પો પણ પૂરા કર્યા છે અને સ્વહસ્તે મને મંત્રદિક્ષા આપી કૃતાર્થ કર્યો છે.

મહારાજની આજ્ઞાથી જે કોઈ પણ ભક્તો કુંકાવાવ દર્શને આવતા તો અમારા ઘરે જરૂર પધારતા અને અમે પણ ભક્તોને અમારા ઘેર જમાડી, રાખી રાજી રાખતા. આ રીતે મહારાજની સેવાની સાથે મહારાજના અનંત અનાદિ મુક્ત ભક્તોની પણ સેવાનો લાભ મને મારા ધર્મપત્નીને તેમજ દિકરા-દીકરીને ખૂબ મળ્યો છે.

મને ઈ.સ.૧૯૮૩ની સાલમાં છાતીમાં દુઃખાવા જેવું થયેલ જે મેં અમરેલી ડૉકટરને બતાવતા નિદાન કરી તેમણે કહ્યું કે, તમને હૃદયના વાલ્વની તકલીફ છે અને તમારા વાલ્વ સાંકળા થઈ ગયા છે. તમારે ગમે ત્યારે ઓપરેશન કરાવવું પડશે. અત્યારે હું તમને દવા લખી આપું છું તે ચાલું રાખશો જેથી સારું રહેશે. તે દવા અને રિપોર્ટ લઈ હું જૂનાગઢ મહારાજ પાસે ગયો અને ખોળામાં માથું મૂકી કહ્યું કે, મહારાજ મને આ દર્દની તકલીફ છે. જે ડૉકટરે કહેલ તે બધી વાત કરી તો મહારાજ મારી સામે જોઈ કહે કે, તારા કાન ઝીણા, તારી આંખો ઝીણી, તારું નાક ઝીણું તું ઝીણો તો તારા વાલ તો ઝીણા જ હોય ને. જો તારા વાલ મોટા હોય તો તું મોટો જાડો થઈ જાય. માટે અમો ભગવાને જે કરેલ હોય તે બરાબર હોય પણ સમય જતાં તમને ધીરે ધીરે સારું થઈ જશે. ચિંતા ના કરશો, સમયે સમયે અમે રક્ષા કરતા રહેશું.

હાલ ઓપરેશનના અત્યારે ઘણો ખર્ચ આવે તો તે તારી પાસે છે ? મેં ના પાડેલ કે મહારાજ એટલા રૂપિયા અત્યારે ક્યાંથી હોય ? પછી મહારાજે કહ્યું કે, હાલ તું આ રિપોર્ટ અને દવાની ચિઠ્ઠી ફાડી નાખ. તારે ફક્ત વજનવાળું કામ ન કરવું, વધારે ચાલવું નહીં

અને ખાવામાં નમક ઓછું રાખવું આટલી પરેજી રાખવી અને ૪૦ થી ૪૨ વર્ષની ઉંમરે કોઈ સારા ડૉકટરની સલાહ લેવી. તે દિવસથી દવાના રિપોર્ટ ફાડીને પછી વચ્ચે આઠમના અહીં કુંકાવાવમાં મૂર્તિ પધરાવવાના સમૈયામાં ખૂબ નાચ્યા-કૂદ્યાને થાક લાગવાથી અમરેલી તાત્કાલીક દવાખાને જવું પડેલ ત્યાં ડૉકટરને બતાવી ત્રણ દિવસ સુધી સતત આરામની પરેજી પાળીને દવા લેતા સારું થઈ ગયેલ, પરંતુ ઈ.સ.૧૯૯૯માં વાસામાં પાછો સતત દુઃખાવો ઉપડેલ અને બધે અમરેલી, રાજકોટ, જામનગર બતાવતા ડૉકટર કહે કે આમને વાલ્વનું ઓપરેશન તો કરાવવું જ પડશે.

હું અને ગોવિંદજી મહારાજ તથા મારા સગા સાથે અમદાવાદ ગયા. ત્યાં સિવિલ હોસ્પિટલમાં ૧૮ દિવસ રોકાયા, પરંતુ દિવાળીના દિવસો આવતા હોવાથી ડૉકટર રજા પર ચાલ્યા જવાની બીકે રજા લઈ દવા લખાવી કુંકાવાવ આવી ગયેલ અને દિવાળી પછી મુંબઈના ભક્તોના આગ્રહને લઈને તથા ત્યાં અમદાવાદ કરતા વધારે સારું કામ થવાની આશાએ મુંબઈ ઓપરેશન કરાવવા માટે ગયેલા. મુંબઈ મહાવીર હાર્ટ રિસર્ચ સંસ્થા દ્વારા શાઈન હોસ્પિટલમાં રિપોર્ટ કરાવી ઓપરેશન કરાવવાનું નક્કી કરેલું. હોસ્પિટલમાં બરાબર મકરસંક્રાંતિના આઠ-દસ દિવસ પહેલાં એડમીટ થઈ સારવાર અને રિપોર્ટ ચાલુ કરેલ જે બરાબર મકરસંક્રાંતિના દિવસે સવારે ડૉકટર કહે કે, જયંતિભાઈ તમારું ઓપરેશન કાલે છે, આજે તો રજા છે, પરંતુ જો તમારાથી છ બોટલ લોહીનો બંદોબસ્ત સાંજ સુધીમાં થઈ શકે તેમ હોય તો કરો તો કાલે ઓપરેશન થઈ જશે. મેં ડૉકટરને થોડીવારે જવાબ આપવાનું કહીને ડાકોરવાળા પંડ્યાસાહેબને ફોન કરી વાત કરી કે, ભગત મંડળમાંથી સાંજ સુધીમાં છ બોટલ લોહી મળી શકે તો કાલે ઓપરેશનનો વારો આવી જાય તો તેમણે કહેલું કે, ભગત થોડું ખમો આજે સંક્રાતની સભા મલાડમાં છે હું ત્યાં જઈ ભક્તોને વાત કરું અને જો કોઈ આજે ત્યાં આવી શકે તેમ હોય તો પૂછી જોઉં, કારણ કે ત્યાંથી શાયન હોસ્પિટલ આવતા ત્રણ-ચાર કલાક લાગે.

તેમણે સભામાં જઈ વાત કરી કે, જયંતિભગતનું ઓપરેશન કાલે છે અને આજે લોહી દેવા જવાનું છે. અત્યારે જ જેમ બને તેમ જલ્દી થાય તો સારું. તો ભક્તોએ કહ્યું કે, આજે સભા નથી કરવી અને જ્યાં સભા હતી ત્યાં નાસ્તા માટે બનાવેલ બટાટાવડા પણ બીજાને પધરાવી દેજો. અત્યારે ભગતને લોહી આપવા જવું વધારે મહત્ત્વનું છે. તેમણે ફોન કરી મને ઓફિસમાં જાણ કરી કે અમો આજે જ લોહી આપીશું. પરંતુ અમો વહેલા-મોડા

પહોંચીએ તો તમારે લોહી લઈ લેવું પડે. તો ડૉકટરે હા પાડી કે રાતના ૯ થી ૧૦ વાગ્યા સુધીમાં આવશો તો પણ લોહી લઈ લેશું. લોહી આપવા માટે ૧૨ થી ૧૫ ભક્તો હોસ્પિટલે સાંજે આવી લોહીનું ગ્રૂપ ચેક કરાવી લોહી આપવા માંડ્યા. તેમાં દિલીપભગત ખાખરી હડમતીયાવાળા જમ્યા વગર લોહી આપવા આવ્યા તેમને ચક્કર આવતા પડી ગયેલા તો ડૉકટરે કહેલું કે, ભલા માણસ અમોને કહેવું જોઈએ કે મેં ખાધું નથી. ભગત કહે કે, જો હું એમ કહું તો તમો મારું લોહી ન લો અને બીજાનું લઈ લો જેથી હું બોલ્યો નહીં.

ભગવાનની દયાથી પછી બધું સારું થઈ ગયું. ૧૨ થી ૧૫ ભક્તોમાંથી ૬ ભક્તોનું લોહી લઈ બે ભક્તોને સવારે વહેલા પાંચ વાગ્યે હોસ્પિટલે તાજું લોહી આપવાનું કહી ભક્તોએ વિદાય લીધી. બધા દર્દીઓ કહે કે, અહીં એક બોટલ પણ લોહી મળતું નથી તમે છ બોટલને બદલે બાર બોટલ લોહી મળી શકે તેમ હતું અને બધાનું એક જ ગ્રૂપ-બી પોઝિટીવ લોહી દઈ ભક્તો સવારે વહેલા ઓપરેશન વખતે તાજું લોહી દેવા માટે હકુભગત અમરાપુરવાળા અને નીતિનભગત મકવાણા હોસ્પિટલે આવ્યા. પછી ઓપરેશન થિયેટરમાં મને દાખલ કરી દીધો.

બધા ભક્તો નીતિનભગત, ધર્મેન્દ્રભગત, પંડ્યાસાહેબ, નરેશભગત, મનુભગત તથા બધા ભગતના ઘરેથી બૈરાઓ બધા મહારાજનું ભજન કરતા હતા. ત્યાં અચાનક વીજળી જેવો ઝબકારો થયો. મહારાજ છડીવાળી મૂર્તિનારૂપે ઓપરેશન થિયેટરમાં ગયા અને મહારાજે પોતે ઊભા રહી ડૉકટરને ચિંધીને ઓપરેશન કરાવ્યું. ઓપરેશન થઈ ગયા પછી ડૉકટર અમારી પાસે આવી બોલ્યા- ''તમારા દર્દી કા તો કમાલ કા ઓપરેશન હુઆ, લકડીવાલા ખુદા સામને હી થા, ઉસને કહા ઔર મૈને ઓપરેશન કિયા-'' પછી બધા ભક્તોએ હોસ્પિટલમાં મહારાજની મોટે મોટેથી જય બોલાવી, હોસ્પિટલમાં શ્રીફળ વધેરી બધા ભક્તોએ પાણી પીધું અને બધાં ભક્તો પ્રસાદી સાથે જમ્યા.

આ રીતે મહારાજે મને નવું જીવન આપી ખૂબ જ રક્ષા કરી છે. પ્રગટ ભગવાન ઓળખાયા પછી આ મનુષ્ય જન્મમાં બસ એમની ભક્તિ અને સેવા યથાશક્તિ થયા કરે તેમજ મહારાજના અનાદિ મુક્તોનો રાજીપો અમારા પરિવારમાં મારા દીકરા નિખિલ તેમજ બંને દીકરી પારસ અને મિત્તલ પર કાયમ રહે એવી પ્રગટ ભગવાનના ચરણોમાં પ્રાર્થના છે.



પરચા નં. ૧૧૭.

## અનાદિ મુક્તરાજ ચંદુભગત છોટાલાલભગત પરમાર

### ગામ : જાંબુડી, હાલ- સૂરત

**અમારા** પરિવારમાં અમારા ફૂઈ લલિતાબેન એ જૂનાગઢ મંદિર પાસે રહેતા. તેમને નિત્ય સવાર-સાંજ મંદિરમાં મહારાજના દર્શનનો લાભ મળતો અને ઘણીવાર પોતે બનાવેલા હાર મહારાજને બીજા દ્વારા ધરાવતા. લલિતાબેને ઘણાં જીવોને સંત સ્વરૂપમાં રહેલા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સાક્ષાત્ પરમધામાધિપતિ પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણ જ છે માટે એમની શરણાગતિ લઈ એમની સેવા-ભક્તિ કરી આપણા જીવાત્માનો મોક્ષ કરી લેવો જોઈએ, આવી સમજણ આપતા.

અમે મંદિરે દર્શન કરવા જતા ત્યારે ધોરાજીથી હેમંતભગતના બેન જૂનાગઢ કડિયાવાડમાં રહેવા આવ્યા. એમના સત્સંગથી મહારાજ ભગવાન છે એમ ઓળખાણ થઈ એટલે એ લલિતાફૂઈએ મારા બાપુજીને મહારાજ ભગવાન છે એમ ઓળખ આપી કહ્યું, તમે એકવાર મહારાજને મળો. એટલે મારા બાપુજીએ સંકલ્પ કર્યો કે, હું જાઉં ત્યારે મહારાજનો રૂમ આખો ભક્તોથી ભરેલો હોય અને મને બહાર જગ્યા મળે અને હું મહારાજને પગે લાગવા જાઉં ત્યારે મહારાજ મને એમનું લખેલું પુસ્તક આપે તો માનું એ ભગવાન છે ત્યારે મારા બાપુજી અગિયારસના દિવસે જૂનાગઢ ગયા ત્યારે મહારાજ પાસે જામવંથલીના ઘણાં ભક્તો આવ્યા હતા એ મહારાજના રૂમમાં બેઠા હતા અને મારા બાપુજી ત્યાં પહોંચ્યા અંદર જગ્યા ન હતી એટલે એ બહાર બેઠાં ત્યાં બપોરે જમવાનો સમય થયો એટલે હેમંતભગત આવી બધાને જમવા લઈ ગયા. બધા મહારાજને પગે લાગી એક પછી એક બધા જમવા ગયા છેલ્લે મારા બાપુજી મહારાજને પગે લાગી જમવા જવા લાગ્યા ત્યારે મહારાજે એમનું બાવડું પકડીને એના ગળામાં હાર પહેરાવ્યો અને બેસાડ્યા અને કહે, ભગત તમારે એક પુસ્તકનો સંકલ્પ છે ને ? આ એક નહીં બે પુસ્તકો. હવે કાંઈ ઘટે છે એટલે મારા બાપુજી મહારાજના પગમાં પડી ગયા ને કહ્યું, મહારાજ તમે ભગવાન છો મને કંઠી બાંધો એટલે મહારાજે કંઠી બાંધી અને બાપુજી ઘરે આવ્યા ને ઘરમાં વાત કરી કે, હવે સાક્ષાત્ ભગવાન આપણને મળી ગયા છે. પછી અમારે એક નિયમ થઈ ગયો કે અગિયારસ કે આઠમ આવે એટલે અમારે જૂનાગઢ જવાનું. અમારું ગામ જૂનાગઢથી ૫૦ કિ.મી. જેટલું થાય. એટલે આ દિવસોમાં જૂનાગઢ આવતા ત્યારે હેમંતભગતનો રાજીપો અમારી ઉપર ઘણો એટલે

મહારાજને મળવાનો, મહારાજની સેવા કરવાનો યોગ કરાવી આપે.

એકવાર મારા બાપુજીને હૃદય પર ગાંઠ થઈ ત્યારે મારા બાપુજી મહારાજને મળવા ગયા. ત્યારે હું ભેગો હતો. મહારાજ પાસે બેઠા, પગે લાગ્યા ને વાત કરી મહારાજ આ ગાંઠ થઈ છે એમ કહી મહારાજને ગાંઠ બતાવતા હતા અને કહેતા હતા કે આનું ઓપરેશન કરવાનું છે તો અહીંયા ક્યાંય મેળ નથી પડતો. અમદાવાદ સિવિલમાં જવું પડશે. આ ઈ.સ.૧૯૭૫ આસપાસનો સમય હતો. એટલે બહુ સગવડો અહીં નહોતી. એમ કહી મહારાજને વાત કરતાં હતાં ત્યારે મહારાજ કહે, મટી જશે. તો મેં કહ્યું, બાપા કેમ મટે ? ત્યારે મહારાજ કહે, આ ઘડી મટી જાય એમ કરી મહારાજે જ્યાં ગુમડું હતું ત્યાં આંગળી દબાવી કહ્યું આમ મટે. એટલે ગાંઠ હતી ત્યાંથી પરુની પીચકારી ઉડીને મહારાજ પર પડી. ત્યારે મહારાજ કહે, આ ગાંઠ ગઈ પણ હવે મારે નહાવું પડશે. એટલે અમે મહારાજે નવડાવ્યા ત્યાર પછી એ ગાંઠની જગ્યાએ ક્યારેય દુખ્યું નથી.

મારા બાપુજી ભક્તિ બહુ કરતા ને હું એમના ભેગો મહારાજ પાસે જતો. એટલે મહારાજની કૃપાને બાપુજીનો રાજીપો મને મળ્યો, મને સહેજે ભગવાન મળી ગયા એટલે હું ઘણીવાર મહારાજ પાસે જતો ત્યારે મહારાજને કાંઈને કાંઈ પ્રવૃત્તિમાં હોય એટલે મને કહે, સામો બેસી ભજન કર. ત્યારે હું મહારાજની સામે બેસી આંખો મિંચીને ભજન કરું ત્યારે મહારાજ કહે, તું આંખ મિંચીને શું કરશ ? મેં કહ્યું. તમારું રટણ કરું છું ત્યારે મહારાજ કહે, હું તારી સામે બેઠો છું ને તું આંખો મિંચીને ધ્યાન કરે છે, તું મને સામે જોતા જોતા ભજન કર. મહારાજે મને ચિન્હોનાં દર્શન કરાવ્યા છે. મેં ઘણીવાર મહારાજને આખે આખા શરીરને દાબ્યું છે. મહારાજ ઘણીવાર સાકર ખાઈને અડધો ગાંગડો મારા મોઢામાં મૂકતા.

એક વખત મેં સૂરતમાં ફ્લેટ લીધો ત્યારે મેં એક દિવસ મહારાજને પ્રાર્થના કરી કે, મહારાજ મેં ફ્લેટ સૂરતમાં લીધો, પરંતુ કામધંધો સૂરતમાં ગોઠવી આપો અથવા ફ્લેટ વેચાવી આપો. ત્યારે મારા કાકાના દીકરા આવ્યા અને મને કહ્યું એક જગ્યા છે ત્યાં ધંધો કરોને સૂરત આવતા રહો. કાંઈ તમારે ખર્ચ નથી જેમ થાય તેમ રૂપિયાની વ્યવસ્થા કરતાં જજો જગ્યા સારી છે. આમ મહારાજે સૂરતમાં ધંધાનું ગોઠવી આપ્યું. એકવાર એ દુકાનમાં રાત્રે શોર્ટસર્કિટ થયું. મેં સવારે દુકાન ખોલી તો આખી દુકાન કાળીમેશ થઈ ગઈ હતી એ દુકાનમાં સ્ટેશનરીનો સામાન હતો અને સ્ટેશનરીને કાંઈ નુકસાન થયું નહોતું અને મહારાજની પાઘવાળી મૂર્તિને કાંઈ થયું ન હતું. એકદમ ચોખ્ખી મૂર્તિ હતી. ત્યારે મેં કુંવરજીભગતને

બોલાવ્યા એમણે આ મહારાજનો બહું મોટો ચમત્કાર જોયો હતો.

એક વખત હું રોડ પર ચાલતો જતો હતો. ત્યારે એક કાચિંડો મોટરના વ્હીલ નીચે પીલાયો. આ મેં જોયું. કાચિંડો તરફડીયા મારતો હતો એ મારાથી ન જોવાયું એટલે બાજુની દુકાનેથી પાણી લઈ આ કાચિંડા પર મહારાજનો મંત્ર બોલી છાંટ્યું તે કાચિંડાએ દેહ છોડી દીધો ત્યારે મને મનમાં થયું કે આપણે બોલેલા મંત્ર અને પાણીની અંજલીથી એક જીવનો ઉદ્ધાર થઈ ગયો. આ આપણાં મહારાજની ભક્તિમાં મંત્રમાં કેટલી તાકાત છે. પછી મેં ભક્તિ વધારી દીધી.

ત્યાર પછી એકવાર મારા સસરા બહું બીમાર હતા એટલે ઘરના અને એના બેન મુંબઈવાળાએ નક્કી કર્યું કે બાપા પાસે આંટો મારી આવીએ ત્યારે મારાથી બોલાઈ જવાયું તારા બાપાને ધામમાં જવું છે. તો કહે, હા મૂકી દો ને. એટલે મેં કહ્યું, આ મહારાજની મૂર્તિ લઈ જા અને તારા બાપા સૂતા છે એની સામે મૂકી દીવો કરજે. હું મહારાજને પ્રાર્થના કરીશ ને તું બાપાને કાનમાં કહેજે, આ મૂર્તિ સામે જોયા કરે ને કહે જે આ મહારાજ તમને ધામમાં તેડવા આવશે એટલે એમ કરાવ્યું ને મેં મહારાજને કહ્યું, મહારાજ આ જીવ સંસારની રીતે મારા સસરા થાય એ જીવ દુઃખી થાય છે એને તમે ધામમાં તેડી જાવ. બીજા દિવસે અગિયારસની સવારે સાડા પાંચ વાગ્યે મહારાજ ધામમાં તેડી ગયા. આમ મહારાજે મારી ઘણીવાર લાજ રાખી છે.

એકવાર હું ભજન સેવા, મહારાજનું ધ્યાન કરતો હતો. ધ્યાન કરતા મને વિચાર આવ્યો કે, આપણો આત્મા છે એ કેવો હશે ? મહારાજને પ્રાર્થના કરી તો મહારાજની કૃપાથી મારા હૃદયમાંથી એક જ્યોત બહાર નીકળી ને મારી સામે આવીને રંગ-બેરંગી અનેક રંગોવાળી એ જ્યોત દેખાઈ એટલે મનમાં થયું આ મારા આત્મામાં કોણ બિરાજમાન હશે ? ત્યારે એ જ્યોતની વચ્ચે મહારાજ ખડખડાટ હસતા હોય તેવા દર્શન થયા ને થોડીવાર પછી એ જ્યોત મારા હૃદયમાં હું જોઉં તેમ સમાઈ ગઈ. આ જોઈને હવે હું ભજન કરું એટલે આનંદ આનંદ થયા કરે ને જે દિવસ ભજન ન થાય કે મોડું થાય તો મને ચેન ન પડે, બીજું ગમે જ નહીં. ભક્તો આવે તો સત્સંગ થાય, આનંદ આવે. હવે મારું જીવન જ એવું થયું કે કામકાજમાં સૂતા, બેસતા, ઉઠતા, ચાલતા મનમાં મહારાજનું જ રટણ ચાલુ જ હોય.

એકવાર હું મારી દુકાનની છાજલી તૂટી ગઈ એ છાજલીને રિપેરીંગ કરવા ટુલ પર

ચડ્યો ને છાજલીને પકડી ત્યાં મને કરંટ લાગ્યો ને હું છાજલીમાં ચોંટી ગયો ને મારા મુખમાંથી શબ્દો નીકળ્યા હે બાપા બાપા એટલે હું મહારાજને બાપા કહીને જ બોલાવતો. એટલે ત્યાં મહારાજે મને એ કરંટથી મુકાવીને મને પાછળથી પકડી નીચે મૂકી દીધો. મારો હાથ કાળો થઈ ગયો હતો. મેં કોઈને કહ્યું નહીં પણ ચાર-પાંચ દિવસ પછી હું ન્હાવા જતો હતો ત્યારે ઘરના એ જોઈ ગયા ને પૂછ્યું, કે આ શું થયું ? ત્યારે મેં આખી વાત કરી જેમ દ્રૌપદીના ચીર પૂરીને ભગવાને રક્ષા કરી એમ મહારાજે મને પાછળથી પકડીને નીચે ઉતારી દીધો. હે મહારાજ, એટલું બોલ્યો ત્યાં પાછળથી પકડીને મારી રક્ષા કરી. આ રીતે મહારાજ સદા ભક્તોની ભેળા જ છે.

એકવાર અમે જૂનાગઢ ગયા ત્યારે હું એક સંકલ્પ લઈ મહારાજ પાસે ગયો હતો. ત્યારે જલઝીલણી એકાદશી હતી. એટલે બધાં સંતો ઠાકોરજીને જલમાં ઝીલાવવા વિહાર કરવા નારાયણધરે લઈ જતા હતા. ઢોલ-નગારા, વાજા સાથે કિર્તનો બોલતા બોલતા જતા હતા અને હું મહારાજ પાસે પહોંચ્યો. ત્યાં મહારાજ રવેશમાં ઊભા રહી આ રવાડીને જોતા હતા ને હું મહારાજ પાસે ઊભો હું જોતો હતો ત્યારે હેમંતભગત આવ્યા ને કહે, ભગત આ રવાડી નારાયણધરે જાય છે તમેય જાઓને એમ કહી પાછા અંદર જતા રહ્યા. થોડીવાર પછી પાછા આવ્યા ને કહે, ભગત જાઓ ત્યાં આપણાં ઘણાં ભક્તો છે. રવાડી ગેટની બહાર નીકળી એટલે હું ત્યાં જ ઊભો રહ્યો વળી હેમંતભગત અંદર ગયા થોડીવાર પછી આવ્યા ને કહે, ભગત તમારે જવું નથી. રવાડી ગેટની બહાર નીકળી ગઈ એટલે મેં મહારાજ સામે જોયું તો મહારાજ કહે, એ આ ભગવાનને નવડાવવા આવ્યો છે તો હેમંતભગત કહે, તમે એકલા આ લાભ થોડો લેશો મારે પણ આજે જલઝીલણી એકાદશીના ભગવાનને જળમાં ઝીલાવવા વિહાર કરવાનો લાભ લેવો છે. પછી અમે મહારાજને અનાદિ શ્રીકૃષ્ણનારાયણનું નામ લેતા લેતા નવડાવ્યા. એટલે અનાદિ શ્રીકૃષ્ણનારાયણ ભગવાન બહુ રાજી થાય.

એકવાર અમે જૂનાગઢ ગયા ત્યારે બાલમુકુંદ ભવન બનતું હતું. તે મહારાજ અંદર એક ગલીમાં રૂમમાં રહેતા હતા તેમાં એક ટમટમીયું બલ્બ બળતો હતો, પંખો બંધ હતો ને મહારાજ સૂતા હતા ને કહે, લે હવે સેવા કરવા મંડ. હું સેવા કરવા લાગ્યો ને પંખો બંધ. ઉનાળાનો દિવસ બારીઓ પણ બંધ. અડધી કલાક થઈ, કલાક થઈ, સવા કલાક, દોઢ કલાક, બે કલાક થઈ હશે ને હું પરસેવે રેબઝેબ થઈ ગયો. હવે મહારાજ ન કહે ત્યાં સુધી મારાથી કેમ સેવા બંધ કરાય. ત્યાં તો મહારાજે આંખ ખોલીને મારી સામું જોયું ને બોલ્યા લે

હજી મંડ્યો છે ? મેં કહ્યું, મહારાજ તમે હલતા નહોતા, તમે ક્યાં હાલ્યા ગયા મને મૂકીને. મહારાજ કહે, ભક્તો સંભારતા હોય ત્યાં જાવું તો પડે ને ! પણ તું અહીં છો એ હું ભૂલી ગયો. આમ કહી જે મારી સામે જોયું ત્યાં મને જાણે એ.સી.માં બેઠા હોઈએ એવી ઠંડી લહેર દોડીગઈ ને મારું પરસેવાવાળું શરીર ઠંડુ પડી ગયું. આ મારો પ્રત્યક્ષ અનુભવ ને મહારાજ કહે, બેસ હમણાં ચા આવશે ત્યાં હેમંતભગત ચા લઈને આવ્યા. મહારાજ ચા તાસડીમાં પીતા એટલે અડધી ચા પીધીને બાકીની ચા મને આપી કે આ પીજા. ત્યારે મહારાજ કહે, હું તારા પર બહુ રાજી છું તું મને જ્યારે જ્યારે યાદ કર ત્યારે હું ભેગો જ છું. આમ મહારાજે બોલીને આશીર્વાદ આપ્યા હતા.

એકવાર હું મહારાજ પાસે બેઠો હતો એટલે મેં મહારાજને કહ્યું, મહારાજ મારે ગિરનાર ચઢવા જવું છે. ત્યારે મહારાજ કહે, આ ગિરનારમાં જેટલા બેઠા છે એ કેટલાંય વર્ષોથી તપ કરે છે, ઉંધે માથે વરસોથી છે એ મને મેળવવા તપે છે તોય એને હું મળ્યો નથી માટે તું બેસ તારે ક્યાંય નથી જવું. લે મારી પ્રદક્ષિણા કરી દંડવત્ કરી છે એમાં બધુંય આવી ગયું.

મહારાજ મારા માથે હાથ મૂકી કહેતા કે, તારે દાસભાવે ભજન કરવાનું. મહારાજ ધામમાં ગયા તે રાત્રે અઢી વાગ્યે મને છડી અડાડી ઉઠાડ્યો ત્યારે હું અને મારા બાપુજી બાજુ બાજુમાં ખાટલા ઢાળી સૂતા હતા. ત્યારે મેં કહ્યું, મને સૂવા દો ને. મહારાજ કહે, તો મોડું થઈ જશે. ત્યારે હું બેઠો થયો હજુ હું નિંદરમાં જ હતો. તું ભજન કરી લેજે ભજનમાં ચૂક ન આવે આટલું બોલીને મહારાજ અંતર્ધ્યાન થયા, મને થયું કે નિંદરમાં છું કે જાગું છું. મેં મને ચૂંટલો ભર્યો ના ના હું જાગું છું. ત્યાં મારા બાપુજી જાગી ગયા. મને કહે, કેમ બેઠો થઈ ગયો. મેં કહ્યું મહારાજ આવ્યા હતા અને આમ કહી ગયા ત્યારે બાપુજી કહે, તો ગજબ થયો. મહારાજે લીલા સંકેલી લીધી. બીજા દિવસે સમાચાર મળ્યા કે, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ધામમાં ગયા છે. જેથી સૌને ખૂબ દુ:ખ થયું, પરંતુ અંતર્યામીરૂપે મહારાજ સૌ ભક્તોને પ્રેરણા કરતા કે હું ભલે ધામમાં ગયો છું પણ છતાંય ભક્તો માટે પ્રગટ જ છું.

પરચા નં. ૧૧૮.

## અનાદિ મુક્તરાજ ઘનશ્યામભગત નાનજીભગત દેવાણી

### ગામ : મોટી કુંકાવાવ, હાલ- અમદાવાદ

**પ્રગટ** ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણની કૃપાથી કુંકાવાવ જેવા મહાન તિર્થમાં મારો જન્મ થયો. આમ તો મહારાજના દેવાણી પરિવારમાં જ મારો જન્મ થયો હોવાથી અમે સૌ નાનપણથી જ મહારાજને ભગવાનપણે જ માનતા પણ જ્યારે મોટા મુક્તભક્તોનો યોગ થયો કથાવાર્તા સાંભળી મહારાજનાં જામવંથલી ફુલવાડી મંદિરે દર વર્ષે ઉત્સવ સમૈયામાં દર્શન સેવામાં જવાનું થતું ત્યારથી વિશેષ ને વિશેષ મહારાજનો મહિમા સમજાયો.

મહારાજની હયાતીમાં જ એકવાર જૂનાગઢ મહારાજના દર્શન કરવા ગયા ત્યારે મહારાજ બાલમુકુંદ ભવનમાં શાસ્ત્રની રચના કરતા હતા ત્યારે મહારાજને દંડવત્ પ્રણામ કરી પાસે બેઠાં તો મહારાજે સામેથી જ કહ્યું, કુંકાવાવથી આવો છો અને નાનજીભગતના દીકરા છો ને ? તો મેં મહારાજને કહ્યું, હા મહારાજ. આપની કૃપા અને ઈચ્છાથી દર્શન કરવા અહીં આવ્યા છીએ આશિર્વાદ આપો કે, તમારી સેવા-ભક્તિ થાય અને વિશેષ સુખિયા થવાય. પછી મહારાજે આશિર્વાદ તો આપ્યા પણ સાથે પોતાની ચિન્હવાળી મૂર્તિ આપીને કહ્યું, જાવ આની સેવા-પૂજા કરજો અમે કાયમ તમારી સાથે રહીશું અને રક્ષા કરીશું.

આમ મહારાજ ભેગા ને ભેગા જ છે તેવું કાયમ અનુભવ તેમજ પરચા થયા જ કરે છે. મહારાજની કૃપાથી ખૂબ સુખી છીએ. અમારા ઘર-પરિવારમાં પણ સૌ મહારાજના જ ભક્તો છે. જેથી મને વિશેષ આનંદનો અનુભવ થાય છે. મહારાજના શિષ્ય આત્મપ્રકાશસ્વામીની પ્રેરણાથી જૂનાગઢ ધામે મહારાજના અગ્નિસંસ્કારના સ્મૃતિ મંદિરના નિર્માણ કાર્યમાં પણ મને વિશેષ લાભ મળ્યો છે. જેથી હું ધન્યભાગી થયો છું. હવે તો હું દરરોજ સવારે વર્ષોથી મનોમન માનસીપૂજામાં કુંકાવાવ, ફુલવાડી, જૂનાગઢ, અંજાર, સૂરત જ્યાં જ્યાં પણ મહારાજના મંદિરો થયા છે તેના દર્શન કરી અને મહારાજની હયાતીના દર્શનની એ યાદોને યાદ કરી નિવૃત્તિના આ સમયમાં યથાશક્તિ સેવા-ભક્તિ કરું છું.

બસ આ જ રીતે મારું શેષજીવન સેવામય, ભક્તિમય અને ધર્મમય પસાર થાય. મારો પુત્ર ચેતન પણ સત્સંગની આ પરંપરાને યથાવત્ જાળવી રાખે એ જ પ્રાર્થના છે.

પરચા નં. ૧૧૯.

## અનાદિ મુક્તરાજ કાનજીભગત ગંગદાસભગત કડિયા
### ગામ : જામવંથલી

**જામવંથલી** ગામના ભક્ત કાના કુરા નાનપણથી ધંધાર્થે જામનગર રહેતા. સુથારીકામ ખાસ કરીને ઘર વપરાશના ખાટલાના પાયા, પાટલા, બારી-બારણાં ફિટિંગ, બળતણ માટે લાકડા ફાડી દેવા જેવું પરચુરણ કામ ગામમાં ખભે હથિયારની થેલી લઈ 'સુતારીકામ'ની બૂમ પાડતા ઘણા વર્ષ કામ કર્યું. બપોરના સમયે સ્વામિનારાયણ મંદિરમાં ઠામ-વાસણ ઉટકવાની સેવા, ત્યાં જ ભોજન, મજૂરીના પૈસા મળે તેનો હિસાબ મહારાજને કહે. મહારાજ તે પૈસાની બચત કરાવતા કરાવતા સોનાની લગડીઓ લેવડાવી, ઘરેણાં ઘડાવડાવી આપે. આમ કુરજીભાઈને માલામાલ કરી સુખીયા કરેલ. આવી ઘણી વાતો અહીં અમારા ગામના ભક્તોને જણાવતા.

જામવંથલીના સુથાર કાનજી કુરજીના માતુશ્રીને આંખે દેખાતું નહીં અને વૃધ્ધ અવસ્થા હતી. તે સમયે તેમને પારેવળાની જેમ મુખમાંથી અવાજ શરૂ થઈ ગયો હતો. ચોવીસ કલાક ઘુ.. ઘુ.. ઘુ.. અવાજ બધા સાંભળે તેમ જોરશોરથી બોલતા હતા. તેથી તેમના પુત્રોને અત્યંત ચિંતા થવા લાગી હતી. તેમને પ્રથમ તો દવાખાને સારવાર કરાવી પણ કાંઈ ફરક નો પડયો પછી મહારાજને જામનગર મંદિરમાં જ કાનજીભાઈએ પ્રાર્થના કરી કે, હે મહારાજ આ પ્રમાણે તકલીફ છે ત્યારે મહારાજ કહે, બારે કયાંય સારૂં જોતા હોય ને વાતમાં જાણતા હોય તેની પાસે લઈ જાવ. આમ વાત સાંભળીને તેઓ ચારે તરફ ઈલમી, બાવા વગેરે સ્થાનક લઈ ગયા પણ ફરક ન પડયો.

છેવટે કંટાળીને મહારાજ પાસે આવે ને વળી મહારાજ નવી નવી જગ્યા બતાવે ને આ ભગત ત્યાં લઈ જાય એમ કરતાં કરતાં ખુબ થાકયા પછી એક દિવસ મહારાજે તેમને કહ્યું, કુરજી આ લાકડાં બળતણ સળગાવવા માટે આવ્યા છે માટે તેને ફાડી આપો. ત્યારે કુરજીભાઈએ તો સાંજે બાવળના લાકડાં સખત મહેનત કરીને ફાડી નાખ્યા તે જોઈને મહારાજ અતિ રાજી થયા ત્યારે કુરજીભાઈ કહે, મહારાજ હવે તો અમે જગ્યાઓ ફેરવી ફેરવી ને થાકયા છીએ તમે તો સમર્થ છો અને હવે અમારે બીજે ક્યાંય નથી જાવું તમારે દયા કરીને મટાડવું હોય તો મટાડો. ત્યારે મહારાજ રાજી થઈને આશીર્વાદ આપીને વાંસામાં થાપો મારીને બોલ્યા કે, જે હવે તું સમજયો, માટે જા તારા માતાજીને સાવ સારું

કરી દેશું. કાલ સવારે તમે વહેલા પૂજાના સમયે મારી પાસે ઉપર ઓરડીએ આવજો. પછી સવારે હથેળીમાં બધું દેખનારા સર્વેના પ્રાણ આધાર અંતર્યામી પ્રભુજીએ પ્રસાદી જળ આપીને ડોશીમાંને પીવરાવવાનું કહ્યું અને બીજી વિધી બતાવી તે પ્રમાણે કુરજીના માતાજીનો અવાજ બંધ થઈ ગયો અને પહેલા હતા તેવા જ સાજાસારા થઈ ગયા.

કાળક્રમે જામનગરથી મહારાજને જૂનાગઢ મુકામે રહેવાનું થયું. પછીના થોડાં વરસ પછી કુરજીભાઈ અને તેમના ઘરેથી ઉજીબેન જામવંથલી રહેવા આવ્યા. અહીં પણ મોટી ઉંમરે ગામમાં સુતારીકામ થોડું-ઝાઝું કરી ભજન સ્મરણ કરતા.

આશરે ૮૫ની ઉંમર થઈ કુરજીભાઈને તાવ અને ઝાડા વારંવાર જવાનું થયું. ચોમાસાની ઋતુમાં ઉપર મુજબ ઉપાધીમાં રાતના એકાએક મહારાજ અને જામનગરના ઘનશ્યામ મહારાજે કુરજીભાઈને દર્શન આપ્યા અને કહ્યું : 'કુરા' (વહાલમાં ટુંકાક્ષરી નામથી સંબોધન કર્યું) હાલ તને ધામમાં તેડી જવા અમો આવ્યા છીએ. ત્યારે કુરજીભાઈએ જવાબ આપ્યો કે- 'મારે હજુ બે-ચાર કામ બાકી છે, જેવા કે ફુલવાડી મંદિરના કળશ ચડ્યા નથી તે જોવું છે. લોજ સ્વામિનારાયણ મંદિરની મૂર્તિ પ્રતિષ્ઠા નથી થઈ તે જોવું છે... આ બધું મારે જોવું છે માટે મારે ધામમાં નથી આવવું. તમે પાછા જાઓ હું નહીં આવું, હું કુરો જોડો-જડ છું, હું કોઈનું માનતો નથી ! પછી મહારાજે કહ્યું, તો કુરા સાંભળ, તને પાંચ વર્ષ રાખી દઈએ છીએ. પાંચ વર્ષ પછી તેડી જઈશું અને સવારે ઉઠીને ખીર (દૂધ-ચોખાની ખીર) પીજે એટલે આ તારું દુઃખ મટી જશે. એમ કહી અદૃશ્ય થઈ ગયા.

સવાર પડવાની રાહ જોતા સમય જાય નહીં. સવારને હજી વાર હતી. કુરજીભાઈ ઉજીબેનને વારંવાર કહે - ગામમાંથી દૂધ લઈ આવ મને ખીર બનાવી દે. સૂર્ય ઊગ્યા પહેલા વહેલા ઉજીબેન તેમના ભાઈ ગામમાં રહેતા હતા તેમની ઘરે દૂધ લેવા ગયા અને ખીર બનાવવાની વાત કરી. યોગ્ય સમયે ગાયનું દૂધ લઈ ઉજીબેન ઘેર આવી કુરજીભાઈ માટે ખીર બનાવી. કાંસાની મોટી થાળી ભરાય એટલી ખીર કુરજીભાઈએ ખાધી અને સાજા નરવા થઈ ગયા.

આ બનાવ બન્યા પછી દિવાળી પર મંદિરમાં થોડા નિવૃત્ત ભક્તો બેઠાં હતાં. વાતમાંથી વાત નીકળતા કુરજીભાઈએ પોતાના મંદવાડની અને શાસ્ત્રીજી મહારાજ ધામમાં લઈ જવા આવેલ તે બનાવ અંગે વાત કરી.

સમયને જતાં શું વાર લાગે. કાળક્રમે ઉપરોક્ત વાતના અનુસંધાને કુરજીભાઈને પગથી ચાલવામાં તકલીફ પડવા માંડી. ડગુમગુ ચાલી શકે, મંદિર પુરતા આવે. ગામમાં સુતારીકામ બંધ. બે દિવસ કુરજીભાઈ મંદિરે આવી શક્યા નહીં. ફળિયામાં ખાટલામાં ઉઘાડા શરીરે કુરજીભાઈ બેઠા હતા. ખમીસ પહેરવા પ્રયત્ન કરે પણ હાથ કામ કરે નહીં એટલી અશક્તિ. નાનજી લક્ષ્મણ કાચા તેમની ખબર કાઢવા ઘરે આવ્યા તો તેમને કહે, 'હવે ધામમાં જાવું તો પડશે'. તેમણે ભગવાનની ઈચ્છા પ્રમાણે થશે એવી આશ્વાસનભરી વાત કરી પાંચ-દસ મિનિટ બેસી રજા લીધી.

તેના પછીના દિવસે રાત્રીના ત્રણ વાગ્યે કુરજીભાઈનો જીવ બ્રહ્મરંધ્રમાંથી નીકળી મહારાજના પરમધામમાં ગયો. શિયાળાનો સમય અને પ્રથમના મંદવાડ પછી પોણા પાંચ વરસ મૃત્યુ પાછું ઠેલી પરમધામવાસી થયા.

રાતના સમયે તેઓ અને પત્ની બે જ વ્યક્તિ ઘરમાં હતા અને આમ થયું. ઉજીબેન બેબાકળા વિહ્વળ થતાં તુરત જ ઘર બહાર નીકળી રડતા રડતા, મોટે અવાજે બોલતા પોતાના ભાઈ દામજીભાઈને ઘેર જઈ વાત કરી. ભજન-સ્મરણ કરતાં કરતાં પછીની યોગ્ય વિધિ-વિધાન કરી કુરજીભાઈની અંતિમક્રિયા થઈ.

આ બનાવમાં મહારાજના અનન્ય શિષ્ય કુરજીબાપાનું આત્મબળ, આત્મનિષ્ઠા અને શરણાગતપણું જોઈ, સાંભળી ગામમાં સર્વને આશ્ચર્ય થયું. પણ મહારાજે એના પ્રિય, શિષ્યની રક્ષા કરી અંતકાળે પોતાના પરમધામમાં પણ તેડી ગયા.

પરચા નં. ૧૨૦.

## અનાદિ મુક્તરાજ વિજયભગત ચુનીલાલભગત સોલંકી

### ગામ : રાજકોટ, હાલ- અમદાવાદ

**મારી** ઉંમર આશરે ૧૫ વર્ષની હતી ત્યારે હું રાજકોટમાં બેડિનાકા વિસ્તારમાં રહેતો હતો. ત્યાં સાંખ્યયોગી દોલતબાનું બાઈઓનું સ્વામિનારાયણ મંદિર આવેલ છે. ત્યાં કથા-પારાયણ વાંચવા પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ આવેલા ત્યારે મેં તેમના પહેલી વખત દર્શન કરેલા. શું તેમનું મુખારવિંદનું તેજ હતું. કોઈ સંતોના મુખારવિંદ પર આટલું તેજ મેં હજુ સુધી ૬૨ વર્ષમાં જોયું નથી તેવું અલૌકિક તેજ હતું. મારા દાદી કસ્તુરબેન સાથે હું પણ ભૂપેન્દ્રરોડ પર આવેલ સ્વામિનારાયણ મંદિરે આરતીનાં દર્શન કરવા કાયમ જતો. પછી તો વર્ષોનાં વ્હાણા વાઈ ગયા.

સમય જતાં ઈ.સ.૧૯૮૬માં મારી નોકરી જાણીતા મીડિયા ગ્રૂપમાં અમદાવાદમાં થતા મારા પરિવાર સાથે હું અમદાવાદ આવ્યો. ત્યારે હું સમભાવ મીડિયામાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે મારી ફરજ બજાવતો હતો. ઈ.સ. ૨૦૦૫માં કોઈની ઈર્ષ્યાનો ભોગ બનવાનો મારો વારો આવ્યો એટલે મેનેજમેન્ટે મને નોકરીમાંથી છૂટો કર્યો. પછી હું ઈ.સ. ૨૦૦૭માં અમદાવાદ સંદેશ પ્રેસમાં જોડાયો, સંદેશ પ્રેસમાં મારી ફરજનો સમય બપોરે ૪ થી રાત્રે ૧૨ વાગ્યા સુધીનો હતો. સવારે પાર્ટટાઈમ હું અમદાવાદની કર્ણાવતી કલબમાં ગુજરાતી ટાઈપિંગનું કામ કરતો હતો ત્યાં એક દિવસ મે ઈ.સ. ૨૦૦૮ના ગાળામાં રાજકોટ રહેતા મારા સાઢુભાઈ સુરેશભાઈ કાચા અને શ્રી કાંતિભગત (જીરાગઢવાળા) અને બીજા બે ત્રણ હરિભક્તો કર્ણાવતી કલબ પર ઓચિંતા આવ્યા અને મને કહ્યું કે, આ ફુલસ્કેપ સાઈઝમાં હાથથી લખેલા લક્ષ્મીનારાયણ સંહિતાના આશરે દસેક ચોપડા મને બતાવી કહ્યું કે, આ તમારે ૧૫ થી ૨૦ દિવસમાં ટાઈપ કરી આપી બુકના ફોર્મેટમાં સેટિંગ અને લે-આઉટ કરવાના છે અને અમારે ગુરુપૂર્ણિમાના દિવસે લક્ષ્મીનારાયણ સંહિતાનું વિમોચન કરવાનું છે. મેં કાંતિભગતને કહ્યું, ભગત હું તો સામાન્ય માણસ છું, મારી પાસે કોમ્પ્યુટર પણ નથી તે હું ૧૫ દિવસમાં કેવી રીતે આ કામ પૂર્ણ કરી શકું. તેમણે મને કહ્યું, આ ચોપડા હાથમાં પકડો એટલે પછી મહારાજ બધી સગવડ કરી આપશે.

મને મહારાજની પ્રેરણા થઈ એટલે મેં મારા મિત્ર એવા કોમ્પ્યુટર એન્જિનિયર સંજયભાઈને મેં વાત કરી એટલે તેમણે મને એક કોમ્પ્યુટરની હમેથી સગવડ કરી આપી અને

પછી મારે ઘેર રાત્રીના બે-ત્રણ વાગ્યા સુધી જાગીને મેં કામ તો શરું કરી દીધું. મને વિચાર આવ્યો આવી રીતે થોડો થોડો સમયમાં કામ કરવાથી ગુરુ પૂર્ણિમા સુધીમાં પ્રિન્ટિંગ સાથેનું કામ નહીં થઈ શકે. જો મને સંદેશ પ્રેસમાં ૧૫ દિવસની રજા મળી શકે તો જ આ શક્ય છે. મેં મારા ઈન્ચાર્જને ૧૫ દિવસની છુટ્ટી અંગે વાત કરી તેમણે મને છુટ્ટીની ના પાડી. મેં મનમાં વિચાર્યું કે, મહારાજના કામ માટે ખોટું બોલી છુટ્ટી લેવી પડશે તો જ કામ થઈ શકશે. ભલે ભગવાનના કામ અંગે ખોટું બોલવું પડે તો બોલીશ. એમ નિશ્ચય કરી બીજા દિવસે હું હાથ પર હાડવૈદ્યનો પાટો બાંધી સંદેશ પ્રેસ પર ગયો અને ઈન્ચાર્જને વાત કરી કે મને એક્સિડેન્ટ થવાથી હાથ પર વાગ્યું છે માટે ૧૫-૨૦ દિવસમાં હાથ સાજો થશે. તેમ ખોટું બોલી રજા લેવી પડી.

પછી હું સવારે વહેલા ૫ વાગ્યે ઊઠી લક્ષ્મીનારાયણ સંહિતા ટાઈપિંગનું કામ શરૂ કરી દેતો. પછી આમ કામ આગળ વધતું જતું હતું. ટાઈપિંગના ૬૧૭ પેઈજનું પ્રુફરીડિંગ કરવું પડે એટલે મેં કાંતિભગતને વાત કરી જો બહાર વાંચવા માટે આપીશું તો ૧૫ દિવસ બીજા નીકળી જશે. તેમણે મને કહ્યું કે, તમે કામ કરતા જાવ અમે રાજકોટથી અમદાવાદ આવીને બે દિવસમાં વાંચી નાખીશું. ત્યારે હું ઈલોરા એપાર્ટમેન્ટના હાઉસીંગના ૧૦/૧૦ના રૂમમાં હું અને મારું કોમ્પ્યુટરનું ટેબલ, મારા ધર્મપત્ની અને બે સંતાનો અને રાજકોટથી આવેલા આશરે પાંચથી છ હરિભક્તો એમ ૧૦ થી ૧૨ જણા કેવી રીતે સમાઈ જતા તેની કલ્પના કરવી મુશ્કેલ છે. તેમાં રાજકોટથી હરિભક્તો આવેલા તેમને જમાડવા માટે મારા ધર્મપત્ની રેખાબેને રવાનો શિરો બનાવ્યો તે પણ એટલા ઉત્સાહમાં હતા કે, એકવાર શિરામાં સાકર નાખવાનું જ ભૂલી ગયા બધાં હરિભક્તોએ જમી લીધું તે સાંજે ગયા પછી મને કહે હું તો શિરામાં સાકર નાખતા જ ભૂલી ગઈ હતી. મેં પણ કહ્યું કે, શિરામાં સાકર તો હતી જ મોળો તો હતો જ નહીં. આમ મહારાજની કૃપા હોય તો મોળો શિરો પણ મીઠો થઈ જાય.

હું લક્ષ્મીનારાયણ સંહિતાનું કામ કરી દરરોજ રાત્રે દોઢ - બે વાગ્યે સૂતો હતો. આ કામ દરમ્યાન મને અને મારા ધર્મપત્નીને વહેલી સવારે ચાર-પાંચ વાગ્યાના સુમારે મહારાજની અલૌકિક જે જૂનાગઢના બાલમુકુંદ ભવનમાં સુખશૈયાવાળી સૂતેલી મૂર્તિ છે તે જ મૂર્તિ અને તેજ સૂતેલા મહારાજ મારા ઈલોરાવાળા મકાનના પલંગ પર સુતેલા હોવાના અલૌકીક દર્શન થયા. મેં આ અંગે કાંતિભગતને વાત કરી તેમણે મને કહ્યું, તમારા અહોભાગ્ય કે તમે લક્ષ્મીનારાયણ સંહિતાનું કામ કરો છો માટે તમોને મહારાજે દર્શન આપ્યા અને હવે તમે

મહારાજના શરણાગત ભક્ત થયા છો.

બીજો પરચો ત્યારે મળ્યો જ્યારે આ બુકનું ૬૧૭ પેઈજનું ટાઈપીંગનું કામ પૂર્ણ થયું. હવે લક્ષ્મીનારાયણ સંહિતાની બુકનાં ફોર્મેટમાં પ્રિન્ટિંગ કરાવવાનું હતું. અનેક જગ્યાએ ભાવ કઢાવ્યા બધાનાં ભાવ ખૂબ જ ઊંચા આવતા હતા. તે મુદ્રા ઓફસેટવાળા મૃગેશભાઈ પાસે હું અને કાંતિભગત ગયા. ત્યાં મહારાજે ચમત્કાર બતાવ્યો મૃગેશભાઈએ લક્ષ્મીનારાયણ સંહિતા ૧૦૦૦ નંગ બુક ટુ-કલર પ્રિન્ટિંગ રૂ.પાંચ લાખ જેવા વ્યાજબી ભાવમાં કરી આપ્યું અને ગુરૂપૂર્ણિમા પહેલા રાજકોટ બુક પહોંચાડી દીધી અને બુકનું વિમોચન થયું ત્યારે મેં એક મહારાજની મૂર્તિ પણ લીધી. એ લાલજી મહારાજની મૂર્તિ આજે પણ મારા મંદિરમાં શોભાયમાન અને હાજરાહજૂર છે.

ઈ.સ. ૨૦૧૯ના દિવાળીના દિવસે નિત્યક્રમ મુજબ  મહારાજને થાળ જમાડી હું બપોરનું ભોજન કરી સૂતો હતો ત્યારે બપોરે આશરે ૧-૩૦ વાગ્યાનો સમયે સ્વપ્નમાં મને મહારાજે મારા ખભા પર બે-ચાર વખત થાપલી મારી કહ્યું કે, ઉઠ તને ખબર નથી દિવાળીના દિવસે મને લીલી ચોળીનું શાક ધરાવવાનું હોય. મને ખૂબ ભૂખ લાગી છે. બાદમાં મારી ઊંઘ ઉડી ગઈ અને મેં મારા ધર્મપત્ની રેખાબેનને સ્વપ્ન વિશે જાણ કરી તે મને કહે, મહારાજનો આદેશ છે તે તો માનવો પડે. ત્યારે બપોરે બે વાગ્યે હું શાક માર્કેટમાં લીલી ચોળી શોધવા ગયો અને એક જગ્યાએ મળી પણ ગઈ. ઘેર લાવી તેનું શાક બનાવી ગરમા ગરમ રોટલી અને લીલીચોળીનું શાક મહારાજને જમાડ્યું.

માર્ચ-૨૦૨૦માં મારે નોકરીમાંથી રિટાયર્ડ થયા પછી મહારાજના શિષ્ય કૃષ્ણપ્રકાશ સ્વામી (જૂનાગઢ- બાલમુકુંદ ભવન)વાળા એ મારો હાથ પકડતા આજે પણ મહારાજની અમિદૃષ્ટિથી મારે કામ શોધવા જવું પડતું નથી. મહારાજના વચનામૃત-પરાવાણી, અભિનંદન ગ્રંથ તેમજ મહારાજના હરિક્તોના પરચાની બુકના ટાઈપિંગનું કામ મળવાથી મારા જીવનની ગાડી ચાલ્યે રાખે છે.

૧૯, જાન્યુઆરી ૨૦૨૧ના રોજ મને અને મારા ફેમિલીના અન્ય ત્રણ સભ્યોને કોરોના થતાં મારે હોસ્પિટલાઈઝ થવાની જરૂર પડી. સદ્દભાગ્યે ૧૦૮ એમ્બ્યુલન્સવાળાએ મને પૂછ્યું, દાદા તમારે કઈ હોસ્પિટલમાં જવાની ઈચ્છા છે ? તો મેં તેમને કહ્યું કે, મારી સોલા સિવિલ હોસ્પિટલમાં ઓળખાણ હોવાથી મને ત્યાં દાખલ કરવામાં આવે પણ

મહારાજની ઈચ્છા કંઈક અલગ જ હશે. ૧૦૮ એમ્બ્યુલન્સવાળાએ મને કહ્યું કે, દાદા તમને એસજીવીપી છારોડી સ્વામિનારાયણ ગુરુકુલ હોસ્પિટલમાં લઈ જઈએ છીએ જ્યાં તમને કોઈ પણ જાતનો ખર્ચ નહીં આવે. આમ મને ત્યાં એડમિટ કરવામાં આવ્યો. તે હોસ્પિટલમાં સામાન્ય રીતે એક દિવસનો ખર્ચ રૂ.૨૩૦૦૦ ચાર્જ થતો હોય છે પણ મહારાજની કૃપાથી એક પણ પૈસાનો ચાર્જ ચૂકવ્યા વગર માત્ર ૬ દિવસમાં મને સાજો કરી ઘેર મોકલી આપ્યો. સૂડીનો ઘા સોઈથી ટળી ગયો તે આનું નામ.

મારા ધર્મપત્ની રેખાબેનને જ્યારે ઈ.સ. ૨૦૧૪માં સિવીયર બ્રેઈન સ્ટોક આવતા મહારાજની કૃપાથી ત્રણ દિવસે ભાનમાં આવેલ હતા અને આઠેક વર્ષથી તેમના શરીરમાં નાની મોટી ઘણી હૃદયના વાલ્વની બીમારી પણ હતી મને અમદાવાદ સિવીલના ડૉકટરે કહ્યું હતું કે, આમને 'કાચના વાસણની માફક રાખવા' ગમે ત્યારે ફૂટી શકે તેમને તેમની રીતે જીવવા દેવાના. કેમ કે આવો એટેક ફરી પણ આવી શકે. માટે હૃદયના વાલ્વ બદલવાની તેમણે ના પાડી હતી.

હાલમાં મહારાજે આપેલા મને છેલ્લા પરચાની વાત કરું તો ફરી ૧૯, જાન્યુઆરી-૨૦૨૩ના રાત્રે ૧૨-૦૦ કલાકે ફરી મારા ધર્મપત્નીને સિવીયર બ્રેઈન સ્ટોક આવતા તે બિલકુલ ભાનમાં ન હતા. અમે એમ્બ્યુલન્સ બોલાવી ઘર પાસે આવેલ સોલા સિવીલ હોસ્પિટલમાં લઈ ગયા. ડૉકટરોએ તેમની રીતે બનતી બધી કોશિશ કરી. હવે મારાથી ધીરજ રહેતી ન હતી. તે મેં જૂનાગઢ કે.પી.સ્વામીને મારા ધર્મપત્ની રેખાબેનનો ફોટો મોકલી જાણ કરતા તેમણે મને એકાદ કલાકમાં જાણ કરી કે, વિજયભાઈ આ વખતે તેમની બચવાની શક્યતા ઓછી છે અને જો બચશે તો તેમને વધુ તકલીફ પડશે માટે મહારાજ તેમને પરમધામમાં તેડી જાય તેવી આપણે પ્રાર્થના કરીએ. કે.પી. સ્વામીએ મને કહ્યું કે, તા.૨૧-૧-૨૦૨૩ની વહેલી સવારે ૪-૦૦ વાગ્યે કાલ માયા...વાળો મંત્ર ૧૧ વાર બોલી તેમને મહારાજનું પ્રસાદીનું જળ પીવડાવજો એટલે તેમનો તરત જ મોક્ષ થઈ જશે અને મહારાજ તેમને જરૂર પરમધામમાં તેડી જશે. મેં તેમને વહેલી સવારે ૪-૩૦ કલાકે મંત્ર બોલી જળ આપ્યું ત્યાર બાદ ૫-૩૦ કલાકે મારા ધર્મપત્નીએ માત્ર એક વાર આંખ ખોલી હતી ત્યાર બાદ આંખ બંધ કરી દીધી અને બપોરે ૨-૧૦ કલાકે તેમને ડૉકટરે મૃત્યુ પામેલ જાહેર કર્યા.

મને જાન્યુઆરી-૨૦૨૨માં એક્સિડેન્ટ થયેલ હતો. તેમાંથી સાજા થતા લગભગ ૯ મહિના થયા હતા. તે દરમિયાન ત્યારે હું સાવ ભાંગી પડ્યો હતો પણ મારી ધર્મપત્નીની મેં

૭ વર્ષ સેવા કરી તેના બદલા રૂપે મારું એક્સિડેન્ટ થયું ત્યારે તેણે મારી સેવા કરી મારું સેવાનું ઋણ ચૂકવી વિદાય લઈ લીધી... મારા ધર્મપત્ની મારા જીવનમાં ૩૬ વર્ષ રહ્યા પણ તેમની કોઈ ડિમાન્ડ નહીં. કેવું નિરામય અને નિર્મોહી જીવન જીવી ગયા તે મારા પ્રગટ ભગવાન જાણે છે.

મહારાજની પૂર્ણ કૃપાથી અમારા પરિવારમાં સૌ સાથે મળી ધર્મમય પવિત્ર જીવન જીવી પ્રગટ ભગવાનની સેવા-ભક્તિ કરીએ છીએ. જ્યારે પણ જીવનમાં નાના-મોટા દુઃખ કે આપત્તી આવે એટલે તરત મહારાજને હૃદયથી યાદ કરી પ્રાર્થના કરીએ એટલે તરત મહારાજ અમને એ દુઃખમાંથી મુક્ત કરી સુખી કરે છે. આ રીતે પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણ અખંડ અમારી ભેગા છે અને કાયમ ભેગા જ રહે, પરિવારમાં સુખ-શાંતિ અને સેવા-ભક્તિના સદ્‌ગુણો રહે એ જ પ્રાર્થના સાથે જય અનાદિ શ્રીકૃષ્ણનારાયણ.

પરચા નં.
**૧૨૧.**

## અનાદિ મુક્તરાજ દેવરાજભગત કાનજીભગત રાઠોડ

**ગામ : ચાવડા, હાલ- રાજકોટ**

**પ્રગટ** ભગવાનના ભક્તરાજ દેવરાજ કાનજી ભક્ત ઈ.સ.૧૯૬૪ની સાલમાં પૂનાથી બીમાર થતા દેશમાં ગયા હતા. બીજે દિવસે જામનગર પ્રગટ ભગવાન પાસે દેવજીભાઈ તથા હંસરાજભાઈ બંને મંદિરે ગયા, પ્રગટ ભગવાનના દર્શન કર્યા અને દંડવત્ કર્યા ને ભગવાનને પ્રાર્થના કરી કે અમારો નાનો ભાઈ બીમાર થઈને પૂનાથી કાલે આવ્યો છે. તો આપ રક્ષા કરો ને દુઃખ મટાડો. ત્યારે મહારાજ કહે કે, મોટા ડોકટરને બતાવો ત્યારે શાહ ડોકટરની હોસ્પિટલમાં ગયાને ફોટો પડાવ્યોને પાછા મંદિરમાં આવ્યા ત્યારે પ્રગટ ભગવાને આજ્ઞા કરી કે, અહીં આરામ કરો ત્યારે બેઠા ને મહારાજની સેવા કરી. ચાર વાગ્યે પાછા હોસ્પિટલ ગયા ત્યારે મોટાભાઈ હંસરાજ ભગતે ડોકટરને પૂછ્યું કે, ફોટામાં શું બીમારી બતાવે છે ત્યારે બંને ભાઈઓ સામે બેઠા હતા ને ડોકટર કહે, દેવજીભાઈને ટીબી થઈ ગયો છે. ત્યારે મોટાભાઈને બહુ ચિંતા થઈ અને થોડું ઘણું હટાણું બજારમાંથી લઈને સાંજના ગાડીમાં ચાવડા જતા રહ્યા ને બીજે દિવસે સવારે દેવજીભગત દવા લેવા પાછા જામનગર ગયાને બજારમાંથી દવા અને ૨૫ ઈન્જેકશન લઈ મંદિરે પ્રગટ ભગવાનને બતાવવા ગયા ત્યારે ભગવાને તેના ઉપર પ્રસાદીનું જળ છાંટ્યુંને કહે, તે હવે દુઃખ ગયું. દવા બરોબર લેજો.

પછી દેવજીભગત બપોરના મેલમાં પાછા ચાવડા જતા રહ્યા અને જામવંથલી ઈન્જેશન લેવાનું ચાલું કર્યા ને એક દિવસ અને બીજા દિવસે બે લેવાના એમ ચાલું કર્યા. થોડા દિવસે બીમારી ઓછી થવા લાગી અને દેવજીભગતના ધર્મપત્ની જીવતીબેનને તે વખતે આણું તેડેલા ને પાછા પિયર મોકલી આવ્યા ત્યારે જીવતીબેનને બહુ જ ચિંતા થવા લાગી ને પ્રગટ ભગવાનને પ્રાર્થના કરી કે, હે પ્રભુ અમારા આવા ભાગ્ય નબળા કેમ કે અમો સાસરે ગયાને અમારા પતિશ્રી બીમાર થયા આમ ચિંતા થવા લાગી. તે વખતે મહારાજ જામવંથલી શ્રાવણ માસની કથા વાંચવા આવતા એક મહિનો જામવંથલી રોકાયા હતા અને દેવજીભગત ચાવડાથી દરરોજ પ્રગટ ભગવાનના દર્શન કરવા જતા હતા.

એક દિવસ મહારાજે જીવતીબેનને જગાડીને દર્શન આપ્યા અને આશ્વાસન આપ્યું કે, તમે ચિંતા નહીં કરતા, ભગત સાવ સાજા થઈ જશે. તે દરરોજ અમારે દર્શન આવે છે તો કાલે અમો આજ્ઞા કરશુંને તમોને મળવા અહીં મોકલશું તો તમો વાત કરશો કે ભગવાન

અહીં પધાર્યા હતા ને મારી ચિંતા મટાડી ગયા છે.

દેવજીભગત પ્રગટ ભગવાનના દર્શને ગયા ત્યારે આજ્ઞા કરી કે, દેવજીભગત આજે તમારા ઘરવાળા જીવતીબેનને મળીને પછી ચાવડા જજો. ત્યારે મહારાજની આજ્ઞાથી દેવજીભગત ત્યાં ગયાને જીવતીબેનને મળ્યા ત્યારે ઘણો જ આનંદ ભરી પ્રગટ ભગવાનના દિવ્ય દર્શનની વાત કરીને બંને ભક્તો રાજી થયા ને શરીર સારું થવા લાગ્યું.

સોમવતી અમાસના ડાયાલાલ રવજી તથા નારણ ભીમજી બેય જણા પૂનાથી પ્રગટ ભગવાનની આજ્ઞાથી જામવંથલી આવ્યા અને ગામ જમાડવાનું કહી દીધું. ત્યારે રસોઈ કંપ્લીટ થઈને ગામ જમી ગયું. વંથલી, ચાવડા અને લાખાણીના હરિભક્તો છેવટે મહેમાનો ૩૦ જણા મંદિરની મેડી ઉપર જમવા બેઠાં હતા તેમાં દેવજીભગત પણ સાથે જમવા બેઠા હતા ત્યારે પ્રગટ ભગવાન પોતે પીરસતા હતા. ત્યારે દેવજીભગત જમતા ન હતા ત્યારે પ્રગટ ભગવાન કહે, તમે કેમ જમતા નથી. ત્યારે દેવજીભગત કહે, મહારાજ તમોએ સાકરનું ખાવાની ના કહી છે. ત્યારે મહારાજ રાજી થઈ ગયાને તે ભક્તનું દુઃખ ટાળવા તૈયાર થઈ ગયા અને કહે, અહીં મારી આગળ સુઈ જાવ. ત્યારે દેવજીભગત સુઈ ગયાને પ્રગટ ભગવાન લાડવાનો ત્રાસ હાથમાં લઈ પેટ ઉપર પગ મૂકીને ત્રણ વખત આ બાજુથી પેલી બાજુ ટપી ગયા તો પણ પેટ પર થોડો પણ વજન લાગ્યો નહીં ને તેમનું દુઃખ ટળી ગયું. પછી મહારાજે ભાવથી જમાડીને રાજી કરી આશિર્વાદ આપ્યા.



પરચા નં.
**૧૨૨.**

## અનાદિ મુક્તરાજ પરષોત્તમભગત મનજીભગત રાઠોડ
### ગામ : ચાવડા, હાલ- રાજકોટ

**પ્રગટ** ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણના દૃઢનિષ્ઠાવાળા, વિશ્વાસુ, આજ્ઞાંકિત, પ્રગટ ભગવાનમાં ખૂબ જ ભાવનાવાળા અને રાજી કરવાવાળા ચાવડા ગામનાં પરષોત્તમભગત ખેતીકામ કરતા. નબળી સ્થિતિનાં ખેડૂત હતા છતાંપણ ભગવાનને અર્થે, દર્શન સેવા અર્થે સમય કામકાજનું પણ ધ્યાન રાખ્યા વગર તત્કાળ ચાવડાના સૌ કોઈ ભક્તોની સાથે સેવાનું કામ હોય કે મહારાજ પધાર્યા હોય ત્યારે ગાડાનો રથ જોડી તૈયાર કરી મહારાજને ગાડામાં બેસાડી ઘેર ઘેર પધરામણીઓ કરતા.

મહારાજ ચાવડા પધાર્યા ત્યારે પરમધામાધિપતિ પુરુષોત્તમ નારાયણ સાક્ષાત્ પધાર્યા છે તેવા અતિ આનંદ સાથે આખા ગામમાં સમૈયાના જેવો માહોલ થયો. સૌ કોઈ પણ જ્ઞાતિજનોને, ભક્તોને આનંદનો પાર ન હતો. પુરુષોત્તમભગત સહપરિવાર ભગવાનના દિક્ષીત, આશ્રીત મંત્ર-શરણાગતિ પામેલા પ્રગટનું ભજન કરનારા અને સ્થિતિ નબળી પણ ભાવ મોટો. પણ ગરીબડા સેવકો ભગવાનને વહાલા હતા. અને ભક્તો કહે તેમ ભગવાન કરતાં, તત્પર રહેતા.

મહારાજના દરેક ઉત્સવો પ્રસંગો એ પછી રાજકોટ હોય કે જામનગર હોય કે જૂનાગઢ હોય, કુંકાવાવ હોય. આ બધા ચાવડાના ભક્તો હંજરાજભગત (બંને), પુરુષોત્તમભગત, પટેલો, દરબારો, ટપુલાલભગત, દેવજીભગત આદિ બધા સપરિવાર સાથે ઉત્સવોમાં સેવાના આનંદોને માણતા.

પુરુષોત્તમભગત એકવાર જૂનાગઢ મહારાજના દર્શન કરવા ગયા ત્યારે મહારાજને કહે, હવે ચાવડામાં ખેતી કામ કરતા અમારી ઉંમર તો આખી વઈ ગઈ, બે લુગડે જ થયા પણ તેમોએ અમારું ધ્યાન રાખ્યું છે. અમારા સામું જોયું છે. તેથી તમારા આશીર્વાદ વડે સપરિવાર સુખીયા છીએ પણ હવે આ મારો છોકરો જયસુખ તમારો ભગત છે. કામકાજ કરતા શીખી ગયો છે. તેમને મહારાજ વિદેશ મોકલી દો, આશીર્વાદ આપો. સુખી થાય, તમારું ભજન-સેવા થાય. મહારાજે જયસુખભગત રાઠોડના માથે હાથ મૂકી પોતાના કપાળનો ચાંદલો આંગળીથી જયસુખભગતને કર્યો, જાવ દુબઈ જાઓ. દર્શને આવ્યા છો હવે દર્શનની તાણ ન રાખશો. દુબઈ જવાનું થઈ જશે. પછી પહોંચો ત્યારે ત્યાંથી પત્ર લખજો.

આમ મહારાજે બધા ભક્તોને પણ ખૂબ ખૂબ અંતરના આશીર્વાદ વડે સુખીયા થવાના જ સંકલ્પો કર્યાં છે. આશિર્વાદ આપ્યા છે તેથી જયસુખભગત વિદેશ દુબઈ ગયા છે. ત્યાં ભક્તોનો વસવાટ સમૂહ છે. કામકાજ કરતા ભજન-સત્સંગ થાય છે. પ્રગટ ભગવાનના અમીભર્યા પત્રો આવે છે. તેથી ભક્તોને મોટું સુખ છે. સભામાં પત્ર વાંચતાની સાથે પ્રગટ ભગવાનની અનુભૂતિઓના દર્શન થાય છે. સમય પ્રમાણે તકે તકે જયસુખભગતે કુંકાવાવ પાદરમાં મંદિરની સેવા, જન્મઘરમાં મંદિર માટેની સેવાઓ, ફુલવાડી મંદિરની સેવાઓ કરીને મહારાજને ખૂબ રાજી કર્યાં છે.

પરષોત્તમભગતના બીજા દીકરા રસિકભગતને પણ નાનપણમાં મહારાજના દર્શન સેવાનો ખૂબ લાભ મળ્યો છે અને રસિકભગત પર મહારાજના ખૂબ રૂડા આશિર્વાદ રહ્યા છે તેથી હાલમાં તેઓ દુબઈમાં રહીને પણ મહારાજની નિયમપૂર્વક સેવા-પૂજા કરીને ધર્મ-નિયમમાં રહીને પણ સત્સંગ જાળવી રાખ્યો છે અને પોતાની કમાણીમાંથી કુંકાવાવ, જામવંથલી, જૂનાગઢ આ મહારાજના પ્રસાદીના ધામોમાં દરેક કાર્યમાં સેવાનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કરી રહ્યા છે.



પરચા નં.
**૧૨૩.**

## અનાદિ મુક્તરાજ નારણભગત થાલાભગત સાયના
### ગામ : આંધ્રપ્રદેશ (આલુર)

**આંધ્રપ્રદેશના** આલુર ગામમાં તેલુગુ ભાષા બોલાય પણ ત્યાંના રહેવાસીઓને આ પ્રગટ ભગવાનનો યોગ થાય તે તો પ્રગટ ભગવાનની કૃપા વડે જ થાય. કારણ કે આખા બ્રહ્માંડમાં રહેલા અનંત જીવોના ભક્તપતિ ભગવાન છે. જીવ જો ગુણગ્રાહી થાય તો જીવમાંથી મુમુક્ષુ અને મુમુક્ષુમાંથી ભગવાનનો ભક્ત થઈ જાય છે.

નારણભગત-આલુર,ગંગારામભગત-આલુર,મલૈયાભગત-આલુર આ ભક્તોને દુબઈમાં વશરામભગતનો યોગ થયો. કંપની સાથે આ બધા ભક્તો કામકાજ કરતા. વશરામભગત ફોરમેન હતા તેથી આ ભકતો તેમની આજ્ઞામાં રહેતા. કામકાજ કરીને પાછા રૂમે આવતા અને જમી-પરવારીને બધા ભક્તો વશરામભગત પાસે કથા-વાર્તા સાંભળવા આવતા. વેલજીભગત પ્રગટની કથા-વાર્તા, પરચાઓની વાતો, ભગવાન કેને મળે, ક્યારે મળે, કેમ મળે ? આ બધી જ્ઞાનની વાતો કહેતા. ભોળા ભક્તો પણ વિશ્વાસ જબરો તેથી ભક્તિનું બળ વધતું ગયું. રોજ કથાવાર્તાઓ થતી. વશરામભગતે ભક્તોની બધી જ અંદર-બહારની અશુદ્ધિઓ કઢાવી નાખી. શરીરે શુદ્ધ થયા પછી દુબઈ ભક્તોની સભામાં આવતા જતા અને વશરામભગતની સેવા કરતા. પ્રગટની વાતો-કથા કરતા. ભગત કહે, જીવને આ ભગવાનનો ગુણ આવે તો જીવ ગુણી થાય, જીવ ગુણી થાય તો સત્સંગનો કેફ વધે, ભક્તિનું બળ વધે. ભક્તિના બળ વધતા સેવાની ભાવના થાય. સેવા પણ ભગવાનની આજ્ઞા મુજબની તકે જે સેવા મળે તે તક સાધી લેવી. આ ગુરૂના વચનો અને ભગવાનના વચનો સમાન જાણી તેઓ દુબઈમાં રહેલા મોટા ભક્તોની આજ્ઞામાં રહેતા. દુબઈમાં ઘેર ઘેર મહાસભાઓ ઉત્સવો થતા અને પ્રભુજીની આજ્ઞા મુજબ ફુલવાડીને સેવતા.

વશરામભગતે આ ભક્તોને પાત્રવાળા જાણી મહારાજના મંત્ર, દિક્ષા, શરણાગતિ આપી છે અને આ બધા ભક્તો ગામડાંના પણ અધિક ભક્તિ કરવાવાળા અને આ જ્ઞાને સીર સાટે સેવા કરવાવાળા મોટાની ગણતરીમાં આવી શકે તેવા ભક્તો હતા. કંપનીમાં રહી મહિનાના મળેલા પગારોની લક્ષ્મીજીની દ્રવ્ય સેવાઓ તેમણે ફુલવાડીમાં કરી છે. તેમજ ફુલવાડી સભા-સમૈયામાં આવીને પ્રભુજીના દર્શન કરેલા છે.

નારણભગત, ગંગારામભગત જ્યારે વશરામભગત ભેળા કંપનીમાં હતા ત્યારે

જુનાગઢ પ્રત્યક્ષ પ્રભુ બિરાજમાન હતા. મહારાજના પ્રસાદીપત્રો વશરામભગત ઉપર આવતા, આશીર્વાદ આપતા. વશરામભગતે મહારાજને જુનાગઢ પત્ર લખી જણાવ્યું કે, આપની કૃપાદૃષ્ટિ વડે તેલુગુ નવા ભક્તો થયા છે, તમારું ભજન કરે છે, તમોને સેવા મોકલી છે. મહારાજે વળતો પ્રસાદીપત્ર નારણભગત, ગંગારામભગત પર લખીને આશીર્વાદ આપ્યા છે કે, આંધ્રપ્રદેશવાળા નારણભગતની ચઢતી કળા હો. આમ પ્રગટ ભગવાનની અમીદૃષ્ટિથી પોતાના હૃદય સિંહાસનમાં આ ભક્તોનું સ્થાન રહ્યું છે.

નારણભગતે પછી તો દેશમાં આવી આલુર ગામના ઘણા માણસોને પ્રગટ ભગવાનની ઓળખાણ આપી છે. પૂ.શાંતિલાલભગત બગીચા તેમજ તેમના શિષ્યમંડળે મળી આંધ્રપ્રદેશમાં મંદિર બનાવી મહારાજની મૂર્તિ પ્રતિષ્ઠા કરી છે અને હાલમાં નારણભગત મંદિરના મહંત સમાન, પુજારીપણે, દાસભાવે ભગવાનની સેવા, કથા વાર્તા, આરતી, ધૂન કરે છે. ધન્ય છે આ ભક્તોને...



પરચા નં.
**૧૨૪.**

## અનાદિ મુક્તરાજ દિલુભગત પોપટભગત દેવાણી
### ગામ : મોટી કુંકાવાવ

**હું** સૌ પ્રથમ ઈ.સ.૧૯૭૧માં મારા બાપુજી પોપટબાપા સાથે જૂનાગઢ મહારાજના દર્શને ગયો હતો. મારા બાપુજીને મંદિર શોધવામાં મુશ્કેલી પડે એટલે મને સાથે લઈ જતા. કુંકાવાવમાં ખેતી કામમાં કોસ હાંકતા હાંકતા જ્યારે નવરાશ મળતી ત્યારે બાપુજી જૂનાગઢ જતા. આમ ઘણી વખત મારે જૂનાગઢ જવાનું થતું. જૂનાગઢમાં નવા સભામંડપમાં મહારાજ કથા વાંચતા. ત્યારે પોપટબાપા મહારાજને દંડવત્ કરતા ત્યારે મહારાજ એક દંડવતમાં કહેતા હવે રાખો, એમ કહી પોતે પહેરેલો હાર મારા બાપુજીના ગળામાં પહેરાવતા.

એકવાર કુંકાવાવમાં જ્યારે કંભરા માતાને મહારાજના દર્શન કરવાની ઈચ્છા હતી ત્યારે મારા બાપુજી એક વખત વાડીએ ગયા ત્યાં બાજરો વાવ્યો હતો એ બાજરામાંથી મહારાજે દર્શન દીધા હતા. મહારાજ કહે, હું બાને દર્શન દેવા આવ્યો છું અને તમે બાને આ ગાડામાં લઈ આવો. એટલે મારા આતા કંભરામાને ગાડામાં લઈ આવ્યા. કંભરામા અને મહારાજ મળ્યા. માને સંતોષ થયો. 'કંભરામાને ઘરે મૂકી આવું' એમ કહી બાપુજી મા ને મૂકવા ગયા અને મહારાજને કહ્યું, 'તમે અહીં રહેજો હું હમણાં જ આવું છું.' મારા બાપુજીએ આવીને જોયું તો કોઈ ન મળે. આમ મહારાજ કંભરા માતાને દર્શન દેવા માટે જ આવ્યા હતા.

એક વખત હું અને મારા બાપુજી જૂનાગઢ દર્શન કરવા ગયા. અમે મહારાજ પાસે બેઠાં હતાં. ત્યારે મહારાજ કહે, મને આ પોપટભાઈએ નાનપણમાં ટાપલીયે પણ મારી નથી, માટે તમારે પણ છોકરાઓને મારવું નહીં.

હું મહારાજ પાસે બેઠો હતો ત્યારે મહારાજ બોલ્યા કે, ગામના માણસો એમ વાતો કરતા કે ગોપાળબાપાનો દિકરો બાવા સાધુ સાથે રખડે છે પણ હું તો કાશીમાં ભણતો હતો અને સાથે ઠેક ઠેકાણે કથા વાંચવા જતો. હું પોપટભાઈને ટપાલ લખતો કે, હું અહીં કાશીનગરીમાં છું અને આપ સૌના આશીર્વાદથી ભણવામાં હોંશિયાર છું. ગામને આ વાતની થોડી ખબર હોય.

એક વખત મહારાજે કહ્યું, હું નાનો હતો અને મારા બાપુજી ગોપાલબાપા મને લેવા જેતપુર આવ્યા ત્યારે હું જેતપુરથી જૂનાગઢ આવ્યો હતો એટલે સંતો ગોપાલબાપાને

કહે, કુંવરજી તો જૂનાગઢ ગયા છે. પછી ગોપાલબાપા જૂનાગઢ આવ્યા. જૂનાગઢના સંતો કહે, કુંવરજી તો જેતપુર ગયા છે. ત્યારે ગોપાલબાપા જૂનાગઢથી જેતપુર ચાલીને આવ્યા અને જેતપુરથી કુંવરજીને ખભે બેસાડી કુંકાવાવ ચાલતા આવ્યા હતા. બીજી વખત બાલમુકુંદ સ્વામી કુંકાવાવ આવ્યા ત્યારે કંભરાલક્ષ્મી અને ગોપાલદેવે રાજી થઈને મહારાજને (કુંવરજીને) બાલમુકુંદ સ્વામીને શિષ્ય તરીકે અર્પણ કર્યા અને સાધુ થવાની રજા આપી હતી.

બાલમુકુંદ સ્વામી અવારનવાર કુંકાવાવ મંદિરે આવતા. આપણાં મકાનના નવેળામાં કુઈ હતી તે કુઈનું પાણી જે કોઈ પીતા તેને વાળાનો રોગ થતો. ત્યારે બાલમુકુંદ સ્વામીની ઘરે પધરામણી કરાવી અને આ વાત કરી. ત્યારે સ્વામીએ પ્રસાદીના ફુલ એ કૂઈમાં નાખ્યા એટલે પાણી સારું થઈ ગયું. પછી તો આ કુઈનું પાણી ગામના સૌ ભરી જતા. એ જ વખતે બાલમુકુંદ સ્વામી સાથે મહારાજ (કુંવરજી)ને જૂનાગઢ સાધુ થવા મોકલ્યા હતા.

એક વખત હું, મારા ધર્મપત્ની તથા મારા બેન જૂનાગઢ દર્શને ગયા અને મેં મહારાજને વાત કરી કે, મહારાજ ઘરના સભ્યોને પણ તમારા દર્શન કરવા છે. ત્યારે મહારાજ જૂના ભવનની સીડીએ પીઠ બતાવીને ઊભા રહ્યા. હું મહારાજની પાસે ઊભો હતો પછી હું નીચે ઉતરી આવ્યો. ત્યારે મારા દીકરા ચેતનના મમ્મી કહે, મહારાજનું મુખારવિંદ તો પોપટબાપા જેવું જ છે.

એક વખત અમે જૂનાગઢ હતા અને મંદિરમાં આરતીનો સમય થયો તો ઘરના સભ્યોએ પૂછ્યું કે, અમારે મહારાજ ને કેમ ઓળખવા ? ત્યારે મેં કહ્યું કે, બધા સાધુ ઊભા હોય તેમાં મહારાજ એક ફૂટ ઊંચા દેખાશે. આમ ઘરના સભ્યોએ મહારાજને ઓળખી દર્શન કર્યાં હતાં.

એક વખત હું મહારાજ પાસે ગયો ત્યારે મેં મહારાજને કહ્યું, મને એક પુસ્તક આપોને. ત્યારે મહારાજ કહે, માળિયામાં છે. હું માળિયામાં લેવા ગયો પણ પહોંચી શક્યો નહીં. મેં કહ્યું, હું પહોંચી શકતો નથી. ત્યારે મહારાજે પોતાના હાથના આંકડા ભીડી મને ઉપર ચડવા કહ્યું, હું ઉપર ચડ્યો તેમ છતાં પહોંચી શક્યો નહીં. પછી ફરી વખત મહારાજ કહે, હવે ઉપર ચઢ અને હું પગ દઈ ચઢ્યો તો પુસ્તક સુધી પહોંચી ગયો. આમ ભગવાને લીલા કરીને પોતાની હાઈટ વધારી હતી.

એક વખત મારા ભત્રીજા અશ્વિન અરજણ દેવાણી (કે.પી. સ્વામીના પિતાશ્રી)

સાથે જૂનાગઢ મહારાજના દર્શન કરવા ગયા હતા. ઈ.સ.૧૯૭૫માં મૂર્તિ પ્રતિષ્ઠામાં હું અશ્વિનને કુંકાવાવ સાથે લઈ ગયો હતો અમે અમદાવાદથી કુંકાવાવ આવ્યા હતા. ત્યારે હું જબલપુર હતો. પછી અમે જૂનાગઢ ગયા હતા. ત્યાં મહારાજ પાસે સ્ટિલના ત્રણ ડબ્બાઓ હતા. એકમાં પેંડા, એકમાં સાકર અને એક ડબ્બો ખાલી હતો. ત્યારે મહારાજે ત્રણ કાગળ રાખીને પહેલા ડબ્બામાંથી બે પેંડા એક કાગળમાં રાખ્યા, બીજા ડબ્બામાંથી સાકર ત્રણે કાગળમાં રાખી, ત્રીજો ડબ્બો ઉઘાડ્યો કાંઈ ન હતું ત્યારે ડબ્બાને ઢાંકણું દઈ ડબ્બાને ફેરવ્યો ને એ ડબ્બામાંથી પેંડા કાઢ્યા અને ત્રણે કાગળમાં રાખી અમને પ્રસાદીના પડીકા આપ્યા. આમ મહારાજે ઘણી વખત અલૌકિક ઐશ્વર્ય-ચમત્કાર બતાવ્યા હતા.

હું, અશ્વિન દેવાણી અને ધીરૂભાઈ વસાણી કુંકાવાવમાં મૂર્તિ પ્રતિષ્ઠા બાદ જૂનાગઢ દર્શન કરવા ગયા. મોડું થઈ ગયું હતું એટલે કાળવાચોકમાં અમે નાસ્તો કરવા ગયા. ત્યાં મેં નાસ્તો ન કર્યો પછી અમે મહારાજ પાસે મંદિરે ગયા. ત્યાં મહારાજ કહે, જમ્યા. એટલે અશ્વિનભગત કહે, હા જમ્યા. ત્યાં મહારાજ કહે, બે જણાં જમ્યા પણ એક જણ ભૂખ્યો છે. પછી અમને કહ્યું કે, હેમંતભગત પાસે જાઓ અને ત્રણે જણાં જે હોય તે પ્રસાદ લઈ લ્યો અને મહારાજે રાજી થઈ આશિર્વાદ આપ્યા કે, તમે ત્રણેય સુખી થશો તેમજ તમારા દીકરાઓ પણ અમારી સેવા-ભક્તિ-કાર્યો કરનારા થશે.

એક વખત સવારે વહેલા ઊઠીને હું જન્મ સ્થળે દર્શન કરવા ગયો. હું જન્મસ્થળના ડેલાનું તાળું ઉઘાડી અંદર ગયો ત્યારે એક નાનો છોકરો સાત આઠ વર્ષનો, બાજુની રૂમમાંથી નીકળીને પાછલી શેરીમાં દોડી ગયો. જોયું તો ક્યાંયથી અવાય એવું હતું જ નહીં. મને થયું કે, આ છોકરો ક્યાંથી આવ્યો હશે ? પછી મેં વિચાર્યું કે, આ તો મહારાજને અતિ વ્હાલું પ્રસાદિનું જન્મસ્થાન છે, મહારાજ તો કાયમ અહિં બાલકૃષ્ણ રૂપે આવતા જ હોય. આ તો મારા અહો ભાગ્ય કે, મહારાજે આજે પોતાનાં દિવ્ય સ્વરૂપ બાલકૃષ્ણ રૂપે આવી મને દર્શન આપ્યા.

મહારાજના જન્મસ્થળમાં મારા બા દરરોજ સાફ સફાઈ કરીને પાણીયારે પાણી ભરતા અને ગાયના એક ટબુડી દૂધમાં તુલસીનું પાન નાખી વસ્ત્ર ઢાંકીને મહારાજને ધરતા. એક દિવસ જન્મસ્થળે દર્શન કરવા ગયો. ત્યાં મારી બા કહે, મહારાજને આ દૂધ ધરાવ્યું છે પ્રસાદીનું છે એ તું લઈ લે. ત્યારે મેં એ ટબુડી લીધી વસ્ત્ર ઉતાર્યું જોયું તો માત્ર તુલસીનું પાન જ હતું. મેં મારા બાને કહ્યું કે, ટબુડી તો ખાલી છે માત્ર તુલસીનું પાન જ છે. મારા બા ને

આશ્ચર્ય થયું પછી થયું ભગવાન રાજી થયા છે ને મારું ધરાવેલ દૂધ જમ્યા છે. તેથી મારા બા ધોળીબા ખૂબ રાજી થયા. આમ મહારાજ તેમના જન્મસ્થાનમાં હાજરાહજૂર વર્તે છે.

હું દક્ષિણ ભારતમાં ઘણી જગ્યાએ ફર્યો. કયારેક પ્રસંગોપાત કુંકાવાવ આવવાનું થતું ત્યારે હું મહારાજના દર્શને જૂનાગઢ અચૂક જતો. મહારાજને રૂ.૫૦૦ ભેટ ધરતો ત્યારે મહારાજ કહેતા કે, અમને તો બે જોડી ધોતિયાં મળી જાય એટલે અમારે કોઈ પાસે માગવું ન પડે. માટે તારે મને વરસે બે જોડી ધોતિયાંની સેવા આપી દેવી. આવી રીતે મહારાજ મારી સેવા સ્વીકાર કરતા.

એક વખત મારે મહારાજના કરચરણના ચિન્હોના દર્શન કરવાની ઈચ્છા હતી. હું અને શામજીભાઈનો વિનુ બંને જૂનાગઢ દર્શન કરવા ગયા ત્યારે મને કહ્યું, અહીં આવો બંને જણા શંકા હોય ને તો કાઢી નાખો. એમ કહી વિનુ તરફ હાથ લાંબો કરી કહે આ લ્યો કરી લ્યો દર્શન ત્યારે તે વિનુને દર્શન થયા મને બાજુમાં બોલાવ્યો અને મને કહે, કાંઈ દેખાય છે. ત્યારે વિનુને ચિન્હોના દર્શન થાય પણ મને દર્શન થતા ન હતા. મહારાજ કહે, તને નથી દેખાતું. મેં કહ્યું, મને નથી દેખાતું. તેથી મહારાજ હાથ ટાઈટ કરી પોતે ટટ્ટાર થઈને બેઠા ને કહે, જો હવે દેખાય છે. પછી મને ચિન્હો દેખાયા. ત્યારે વિનુ કહે, કાકા હવે મને કાંઈ નથી દેખાતું. મહારાજ કહે, ઘડીક આને દેખાય ને ઘડીક આને દેખાય એવું વળી શું છે ? પછી મહારાજે મંદ મંદ હસતા હસતા કહ્યું, દિલુ આને ભગવાન કહેવાય.

આમ અમે ચિન્હોનાં દર્શન કર્યા પછી મહારાજથી થોડા હટીને દૂર બેઠાં ત્યાં મહારાજ બોલ્યા, તમે એમ ન સમજતા કે આ મામુલી બાવો છે. એમ કહી અમને બાજુમાં બોલાવ્યા ને ડાબા પગનું ધોતિયું થોડું ઊંચુ કરી સાથળમાં લાલઘુમ ઉપસેલા લક્ષ્મીજી પગની આંટી મારીને બેઠાં છે એ દર્શન કરાવી મહારાજ કહે, લક્ષ્મીજી પણ અમને વરેલા છે માટે સમયજતાં કુંકાવાવમાં એટલો રૂપિયો આવશે કે કુંકાવાવવાળાને બેઠાં બેઠાં બહારગામથી મારા દર્શને આવનાર ભક્તોની સેવા જ કરવાની છે. રૂપિયા બધાં બહારથી આવશે અને કુંકાવાવમાં મારી જન્મજયંતી એવી ઉજવાશે બ્રહ્માંડના સર્વે ઈશ્વરો દેવો સૌ આવશે અને આ મહાતીર્થ તરીકે પૂજાશે અને એ સહુ દેવો-ઈશ્વરો-અવતારોનાં બધાં ચિન્હો હું ધરાવું છું માટે કુંકાવાવમાં ખૂબ સમૃદ્ધિ આવશે. તથા મહારાજે એમ પણ કહ્યું હતું કે, કુંકાવાવમાં મને પાદરે બેસાડ્યો છે. તો હવે માનતા પુરી કરવા અહીંયા ન આવવું ત્યાં પાદરે જ માનતા માની લેવી પુરી કરવી. કુંકાવાવમાં હું ૨૪ કલાક હાજર જ વર્તું છું તમારું ધાર્યું કામ પૂરું થશે. કુંકાવાવ

મોટું યાત્રાનું ધામ થશે. જ્યારે દેશ-વિદેશમાં મારા શાસ્ત્રોની કથા વંચાશે ત્યારે મને અને કુંકાવાવ-જૂનાગઢ અને જામવંથલી ધામને ગોતતા ગોતતા સૌ આવશે. કુંકાવાવવાળાને તો ક્યાંય યાત્રા કરવા જવાની જરૂર નથી. કુંકાવાવમાં જ સર્વે તિર્થો મારી સેવા-ભક્તિ કરવા વસ્યા છે.

આમ પ્રગટ ભગવાન પોતાનું ભગવાનપણું દેખાડતાં જાય, રમુજ કરતા જાય, જ્ઞાન દેતા જાય પણ એમ જ કહે કે, હું ભગવાન છું. એટલે આમ એ ભગવાનના શબ્દો અને એ મળ્યાનો યોગ, દર્શનનો સમય અને ભગવાનનું અંતર્યામીપણું એ એવું અલૌકિક છે કે ભગવાનની રીત કળાતી નથી. પણ આજે એ દિવસોને યાદ કરીએ છીએ ત્યારે કલાકો સુધી જાણે સમાધીમાં બેઠા હોઈએ એવો અનુભવ, આનંદ, આશ્ચર્ય, અલૌકિકતાથી અંતર આત્મા પ્રફુલ્લિત થઈ જાય છે.

ભગવાન પોતાના ભક્તોને કોઈપણ પ્રકારે પોતાની મૂર્તિમાં ખેંચી જાય છે અને એ ભક્તને ભગવાનની મૂર્તિ વિના બીજું કાંઈ ભાસતું નથી, ગમતું નથી અને જ્યારે જ્યારે આ પ્રગટ ભગવાનનાં ભક્તમંડળના ભક્તો મળે છે ત્યારે મન પ્રફુલ્લિત થઈ જાય છે.

પરચા નં.
**૧૨૫.**

## અનાદિ મુક્તરાજ ગોબરભગત શામજીભગત કાછડિયા
### ગામ : મોટી કુંકાવાવ

**ગોબરભગત** મોટી કુંકાવાવ તીર્થધામના પ્રગટ ભગવાનના લાડીલા પરમભક્ત છે. તેઓને નાનપણથી જ ગાયોની સેવા કરવી ખૂબ જ ગમતી તેથી ગાયોની સેવા સાથે સવારે ધૂન ભજન, પ્રભાતી ફેરી કરતા. કુંકાવાવ પાદરના સ્મૃતિ મંદિરે મૂર્તિ પ્રતિષ્ઠાએ શ્રીહરિ શરણાગતિ મંડળના તમામ ભક્તોએ ઉત્સવ ઉજવ્યો ત્યારે ગોબરભગત પણ ભેગા હતા. તેમને થયું કે અમારા ગામના આ મોટા સાધુ પણ આજે ભગવાન છે. જગવિખ્યાત થઈ ગયા. અમને પ્રગટ ભગવાન મળ્યા છે. અમારા ભગવાન અને અમારા ગામમાં જન્મ તેથી કુંકાવાવ મોટું તીર્થ થયું છે. તેમાં અમો રહ્યા તેથી અમારા ધન્ય ભાગ્ય છે.

એકવાર ગોબરભગત જૂનાગઢ ગામના ઘણાં હરિભક્તો સાથે  મહારાજના દર્શને ગયા છે. સર્વે અવતારોનું ભજન કરનારા ભક્તો અવતારી એવા પરનારાયણના દર્શન કરે છે. ત્યારે મહારાજે સર્વેભક્તોને કહ્યું કે, સારું થયું તમે દર્શને આવ્યા. તમારે સૌએ કામકાજે જતા પહેલાં પાદર મંદિરે અમારા દર્શન કરીને કામકાજ કરવું. આમ કહી મહારાજે રાજી થઈ ગોબરભગતને એક માખણીયા લાલજી મહારાજનું સ્વરૂપ આપીને કહ્યું, આ મુર્તિ તમારા ધાર્યા સંકલ્પ પુરા કરશે અને તમારી રક્ષા કરશે.

ગોબરભગત બેંક મેનેજર હતા. પણ સાદગીભર્યું જીવન સંતસમાન શોભાયમાન છે. સેવા, પ્રામાણિકતા અને સત્યતા તેમનો જીવનમંત્ર છે.મહારાજે તેઓને મંત્ર-દિક્ષા શરણાગતિ આપીને કહ્યું કે, તમારે ગાયોની જ સેવા કરો છો, મુંગા પશુઓની સેવા કરો છો, ભૂખ્યાને જમાડો છો. તે સેવા જ કર્યા કરજો અને પ્રભાતફેરી, ધૂન, ભજન, કરતા રહેજો. આમ મહારાજના રાજીપાના આશીર્વાદો મેળવી ગોબરભગતે અસંખ્ય ભક્તોને ભગવાનની ઓળખાણ આપી ભજન કરાવ્યું છે અને કલ્યાણ કર્યું છે. આવા ભગવાનને વહાલા ભગતે કુંકાવાવ, જૂનાગઢ, ફુલવાડી મંદિરે દર્શન-સેવા કરીને પ્રગટ મહારાજની સેવા-ભક્તિ કરી છે અને કરાવી છે.

અનાદિ મુક્તરાજ પૂજ્ય ગોબરભગતની આજ્ઞાથી કુંકાવાવ તેમજ આજુબાજુના અનેક ગામડાંઓ અને શહેરોના ઘણાં લોકો ભગવાન ભજતા થયા છે, નિર્વ્યસની થયા છે, સદ્‌ગુણી થયા છે, સત્સંગી થયા છે, મોક્ષમાર્ગે વળ્યા છે તેમજ જીવનમાં સારા સત્કર્મો પણ

કરતાં થયા છે. તેમના અનેક શિષ્યોમાંનો એક શિષ્ય પરિવાર એટલે ઈશ્વરીયા ગામનો ગોંડલિયા પરિવાર. જેમાં રાજુભગત, ઘનશ્યામભગત તેમજ મનોજભગત (કાકા પીવીસી ગ્રૂપ) તેઓએ ગોબરભગતની આજ્ઞાથી કુંકાવાવ મહારાજના બ્રહ્મપેલેસ મંદિરના કાર્યમાં ખૂબ જ સેવા આપી છે અને મોટા મહોત્સવો દ્વારા ભક્તોને પણ ખૂબ રાજી કર્યા છે. આ પરિવાર દ્વારા ધાર્મિક, સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે પણ અનેક કાર્યો થઈ રહ્યા છે. નિરાધાર અબુધ એવા ઘણાં લોકોને એક સંસ્થામાં સારી રીતે સાચવી અને તેમને નવું જીવન પણ આપ્યું છે. આમ અનેક લોકોને પ્રેરણાદાયી શુભકાર્ય આ પરિવાર દ્વારા થઈ રહ્યું છે. જેથી તેમના ગુરૂસ્થાને રહ્યા એવા ગોબરભગત ખૂબ જ રાજી છે.

બસ આ જ રીતે સૌ ભક્તો સાથે મળી સંપ અને સમજણથી પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણના સંકલ્પના કાર્યો કરીએ તેમજ જ્યાં જેવી જરૂર હોય તેવા ધર્મકાર્યોમાં પણ યથાશક્તિ સહયોગી થઈએ એ જ આપણાં જીવનનું લક્ષ્ય હોવું જોઈએ જેથી મહારાજ આપણાં સૌ પર કૃપા દૃષ્ટિ વરસાવતા રહે.

પરચા નં.
૧૨૬.

# અનાદિ મુક્તરાજ રાઘવભગત વાટેર
## ગામ : જામવંથલી

**રાઘવભગત** જામવંથલીમાં રહેનારા અને સ્વામિનારાયણ મંદિરમાં પૂજા, આરતી ૩૦ વર્ષ સુધી કરતા હતા તેમજ ખૂબ જ જ્ઞાની અને ભક્તિવાળા હતા. જ્યારે તેઓ ધામમાં જવાની તૈયારી કરતા હતા, અન્ન-જળ લેવાનું બંધ કર્યું હતું ત્યારે જૂનાગઢથી જે સંતો સદ્‌ગુરુઓ આવે તે રાઘવબાપાના ઘરે ખબરઅંતર પૂછવા જતા હતા. તે સમયે સદ્‌ગુરુ બાપલાસ્વામી અને સદ્‌ગુરુ શ્રીસ્વામી ભક્તિતનયદાસજી તથા સદ્‌ગુરુ શ્રી નિર્ગુણજીવનદાસજી સ્વામી જૂનાગઢથી પધાર્યા હતા. રાઘવભગતની ખબર પૂછી બોલ્યા જે તમારે હવે ધામમાં જવાનું છે, તૈયાર થઈ જાજો. રાઘવબાપાનું શરીર હાડપિંજર જેવું બની ગયું હતું, હાડકે હાડકા દેખાતા હતા તેમના સગા-સંબંધીઓના હાથથી પાણી પીતા હતા. એકાદશીના પવિત્ર દિવસનું પૂન્યફળ પણ અપાઈ ચૂકેલું હતું.

થોડા સમયમાં જૂનાગઢથી સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શાસ્ત્રીજી મહારાજ ત્યાં પધાર્યા. જેમ બધા સંતો રાઘવબાપાને મળવા જતા હતા તેમ પ્રગટ ભગવાન પણ કૃપા કરી રાઘવબાપાને ઘેર મળવા પધાર્યા હતા. પ્રગટ ભગવાનની ઈચ્છા જુદી હશે તે રાઘવબાપાના મસ્તક પર હાથ મૂકી, આશિર્વાદ આપતા મહારાજ બોલ્યા કે, રાઘવભગત તમારે તો હજુ રોકાવાનું છે; વચન સાંભળી રાઘવબાપા કહે, અરે મહારાજ, હવે તો ક્યાં રોકાવા જેવું છે ? પથારીમાં પડ્યા પડ્યા ભજન કરું છું, શરીરમાં માત્ર હાડકાં જ રહ્યા છે, જમવાનું બંધ છે. જુઓ મહારાજ મેં તો હવે રોકાવા જેવું કાંઈ રાખ્યું નથી જે હતું તે દીકરીઓને દાન-પુણ્ય કરી દીધું છે.

ત્યારે પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ કહે, રાઘવભગત હજી તો તમારે થોડા વર્ષો સુધી જીવન જીવવાનું છે અને અમારી સેવા-ભક્તિ કરવાની છે. તમારા અંત સમયે અમે તમને જરૂર દઈને ધામમાં તેડી જઈશું. હાલમાં અમારા આશિર્વાદથી તમે શરીરે સાજા-નરવા થઈ જશો.

પછી તો મહારાજના આશિર્વાદથી થોડા સમયમાં જ રાઘવબાપાના શરીરની કાયા પલટ થઈ અને એકદમ સારા નરવા થઈ ગયા. આ સારા સમયમાં કેશવજીભગત બગીચાવાળામાં રાઘવભગતને હેત વધવા માંડ્યું. જે તે સમયે કેશવજીભગત બગીચાવાળાને જૂનાગઢમાં

બિરાજમાન પ્રગટ ભગવાને આજ્ઞા આપી હતી કે, ભગત આખું ગામ સાંભળે તેમ ધૂન કરતા કરતા ફૂલવાડીએ જાવું અને ધૂન કરતાં કરતાં આવવું.

મહારાજની આજ્ઞા મુજબ મોટા અવાજે કેશુબાપા ધૂન કરતાં જતા તેમા રાઘવબાપા પણ જોડાઈ ગયા. ફૂલવાડીએ ચરણપગલાંને ઓટે બંને ભક્તો બેસે, માળા કરે અને પૃથ્વી પર પ્રગટ વિચરતા અનાદિ શ્રીકૃષ્ણનારાયણની લીલા સાંભળે. પ્રગટ પ્રભુની ઓળખાણ, ચિન્હો, ચરિત્રો, ચેષ્ટા, દિવ્યદર્શન, વચન સિદ્ધિ, ચમત્કાર, પરચાઓનું પાન કેશવભગત કરાવતા. તેથી રાઘવબાપા પ્રગટ ભગવાનના દિવ્ય દૃઢ નિશ્ચયવાળા, મહાત્મ્ય જ્ઞાન પામી મહાન મુક્તરાજ થઈ ગયા. આ રીતે પ્રગટ ભગવાને પોતાના મુક્ત પુરુષને સંતનો યોગ આપી કૃપા ખૂબ કરી.

આવા યોગ પામેલા રાઘવબાપાના અંતસમયે તેમના ઘેર કેશુબાપા તેમજ શાંતિલાલભગત બગીચાવાળા મહારાજના ધૂન-કિર્તન બોલતા હતા. ત્યારે મંદિરમાં ભગવાનના સિંહાસનમાં પ્રગટ ભગવાન છડીધારી, પાઘધારી, ભગવા વસ્ત્રોધારી, હાથમાં માળા ફેરવતા શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય મહારાજના સાક્ષાત્ દર્શન થયા અને રાઘવબાપા ૮૫ વર્ષની ઉંમરવાળા ખાટલા પરથી ઊભા થઈ નૃત્ય કરવાં માંડ્યા અને થોડીવાર પછી ફરી ખાટલા પર સૂઈ જઈ મને મહારાજ ધામમાં તેડવા આવ્યા છે અને હું જાઉ છું એમ કહી પોતાનો દેહ છોડ્યો. આ રીતે રાઘવબાપા અનેક ભક્તોને મહારાજના પ્રગટની ઓળખાણ કરાવી, ભક્તિ કરાવીને ડંકો વગાડી પરમધામમાં ગયા.



પરચા નં. ૧૨૭.

## ટપુભગત વીરાભગત, કાનજી દેવશી, ધીરૂ પટેલ
### ગામ : જામવંથલી

**ટપુ** ભગત એક વખત બહુ જ બીમાર હોવાથી રાતના ૮ વાગ્યે તેમણે રાઘવ પોપટ પોરિયાને જામનગર પ્રગટ ભગવાન પાસે પ્રસાદી તથા પ્રસાદીનું જળ લેવા મોકલ્યા. રાઘવ ભગત જામનગર ૧૦ વાગ્યે રાત્રે ગયા. ત્યારે ઓફિસની ઓસરીમાં પ્રગટ ભગવાન બિરાજમાન હતા. તે સમયે રાઘવ ભગતે આવીને દંડવત્ કરી ટપુ ભગતને સાજા કરવાની પ્રાર્થના કરી અને પ્રસાદીનું જળ માગ્યું. ત્યારે મહારાજે રાઘવભગતને કહ્યું કે, જુઓ આકાશમાં અમે ટપુભગતને ધામમાં તેડવા માટે જઈએ છીએ. તે રાઘવભગતે દશ્ય જોયું. આમ પ્રગટ ભગવાન ટપુભગતને પોતાના પરમધામમાં તેડી ગયા. પછી રાઘવભગતને પ્રગટ ભગવાને પ્રસાદીનું જળ અને ફુલહાર આપ્યા અને કહ્યું કે, આ હાર તથા જળ શબને ચડાવજો. પછી રાઘવભગતે જામવંથલી આવીને ટપુ ભગતનાં પરિવારને આ બધી હકિકતની વાત કહી સંભળાવી ત્યારે તેમના ઘરના સૌ સભ્યો આશ્ચર્ય પામ્યા. અને મહારાજ પ્રગટ સાક્ષાત ભગવાન છે એમ નિશ્ચય થયો.

●●●

### કાનજી દેવશી ટાંક, ગામ : જામવંથલી

કાનજી ભગતના પત્નીને બાળકના જન્મ પછી બે મહિનામાં ધાવણ બંધ થઈ જતા અનેક જગ્યાએ તેમના સસરાપક્ષના માણસોએ ઉપાય કર્યા પણ જ્યારે કંટાળીને વંથલી પાછા આવ્યા ત્યારે દેવશીબાપાએ બધાંને જામનગર આવવા જણાવ્યું કારણ કે તેઓએ મહારાજ થકી ઘણા પરચા દુઃખનાશક શરણાગતને સુખી કરનારા દાખલાઓ જોયા હતા. તેથી તરત જામનગર મહારાજની પાસે ગયા અને વિનંતી કરી કે, હે પ્રગટ ભગવાન તમારે શરણે આવ્યા છીએ માટે મા-બાપ તમે સારું કરો. દૂધ બંધ થતા માતા અને બાળકને ખૂબ તકલીફ પડે છે. ત્યારે મહારાજે મંદિરના પ્રવેશદ્વાર નીચે ઊભા રહેવા જણાવ્યું તે પ્રવેશદ્વાર ઉપર બરાબર મહારાજ બિરાજતા તે રૂમની બારીએથી મહારાજે પાણીની અંજલી બાઈ ઉપર નાખી તે જ વખતે નજરે જોનારા તેના પતિ અને ઘર-કુટુંબના માણસોએ જોયું તો બંધન થયેલું દૂધ છુટતા તે જ જગ્યાએ બાઈને આરામ થઈ ગયો.

●●●

## ધીરૂભગત પટેલ, ગામ : ધોરાજી

સંવત ૨૦૨૮ આસો વદ આઠમ, પ્રગટ પ્રમાણ આજે સ્વયં વિચરતા અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પરમાત્માએ જન્મ જયંતિનાં દિવસે સાક્ષાત્ પરચો આપેલો હતો. માનવરૂપમાં સંત સ્વરૂપમાં ભગવાન પોતાનું ઐશ્વર્ય પ્રતાપ ખૂબ દાબી દાબીને વર્તતા હોય છે, પરંતુ ક્યારેક ક્યારેક ભક્તોનો ભાવ જોઈને રાજીપો વરસાવી દેતા હોય છે.

આ જન્મ જયંતિ આસો વદ-૮ના સર્વોપરિ દિવસે ધોરાજીના પ્રગટ મહામુક્તોએ પ્રગટ પ્રભુજીના જન્મ જયંતિના ઉત્સવનો ખૂબ જ આનંદથી લાભ લેતા હતા અને સર્વ ભક્તજનોએ મુક્તમંડળ સર્વને માટે પ્રસાદ ભોજનનું આયોજન કર્યું હતું.

તે સમયે ધોરાજી રહેતા ધીરૂભાઈ પટેલ પોતાની મોટર લઈ જૂનાગઢ પરમધામમાં બાલમુકુંદ ભવનમાં બિરાજતા પરમધામના ધણીને ધોરાજી પધારવા આરાધના કરવા ગયા હતા. આ સમયે તે હરિભક્તોએ પ્રાર્થના કરી હે મહારાજ, સર્વેશ્વર, સર્વ અવતારોના અવતારી, સર્વના સર્જનહાર. શ્રીહરિ કૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ અમારા પર દયા કરીને ધોરાજી પધારો. ત્યારે વિનંતી પ્રાર્થના અરજી સાંભળી મહારાજ ખૂબ રાજી થયા અને બોલ્યા કે, માનવરૂપ ધરી ભગવાનમાં આવો તમારો ભક્તિભાવ જોઈને અમો પ્રસન્ન થયા છીએ. તમો જાઓ અમે પણ થાળ જમવા જઈએ છીએ.

ધીરૂભાઈ સમજ્યા કે, મહારાજને બીજે ક્યાંક જમવાનું હશે. એટલે મોટરગાડીમાં આવ્યા નહીં અને જવાની આજ્ઞા આપી. એટલે ભક્તરાજ પોતાની મોટર લઈ ધોરાજી ગયા. હવે ત્યાં ગયા તો ત્યાં જ સામે રાહ જોઈને ઊભેલા હરિભક્તાએ વાત કરી કે, થોડીવાર પહેલા અમોએ પ્રગટ ભગવાનની મૂર્તિ આગળ થાળ ધર્યો હતો. તે થાળમાં મોતીઆ લાડુ ધરાવ્યા હતા. સર્વ ભક્તો થાળ બોલ્યા અને થાળ ધર્યો. જ્યાં જુએ ત્યાં લાડું હતાં તે અડધા થઈ ગયા. લાડુ પર ભગવાને કોળિયા ભર્યા હશે તે લાડુ પર આંગળાની છાપ ઊઠી આવી.

આ ચમત્કાર પરચાની વાત સાંભળી ધીરૂભાઈ પટેલ મહા આશ્ચર્ય પામ્યા અને બોલ્યા કે, અનાદિ શ્રીકૃષ્ણનારાયણ શાસ્ત્રીજી મહારાજ પ્રગટ ભગવાન સાક્ષાત્ છે. જુઓ જૂનાગઢ મને કહ્યું હતું કે, તમો જાઓ અને અમે પણ થાળ જમવા જઈએ છીએ. આવી લીલા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી પ્રગટ પ્રભુએ કરી.

પરચા નં.
**૧૨૮.**

## અનાદિ મુક્તરાજ દામજીભગત કુરજીભગત મકવાણા
### ગામ : જામવંથલી

**પ્રગટ** ભગવાનમાં પ્રેમ, વિશ્વાસ, દૃઢ આશરો કરનારા કુરજીબાપાને મહારાજે મંત્રદિક્ષા શરણાગતિ આપી છે. એવા કુરજીબાપા જ્યારે જ્યારે મહારાજ જામવંથલી પધારતા ત્યારે દર્શન સેવા અચૂકપણે કરતા. રાજકોટ મહારાજ રહેતા ત્યારે કુરજીભગત રાજકોટ રહેતા થકા ખૂબ જ ભાવથી તેમના પુત્રો દામજીભગત (પુજારી) તથા રાજેશભગત નાના હોવા છતાં તેઓને પ્રગટ ભગવાનના દર્શન કરાવ્યા છે અને મહારાજે ગુરુમંત્ર, કંઠીઓ બાંધી શરણાગતિ આપીને સેવાઓ આપી રાજી રાજી કર્યા છે. જામવંથલીથી જ્યારે રાજકોટ કામકાજ ધંધાર્થે સ્થિર થયા ત્યારે કામકાજ કરતાં તેમજ મહારાજના દર્શન અને સેવા કરીને રાજી કરતા.

તેઓ એકવાર મહારાજના દર્શને કુરજીબાપા પુત્રો સાથે ગયા ત્યારે મહારાજે દામજીભગતને હાર પહેરાવી થાપા મારી કહ્યું કે, મંડો કામકાજ કરવા અને વિદેશ જાવ. આ અમારા આશીર્વાદ છે. મહારાજ વંથલી પધાર્યા ત્યારે કુરજીબાપાએ મહારાજને રસોઈ આપી મહારાજ ભેગા સંતોને જમાડ્યા હતા.

કુરજીબાપાના પુત્રાદિકો જ્યારે વિદેશ ગયા ત્યારે ભક્તોના સમાગમે, યોગે કરીને દામજીભગતને નિશ્ચય થયો કે અમારા વંથલીના ગુરુ તો ભગવાન કહેવાય, તેને ચિન્હો છે, તેમના ઐશ્વર્ય પ્રતાપ જબરા છે.આ તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ પધાર્યા છે. તે વાત પાકી થઈ ગઈ છે આ રીતે પ્રગટ ભગવાનમાં અખંડ, દૃઢ નિશ્ચય થયો છે. પછી તો દામજીભગતને દુબઈમાં ભક્તોના ભેળા વસીને કથાઓ દ્વારા વંથલી, ફુલવાડી, શ્રીહરિ શરણાગતિ મંડળનો મહિમા વધારે ને વધારે જણાયો છે અને પોતાના અહોભાગ્ય માનવા લાગ્યા કે, મહારાજે તો આપણને ઓળખાણો આપી છે, દર્શન-સેવાના સુખ આપ્યા છે, હવે તો ફુલવાડીને સેવવી છે.

શ્રીહરિ શરણાગતિ મંડળના ભક્તો જેણે પ્રગટ ભગવાનને રાજી કર્યા છે તેવા મોટા મોટા ભક્તોના રાજીપા વડે સુખીયા થવું છે. આવી રીતે વંથલીમાં કરેલી સેવાઓ, દર્શનોનું અનુસંધાન રાખી દુબઈમાં દામજીભગતને કડિયાકામની ફાવટ ઓછી પરંતુ લક્ષ્ય મહારાજની સેવા કરવી તેનું અનુસંધાન રાખ્યું છે. તેથી જ પ્રગટ ભગવાને દિવ્ય દર્શન દઈ

દુબઈમાં દામજી ભગતને હથેળીમાં લઈ ધામમાં લઈ ગયા છે અને ધામનું સુખ બતાવી પાછા હથેળીમાં બેસાડી દુબઈ કામકાજે પાછા લાવ્યા છે.

આમ પ્રગટ ભગવાને દામજીભગતને કડિયાકામ, મજૂરીકામ અપાવી દુબઈના રિયાલ કમાવી આપ્યા છે. તે દુબઈની લક્ષ્મીને દામજીભગતે દરરોજ કામેથી આવી જે પૈસા મળે તેના અડધા પૈસા મહારાજને ફુલવાડીની સેવામાં અર્પણ કરવા. આજ લક્ષ્ય રાખીને દામજીભગત જ્યાં સુધી દુબઈ રોકાયા, ભક્તો ભેળા રહી ભક્તોની સેવા, ભગવાનની સેવા કરીને રાજીપો અને ફુલવાડીની લાખોની સેવાઓ કરી છે. આમ દુબઈ, રાજકોટ, વંથલીની ફુલવાડીમાં આજીવન ગૃહસ્થાશ્રમના મર્યાદા ધર્મો પાળી ફુલવાડીની સેવાઓ કરતા કરતાં શેષજીવન ફુલવાડીની સેવા, ભક્તોની આજ્ઞાઓ થાય તે પ્રમાણે કામકાજમાં રહેવું અને ફુલવાડીની દ્રવ્ય સેવાઓ વડે ભગવાન, ભક્તોને રાજી કરવા એ જ આજીવન દૃઢ સંકલ્પ કર્યો છે.

પરચા નં.
**૧૨૯.**

## મંજુલાબેન ભાઈલાલ ખોલિયા
### ગામ : જામવંથલી, હાલ- સૂરત

**એક** વખત મહારાજ સૂરત પધાર્યા હતા અને અમે સ્વામિનારાયણ મંદિરે મહારાજના દર્શન કરવા ગયા હતા ત્યારે મહારાજે આશીર્વાદ આપ્યા કે, હવે તમારે ઘરે સેવક પધારશે. ત્યારે મને ગર્ભ રહેવામાં ટાઈમ ઘણો થઈ ગયો એટલે આ મહારાજના આશીર્વાદથી સેવક આવવાની તે વાત અમે ભૂલી ગયા હતા. ત્યારે જતે દહાડે સારા દિવસો દેખાવા લાગ્યા ત્યારે ભગતની તબિયત સારી ન રહેતી. અમે હાજરી ભરીને ગુજરાન ચલાવતા હતા. અમારે બે નાની નાની બેબી હતી એટલે અમે વિચાર કર્યો કે હમણાં બાળક જોઈતું નથી અને દવા લઈ બાળક એબોર્શન કરાવી નાખીયે. આમ વિચારી બાજુમાં બેનને વાત કરી તો બેન કહે, તમારા માણસ રજા આપે તો હું સાથે આવું એમ વિચારીને ભગતને વાત કરી તો ભગત કહે, બહું સારું. એમ કરીને બીજા દિવસે અમારે હોસ્પિટલ જવાનું થયું અને મહારાજનો પત્ર આવ્યો અને પત્રમાં પુત્રવતી ભવ, પુત્રવાળા થાઓ એમ આશીર્વાદ આપ્યા. આ બાજુ મારા સાસુને મહારાજે લખ્યું કે, છોકરો તમારે ખોળે આવશે તો એને સાચવજો. આમ મહારાજની ટપાલ વાંચીને પાડોશીને કહ્યું, અમારા ગુરૂજીની ટપાલ આવી છે અને પુત્ર થવાના આશીર્વાદ આપ્યા છે. આમ મહારાજે પોતાના આશીર્વાદથી અમારા આ બાળકની રક્ષા કરી.

મારી સગાઈ થઈ હતી ત્યારે ભગત કહેતા કે, આ શાસ્ત્રીજી મહારાજ આપણા ગુરુજી ભગવાન છે પણ હું માનતી નહીં. જો કહું તો વાદ-વિવાદ થાય એટલે હું કાંઈ કહેતી નહીં. પરણીને ઘરે આવી એટલે મંદિરમાં ઘનશ્યામ મહારાજ અને મહારાજના બે ફોટા હતા તો પણ હું માનતી નહીં. સાધુને ભગવાન કેમ કહેવા ? અમારો પહેલા સ્વામિનારાયણ ધર્મ હતો પણ જો કાંઈ બોલું તો ભગત ખીજાઈ જાય એટલે હું બોલતી નહીં.

એક દિવસ મહારાજે મને દર્શન દીધા કે, ઘનશ્યામ મહારાજ એ મૂર્તિમાંથી નીકળીને શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની મૂર્તિમાં સમાઈ ગયા. ત્યારથી હું મહારાજને ભગવાન માનવા લાગી અને મને વાત સમજાઈ ગઈ કે, સાક્ષાત ભગવાન સંતરૂપે આવ્યા છે.

એક વખત અમારા કાકી દેવ થઈ ગયા એટલે અમારે દામોદર કુંડમાં ફૂલ પધરાવવા જવાનું હતું ત્યારે ભગત અને બે ભાઈઓ કહે, આપણે કાલે ફુલ પધરાવવા જવાનું છે અને

મહારાજના દર્શન પણ કરતા આવીશું. ત્યારે મેં કહ્યું, આજ નહીં બે દિવસ પછી જઈશું. ભગત કહે, ના કાલે જ જઈએ. એમ કરીને અમે બે દિવસ પછી ફુલ પધરાવ્યા ગયા અને મંદિરે ગયા પણ મહારાજના દર્શન ન થયા. ઘણા આમથી તેમ થયા પણ મહારાજના દર્શન ન થાય પણ અંતે દૂરથી દર્શન થયા. એટલે મનમાં વિચાર આવ્યો કે, ભગત કહેતા હતા તેમ બે દિવસ પહેલાં આવ્યા હોત તો મહારાજના દર્શન નજીકથી થાત.

સૂરતમાં રામપરા મંદિરમાં મહારાજના દર્શન થયા હતા. રાજકોટના મંદિરે બોરડી પાસે બધા સંતો ચાલ્યા જતા હતા એમાં રૂપાળા રૂપાળા મહારાજ અને બધાયથી ઊંચા લાગે એમ મહારાજના દર્શન થયા હતા. આપણે કંઈ સાજા માંદાની ઘરમાં વાત કરતા હોઈએ ત્યાં બીજા દિવસે મહારાજની ટપાલ આવી ગઈ હોય અને ટપાલમાં રસ્તો બતાવ્યો હોય કે, આ પ્રમાણે કરજો તો સારું થઈ જશે.

મહારાજે મને પત્રમાં લખ્યું હતું કે, બાબો પાંચ-છ મહિનાનો થઈ જાય એટલે દર્શન કરી જજો. તે ભગતને કામકાજે જવાનું અને ઘરસંસારમાં બાબો આઠ મહિનાનો થયો એટલે સાજોમાંદો રહેવા લાગ્યો એટલે મને મનમાં થયું મહારાજે કહ્યું હતું કે, બાબો છ મહિનાનો થાય એટલે દર્શને આવજો તે આપણે હજુ ગયા નથી. એટલે સાજો માંદો રહે છે. તે પછી અમે જૂનાગઢ ગયા અને બાબાને પગે લગાડ્યો ત્યારે મહારાજના દર્શન થયા હતા અને મહારાજે તેનું નામ રાખ્યું અને મહારાજ કહે, દિનેશ ૧૦૦ વર્ષનો થશે.

અમારા બાજુવાળાનો બાબો કાયમ માંદો રહે તેની દવા ચાલુ પણ સારું ન જ થાય. એટલે એક વખત અમે જૂનાગઢ ગયા હતા ને મેં મહારાજને વાત કરી. મહારાજ કહે, એની જે દવા થાય છે તે દવા ખોટી થાય છે. એની બીજા ડૉકટર પાસેથી દવા લ્યો તો સારું થઈ જશે. હવે એ ભાઈનો આ ફેમિલી ડૉકટર એટલે બીજા પાસે જાય જ નહીં એટલે મેં કહ્યું, ભાઈને ખબર ન પડે એમ બીજા ડૉકટરની દવા લ્યો તો સારું થઈ જશે. એમ અમારા ગુરૂજી ભગવાને કહ્યું છે તે સાચું. પછી બીજા ડૉકટરની દવા લીધી તો સારું થઈ ગયું.

એક વખત મારા મામા ને અમે મહારાજના દર્શને ગયા. મહારાજ કહે, અમારે સોફા લેવા છે. તો મામાએ હા પાડીને પણ સોફા લઈ ન આપ્યા. તેથી મારા મામા આંકડાનો જુગાર રમતા એમાં બધું હારી ગયા. ઘણું સોનુંય હારી ગયા. તેથી મારા મામી કહે, ભાઈલાલ આ તારા મામા તો ઉઘાડા થઈ ગયા હવે શું કરવું. મેં કહ્યું, આ મહારાજની આજ્ઞા લોપી એટલે

આમ થયું. મહારાજે કીધું હતું કે, અમારે સોફા લેવા છે. મામાએ હા પાડીને ન લઈ દીધા. હવે તમે સોફા લઈ દયો તો કંઈક સારું થાય. મામી કહે, હવે તો અમારી પાસે કંઈ નથી. પણ છતાં તરત જ છોકરાના ગલ્લામાંથી રૂ.૧૦૦ કાઢીને આપ્યા. એ રૂ.૧૦૦ લઈ હું જૂનાગઢ ગયો મહારાજને વાત કરી. સ્વયંપ્રકાશ સ્વામી અને અમે બજારમાં સોફા લેવા ગયા અને સોફા જેવી મોટી બે ખુરશી લીધી ત્યારે એ રૂ.૯૦માં આવી ને મેં મહારાજને રૂ.૧૦ પાછા આપ્યા. તે મહારાજે એ દશ રૂપિયા પ્રસાદીનાં પાછા આપ્યા. મેં એ મામીને ઘરે સાચવવાં આપ્યાં તેના પ્રતાપથી ધીરે ધીરે મામા પાછા જુગારમાં જીતવા લાગ્યાને પાછું સારું થઈ ગયું. તે હું મામાને કહેતો કાલે આ આંકડા આવશે. મામા એ આંકડો રમે અને જીતે. આમ હું આંકડા બોલતો જાઉં ને મામા જીતતા જાય. આમ મામાનું ઘરે ફરી મહારાજની કૃપાથી સારું થઈ ગયું.

એક વખત અમે જામનગર ગયા અને મહારાજને કહ્યું, મહારાજ પ્રસાદીનું પાણી આપોને. મહારાજ કહે, બાટલો લઈ આવ્યો છો ? મેં કહ્યું, હા મહારાજ. એટલે મહારાજ ખુરશી ઉપર બેઠાં અને હું નીચે બેઠો. મહારાજ કહે, કોઈને ન આપ્યું હોય એવું તને પ્રસાદીનું પાણી આપું એમ કહીને મહારાજે પોતાના ચરણનો અંગૂઠો દબાવ્યો ત્યાં અંગૂઠામાંથી પાણીની શેડ થઈ અને મેં બાટલો પ્રસાદીનો ભરી લીધો, હજુ પણ એ પ્રસાદીનું પાણી મારી પાસે છે તેમજ મહારાજની પ્રસાદીની માળા, કંઠી, સાકર, ગુલાબ પાંખડી પ્રસાદીનું કંકુ એ બધુંય અમારી પાસે છે.

એકવાર એક બાલંભાનો છોકરો વંથલી આવેલો તે રાત્રે બાથરૂમ જવાં નદીમાં ગયો. નદીમાં બે ભંગીએ ઢોલ વગાડીને છોકરાને બીવરાવ્યો. ત્યારે રાતના ૧૧ વાગ્યા હતા તેથી ખુબ અંધારું હતું ત્યારે મહારાજ તેને દર્શન દઈ પોતાની છડીમાં પ્રકાશ કરીને છોકરાને એના ઘરે મૂકી ગયા. છોકરાને એ રાત્રે તાવ આવી ગયો. બીજા દિવસે જામનગર ગયા ત્યારે મહારાજ પાસે આવીને છોકરો કહે, આ મહારાજે જ મને બચાવ્યો હતો. મહારાજ કહે, હું જામનગર છું તો તને ત્યાં આવી કેમ બચાવું ? છોકરો કહે, આગળ ટયુબલાઈટ ચાલુ હતી એમાં તમારું મોઢું મેં જોયું હતું તે તમે જ હતા. પછી મામા સમજી ગયા કે, મહારાજે જ રક્ષા કરી છે.



પરચા નં.
૧૩૦.

## જીવતીબેન કેશવજીભગત ટાંક
### ગામ : જૂનાગઢ, હાલ- રાજકોટ

**મને** મહારાજના સૌ પ્રથમ દર્શન ઈ.સ. ૧૯૬૫માં મહા માસમાં ધોરાજીમાં શ્રી સ્વામિનારાયણ હરિ મંદિરમાં પ્રસાદીની ડેરીએ જ્યારે મહારાજ સંત સ્વરૂપમાં પ્રદક્ષિણા ફરતા હતા ત્યારે થયા હતા. હું મંદિરની બાજુમાં જ એક ઘરની અગાશી પર ઊભેલી હતી ત્યારે પ્રદક્ષિણા ફરતા મહારાજ મારી પર અમી દૃષ્ટિ કરી થોડીવાર ઊભા રહ્યા. મને ઘડી બે ઘડી એમ થયું કે, સંત સ્વરૂપે મહારાજ સાક્ષાત્ ભગવાન જ છે એવા મને દર્શન થયા. પછી તો અવારનવાર સ્વપ્નમાં મહારાજના થોડી થોડીવારે દર્શન થયાં કરતાં.

મારું જૂનાગઢમાં સાસરુ પણ ત્યાં કોઈ ઘરમાં કોઈને સત્સંગ નહતો. એ સમયે મહારાજ જૂનાગઢ મંદિરમાં બાલમુકુંદ ભવનમાં નિવાસ કરતા હતા. અમારું ઘર મંદિરથી નજીક હતું. માટે હું દરરોજ મહારાજના દર્શન કરવા મંદિરે જતી અને હૃદયથી મહારાજને અમારા સાસરા પક્ષના ઘરમાં સૌને સત્સંગ થાય એવી હૃદયથી પ્રાર્થના કરતી. તેથી મહારાજ કૃપા કરી હેમંતભગત પાસે પોતાનું પ્રસાદીનું જળ મોકલાવતા. તે હું દરરોજ માટલામાં પધરાવતી પછી તો તે પ્રસાદીનું જળ પીવાથી સાતેક વર્ષે ધીમે ધીમે અમારા ઘરમાં સત્સંગ થયો. પછી મહારાજે કૃપા કરી મારા ઘરવાળાને દિક્ષામંત્ર આપી કંઠી પહેરાવી. પછી તો તેઓ દરરોજ મંદિરે જતાં અને મહારાજની મેડી પર દર્શન કરીને પછી દુકાને જતા અને મેં બનાવેલો સફેદ ફુલનો હાર દરરોજ પહેરાવતા.

સમય જતાં મહારાજની કૃપાથી મારે ત્યાં ચાર દીકરી અને એક દિકરાનો જન્મ થયો. મારો દિકરો વિનુ જ્યારે મહારાજ પાસે દર્શન અને સેવા કરવા જાય ત્યારે મહારાજ સૂકો મેવો, બદામ, કાજુ, પિસ્તા તેને પ્રસાદીમાં આપતા અને મોટો સાકરનો ગાંગડો પણ આપી રાજી કરતા. ક્યારેક વિનુને વાપરવા માટે પૈસા પણ આપતા. ક્યારેક મહારાજ સ્નાન કરતા હોય ત્યારે વિનુ મહારાજના દર્શન કરતો હોય તો મહારાજ રમુજમાં પોતાના મુખમાંથી પાણીની પીચકારી તેના પર છાંટી તેને વિશેષ રાજી કરતા અને ક્યારેક મહારાજને કોઈ પત્રો કે શાસ્ત્રો પોસ્ટ કરવાના હોય તો તે તૈયાર કરી વિનુને આપતા ને કહેતા આને સાચવીને પોસ્ટઓફિસે દઈ આવ. આમ વિનુએ નાની ઉંમરમાં મહારાજના દર્શનની સાથે અનેકવાર સેવાનો લાભ લીધો છે. વિનુ જ્યારે મોટો થયો ત્યારે મહારાજે તેને કહ્યું કે, તું હવે કડિયાકામ

શીખવા માટે પૂના જા. ત્યાં હું મોહનભગત, વેલજીભગત આદિક મોટા ભક્તોને તારા માટે બધી ભલામણ કરી આપીશ. એ તને રહેવા, જમવાની અને કડિયાકામ શીખવાની બધી વ્યવસ્થા કરી આપશે. આમ મહારાજે મારા દિકરા વિનુનું ખૂબ જ ધ્યાન રાખ્યું જેથી કરીને આજે એ કડિયાકામમાં ખૂબ સારો કારીગર થયો છે અને મહારાજના કાર્યોમાં પણ યથાશક્તિ તન-મન-ધનથી સેવાનો લાભ લઈને મહારાજને વિશેષ રાજી કરે છે. મારી બધી દીકરીઓએ પણ ખૂબ મહારાજના દર્શન અને સેવાનો લાભ જૂનાગઢમાં મહારાજની હયાતીમાં લઈને ધન્યભાગી થઈ છે.

અમને હેમંતભગતના બેન પ્રભાબેન અને પાર્વતીબેન જે રાધા-લક્ષ્મીના અવતાર હતા. તેમનો યોગ સારો હતો. જેથી અમે મહારાજને પરિપૂર્ણ ઓળખી શક્યા હતા.

મહારાજે રાજી થઈ પોતાના ખાસ ભક્તોને સેવા માટે લાલજીમહારાજની પંચધાતુની મૂર્તિ આપી હતી તેથી મને પણ એવો સંકલ્પ થયા કરતો કે અમારા ઘેર પણ મહારાજના લાલજી હોય તો ઘણું સારું. તેથી એકવાર મહારાજનું પૂજન કરવાં અમારા દરજીભગત અને વિનુ ગયા ત્યારે મહારાજે રાજી થઈ સામેથી લાલજીમહારાજની મૂર્તિ આપી કહ્યું કે, હવે આજથી તમે અમારા આ સ્વરૂપનું ઘેર પૂજન કરજો. આ મૂર્તિ તમારા દરેક સંકલ્પ પૂરા કરી સુખીયા કરશે. આ રીતે તા.૧-૧૦-૧૯૮૦ને સોમવાર દશેરાના દિવસે લાલજીમહારાજ મારે ઘેર પધાર્યા. હું તો રાજી રજી થઈ ગઈ. મને બસ એક જ આનંદ કે, મારા મહારાજ હવે પ્રત્યક્ષ મૂર્તિરૂપે મારે ઘેર પધારી ગયા છે.

મને ઘણીવાર મંદિરે દર્શન કરવા જાઉં ત્યારે મહારાજના ચરણસ્પર્શ કરવાની ઈચ્છા થતી પણ મંદિરની મર્યાદા પ્રમાણે મહારાજ સંત સ્વરૂપમાં હતા તેથી અમારા બેનોથી ચરણસ્પર્શ ન થઈ શકતા. પણ મહારાજે લાલજી આપ્યા પછી વિનુને કહ્યું કે, તમારી બા જીવતીને કહેજો કે, હવે ત્યાં અમારી લાલજીની મૂર્તિને ૧૦૦ વાર ચરણસ્પર્શ કરે. એની ઈચ્છા બહુ જ હતી. આમ અંતર્યામીપણે મહારાજે મારી ઈચ્છા પૂરી કરી.

જૂનાગઢ મંદિરમાં મહારાજના શ્રીહરિ શરણાગતિ મંડળનાં ભક્તો તરફથી રાધારમણ દેવના આજીવન થાળનાં લેખ લખાતાં હતાં. મારી ઈચ્છા હતી પણ ગરિબાઈ હતી તેથી સેવા ન કરી શકે તે વાત અંતર્યામી મહારાજ જાણી ગયા કે, મારે લેખ લખાવવો છે ને સેવા આપવી છે. તેથી મહારાજે દરજીભગતને કહ્યું, મેં તમારો રૂ. ૧૦૧નો લેખ સેવાનો લખાવ્યો છે.

તમારાથી જ્યારે સગવડતા થાય ત્યારે મારી પાસે સેવા જમા કરાવજો. દરજીભગતે આ વાત મને ઘેર આવીને કરી તેથી હું પણ ખૂબ આનંદમાં આવી ગઈ. સાથે મારો પરિવાર વિનુ, વિજુ, ભારતી, હંસા, ગુલાબ અમે બધાં રાજી રાજી થઈ ગયા. મારે ઘેર લાલજી આવ્યાં પછી મારી સાસુને મહારાજ ધામમાં લઈ ગયાં એવાં દર્શન પણ મને થયા.

મહારાજ જ્યારે કાશી ભણવા ગયા હતાં ત્યારે સાથે જે પતરાની બેગ હતી તે બેગ મહારાજે વિનુને આપી અને તેમાં પ્રસાદીનો અભિનંદન ગ્રંથ, નખ, કેશ, ધોતી, ગંજી, વિંઝણો, ટોપી, મોજા, પેન એવી નાની મોટી પણ મહાપ્રસાદીની વસ્તુઓ રાજી થઈ આપી.

ચાવડાના જયંતીલાલ રાઠોડની ઇચ્છા હતી કે, મહારાજને જરકશી વાઘાં પહેરાવવા છે તેથી એક ગુલાબી કલરનું કાપડ હેમંતભગતને આપ્યું હતું. માટે મહારાજે દરજીભગતને વાત કરી કે, મારા વાઘા શિવવાના છે. બપોર વચ્ચે આવજો માપ લેવાનું છે. પછી દરજીભગત બપોરે ગયા અને મહારાજનું માપ લીધું. એ પ્રસાદીના માપના ફર્મા પણ અમારી પાસે છે.

દરજીભગતે દશેક દિવસે વાઘા તૈયાર કર્યા પછી મહારાજને કહ્યું, વાઘા થઈ ગયા છે. મહારાજે કહ્યું, બપોરે લાવજો, એક વાગ્યા પછી આવજો. મહારાજને વાઘા આપ્યા મહારાજ રાજી રાજી થઈ ગયાં. ત્યારે ભગવા વસ્ત્ર ઉતારીને જરકશી વાઘાં ધરાવી પહેરાવ્યા હતા ત્યારે એક જ હેમંતભગત હતા. મહારાજ વાઘા પહેરી બહુ જ રાજી થયા અને કહ્યું કે, બહુ જ સરસ વાઘાં છે, માપ સરસ છે.

સમય જતાં ઈ.સ.૨૦૧૮ની સાલમાં જૂનાગઢ શ્વેતાયનબાગે જ્યારે ઉતારાની રૂમોનું બાંધકામ ચાલુ હતું ત્યારે મારી મોટી દીકરી વિજુબેનના કહેવાથી કે.પી. સ્વામીએ મારા દીકરા વિનુભગતને જૂનાગઢ કામકાજ અર્થે સેવામાં રાખ્યા. આ ઉતારાની રૂમોનું કાર્ય પૂર્ણ થયા બાદ જ્યારે પણ શ્વેતાયનબાગે કોઈ કામકાજ અર્થે તેમજ દર વર્ષે ઉજવાતા ત્રણ ઉત્સવ દરમિયાન સેવાની જરૂર હોય ત્યારે વિનુભગત તથા તેમના ધર્મપત્ની ક્રિષ્નાબેન જરૂર સર્વ પ્રકારે સેવાનો લાભ આપતા. જ્યારે સ્વામિનારાયણ મંદિરમાં મહારાજનું જૂનું બાલમુકુંદ ભવન સંજોગોવશાત્ મંદિર દ્વારા નૂતન ભોજનાલયની જગ્યા માટે પાડવામાં આવ્યું જેથી શ્વેતાયનબાગે જ્યારે નૂતન બાલમુકુંદ ભવનનું નિર્માણકાર્ય દોઢ વર્ષ સુધી ચાલ્યું તે સત્કાર્યમાં પણ વિનુભગતે કામકાજ તેમજ દેખરેખમાં સતત ખૂબ સારું ધ્યાન આપી સારી સેવા બજાવી છે. તેથી ખૂબ જ રાજી થઈ મહારાજના બાલમુકુંદ ભવનના વાસ્તા વખતનું

પ્રસાદીનું અક્ષયપાત્ર (થાળી-વાટકો) રાજી થઈ વિનુભગતની ઇચ્છાથી કે.પી. સ્વામીએ તેમને ઘેર સેવા-પૂજા માટે અર્પણ કરેલ છે. તેમજ મારી મોટી દીકરી વિજુબેન અને તેના બંને દીકરા તુષાર તેમજ મયુરે પણ જૂનાગઢ ધામના વિકાસકાર્યમાં યથાશક્તિ સેવાનો લાભ લઈ ધન્યતા અનુભવી છે. એમ આ પરિવારમાં વિનુભગતના સૌ બહેનો તેમજ વિનુભગતના ધર્મપત્ની કિષ્નાબેનના પણ સૌ બહેનોની સાથે તેમના મમ્મી પુષ્પાબેન, ભાઈ જયેશભાઈ આદિક સૌ ભક્તોએ મહારાજના કાર્યોમાં યથાશક્તિ લાભ લીધો છે.

આ રીતે જેમ મહારાજે અમારા પરિવારના દરેક કાર્યોમાં જ્યાં જેવી જરૂર પડે ત્યાં અમને સફળતા અપાવી છે અને અમારી ખૂબ રક્ષા કરી છે. તેની સામે અમે મહારાજના કાર્ય માટે જે કાંઈ પણ કરીએ તે તો ઓછું જ કહેવાય, પરંતુ સહેજે સહેજે પ્રગટ ભગવાનની ઇચ્છાથી તેમની સેવાનો અમને લાભ મળે છે. તેથી અમે ખૂબ રાજી થઈએ છીએ. બસ અમારા પરિવારના સૌ ભક્તોના જીવનમાં સારો સત્સંગ, સારા સદ્‌ગુણ કાયમ રહે અને સૌ સંતો-ભક્તોનો ગુણભાવ રહે અને પવિત્રપણે મહારાજ રાજી રહે એવું જીવન જીવી પરમધામમાં મહારાજની સેવામાં રહીએ એજ પ્રાર્થના છે.

આવા મહારાજના પરમધામના મહાન મુક્તાનિકા જીવતીબા જેઓ મહારાજની સતત સેવાભક્તિ કરનારા હતા તેમજ મહારાજનો તેમનામાં અખંડ વાસ હતો. તેઓ અંત સમયે મોબાઈલમાં વીડિયો કોલિંગ દ્વારા બાલમુકુંદ ભવનના મહારાજના પ્રસાદીના રૂમના દર્શન કરી અને પોતાના ઘરે મહારાજે તેમને આપેલ પ્રસાદીના લાલજી મહારાજની આરતી કરી પરમધામ સિધાવ્યા હતા. તેમને અનંતવાર વંદન સાથે સૌ ભક્તોના અનાદિ શ્રીકૃષ્ણનારાયણ.



પરચા નં.
૧૩૧.

## નર્મદાબેન મોહનભગત વેગડ
### ગામ : જાઈવા, હાલ- સૂરત

**એક** વખત અમે મારાભાઈ, મારા બાપા અને હું ને ભગત જૂનાગઢ ગયા હતા ત્યારે મારા બાપાને ભગત મહારાજની ચરણસેવા કરતા હતા ત્યારે મહારાજને ખૂબ પરસેવો વળ્યો હતો તે ભગતને કહે આ મારા વાસાનો પરસેવો લૂછીને ભીના ભીના હાથ ભક્તાણીને વાસામાં લૂછી આવો, તેથી તેનો વાસો મટી જશે અને મહારાજ બોલ્યા કે, તું ભગવો શર્ટ કેમ નથી પહેરતો ? ભગત કહે, મહારાજ હવેથી પહેરીશ. પછી તે ભગવા શર્ટનું કાપડ લીધું ને તેમાંથી ભગવું કપડું વધ્યું તે પૂંજાભાઈની દીકરીને બ્લાઉઝ શીવડાવી દીધું.

બીજા દિવસે અમારે રાજકોટ આવવું હતું. તે મેં ભાઈને કહ્યું,મહારાજને કહોને દર્શન આપે. તે સવારે બીજા દિવસે મહારાજ રૂમમાંથી બહાર નીકળ્યા ને હું મંદિરનાં પગથિયે બેઠી હતી. ત્યારે મહારાજ બે પગથીયા ઉતર્યા ને હું પગથીયે હતી ત્યારે મારીને મહારાજની ચાર આંખ એક થઈ. એટલે મારી આંખમાંથી આંસું આવ્યું ને મેં મહારાજને પગે લાગી માથે હાથ મુકાવ્યો. આમ મહારાજે દર્શન દીધા ભગવાનને દયા કરી.

ભગત કામ કરવા ભીલાડ ગયા હતા ત્યાં એમને ભૂત વળગ્યા જેવું થઈ આવ્યું ને પાછા આવ્યા તે સૂતા સૂતા બોલે મને પકડી જાય થ, મને પકડી જાય છે, મારા પગ કોઈ ખેંચે છે. આમ બે દિવસ કર્યું ને જામવંથલી આવતા રહ્યા. મેં પૂછ્યું, કેમ આટલા વ્હેલા આવ્યા હજુ તો હમણાં થોડા દિવસો ગયા હતા. તે બોલ્યા આ દરવાજો બંધ કર, ઓલો દરવાજો બંધ કર, બારી બંધ કર ને સૂઈ ગયા તે રાતના કહે મને કોઈ પકડી જાય છે એમ ઢસડાતાં ઢસડાતાં પલંગ પરથી પડી ગયા.

બીજા દિવસે અદાની દીકરી મારી બેન આવી એ કહે, બનેવીને ભૂતડું વળગ્યું છે એ ભૂતડું એને ખેંચી જાય છે. તે માંડ બચીને આવ્યા છે તો એને જામનગર મહારાજ છે ત્યાં લઈ જાઓ એટલે મારા બાપા ભગતને જામનગર લઈ ગયા. મહારાજ કહે, કેમ ભગત આવવાનું થયું ? મારા બાપા કહે, મહારાજ આ જમાઈ કમાવા ગયા હતા ને એને કાંઈક થઈ ગયું છે. મહારાજ કહે અહીંયા સૂવડાવો. મહારાજે છાતીમાં પગ મૂક્યા. સાથળે પગ મૂક્યા અને કહ્યું, જાઓ તમારા ઠેકાણે હાલ્યા જાઓ બસ ત્યારથી મહારાજના આશીર્વાદથી સારું થઈ ગયું.

અમે સાત વરસ જામવંથલીમાં રહ્યા તે મારા મોટા દિકરાની દવા લેવા જામનગર જાઉં ત્યારે મંદિરે દર્શન કરવા જાઉં એટલે સામે મહારાજના દર્શન થાય. મહારાજ કોઠારીને કહે, પૂંજાભાઈની દીકરી આવ્યા છે એને દૂધ આપજો છોકરાને પાય અને કહેજો જમીને પ્રસાદ લઈને જાય. આમ મહારાજે અમારી બહુ સંભાળ રાખી છે. મારા બાપાની પણ બહું સંભાળ રાખતા, મારા ભાઈ ભગવાનજી એક વખત સૂળ ગળી ગયા તે લોહીનું પાણી થઈ ગયું તેથી મહારાજે પ્રસાદીનું પાણી પાયું તે તેને સારું થઈ ગયું હતું.

એક વખત જામવંથલીમાં અમારી ફુલવાળી શેરીમાં સભા હતી ત્યારે બે જણ બોલ્યા કે, શાસ્ત્રીજી મહારાજની જય ના બોલવી. જય માત્ર ભગવાન સ્વામિનારાયણની બોલવી. ત્યારે મારા બાપા ઊભા થઈને રાપ ઉપાડીને બોલ્યા કોણ છે જે શાસ્ત્રીજી મહારાજની જય બોલવાની ના પાડે છે. એમ કહી શાસ્ત્રીજી મહારાજની જય બોલાવી ને કહે શાસ્ત્રીજી મહારાજ ભગવાન છે, એની જય તો બોલાશે જ એમ કહીને ત્યાંથી બહાર નીકળી ગયા.

એક વખત મારો નાનો દિકરો નટુ મને બહું સ્વપ્નમાં આવતો હતો ત્યારે અમે જામનગર મંદિરે દર્શન કરવા ગયા ત્યાં મહારાજનાં આમ ચાલતા ને તેમ ચાલતા અમને દર્શન થયા. ભગતે મહારાજને વાત કરી કે, મહારાજ ઘરનાને નાનો બાબો ચાર વર્ષનો ધામમાં ગયો તે રોજ સ્વપ્નમાં આવે છે. ત્યારે મહારાજે અઢી જાંબુ પ્રસાદીના મોકલ્યા ને કહ્યું, આ પૂંજાભાઈની દિકરીને કહેજો જમી જાય, હવે તે સ્વપ્નમાં નહીં આવે. બસ તે દિવસથી આજ સુધી ક્યારેય સ્વપ્નમાં આવ્યો નથી. આમ મહારાજ દુઃખ ટાળતા.

અમે જાયવા હતા ને મારો મોટો દિકરો નાનો હતો અને ભાદરવા માસ હતો ત્યારે થોડો થોડો વરસાદ ચાલુ હતો. તે મારા સસરાએ અમને કહી દીધું કે, તમે આ ઘરમાંથી નીકળી જાઓ ને કમાઈને ખાઓ. ત્યારે મેં જાવાની તૈયારી કરી તે મારા મોટા સસરાને ખબર પડી ત્યારે તેને ના પાડી. ક્યાંય જવું નથી ને અહીંયા જ રહો તે એમ કહીને મને ઓરડે સુવડાવી ભગત બહાર ફળીમાં સૂતા ને મારા સાસુ કહે, દીકરી તારો કાંઈ વાંક નથી તું ચિંતા ના કર બધું સારું થઈ જશે. ત્યારે બીજા દિવસે સવારે દરણું દળવા બેઠી. મને દળવા ન દીધું, પાણી ભરવા ગઈ તો પાણી ભરવાની ના પાડી ને ભગત કહે, હાલો આપણે હું એક ઓરડી ભાડે રાખી છે ને ઘણું પાણી ભર્યું હવે નથી ભરવું. એમ કહીને અમારો સામાન તે સમાનમાં એક પેટીને એક બેડું બસ આટલું જ લઈને અમે ડેલે આવ્યા તે ત્યાં ગમાણ હતી અને મોટા મોટા ખાડા તેમાં ઢોરના મૂતરાશ ભરેલા તે અમે સાફ કરીને રહ્યા. પછી ભગત બીજા દિવસે

મહારાજ પાસે જામનગર ગયાને વાત કરી મહારાજ મારા બાપાએ આમ કર્યું ને મહારાજ પાસે રડી પડ્યા. ત્યારે મહારાજે એક ધાબડો દીધો ને એક ડબરો લાડવાનો ભરી આપ્યો કે આ લઈ જાઓ. ભગત મહારાજને કહે મહારાજ હું કામે જાઉં ને આ વાસે એકલી તે કેમ કરું, હું કામે કેમ જાઉં ત્યારે મહારાજ બોલ્યા તું કાંઈ ચિંતા કરતો નહીં. તું કામ કરવા જજે અને ઘરની સંભાળ અમે રાખશું. આમ મહારાજે આશીર્વાદ આપ્યા તે એ ડેલામાં અમે વરસ'દિ રહ્યા ને પછી અમે મુંબઈ આવી ગયા. આમ મહારાજે અમારી બહું સંભાળ રાખી છે.

એક વખત હું આ મારા દીકરાને દૂધ પાતી હતી ને માળા કરતી હતી તે ઓચિંતા મારી નજર  સામે ગઈ તો એક મોટો સાપ તે મારી સામે જીબથી લબકારો મારે. તે હું આ મારા દિકરાને લઈને ભાગી તે ઘરના કહે, આ વહુ આમ ઓચિંતા કેમ ભાગ્યા. તે મેં મારા સાસુને કહ્યું સામે સાપ છે. તે મારા સાસુ કહે, એ આપણા સૂરાપૂરા દાદા છે તે એનો ચડાવો ચડાવ્યો નહીને તે ખાઈ લીધો. એટલે તને દેખા દીધી છે. મેં કહ્યું, મને કંઈ ખબર નથી. તમે ક્યારેય વાત કરી નથી એટલે મેં કહ્યું, હશે મારી ભૂલ થઈ ગઈ મને માફ કરજો. આમ મહારાજે ઘણી વખત અમારી રક્ષા કરી છે.

એક વખત મારી દીકરીના શ્રીમંત પ્રસંગ હતો ને ભગત મસ્કત હતા તે અમે ફોન કરીને વાત કરી. આજે આ પ્રસંગ છે તે ભગત કહે મહેમાનોની સરભરા સારી રીતે કરજે અને મહારાજને મસ્કતથી પત્ર લખ્યો કે,મહારાજ મારા ઘરે મને દીકરી આપો. મહારાજ કહે દીકરીમાં ખર્ચ ઘણું થાય. ભગત કહે ખર્ચ ભલે થાય પણ ઘરમાં તુલસી ક્યારો જોઈએ. હું દીકરીને રાજી રાખીશ. ત્યારે મહારાજે આશીર્વાદ દીધા કે હા તમારે ઘરે દીકરી આવશે તે નવ મહિના થયા. ઝબલા નાના મોટાં મસ્કતથી મોકલ્યા ને દીકરીનો જન્મ થયો. મહારાજે નામ આપ્યું, પ્રસાદી આપી, રક્ષા આપી. તે મારી મીના બહુ ડાહી છે. તે એના બાપને બહુ વ્હાલી હતી. પણ દીકરીને પરણાવ્યા પહેલા ધામમાં જતા રહ્યા તે અમે અમદાવાદ સપ્તાહ બેસાડી ત્યારે પિતૃ તરીકે આવ્યા હતા અને મને કહે હું તારો ઘરવાળો છું અને મીનાને મારે ચેન આપવી હતી તે અનાદિ શ્રીકૃષ્ણનારાયણ ભગવાનની રજા લઈને આવ્યો છું અને મારે આ આટલી જ વાત કરવી હતી કે, મીનાની સંભાળ રાખજો.એમ ત્રણ-ચાર વખત બોલ્યા અને છોકરાઓ સૌને આશીર્વાદ આપ્યા. તે અમે મીનાને ચેન આપ્યો. છોકરાઓને ૫૦૦-૫૦૦ રૂપિયા આપ્યા. આમ અમે આ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ ભગવાનની દયાથી બહું સુખીયા છીએ.

મહારાજ એમ કહેતા મારા જાઈવામાં આ એક જ શૂરવીર ભગત છે. મોહન ભગતનો સ્વભાવ એવો કે કોઈ મહારાજ વિરુદ્ધ બોલે તો એની સામે ઝગડો કરી નાખતા. એક વખત નાનજીભગતને નાકા ઉપર મારી લીધું હતું. મેં પૂછ્યું તમે નાનજીભગતને શું કામ માર્યું. તો કહે, મહારાજ વિરૂદ્ધ આડુંઅવળું બોલે તે મારાથી સહન ન થાય. આમ મોહનભગત શુરવીર ભગત હતા અને મહારાજના વિશ્વાસુ હતા.

કાંદીવલીમાં એક વખત સૌ પ્રથમ અમારે ઘરે મહારાજની મૂર્તિમાં હાર વધ્યો હતો તે મેં વહુને કહ્યું કે જાતો મંદિરમાં દિવો ચાલુ છે ને ત્યાં વહુ કહે મા આ તો જુઓ મહારાજની મૂર્તિનો હાર વધે છે ત્યાં જોયું તો હાર વધતો જ જાય છે. આમ દસ દિવસ સુધી હાર વધ્યો અને રામનગર આખું આવીને દર્શન કરતા. અમે પલંગો બહાર કાઢી નાખ્યા હતા અને ધૂન-ભજન ચાલુ જ રાખ્યા હતા. તે એ હાર છેક નીચે આંબી ગયો હતો ત્યારે જે દર્શન કરવા આવતા તે સાકરનો પડો લાવે ને ૨-૫ રૂપિયા મહારાજના ચરણે ધરતા તે ૧૦૦૦ રૂપિયા થયા હતા અને એક તો ગાડી ભક્તોની ભરાઈને દર્શન કરવા આવી હતી. આમ મહારાજે બહુ મોટો પરચો પૂર્યો હતો અને આંબાભગતના કહેવાથી એ એક હજાર રૂપિયા મહારાજના મંદિરના ગલ્લામાં નાખ્યા હતા.

એક વખત ધૂન-ભજન કરતા હતા ત્યારે નારિયેળ આડું ફાટ્યું હતું અને ભક્તો ધૂન કરતા હતા તે એવી ધૂન મચાવી કે ભક્તોને પરસેવો વળી ગયો હતો ત્યારે શાંતિભગતને પણ પરસેવો વળ્યો હતો અને મહારાજની મૂર્તિમાં ઝાકળના બિંદુ જેમ પાણીના ટીપા બાજી ગયા હતા તે ભગવાને આ અમૃતની વર્ષા કરી હતી. આમ મહારાજે આ ત્રણ મોટા પરચા દીધા હતા. આમ મહારાજે અમારા ઘરને પાવન પવિત્ર કર્યું હતું.

ભગવાનને મારા બાપા પહેલાથી જ ઓળખતા હતા અને અમે નાના બાળક હતા ત્યારથી જ મહારાજને ભગવાન કહેતા હતા. આમ મહારાજે અમારી બહુ ઘણી ઘણી રક્ષા કરી છે. તેમ આજે પણ જ્યારે ચિંતા જેવું થાય ત્યારે મહારાજ દર્શન આપે છે. મહારાજના દર્શન, પરચા, ચમત્કાર ઘણાં ઘણાં થયા છે.



પરચા નં.
૧૩૨.

# લલિતાબેન

## ગામ : જૂનાગઢ

**ભગવાનનાં** અવતારો જ્યારે જ્યારે પૃથ્વી પર થાય છે ત્યારે ત્યારે પુરુષ ભક્તોની સાથે સ્ત્રી ભક્તો પણ ભગવાનની વિશેષ સેવાની ઇચ્છા રાખતી હોય છે. ઘણાં સ્ત્રી ભક્તો તો ભગવાન પાસે મોક્ષની પણ આશા ન રાખી માત્ર જ્યારે પૃથ્વી પર પધારે ત્યારે તેમના લીલા ચરિત્રોના દર્શન અને સેવાની જ સકામ ભાવના રાખતી હોય છે. આ રીતે મહારાજે પણ જ્યારે આ પૃથ્વી પર અવતરણ ધારણ કર્યું ત્યારે યુગોથી સ્વયં પરનારાયણ પ્રભુની દર્શન સેવાની રાહ જોતી હોય તેવી ગોપીઓ પણ પ્રગટ થઈ હતી. કોઈ તો પરમધામમાંથી મહારાજની ઇચ્છાથી પ્રગટ થઈ હતી. એવી ઘણી મુક્તાનિકાઓ છે જેમને મહારાજે કૃપા કરી કંઠી બાંધી દિક્ષામંત્ર આપીને આશિર્વાદ આપ્યા છે. જેમાં મહારાજ વિશેષપણે કરીને વાસ કરીને રહ્યા છે એવા જ મહાન મુક્તાનિકા એટલે જૂનાગઢમાં વર્ષોથી રહેતા લલિતાબા છે. તેમને હેમંતભગતના બહેન એવાં પ્રભા અને પાર્વતીના સત્સંગે કરીને મહારાજનો વિશેષ ભગવાનપણાંનો મહિમા સમજાયો.

લલિતાબાએ જ્યારથી મહારાજને ઓળખ્યા છે ત્યારથી દરરોજ નિયમથી સવાર-સાંજ જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરમાં મહારાજનાં દર્શન કરવા, મહારાજ માટે ક્યારેક હાર કે પ્રસાદ મોકલવા તેમજ મહારાજને જરૂરી સેવા-પૂજા કરવી. આ દરેક સેવાનો ખૂબ લાભ લીધો છે. લલિતાબા જૂનાગઢ મંદિરની નજીકમાં જ રહેતા હોવાથી તેમને મહારાજની સાથે મહારાજના મુક્તભક્તોના પણ દર્શન સેવાનો લાભ મળે છે જેથી તેમનો પરિવાર વિશેષ ધન્યતાનો અનુભવ કરે છે.

આમ ભગવાન પોતાની ઓળખાણ ઐશ્વર્ય-પ્રતાપ વડે જીવાત્માને પોતાનો ભક્ત બનાવી અને પરમધામમાં લઈ જાય છે અને જીવાત્માને જો પૂર્ણ પરમાત્માની પૂર્ણ ઓળખાણ થઈ જાય અને ખરા અર્થમાં સાચો શરણાગત થઈ જાય તો તે આને આ જન્મે જ ધામમાં જાય અને બીજા અનેક જીવાત્માનો ઉદ્ધાર કરનારો થઈ પરમાત્માનો અનાદિ શ્રીકૃષ્ણનારાયણને રાજી કરનારો થાય છે. ભગવાનનો વિશ્વાસુ થાય છે, ભગવાનને અતિ પ્રિય થાય છે.

પરચા નં.
૧૩૩.

## નર્મદાબેન રામજીભગત રાઠોડ
### ગામ : ભીમકટા, હાલ- સૂરત

**મારા** જીવનમાં કોઈ આંટીઘૂંટીવાળું કર્મ હશે એટલે અમે ભીમકટાથી જામવંથલી આવ્યા. જામવંથલીથી મારી સાથે દેવજીમાસાને બંને માણસ અને હું પૂરીમાસી અમે જૂનાગઢ ગયા. મહારાજ બોલ્યા દામોદર કુંડે જાઓ, અમે આવીએ છીએ. ત્યાં હેમંતભગતની સાથે મહારાજ આવ્યા. દામોદરકુંડે મને આમ પલાઠીવાળી બેસાડી માથું ખુલ્લું કરાવ્યું અને ત્રાંબાના લોટાથી મારી પર એક પછી એક એમ સાતલોટા પાણી રેડ્યું અને કાંઈક શ્લોકો બોલ્યા અને એક સાકરની દાબડી આપી એમાંથી રોજ પાંચ કણી ખાવાની. હું પાંચ કણી ખાઉં તે બીજા દિવસે ડાબલી ભરાઈ જાય. આમ હું મહારાજનું ભજન કરતી પણ મારા સસરાને એ ન ગમતું અને મને ડુંગળી-લસણ ખાવાનું કહેતા. મેં ના પાડી અને ભજન પણ ન કરવા દેતા એથી મને થયું આનાથી જુદું રહેવું સારું અને મને ત્યારે છોકરા ન હતા. ડૉકટરને બતાવ્યું ડૉકટરે ના પાડી આને છોકરાઓ નહીં થાય અને મહારાજે આશીર્વાદ આપેલા. તારા ભાગ્યમાં ચાર છે પણ બે રહેશે. તે મારી બે-બે વર્ષની પહેલા દિકરીઓ હતી અને પછી ભગવાને બે દિકરા દીધા. આ હેમરાજ મારો મોટો દિકરો અને કેશુભગતની દીકરી ભાનુ મારી વહુ થાય. આમ મહારાજે મારો સંસાર બચાવ્યો અને એ દેવજીમાસા અને પુરીમાસી મારા ભેગા તેથી મને મહારાજ ઓળખાયા. ડૉકટરે અમને છોકરા ન થવાની વાત કરી હતી તે અમે આઠ મહિનાનો લાલો લઈને ડોકટર પાસે જઈ તેની વાત યાદ કરાવીને કહ્યું કે, અમારા પ્રગટ ભગવાન ધારે તો બધું થાય.

પછી અમે જૂનાગઢ પહોંચ્યા ત્યારે હેમંતભગતે અમને ઉતારો આપ્યો અને કહ્યું, તમારું જમવાનું તૈયાર છે. મહારાજે અમને કહ્યું હતું વંથલીથી ત્રણ જણા આવે છે, ત્રણ જણાનું જમવાનું કાઢી રાખજો. આમ મહારાજે અંતર્યામી પણે અમારા આવવાનું જાણી લીધું અને અમને મહારાજ બહું મોટા છે એમ પ્રતિતિ કરાવી. અમારું મન તેનામાં ખેંચી લીધું. જેથી અમને આ ભગવાનમાં હેત થાય અને જેમાં હેત થાય એની ભક્તિ કરવામાં આનંદ આવે.

પરચા નં. ૧૩૪.

## અનાદિ મુક્તરાજ કિશોરભગત પરષોત્તમભગત ગોહેલ
### ગામ : મોરબી, હાલ- અમદાવાદ

**મહારાજની** હયાતીમાં દુબઈમાં શ્રીહરિ શરણાગતિ મંડળના ભક્તો કથાવાર્તા દ્વારા અનેક જીવોને પ્રગટ ભગવાનની પરિપૂર્ણ ઓળખાણ આપતા. એ સમયે કિશોરભગત પણ દુબઈ ભક્તો સાથે રહી ધૂન-ભજન, સેવા-પૂજાનો લાભ લેતા, પરંતુ એક સમય એવો આવ્યો કે કિશોરભગતને શરીરમાં કોઈ એવો અસાધ્ય રોગ થયો જેના કારણે તેમને ખૂબ જ પીડા થવા લાગી. જેથી રહેવા-જમવાની પણ ખૂબ જ તકલીફ વધવા લાગી ત્યારે ત્યાંના ભક્તોને પણ કિશોરભગતની ખૂબ ચિંતા હોવાથી મહારાજને પત્ર લખી તેમનું દુઃખ દૂર કરવા પ્રાર્થના કરી ત્યારે મહારાજે જૂનાગઢથી સ્વયં પત્ર લખી કિશોરભગતને આશિર્વાદ આપતા લખ્યું કે, તમને શ્વાસની તકલીફ છે તે પ્રસાદી ગુલાબ પાંખડી ખાવાથી, પ્રસાદી જળ પીવાથી તુરંત મટી જશે. ભક્તિ કરજો મુંઝાશો નહીં. દમનો રોગ પણ મટી જાશે.

ચામાં આદુ-રસ પીવી અથવા આદુની કટકી ક્યારેક ક્યારેક ચાવતી રહેવી. છાતી પર બામ ચોળો તેમજ સહેજ ગરમ જળ પીવા મળે તો ઘુંટડો બે ઘુંટડા પીવું. ખાટું ના ખાતા એટલે તમને કફ, શરદી, શ્વાસ બધું મટી જશે અને નવું જીવન મળશે. તમે ભગવાન અને સંતને રાજી કરજો, તેમની આજ્ઞામાં રહેજો તેમજ ત્યાં રહેલા મોટા મુક્ત પુરુષો પાસેથી ઉપદેશ લેવો. હવે સમજ્યાં ત્યારથી સવાર. સેવા, ભક્તિ કરજો સુખી રહેશો.

આમ મહારાજે કુંજ પક્ષીની પેઠે જૂનાગઢ બેઠાં બેઠાં પણ કિશોરભગતની દુબઈ પણ રક્ષા કરી અને નવું જીવન આપ્યું. દુબઈના મોટાં ભક્તોમાં વશરામભગતે તેમજ અન્ય નાના-મોટાં ભક્તોએ પણ બીમારીના એ અતિ મુશ્કેલીના સમયમાં કિશોરભગતની ખૂબ સેવા કરી છે. આજે પણ કિશોરભગત મહારાજની કૃપા અને ભક્તોની સેવાને ભૂલી શક્યા નથી અને હાલમાં મહારાજનું વિશેષ ભજન કરી કથાવાર્તા દ્વારા પણ કોઈ એવા મુમુક્ષુ જીવ હોય તો તેમને ભગવાનની ઓળખાણ આપે છે અને મહારાજમાં જોડે છે. તેમજ તેમને પણ મહારાજની વિશેષ સેવા-ભક્તિ કરવાનું બળ આપે છે. આમ મહારાજે તેમને આપેલું નવું જીવન જેમ બને તેમ ભગવાન અને ભક્તો લેખે લાગે એવા તેમના શુભ પ્રયત્ન છે.

પરચા નં.
**૧૩૫.**

## અનાદિ મુક્તરાજ વાલજીભગત માવજીભગત કથિરિયા
### ગામ : અમરાપર, હાલ- અમદાવાદ

**તિર્થધામ** કુંકાવાવમાં પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણનું પ્રાગટ્ય થયું જેથી કુંકાવાવ તેમજ આજુબાજુના અનેક ગામડાંઓના ભક્તો મહારાજના દર્શન-પૂજન અને સેવા કરતાં થયાં. વાલજીભગતનું ગામ એટલે કુંકાવાવની બાજુનું અમરાપર ગામ. જે ગામ સ્વામિનારાયણ સંપ્રદાયના મહાન સંત એટલે મુક્તાનંદસ્વામીનું જન્મસ્થાન.

અમરાપરમાં રહેતા આ માવજીભગતના પરિવારમાં સૌ ખૂબ જ સારા સત્સંગી હતા. માવજીભગતનાં દરેક દીકરાઓ ભગવાન સ્વામિનારાયણના આશ્રિત હતા તેથી અવારનવાર જૂનાગઢ મંદિરે દર્શને જવાનું થતું. તેમના જીવનમાં ક્યારેય પણ કોઈ પણ દુઃખ આવ્યું હોય કે કોઈ પણ કાર્ય થતું ન હોય તો તરત જ જૂનાગઢ મહારાજને મળી બધી વાત કરતાં એટલે મહારાજ તરત જ પોતાના આ ભક્ત પરિવારના તમામ દુઃખ દૂર કરી સુખિયા કરતાં.

એકવાર માવજીભગતના દીકરા વાલજીભગત એમને કામધંધામાં મોટી ખોટ આવી એટલે જૂનાગઢ જઈ મહારાજને વાત કરી તો મહારાજ કહે, વાલજી હવે ગામ છોડીને અમદાવાદ બાજુ ટાઈલ્સ વેચાણનો ધંધો કરવામાં લાગી જા. મારા આશિર્વાદ છે કે, ખૂબ સારો ધંધો ચાલશે અને બંગલાવાળા અને ગાડીઓવાળા તમે થશો. તમારા બાળ-બચ્ચાં પણ સુખી થશે, સત્સંગ રાખજો, સેવા-ભક્તિ કર્યા કરજો, અમને ક્યારેય ના ભૂલતાં એટલે અમે હંમેશા તમારી સાથે જ રહેશું.

વાલજીભગત આ રીતે મહારાજના આશિર્વાદ લઈ અમદાવાદ ગયા અને ખૂબ સુખી થયાં. સમય જતાં કોરોનાના એ વિપરીત કાળમાં મહારાજ તેમને ધામમાં તેડી ગયા. જેનું પરિવારમાં સૌને ખૂબ દુઃખ થયું, પરંતુ જ્ઞાનના બળે કરીને આજે તેમના બંને દીકરા પણ ખૂબ જ સારો સત્સંગ રાખી પ્રગટ ભગવાનની સેવા-ભક્તિ કરી રહ્યાં છે અને જ્યારે પણ મહારાજના કાર્યોમાં જરૂર પડે ત્યારે સેવાનો લાભ લઈને ધન્યતા અનુભવે છે.

આ રીતે મનુષ્ય જન્મ મળ્યા પછી ભગવાન ઓળખવા. આપણું જે કાંઈ પણ છે તે ભગવાને આપ્યું છે. તેને ભગવાન લેખે પણ વાપરતા શીખવું એ પણ સમજવા જેવું છે.

પરચા નં. ૧૩૬.

## અનાદિ મુક્તરાજ લક્ષ્મણભગત પોપટભગત માથુકિયા
### ગામ : મોટી કુંકાવાવ, હાલ- મુંબઈ

**ભગવાનની** કૃપાથી કુંકાવાવ જેવા મહાન તિર્થમાં મારો જન્મ થયો સૌ પ્રથમ તો તેનો મને વિશેષ આનંદ છે. અમે નાનપણથી મહારાજનો મહિમા તો જાણતા પણ મોટા મુક્ત પુરુષોના યોગમાં આવ્યા પછી તેમની કથાવાર્તા દ્વારા જે મહારાજની સર્વોપરિ ભગવાનપણાની હવે ઓળખાણ થઈ છે તેથી હું અને મારો પરિવાર વિશેષ ધન્યતાનો અનુભવ કરીએ છીએ.

કુંકાવાવથી જૂનાગઢ મહારાજની હયાતીમાં ઘણીવાર દર્શન કરવા જવાનું થતું. એકવાર મહારાજના દર્શન કરવા ગયા ત્યારે મેં મહારાજને કહેલું કે, ધંધામાં ખૂબ નુકસાની જાય છે. કંઈક કૃપા કરી આશિર્વાદ આપો તો વિશેષ સુખી થવાય અને સેવાનો પણ લાભ મળે. ત્યારે મહારાજે આશિર્વાદ આપતાની સાથે એક વાત એવી કહેલી કે, આપણાં ગામમાં ચણનો ઓટો હોય તો બહારગામ ચણ નાખવા ન જવાય. (મહારાજ એવું કહેવા માગતા હતા કે, ભવિષ્યમાં અમારા આશિર્વાદથી ખૂબ સુખી થાવ તો સેવામાં કુંકાવાવ તિર્થમાં પહેલા ધ્યાન આપવું.)

સમય જતાં મહારાજના આશિર્વાદથી મુંબઈ જવાનું થયું. ખૂબ સારી રીતે હીરાનું કામકાજ ચાલ્યું. જીવનમાં સંઘર્ષ તો ખૂબ જ થયો પણ ભગવાન ભેગા હતા. માટે જ દરેક કાર્યમાં ખૂબ સારી સફળતા ધીરે ધીરે મળવા લાગી. મહારાજની કૃપાથી ઘેર સુપુત્ર સંતાનોની પ્રાપ્તિ થઈ તે પણ શિક્ષણની સાથે જ સંસ્કારી અને સત્સંગી થયા. ત્યાં મુંબઈમાં અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાના સંતો-ભક્તો સાથે હું જોડાયો. પ્રમુખસ્વામી મહારાજને મારા પર ખૂબ હેત હતું. જેથી ઘણીવાર ઘેર પધરામણી કરતા અને તેમના કોઈ કાર્યોમાં આર્થિક સહયોગની જરૂરિયાત હોય તો મને આજ્ઞા કરતા કે, જે સેવાનો લાભ હું અવશ્ય લેતો. થોડા સમય પછી મુંબઈ મહારાજના કાંદિવલી મંદિરમાં દર્શન કરવા જવાનું થયું ત્યાં પૂજ્ય સદ્‌ગુરૂ અનાદિ મુક્તરાજ શાંતિલાલ ભગતનો મને મેળાપ થયો. અમારે મહારાજનો થોડો સત્સંગ થયો. એમણે મને કહ્યું કે, ભગત મુંબઈમાં મહારાજની હયાતીથી આ મહારાજનું કાંદિવલીમાં મંદિર છે. આ મંદિરમાં દરેક મૂર્તિમાં મહારાજ હાર વધારી દર્શન આપી ભક્તોના સંકલ્પ પૂરા કરે છે. અનેકવાર આ મંદિરમાં સભા, કથાવાર્તા, ધૂન-

કિર્તન તેમજ ઉત્સવો પણ ખૂબ થાય છે. માટે તમે પણ હવે અહીં જરૂર આવતા-જતા રહેજો. તમે કુંકાવાવ તિર્થના છો, મહારાજને મળેલા છો માટે તમે જેટલી મહારાજની વિશેષ સેવા-ભક્તિ કરશો એથી વિશેષ મહારાજ તમારા પર રાજી થઈ તમને સુખિયા કરશે.

પૂ. શાંતિલાલભગતની વાત સાંભળી મેં તેમની આજ્ઞાનું પાલન કર્યું ત્યારથી હું વિશેષ શ્રીહરિ શરણાગતિ મંડળમાં સેવા ભક્તિના, મંદિરના અને ઉત્સવોના કાર્યોમાં સહયોગરૂપ થવા લાગ્યો. મેં એકવાર શાંતિલાલ ભગતને મારા ઘેર સભા રાખવા કહ્યું, ત્યારે તેમની કથામાં અક્ષરધામ અને પરમધામ બંનેમાં શું ફરક છે ? બંનેનો મહિમા શું છે ? તેની વાત ધ્યાનથી સાંભળી ત્યારે મને પાક્કુ સમજાયું કે, અક્ષરધામથી પણ શ્રેષ્ઠ પરમધામ છે અને ભગવાન સ્વામિનારાયણ કરતાં પણ વિશેષ પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણનો મહિમા છે. ત્યારથી હું તથા મારો પરિવાર માત્ર મહારાજને જ માનીએ, પૂજિયે છીએ.

વર્ષો પહેલાં મહારાજે કરેલી આજ્ઞા મુજબ કુંકાવાવ તિર્થમાં બ્રહ્મપેલેસ મંદિરમાં ખાતમુહૂર્તથી લઈને મૂર્તિ પ્રતિષ્ઠા સુધી (માતા કંભરાલક્ષ્મી, પિતા ગોપાલકૃષ્ણ, બાલકૃષ્ણપ્રભુ, શ્રી લોમશ મહર્ષિ, શ્રી શ્વેતાયનવ્યાસ પ્રભુ, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ આ દરેક મૂર્તિઓ તેના સિંહાસન, તેના શિખરો તેમજ કળશ, ધ્વજા દંડ) વગેરેની સેવાનો લાભ અમને મળ્યો છે. તેમજ બ્રહ્મપેલેસમાં નૂતન ગૌશાળા એ સિવાય પણ નાની મોટી ખૂબ સેવા પ્રગટ ભગવાનની કૃપાથી તન-મન-ધનથી કરી છે. તેમજ મહારાજના જ્યાં જ્યાં મંદિર અને ઉત્સવો થાય તે બધી જ જગ્યાએ યથાશક્તિ સેવાનો લાભ લઈએ છીએ.

હાલમાં હું મારી નિવૃત્તિના સમયમાં વિશેષ મહારાજનું ભજન કરું છું જેથી મને ઘણીવાર મહારાજના દર્શન થાય છે. ક્યારેક તો મહારાજના મંત્રના અનુષ્ઠાન પૂરાં થયા હોય ત્યારે થોડા દિવસ સુધી તો મારો દેહ શૂન્ય અવસ્થામાં હોય છે, આ બહુ અલૌકિક વાત કહેવાય. બસ આવી જ રીતે ધર્મમય, ભક્તિમય, સેવામય જીવન વ્યતિત કરી હું અને મારો પરિવાર ભાવેશ, ઘનશ્યામ બંને દીકરાઓ પણ પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણની પૂર્ણ કૃપાથી આલોક તેમજ પરલોકમાં મહાસુખિયા થાય અંતે દિવ્ય પરમધામમાં મહારાજની ચરણસેવાનો પણ લાભ મળે એ જ પ્રાર્થના છે.

પરચા નં.
**૧૩૭.**

# અનાદિ મુક્તો - દેવાણી પરિવાર (પટેલ સમાજ)

## ગામ : મોટી કુંકાવાવ

**ભારતની** પવિત્ર ભૂમિ પર યુગો યુગોથી ભગવાનનાં અવતારો થતાં આવ્યા છે. ક્યારેક ભગવાન બ્રાહ્મણ કૂળમાં પ્રગટ થયાં છે, ક્યારેક ક્ષત્રિય કૂળમાં પ્રગટ થયાં છે, ક્યારેક યાદવ કૂળમાં પ્રગટ થયા છે. આ રીતે ઘણાં કૂળમાં ભગવાને પ્રગટ થઈ તે કૂળને પણ પાવન કર્યું છે અને પોતાના ધર્મ સંસ્થાપનાના મોક્ષના કાર્યને પૂર્ણ કર્યું છે. દર વખતે ભગવાનનાં અવતારો અલગ અલગ કૂળમાં પ્રગટ થયા પણ આ વખતે તો વિશેષ કૃપા કરી અવતારોના અવતારી પરાત્પર પરબ્રહ્મ સ્વયં પોતે પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણ દેવાણી કૂળમાં (પટેલ સમાજ)માં પ્રગટ થયાં. કુંકાવાવ જેવા મહાન તિર્થમાં માતા કંભરાલક્ષ્મી અને પિતા ગોપાલકૃષ્ણના ખોળે પ્રગટ થયાં. તે બંને પણ સ્વયં મહાલક્ષ્મી અને મહા વિષ્ણુનારાયણના જ અવતાર હતા.

મહારાજની હયાતીમાં કડિયા સમાજના અનેક મુક્ત ભક્તોએ મહારાજને પરિપૂર્ણ ઓળખીને મહારાજની આજ્ઞા પ્રમાણે સેવાનો લાભ લઈને વિશેષ રાજી કર્યાં હતા. પરંતુ ત્યારે દેવાણી પરિવાર મહારાજને પોતાના કૂળના બાપા તરીકે વિશેષ માનતા. ભગવાનપણાનો પૂર્ણ મહિમા ત્યારે તેમને બહુ નહોતો, પરંતુ સમય જતાં મહારાજનાં મુક્ત ભક્તોના કથાવાર્તાના યોગે કરીને ધીરે ધીરે આજે દેવાણી પરિવારમાં ઘણાં ભક્તો મહારાજનો પરિપૂર્ણ મહિમા જાણી ભક્ત થઈ વિશેષ મહારાજના મંદિરમાં અને ઉત્સવોમાં તેમજ મંડળમાં પણ તન-મન-ધનથી સેવાનો લાભ લઈ રહ્યાં છે.

મહારાજના કુંકાવાવના દેવાણી પરિવારના આંબામાં ઘણાં ભક્તો એવા છે જે સહપરિવાર મહારાજનાં શરણાગત ભક્ત છે. તેમજ સર્વ પ્રકારે સેવાભક્તિ દ્વારા મહારાજને રાજી કરી રહ્યા છે તે દરેક ભક્તોના વડીલોના નામનો અહીં ઉલ્લેખ કરવામાં આવે છે. જેના વંશ-વારસાગત પણ મહારાજના જ ભક્તો છે.

**લિંબાબાપા દેવાણીના પાંચ પુત્રો : ૧. ગોપાલબાપા, ૨. માવજીબાપા, ૩. હરજીબાપા, ૪. ગોવિંદબાપા, ૫.લક્ષ્મણબાપા.**

**ગોપાલબાપાના ચાર પુત્રો :** ૧. ભગવાનબાપા, ૨. પોપટબાપા, ૩. વલ્લભબાપા, ૪. **કુંવરજી (શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ)**

**ભગવાનબાપાના ચાર પુત્રો :** ૧. મોહનભગત, ૨. જેરામભગત, ૩. આણંદભગત, ૪. ભીમજીભગત.

**પોપટબાપાના ત્રણ પુત્રો :** ૧. દિલુભગત, ૨. ભીખાભગત, ૩. રવજીભગત.

●●●

**માવજીબાપાના ચાર પુત્રો :** ૧. કાનજીબાપા, ૨. દેવરાજબાપા, ૩. હરિબાપા, ૪. રામબાપા.

**કાનજીબાપાના ત્રણ પુત્રો :** ૧. મૂળજીભગત, ૨. વિરજીભગત, ૩. કેશુભગત.

**દેવરાજબાપાનો એક પુત્ર :** નાથાભગત.

**રામબાપાના ત્રણ પુત્ર :** ૧. લાભુભગત, ૨. પ્રેમજીભગત, ૩. મોહનભગત.

●●●

**હરજીબાપાના બે પુત્ર :** ૧. લાલજીબાપા, ૨. જીવરાજબાપા.

**લાલજીબાપાને એક પુત્ર :** પરષોત્તમભગત.

**જીવરાજબાપાને બે પુત્ર :** ૧. મનજીભગત, ૨. આંબાભગત.

●●●

**ગોવિંદબાપાના બે પુત્ર :** ૧. નરસીબાપા, ૨.વશરામબાપા.

**નરસીબાપાના ત્રણ પુત્ર :** ૧. પરષોત્તમભગત, ૨. શામજીભગત, ૩. પરબતભગત.

**વશરામબાપાને બે પુત્ર :** ૧. પ્રેમજીભગત, ૨. દેવજીભગત

●●●

**લક્ષ્મણબાપાના ત્રણ પુત્ર :** ૧. કરસનબાપા, ૨. જીવરાજબાપા, ૩. રામબાપા.

**કરસનબાપાના ત્રણ પુત્ર :** ૧. નારણભગત, ૨. નાનજીભગત, ૩. હરિકેશવસ્વામી

**જીવરાજબાપાને એક પુત્ર :** નાથાભગત.

**રામબાપાને એક પુત્ર :** અરજણભગતના પુત્ર અશ્વિનભગતના પુત્ર રોનક **( કે.પી. સ્વામી)**

**નોંધ : અહીં જે વડીલોની નામાવલી આપેલ છે તે માત્ર મહારાજના કૂળની ત્રણ પેઢી સુધીની જ નોંધ છે. તેના વંશ-વારસદારોના નામાવલીની માહિતી (દેવાણી પરિવારના આંબામાં) વિગતવાર છે. જેની નોંધ લેવી.**



પરચા નં.
૧૩૮.

## અનાદિ મુક્તરાજ હરસુખભગત જેરામભગત મકવાણા
### ગામ : જામવંથલી, હાલ- પૂના

**મારો** જન્મ મહારાજની કૃપાથી જામવંથલી જેવા પવિત્ર તિર્થધામમાં થયો છે. તેમજ મને નાનપણમાં જામવંથલીમાં જ કંઠી બાંધી દિક્ષામંત્ર પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે આપ્યો છે. માટે મારા ગુરુ અને ઈષ્ટદેવ પણ સાક્ષાત્ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ છે. જેથી મને હૃદયમાં અપાર આનંદ છે. અમારું ઘર જે ફુલવાડીની બાજુમાં ખૂણામાં છે જેનું નામ 'અમૃત નિવાસ' છે. તે મહારાજના રાજીપાનું, મહાપ્રસાદીનું ઘર છે.

આ અમૃત નિવાસની જગ્યાએ પહેલા વાડો હતો. ત્યારે મહારાજ જામવંથલી પધારતા ત્યારે બાપાને કહેલું કે વાડાની બાજુમાં જે હાપા જીણા મકવાણાની જગ્યા છે તે તમો લઈ લો તેથી વાડો મોટો થઈ જાય ને તેમાં આઠ રૂમ અને ઓસરી બનાવો. મહારાજના આશિર્વાદથી આ જગ્યામાં આઠ રૂમો અને આઠ રૂમની ઓસરી બનીને તૈયાર થઈ. આ સમયગાળામાં મહારાજ ઘણી વખત આવતા અને સલાહ-સૂચન આપતા. ડાયાબાપાનાં દિકરા ગોવિંદભાઈને મહારાજે કહ્યું કે, હું બધો બંદોબસ્ત કરી આપીશ. પછી વજુભાઈ શાસ્ત્રીને મકાનનું વાસ્તુ લેવા બોલાવ્યા. વણથલીમાં મહારાજ હતા તો અમે મકાને રિબિન બાંધી અને મહારાજને સાડીઓ પાથરીને મહારાજને લઈ ઘરે આવેલાને મહારાજે સ્વહસ્તે રિબિન કાપીને 'અમૃત નિવાસ' મકાનનું ઉદ્ઘાટન કર્યું હતું. ત્યાર પછી પોતે ત્યાં રહીને વજુભાઈ શાસ્ત્રીને કહ્યું કે, વાસ્તુ મંત્રના ઉચ્ચારમાં ભૂલ ન થવી જોઈએ. ત્યાં ઝરમર ઝરમર વરસાદ ચાલુ થયો હતા ત્યારે ઘરનાં બધાં ખાટલા અને બધું અંદર લેવા માંડ્યા ત્યારે મહારાજ કહે, રહેવા દો. ઈન્દ્રદેવ દર્શન કરવા આવેલ છે. થોડીવારમાં ચાલ્યા જાશે. આવો અદ્ભૂત પરચો મહારાજે તે વખતે આપ્યો હતો.

મહારાજ એમ કહેતા કે આ જગ્યા પર ઘનશ્યામ મહારાજ વન વિચરણ કરતાં ત્યારે તેમની નજર આ જગ્યા પર પડેલ છે. તેમજ ફુલવાડી મંદિરમાં કૂવાનું પાણી શ્રીજી મહારાજે પીધેલ છે. અત્યારે જ્યાં પ્રસાદીનું સ્મૃતિ મંદિર છે ત્યાં વડનું ઝાડ હતું. કાળક્રમે તે પડી ગયું તો ત્યાં ઘનશ્યામ મહારાજ બેઠેલા છે ને મહારાજે ત્યારે વચન આપેલ કે આ 'અમૃત નિવાસ' ઘરમાં જે મૃત્યુ પામશે તેમને અમે કૃપા કરી પરમધામમાં તેડી જાશું અને આ એક જ ઘર કંકાવટી નદીની સામે હતું. ત્યારે મહારાજ કહે, આ ઘરમાં રહી ઘનશ્યામ મહારાજ માણકી

પર બેસીને રક્ષા કરશે. જેના પ્રતાપે અત્યાર સુધી ઘરમાં ચોર આવ્યા નથી કે ચોરી પણ થઈ નથી અને ઘરની સર્વ રીતે રક્ષા થઈ છે.

મહારાજ એમ કહેતા કે, આ કુટુંબ અમારો પરિવાર છે. અમારે જ્યારે વિસામો ખાવો હોય ત્યારે આ ઘરમાં આવીને વિસામો કરીએ છીએ. જ્યારે જ્યારે મહારાજ વાડીમાં નહાવા જતા કે ફરવા જતા ત્યારે આ ઘરમાં આવીને અચૂક બેસતા. આવો આ ફૂલવાડીની એકબાજુ દર્શન થતા 'અમૃત નિવાસ' ઘરનો મહિમા છે.

**હવે મહારાજે હરસુભાઈ જેરામભાઈ મકવાણાને જે પરચા આપ્યા તેનું વર્ણન નીચે પ્રમાણે છે :**

(૧) એક વખત મહારાજ અમૃત નિવાસ પધાર્યા અને ત્યાંથી વાડીએ જવા નીકળ્યા હતા ત્યારે હું અને મારા કાકા જે મારાથી ત્રણ વર્ષ મોટા છે, તે વખતે અમોએ વિચાર્યું કે આપણે પ્રસાદીની માળા કરાવીએ પછી બંને થોડે દૂર ગયા તો મહારાજે પહેલા મારી પાસેથી માળા માગીને થોડીવાર ફેરવીને પ્રસાદીની કરી આપી. (તે માળા આજે પણ મેં પૂજામાં રાખેલ છે) પછી ડોકમાં નાખી દીધી. ત્યારબાદ મારા કાકાની માળા લીધી અને ફેરવીને પાછી ડોકમાં નાખી. આવી રીતે નાનપણમાં જ મહારાજે અંતર્યામીપણું જણાવ્યું.

(૨) જ્યારે મહારાજ વંથલીમાં બે વર્ષ રોકાયા ત્યારે સ્વામિનારાયણ મંદિરમાં ઉપલા માળમાં મહારાજ રહેતા હતા ત્યારે મહારાજે તેમના ચરણમાં ચિન્હોનાં દર્શન કરાવ્યા હતા. આ વખતે અમારા અદાનો દિકરો રાજેશ પણ સાથે હતો.

(૩) જામવંથલી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા વખતે લાડુના રૂમ આગળ આવી મહારાજે કહ્યું કે, આ લાડુને ઢાંકી દો અને ગણપતિની મૂર્તિ પાસે દિવો કરો એટલે લાડું ઓછા નહીં પડે તેમ બોલ્યા તે વખતે હું ત્યાં હાજર હતો.

(૪) મહારાજે એક વખત ટપુલાલ કાનજી રાઠોડ કે જે મારા ફુવા થાય તેમને આ વાત કરી ચાલો ડાયાબાપાનાં રાજીપાનું બાજુમાં ખેતર છે ત્યાં જાવું છે. પછી મહારાજ કાંઈ પણ બોલ્યા વગર ઝડપથી ખેતર પહોંચ્યાને બે-ચાર ભક્તો પાછળ પાછળ દોડતાં જાય. મહારાજની ચાલવાની સ્પીડ વધારે હતી. ત્યાં જઈ એક મોટા ખેતરમાં ખીજડો હતો ત્યાં ખીજડાને હાથ દઈને ઊભા રહ્યા પછી કાંઈ પણ બોલ્યા વગર

ત્યાંથી આવતા રહ્યા. મંદિર આવ્યા પછી ટપુલાલે મહારાજને પૂછ્યું કે, મહારાજ અમને ત્યાં સુધી શા માટે લાંબા કર્યા. ત્યારે મહારાજે જણાવ્યું કે, એ ખીજડો વર્ષોથી અમારી વાટ જુએ છે તેનો ઉદ્ધાર કરવા માટે ગયા હતા. પછી તે ખીજડાને દરબાર તોડીને તેની ઘરે લઈ ગયા ને તેમને અપશુકન થયા. તે ખીજડો અત્યારે ફૂલવાડીમાં છે, પ્રસાદી ભવન સ્મૃતિ મંદિરમાં ગાડા પર રાખેલ છે.

(૫) અમૃત નિવાસમાં જે દરવાજો છે તેની પાછળ અંદરની સાઈડમાં એક સાપ હંમેશને માટે રોજ નીકળતો તેથી આ વાત મહારાજને કરી ત્યારે મહારાજ કહે, આ પાણી લઈ જાઓ અને તેનાથી ડર્યા વગર તેના મોઢા પર પાણી છાંટજો. તેમ કરવાથી બીજે દિવસે તે સાપ દેખાવાનો બંધ થયો. પછી મેં મહારાજને પૂછ્યું, મહારાજ એ સાપ કોણ હતો ? ત્યારે મહારાજ કહે, તે તારે શું કામ ? હવે દેખાતો નથી ને. આમ મહારાજે કોઈ દિવ્ય પુરુષ મહારાજની પ્રસાદી રૂપે પાણી પીવા આવ્યો હશે.

(૬) એક વખત અમારા ઘેર મારી બાએ દૂધપાક બનાવ્યો ને તે વખતે અમારા મોટીબા કહે, આ તો મહારાજ જમે તેવો દૂધપાક બન્યો છે. ત્યાં તો મહારાજ વાડી બાજુથી ઘેર આવ્યાને ખાટલા પર બેસીને કહે લાવો અમારા ભાગનો દૂધપાક આમ મહારાજ દૂધપાક જમ્યા.

(૭) એક વખત અમારા ફઈને રાત્રે વિંછી કરડ્યો હતો તો અમારા બાપાએ મંદિરે મહારાજ પાસે જઈને કહ્યું કે, મહારાજ અમારી કસ્તુરને વિંછી કરડ્યો છે તો મહારાજ કહે ચાલો. તો સવારમાં ચાર વાગે ઘેર આવ્યા ને અમારા ફઈનો વિંછી ઉતારીને પછી બધાને ત્રણ ઘૂટીનાં દર્શન કરાવ્યા અને સાથળમાં ખાપાના દર્શન કરાવ્યા ને પછી મહારાજની બધાએ ભેગા મળી આરતી કરી. આવી રીતે મહારાજ બહુ ડાયાબાપાના કટુંબ અને પરિવાર પર બહુ રાજી રહેતાં.

(૮) એક વખત જામવંથલી સ્વામિનારાયણ મંદિરમાં સભા ચાલુ હતી. ત્યારે મહારાજ કહે, અમારે બાજરાનો પોક ખાવો છે. એક બાજુ વરસાદ ચાલુ તો કોઈ ઊઠ્યું નહીં પણ ડાયાભગત કહે, મહારાજ હું તમારા માટે પોક લઈ આવું છું. એમ કહી વરસતા વરસાદમાં ડાયાભગતે પોક બનાવીને મહારાજને લાવીને આપ્યો ત્યારે મહારાજ ડાયાબાપા પર બહુ જ રાજી થયા.

(૯) ડાયાબાપા એક વખત ઘરમાં કંઈક ઝઘડો થયો હશે તો સીધા જામનગર મહારાજ પાસે ચાલ્યા ગયા ને ત્યાં ત્રણથી ચાર દિવસ રોકાયાને પછી મહારાજે બાપાને એક ઘી અને સાકરનો મિક્સ કરેલો ડબરો ભરીને જામનગરથી વંથલી પાછા મોકલ્યા.

(૧૦) અમારે નાના ફઈનાં લગ્ન સમયે મહારાજને પત્ર લખ્યો કે, મહારાજ તમો આવોને આશિર્વાદ આપો. પછી મહારાજ કહે, અમારી મર્યાદા રાખજો અમો ત્યાં લગ્નના દિવસે હાજર રહીશું. લગ્નના દિવસે ચાર ભગવાનનાં ગોખલાં છે તે ચારેય ગોખલામાંથી ખડમાકડી નીકળી હતી. આ મહારાજ તેમની કથામાં કહે છે કે પવિત્રમાં પવિત્ર ખડમાકડી છે. આવી રીતે ખડમાકડી રૂપે મહારાજ હાજર રહ્યા હતા.

(૧૧) એક વખતે અમારા ઘરનાં બે બૈરાઓ કે એક મારા બા અને એક ભાભુ વાડીએ જતા હતા. ત્યારે ત્યાં કોઈ બે જણા તેમની પાછળ પડ્યા. ત્યારે ભગવાનને યાદ કર્યા ત્યાં તો અવાજ આવ્યો કે, હું આવું છું. આ અવાજ સાંભળીને બંને જણા ભાગી ગયા. આવી રીતે મહારાજે રક્ષા કરી.

(૧૨) એક વખત મહારાજ વાડીએ પધાર્યા હતા ત્યારે ઘરનાં સ્ત્રી ભક્તોને મહારાજના દર્શન કરવાની ઈચ્છા હતી. તેથી તેઓ પણ ત્યાં આવ્યા હતા. મહારાજ જ્યાં સ્ત્રી ભક્તો હતા ત્યાં આવ્યા બધાની વચ્ચે મહારાજ બેઠા અને બધા સ્ત્રી ભક્તો ત્યારે મહારાજની ફરતે બેઠા અને મહારાજે બધાનાં હાથમાં પાણી લેવડાવી મંત્રદિક્ષા આપી પછી મારા બાનાં માથા પર હાથ મૂકીને આશિર્વાદ આપ્યા હતા.

(૧૩) એક વખત મહારાજ બાવા રૂપે અમારે ઘેર પધાર્યા હતા. અમારા મોટીબા ભેંસને દોહતા હતા. ત્યાં આવી મહારાજ ઊભા રહ્યા ત્યારે ભેંસ નવા માણસને જોઈને દૂધ સરખી રીતે દોહવા ન દેતી હતી. ત્યારે મોટીબા કહે તમો દૂર જાઓ આ ભેંસ દોહવા દેતી નથી. તે ત્યાંથી મહારાજ અદૃશ્ય થઈ ગયા ને જ્યારે મોટીબા જૂનાગઢ દર્શન કરવા ગયા ત્યારે મહારાજે બાપાને કહ્યું કે, ભેંસ બરાબર દોહવા દે છે કે નહીં. ત્યારે ખબર પડી કે મહારાજ બાવા રૂપે આવ્યા હતા.

(૧૪) મહારાજ જ્યારે ફુલવાડી સ્મૃતિ મંદિરમાં કામ કરતા હતા ત્યારે કાંઈ પણ વસ્તુ જોઈતી હોય ત્યારે મારા કાકા સાથે ખભા પર હાથ મૂકી અમારી ઘેર 'અમૃત નિવાસે' આવતા.

(૧૫) મહારાજ ધામમાં ગયા તે રાત્રે અમારા અદા ગોવિંદભાઈ ડાયાભાઈ મકવાણાને

દર્શન આપી કહેલું કે હું હવે ધામમાં જાવ છું, પાછળ સંતો છે તેમનું ધ્યાન રાખજો. એમ વાત કરેલ.

(૧૬) એક વખત મારી પૂજા જૂની થઈ ગયેલ તો જૂનાગઢ ગયો હતો ત્યારે મહારાજને પૂજા બતાવી તો મહારાજે બધી મૂર્તિ પર હાથ મૂક્યા અને બીજી પોતાની એક મૂર્તિ પણ આપી જે મહારાજનો ફોટો હતો તે મોટો હતો તો ફ્રેમમાં નાની કરવી પડે તેમ હતી. મહારાજ કહે, જોજે આ મારી મૂર્તિ એક પણ બાજુથી ખંડિત થવી ન જોઈએ. પછી તે પ્રમાણે મેં કરી. આમ મહારાજે મૂર્તિનું અંગ ન કપાય તેમ જણાવ્યું હતું.

(૧૭) એકવાર હું જૂનાગઢ ગયો હતો. દૂર બેઠો હતો મારે મહારાજના હાથના ચિન્હો જોવાના બાકી હતા. પગના તો વંથલીમાં જોયા હતા. તેથી મનમાં ઇચ્છા હતી પણ મહારાજને કહેવું કેવી રીતે ? પણ અંતર્યામી મહારાજે મને આંખના ઇશારે પાસે બોલાવીને હાથનાં ચિન્હોના દર્શન કરાવ્યા.

(૧૮) એક વખત હું અને રાજેશ જૂનાગઢ ગયા હતા ત્યારે મહારાજે અમને બંનેને સામે જમવા બેસાડ્યા. દેવસ્વામીએ મોહનથાળની મીઠાઈ ખૂબ મારી થાળીમાં નાખી તે મારાથી ખૂટે નહીં. મેં મહારાજ સામે જોયું અને મહારાજે મારી સામે જોયું. બંનેની નજર એક થઈને પછી હું બધી મીઠાઈ જમી ગયો.

(૧૯) મહારાજ જૂનાગઢ હતા ત્યારે હું પૂના હતો. ત્યારે મને પૂનાથી એક ભાઈએ કર્ણપિશાચ કાનમાં આપ્યો હતો. મહારાજ જે જગ્યામાં ઈશ્વરકૃપા સોસાયટી બનાવવાનું કહેલ તેમા જ રહેતો હતો. ત્યારે મહારાજે મને દિવ્યરૂપે કહેલ કે, તું શા માટે મુંઝાશ ? હું બેઠો છું ને. આમ દિવ્યરૂપે કહેલ.

હું અને મારા કાકા પરષોત્તમ મકવાણા જૂનાગઢ આવી મહારાજને દંડવત્ત કરી બેઠા પછી મારા કાકાએ આ વાત કરી ત્યારે મહારાજે મને પૂછ્યું કે, હું કોણ છું ? તો તરત જ મહારાજને કહ્યું, તમે ભગવાન છો. તો પછી મહારાજ કહે, જો હું ભગવાન હોઉં તો તું મારું બધું સુખ લઈ લે. એમ કહીને મારા બંને ગાલ પર મહારાજે પોતાના ગાલ ઘસ્યા અને તેમની બગલમાં લઈને ક્યાંય સુધી પકડી રાખ્યો. આમ મહારાજે મોટા આશિર્વાદ આપ્યા.

(૨૦) એક વખત જૂનાગઢ દર્શન કરવા ગયો ત્યારે મહારાજની બાજુમાં આઠ-દસ ભક્તો બેઠા હતા, હું દૂરથી દંડવત્ કરતો હતો ત્યાં મહારાજે પોતાનો પગ લાંબો કરી ઊંચો

કર્યો ત્યારે મારું ધ્યાન તો ન હતું. મહારાજે બીજા ભક્તને ઇશારાથી જણાવ્યું કે આને કહો માથું ઊંચું કરે. ત્યારે મારું ધ્યાન બીજા ભક્તોએ દોર્યું કે મહારાજ તારા કપાળ પર પગ રાખવા માગે છે. આમ મહારાજે મારા કપાળ પર થોડીવાર સુધી પગ રાખ્યો પછી મને કહે કે, બસ હવે. ત્યારે મને તો કાંઈ સમજાયું નહીં. પણ પાછળથી ખબર પડી કે હું પૂના મંદિરમાં જ્યારે પણ દંડવત્ કરતો'તો ત્યારે મહારાજના ચરણારવિંદમાં માથું રાખીને કરતો.

(૨૧) એક વખત મેં પૂના મંદિરમાં મહારાજ પાસે લોટરી માગેલ કે, હે મહારાજ મને એક લાખ રૂપિયાની લોટરી લગાડી આપો. તેમાંથી તમારા પચાસ ટકા અને મારા પચાસ ટકા. આવો વિચાર કર્યો. બાદમાં જૂનાગઢ દર્શન કરવા આવવાનું થયું ને મહારાજના દર્શન કરતો હતો ત્યાં મહારાજ બોલ્યા કે, અમારા એક ભક્તને લોટરી જોઈએ છે તે પણ પચાસ ટકાને હિસાબે. જો ભગવાનને એમ પૈસા જોઈતા હોય તો ખુદ લોટરી લઈને એક લાખ ન લઈ લે. આમ ભગવાન પાસે ક્યારેય પૈસા માગવાના નહીં. તે દિવસથી આજ સુધી મહારાજ પાસે પૈસા માગ્યા નથી તો પણ મહારાજે બધી ઇચ્છા પૂરી કરી છે.

(૨૨) એક વખત મહારાજ પાસે બેઠો હતો ને ખરાબ સંકલ્પ થયો. ત્યારે મહારાજ તરત જ કહે, આ ભાગ છે તે નર્ક સમાન છે અને નર્કમાં મોકલે છે. એમ મહારાજે જણાવ્યું.

(૨૩) ફુલવાડીના ખાતમુહૂર્તમાં હું હાજર હતો ને મહારાજ શેષનારાયણરૂપે આવ્યા હતા ત્યારે તેમને મેં ટચ કરીને દર્શન કર્યા હતા. અમારા મોટીબાએ સોનાની વસ્તુ ખાતમુહૂર્તમાં પધરાવી હતી.

(૨૪) મહારાજે જ્યારે મને કહ્યું કે, તું મારું બધું સુખ લઈ લે. તે પછી અમુક વસ્તુ થવા માંડી તેથી મને અહમ્ આવવા માંડ્યો. ત્યાર પછી જ્યારે જૂનાગઢ ગયો ત્યારે મહારાજ કહે, આ બધું થાય છે તે કોના પ્રતાપે થાય છે તને ખબર છે ? ત્યાર પછી મને અહમ્ છૂટી ગયો.

(૨૫) એક વખત જૂનાગઢ ગયા ને મહારાજનાં દર્શન કર્યા ત્યારે મહારાજે રાજી થઈ તેમના ગળાની કંઠી કાઢીને મારા ગળામાં નાખી. તે કંઠી હજુ પણ રાખી છે.

(૨૬) એકવાર ગોવિંદભાઈ, ડાયાભાઈ તથા પરષોત્તમ ડાયા રાઠોડ કે જેમને ઘેર સંતાન

નહોતા તે મહારાજ પાસે જામનગર ગયા હતા. મહારાજને ડાયાભાઈએ વાત કરી તો મહારાજે આશિર્વાદ આપ્યા પણ ઉપરછલ્લા. પછી જ્યારે ડાયાભાઈ અને પરષોત્તમભાઈ ગયા પછી મહારાજ કહે કે, આને હું પુત્ર આપું તો કેવા થાય ? એના જેવો જ થાય. તે પૂર્વ જન્મમાં પરષોત્તમ ભરવાડ હતો ને બકરું આવે તેને મારી નાખતો. તો આ પાપને હિસાબે તે સાત જનમ સુધી વાંજિયો રહેશે. ત્યાર પછી પરષોત્તમભાઈએ બીજા લગ્ન કર્યા તો પણ તેને સંતાન પ્રાપ્તી ન થઈ.

**હરસુખ જેરામ મકવાણાને મહારાજના ધામમાં ગયા પછી સ્વપ્નમાં થયેલા દર્શનની વિગત...**

એકવાર મને એમ થયું કે મહારાજ દરરોજ કાળીજીરીવાળો ચા પીતા તો હવે કોણ પાતું હશે ? આવો સંકલ્પ થયા કરતો ત્યાં એ રાત્રે સ્વપ્નમાં મહારાજે દર્શન આપી કહ્યું, હવે તું મને કાળીજીરીવાળો ચા બનાવીને પીવડાવજે.

**૧૫-૨-૧૨,** હું મહારાજની ચરણસેવા કરતો હતો, એવા દર્શન થયા હતા.

**૭-૩-૧૨,** વંથલીના અમારા ઘર અમૃત નિવાસમાં મહારાજ હાજર છે, એવા દર્શન થયા હતા.

**૬-૮-૧૨,** મહારાજે મારા માથા પર ઘણી વાર સુધી હાથ મૂક્યો હતો.

**૮-૮-૧૨,** મહારાજનાં છડીવાળા સ્વરૂપના મંદ હાસ્ય કરતા દર્શન થયા હતા.

**૨૮-૯-૧૨,** મહારાજના દર્શન થયેલ ને સાથે પૌત્ર સોહમ્ હતો. મેં મહારાજને પૂછ્યું, મહારાજ અમને ધામમાં લઈ જાશો ને ? ત્યારે મહારાજે મોઢું હલાવીને હા પાડી હતી.

**૨૦-૧૧-૧૨,** આજે રાત્રે મંદિરમાં એક સ્વામી હનુમાનજી મહારાજની આરતી ઉતારતા હતા ને અમો મંદિરમાં આરતીનાં દર્શન કરતા હતા. ત્યાં મૂર્તિમાંથી હનુમાનજી મહારાજ બહાર આવ્યા અને મારી પાસે આવી મારા કાનમાં કહ્યું કે, આપણે સંતોને ક્યારેય પણ ખરાબ બોલવું નહીં અને સંતો વિષે ક્યારેય ખરાબ વિચારવું પણ નહીં. આમ કહી હનુમાનજી મહારાજ પાછા મૂર્તિમાં જતા રહ્યા. આવા દર્શનનું કારણ, બે-ત્રણ દિવસ પહેલા પૂના મંદિરમાં સંત આવેલા ને મેં સંતને કહેલું કે, તમો આટલા બધાં વ્યવહારમાં ડૂબેલા છો તો અમારું કલ્યાણ ક્યાંથી થાય ? તેના જવાબ રૂપે હનુમાનજી મહારાજે આ પ્રમાણે પરચો આપેલ.

**૧૬-૧૨-૧૨,** મહારાજે પાઘવાળા સ્વરૂપના અતિ તેજસ્વી દર્શન આપેલા.

**૨૬-૯-૧૪,** મને એમ થતું હતું કે બધા ભક્તોએ મહારાજને નવડાવ્યા અને હું રહી ગયો.

મેં ક્યારેય મહારાજને નવડાવ્યા નહીં તો આજે મને મહારાજે દર્શન દઈને કહ્યુ કે, ચાલ મને નવડાવ. પછી મેં મહારાજને કહ્યું, મહારાજ ગરમ પાણી જોસે કે ઠંડુ. ત્યારે મહારાજ કહે, ઠંડુ. પછી મહારાજ નળ નીચે ઊભા રહ્યા. મેં નળ ઉપરથી ચાલુ કરી મહારાજને સંપૂર્ણ શરીર પર હાથ ફેરવીને નવડાવ્યા.

**૧૫-૩-૧૫,** મહારાજે આજે દર્શન આપ્યા હતા. મારી સાથે મનીષ અને ઈવા હતા. મહારાજ ઈવાને રમાડતાં હતા તેવા દર્શન થયા હતા.

**૧૬-૬-૧૫,** મહારાજની ચિન્હવાળી મૂર્તિના દર્શન થયા હતા.

**૨૪-૬-૧૫,** મહારાજ પૂજામાં બેઠા હોય તેવા દર્શન થયા હતા.

**૨૮-૬-૧૫,** મહારાજના પૂજા કરતા સ્વરૂપના દર્શન થયા હતા.

**૧૮-૭-૧૫,** મહારાજનાં દર્શન થયા હતા. મહારાજને હું ભેટેલો અને મહારાજને કહ્યું હતું કે, મને હવે સવાર સુધી છોડતા નહીં.

**૨૯-૯-૧૫,** મહારાજના ચરણારવિંદમાંથી બે ઉર્ધ્વ રેખા નીકળી તેના દર્શન થયા હતા. મે મહારાજના નાનપણમાં ચિન્હોના દર્શન કર્યા હતા તે ભૂલી ગયો હતો. ત્યારે મહારાજના ચરણોના ચિન્હો ઉપસતા હતા.

**૩૦-૧૦-૧૫,** મહારાજ હિંડોળામાં જુલતા હતા. ત્યારે મેં મહારાજના પગ દબાવવાનું પૂછ્યું તો મહારાજે હા પાડી. તેથી મહારાજના પગ દબાવ્યાની સેવા કરી.

**૩૦-૧૨-૧૫,** મહારાજનાં દર્શન થયા હતા અને ઘણાં સમય સુધી મહારાજની સાથે સેવામાં હતો.

**૨૮-૧-૧૬,** મહારાજનાં હિંડોળે ઝુલતા દર્શન થયા હતા.

**૨૦-૩-૧૬,** મહારાજની ચરણસેવા કરતો હતો તેવા દર્શન થયા.

**૧-૪-૧૬,** મહારાજના શાસ્ત્ર લખતા એવા દર્શન થયા હતા.

**૧૪-૭-૧૬,** મહારાજના દર્શન થયા. ત્યારે ફુલવાડીમાં હું મહારાજ માટે ફુલ-હાર બનાવતો હતો.

**૨૪-૧૦-૧૬,** આસો વદ-આઠમે અમે જૂનાગઢ મંદિર ગયા હતા ત્યાં ઉજવવાનું નક્કી કરેલ. રાત્રે વહેલાસર સૂઈને વહેલા ઊઠવું તેમ નક્કી કરેલ. કોઈ કારણસર વહેલું ઉઠાયું નહીં તો મહારાજ નાહીને ધોતિયું પહેરતા હોય તેવા દર્શન થયા ને તરત જાગીને ન્હાવા-

ધોવા ગયા. આ દર્શન મંદિરના ઉતારામાં થયેલ. આમ અમને મહારાજે વહેલા ઉઠાડ્યા.

૨૦-૭-૧૭, મહારાજના દર્શન થયાને કહ્યું કે, કામાદીક શત્રુને જીતવા અને જિતેન્દ્રીય થાવું.

૨૮-૧૨-૧૭, રાત્રે સુઈ ગયા પછી મારી બંને પીંડીઓ દુઃખતી હતી ને સૂઈ ગયો. સવારે મહારાજ કહે, મારી પીંડી પણ બહુ દુઃખે છે માટે દાબી દે. મહારાજે આમ કહ્યું એટલે મને બહુ જ આનંદ થયો. પછી મહારાજ સૂતા હતા, હું એમની બાજુમાં સૂતો હતો. મારું માથું તેમની છાતી પર હતું પછી મહારાજે મને પૂછ્યું કે, તને આમાં ક્યાંય કામ દેખાઈ છે. ત્યારે મહારાજને મેં ના પાડી કહ્યું, ના મહારાજ આમાં કામ ક્યાંય નથી. આ એટલા માટે થયું કે મને એમ વિચાર આવતો કે મહારાજમાં કામ હશે કે નહીં ?

૭-૧-૧૮, મહારાજના ફુલવાડીની મૂર્તિના દર્શન થયા હતા.

૩૦-૧-૧૮, મહારાજના કુંકવાવ પાદર સ્મૃતિ મંદિરના દર્શન થયા હતા.

૧૯-૩-૧૮, મહારાજના બ્રહ્મપેલેસની મૂર્તિના દર્શન થયા હતા.

૬-૪-૧૮, મહારાજે દર્શન દઈ મને પ્રસાદીની સાકર ખાવાનું જણાવ્યું. આમ એટલા માટે કહ્યું કે, મને સુગર હતી ને પ્રસાદીની સાકર ધરતો તે જમતો નહીં. કારણ કે મને ડાયાબિટિશની અસર હતી. તો ત્યાર પછી મહારાજની પ્રસાદીની સાકર જમવાનું ચાલુ કરેલ.

૧૪-૮-૧૮, મેં અમારા જામવંથલીના મકાન જૂના પાડીને નવા બનાવ્યા તેથી મહારાજ ત્યાં ગાદલું નાખી ઓસરીમાં બેઠા છે તેવા દર્શન થયા.

૨૩-૨-૧૯, આજે મહારાજની અંતરધ્યાન તિથિ હોવાથી જૂનાગઢ દર્શન આવેલ હતો. મને એમ થતું કે બધા મહારાજ ભેગા સૂતા હતા તો હું તો ક્યારેય સાથે સૂતો નથી. ત્યારે મહારાજે દર્શન દઈ બોલ્યા, ચાલ મારી સાથે સૂઈ જા. મેં મહારાજને જણાવ્યું કે દરવાજો બંધ કરીને આવું. પછી દરવાજો બંધ કરીને મહારાજનાં પલંગમાં સાથે સૂઈ ગયો ને મહારાજે બધા દિવ્ય સુખ દીધા.

૨૦-૩-૧૯, મહારાજના થાળ જમતા સ્વરૂપના દર્શન થયા હતા.

૨૯-૩-૧૯, મહારાજની સુખશૈયાની મૂર્તિના દર્શન થયા હતા.

૧૬-૪-૧૯, મહારાજે બપોરે જૂનાગઢ શ્વેતાયનબાગની મૂર્તિના દર્શન દીધા હતા.

૨૦-૪-૧૦, રાત્રે સ્વપ્નમાં વ્યાસપીઠ પર બિરાજમાન થઈ કથા વાંચના સ્વરૂપના દર્શન દીધા.

**૧-૭-૧૯,** રાત્રે હનુમાનજી મહારાજ હાલતા-ચાલતા હોય તેવા દર્શન થયા હતા, સવારે હનુમાન જયંતી હતી ને અષાઢી બીજનો દિવસ હતો.

**૧૦-૮-૧૯,** આજે સવારે મહારાજે સ્વપ્નમાં દર્શન આપ્યા. મેં દંડવત્ કર્યા, સામે બેઠો ને મહારાજનું હલનચલન થાય તેમ તેમની બાજુમાં મૂર્તિમાં પણ હલનચલન થાય. મહારાજે મારે માથે હાથ મૂક્યો. ત્યાં એક નાનો બાળક આવ્યોને મહારાજ તેને રમાડવા માંડ્યા. ત્યારે મને થયું કે આ બાળકનાં કેવા ભાગ્ય કે મહારાજ તેને રમાડે છે. (તે દિવસે પુત્રદા એકાદશી હોવાથી આવા દર્શન થયા હતા.)

**૬-૯-૧૯,** મહારાજની રાજીપાની મૂર્તિના દર્શન થયા હતા.

**૧૭-૯-૧૯,** આજે રાત્રે મેં સૂતા પહેલા મહારાજની મૂર્તિને ચુંબન કરીને સૂતેલો તો રાત્રે મહારાજ મને એમના રૂમમાં લઈ ગયાને સાથે સુવડાવ્યો હતો.

**૫-૨-૨૦,** આજે જૂનાગઢથી 'અધિક માસ મહાત્મ્ય'ના પુસ્તકો ઘરે આવ્યા હતા તે રાત્રે મહારાજે મને પોતાની બગલમાં લઈ ભેટ્યા હતા અને મને હરખનાં આંસુ આવ્યા હતા.

**૧૦-૨-૨૦,** આજે મહારાજની પુણ્યતિથિ હોવાથી મહારાજે દર્શન આપ્યા ને ઘણા સમય સુધી રહ્યા પછી મેં મહારાજને પૂછ્યું કે, મહારાજ અદરકવાળી ચા બનાવી લાવું ? તો મહારાજ કહે, મારે ઉતાવળ છે, મારે જવું છે. ત્યાં સ્વપ્ન પૂરું થયેલ.

**૪-૫-૨૦,** આજે હેમંતભગતે ઘણા સમય સુધી દર્શન આપીને મને બાથમાં લીધો હતો.

**૧૬-૫-૨૦,** આજે રાત્રે મહારાજ ઘણા વખત સુધી ભેટ્યા હતા ને મેં મહારાજને ચુંબન કર્યું હતું.

**૨૧-૫-૨૦,** રાત્રે ૧૨-૩૦ વાગ્યે દર્શન થયા તે પાછા સવારે ચાર વાગે પણ મહારાજના તેજોમય દર્શન થયા.

**૫-૭-૨૦,** આજે ગુરુપૂર્ણિમાના દિવસે મહારાજનાં ઘણા સમય સુધી દર્શન થયા હતા. મહારાજનાં બે સ્વરૂપમાં એક તો મહારાજ ધોતિયામાં અને બીજા મહારાજ પેન્ટ-શર્ટમાં તેમાંય ભગવાનજી ફુવાએ પહેરાવેલ પેન્ટ અને સફેદ શર્ટમાં દર્શન થયા. મહારાજ કહે, તું મને મોટા દેખાડવાનું વિચારે છે ને કહે છે. તેનાથી હું ઘણો જ ખુશ છું, પ્રસન્ન છું.

**૧-૯-૨૦,** આજરોજ જામવંથલીમાં ફુલવાડી મંદિરમાં દર્શન કરવા ગયા ત્યારે મહારાજનાં દર્શન થયા પરંતુ તે જાળીને પાછળ નહીં જાળીની આગળ થયા હતા. લોકડાઉન પછી

પહેલીવાર જ્યારે મંદિર ખોલ્યું ત્યારની આ વાત છે.

**૨૨-૯-૨૦,** અમો આ દિવસે પૂનાથી જામવંથલી જવા રવાનાં થવાના હતા. સાંજે રસ્તાનો ભાત સાંજે કરી લીધેલો તે સવારે ચાર વાગ્યાની અસપાસ નીકળવાની તૈયારી થઈ ગઈ ને તે સમય લોકડાઉનનો હોવાથી પાસ પણ કઢાવેલ. સવારે ચાલવાની તૈયારી કરી ત્યાં સાથે આવવાના હતા તેમનો પિરિયડનો સમય ન હોવા છતાં પિરિયડમાં આવ્યા. આ મેં સાંભળ્યું તો પછી જવાનું કેન્સલ કર્યું. ત્યારે અમોને એમ કે મહારાજની મરજી નહીં હોય બીજે દિવસે હું મારા કામ માટે તળેગાવ જવા નીકળ્યો તે પાછો આવ્યો ત્યારે ત્યારે મારી ગાડીમાંથી એન્જિનમાં ઓઈલ જાય ત્યાંથી ઓઈલ નીકળી ગયું. તેને રિપેર કરવા માટે મને ત્રણ-ચાર દિવસ થયા. આમ જો તે દિવસે નીકળ્યા હોત તો અમો રસ્તામાં હેરાન થાત. તેમ ભગવાન આવી રીતે રક્ષા કરતા હોય છે.

**૩૦-૧૦-૨૦,** મહારાજે દિવ્ય સ્વરૂપે દર્શન દીધાં હતા.

**૧૮-૧૧-૨૦,** મહારાજની સાથે સૂઈને મહારાજના શરીરમાંથી સુગંધ આવતી હોય તેવો અનુભવ થયો હતો.

**૧૪-૧-૨૧,** મહારાજે મૂર્તિમાં આંખ બંધ કરી તેવા દર્શન થયા. હું મહારાજનો મંત્ર 'અનાદિ શ્રીકૃષ્ણનારાયણ સ્વામિ પતિશ્ચમે' બોલ્યો તો તે પ્રમાણે મહારાજે સુખ આપ્યા હતા.

**૧૮-૪-૨૧,** મહારાજના દાતણ કરતાં દર્શન થયા હતા.

**૧૩-૫-૨૧,** મહારાજે થાળીમાંથી રોટલાનો ટુકડો કાપીને બાજુમાં મૂક્યો હતો.

**૧૯-૬-૨૧,** સ્વપ્નમાં મહારાજ તેમના નિવાસસ્થાન જૂનાગઢ ધામે બાલમુકુંદ ભવનમાં બેઠેલા છે તેવા દર્શન થયેલા.

**૧૬-૭-૨૧,** મહારાજના ધોતી પહેરતા દર્શન થયા હતા.

**૮-૧૧-૨૧,** મહારાજના પૂજામાં ચા પીતા દર્શન થયા હતા.

**૨૦-૧૨-૨૧,** મેં મહારાજના પગ દાબ્યા હતા. ઘણીવાર સુધી સેવા કરી હતી. પછી મહારાજ જૂનાગઢમાં શ્વેતાયન બાગે નૂતન પ્રસાદી ભાલમુકુંદ ભવનનાં પાયામાં આનંદથી સૂતા છે અને પોતાના આ દિવ્ય પ્રસાદી મહેલનું કાર્ય થઈ રહ્યું છે તે જોઈને આનંદથી સૂતા સૂતા રાજી

થતા હતા. તેવા દર્શન થયા હતા.

**૧૮-૩-૨૨,** હેમંતભગતનાં દર્શન થયાને મેં તેમને જય અનાદિ શ્રીકૃષ્ણનારાયણ કહ્યા.

**૨૦-૩-૨૨,** મહારાજનાં અતિ રાજી થઈ આશિર્વાદ આપતા દર્શન થયા હતા.

**૨૦-૪-૨૨,** મહારાજને મેં ધામમાં લઈ જવાનું કહ્યું. ત્યારે મહારાજે મને સર્વ માયિક દોષો છોડવાનું કહેલું.

**૨૯-૪-૨૨,** મહારાજનાં સ્નાન કરતાં દર્શન થયા હતા.

**૨૧-૭-૨૨,** આજે સવારે મહારાજનાં બંગલામાં ગયોને ત્યાં આત્મપ્રકાશ સ્વામી તથા હેમંતભગત તથા બીજા સંતો ત્યાં બહાર બેઠેલા હતા. ત્યાં આત્મસ્વામીને પગે લાગીને હેમંતભગતને જય સ્વામિનારાયણ કરી મેં પૂછ્યું, મહારાજ ક્યાં છે ? તો મને કહે કે જો ત્યાં સામે બેઠા છે. પછી મહારાજ બેઠા હતા હું ત્યાં ગયોને મહારાજને દંડવત કર્યાને મહારાજે મને પાસે બોલાવ્યો ત્યાં મારી ઊંઘ ઉડી ગઈ.

**૨૯-૮-૨૨,** મહારાજ પાસે હું વિચાર કરીને ગયો કે મને મહારાજ પ્રસાદીની વસ્તુ આપે, તો મહારાજ કહે, તારે પ્રસાદીની વસ્તુ જોઈએ છે આ લે મારો રૂમાલ. આ હું તને પ્રસાદીરૂપે આપું છું.

**૩૦-૮-૨૨,** આજે મહારાજને હું નવડાવતો હતો. નાહ્યા પછી મહારાજે કપડાં પહેર્યા ત્યાં સુધી સ્વપ્ન રહ્યું હતું.

**૩-૯-૨૨,** આજે આરતી સમયે મહારાજ ચિન્હવાળી મૂર્તિમાં હસ્યા હતા, સામે હું પણ હસ્યો હતો.

**આ રીતે મહારાજ અનેકવાર મને દર્શન આપી અને સેવાનો લાભ આપી રાજી કર્યો છે.**

પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણની કૃપાથી હું અને મારો પરિવાર ખૂબ જ સુખી છીએ. મહારાજે શાસ્ત્રમાં કહેલા ધર્મ-નિયમ પ્રમાણે રહી સૌ સેવા-ભક્તિ કરીએ છીએ અને પવિત્રપણે જીવન વ્યતીત કરીએ છીએ. પ્રગટ ભગવાનનાં સંકલ્પના કલ્યાણકારી નૂતન શાસ્ત્રના પ્રકાશન કાર્યોમાં તેમજ નૂતન બાલમુકુંદ પ્રસાદી ભુવનમાં પણ યથાશક્તિ જે મને સેવાનો અમૂલ્ય લાભ પ્રાપ્ત થયો છે. એથી હું મારા જીવનને વિશેષ ધન્યભાગી માનું છું. બસ આવી જ રીતે મહારાજે આપ્યું છે અને મહારાજને આપવાનું છે. આપણે તો

બસ પ્રસાદી કરીને બધું વાપરીને સુખી રહેવાનું છે અને વિશેષ મહારાજના દરેક કાર્યોમાં તન-મન-ધનથી સેવાનો લાભ હંમેશા મળતો રહે તેમજ મહારાજ અંતકાળે પોતાના દિવ્ય પરમધામમાં ચરણકમળની સેવામાં મને અને મારા પરિવારના સૌ ભક્તોને રાખે એવી પ્રાર્થના સાથે જય અનાદિ શ્રીકૃષ્ણનારાયણ...

ધન્ય છે આ પ્રગટ ભગવાનને જેને આ શરણાગતિ મંડળને પોતાની ઓળખાણ આપી અપનાવ્યા. ધન્ય છે આ પ્રગટ ભક્તોને કે જેણે પોતાનું બધું પ્રગટ ભગવાનનું માન્યું અને જ્યારે ભગવાનને જરૂર પડે ત્યારે એ ભગવાનને આપવામાં ક્ષણનો વિલંબ કર્યા વગર ભગવાન માટે હાજર થઈ સેવા કરવા તત્પરતાથી સેવાઓ કરે છે. ધન્ય છે આ ભક્તોને, ધન્ય છે એ સમજણ દેનારાને, ધન્ય છે આ પ્રગટ ભગવાનની ઓળખાણ આપનારાને કે જેણે જ્ઞાન ઉપદેશ એવો સત્સંગ કરાવ્યો કે ઉપદેશ લેનારાઓ એ આ સત્સંગે કરી પ્રગટ ભગવાનને પ્રત્યક્ષ ઓળખી લીધા અને પોતાના જીવનને ભગવાન અને સંતના ચરણે ધરી દીધા. સંતની આજ્ઞાને માથે ચડાવી સંતની અનુવૃત્તિમાં જીવનને ઢાળી પોતાને ધન્ય ધન્ય માની પ્રગટ ભગવાનના સાચા શરણાગત થઈ પોતે પ્રગટ ભગવાનનાં શરણાગત ભક્ત છે. એ પ્રમાણ આપતા જાય છે.

આ મનુષ્ય જન્મમાં જ પરમધામના રીત-રીવાજો શીખી લીધા હોય તો પરમધામમાં સુખથી ભગવાનની સમીપમાં રહી શકાય. પરમધામના રીત-રીવાજ ક્યા ? તો શાસ્ત્ર અને સંત કહે છે કે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, અહંકાર, આશા, તૃષ્ણાથી રહિત થઈ એને ભગવાનના બનાવી દયા, કરૂણા, પરોપકાર, ક્ષમા, શીલતા ભાવભક્તિથી ભરપૂર થઈ પ્રગટ ભગવાનની આજ્ઞાનું અનુસંધાન રાખી આ મનુષ્ય જન્મમાં અખંડ ભક્તિ સેવા-સત્સંગમાં રહેવાય ત્યારે આ કલિયુગી માયાથી પાર પમાય છે તે પણ નિર્દોષ નિષ્કામ પ્રગટ ભગવાનના સંતનો આશરો હોય ને શરણાગતિ ધર્મવાળી ભક્તિ હોય ત્યારે આ જન્મ-મરણના બંધનથી છૂટી પરમધામમાં પરમપદે બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની સેવામાં અખંડ રહેવાય છે. આજ મનુષ્ય જન્મથી સાર્થકતા છે.



પરચા નં. ૧૩૯.

## ભક્તોની અભ્યર્થના તેમજ ભક્તોની સેવા- ઉપાસના- અનુસંધાન અંતર્ગત મહત્વના મુક્ત ભક્તોના પરચાના પત્રો...

**પ.ભ. શાંતિલાલ પૂંજાભાઈ વાઢેર, જામવંથલી** (તા.૧૮-૧૨-૭૫)

તા.૧૫-૧૨-૭૫ના સુરત પહોંચી ગયાનો મહારાજને પત્ર લખ્યો પત્રમાં લખ્યું, તમો ગુરૂદેવ પ્રગટ ભગવાન છે. અક્ષરધામના અધિપતિ છો. તમારા પરચા ચમત્કાર સૌરાષ્ટ્ર દેશમાં ગવાય છે, આપ બધું જાણો છો. જે મને પેટનો દુ:ખાવો રહે છે. રાતના નિંદ્રા ઓછી આવે છે. આમ પત્ર લખ્યો ત્યાં તો પેટનો દુ:ખાવો મટી ગયો અને નિંદર આવી ગઈ સવારે ઉઠ્યો ત્યારે તમારા દર્શન થયા એ દર્શન નજરો નજર તરે છે અને પેટમાં બિલકુલ નિરાંત છે.

●●●

**પ.ભ. રણછોડ રવજી ચૌહાણ, જામવંથલી** (તા.૨૨-૧૨-૭૫)

રણછોડ ભગતે મહારાજને સ્નેહભાવે પત્ર લખ્યો તેમાં લખ્યું કે, અમારા બહેનના સાસું ધામમાં ગયા. તેઓ ફુગેવાડીમાં રહે છે અને અમારી ભાણી સાત વરસની છે તે રાતના બે-ત્રણ વાગ્યે ઊંઘમાંથી ઉડી જાય છે. અને રાડો રાડ કરે અને કહે છે. જો મોટા બા આવ્યા અને કાળા મોઢાવાળો સફેદ કપડા પહેરીને આવ્યો છે અને મોટું જનાવર આવી પગમાં ચાંચ મારે છે. આમ દરરોજ રાડ્યું પાડે છે અને અમારા બહેન-બનેવી બહુ જ ચિંતા કરે છે. આપ સર્વસ્વ અંતર્યામી છો. ભગવાન છો આ દુ:ખ મટાડજો. આમ મહારાજને પત્ર લખ્યો ત્યારથી સારું થવા લાગ્યું અને મહારાજે શ્રીજી રક્ષા મોકલી અને પિતૃ કાર્ય કરાવવા લખ્યું તે બેબીને સારું થઈ ગયું.

●●●

**પ.ભ. બાબુલાલ મોહનભાઈ, રાજકોટ** (તા.૨૩-૧૨-૭૫)

અરવિંદની તબિયત સારી નહોતી એટલે તા.૧૩-૧૨-૭૫ સોમવારના દિવસે આપને ટપાલ લખી ટપાલ પેટીમાં નાખી હું ઘેર આવ્યો ત્યારે ઘરમાં આપના દર્શન થયાં અને આપ અરવિંદને માથે હાથ ફેરવતા જોયા અને મેં અરવિંદને જોયો ત્યારે ખબર પડી કે આપ અરવિંદને ધામમાં તેડી ગયા અને અરવિંદ આખો દિવસ તમારું જ રટણ કરતો હતો જેથી આપ એને ધામમાં તેડી ગયા.

●●●

**પ.ભ. રતિલાલ પ્રેમજી વાઘેલા, ફુગેવાડી,** (તા.૨૭-૧૨-૭૫)

અમારા માતુશ્રી ત્રણ વર્ષ પહેલાં ધામમાં ગયા ત્યારે એ એમ કહેતા હતા કે શાસ્ત્રીજી ભગવાન મને તેડવા આવ્યા છે. હું શાસ્ત્રીજી મહારાજ સાથે ધામમાં જાઉં છું. એમ કહી જય સ્વામિનારાયણ બોલ્યા અને મોક્ષમાં ગયા. આમ શાસ્ત્રીજી ભગવાન તેના ભક્તોનું ધ્યાન રાખતાં, દર્શન દેતા, દુઃખ મટાડતા, સુખી કરતા.

●●●

**શ્રી વાસુદેવપ્રસાદદાસજી સ્વામી તથા કૃષ્ણજીવનદાસજીસ્વામી, કોલકાતા,** (તા.૨૬-૭-૭૬)

આપ શાસ્ત્રીજી મહારાજે મુંબઈમાં આઝાદ મેદાનની કથામાં વ્યાસપીઠે બિરાજી જે દિવ્ય જ્ઞાન પીરસ્યું ત્યારથી આપને લાખો માનવો દૈવી અંશ-વાચસ્પતી, દિવ્યપુરુષ તરીકે જુએ છે. ત્યારે અહીં કોલકાતામાં આપની વાણી સાંભળવા અહીંના સત્સંગીઓ તલસી રહ્યા છે. આપના દર્શન કરવા ઈચ્છે છે, અહીં સહુ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને સંભાળે છે અને વખાણે છે.

●●●

**શ્રી અક્ષરજીવનદાસજી સ્વામી તથા બિહારી ભગત, ખંભાત,** (તા.૧૩-૮-૭૬)

પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ જ્યારે ખંભાત માયાતીતાનંદજી બ્રહ્મચારીની સાથે એક મહિનો જાહેર વ્યાખ્યાનો આપ્યા અને ખંભાતને પોતાની મૂર્તિમાં ઘેલું લગાડ્યું હતું. શ્રી મહારાજની અમૃતવાણી-વચનો વડે ચમત્કારો થતા. એ વખારીયા શેઠ વૈષ્ણવ હોવા છતાં પોતાની ગાડી મહારાજ માટે હાજર રાખતા અને ભારત વર્ષમાં વિદેશમાં મહારાજની વાણી-ચમત્કારોના વખાણ થતા જેથી સ્વામિનારાયણ સંપ્રદાય ફૂલ્યો ફાલ્યો હતો. ત્યારે જૂનાગઢના સાધુ-સંતો મુંબઈ, ઘાટકોપર, મુલુન્ડમાં સત્સંગ કરાવતા ત્યારે કહેતા- અત્યારે હાલ સ્વામિનારાયણ ભગવાન સંતરૂપમાં જૂનાગઢમાં પ્રત્યક્ષ બિરાજે છે. તેના દર્શને સૌ જાઓ. આવા ઉપદેશ પ્રચાર વડે મુંબઈવાળાઓ જૂનાગઢ બસ અને સ્પેશ્યલ ટ્રેનોમાં દર્શન કરવા આવતા. આમ મુંબઈના સત્સંગીઓ આપને સંતરૂપમાં સ્વામિનારાયણ ભગવાન જાણે છે. ત્યારે અમો તા.૭-૯-૭૬ના આપના દર્શને આવવાના છીએ તો ભગવાન શ્રીહરિ સંતરૂપે સંત મધ્યે જન્મ ધરીને બિરાજ્યા છો. એ સતય સંકલ્પ અમારો પૂરજો. આપ પ્રત્યક્ષ અંતર્યામી દિવ્યમૂર્તિ સાક્ષાત્ નારાયણ શ્રીહરિ છો, દર્શન આપજો.

●●●

**પ.ભ. મનુભાઈ શાહ, વારાણસી** (તા.૨૭-૯-૭૫)

એક વખત મનુભાઈ શાહ કાશી-વારાણસી ગયા ત્યારે ત્યાં મોટા મોટા વિદ્વાનોને મળ્યા અને શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીની કિર્તીનો ચારે દિશામાં જયજયકાર થતો હતો ત્યારે મનુભાઈ કહે આ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી અત્યારે સૌરાષ્ટ્રમાં વસે છે અને તેનું મૂળગામ કુંકાવાવ, એ કુંકાવાવની હાઈસ્કૂલનો હું પ્રિન્સીપાલ છું. આ વાત સાંભળીને વિદ્વાનો રાજી થયા અને કહેવા લાગ્યા કે, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામીજી વિશ્વનાથ કે અવતાર યા બૃહસ્પતિ કે અવતાર યા સરસ્વતી સ્વયં અવતરીત હૈ ચાર પાંચ પંડિત એક જનમ મેં લીખે ઉતને બડે બડે ગ્રંથ તો શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને ઈસ સમય મેં લીખે હૈ. આમ કાશીના વિદ્વાનોની વાતો સાંભળીને મનુભાઈને પણ થયું કે આ અમારા તિર્થંકર વ્યાસ પરમપુરુષ છે અને અભિનંદન ગ્રંથ તૈયાર કરવા તે પ્રેરાયા અને વિશ્વને ઓળખાણ થાય એ ભાવનાથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને નતમસ્તક થઈ રહ્યા.

●●●

**પ.ભ. અમરશી હંસરાજ રાઠોડ,** (તા.૧૬-૧-૭૬)

મહારાજ દિવ્યરૂપે નીજ ભક્તોની સંભાળ રાખતા પત્ર દ્વારા આશીષ આપતા ત્યારે આ અમરશી ભગતને મહારાજે દિવ્ય દર્શન આપ્યા તેથી આનંદિત થઈ ભગવાનને પ્રાર્થના કરી. હે મહારાજ, આપ સાક્ષાત્ બિરાજો છો, અંતર્યામી છો. અમારી અહંમ્ મમતારૂપ માયાથી રક્ષા કરજો. આપના દર્શન થવાથી મન-આત્મા પ્રફુલ્લીત થયા છે. આમ અમારી ઉપર આપ કરૂણા વરસાવતા રહેજો. જેણે જેણે પ્રત્યક્ષ આ ભગવાનને ઓળખ્યા છે. તે તે આ મનુષ્યજન્મ ખાટી ગયા છે.

●●●

**પ.ભ. દેવશી વસ્તા જાવીયા, જામવંથલી,** (તા.૧૧-૨-૭૬)

દેવજી વસ્તાના બહેન ગોમતીની દીકરી મંજુલા જામવંથલી આવ્યા હતા. તેને કાંઈ વળગાડ જેવું હતું તે એક ધ્યાનથી બેસી જતા. કોઈ સામું બોલે નહીં અને મહારાજની છબી સામું જોયા કરે અને કોઈ બોલાવે તો બોલે અને કાંપે અને રોવા લાગે. જ્યારે આમ થતું ત્યારે મહારાજની છબીને પાણી ધરાવી એક ઘૂંટડો પાય તો શાંત થઈ જાય. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામિનારાયણ નામની માળા કરે તો શાંત થઈ જતા. આમ પ્રભુને પ્રાર્થના કરતા ત્યારે શ્રી મહારાજે રક્ષાકવચ આપ્યું અને દુઃખ દૂર થયું શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી પ્રત્યક્ષ પ્રગટ ભગવાન છે.

●●●

**પ.ભ. રતિલાલ પ્રેમજી વાઘેલા, પૂના** (તા.૧-૫-૭૬)

પ્રગટ ભગવાનને ઓળખનારા પ્રગટના ભક્તો પ્રગટ પ્રભુને રાજી કરતા જ રહે છે. ત્યારે આ રતિલાલ પ્રેમજી વાઘેલાએ એક કામ રાખ્યું, કામ જોખમી હતું. પરંતુ પ્રગટ ભગવાનને સંભાળી કામ ચાલું કર્યું અને સાંજે કામથી છૂટ્યા અને જે જોખમ હતું તે દિવાલ કામ પરથી છૂટ્યાને પાછળથી પડી જે ભગવાને દિવ્ય સ્વરૂપે રક્ષા કરી કહેવાય. આમ પ્રગટ થકી રક્ષા થઈ જાણીને પ્રગટને સંભારતા, સંભારતા ઘરે પહોંચ્યા. જીવમાં પ્રગટના નામનો આનંદ આનંદ હતો.

●●●

**પ.ભ. નરસિંહ ફુંકડીયા માસ્તર, જામવંથલી,** (તા.૯-૫-૭૬)

સંત સ્વરૂપે રહેલા શાસ્ત્રીજી મહારાજ પ્રગટ ભગવાન છે. તેને ઓળખનારા ભક્તો પોતાના જીવનનું કોઈ પણ કામ પ્રગટ પ્રભુની આજ્ઞા લઈને જ કરતા. આ નરસિંહભગતના ઘરે બાબાનો જન્મ થયો. એ બાબાનું નામ પણ મહારાજ પાસે પૂછાવતા. શાસ્ત્રીજી મહારાજ ચમત્કારી છે, વચનસિદ્ધ છે, સંતરૂપમાં ભગવાન છે એમ ભક્તો જાણતા હતા અને સૌ ભગવાનને રાજી કરતા હતા અને આશિર્વાદ લેતા હતા.

●●●

**પ.ભ. ઓધવજી ટપુ મનાણી, ફુગાવાડી** (તા.૧-૬-૭૬)

ઓધવજી ભગતના ભાઈ માંદા હતા. ત્યારે રાઘવ પોપટ પોરીયાને જામનગર મહારાજને પ્રાર્થના કરવા કહ્યું ત્યારે મહારાજે કહ્યું અમે એમને તેડવા જઈએ છીએ. એમ આકાશમાં દર્શન આપ્યા અને પાંચ મિનિટમાં ધામમાં લઈ ગયા. ભગવાને પાણી ફુલહાર આપ્યા આ પાલખીમાં શબને ચડાવજો. આમ આપ પ્રગટ ભગવાન છો, આકાશમાં વિચરો છો. એક ઠેકાણે રહ્યા થકા અનેક ઠેકાણે દર્શન આપો છો, દુઃખ મટાડો છો, આપમાં ઐશ્વર્ય ઘણું છે, જે ધારો તે કરો છો તેમ ભક્તો જે ધારે તેમ પણ આપ કરો છો. એટલી શક્તિ સામર્થ્ય હોવા છતાં આપ સાધુરૂપે સંત થઈને રહો છો. એવું ભગવાનનું સામર્થ્ય જાણી ઓધવજી ભગત ભગવાનના ચરણોમાં પડી ગયા અને સ્વામીજીને ભગવાન માનવા લાગ્યા. સ્વામીશ્રી સંતની મધ્યે પ્રગટ થઈ બિરાજે છે. એમ ઓધવજી ભગતને જન્માષ્ટમીના ઉત્સવમાં તેજસ્વી ચમકતા દિવ્ય દર્શન થયા હતા.

●●●

**પ.ભ. કાંતિલાલ મોહનલાલ ખોલિયા, મેડિકલ હોસ્ટેલ, જામનગર,** (તા.૧૨-૬-૭૬)

શ્રી ખોલિયાસાહેબ જામનગર મેડિકલ કોલેજમાં ભણતા હતા ત્યારે ફાર્માકોલોજી વિષયમાં બે માર્કસથી ફેઈલ થયા ત્યારે પ્રભુજીને પ્રાર્થના કરી જેથી તે પેપરની ફરીથી પરીક્ષા લેવાઈ અને પાસ થયા ત્યારે પ્રગટ ભગવાનનો મહિમા સમજાયો અને કહેતા ક્યાં આપણે અલ્પજીવી અને ક્યાં સૃષ્ટિના સર્જનહાર પરમાત્મા એ માનવરૂપમાં આપણે મળ્યા છે. આપણા ભાગ્યા પૂર્વના ઉંચા દર્જાના હશે તેથી માનવરૂપમાં રહેલા ભગાવન ઓળખાયા છે, એમ ખોલિયાસાહેબ સમજતા અને સમજાવતા.

●●●

**પ.ભ. હંસરાજભગત-રતિલાલભગત, ચાવડા,** (તા.૨૨-૬-૭૬)

હંસરાજબાપાનું કુટુંબ જૂનાગઢ મહારાજના દર્શન કરી તિર્થરાજ કુંકાવાવના દર્શન કરવા ગયા ત્યાં પાણીના પૂરથી ગામની ગાયો-ભેંસો તથા ઘણાં મકાનો ઢળી પડ્યા. રાષ્ટ્રીય ભવનમાં મહારાજની મૂર્તિને કેડ સુધી પાણી ફરી વળ્યા પણ મહારાજની મૂર્તિને કાંઈ નુકસાન થયું નહોતું. ત્યાં સાફ સૂફ કરી મહારાજની આરતી કરી, જન્મસ્થળે ગયા ત્યાં પોપટબાપાને મળ્યા પોપટબાપાએ મહારાજના બચપણની વાતો કરી અને કહ્યું અમારા ભાઈ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સંતરૂપમાં ભગવાન છે. તેઓ નાના હતા ત્યારે ન્હાતાને પૂજા કરતા, મંદિરે જાતા માળા ફેરવતા, એકાદશીના વ્રત કરતા, મંદિરે દર્શન કરી નિશાળે જતા. સાધુ-સંતો આવતા ત્યારે સાધુ સેવા કરતા, મંદિરે દૂધ લઈ જતા, વાડીમાં જે પાક્યું હોય તે મંદિરે ભગવાનને ધરતા, કિર્તનો મોઢે કરતા.

અધિક માસમાં નદીના ખારામાં ન્હાતા, ઘરે ઘરમાં પૂજા ન થઈ શકે ત્યારે આરતી-થાળ કરતા, ભગવાન અને મોટા સંતોના ચમત્કાર પરચાની વાતો કરતા. ગાયો-ભેંસો ચારતા અને કાગળની મૂર્તિ ખિસ્સામાં રાખતા અને જ્યારે પોતે જમતા ત્યારે પહેલા ખિસ્સામાંથી મૂર્તિ કાઢી તેને જમાડતા પછી જમતા, મમરા-દાળિયા ભેગા રાખતા અને ઉંઘમાં પણ સ્વામિનારાયણ, સ્વામિનારાયણ બોલતા. કંઠી તૂટી જાય તો ઝીણા દોરામાં પારા પરોવીને પાછી ટૂંકી તો ટૂંકી પણ કંઠી પહેરી લેતા. ગૌમાતાને પગે લાગતા. તેના વાછરડાઓને રમાડતા, ખંજવાળતા, તુલસીને પાણી પાતા અને કોઈ ટીલાવાળા સાધુ-બાવા આવે તો તેને ઘરે લઈ આવી છાશ પાતા અને સાધુને કંઈક કંઈક દક્ષિણા આપતા. ઘરે મા કાંઈ કામ ચિંધે તો હડી કાઢીને કરતા અને સાધુ થવાનું કહેતા. ભગવાન ભજવાનું કહેતા, ધન્ય છે અમારું

કુટુંબ કે અમારા ભાઈ ભગવાન એમ અમે ઓળખ્યા. આવી આવી ઘણી વાતો કરતા.

લક્ષ્મણબાપાને મળ્યા તેઓ કહેતા કે, સ્વામીજીને રાષ્ટ્રીય સ્મૃતિભવનમાં પધરાવ્યા તેમણે આ હોનારતમાં અમારા ગામની રક્ષા કરી છે. શંકરાચાર્યજી મહારાજને પણ ગામ તણાઈ જવાનો ભય લાગ્યો હતો તેને પણ થયું કે, આ સ્વામીજીએ આપણી રક્ષા કરી છે. આ લીંબાબાપા અને ગોપાળબાપાના સદાવ્રતના પુણ્ય વડે આ સ્વામીજી ભગવાનરૂપે આ શાસ્ત્રીજી આવ્યા છે અને આપણાં ગામની રક્ષા કરી છે અને કુંકાવાવને સૌરાષ્ટ્રમાં ઊંચી કિર્તી અપાવી છે અને હવે આર્ટ્સ સાયન્સ ધર્મ શિક્ષણ કોલેજ બાંધવી છે.

આમ સરપંચશ્રીની વાતો સાંભળીને હંસરાજબાપા રાજકોટ આવ્યા. આમ જ્યાં જાઓ ત્યાં શ્રી શાસ્ત્રીજી મહારાજના પરચા, ઐશ્વર્યની વાતો થવા લાગી છે. સૌરાષ્ટ્રમાં તો હરિભક્તો મહારાજના દર્શન કરવા લાઈનો લાગી છે. મોટા મોટા ઉત્સવો થવા લાગ્યા છે, ધનવાનો તેમના ચરણોમાં આળોટવા લાગ્યા છે અને શ્રીહરિ શરણાગતિ મંડળો તો શ્રીસ્વામીજીને સાક્ષાત્ નારાયણ જાણી તેની ભક્તિ કરવા લાગ્યા છે.

●●●

**પ.ભ. ધીરૂભાઈ રામજી કાકડીયા, નાના વરાછા** (તા.૨૬-૬-૭૬)

ધીરૂભાઈને સમજાયું છે કે સુરતમાં શ્રીશાસ્ત્રીજી પધાર્યા પછી ભક્તજનો ભગવાન માનતા થયા છે. તમો સદા આનંદમાં રહો છો, નિરંજન, નિર્લેપ, નિસ્નેહ, નિષ્કામ, નિર્લોભ, નિર્માની, સંત ભગવાન છો. સરસ્વતી આપની જીભમાં છે. રિદ્ધી-સિદ્ધી આપના વચનમાં છે. શુભ-લાભ-લક્ષ આપના સંકલ્પમાં છે. સર્વ અવતારોના અવતારી પૃથ્વીમાં પ્રગટ થઈ વિચરો છો. અનંતકોટી સૃષ્ટિઓનાં રચનારા પોષણ કરનારા આપ છો તેમજ નિજભક્તોને આપના દિવ્ય દર્શન થાય છે. એમ સુરતના ઘણા સત્સંગી ભાઈઓ માને છે. આપ પાટે બિરાજી કથા વાંચો છો એ મૂર્તિ તો નજર સામે તરવરે છે. આવો પ્રતાપ પ્રગટ પ્રભુનો છે. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી પ્રત્યક્ષ પ્રગટ ભગવાન છે.

●●●

**પ.ભ. પરષોત્તમ ડાયા મકવાણા, નાસિક,** (તા.૧૩-૯-૭૬)

પરષોત્તમ ભગતને પેટમાં દુઃખાવો થયો. આ પહેલાં ચેક કરાવ્યું પથરી હતી. પરંતુ પરષોત્તમભગતે મહારાજની મૂર્તિ સામે દિવો કરી પ્રાર્થના કરી અને જાગરણ કરી આપનું ભજન કર્યું. તેથી બીજા દિવસે તપાસ કરાવી ત્યારે ફોટામાં કાંઈ ન દેખાયું. આપની કૃ

પાથી પેટનો દુઃખાવો મટી ગયો અને વ્હેલી સવારે આપના દર્શન થયા. હસતા હસતા આપે પેટ ઉપર હાથ ફેરવ્યો અને અદ્રશ્ય થઈ ગયા. આપ અંતર્યામી ભગવાન છો, એમ પરષોત્તમભગતનું દુઃખ મટાડ્યું અને દર્શન આપ્યા.

●●●

**પ.ભ. ચંદુલાલ પ્રભાશંકર ઠાકર, જામવંથલી,** (તા.૩૦-૯-૭૬)

પ્રગટ ભગવાન જ્યારે જામવંથલીમાં મોટી પારાયણ સમયે સાંજે વરસાદ વરસવાનો આરંભ થયો ત્યારે મહારાજે એક માળા ફેરવી ત્યાં વરસાદ લાખાણી તરફ ફંટાઈ ગયો અને વરસાદ બંધ થયો તે આ પરચો હજારો માણસોએ પ્રત્યક્ષ જોયો છે. પારાયણમાં ખર્ચ બાબતે સૌ ચિંતા કરતા હતા અને સૌ મોટેરાઓએ આપને પ્રાર્થના કરી ત્યારે બીજા દિવસે આપ વ્યાસપીઠે બિરાજ્યા ને ચા વાળા દામોદર પોપટભાઈ જામનગરવાળાએ રસોઈ એક ટાઈમ નોંધાવી. પછી તો મોટા મોટા કોન્ટ્રાકટરોએ એક એક કરીને ઉત્સવનો ખર્ચ ઉપાડી લીધો, એ પરચો સૌ વ્યવસ્થા સંભાળનારાએ જોયો અને સૌ આપને ભગવાન માનવા લાગ્યા. આપે રામ મોલ સુકાતા જોઈને ગાડા જોડાવી ધારે ગયા અને ગામને કહ્યું અમે વરસાદ લેવા જાઈએ છીએ. રેલ સડક વળોટી ગાડું ઊભું રખાવ્યું ને પાંચ માળા ફેરવી ત્યાં તો આકાશમાં વાદળી દેખાઈને મોટી થઈ અને વરસાદની ગર્જના થઈ. સૌ ભીંજાતા ભીંજાતા મંદિરે આવ્યા. આવો ભગવાનપણાનો પરચો આપ સંતરૂપમાં ભગવાન છો, એવો નિશ્ચય આખા ગામને થયો, આ જામવંથલીમાં ડાકણીયુંના ઉપદ્રવ મટાડ્યા છે. દૂધથી સૂકાયેલી માતાઓના દૂધ ઉપજાવ્યા છે. ગાયો-ભેંસોના દુઃખ મટાડી દૂધ ઝરતી કરી છે. પ્રસાદીના જળ સ્પર્શ માત્રથી અનેક ચમત્કારો દેખાડ્યા છે.

બાજુમાં ચાવડા ગામે ગઢેરા દરબારની ખડી ગયેલી દાઢી-જડબાને હાથ અડાડીને સાજા કર્યા છે. શ્રી શાસ્ત્રીજી મહારાજ બીજું રૂપ ધરીને ખેતરોમાં નિજ ભક્તોને દર્શન આપ્યા છે. આપ ઘણાં ભક્તોને વિંછી વળગેલાને હાથ અડાડી ઝેર ઉતાર્યા છે. ડોકટર ખાના પાસે ચૂડેલને મોક્ષમાં મોકલી છે. આપ સાકરચંદ શેઠના લાતીના ફળિયામાં અવગતે ગયેલા ભૂતને પાણી છાંટી ગતિ કરી છે. શ્રી મહારાજે સુતારની કોડ ઉપર બેઠેલા અવગતિયાને ગીધડાના રૂપમાંથી મુક્તિ આપી છે. આપે બ્રાહ્મણના ફળિયામાં ઝાડને થડીયે અવગતિએ ગયેલી ચૂડેલને અંધારે બીવરાવતી ડોશી ભૂતડીને પાણી છાંટી ભગવી લીર બાંધી મોક્ષમાં મોકલી છે. આમ જામવંથલીમાં ઘરે ઘરે પરચા આપ્યા છે. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સંતરૂપમાં ભગવાન

પ્રગટ્યા છો. સંકલ્પ માત્રથી, દૃષ્ટિ માત્રથી, પ્રસાદી જળથી, ગુલાબની પાંખડીની પ્રસાદીથી અનેક દુખિયાના રોગો મટાડ્યા છે અને પોતાની મૂર્તિમાં આકર્ષિત કરી ભક્તિ આપી મોક્ષનો મારગ વહેતો કર્યો છે અને એ શરણાગત માર્ગ ઉપર જે જે હાલ્યા છે. તે સુખીયા થઈ મોક્ષ મૂઠ્ઠીમાં લઈ લીધા છે. એવા પ્રગટ ભગવાન શ્રીહરિ શરણાગતિ મંડળને મળ્યા છે.

●●●

**પ.ભ. માવજી મનજી રાઠોડ, ફુગાવાડી, પૂના** (તા.૮-૧૦-૭૬)

માવજી ભગતને જ્યારથી પ્રગટ ભગવાનની ઓળખાણ થઈ ત્યારથી માવજી ભગત પ્રગટ પ્રભુને રાજી કરવા કાંઈને કાંઈ સેવાઓ કરતા એ માવજી ભગતને કાળજામાં દુઃખાવો થતો હતો. ડોકટરે દવા આપી પરંતુ માવજીભગતે મહારાજને પત્ર લખી કહ્યું આપ ડોકટરોના ડોકટર છો, આપ કૃપાળુ છો. એ માવજી ભગતને ગુલાબ પાંખડીની પ્રસાદીથી કાળજાનું દરદ મટી ગયું. આમ નિજ ભક્તોને ભગવાન સંભાળ રાખતા અને દિવ્ય દર્શન દઈ બળ આપતા.

●●●

**પ.ભ. વિશ્રામ ભીમજી હાલાઈ, દહીંસરા,** (તા.૮-૧૦-૭૬)

શ્રી હરિશરણાગતિ મંડળના જે જે ભક્તોએ આ પ્રગટ ભગવાન શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને ઓળખ્યા છે અને શરણાગતિ લીધી છે અને પ્રગટ ભગવાનનું ભજન કરે છે. તે ભક્તોના મનોરથ ભગવાન પૂરે છે, દર્શન આપે છે, જૂનાગઢ બેઠા બેઠા વિદેશમાં દર્શન આપે છે. બાળ-બચ્ચાઓને સુખ-શાંતિ આપે છે. આવી રીતે પ્રગટ ભગવાન ભક્તવત્સલ આનંદઘન મૂર્તિ સુખના સાગર મોક્ષના દાતા આ પ્રગટ ભગવાન છે.

●●●

**પ.ભ. જીવરાજ લાલજી કુકડીયા, મલુન્ડ,** (તા.૧૮-૧૧-૭૬)

જીવરાજભગતને પેટનો દુઃખાવો કાયમ રહેતો ડોકટરની દવા લીધી પરંતુ દુઃખાવો મટતો જ નહોતો. ત્યારે પ્રગટ ભગવાને ગુલાબની પાંખડી અને પ્રસાદીનું જળ મોકલાવ્યું એ પ્રસાદીનું જળ અને પાંખડીથી પેટનો દુઃખાવો મટી ગયો. ડોકટરો તો ટીબીનું કહેતા હતા. પણ ભગવાનની પ્રસાદી વડે દુઃખ મટી ગયું. આપ ભગવાન છો, ડોકટરોના ડોકટર છો. જેણે પ્રગટ ભગવાનને આજીજી કરી દુઃખ મટાડવા પત્ર લખે અને પત્ર ટપાલમાં નાખે ત્યાં દુઃખ મટી જાય અને બીજા ત્રીજા દિવસે મહારાજની ટપાલ સાથે પ્રસાદી આવે ભક્તો સુખિયા થઈ જાય.

●●●

**પ.ભ. જયંતીલાલ મનજી કાચા, જામવંથલી, દુબઈ** ( તા.૨૩-૧૦-૭૬)

શ્રી હરિશરણાગતિ મંડળની સમજણ કે જે પ્રગટ શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી શ્રી શ્વેતાયન વ્યાસ અનાદિ શ્રીકૃષ્ણનારાયણના ચરણોમાં સમર્પણ થઈ પોતાનું જીવન શ્રી મહારાજના ચરણે સમર્પિત કર્યા છે અને શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ જે કહે જેમ કહે તેમ અંગને ઢાળ્યા છે. એવું દુબઈ મંડળ તો હરહંમેશ પ્રગટ પ્રભુને વખાણ્યા જ કરે છે. કારણ કે રૂપિયાના દિનારના ઢગલા ઉપર ભક્તો બિરાજયા છે અને એક સંપથી ભક્તિ કરે છે. કે ઘર, કુટુંબ, બાળ-બચ્ચા સાંભળતા જ નથી. કેવલ પ્રગટ ભગવાન જ દેખાય છે. આવું મંડળ, આવા ભક્તો, આવી સમજણ ક્યાંય કોઈ શાસ્ત્રમાં કે પૂર્વે આવા ભક્તો આવી સમજણ ક્યાંય કોઈ શાસ્ત્રમાં કે પૂર્વે આવા ભક્તો થયા નથી. જે ભક્તો આજે જે કોઈ પ્રગટ ભગવાનનું નામ લે કે એક અંશ ઔંશ સેવા કરે તેના દઈ થઈ જાય. એવા ભક્તોને માથે ચઢાવે અને રાજી રાજી થઈ જાય. આવો પ્રેમભાવ, ભક્તિ અને આનંદ એ તો દિવ્ય કે જે શબ્દમાં આંકી શકાતો નથી. કારણ કે ભક્તો ભગવાનને ભૂલતા નથી. આ ભગવાનને લાડ લડાવવા પોતાનું સર્વસ્વ શ્રી મહારાજને ચરણે ધર્યું છે, ધરે છે, એવા ભગવાન જેણે પોતાના શરણાગતને તો સુખી કર્યા છે. સાથે સાથે ભક્તોના ગુણ ગ્રહણ કરનારા ભક્તોના યોગમાં આવનારા તથા એ ભક્તનાં ગામની પણ રક્ષા કરતા રહ્યા છે.

ભક્તો લખે છે કે શંકરાચાર્ય મહારાજની પૂરના પાણીમાં રક્ષા કરી, ૫૦૦ બ્રાહ્મણોની રક્ષા કરી, તમો નવા નીરમાં ન્હાઈને કુંકાવાવને તિર્થ ભૂમિ કરી, પ્રખ્યાત શહેર કરી દીધું. આપ દિવ્ય મૂર્તિની કળા અપરંપાર છે. આપે માનવના કલ્યાણ કરવા અનેક પરચા આપ્યા છે. આપ વ્યાસ રૂપે શાસ્ત્રો લખ્યા, કાશીમાં ભણી પંડિતોના ગર્વ હણ્યા. આપ વ્યાખ્યાનો કરી મંદીરોની સેવા કરી. કથા-પારાયણો કરી, સત્સંગી સમાજને ભગવાનનું બળ આપ્યું. દિવ્ય દર્શન, ચમત્કાર વાપરી દુખિયાઓના દુઃખ મટાડ્યા, અણધાર્યું મુક્ત મંડળને શરણાગતિ સ્થાપી. અલૌકિક દિવ્ય ધર્મ સ્થાપ્યો અને એવા શરણાગત મુક્તભક્તોને જન્મભૂમિમાં મોકલી આપ કુંકાવાવ તિર્થમાં આથમણા મુખે બિરાજી કુંકાવાવની રક્ષા કરતા પ્રકાશમાં આવ્યા અને નિજ ભક્તોને સાગર પાર મોકલી સેવા અને ભક્તિના વિજય ધ્વજ ફરકાવ્યા અને જામવંથલીમાં નિજ મંદિર સ્થાપી ભક્તોને એક તાંતણે બાંધ્યા અને સત્યુગનું એ પ્રથમ મંદિર ફુલવાડી પરમધામ જાહેર કર્યું. આમ ભારત ભૂમિમાં વિચરણ કરી વ્યાખ્યાનો કરી, પારાયણો કરી, જગતને જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્મનો ઉપદેશ આપી પોતાની નિજમૂર્તિમાં કર-ચરણમાં ચિન્હોનાં દર્શન કરાવ્યા. આવા પ્રત્યક્ષ ભગવાનને ઓળખી

એમના શરણમાં જઈ સાચા શરણાગત થઈ આ જન્મને છેલ્લો જન્મ કરી પરમધામમાં શ્રીહરિના ચરણમાં બેસવાના અધિકારી થવાય છે, આ જગતના જીવ પ્રાણી માત્ર આપને જ ભજે છે. સર્વમાં આપ બિરાજો છો. હવે પછી વિશ્વમાં શ્વેતાયન વ્યાસ શ્રીકૃષ્ણ વલ્લભાચાર્યજી મહારાજ અનાદિ શ્રીકૃષ્ણનારાયણનો સ્વરાજ્ય સાથેનો અવકાશી યુગ પ્રવર્તશે.

એવો સત્યુગ તમોએ પ્રવર્તાવ્યો છે જેમાં આકાશ, પાતાળ, સ્વર્ગલોક લોકાંતરમાં પ્રજા એકમેક દેવતાઈ થવા લાગી છે. આકાશવાણી, ઉપગ્રહો, રેડિયા, યંત્રો, સામુદ્રિક જલ તન યાન, અવકાશમાં સ્વર્ગ યાત્રા, ભૂસ્તર શોધન યંત્ર, ટેલિવિઝન, તત્ત્વ શોધન, ધાતુ શોધન, કાયાકલ્પ, અણુશસ્ત્ર, વિદ્યુત શસ્ત્ર, વિદ્યુતશક્તિ, બાષ્પશક્તિ, રસાયન શક્તિ, ગર્ભિત સામર્થ્યો, ભૂતકાલીન શબ્દ પકડવો આદી આદી અનંત પ્રકારના જ્ઞાતાઓને સર્વજ્ઞ અવતારી પુરુષ આપે અવતારો પ્રથમથી જ પ્રગટ કરીને આ યુગ વિકસાવ્યો છે. પૃથ્વીને સ્વર્ગ બનાવી છે. નારીઓને દેવીઓ બનાવી છે. અનાથોને સનાથ કર્યા છે. પરતંત્રને સ્વાતંત્ર્ય આપ્યું છે. આ કામ પરમાત્મા આપના વિના બુજં કોણ કરે. ભૂમિને ગોલોક વસ્તી બનાવી છે. તમો છાના પરમાત્માએ અનેક ઈશ્વરો પ્રગટાવી સામ્રાજ્યના પલ્ટાઓ કરાવી ભારતનું મહાભારત પણ સજીવન રાખી મહા દિવ્ય આ લક્ષ્મીનારાયણ સંહિતા સવા લાખ શ્લોકનો ઈતિહાસ જગતને આગમ-નિગમ ભર્યો આપ્યો છે. હજારો વિદ્વાન તે ઉપર મુગ્ધ થઈ ગયા છે. અમારી અલ્પ બુદ્ધિ તમારે પ્રતાપે સર્ચલાઈટ જેવી થઈ છે અને આ બધોય તમારો મહિમા સમજાયો છે. તમારા ચમત્કારો તમરી ઉજ્જવળ મૂર્તિ અને સામુદ્રિક તમારા ઐશ્વર્ય પરમેશ્વરપણાના ચિન્હો તે અવતારીઓનું પરમેશ્વરપણું નક્કી કરાવે છે. આવી સમજણ આ વિદેશમાં દુબઈમાં આ સર્વે ભક્તો ભેળા રહીને આપના પ્રસાદીપત્રના ઉપદેશ વડે તથા દિવ્ય આપના દર્શન વડે અમે તમને ઓળખ્યા છે, સમજ્યા છે.

●●●

**પ.ભ. મગનલાલ હંસરાજ રાઠોડ, ચાવડા,** (તા.૧૧-૭-૭૭)

પ્રગટ ભગવાનની કૃપાથી સૌ શરણાગતિ ભક્ત મંડળોને સારું છે, સુખી છે. સોલંકી અમૃતલાલને આપના દિવ્ય દર્શન થયા છે, સાક્ષાત્કાર થયો છે. તેથી હવે સારું થઈ ગયું છે. આપની લીલા અપરંપાર છે, આપ દિવ્ય ભગવાનનો યોગ ભાગ્યવાળાને મળે છે. આપની ભક્તિથી સૌ સુખી થતા આવ્યા છે અને થતા આવે છે.

●●●

**પ.ભ. મિસ્ત્રી રમેશચંદ્ર ધનજી મનજી, મુ.હાલોલ** (તા.૨૭-૭-૭૭)

રમેશચંદ્ર ભગત કહે છે કે હું સવારે ધ્યાનમાં બેઠો તમે ભગવાન મૂર્તિમાંથી નીકળી મારા મસ્તકને પકડી માથું હલાવીને મારી આંખો ખોલાવીને દર્શન આપી મૂર્તિમાં સમાઈ ગયા એવા દર્શન થયા. ત્યારે રમેશચંદ્રભગતે ભગવાનને પ્રાર્થના કરી કે હે કૃપાસાગર દિનદયાલ અધમ ઉદ્ધારણ પતિત પાવન આપ છો. મને પ્રભુ એક તમારો જ આશરો છે. હે મહારાજ મને મુક્તાનંદ, બ્રહ્માનંદ સ્વામી જેવો સત્સંગ સમજણ આપજો, નિષ્કુળાનંદસ્વામી જેવો વૈરાગ્ય આપજો, તમારા ભક્તોનો સમાગમ આપજો, જેથી મારું જીવન સેવા-ભક્તિથી ભરપૂર થઈ આપના ચરણો સુધી પહોંચી શકું.

●●●

**પ.ભ. મોહનલાલ રતનશી સાપરીયા, બાલંભા, દુબઈ** (તા.૧૦-૧૦-૭૭)

પ્રગટ ભગવાનના વ્હાલા ભક્તો પ્રગટ ભગવાનને ઓળખી તેમના શરણે માથું મૂકનારા એવા આ સૌ ભક્ત મંડળો જે વિદેશમાં કમાવા ગયેલા છતાં પ્રગટ ભગવાનની આજ્ઞા માટે સર્વસ્વ અર્પણ કરવા કટીબદ્ધ તત્પર એવા ભક્તોને જ્યારે સમાચાર મળ્યા કે પ્રગટ ભગવાનની જન્મભૂમિ તે મકાનો લેવા છે, લેવાયા છે ત્યારે આ ભક્તોનો આનંદ અને ઉત્સાહ બેવડાઈ જાય છે અને ભગવાનનાં બીજા કામો માટેઢ પણ હાજર વર્તે છે. આવા આ પ્રગટ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને ઓળખનારા, ભજનારા છે. સ્વામિનારાયણ ભગવાનના ભક્તો છે. પરંતુ જ્યારે પ્રત્યક્ષ ભગવાનને જે અક્ષરથી પર એવા પરમ ધામમાં બિરાજતા એ ભગવાન, એ મૂર્તિ જ્યારે આપણી સામે પ્રત્યક્ષ એવા આ શ્રી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ આપણને મળ્યા છે અને એ ભગવાનને આપણે નવડાવ્યા છે, જમાડ્યા છે, ચરણ દાબ્યા છે, નખ શીખા પર્યંત દર્શન કર્યા છે. એમનું રાજી થયેલ મુખારવિંદ નજરે નિહાળ્યું છે અને જ્યાં પણ હોઈએ વનમાં કે શહેરમાં, દેશમાં કે વિદેશમાં આંખ મીંચે ત્યાં એ મૂર્તિ દેખાય એવા ભગવાનનું ભજન કરવાથી. શ્રી રામ, કૃષ્ણ, શિવ કે ભગવતી અંબા કે સ્વામિનારાયણ ભગવાન રાજી થાય છે.

એવી દિવ્ય સમજણ કરીને આ ભગવાનને રાજી કર્યા છે અને કરે છે. આવા ભગવાન, આવા ભક્તમંડળ પૂર્વે કોઈ શાસ્ત્રમાં સાંભળ્યા નથી અને અત્યારે પરોક્ષ ભક્તિવાળાઓમાં ક્યાંય જોયા નથી. આ તો પ્રગટનો પ્રતાપ છે. એટલે જ કહ્યું છે કે કેવી દયા કરી, કેવી માયા કરી મારા વ્હાલા માતા કંભરાના પુત્ર ગોપાલા. આવા દિવ્ય મુક્તોનું મંડળ જાણે આ

પૃથ્વી ઉપર ભગવાન ભેગું અવતર્યું છે. જે દિવ્ય મુક્તોના સંકલ્પમાં સૃષ્ટિઓ ઉગે છે અને આથમે છે. આવા ભક્ત-મુક્તની દૃષ્ટિ જો આપણાં ઉપર પડી જાય તો વગર સાધને આપણે એ ભગવાન મળી જાય. આવો મહિમા એ પ્રગટ ભગવાનના મુક્ત મંડળનો છે તો એ ભગવાનને ઓળખી ભજતા હોય એ ભગવાનનો પ્રતાપ કેટલો ? એવા પ્રગટ ભગવાનનું શરણ એ જ જન્મ-મરણનું દુઃખ ટાળનારું છે.

●●●

**પ.ભ. કુંવરજી મેપા મનાણી, સફાત,** (તા.૯-૧૦-૭૭)

પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણના ભક્તો વિદેશમાં કુવૈતમાં માવજી મનજી રાઠોડ, કુંવરજી મેપા, વાલજી મેપા, નટવરલાલ ધનજી, અમૃતલાલ, નરેન્દ્ર, મનસુખ, જીવરાજ લાલજી, સર્વે ભક્તો કહે છે કે ૧૯૭૫માં તિર્થમાં પ્રગટની મૂર્તિ પધરાવી અને ધજા ફરકાવી તેનો યજ્ઞ કર્યો, તેનો તમે તાત્કાલીક આ બદલો અકળ કળાએ આપ્યો. રૂપિયાને સોનાના રિયાલમાં ફેરવી દીધા. અહીં વિદેશમાં આપના આશીર્વાદથી અમોને કાંઈ મુંઝવણ થાય કે તમોને સંભાળીયે મુંઝવણ ટળી જાય છે. આપ પ્રત્યક્ષના પ્રતાપે સારી-નરસી તબિયત રામબાણની પેઠે સારી થઈ જાય છે. આપ પ્રત્યક્ષ ભગવાનનો પ્રતાપ બહું ઘણો છે. પરદેશમાં આપ અંતર્યામીરૂપે રક્ષા કરો છો. જૂનાગઢ બેઠા થકા વિદેશમાં સૌ ભક્તોને દેખાઓ છો. આપ ભગવાનના ઓચિંતા દર્શન થાય છે તેનો આનંદ જ કાંઈ અલગ છે. આવી અકળ કળા વાપરી નિજ ભક્તોને વિદેશમાં કામકાજ માટે મોકલ્યા અને વિદેશની લક્ષ્મીને પાવન કરી, દિવ્ય કરી દીધી. આપ ભગવાનના પરચા ચમત્કાર અનંત છે. આપના દર્શન પણ અલૌકિક છે. ભક્તને મજબૂત કરવા માટે ઉપદેશ આપવા માટે અને ભગવાન ભેળું રહેવાય એ માટે પ્રત્યક્ષ અનુભવ કરાવો છો. એવા દયાળું, કૃપાળું ભગવાન શ્રી શ્વેતાયન હરિ આપ છો.

●●●

**પ.ભ. કાંતિભાઈ પ્રહલાદજી, લાઠી,** (તા.૧૮-૧૧-૭૭)

મહાપ્રભુ પરમાત્મા સાક્ષાત્ પ્રગટ થઈ ભક્તોની રક્ષા કરો છો. અધમ આતતાયીને શરણે લ્યો છો, સૌનું કલ્યાણ કરો છો, વિશ્વ આપને ઓળખે છે, આપના ગુણગાન ગાય છે, વિદ્વાનો મહા પુરુષો આપને ચરણે નમે છે. એવા હે પ્રભુ આપ સર્વે ગુણ સંપન્ન આપનો પ્રતાપ અપાર છે. આપ દિવ્ય મૂર્તિને જગતમાં અલગ અલગ નામે વંદે છે. એવા આપ એક મૂર્તિ છો. સર્વત્ર રજેરજમાં બિરાજો છો. એક ઠેકાણે રહ્યા થકા સર્વત્ર દેખાઓ છો. ભક્તો

માટે ભક્તપતિ ભગવાન છો. આત્માના આત્મા પરમાત્મા છો. શ્રીહરિ શરણાગતિ મંડળના પ્રભુજી જીવનપ્રાણ છો, જ્ઞાન-વિજ્ઞાનધારી કપીલજી છો, ઐશ્વર્યધારી દત્તાત્રેય છો, નિર્લેપ રહેતા બુદ્ધ તપસ્વી છો, ન્યાયવેત્તા ગૌતમ છો. નીતિજ્ઞ વિદ્યામૂર્તિ બૃહસ્પતિ છો, મનોરથ પૂરા કરનારા વાસુદેવ છો, સત્તાધારી પૃથુરાજ છો, અકળ ગતિવાળા ત્રિવિક્રમ છો, વેદવેતા હંસ પરમહંસ છો, અરણ્ય વનપ્રિય ઋષભદેવ છો, હવન અનુષ્ઠાન કર્તા યજ્ઞનારાયણ છો, ભાગવત ધર્મચારી રામચંદ્રજી છો, તમામ ઐશ્વર્યધારી શ્રીકૃષ્ણ છો. પાપ ધોનારા કલ્કિ છો.

સહન કરનારા ક્ષમાવાળા સંત છો. પ્રત્યક્ષ દર્શન દેતા તત્ત્વમૂર્તિ છો. આકાશ જેવા નિરાવરણ મૂર્તિ છો. સર્વ સિદ્ધિઓ વડે સેવિત પરમાસદ્ધ છો. ઐશ્વર્યશાલી મહા યોગેશ્વર છો, જલશાયી શેષનારાયણ છો તથા સહસ્ત્રશીર્ષા પુરુષ છો. બ્રહ્માંડરૂપે વૈરાજ નારાયણ છો. સૃષ્ટિધારી વાસુદેવ-સંકર્ષણ-અનિરૂદ્ધ પ્રદ્યુમ્ન છો, માયા સ્વામી પ્રકૃતિ પુરુષ છો. મુક્તધારી બ્રહ્મ છો, બ્રહ્મધારી પરબ્રહ્મ છો, પુરુષા વિશેષ પુરુષોના રસાસ્વાદ છો. સર્વનું બીજ પરમ પુરુષ છો. સુખપ્રદ સાત્ત્વિક મુક્તપતિ પતિ દેવતા છો, સાકાર મૂર્તિ, યુવા મુર્તિ આકર્ષણ કરનારા આપ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ છો, સર્વસ્વ આપ છો. આપમાંથી સર્વ પ્રગટ થાય છે અને આપમાં સર્વ સમાઈ જાય છે. સર્વ શક્તિઓ આપના ચરણને વંદે છે. સર્વે ઐશ્વર્ય આપના રોમમાં સમાઈ છે. મહા ઈશ્વરો આપની સંકલ્પ મૂર્તિ છે અને આ સર્વ જગત બ્રહ્માંડોના આપ કારણના કારણછો. એવા ભગવાન કૃપા કરીને આ વર્તમાન સમયમાં શ્રી હરિ શરણાગતિ મંડળને મળ્યા છો. આપનો મહિમા અપંરપાર છે.

●●●

**પ.ભ. દેવજી કાનજી તથા છગનલાલ, દુબઈ શારજાહ** (તા.૨૪-૧૨-૭૭)

ભક્તો ભગવાનને ઓળખનારા, સમજનારા એવા ભક્તોની ભગવાન સંભાળ રાખે છે અને ભગવાન માટે આવી સમજણવાળા ભક્તો સદા હાજર હોય છે. પ્રગટ ભગવાનને કહે છે- એ વ્હાલા પ્રભુ આપ મસ્કત, સાઉદીયા, આફ્રિકા, ઈંગ્લેન્ડ, અમેરિકા, જાપાન, હોંગકોંગ આંખનું મટકું મારે ત્યાં સર્વ ઠેકાણે સંભાળ લ્યો છો, ક્યારેક થોડું રોકાઓ તો અમૃતસાગરના સુખ મળે, આપ સર્વજ્ઞ છો, સર્વેશ્વર છો.

●●●

**પ.ભ. પ્રાગજીભગત ચૌહાણ, દુબઈ,** (તા.૫-૧૨-૭૭)

પ્રગટ ભગવાન આપે આ ગરીબ ભક્ત ઉપર દયા કરી વિદેશમાં માનવંતા કારીગરોમાં

ગણત્રી થવા લાગી. દેશમાં તો કડિયાની કોઈ કિંમત નહોતી. આપે આ ભક્તોને સોનાના ઢગલાં ઉપર બેસાડ્યા હોય એવા આનંદ થાય છે. આ ભગવાનની કૃપાથી જ સારા દિવસો મળ્યા છે અને એ દેશના લોકો આ પ્રગટના ભક્તો કારીગરોને ઓલિયા ફિરસ્તાઓ માનીને અમોને માન-સન્માન આપે છે, એવા આ ભગવાન અને પ્રગટના સંતો ભક્તો છે.

●●●

**પ.ભ. હરિલાલ વેલજી ખોલિયા, બહેરીન,** (તા.૧૨-૭-૭૭)

પ્રગટ ભગવાનને ઓળખી પ્રગટ ભગવાનને રાજી કરવા માટે પ્રગટ ભગવાનના આશીર્વાદ અને કૃપાથી વિદેશમાં આપે એવી સ્થિતિમાં મૂક્યા કે હવે મોજડિયુંમાં પણ સોનું હોય એવા અવસરો આપ્યા. ભગવાનના સંકલ્પ પુરવા માટે આ ભક્તો સૌ હજરાહજુર વર્તે છે. ભગવાન ભક્તોનું ધ્યાન રાખે છે, ભક્તો ભગવાનનું ધ્યાન રાખનારા છે. પ્રગટ ભગવાનનાં ચરણે સર્વસ્વ પુત્ર-પરિવાર ધનદૌલત ભગવાનને ચરણે ધરનારા એવા ભક્ત ઉપર ભગવાને કૃપા કરીને પહેલી કંપનીમાં ૧૫૦૦ પગાર તેની જગ્યાએ ગવર્નમેન્ટ કંપનીમાં ૨૫૦૦ પગાર અને વર્ષે ૧ મહિનાની છૂટી સાથે ચાલુ પગારે ઠેકાણું મળ્યું તે ભગવાનના રાજીપાનું ફળ છે. હરિલાલ વેલજી ખોલિયાની પ્રગટ ભગવાન વિશે સેવાઓ અજોડ છે. તેમ ભગવાનનાં સર્વ સંકલ્પમાં આ ભગતનું સેવામાં યોગદાન છે તથા સેવામાં અગ્રેસર છે. તેમ આ ભગતના ભગવાન પ્રત્યેના સંકલ્પો પણ બળવાન છે. તેમની સેવા અજોડ અમાપ છે.

●●●

**પ.ભ. મોહનલાલ મનાણી, મોહનલાલ રતનશી, દુબઈ** (તા.૧૫-૧૨-૭૭)

આ લોકની સૃષ્ટિ દૃષ્ટિમાં રહે તેવી નિર્વિકલ્પ સ્થિતિના આશીર્વાદ, સુખ, કથા, વાર્તા, ઉત્સવ તથા ધ્યાનમાં આપનાં દર્શન થાય એવું આલોકની સંપત્તિ નહીં માંગતા ભગવાનની મૂર્તિના સુખ માંગનારા આવા ભક્તો શ્રીહરિ શરણાગતિમાં સમજણ રાખી સમજણવાળા દિવ્ય મુક્ત ભક્તો પ્રગટ ભગવાનના આશ્રિતો છે. આવા ભક્તો સદા ભગવાનના મુખરવિંદ સામું જ જોતા હોય છે. ક્યારે ભગવાન સેવાની આજ્ઞા આપે અને એ લાભ આપણે લઈએ, આવી દિવ્ય સમજણ કરી પ્રત્યક્ષ ભગવાનને ભજે છે.

●●●

**પ.ભ. આંબાલાલ ભગત, મસ્કત,** (તા.૧૭-૮-૭૭)

મસ્કતમાં આપને ઓળખનારા ભક્તો સાથે અહીં અમે ભજન કરીએ છીએ જેથી

આમ અમને સર્વે ભક્તોને દેખાયા કરો છો. આવા ચમત્કાર બીજા કોઈમાં નથી જોયા. જે સંભારે તેની આપ ખબર લો છો, ખબર રાખો છો માટે તમે પ્રગટ ભગવાન છો, આપના ચમત્કારોથી તમોને દેશ-પરદેશમાં ભજે છે, પૂજે છે. આપના ચમત્કારો-દર્શન વડે આપ ભગવાન છો, એમ દૃઢ થતું જાય છે.

●●●

**પ.ભ. જયંતિલાલ તથા ભગવાનજી, સન્લી કું.** (તા.૯-૯-૭૭)

અક્ષરાતીત અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પ્રત્યક્ષ પ્રગટ ભગવાનની સેવામાં જયંતિલાલ તથા ભગવાનજી આપને હજારો દંડવત્ પ્રગટ ભગવાન આપના આશીર્વાદથી અહીં સન્લી કું.માં હાલ ૧૦૦-૧૫૦ ભક્તોના સમૂહથી આપનું ભજન કરવાથી ઘણો આનંદ થાય છે. કોઈ ભક્તને કંઈક ચિંતા થાય ને તમારી બાધા રાખે તો ચિંતા મટી જાય છે. શુક્રવારે સૌ ભેગા મળી સભા-સત્સંગ વડે બહુ શોભે છે. ઘણાં ભક્તોને આપણા દર્શન થાય છે. આપ જૂનાગઢ નહીં પણ દુબઈમાં બિરાજો છો, સભામાં હાજર દેખાઓ છો, આપ વિશ્વમાં વ્યાપેલા છો, આપનો પ્રતાપ ઘણો છે, જે વિશ્વ આખું ઓળખે છે-જાણે છે. આપ અમ જેવા ગરીબના બેલી છો, આપ પ્રત્યક્ષ ભગવાન છો. એ અહીં વિદેશમાં આપના ચમત્કારો વડે સૌ ઓળખતા જાય છે, આપની લીલા અપરંપાર છે. આપે વિશ્વને સમજાવવા ભગવાન પરમેશ્વર પ્રગટને રાજી કરવા દૂર દરિયા ખેડીને કુટુંબથી અળગા રહી ભગવાનને સેવનારા ભક્તો અમોને અહીં વિદેશ મોકલ્યા છે અને દર્શન-ચમત્કાર વડે આપ અમારી રક્ષા કરો છો. અમારામાં આપના મહિમારૂપી સમજણ વડે અમે વિદેશમાં સૌ ભક્તો હળીમળીને રહીએ છીએ અને સેવા-ભક્તિ કરીને રાજી કરનારા આ ભક્તોનો મહિમા અપરંપાર છે.

●●●

**પ.ભ. મગનલાલ મુરજી, દુબઈ,** (તા.૬-૯-૭૭)

હે સર્વધામોના ધામી સર્વગુણ પ્રત્યક્ષનામી, દિનદયાળું, પરમ કૃપાળુ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પ્રગટ ભગવાન આપની કૃપાથી આપના ભજનથી, નિયમવ્રતથી કંપનીએ ૨૮ રિયાલ પગારમાંથી ૨૦ રિયાલ કર્યો હતો તે ફરીને ૨૮ રિયાલ કરી દીધો છે તથા આપે મને ઘણા રોગ અને દુ:ખમાંથી બચાવ્યો છે તથા આપની કૃપાથી અહીં વિદેશમાં કમાણીના ક્ષેત્રમાં પહોંચાડ્યો છે. તેમજ સારા સત્સંગમાં ભક્તિ, સમજણ, સેવાનો યોગ અપાવ્યો છે. આપના પરચાઓ વડે અહીં વિદેશમાં સત્સંગમાં બળથી સમજણ કરીને સૌ સાથે મળી મોટા

મોટા ઉત્સવો થાય છે એ પણ આ દેશમાં પરચો જ કહેવાય. આવા પ્રત્યક્ષ ભગવાન મળ્યા છે તે અમારા ભાગ્યનો પાર નથી. જે તન-મનને જાણનારા મળ્યા છે.

●●●

**પ.ભ. મોહનભગત, દયાળજીભગત, દુબઈ,** (તા.૫-૧૧-૭૭)

દુબઈમાં સૌ શરણાગતિ ભક્ત મંડળ ભેગા મળી જન્મજયંતિ મહોત્સવ ઉજવ્યો. ૭૦-૭૫ ભક્તો મળી ઉત્સવમાં ૨૦૦ ભક્તોએ ધામધૂમ કરી મહાપ્રસાદ લીધો. આપની કૃપાનજર અમારા ઉપર સદા વરસતી રહે છે. ત્યારે કિર્તન, આરતીમાં આપના પ્રતિ પ્રેમના આંસુ ઝરે છે. આપે અમને ખોળામાં બેસાડ્યા છે અને સૌ એકાન્તિક ભક્તોનો યોગ આપ્યો છે. તેથી દિવ્યભાવ રહે છે. આ ઉત્સવમાં ઘણાંને આપના દિવ્ય દર્શન થયા છે. આપ સત્ય સંકલ્પ મૂર્તિ છો, તેથી આપ જેમ જેવુ ધારશો તેવું થશે, આપની ધારણામાં અમોને આપની સેવા આપજો. તથા અહીં સૌ ભક્તો ઘણાં ઉત્સાહમાં છે અને આપનાં જન્મસ્થળ માટે કટિબદ્ધ છે. આપ ચિંતામણી રૂપ મળ્યા છો. પણ અમારી બાળકબુદ્ધિને ચિંતવતા નથી આવડતું, તમો તો અંતર્યામી છો. અમારા ભાવને જાણી આપની દિવ્ય સેવા-ભક્તિ, યોગમાં રાખજો અને કૃપા કરજો, દયા રાખજો. ક્યાં જીવ અને ક્યાં જગદીશ, આપે કૃપા કરી આવા ભાગ્યવાળા કરી આનંદના સાગરમાં મેલ્યા છે.

●●●

**પ.ભ. ચરણસેવક રમેશચંદ્ર, દુબઈ** (તા.૫-૧૧-૭૭)

પ્રગટ ભગવાનની કૃપાથી સારા પગારની સારી કંપનીમાં છીએ. સભા ઉત્સવ કરીએ છીએ. આપને પ્રાર્થના કરી આપે આશીર્વાદ આપ્યા ઘરે બાબાનો જન્મ થયો નામ સંજય પાડ્યું છે. ચાર-પાંચ દિવસથી શરીરમાં કળતર હતી. આપને પત્ર લખ્યો ને કળતર બંધ થઈ ગઈ ને સાજો થઈ કામે જાઉં છું, તમારા દર્શન થયાને હું બેઠો થયો, પાણી પીધુંને હાલતો થયો. આમ પ્રગટ ભગવાન આપ અમારી રક્ષા કરનારા આત્માની રક્ષા કરનારા આત્માપતિ છો, પ્રગટ પ્રત્યક્ષ છો.

●●●

**પ.ભ. રતિલાલ તથા અમરશી, દુબઈ** (તા.૧૨-૧૧-૭૭)

આપની કૃપા વડે અમી દૃષ્ટિથી સૌ શરણાગતિ મંડળ સુખી છે, આનંદમાં છે. આપની જન્મજયંતિ મહોત્સવમાં ૬૫૧ રિયાલની કચ્છી જયંતિભગત તથા એના બનેવીએ આરતી

ઉતારી ત્યારે આપ મૂર્તિમાં જળહળાટ, દિવ્ય, ઉજળા ઉજળા દેખાતા તમારા દર્શન થયા હતા તથા મહાઉત્સવમાં સૌ ભક્તોના ચહેરા પ્રફુલ્લીત હતા. આ પણ એક દિવ્ય સ્વરૂપે આપની હાજરી તથા ચમત્કાર જ ગણાય.

●●●

**પ.ભ. રતિલાલ ગંગદાસ, દુબઈ** (તા.૫-૧૧-૭૭)

અમારા માતુશ્રીને માથાનો દુઃખાવો રહેતો હતો તે આપે દીધેલ શ્રીજી રક્ષા વડે મટી ગયો છે. આપના પ્રસાદી પત્ર વડે ઘણો ઉપદેશ મળ્યો છે, સંતોષ થયો છે. દિલમાં શાંતિ મળે છે. આપ કર્તા-હર્તા ભગવાન છો. આ જન્મ મોક્ષ માટે છે. હવે મોક્ષનું તાન છે, દિકરાનું તાન મટી ગયું છે. બગાસુ ખાતા સાકરનો ગાંગડો મળ્યો છે. તમારા ઉપદેશ વડે હૃદયનું અંધારું ટળી ગયું છે. તેથી આપની મૂર્તિ અને ભક્તિમાં ચિત્ત રહે છે. એષણા-તૃષ્ણા મટી ગઈ છે. આ પ્રગટ ભગવાનની કૃપા દૃષ્ટિ જેને થઈ છે તે સૌ આવી સમજણવાળા અને એકાન્તિક ભક્તો થયા છે. આવા પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પ્રભુ છે.

●●●

**પ.ભ. સન્લી કંપની, સર્વ ભક્તો** (તા.૧૯-૧૧-૭૭)

સન્લી કં.માં શ્રી હરિશરણાગતિના સર્વ ભક્તો એકાન્તિક, પરમ એકાન્તિક મુક્તો ભક્તો છે. એ સૌ ભક્તોને પ્રગટ ભગવાનનો યોગ છે, આશીર્વાદ છે. હજરાહજુર વર્તે છે. આ ભકતો કોઈના પ્રતિ પ્રાર્થના કરે તો એ જીવ ગમે તેવો પાપી હોય તો પણ આ ભક્તોની પ્રાર્થનાએ હૃદય-કિડનીના રોગવાળા કે ઘરના કંકાસ વાળા કે અન્ય કોઈ મુસીબત હોય અને આ ભક્તોની પ્રાર્થનાથી ભક્તિથી, વચનથી એ જીવ સુખીયો થાય છે, થયા છે. એવા આ સૌ ભક્તો પ્રગટ ભગવાનને શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને કેવા જાણ્યા છે, ઓળખ્યા છે, સમજ્યા છે તે આ એમના પત્ર ઉપરથી જણાઈ આવે છે. શ્રીહરયે નમઃ, શ્રીકૃષ્ણાય નમઃ, રૂક્ષ્મણીપતયે નમઃ, સંત પતયે નમઃ, સર્વ સ્વામિને નમઃ, જગતગુરૂને નમઃ, શ્રી સ્વામિનારાયણ ભગવાનને નમઃ, અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમઃ, કર્મફળદાતાને નમઃ, શ્રીકંભરા બાળ શ્રીબાલકૃષ્ણપ્રભુને નમઃ, શ્રી હરિશરણગતિ મંડળના ઉદ્ધારક સર્વ ઉદ્ધારક પરમાત્માને નમઃ, અનાથના નાથને નમઃ, નિરાધારના આધારને નમઃ, શ્રી ગોપાલકૃષ્ણત્મજને નમઃ, શ્રી તીર્થોદ્ધારકર્તા શ્રી તીર્થમાં બિરાજમાન ભગવાનને નમઃ, સર્વને દર્શન આપતા રાષ્ટ્રીય સ્મૃતિભવનમાં બિરાજતા ભગવાનને નમઃ, શંખ, ચક્ર, ગદા, પદ્મધારી, ધનુષ, મીન, ત્રિશુલ.

સ્વસ્તિક, ધ્વજ, ધારી ભગવાનને નમઃ, શ્રી વ્યાસોત્તમ વ્યાસ, શ્રી શ્વેતાયન વ્યાસને નમઃ, સર્વ શાસ્ત્રોના મહામહોપાધ્યાય, ભારતભૂષણ, ભગવાન સૃષ્ટિ ભૂષણ, ભક્ત આભૂષણ, હૈયાના હાર એવા શ્રીપતિ ભગવાનને નમઃ, જન્મજયંતિ કર્તા એવા શ્રી હરિશરણાગતિના પ્રાણ આધારને નમઃ પ્રગટ શ્રીહરિને નમઃ, વિદ્યાપતિ, શ્રીપતિ, સતિપતિ, શાંતિપતિ, દયા, વિજય, જવવાળા, મુક્તપતિ, આત્માપતિ, અક્ષરપતિ, ઈશ્વરપતિ, દેવપતિ, પિતૃપતિ, ઋષિપતિ, સૂર્ય-ચંદ્ર, તારા, નક્ષત્ર, ગૃહ સૂરપતિ, પાતાળપતિ, અનંતપતિ, શેષપતિ, ભગવાનને નમઃ, કાળ, કર્મ, માયા સ્વભાવ તત્વપતિ એવા સ્વપતિ ભગવાન તમોને નમઃ શ્રીહરિ શરણાગતિમંડળના સર્વસ્વપતિને નમો નમઃ

●●●

**પ.ભ. રામજી કાનજી ચોટલિયા, દુબઈ,** (તા.૨૨-૭-૭૭)

પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની કૃપાથી આજે દુબઈમાં સારી કંપનીમાં એમા વળી શરણાગતિ મંડળનો યોગ-સેવા-ભક્તિ વડે આનંદ આનંદ થાય છે. અહીં સભા-સત્સંગથી સમજણમાં વૃદ્ધિ થવા લાગી છે. અહીં પ્રગટના ભક્તો સૌ વસે છે તેથી ભવિષ્યમાં આપ મોટા મંદિરમાં બિરાજમાન થશો, આપ પ્રતાપી પ્રભુ જગદ્‌ગુરુ વિશ્વવંદ્ય ભગવાન છો.

●●●

**પ.ભ. રમેશભગત, દુબઈ** (તા.૨૦-૬-૭૭)

પ્રગટ ભગવાનની કૃપા અને આશીર્વાદથી કાંદીવલીમાં આપેલા આશીર્વાદ ફળ્યા છે. દુબઈમાં શાહુકારના દર્જામાં પહોંચાડ્યા છે. આપના ચમત્કારો અકળ છે, સત્યવાણી છે, ધારો તે પ્રમાણે થાય છે. તમને હજારો લોકો પ્રગટ ભગવાન માને છે. તમાા ચમત્કારો, વચનો રામબાણ સમાન છે. તમો શ્રીરામ વચનસિદ્ધ છો. શ્રીકૃષ્ણ છો, દેશ-પરદેશમાં દર્શન આપો છો. શરણે આવેલાના ભાગ્ય ફેરવો છો, સમર્થ છો છતાં જીવના કલ્યાણ અર્થે ઝરણા કરો છો. સાધુરૂપમાં જ્ઞાનમાં અલમસ્ત રહો છો. શ્રી શારદામાં પરોવાયેલા છો, બધાનું ભલું કરો છો. તમારા કોઈ શત્રુ નથી. અજાતશત્રુપણું છે. તમારી વાણી નિર્દોષ સત્ય ભરેલી છે, ત્રિકાલદર્શી છો, અંતર્યામી છો. આમ આ દુબઈમાં સૌ આત્મનિવેદી ભક્તો એકાન્તિક ભક્તોના યોગ વડે પારસમણિને અડકવાથી લોઢું સોનું થાય તેમ આવા ભક્તોના યોગથી એકાન્તિક ભક્ત થાય છે.

●●●

**પ.ભ. ટપુલાલ દુબઈ પ્રમુખ, સન્લી દુબઈ** (તા.૪-૭-૭૭)

તમો ભગવાન મળ્યા એટલે અમને કાંઈ ચિંતા નથી. આપની પ્રસાદી ગુલાબપાંખડીથી એપેન્ડિક્સનું દર્દ મટી ગયું અને કંપનીએ દવાખાનાનો ખર્ચ તથા ચડત પગાર પણ આપ્યો એ મારે માટે આ પરચો જ કહેવાય. અંતર્યામી ભગવાન દિવ્ય દૃષ્ટિએ રક્ષા કરતા આવે છે.

●●●

**પ.ભ. છગનલાલ હિરજી કાચા, દુબઈ** (તા.૫-૭-૭૭)

પ્રગટ ભગવાનનો મેળાપ તે મહા દિવ્ય ભાગ્યની વાત છે. હે પ્રભુ તમો ભગવાન છો, મને મનુષ્ય અવતાર આપ્યો છે. સાચો તમારો આધાર છે. ભાગ્યવાળાને તમો શ્રીકૃષ્ણનારાયણરૂપે પ્રગટ ભગવાન છો. અમને તો દિલમાં એમ જ થાય છે કે આ સંપત્તિ વડે આપનું ભવ્ય મંદિર બંધાવીયે અને અનંત જીવોના કલ્યાણ થાય, એવા આપ કલ્યાણ કરનારા છો.

●●●

**પ.ભ. વાલજી કેશવજી ચોટલિયા, અજમાન** (તા.૨૦-૧૦-૭૭)

દુબઈમાં ઈદ ઉપર ત્રણ દિવસની છુટ્ટીમાં સમૂહ ભજન અને ભોજનનો ઉત્સવ રાખ્યો હતો તેમાં આપના ઉપદેશ પ્રસાદીપત્ર વડે અનુસંધાનનો ઉપદેશ તે વડે મહા આનંદ થયો હતો. આપની કૃપાથી સૌ ભક્તો સોનાના રિયાલ, દિનારના ઢગલા ઉપર બેસાડ્યા છે. તેથી ભક્તો ખૂબ ભજન કરે છે. આપ એક એક ભક્તની ખબર રાખો છો. આપ ગીરનારની ગુફામાં બિરાજતા થકા અહીં વિદેશમાં દર્શન આપો છો. તેથી ભક્તોને ઘણું બળ મળે છે. અમો જીવને આપે મુક્ત કર્યા છે. બ્રહ્મધામના અધિકારી કર્યા છે. આપની સેવા આજ્ઞા માટે ભક્તો થનગની રહ્યા છે.

●●●

**પ.ભ. ગોવિંદ કુરજી ચોટલિયા, દુબઈ** (તા.૩૦-૭-૭૭)

શ્રી હરિશરણાગતિ મંડળના તમામ ભક્તો તમોને ભજે છે. તમારા દર્શન સૌને થાય છે. તેમ આજ મને તમારા દર્શન થયા, તમે કહ્યુ તારી ખબર કાઢવા આવ્યો છું. તારો પત્ર કે સમાચાર નથી. હવે પત્ર લખજે. એટલે હું તરત જ બેઠો થઈ આ કાગળ લખ્યો છે અને તમારા દર્શન થયા ત્યારથી આનંદ આનંદ થઈ ગયા છે. તમો જ દેખાયા કરો છો, હવે મારે તમારી સેવા કરવી છે, સેવાનું બળ આપજો.

●●●

**પ.ભ. જયંતિલાલ દેવશી, દુબઈ** (તા.૭-૧૨-૭૭)

પ્રગટ થયેલા એવા પ્રત્યક્ષ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને ઓળખી પ્રગટ ભગવાનને રાજી કરનારા દુબઈ મંડળ ભગવાનનો જન્મજયંતિ મહોત્સવમાં પાટ ઉપર બિરાજી અન્નકુટ જમતા હતા એવા દર્શન થયા. આવા અલૌકિક પ્રતાપ વડે પરોક્ષવાળાઓ આશ્ચર્યચકિત થયા. કોટી કોટી સૂર્યને તેજસ્વી કરનારા, તેજસ્વી ઉજ્વળ શિતલ ચંદ્રસમ મંદ મંદ હાસ્ય કરતા મુખવાળા મસ્તકે મણિ ચમકતી પાઘવાળા અક્ષરથી પર જે શાસ્ત્રોએ વર્ણન કરેલા એ સ્વયં આપ પ્રગટ પુરુષોત્તમ નારાયણ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ આપ અનેક સ્વરૂપે વિચરો છો એવા દર્શન થયા ત્યારથી શાંતિ વર્તે છે. આપના ચમત્કારની ઘણી વાતો સાંભળી પણ આજ આપના દર્શન થયા એટલે હવે આપની ઉપાસના ભક્તિ નક્કી થઈ ગઈ. હવે તો અમે ભલે આપનાથી દૂર છીએ પણ આપ અમારી નજીક જ છો, ભેળા છો. તમો અમારા સર્વસ્વ છો, આપે નિજભક્તોને સુખી કર્યા છે. હે આપના દર્શનથી હવે પૂર્ણકામ થયો છું. હવે મારે કોઈ કામના રહી નથી. આપ સર્વસ્વ, સર્વોપરી ભગવાન છો.

●●●

**પ.ભ. જયંતિલાલ રતનશી ટાંક, જીરાગટ, (મસ્કત)**, (તા.૧-૧-૭૮)

આપ પ્રગટ ભગવાનને ઓળખનારા પ્રાગજીભાઈ, નારાણભાઈ, મગનભાઈ, ભગવાનજીભાઈ, કાનજીભાઈ, અમરશીભાઈ, શ્રી હરિશરણાગતિ મંડળ સાથે રહી ભજન, ભક્તિ, સત્સંગ કરીએ છીએ. જે આજે વ્હેલી સવારે આપ પાઘ પહેરી, હાથમાં લાકડી, ચરણે મોજડી પહેરીને ઊભી મૂર્તિનાં દર્શન થયા. ત્યારથી સુખ-શાંતિ વર્તવા લાગી છે. એટલે આ પત્ર લખ્યો છે. ભૂલચૂક ક્ષમા કરશો, આપના દર્શન થજો અને સેવામાં બળીયો કરજો.

●●●

**પ.ભ. દેવજી કાનજી રાઠોડ, શારજાહ-દુબઈ** (તા.૧૧-૧-૭૮)

પ્રગટ ભગવાન શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી શરણાગતના રક્ષણહારા એવા આપનો સેવક મૂળજી વેલજી વીરા ૩૦ ફૂટથી પડી ગયો તેને તમોએ ઝીલી લીધો, રક્ષા કરી છે. તેને પગની એક પાનીમાં થોડુંક ફ્રેકચર છે. પરંતુ આપની કૃપાથી કંપની બધો ખર્ચ આપે છે અને કોઈ તકલીફ નથી, આપે રક્ષા કરી છે તથા મૂળજીને આપના દિવ્ય દર્શન થયા છે.

●●●

**પ.ભ. મનુભાઈ શાહ (પ્રિન્સિપાલ હાયર સેકન્ડરી શાળા, ફુંકાવાવ** (તા.૧૧-૧-૭૮)

આપ ભગવાનને ડી.ફિલ, ડી-લિટ્ટની ડિગ્રીઓ મળી તે કોઈ નાની-સૂની વાત નથી. વિશ્વના જે મોટા વિદ્વાનોને ખબર હોય કે ડી.ફિલ અને ડી-લિટ્ટની ડિગ્રીઓ માટે કેટલું મથવું પડે છે તથા એ ઉપાધીવાળો તેની કિંમત કે તે કેવો દિવ્ય પુરુષ હશે. તેમ હું મનુભાઈ શાહ આપના ગ્રંથોને આધારે ડી.ફિલ થયો છું અને આપના આશ્રયે મારી ચડતીકળાઓ થઈ છે. આપ શ્વેતાયન મહર્ષિ શ્રીનારાયણ સ્વરૂપ પરમ ભાગવત તિર્થકર સંત છો. જે આ આપને મોટી મોટી પદવીઓ મળી સાથે સાથે આપે બીજી ઘણી ડિગ્રીઓ પ્રાપ્ત કરી છે. તેનાથી પ્રેરાઈને આપને મળેલા મોટા મોટા પુરુષોના અભિનંદનો એકઠા કરી એક મહા અભિનંદન ગ્રંથ તૈયાર થશે તે દ્વારા વિશ્વ આખું આપને ઓળખશે. સ્વયં જ્ઞાનસાગર, અવતારી પુરુષ, સર્વશક્તિ ગુણશાલી પરમપુરુષ છો, સાક્ષાત નારાયણ છો.

●●●

**પ.ભ. મોહનલાલ રતનશી પુજારી, દુબઈ** (તા.૨૭-૧-૭૮)

પ્રગટ ભગવાન આપ સ્વતંત્ર છો. આપનું ધાર્યું સર્વે થાય છે. પરચાઓ આપો છો, રક્ષા કરો છો, દર્શન આપો છો, પ્રારબ્ધ ફેરવો છો. પ્રેયઃ શ્રેયઃ આપો છો. ગરીબોના બેલી છો. પ્રત્યક્ષ ઓળખનારને મોક્ષ આપો છો, ચમત્કાર ઐશ્વર્ય વાપરો છો, દૈવી ગુણો તથા દિવ્ય ચિન્હો સહિત છો. આવા દિવ્ય ભગવાન માનવરૂપમાં રહો છો. એવા પ્રગટ ભગવાનને ઓળખવા પ્રગટ સંત મળે કે સ્વયં પ્રગટ મળે ને પ્રગટની કૃપા હોય ત્યારે જ માનવરૂપમાં રહેલા ભગવાન ઓળખાય છે, ઓળખાવે છે.

●●●

**પ.ભ. હંસરાજભગત ચાવડા,** (તા.૭-૨-૭૮)

પ્રગટ ભગવાન તમારા અનન્ય ભક્ત થવાય. દિલ ગંગા જેવું પવિત્ર રહે, ભાવના ફળે, રાગ મટે, તમારી ભક્તિ કરું, બંધન ટળે, માયા ટળે એવી કૃપા કરજો. આપ ચૌદ લોકના નાથ છો. અક્ષરાપતિ ભગવાન છો, પ્રાણ પ્યારા છો, હૈયાના હાર છો, નેણુના શણગાર છો. આમ પ્રગટ ભગવાનને ઓળખી ભગવાનની સેવાભક્તિ કરે છે અને ભગવાન પાસે કાલાવાલા કરી ભગવાનને રાજી કરે છે.

●●●

**પ.ભ. શાંતિલાલ તથા ભૂપતલાલ, સુરત** (તા.૧૪-૨-૭૮)

પ્રગટ ભગવાનને ઓળખી વિનંતી પ્રાર્થના કરતા. અમારા હૃદયમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ભક્તિ સહિત તમારો વાસ હો, દૃઢ ભક્તિ આપજો. તમો અક્ષરધામના અધિપતિ પ્રગટ પુરુષોત્તમ છો. તમારા ભગવાનપણાનાં પરચાઓ ઘણાં સાંભળ્યા છે. તમો પ્રગટ પુરુષ છો. ભક્તપતિ ભગવાન અમો મોક્ષ ચરણસેવાનુ વરદાન માંગીએ છીએ. આમ આપ અમારા હૃદયમાં નિવાસ કરી આપનો રાજીપો, સેવા, ભક્તિ આપજો.

●●●

**પ.ભ. લાલજીભાઈ, દુબઈ** (તા.૨૬-૨-૭૮)

પ્રગટ ભગવાનના સેવકો વિદેશમાં ગયા ત્યાં વરસાદ બે વખત તથા વાવાઝોડા સાથે થયો એટલે આરબો દોડી દોડીને ન્હાવા લાગ્યા અને કહેતા ખુદા આવ્યા, ખુદા આવ્યા. આ દેશમાં વરસાદ ક્યારેય જોવામાં નથી આવ્યો તેથી વરસાદ પડવાથી ખુદા રાજી થયા છે. એ આ પ્રગટ ભગવાનના ફિરસ્તાઓ છે એમના પૂન્ય અને સંતના જીવન સાધુ થઈ રહેતા તેથી આવા ચમત્કારો થવા લાગ્યા.

●●●

**પ.ભ. મોહન કરસન મનાણી, દુબઈ** (તા.૧૩-૩-૭૮)

પૂના મોહન કરસન મનાણીના ઘરનાને મહિનાથી તાવ આવે, ટાઢ ચડે, ઊલ્ટી થાય. તેથી પ્રગટ ભગવાનને પ્રાર્થના લખી ભગવાને ચામાં કાળીજીરી પીવાનું તથા ગોળ, સૂઠ તથા બે ત્રણ કાળીયા ખીચડી ખાવાનું લખ્યું તેમ કરવાથી હવે સારું થવા લાગ્યું છે. આપની પ્રસાદી ગુલાબની પાંખડીથી સારું થવા લાગ્યું છે. આમ પ્રભુ આપના વચન તથા દૃષ્ટિની કૃપાથી સૌ સારાવાના છે.

●●●

**પ.ભ. લાલજીભાઈ તથા નાનજીભાઈ કાંદીવલી** (તા.૨૨-૩-૭૮)

અમારા માતુશ્રી પથારીમાં હતા હું માતાજીની સેવામાં હતો અને આપનો આશીર્વાદ આવ્યો. આપે જનમંગલના પાઠ કરવા કહ્યું હું તરત જ જનમંગલના પાઠ કરવા લાગ્યો તથા ભક્ત ચિંતામણી વાંચી તેથી આપના આશીર્વાદથી અમારા માતુશ્રીને આપ તથા શ્રીજી મહારાજના દર્શન થયા અને અમરા બા બોલ્યા શાસ્ત્રીજી મહારાજ તથા શ્રીજી મહારાજ

પધાર્યા છે. હાથ જોડ્યાને ધામમાં જાઉં છું એમ કહી ધામમાં ગયા. આપનો ચમત્કાર જબરો છે. વચનસિદ્ધ, સંકલ્પસિદ્ધ છો, સાક્ષાત્ શ્રી હરિ છો.

●●●

**પ.ભ. વેલજી ખીમજી તરસાણી, કોસંબા** (તા.૨૧-૩-૭૮)

આપના કહેવા મુજબ મેં આકડાનું બંધાણ બાંધ્યું તેથી મારો પેટનો દુઃખાવો મટી ગયો છે. ઘરવાળા ગોમતીની તબિયતમાં માથું દુઃખે, તાવ આવે, નબળાઈ જણાય, ગભરામણ થાય, કમર દુઃખે, ઓડકાર આવે, થડક રહ્યા કરે, ગોટો ચડે, કાળજુ દુઃખે આમ ઘણી તકલીફો છે. આપ પ્રગટ ભગવાન છો. કાંઈ નડતર હોય તો મટાડજો. ધૂણે છે ત્યારે મારા બાપુજીનું નામ આવે છે. આમ ભગવાન પાસે જેણે જેણે પોતાના દુઃખની અરજ કરી છે. તેને પ્રગટ ભગવાને ભક્તિ આપી સેવા આપીને દુઃખ મટાડ્યા છે, સુખીયા કર્યા છે, ભક્તિભાવમાં રહી ઊંચે દર્જે પહોંચ્યા છે.

●●●

**પ.ભ. હરિલાલ ઓઘવજી ખોલિયા, જામવંથલી** (તા.૫-૫-૭૮)

તા.૧૦-૫-૭૮ના લગ્ન છે, આપ આશીર્વાદ આપજો. આપશ્રીના ૧૫ દિવસ પહેલાં દિવ્ય દર્શન થયા હતા. ફળિયામાં હરતા-ફરતા હતા. તમારા ચરણોને કળશના જલથી ધોઈને ચરણામૃત લીધું એટલામાં આપ અદ્રશ્ય થયા. અમને થયું મંગળ કાર્ય થશે જે આપના દર્શન થયા તે આ વિવાહ પ્રસંગ થયો. આપ પ્રગટ ભગવાન નીજ ભક્તોની સંભાળ લેતા જ હોવ છો.

●●●

**પ.ભ. રાજેશ ચમનલાલ ટાંક, મુંબઈ** (તા.૧૦-૬-૭૮)

પ્રગટ ભગવાન શાસ્ત્રીજી મહારાજના પ્રમુખપદે પાટોત્સવ ઉજવાયો તેના દર્શનથી હું ધન્ય ધન્ય થયો એ પાટોત્સવ ઘરે ઘરે વખણાય છે. ન ભૂતો ન ભવિષ્યતી અભૂતપૂર્વ મહોત્સવ થયો. જિંદગીમાં સંભાળે તેનો મોક્ષ થઈ જાય એવા આપ સાક્ષાત્ ભગવાન છો, આપને શરણે જે આવે તેના કલ્યાણ થાય, મોક્ષ થઈ જાય છે.

●●●

**પ.ભ. ભગવાનજી હિરજી લખમણ કાચા, દોહા-કતાર** (તા.૧૫-૬-૭૮)

આપની કૃપાથી અહીં વિદેશમાં સુખી છીએ. આપના આશીર્વાદથી બીજી કંપનીમાં કામ મળી ગયું છે. મને પ્રત્યક્ષ ભગવાન જોવાની ઈચ્છા હતી તે આપ દિવ્યમૂર્તિના દર્શન થયા. મારો જન્મ સફળ થયો. બધા ભય ટળી ગયા. હું પૂર્ણ કામ થયો હવે તો તમો અજવાળા ભરેલી મૂર્તિને જ દેખું છું, આપને ધરીને હું ઉપયોગમાં લઉં છું.

●●●

**નથુભાઈ, નટવરલાલ, દયાળજી, ધર્મલાલ, પૂના** (તા.૨૨-૩-૭૯)

શ્રી પુરુષોત્તમનારાયણ પ્રગટ સ્વામિનારાયણ ભગવાન સદ્‌ગુરુની સેવામાં શિવાજીનગર-પૂનાથી સદા યાદ કરનાર નથુભાઈ, નટવરલાલ, દયાળજી, ધર્મલાલ તથા બાળબચ્ચા સેવક કુટુંબના જય સ્વામિનારાયણ વાંચજો.

શ્રી પ્રભુજીની માલુમ થાય જે અમારા ઘરમાં પિતૃના સ્વપ્ના આવે છે. ૧૫ દિવસ પહેલાં ધર્મલાલને સ્વપ્નમાં કુવામાં સાપ દેખાયો, ધર્મલાલ પાણીમાં હતાં, તે વખતે આપની શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની ઉજળી હસતી મૂર્તિ દેખાઈ. આપે રાંઢવું બાંધીને જળ ઉપર આવીને પછી કાંઠે આવીને સાપને બહાર કાઢી ફેંકી દીધો અને સર્પમાંથી માણસ બનાવીને તમે ધર્મલાલને કહ્યું કે, ધર્મલાલ આ તમારા બાપદાદા છે તો તું બાપા પાસે બેસ. ત્યારે ધર્મલાલ ધ્રુજવા-બીવા માંડ્યો તો આપે હાથ ઝાલીને તમારી બાજુમાં બેસાડ્યો અને પિતૃ અલોપ થઈ ગયા. આ પ્રમાણે દેખાણું છે. તો આપ કહો તે પ્રમાણે નારાયણબલિ કરાવીએ. માટે હવે નડતર મટે એમ લખી મોકલાવજો. અમારા કુટુંબના જય સ્વામિનારાયણ વાંચજો. દુબઈજી દયાળજી બે મહિનામાં દેશમાં આવશે પછી તમારા દર્શને આવવું છે. લાંબે રસ્તે રક્ષા કરજો એ જ અરજ.

●●●

**પ.ભ. પુરુષોત્તમ રૂપાભાઈ વરુ, (ઇંગ્લેન્ડ)** (તા.૨૯-૬-૭૮)

આપની કૃપાથી સુખી થયા છીએ. મૂર્તિમાં આપના દર્શન થાય છે. આપને વધારે રાજી કરવાનું તાન છે, આપને ભજીયે છીએ. આત્મામાં શાંતિ થાય છે. આપનો નિશ્ચય થયો છે. બાપા અમને ધ્યાનમાં જોયા કરે છે. આપ પ્રત્યક્ષ પ્રમાણ શ્રીહરિ છો એમ કહેતા હોય છે. જે આજે અમોને પણ આપનો નિશ્ચય થયો છે.

●●●

**પ.ભ. પોપટલાલ કાનજીભગત, દુબઈ** (તા.૨૪-૮-૭૮)

પ્રભુજી મને તાવ ચડ્યો હતો, વ્હેલી સવારે આપના દર્શન થયા. મુગટધારી, છડીધારી દર્શન થયા. આપે કહ્યું કામ પર જાઓ, તાવ નહીં આવે, હું સાજો થયો. તમારી મૂર્તિ રાત-દિન દેખાયા કરે છે. મારો ભવ સુધરી ગયો. આપ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ છો, અંતર્યામી પરમેશ્વર પરબ્રહ્મ છો, આપની લીલા અસંખ્ય અનંત અગણિત છે. આપના દર્શન હોસ્પિટલમાં પણ થયા હતા, આપ દયાળુ, કૃપાળું છો.

●●●

**હરિકૃષ્ણ અને નલિની, જામવંથલી** (તા.૩૦-૯-૭૮)

પ્રભુજી તમોને અમારા જયશ્રી સ્વામિનારાયણ. અનાદિ શ્રીકૃષ્ણનારાયણ આપને નમો નમઃ, સ્વસ્થાન અક્ષરધામ શ્રીજૂનાગઢ મધ્યે ભંડારને મેડે વિરાજતા એવા પરમપૂજ્ય પરમકૃપાળુ સર્વ કર્તાહર્તા, સર્વના નિયંતા અમારા નાથ મહાપ્રભુજી અક્ષરાધિપતિ સર્વને સુખ આપનારા પૂર્ણ પુરુષોત્તમ ભક્તપતિ ભગવાન આપને અહોનિશ યાદ કરનાર કડિયા હરિકૃષ્ણ અને નલિનીના આપના ચરણોમાં ખૂબ જ હેતપ્રેમ, વહાલભર્યા હૃદય સાથે જીવમાં જોડીને ખૂબ જાજા જાજા જય સ્વામિનારાયણ વાંચશો.

હે ભક્તપતિ ભગવાન તમારા પ્રતાપથી અને આશિર્વાદથી અમો સુખી છીએ. વહાલા પ્રભુજી તમારા દિવ્ય દર્શન અમોને થાય છે તેથી વિશેષ આનંદ છે. ભક્ત દૂર હોય પણ ભગવાન તો પાસે જ હોય. ગુન્હા માફ કરીને પ્રગટ દર્શન આપવા એ તમારું ઐશ્વર્ય છે. તમે ધામોના ધામી ધન-દોલત સંપત્તિના ધણી છો.

તમારા વિના સુકું પાંદડું પણ હલવા સમર્થ નથી. સર્વના એક મહાપ્રભુ હે સ્વામિનારાયણ ભગવાન અમારી તમોને અરજ છે કે, તમારી સેવા થાય તેવું અમને બળ આપજો. તમો સમગ્ર સૃષ્ટિના એક જ પ્રભુ દરેક પ્રાણધારીના રક્ષક છો. આખું વિશ્વ તમોને પૂજે સેવે છે. અમને બાળકોને આપ આશિર્વાદ આપતા રહેજો. તમો દરેક ભગવાનથી મોટા ભગવાન છો.

ચરણસેવક હરિકૃષ્ણ તથા નલિનીના આપના ચરણોમાં જાજા કરીને દંડવત્ પ્રણામ, જય સ્વામિનારાયણ વાંચશો. સાજા નરવા રાખજો. આપની સેવા-ભજનમાં વિઘ્ન ન આવે અને મોક્ષમાં જવાય તે પ્રમાણે સત્સંગ વધે એવી કૃપા કરતા રહેજો. એજ.

●●●

**પ.ભ. શામજી લક્ષ્મણ સાપરીયા,** (તા.૧-૩-૭૯)

આપનો ગ્રંથ વાંચી આનંદ થયો, આપના દિવ્ય દર્શન થયા એવાને એવા દર્શન આપતા રહેજો.

અનાદિ અક્ષરપતિ સ્વસ્વરૂપસ્થ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી ભગવાનને નમો નમ; પ્રગટ પુરુષોત્તમ અક્ષરધામના પતિ સમગ્ર વિશ્વસંચાલક પરદુઃખભંજન પરનારાયણ મહારાજ આપના ચરણોમાં સેવક પોપટલાલ તથા કાનજીભગત સદા ધ્યાનથી પ્રત્યક્ષ સાકાર મૂર્તિનું સ્મરણ કરી રહ્યા છીએ, પ્રભુ આપનો આશીર્વાદ મળ્યો અને બંને બહુ જ હર્ષમાં આવી ગયા છીએ, અહીં ટપુલાલભગત, દેવજીભગત, દયાળજીભગત, કચ્છી હરિભક્તો મળ્યા છે, આપના આશીર્વાદપત્રો પણ સંભળાવ્યા હતા, કામકાજ સારાં ચાલે છે. આપની અપાર દયાથી શરીરે સારું છે, તમોએ હાથ ફેરવ્યો તેથી પક્ષઘાત મટી ગયો છે, આપ તો અલૌકિક ભગવાન છો, અવતારી પ્રભુ છો, ભૂલ માફ કરજો, આપ માવતર પરમ પિતા વિશ્વના રચનારા છો. આપના બાળકો કાનજીભાઈ તથા પોપટલાલના જયસ્વામિનારાયણ વાંચજો, રક્ષા કરજો, દર્શન દેજો, જયશ્રી કૃષ્ણનારાયણ. કાંદીવલી પત્ર લખ્યો છે, પરદેશમાં તમારું જ ભજન થાય છે, આપને પ્રતાપે આ વર્ષ અહીં વરસાદ થવા લાગ્યો છે, આપની અકળકળા છે, આપના ભક્તોનો પ્રતાપ પણ ઓછો નથી, મેઘરાજા પણ રાજી છે, જય હો પ્રગટ ગુરૂજી ભગવાનનો જય હો...

●●●

**પ.ભ. ભગવાનજીભાઈ રાજાભાઈ જાવિયા, દુબઈ** (તા.૧૫-૩-૭૯)

આપ દરેકના હૃદયમાં વસો છો ત્યાં બેઠા બંધુ નિરીક્ષણ કરો છો અણુએ અણુમાં તમારો વાસ છે, ભગવાનજીભાઈ રિયાધથી પત્રમાં સાક્ષાત્ પ્રભુની લીલાના ચમત્કારો લખે છે, આપની કૃપાથી અમારે દિવસે રાત્રે ડબ્બલ કામ ચાલે છે. દિરહામ ૧૧૨૦ છે, આપની કૃપા વડે પ્રભુજી આવું મળ્યું છે, ગોરા લોકોએ અમારું કામ ચાર દિવસ જોયું તેને ગમી ગયું હવે અમને આઠ માણસો અમારા હાથ નીચે આપ્યા છે, કામનો રિપોર્ટ દેવાનો, ભગવાન નિરંતર દિન-રાત આપનું ભજન સ્મરણ કરીએ છીએ, મુશ્કેલી બિલકુલ નથી. આપ તો વ્યાપક પરમેશ્વર છો, આપની શરણાગતિ મળી. આપી બીજો લાભ શું હોઈ શકે ? સૃષ્ટિને આપ સરખી રીતે જુઓ છો, અમારું ધ્યાન રાખજો, દોષ ટાળજો, સૂતી વખતે આપનું ધ્યાન કરતા સૂઈ જઈએ છીએ, આપની મૂર્તિ દેખાયા કરે છે. અમારા ઊંચા ભાગ્યા છે, અમો

પ્રભુને સાક્ષાત્ પત્ર લખી રહ્યા છીએ, જયશ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ, પોપટલાલ તથા કાનજીના તથા શરણાગતિમંડળના જયશ્રી કૃષ્ણનારાયણ, એજ.

●●●

**જયંતીલાલ તથા ભગવાનજી, દુબઈ** (તા.૧-૮-૭૮)

શ્રી દિવ્યધામ જૂનાગઢમાં વિરાજમાન સર્વાન્તર્યામી ઘટઘટમાં વ્યાપક અક્ષરાતીત ભગવાન સર્વે ધામોના ધામી ભગવાન અત્યારે માનવદેહે ભકતો માટે અહીં પધાર્યા. પ્રગટ પુરુષોત્તમસ્વામી અસંખ્ય લીલા ચમત્કારો ભર્યા ભગવાન આપના જેટલા ગુણ ગાઈએ તેટલા ઓછા છે, અમારા મનના તમામ કોડ પૂર્ણ કરનાર ઓળખાયા. અમારો હાથ ગ્રહણ કરનારા ભગવાન આપે અમોને પરદેશ પહોંચાડ્યા, કંપની સારી અપાવી, શરીરે સાજા-નરવા રાખ્યા, આપના પરચા ઘણાં અનુભવ્યા, આપ અમારે આશ્રમે રસોઈ જમ્યા, જમાડ્યા, ધૂમાડામાં પણ બિરાજયા, રાજીપો અઢળક વરસાવ્યો એવા હે પ્રભુ દુબઈથી જયંતિલાલ તથા ભગવાનજી બંને પોરિયા ભાઈઓના અમારા સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સ્વીકારજો.

આપના ચિન્હો દર્શન થયા અતિહેત જાણીને સંભારીને આનંદ થાય છે. જૂનાગઢમાં અમોને ચરણ દાબવાનો લાભ મળ્યો વળી લખવાનું મેલીને અમોને જળ પ્રસાદી, ફૂલહાર આપવા ઊભા થતા, વળી હાથ ધોઈને શુદ્ધ રીતે ચરણસ્પર્શ થવા દેતા, ભગવાનની વાતો કરતા. સમૈયા પછી રતિલાલ ભગતે ટેપરેકર્ડ ઉતારી તે સંભળાવી તેથી એમ જ થાય છે કે આપણે જૂનાગઢ ભગવાન સામે જ બેઠા છીએ, વરસાદ સારા વરસાવ્યા, માગ્યા મોલ ઉપજાવ્યા, હજુ રાજીપો આપજો તમારા આશીર્વાદો મળ્યા છે, કમાણી સારી છે, ઉપદેશ ઘણો વાચ્યો, આનંદ થયો છે, બહુ દયા કરી આપને માટેઅ મે કાંઈ કરી શકતા નથી.

તમારું નામ, તમારા ગુણ, તમારી ડિગ્રીઓ મનુષ્યો વાંચે તોય જીવ પવિત્ર થાય માણસને તો માણસ દેખાય બરોબરિયાપણું આવી જાય પણ અમોને તો ભગવાન દેખાઓ છો. અમારા પર દયાનો આડો આંક વાળ્યો છે. તમો જગન્નાથપૂરીમાં હિમાચળમાં ફરીને સૌરાષ્ટ્ર પધાર્યા ઘરે ઘરે ભક્તોને ત્યાં પધરામણી, ચરણપગલાં કર્યા, ઘણાના દુઃખો ટાળ્યા. સીમમાં ક્ષેત્ર, વાડીઓમાં પગલાં કર્યાં. તીર્થભૂમિઓ ચાલી ચાલીને પવિત્ર કરી. ગાડે બેસીને વાડીઓમાં પધાર્યા, ફૂલવાડીએ પધાર્યા, કંકાવટી નદીને કિનારે બિરાજ્યા, પ્રસાદ જમાડ્યા, કામકાજ સેવા કરનારાઓને સુખડી, મોતૈયા જમાતા, ચાલીસ ગાડાવાળાઓને એક સાથે ચૂના, કાંકરી લઈ આવ્યા ત્યારે જમાડ્યા. પથ્થર ખાણે જમાડ્યા, ગુંદા આંબલીઓ, વાવ,

લીંબુ ઝાડ, પિપળો, તુલસી વગેરે પણ આપના ગુણગાન કતા હોય તેમ શોભા આપનારા છે, આપ ગિરનારી ભૂમિમાં વિરાજો છો, સ્વતંત્ર છો. અમારું તેટલું ભાગ્ય ઓછું જે આપ વનસ્થળીમાં ન રોકાયા, વનસ્થળીમાં મૂઠી ભરી તલના રોપડાઓ ભક્તિ કરનારા આપને માટે તલસે છે, મૂર્તિના દર્શન થાય છે, ચરણદર્શન થાય છે, ગઢ ચણાય છે, આપ મૂર્તિમાન ભક્તોને લાડ લડાવતા રહો તો ભક્તોને સેવા-પૂજાનો લાભ મળે. તમારે અર્થે જેટલું કરીએ તેટલું થોડું છે, બધા તમારું ભજન કરે અને દર્શન કરે તથા પ્રવચનનો લાભ મળે એમ કરજો. ભગવાન આવે ત્યારે મહિમા ન જણાય પણ જતા રહે ત્યારે જણાય, હાજર હોય ત્યારે તો આજ્ઞાની જનો પોતા જેવા ગણી કાઢે, પણ દુઃખ આવે તે ટાળવા શરણે દોડે. આપના ભજન, ધૂન સમૂહ મળી કરીએ છીએ. બધું સાનુકૂળ છે, બધા સુખી છે. આપ પૃથ્વી પર વિચરો, બિરાજો છો તેથી અમોને ઘણો આનંદ છે. ઓળખાયા છો તેથી વધારે ક્યો લાભ ગણાય, ભજીએ છીએ એ જીવના મોક્ષ માટે છે, મોક્ષ તો હાજર જ છે, અમારા સાષ્ટાંગ દંડવત્-પ્રણામ સ્વીકારજો, કાગળ આશીર્વાદ લખજો, દર્શન આપી સંભાળ રાખજો, ભૂલચૂક માફ કરજો, અપરાધ ન ગણશો, રાજીપો રાખજો, આપ હાજર જ છો મૂર્તિમાં દેખાઓ છો, એજ.

●●●

**શ્રીહરિ શરણાગતિ મંડળ, દુબઈ** (તા.૨૯-૧૦-૭૮)

સ્વસ્થાન જૂનાગઢ ધામે વિરાજમાન પરસ્વરૂપે વર્તતા સર્વાત્મા સર્વકર્તા સર્વ અંતર્યામી, સર્વનિયન્તા ભક્તવત્સલ, પ્રગટ મહાપ્રભુજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તથા સંતમંડળના સેવકો રતિલાલ અમરશી, દયાળજી, ટપુલાલ, મોહનભાઈ તુલસીદાસ માવજીભાઈ, નાનજી, રતિલાલ સર્વે શરણાગતિ મંડળ, ૧૫૦થી વધુ ૧૭૫ સુધીના ભક્તોના તથા સન્લીના કારીગરી સમુદાયના દંડવત્ વાંચશો. ભગવાન આપની દયાથી ખૂબ ખૂબ આનંદ ઉત્સવ થયો છે, આ વખતે તા.૨૪-૧૦-૭૮ના રોજ હે જીવનપ્રાણ પ્રભુજી જન્મ જયંતિની ઉજવણી અતિશય જોરદાર ઉજવાઈ છે, દૂર દૂરથી બધા શરણાગતિ મંડળો આવ્યા હતા. રાસમંડળ, ભોજન, ધૂન ભજન-કિર્તન ખૂબ ઉત્સાહથી કર્યા હતાં. ફુલેકુ ફેરવ્યું હતું, આનંદ આનંદ થયો હતો, રિયાલ ૧૧૦૦માં આપની મૂર્તિની આરતી ઉતરી હતી, હજારો માણસો દર્શન કરતા હતા, પગે લાગતા હતા. દેશી ભાઈઓ બધા ધર્મના આપણા ભેગા મળ્યા હતા, લાંબુ પ્રોસેશન નીકળ્યું હતું, ભાત ભાતની ધૂનો અને આપની જય બોલાતી હતી, અહીંના રાજ્યાધિકારીએ ખુદા બંદગીની છૂટ આપી હતી. ફૂલવાડીના ગઢ માટે પણ પૂરતા રિયાલ નોંધાયા છે, તે કામ પૂરું થઈ જશે. આપની દયા અપાર છે, શરણાગતિ

મંડળોમાં એકપણું છે, નિર્ભય છે, સહનશીલતા છે, સંપ છે, પ્રત્યક્ષ નિશ્ચયનું બળ છે, કેફ વધતો જાય છે. આશીર્વાદ આપજો બધાય નિરોગી અને સુખીયા છે. સન્લીવાળાઓને ધન્ય છે. ખૂબ આગળ રહી મહામહોત્સવો ઉજવાયો છે, દેવજી કાનજી ઇન્ડિયા અહીંની ટેપરેકર્ડ લઇને આવ્યા છે તે સાંભળજો અને આશીર્વાદ આપજો, ભૂલચૂક માફ કરશો.

દુબઇના એરિયાના તથા નજીક દૂરદૂરના ભક્તો, મુસાબુંગા કંપનીથી તથા કાંબુલાસી કંપનીથી તથા બર્નાર્ડ સન્લી કંપનીથી, શારજાહથી તથા અલઝાહટ કંપનીથી, પી.આઈ. ઝેડ. કંપની અબુધાબીથી તથા જુકુમ કન્સ્ટ્રક્શન કંપનીથી તથા એસ.સી. કંપનીથી તથા સિમેન્ટ માર્કેટિંગ કંપની સલાલાહથી તથા ડેઇરાથી બેલહાસા એન્જિનિયરિંગ કંપનીથી તથા અજમાનથી, જુમેશાહથી, કવારૈયાટાસ્મિકથી, એલ. ધુરેર કંપનીથી, જી.ટી. કંપનીથી, ગેમન ઇન્ડિયન કંપનીથી, ટી.સી.સી. કંપનીથી, એલ.સાહેબ કંપનીથી, સફાત કુવૈતથી, ભાટિયા કન્સ્ટ્રક્શન કંપનીથી, મોહા બીનસેફ કંપનીથી, રાસલખીમાંથી, જંગલમાંથી, મોન્ડ બીન સેફ કંપનીથી, એસ.એસ. લુથા કંપનીથી, ચારેબાજુથી દૂરદૂરથી આપણાં ભક્તો અને દેશીજનોએ મોટી સંખ્યામાં ઉત્સવ ઉજવ્યો છે, આશીર્વાદ લખજો. એજ.

●●●

**ધરમલાલ નથુભાઈ ટાંક, શિવાજીનગર, પૂના** (તા.૨૫-૧૨-૭૮)

રાજમાન રાજેશ્રી સદ્‌ગુરુ પૂ.ભગવાન ગુરુજી શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની સેવામાં ધર્મલાલ નથુભાઈ, મેપા ટાંક આદિ અમારા કુટુંબના દંડવત્ સાથે જયશ્રી સ્વામિનારાયણ વાંચશો, મહારાજ ! મારે કતાર જવાની વીસા આવી ગઈ છે, ચંદુલાલ કરશન પણ આવશે, મને પ્લાસ્ટરનું કામ બહું સારું આવડે એવા તુરત જ આશીર્વાદ આપજો, તમોને સંભારતા સંભારતા કામ કરું છું અને એમ જ ન કરીશ. તમારી ભક્તિ કરીએ તેવા આશીર્વાદ આપજો. પહેલીવાર પત્ર લખું છું, ભૂલચૂક માફ કરજો, સેંકડો દંડવત્ સ્વીકારજો, પરદેશથી સરનામું લખીશ, દર્શન દેજો એજ.

●●●

**ભગવાનજી હિરજી ચૌહાણ, પાડાબેકર્ડ** (તા.૩-૩-૭૯)

ભગવાનજી હિરજી ચૌહાણના જીદ્દાહથી જૂનાગઢ તીર્થમાં બિરાજતા અવતારોના અવતારી ધામોના ધામી અનંતકોટિ મુક્તો, જીવો, ઈશ્વરો, માયા અક્ષર આદિકના સ્વામી નિયંતા ઇષ્ટદેવ પ્રભુજી મહાપ્રભુજી મહારાજાધિરાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનો

શરણાગત ભક્ત સ્તુતિ કરે છે તે સાંભળજો. અમો ખુશીથી કામ કરીએ છીએ, આનંદની રહીએ છીએ અને ભજન કરીએ છીએ, સેવા સ્વીકારજો. ગ્રંથ વાચી આનંદ થાય છે. તમારે શરણે આવ્યો તે વખતે જે ઓળખ ભગવાનની હતી તે કરતાં આપના ભક્તો સાથે અહીં કથા-વાર્તા, લીલા-ચમત્કારો વડે તથા ગ્રંથ અભિનંદનો વડે જબરી ઓળખ સમજાઈ છે. મારા ઉત્તમ સારા ભાગ્ય જે આપના એકાંતિક ભક્ત સંતોનો સમાગમ મળ્યો છે, તમારે ચરણે સાક્ષાત્ આવી ગયો તે પણ મારું મોટું ભાગ્ય ઉઘડ્યું છે, હવે મારો ભક્તિભાવ આ જન્મે જ મોક્ષમાં જવાય એવો ઉદય પામ્યો છે. સેવા લાભ લેતો રહીશ, દિવ્ય દર્શન થાં રહે છે. ભગવાન ભજવાની અલૌકિક સ્થિતિ અને ગુણ કથા કરીએ છીએ, માયિક ઘાટ ટળ્યા છે, થવા દેશો નહીં. આ દેશમાં ધરમ ઓછો છે પળાય છે પણ તમારો આશરો જબરો છે, ગાંડાઘેલા સેવકને તારજો, ઉદ્ધારજો, પ્રભુજી તમારા છીએ, આશીર્વાદ લખજો, પુષ્પપ્રસાદી મોકલજો, ઘરબાર કુટુંબ તમારું છે, તેની ચમત્કાર સાથે ખબર રાખજો જે તમોને ભૂલે નહીં તે પ્રમાણે તેને સાચવજો એજ. અપરાધ ભૂલચૂક માફ કરજો. ગમાર જીવને દેવતાઈ નજર આપી દીધી છે મારે કાંઈ બાકી નથી... એજ.

●●●

**રમણિક કરસન જાવીયા, આકોલા** (તા.૮-૨-૭૯)

સ્વામિનારાયણ વાંચવા, આકોલાથી શિષ્ય રમણિકના પ્રભુજી ઘણાં ભાગ્ય ખોલ્યાં છે, સારી રીતે કામે લાગી ગયો છું. આખા જગતના વિદ્વાનોએ દયાળુ પરમેશ્વરને અભિનંદનો આપ્યા છે તેથી અમોને મા કેફ વરતે છે, કામ, સેવા ફરમાવજો, આપના ચરણોમાં ધ્યાન વર્ણન વડે અતિશય કૃતાર્થ પાવન થઈ ગયો છું. નિત્ય ચરણકમળ ચિન્હોનું ધ્યાન ધરું છું, આપના મુખકમળને જોઈ રહું છું., ગુલાબ પાંખડી પ્રસાદી લાભ આપતા રહેજો, કોટિ દંડવત્ સ્વીકારજો, દર્શન આપજો, ઉગારી લેજો, આત્મનિવેદની છું, બધું તમારું છે, નજરમાં રાખજો, એજ. લી. સેવક રમણિકના લાખ લાખ વંદન છે, આપના ચરણકમળ ચિન્હોમય રમણિકને જયંતીલાલ સાથે ચરણમાં રાખજો. એજ.

●●●

**પોપટલાલ તથા કાનજીભગત, દુબઈ** (તા.૨૮-૫-૭૮)

અનાદિ અક્ષરપતિ સ્વસ્વરૂપસ્થ શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી ભગવાનને નમો. નમઃ, પ્રગટ પુરુષોત્તમ અક્ષરધામના પતિ સમગ્ર વિશ્વસંચાલક પરદુઃખભંજન પરનારાયણ

મહારાજ આપના ચરણોમાં સેવક પોપટલાલ તથા કાનજીભગત સદા ધ્યાનથી પ્રત્યક્ષ સાકાર મૂર્તિનું સ્મરણ કરી રહ્યા છીએ, પ્રભુ આપનો આશીર્વાદ મળ્યો અને બંને બહુ જ હર્ષમાં આવી ગયા છીએ, અહીં ટપુલાલ ભગત, દેવજીભગત, દયાળજીભગત, કચ્છી હરિભક્તો મળ્યા છે, આપના આશીર્વાદથી પત્રો પણ સંભળાવ્યા હતા, કામકાજ સારા છે, આપની અપાર દયાથી શરીરે સારું છે, તમોએ હાથ ફેરવ્યો તેથી પક્ષઘાત મટી ગયો છે, આપ તો અલૌકિક ભગવાન છો, અવતારી પ્રભુ છો, ભૂલ માફ કરજો, આપ માવતર પરમ પિતા વિશ્વના રચનારા છો. આપના બાળકો કાનજીભાઈ તથા પોપટલાલના જયસ્વામિનારાયણ વાંચશો, રક્ષા કરજો, દર્શન દેજો, જયશ્રીકૃષ્ણનારાયણ. કાંદીવલી પત્ર લખ્યો છે, પરદેશમાં તમારું જ ભજન થાય છે, આપને પ્રતાપે આ વરસથી અહીં વરસાદ થવા લાગ્યા છે, આપની અકળકળા છે, આપના ભક્તોનો પ્રતાપ પણ થોડો નથી, મેઘરાજા પણ રાજી છે, જય હો પ્રગટગુરૂજી ભગવાનનો જય હો.

●●●

**કાનજી મૂળજી સોજીત્રા, દુબઈ** (તા. ૨૫-૪-૮૦)

શ્રીહરિ અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ । શ્રી શ્વેતાયન વ્યાસજીને નમો નમઃ । પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામિનારાયણ પ્રભુજીને નમો નમઃ । જૂનગાઢ મહાશુભ સ્થાને બિરાજમાન અમારા ઈષ્ટદેવના ચરણકમળમાં સદાને માટે રાખજો.

હું કાનજી મૂળજી સોજીત્રા ગામ એલાનથી લખુ છું, અમે તા. ૧૮-૪-૮૦ ના રોજ દુબઈ ગયા હતા અને સાંજે હોડકામાં બેસીને પડખે ઉભા હતા, ત્યાં બીજું મોટુ હુડ્યું આવ્યું તેમાં બેસવા ગયો કે સમુદ્રમાં પડી ગયો, તે રાતના આઠ વાગ્યા હતા, તે સમયે તમે અમારી રક્ષા કરી એમ દેખાણું. એક ઉજળો પુરુષ ચળકાટ જેવો વેશ પહેરેલ અમારો હાથ પકડવા મહેનત કરી અમે લાંબો હાથ કર્યો પણ પાણીમાંથી નીકળાઈ નહિ. હાથ તેને પહોંચે નહિ ઉંડુ પાણી હતું, પછી પાણીમાં પડીને તેણે પૃથ્વી ઉપર હોય તેમ મને ઉભો કરીને ઉછાળ્યો. સેવા પૂજાની થેલી સાવ કોરી હાથમા રહી ગઈ તેને પાણી ન અડયું, મને દિવ્ય ભગવાને હાથ પકડી પાણીમાં પડીને બહાર કાઢયો અને હોડકામાં ચઢાવી દીધો. આમ ભગવાન તમે ભકતનું ધ્યાન રાખ્યું નહિં તો અંધારે હુ પાણીમાં દરીયામાં મરી જાત, તમે બચાવ્યો. મને તમો દેખાઓ છો રક્ષા કરજો.

મોહન ભગત વાલજી ભગત નાનજી ભગત દયાળજી ભગત વસરામ ભગત રામજી

ભગત તુલસી ભગત શ્રીહરિ શરણાગતિ મડળ સુખી મજામાં છે તમારૂં ભજન પૂજન કર્યા કરીએ છીએ, રાજીપો ખૂબ જ રાખજો, રક્ષા કરજો, તીરથમાંથી બધાનો કાગળ છે, સાજા છે. હે ભગવાન હવે મોટા મોટા ભકતોને પરદેશ મોકલો, બધાના જય સ્વામિનારાયણ વાંચજો કામકાજ લખજો, આપત્માં રક્ષા કરજો, રક્ષા કરો છો માગવું પડે તેમ નથી, બધા આશ્ચર્ય પામ્યા છે. ધુન્ય ભજન કરે છે. એજ. કાનજી સોજીત્રા, નવો અવતાર.

●●●

**સેવક રતિલાલ, ફુગાવાડી, પૂના** (તા.૧૭-૬-૮૦)

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ સ્વસ્થાને શ્રી જૂનાગઢ મધ્યે મહાશુભસ્થાને સ્વસ્વરૂપ બિરાજમાન સર્વાવતારી આનન્દઘન દિવ્યસ્વરૂપે વિરાજમાન ભકતવત્સલ, સર્વના અન્તર્યામી સર્વઉપાસ્ય પ્રગટ શ્રીહરિ શ્રીપતિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ આપ સર્વેને સુખી રાખો છો, ફુગાવાડીમાં દાસાનોદાસ સેવક રતિલાલ, દેવજીભગત, કુંવરજી ભગત, જયન્તીલાલ ભગત, સામજી ભગત, રામલાલ ભગત, ચંદુલાલ ભગત, પ્રવીણકુમાર ભગત, પ્રભુલાલ ભગત, હરિલાલ ભગત, ઘનશ્યામ ભગત તથા શ્રીહરિ શરણાગતિ મંડળ વગેરેના ખૂબ ખૂબ હેત ભાવભર્યા કોટાનકોટી દંડવત્ પ્રણામ સાથ જય શ્રીસ્વામિનારાયણ વાંચશો. આપની દયા કૃપાથી અમો ખૂબ ખૂબ સુખિયા સાજાનરવા છીએ, આપ પ્રગટ ભગવાન મળ્યા અને પૂરતી ઓળખાણુ થઈ તેથી બધી જાતની ઉપાધિઓ બીક મટી ગઈ છે, અને પ્રત્યક્ષ નિશ્ચય વડે ખૂબ જ આનન્દ મંગળ છે, આપનું ભજન કરીએ છીએ, કામે જાઈએ છીએ, વિદેશ જવા બધા ભકતો પ્રયત્નો કરે છે, જેમ બને તેમ વેલાસર બધાને મોકલી દેશો, કાલાઘેલા સર્વે તમારા બાળકો છીએ, બધાના ધાર્યા સંકલ્પો મનોરથો પૂર્યા છે, તેમજ તમારા સર્વે બાળકોના મનોવાંછિત પૂરા કરજો, બધા પ્રત્યક્ષ ભગવાનને આશરે છે, શ્રધ્ધાવાન છે, કુંજવૃતિ વડે તમારા બાળકોને સેવજો, પુરુષોત્તમમાસમાં આપને જમાડવા માટે ઘરે ઘરેથી હરિભકત મંડળીએ જૂનાગઢ થાળ ખર્ચા મોકલ્યા તેથી અમો રહી ન જાઈએ તે માટે પ્રગટ પ્રભુજીને ગુરૂદેવને થાળ જમાડવા જોઈએ તે માટે તા. ૯-૬-૮૦ ના યથાબળ શક્તિ પ્રમાણે અમોએ ખર્ચ માટે સેવામાં મોકલાવેલ છે.

સેવકો (૧) રતિલાલ હંસરાજ (૨) દેવજી કાનજી (૩) શામજી કાનજી (૪) જયન્તીલાલ હંસરાજ (૫) કુંવરજી મેવાભાઈ (૬) રામલાલ ટપુલાલ (૭) ચન્દુલાલ રણછોડ (૮) શામજી પમા (૯) પ્રવીણકુમાર દામજી (૧૦) પ્રભુલાલ છગનલાલ વિગેરેએ સેવા

થાળ જમાડવા તમોને રાજી કરવા મોકલાવેલ છે. તે સર્વેના થાળ ભગવાન તમો જમજો રાજી થાજો અને આશીર્વાદ આપજો. આપના દાસ શરણાગતિ મંડળ છીએ, બધાને સુખિયા રાખજો, બધા સેવકો શરણાગતિ મંડળ વતી લી. ભકતદાસ સેવક અંગભકત રતિલાલના દંડવત્ સહિત જય શ્રીસ્વામિનારાયણ વાંચજો. સેવા મળે કે તુરત જ પત્ર લખજો એજ.

●●●

**બચુભાઈ તથા રાજેશ, ઉમેશ, પરેશ, રાજકોટ** (તા.૩-૬-૮૦)

તા. ૩-૬-૮૦ સોમવાર, રાજકોટ-૨, શ્રીસ્વામિનારાયણ સત્ય છે, રાજકોટથી આપ પ્રભુજીના ભકત સેવક બચુભાઈ તથા રાજેશ, ઉમેશ, પરેશ, તથા અમારા માતા પિતા કુટુમ્બના સ્નેહભર્યા માનસહિત જયશ્રીસ્વામિનારાયણ વાંચશોજી.

પૂજય ભગવાનને અરજ નાથાભાઈનો ભાણેજ સુનીલ ૧૫ વર્ષનો છે તેને ઘૂરી ચડે છે મગજ સ્થિર નથી, રખડે છે, તેનો મગજ સ્થિર થાય તેવી કૃપા કરજો, આપ તો દયાળુ સાક્ષાત્ પરમાત્મા છો, બધું જાણો છો, તેના બાપુજી દુબઈ છે, આખો દિવસ રડયા કરે છે, સાજાનરવા થાય તેમ કરજો. કૃપાનિધિ આપ સારૂ કરી દેજો, સુનીલને કંઠીવર્તમાન અપાવવા અમો જુનાગઢ આવશું, આપ અન્તર્યામી છો, આટલી દયા કરજો ધૂળ કોટવાળા ડાયાભાઈ પૂંજાભાઈ સાપરીયાને ઘેર આપની મૂર્તિ છે, તેના દિકરાને જમાઈ કર્યા છે અને સત્સંગી પ્રગટના ભકત મળ્યા તેથી ઘણો આનન્દ થાય છે. ચમ્પાના ભાગ્ય સારા છે, આશીર્વાદ આપજો બાળબચ્ચઓ સુખી થાય, કોટિદંડવત્ વાંચશો, કૃપા દૃષ્ટિ વડે અમારું કલ્યાણ થાય તેમ નજર રાખજો, દર્શન આપજો. એજ.

●●●

**રાઠોડ જયન્તિલાલ હંસરાજ વશરામ, આબુધાબી, દુબઈ** (તા.૯-૬-૮૦)

અમારા પ્રાણપતિ પ્રત્યક્ષ સ્વયં પુરૂષોતમનારાયણ, અક્ષરધામની દિવ્યસેવામાં રાખનારા પ્રગટ ભગવાન શ્રીહરિના ચરણકમળોના આબુધાબીથી તુલસીદાસ તથા રામજી ભગત તથા શ્રીહરિશરણાગતિ મંડળના જય સ્વામિનારાયણ વાંચશો, ભગવાન શ્રીહરિ આપ ખૂબ જ નજર રાખો છો અને કાયમ વધારે નજર રાખજો, આપના આશીર્વાદો મળ્યા, વિશેષ સુખિયા થયા છીએ, પ્રગટ આપના ગુણગાન ગાઈએ છીએ, ડનલોપ ગાદલું આપ માટે લેતા આવવું છે, સેવા લખતા રહેજો.

નાનજી ભગત દેશમાં આવવાનાં છે, કુંવરજી ભગત દેશમાં તા. ૪-૬-૮૦ ના પહોંચી

ગયા છે, મુંબઈથી શ્રીહરિશરણાગતિ મંડળ આંહી આવવાની તૈયારીમાં છે, એમ જણાવે છે, વંથળીનું બાંધકામ જલ્દી થાય તેમ વહેલાસર કરી લેવા જણાવીશું. સેવા માટે બધા આજ્ઞા પ્રમાણે હાજરોહાજર છે, ભગવાન શ્રીહરિ આપની ઈચ્છા તે અમારૂં પ્રારબ્ધ અને આપ પોતેજ અમારૂં દોયલું નાણું ધન છો, રાજી રહેજો. આપ રાખજો તેમ રાજી રહેશું. ભૂલચૂક માફ કરજો દર્શન દેવા પધારજો, એજ.

●●●

**મહેન્દ્રકુમાર તથા કૃષ્ણકુમાર અને હરિશકુમાર, જામનગર** (તા.૧૨-૬-૮૦)

પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને અમારા ઘણા સ્નેહથી દંડવત્પ્રણામ છે, જામનગરથી મહેન્દ્રકુમાર તથા કૃષ્ણકુમાર અને હરિશકુમારના સર્વ કુટુમ્બના જાજા કરીને જય સ્વામિનારાયણ વાંચજો, આપશ્રી અમારા તરફથી થાળ જમજો જમાડજો આશીર્વાદ દેજો, પ્રેમલક્ષણા ભક્તિ ગોપગોપીઓ જેવી સાધ્ય ભક્તિ દેજો, તમારા ભકતોના અખંડ સમાગમ દેજો, કુસંગતથી રક્ષા કરજો, કુટુમ્બમાં સંપ અને ભક્તિ તથા મોક્ષ આપતા રહેજો, મનકર્મ વચને ભકતનો દ્રોહ ન થાય તેવુ આપજો, સદા દિવ્ય ભાવે રહેવાય એવી કૃપા કરજો, તમારો દૃઢ આશરો અમોને મળેલ છે, ભગત આવે ત્યારે દર્શન વધારે આપજો, અમને પોતાના જાણી રક્ષા કરજો નિભાવજો, અમારી નાની મોટી ટહેલચાકરી સ્વીકારજો, આ દેહે દિવ્ય ભાવ કરાવીને તેવા ધામમાં સેવામાં રાખજો, આલોકમાં તુચ્છ પદાર્થમાંથી વૈરાગ્ય ઉપજાવજો, ભગવાનમાં અસાધારણ પ્રીતિવડે સુખ આનન્દ મળે તેવા ભકત બનાવજો, ભગવાન તમારી અખંડ મૂર્તિ સેવાય તેવી શક્તિ ભક્તિ આપજો, આ બધું માગીએ છીએ, સકામ સેવકોના મનોરથ પૂરજો, કુટુમ્બ મહેન્દ્રકુમારના આત્મનિવેદન સાથે જય સ્વામિનારાયણ વાંચશો.

●●●

**શાન્તિલાલ અરજણ ગોહેલ, કોલ્હાપુર** (તા.૧૭-૬-૭૮)

કોલ્હાપુરથી શાન્તિલાલ અરજણ ગોહેલના અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ સ્વામી પરમકૃપાળુ ઈષ્ટદેવ મહાપ્રભુજી પ્રગટ ભગવાન શ્રીહરિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પ્રતિ અમારા સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચવા, આપ અન્તર્યામી પ્રભુ છો, આપ બધુ જાણો છો, આપની માળા ભક્તિ પૂજા કરીએ છીએ, સદા બળ રહે એવી શક્તિ આપજો, સુખી રહીએ, ભાઈઓ બધાએ ખાણ રાખેલ છે તેમાં અમો ત્રણે ભાઈઓ કમાયે છીએ અને તમારી સેવા કરીએ એવી દયા કરજો રાજી રહેજો દર્શન

આપજો. કર્તા હર્તા તમે છો અમારા સર્વ કુટુંબની નજર રાખજો. પ્રજા ભણે તેવી દયા કરજો રક્ષા કરજો ભક્તિ કરાવજો ધ્યાનમાં દેખજો હાજર રહેજો. તમે આત્માના આધાર છો તમારા ધામમાં લઈ જજો તમારા ચરણોમાં રાખજો. તમારા ભકત એવા અમારી સંભાળ રાખજો, આશીર્વાદ પત્ર વડે સંભાળ્ય લેજો બસ એજ. શાંતિલાલ ના જય સ્વામીનારાયણ વાંચજો.

●●●

**હસમુખલાલ મૂળજીભાઈ મનાણી, જામવંથલી** (તા.૨૮-૬-૮૦)

હસમુખલાલ મૂળજીભાઈ તથા છગનલાલ, મનસુખ, દેવસી, નારણ, તુલસી, માતા-પિતા ગુરૂબાંધવોના જયશ્રીસ્વામિનારાયણ. વરસાદ આપને પ્રતાપે સારા છે, વાવણી થઈ ગઈ છે, આપનું ભજન કરીએ છીએ દર્શન થાય છે, ફુલવાડીમાં સત્સંગ કીર્તન ભજન નિયમ ઉત્સવ થાય છે. પ્રગટ શ્રીહરિ આપ મૂર્તિમાં દેખાવ છો, પી.ટી.સી. માં ઉતમ માકર્સ ફસ્ટસ કલાસમાં છું, આપ ભગવાન જીવનપ્રાણ અન્તર્યામી પ્રભુ નોકરી મળવા કૃપા કરજો, આશીર્વાદ વરસાવજો, આપના આશીર્વાદો ખૂબ જ બધાને સફળ નીવડે છે, સવળું પડે છે, આપ પ્રભુ સાક્ષાત્ ભગવાન છો, દયાસાગર પ્રત્યક્ષ બધું જાણો છો રાજીપો રાખજો. મકાન કરીને વેચાણુ ઘણો લાભ ૧૪ નો રહયો છે, છગનભાઈ પાસપોર્ટ લઈને દુબઈ જવા મુમ્બઈ ગએલ છે, તેનું ધ્યાન રાખજો. પ્રસાદી ગુલાબ પાંખડીઓ મોકલજો. હસમુખ કુટુમ્બીના જય શ્રીસ્વામિનારાયણ.

●●●

**વસન્તલાલ, મસ્કત, દુબઈ** (તા.૮-૭-૮૦)

સ્વસ્થાન નગર જુનાગઢ મધ્યે પ્રત્યક્ષ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ માનવ સ્વરૂપ ધારણ કરીને નયનગોચર વિચરતા વ્હાલામાં વ્હાલા પ્રાણપતિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય મહારાજનાં ચરણોમાં સેવક વસન્તલાલના સદંડવત્ જયશ્રીકૃષ્ણનારાયણ વાંચશો, ભગવાનને માલમ અરજ કે શાન્તિલાલ કેશવજી ભકતે ભગવાનના સારા ફોટા લીધા અને મોકલાવ્યા છે, મસ્તકમાં મુકુટ, કાનમાં કુંડળ ફુલડા, હારતોરા હૃદયમાં, મસ્તકમાં અને હાથમાં ગજરા પોચીબંધ તથા ભુજ બંધ ધારણ તથા હથેળીમાં કેરી ધારેલ છે, આ ફોટાના દર્શન કરીને સાક્ષાત્ શાસ્ત્રીજીમહારાજ દિવ્ય પ્રગટ દેખાયા એવા દર્શન કર્યા છે, પ્રહલાદની માફક તમારી શરણાગતિમાં રક્ષા કરજો.

●●●

**સુખદેવ, રાજકોટ** (તા.૩૦-૭-૮૦)

શ્રીમાન અનાદિપ્રભુ બ્રહ્માણ્ડનાથ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પ્રગટ ભગવાનને કેનેડા બેન્કના મેનેજર મેં આપનું દર્શન સામર્થ્ય ગુરૂમંત્ર કંઠી નિયમ લીધા છે. સત્સંગી થયો છું, હું સુખદેવ નામક આપના શિષ્ય આપની મુર્તિના દર્શન પુજન કરૂ છું. મારૂં કુટુંબ સમસ્ત આપનું ભકત થયેલ છે. ટુંક સમયમાં આપના દર્શન માટે આવીશું. હું ધર્મમાં માનતો ન હતો પણ આપના આકર્ષણે મને આસ્તિકપણું આવેલ છે, કંઠી બાંધી છે, દેવાશ્રયનો ભાવ પૂર્ણ કરવા વિનંતી છે. આપને શરણે મુક્તિ મળશે જ.

વલ્લભભાઈ જીવરાજ ખુબજ ભક્તિ કરે છે. જન્માંતરે કલ્યાણ થવાનું તે આ જન્મે થઈ ગયું છે. આપની મૂર્તિના દર્શન વડે હું આપની રૂબરૂ આવી જૂં છું મારૂ નામ સુખદેવ શુકદેવ છે, ગુણ તો આપ વડે મેળવીશ, સરવે શાન્તિ અનુભવીશ. પત્ર દ્વારા આશીર્વાદ આપી વધારે પાવન કરશો એજ.

●●●

**હરજીભાઈ મનજીભાઈ સાંગાણી, નાના ગોખરવાળા** (તા.૮-૮-૮૦)

સ્વસ્થાન શ્રીઅક્ષરધામ જૂનાગઢ અનંત કોટિ બ્રહ્માંડોના અધિપતિ પુરૂષોતમ નારાયણ ભકતવત્સલ દીનબંધુ દયાના સાગર કરૂણાનિધિ ભકતોને ધામ લઈ જનારા પોતાની મૂર્તિનું સુખ આપનારા સદ્‌ગુરૂજી શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તથા સન્ત મંડળને અમારા જાજા કરીને દંડવત પ્રણામ સાથ જય શ્રીસ્વામિનારાયણ વાંચજો, નાના ગોખરવાળાથી લી. આપનો સેવક હરજીભાઈના જાજા કરીને દંડવતપ્રણામ સાથે જય શ્રી સ્વામિનારાયણ સ્વીકારજો. લખવાનું જે મારા પિતાશ્રી અમારા પરમપૂજય મનજી આતાને સંવત ૨૦૩૬ અષાઢવદી ૯ નોમને સોમવારે બપોર પછી બેને પાત્રીશ મીનીટે તમોએ બહુ ઉતાવળથી તેડી જઈને તમારા અક્ષરધામમાં તમારી મૂર્તિનું સુખ આપ્યુ છે, આવી તમોએ ધાર્યા બારી વાત દયા કરીને પરચો આપ્યો છે, તમોએ બહુજ સુખીઆ કર્યા છે.

મેં તમોને પ્રાર્થનાની ટપાલ શનિવારે લખેલી તે સોમવારે તમોને બપોરે મળતાંજ તુરત ઢીલ વિના ઉતાવળા થઈને અતિતીવ્ર વેગે પ્રાર્થના સાંભળી જલ્દી તમો પધારી ધામમાં લઈ ગયા. તમો અતિ દયાળુ કૃપાળુ છો, ભકતવત્સલ છો ભકતોને સુખ આપનારા ભકતોના અવગુણ નહિ જોનારા દયાળુ ભગવાન છો, અમારા આતાને જલ્દી બોલતા બેઠા બેઠા દેહ તજાવી અક્ષરધામમાં તમો મૂર્તિના સુખમા લઈ ગયા. બાપા જય સ્વામિનારાયણ કહીને

તુરતજ નીકળી ગયા. અમારા સર્વેના ધન્ય ભાગ્ય છે, એવી તમોએ દયા કરી છે, ઉતર ક્રિયા બારમું ૨૦૩૬ ના શ્રાવણ શુદ બીજી ચોથને શુક્રવારે ૧૫-૮-૮૦ રોજ રાખેલ છે, તમારા આશીર્વાદ લખજો. આપના સેવકો કાનજીભાઈ હરજીભાઈ શંભુભાઈ હરદાસભાઈ વિગેરેના જય સ્વામિનારાયણ વાંચશો.

●●●

**પટેલ હસમુખરાય ગોકળદાસ, સુરત** (તા.૧૩-૮-૮૦)

પટેલ હસમુખરાય ગોકળદાસના દંડવત વાંચજો. ભગવાન આપે કંઠી પહેરાવી તે દિવસથી હું ઘણો ઘણો સુખી થયો છું, આવક ખૂબ છે, મગજમાં શાન્તિ વર્તે છે, ભજન કરૂ છું, આપની પૂજા કરૂ છું, વધારે તમારી પાસેથી માંગુ છું, અમારી વાણી તમારા ગુણાનુસાર ગાવામાં મસ્ત રહો, અમારા કાન તમારી કથા સાંભળવામાં મસ્ત રહો, અમારા હાથ તમારી સેવા ચાકરીમાં મગ્ન રહો, અમારૂ મન તમારા ચરણકમળના ધ્યાનમાં દિવ્યમૂર્તિમાં ડૂબેલુ રહો, અમારૂં મસ્તક તમારા નિવાસરૂપ મૂર્તિ સ્વરૂપોને નમતુ રહો, અમારી દ્રષ્ટિ તમારા સ્વરૂપમાં સ્થિર રહો, આપ સદ્‌ગુરૂ શ્રીમન્નનારાયણની મૂર્તિ સદા સેવાય એવો આશીર્વાદ માગું છું, એજ કરશનદાસ ગોકળદાસ ઉનડકટના ભાઈ હસમુખરાયના દંડવત જય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહાપ્રભુજી વાંચજો.

●●●

**મોહનભાઈ, ટાન્ઝાનિયા આફ્રિકા** (તા.૧૫-૮-૮૦)

પ્રગટ ભગવાન સ્વરૂપ પરમતીર્થ સ્વરૂપ સદા સ્મરણીય પરમ ભાગવત ભગવાન સન્ત સદ્‌ગુરૂવર્ય શાસ્ત્રીજી મહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સર્વેની પવિત્ર સેવામાં ટાન્ઝાનિયા પ્રમુખ, મંત્રી, સેક્રેટરી, ઉપ પ્રમુખ મોહનભાઈ વિગેરે સત્સંગિ મંડળના સ્નેહ સાથ જય સ્વામિનારાયણ વાંચશો, દ્વિશતાબ્દિના ઉત્સવમાં કે સત્સંગના ઉત્કર્ષમાં શ્રીહરિના સ્વામિનારાયણ નામ ઉપદેશમાં આપને ઠીક લાગે જયાં યોગ્ય લાગે ત્યાં અમારી સેવા વાપરશો રાજી રહેજો, કામકાજ લખજો, આપે આખી પૃથ્વીમાં ગ્રન્થો દ્વારા સ્વામિનારાયણ ભગવાનનું નામ મોકલ્યુ છે, તેવો કોઈ બીજો વિદ્વાન કરી શકશે નહી. આખા જગતના શિરનામા યુનિવર્સિટીઓ શિક્ષણ સંસ્થાઓ ત્યાના પ્રખ્યાત વિદ્વાનો ગુરૂકુલો વિદ્યાલયો સંસ્કૃત અંગ્રેજી હિન્દીના ઉપદેશ પુસ્તકો તત્વજ્ઞાન પદાર્થ વીભાગ ઉંડા તર્કિત વિચારો સિદ્ધાન્તો બીજો કોઈ ફેલાવી શકેલ નથી.

આપના ગ્રંથો જયાં ત્યાં સરસ્વતિ લાઈબ્રેરીઓમાં ચળકે છે, લોકો વાંચે છે, અને સ્વામિનારાયણ સમ્પ્રદાય ગાજે છે, આપના સંસ્કૃત ગ્રંથો ઈન્ડલેન્ડ અમેરિકા જર્મન આફ્રિકા ચીન ભારત ઓસ્ટ્રેલીયા રશિયા વિગેરેમાં પહોચ્યા છે, ત્યાંના વિદ્વાનો તેમાંથી સાર લ્યે છે. ભગવાનને સંભારે છે, હાલમાં સત્સંગ સૂર્યરૂપી આપ ઉદય પામ્યા છો, અમો શ્રીહરિલીલામૃતનું પારાયણ દારેસલામમાં જાહેરમાં શ્રાવણમાં ત્રણ દિવસ રાખેલ છે પબ્લીક ઘણી લાભ લે છે, દારેસલામ ખાતે લક્ષ્મીનારાયણનું પબ્લીક મન્દિર છે, તેમા રાખેલ છે, આશીર્વાદ આપજો સત્સંગ વધે તેમ આશિર્વાદ આપજો. દ્વિશતાબ્દિ સફળતા મળે તેમ પત્ર દર્શન પાઠવજો એજ. લી. સેવક મંડળ વતી મોહનભાઈ વાઢેર.

●●●

**જીવન ધનજી ગોહીલ, બગદાદ, દુબઈ** (તા.૨૦-૮-૮૦)

બગદાદથી લી. સેવક જીવન ધનજી ગોહીલના ભગવાન શ્રીકૃષ્ણ વલ્લભાચાર્યજીના ચરણકમળ પુજારીના જય સ્વામિનારાયણ વાંચજો, અમો આંહી કામે જઈએ છીએ, વિશેષ સમય લઈને કથા વાર્તા કરીએ છીએ, એક સુતાર ભકત અમદાવાદના છે તે પ્રત્યક્ષ સન્તમાં ભગવાન બિરાજે એવી બળની વાતો કર્યા કરે છે, આજે સુતા જાગતા સવારે તમારા દિવ્ય મુકુટ પહેરેલા દિવ્ય જામા પહેરેલા સોના રૂપા આભુષણ પહેરેલા ફુલમાળાઓ ભુજબંધ છડી મોજડી સોનેરી પહેરેલી અને સાથે પાર્ષદો સંતો મુકતો ઘણા હતા એવા દર્શન થયા, જાગીને તુરત જ આ પત્ર આનન્દ ભર્યો લખેલ છે. મારા મોટા ભાગ્ય કે જે આપ પ્રગટ પ્રભુજીના શ્રીહરિના દર્શન થયા કૃપા ઘણી છે. દયાળુ દયા રાખજો મારી સંભાળ લેતા રહેજો પરદેશ છે પણ તમો ભેગા છો, માટે બધો ભય મટી ગયો છે હવે તે દર્શનમાં દેખાવ છો મૂર્તિમાં દેખાવ છો કામે કાજે રસ્તે બધે દેખાયા કરો મને બહુજ મોટો લાભ થયો છે. ભુલ માફ કરજો જીવન નજીવા જીવનના અપરાધ ગણશો નહી. દંડવત સહીત જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.

●●●

**શાંતિલાલ વાઢેર, દુબઈ** (તા.૧૫-૯-૮૦)

અનાદિશ્રીકૃષ્ણનારાયણ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી પ્રગટ પ્રત્યક્ષ પ્રભુજીને નમો નમઃ અમારા ઈષ્ટ પરમેશ્વર શ્રીકૃષ્ણનારાયણના ચરણોમાં કોટિ કોટિ દંડવત હો.

મહારાજ આપના લખેલા આશીર્વાદો મળ્યા. આત્માને ખૂબ ખૂબ શાંતિ થઈ છે હે પ્રભુજી તમોએ અમારી ઘણી રક્ષા કરી છે નકર હું બચત નહિં તા. ૧૩-૯-૮૦ ના રોજ

૧-૪૦ મિનિટે સીડી ઉપરથી ૧૫ ફુટ નીચે પડયો તેની નીચે માલનો ગેબ હતો પણ વચ્ચે રહી ગયો તમોએ જીલી લીધો જેથી બચ્યો. લાગેલ તો હાથ પગમા દાઢીમાં ઘસારો થયો તે ૬ ટાંકા લીધેલ છે. આરામ કરૂ છું તમોએ મારી રક્ષા કરી લીધી છે. મારા આત્માના ધણી ભગવાન પ્રભુજી હું બચુ તેમ ન હતો. હે મહારાજ તમોએ નવી જીંદગી આપી છે. તમારી મરજી હોય તો દેશમા આવુ. સદા નજર રાખજો. સેવામાં રાખજો, સંસારમાં દુઃખ જ દેખાય છે કાંઈ સારૂ લાગતુ નથી. હે અન્તરયામી સંસારથી પણ બચાવજો નજર રાખજો સાજાનરવા રાખજો એજ પ્રાર્થના છે. દર્શન દેતા રહેજો ભકત દાસના દાસ શાંતિલાલ વાઢેરના જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.

●●●

**દેવાણી પુરૂષોતમલાલભાઈ, મોટી ફુંકાવાવ** (તા.૨૪-૯-૮૦)

ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તમારા ચરણકમળોમાં દેવાણી પુરૂષોતમલાલભાઈના બાલબચ્ચાઓ કુટુમ્બના દંડવત પ્રણામ સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચજો, મહારાજ ! અમોએ સાંજે ભાત-દાળ કરીને વાળુ કર્યુ, મારી દીકરીની વાટકીમાં દાળમાં વીંછી દેખાણો બધાએ દાળ-ભાત ખાધા હતા, બીક તો બહુ જ લાગી, ઝેર ચઢશે તો પ્રાણ જાશે, પણ તમારી માનતા કરી અને છબી – મૂર્તિ પાસે ઘી દીવો કરીને હાથ જોડીને રક્ષા કરવાની પ્રાર્થના કરી તેથી તરત તમો દિવ્ય મૂર્તિ દેખાણા, તમોએ બધા અમારા ઉપર હાથ મેલીને આશિષ દીધા કે ઝેર નહિ ચઢે, કાંઈ નહિ થાય, તમો આરામ લો પછી અમોને ઉંઘ આવી સવારે સાજા-નરવા જાગ્યા, માથું ન ચઢયું તેમ ઉલટી કે ઝાડા કે ગભરામણ કે ગરમી કાંઈ ન થયું તે તમારી માનતા કરી તે દર્શન કરવા રૂબરૂ આજે આવ્યા છીએ, અમારી નજર રાખજો, વ્હાલા પ્રભુજી જગતારણ પરમેશ્વર છો, સુખી રાખજો, બધાના વતી દંડવત સ્વીકારજો, માનતા સ્વીકારજો (તા. ૨૪-૯-૮૦) આજે રોકાશું કાલે પાછા તીર્થમાં ગામ જાશું, એજ.

●●●

**જયન્તિલાલ રાઘવજી પોરીયા, દુબઈ** (તા.૩૦-૧૦-૮૦)

**નૂતન વર્ષાભિનંદન, જન્માષ્ટમી.**

સ્વસ્થાન ગામ જૂનાગઢ મધ્યે પ્રગટ ભગવાનની જય જય હો, જન્મ જયન્તીએ શ્રીહરિના જય જયકાર નાદો ગુંજવી ઉઠયા, પ્રગટ ભગવાનના દર્શન માટે સન્તોના મંડળો

શ્રીહરિ જયન્તિ ઉજવવા માટે શ્રીહરિના દર્શનાર્થે શ્રીહરિને લાડ લડાવવા માટે પ્રગટ શ્રીહરિના આશીર્વાદ પત્રો દ્વારા ભકતોને કરેલ ભલામણનું અનુમોદન કરવા માટે શ્રીહરિશરણાગતિ મંડળના સભ્યો...

આરબ દેશ- એલાન, આબુધાબી, અજમાન, અવીરસાઈડ, અમૃતકુંજ, સારજાહ, દુબઈ તથા ડેસ આસપાસમાં વસતા શ્રીહરિશરણાગતિ મંડળ, નાના મોટા હરિભકતો, સેવક જયન્તીલાલ રાઘવજી પોરીયા તથા ભગવાનજી ટપુભાઈ પોરીયાના નિવાસ ભવને શ્રીહરિની જન્મજયન્તિ ઉજવવા માટે ભકતો ઉમટી પડયા હતા.

ભકતોના મંડળો એક પછી એક આવવા લાગ્યા, ભકતો બાથમા ભેટીને મળ્યા, આંખમાં હર્ષના આસુડા વહયા, ઘણા દીર્ઘ ટાઈમથી ન મળેલા ભકતે એક બીજા ભકતોને જોઈએ હર્ષોથી ભેટી પડયા, સાતમની રાતે ભકતોની સભા ભરાઈને બેઠી, હાજરીમાં ભકતોના નામો સેવા લીસ્ટ પ્રમાણે હતા તથા બીજાઓ પણ ઘણાં ભકતો હતા, પ્રભુજીના આશીર્વાદો, પત્રો વાંચી સંભળાવ્યા, બહેરીન, વંથલી, કાંદીવલીથી આવેલા પત્રો ભકતોના હર્ષ ભરેલા વાંચ્યા, પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની જય જયના નાદો ગગનમાં ગુંજવા લાગ્યા, સવારે શ્રીહરિની જયન્તિ તનતોડ તૈયારી થઈ રહી હતી, ભકતો બધા સોંપેલા જુદા જુદા કાર્યોમાં અનુકુળતા પ્રમાણે વહેચાઈ કામે લાગી ગયા હતા, રસોઈની તૈયારીમા અમુક ટુકડી ગોઠવાઈ ગઈ હતી, અમુક ટુકડી ભગવાન અને ભકતોને યાદ કરતા વૃન્દો શ્રીહરિના ચરિત્રોમાં ગુમ થઈ ગયા હતા અને શ્રીહરિએ ભલામણ કરેલ તીર્થમાં પડખાંની જમીન-મકાન લેવાનું સૂચનપત્ર પણ રાત્રે મંડળો વચ્ચે મુકવામાં આવ્યુ. સેવાના શબ્દો સાંભળતા જ ભકતો હર્ષઘેલા બની ગયા અને કથા વાર્તા કરી થાકયા પાકયા અને સવારે વહેલા ઉઠવાની તૈયારીમાં સુઈ ગયા. અને અમુક ભકતો રાતોરાત જાગતા રહ્યા, અને શ્રીહરિ જન્મ જયન્તિની તૈયારી કાર્યોમાં ગોઠવાઈ ગયા.

નિયમ પ્રમાણે સવારે ભકતો ઉઠયા, નાહી, ધોઈને પૂજા પાઠ કરીને તૈયાર થયા, નવા વર્ષના હાર્દિક આશીર્વાદો પરસ્પર આપ્યા અને ભેટયા, પ્રભાતિયા, શ્લોકો કીર્તનોના જય જયકારો મહાગર્જના નાદો થવા લાગ્યા, સવારે છ વાગ્યે સૂર્ય-કિરણો નીકળવાની સાથે શ્રીહરિ પ્રાદુર્ભાવની આરતી જય સદ્‌ગુરૂ સ્વામીથી શરૂ થઈ, આરતીમાં ચઢાવો રાખેલ ન હતો, સર્વાનુમતે જયન્તીલાલ અને ભગવાનજી પોરીયા બન્નેએ મળી સમુહ મિષ્ઠાન-ભોજનનો ખર્ચો ઉપાડેલ હતો, બન્નેએ સરખે ભાગે ખર્ચ નકકી કરેલ હતો, તેમને આરતીનો લાભ આપવામાં આવ્યો હતો.

આરતી પૂરી થઈ, રામ-કૃષ્ણ ધુન, કીર્તન, શ્લોક-સ્તુતી બોલીને ગગનમાં પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની જય જય જયના નાદો બ્રહ્માંડોમાં ગુંજી ઉઠયા, આકાશમાં બીજા ધામોના શ્રીહરિના દર્શન કરવા માટે ભકતો ઉમટી પડયા હતા, આસપાસની વસતિએ ખૂબ દર્શન કર્યા હતા, ગાંધર્વો વાજીંત્ર વગાડીને ગાતા હતા, અપ્સરાઓ અત્તર, અબીલ, ગુલાબ અગરબતી, ગુલાબજળ, ચંપો મોગરો, તરેહ તરેહના પુષ્પોના ગુચ્છો લાવેલ ભગવાનને ચઢાવતી હતી, તે ભકતમંડળ શ્રીહરિને વધાવવા માટે ઉમટી પડી હતી.

આરતી ભજન-કીર્તન પૂરા થયા, વચનામૃતનું પાન કરીને સેવા માટેની આજ્ઞા પ્રસ્તુત કરી, પાંચ-પાંચથી શરૂઆત એક ઉપર અરધા, સવા લખાયા, ભકતો ભગવાન માટે સર્વસ્વ ફનામકા કરી નાખવા ભગવાનના શબ્દોને વધાવી લેવા માંડયા, દુબઈ, આબુધાબી, એલાન વિગેરેના ભકતોની સેવા પુરી નિર્ધારિલ હતી તેથી વિશેષ સેવા થઈ, હજુ વધારે થશે, બહેરનવાળાએ પણ રંગ રાખ્યો છે. સગવડતાએ ભરાઈ જશે સેવામાં અંત સુધી આપનું ભજન ચાલુ હતુ, ખૂબ જ દીલ ઠરે તેવી આપની સેવા થઈ છે. રાજી હોજો.

નવા વર્ષના શ્રીહરિ શરણાગતિ મંડળ દુબઈ, આબુધાબી, એલાન વિગેરેના ભકતોના ઘણા ઘણા સ્નેહ ભાવભિના હાર્દિક જય શ્રીસ્વામિનારાયણ સાથે કોટાનકોટી દંડવત પ્રણામ વાંચજો, ફુલવાડીના સમાચાર લખજો.

રતિલાલ ગંગદાસ ચાવડાવાળા તથા રતિલાલ ઓધવજી પોરિયાને પુત્ર પ્રાપ્તિના આશીર્વાદો ભકતોએ આપ્યા છે. ભગવાન બધાના મનોરથો પુરા કરો સારાવાના થાઓ, પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની જય શ્રીશ્વેતાયન વ્યાસ ભગવાનની જય, અનાદિશ્રીકૃષ્ણનારાયણની જય, રાજી રાજી રાજી રહેજો, અહીંના દેશ-પરદેશના સેવકોના નવા વર્ષના જય સ્વામિનારાયણ અભિનંદન સ્વીકારશોજી.

●●●

**અમરશી તથા પરષોત્તમભાઈ, રિયાધ, દુબઈ** (તા.૧૪-૧૧-૮૦)

શ્રી જૂનાગઢ મધ્યે પ્રગટ ભગવાન સર્વ અવતારોના અવતારી શાસ્ત્રોમાં વર્ણવેલા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પ્રગટ ભગવાન પ્રતિ રિયાધથી અમરશી તથા પરશોતમભાઈ તથા શાન્તિલાલભાઈ તથા ધીરજલાલભાઈ તથા જીવણ ભગત એ સર્વે શ્રીહરિશરણાગતિ મંડળના ભકતોના દંડવત સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.

તમારી પ્રસાદી ગુલાબ-પાંખડી ખાધી છે, ઘણો આનન્દ થયો છે, ગઈ કાલે તા.

૧૨-૧૧-૮૦ ના બપોરે સાડા અગિયાર વાગ્યે પ્રાંત ઉપરથી ત્રીજે માળેથી પડી ગયો પણ નીચલી પ્રાંતમાં મને તમોએ ઝીલી રાખ્યો નીચે ન પડયો મારી કોણી ઉપર આધાર રાખીને તમારી દયાથી બચી ગયો છું તમારા દર્શન થયા છે, લાગ્યુ નથી, રક્ષા કરી છે, પરદેશમાં રક્ષા કરતા રહેજો, પ્રાંત ઉપરથી બીજા પ્રાંત ઉપર રોકી દીધો, સાવ નીચે ન જવા દીધો તો ભગવાને ભકતની રક્ષા કરી છે, તમારી દયાથી બે દિવસ ઘરે રહીને કામે જઈશે રક્ષા કરતા રહેજો, તમોને ભજુ છુ, સેવક ઉપર દયા કરી તેમ કરતા રહેજો, રીટર્ન ટીકીટ લઈને ચારેક મહિના પછી દેશમાં તમારા દર્શન કરવા આવીશ, પગાર સારો વધ્યો છે, સેવકને ફરીથી દર્શન દેજો, અમરશી તથા પરશોતમભાઈ અમરશી ગોપાલ મકવાણાના રીયાધથી જય સ્વામિનારાયણ વાંચજો.

●●●

**અમરશી, ટપુલાલ, રતિલાલ, બહેરીન, દુબઈ** (તા.૧૫-૧૧-૮૦)

વિદ્યામૂર્તિ ભગવાન વ્યાસજી શ્વેતાયન ઋષિ ભગવાનને નમો નમઃ પરસ્વરૂપે વિરાજમાન પ્રાણપતિ કૃપાળુ ભકત વત્સલ ભગવાન પ્રગટ શ્રીહરિ શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ચરણોમાં બહેરીનથી અમરશી, ટપુલાલ, રતિલાલ, હરિલાલ, છગનલાલ, વેલજી , શાન્તિલાલ, ચન્દ્રકાન્ત, આદિ શ્રીહરિશરણાગતિ મંડળના કોટિ દંડવત્ સાથે જય સ્વામિનારાયણ સ્વીકારશો, અમોએ હરિલાલ વેલજીને ભવન જન્મજયન્તી ઘણા ધામધૂમે ઉજવી છે. સમૂહ ભોજન મહાઉત્સવ, ધુન્ય, ભજન, પૂજન, કથા વાર્તા કર્યા છે. દુબઈમાં પણ ખુબ જ ઉજવેલ છે એમ વિગતવાર પત્ર આવ્યો છે, મોટા મોટા ભકતોનો યોગ થયો છે, કથા વાર્તાનું બહું જ સુખ આવે છે. આપની મીઠી દૃષ્ટિ વડે અમારા જીવન સફળ છે, તમારામાં હેત વધ્યા જ કરે એ પ્રાર્થના, હે મહાપ્રભુજી દોષ ટળે, ભક્તિ વધે નિર્વિકલ્પ નિશ્રય સદા ચઢતા રંગમાં રહે એ માગીએ છીએ.

રતિલાલની પ્રાર્થના છે બન્ને સ્થળોમાં નજર રાખજો, બધા ભક્તિમાં ગરકાવ રહે તેવા આશિષ પત્ર પાઠવજો, દેહે સાજા-નરવા રહે રક્ષા કરજો, પ્રગટ મળેલાના મળેલાનો સત્સંગ વધતો જાય છે, આપના વચનામૃત-વાણી વાંચીને સમઝણ વધતી જાય છે, વધારે દયા કરજો, પ્રાણપતિ પોતાના જાણી સંભાળ રાખજો, વ્હાલા પ્રભુ ચરણ-સેવા આપજો, તમારા કાલા-ઘેલા બાળકો છીએ, પૃથ્વી સ્પર્શ દંડવત્ સ્વીકારજો, દર્શન આપજો એજ.

●●●

**પ્રાગજી ડાયાભાઈ, કાંદીવલી, મુંબઈ** (તા.૨૪-૧૧-૮૦)

સ્વસ્થાન તીર્થ જૂનાગઢ મધ્યે બિરાજમાન પ્રગટ પુરૂષોતમ પરબ્રહ્મ પરમાત્મા સર્વના કર્તા-હર્તા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ચરણોમાં સેવક કાંદીવલીથી લી. પ્રાગજી ડાયાભાઈ તથા સર્વે શ્રીહરિશરણાગતિ મંડળના ઘણા દંડવત પ્રણામ સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો, ભગવાનને અરજી જે અમારા મોટા ભાઈ નાથાલાલ (નથુ) ભાઈ તા. ૨૨-૧૧-૮૦ ના સવારે સાડા આઠ વાગ્યે અક્ષરધામ નિવાસી થયા છે. અનાદિશ્રીકૃષ્ણનારાયણની મરજી હતી તેમ થયું. અમારા નાથાલાલભાઈના ઘરની પાછળના રૂમમાં હરીલાલ મનજી રાઠોડ રહે છે, તેના પુત્ર મહેન્દ્ર તથા ધર્મપત્ની એ સવારે સાડા પાંચ વાગ્યે આપ શ્રીકૃષ્ણનારાયણ પધાર્યા એવા દર્શન થયા હતા, એમ કહે છે જે શાસ્ત્રીજી મહારાજ નાથાભાઈને તેડવા આવ્યા હતા, અને આખી ચાલીમાં આટા મારતા હતા અને આખી ચાલીમાં અલૌકિક સુગન્ધ ફેલાઈ ગઈ અને નાથાભાઈને શાસ્ત્રીજી મહારાજે ચાલીમાં એક આટો લગાવીને કહયુ ઘડી-બેઘડી પછી લઈ જશુ એમ કહીને અદૃશ્ય થઈ ગયા, એવો પરચો મળેલ છે, માટે દયા છે. તેમ રાખજો, ભાઈને તમારા ધામમાં રાખજો, દયા સિન્ધુ ભગવાન છો, પત્ર આશીર્વાદ લખજો, નારણને સારુ છે, ભજન કીર્તન કર્યા કરે છે કામે જાતો નથી, કહે છે કે અન્તર્યામી ભગવાન માળા ફેરવવાનું કામ કરો એમ કહે છે, હે પ્રભુ અમો કોસ્ટન કમ્પનીમાં ઈન્ટરવ્યુમાં બધા શ્રીહરિશરણાગતિ મંડળના ભકતો પાસ થયા છીએ, સોમવારે ડોકટરી છે, અમારે જાવાનુ થાય તો કેમ કરીએ દર્શન વખત રહેશે તો આવીશું, કુંજની પેઠે સેવજો, નજર રાખજો, કારજ પતિ ગયા પછી થાય તેમ પ્રાર્થના સ્વીકારજો, એજ, આપનો ભકત પ્રાગજીના જય સ્વામિનારાયણ વાંચશો, પરચો મળવાથી બધા રાજી થયા છે, એજ.

●●●

**મહેન્દ્રકુમાર તથા હરીશ કૃષ્ણકુમાર, ફુગાવાડી, પૂના.** (તા.૨૧-૧૧-૮૧)

સેવક મહેન્દ્રકુમાર તથા હરીશ કૃષ્ણકુમારના આપ ભગવાન અમારા પ્રગટ પ્રભુજી સર્વેના રક્ષક અનાદિશ્રીકૃષ્ણનારાયણ સર્વ અવતારી ભગવાનને નમો નમઃ અમારા કોટી દંડવત્ વાંચજો, ગરીબ ઉપર આશીર્વાદ લખજો, પરદેશથી બાપુજી વીજા લઈને બે મહીને આવવાનું લખે છે, તમારી દયાથી તબીયત સારી છે, અમારા માતાપિતા સાચા સગા આપ ભગવાન છો, આપને સુખે સુખીયા છીએ, તમારી ભક્તિ ઉપાસના આપજો, કુસંગથી રક્ષા

કરજો, નવધા ભક્તિ દેજો, બ્રહ્મરૂપ સ્થિતિ આપજો, તમારા ધામમાં બ્રહ્મસુખ આપજો, ભક્તિરસ પાજો, સેવા આપજો, ભગવાન મળ્યા છો, કલ્યાણમાં વિઘન થાય નહિ, અમારા પુણ્યનો પાર ન કહેવાય, અખંડ તમારી સ્મૃતિ રહે તેમ રાખજો, તમારા સ્વરૂપનું જ્ઞાન કાયમ રહે તેવુ કરજો, બ્રહ્માંડ બધુ ફરે પણ તમારી ઉપાસના ભક્તિ ન ફરે એવુ આપજો, દઢ વિશ્વાસ આપજો, વીજા લઈને આવશે ત્યારે બાપુજી સાથે દર્શને આવશું, અમોને દર્શન દેજો એજ.

●●●

**તુલસીદાસ તથા ધર્મેશ, ભાવેશ, ફુગાવાડી, પૂના.** (તા.૨૦-૧૧-૮૦)

પ્રગટ અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુજી શ્રીહરિ સદાને માટે દીર્ઘ આયુ રહે, આપના ભકતોને સદાને માટે ચઢતી કળી રહો, જોગ ગામ ફુગાવાડીથી લી. આપની પળે પળે સ્મૃતિ ભક્તિ કરતા સેવા ઈચ્છતા શ્રીહરિશરણાગતિ મંડળના ભકત તુલસીદાસનું કુટુમ્બ દયાળુ ભગવાનના સેવક ધર્મેશ, ભાવેશ સર્વેના જય સ્વામિનારાયણ વાંચશો, ખૂબ ખૂબ અનાદિશ્રીકૃષ્ણનારાયણ વાંચશો, નિત્ય નિયમ કરીએ છીએ, આબુધાબી જન્માષ્ટમી ધામધૂમે ઉજવવાનો પત્ર આવ્યો છે, બ્રહ્મભોજન, બાળભોજન, શરણાગતિ મંડળ ભકત-ભોજન, ધૂન - ભક્તિ, લાલજીની આરતી આદી કર્યા હતા, અમોએ પણ મંદિરે તથા ઘરે ખૂબ ધામધૂમે પૂજન કરી જમાડયા હતા, ભક્તિ કરીએ છીએ મંદિરે કથા-વાર્તા કરીએ છીએ, જયન્તી જન્મપીયુષ વાંચીએ છીએ, લાલજીની સેવા પુજા કરીએ છીએ, કયારેક દર્શન થાય છે, બહું જ ચમત્કાર જણાય છે, દિવ્ય સમઝણ બુદ્ધિ તથા ભક્તિ આપો, ધામમાં સાથે રાખજો, તમારા પરચા લખીએ છીએ, નિયમ લખીએ છીએ જ્ઞાન આપજો, તમારી કથા ટેપમાં ચાલુ છે તે સાંભળીએ છીએ, પ્રગટ પ્રભુજી બોલે છે, તે આનન્દ આપે છે, દર્શન થાય છે, તેમ દેખાવ છો, બળ બહુ જ આપજો, એજ તુલસીના સુપુત્રોના જય સ્વામિનારાયણ વાંચજો.

●●●

**માધવજી ભગવાનજી, ભંડારા, મહારાષ્ટ્ર** (તા.૨૨-૧૧-૮૦)

અનાદિ પુરણ પુરૂષોતમ અવતારોના ખૂબ ઈશ્વરોના અવતારી સીરતાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ચરણસેવક ભંડારાથી માધવજી ભગવાનજીના દંડવત્ પ્રણામ વન્દન સ્વીકારજો, આ વખતે જન્મજયન્તીની શોભાયાત્રામાં ૩૫૦ બાઈઓ ભકત અને ૬૦૦ થી વધારે પુરૂષો બાળકો, બગીગાડી, શણગાર માટે ટોપલાફુલો ગુલાબના

હારમાળાઓ, અલગ અલગ મોગરા વિગેરેથી સુશોભિત આબેરગી શોભાયાત્રા મહા ધોરી બજાર રસ્તામાં ધુન્ય, કીર્તન, દાંડીયારાસ શોભા પૂરા શહેરમાં વીચરીને ગૂંજાવી ઉઠયું, માર્ગમાં છ ઠેકાણે પધરામણીઓ થઈ, ભેટયો થઈ, આરતીઓ થઈ, ખુબ જ આનન્દ નગરમાં ઉછળ્યો હતો, મેંદરડાવાળા વેવાઈ તથા મહેન્દ્રના મામા જબલપુરથી આવેલા હરીભકતો ઘણા આવેલા જમણવારનો આનન્દ રોનક મંદિરમાં પ્રતિષ્ઠા કરી નાગપુરથી બ્રાહ્મણ બોલાવેલા, વેદમંત્રો વડે પ્રગટ ભગવાનને પ્રતિષ્ઠા હવનનું કામ લગભગ પાંચ કલાક ચાલ્યુ હતુ, આ યજ્ઞને જોવા ગામ ઉમટયુ હતુ.

શ્રીસ્વામિનારાયણ ભગવાનને એવં શ્રી શાસ્ત્રીજી મહારાજ શ્વેતાયન શ્રીકૃષ્ણવલ્લભ વ્યાસના નામનો મહાઘોષ ખૂબ જ જોવા સાંભળવા જેવો હતો, મારા હદયમાં આસુખો ભરાઈ આવ્યા, બધાને પ્રેમરસ-ભક્તિરસ ઉભરાણો હતો, હું ખુબ જ ભાગ્યશાળી છું, વિશ્વનાથ ચારે હાથ મારા ઉપર છે કેવી મહેરબાની છે, આવી શોભા દિલ્હીપતિને ન મળે તેવી મને મારા ભગવાને આપી છે, નાગપુરના દરવાજા સુધી શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય પરમેશ્વરનું નામ ગુંજી ઉઠયું, હવે મારૂં ભાગ્ય વધ્યું, જલ્દી ત્યાં આવીશ, મૂરતિ માટે મુંબઈવાળાનો જવાબ નથી તો ખૂદ જાતે જવાનું થાશે તો જઈશ ભગવો જભ્ભો કરાવી લીધો છે મૂર્તિ જલ્દી મળે તેમ કરો, હજારો માણસોને મીઠાઈ માલ દાળ ભાત શાક બકાલા સંભારા સાકર ખુબ જ જમાડયા, ભજીયા વડી દહીં જમાડયા, માલ ભરપૂર પુરાએલો જ દેખાય ખૂટે જ નહીં તે તો ચમકાર થયો છે, શું શક્તિ છે, શું પ્રતાય છે, શું ખૂબ અવતારોના અવતારી શાસ્ત્રી મહારાજ પૂરણ કરે છે, માધવજીને દર્શન થયા કરે છે, એજ.

●●●

**શાન્તિલાલ મોહનલાલ પરમાર** (તા.૧૧-૧૨-૮૦)

સર્વ અન્તર્યામી ધામના ધામી ભકત વત્સલ ભગવાન અમારા માતુશ્રી અક્ષરધામ ગયા, સવારે રેલના પાટા પાસે પડી ગયા, પગનું કાંડુ ભાંગી ગયું અને માથા પાછળ તીરાડ પડી ગઈ અને તમારા દર્શન થયા કે તુરત જ ધામમાં ગયા, હું ત્યાં પાસે ગયો તેટલામાં તો હાથ જોડી તમારૂં નામ લેતા લેતા જય સ્વામિનારાયણ કહીને ધામમાં ચાલ્યા ગયા છે, રેલ્વેના માણસોએ ઘરે લઈ આવવા મદદ કરી હતી, આપનો મહીમા ખૂબ જ દેખાણો, આશીર્વાદ આપજો ભજન કરીએ, કાંદીવલી શાન્તિલાલ મોહનલાલ પરમારના દંડવત સ્વીકારજો, દર્શન દેતા રહેજો, એજ.

●●●

**રાજેશ મકવાણા, અમદાવાદ** (તા.૧૫-૧૨-૮૦)

સેવક રાજેશ, અમદાવાદ, આપના દર્શન ઘણીવાર કર્યા છે તો પણ જુનાગઢ રહેવા ઈચ્છા થાય છે, મારા જન્મમાં જીવને બાળકી મટીને બાળક રૂપે જન્મ આપના આશીર્વાદો વડે થએલ છે, હું ગુરૂ મહારાજ તમારો દીધેલ પુત્ર છું, મારા પિતાએ આપની વિનંતી કરી, પુત્ર આપો તેથી આપે પુત્ર રૂપમાં મને ફેરવ્યો છે, આવા ભગવાને મને સાંભળ્યો છે તે ટેક રહે છે, આપે જૂનાગઢ મને ખૂબ ભણવાનો આશીર્વાદ આપેલ છે તે પ્રમાણે ખૂબ જ ભણું છું અને ભણવુ છે, આપની મૂર્તિમાં આપને જોયા જ કરૂ છું, મારો મોક્ષ થાય તેમ ધ્યાન રાખજો, ભરતને ઘણું જ સારૂં છે, રાજેશના દંડવત પ્રણામ વાંચજો, બી.એ.માં ભણુ છુ, પાસ થવાય તેમ કૃપા કરજો. એજ.

●●●

**મહેન્દ્ર ઓધવજી ટાંક, અમરેલી** (તા.૧૨-૧૨-૮૦)

સેવક મહેન્દ્ર ઓધવજી ટાંક અમરેલીથી પૂજય સદ્‌ગુરૂ શ્રીહરિની સેવામાં ભકત મહેન્દ્રના જય સ્વામિનરાયણ વાંચજો, મારી તબીયત સારી છે તા. ૧૧-૧૨-૮૦ ના ગુરૂવારે વહેલી સવારે મારા રૂમમાં સુતેલા મને સ્વપ્નમા આપના દર્શન થયા તથા તમારા રૂમમાં પેઈન્ટેડ આપનું ચિત્રપટ છે તેના પણ દર્શન થયા, તે વખતે હું તમારા રૂમમાં પગ દાબતો હતો એ પણ દર્શન થયા, પછી નિંદ્રા ઉડી ગઈ પણ આનન્દભર હૃદય વર્તે છે, દરરોજ નિયમથી માળાઓ ફેરવુ છું, ત્યાં આપના દર્શને ૧૩, ૧૪ માં આવીશ, મહેન્દ્રના દંડવત પ્રણામ, જય સ્વામિનારાયણ.

●●●

**શાન્તિલાલ તુલસીદાસ, દુબઈ** (તા.૨૯-૧૨-૮૦)

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ સ્વસ્તિ શ્રી જૂનાગઢ મધ્યે પરમધામાધિપતિ પરાત્પર સર્વોપરિ શ્રીહરિ ભકતોના વ્હાલા પ્રાણપતિ સ્વામિનાથ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી પ્રગટ પ્રભુજી મહારજના ચરણકમળોમાં કોટિ કોટિ દંડવત પ્રણામ પહોંચે, આપની મૂર્તિનું સુખ આનંદ રાજીપો ઈચ્છતા શાન્તિલાલ તુલસીદાસ, શાન્તિલાલ પુંજાભાઈ, દેવજી કાનજી રાઠોડ, કાન્તિલાલ ડાયા, છગન માવજી, રતિલાલ ઓધવજી, ધનજી ઓધવજી, આદિ ભકતો તથા પોરબંદર પ્રદેશના મેર ભકતો માલદે રામા ગોદાણિયા તથા માલદે ભુરા તથા કેશુ હજા તથા સાંગા દુદા કુકડીયા, મોરબીના આબોટી બ્રાહ્મણ ગોવિંદજી નારણજી કુકડીયા

તથા કારાભાઈ, દેવાભાઈ આદિ શ્રીહરિશરણાગતિ મંડળના ઘણા જ વ્હાલા શ્રીહરિને આનન્દથી, સ્નેહથી, પ્રેમથી દંડવત જય શ્રીકૃષ્ણનારાયણ જય સ્વામિનાથ કૃપા વાંચશોજી.

●●●

**મહેન્દ્રકુમાર, ઓધવજી ટાંક** તા.૫-૧-૮૧, અમદાવાદ

મહેન્દ્રકુમાર ઓધવજી ટાંકના કોટિ દંડવત સ્વીકારજો, ભગવાન તા. ૪-૧-૮૧ ના બપોરે જમીને ઉંઘ આવતા આપના અદ્‌ભુત દર્શન થયા છે, તમારા ચરણ દાબુ છું, પ્રસાદી જમ્યો, તમારા ઘણા ભકતો આવેલા, તમારા નિવાસ રૂમમા તમોને કાંઈ કાંઈ ભેટો ધરતા હતા, તેવામાં તમારી સેવામાં બે દેવીઓએ આવીને તમારી આરતી ઉતારી, પૂજા કરી, તેઓ કાંઈક ગાતી હતી એ પણ મને યાદ ન રહયું, તમારા ચરણ ધોઈ પ્રદક્ષિણા, દંડવત, પગે લાગી અદશ્ય થયા, તમો માળા લઈને ઉભા હતા, આરતી પૂરી થયે તમોએ મને કહયુ, ભાઈ મહેન્દ્ર પગ દાબવા બસ કરી, ઘણી સેવા કરી, ઘરે જા, મારી ઘડીયાળમાં છ વાગ્યા છે, મારે હવે મંદિરે આરતીમાં જવુ છે, ત્યારબાદ હું મારા ઘરે જવા નીકળ્યો, તેવામાં જાગ્રતમાં મારી ઘડીયાળમાં મેં જોયું તો મારા કાંડા ઘડીયાળમાં બરાબર છ વાગેલા, આ અદ્‌ભુત ચમત્કાર, બન્ને ઘડીયાળનો મેળ, બન્ને દેવીઓની સેવા, અનેક ભકતોની ભેટ-સામગ્રી, વિગેરે દર્શન થયા, એજ હું રાજકોટ ઈન્ટરવ્યુ આપવા તા. ૧૧-૧-૮૧ ના જવાનો છું, મારી નજર રાખજો, પુષ્પ પ્રસાદી મોકલજો, એજ, સેવકના દંડવત જય સ્વામિનારાયણ વંદન વાંચવા.

●●●

**નાનજી તથા પ્રવીણ, દુબઈ** (તા.૬-૧-૮૧)

અજમાનથી ચરણસેવક નાનજી તથા પ્રવીણ વિગેરે ૧૪ શરણાગતિ મંડળના હેત ભર્યા જાજા કરીને જય સ્વામિનારાયણ વાંચશોજી, હવામાન બદલવાથી તબીયતમાં ફેરફાર હતો પણ દવા વડે અને તમારી દયા વડે સારૂં છે, આપની પ્રસાદી ગુલાબ-પાંખડી ખાઉં છું, તબીયત ઘણી જ સારી છે, કર્તા હર્તા તમો છો, દાસાઈલેન્ડમાં ઘણા ભકતો એક સાથે સારા પગારે મોકલ્યા તેવો આપનો રાજીપો છે, કાનજી ભગતને તમો પ્રગટ ભગવાને ઘણી દયા કરી છે તેની કમ્પનીમાં તેમને બહુ માને છે, એક વરસ વધારે કામ આપ્યું છે, તમો પ્રગટ પ્રભુ છો, અમારી રક્ષામાં બેઠા છો, તમોને જેટલા લાડ લડાવી એ તેટલા ઓછા છે, આપે આ જીવો ઉપર ઘણી દયા કરી છે, ઉગારી લીધા છે, ખુબ જ કમાણી આપી છે, ભક્તિ બહુ જ આપી છે, તમારી ઓળખાણ થઈ તેથી પ્રગટ ભગવાનને પ્રતાપે અક્ષરધામમાં બેઠા હોય

તેવા સુખ મળે છે, ઘણાને ધામમાં મોકલ્યા, અમારા માતુશ્રી બોલતા તમારૂં નામ લેતા લેતા ધામમાં ગયા, આપનો જબરો પ્રતાપ છે, આશીર્વાદ લખજો, તમો સાંભરો એવી કૃપા રાખજો, દર્શન દેજો. બધા તમારી મૂર્તિમાં તમોને દેખે છે, ઘણો મોટો પરચો પૂરો છો, આબુધાબીમાં ચારણો નવા સત્સંગીઓ થાય છે તે તમારી પૂજા કરે છે. એજ.

●●●

**તુલસી મુળજી મનાણી, એલાન, દુબઈ** (તા.૨૩-૧-૮૧)

મહારાજાધિરાજ પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ચરણોમાં અવતારોના અવતારી અક્ષરાતીત શ્રીહરિકૃષ્ણ મહારાજને ભકત રક્ષક ભગવાનને એલાનથી તુલસી મુળજી શ્રીહરિશરણાગતિ મંડળ તમામ ભકતોના દંડવત સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચવા, આપના પ્રતાપથી ૧૫ ભકતો એક મકાનમાં કામ કરીએ છીએ, આબુધાબીવાળા પણ છે, અમારી નજર રાખો છો, તેમ રાખજો, મકાન સળગ્યુ હતુ તેમા ઘણાને ઉગાર્યા, લડાઈ જાગી તેમાં બધા ભકતોને ઉગાર્યા, પાલખેથી પડતા ઘણાને ઉગાર્યા, દરિયામાં પડેલાને ઘણા ઉગારી વહાણમાં પાછા ચઢાવ્યા, માંદા ગરમીથી અકળાતા ભકતોને સાજા કર્યા, તાવમાંથી ઘણાને ઉગાર્યા, જંગલમાં રક્ષા કરો છો, પરદેશમાં ભજન ભક્તિ કરાઓ છો દર્શન આપો છો મહારાજ ઘણી કમાણી આવી છે. કોસ્ટેલમાં છીએ, આપના રાજીપાથી સૌરાષ્ટ્રના ગરીબ કારીગરો આપની સેવાના પુણ્ય પ્રતાપે આજ બબે ત્રણ ત્રણ ચાર ચાર હજાર મહીને કમાય છે, રાજકુમારની જેમ બંગલાઓમાં ઉચા પ્રકારની સગવડોમાં રહે છે, દરરોજ હેલીકોપટરમાં બેસીને કામે ટાપુઓમાં જાય છે, દેશમાં જેમ છે તેમજ આંહી સુખી છીએ, બહુજ આનન્દ છે.

હું બીમાર થયો ત્યારે પ્રભુ તમોએ મને ઉગારી લીધો છે, તમારા દર્શનો ઘણાને થાય છે આવા અનેક પરચાઓ છે, ઘણા અમો ટોકન નમ્બરમાં છીએ. એ.પો.બો. ૪૨૭૨માં છીએ, ૧૪૨૫૨ ટોકન નમ્બર છે, કોસ્ટેલ ઈન્ટર નેશનલ કમ્પની ઘણા સારા પગાર આપે છે, કારીગરોને સાંચવે છે, મહારાજ તમારી કૃપા છે, ભુલચુક માફ કરજો, તુલસી મુળજી, કાન્તિલાલ ડાયા, છગનલાલ માવજી, ખીમજી રવજી, શાન્તિલાલ હીરજી વિગેરે તથા વાસુદેવ કાનજી, ધનજી ઓધવજી, રામજી કાનજી, તુલસી નાનજી, તુલસી મનજી વિગેરે સર્વે શ્રીહરિશરણાગતિ મંડળના તથા શાન્તિલાલ કેશવજી તથા બે શાન્તિલાલ તથા બે રતિલાલ તથા છ ચારણ ભકતો વિગેરેના જય સ્વામિનારાયણ વાંચજો.

●●●

**અમૃતલાલ પરષોત્તમ ભગવાન, એલાન, દુબઈ** (તા.૩-૨-૮૧)

અમૃતલાલ પરષોત્તમ, પરેશ પરસોતમ મકવાણાનાં કોટિ દંડવત વાંચજો, એલાનથી ગાંડો સેવક નગણત્રીનો ભગત અમૃતલાલને ભગવાને સંભાળ્યો, મને તો એમ હતુ ભગવાન છે તે મારા જેવા ગાંડાને નઈ લખે મારા ભાવને જોઈને ભગવાન સાક્ષાત છો, મને સાંભળ્યો, શાન્તિલાલ કાકાએ જય સ્વામિનારાયણ કીધા છે, પ્રભુ તમો અમારા જેવા છોકરાને ઉદ્ધાર કરજો, પ્રભુ મને ધનુષ્ય બાણ સહિત ભગવાનના દર્શન થયા, આવીશ ત્યારે દરશને આવીશ, મારા હૃદયમાં તમો છો, ફોટો પૂજવા મોકલજો, કેશુઅદા, દેવજીકાકા બધા તમારૂં દર્શન કરે છે, તમારા વિના પાંદડું પણ નથી હલતુ, આ વાત મને પહેલા સમજાણી પણ આજ મને બહુ જ યાદ આવે છે, મને દર્શન દેજો, રાહ જોઈશ, જય સ્વામિનારાયણ પહોંચે, ભૂલ માફ કરજો.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ હાજરો હાજર દર્શન દેજો, આવજો, જમીને પછી જજો, મીઠા સફરજન જમાડીશ અને દુધ પાઈશ અને પગ દાબીશ અને પછી જાવા દઈશ જરૂર આવજો, ભૂલશો નહિ પાંચ વરસ પહેલાની વાત મને યાદ છે, પ્રભુ શાસ્ત્રીજીના દિવ્ય મૂર્તિ હરતા ફરતા દર્શન થયા છે, દયા કરજો, તમે તુલસીને ઝીલ્યો, રતિલાલને ઝીલ્યો, મૂરજીને ઝીલ્યો, કાનજીને તાર્યો, રામાને જેલથી છોડાવ્યો, જીરાગઢવાળાને કોઢ મટાડયા, દયાળજીને દીકરો આપ્યો, ઘણાને પુત્ર-ફળ આપ્યા, લક્ષ્મીના આશીર્વાદો તો અઢળક નિવડયા છે, કુકડા જેવા છોકરાઓ સોના મહોરૂ કમાય છે, કાંઈ રાજીપો ઓછો નથી, રાજા સાહેબ જેવા તો ઉતારા-પાણી મહોલ બગીચા બંગલા બલુન વાહન છે.

અહો પ્રગટ પ્રભુની દયા, સુદામાને નાના મહેલ, કુકડીયા મજુરને સોનાની લગડીઓ રિયાળમાં છે ધન્ય છો, પ્રભુ, કૃપા કરી કરજો, સાંચવજો, ભેગા રાખજો, બધા સંપ રાખશુ, સેવા કરશુ, બધુ તમારૂ છે, મસ્કત હતો ત્યારે પણ તમોને ભજતો હતો, આંહી પણ બધા સાથે ભજૂ છુ, હમણા બરડાના ચારણો ઘણાંય તમોને ભજવા માંડયા છે, કચ્છીઓ ભજે છે, ભગવાન તમો વિશ્વંભર છો, બધું તમારૂં છે, દર્શન આપજો, જરૂર આવજો, પછી જલ્દી વયા જાજો, એજ.

●●●

**ગોવિન્દજી મહારાજ, દુબઈ** (તા.૨૧-૨-૮૧)

અનાદિ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને નમો નમઃ પ્રગટ પુરૂષોતમ શાસ્ત્રીજી મહારાજ અનાદિશ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને નમો નમઃ હે ભગવાન આપના

આશીર્વાદથી યાદશક્તિ વધે છે, તમારો સત્સંગ કરીએ છીએ તમો ચિન્તામણી છો, માનવો તમોને ભજે છે તેના ચિન્તવવા પ્રમાણે મળે છે, તો હે પુરૂષોતમ નારાયણ તમો અવતારોના અવતારી છો, પર નારાયણ સતં સ્વરૂપે આવ્યા છો, વિશ્વપતિ છો, અક્ષરપતિ છો, સૃષ્ટિપતિ છો, તત્વપતિ છો, આત્મપતિ છો, પરમાત્મા છો, ગોલોકગોપી પતિ છો, ધામના ધામી છો, કર્તા હર્તા તમો છો, શ્વેતાયન વ્યાસ તમો પ્રગટ ભગવાન છો, દિનાનાથ છો, વલ્લભસ્વામી છો, હે ભગવાન તમારા નામ અપાર છે તે તમારા તમારા સિવાય કોઈ જાણી શકે નહી, હે નાથ। બ્રહ્મા જેવા દેવતા જાણી ન શકયા તો મનુષ્ય કયાંથી જાણી શકે, તમારી મોટયપ કયાંથી સમઝી શકે, હે ભગવાન આપે સ્વપ્નમાં દર્શન દીધા તેવા જ દિવ્ય દર્શન દેજો, અમોને આપની સેવામાં લેજો, કુસંગ ન થાય તેવી બુદ્ધિ આપજો, ભગતોની ઓળખાણ કરાવજો.

હે ભગવાન ૨૨ વર્ષો માયામાં કાઢયા, હવે માયામાં ન લેવાય તેવુ બળ આપજો, આપને ઓળખ્યા પછી તો કથા વાર્તા સેવા વધ્યા છે, આશીર્વાદ આપજો, અમને આપનો કેફ છે, આપ વિશ્વના કર્તા હર્તા છો, બધાની જીવનદોરી છો, મારા નાથ રક્ષા કરતા રહેજો, ચરણ સેવાનો લાભ આપજો, આપ કૃપાળુ દિનદયાળુ છો, શરણાગતિ મંડળની સેવા આપજો, હે પુરૂષોતમ નારાયણ વિદેશમાં ભકતોના સત્સંગ વડે આપના દર્શન કીધા, આપ ભગવાન સાક્ષાત છો, હવે આપે દિવ્ય આંખ આપી છે, આંહી ભકતો શાન્તીલાલ, ગોવિંદ, માલદે, રામા, કારા, સાંગા, કેશુ વિગેરે ભકતોના જય સ્વામિનારાયણ સ્વીકારજો, શ્રીશ્વેતાયન વ્યાસ ભગવાનને નમો નમઃ ચરણ સેવક દાસાનુ દાસ ગોવિન્દજીના જય સ્વામિનારાયણ વાંચજો.

●●●

**રાઘવ જેરામ, દુબઈ** (તા.૧૯-૨-૮૧)

આજ બપોરના દોઢ વાગ્યે વાડામાં આગ લાગી, અમારા ઘરેથી તમારે માટે ૧ નાળીયેર સમર્પણની માનતા કરી એટલે તરત જ માણસો ભેગા થઈ ગયા અને આગ ઓલવી નાખી નહિં તો નીરણ ઘર વધુ ભસ્મ થઈ જાત, તમારો આ ચમત્કાર બધા બોલતા હતા કે સાક્ષાત પ્રભુ ઘર પાસે છે, તે વિના આગ કોઈ સમાવી શકે નહી એજ. સેવકોના જય સ્વામિનારાયણ વાંચજો. લી. આપનો આપનો સેવક જયંતિલાલ.

●●●

**માધવભાઈ ભગવાનજીભાઈ, ભંડારા, મહારાષ્ટ્ર** (તા.૧૮-૪-૮૧)

હું ટેકસીમાં નાગપુર જતો હતો, સામેથી આવતા કેરીયરમાં મારો દાબો હાથ

અથડાણો, બાવડાથી ભાંગી ગયો, મને લોકોએ સીવીલ હોસ્પીટલ દાખલ કર્યો, હું બેહોશ પડયો હતો, ૩૯ દિવસ હોસ્પીટલમાં રહેવુ પડયું, ડોકટરે મૂળથી કાપવાનું નકકી કર્યુ, ત્યારે મેં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી ભગવાનને સંભાર્યા સ્તુતિ કરી, ભગવાન સન્ત દિવ્ય રૂપે તુરન્ત પધાર્યા, મેં નમીને કહયું આપને ઠીક લાગે તેમ રક્ષા કરો, સેવા કરાવો, ભગવાન અદૃશ્ય હો ગયે ચોથે દિવસ ફરીથી પધાર્યા અને દયાથી બોલ્યા તમારો હાથ બીલકુલ સાજો નરવજો થઈ જાઓ, એમ કહી તુરન્ત હાથ ફેરવી ભાંગલા હાથે સાજો કરી અદૃશ્ય થઈ ગયા, આ પરચો મને કાયમ સ્મૃતિમાં આવે છે.

એકવાર દિવ્ય રૂપે આવીને પ્રગટ પ્રભુજીએ કહયુ તમોને ઉત્સવ પુજા પાઠ કરવા મકાન નાનું પડે છે, માટે મકાનો ગમે તે લઈ લ્યો, મંદિર કરો, ભંડારામાં ભૂતિયુ મકાન મને મળતુ હતુ તેમાં જાય તે બેહોશ થઈ જાય, મે શ્રી પ્રગટ પ્રભુજીના પાઠ નામ રટન કરીને બધા ભૂતોને મોક્ષ આપ્યો અને પ્રગટ પ્રભુજીને પ્રતાપે તેમની પ્રસાદી જળ પીને ભૂતો મોક્ષમાં ગયા, તે મકાનને મંદિર બનાવ્યું આજે સો સો માણસો ધુન્ય પુજન ભજન કરે છે તે તીર્થ સ્થાન બન્યુ છે.

એકવાર પ્રગટ પ્રભુના ચરણોમાં ધરવા નાણું કાઈ ન હતુ, ગુરૂ મહારાજે ભંડારાના વતની છો, તમારો ભંડાર અખૂટ હો એવો આશીર્વાદ આપ્યો તે દિવસથી સમ્પતિ આવવા લાગી, લાખોના કામ થવા લાગ્યા છે, શ્રીહરિશરણાગતિ મંડળના સો ઉપર કંઠી ભકતો ભંડારામાં મહારાષ્ટ્રીઓ થયા છે, શ્રીકૃષ્ણનારાયણની ભક્તિમાં ગરકાવ રહે છે, પ્રભુજીને પૂજે છે, સાપ્તાહિક ભજન ધુન્ય કીર્તન શોભાયાત્રા વિગેરે કરે છે, નરનારીઓ ભકતજનો પ્રગટ ભગવાનના કીર્તન ગાય છે,

એકવાર પ્રગટ ભગવાનના દર્શનાર્થે જઈને ચાલતે સમય રજા ન લીધી, મને ઘર પર જાતાં જ તાવ ચઢયો અને ભાન થયુ પગે લાગ્યો નહિ, તુરત ભગવાનને સંભાર્યા પોતે દિવ્ય મૂર્તિ ભંડારામાં પધાર્યા, મેં ક્ષમા માગી, ભગવાને તાવ ઉતારી દીધો, રક્ષા કરી, દર્શન દઈને અદૃશ્ય થઈ ગયા.

ભંડારાના સુરેશકુમારે પ્રગટ ભગવાનથી જૂનાગઢમાં કંઠી બાંધી, ભંડારા જઈ વ્યસનને રસ્તે ચઢી ગયા, હૃદયના હાડકામાં દુઃખાવો થયો, ફેફસા બગડી ગયા છે, ડોકટરે સારૂં નહિ થાય તેવી સલાહ આપી, ગાડી ભંડારા જાવા ચાલતી હતી, નાગપુર જવા અટકતી હતી, ગુરૂ મહારાજને સંભાર્યા ભંડારા આવી આરાધના પૂજા કરી પ્રભુજી પ્રગટ આવ્યા હાથ ફેરવી નીરોગી

થવાનું વચન આપી અદૃશ્ય થયા, અહો ભગવાન દેવાધિદેવે મારી રક્ષા કરી, સાજા થયા અને સુરેશકુમાર મૃત્યુથી બચ્યા, બિલકુલ સાજા નરવા ભક્તિ કરે છે, પ્રગટ પ્રભુજીને પૂજે છે.

●●●

**શાન્તિલાલ, આબુધાબી, દુબઈ** (તા.૨૩-૫-૮૧)

અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુને નમો નમઃ શ્રીબાલકૃષ્ણ પ્રભુજીને નમો નમઃ શ્રીકૃષ્ણનારાયણ સ્વામીને નમો નમઃ શ્રીગોપીનાથજી પ્રભુજીને નમો નમઃ શ્રીગોપાલકૃષ્ણ બાલપ્રભુજીને નમો નમઃ, શ્રીવિદ્યામૂર્તિ ભગવાનને નમો નમઃ, શ્રીપરબ્રહ્મ પરમાત્માને નમો નમઃ, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી પ્રગટ પ્રત્યક્ષ પ્રભુજીને નમો નમઃ શ્રી જૂનાગઢ અક્ષરધામમાં સ્વસ્વરૂપે બિરાજમાન આનન્દ ધન સુખનિધિ સર્વે તત્વોમાં પ્રત્યક્ષ મૂર્તિઓ અનાદિશ્રીકૃષ્ણનારાયણ મહાપ્રભુજી દયાનિધિ કરૂણાસાગર પરમ દયાળુ ભકતવત્સલ પરમાત્મા સર્વ ધારક રક્ષક પ્રેરક ભકત પ્રતિપાલ સર્વજ્ઞ સર્વકર્તા સર્વ કારણ અમારા જીવનપ્રાણ પુરૂષોતમ નારાયણ ભરત ખંડમાં વિચરતા ગોપાલકૃષ્ણ ભગવાનનન્દન શ્રી અન્તર્યામી ભગવાન પ્રતિ -

આબુધાબી લિ. આપને હર ક્ષણોમાં ભજતો દાસ શાન્તિલાલ આદિ શ્રીહરિશરણાગતિ મંડળના દંડવત સ્વીકારજો, પ્રભુજી અમારી અલહુઈસ સાઈડ બદલી થઈ છે, રક્ષા કરજો, તમો બધુ જુઓ છો, જાણો છો, રામજી ભગત ૩૫ કીલોમીટર દુર છે, તેઓ બધા મળવા આવ્યા હતા, ખૂબ આનન્દ થી ભેટયા કીર્તન કર્યા પછી તેઓ સાથે, અમો તા. ૧૫-૫-૮૧ ના ગીયાસી જવા નીકળ્યા રામજી ભગત વિગેરે એક સાથે જતા હતા. રસ્તામાં ટેકસી ઉંધી પડતા પડતા રહી ગઈ ત્રણ ચાર ફુદરડી ફરી ગઈ, તમોને જોર જોરથી નામ બોલ્યા અને ટેકસી ઉભી રહી ગઈ અમો પાંખ જણા તરત બચી ગયા, નહિં તો ત્યાં જ મરી જાત, આપ રક્ષામાં બેઠા છો, બધા અમો સુખીયા છીએ તમારા દિવ્ય દર્શન થયા અને ભાન આવ્યું , અંધારા આવી ગયા હતા. ટેકસીવાળા ડ્રાઈવરે કહયુ ખુદા લકડી વાલા પઘડીવાલા આયા થા, ઉસને ટેકસી ખડી રખ દિયા મહારાજ ચલા ગયા, અમારા સ્વામી ધણી પરમેશ રક્ષા કરી તેમ કરજો, અમોએ તમારા નામની ચુંદળી ઓઢી છે, અમારા સ્વામીનાથ પ્રાણપતિ ભગવાન છો, બચાવજો, રાજી રહેજો, તમારી સેવા આપજો દર્શન આપતા રહેજો આશીર્વાદ લખજો એજ.

●●●

**નરસી મૂળજી વીરા, દુબઈ** (તા.૨૮-૫-૮૧)

ભગત નરસી મૂળજી વીરાના દંડવત જય સ્વામિનારાયણ વાંચશો, ભગવાન હું પાલખ ઉપરથી બે વાર પડી ગયો મને નીચેથી તમે ઝીલી લીધો, એક આરબો નીચે ઉભો હતો તે કહે લાલ ખૂદા આયા, તુમ બચ ગયા, ખુદાકી નમાજ પઢોં. મે હાથ જોડી દંડવત કર્યા પગે લાગ્યો તમો વયા ગયા, આમ છુટી ઉપર બે દિવસ રહીને કામે લાગી ગએલ છું, દર્શન દેતા રહેજો રક્ષા કરજો, સેવા માનતા મોકલીશ એજ.

●●●

**કાન્તિલાલ પુરૂષોતમ તથા તુલસીભાઈ, મુંબઈ** (તા.૧૮-૬-૮૧)

વેદવ્યાસ પરમેશ્વર સાક્ષાત પરબ્રહ્મ માનવ સ્વરૂપે બિરાજમાન અમારા કુટુમ્બના પરમગુરુ મહારાજ દિવ્ય અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાન પ્રતિ મુમ્બઈથી સેવક કાન્તિલાલ પુરૂષોતમ તથા તુલસીભાઈના કોટિ દંડવત સ્વીકારજો, મારી તબીયત બહુજ નબળી હતી, રોગે ઘેરાઈ ગયો હતો, રાજકોટ આવવાથી આપ જૂનાગઢ બિરાજો છો એ ખબર મળ્યા તરત જ આપના દર્શને આવ્યા, અમોને પ્રસાદી જળ આપ્યા આશીર્વાદ આપ્યા અને આરામ થવા લાગ્યો, આજકાલ તબીયત બહુજ સારી છે, બધું કુટુમ્બ સાજા નરવા છે, આપના સમાગમ દર્શન સેવા વડે લાંબા સમયે હું સુખી થયો, આપના દર્શન આપતા રહેજો, ડોકટરની સલાહ મળી કે હવે જીંદગી રહેશે નહિ, પણ તમારી પ્રસાદી જળ વડે મારી જીંદગી વધી ગઈ. મારી તથા મારા કુટુમ્બની નજર રાખજો, મારા માવતરોએ મને કહેલ છે જે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ શ્રીકૃષ્ણનારાયણ પોતે પ્રગટ બિરાજે છે તેવા પરચાઓ અમે જોયા, અમારા વસનજી ભાઈ તથા અમો સવારે કાયમ આપની મૂર્તિ સેવા પુજા કરીએ છીએ, આપના આશીર્વાદ કાયમ માગું છું રક્ષા કરજો, આપના ચરણરજ કાન્તિલાલના દંડવત. જય સ્વામિનારાયણ વાંચજો એજ.

●●●

**વ્રજલાલ લાલજી જાવીયા, આબુધાબી, દુબઈ** તા.૨૧-૭-૮૧,

આબુધાબીથી તમારો દાસ વ્રજલાલ લાલજી જાવીયાના કોટિ દંડવત પ્રણામ જય સ્વામિનારાયણ વાંચશો, રતિલાલભાઈનો પત્ર આવતો હશે હું સુખી છું કમ્પની સારી છે, કામકાજમાં આરામ છે, તેમને પ્રગટ ભગવાનને ભજું છું, તા. ૨૦ ના રાતે સંભારીને સૂતા પછી તમો તરત જ દિવ્યરૂપે આવ્યા, તમારા પગમાં પડીને મેં દંડવત કર્યા, તમને છાતીમાં

ભીડીને મળ્યો, મારા મસ્તકે તમોએ બન્ને હાથ મેલ્યા, રાજી થયા, સુખી રહે ભજન કરજે એમ કહયું, મને ભગવાન ગુરૂદેવ પ્રભુજી દર્શન આપો તો સારૂં એવા મારા સંકલ્પો પૂર્યા, પછી મેં આરબી પરદેશી ખાવા-પીવાની આભળછેટના દોષો દૂર કરવા તમારા પગનો અંગુઠો મોઢામા લીધો અને ચુસ્યો તેટલામા તમે શુદ્ધ થઈ ગયા એમ કહીને તુરત જ અદ્રશ્ય થઈ ગયા, તુરત જ રાતે મેં આ પત્ર લખ્યો છે, સવારે પોષ્ટમાં રવાના કર્યો છે, મહારાજ ભગવાન દર્શન દેતા રહેજો મારી રક્ષા કરજો, આંહી બધા તમારૂં ભજન ધુન્ય કીર્તન થાળ આરતી કરીએ છીએ દયાળુ દયા વરતાવતા રહેજો ગુલાબ પાંખડી પ્રસાદી મોકલજો, જય સ્વામિનારાયણ વાંચજો સેવા મોકલવી છે તે મોકલીશ. એજ.

●●●

**શાન્તિલાલ પુંજાભાઈ વાઢેર, દુબઈ** (તા.૨૩-૭-૮૧)

શાન્તિલાલ પુંજાભાઈ વાઢેર દાસનાદાસ ચરણરજ ભકતના ભેટીને દંડવત્ પ્રણામ સ્વીકારજો, હે ભગવાન શ્રીકૃષ્ણનારાયણ શ્વેતાયન વ્યાસજી પ્રગટ પ્રભુ, તમો અરબસ્તાનમાં બહુ જ રક્ષા કરો છો, આપત્માં દર્શન થાય છે દુઃખ દૂર થઈ જાય છે, દુઃખ આવા દેશો નહી. હે નાથ પ્રાણપતિ સાક્ષાત્ લક્ષ્મીપતિ મહાપ્રભુજી શ્રીકંભરા લક્ષ્મી ગોપાલકૃષ્ણના બાળ પ્રભુજી તમોને નમો નમઃ સ્વ સ્વરૂપમાં જૂનાગઢ તીર્થમા બિરાજતા આનન્દઘન સર્વ તત્વોમાં પ્રત્યક્ષ મૂર્તિ શ્રીહરિકૃષ્ણ મહારાજ અનાદિશ્રીકૃષ્ણનારાયણ પરમ પ્રભુજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પ્રતિ આબુધાબીથી લખિત આપને અહોર્નિશ ભજનાર, ચરણકમળના દાસોનો દાસ સેવક શાન્તિલાલ પુંજાભાઈના કોટાનકોટિ દંડવત્ પ્રણામ સહિત ઘણા સ્નેહ સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશોજી, દંડવત્ સ્વીકારશોજી, વિનન્તિ જે મારા બધા પત્રો મળતા હશે આપ તરફથી મારા આત્માના સાચા ધણી નાથ મારા હે સ્વામિ મારા ભગવાન તમારો પ્રસાદી પત્ર નથી તેથી ઘણી ચિન્તા થયા કરે છે, કયારેક તો મારા આત્મપતિ નિંદર પણ આવતી નથી અને વિચાર આવ્યા કરે છે જે હું સાચા ભગવાન ભકતના ધણીના વાંકમા આવી ગયો હઈશ, પણ હે નાથ ! કાંઈપણ જાણે અજાણે મારાથી ભુલ થઈ ગઈ હોય તો પ્રભુજી મને માફ કરજો, ક્ષમા માગું છું, માફી માગુ છું.

આપના પ્રસાદી પત્ર આશીર્વાદની રાહ તરસીયા માણસની પેઠે જોઈને બેઠો રહુ છું, પ્રસાદી પત્ર નથી આવતો તેથી સોરવતુ નથી, તો મારા પ્રાણપતિ દેવ ભકતના ધણી મારા સ્વામી મારા ભગવાન ધામવાસી પ્રભુજી મારી નજર રાખજો, આંહી મને આપત બહુ જ આવ્યા કરે છે, હું ઘણી શાન્તિપૂર્વક કામ કરૂ છું, તેમાં મુશીબતો આવ્યા કરે છે, અન્તર્યામી

પ્રભુજી તમો પ્રત્યક્ષ આંહી આવીને મને આફતમાંથી બચાવો છો તે હું જોયા કરૂ છું, નકર તો મને કમ્પની ઈન્ડીયા મોકલી આપત, પણ દયાળુ તમોએ મારી રક્ષા કરી લીધી, તો મારા દેવ મારા રક્ષણહાર દયાળુ મારી નજર રાખજો શરીરે સાજા નરવા રાખજો, દેશમાં તમારા ભકતોની બાળ-બચ્ચાઓની રક્ષા કરજો.

અમે તો ભગવાનને સર્વસ્વ શરણે અર્પણ કરી ચૂકયા છીએ, તમો પ્રગટ પ્રભુજી તમારે જેમ રાખવા હોય તેમ રાખજો, તમારે શરણે ભક્તિમા સુખીયા છીએ, હવે તો ભગવાન મલકના ધણી રાજીપાની અહીં નજર રાખજો, મુશીબતમાથી તમો બચાવતા રહેજો, દર્શન અમોને આપજો. દેશમાં મંડળ તમારે સાચવવાનું છે, અમોને તમારા પરમ એકાન્તિક બ્રહ્મરૂપ ભકતોનો મુકતોનો સમાગમ આપજો, આલોકમાંથી અમોને બચાવજો અણસમઝણની ઘણી ભુલો માફ કરજો, સદાયને માટે તમારો કરીને ચરણોમાં રાખજો, અમો તમારા બાળકો છીએ તમે અમારા મા બાપ છો.

આપ અક્ષરધામના ધણી સ્વયં પરબ્રહ્મ પ્રગટ પ્રભુજી છે, અમારા અહોભાગ્ય કે જે આપ પ્રગટની ઓળખાણ થઈ તમારો રાજીપો મેળવીને રાજી કરીએ છીએ, તમો જયાં હો બેઠા હો ત્યાંથી અમારી નજર રાખજો, આંહી રક્ષા કરજો, આંહી ભકતો બધાના જય સ્વામિનારાયણ વાંચજો, બધા તમારી દયા વડે સુખી થાય છે મજામાં છે, પ્રસાદી પત્ર લખજો, રાજકુમારો જેવા સુખ આવ્યા છે, ભજન કરીએ છીએ, માળાઓ ફેરવીએ છીએ, દર્શન દેજો. શાન્તિલાલ પુંજાદાસના દાસના જય સ્વામિનારાયણ વાંચજો એજ.

●●●

**તુલસીભાઈ મકવાણા ધર્મેશ ભાવેશ, ફુગાવાડી, પૂના** (તા.૧-૮-૮૧)

શ્રીશ્વેતાયન વ્યાસજીને નમઃ પ્રગટ પ્રભુજી અનાદિશ્રીકૃષ્ણનારાયણ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ચરણોમાં ફુગાવાડીથી આપની મૂર્તિનું અખંડ ઘરમાં દર્શન સેવન કરતા તુલસીભાઈ મકવાણા ધર્મેશ ભાવેશ તથા શ્રીહરિશરણાગતિ મંડળ સમસ્તના દંડવત વાંચજો. ફુગાવાડી મંદિરમાં પ્રગટનું જીવનચરિત્ર વાંચીએ છીએ, ભકતોની રક્ષા કરો છો તે તમો પ્રગટ ભગવાન કરી શકો બીજો કોઈ કરી શકે નહીં, પાપી જીવ પણ અનાદિશ્રીકૃષ્ણનારાયણાય નમઃ જપીને મોક્ષમાં જાય એવો તે બળવાન મંત્ર છે, તે પ્રગટ પ્રભુનું પ્રત્યક્ષ બળ કહી બતાવે છે.

ધામમાં અમોને સેવામાં રાખજો, રાજકોટ પ્લોટ છે તે અમારે ખાતે થઈ જાય તેવી કૃપા

કરજો, શ્રીહરિશરણાગતિ મંડળ છોકરાવની ઉપર દયા કરજો, દર્શન દેજો, ગરીબ ભકતના તારણહાર પ્રભુજી ઘણું ઐશ્વર્ય વાપરતા રહો. એજ.

●●●

**પ્રાગજી રણછોડ રાજા મનાણી, અરબસ્તાન, દુબઈ.** (તા.૪-૮-૮૧)

શ્રીપ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજશ્રી પોતાની જીર્ણ નગરીમાં વિરાજમાન શ્રી ગુરૂદેવની સેવામાં ગામ તાઈફ અરબસ્તાનથી લી. આપના દાસોનાદાસ સેવક પ્રાગજી રણછોડ રાજા મનાણી તથા માવજી રણછોડ મનાણી તથા ઓધવજી વિગેરે શ્રીહરિશરણાગતિ મંડળની શ્રી ગુરૂજીને વિનન્તિ જે તમારી દયાથી અમો ખુશી મજામાં છીએ, તમારૂં ખૂબ ભજન કરીએ છીએ. અમો વિચાર કરતા હતા જે ગુરૂજી ભગવાનનો કાગળ કે દી આવે ત્યાં તમારા આશીર્વાદ પત્ર ગુલાબ-પાંખડીઓ પ્રસાદી આવી એ જોઈને અમોને ખૂબ આનંદ થયો. આપ અન્તર્યામી ભગવાન છો, રમજાન મહીના પછી મોટાભાઈ દેશમાં આવે છે, અમારૂં તમો જ ધ્યાન રાખનાર છો, કરતા હરતા તમો અમોને એવા યોગ આપો જેથી તમારી સેવા કરીએ તે તો તમારા હાથમાં છે. અમે તો બાનારૂપી છીએ તમો દુનીયામાં માલિક છો અમો તમારા છીએ.

રણછોડ ભગતને બહુજ યાદ કરીએ છીએ, તમારી સેવા તથા રણછોડ ભગત માવતરની સેવા મળી તે તો અમારા ભાગ્ય છે, જેથી આંહી અક્ષરધામ જેવા સુખમાં છીએ કોઈ બીક નથી, ભગવાન જયાં જન્મ લીયે છે ત્યાં તેનો ભેળા ભકતો હોય જ છે, તેમના દિવ્ય કુટુમ્બમાં શી ખામી હોય, ભગવાનને રાજી કરવામાં પુણ્ય આવી જાય છે, અમોને પ્રગટ પુરૂષોતમ ભગવાન તથા તેમના એકાન્તિક ભકતોની ઓળખાણ થઈ પ્રાપ્તિ થઈ સેવા મળી જેથી અમારૂં કલ્યાણ થઈ ચુકયુ છે, જલા બાપાએ ભગવાનને રાજી કર્યા સર્વસ્વ અર્પણ કર્યુ, અને જલા સો અલ્લા થયા એવા એવા ભકતોને ભગવાન મળે છે, અહી મમતાવાળાને નથી મળતા, ભગવાનની સેવા મળે અને ન કરે ભૂલે તે બધુંય ભૂલ્યા કહેવાય, અમો બન્નેએ ભગવાન અને માવતરો મુકતોને સેવીને રાજી કર્યા છે તેનું ફળ મહાસુખીયા છીએ, તમોએ આશીર્વાદ આપ્યા હતા જે પ્રાગજી તમો બન્ને મુકતો જેવા રહેશો અને એકભાવે સેવક થશો એવા સેવક છીએ. દયા રાખજો, અપનાવજો, દર્શન દેજો ખબર કાઢવા આવજો. રણછોડ મનાણીના જય સ્વામિનારાયણ વાંચજો. એજ.

●●●

**જયંતિલાલ વશરામ, દુબઈ** (તા.૧૫-૮-૮૧)

પ્રગટ મહાપ્રભુજીને નમો નમઃ સેવક જયંતિલાલ વશરામના જય સ્વામિનારાયણ વાંચજો, પ્રભુજી ! આજ રોજ તબીયત ઢીલી હોવાથી સાઈડ ઉપર ગયો નહિ, ઘરે સૂતો હતો, ત્યારે દિવસના ચાર વાગ્યે આપે દિવ્યમૂર્તિએ દર્શન આપ્યા, જૂનાગઢ મંદિરમાં આપના રૂમમાં તમોએ મને ચાર લાડુ પ્રસાદી ખવડાવી પછી આશીર્વાદ આપ્યા અને ઈરાકના પ્લેનમાં બેસારીને મોકલી દીધો, ઈરાક આવ્યા પછી જાગ્યો, મને પરચો થયો હું સાજો હતો, આપે દયા કરી, વાંચી પ્રસાદી પત્ર લખજો, દર્શન આપતા રહેજો. એજ.

●●●

**સેવક વ્રજલાલ, આબુધાબી, દુબઈ** (તા.૨૦-૮-૮૧)

સર્વના નિયન્તા અનાદિશ્રીકૃષ્ણનારાયણ સર્વના તારણહાર સર્વેના બેલી પૂર્ણ પુરૂષોતમ પ્રગટ ભગવાન પરબ્રહ્મ પતિતપાવન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ચરણોમાં આબુધાબીથી આપના ચરણોનો ઉપાસક વ્રજલાલ સેવકના કોટિ કોટિ દંડવત વાંચજો, હે શ્રીહરિ પ્રાણનાથ સ્વામિ આપના આશીર્વાદ વડે સુખે કમાઉ છું, સાજા નરવા રહેવાય છે, અહીં શુક્રવારે શ્રીહરિશરણાગતિ મંડળ બધા ભેગા થઈને પ્રગટના કીર્તન ધુન્ય ભજન કરીએ છીએ.

મહારાજ આજ સવારના ચાર વાગ્યે અમો જામવંથલી ફુલવાડીમાં ફરવા દર્શન કરવા ગયા, ત્યાં ઉત્સાહથી ડેરાનું કામ કરી રહયા હતા, ઘણા હરિભકતો હતા, તમો મહારાજ મન્દિરની આસપાસ ચકકર લગાવી રહયા હતા, બધા હરિભકતો ખૂબ સેવા આપતા હતા આપ આશીર્વાદો આપતા હતા. ફુલવાડીમાં આપની પૂજા અબીલ ગુલાલ વડે કરી અને ફુલાવાડીમાં બધેય ચારેકોર અબીલ ગુલાલ દેખાતો હતો એવા ફુલહારે શણગારેલા ભગવાન આપ હતા, પછી શણગારેલા મોટા ફુલેકામાં આપ બિરાજમાન થયા, હજારો ભાઈ બાઈઓ કીર્તન ગાતા ધુન્ય કરતા વાજા વગાડતા તાળીઓ પાડતા આપની પાછળ જયકાર બોલતા ગામમાં બધે ફર્યા હતા, આવા દર્શન થયા, પછી જાગ્યા ત્યાં આબુધાબીમાં હતા. એવા દર્શન જરૂર આપજો, સેવા મોકલાવશુ, સેવક વ્રજલાલ જાવીયાના જય સ્વામિનારાયણ વાંચજો.

●●●

**શાન્તિલાલ કેશવજી બગીચા, દુબઈ** (તા.૨૮-૧-૮૨)

સેવક દાસ શાન્તિલાલ કેશવજી બગીચાવાળા વિગેરેના જય સ્વામિનારાયણ. પ્રાણપતિ ભગવાન આ વર્ષે આપના દર્શન કરવા આવવુ છે અને રામજી જેઠા ભગવાનને પ્રગટ મૂર્તિ દૂધ રોટલી જમતા એવા આપના દર્શન થયા તે સ્વરૂપે સાંભળીને નિરખીને આનન્દ આનન્દ થઈ રહયો છે. હે નાથ સેવા ભક્તિ આપજો ચરણમાં રાખજો, અનાદિશ્રીકૃષ્ણનારાયણનો જય થશે, મહારાજ ભકતોના મનોરથ પુરા કરજો. સેવક શાન્તિલાલ તથા વિપ્ર ગોવિંદજી તથા કાન્તિલાલ ડાયાભાઈ તથા શાન્તિલાલ હીરજી બધાના જ દંડવત સાથે જય સ્વામિનારાયણ વાંચજો.

●●●

## જામવંથળી ફુલવાડી પરમધામ મંદિર, તા.૨૨-૪-૧૯૮૨
## પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને નમો નમઃ
## ગુરૂપૂર્ણિમાના દિવસે ભકતોએ કરેલ ગુરૂપુજનની યાદી

છગનલાલ પ્રેમજી કાચા
હંસાબેન છગનલાલ
ચમેલી છગનલાલ
બકુલા છગનલાલ
ગીતા છગનલાલ
અરૂણા છગનલાલ
કેશવજી ડાયાભાઈ મકવાણા
ઉજીબેન કેશવજી મકવાણા
જયાબેન કેશવજી મકવાણા
નર્મદા કેશવજી મકવાણા
ભાનુ કેશવજી મકવાણા
જાદવજી કેશવજી મકવાણા
ઈશ્વર કેશવજી મકવાણા
પંકજ રામજી
ઋષિરાજ રામજી
વિજય રામજી
મંજૂલાબેન નાનજી
વર્ષા નાનજી
હિતેશ નાનજી
દિલીપ રામજી
શાંતાબેન દામજી કાચા
અંજના દામજી
કિર્તી દામજી
અનસૂયા દામજી
જશુબેન દામજી
ગીરધરલાલ નરશી

નર્મદા હિરાભાઈ મકવાણા
હરસુખ રામજી મકવાણા
પાનીબેન રાઘવ પોરિયા
વનિતા લાધા કાચા
હેમલતા રાઘવ પોરિયા
કસ્તુરબેન ભગવાનજી
નલિના ભગવાનજી
હરિકૃષ્ણ ભગવાનજી
જયાબેન જયંતિલાલ
હંસાબેન જીવરાજ
કંચનબેન અમરસી
કાંતાબેન લક્ષ્મણ મકવાણા
રતિલાલ ઓધવજી
ધનજી ઓધવજી
પ્રભાબેન તુલસી
પુરીબેન ઓધવજી
મણીબેન હિરજી કાચા
મંજુલાબેન શામજી
ગૌરીબેન હિરજી
ભાનુબેન હિરજી
મુકતાબેન નરસી
પાનીબેન રામજી
પ્રભાબેન રામજી
પુષ્પાબેન રામજી

અમૃતબેન ભરત પોરિયા
જસવંતી રતિલાલ
શાંતાબેન મુળજી
મનસુખ મુળજી
ધીરજલાલ લાલજી
જયસુખ રણછોડ
દિનેશ કરશન
વેલજી મનજી
જયાબેન વેલજી
અમૃતેબન ડાયા મકવાણા
હિરજી પેથાભાઈ
હરિલાલ મોહન સાપરિયા
હેમીબેન કરશન મનાણી
મુકતાબેન રણછોડ કાચા
વનિતા નાનાલાલ
ગોદાવરી ભગવાનજી
ગંગાબેન કુરજી સોલંકી
કરશન માવજી લુહાર
સુંદરબેન મોહનભાઈ
દયાબેન મોહન ખેલિયા
હેમીબેન રામજી કાચા
ડાઈબેન નાનજી
કાંતિલાલ નાનજી
કરશનભાઈ માવજીભાઈ

| | |
|---|---|
| વેલીમા | હીરજીભાઈ પેથાભાઈ |
| મણીબેન વેલજી ખોલિયા | કેશવજી ભગત |
| સવિતા ધીરજલાલ કાચા | ચકુબાપા |
| ભાનુબેન વેલજી | છગનલાલ ભગત |
| રાજેશ તુલશી | રાઘવભાઈ |
| જયંતીલાલ રામજી | વેલજીભાઈ પટેલ |
| દામજી પ્રેમજી | શિક્ષક દામજીભાઈ |

**એ આદી સર્વના જય સ્વામિનારાયણ વાંચશો. શ્રીહરિશરણાગતિ મંડળ રજીસ્ટર્ડ થઈ ગયું છે, તેનો રજીસ્ટર્ડ નં. એ. ૧૨૭૯ જામનગર તા. ૨૨-૪-૮૨ છે. બેંક નંબર સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, એકાઉન્ટ નંબર ૭-૧૫૩૦ શ્રીહરિશરણાગતિ મંડળ જામવણથલી (ખાતુ – કરશનભાઈ માવધજીભાઈ, હરીજી પેથાભાઈ, કેશવજી હરીભાઈ) નામ જોઈન્ટ ખોલાવેલ છે, ગમે તે બેની સહીથી નાણા ઉપાડી શકાય, ઉપર મુજબના પત્રોથી પરદેશમાં તમામને લખી ખબર આપ્યા છે, એજ.**

પરચા નં. ૧૪૦.

# જૂનાગઢ ધામ મંદિરમાં બાલમુકુંદ ભવનના વાસ્તુ-સમૈયાનું વર્ણન...

**પ્રગટ** ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણ ભગવાનને કર્મભૂમિ જૂનાગઢ ધામે સ્વામિનારાયણ મંદિરમાં શ્રીહરિ શરણાગતિ મંડળના ભક્તોએ મહારાજના નિવાસ માટે જે ભવ્ય અને દિવ્ય બાલમુકુંદ ભવનનું નિર્માણ કર્યું હતું તેના વાસ્તુ-સમૈયાનો જે ઉત્સવ ઉજવાયો હતો ત્યારે દેશ-વિદેશથી ભક્તો આવ્યા હતા ત્યારે પૂનાથી પણ ઘણા ભક્તો આવ્યા હતા. તેમણે કરેલું વર્ણન નીચે પ્રમાણે છે.....

સંવત ૨૦૪૨ને શ્રાવણ સુદ-૧૧ને તા.૨૬-૮-૮૫ને સોમવારે પૂના ફુગેવાડીથી જૂનાગઢ જવા માટે સવારે ૮ વાગ્યે અમો ૧૧ ભક્તો રવાના થયા. આ ૧૧ ભક્તો પૂના સ્ટેશન ગયા ને ત્યાંથી દશ વાગ્યાની ટ્રેનમાં બેસી રવાના થયા ને બોમ્બે સેન્ટર અમો બધા ત્રણેક વાગ્યે પહોંચી ગયા અને તે દિવસે પાછી અગિયારસ હતી તો ત્યાં સ્ટેશનની વીસીમાં બધા ભક્તો એ ફરાળ કર્યું ને ત્યાર પછી બે અઢી કલાક બધા સ્ટેશનમાં બેઠા. ત્યાં તો ટ્રેન પ્લેટફોર્મ પર આવી તરત જ બધા ભક્તો જૂનાગઢ જવા માટે ટ્રેનમાં બેઠા. પ્રગટ ભગવાનની કૃપાથી બધા ભક્તોને જગ્યા મળી ગઈ ને ૬-૨૦ કલાકે ટ્રેન ઉપડી ત્યાં એક અજાણ્યા ભક્ત અમારી બાજુમાં આવ્યા ને અમો એ તેને બેસવાની જગ્યા આપી અને તે સૂરત ઉતરવાના હતા ને નાની ઉંમરના હતા અને તેની પાસે બે પુસ્તિકા હતી અને તે પુસ્તિકા મહારાજે લખેલી હતી.

જ્યારે મહારાજ કાશીમાં ભણતા'તા ત્યારની લખેલી હતી. તે અમને બતાવી કે જુઓ આ પુસ્તકમાં કોઈને જલ્દી સૂઝ ન પડે તેવી છે. બહુ વખત વાંચે ત્યારે સૂઝ પડે તેમ છે, તો તમે જુઓ. અમોએ જોઈ ત્યારે તે પુસ્તક લગભગ પચાસેક વર્ષ પહેલાની લખેલી હતી. એક ગુજરાતીમાં અને એક ઈંગ્લીશમાં લખેલી હતી. ગુજરાતીમાં હતી તેનું નામ અભિનંદન ગ્રંથ ટુંકાણમાં હતું. તે થોડીવાર વાંચ્યું ને વાતો કરતા કરતા સમય નીકળી ગયો. ત્યાં તો વિરમગામ સ્ટેશન આવ્યું ત્યાં સ્ટેશનમાં સવારે નાહી-ધોઈને ટ્રેનમાં પૂજાપાઠ કરી ત્યાં તો ટ્રેન ઉપડી ને પછી સવારે નવ થી દસ વાગ્યા વચ્ચે બધા ભક્તો રાજકોટ સ્ટેશનમાં તા.૨૭-૮-૮૫ના રોજ ઉતર્યા. ત્યાંથી એસ.ટી. બસ સ્ટેન્ડે ગયા ત્યાં બસની રિઝર્વેશન ટિકિટ લઈ ૧૧ વાગ્યાની બસમાં બેઠા અને ત્યાંથી અમારી સાથે વંથલી તથા જીરાગઢના નવા ભક્તો

મળ્યા અને બધા સાથે જ જૂનાગઢ પહોચી ગયા અને બસ સ્ટેન્ડથી રિક્ષા કરીને બધા ભક્તો મંદિરે આવ્યા ત્યાં તો હેમંતભગત સામે જ મળ્યા અને બધાએ તેને જય સ્વામિનારાયણ કર્યા અને તેમણે ઉતારાની ચાવી લાવી આપી.

પછી પૂના શરણાગતિ મંડળ એક રૂમ તેમાં અમોએ ઉતારો કર્યો અને અમો બધા હેમંતભગત સાથે હાથપગ ધોઈ બપોરે જમવા માટે ભંડારમાં ગયા અને જમીને પછી મહારાજના જૂના નિવાસસ્થાને ગયા ત્યાં તો મહારાજ સૂતા હતા. ઊઠીને નાહી-ધોઈને પોતાના ભક્તોને દર્શન દેવા માટે આવ્યા ને પ્રસાદીનું જળ બધા પર છાંટ્યું. ને બધા પર મહારાજે પોતે પોતાનો વરદ હાથ મૂક્યો પછી મહારાજ પોતાના આસન પર બિરાજ્યા. પછી અમોએ મહારાજને દંડવત્, પ્રણામ કર્યા, પગે લાગીને મહારાજ સામે બેઠા ત્યારે મહારાજે પૂછ્યું કે, તમો બધા જમ્યા ત્યારે બધાએ હા પાડી. મહારાજે કહ્યું કે, શું ગાડીમાં જગ્યા મળી ગઈ હતી ને ? ત્યારે અમો બધાએ હા પાડી ને કહ્યું કે, તમારી કૃપા અને દયાથી જગ્યા તો મળી જાય ને !

પછી મહારાજે અમોને બધાને પ્રસાદી આપી ને બધાએ ખાધી છતાં પણ પ્રસાદી વધી. પછી મહારાજ બોલ્યા કે, હજી બીજી વખત લઈ લ્યો. ત્યારે બધા ભક્તોએ પ્રસાદી બીજી વખત ખાધી પછી વળી મહારાજ બોલ્યા કે, તમોને બધાને આમંત્રણ પત્રિકા મળી હતી કે નહીં ? ત્યારે બધાએ હા પાડી. મહારાજ થોડીવાર શાંત રહી મહારાજે પ્રગટ ભગવાનના દર્શન કરવાની રીત શીખવી તો કેમ ? (તો માનસીપૂજામાં મહારાજનું ધ્યાન કરવું ને મહારાજને સંભારવા અને વૃત્તિ ભગવાનમાં જ જોડી દેવી પછી જમણી આંખને જમણી બાજુ દબાવવાની પછી હળવે હળવે દબાવતા એકદમ જમણી બાજુના ખૂણા પર નજર લાવવાનીને જોવાનું ત્યારે એક દાળ જેવું પીળું ચક્કર દેખાશે પછી વૃત્તિ તો એક ભગવાનમાં જ રાખવાની બધી જગ્યાએથી વૃત્તિને સંકેલી એક પ્રગટ પ્રભુમાં વૃત્તિ જોડવાની અને પછી તો તે તલ જેવડા ચક્કરને જોવાનું. તેના મધ્યમાં ભગવાન સ્વયં દેખાશે.

પછી આંખ દબાવ્યા વગર બંધ આંખોની નજર નાકની દાંડી પર લાવવાની ને પછી ભગવાનમાં વૃત્તિ રાખીને માનસી પૂજા કરવી તો જ્યારે નાકની દાંડી પર ભગવાન દેખાશે ત્યારે ભગવાનને કહો હવે થોડા છેટા જાવ ત્યારે આસ્તે આસ્તે એકદમ છેટા જાય ત્યારે તે ભગવાન નાના દેખાશે. પછી મહારાજને કહેવાનું કે, હવે નજીક આવો. પછી મહારાજ નજીક આવે ત્યારે મહારાજને કહેવાનું કે, હવે તમે અહીં જ ઊભા રહો. હું દૂર જાઉં છું. પછી

આપણે દૂર જવાનું  પણ જ્યારે એકદમ મહારાજ નાના દેખાય ત્યાં સુધી જવાનું પછી પાછું મહારાજ પાસે આવવાનું તો જ્યારે આવી રીતે બધી જગ્યાએથી વૃત્તિ સ્થિર થઈ ભગવાનમાં જોડાય ત્યારે તમે આંખ બંધ કરો એટલે તરત ભગવાનનાં દર્શન થાય છે.

તો પછી તમારે કોઈએ મને કાગળમાં લખવું નો પડે કે, મહારાજ દર્શન દેજો, કૃપા કરજો. આટલી વાત કરી પછી બધા ભક્તો આનંદમાં આવી ગયા અને મહારાજ પણ બહુ જ રાજી થયા પછી અમારી પાછળ તો બીજા ઘણાં ગામના ભક્તો દર્શને આવ્યા હતા. તેથી મહારાજ કહે, હવે કામકાજ હોય તે કરો. ત્યારે અમો બધા કામકાજ હતું તેમાં લાગી ગયા, કોઈ ભક્તો સભામંડપમાં લાઉડસ્પીકર લગાવતા હતા. તેની મદદમાં લાગી ગયા, કોઈ ભક્તો ભંડારમાં કામકાજ ચાલું હતું ત્યાં કામમાં લાગ્યા અને કોઈ ભક્તો ફુલોના મોટા મોટા તોરણ બનાવવામાં લાગ્યા. ત્યાં તો સંધ્યા આરતીનો સમય થયો. બધા ભક્તો સાથે અમે પણ દેવોની આરતી માટે મંદિરમાં ગયા ત્યાં આરતી-દર્શન કરી અમો બધા ભક્તો ભંડારમાં જમવા માટે પહોંચી ગયા ને જમીને પછી કોઈ ભક્તો પોતાના ઉતારે ગયા અને કોઈ ભક્તો કાંઈ સેવાનું કામકાજ હતું તેમાં લાગ્યાં અમો બધા મહારાજના દર્શને ગયા ત્યાં મહારાજના દર્શન કરી અમો પૂના શરણાગતિ મંડળે બધા ભક્તોએ મળી મહારાજની પૂજા-આરતી કરી પ્રસાદ જમાડ્યો.

પછી બધા ભક્તોએ મહારાજ સાથે ફોટા પાડ્યા હતા અને પછી અમો બધાએ પોતપોતાની યથાશક્તિ મુજબ મહારાજને સેવા આપી ને કામ પૂરું થયું અને પછી તો પાછા બીજા ભક્તો મહારાજના દર્શને આવતા જ હતા તેથી મહારાજ બોલ્યા જે હવે જાઓ કાંઈ કામકાજ હોય તો કરો, ત્યારે બધા ભક્તો તથા અમે પણ મહારાજના નવા નિવાસસ્થાને (બાલમુકુંદ ભુવન)માં આવ્યા અને જેનાથી જે કામ થઈ શકે તે કામ કરવા લાગ્યા અને કોઈ ભક્તો મહારાજનો જે રૂમ હતો તેમાં યજ્ઞ કુંડ બનાવવા લાગ્યા. તો કોઈ ભક્તો ફુલોના હાર બાંધવા લાગ્યા. કોઈ ભક્તો લાઈટો લગાડવા લાગ્યા  કોઈક તો વળી ફુલોના તોરણો, કોઈ ભક્તો લાઈટોના તોરણો બાંધવા લાગ્યા અને કોઈક તો કેળના સ્તંભ અને આસોપાલવના પાનના તોરણો તથા ફુગાના તોરણો બાંધવા લાગ્યા. તેવી રીતે ફુગા, લાઈટ, ફુલોના તોરણોથી બાલમુકુંદ ભવનને અંદર અને બહારથી બહુ જ સારી રીતે શણગારી હતી. ત્યાંથી વીડિયો,કેમેરાવાળા ફિલ્મ ઉતારવા પહોંચી ગયા ને બાલમુકુંદ ભુવનના ફોટા લેવા લાગ્યા. કોઈક હરિભક્તો પોતાના કેમેરાથી પણ ફોટા પાડતા હતા અને પૂરા બાલમુકુંદ ભવનને

અંદર અને બહારથી શણગારીને પછી કોઈ ભક્તો પોતાના ઉતારે આરામ કરવા ગયા.

અમો અને કેટલાંક બીજા હરિભક્તો અગાશી પર ગયા ત્યાં કથા-વાર્તા કરી હતી. અને તે સમયે ગોવિંદજી મહારાજ પણ હાજર હતા અને પછી વાતો ચાલુ જ હતી કે, જામવંથલીથી કોઈ નાના નાના ભક્તો ચાલીને જૂનાગઢ આવ્યા આવી રીતે વાતચીત થતી હતી અને બધા ભક્તો બહુ જ આંદનમાં હતા. ત્યારે સર્વે શરણાગતિ મંડળ શ્રીહરિ પ્રગટ પ્રભુના કેફમાં જ હતા અને સમય ઘણો પસાર થઈ ગયો.

સવાર પડવાના સમયે બે કલાક બધા ભક્તોએ આરામ કર્યો કારણ કે, બીજે દિવસે સવારના એટલે કે તા.૨૮-૮-૮૫ના રોજ વાસ્તુનું મુહૂર્ત તથા હવન, ધૂપ, ધૂન, ભજનનો પ્રોગ્રામ હતો. માટે સર્વે ભક્તોએ બે કલાક આરામ કર્યો અને બીજે દિવસે સવારે તા.૨૮-૮-૮૫ની સવારે બે બસ આવી ગયા પછી નાહી-ધોઈને પૂજા-પાઠ વિધી કરી પહેલા તો કોઈ કોઈ ભક્તો પ્રગટ પ્રભુજીના દર્શન કરવા મહારાજના જૂના નિવાસસ્થાને ગયા ત્યાં મહારાજના ઓરડામાં જઈને બેઠા અને શાંતિથી મહારાજ દાતણ-પાણી કરીને નહાવા બેઠા ને પછી મહારાજ કહે કે, સૌ થોડો થોડો લ્હાવો લો. ત્યારે બધા ભક્તો વારાફરતી પાણીના લોટા ભરી ભરીને મહારાજને નવડાવવા લાગ્યા અને મહારાજ નાહીને પછી પૂજામાં બેઠા.

અમો બધા વારાફરતી એક પછી એક દર્શન કરતા ગયા અને પાછા બીજા ભક્તો હાજર હતા તેટલા બધાના મહારાજ સાથે બેસીને ફોટા પાડ્યા હતા ત્યારે મહારાજ ખૂબ રાજી થઈ બોલ્યા કે, હવે તમારે કોઈને જે કામકાજ હોય તે કરો. ત્યારે કોઈ ભક્તો મંદિરમાં દેવના દર્શને ગયા અને કોઈ કામકાજે સેવા કરવામાં લાગી ગયા ને સવારનો સમય હોવાથી બધાએ ચા-પાણી પીધા ત્યાં તો મહારાજ થોડીવારમાં મહારાજના નિવાસસ્થાનેથી મહારાજ દેવના દર્શને તથા પોતાના ભક્તોને દર્શન દેવા માટે મંદિરમાં આવ્યા અને મહારાજ મંદિરમાં આવ્યા ત્યારે વીડિયો કેસેટ ઉતારવાનું ચાલુ જ હતું ને મહારાજ દેવના દર્શન કરવા ગયા અને ત્યાંથી પોતાના બધા ભક્તોને દર્શન આપ્યા.

મહારાજ પ્રદક્ષિણા કરતા હતા, ભક્તો પણ સાથે હતા. મહારાજના ફોટા પાડ્યા હતા ને થોડીવાર પછી મહારાજ તથા બધા ભક્તો ગુણાતિતાનંદ સભા મંડપમાં આવ્યા અને મહારાજ સભામંડપમાં મંચ પર બિરાજ્યાં અને સૌ સંતોથી પહેલા બેઠા હતા ને તે સમયે સંતો પણ ઘણા હાજર હતા ને મહારાની બાજુમાં કોઈ પાછળ આવી રીતે બેઠા હતા.

શરણાગતિ મંડળના ભક્તો પછી શાના જાલ્યા રહે ? બધા ભક્તો ફોટા પાડવા માંડ્યા અને તે સમયે પણ વીડિયો કેસેટ ઉતારવાનું ચાલુ જ હતું. થોડીવારમાં તો એક સ્વામીજીએ સ્તુતિ બોલીને પછી ધૂન બોલાવવાનું ચાલુ કર્યું. ત્યાં તો કોઈ બે ભક્તો હતા તે બધા બેઠા હતા ત્યાં મહારાજ સામે નાચવા લાગ્યા પછી ધૂન પૂરી થઈ હતી પછી એક બીજા સ્વામીજીએ પ્રવચન ચાલું કર્યું હતું.

મહારાજને વિષે ઘણાં સંતોએ જય જયકાર કર્યો અને પછી મહારાજ પોતે પ્રવચન કરવા ઊભા થયા. જાણે કોઈ બેરિસ્ટર કે વડા પ્રધાન ઊભા હોય તેની જેમ પાછળ હાથ રાખીને પ્રવચન કરવા માંડ્યા. ત્યારે વીડિયો કસેટ તથા ફોટા તો પાડવાના ચાલુ જ હતા અને મહારાજના ગળામાં ગુલાબનો હાર બહુ જ હતા જાણે કે, હમણાં મહારાજ આગળ ઝૂકી જશે તેમ અને પ્રવચન કરી બધાને આશીર્વાદ આપ્યાને મહારાજ બહુ રાજી થયા હતા પછી મહારાજ પોતાના આસને બિરાજ્યા ત્યાં તો બધા ભક્તો તથા સાધુ-સંતો પણ તાળી વગાડવા માંડ્યાને ગડગડાટી બોલે પછી કોઈ બીજા સ્વામીજીએ પ્રવચન ચાલું કર્યું અને પેહલા તો વાત કરી કે, મને એક ભક્તે કહ્યું કે, તમે કૃષ્ણવલ્લભાચાર્યજીને કેવા માનો છો ? તો તે સ્વામીએ કહ્યું કે, હું તો પ્રત્યક્ષ પુરુષોત્તમ નારાયણ ભગવાન જ માનું છું. આટલું બોલ્યા ત્યાં તો તાળીઓનો ગડગડાટ થયો. જે માણસને પોતાની જિંદગીમાં હસતો નહીં જોયો હોય તે માણસ આજે આ સભામંડપમાં હર્ષના આંસુડા પાડવા લાગ્યા હતા. તો આ બધું પ્રગટ પ્રભુજીની કૃપા અને મહારાજનો રાજીપો બહુ જ હતો. બાલમુકુંદ ભવનનું કામ ચાલું થયું હતું ત્યાંથી પૂરું થયું ત્યાં સુધીમાં મહારાજ પોતે ક્યારેય બાલમુકુંદ ભવનમાં ગયા જ નહોતા પણ આજે તા.૨૮-૮-૮૫ના રોજ હવન તથા મુહૂર્ત હતું તેથી જવાના છે.

આમ એક સ્વામીજીએ વાત કરીને બેસી ગયા અને પછી થોડીવારમાં પ્રવચન પૂરું થયું ને મહારાજ પોતે પોતાના હાથે સાધુ તથા શરણાગતિ મંડળના ભક્તોને તથા બીજા ઘણાં ભક્તોને હાર પહેરાવ્યા અને પછી સભા વિસર્જન થવાના સમયે મહારાજને બધા પગે લાગતા હતા. ત્યાં પ્રભુજીએ ક્યું પ્રકરણ ચલાવ્યું કે તરત જ બધા ભક્તો એકી સાથે ઊઠ્યા અને મહારાજ કહે આજ લાભ લઈ લ્યો. ત્યાં તો બધા ભક્તો મહારાજને હાથ લગાડવા માટે ઉપરા ઉપર પડે. જાણી ભગવાને કોઈ જ બીજી રીતની દૃષ્ટિ કરી હોય ને તેવું વાતાવરણ થઈ ગયું અને હેમંતભગત તથા કોઠારી સ્વામી ના પાડે પણ પછી ભક્તો શાના જાલ્યા રહે ?

માંડ માંડ બધા ભક્તોએ મહારાજને છોડ્યાં પછી મહારાજ પોતાના નિવાસસ્થાને

ગયા પછી ભક્તો મંદિરમાં આરતી કરી બપોરે બધા સંતો જમવા બેઠા અને પેલી બાજુ બાલમુકુંદ ભવનમાં હવન, ધૂપ તથા પૂજા વિધિ ચાલુ કરી ત્યાં મહારાજ આવ્યાં હતા. પછી મહારાજે પણ અગ્નિ દેવની આરતી ઉતારી હતી અને હવનના મુહૂર્તમાં પૂજામાં હરિકૃષ્ણ ભગવાનજીભાઈ જાવીયા તથા જામનગરના ભક્ત આ બે ભક્તો પૂજામાં બેઠા હતા તેના પણ ફોટા પાડી વીડિયો ઉતાર્યા હતા. પૂજા પૂરી થયા પછી મહારાજે બ્રાહ્મણોને દક્ષિણા આપી ને બધાને આશીર્વાદ આપીને પછી મહારાજ પોનાના ઉતારે ગયા અને આ બાજુ મંદિરમાં સભામંડપમાં સંતો જમ્યા પછી બધા હરિભક્તો જમ્યા અને મહારાજ તરફથી બધા સંતોને એક એક થાળી-વાટકો (અક્ષયપાત્ર) ભેટ આપ્યો હતો અને જે ભક્તોએ બાલમુકુંદ ભવન માટે જેણે સેવા આપી હતી તેને પણ એક એક થાળી-વાટકો (અક્ષયપાત્ર) પ્રસાદીનો મહારાજ તરફથી આપ્યો હતો ને સમૈયો પૂરો થયો હતો અને બપોર પછી કોઈ ભક્તો દામોદર કુંડે તો કોઈ નારાયણ ધરે નાહવા ગયા હતા.

સાંજે આરતી કરીને પછી જમી આવીને મહારાજના દર્શને આવ્યા હતા. ત્યાં પણ મહારાજે ઉપદેશની ઘણી વાતો કરી અને બધા ભક્તો આનંદમાં આવી ગયા. પછી મહારાજ બહુ જ રાજી થયા હતા પછી બધા ભક્તો પોતપોતાને ઉતારે ગયા અને સૂઈ ગયા પછી સવારે તા.૨૯-૮-૮૫ના રોજ ઊઠીને નાહી-ધોઈ, પૂજા-પાઠ, નિત્યવિધિ કરી મહારાજના દર્શન કરી આવ્યા પછી તો બસ ઉપડવાનો સમય થઈ ગયો હતો. વંથલીની બે બસ તથા રાજકોટની બે બસ કુંકાવાવ જવા માટે નીકળી ત્યારે મહારાજે સર્વે સેવકો, ભક્તોને ઘણાં સમય સુધી દર્શન આપ્યા હતા ને પછી બધા ભક્તોએ રજા લઈને બસ ઉપાડી પછી અમો બધા પૂના મંડળવાળા પણ પોતાના સમય પ્રમાણે રજા લઈને જવા માંડ્યા આવી રીતે આ બાલમુકુંદ ભવનનાં વાસ્તાના સમૈયામાં મહારાજના લીલા ચરિત્ર દર્શન સાથે રાજીપાથી સમૈયો પૂરો થયો હતો.



પરચા નં. ૧૪૧.

# પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની સ્વધામગમન લીલા

**પરમધામાધિપતિ** પરબ્રહ્મ અવતારી અનાદિ શ્રીકૃષ્ણનારાયણ અનંત જીવાત્માઓના કલ્યાણને માટે કુંકાવાવની પવિત્ર ભૂમિ પર પટેલ દેવાણી કૂળમાં માતા કંભરાલક્ષ્મી અને પિતા ગોપાલકૃષ્ણના ખોળે તા.૨૧-૧૦-૧૯૦૫ના આસો વદ-૮ના શુભદિને બ્રહ્મ મુહૂર્તમાં પ્રગટ થયા. આ પૃથ્વી પર મહારાજ સંતરૂપે ૮૧ વર્ષ, ૪ માસ, ૯ દિવસ રહ્યા અને મહારાજ પોતાની કર્મભૂમિ જૂનાગઢ ધામે સ્વામિનારાયણ મંદિરમાં બાલમુકુંદ ભવનમાં તા.૨૮-૨-૧૯૮૬ના મહા વદ-૪ના દિને સ્વતંત્ર રીતે પરમધામ સીધાવ્યા.

મહારાજે ધામમાં જતાં પહેલાં અનેક સંતો તેમજ ભક્તોને પણ ઘણાં સ્થળોએ દર્શન આપી અલૌકિક સંકેતો આપ્યા હતા કે, હું હવે મારા પરમધામમાં મારી ઇચ્છાથી જઈ રહ્યો છું. તેમજ મહારાજે ધામમાં ગયા પછી પણ ઘણાં મુક્તભક્તોને દર્શન આપી આશ્વાસન આપ્યું હતું કે, હું ભલે પરમધામમાં ગયો છું પણ છતાંય મારી મૂર્તિ, મારા શાસ્ત્ર, મારા મંદિર અને મારા સંતો-મુક્તોમાં પ્રગટ જ છું... આ તમામ લીલાનું વર્ણન નીચે પ્રમાણે છે.

તા.૨૭-૨-૧૯૮૬ના રોજ જામનગરથી પ્રગટ ભગવાનના પરમ એકાંતિક ભક્તરાજ ઓધવજીભાઈ ટપુભાઈ મનાણી તથા તેમના ધર્મપત્ની દયાબેન દર્શન-સેવા માટે જુનાગઢ મંદિરે આવેલા હતા. જામનગરથી થેપલા તથા પકવાન બનાવી સાથે લાવેલા તે મહારાજ જમ્યા અને ખૂબ જ રાજી થયા. આખો દિવસ મહારાજની સેવા કરી, તે જ દિવસે બપોરના સમયે જીરાગઢવાસી ભક્તરાજ રામજી તુલસી ટાંક તથા તેમના ધર્મપત્ની ધનીબેન પણ દર્શન-સેવાનો લાભ લેવા માટે આવેલા હતા. મહારાજે કૃપા કરીને ભક્તોનો સંકલ્પ અંતર્યામીપણે જાણ્યો અને મહાદિવ્ય લાભ મહારાજના વસ્ત્રો ધોવાનો અમને આપ્યો. ભક્તો દર્શન કરી, સેવા કરી, સુખ લઈને રાજકોટ જતા રહ્યા. સાંજના પાંચ વાગ્યા છે, ઓધવજીભગત ભગવાનની સેવા કરે છે જ્યારે જ્યારે ઓધવજીભગત મહારાજનાં દર્શન માટે આવે ત્યારે મહારાજ રાજી થઈને ભક્તની ભાવના અને પ્રેમભક્તિ જોઈને બે દિવસ રોકાવાનું કહેતા. ઓધવજીભગત પણ આનંદથી મહારાજ કહે તે પ્રમાણે રોકાઈને સેવાનો દિવ્ય લાભ લેતા. મહારાજનો રાજીપો તેમના ઉપર ખૂબ જ હતો.

એવા એકાંતિક ભક્ત ઓધવજીભગત જ્યારે દર્શન માટે આવે ત્યારે સવારે વહેલા

પાંચ વાગ્યે દર્શન સેવા માટે મહારાજ પાસે પહોંચી જતાં ને મહારાજને સ્વહસ્તે નવડાવતા. મહારાજ પૂજામાં બેસે ત્યારે પ્રત્યક્ષ મહારાજની આરતી ઉતારતા. તેમ આજે પણ સવારે એ બધો લાભ મળશે, એવા વિચારોમાં સેવા કરતા હતા. ત્યારે ઘડિયાળમાં સાડા પાંચના ડંકા પડ્યા, એટલે મહારાજ બોલ્યા, ઓધા તે ઘણી સેવા કરી, અમે તારા ઉપર ખૂબ જ રાજી છીએ એમ કહી બાથમાં લઈને ભેટ્યા ને વાંસામાં થાપા માર્યા ને કહે, ''ઓધા હવે તારી બસ રાહ જૂએ છે.'' આ મહા મર્મભર્યા મહારાજના વચન સાંભળી ઓધવજીભગત તો સ્તબ્ધ થઈ ગયા. બસ તો પાંચ વાગ્યે ઉપડી જાય છે ને છતાં મહારાજની આજ્ઞા પ્રમાણે અમે બસ સ્ટેન્ડ ઉપર ગયા તો ખરેખર પાંચ વાગ્યાની જામનગરની બસ સાડા પાંચે આવેલી અમે ભક્તો પહોંચ્યા તો બસ ઉપડવાની તૈયારી હતી. ભક્તો બેઠાને બસ ઉપડી. ભક્તો જામનગર પહોંચ્યા પણ રસ્તામાં વિચારો કરતાં રહ્યા જે દર વખતે મને મહારાજ બે દિવસ રોકતા ને આ વખતે અચાનક જ ઘરે જવાની આજ્ઞા કરી તે કંઈ સમજાતું નથી, પણ મહારાજે જેમ ધાર્યું તેમ ખરું. દર્શનાર્થે આવેલા ભક્તો મહારાજની આજ્ઞા થતા, પોત પોતાને ઘેર જતા રહ્યા છે.

મહારાજ નિત્ય નિયમ પ્રમાણે સાંજે આરતીમાં ગયા. મંદિરમાં દર્શન કરી, પ્રદક્ષિણા કરીને જ્યાં અઢાર અઢાર વર્ષથી પ્રથમ આસને બિરાજતાં તે શ્રી ગુણાતીતાનંદ સભામંડપમાં આવીને મહારાજ નિજાસને બિરાજમાન થયા છે. સર્વે સંતો, સત્સંગીઓ મહારાજને દંડવત્ પ્રણામ કરી, ચરણસ્પર્શ કરી પોતપોતાના આસને બેસે છે. તે સમયે ગામ લીંબુડાના ગોરધનભાઈ નામના હરિભક્ત દર્શન માટે આવ્યા છે. મહારાજને દંડવત્ કરી, પૂછ્યું કે, 'મહારાજ હવે આપને કેમ છે ?' ત્યારે મહારાજ બધા સાંભળે તેમ કહે, ગોરધનભાઈ આવતી કાલનો સુર્ય ઉદય થશે અને આ સુર્ય અસ્ત થશે. આ વાત જેણે જેણે સાંભળી તેઓ નિત્ય નિયમ કથા પૂર્ણ થયે પોતપોતાના સ્થાને ગયા ને સૌએ વિચાર્યું કે, સ્વામી આજે શું બોલ્યા તે કંઈ સમજાયું નહીં. આમ મહારાજે પોતાની મર્મ વાણીની ખરી ખબર કોઈને પડવા ન દીધી.

મહારાજ પણ હવે પોતાના નિવાસસ્થાને પધાર્યા છે. તા.૧૮-૨-૧૯૮૬નાં રોજ દેવપ્રકાશ સ્વામી તથા ગઢડાનાં હરિકૃષ્ણદાસજી પુરાણી સ્વામી તથા જામવંથલીમાં બંધાઈ રહેલ ફુલવાડી મહામંદિરમાં મધ્ય શિખરમાં જે મૂર્તિ પધરાવવાની છે, તે મહામંદિરના કાર્યસંચાલક હિરજી પેથા ચૌહાણ, આદિક ભક્તો મહારાજની આજ્ઞાની મૂર્તિનાં ઓર્ડર માટે

મથુરા ગયા હતા. તેઓને પણ મહારાજે અંતર્યામીપણે પ્રેરણા કરી કહ્યું કે, કામ પતાવીને હવે બીજે રોકાશો નહીં, જૂનાગઢ આવતાં રહો. તેથી તેઓનું મન પણ ક્યાંય જવા માન્યું નહીં ને, પોતાના આત્મામાં કોઈક ખેંચી રહ્યું છે એવી અનુભૂતિ થવાથી જલ્દી જૂનાગઢ પહોંચી ગયા છે.

તે રાત્રે દરરોજ સાંજે નિયમથી મહારાજની સેવામાં ત્રણ બાળકો-ભક્તો હતા. તે દરરોજ સેવા કરતાં હતાં. કોઈ મહારાજનાં ચરણ દબાવે, કોઈ મહારાજના હાથ દબાવે, કોઈ મસ્તકથી કેડ સુધી વાંસો દબાવે. આમ સેવા કરતાં હોયને મહારાજ હિન્દીમાં બાળભક્તોને ત્રણ દિવસથી વાતો કરે ને આનંદ ઉપજાવે. ત્રણ દિવસથી મહારાજ કહેતા જે 'બંદા તીન દિન કા મહેમાન હૈ.' બીજા દિવસે કહે, 'બંદા દો દિન કા મહેમાન હૈ.' આજે ત્રીજો દિવસ છે, ભક્તો સેવા કરી રહ્યા છે, નાના-નાના ભક્તોને તો મહારાજ હિન્દીમાં બોલેને, લટકા કરે એટલે મજા આવે પણ આજે તો મહારાજ બાળકભક્તો ઉપર ખૂબ રાજી થઈને, પતાસા, લાડું પ્રસાદી આપીને ભક્તોનાં મસ્તક ઉપર હાથ મૂકીને, ખૂબ જ રાજી થયા ને બોલ્યા જે. 'ખૂબ ખૂબ સુખી થાઓ, મારા વ્હાલા પ્રિય ભક્તો તમે ખુબ સેવા કરી છે, અમે તમારા ઉપર ખૂબ રાજી છીએ. એમ કહી હિન્દીમાં બોલ્યા જે, 'બંદા આજ કા મહેમાન હૈ'. આમ કહીને બાળકોને સૂઈ જવા કહ્યું. ભક્તો સેવા કરી પ્રગટ ભગવાનના મહા આશીર્વાદ, રાજીપો લઈને જતાં રહ્યાં.

ત્યારે મથુરાથી મૂર્તિનો ઓર્ડર આપવા ગયેલા સંતો દેવપ્રકાશ શાસ્ત્રીજી તથા ગઢડાવાળા પુરાણી હરિકૃષ્ણદાસજી સ્વામી મહારાજ પાસે પધાર્યાં. દંડવત્ પ્રણામ કરી મહારાજની સમીપમાં બેઠા છે. મૂર્તિ માટેની હકીકતો વિસ્તારપૂર્વક કહીને કહ્યું, મહારાજ મૂર્તિનું કામ મથુરામાં બહું સારું કરે છે. મહારાજ વાતો સાંભળીને ખૂબ જ રાજી થયા ને બોલ્યા જે 'તમે પણ ટાણે પહોંચી ગયા તે પણ સારું થયું.' એમ કહી આશીર્વાદ આપ્યા ને બોલ્યા જે 'તમારા ધારેલા કાર્યો, તમારા આદરેલા કાર્યો ખૂબ જ સારી રીતે સફળ થાઓ. અમો ખૂબ જ રાજી છીએ.' આવી વાતો કરતાં જાયને મહારાજ અતિ આનંદમાં હસતાં જાય ને લટકા કરતાં જાય તે મૂર્તિ હરિકૃષ્ણદાસજી પુરાણી તથા દેવપ્રકાશ શાસ્ત્રીજીનાં હદયમાં ઉતરી ગઈ. તેઓ એ મહારાજને અલૌકિક આનંદમાં, બીજા દિવસો કરતાં આજે કાંઈક ઘણાં વધારે આનંદમાં જોયા. એટલે તેમણે તો મહારાજને પૂછી જ નાખ્યું જે, મહારાજ તમે આજે ખૂબ જ આનંદમાં જણાવ છો. એટલે મહારાજ બોલ્યા, પુરાણી હું તો સદા આનંદઘન

છું, સદા પ્રસન્ન છું, કહો જોઈ તમને કોઈને હું કોઈ દિવસ વઢ્યો છું ? પુરાણી સ્વામી કહે, ના મહારાજ તમે તો સદા આનંદમાં રહો છો, પણ મને આજે તમે વધારે આનંદમાં લાગ્યા, એટલે તો પૂછી નાખ્યું.

આમ મહારાજની સાથે આનંદથી વાતો કરતાં કરતાં રજા લઈને ઊભા થવા જાય છે ત્યાં દેવપ્રકાશસ્વામીને રાજકોટથી એક સોની ભક્તનાં ડોસીમાં એ એક કિલો દ્રાક્ષ મહારાજને જમવા માટે મોકલાવેલ તે યાદ આવતા તે થેલીમાંથી કાઢીને મહારાજને આપી. તે લૂમમાંથી મહારાજે એક દાણો દ્રાક્ષનો હાથમાં લઈને મોઢામાં મૂકતાં પહેલાં બોલ્યા જે વિશ્વંભર તૃપ્ત થાઓ, એમ કહી દ્રાક્ષનો દાણો જમ્યા ને બાકીની બધી દેવપ્રકાશ સ્વામીને પાછી આપીને કહે, હવે તમે સંતો જમજો. આમ વાતો કરતાં કરતાં બંને સંતો મહારાજને પગે લાગી 'જય સ્વામિનારાયણ' કહીને ઊઠ્યા અને ચાલવા લાગ્યા, ત્યાં મહારાજ પણ ઊઠ્યાને સાથે ચાલ્યા ને બે-ચાર ડગલાં ભરીને પછી બોલ્યા જે 'આકાશના દેવ આકાશમાં જાઓ.' આ દિવ્ય મર્મ ભરેલી વાત સાંભળી પુરાણી હરિકૃષ્ણદાસજી થંભી ગયા. પણ મહારાજે તેમની બુદ્ધિ શક્તિ હરી લીધી હોય તેમ વિચારવા કે ખુલાસો માંગવા સમર્થ ન થયા. ઘણી વખત મહારાજ ઓચિંતા મહામર્મ ભરેલી વાતો કરતાં, તે વાતોનો ખુલાસો પણ સ્વામી તુરત જ મહારાજ પાસે માંગતા. પણ ખરેખર ! આજે મહારાજે તેમની વિચારધારા હરી લીધી છે. જાણે મહારાજે કાંઈ જ નથી કહ્યું એવા અનુસંધાન સાથે પુરાણી સ્વામી જતા રહ્યાં છે.

હવે રાત્રીના દશ થવા આવ્યા છે, ત્યારે એક અદ્‌ભૂત તેજસ્વી વ્યક્તિ મહારાજનાં નિવાસરૂમના દરવાજા સામે સીડી પાસે એક પીલોર પાસે ઓઠિંગણે ઉભેલા છે, તેમનો પહેરવેશ, વસ્ત્રો પીતાંબર રંગના છે. મોઢા આગળ એક પીળો રૂમાલ રાખીને મોઢું ન દેખાય તેમ ઊભા છે. ચમકદાર મોજડી પહેરેલી છે, તે જ વખતે એક પગમાં ફેકચર થયેલા એક સાધુની સેવા માટે ગઢડાથી આવેલા વાલજીભક્તની નજર તે આશ્ચર્યકારક વસ્ત્રધારી વ્યક્તિ તરફ ગઈ. તેમણે પૂછ્યું કે, ભાઈ તમારે કોનું કામ છે ? તે દિવ્ય વ્યક્તિ (પરમધામથી પધારેલા પરમધામના મુક્ત) કહે, 'મારે મહારાજને મળવું છે.' વાલજીભગત કહે, આ રૂમમાં જુઓ અંદર મહારાજ બેઠા છે, દર્શન કરી આવો. આ જવાબ દઈને વાલજીભગત તો જલ્દી જલ્દી ઉતાવળાં દેવપ્રકાશ સ્વામી તથા કોઠારી સ્વયંપ્રકાશદાસજી પાસે જઈને વાત કરી જે કોઈ અજાણ્યો માણસ વિચિત્ર વસ્ત્રો, પીળા પિતાંબર પહેરીને પીલોર પાસે ઊભો હતો, ને મહારાજના રૂમમાં ગયેલ છે. તે સાંભળી બધાં સંતો આશ્ચર્ય સાથે મહારાજનાં રૂમ તરફ

દોડી ગયા છે. મહારાજનાં રૂમનો દરવાજો ખુલ્લો રહેતો તેથી જોયું તો, તે પિતાંબરધારી પુરુષને મહારાજનાં કાનમાં કંઈક વાત કરતાં જોયા, એક મિનિટ પછી મહારાજ તે પુરુષનાં કાનમાં હળવેથી ગુપ્ત વાતો કરતાં હોય તેમ પણ જોયું. બંને ખભે ખભા મિલાવીને પરસ્પર વાતો કરે છે. તે જોઈને સંતોને થયું કે, આ તો કોઈ મહારાજનાં ખાસ અંગત ભક્ત હશે. માટે કાંઈ મુંઝાવા જેવું નથી.

એમ કહી વાતો કરતાં કરતાં જતાં રહ્યાં. આ તો મહારાજનાં ખાસ ભક્ત હશે, પણ ક્યાં ગામનાં છે તે હું પૂછી લઈશ. તે વાતો કરતાં હોય ત્યારે વચ્ચે આપણે જવાય નહીં, તો પણ વાલજી તું થોડીવારે ચક્કર મારજે અને એ બહાર આવે એટલે મને કહેજે તેથી હું અહીં નીચે દરવાજા પાસે રાહ જોઈને બેઠો છું. એમ કહી કોઠારી સ્વામી સીડીના પગથિયાં ઉતરી ગયા. સાડા દસ થવા આવ્યા છે, વાલજીભગતે આવીને જૂએ તો હજી વાતો કરે છે. વળી થોડીવારે પાછા જૂએ તો મહારાજને દરવાજો બંધ કરતાં જોયાં. પરંતુ તે વ્યક્તિને કે ચમકદાર મોજડીને ન જોઈ, એટલે દોડીને એક શ્વાસે નીચે ઉતરીને કોઠારી સ્વામીને પુછ્યું, પેલા પિતાંબરધારી પુરુષને તમે જોયા. તે ક્યાં ગામના હતાં ? કોઠારી સ્વામી કહે, પણ અહીંથી કોઈ નીકળ્યું જ નથી. તે હજી ઉપર જ છે. હું ખાસ એટલે તો અહીં જ બેઠો છું. પણ સ્વામી ઉપર કોઈ નથી. નથી તે પુરુષ કે નથી તેની મોજડી, તો ગયા ક્યાં ? દરવાજો બંધ કરી બધા ઉપર ગયા. જુએ તો વાલજીની વાત સાચી. પણ હવે તો આશ્ચર્ય સાથે એક-બે-ત્રણ એમ ત્રણે માળ, રૂમો, બાથરૂમો બધું જ જોઈ નાખ્યું, પણ કોઈ ન મળ્યું. હવે તો મહારાજ પણ પોઢી ગયા તો તેને પણ કેમ જગાડાય ? મહાઅદ્‌ભૂત વ્યક્તિ, અદ્‌ભૂત વસ્ત્રો, અદ્‌ભૂત આશ્ચર્ય સાથે ગાયબ થઈ ગયાં. તે આશ્ચર્યમાં મોડી રાત્રે અમે સૂતા. બાલમુકુંદ ભવનનું પ્રવેશદ્વાર કોઠારી સ્વામી દરરોજના ક્રમ પ્રમાણે તાળું મારીને ચાવી પોતાની પાસે રાખીને જાગતા સૂતા છે. નીંદર તો આવી જ નથી, માળા ફેરવતા ફેરવતા જાગતા હતા.

●●●

**તા.૨૭-૨-૧૯૮૬ રાત્રીના સમયે અનેક સ્થળોએ પોતાના વ્હાલા ભક્તોને મહારાજે સ્વધામગમન પહેલા દિવ્ય દર્શન આપ્યા છે. તે પરચા નીચે પ્રમાણે છે...**

જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરમાં સાડા ત્રણ વાગે નવા નિયુક્ત કરેલા મંદિરના ચોકીદાર નાથાભાઈ પરમારે ગુણાતિતાનંદ સભાખંડમાં મહારાજને વહેલી સવારે દંડવત્

પ્રણામ કરતાં જોયા. આટલા બધાં વહેલા કોણ આવ્યા હશે ? એમ જાણી મહારાજની એકદમ નજીક આવીને જોયું તો મોટા શાસ્ત્રીજી મહારાજ પોતે હતા. ચોકીદારે મહારાજના ચરણસ્પર્શ કરી વંદન કર્યા ને 'જય સ્વામિનારાયણ' કહ્યાં, ને કહ્યું આજે આટલા બધાં વહેલા કેમ સ્વામી ? એટલે મહારાજ બોલ્યા કહે, તમે મને ઓળખી ગયા, એટલે ચોકીદાર કહે, તમને કેમ ન ઓળખું સ્વામી ? તમે આ મંદિરમાં મોટા સ્વામી છો. તમારા દર્શન કરવા દેશ-વિદેશથી અનેક ભક્તો કાયમ આવે છે, તમને બધાં સંતો પગે લાગે છે ને ગુલાબનાં હાર તમોને પહેરાવે છે, તમને કેમ ન ઓળખું સ્વામી ! તે સાંભળીને મહારાજ બોલ્યા કે, તમે અમને ઓળખી ગયા હો તો સુખી થાઓ. એમ આશીર્વચન બોલ્યા ને તે જ ક્ષણે હવામાં જેમ કપડું ઊડે તેમ મહારાજ હવામાં દિવ્ય સ્વરૂપે ઊડ્યા ને સીધા ત્રિશિખર મંદિર ઉપર ગયા. આ જોઈને ચોકીદાર નાથાભાઈને થયું કે મારી ૬૫ વર્ષની ઉંમરમાં આવા ચમત્કારી સંત તો કોઈ જોયા નથી. આ સ્વામી આવા મોટા સમર્થ હશે તે આજે મેં જોયું. માટે સ્વામી પાસે દેશ-વિદેશથી અનેક ભક્તો આવે છે તે કાંઈ અમથા નહીં આવતા હોય. પણ મંદિર ઉપર સ્વામી ગયા છે, તો શું કરતાં હશે ? એમ વિચારી ભંડાર તરફ થઈ બાજુમાં હવેલીનાં ઊંચા પગથિયાં ઉપર ચઢીને જોયું તો મહારાજ પ્રદક્ષિણા ફરતાં હતાં. બરાબર ચાર પ્રદક્ષિણા ફર્યા ને ત્યારપછી નજરે જોવામાં ન આવ્યા. તો સ્વામી અચાનક ક્યાં ગયા હશે ? એ જ સમજણ ન પડી. સવારે બીજા સંતોને વાત કરી કે, આજે રાત્રે સાડા ત્રણનાં સમયે આવો અદ્‌ભૂત ચમત્કાર મેં નજરો નજર જોયો. આ વાત સાંભળીને બધાં આશ્ચર્યમાં પડી ગયા કે આ તો દિવ્ય અલૌકિક જ વાત કહેવાય.

તે જ રાત્રીએ સાડા ત્રણ વાગ્યે બાલમુકુંદ ભવનની સામેનાં મકાનમાં પરીક્ષા આવતી હોવાથી આખી રાત્રી વિદ્યાર્થીઓ અભ્યાસ કરતાં હતાં. તેમને મહારાજના દર્શન બાલમુકુંદ ભવનની અગાસી ઉપર થયાં. મહારાજ હાથમાં માળા ફેરવતાં ફેરવતાં આંટા મારતા હતા. મહારાજને જોઈને વિદ્યાર્થીઓ અરસપરસ વાતો કરવા લાગ્યા કે અત્યારે આટલા વહેલા કેમ સ્વામી આંટા મારતા હશે ? કોઈ દિવસ સ્વામીને આ અગાસી ઉપર તો જોયા નથી. પણ ખરેખર મહારાજે આવા દિવ્ય દર્શન આપીને બધાને મહાઆશ્ચર્યમાં મૂકી દીધા.

એજ રાત્રે જૂનાગઢમાં રહેતા એક વૈષ્ણવ ભક્તને મહારાજે દિવ્ય દર્શન આપ્યાં. આકાશમાં વિમાનો દેખાયા, જય જયકાર સંભળાયો, અક્ષરમુક્તોનાં દર્શન થયા સાથે મહારાજનાં દર્શન થયાંને કહ્યું, અમો ધામમાં જઈએ છીએ. એમ કહી અદૃશ્ય થઈ ગયા.

તેમણે સવારે સાડા પાંચે બાજુમાં રહેતાં સત્સંગી હરિભક્તને વાત કરી કે, મને રાત્રે આવા દર્શન થયાં તો શું મોટા શાસ્ત્રીજી મહારાજ કાંઈ બીમાર હતા ? તે સાંભળીને હરિભક્તને આશ્ચર્ય થયું અને કહ્યું, હજું સાંજે તો મેં મંદિરમાં દર્શન કર્યા, સ્વામી તો મજામાં સાજા-નરવા છે. એ વાત કોઈ 'દિ ન બને ! વૈષ્ણવ ભક્ત કહે, હોય તે ખરું ! પણ આ તો મેં નજરે જોયું ને તમને કીધું.

તા.૨૭-૨-૧૯૮૬ સવારે ચાર વાગ્યે મહારાજે જામનગર સ્વામિનારાયણ મંદિરમાં સ્વામી ઘનશ્યામદાસ શાસ્ત્રીજીનાં એક શિષ્યને દર્શન આપ્યા. તે શિષ્ય ભક્તને મહારાજ પાસે સંસ્કૃત ભણવાની ઈચ્છા હતી. તે ઘણીવાર ઘનશ્યામ સ્વામીને કહેતા જે મારે તો મોટા શાસ્ત્રીજી મહારાજ પાસે સંસ્કૃત શીખવા જવું છે, એના સંકલ્પ પ્રમાણે મહારાજે દર્શન આપી કહ્યું કે, ભગત તમારે સંસ્કૃત શીખવા આવવું છે પણ મારે તો ધામમાં જાવું છે. આ વાત તેમણે સવારે ઊઠીને પોતાના ગુરુ ઘનશ્યામ સ્વામીને કરી કે, આમ દર્શન આપીને મને મહારાજ કહી ગયા. સ્વામી તો વઢવા લાગ્યા છે ખબરદાર બીજાઓને આ વાત કરી છે તો. શાસ્ત્રીજી મહારાજની આવી વાતો ન કરાય. પણ સવારે છ વાગ્યા પછી જુનાગઢ મંદિરેથી મહારાજ ધામમાં ગયા છે, આ મહાઆશ્ચર્યની વાત જાણીને તેઓ ભગત પાસે માફી માંગીને કહેવા લાગ્યા જે, તું ખરેખરો ભક્ત છો, તો તારી ઈચ્છા અને ભક્તિ પ્રમાણે મહારાજે ધામમાં જતાં પહેલાં તને દર્શન આપ્યા.

નાસિકમાં સ્વામિનારાયણ મંદિરમાં સવારે મંગળા આરતીમાં બાજુમાં જ રહેતા સર્વે ભક્તો દર્શન માટે ગયા તો સર્વે ભક્તોને હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ ઝાંખીને શ્યામ થઈ ગયેલી દેખાઈ. તેથી મંદિરમાં જ વાતો કરવા લાગ્યા કે આજે ભગવાનની મૂર્તિમાં તેજ કેમ નથી ? શ્યામ દેખાય છે, દરરોજ તો કેવી તેજસ્વી મૂર્તિ હોય છે, આજે આમ કેમ હશે ? ખરેખર કોઈને ખબર નથી કે આ બધું શું થાય છે ? મહારાજ સર્વત્ર પોતે સ્વધામ પધાર્યાના એંધાણ આપી રહ્યા છે.

જામજોધપુરમાં સ્વામિનારાયણ મંદિરમાં શાસ્ત્રી સ્વામી ભગવત્‌ચરણદાસજીનો સંકલ્પ હતો કે, મારે અહિં મંદિરમાં શ્રીજી મહારાજની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા વિધિ મોટા શાસ્ત્રીજી સ્વામી પાસે કરાવવી છે. તો તેમનો સંકલ્પ પૂરો કરવા દિવ્ય સ્વરૂપે મહારાજ જામજોધપુર પધાર્યા છે, બરાબર સવારના ચાર વાગ્યે સાક્ષાત દર્શન આપીને સ્વામીને જગાડ્યા. સ્વામી તો મહાઆશ્ચર્યની સાથે જ બોલી ઊઠ્યા, અરે સ્વામી તમે ક્યારે પધાર્યા, કોણ-કોણ પધાર્યા,

બહુ કૃપા કરી. મહારાજ કહે, મૂર્તિ પ્રતિષ્ઠા કરવા આવ્યા છીએ. બીજી વાતોનો ટાઈમ નથી, જલ્દીથી આરતીનો સામાન તૈયાર કરી લઈ આવો. સ્વામી તો જલ્દી જલ્દી હાથ-પગ-મોઢું ધોઈને આરતી માટે થાળી તૈયાર કરી વાટો મૂકીને લાવ્યા. મૂર્તિ પાસે આવ્યા તો કોઈ ન દીઠા. એટલે આશ્ચર્ય થયું ને દોડીને મંદિરના દરવાજા પાસે ગયા તો મોટું તાળું મારેલું છે, મંદિરમાં કોઈ જાગ્યું નથી. તો વિચારવા લાગ્યા કે, અરે સ્વામી આવ્યા ક્યાંથી ને ગયા ક્યાંથી ? કાંઈ સમજણ ન પડી. મને શું આજે કોઈ ભ્રમ તો નહીં થયો હોય ને, પણ આ આરતી વાટ્યો થાળી હું લાવ્યો, મેં હાથ મોઢું ધોયા, આ બધું શું થયું કાંઈ સમજ નથી પડતી. મહારાજ દિવ્યદર્શન આપીને ચાલ્યા ગયા. આ શું સમજવું. પરંતુ બરાબર સાડા છ વાગ્યે ટેલિફોન જૂનાગઢથી આવ્યો ને વાત જાણી તો ખબર પડી કે અરે સાક્ષાત મહારાજ તમે મને દર્શન દેવા આવ્યા ને જતાં રહ્યાં.

મહારાજે મુંબઈ કાંદિવલીમાં મોહન ડાયા ચૌહાણને બરાબર ચાર વાગ્યે દર્શન આપ્યા. મોહનભગતને કહે, ભગત અમે તો ધામમાં જાઈએ છીએ, દુબઈમાં પ્રવીણ કામ કરે છે. તમે તેની ઉપાધી ન કરતાં અમે સદાય તેની રક્ષામાં ભેળા છીએ માટે નિષ્ફીકર રહેજો તેની રક્ષા કરતાં રહેશું, મુંઝાશો નહીં. સવારે નવ વાગ્યે ટેલિફોન-સમાચાર સાંભળ્યા ત્યારે સમજાયું કે અરે આટલા દિવસ સુધી મને કોઈ દિવસ દર્શન ન આપ્યા ને મહારાજ ધામમાં જતી વખતે દર્શન આપતા ગયા. મહારાજ તમે તો પ્રગટ ભગવાન છો તમારી કળા કોણ જાણે.

મહારાજની આજ્ઞાથી વિદેશમાં આરબ કન્ટ્રીમાં દુબઈ-અબુધાબીમાં દર શુક્રવારે સભા-સત્સંગ શ્રીહરિ શરણાગતિ મંડળનાં ભક્તો કરે છે. રાયકો કંપનીમાં સભા છે, ગુરુવારની રાત્રીએ બધાં ભક્તો ભેળા થયા છે, અને કથા પ્રસંગમાં ભક્તોમાં રહીને ભગવાન કહેતા હોય તેમ ભક્તો કહે, આપણાં પર પ્રગટ ભગવાનનાં આશીર્વાદ પત્ર આવે છે, આ ગુલાબ પ્રસાદી આવે છે તે જાળવીને, સાચવીને મહિમા જાણીને સાચવજો. પછી તો આ ગુલાબ પાંખડી  પ્રગટ પ્રભુજીના રાજીપાની નહીં મળે હો ધ્યાનમાં રાખજો. ત્યાં પ્રવીણભગતને દર્શન આપીને મહારાજ કહે, તારે ધામમાં આવવું હોય તો તૈયાર થા. ભગત કહે, મહારાજ જેવી તમારી મરજી. તો મહારાજ કહે, બે ત્રણ દિવસ પછી તેડવા આવીશ. ત્યારે તા.૨૭-૨-૧૯૮૬ના રાત્રીએ મહારાજ પધાર્યા ને કહે, આવવું છે ને ? ભગત કહે, તમે જેમ રાખો તેમ. તમે જેમ કહો તેમ તૈયાર છું મહારાજ. મહારાજ કહે, અહીં તને કાંઈ વાંધો ખરો ? આવા ભક્તોનો જોગ છે, કથા-વાર્તા, સેવા-સમાગમ, પરમધામનું સુખ તો તને મળ્યું છે તો

રોકા પછી વળી તેડી જાશું. અમે તો હમણાં ધામમાં જઈએ છીએ, તારે મુંઝાવું નહીં.

વહેલી સવારે ભક્તો સમાધીમાં બેઠા છે. બ્રહ્મ મુહૂર્તમાં સમાધીમાં દર્શન કર્યા તો મહારાજનો પલંગ ખાલી જણાયો, આસન ખાલી દેખાયું, મહારાજનાં દર્શન ન થયા. તો સભામાં વાત કરી. ભક્તો કહે, મહારાજ આજે આપણાંથી વહેલા ઊઠીને ન્હાવા, દાતણ પાણી વગેરે કરતાં હશે ? પણ ખરેખર મહારાજે શું ધાર્યું છે તે કોઈને ખબર ન પડી. ઈન્ડિયામાં તો બધે ખબર પહોંચ્યા પણ અબુધાબીમાં કોઈને ખબર ન હતી. મહાસભા રાયકોમાં લાલજીભગત અમદાવાદ વાળાને ત્યાં હતી, કથા-વાર્તા ચાલુ હતી. સાંજના પાંચ વાગવાનો સમય હતો. એકાએક તે સમયે મેઘપરનાં હેમરાજ ધરમશી ગોહેલના શરીરમાં કમકમાટી આવીને રૂંવાડાં ઊભા થઈ ગયા. તે બધાએ નજરે જોયું ને એક મિનિટમાં તો જોરથી અવાજ આવ્યો જે હું હાજર છું, હું તમારા ભેળો જ છું, હું ક્યાંય ગયો નથી. તમે બધા મારા સંતો છો, મારા સંતોમાં હું અખંડ બિરાજું છું. તમારા ભેળો અખંડ છું. આટલા દિવ્ય શબ્દો મહારાજ બોલ્યા ને પણ છતાં કોઈને પણ કાંઈ ખબર ન પડી. બધાં વિચાર કરે છે કે, આ મહારાજ શું બોલ્યા ? કાંઈ સમજાતું નથી. પરંતુ રાત્રે નવ વાગ્યે દુબઈના ભક્તો ઉપર ટેલિફોન આવેલો પણ તે સમાચાર સાંભળીને તેઓ શુદ્ધબુદ્ધ ખોઈ બેઠાં તેથી વાત ન મનાય, તે વાત કરવા અબુધાબી આવ્યા તો ચારે-ચાર ભક્તો પોતાની શુદ્ધબુદ્ધ ગુમાવી બેઠેલા ટેક્સીવાળો ઠેકાણે લઈને આવે પણ આ ભક્તો ઉતરે નહીં કહે, રાયકો તરફ જાઓ. ત્રણ ત્રણ વખત જૂના ને જાણીતા સ્થાને આવ્યા છતાં શુદ્ધબુદ્ધ ગુમાવી બેઠેલા ભક્તોને અબુધાબીવાળા ભક્તોએ જોયા ત્યારે ખબર પડીને, વાત જાણી ત્યારે મહારાજ સભામાં જે બોલ્યા તે મર્મ સમજાયો.

આ રીતે તા.૨૭-૨-૮૬ના ગુરુવારે રાત્રીના સમયે પ્રગટ ભગવાને અનેક ભક્તોને દિવ્ય દર્શન આપ્યા છે. અને તે અંતિમ રાત્રીના સમયે દર્શન કરીને જતાં જતાં દેવપ્રકાશસ્વામી મહારાજને કહે, લ્યો મચ્છરદાની બાંધી દઉં. દરરોજ દેવપ્રકાશસ્વામી મહારાજનાં સુખશૈયાનાં પલંગ પર મચ્છરદાની બાંધી દેતા પણ આજે મહારાજ કહે, ના ઈ હું બાંધી લઈશ.

સવાર થઈ ગઈ છે, તા.૨૮-૨-૧૯૮૬નું બ્રહ્મમુહૂર્ત ચાલુ છે. જ્ઞાનસ્વામી મહારાજ માટે દાતણ ટોચી રહ્યાં છે. દાતણ ટોચવાનો ધડાક ધડાક અવાજ આવી રહ્યો છે. નિત્ય પ્રત્યે મહારાજ દાતણ ટોચવાનો અવાજ થાય એટલે પોતે અંદરથી દરવાજાની સ્ટોપર ખોલીને અડધો દરવાજો ખોલી નાંખતા. આજે હજી દરવાજો ખૂલ્યો નહીં, તેથી જ્ઞાનસ્વામી વિચાર

કરે છે કે સાડા પાંચ થઈ ગયા છે, મહારાજે દરવાજો કેમ નથી ખોલ્યો ? વળી પોતે વિચાર કરે છે કે આજે મારે ઊઠવામાં મોડું થઈ ગયું છે, તો કદાચ મહારાજ બાથરૂમમાં ગયા હશે તો હમણાં બે-પાંચ મિનિટમાં ખબર પડી જશે. પાંચ-દસ મિનિટ રાહ જોઈ. કોઈ કાંઈ અવાજ નથી આવતો કે હજી નથી દરવાજો ખૂલ્યો. કેમ આજે શું થયું હશે ? એવા સંકલ્પ વિકલ્પમાં ઘેરાયેલા જ્ઞાનસ્વામી દરવાજા પાસે આવીને, ક્યાંય તિરાડ જેવું હોય તો જોઉં તો ખરો. એમ વિચારીને દરવાજા પાસે ઊભા છે ત્યાં મહાઆશ્ચર્ય સાથે દરવાજો હાથ અડતાની સાથે જ ખૂલી ગયો.

દરવાજો ખૂલી ગયોને જુએ તો દરવાજા પાસે પરનારાયણ ભગવાન આજે નીચે જમીન પર સૂતેલા દેખાયા. મહાઆશ્ચર્ય સાથે જ્ઞાનસ્વામી વિચાર કરે છે, મનમાં ને મનમાં બોલે છે મહારાજ આજે આમ ધાબળી પાથરીને નીચે કેમ સૂતા હશે ? શું મહારાજની તબિયત બરાબર નહીં હોય ?' પણ આ ઘીનો દીવો મહારાજે શા માટે કર્યો હશે ? કોઈ દિવસ આવું તો જોયું નથી. એમ મનમાં વિચારતાં વધારે આગળ ન વધતાં મહારાજ તરફ દૃષ્ટિ સ્થિર કરી છે, જુએ તો મહારાજનું દિવ્ય સ્વરૂપ, દિવ્ય ભાલ બ્રહ્મતેજ ભરેલું શોભી રહ્યું છે, આજુબાજુ કોઈ વસ્તુ નથી. એક બાજુ ખૂણા તરફ મહારાજ સૂતેલા છે. મુખારવિંદ હસી રહ્યું છે, આંખો દયા અને પ્રેમ ભરેલી ઉઘાડી છે. જમણાં હાથમાં માળા અડધી ફરેલી શોભી રહી છે, તે જમણાં હાથની કોણી દિવાલને અડેલી છે. તેથી જ્ઞાનસ્વામીને એમ થયું કે, કદાચ મહારાજની તબિયત બરાબર નહીં હોય એટલે નીચે સૂતા હશે એમ માનીને જગાડવાનો સંકલ્પ કરીને બોલ્યા, મહારાજ નીચે કેમ સૂતા છો, તબિયત બરાબર નથી કે શું ? પણ કોણ જવાબ આપે. પરનારાયણ પ્રભુ તો સ્વતંત્ર બ્રહ્મનિંદ્રામાં સૂતા છે. વળી જ્ઞાનસ્વામી ઊંચે સાદે બોલ્યા કે, મહારાજ ઓ મહારાજ છતાં પણ પોતાના અવાજ સિવાય કાંઈ ન સંભળાયું. એટલે જ્ઞાનસ્વામી એકદમ જોશથી ચીસ પાડીને રડી પડ્યા મહારાજ કેમ નથી બોલતા ? એક ક્ષણમાં રોતા રોતા દોડ્યાને કોઠારી સ્વામી સ્વયંપ્રકાશદાસજીને આસને જઈ રોતા રોતા જ વાત કરી કે, સ્વામી મહારાજ ભોં પર પથારી કરીને સૂતા છે, ને બોલતા નથી. તમે જલ્દી ઉપર આવો.

કોઠારી સ્વામી એક શ્વાસે સીડીનાં પગથિયાં ચડી ગયા. દેવપ્રકાશસ્વામી, આત્મપ્રકાશસ્વામી સર્વ સંતો વાત સાંભળતા જ દોડીને મહારાજના ઓરડે પહોંચ્યાં ને મહારાજને જમીન પર સૂતેલા જોઈને ને કોઠારીસ્વામી નાથની લીલા સમજી ગયા અને

દેવપ્રકાશસ્વામીને ડૉકટરને જલ્દી બોલાવી લાવો, એમ કહી ધ્રૂસ્કે ધ્રૂસ્કે રડી પડ્યા ને સર્વ સંતો જોર જોરથી રડી પડ્યા. અરે મહારાજ આ તમે શું કર્યું ? અરે મહારાજ તમે આ શું કર્યું ? કોઠારી સ્વામી અશ્રુજળ વડે મહારાજનાં ચરણારવિંદ ભીંજવી રહ્યા છે. સંતોની આંખોમાંથી આજે શ્રાવણ-ભાદરવો વરસી રહ્યો છે, રડવાનો જોર જોરથી અવાજ સાંભળીને, ચારેબાજુથી સંતો દોડી આવ્યા છે. સવારનાં પોણા છ વાગ્યે સર્વ સંતો મહારાજ પાસે આવીને મૂર્તિનાં દર્શન કરી કોઈનાં હૈયા હાથ નથી રહેતા.

તે જ સમયે ડૉકટર આવી પહોંચ્યા ને, મહારાજની નાડી જુએ છે તો નાડી ક્યાંય મળતી નથી. પણ છેવટે પગના કાંડા પાસે જરાક ધબકારો સંભળાયો ને મસ્તક ઉપર હાથ મૂકી જુએ તો તાળવું સહેજ ગરમ હતું. તે ઉપરથી ડૉકટર બોલ્યા કે, મહારાજે અડધા કલાક કે પંદર મિનિટ પહેલાં જ દેહત્યાગ કર્યો છે. તે સમયે રૂમમાં જુએ તો બધી વસ્તુઓ ગોઠવીને મૂકેલી પડી છે. મચ્છરદાની સંકેલીને પલંગ ઉપર મૂકેલી છે. બધાં વસ્ત્રો વ્યસ્થિત સંકેલીને પલંગ ઉપર મૂકેલા છે. કોઈ વસ્તુ ક્યાંય આજુબાજુ જોવા મળતી નથી. એકદમ વ્યવસ્થિત બધું કરીને બધો સંકેલો કરીને, આજથી વર્ષો પહેલાં મહારાજ જ્યારે કાશીએ ભણવા ગયેલા ત્યારે ગુરુજી શ્રી બાલમુકુંદ દાસજીએ ધાબળી એમ કહી આપેલી કે, કૃષ્ણવલ્લભ આ તમારે ઓઢવા- પાથરવામાં કામ લાગશે.

એ જૂની પોતાના ગુરુની પ્રસાદિની ધાબળી મહારાજે પોતે પોતાનું શરીર સમાય તે પ્રમાણે જ ત્રણ ચાર વડી કરીને પાથરીને, એક ટેબલ ઉપર રકાબીમાં ઘીનો દિવો પ્રગટાવીને પોતાના રૂમના દરવાજાની સ્ટોપર ખોલી રાખીને પોતે સ્વતંત્ર થકા આનંદમાં ધાબળી ઉપર સૂતા છે, શરીર પર જનોઈ અને કંઠી પહેરેલા છે, ઉદર પર ત્રિવળી દેખાય છે, મુખારવિંદ મંદ મંદ હસી રહ્યું છે, હાથમાં માળા અડધી ફરેલી છે. એક વખત તો દર્શન કરનારને એમ જ થાય કે મહારાજ મંદ મંદ હસી રહ્યા છે, મૂર્તિમાંથી તેજના કિરણો નીકળી રહ્યા છે. આવા દિવ્ય મૂર્તિ પરનારાયણ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ, શ્વેતાયન વ્યાસ અવતારી પ્રભુ સ્વતંત્ર થકા નિજધામ પરમધામ પધાર્યા છે. તે જોઈને ડોકટર પણ તે સમયે કહે કે, આવા દિવ્ય ચમત્કાર, દિવ્ય દર્શન, સ્વતંત્રપણે દેહત્યાગ કરવાની અલૌકિક રીતે મેં કયારેય સાંભળી કે જોઈ નથી, પણ મહારાજે કેવી રીતે આ દેહને છોડ્યો તે જ અમારી ડોકટરી વિદ્યામાં અમને કોઈ સૂઝ પડતી નથી.

ખરેખર પરબ્રહ્મ પરમાત્મા વિના આવી સ્વતંત્ર રીત, આવી યોગકળા કોણ દર્શાવી

શકે ? યોગીઓનાં યોગેશ્વરની કળા કોણ કળી શકે ? તેમની પાસે કોઈની વિદ્યા કે કળા કામ આવતી નથી. એવા સર્વોપરી દિવ્યમૂર્તિ ભગવાને પૂર્વ જે વાત કરેલી કે, રામચંદ્ર ભગવાને દેહ મૂકવાનો સંકલ્પ કર્યો ને, સરયૂ નદીમાં પોતાનું શરીર તણાતું મેલ્યું. પછી શ્રીકૃષ્ણએ પણ દ્વારકા છોડી, વ્હાલી ગોપીઓ, વ્હાલા પાંડવો, સર્વ વ્હાલાજનોનો ત્યાગ કરીને દરિયાકાંઠે વેરાવળ પાસે પાટણના જંગલમાં પીપળાનાં થડે ઓઠિંગણ દઈને બેઠા ને દેહત્યાગ કરવાનો સંકલ્પ કરીને, ભીલમાં પ્રવેશ કરીને બાણ મરાવ્યું ને દેહત્યાગ કર્યો, ત્યારે કોઈ પોતાનાં પાસે ન હતાં. મહાપ્રભુ સ્વામિનારાયણ પરમાત્માએ પણ દેહત્યાગ કરવો હતો ત્યારે પોતામાં અતિશય પ્રિતીવાળા વ્હાલા ભક્તોને સંતોને પોતાનાથી દૂર રાખ્યા. આજ્ઞા આપીને દૂર મૂક્યા અને આ અનાદિ ભગવાનની રીત પ્રમાણે પ્રગટ ભગવાને કોઈને પણ ખબર ન પડે એમ પોતાને અતિ વહાલા એવા હેમંતભગતને પણ દૂર રાખીને અનેક ને દિવ્ય દર્શન દઈને સ્વધામ પધાર્યા છે.

જૂનાગઢ મંદિરમાં સવારમાં સંતો મહા આક્રંદ સાથે રડી રહ્યા છે. ચારેબાજુ ટેલિફોન, ફેક્સથી મહારાજના સ્વધામગમનનાં સમાચાર પહોંચી ગયા છે. હજારોની સંખ્યામાં સંતો-ભક્તો આવી પહોંચ્યા છે. આખા જૂનાગઢમાં રૂદન સિવાય કોઈ અવાજ સંભળાતો નથી, દિશાઓ પડી ગયેલી છે. આ ખબર મળતાંની સાથે કેટલાંક ભક્તો જામવંથલીમાં બેભાન થઈને ઢળી પડ્યા છે. અરે નાથ આ શું કર્યું ? અરે મહારાજ અમને છેતરી ચાલ્યા ગયા ! તે સમયમાં ફૂલવાડીમાં ભક્તોનાં આક્રંદ, ગોપીઓનાં રૂદન સંભળાય છે. બધાં દેહનાં ભાન ભૂલી ગયા છે ને બેશુદ્ધ થઈ ગયા છે. ફૂલવાડીની ભૂમિ સર્વત્ર આંસુઓથી ભીંજાઈ ગઈ છે. વ્હાલાના વિયોગની વેદનાને કોણ સહી શકે ? એક-બીજાને બાથ ભરીને એટલા બધા રડી રહ્યાં છે કે કોઈ તેમના દુઃખનો આંક કાઢી શકે તેમ નથી. જેને જેને ખબર પહોંચ્યા છે તેના અન્ન-પાણી ઉડી ગયા છે. નિંદ્રા ચાલી ગઈ છે. મહા દુઃખમાં ને દુઃખમાં સર્વે ભક્તો જૂનાગઢ મંદિરે પહોંચ્યા છે. જૂનાગઢમાં તો મહારાજને જોયા ને પછી કોનો જીવ મહારાજ વિના રહી શકે ? હૃદયફાટ, છાતીફાટ રૂદન કરતાં ભક્તોને કોણ કોને છાના રાખે ? સૌ પોતાના ભાન ગુમાવી બેઠા છે, આ વિરહ કોઈથી સહન થાય તેમ ન હતો. પણ પ્રગટ ભગવાને પોતે ભક્તોનાં દેહ રાખ્યા હતા. જેમ જળ વિના માછલા તરફડે તેમ પ્રગટ ભગવાનનાં ભક્તો આજે તરફડતાં હતાં. ''હે મહારાજ વ્હાલા ભગવાન અમને મૂકીને તમે કેમ ગયા ? અરે મહારાજ વ્હાલા તમે અમને આવો દગો દઈને આવી રમત કેમ રમ્યા ? અરે મહારાજ

તમારા વિના અમે કેમ જીવીશું ?'' ચારેકોરથી મહારૂદન સાથે હજારો ભક્તો મહા દુઃખ સાથે જૂનાગઢ આવી રહ્યા છે. તે સમયની વાત, તે દુઃખ, ભક્તોને લાગેલો આઘાત કોઈથી વર્ણન કરી શકાય તેમ નથી.

પ્રગટ પ્રભુજીનાં દિવ્ય શરીરના અંતિમ દર્શન માટે બાલમુકુંદ ભવનમાં નીચે રૂમ પાસે બિરાજમાન કરાવવામાં આવ્યું છે. બાઈઓ મહારાજને અબિલ-ગુલાલ, અક્ષત-ચંદનથી વધાવીને છેલ્લા દર્શન કરી રહ્યાં છે. દર્શન વિધિ પૂરી થયા પછી મહારાજને સ્નાન કરાવ્યું છે. સ્નાનવિધિમાં પાણીનાં પ્રવાહથી મહારાજનાં નેત્ર જે ખુલા હતા તે બિડાઈ ગયા છે. મહારાજની દિવ્યમૂર્તિમાંથી પ્રકાશ છૂટી રહ્યો હતો. મુખારવિંદ મંદહાસ્ય ભરેલું શોભતું હતું. નેત્રો અર્ધા ઉઘડેલા દર્શન થતાં હતાં, સ્નાન કરાવ્યા પછી નેત્રો બિડાયેલા દર્શન થતા હતાં.

ભારતભરમાંથી હજારો ભક્તો, સત્સંગીઓ, બાઈઓ તથા ભાઈઓ આવી ગયા હતાં. આજે તા.૧-૩-૧૯૮૬નાં મંગળપ્રભાતથી સ્નાનવિધિ પછી મહારાજને મંદિરમાં બાલમુકુંદ ભવનનાં સામેના ચોકમાં, સંતોના નવા નિવાસસ્થાન પાસે ખુરશી ઉપર બિરાજમાન કરાવ્યા છે. કંઠમાં ગુલાબનાં ઘણાં હાર પહેરેલાં છે, માત્ર મુખારવિંદના દર્શન થઈ રહ્યાં છે. આવેલા ભક્તો છેલ્લા દર્શન અને પુષ્પમાળાથી પૂજા કરી રહ્યા હતાં. અમદાવાદ, વડતાલ, ભૂજ, રાજકોટ, જામનગર, મૂળી, વઢવાણ, જામજોધપુર, ગઢડા, મુંબઈ, નાસિક, સૂરત, ગોંડલ, જેતપુર, કુંકાવાવ , જામવંથલી, ચાવડા, પુના, નાસિક આદિક સર્વ સ્થળોએથી સંતો તથા હરિભક્તો આવી ગયા હતા. આજે મહારાજનાં સાંનિધ્યમાં સંતો શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં હતાં. શ્રદ્ધાંજલિમાં દરેક મોટા મોટા સંતોએ મહારાજ વિશે, તેમના વિરાટ શાસ્ત્રગ્રંથન વિશે, તેમના દિવ્ય ચમત્કાર ઐશ્વર્યમૂર્તિ વિશે, છેવટે પણ દિવ્ય દર્શન આપીને અલૌકિકતા દર્શાવી ગયા તે વિશે, તેમનું અલૌકિક જીવન, પ્રસન્નતા, દયાળુતા, પ્રેમાળ, હેતાળ સ્વાભાવિક પ્રકૃતિ વિશે પ્રવચનો આપી અનેક ઉપમા આપી મહારાજને જેવા જેવા જાણ્યા, જેટલા સહવાસ, પરિચય, ઓળખાણ થઈ તેવી તેવી ઉપમા આપી રહ્યા હતા.

જામજોધપુરનાં શાસ્ત્રી ભગવત્‌ચરણદાસજીએ કહ્યું, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને કોની ઉપમા આપીએ ? ગળી વસ્તુ મોઢામાં મૂકીએ ને મીઠી લાગે એટલે આપણે કહીએ કે, આ તો સાકર જેવી મીઠી છે. પણ જ્યારે સાકર જ આપણાં મોઢામાં આવે ત્યારે કોની ઉપમા દઈએ ? મોટા મોટા વીજળીનાં ગોળાઓ પ્રકાશ આપતા હોય ત્યારે આપણે

કહીએ કે, સૂર્ય જેવો પ્રકાશ જણાય છે. પરંતુ જ્યારે સૂર્ય પોતે પ્રગટ થાય ત્યારે તેને કોની ઉપમા દઈએ ? એવા આપણાં જીવનપ્રાણ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તો એ સૂર્ય જેવા સર્વોપરિ એ એક જ હતાં. તેને કોઈની ઉપમા આપી ન શકાય. આવા અલૌકિક રહસ્યભર્યા પ્રવચનો થયા પછી શ્રી હરિશરણાગતિ મંડળનાં આગેવાન મુખ્ય ભક્તોએ મહારાજની હાજરીમાં જ તેમના ઉત્તરાધિકારી શિષ્ય શ્રી સ્વયંપ્રકાશદાસજી કોઠારી સ્વામીને ફૂલહાર પહેરાવી મહારાજના ગાદીવારસ તરીકે પૂજાવિધિ કરીને ત્યારે પ્રગટ ભગવાનનાં સેવકોએ શ્રીહરિશરણાગતિ મંડળના ગુરુ જાહેર કર્યા.

બરાબર બપોરે એક વાગ્યે મહારાજને સંતોએ બનાવેલા વિમાન આકારના દિવ્ય વિમાનમાં આરામ ખુરશીમાં બિરાજમાન કર્યા, તે દિવ્ય યાત્રા આખા જૂનાગઢમાં મુખ્ય રાજમાર્ગો પર દર્શનાર્થીઓને દર્શન આપતાં થકા અનેક સંતો-સત્સંગીઓ સાથે પૂરેપૂરા ત્રણ કલાક સુધી મહારાજનાં દિવ્ય સ્વરૂપનાં દર્શન હજારો જૂનાગઢવાસીઓ તેમજ બહારથી આવેલા તમામને થયા. બરાબર ચાર વાગ્યે દિવ્યયાત્રા શ્વેતાયનબાગે વાડીએ પહોંચી છે. ચંદન-સુખડનાં કાષ્ઠથી મહારાજની અગ્નિસંસ્કારવિધિ કરી, છેલ્લા દર્શન કરી સંતો, ભક્તો તે સ્થળ ઉપર હાજર હતા ને મહાઆક્રંદ સાથે મહાકરુણ વાતાવરણ વચ્ચે સર્વની આંખો અશ્રુધારાઓથી જાણે આજે પ્રગટ પ્રભુનાં ચરણારવિંદ ધોઈ રહ્યાં હતાં. બરાબર ૪-૩૦ વાગ્યે અગ્નિસંસ્કારનાં સમયે એક મહા અદ્‌ભૂત ચમત્કાર જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરમાં થયો. વૃદ્ધ અવસ્થાને કારણે પચીસેક વૃદ્ધ ડોસીઓ જનમેદનીની ભીડને કારણે યાત્રામાં જવાના બદલે મંદિરે રોકાયા હતા.

સત્સંગના નિયમ મુજબ કોઈ સંતો દેહ ત્યાગ કરીને ધામમાં જાય ત્યારે તેમના પાર્થિવ શરીરના જ્યાં સુધી અગ્નિસંસ્કાર ન થાય ત્યાં સુધી દેવને થાળ કે દેવની પૂજા-દર્શન વિગેરે થાય નહીં. તે નિયમ પ્રમાણે ત્રિશિખર મંદિરમાં તાળાં મારેલાં હતાં, મંદિર બંધ છે પણ મહાઆશ્ચર્ય વચ્ચે બરાબર ૪-૩૦ વાગ્યે તાળાબંધ મંદિરમાં નગારા અને ઝાલરો વાગવા લાગ્યા છે. નગારા અને ઝાલરોનાં અવાજથી, મંદિરે રોકાયેલા વૃદ્ધ બાઈઓ દર્શન માટે ઉતાવળાં મંદિર પર ગયા પણ જુએ તો મંદિરનાં દરેક દરવાજે તાળાં મારેલા છે. મંદિર બંધ છે. કોઈ સંત કે હરિભક્તો મંદિરે રહ્યાં નથી અને આ શું ? બંધ મંદિરમાં આરતી થઈ રહી છે. ત્યારે તેઓ મહાઆશ્ચર્યની વાતો કરતાં હતા કે પ્રગટ ભગવાનના દિવ્ય સ્વરૂપની આરતી થઈ રહી છે. અનંતકોટિ મુક્ત પુરુષો, દેવો, ઈશ્વરો પ્રગટ ભગવાનની આરતી ઉતારી રહ્યાં છે.

અસહ્ય વિયોગમાં ભક્તો ડૂબેલા જણાય છે, વિદેશથી ભક્તો દુબઈ, અબુધાબી, દાસાલેન્ડ, બહેરીન, સાઉદી આરબથી ભક્તો આવ્યા છે, વ્હાલાનો વિયોગ કોણ સહન કરી શકે ? વ્હાલાના વિયોગને હળવો કરવા સર્વ સત્સંગને શાંતિ માટે મહારાજની સ્મૃતિમાં જૂનાગઢમાં તરત જ એક ભક્તિમય જ્ઞાનયજ્ઞ-ધર્મગ્રંથ શ્રી સત્સંગી જીવનની સાત દિવસની પારાયણનું આયોજન થયું છે. શ્રી સ્વામિનારાયણ નગર, શ્રી વિવેકાનંદ હાઈસ્કૂલના મેદાનમાં સભામંડપ ગોઠવાયા છે. તા.૧૩ અને ૧૩માંના દિવસે શ્રી સત્સંગીજીવન ગ્રંથ જે પ્રગટ ભગવાને વિદ્વાન સંતો, શાસ્ત્રીઓની વિનંતીથી સાત દિવસમાં કથા પૂર્ણ થાય અને સર્વ સારાંશ આવી જાય એવી રીતે નવો ગ્રંથ- સત્સંગીજીવન ટૂંકમાં મહારાજે લખ્યો તે ગ્રંથ સભાસ્થાને લઈ જવા માટે સુશોભિત રથ હંસ ઉપર પ્રગટ ભગવાન તથા સ્વયંપ્રકાશદાસજી તથા વક્તા પુરાણી જગતપ્રકાશદાસજી બિરાજમાન થયા હતા. ભક્તોએ ભજન-કિર્તન ઉત્સવ સાથે વાજતે ગાજતે જૂનાગઢને ગજાવતા, પ્રગટ ભગવાનના જયનાદો અખિલ બ્રહ્માંડને ગજાવતા થકા સભા સ્થાને પહોંચ્યા. પ્રગટ ભગવાન એક દિવ્ય સિંહાસન ઉપર બિરાજમાન થયા છે. બીજા સિંહાસનમાં શ્રીલાલજી મહારાજ તથા શ્રીહરિ રચીત ધર્મગ્રંથ સત્સંગી જીવન તથા વક્તા જગતપ્રકાશ બિરાજમાન છે. તે સાત દિવસનાં પ્રસંગમાં ટુકડા ગોસાના આચાર્યશ્રી શ્વેતાયનજી મહારાજ તથા અગરવાડા ભંડારાના આચાર્યશ્રી સ્વરૂપાચાર્યજી મહારાજ તથા જામવંથલીના આચાર્યશ્રી કૃષ્ણમાચાર્યજી મહારાજ તથા કુંકાવાવનાં આચાર્યશ્રી વલ્લભવ્યાસાચાર્ય મહારાજ પધાર્યા છે.

ત્યારે સૌ સંતો-ભક્તો દરરોજ સવારે ૮ થી ૧૧ અને સાંજે ૩ થી ૬ વાગ્યા સુધી કથાનો લાભ લેતા હતા. રાત્રીને સમયે મંદિરે કિર્તન, ધૂન, રાસનું આયોજન થતું હતું. ભંડારાવાસી સ્વરૂપાનંદ આચાર્ય મહારાજને પ્રગટ ભગવાને દિવ્ય દર્શન આપીને છાના રાખ્યા અને કહ્યું જે હું સદા તમારી ભેળો જ છું, અફસોસ કરશો નહીં. ઘણાં દિવસથી હું જૂનાગઢથી બહાર નથી નીકળ્યો પણ હવે તો ઘરે ઘરે વિચરણ કરીને મારા ભક્તોને સુખીયા કરીશ, માટે મુંઝાવું નહીં. મારા દર્શન કરવા હોય તો, અમારા નિવાસસ્થાન પાસે રાત્રે બાર વાગ્યા પછી ઊભા રહીને ૧૧ વખત અમારું સ્મરણ કરશે, તેને મારા દર્શન થશે. આ દિવ્ય દર્શનની વાત ભક્તોનાં મંડળમાં આચાર્ય મહારાજે કરીને ભક્તોને શાંતિ આપી હતી. તે જ રાત્રે કચ્છનાં દહીંસરા ગામથી આવેલા પટેલ વિશ્રામ ભીમજી હાલાઈનાં સુપુત્રે આ સાંભળેલી વાત ધ્યાનમાં રાખી એ નવ વરસનો બાળક રાત્રે સૂતો નહીં અને બાપુજી મને

મહારાજનાં દર્શન કરવા છે. એટલે મહારાજના કહેવા મુજબ હું મહારાજનાં ઓરડા પાસે ખુલ્લી બારી પાસે ઊભો છું.

એમ કહીને એકલો રાતનાં ૧૨ વાગ્યા સુધી ઊભો રહીને સ્મરણ કરે છે, આંખમાંથી આંસુ વહી રહ્યાં છે. શું આ નાના બાળકની સંભાળ ભગવાન નહીં લે ! જરૂર જરૂર પવિત્ર શુદ્ધ ભાવના ભરેલા આ બાળભક્તની સંભાળ લેવા પ્રગટ ભગવાને બારીમાંથી હાથ લાંબો કરીને દિવ્યદર્શન આપીને બાલભક્તનાં આંસુ લૂછવા લાગ્યા અને આશ્વાસન આપતાં હોય તેમ ધ્રૂવને અને પ્રહલાદને જેવા વ્હાલથી મસ્તક ઉપર હાથ ફેરવ્યો હતો, તેમ અવતારી પ્રભુએ આ શરણાગત બાલભક્તની અરજ સાંભળીને, દર્શન સુખ આપીને, દુઃખ મટાડી શાંતિ આપી છે. મહારાજ હાથ ફેરવતા ફેરવતાં કહે, જો હું તો અહીં તારી સાથે અખંડ બિરાજું છું. હું ક્યાંય ગયો નથી હો, જા તારા બાપુને કહેજે કે, હવે રડીશ નહીં. અમારું ભજન કરજે, માળા ફેરવજે ને અમને સંભારજે. હું તો તમારા ભેળો જ રહું છું. જા હવે સૂઈ જા. એમ કહી મહારાજ સાક્ષાત્ મૂર્તિમાન દર્શન આપીને બાલભક્તને સૂઈ જવાની આજ્ઞા આપીને પોતે અક્ષર ઓરડીમાં જઈને સૂતા. પ્રગટ ભગવાનને બાળકો બહુ વહાલાં હતાં. દરરોજ ત્રિશિખરમાં દર્શન કરી ગુણાતીત સભાખંડમાં મહારાજ નિજાસને બિરાજમાન થતાં ત્યારે ચાર-પાંચ બાળકો આવીને સેવા કરે અને મહારાજ તેમની સાથે બાળક થઈને બાળકોને આનંદ થાય એવી વાતો કરતાં.

સપ્તાહ પારાયણ ચાલુ છે, શ્રીહરિ શરણાગતિ મંડળે કથાનો લાભ લેવા પધારેલા સંતો, સત્સંગી બંધુઓ તથા બેનોને જમાડવાનો તથા પાગરણ, ચા-પાણી, નાસ્તા આદિક સર્વ સેવા જૂનાગઢ મંદિરમાં શરણાગતિ ભક્તો ખૂબ જ ઉત્સાહ-ઉમંગ અને પ્રેમથી કરી રહ્યાં છે. દરરોજ અનેક સંતો ભકતોને જમાડી રહ્યાં છે. શરણાગતિ મંડળનાં ગુલાબી નાના-નાના સ્વયંસેવકોની શક્તિ ઉપરવટની સેવાને નિરખી બહારથી આવેલા સત્સંગીઓ તથા સંતો આશ્ચર્યમાં પડી જતા હતા કે આપણે જ્યારે મંદિરોમાં મોટા ઉત્સવ હોય ત્યારે આપણે મોટાં મોટાં સર્વે તે સેવાનાં કામમાં થાકીને લોથપોથ થઈ જતાં હોઈએ છીએ ને જુઓ આ નાના-નાના સ્વયંસેવકો રાત-દિવસ રસોઈનું કામ તથા જમાડવાનું કામ, ઉતારા વિભાગ, કોઠાર વિભાગ, સભાખંડ વિભાગમાં સેવા કરી રહ્યાં છે. ખરેખર આ તો શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શાસ્ત્રીજી સ્વામી આ ભક્તોમાં અખંડ વસેલા જણાય છે. આવો અલૌકિક મહિમા જાણીને કેટલાક સંતો તો શરણાગતિ સ્વયંસેવકોને પરમધામનાં મુક્ત જાણીને તેમની ચરણરજ મસ્તક ઉપર ચડાવતાં હતાં.

આવા આ દિવ્ય પ્રસંગમાં હજારો ભક્તોએ મહાપ્રસાદ- જ્ઞાનપ્રસાદ પ્રાપ્ત કર્યા હતાં. વીડિયો-કેમેરામાં આ સંપૂર્ણ પ્રસંગ ઉતારવામાં આવી રહ્યાં હતાં. ચારે તરફ પ્રગટ ભગવાન અને તેના શરણાગતિ મંડળનો જય જયકાર થઈ રહ્યો હતો. છેવટના પૂર્ણાહુતિના દિવસે સંતોએ પ્રવચનો આપ્યા છે જે સર્વથી સર્વોપરિ હતા. શ્રી હરિ શરણાગતિ મંડળની સ્થાપના શા માટે મહારાજે કરી ? તેની વાત જુનાગઢના વિવેકાનંદ હાઈસ્કૂલનાં પ્રોફેસર પરમાર સાહેબે કહ્યું, સાક્ષાત શ્રી હરિની શરણાગતિ વિના કોઈનો ઉદ્ધાર નથી. માટે શ્રીહરિ શરણાગતિ મંડળ તો શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજીની સાથે પરમધામમાંથી આવેલું મંડળ છે તથા રાજકોટના શાસ્ત્રી ટેમ્પલ કમિટીના અધ્યક્ષશ્રીએ કહ્યું કે, શ્રી હરિ શરણાગતિ મંડળની સ્થાપનાની વાતો મેં સાંભળીને હું ગુંચવણમાં પડી ગયો કે, મહારાજે આ કેમ કર્યું હશે ? તો એક વખત મહારાજ પાસે આ વાત વિશે ચર્ચા કરી ત્યારે મહારાજે ૨૮ શાસ્ત્રો (હિન્દુ ધર્મના) નામ લઈને ગણાવ્યાને કહ્યું કે, આટલા શાસ્ત્રો શ્રી હરિ શરણાગતિ વિશેની વાતો બતાવે છે. એમ કહી અનેક વાતો કરીને મને શાંતિ આપી. સંત સ્વરૂપે વિચરતાં આ અનાદિ શ્રીકૃષ્ણનારાયણને કોણ કળી શકે.

એતો પ્રગટ શ્વેતાયન વ્યાસજીની કૃપા જેના ઉપર વરસે તેને તે પ્રભુ ઓળખાય અને શરણાગતિ સ્વીકારે એટલે તે શ્રી હરિના ચરણમાં પહોંચી જાય. એવા સાક્ષાત્ મનુષ્યતનું ધરી ભૂમંડલમાં વિચરતા શ્રી અનાદિ શ્રીકૃષ્ણનારાયણ શ્રી શ્વેતાયન વ્યાસ હરિકૃષ્ણ મહારાજના ચરણે ગયેલા મહામંત્રને પ્રાપ્ત કરીને પ્રગટ ભગવાનનું ભજન કરતાં ભક્તોનું મંડળ તે શ્રી હરિ શરણાગતિ મંડળ જગતભરમાં શ્રીહરિની સાથે રાધા-કૃષ્ણની જેમ, તેમ પ્રગટ શ્રીહરિ અને તેના શરણાગતિ ભક્તો સુવિખ્યાત છે. શ્રીહરિએ સ્વયં ગ્રંથોમાં આ હકીકતો લખેલી છે.

શાસ્ત્રી ભક્તિપ્રિયદાસજી કે જેઓ ગઢડામાં પ્રગટ ભગવાનની કૃપાથી ગુરૂકુલ ચલાવી રહ્યાં છે. તેઓએ કહ્યું, મહારાજે તો વ્યાસ ભગવાનથી પણ વધારે અને મોટા મોટા મહાન ગ્રંથો રચ્યા છે. માટે એ તો વ્યાસોના વ્યાસ શ્વેતાયન વ્યાસ હતા. એમ સર્વોપરિપણાંની વાત કરી હતી. ચાવડા નિવાસી પ્રમુખ શ્રી ટપુલાલ ભક્તએ કહ્યું કે, અમારા ગુરૂજીએ આ એક ભગવું વસ્ત્ર પહેરવાની આજ્ઞા કરી છે. તે તો અમને સંતદિક્ષા જ આપી છે. અમારું આ રક્ષાકવચ છે.

એક જૂનાગઢ દેશના વિદ્વાન યુવાન સંતશ્રીએ ગિરનાં સિંહની પેઠે સિંહનાદ સાથે દુહા સંભળાવીને સભાને મંત્રમૂગ્ધ કરી દીધીને કહ્યું, હજારો વર્ષોથી આ દુહાઓ કાઠિયાવાડમાં

કાઠિયાવાડીઓ લલકારતાં રહ્યાં છે. પણ આજે મને લાગે છે કે, જ્યાં સુધી આ કાઠિયાવાડની પવિત્ર ભૂમિ સોરઠમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શાસ્ત્રીજી મહારાજ પ્રગટ થયા ન હતા, ત્યાં સુધી આ દુહાઓનો મેળ બરાબર બેસતો નહોતો. પણ આજે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ વિશ્વના સર્વોપરી વિદ્વાન તરીકે વિખ્યાત થયા. સર્વોપરી અગાધ સમુદ્રની જેમ અગાધ ગહન વિદ્યા ભરેલા મહાન ગ્રંથોની રચના કરી. જેમણે સોરઠ ભૂમિને પણ સર્વોપરી સ્થાને પહોંચાડી દીધી છે. જેમનાં ગ્રંથો વિશ્વભરની તમામ મોટી મોટી લાયબ્રેરીઓમાં વિદ્યમાન છે. વિશ્વભરનાં પ્રકાંડ વિદ્વાનોએ જેમને અભિનંદનો આપીને અનેક ઉપમાઓ આપી છે. એવા અમારા જુનાગઢ સોરઠનાં અલૌકિક દિવ્ય ચમત્કારી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનાં ચરણોમાં કોટિ કોટિ વંદન કરી શ્રદ્ધાંજલિ અર્પું છું.

છેવટે શ્રીહરિ શરણાગતિ મંડળના ભક્તો કે, જેઓ તન મન ધનથી ખૂબ ખૂબ સેવાઓ કરી રહ્યા છે. તેવા મોટાં મોટાં ભક્તોને શ્રી સ્વયંપ્રકાશદાસ સ્વામીએ ફૂલહાર પહેરાવ્યા છે. ફૂલવાડીમાં ત્રિશિખર મહામંદિર નિર્માણમાં અહર્નિશ સેવા કરનારા શ્રી હિરજી પેથાભાઈ ચૌહાણ તથા પ્રમુખ કરસન માવજી લુહાર તથા ટપુલાલ કાનજી રાઠોડ તથા ભગવાનજી રાજા જાવિયા તથા મધુ ધનજી બાબરિયા તથા ભીમજી ભાણજી પરમાર (કોસંબાવાળા) તથા કુંવરજી કેશવજી ચૌહાણ તથા મંગળદાસ વી. પટેલ સૂરતના છે તેઓ ભારતનાં નૌકાદળમાં ૧૬ વર્ષ સર્વિસ કરીને રિટાયર્ડ થયેલા છે. તેમને ટૂંકા સમયમાં દાસાલેન્ડ (આરબદેશ) માં શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સાક્ષાત્ ભગવાન પ્રગટ થયા તે વાત ભગવાનજી રાજા જાવિયા ભક્ત થકી સાંભળીને કહ્યું કે, 'ભગવાનજીભાઈ તમારી વાત બધી સાચી પણ મિલિટરીમાં રહેલો માણસ છું મને તો શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ, સાક્ષાત્ પ્રગટ વિચરતા હોય તો મને અહીં આ આરબદેશમાં સાક્ષાત્ દર્શન આપે ને તો મનાય બાકી સાક્ષાત્ દર્શન વિના મને સમજાય તેમ નથી.

મહાન ભાગ્યશાળી પરમાત્માના લાડીલા સાચા શુદ્ધ સેવકની સંભાળ ભગવાને લીધી છે. રાત્રે માળા ફેરવતા જાગતા હતા તે સમયે સાક્ષાત્ મૂર્તિમાન મહારાજ પ્રગટ થયા અને દિવ્ય દર્શન આપી પોતે સર્વોપરી ભગવાન પ્રગટ થયા છે, એમ ઓળખાણ આપી તેને આજે માત્ર બે મહિના થયા છે. જૂનાગઢમાં આજે તેઓએ પૂર્ણાહુતિ પ્રસંગે ગણપતિનાં શિખરમાં જે ખર્ચ થાય તે સેવા સ્વીકારી છે તથા જામવંથલીવાળા કેશવજી ડાયાભાઈ બગીચાવાળા કે જેને મહારાજ 'મારો દૂત' કહેતા. તેમણે પોતાની ઈચ્છાથી વાડી

અર્પણ કરવાની વાત મહારાજને કરેલી. મહારાજે રાજી થઈને તે સેવા સ્વીકારેલી. તે વાડી ફુલવાડીની બાજુમાં ઉગમણી બાજુની તે પૂર્ણાહુતિ પ્રસંગે અર્પણ કરેલી છે તે ભક્તો તથા વિદેશથી આવેલા ભક્તો શ્રી રામજી જેઠા મકવાણા તથા કાનજી મૂળજી સોજીત્રા, કંકુમવાપી તથા આબુધાબીથી, દુબઈથી, બહેરીનથી શ્રી પ.ભ. રતિલાલ હંસરાજ રાઠોડ તથા પ.ભ. શ્રી હરિલાલ વેલજી ખોલિયા તથા ભગવાનજી રાજા જાવિયા તથા ગોવિંદજી નારણ ટુકડીયા તથા હેમરાજ ધરમશી ગોહેલ તથા જયંતિલાલ રાઘવજી પોરિયા તથા શાંતિલાલ કેશવજી બગીચા તથા શાંતિલાલ અમરશી મનાણી જીરાગઢાવાળા આદિક સર્વને હાર-તોરા કરેલ છે.

ત્યાર પછી આરતી માટેની તૈયારી થઈ. શ્રી હરિ શરણાગતિ મંડળના તમામ ભક્તો હાજર થયા ૫૧ થાળીઓમાં ઘીની વાટો પૂરી આરતી પ્રગટાવી છે. દરેક થાળી સાથે એકબીજાને હાથ અડાડી એક સાથે ૫૧ થાળીથી આરતી સૌ ભકતો ઉતારી રહ્યા હતાં. તે આરતી પ્રસંગે દિવ્ય સિંહાસનમાં પ્રગટ ભગવાનની પ્રતિમા કથા વાંચે છે, તેનું મોટું સ્વરૂપ પધરાવેલ તે સ્વરૂપમાં મુખારવિંદની ચારેબાજુ તેજનું ચક્ર ફરવા લાગ્યું અને તે પ્રકાશના કિરણો ભક્તો ઉપર પથરાયેલા છે. એવા દિવ્ય સાક્ષાત્ દર્શન કચ્છ નિવાસી જોગી વશરામ ભીમજી હાલાઈને તથા શ્રી હરિ શરણાગતિ ઘણાં ભક્તોને થયા હતા. આમ મહારાજે દિવ્ય દર્શન આપ્યા.

હવે કથાની પૂર્ણાહુતિ થઈ રહી છે. વક્તા શ્રી જગતપ્રકાશદાસજી પુરાણીશ્રીનું પૂજન તથા સત્સંગીજીવન ગ્રંથનું પૂજન તથા પ્રગટ ભગવાનનું પૂજન આરતી ગ્રહણ પ્રસાદી લઈને મહામહોત્સવ વાજીંત્ર, રાસમંડળ, ઉત્સવ મંડળ સાથે વાજતે ગાજતે સત્સંગી જીવન ગ્રંથને શ્રી હરિલાલ ડાયાભાઈ ચૌહાણના ધર્મપત્નીએ કથા સ્થાનેથી પાછા મંદિરે પધરાવેલ છે. મંદિરે સર્વ સંતોને હરિભક્તોને બાલમુકુંદ ભવન પ્રગટ ભગવાનનાં નિવાસસ્થાને બોલાવેલા છે. પૂર્ણાહુતિ પ્રસંગે પ્રગટ ભગવાનની સદાયને માટે સ્મૃતિ થતી રહે તે માટે દરેક સંતોને ચાંદીની મૂર્તિ (સમ્રાટનો સિક્કો) જેમ સિક્કો જૂએ તો સમ્રાટ સાંભરી આવે તેમ એક બાજુ શ્રીજી મહારાજ બિરાજે છે અને એક બાજુએ પ્રગટ ભગવાન બિરાજે છે. તે દિવ્ય મૂર્તિ સ્મૃતિ રૂપે રાજીપાના સિક્કા આપવામાં આવેલ છે.

આ મહાદિવ્ય પ્રસંગે સંતો તથા હજારો સત્સંગી બાઈઓ તથા ભાઈઓ પધાર્યા હતાં. અનેક ભક્તો કથા શ્રવણનો લાભ લેતા હતા. પૂર્ણાહુતિનાં દિવસે તો હજારો ભક્તોની ભીડ જામી હતી. સવારમાં વહેલા ચાર વાગ્યે મંદિર ઉપર પ્રદક્ષિણાના પરથારમાં પ્રગટ

ભગવાને બાઈઓ ભક્તોને સાક્ષાત્ દર્શન આપી કૃતાર્થ કર્યા હતાં. હેમંતભગતને મહારાજે પ્રગટ થઈ કહ્યું , તું શા માટે રોયા કરે છે. હું તો તારી ભેળો અહીં અખંડ બિરાજું છું. આ સમયે આચાર્યશ્રી શ્વેતાયનજી મહારાજ હાજર હતા. તેમને મહારાજે બાલમુકુંદ ભવનમાં નીચેના જ રૂમ પાસે બારીએથી સાક્ષાત દર્શન આપ્યા હતા. જામવંથલીમાં કેશવજીભગત બગીચાવાળાને પણ તે જ દિવસે મહારાજે સાક્ષાત્ દર્શન આપ્યા હતા અને ભક્તોનો અફસોસ ટાળ્યો હતો. પોતે સત્સંગમાં સદા પ્રગટ બિરાજે છે.

મહારાજે શ્રીહરિ શરણાગતિ મંડળને પોતાનું હૃદય કહ્યું, અને પ્રગટ ભગવાન શ્રી હરિ શરણાગતિ મંડળનું હૃદય. આમ બંન્ને અરસ-પરસ દિવ્ય સ્નેહભક્તિ વડે બંધાયેલા છે. તેથી જ પ્રગટ ભગવાન હાલ પણ સાક્ષાત પ્રગટ થઈને ઘરે ઘરે દર્શન આપી સુખ આપી રહ્યાં છે અને સદાય આપતા રહેશે. સાચા શુદ્ધ સેવકની સંભાળ રાખતા રહ્યાં છે અને રાખતા રહેશે,સૌ ભકતોને દિવ્ય દર્શન થાય છે. લાલજીમાં બિરાજમાન થઈ દૂધ પીવે છે, થાળ જમે છે. એવા દિવ્ય દર્શન કચ્છમાં જયંતિલાલ દેવશી સોરઠિયા ભક્તને અંજારમાં આપ્યા છે. ઘરમાં પધરાવેલા લાલજીની મૂર્તિમાંથી તેજ નીકળી રહ્યું છે. તેમના ધર્મપત્ની શારદાબેન તથા પુત્રી દક્ષા તેમજ પુત્ર ભાવેશ આદિક આરતી ઉતારી રહ્યાં છે. એકાએક તેજ તેજ થઈ જવાથી અંજાઈ ગયા ને એકબીજાને જોઈ શકતા ન હતા. આખું ઘર તેજોમય થઈ ગયું ને પાંચ મિનિટ પછી લાલજીની મૂર્તિમાં ધીરે ધીરે લીન થતું જોયું. આમ મહારાજ ભક્તની ભાવના પ્રમાણે દર્શન આપી રહ્યાં છે.

વિદેશમાં રહેલા ભક્તોને પ્રગટ ભગવાન દિવ્ય દર્શન આપીને ભકિત-સેવાનો આનંદ આપી રહ્યાં છે. પ્રગટ ભગવાનની ઓળખાણ એક-બે જન્મનાં પુણ્યે કરીને થતી નથી. શ્રીમદ્ ભાગવતમાં પરમાત્મા શ્રીકૃષ્ણ કહે છે કે, અનેક જન્મ સંસિદ્ધયતિ યાતિં પરાં ગતિ. અનેક જન્મનાં પુણ્યો ઉદય થાય છે, ત્યારે તે જીવાત્માને મનુષ્યતનું ધરીને વિચરતા ભગવાન પોતાની સાક્ષાત્ ઓળખાણ આપે છે. જેના પુણ્ય અધૂરા હોય તેના ભાગ્ય નબળાં કહેવાય છે. તેવા ભાગ્યહીન જીવાત્માઓ આ પૃથ્વી ઉપર પોતાની આંખો સામે દેખાતા, વિચરતા ભગવાનને ઓળખી શકતા નથી. ભગવાન તો જીવાત્માઓના પરમ કલ્યાણ કરવાને માટે વિચરતા હોય છે, તેમની ઓળખાણ મુમુક્ષ અને દૈવીને થાય છે. જેઓ સાચા સંતનો સમાગમ કરતા હોય, સત્શાસ્ત્રોનો અભ્યાસ, સાચા સંત થકી કરતાં હોય તેમને શાસ્ત્રોમાં કહેલાં જે ભગવાનના ચિન્હો, ભગવાનના દિવ્ય ચમત્કારો, ભગવાનની દિવ્ય લીલાઓ

તે ભગવાન પોતે દેખાડે છે. એવી કૃપા કરીને કૃપાળુ ભગવાન પૃથ્વી ઉપર પ્રગટ થઈને ભક્તોની સંભાળ લ્યે છે અને કહે છે સર્વનો કર્તાહર્તા વિશ્વંભર અનાદિ શ્રીકૃષ્ણનારાયણ હું તમારી સામે બિરાજું છું. અમારી ઈચ્છાથી સમગ્ર સૃષ્ટિઓ ચાલે છે અને તેમાં અમારી ઈચ્છા પ્રમાણે ફેરફાર થાય છે.

રામાયણ, મહાભારત, શ્રીમદ્ ભાગવત, પદ્મપુરાણ, સામુદ્રિક શાસ્ત્ર, આદિકમાં પરમાત્માનાં અવતારોનાં ચિન્હો જણાવ્યા છે. તે સર્વે ચિન્હો કૃપા કરીને ભક્તોને દર્શન કરાવે છે. હજારો અને લાખો ગાઉ દૂર રહેલા ભક્તોને સાક્ષાત્ દર્શન આપીને સુખીયા કરે છે. વિશ્વમાં બ્રહ્માંડોમાં કોઈથી ન થઈ શકે એવા અલૌકિક કાર્યો કરે છે. તે સર્વ ખરેખરો ભક્ત થાય તેને અનુભવ સિદ્ધ થાય છે. એવા અનુભવ સિદ્ધ દિવ્ય મુક્ત પુરુષ કચ્છવાસી શ્રી વશરામ ભક્તના મેળાપથી જેમને પરાત્પર પરબ્રહ્મની ઓળખાણ થઈ છે. જૂનાગઢ જઈને મૂર્તિમાન દર્શન હજુ થયા ન હતા, એવા આંધ્રપ્રદેશ નિવાસી તેલુગુ નારાયણ ભક્તને મહારાજના વિયોગનું અસહ્ય દુઃખ આવી પડ્યું. મહારાજના સાક્ષાત્ દર્શન કરવાની ઈચ્છા ખૂબ હતી. જૂનાગઢ જઈને કંઠી બંધાવી, પ્રગટ મહારાજની સેવા કરવી, પ્રગટ ભગવાનના ચરણ ધોઈને જળ પીવું, મહારાજને ભેટવું, ગુલાબના હાર પહેરાવવા. આરતી ઉતારવી આવી રીતના અનેક સંકલ્પો કરેલા ને ભક્તોને સભામાં વાતો કરતાં, આવા નારાયણ ભક્તને અબુધાબીમાં પ્રગટ ભગવાને દિવ્ય દર્શન આપીને ઓળખાણ તો આપી મૂર્તિમાંથી હાથ લાંબો કરીને નારાયણ ભક્તને પોતા પાસે બોલાવ્યા, જે સંકલ્પો ઓળખાણ પછી થયા તે હવે કોણ પૂરા કરશે ? એમ વિચારીને ખૂબ જ રાત્રી-દિવસ રડતા હતા. રાત્રે માળા લઈને પ્રગટ ભગવાનની ચિન્હવાળી મૂર્તિ પાસે ઊભા રહીને માળા ફેરવે અને રડ્યા કરે.

જ્યારથી મહારાજનાં સ્વધામગમનની જાણ થઈ ત્યારથી અન્નપાણી તજી દીધેલા છે. એવા નારાયણભગતને રાત્રીને સમયે મહારાજની મૂર્તિ પાસે ઊભા રહીને જોર જોરથી રડવા લાગ્યા. રાત્રીના ૧ વાગ્યે મૂર્તિમાંથી સાક્ષાત્ મહારાજ પ્રગટ થઈને નારાયણભગતને માથે હાથ મૂકી કૃપાળુ ભક્તવત્સલ ભગવાને છાના રાખ્યા. નારાયણભગત તો મૂર્તિમાન મહારાજને ભેટી પડ્યા. ભક્તના અસહ્ય વિયોગનાં દુઃખને ટાળવા અને સંકલ્પો પૂરા કરવા સદા પ્રગટ છે એવા પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણ અને નારાયણ એકબીજાને ભેટ્યા. પછી ભગવાન પલંગ ઉપર બિરાજમાન થયા અને કહે, નારાયણ તારા માટે જ હું આવ્યો છું, તારા જે જે સંકલ્પો હોય તે પૂરા કરી લે. ભગવાનનાં સાક્ષાત્ મિલનથી અતિશય

આનંદ વિભોર બનેલા નારાયણભગત તો આરતી તૈયાર કરી જલ્દી જલ્દી આરતી ઉતારીને જળ લઈ નીચે થાળી રાખીને ચરણ પખાળ્યા ને તે જળ પી ગયા અને હાર પહેરાવવાનો સંકલ્પ છે પણ અહીં ગુલાબ ક્યાંથી મળે એમ મનમાં વિચારે છે ત્યાં પ્રગટ ભગવાને પોતાના ગળામાં પહેરેલો ગુલાબનો હાર ઉતારીને નારાયણભગતને આપ્યો અને કહે, આ મારા શરણાગતિ મંડળનો ગુલાબનો હાર છે. એ તું મને પહેરાવ અને તારા સંકલ્પો પૂરા કર. પછી નારાયણભગતે મહારાજને એ હાર પહેરાવ્યો. પછી મહારાજ કહે, હું સદાય મારા શરણાગતિ ભક્તો ભેળો જ છું. હું તમારા અંતરમાં અખંડ બિરાજું છું. માટે મને વયો ગયો ન સમજશો ને અફસોસ ન કરશો. આનંદમાં રહીને સેવા અને ભક્તિ વધારે ને વધારે કરતાં રહેજો. ટાણું આવ્યે હાજર થઈશ ને મારા પરમધામમાં મારી સેવામાં રાખીશ. સેવા ને ભજન કર્યા કરજો એમ બોલતાની સાથે જ પલંગ ઉપરથી મહારાજ અદૃશ્ય થઈ મૂર્તિમાં લીન થઈ ગયા. આ રીતે સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામિનાથે પ્રગટ થઈને સાક્ષાત્ સેવાનાં સંકલ્પવાળા ભક્તનાં મનોરથ પૂરા કર્યાને સદા પ્રગટપણું દેખાડીને ભક્તોને આનંદ આપ્યો હતો.

અબુધાબીમાં મહારાજ સ્વધામ પધાર્યા પછી ભક્તોને અશાંતિ, અફસોસ અને દુઃખ થયા કરતું હતું. જાણે આપણું સર્વસ્વ ચાલ્યું ગયું છે. હવે આપણે અહીં રહીને જીવીને શું કરવું છે ? એવા વિચારો મનમાં થયા કરે છે અને મહારાજની મૂર્તિ જુએ ને સાંભરે. જેમ જેમ સાંભરે તેમ તેમ ખૂબ જ દુઃખ થાય અને રડતાં રહેલા ભક્તોને મહારાજે દિવ્ય દર્શન આપ્યા છે. ભક્તોનું દુઃખ ભગવાન સહન કેમ કરી શકે ? પુરાણી નાનજી લક્ષ્મણભગત મકવાણા ને દર્શન આપીને મહારાજ કહે, નાનજી તું શા માટે રડ્યા કરે છે. આમ જો હું તો તારી સામે જ ઊભો છું. એમ કહી નાનજીભગતને દર્શન આપ્યા છે. નાનજીભગત તો મહારાજને નિરખતાં જ એકાએક મહારાજને વળગી પડ્યાને કહે, મહારાજ અમને મૂકીને કેમ ગયા ? ત્યારે મહારાજ કહે, હું તો ક્યાંય નથી ગયો, તારા ભેળો જ છું. છતાં નાનજીભગત કહે, મહારાજ આમ ઓચિંતા પરિયાણ કેમ કર્યું ? મહારાજે જાણ્યું કે મારો વ્હાલો પ્રેમી ભક્ત મારામાં પાગલ થયો છે. એટલે વિયોગનું દુઃખ ટાળવા મહારાજે વાત કરી કે નાનજી પરમધામનાં મુક્તો મને તેડવા આવ્યા અને કહે, મહારાજ હવે ધામમાં પધારોને અમને સુખ આપો, એમ કહી રડવા લાગ્યા ને તેમની ઈચ્છા પૂરી કરવા હું તેના ભેળો ગયો તો તમે મારા વ્હાલા ભક્તો રડવા લાગ્યા. તો મારે શું કરવું ? બોલ. નાનજી હવે તને છાનો રાખ્યા વગર

પણ કેમ ચાલે ? માટે જો હું તો તમારા ભેળો અખંડ બિરાજું છું માટે મનમાંથી બીજા વિચારો કાઢીને આનંદથી અમારું ભજન કરો, સેવા કરેલી સંભારો, ભક્તિ વધારે કરો અને અફસોસ ન કરવો, આનંદમાં રહેવું. એમ કહી મસ્તક ઉપર હાથ મૂકીને અદૃશ્ય થઈ ગયા. સવારે સર્વ વાત નાનજીભગતએ સભામાં કરીને ભક્તોને શાંતિ આપી હતી.

તા.૧૧-૪-૧૯૮૬ શુક્રવારે શાંતિલાલ પુંજાભાઈ વાઢેરને મહારાજે દિવ્ય દર્શન આપ્યા છે. બાલમુકુંદ ભવનમાં હિંડોળા ઉપર મહારાજ હીંચકી રહ્યા છે. મહારાજ દર્શન આપીને એમને બાથમાં લઈને ભેટ્યા અને ગળામાં ગુલાબનાં હાર પહેર્યા હતા તે ઉતારીને પહેરાવ્યા ને સામું જોઈને હસતાં હતા. પછી મહારાજે આશીર્વાદ આપ્યા કે, ખૂબ ખૂબ સુખી થાવ. હું ક્યાંય ગયો નથી સદા તમારી ભેગો અખંડ રહું છું. અફસોસ ન કરો. હું તમારી રક્ષામાં બેઠો છું, આશીર્વાદ આપું છું ખૂબ સુખી થાઓ. સેવા કરી મંદિરના કામ જલ્દી પૂરા કરો. આમ કહી મહારાજ અંતર્ધ્યાન થઈ ગયા હતા.